
મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યા

# તામસ પ્રમેય પ્રકરણ

## સુબોધિની


(દશમસ્કન્ધ અન્તર્ગત અધ્યાય ૧૨-૧૮)



जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ



जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યાઃ

# તામસ પ્રમેય પ્રકરણ

# સુબોધિની

(સુબોધિની અનુસાર અધ્યાય ૧૨-૧૮;
પ્રચલિત ક્રમાનુસાર અધ્યાય ૧૫-૨૧)


અનુવાદક :
અધ્યાય ૧૫-૨૦ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી
અધ્યાય ૨૧ ગો.વા.શ્રીમગનલાલ શાસ્ત્રી


जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति


પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,**
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૭૦૪૬૫

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ**
ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૩૫૦

**સમ્પાદક :** શ્રીશરદ્ ગોસ્વામી

**પ્રકાશન વર્ષ :** વિ.સં.૨૦૭૭
**શ્રીવલ્લભાબ્દ :** ૫૪૨

**પ્રતિ :** ૧૦૦૦

**મુદ્રક :**
પૂર્વી પ્રેસ્ પ્રા. લિ., રાજકોટ

આ ગ્રન્થના અનુવાદક

# ગોલોકવાસી ભગવદીય શ્રીનાનુલાલ ગાંધી



# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, ફુલાભાઈ પાર્ક, હાલોલ, જિ.પંચમહાલ પિન.૩૮૯૩૫૦.**
**ફોન : ૯૩૧૩૪ ૩૬૨૦૦**

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(ગુજરાતી) | ૧૦ |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(હિન્દી) | ૧૦ |
| Praveshika, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (અંગ્રેજી) | ૧૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૨૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૨૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૧૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૧૦ |
| પ્રમેયરત્નસંગ્રહ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજ.) | ૨૦ |
| Manual of the devotionalpath of Pushti. લેખક : ઉપરમુજબ (અપ્રાપ્ય) | ૬૫ |
| **શ્રીભાગવતસુબોધિનીનું શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાષાન્તરઃ** | |
| **પ્રથમસ્કન્ધ** | ૧૦૦ |
| **દ્વિતીયસ્કન્ધ** | ૧૦૦ |
| **તૃતીયસ્કન્ધ** (બે ભાગમાં) | ૪૦૦ |
| **જન્મપ્રકરણ**(દશમસ્કન્ધ અધ્યાય ૧-૪) | ૧૫૦ |
| **તામસ પ્રમાણ પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૫-૧૧; પ્રક્ષિપ્ત અધ્યાય૧૨-૧૪) | ૧૫૦ |
| **તામસ પ્રમેય પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૧૨-૧૮) | ૧૫૦ |
| **તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ** | |
| શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |
| **સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન** | |
| વાર્તાપરિચર્ચા | ૧૫ |
| અધિકારપરિચર્ચા | ૧૦૦ |
| સાધનાપ્રણાલી | (અપ્રાપ્ય) |

| | |
|---|---|
| પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી | (અપ્રાપ્ય) |
| શરણાગતિ વિચારગોષ્ઠી | ૫૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી) | (અપ્રાપ્ય) |
| સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | ૫૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | ૮૦ |
| પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | ૧૦૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | ૧૦૦ |

## નિત્યસ્તોત્રપાઠ

| | |
|---|---|
| **પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) પાકું બાઈંડિંગ | અપ્રાપ્ય |
| **પુષ્ટિપાઠાવલી** (હિન્દી) પાકું બાઈંડિંગ | અપ્રાપ્ય |
| **પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ | ૨૦ |
| **પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ | ૨૦ |
| **પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી** (અનુવાદ સહિત) | ૨૦ |

## અધ્યયનોપયોગી ગ્રન્થો

| | |
|---|---|
| **શ્રીભાગવતમહાપુરાણ**(ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) | ૫૦૦ |
| **ષોડશગ્રન્થ**(સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦) | નિઃશુલ્ક |
| **જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો** | અપ્રાપ્ય |
| ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી,શ્રીવલ્લભસ્તોત્રો, પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોનું વિવેચન ૪૫૦થી વધુ પાનામાં સંકલન | |
| **કૃષ્ણાશ્રય,** શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજ અનુવાદ | અપ્રાપ્ય |
| **ભગવદ્ગીતા** | ૧૦૦ |
| અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. | |
| **પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ** (પ્રશ્નોત્તરી) | ૨૫ |
| **ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪વાર્તાઓ,** લે.ભૂપેન્દ્રભાઈ ભાટીયા | અપ્રાપ્ય |
| **ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮વાર્તાઓ,** લે. ઉપર મુજબ | અપ્રાપ્ય |
| **ભગવદ્ગીતાનો ભક્તિયોગ, બારમો અધ્યાય,** લેખક : ગો.શ્રીશ્યા.મ. | નિઃશુલ્ક |
| **ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય,** લેખક :ગો.શ્રીશ્યા.મ. | નિઃશુલ્ક |
| **દ્રવ્યશુદ્ધિ.** અપરસ-સુતક બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.: ગો.શ્રીપુરુષોત્તમજી | નિઃશુલ્ક |
| **ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયનો અર્થ.** લેખકઃ શ્રીનાનુલાલ ગાંધી | ૧૦ |
| **શ્રીભાગવતાર્થપ્રકરણ** | ૧૫૦ |
| (શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવત ના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી. | |

**શાસ્ત્રાર્થપ્રકરણ** ૫૦
(શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે)

**પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર** નિઃશુલ્ક
(શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન) લે : ગો.શ્રીશ્યામમનોહરજી

**ગૃહસેવા અને વ્રજલીલા** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**શ્રીકૃષ્ણચરિત્ર** (દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) ૧૨૫
અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

**રસદષ્ટિની તરફેણમાં**. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી** ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**ભક્તિવર્ધિની** વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**સેવાઃ ઋતુ-ઉત્સવ-મનોરથ.** વ્યાખ્યાતાઃ ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**હમકું ઇતની સમજ ભલી**(પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના વચનામૃતો) અપ્રાપ્ય

**તત્ત્વાથદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ.** મૂળ સહિત ગુજરાતી અનુવાદ ૨૫

**પુરુષાર્થવ્યવસ્થા** પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**पुष्टिविधानम्-२**(व्याकरणम्) અપ્રાપ્ય
श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित ५६ ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय.

**पुष्टिविधानम्-३**(व्रजभाषा) ૧૫૦
श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित षद्ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका.

**तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम् सर्वनिर्णयप्रकरणम्** (व्रजभाषाटीका) १००

**वेदान्तचिन्तामणी** (हिन्दी अनुवाद सहित) तथा **सत्सिद्धान्तमार्तंड** ५०
(गुजराती प्रश्नोत्तर संक्षेप) श्रीगट्टुलालजी विरविचत.

**विवेकत्रयम्,** प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) ૧૦

**श्रीपुरुषोत्तमग्रन्थावली-५**(संस्कृत) ૧૦૦
(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ)

**श्रीपुरुषोत्तमग्रन्थावली-६**(संस्कृत) ૨૦૦
(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા)

**गृहसेवा और व्रजलीला**(व्रजभाषा). व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**भगवद्गीताका भक्तियोग.** व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**सेवा : ऋतु-उत्सव-मनोरथ,** विवेचक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**ब्रह्मवाद** (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**सेवाकौमुदी**(नवधाभक्ति) हिन्दी, व्याख्याता : गो.श्रीश्याम मनोहरजी अप्राप्य

**तृतीयस्कन्ध सुबोधिनी** (संस्कृत) दो खंडोंमें. १०००

**श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम् : सप्रदीप-विवरणम्.** (संस्कृत) तीन खंडोंमें. १०००

महाप्रभु श्रीवल्लभाचार्य विरचित ब्रह्मसूत्राणुभाष्यं तथा उस पर भगवदीय श्रीइच्छाराम तथा गो.श्रीगिरिधिरजी विरचित 'प्रदीप' तथा 'विवरण' टीका.

## ઈતિહાસ

**આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ** નિઃશુલ્ક

લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી/હિન્દી)

**શ્રીગોપીનાથપ્રભુચરણ**(ગુજરાતી/હિન્દી) ૨૫

શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ.

## સન્દર્ભ ગ્રન્થો

**પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા.** ૧૦

શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોની પાદાનુક્રમણિકા

**હમકું ઇતની સમજ ભલી.** નિઃશુલ્ક

એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ.

**Summary of Shuddhadvaita Vangmaya.** Aut:SriSharad Goswami 15

(મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય.

**ગોશાળા :** મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ તથા શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠમાં, હાલોલ.

**જીર્ણોદ્ધાર :** શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

## શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :

શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.

અધ્યયનોપયોગી ગ્રન્થાલય, આચાર્યભવન, હસ્તલિખિત ગ્રન્થાગાર, અધ્યયનકક્ષ, છાત્રાલય, વૈષ્ણવ આવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ

## પુષ્ટિસ્વાધ્યાય :

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ટેલિફોનિક કોન્ફરન્સ્ માધ્યમથી કરવામાં આવે છે : વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક : ૯૪૨૬૬૨૩૫૬૫

Pushti-Vidya
**'पुष्टिविद्या' मोबाईल् एप्लिकेशन्**

**व्होट्स्एप** द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी महत्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

**http://www.vallabhacharyavidyapeeth.org/**
**http://www.pushtimarg.net/**

**Like our page on Facebook :**
Sri Vallabhacharya Vidyapeeth

Subscribe us on You Tube:
**'Pushtiswadhyay'**

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित-पुनर्मुद्रित

## शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ संयुक्तप्रकाशन, दुर्लभ
- खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्
- खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी
- खंड ३. जलभेदः से सेवाफलम्

ष. प्रकाश-रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्
- खंड १. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ
- खंड २. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ
- खंड ३. द्वितीयाध्याय
- खंड ४. तृतीयाध्याय
- खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी
- खंड १. प्रथम-द्वितीयस्कन्ध
- खंड ४. जन्मप्रकरण
- खंड ५. तामसप्रमाणप्रकरण
- खंड ६. तामसप्रमेय-साधनप्रकरण
- खंड ७. तामसफलप्रकरण
- खंड ८. राजसप्रमाण-प्रमेयप्रकरण
- खंड ९.राजससाधन-फलप्रकरण
- खंड १०.सात्त्विकप्रमेयसाधनफलप्रकरण
- खंड ११. गुणप्रकरण तथा यावत्प्राप्य एकादशस्कन्ध

४. तत्त्वार्थदीपनिबन्ध
- खंड १. शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण
- खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १-५
- खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६-१ष

५. सव्याख्यषड्ग्रन्थाः संयुक्तप्रकाशन, दुलर्भ

६. वेदान्ताधिकरणमाला-भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्
८. प्रस्थानरत्नाकर
९. विद्वन्मण्डनम्
१०. श्रीबालकृष्णग्रन्थावली
११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि
१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः
१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)
१४. पुष्टिविधानम् [गुजराती, व्रज तथा संस्कृत संस्करण]
१५. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित-प्रकृत्यधिकरण-समालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम-द्वैतनिरासवादः

१६. अवतारवादावली

खंड २. भेदाभेदवाद,सृष्टिभेदवाद,आविर्भावतिरोभाववाद,ख्यातिवाद,प्रतिबिम्बवाद, अन्धकारवाद.

खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व-खण्डनवादः, भागवतस्वरूपविषयकशंकानिरासवादः,उपदेशादिविषयकशंकानिरासवादः,भगवत्प्रतिकृत-पूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमालाधारणवादः, शंखचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादिप्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवाद ः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

१७. सत्सिद्धान्तमार्तण्डः. भारतमार्तण्ड-पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.
१८. वेदान्तचिन्तामणी. भारतमार्तण्ड-पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

४क्र.१, ष तथा ४/१, ४/ष को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ-श्रीविट्ठलेश्वर-प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

- वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
- पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
- विवेक (हिन्दी)
- विशोधनिका (चार खंड) (गुज-हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती-हिन्दी)
- नवरत्नम् (गुजराती-हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- भगवद्गीतासु भक्तियोग
- वार्तान्की सैद्धान्तिक संगति
- पुरुषार्थव्यवस्था (हिन्दी-गुजराती)

- चतुःश्लोकी(हिन्दी)
- रसदृष्टिनी तरफेणमां (हिन्दी-गुजराती)
- गृहसेवा और व्रजलीला (गुजराती-हिन्दी)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी-गुज)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- अणुभाष्य(साधनफलाध्याय) भूमिका (गुज.)
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज-हिंदी)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म-अर्थ-काम-मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी-गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार: एक प्रश्नोत्तरी (गुजराती)
- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद-विवेचन(गुज.)
- श्रीवल्लभाख्यान : श्रीमद्भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान
- सूक्तित्रय : सिद्धान्त, उत्सव, भक्ति.
- पुष्टिभक्तिका व्यापारीकरण (कुशंका, खिलवाड-समाधान)
- ब्राह्मिक याथार्थ्य और ब्रह्मवाद की नानावादानुरोधिता (लघुग्रन्थसंग्रह-२)
- पुष्टिमार्गकी आचार्यत्रयी
- अमृतका आचमन
- गोपीगीत
- नलकूबर-मणिग्रीव स्तुति

**सम्पर्क :**

गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसायटी, ४था रास्ता,
जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई-**५६**

# ।। પ્રકાશકીય ।।

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત શ્રીભાગવત સુબોધિનીજીના ‘તામસ પ્રમેય પ્રકરણ’ના ગુજરાદી અનુવાદનું શ્રીવલ્લભવાઙ્મયના અધ્યેતાઓ સમક્ષ પ્રકાશન કરતાં આનન્દ અને કૃતાર્થ નો અનુભવ થઈ રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ગ્રન્થમાં છપાયેલ તામસ પ્રમેય પ્રકરણના પ્રથમ છ અધ્યાયોનો અનુવાદ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી એ કર્યો છે જ્યારે અન્તિમ ‘વેણુગીત’વાળા અધ્યાયનો અનુવાદ ગો.વા.શ્રીમગ્નલાલ શાસ્ત્રીજીએ કર્યો છે.

અનુવાદક ગો.વા.શ્રીનાનુલાલ ગાંધીના શબ્દોમાં :

> ‘‘ભાઈ ચુનીલાલ પરીખે આ છ અધ્યાયોના શ્રીસુબોધિનીનો અનુવાદ લખી આપવા મને જણાવ્યું. વાકપતિ શ્રીમદ્વૈશ્વાનરાચાર્યચરણની વાણીનો અનુવાદ કરવો, એ કાર્ય ઘણું કઠિન છે. કોઈ-કોઈ સ્થળે લેખ અને પ્રકાશ માં પણ જુદા-જુદા અર્થો જણાવેલા હોય છે. આવું કઠિન કાર્ય કરવાની મારી શક્તિ નથી, એ હું બરાબર જાણું છું; છતાં ચુનીલાલભાઈની ઈચ્છાને અધીન થઈ એ કાર્ય કરવાનો મેં આ પ્રયાસ કરેલો છે. તેમાં ત્રુટિઓ ઘણી હશે જ, પરન્તુ તેનાથી જો કોઈને કાંઈક પણ શ્રીમદાચાર્યચરણની વાણીનો ભાવાર્થ સમજાશે તો મારો પ્રયાસ સફળ થયો માનીશ’’.

શ્રીસુબોધિનીના પૂર્વપ્રકાશિત પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્કન્ધો તેમજ જન્મ પ્રકરણ ની જેમ આ ખંડમાં પણ શ્રીસુબોધિનીના અધ્યયનમાં ઉપકારક એવા શ્રીભાગવતાર્થ પ્રકરણનો સંબાધિત અંશ તથા શ્રીરઘુનાથચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાના ગુજરાતી અનુવાદ સહિત શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાંના સમ્બન્ધિત નામો તથા ગ્રન્થની વિગતવાર અનુક્રમણિકા છાપવામાં આવી છે.

સમ્પૂર્ણ તામસ પ્રમાણ પ્રકરણ સુબોધિનીજીનું પ્રુફરીડીંગ ભરૂચ નિવાસી શ્રીમતી પ્રીતિબેન દલાલે કર્યું છે, ગ્રન્થને પ્રેસમાં મોકલવા લાયક તૈયાર કરવાનું તેમજ છપાવવા નું કાર્ય શ્રીપીયૂષ ગોંધીયા તથા શ્રીપ્રવીણભાઈ એ કર્યું છે જે આ પ્રસંગે અવિસ્મરણીય છે.

**દેવપ્રબોધિની ૧૧** **શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ દ્વારા**

શ્રીવલ્લભાબ્દ ૫૪૨ ; વિક્રમસંવત ૨૦૭૭ શરદ્ ગોસ્વામી

# ॥ અનુક્રમણિકા ॥

**શ્રીભાગવતાર્થપ્રકરણમાં નિરૂપિત તામસ પ્રમાણ પ્રકરણનો અર્થ તથા અધ્યાયાર્થ.**
**શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાં નિરૂપિત તામસ પ્રમાણ પ્રકરણ તથા પ્રક્ષિપ્તાધ્યાયત્રયમાંના ભગવન્નામો તથા તેના પર શ્રીરઘુનાથ-ચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાનો ગુજરાતી અનુવાદ.**

## દશમસ્કન્ધાન્તર્ગત દ્વિતીય તામસ પ્રમેય પ્રકરણ
## (શ્રીસુબોધિની અનુસાર અધ્યાય ૧૨-૧૮; પ્રચલિત ક્રમાનુસાર અધ્યાય ૧૫-૨૧)

**અધ્યાય ૧૨/૧૫.(વૃન્દાવનનું વર્ણન અને દેહાધ્યાસરૂપી ધેનુકાસુરનો વધ)** ૦૧

શ્રીકૃષ્ણ-બલરામનું વૃન્દાવનમાં ગોચારણ માટે પધારવું. શ્રીકૃષ્ણનું બલરામ પ્રતિ વૃન્દાવનના વન-નદી-પર્વત-પશુ-પક્ષી આદિનું વર્ણન. વૃન્દાવનમાં શ્રીકૃષ્ણ-બલરામનું રમણ-વિશ્રામ. તાલવનમાં ધેનુકાસુર બલરામજી દ્વારા વધ. વનથી વ્રજમાં પધારવું અને શયન. શ્રીકૃષ્ણનું કાલિન્દીતટ પર પધારવું. કાલિન્દીના જલપાન કરવાથી તરસ્યાં ગોપ-ગાયોનું નિષ્પ્રાણ થવું. શ્રીકૃષ્ણની અમૃતદષ્ટિથી બધાનું પુનર્જીવિત થઈ વિસ્મિત થવું.

**અધ્યાય ૧૩/૧૬.(વિષયરૂપ વિષથી ભરેલી ઇન્દ્રિયોના અધ્યાસરૂપી કાલીયનાગનું દમન)** ૭૭

કાલીય હ્રદની વિષક્તતા. શ્રીકૃષ્ણનું કાલીય હ્રદમાં કૂદવું. કાલીયનું શ્રીકૃષ્ણને દંશ કરવું. શ્રીકૃષ્ણનું પોતાને નિશ્ચેષ્ટ દેખાડવું. આ જોઈ ગોપસખાઓનું મૂર્છિત થવું. વ્રજમાં ત્રિવિધ ઉત્પાતો. આ જોઈ અનિષ્ટની આશંકાથી શ્રીકૃષ્ણને શોધતાં નન્દરાયજી સહિત આબાલ-વૃદ્ધોનું યમુનાતટ પર આવી પહોંચવું. શ્રીકૃષ્ણને નિશ્ચેષ્ટ જોઈ નન્દ-યશોદાનું હ્રદમાં કૂદી પડવા તત્પર થવું. શ્રીકૃષ્ણનું બન્ધનમુક્ત થવું. કાલિયના ફણા ઉપર શ્રીકૃષ્ણનું નૃત્ય. દમનથી દીન થઈ નાગપત્નીઓ સહિત કાલિયનું નારાયણના શરણે જવું. નાગપત્નીઓએ સ્તુતિ કરી. કાલિયે સ્તુતિ કરી. કાલિયને સમુદ્રમાં ચાલ્ય જવા આજ્ઞા. યમુના જલનું વિષરહિત અમૃત સમાન

**અધ્યાય ૧૪/૧૭.(શ્રીકૃષ્ણનું પ્રાણાધ્યાસરૂપી દાવાગ્નિનું પાન; ગાયો-ગોપોની રક્ષા)** ૧૫૩

ગરુડ તથા કાલિય નો વૃત્તાન્ત. શ્રીકૃષ્ણનું હ્રદમાંથી બહાર પધારવું.

વ્રજવાસીઓનું સચેતન થવું. નન્દરાયજી દ્વારા ગો-સુવર્ણાદિનું દાન. થાકેલ વ્રજવાસીઓ યમુનાકાંઠે જ વનમાં સુઈ ગયાં. રાત્રે વનમાં દાવાગ્નિ. દાવાગ્નિનું પાન કરીને શ્રીકૃષ્ણ દ્વારા શરણે આવેલ વ્રજવાસીઓની રક્ષા.

**અધ્યાય ૧૫/૧૮.(અન્તઃકરણાધ્યાસરૂપી પ્રલમ્બનો વધ)** ૧૭૧

ગ્રીષ્મ ઋતુમાં વૃન્દાવનનું વર્ણન. બલરામ-કૃષ્ણનું વનમાં ગોચારણ તથા ભાંડીરક વટવૃક્ષ પાસે બાલક્રીડા. ગોપ સ્વરૂપે પ્રલમ્બાસુર દ્વારા બલરામનું અપહરણ. બલરામ દ્વારા પ્રલમ્બનો વધ.

**અધ્યાય ૧૬/૧૯.(શ્રીકૃષ્ણનું દ્વિતીય દાવાગ્નિના પાન દ્વારા સ્વરૂપવિસ્મૃતિ દોષનું નિવારણ)** ૧૯૭

ગહવરવનમાં ચરતી ગાયો તથા ગોપો નું દાવાગ્નિ વચ્ચે ફંસાંઈ જવું. ક્રીડાસક્ત કૃષ્ણ-બલરામનું ગાયો ન દેખાતાં ખિન્ન થવું. ગાયોની શોધખોળ. શ્રીકૃષ્ણદ્વારા નામ દઈને ગાયોને બોલાવવું. શ્રીકૃષ્ણનો સાદ સાંભળીને આનંદિત ગાયોનું ભાંભરીને પ્રત્યુત્તર આપવો. દાવાગ્નિથી ભયભીત ગોપોનું શ્રીકૃષ્ણના શરણે જવું તથા સ્તુતિ કરવી. દીનબંધુ શ્રીકૃષ્ણનું દાવાગ્નિનું પાન કરી ગોપ-ગાયોની રક્ષા કરવી.

**અધ્યાય ૧૭/૨૦.(વર્ષા-શરદ્ ઋતુનું વર્ણન ગોપસખાઓનો નિરોધ)** ૨૧૪

**અધ્યાય ૧૮/૨૧.(વેણુગીત-ગોપીજનોનો નિરોધ)** ૨૮૧

શરદ્ ઋતુમાં શ્રીકૃષ્ણનો ગાયો-ગોપાલો સાથે વૃન્દાવનમાં પ્રવેશ. શ્રીકૃષ્ણનું વેણુ વગાડવું. વેણુરવ સાંભડીને ગોપીજનોના માનમાં શ્રીકૃષ્ણના મળવાની લાલસા જાગવી. ગોપીજનોનું ભેગાં થઈ પરસ્પર શ્રીકૃષ્ણના ગુણોને ગાતાં તન્મય થઈ જવું.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધનો

# શ્રીભાગવતાર્થ પ્રકરણ

(ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અનુદિત શ્રીભાગવતાર્થ પ્રકરણમાંથી સંકલિત)

**દશમસ્કન્ધ ઉપક્રમઃ**

**ચતુર્વિંશતિધા ભિન્ના ભક્તિરુક્તાऽતિદુર્લભા ।।**
**સપ્તાશીતિરથાધ્યાયા નિરોધે દશમે મતાઃ ।૧।।**

ચોવીસ પ્રકારના ભેદવાળી અતિદુર્લભ ભક્તિ નવમા સ્કન્ધમાં કહી. હવે દશમા સ્કન્ધમાં નિરોધના વિષયમાં સત્તાશી અધ્યાયો વિચારેલ છે.

**ચરિત્રં દશમે મુખ્યં રૂપં પૂર્વત્ર વર્ણિતમ્ ।।**
**નિરોધાર્થં તથા ભક્તિ-સિદ્ધ્યર્થં ચ હરિર્બભૌ ।।૧૦।।**

દશમા સ્કન્ધમાં ભગવાનનું ચરિત્ર મુખ્ય છે. સ્વરૂપનું પહેલાં વર્ણન કરેલું છે. નિરોધ કરવા તેમજ ભક્તિ સર્વથી થઈ શકે તે માટે હરિ પ્રકટ થયેલા.

નવમા સ્કન્ધમાં ભક્તિ, દશમામાં નિરોધ અને અગિયારમામાં મુક્તિ કહેલાં છે. તેથી ભક્તોને જ મુક્તિ આપવાની હોવાથી, તેઓ મુક્તિ પ્રાપ્ત કરે તે માટે તેમનો જ નિરોધ આ સ્કન્ધમાં કરવાનો છે એમ સિદ્ધ થાય છે. ...

**ભક્તેશ્ચ શુદ્ધતાસિદ્ધ્યૈ પ્રપંચાદ્ વિનિવારણમ્ ।।**
**આસક્તિરાત્મનિ તથા નિરોધાર્થં ન સંશયઃ ।।૧૭।।**

અને શુદ્ધ ભક્તિ થઈ શકે તે માટે તેઓને પ્રપંચમાંથી હટાવી લીધા છે, અને નિરોધ થાય તે માટે પોતામાં તેમની આસક્તિ કરાવી છે તેમાં સંશય નથી.

ભગવાન્‌માં તેમની ઈન્દ્રિયો વગેરે રોકાઈ રહે તો જ તેમને મુક્તિ પ્રાપ્ત થાય છે, અને શુદ્ધ ભક્તિથી જ ઈન્દ્રિયો ભગવાન્‌માં રોકાઈ રહે. બીજાનો સંગ ન રહે તો શુદ્ધ ભક્તિ થઈ શકે, અને પ્રપંચ ભૂલે તો બીજાનો સંગ ન રહે. તેથી તેમને પ્રપંચમાંથી ભગવાન્ હટાવી લે છે અને પોતામાં તેમની ઈન્દ્રિયો વગેરે રોકાઈ રહે તે માટે જ પોતામાં જ તેમની આસક્તિ પણ કરાવે છે....

**પ્રપંચવિસ્મૃતિસ્તસ્માત્ કૃષ્ણાસક્તિશ્ચ વર્ણ્યતે ।।**
**'શય્યાસનાટનાલાપ'શ્લોકે ફલિતમીરિતમ્ ।।૧૮।।**

તેથી તેમના પ્રપંચના વિસ્મરણનું અને શ્રીકૃષ્ણમાં આસક્તિનું વર્ણન કરવામાં આવે છે. ૧૦।૮૭।૪૬ શ્લોકમાં પરિણામ કહેલું છે.

ભગવાનની પ્રપંચમાં ક્રીડા એ સાધન છે, તેનાથી પ્રપંચનું વિસ્મરણ અને શ્રીકૃષ્ણમાં આસક્તિ થયાં. ''શ્રીકૃષ્ણમાં ચિત્તવાળા વૃષ્ણિઓને સૂતાં, બેસતાં,

ફરતાં, વાતચીત કરતાં, રમતાં અને સ્નાન વગેરે કર્મો કરતાં પોતાના વિદ્યમાન દેહનું પણ ભાન રહેતું ન હતું'' (૧૦।૮૭।૪૬) એવું શ્લોકમાં આ સ્કન્ધના અન્તે તે પરિણામ કહેલું છે.

**રૂપાન્તરં તુ નટવત્સ્વીકૃત્ય ત્રિવિધાન્ નિજાન્ ।।**
**પ્રપંચાભાવકરણાદ્ ઉજ્જહારેતિ નિર્ણયઃ ।।૧૯।।**

નટની પેઠે બીજા સ્વરૂપને ધારણ કરીને ત્રણ પ્રકારના ગુણવાળા પોતાના સેવકોને પ્રપંચમાંથી હટાવીને તેમનો ભગવાને ઉદ્ધાર કર્યો, એવો નિર્ણય થાય છે.

ભક્તો તમસ્ રજસ્ અને સત્ત્વ એ ગુણોથી ઘેરાયેલા હોવાથી, તેમનો સ્વભાવ ફેરવતાં તેમને બહુ દુઃખ થાય અને પોતાને પણ શ્રમ થવાથી કલેશવાળું કર્મ થાય. તેથી તેમ ન થાય તે માટે માયાથી ભગવાને નટની પેઠે બીજો મનુષ્યનો દેહ ધારણ કર્યો, અને તે દેહથી તેમને પ્રપંચનું વિસ્મરણ કરાવી, તેમાંથી તેમનો ઉદ્ધાર કર્યો, તેથી ભક્તોના પ્રપંચનો નાશ એ જ આ સ્કન્ધનો અર્થ છે એવો નિશ્ચય છે.

**સમુદાયો જન્મવાચી ક્રીડાયુક્તસ્ય વૈ હરેઃ ।।**
**પ્રપંચવિસ્મૃતિ-સક્તિર્ભક્તાનાં ચાપિ યોગતઃ ।।૨૦।।**

આખો સ્કન્ધ ક્રીડા કરનાર હરિના જન્મનું અને વળી નિરોધની વ્યુત્પત્તિ પ્રમાણે ભક્તોના પ્રપંચનું વિસ્મરણ અને ભગવાન્‌માં આસક્તિ જણાવનારો છે....

**પ્રક્રિયાપંચકં હ્યત્ર જન્માર્થં પ્રથમા મતા ।।**
**તામસાનાં તુ ભક્તાનામ્ ઉદ્ધૃત્યૈ તુ તતઃ પરા ।।૨૧।।**

અહીં પાંચ પ્રકરણો કહેલાં છે ૧. પહેલું ભગવાનનો જન્મ જણાવનારું મનાયેલું છે, અને ૨.ત્યાર પછીનું તો તામસ ભક્તોનો ઉદ્ધાર થાય તે માટે કહેલું છે.

**રાજસાનાં તૃતીયા તુ ચતુર્થીસાત્વિકી મતા ।।**
**અન્તર્યામ્યધિદૈવાદિન્યાયેનાત્રાપિ વૈ હરેઃ ।।૨૨।।**
**ભગસ્ય વ્યપદેશઃ સ્યાદ્ અતસ્તસ્ય નિવૃત્તયે ।।**
**ભગસ્ય સહજત્વાય પંચમી પ્રક્રિયા મતા ।।૨૩।।**

૩.ત્રીજું રાજસોનો અને ૪.ચોથું સાત્ત્વિકોનો ઉદ્ધાર થાય તે માટે વિચારાયેલ છે. ૫.'અહીં પણ અન્તર્યામી અથવા અધિદેવના ધોરણે હરિ (શ્રીકૃષ્ણ)માં ભગવાનના છ ગુણો હોવાનું કહેલ હશે'' એવો (વિચાર આવે) તે દૂર કરવા તેમનામાં એ છ ગુણો કુદરતી છે એમ જણાવવા પાંચમું પ્રકરણ કહ્યાનો નિર્ણય થાય છે.

**ચતુર્ભિશ્ચ તથા તત્ત્વૈઃ તત્ત્વૈર્વિંશતિભિસ્તથા ।।**
**એકાધિકૈસ્તથા ષડ્ભિઃ અધ્યાયૈઃ ક્રમશો મતાઃ ।।૨૪।।**

[1]ચાર અને [2]તેવી રીતે અઠ્ઠાવીસ, [3]અઠ્ઠાવીસ અને [4]એકવીસ તેમજ [5]છ અધ્યાયો આ પ્રકરણોના અનુક્રમે મનાયેલા છે. ।।૨૪।।

**તામસ પ્રમેય પ્રકરણઃ**

પંદરમા અધ્યાયમાં બાલકોની દૃઢ આસક્તિ વર્ણવેલી છે (શ્લો.૯-૧૬), સોળમા અધ્યાયમાં ગાયોની (શ્લો.૬-૧૩), સત્તરમા અધ્યાયમાં સર્વ ગોકુલવાસીઓની અને અઢારમા અધ્યાયમાં ગોપીઓની આસક્તિ જુદી-જુદી કહેલી છે. પંદરમાથી અઢારમા સુધીના ચાર અધ્યાયોમાં આ ચારની ભગવાન્‌માં આસક્તિ જુદી-જુદી વર્ણવેલી છે. એ પ્રમાણે સાત અધ્યાયોમાં સાત પ્રકારની આસક્તિ વર્ણવી.

**રૂપસ્યાનુભવઃ સ્ત્રીષુ તેનાદૌ ગોપિકામનઃ ।।**
**વચનં ચાન્તિમે પ્રોક્તં કાયિકસ્તુ તતઃ પરમ્ ।।૬૫।।**

સ્ત્રીઓને રૂપનો અનુભવ થાય છે. તેથી આરંભમાં ગોપીઓના મનની સ્થિતિ કહી અને છેવટના અધ્યાયમાં તેઓનું વચન કહ્યું. દેહનો વ્યાપાર તો ત્યાર પછી કહેશે.

રૂપનું સૌન્દર્ય તો સર્વના જોવામાં આવે છે, છતાં સ્ત્રીઓ જ તેનો અનુભવ કરે છે એમ શાથી જણાય ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે આરંભમાં એટલે આ પેટાપ્રકરણના પહેલા બારમા અધ્યાયના શ્લો.૪૨-૪૩માં ભગવાનનાં સ્વરૂપનાં દર્શન થતાં સ્ત્રીઓનાં મનની કેવી સ્થિતિ થઈ તે જણાવેલ છે, અને છેલ્લા અઢારમા અધ્યાયમાં વેણુગીતમાં તે રૂપ સમ્બન્ધમાં તેમનાં વચન કહેલ છે. તેઓની કાયાનો વ્યાપાર તો ત્યાર પછી તામસ સાધન પ્રકરણમાં કહેશે.

**બલભદ્રસ્ય બોધાય ભગવદ્વચનાનિ હિ ।।**
**સ્વધર્માઃ સકલા એવ બલભદ્રે નિરૂપિતાઃ ।।૬૬।।**

બલભદ્રમાં ભગવાનનો આવેશ હોવાનું જણાવવા ભગવાનનાં વચનો કહેલાં છે. ભગવાને પોતાના બધાએ ગુણો બલભદ્રમાં દર્શાવેલા છે.

બારમા અધ્યાયમાં બલભદ્રના ભગવાન્ હોવાનું શ્રીકૃષ્ણ કહે છે અને પછી બલભદ્ર ધેનુકને હણે છે. તે કથા અહીં શા માટે કહી છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે શ્રીકૃષ્ણનો બલભદ્રમાં આવેશ થયો છે અને તેથી બલભદ્રે ધેનુકને હણવારૂપ જે ચરિત્ર કર્યું તે પણ શ્રીકૃષ્ણનું જ ચરિત્ર છે એમ જણાવવા તે કથા

કહેલી છે.

**લોકાનાં ચ પ્રતીત્યર્થં તેન ધેનુકમારણમ્ ।।**
**આસક્તેસ્તુ પરીક્ષા હિ કાલીયદમને મતા ।।૬૭।।**
**સ્નેહમાત્રાન્ન ચૈતાવત્ કિન્તુ જીવનદાનતઃ ।।**
**યુક્તાસક્તિરિતિ પ્રોક્તં દાવાગ્નેર્મોચનં મહત્ ।।૬૮।।**

અને લોકને નિશ્ચય થાય તે માટે તેમની પાસે ધેનુકનો વધ કરાવ્યો. આસક્તિની સ્નેહના વિભાગ પૂરતી પરીક્ષા તો કાલિયના દમન પ્રસંગે કરેલ હોવાનો નિર્ણય છે. માત્ર એટલું જ કર્યું નથી, પરન્તુ જીવનનું દાન કરવાથી આસક્તિ સદા ચાલુ રહે તે માટે દાવાગ્નિમાંથી છોડાવવાનું પ્રભાવવાળું કાર્ય કર્યાનું કહેલું છે.

લોકને બલભદ્રમાં શ્રીકૃષ્ણનો આવેશ થયાનો નિશ્ચય થાય તે માટે શ્રીકૃષ્ણે બલભદ્ર પાસે ધેનુકનો વધ કરાવ્યો (અ.૧૨।૨૮-૩૫). અને તેઓના પોતાની ઉપરના સ્નેહની પરીક્ષા કાલિયના દમનના પ્રસંગે કરી (અ.૧૩।૧૦-૨૨). વળી પોતા ઉપર તેમની આસક્તિ સદા ચાલુ રહે તે માટે દાવાગ્નિનું પાન કરી તેઓને *જીવનનું દાન કર્યું.

*''સ્નેહમાત્રા ન ચૈતાવત્'' પાઠ નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ પ્રતનો લઈ અર્થ કરેલ છે. માત્ર સ્નેહથી જ આટલી આસક્તિ થઈ નથી, પરન્તુ ભગવાને જીવનનું દાન કર્યું તેથી તેમનામાં આસક્તિ યોગ્ય જ છે, એવો યોજનાનો અર્થ વિચિત્ર જણાય છે, કારણ કે ભગવાને જીવનનું દાન કર્યું તેથી વ્રજજનોની તેમનામાં આસક્તિ થઈ એમ માનતાં તેઓનાં પ્રેમ અને આસક્તિ સ્વાર્થથી થયેલાં ગણાય.

**તતઃ કૃષ્ણપ્રસાદેન કાલદુઃખનિવારણમ્ ।।**
**બાલકાનાં સમસ્તાનાં ક્રીડયા બાધનાદ્ રિપોઃ ।।૬૯।।**

પછી શ્રીકૃષ્ણની કૃપાથી વ્રજમાં કાલનું દુઃખ થતું અટકી જાય છે. રમતથી અને શત્રુને હણવાથી સર્વ બાલકોની દૃઢ આસક્તિ સ્થિર થઈ(કા.૭૦).

ગ્રીષ્મ વ્રજમાં વસન્ત જેવી થઈ રહેતી હોવાથી ત્યાં કાલનું દુઃખ થતું ન હતું (અ.૧૫।૨-૬). પછી ભગવાને બાલકો સાથે ક્રીડા કરી અને ક્રીડામાં પ્રલમ્બનો વધ થયો, તેથી બાલકોની ભગવાન્‌માં આસક્તિ દૃઢ અને સ્થિર થઈ (કા.૭૦).

**ગવાં દાવાગ્નિમોક્ષેણ સર્વેષાં કાલજૈર્ગુણૈઃ ।।**
**ગોપીનાં વેણુનાદેન દૃઢાસક્તિઃ સ્થિરાઽભવત્ ।।૭૦।।**

દાવાગ્નિમાંથી છોડાવવાથી ગાયોની, કાલથી થતા ગુણોથી છોડાવવાથી બધા

વ્રજવાસીઓની અને વેણુના નાદથી ગોપીઓની શ્રીકૃષ્ણમાં આસક્તિ દઢ અને સ્થિર થઈ.

ગાયોની આસક્તિ દઢ અને સ્થિર; તેમને દાવાગ્નિમાંથી છોડાવવાથી થઈ (અ.૧૬।૭-૧૪). સત્તરમા અધ્યાયમાં વર્ષા અને શરદ્ ઋતુના ગુણોનું વર્ણન કર્યું. તેમાં તે-તે કાલના જેવા ગુણો કહ્યા, તેથી આધ્યાત્મિક કાલથી થતું સર્વનું દુઃખ દૂર થયાનું જણાવ્યું. તેથી ભગવાન્‌માં સર્વ વ્રજજનોની આસક્તિ દઢ અને સ્થિર થઈ. અઢારમા અધ્યાયમાં વેણુનાદ ભગવાને કર્યો અને તેની અસરનું ગોપીઓએ વર્ણન કર્યું. તેથી ગોપીઓની ભગવાન્‌માં આસક્તિ દઢ અને સ્થિર થઈ.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્ર ના

## નિરોધલીલા-દશમસ્કન્ધ અન્તર્ગત

## તામસ પ્રમેય પ્રકરણના નામો

### પોગણ્ડલીલાભિરતિઃ ગોચારણપરાયણઃ ।।

**પોગણ્ડલીલાભિરતિઃ ।।૮૨૦।।**

૧. સાત વર્ષથી અગિયારમાં વર્ષ સુધીની અવસ્થાને પૌગણ્ડાવસ્થા કહે છે. તે પૌગણ્ડાવસ્થાની લીલા – ક્રીડા વડે સર્વ સ્થાનમાં રમણ કરનાર.

**ગોચારણપરાયણઃ ।।૮૨૧।।**

૧. સ્વચ્છ અને સુન્દર ચારા, જલ વગેરેથી ગાયોનું સારી રીતે પોષણ કરવું એ જ જેમનું પરમ – ઉત્તમ સ્થાન છે એવા,

૨. ગાયોનું પોષણ કરવાવડે જ જેમનું અયન – સ્થાન છે એવા, ગાયો, વત્સો ચરાવનાર અન્ય ગોપબાલકો સાથે વૃન્દાવનમાં જેમનું હરવું થાય છે એવા પ્રભુ શ્રીહરિ.

### વૃન્દાવન-લતા-ગુલ્મ-વૃક્ષરૂપ-નિરૂપકઃ ।।
### નાદબ્રહ્મ-પ્રકટનો વયઃપ્રતિકૃતિ-સ્વનઃ ।।૧૭૦।।

**વૃન્દાવનલતાગુલ્મવૃક્ષરૂપનિરૂપકઃ ।।૮૨૨।।**

વૃન્દાવનની લતાઓ, નાના વૃક્ષો, મોટાં – મોટાં તરુવરો વગેરેમાં જેમનું જેવું રૂપ જેમની જેવી શોભા, જેમની જેવી ફૂલફળ વગેરેની સમ્પત્તિ, તે જ પ્રમાણે ઉત્પ્રેક્ષા કરી બરાબર રીતે વર્ણન કરનાર શ્રીકૃષ્ણ.

**નાદબ્રહ્મપ્રકટનઃ ।।૮૨૩।।**

નાદ-ગાન એ જ શબ્દબ્રહ્મને પ્રકટ કરનાર પરમાત્મા. નાદ ગાનરૂપ ઓંકાર એ શબ્દ બ્રહ્મનું મૂળ છે. ત્યાંથી જ સર્વ શબ્દો પ્રગટ થયા છે. ઓંકાર અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે, અક્ષરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રનું સ્વરૂપ છે. જેથી શબ્દબ્રહ્મને પ્રકટ કરનાર પ્રભુ શ્રીકૃષ્ણ એમ જણાવે છે.

**વયઃપ્રતિકૃતિસ્વનઃ ।।૮૨૪।।**

પક્ષીઓના શબ્દો સાંભળી તે જ પ્રમાણે પ્રતિશબ્દો કરનાર બાલકૃષ્ણ પ્રભુ.

## બર્હિ-નૃત્યાનુકરણો ગોપાલાનુકૃતિ-સ્વનઃ ।।
## સદાચારપ્રતિષ્ઠાતા બલશ્રમનિરાકૃતિઃ ।।૧૭૧।।

**બર્હિનૃત્યાનુકરણો ।।૮૨૫।।**

મોરનાં નૃત્યનું અનુકરણ કરનાર અર્થાત્ મોર જેમ નાચે છે તે પ્રમાણે અનુકરણ કરી નાચનાર શ્રીનટવરવેશધારી શ્રીકૃષ્ણ.

**ગોપાલાનુકૃતિસ્વનઃ ।।૮૨૬।।**

ગાયોનું પાલન કરનાર ગોપાલોના શબ્દોને અનુસરી શબ્દ કરનાર. તે પ્રમાણે આચરણ કરનાર ગોપરૂપધારી શ્રીહરિ.

**સદાચારપ્રતિષ્ઠાતા ।।૮૨૭।।**

સત્પુરુષોના આચાર સ્થાપન કરનાર.

સત્પુરુષોનો આચાર એવો હોય છે કે ''કનિષ્ઠ ભ્રાતાએ પોતાના જ્યેષ્ઠ બન્ધુ શ્રમિત થયા હોય તે સમયે તેમના ચરણ ચાંપવા વગેરે સેવા કરવી જોઈએ'' તો તેવા સદાચારનું સદાચારપણું સ્થાપન કરનાર.

**બલશ્રમનિરાકૃતિઃ ।।૮૨૮।।**

પોતાના વડીલબન્ધુ બલદેવજીના શ્રમને ( પગચમ્પી, વાયુ ઢોળી વગેરે કરી ) નિવારણ કરનાર.

## તરુમૂલ-કૃતાશેષ-તલ્પશાયી સખિ-સ્તુતઃ ।।
## ગોપાલસેવિતપદઃ શ્રીલાલિતપદામ્બુજઃ ।।૧૭૨।।

**તરુમૂલકૃતાશેષતલ્પશાયી ।।૮૨૯।।**

વૃક્ષના મૂલ પાસે ગોપબાલકોએ રચેલી (કોમળ નવપલ્લવ તથા પુષ્પની ) શય્યામાં પોઢવાના સ્વભાવવાળા એટલે પર્ણ - પુષ્પની શય્યા - સેજમાં પોઢનાર.

**સખીસ્તુતઃ ।।૮૩૦।।**

સરખા સ્વભાવવાળા સ્નેહી મિત્રજનોએ જેમનું યશોગાન ગાયું છે એવા શ્રીકૃષ્ણ પ્રભુ.

**ગોપાલસેવિતપદઃ ।।૮૩૧।।**

ગોપબાલકોએ પગચમ્પી કરીને જેમના ચરણકમલનું સેવન કર્યું છે એવા ગોવિન્દ ભગવાન્.

**શ્રીલાલિતપદામ્બુજઃ ।।૮૩૨।।**

શ્રી – લક્ષ્મીજીએ સ્નેહપૂર્વક જેમના ચરણારવિન્દોને સેવ્યા છે, એવા મનોહર પરમાત્મા.

**ગોપ–સમ્પ્રાર્થિત–ફલ–દાન–નાશિત–ધેનુકઃ ।।**

**કાલીયફણિમાણિક્યરઞ્જિતશ્રીપદામ્બુજઃ ।।૧૭૩।।**

**ગોપસમ્પ્રાર્થિતફલદાનનાશિતધેનુકઃ ।।૮૩૩।।**

સુદામા તથા સુબલ આદિ ગોપબાલકોએ ભોજન કરવા પ્રાર્થના કરી માગેલા તાડના ઝાડોનાં ફલોને આપી ગર્દભ – ગધેડાના આકારમાં રહેલા ધેનુકાસુર નામના બલવાન દૈત્યનો વિનાશ કરનાર શ્રીકૃષ્ણચન્દ્ર.

**કાલીયફણિમાણિક્યરઞ્જિતશ્રીપદામ્બુજઃ ।।૮૩૪।।**

૧. કાલીય નાગના ફણામણ્ડલ પર નૃત્ય કરવાથી તેના મસ્તક ઉપર રહેલા માણેકમણિવડે લાલ બનેલા અત્યન્ત રમણીય જેમનાં ચરણકમલો છે એવા,

૨. કાલીય નાગની ફણાઓના માણેકથી રક્ત જેમનાં લક્ષ્મી સમ્બન્ધી ચરણો છે એવા કાલીયને દમન કરનાર શ્રીકૃષ્ણ.

**દૃષ્ટિ–સઞ્જીવિતાશેષ–ગોપ–ગો–ગોપિકા–પ્રિયઃ ।।**

**લીલાસમ્પીતદાવાગ્નિઃ પ્રલમ્બવધપણ્ડિતઃ ।।૧૭૪।।**

**દૃષ્ટિસઞ્જીવિતાશેષગોપગોગોપિકાપ્રિયઃ ।।૮૩૫।।**

અમૃતમયી દૃષ્ટિની વૃષ્ટિવડે સઞ્જીવન કરેલા સમગ્ર ગોપો, ગાયો અને ગોપિકાઓના પ્રિય – પ્રાણરૂપ જીવનરૂપ શ્રીવ્રજચન્દ્ર પૂર્ણ પુરુષોત્તમ.

**લીલાસમ્પીતદાવાગ્નિઃ ।।૮૩૬।।**

૧. લીલા માત્રમાં – અનાયાસે સહજ દાવાનલને સારી રીતે પાન કરનાર – પીનાર પરમાત્મા,

૨. લીલા – ક્રીડા – આનન્દ કરવા સારું દાવાગ્નિને પાન કરનાર પ્રભુ.

**પ્રલમ્બવધપણ્ડિતઃ ।।૮૩૭।।**

પ્રલમ્બાસુર દૈત્યનો વધ કરવા શ્રીબલરામને આજ્ઞા આપવામાં ચતુર.

**દાવાગ્ન્યાવૃતગોપાલદૃષ્ટ્યાચ્છાદનવહ્નિપઃ ।।**

**વર્ષાશરદ્વિભૂતિશ્રીર્ગોપીકામપ્રબોધકઃ ।।૧૭૫।।**

**દાવાગ્ન્યાવૃતગોપાલદૃષ્ટ્યાચ્છાદનવહ્નિપઃ ।।૮૩૮।।**

દાવાનલવડે ઘેરાયેલા ગોપબાલકોની દૃષ્ટિઓ આંખોને મીંચાવી દાવાગ્નિને પાન કરનાર – પી જનાર પરમદયાલ શ્રીકૃષ્ણચન્દ્ર.

**વર્ષાશરદ્વિભૂતિશ્રીઃ ।।૮૩૯।।**

૧. વર્ષાઋતુ અને શરદઋતુ એ બન્નેની તે – તે સમયમાં પ્રકટ થયેલી વિભૂતિ – સમ્પત્તિવડે જેમનામાં શોભા – સુન્દરતા છે એવા,

૨. વર્ષા તથા શરદઋતુ ની તે કાલમાં ઉપજેલી વિભૂતિ – સામગ્રી તેના સૌન્દર્ય રૂપ – શોભા રૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ.

**ગોપીકામપ્રબોધકઃ ।।૮૪૦।।**

ગોપીજનોમાં પ્રકર્ષ રીતે કામનો બોધ કરનાર – મદન રસનો ઉદય કરનાર.

## ગોપીરત્નસ્તુતાશેષવેણુવાદ્યવિશારદઃ ।।૧૭૬।।

**ગોપીરત્નસ્તુતાશેષવેણુવાદ્યવિશારદઃ ।।૮૪૧।।**

૧. ગોપીજન (એ જ) રત્નોવડે સ્તુતિ કરે કે, સમગ્ર વેણુવાદ્યના વિશારદ પ્રકાશક, એટલે ગોપીજનોમાં વિષ્ણુવાદ્યનું વર્ણન કરવા સ્તુતિ થાય તેમ કરવા વિવિધ પ્રકારના ધ્વનિને પ્રકાશ કરનાર, શ્રીમુરલીધર પ્રભુ,

૨. સર્વશ્રેષ્ઠ ગોપીજનોથી સ્તુતિ કરાય – વખણાય તેવી રીતે વેણુવાદ્યને વગાડનાર.

# શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ

## મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# સુબોધિની

## (તામસ પ્રમેય પ્રકરણ અધ્યાય ૧૨ થી ૧૮)

# ।। અધ્યાય બારમો ।।

(વૃન્દાવનનું વર્ણન અને દેહાધ્યાસરૂપી ધેનુકાસુરનો વધ)

**યશોદાનંદયોરેવં નિરોધઃ સુનિરૂપિતઃ ।।**
**ગોપાલાનાં નિરોધોઽત્ર સસ્ત્રીકાણાં નિરૂપ્યતે ।।૧।।**

રીતે યશોદા અને નંદના નિરોધનું સારી રીતે નિરૂપણ કર્યું. અહિં (આ પ્રકરણમાં) સ્ત્રીઓ સહિત ગોપાલોના નિરોધનું નિરૂપણ કરવામાં આવે છે. કા.૧.

ગયા પ્રકરણમાં એટલે તામસપ્રમાણપ્રકરણમાં (દશમસ્કંધ પૂર્વાર્ધ અધ્યાય ૫ થી ૧૧ સુધીમાં) યશોદા અને નંદના નિરોધનું સારી રીતે નિરૂપણ કરેલ છે. એ ગયા પ્રકરણમાં પણ પ્રસંગવશાત્ બીજાઓના (ગોપ અને ગોપીઓના) નિરોધનું નિરૂપણ કરેલું છે, પણ યશોદા અને નંદ એ બેના નિરોધનું સારી રીતે એટલે મુખ્યપણાથી નિરૂપણ કરેલું છે; હવે અહિં એટલે તામસપ્રમેયપ્રકરણ (અધ્યાય ૧૨ થી ૧૮ સુધી)માં ગોપાલો અને તેમની સ્ત્રીઓના નિરોધનું સારી રીતે એટલે મુખ્યપણાથી નિરૂપણ કરવામાં આવે છે.

**મધ્યમોયં સમસ્તાનાં નિરોધઃ પરિકીર્ત્યતે ।।**
**પઞ્ચધૈવાનુભાવોઽત્ર દુષ્ટનિગ્રહરૂપવાન્ ।।૨।।**

આ સર્વનો મધ્યમ નિરોધ કહેવામાં આવે છે. દુષ્ટોના નિગ્રહરૂપી પાંચ પ્રકારનો અહિં પ્રભાવ (કહેવામાં આવે છે). કા.૨.

ગોપોનો એટલે ભગવાનના મિત્રોનો અને તેઓની સ્ત્રીઓ એટલે ગોપીઓનો અહિં જે નિરોધ મુખ્યપણાથી કહેવામાં આવે છે તે મધ્યમ છે. આ પહેલાંના પ્રકરણમાં તેમનો જે નિરોધ પ્રસંગવશાત્ કહેલ છે, તેથી વધારે સારી રીતે અથવા મુખ્ય રીતે તેઓનો નિરોધ અહિં કહેવામાં આવે છે, છતાં આવતા તામસસાધન (અધ્યાય ૧૯ થી ૨૫)પ્રકરણમાં આથી પણ વિશેષ સારી રીતે તેઓનો નિરોધ વર્ણવવામાં આવશે; તેથી આ પ્રકરણમાં તેઓના જે નિરોધનું વર્ણન કરવામાં આવે છે તે મધ્યમ પ્રકારનો છે. આ પ્રકરણમાં (પહેલા પાંચ ૧૨ થી ૧૬ અધ્યાયમાં) દુષ્ટોના નિગ્રહરૂપી ભગવાનનો પાંચ પ્રકારનો પ્રભાવ

કહેવામાં આવે છે.

(૧) ધેનુકાસુર (૨) કાલિયનાગ (૩) પ્રથમ દાવાગ્નિ (૪) પ્રલંબાસુર અને (૫) બીજો દાવાગ્નિ એ પાંચેનો ભગવાને નિગ્રહ કર્યો, એ પ્રકરણના પહેલા પાંચ (૧૨ થી ૧૬) અધ્યાયમાં અનુક્રમે કહેવામાં આવશે.

અવિદ્યાના પાંચ પર્વ (ભાગ) છે.

(૧) દેહાધ્યાસ
(૨) ઈન્દ્રિયાધ્યાસ
(૩) પ્રાણાધ્યાસ
(૪) અંતઃકરણાધ્યાસ
(૫) સ્વરૂપનું વિસ્મરણ.

દેહાધ્યાસ એટલે દેહ જ આત્મા છે એવી ભ્રાંતિ. ૧.ધેનુકાસુર આ દેહાધ્યાસરૂપ છે. ૨.કાલિયનાગ ઈન્દ્રિયાધ્યાસરૂપ છે. ૩.પહેલો દાવાગ્નિ પ્રાણાધ્યાસરૂપ છે. ૪.પ્રલંબાસુર અંતઃકરણાધ્યાસરૂપ છે અને ૫.બીજો દાવાગ્નિ સ્વરૂપના વિસ્મરણરૂપ છે. આ પાંચે દુષ્ટોના નિગ્રહરૂપ એટલે આ પાંચે અવિદ્યાના પર્વનો નાશ કરનાર ભગવાનના પ્રભાવનું અહિં નિરૂપણ કરેલું છે. શ્રીકૃષ્ણોપનિષત્‌માં કહેલું છે કે 'લોભ ક્રોધ વિગેરે દૈત્યો છે.'[1] તે પ્રમાણે આ પાંચે અવિદ્યાનાં પર્વોએ ધેનુકાસુર વિગેરે દૈત્યોનું રૂપ લીધેલું; તેઓનો નિગ્રહ કરી ભગવાને અવિદ્યાનો નિરાસ કર્યો, એ ભગવાનના પ્રભાવનું અહિં નિરૂપણ કરેલું છે.

**આધ્યાત્મિકીમવિદ્યાં વૈ દૂરીકર્તું તથા કૃતિઃ ।।**
**તદર્થં ક્રમતોડધ્યાયા ઉભયેષાં તથા દ્વયમ્ ।।૩।।**
**સ્નેહાધિક્યસુસિદ્ધ્યર્થં ... ... ... ... ...**

આધ્યાત્મિકી અવિદ્યાને દૂર કરવા માટે જ તેવી ભગવાનની કૃતિ થઈ. તે માટે ક્રમથી (પાંચ) અધ્યાયો (કહ્યા). ઉભયનો અધિક સ્નેહ સારી રીતે જણાવવા તેવી જ રીતે બે (અધ્યાયો કહ્યા). કા.૩ા.

ભગવાને એવી રીતે ધેનુક, કાલિયનાગ, પ્રથમ દાવાગ્નિ, પ્રલંબ અને બીજા દાવાગ્નિનો નિગ્રહ કર્યો, એ ભગવાનની કૃતિ એટલે કાર્ય નિશ્ચય આધ્યાત્મિકી અવિદ્યાને દૂર કરવા માટે જ હતું. વ્રજમાં રહેલ સાધારણ ગોપો અને તેમની સ્ત્રીઓની આધ્યાત્મિકી અવિદ્યા દૂર કરવા માટે જ ભગવાને એ પાંચેનો નિગ્રહ કર્યો. સૂક્ષ્મ શરીરના અધ્યાસરૂપ અવિદ્યા તે આધ્યાત્મિકી અવિદ્યા. આધિભૌતિકી અવિદ્યારૂપ પૂતના હતી, તેનો નાશ ભગવાને પ્રથમ કર્યો છે. હવે

૧. શ્રીકૃષ્ણોપનિષત્ શ્લોક. ૯.

તેઓની સૂક્ષ્મ અથવા લિંગ શરીરના અધ્યાસરૂપ એટલે આધ્યાત્મિકી અવિદ્યાનો નાશ કરવા આ ધેનુક વિગેરે પાંચેનો ભગવાન્ નિગ્રહ કરશે. ભગવાનની લીલામાં ઉપયોગી થાય તેવા દેહના અધ્યાસરૂપ અવિદ્યા તે આધિદૈવિકી અવિદ્યા. આ અવિદ્યા તો ભગવાનની લીલામાં ઉપયોગી હોવાથી તેનો નાશ કરવાનો છે જ નહિ. તેથી આ આધ્યાત્મિકી અવિદ્યાના પાંચ પર્વરૂપ ધેનુક વિગેરે પાંચેનો ભગવાન્ નિગ્રહ કરે છે, તે અહિં પ્રથમ પાંચ (૧૨ થી ૧૬) અધ્યાયોમાં અનુક્રમે કહેવામાં આવશે. ત્યાર પછીના બે (૧૭ અને ૧૮) અધ્યાયોમાં અનુક્રમે મુખ્યપણાથી ભગવાનના મિત્રો અને સખીઓ અથવા સ્વામિનીઓ એ ઉભયના નિરોધનું નિરૂપણ કરવામાં આવશે. સાધારણ વ્રજવાસીઓના નિરોધથી મિત્રોનો અને સ્વામિનીઓનો નિરોધ આવી રીતે જૂદો વર્ણવ્યો છે. સાધારણ વ્રજવાસીઓ કરતાં મિત્રો અને સ્વામિનીઓનો સ્નેહ વિશેષ હતો, એમ જણાવવા તેઓનો નિરોધ આવી રીતે સાધારણ વ્રજવાસીઓના નિરોધ કરતાં જૂદો વર્ણવ્યો છે.

**……………સ્નેહાન્તો મધ્યમઃ સ્મૃતઃ ।।**
**પ્રથમં દ્વાદશેધ્યાયે દેહાધ્યાસો હિ ધેનુકઃ ।।૪।।**

મધ્યમ (નિરોધ) સ્નેહફલવાળો મનાએલો છે. પ્રથમ બારમા અધ્યાયમાં ધેનુક દેહાધ્યાસ છે. કા.૪.

સ્નેહ જેનું ફલ છે તે નિરોધ મધ્યમ મનાએલો છે. અહિં 'સ્નેહ' શબ્દ આસક્તિના અર્થમાં યોજાએલો છે, કારણ કે આ પહેલાંના પ્રમાણપ્રકરણમાં ભગવાન્ માટે સ્નેહ થયો છે. તેથી સ્નેહફલવાળો નિરોધ તો પહેલાં પ્રમાણ પ્રકરણમાં થઈ ગયો છે. આ પ્રકરણમાં ભગવાનમાં આસક્તિ થાય છે અને આવતા સાધનપ્રકરણ (અધ્યાય ૧૯ થી ૨૫)માં વ્યસન થશે. તેથી જ નિબંધમાં કહેલું છે કે 'સર્વથી અધિક સ્નેહનું પહેલામાં નિરૂપણ કરેલું છે, બીજામાં આસક્તિનું, અને ત્રીજામાં વ્યસનનું નિરૂપણ કહેલું છે, અને ફલની પ્રાપ્તિ ચોથા પ્રકરણમાં (અધ્યાય ૨૬ થી ૩૨માં) કહેલી છે. એવી રીતે ચાર પ્રકારનો નિરોધ થએલો છે'.[૨]

અહિં સુધી આ તામસપ્રમેયપ્રકરણનો અર્થ કહેલો છે. તામસપ્રમાણ-પ્રકરણમાં પાંચમાં અધ્યાયમાં કહેલા નંદમહોત્સવથી, છઠ્ઠા અધ્યાયમાં વર્ણવેલા પૂતનાથી થએલ ભયથી, સાતમા અધ્યાયમાં વર્ણવેલા કૌતુકોથી, આઠમા અધ્યાય માં ગર્ગાચાર્યે કહેલાં વચનોથી, નવમા અધ્યાયમાં દામોદરલીલામાં ભગવાને દર્શાવેલ મુગ્ધભાવથી, દશમા અધ્યાયમાં ભગવાને કરેલ અતિ આશ્ચર્યકારક યમલાર્જુનના ભંગથી અને અગીઆરમા અધ્યાયમાં ભગવાને કરેલા વત્સાસુર તથા બકાસુરના ઘાતથી સર્વ વ્રજવાસીઓને ભગવાનમાં સ્નેહ થયો હતો. તેથી

૨. તત્ત્વદીપનિબંધ ૩-૧૦-૫૯।૬૦.

ત્યારપછીના આ પ્રકરણમાં તેમને પ્રમેય (ભગવાન)ની સંપત્તિ અથવા હૃદયમાં પ્રાપ્તિ થઈ અને તેથી તેમની ભગવાનમાં આસક્તિ થઈ, તેનું આ પ્રકરણમાં વર્ણન કરવામાં આવે છે[3]. વ્રજજનોને પ્રમેય (ભગવાન)ની પ્રાપ્તિ થએલી હોવાથી આ તામસપ્રમેયપ્રકરણ કહેવાય છે. તેથી આ પ્રકરણમાં ભગવાને સાધનની અપેક્ષા વિના પોતાના પ્રમેયબલથી નિરોધ કરેલો છે.

હવે આ પ્રકરણના પહેલા એટલે બારમા અધ્યાયનો અર્થ કહે છે. આરંભમાં બારમા અધ્યાયમાં ધેનુક દેહાધ્યાસ છે. આ અધ્યાયમાં પ્રથમ (શ્લોક ૫ થી ૮) લીલાના સંબંધવાળી વસ્તુઓના સ્વરૂપનું જ્ઞાન ભગવાન્ કરાવે છે, અને ત્યારપછી દશ રસવાળી લીલાનો અનુભવ (શ્લોક ૯ થી ૧૮) કરાવે છે. આવી રીતે દશ રસવાળી લીલાનો અનુભવ થવાથી તેઓનો (ભગવાનમાં) ભાવ ઉત્પન્ન થયા પછી, તેમને દેહ વિગેરે સર્વનું વિસ્મરણ થયું એમ જ કહેવું યોગ્ય છે. વળી આ દેહ વિગેરેનું વિસ્મરણ તે વખતને માટે જ થયું એમ કહેવું યોગ્ય નથી, પણ સર્વકાલને માટે તેમને દેહ વિગેરેનું વિસ્મરણ થયું એમ જ કહેવું જોઈએ. તેથી આ દશ રસવાળી લીલાના અનુભવ પછી ધેનુકના વધનું નિરૂપણ કરવામાં આવે છે, તેથી દેહના વિસ્મરણનું નિરૂપણ કરેલું છે એમ જ કહેવું જોઈએ. ધેનુકનો વધ (નાશ) એટલે દેહનું વિસ્મરણ, તેથી ધેનુક એટલે દેહના વિસ્મરણનો અભાવ અર્થાત્ દેહનું સ્મરણ અથવા દેહાધ્યાસ. તેથી ધેનુક એ દેહાધ્યાસરૂપ દૈત્ય હતો. ધેનુકથી જૂદો કોઈ દેહાધ્યાસ ન હતો, તેથી ધેનુકના વધથી તેમનો દેહાધ્યાસ ગયો અને તેથી પછી તેમને દેહની સ્મૃતિ ન રહી.

અધ્યાસ તો અવિદ્યાથી જ થાય એવો નિયમ છે એમ કેટલાક માને છે. 'દુર્જનને પણ સંતોષ થાઓ' એવા ન્યાયથી એવા દુરાગ્રહીઓને કહેવું કે તમારો એ નિયમ માટે આગ્રહ જ હોય તો આ ધેનુકને જ તેવો (અવિદ્યારૂપ) માનો, કારણ કે દેહાધ્યાસ હોય તેને આવશ્યક (જરુરી) દેહનાં કર્મો માટે પ્રવૃત્તિ થવાથી ભગવાનના ભજનમાં પ્રતિબંધ (વિઘ્ન) થાય છે. દેહાધ્યાસનું કાર્ય એ છે કે દેહનાં જરુરી કર્મોમાં પ્રવૃત્તિ કરાવવાના કારણથી ભગવાનના ભજનમાં વિઘ્ન કરવું. ધેનુક આવી જ રીતે ભગવાનના ભજનમાં વિઘ્ન કરતો હતો. ગોપો ધેનુકના વનમાં જઈ અમુક પ્રકારે ભગવદ્‌ભજન કરવા ઈચ્છતા હતા; તે પ્રકારે ભગવાનનું ભજન કરવા માટે ધેનુકના વનમાં જવું જરુરી હતું. ધેનુક તેઓને પોતાના વનમાં આવવા દેતો નહિ અને તેથી કરી તેઓ જે પ્રકારે ભગવાનનું ભજન કરવા ઈચ્છતા હતા તેમાં વિઘ્ન કરતો હતો. ધેનુક બહુ વીર્યવાળો હતો. (શ્લોક ૨૩) વળી માણસોનો આહાર કરતો હતો. (શ્લોક ૨૪) આવા બહુવીર્યવાળા અને

૩. તત્ત્વદીપનિબંધ ૩-૧૦-૫૭ થી ૫૯.

માણસોનો આહાર કરનારા ધેનુકના વનમાં જે જાય તેનું અનિષ્ટ થવાનો સંભવ રહે છે, તેથી ભગવાનને તેવા ભયના સ્થાનમાં જવાની વિજ્ઞાપના કરવી એ તેમનામાં પ્રેમ હોવાથી વિરુદ્ધ છે. છતાં ગોપો ધેનુકના વનમાં જવાની ભગવાનને પ્રેમથી વિજ્ઞપ્તિ કરે છે, (શ્લોક ૨૦) તેનું કારણ એ જ છે કે જે રીતે ભગવાનનું ભજન કરવા તેઓ ઈચ્છતા હતા તેમાં ધેનુક વિઘ્ન કરતો હતો. વળી ગોપો જે રીતે ભગવાનનું ભજન કરવા ઈચ્છતા હતા તે રીતે તેઓ પોતાનું ભજન કરે તે ભગવાનને પણ ઈષ્ટ હતું. એમ અહિં (શ્લોક ૨૦માં) શ્રીદામા નામનો જે ગોપ ભગવાનને આવી વિજ્ઞપ્તિ કરવામાં મુખ્ય હતો તેને રામ અને કેશવનો સખા (મિત્ર) કહ્યો તેથી સૂચવેલું છે. તેથી ધેનુક દેહાધ્યાસરૂપ હતો, કારણ કે દેહના ધર્મમાં પ્રવૃત્તિ કરાવવાના નિમિત્તને લીધે જે ભજનમાં વિઘ્ન કરે તે દેહાધ્યાસ. મરણ કરનાર રાક્ષસથી દૂર ભાગવું એ દેહનો ધર્મ. તેમાં ગોપોની પ્રવૃત્તિ કરાવી એટલે તેઓને પોતાથી દૂર રાખી, પોતાના વનમાં પ્રવેશ કરવા ન દઈ, ધેનુક તેમને તે ઈચ્છતા હતા તેવા પ્રકારે ભગવાનનું ભજન કરવામાં વિઘ્ન કરતો હતો. તેથી તેના આ કાર્યથી પણ એવો જ નિર્ણય થાય છે કે તે દેહાધ્યાસ જ હતો.

**તદ્વધો જ્ઞાનપૂર્વો હિ ફલાવધિ નિરૂપ્યતે ।।**
**કાલીય ઈન્દ્રિયાણ્યાહુર્વિષયાસ્તદ્વિષં મતમ્ ।।૫।।**

કારણ કે જ્ઞાનપૂર્વક ફલ પ્રાપ્તિ સુધી તેના વધનું નિરૂપણ કરવામાં આવે છે. કાલિય ઈન્દ્રિયો (છે એમ) કહે છે અને વિષયો (એ) તેનું (કાલિયનું) વિષ (છે એમ) ગણાય છે. કા. ૫.

જ્ઞાનપૂર્વક, ફલની પ્રાપ્તિ થઈ ત્યાં સુધી ધેનુકના વધનું નિરૂપણ કરેલું છે. આવી રીતે તેના વધનું નિરૂપણ કરેલું છે, તેથી પણ તે દેહાધ્યાસ હતો એમ સિદ્ધ થાય છે. જેમ તત્ત્વજ્ઞાન સ્વભાવથી જ દેહાધ્યાસનો નાશ કરે છે, અને તત્ત્વજ્ઞાન થાય ત્યારે દેહાધ્યાસ અવશ્ય છૂટે જ છે, તેમ ભગવાનની લીલાના (શ્લોક ૮ થી ૧૮) જે રસનો ગોપોને અનુભવ થયો તે અનુભવના સ્વભાવથી તેવી અમુક પ્રકારની લીલાના રસનો અનુભવ કરવાની તેમની તીવ્ર ઈચ્છા થઈ, અને તેથી પોતાની ઈચ્છેલી લીલામાં ધેનુક વિઘ્ન કરે છે, એ જ ધેનુકનો ધર્મ તેમને જણાયો. તે સિવાયના બીજા તેના ધર્મો (તે બહુ વીર્યવાળો અને માણસોનો આહાર કરનાર છે તે ધર્મો) દેખાતા હતા, છતાં ભગવાનને વનમાં જવાની વિજ્ઞપ્તિ કરવામાં તે આડા ન આવ્યા, અને તેમણે ધેનુકના વનમાં જવાની ભગવાનને વિજ્ઞપ્તિ કરી અને તેથી ધેનુકનો નાશ થયો. જેમ આત્મા ઉપર ઘણો અનુરાગ થતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેથી દેહાધ્યાસનો નાશ થાય છે તેમ ભગવાન્ ઉપર ઘણો અનુરાગ થતાં ભગવાનની લીલાના રસનો અનુભવ થાય છે અને તેથી પણ

દેહાધ્યાસનો નાશ થાય છે, કારણ કે ભગવાન્ આત્મરૂપ છે, અને રસરૂપ પણ છે તેમાં કાંઈ શંકા જ નથી. ગોપોને ભગવાન્ ઉપર ઘણો અનુરાગ થતાં, ભગવાનની લીલાના રસનો તેમને અનુભવ થયો અને તેથી ધેનુકનો નાશ થયો.

આ ધેનુકનો વધ જ્ઞાનપૂર્વક છે. પ્રથમ જ્ઞાન થયું અને પછી ધેનુકનો વધ થયો. લીલાના સંબંધવાળા તરુ (વૃક્ષ) વિગેરે પદાર્થોનું જ્ઞાન (શ્લોક ૫ થી ૮) અને દશ રસવાળી લીલાનો અનુભવ (શ્લોક ૯ થી ૧૮) એ જ્ઞાન. તરુઓ વિગેરે લીલાના પદાર્થોનું જ્ઞાન ભગવાન્ બલદેવને કરાવે છે છતાં બીજાઓ પણ તે પ્રસંગે તેનું શ્રવણ કરે છે, તેથી તેઓને પણ તે જ્ઞાન થાય છે. આવું જ્ઞાન થયા પછી ધેનુકનો વધ થએલ છે. જેમ તત્ત્વજ્ઞાનથી દેહાધ્યાસનો નાશ થાય જ, તેમજ ભગવાનની લીલાના રસના અનુભવથી પણ દેહાધ્યાસનો નાશ થાય જ. તેવી રીતે અહિં ધેનુકનો નાશ થએલ હોવાથી પણ તે દેહાધ્યાસરૂપ હતો એમ સિદ્ધ થાય છે.

આ ધેનુકના વધનું ફલની પ્રાપ્તિ સુધી નિરૂપણ કરેલું છે. દેહાધ્યાસ નષ્ટ થતાં ઘણો ઉંચો અધિકાર પ્રાપ્ત થતાં જે ફલની પ્રાપ્તિ થાય તેવું જ ફલ પણ ગોપોને મળેલ છે. ધેનુકના વધથી તરત જણાતું ફલ તો તાલના ફલનું ભોજન અને ભયનો અભાવ છે (શ્લોક ૪૦); પણ વસ્તુતઃ દેહાધ્યાસ દૂર થવાથી તેમણે વિષવાળા શ્રીયમુનાના જલનું પાન કરી પ્રાણ તજ્યા (શ્લોક ૪૯); ત્યારે ભગવાને પોતાની અમૃત વરસાવતી દષ્ટિથી તેઓને સજીવન કરી નવા જ્ઞાનપૂર્ણ અલૌકિક દેહની તેમને પ્રાપ્તિ કરાવી. આ ફલ તેમને દેહાધ્યાસ મટવાથી પ્રાપ્ત થએલ છે અને તેથી આ ફલની પ્રાપ્તિ સુધી આ વર્ણન કરેલું છે.

કાલિયનાગ ઈન્દ્રિયોરૂપ હતો, અને તેનું વિષ વિષયોરૂપ હતું. જેમ સર્પના વિષથી મરણ થાય છે તેમ વિષયોમાં રચીપચી રહેતી ઈન્દ્રિયોથી પણ મરણ થાય છે. તેથી કાલિય ઈન્દ્રિયોરૂપ હતો અને તેનું વિષ વિષયોરૂપ હતું એમ કહેલ છે.

**તતઃ સર્વવિનાશઃ સ્યાદિત્યન્તે મરણાભિધા ।।**
**તતશ્ચેજ્જીવિતાઃ સર્વે પુનર્દેહાન્તરસ્થિતિઃ ।।૬।।**

તેથી સર્વનો વિનાશ થાય, તેથી છેવટે મરણ કહેલું છે. પછી જો સર્વને ફરી જીવાડવામાં આવે તો બીજા દેહની પ્રાપ્તિ (થઈ હોવી જોઈએ). કા. ૬.

આધ્યાત્મિકી અવિદ્યા દૂર કરવા ધેનુક વિગેરેનો ભગવાને નિગ્રહ કરેલ છે એમ પ્રથમ કહેલ છે, તેથી આધ્યાત્મિક દેહ વિગેરેનો અધ્યાસ મટાડવાનો છે. આધ્યાત્મિક દેહ એટલે લિંગશરીર અથવા સૂક્ષ્મશરીર. તેથી પ્રાકૃત લિંગશરીરનો અધ્યાસ અહિં મટાડવાનો છે, તેથીજ આગળ ગોપો કાલિયના વિષવાળાં યમુના જલનું પાન કરે છે ત્યાં (શ્લોક ૪૯) તેઓને 'દૈવે હણેલા ચિત્તવાળા' કહેલા છે.

કાલિય ઇન્દ્રિયોરૂપ હતો અને તેનું વિષ વિષયોરૂપ હતું. તેથી જેમ વિષયોમાં રચીપચી રહેલી ઇન્દ્રિયોથી મરણ થાય તેમ આ કાલિયના વિષવાળા જલના પાનથી મરણ થાય. તેથી 'ગોપો સર્વે વિષવાળા જલનું પાન કરી મરણ પામ્યા' એમ કહેલું છે. તેમના લિંગશરીરનો પણ નાશ થયો એમ દર્શાવવા તેઓને 'દૈવે હણેલા ચિત્તવાળા' કહેલા છે. આવા મરણ પછી તે બધાને પુનઃ ભગવાન્ પોતાની અમૃત વરસાવતી દૃષ્ટિથી જીવતા કરે છે. તે બધા ફરી જીવતા થાય છે ત્યારે તેમને જે દેહની પ્રાપ્તિ થાય છે તે પ્રારબ્ધ કર્મથી ઉત્પન્ન થએલ દેહ નહોતો, કારણ કે તેમના લિંગશરીરનો પણ નાશ થએલ તેથી પ્રારબ્ધ કર્મનો નાશ થએલ, તેથી તેમને જે નવો દેહ પ્રાપ્ત થયો તે પ્રારબ્ધ કર્મથી ઉત્પન્ન થએલો હોઈ શકે જ નહિ; તેથી તેમને નવા જ દેહની પ્રાપ્તિ થઈ. લીલામાં રહેલા ભક્તોનાં જીવન વિગેરે સર્વ અલૌકિક હોવાથી અદૃષ્ટથી ઉત્પન્ન થએલ હોતાં નથી, એમ જણાવવા આ સર્વ કહેલ છે.

લીલામાં રહેલ ભક્તોનાં જીવન વિગરે અદૃષ્ટથી ઉત્પન્ન થએલ ન હોય તો કાલિયના વિષવાળાં યમુનાજલનું પાન કર્યા પહેલાંના આ ભક્તોના દેહો અદૃષ્ટથી ઉત્પન્ન થએલા હતા કે નહિ, એ પ્રશ્ન ઉદ્ભવે છે. વસ્તુતઃ તેઓના પહેલાંના દેહો પણ અદૃષ્ટથી ઉત્પન્ન થએલા નહોતા, પરંતુ અલૌકિક જ હતા, ભગવાને જેમ લીલામાં રહેલ તરુ વિગેરેનું સ્વરૂપ (શ્લોક ૫ થી ૮) બલદેવ વિગેરેને પોતાની વાણીથી જણાવ્યું તેમ આ ગોપોનું સ્વરૂપ હાલના જીવોને પોતાની કૃતિથી જણાવવા માટે, પ્રથમ તેઓમાં લૌકિક ભાવનું સ્થાપન કર્યું, અને પછી તેઓના દેહાધ્યાસ વિગેરેનો નાશ કરી તેઓને અલૌકિક દેહ પ્રાપ્ત કરાવ્યો. વસ્તુતઃ તેઓ લીલાના જીવો હોવાથી તેઓમાં સદા ભગવદ્ભાવ જ હતો, ભગવદ્ભાવ વિનાનો કોઈ ભાવ તેઓમાં કોઈ સમયે ન હતો જ; પણ હાલના જીવોને તેઓનું સ્વરૂપ જણાવવા જ ભગવાને તેઓમાં પ્રથમ લૌકિક ભાવનું સ્થાપન કરેલું અને પછી તેઓને નવા અલૌકિક દેહની પ્રાપ્તિ કરાવી.

કારિકાર્થ સંપૂર્ણ.

આ પ્રમાણે આ અધ્યાયનો અર્થ કહ્યો. હવે શ્લોકાર્થનો પ્રારંભ કરવામાં આવે છે. જ્ઞાનનું નિરૂપણ કરતાં પહેલાં ભગવાને (૧) દેશની શુદ્ધિ (૨) વનમાં પ્રવેશ અને (૩) વનમાં ક્રીડા કરવાનું મન કર્યું, એમ પહેલા ત્રણ શ્લોકથી અનુક્રમે કહેલું છે. વન સાત્ત્વિક હોવાથી વનમાં જ જ્ઞાન થાય[1]. વળી વનમાં ઉદ્વેગ પણ થાય

૧. આ અધ્યાયમાં જ્ઞાનપૂર્વક ધેનુકના વધનું નિરૂપણ કરવાનું છે. તેથી જ્ઞાનનું નિરૂપણ કરવાનું છે છતાં દેશની શુદ્ધિ, વનપ્રવેશ વિગેરેનું પ્રથમ નિરૂપણ કરવામાં આવે છે કારણ કે, જ્ઞાન વનમાં જ થાય છે. 'જ્ઞાન સત્ત્વમાંથી થાય છે' અને 'વન સાત્ત્વિક વાસ છે'. તેથી જ્ઞાન

નહિ, તેથી ત્યાં ક્રીડા કરવાનું મન થયું એ કહેવાનું છે; અને ગામથી જૂદા પ્રકારથી[2] વનમાં પ્રવેશ કરવાનો છે; તેથી (આ પ્રકરણમાં કહેલી) ભગવાનની મધ્યમ લીલામાં[3] આરંભમાં દેશશુદ્ધિ કહેલી છે, કારણ કે વૃંદાવનમાં ઘણા દૈત્યો[4] હતા. તેથી પ્રથમ શ્લોકમાં દેશની શુદ્ધિ કહે છે.

**તતશ્ચ પૌગણ્ડવયઃશ્રિતૌ વ્રજે બભૂવતુસ્તૌ પશુપાલસંમતૌ ।।**
**ગાશ્ચારયન્તૌ સખિભિઃ સમં પદૈર્વૃન્દાવનં પુણ્યમતીવ ચક્રતુઃ ।।૧।।**

ત્યાર પછી પૌગંડ વયને ધારણ કરેલા તે બે વ્રજમાં પશુપાલના માન્ય થયા; અને સખાઓની સાથે ગાયો ચરાવતા (પોતાના) પગલાંઓથી વૃંદાવનને ઘણું જ પવિત્ર કરતા હતા. ૧.

છઠ્ઠા વર્ષથી આરંભી નવ વર્ષ સુધીની અવસ્થા પૌગંડ વય કહેવાય છે. છઠ્ઠું, સાતમું, આઠમું અને નવમું એ ચાર વર્ષ પૌગંડ વય કહેવાય છે; કારણ કે (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ) ચાર પુરુષાર્થ પ્રાપ્ત કરાવનાર કાલની અભિમાની દેવતાઓ ભગવાનની આ અવસ્થામાં ભગવાનની સેવા કરવા આવેલ તે 'પૌગંડ' કહેવાય છે.

---

વનમાં જ થાય છે એમ કહેલું છે. **(પ્ર)** – દશદિગન્ત વિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજ વિરચિત પ્રકાશ.

વનમાં જતાં રસ્તામાં જ્ઞાન થતું નથી, એમ દર્શાવવા 'વનમાં જ જ્ઞાન થાય' એમ કહેલ છે. વનમાં જતાં માર્ગમાં વનમાં કરવાનાં સત્કાર્ય થઈ શકે તેમ હોવા છતાં બીજાં કોઈ મળી આવે એવું સંભવે છે અને તેથી (મનમાં) ઉદ્વેગ થાય, પણ વનમાં એવી રીતે ઉદ્વેગ થતો નથી, તેથી વન જ સાત્ત્વિક ગણાય છે. **(લે)** – ગોસ્વામી શ્રીવલ્લભજીકૃત લેખ.

૨. ત્રીજા શ્લોકમાં 'વન જોઈને ભગવાને રમણ કરવા મન કર્યું ' એમ કહેલ છે. વનપ્રવેશ થઈ ગયા પછી એ સંભવે, તેથી વનપ્રવેશ ન વર્ણવ્યો હોત તો પણ ત્રીજા શ્લોકના અર્થથી સમજાત જ, છતાં બીજા શ્લોકમાં વનપ્રવેશનું નિરૂપણ કરેલું છે; કારણ કે આ પહેલા અગીઆરમા અધ્યાયમાં પણ ૩૮મા શ્લોકથી વનલીલા વર્ણવેલી છે; પરંતુ તે ગામની નજીકની જ છે એટલે તે ગામના સંબંધવાળી જ ગણાય. અહિં તો તેથી જૂદા પ્રકારની એટલે કેવલ વનની જ લીલા કહેવાની છે, તેથી ગામથી જૂદા પ્રકારથી વનમાં પ્રવેશ કર્યો તેનું નિરૂપણ જરુરી છે. (લે)

૩. તામસપ્રકરણના પ્રમાણ, પ્રમેય અને સાધન, એ ત્રણ અવાંતર પ્રકરણોમાં વ્રજજનોને અનુક્રમે પ્રેમ, આસક્તિ અને વ્યસનની સિદ્ધિ થયાનું નિરૂપણ કરેલું છે, એમ નિબંધમાં કહેલ છે, તેથી આ પ્રમેય-અવાંતર પ્રકરણમાં આસક્તિ સિદ્ધ થવાની જે લીલા કરી તે મધ્યમ લીલા થઈ. **(યો)** – ભગવદીય લાલુભટ્ટજીની યોજના.

૪. મધુ દૈત્યનું વન તે મધુવન તેમાં તેની પુત્રી વૃંદાનું આ વૃંદાવન હોવાથી તેમાં ઘણા દૈત્યો હતા. (લે)

પ્રથમ દોષોના અભાવનું[૫] નિરૂપણ કરવું જોઈએ, તેથી ભગવાનમાં કોઈ પ્રકારનો દોષ નથી એમ દર્શાવવા પહેલાં (તામસપ્રમાણપ્રકરણમાં) પાંચ વર્ષ સુધીના કાલનું નિરૂપણ કરેલ છે. ત્યાર પછી તે બેએ રામ અને કૃષ્ણે તારુણ્ય પેઠે પૌગંડ વય જ ધારણ કર્યું, અને વ્રજમાં પશુપાલોના માન્ય થયા, અથવા પશુઓનું પાલન કરવાને યોગ્ય થયા. આ રામ અને કૃષ્ણ ઉભયનું સમાન ચરિત્ર છે, તેથી

૫. પુરુષમાં દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને જીવ એ પાંચનો સમૂહ હોય છે. ભગવાનમાં પણ એ પાંચે જણાય છે, તેથી જેમ પુરુષમાં દોષ દેખાય છે તેમ ભગવાનમાં પણ દોષ હોવાનું જણાય; તેથી ભગવાનમાં દોષ નથી એમ સિદ્ધ કરવા ભગવાનમાં દેહ વિગેરે પાંચે નથી, એમ પ્રમાણપ્રકરણમાં દેખાડેલું છે. ભગવાનમાં દોષ ન હોય તો ભક્તોમાં પણ દોષ નથી એમ સિદ્ધ થાય, કારણ કે ભગવાનમાં દોષ ન હોય અને ભક્તોમાં દોષ હોય તો ભગવાન્ તેઓને પોતાના સખા ન કરે અથવા સખ્યનું દાન ન કરે; તેથી ભગવાનમાં દોષ નથી એમ પ્રમાણપ્રકરણની લીલામાં દર્શાવેલ છે. કારણ કે જીવના જન્મસમયે નંદમહોત્સવ જેવો ઉત્સવ ન થાય, જીવથી પૂતનાનો નાશ ન થાય, તેમજ પૂતનાને મુક્તિ પણ ન આપી શકાય, તેથી ભગવાન્ જીવ ન હતા. વળી પોતાના ઉપર અપકાર કરનારી પૂતના ઉપર પણ બ્રહ્મા વિગેરેને પણ ન મળી શકે તેવો પુરુષાર્થ જેનાથી પ્રાપ્ત થાય તેવી કૃપા ભગવાને કરી. પોતાના ઉપર અપકાર કરનાર ઉપર આવી કૃપાવાળું કોઈ બીજાનું અંતઃકરણ હોઈ શકે નહિ, કારણ કે (લોકમાં) જ્યાં કાંઈક ઉત્તમતા દેખાય છે તે પોતાના સ્વાર્થથી વિરુદ્ધ હોતી નથી, તેથી ભગવાનમાં અંતઃકરણનો પણ દોષ ન હતો. તેમ જ ભગવાનમાં પ્રાણનો દોષ ન હતો, કારણ કે પૂતનાનું ધાવણ પચાવી ન શકાય તેવા વીર્યવાળું હતું. તેવા ધાવણનું પાન કરનારના પ્રાણની રક્ષા થઈ શકે જ નહિ. વળી ભગવાન નાના બાલક હતા અને પ્રાણના ધર્મરૂપ ધાવણની જરુર હતી. ત્યારે તેમના પ્રવાલ જેવા કોમલ ચરણના સ્પર્શથી ગાડું ઉંધું પડી ગયું; આવી રીતે નાના બાલકના ચરણના સ્પર્શથી જ ગાડું ઉંધું વળે જ નહિ. ભગવાને આ પ્રમાણે પોતાની અવસ્થાથી વિરુદ્ધ કાર્ય કર્યું તેથી તેમનામાં ભૌતિક પ્રાણ ન હતા એમ જ સિદ્ધ થાય છે; તેવી જ રીતે તૃણાવર્તને ગળાથી પકડી માર્યો, અને બકના મુખમાં ભગવાને પ્રવેશ કર્યો, તે પ્રસંગો પરથી પણ તેમનામાં ભૌતિક પ્રાણ ન હતા એમ સિદ્ધ થાય છે. વળી ભગવાને પોતાના મુખકમલમાં સર્વ બ્રહ્માંડ દેખાડી એક જ સમયે પોતે નાના અને મોટા છે એમ દર્શાવ્યું, અને ઘણાં દોરડાં સાંધવા છતાં યશોદાજી ભગવાનને બાંધી શક્યાં નહિ અને તે કાર્ય માટે દોરડાં ટૂંકાં જ પડ્યાં. તેથી ભગવાનમાં ભૌતિક ઈન્દ્રિય અથવા દેહ ન હતા એમ સિદ્ધ થાય છે, કારણ કે કોઈનો દેહ એક જ સમયે નાનો (બ્રહ્માંડમાં રહેલો) અને (બ્રહ્માંડોને પોતાની અંદર સમાવનારો) મોટો હોઈ શકે જ નહિ, અથવા કોઈનો દેહ એવો હોઈ શકે નહિ કે ગમે તેટલાં દોરડાં સાંધવા છતાં તેનાથી બંધાઈ ન શકે. તેથી ભગવાનને લૌકિક દેહ વિગેરે ન હતાં, અને તેથી દેહ વિગેરેના અધ્યાસરૂપ દોષો પણ ભગવાનમાં ન હતા, પણ ઘણા અલૌકિક ગુણો હતા. તેથી ભગવાનનું શરીર નિર્દોષ અને પૂર્ણગુણવાળું હતું એમ સિદ્ધ થાય છે. આ સર્વનું ભગવાનના પ્રથમ પાંચ વર્ષના વયમાં નિરૂપણ કરેલું છે, તેથી તે પહેલાં પાંચ વર્ષ દોષોનો અભાવ જણાવનાર કાલના અભિમાની દેવતા હતા; તેથી પ્રથમ તેઓનું નિરૂપણ કરેલું છે. (**ટિ+પ્ર**) - ટિ. શ્રીગુસાંઈજીકૃત ટિપ્પણી અને પ્ર. પ્રકાશ.

બંનેનું સાથે જ નિરૂપણ કરેલું છે. તેઓ સખાઓ સાથે ગાયોને ચારતા હતા. સખાઓ એટલે સખ્ય જેમણે પ્રાપ્ત કર્યું છે તેવા બાલકો. ગાયોનું પાલન એ ગોપાલોનો ધર્મ છે. એ ધર્મ સખાઓ પાસે તે બંને કરાવે છે, કારણ કે જો સખાઓ આ ધર્મનું આચરણ ન કરે તો સખ્ય પ્રાપ્ત કરેલ તેઓ(નું ચિત્ત) કદાચ વિક્ષિપ્ત થાય તો તેઓને વૈકુંઠમાં લઈ જવા રૂપ તેઓનું આત્મસમર્પણ ઘટે નહિ[૬], તેથી આ સખાઓ સાથે તેઓ ગાયો ચારતા ચારતા પોતાનાં પગલાંથી વૃંદાવનને ઘણું જ પુણ્ય કરતા હતા. તેઓનાં પગલાંઓ વૃંદાવનમાં પડવાથી તે ઘણું જ પવિત્ર થતું હતું, કારણ કે તે પગલાં પુણ્યનું ધામ છે એમ પ્રથમ[૭] કહેલ છે.

અથવા સમ એટલે એકસરખા ખાડા ટેકરા વિનાના વૃંદાવનને ઘણું જ પુણ્ય કરતા હતા. આ વૃંદાવન સમ હોવાથી યાગભૂમિ (યજ્ઞ જ્યાં કરવામાં આવતા તેવી) હતી. હમણાં ભગવાનનાં પગલાં પડવાથી તે પુણ્યરૂપ જ થઈ, કારણ કે

---

૬. ગોરક્ષા વૈશ્યનો ધર્મ છે. વૈશ્ય વર્ણનો તે ધર્મ છે. ભગવાનનું સખ્ય જેઓને પ્રાપ્ત થયું હોય તેમને વર્ણના ધર્મ-ગોરક્ષાની અપેક્ષા નથી, તેમજ તેઓના ચિત્તમાં વિક્ષેપ થાય એ અસંભવિત છે; પરંતુ ભગવાને તેમને સખ્યનું દાન કરેલ છતાં તેઓના સ્વાભાવિક ધર્મ તેઓમાં રહેવા દઈને જ સખ્યનું દાન કરેલ. ભગવાને તેઓના સ્વાભાવિક ધર્મો તેમનામાં રહેવા દઈ તેઓને સખ્યનું દાન કર્યું, તેથી તેમને અધિક લાભ થયો પણ કાંઈ હાનિ થઈ નથી. તેઓના સ્વાભાવિક ધર્મો તેઓમાં રહ્યા તેથી જ આગળ તેઓ 'દૈવથી હણાએલ ચિત્તવાળા' થયા અને વિષના પાનથી તેમનું મરણ થયું, તેથી જ વિષપાનરૂપી કર્મના બાનાથી ભગવાને તેઓના સ્વાભાવિક સર્વ પહલાંના ધર્મો દૂર કર્યા. આ પ્રમાણે ભગવાને તેમના સ્વાભાવિક ધર્મો રહેવા દીધેલ હોવાથી, તેઓને સખ્યનું ફલ પ્રાપ્ત થાય તે માટે ભગવાન્ તેમનું કર્તવ્ય ગાયોનું રક્ષણ તેમની પાસે કરાવતા હતા. કારણ કે જો તેઓ તે ન કરે તો તેમના સ્વાભાવિક ધર્મોને લીધે તેમનું ચિત્ત જ્યાં ત્યાં ભટકે, ભગવાનના માહાત્મ્યને ગ્રહણ કરી શકે નહિ અને તેથી ભગવાનના લોકનું દર્શન કરવાની તેમની ઈચ્છા પણ ન થાય, અને તેથી તેમને વૈકુંઠનું દર્શન પણ થાય નહિ,* (જુઓ અ.૨૫ શ્લો.૧૧ થી ૧૪). કારણ કે ભગવાનને સમર્પણ કરવામાં આવે છતાં પ્રભુ તેનો અંગીકાર ન કરે તો સમર્પણ સિદ્ધ થતું નથી. તેથી ભગવાન્ 'પોતાના' તરીકે અંગીકાર કરે તો જ તે સિદ્ધ થાય છે. અહિં તો વ્રજભક્તો માટે ભગવાન્ પોતાના ગૃહ વૈકુંઠને પ્રકટ કરે છે, તેથી ભગવાન્ તેઓને 'પોતાના' માને છે એમ જણાય છે, તેથી તેઓ માટે વૈકુંઠ પ્રકટ કરવું એ તેમના આત્મસમર્પણરૂપ છે. આ આત્મસમર્પણ સાધનરૂપ છે, તેથી જ તેનું સાધન પ્રકરણ (તામસસાધનપ્રકરણે અધ્યાય ૨૬)માં નિરૂપણ કરેલું છે. ફલરૂપ આત્મસમર્પણનું ફલપ્રકરણમાં નિરૂપણ કરવામાં આવશે, કારણ કે સાધનરૂપ નવ પ્રકારની ભક્તિ પછી ફલરૂપ નવ પ્રકારની પણ ભક્તિ થાય છે. તેથી આ (વૈકુંઠ પ્રકટ કરવારૂપ) સાધનરૂપ આત્મસમર્પણનું સાધનપ્રકરણના અંતે નિરૂપણ કરેલું છે. (ટિ)

૭. શ્રીમદ્ભાગવત ૧।૧૯।૬ પરનાં સુબોધિનીમાં. (ટિ)

પગલાં પુણ્યનું ધામ છે. પુણ્ય આ લોકનાં અને પરલોકનાં ફલ પ્રાપ્ત કરવાનું સાધન છે, અને પોતાનાં ઈચ્છેલાં ફલ આપનારું છે. તેવી જ રીતે વૃંદાવનમાં ભગવાનનાં પગલાં પડવાથી તે સાધન વિનાના જીવોને ભગવાનની પ્રાપ્તિ કરવાનું સાધન થયું, અને તેમાં ભગવાનની અમુક લીલાઓ થવાથી પોતે જ ફલરૂપ થયું. તેથી વૃંદાવન સ્વતઃ ફલરૂપ થવાથી અને સાધન વિનાનાઓને ભગવાનની પ્રાપ્તિનું સાધન થવાથી તે પુણ્યથી પણ વધ્યું. તેમ જ ભગવાનની પ્રાપ્તિની ઈચ્છા ન હોય તેવાને પણ તે ભગવાનની પ્રાપ્તિ કરાવનાર હોવાથી પુણ્યથી પણ ઘણું જ ઉત્તમ થયું. ૧.

પછી ભગવાને વૃંદાવનમાં વિશેષ રીતે પ્રવેશ કર્યો એમ કહે છેઃ

**તન્માધવો વેણુમુદીરયન્ વૃતો ગોપૈર્ગૃણાદ્ભિઃ સ્વયશો બલાન્વિતઃ ।।**
**પશૂન્ પુરસ્કૃત્ય પશવ્યમાવિશદ્ વિહર્તુકામઃ કુસુમાકરં વનમ્ ।।૨।।**

પોતાના યશનું ગાન કરતા ગોપોથી વીંટાએલ વિહારની ઈચ્છાવાળા માધવે વેણુ વગાડતાં બલદેવ સાથે પશુઓને આગળ કરી તે પશુના હિતકારી પુષ્પોના સમૂહવાળા એ વનમાં પ્રવેશ કર્યો. ૨.

ભગવાને વનમાં પ્રવેશ કર્યો એ સામાન્ય રીતે તો પ્રથમ શ્લોકમાં જ કહેવાઈ ગયું છે. આ શ્લોકમાં વિશેષ રીતે ભગવાને વનમાં પ્રવેશ કર્યો એમ કહે છે. તે વનમાં માધવે પ્રવેશ કર્યો. મા એટલે લક્ષ્મી અને ધવ એટલે પતિ, માધવ એટલે લક્ષ્મીના પતિ, લક્ષ્મીના પતિએ લક્ષ્મી[1] સાથે ક્રીડા કરવા વનમાં પ્રવેશ કર્યો. માધવે વેણુ વગાડતાં વનમાં પ્રવેશ કર્યો. વેણુનાદ શબ્દબ્રહ્મરૂપ છે. શબ્દબ્રહ્મની[2]

૧. 'લક્ષ્મી' શબ્દ અહિં વ્રજસીમંતિનીઓ માટે યોજેલો છે. ઘણી વ્રજસીમંતિનીઓ માટે તે પદ યોજાએલું હોવા છતાં તે એકવચનમાં એમ દર્શાવવા યોજેલું છે કે, દિવસે વિહાર સહેલાઈથી થઈ શકતો નથી. (ટિ)

૨. અહિં સ્વચ્છંદવિહાર માટે વનપ્રવેશ કહેલો છે. સ્વચ્છંદવિહાર અમર્યાદારૂપ (કારણ કે, મર્યાદામાં સ્વચ્છંદતા ન હોઈ શકે) છે, તેથી મર્યાદાનું નિરૂપણ કરનાર શબ્દબ્રહ્મ સાથે તેનો વિરોધ થાય, અને તેથી તે પ્રમાણરહિત ગણાય; આમ ન થાય તે માટે શબ્દબ્રહ્મની પણ તેમાં સંમતિ છે, એમ દર્શાવવા મર્યાદાવાળી લીલાના સ્વરૂપનું નિરૂપણ કરનાર શબ્દબ્રહ્મને (વેણુનાદ કરી) પ્રકટ કરે છે. વેણુના નાદથી સ્વરૂપાનંદ અને વિષયાનંદ સર્વનું વિસ્મરણ થાય છે. વેણુનાદ પાસે તે સર્વ તુચ્છ છે. આવી રીતે ભગવાનની લીલામાં પ્રવૃત્તિ કરાવનાર વેણુના નાદ પાસે જ મોક્ષ વિગેરે તુચ્છ હોઈ તે નાદથી તેમનું વિસ્મરણ થાય છે; તો પછી ભગવાનની લીલા પાસે તે બધા તુચ્છ જ હોય તેમાં શું નવાઈ ? તેથી વેણુના નાદથી તે બધા તુચ્છ છે, એમ દર્શાવવા 'વેણુ' પદની વ્યુત્પત્તિ (શ્રીસુબોધિનીમાં) કરેલી છે. વેદ વેણુ બરાબર નથી એમ તેથી જ જણાય છે. આ વેણુનાદ સ્વતઃ પુરુષાર્થરૂપ છે અને ફલ સાથે તેનો વિરોધ નથી, તેથી તે ઉત્તમ પ્રમાણરૂપ (શબ્દબ્રહ્મ) છે એમ સૂચવેલું છે. તેવી જ રીતે

પણ આ કાર્યમાં સંમતિ છે. એમ દર્શાવવા ભગવાને વેણુ વગાડતાં વનમાં પ્રવેશ કર્યો. 'વ' એટલે સ્વરૂપાનંદ અને ઈ એટલે વિષયાનંદ. વ+ઈ=વે એટલે સ્વરૂપાનંદ[3] અને વિષયાનંદ[4], અણુ એટલે ઓછા-હલકા છે જેનાથી, તે વે+ડણુ=વેણુ. સ્વરૂપાનંદ અને વિષયાનંદ ઉભય વેણુથી હલકા-તુચ્છ છે, તેથી વેણુ એ બંનેનું વિસ્મરણ કરાવનાર છે. સ્વરૂપાનંદ અને વિષયાનંદ ઉભયથી વેણુ અધિક હોવાથી જ્યાં વેણુનાદ થાય છે ત્યાં સ્વરૂપાનંદ ભોગવનાર મુક્ત જીવો અને વિષયાનંદ ભોગવનાર વિષયી જીવો[5] સર્વ દોડ્યા આવે છે, અને આત્માના એટલે જીવના અધિકારથી વર્તનારા આધ્યાત્મિક (ભક્તો), અને ભગવાનના અધિકારથી વર્તનારા આધિદૈવિક ભક્તો વેણુનાદ સાંભળી જાગ્રત થઈ જાય છે. તેથી વેણુ વગાડતાં ભગવાન્ આધિદૈવિક ભક્ત ગોપોથી વીંટાઈ જાય છે. આ ગોપો આધિદૈવિક ભક્ત હોવાથી ભગવાનના યશનું ગાન કરતા હોય છે, કારણ કે તેઓ નિરંતર ભગવાનના યશનું ગાન કરે છે.

સામર્થ્ય[6] માટે ભગવાન્ બલદેવ સાથે વનમાં પ્રવેશ કરે છે, કારણ કે બલભદ્ર બલાત્મા-બલવાળા છે. ક્રિયામાં[7] પશુઓનો ઉપયોગ છે તેથી પશુઓને આગળ કરી, તેઓને પ્રથમ ક્રિયાશક્તિથી[8] શુદ્ધ કરવા ભગવાન્ વનમાં પ્રવેશ કરે છે. આ (વનનું) સ્થાન પણ પશવ્ય એટલે પશુઓનું હિતકારી[9] છે, કારણ કે ભગવાને પહેલાં તેને તેવું બનાવેલું છે. ભગવાન્ વિહાર કરવાની ઈચ્છાથી વનમાં પ્રવેશ કરે છે. વિહારમાં ક્રિયા પૂર્ણ થાય છે તેથી વિહારની ઈચ્છાથી ભગવાન્ વનમાં પ્રવેશ કરે છે. વિહાર રજોગુણથી[10] જ થાય તેથી તે સ્થાનમાં રજોગુણ ઘણો

---

આ માર્ગ પુષ્ટિમાર્ગ હોઈ, મર્યાદામાર્ગનાં પ્રમાણ તે આ માર્ગમાં પ્રમાણ ન હોય તે યોગ્ય જ છે, એવો આનો ભાવાર્થ છે. (ટિ)

૩. સ્વરૂપાનંદ એટલે મોક્ષાનંદ, અથવા મોક્ષમાં પ્રાપ્ત થતો આનંદ. (લે)

૪. વિષયાનંદ એટલે સ્વર્ગાનંદ, અથવા સ્વર્ગમાં મળતો આનંદ. (લે)

૫. મુક્ત જીવો શંકર વિગેરે, વિષયી જીવો સ્વર્ગના રાજા ઈન્દ્ર વિગેરે. વેણુનો નાદ થાય એટલે આ શંકર વિગેરે મુક્ત જીવો અને ઈન્દ્ર વિગેરે વિષયી જીવો તેઓ જે આનંદ ભોગવતા હોય તે ત્યજી મોહ પામે છે. *(લે) (*શ્રીમદ્ભાગવત ૧૦।૩૨।૧૫).

૬. સામર્થ્ય એટલે વિઘ્ન આવે તે અટકાવવાનું સામર્થ્ય, સામર્થ્ય માટે એટલે વિઘ્ન ન આવે તે માટે. (લે)

૭. ક્રિયા એટલે ગાયો ચરાવવાની લીલા. (લે)

૮. ક્રિયાશક્તિથી એટલે વનપ્રવેશથી, અથવા વનમાં પ્રવેશ કરાવવાથી. (લે)

૯. વૃંદાવનમાં દોષરહિત (શુદ્ધ) તૃણ વિગેરે છે, એમ આગળ વારંવાર કહેવામાં આવશે. તેથી વૃંદાવનના સંબંધથી ગાયો પણ દોષરહિત થશે; તેથી તેને પશુઓનું હિતકારી કહેલું છે. (લે)

૧૦. અહિં 'રજઃ' શબ્દથી રસને વધારનારી સામગ્રી કહેલી છે. જેમ રસ વધારનારી લૌકિક રીત

છે, એમ દર્શાવવા તે વનને પુષ્પોના સમૂહવાળું કહેલું છે, ફૂલો રજોગુણનો વિકાસ કરનારાં છે, અને આ વન ફૂલોનું સ્થાન બનેલું છે (તેમાં ઘણાં ફૂલો છે), તેવા વનમાં ભગવાન્ પ્રવેશ કરે છે. વનલીલા સાત્ત્વિકી હોય છે, તેથી અહિં ભગવાન્ જે લીલા કરે છે તે સત્ત્વપ્રધાન[11] રજોલીલા છે; એટલે સત્ત્વના પ્રાધાન્યવાળી જ રજોલીલા[12] છે. ૨.

પછી ભગવાને ત્યાં[1] રહેલ સર્વ અલૌકિક[2] દેવતાઓ[3] સાથે રમણ કરવાની ઈચ્છા કરી એમ કહે છેઃ

**તન્મઞ્જુઘોષાલિમૃગદ્વિજાકુલં મહન્મનઃપ્રખ્યપયઃસરસ્વતા ।।**
**વાતેન જુષ્ટં શતપત્રગન્ધિના નિરીક્ષ્ય રન્તું ભગવાન્ મનો દધે ।।૩।।**

ભગવાને તેને મધુર ઘોષવાળા ભ્રમરો, મૃગો અને પક્ષીઓથી ભરેલું, મોટાના મન જેવી જેની ખ્યાતિ છે તેવા જલવાળા સરોવર(ના સંબંધ)વાળા, કમલની ગંધવાળા વાયુવાળું જોઈને, રમણ કરવાની ઈચ્છા કરી. ૩.

મધુર ઘોષ (અવાજ)વાળા ભ્રમરો, મૃગો અને પક્ષીઓના સમૂહોથી ભરેલું તે વનને જોઈને ભગવાને ત્યાં રમણ કરવાની ઈચ્છા કરી. જે ભૂમિમાં ભ્રમરો, મૃગો અને પક્ષીઓ ત્રણેના ત્રણ પ્રકારના મધુર અવાજો થયા કરે ત્યાં ભૂમિમાં દોષ નથી એમ જાણવું; તેથી આ ભૂમિ દોષરહિત છે. વનમાં ઘાસ, ફૂલો અને ફલ હોય છે, તેના સંબંધીઓ એટલે ઘાસ ચરનાર મૃગો, ફૂલોનો રસ ચૂસનાર ભ્રમરો અને ફલનો આહાર કરનાર પક્ષીઓ બધા મધુર અવાજ કરનાર હોઈ દોષરહિત છે. તેથી આ ઘાસ (તૃણ) ફૂલ અને ફલ પણ દોષ વિનાનાં જ છે, (કારણ કે તે દોષવાળાં હોય તો તેનો આહાર કરનાર મૃગો વિગેરે પણ દોષવાળાં

---

રસશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, તેવી રસ વધારનારી અલૌકિક રીત પણ અહિં છે. (ટિ)

સચ્ચિદાનંદ ભગવાન્ સર્વનું મૂલ છે. સત્ત્વ વિગેરે ગુણો પણ ભગવાનમાંથી જ ઉત્પન્ન થએલા છે, એમ બીજા સ્કંધનાં સુબોધિનીમાં કહેલું છે. રજોગુણની કામ, ઈહા વિગેરે અગીઆર વૃત્તિઓ કહેલી છે. જેમ લૌકિક રજોગુણથી આ અગીઆર વૃત્તિઓ થાય છે તેમ જ ભગવાનના ધર્મરૂપ રજથી પણ આવી વૃત્તિઓ થાય છે; તેથી લૌકિક જેવી જ અલૌકિક સામગ્રી પણ છે. વળી 'જે જેમાંથી ઉત્પન્ન થાય તે તેના જેવું હોય છે', એ નિયમ સમન્વયસૂત્રમાં દર્શાવેલ છે. 'તે નિશ્ચય રસ છે' શ્રુતિ 'ભગવાન્ રસરૂપ છે' એમ કહે છે. તેથી શ્રીમદાચાર્યચરણે અહિં 'રજ' વિગેરે શબ્દો યોજેલા છે તે 'ભગવદ્રસવાળી સર્વ સામગ્રી'ના અર્થમાં જ યોજેલા છે અને રસશાસ્ત્રની રીતથી લીલાનું જ્ઞાન થાય તે માટે યોજેલા છે, તેમાં કાંઈ શંકા નથી. (પ્ર)

૧૧. 'સત્ત્વમાંથી જ્ઞાન થાય છે'. આ લીલા સત્ત્વપ્રધાન કહેલી છે, કારણ કે રસના સ્વરૂપના જ્ઞાનપૂર્વક જ કરેલી છે. (ટિ)

૧૨. આ રજોલીલા છે; રસને વધારનાર સામગ્રીવાળી છે, તેથી તે રજોલીલા છે. (લે)

થાય, અને તે બધાં દોષવાળાં હોય તો તેઓનો અવાજ મધુર ન હોય).

ભ્રમર વિગેરેના અવાજ તો મધુર હોય છે જ, તેથી 'તેમના અવાજ મધુર હતા' એમ કહ્યું ન હોત તો પણ તે મધુર હતા, એમ સમજાત જ. છતાં અહિં તેને મધુર કહેલ છે તેથી લોકમાં જે મધુરપણું પ્રસિદ્ધ છે તેથી જૂદા પ્રકારનું, ભગવાનના સ્વરૂપે (શ્રીકૃષ્ણે) કરેલ (વેણુ)નાદના અનુભવથી તેઓને જે આનંદ થયો તેથી ઉત્પન્ન થએલું મધુરપણું તેઓના અવાજમાં થયું એમ કહેલું છે. તેથી તેમના અવાજને મધુર કહ્યા છે, તે કારણ વિના કહેલ નથી. તેથી જ અહિં ભ્રમરો અને પક્ષીઓ સાથે મૃગો (પશુઓ) પણ કહેલ છે. આવા ભાવાર્થથી અવાજને મધુર કહ્યા ન હોત તો અહિં મૃગો કહેવાનું પ્રયોજન ન હતું, કારણ કે લોકમાં પશુઓના અવાજથી રસની વૃદ્ધિ થતી હોય એમ બનતું નથી અને બન્યું નથી; તેથી અહિં મધુર અવાજવાળા મૃગો કહેલા છે તે અયોગ્ય ગણાત. વળી મૃગોના અવાજને મધુર કહેલ છે, કારણ કે તેઓ પોતાના અવાજથી એમ દર્શાવે છે કે જે દેશમાં તેઓ રહેલા છે તે દેશમાં પોતાના પ્રિય (ભગવાન્) પણ છે.

આ પ્રમાણે આ વનમાં કોઈ દોષ નથી, એટલું જ નહિ; પણ તે પૂર્ણગુણવાળું પણ છે, એમ જણાવવા 'મોટાના મન જેવી જેની ખ્યાતિ છે તેવા જલવાળા સરોવર પરથી વાતા વાયુવાળું' તે છે એમ કહેલ છે, કારણ કે વનમાં રહેનારા પશુઓના દેવતા અંતરિક્ષ[૪] છે. અને વનમાં વાતો વાયુ ગાયો અને વન બંનેનો અધિપતિ છે. વાયુ પશુઓ અને વન બંનેનો અધિપતિ હોવાથી જો તે સર્વ પ્રકારે દોષ વિનાનો અને ગુણવાળો હોય તો જ લીલા ત્યાં કરવી યોગ્ય ગણાય. શ્રમ દૂર કરવા વાયુની જરુર રહે છે એ લોકમાં પણ પ્રસિદ્ધ છે.

વૃંદાવનમાં કોઈ પ્રકારનો દોષ રહેલ ન હતો એમ સામાન્ય રીતે પ્રથમ કહેલ છે, તેથી ત્યાં વાતા વાયુમાં પણ દોષ ન હતો; છતાં તેમાં આગંતુક (બીજા

---

૧. ત્યાં રહેલ એટલે વૃંદાવન અને ગોવર્ધન પાસેના ગામોમાં રહેલી. (યો)

૨. અલૌકિક એટલે લોકથી જણાય નહિ તેવી રીતે રહેલી. (લે)

૩. દેવતાઓ એટલે ક્રીડા કરવા યોગ્ય (સ્ત્રીઓ) (લે). વ્રજની સુંદર સ્ત્રીઓ. (યો)

૪. 'વાયુ અંતરિક્ષનો અધ્યક્ષ છે, પશુઓની દેવતા નિશ્ચય અંતરિક્ષ છે, વાયુઓ જ આમને (આ પશુઓને) વીંટી રહે છે' શ્રુતિ તૈત્તિરીય બ્રાહ્મણમાં છે, તેથી પશુની દેવતા અંતરિક્ષ છે અને અંતરિક્ષનો અધ્યક્ષ વાયુ છે; તેથી પશુ અને અંતરિક્ષ બંનેનો અધિપતિ વાયુ થયો. તેથી વાયુ પશુઓનો પણ અધિપતિ હોવાથી, જ્યારે પશુઓ અંતરિક્ષપ્રધાન અરણ્યમાં આવે ત્યારે તેઓના અધિષ્ઠાતા વાયુએ તેમને અનુકૂલ રહેવું જરુરી છે, કારણ કે જો તે અનુકૂલ ન રહે અને તેમને (પશુઓને) બીજા પ્રકારની (બીજે સ્થલે જવાની) પ્રેરણા કરે અથવા દેશનું શોષણ કરે તો ગાયો ચારવાની લીલા ત્યાં થઈ શકે નહિ; તેથી વાયુ પણ દોષરહિત અને ગુણવાળો હતો એમ કહેલું છે. (યો+પ્ર)

કોઈના સ્પર્શથી થએલ) દોષ થયો હોય તો તે પણ દૂર કરવો જોઈએ. વાયુને જલનો અને ફૂલોનો સંબંધ થાય, અને તેનામાં શીતલપણું, મંદપણુ અને સુગંધ એ ગુણો હોઈ શકે. જો દોષવિનાનો અને આ ગુણોવાળો વાયુ હોય તો તે આધિદૈવિક ગણાય. તેથી વાયુમાં કાંઈ આગંતુક દોષ ન હતો અને આ ત્રણે ગુણો હતા એમ (નીચે પ્રમાણે) જણાવે છે.

સરોવર મોટા પુરુષોના મન જેવું છે. મોટા પુરુષોનું મન સર્વ દોષરહિત ગુણવાળા પદાર્થોનું દૃષ્ટાંત છે. સર્વ દોષરહિત અને ગુણવાળું હોવાની જેની ખ્યાતિ મોટા પુરુષના મનથી પણ વિશેષ છે, એવું આ વૃંદાવનના સરોવરનું જલ છે; કારણ કે તે ભગવાનની લીલામાં ઉપયોગી થાય છે. આવા મોટા પુરુષના મનથી પણ અધિક ખ્યાતિવાળા સરોવરમાં કાંઈ દોષ હોઈ શકે નહિ. તેમાં લય (જલનું સૂકાઈ જવું) કે વિક્ષેપ (પ્રવાહ, મોજાં) હોતાં નથી. તેનાં જલ શાંત હોય છે અને તેમાં તરંગો (મોજાં) હોતાં નથી. આવા સરોવરના સંબંધવાળો–આવા સરોવર પર થઈ આવતો વાયુ શીતલ અને મંદ હોવો જ જોઈએ, (કારણ કે જલના સ્પર્શથી તેમાં શીતલતા આવે, અને મંદતા ન હોય તો સરોવરમાં તરંગો થાય). તેથી વાયુના આ વિશેષણથી તે શીતલ અને મંદ હતો એમ જણાવેલું છે. વળી અહિં મોટા પુરુષોના મનથી અધિક ખ્યાતિવાળું જલ કહ્યું છે. સત્પુરુષો વિગેરે કહી શકાત, છતાં તે પદ નહિ યોજતાં મોટા (મહત્) પદ યોજ્યું છે, તે એમ દર્શાવે છે કે આ સરોવર પણ મોટું હતું, નાનું ન હતું, અને ભગવાનની આ લીલામાં જે ભક્તો હતા તે સિવાય બીજા કોઈને તે જણાએલું ન હતું.

વળી વાયુ શતપત્રોની ગંધવાળો હતો. શતપત્ર એટલે કમલો, અથવા કુશેશય (રાત્રે ખીલતાં કમલ), અથવા અમુક પ્રકારનાં ફૂલો. તેમની ગંધ આ વાયુમાં છે તેથી તે સુગંધિવાળો છે. આવો દોષરહિત શીતલ, મંદ અને સુગંધિ વાયુ પણ આ વનમાં રહેલો છે, એટલે ભગવાન્ પોતાના છ ગુણો સહિત ત્યાં રમણ કરવા તૈયાર થયા. ભ્રમરો વિગેરેમાં ત્રણ[૫] ગુણો હતા અને વાયુમાં ત્રણ ગુણો હતા એટલે વૃંદાવનમાં છ ગુણો થયા. ભગવાનમાં પણ છ ગુણો છે અને વૃંદાવનમાં પણ છ ગુણો થયા, એટલે વૃંદાવન ભગવાનની સમાન થયું. પોતાની સમાન હોય

૫. ભ્રમરો, મૃગો અને દ્વિજોમાં 'મંજુ' (મધુર) પદથી ત્રણ ગુણો કહેલા છે. (૧) દોષરહિત-પણું, (૨) ભગવાને કરેલ વેણુના નાદથી આનંદ થવો અને (૩) પોતે જ્યાં રહેલ છે ત્યાં ભગવાનની પણ સ્થિતિ છે એમ જણાવનાર હોવું. (યો) (અહિં જે પ્રથમ ગુણ કહેલ છે તે માત્ર દોષનો અભાવ જ છે ગુણ નથી; તેથી તેને બદલે 'મધુર અવાજવાળા હોવું' એ પ્રથમ ગુણ ગણવો વધારે યોગ્ય લાગે છે. વાયુના ત્રણ ગુણો શ્રીસુબોધિનીમાં જ સ્પષ્ટ રીતે કહેલા છે).

ત્યાં જ રમણ થાય. (તેથી વૃંદાવન પણ પોતાની પેઠે છ ગુણવાળું હોવાથી ભગવાને ત્યાં રમણ કરવાની ઈચ્છા કરી). ૩.

કોઈને કદાપિ એવી શંકા થાય કે ભગવાન્ અહિં પ્રાકૃત[૧] રતિ જ કરે છે, તો તેવી શંકા મટાડવા માટે (૧) વૃક્ષો (૨) ભ્રમરો (૩) મૃગો અને પક્ષીઓ અને (૪) ભૂમિનું સ્વરૂપ જણાવવું જોઈએ. કારણ કે આ સર્વ પ્રાકૃત નથી એમ સિદ્ધ થાય એટલે ત્યાં કરેલી ભગવાનની લીલા પ્રાકૃત હતી એવી શંકા ટળી જાય, (શ્લોક ૫ થી ૮ સુધીમાં આ સર્વનું સ્વરૂપ જણાવેલું છે). (આ બધાનું સ્વરૂપ જણાવવું જોઈએ) કારણ કે વન ભૂમિ અને વૃક્ષોનું બનેલું હોય છે; તેથી જો ભૂમિ પર અને વૃક્ષ ઉપર રહેનાર સ્વરૂપથી[૨] પણ દુષ્ટ હોય તો તે વનનો ત્યાગ કરવો જોઈએ. તેથી આ સર્વ દોષરહિત અને ગુણવાળાં છે એમ દેખાડવું જોઈએ. આ બધાનું સ્વરૂપ (માત્ર) ભગવાન જ જાણે છે અને ભગવાન્ તેનો બોધ (માત્ર) બલભદ્રને જ કરે છે[૩]. આગળ ઉપર પ્રત્યક્ષ[૪] રીતે લીલા કરવા માટે ભગવાન્ તેઓનું સ્વરૂપ બલભદ્રને જણાવે છે (એમ કહે છે):

**સ તત્ર તત્રારુણપલ્લવશ્રિયા ફલપ્રસૂનોરુભરેણ પાદયોઃ ||**
**સ્પૃશચ્છિખાન્ વીક્ષ્ય વનસ્પતીન્ મુદા સ્મયન્નિવાહાગ્રજમાદિપૂરુષઃ ||૪||**

ત્યાં ત્યાં લાલ પલ્લવોની શોભાવાળાં ફલફૂલના ઘણા ભારથી ચરણોનો સ્પર્શ કરતી ટોચોવાળાં વૃક્ષોને જોઈને જાણે મંદ હસતા હોય નહિ તેમ આનંદથી તે આદિપુરુષે મોટાભાઈને (નીચે પ્રમાણે) કહ્યું. ૪.

---

૧. પ્રાકૃત રતિ કરે છે એટલે પ્રાકૃત પદાર્થોથી રતિ કરે છે. (લે)

૨. ભૂમિ અને વૃક્ષના દોષો તે સ્વરૂપદોષ; ભ્રમરો અને પશુપક્ષિના દોષ તે તેમના પર રહેનારના દોષો, આ ચાર પ્રકારના દોષો જો વનમાં હોય તો તે ત્યાજ્ય ગણાય, અને આ બધી સામગ્રી ભગવાનની લીલામાં ઉપયોગી ન રહે. તેથી તેવે સ્થલે કરેલી લીલાથી મુક્તિ થાય, પણ નિરોધ ન થાય; અને ભગવાનના અવતારનું પ્રયોજન વ્યર્થ થાય. તેથી તે સર્વ સામગ્રી દોષરહિત છે અને તેથી પ્રાકૃત નથી એવો નિર્ણય કરેલો છે. (લે)

૩. 'હે પુરુષોત્તમ તમે પોતે જ તમારા સ્વરૂપને જાણો છો' વાક્ય પ્રમાણે ભગવાનનું સ્વરૂપ ભગવાન જ જાણે છે કે વૃંદાવન સાક્ષાત્ પુરુષોત્તમાત્મક જ છે. તેથી ભગવાન જ ત્યાં રહેલાં વૃક્ષ, લતા, ભ્રમર, પશુ, પક્ષી વિગેરેનાં સ્વરૂપ જાણે છે; ભગવાન્ વિના કોઈ જાણતું નથી. બલભદ્ર વેદરૂપ હોવાથી ભગવાન્ તેમને જ જણાવે છે. તેથી વૃંદાવનનું સ્વરૂપ વેદ પણ પોતાથી જાણતા નથી, પણ ભગવાન્ જણાવે ત્યારે જાણે છે. જ્યાં સર્વજ્ઞ વેદની પણ આવી સ્થિતિ છે ત્યાં બીજાઓને તો તેનું સ્વરૂપ ક્યાંથી જણાય ? (યો)

૪. બલભદ્ર પ્રતિબંધ દૂર કરનાર છે. બલભદ્રને સર્વનું જ્ઞાન કરાવી લીલા કરવાથી તે લીલા બલભદ્રના મનમાં પ્રત્યક્ષ થવાથી, તેમાં પ્રતિબંધ આવે તેવો હોય તેને તે દૂર કરે તે માટે તેમને બોધ કરે છે. (લે)

જો વનમાં રહેલ વૃક્ષો વિગેરે પોતાના ભાવને પ્રકટ ન કરે અને માત્ર શાંત જ રહે તો ભગવાન્ તેઓનું સ્વરૂપ કેવું છે તે ન કહે, પણ તે બધાં નમ્ર[૫] જ થયાં એમ કહે છે. ત્યાં ત્યાં એટલે વનમાં સર્વ સ્થલે, લાલ પલ્લવોની શોભાથી જણાતાં અથવા લાલપલ્લવોથી શોભતાં અને ફલ અને ફૂલોના ઘણા ભારને લીધે પોતાની ટોચોથી ભગવનના ચરણકમલમોનો સ્પર્શ કરતાં વૃક્ષોને ભગવાને જોયાં; (ફલ અને ફૂલોના ભારથી વૃક્ષોની ટોચો નમી ગએલી હોવાથી ભગવાનના ચરણકમલોનો સ્પર્શ કરતી હતી. આ જ વૃક્ષોનું નમ્રપણું છે). પલ્લવો વૃક્ષોની આંગળીઓ જેવાં છે, તેથી વૃક્ષો પલ્લવરૂપ આંગળીવાળા હાથોથી ભગવાનને નમસ્કાર કરે છે એમ સૂચવેલું છે. વળી તેઓ ફલો અને ફૂલો ભગવાનને નિવેદન કરે છે, અને પોતાની ટોચોથી ભગવાનના ચરણકમલોનો સ્પર્શ કરે છે; એટલે તેઓથી બની શકે તેવી રીતે ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરે છે એમ સૂચવ્યું છે. આવી રીતે ઉદ્ધૃત[૬] થએલાં વૃક્ષોને જોઈને ભગવાનને હર્ષ થાય છે. તેથી ભગવાન્ મંદ હસતા હોય તેવી રીતે બલભદ્રને (નીચેના ૫ થી ૮ શ્લોકો) કહે છે. આવા વૃક્ષોને જોઈને ભગવાનને હર્ષ થયો તેથી તેમના મુખારવિંદ ઉપર પ્રસન્નતા થઈ અને તેથી 'તે મંદ મંદ હસતા બલદેવને' એ પ્રમાણે કહે છે. બલદેવને વૃક્ષ વિગેરેના ખરા સ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી તેમને આવાં જોઈ વિસ્મય થયો; પણ ભગવાનને (તેમના સ્વરૂપનું જ્ઞાન હોવાથી) આશ્ચર્ય થયું નહિ, તેથી તે 'જાણે મંદ મંદ હસતા હોય નહિ' તેવી રીતે કહે છે. અહિં 'સ્મયન્નિવ' માં 'ઇવ' પદ યોજ્યું છે, તેનો અર્થ એવો છે કે ભગવાનને આશ્ચર્ય થએલ નહિ હોવાથી તે મંદ હાસ્ય કરતા ન હતા, પણ 'મંદ હાસ્ય કરતા હોય નહિ !' તેવી રીતે બલભદ્રને કહેતા હતા.

બલભદ્રમાં ભગવાનનો[૭] આવેશ થયો છે, એમ તેમને પણ જણાવવાનું છે. (વૃક્ષોમાં દેવતાઓનો આવેશ છે અને બલભદ્રમાં ભગવાનનો આવેશ છે, એમ તેમને જણાવવાનું છે), કારણ કે દેવતાનું ચિંતન કરવામાં ન આવે તો તે દેવતાનો આવેશ થતો નથી[૮].

---

૫. જેમ વૈકુંઠમાં રહેનારાઓને તુલસીના તપના બહુ માનથી પોતામાં સચ્ચિદાનંદ ગુણોનો બોધ થાય છે તેમ આ વૃક્ષોને નમ્રતાથી થાય છે. આમનામાં ઉત્કૃષ્ટતા એ છે કે આ ઉદ્ધૃત છે અને તેથી આમને જોઈ ભગવાનને હર્ષ થાય છે, પણ વૈકુંઠવાસીઓને જોઈ હર્ષ થતો નથી. (પ્ર)

૬. ઉદ્ધૃત એટલે નિરૂદ્ધ, ભગવાનમાં નિરોધવાળા જેમનું મન ભગવાનમાં જ રહેલું છે તેવા. (ટિ)

૭. ભગવાનનો એટલે ચતુર્વ્યૂહવાળા ભગવાનનો, એવો આવેશ સિદ્ધ થાય તે માટે બલભદ્રને બોધ કરે છે. (લે)

૮. ભગવાને બલભદ્રને આવો (વૃક્ષો વિગેરેના સ્વરૂપનો) બોધ કર્યો ન હોત તો બલભદ્ર તેમને

બલભદ્રમાં ભગવાનનો આવેશ છે, પણ શ્રીકૃષ્ણ પોતે જ ભગવાનનો અવતાર છે, અને આવેશ કરતાં અવતાર મુખ્ય છે; છતાં (શ્લોક ૫ થી ૮ સુધીમાં) વૃક્ષો વિગેરે બધાં બલભદ્રનો આદર કરતાં હોય તેમ વર્ણવેલ છે (અને ભગવાનનો આદર કરતાં હોય તેમ વર્ણવેલ નથી) તેનું શું કારણ ? એવી શંકા થાય તે દૂર કરવા 'મોટાભાઈ' (અગ્રજ) પદ યોજેલું છે. શ્રીકૃષ્ણ કરતાં બલભદ્ર પહેલા આવિર્ભાવ પામેલ છે, તેથી તે મોટાભાઈ હોવાથી વૃક્ષો વિગેરે બધાં તેમનો આદર કરતાં હોય તેવા વર્ણવેલ છે.

બલભદ્ર મોટાભાઈ હોવાથી (શ્રીકૃષ્ણ) નાનાભાઈ તેમને વૃક્ષો વિગેરેના સ્વરૂપનો બોધ કરે તે યોગ્ય નથી, એવી શંકા થાય તે દૂર કરવા 'આદિપૂરુષ' શબ્દ યોજ્યો છે. ભગવાન્ આદિપૂરુષ પુરુષોત્તમ છે, (તેથી તે સર્વને મોટાભાઈને પણ બોધ કરવા યોગ્ય છે). ૪.

વનસ્પતિ એટલે વૃક્ષો, તે વૈષ્ણવ હોવાથી ભગવાન્ પ્રથમ તેઓનું સ્વરૂપ બલભદ્રને કહે છેઃ

।। શ્રીભગવાનુવાચ ।।

**અહો અમી દેવવરામરાર્ચિતં પાદામ્બુજં તે સુમનઃફલાર્હણમ્ ।।**
**નમન્ત્યુપાદાય શિખાભિરાત્મનસ્તમોપહત્યૈ તરુજન્મ યત્કૃતમ્ ।।૫।।**

શ્રીભગવાન્ કહે છેઃ આહા ! હે ઉત્તમ દેવ ! આ (વૃક્ષો)ને વૃક્ષનો જન્મ થએલ છે, તેથી તે (પોતાની) શિખાઓ(ટોચો)થી ફૂલ અને ફલરૂપી ભેટ લાવીને પોતાના તમઃ(તમોગુણ અથવા અજ્ઞાન)નો નાશ કરવા દેવોએ પૂજેલા તમારા ચરણકમલને નમન કરે છે. ૫.

'આહા !' આશ્ચર્ય દર્શાવે છે. આ વૃક્ષો પણ (ભગવાન્ બલદેવ ગોપ વિગેરેના) અવાંતર ભેદ[1] જૂએ છે (જાણે છે), એવું સ્મરણ થતાં આશ્ચર્ય થાય

---

દોષવાળાં અથવા પ્રાકૃત માનત અને તેમના દેવતાઓનું ચિંતન ન કરત, તો તેઓમાં દેવતાનો આવેશ થાત નહિ. (લે)

જો બલભદ્રને ભગવાને આવો બોધ કર્યો ન હોત તો બલભદ્રમાં દેવતા તિરોહિત જ રહેત; પણ પ્રકટ થાત નહિ. અહિં એવો ભાવ છે કે આ વૃક્ષો વિગેરે સાક્ષાત્ પુરુષોત્તમના જ સેવકો છે. તેઓ બીજાને (બલભદ્રને) નમસ્કાર વિગેરે કરે તે યોગ્ય નથી. અહિં તેઓ સાધારણ રીતે બલદેવને અને ભગવાનને નમસ્કાર કરે છે, તેથી તેમની અનન્યતાનો ભંગ થાય; તેથી તેવો અનન્યતાનો ભંગ તેમનાથી થાય તે દૂર કરવા બલભદ્રમાં પ્રવેશ કરેલ ભગવાનના સ્વરૂપનો કૃષ્ણ ભગવાન્ બલભદ્રને બોધ કરે છે. તેથી બલભદ્રમાં પણ આ બધાના નમસ્કારથી અભિમાન થતું હોય તે ન થાય. (પ્ર)

૧. સંકર્ષણ તમોગુણના નિયામક હોવાથી તેમને જ દોષો દૂર કરવા નમન કરવા યોગ્ય છે, એવો

છે. શું આશ્ચર્ય થાય છે તે હવે કહે છે. હે ઉત્તમ દેવ ! આ વૃક્ષો દેવોએ પૂજેલા તમારા ચરણકમલને પોતાની શિખાથી (ટોચોથી) નમન કરે છે. 'આ' વૃક્ષો કહી ભગવાન્ બલભદ્રને વૃક્ષો દેખાડે છે, તેથી તે વૃક્ષો જડ નથી પણ ચેતન[૨] છે અને આધિદૈવિક[૩] છે એમ સૂચવેલું છે. આ વૃક્ષો દેવો છે, પણ તમે (બલભદ્ર) ઉત્તમ દેવ છો. કોઈ દેવમાં દેવત્વ ઓછું હોય અને કોઈમાં વધારે હોય તો તે કારણથી ઓછા દેવત્વવાળા દેવ વધારે દેવત્વવાળા દેવનું ભજન કરે તે યોગ્ય નથી. તેથી બલભદ્ર ઉત્તમ દેવ હોવાથી આ વૃક્ષો તેમને નમન કરે તે યોગ્ય નથી એવી શંકા થાય તેથી કહે છે કે 'તમારા ચરણકમલ દેવોએ પૂજેલા છે'. અમર એટલે મુખ્ય દેવોએ પણ તમારા ચરણકમલ પૂજેલા છે. કારણ કે તમે સંકર્ષણ છો, દેવનું કાર્ય સાધનાર છો[૪] અને તેથી દેવોએ ભૂમિનો ભાર હરવા તમારી પ્રાર્થના કરેલી. તેથી જેમ તમે તે દેવોના ખેદને મટાડો છો તેમ તમારે આ વૃક્ષોના તમઃ (અજ્ઞાન, તમોગુણ)ને પણ મટાડવું જોઈએ, કારણ કે તમઃને દૂર કરવા માટે જ આ તેમની પ્રવૃત્તિ છે. તેથી જ તેઓ તમને નમન કરે છે. જે તમઃથી તેમને વૃક્ષોમાં જન્મ થયો છે તે તમઃને દૂર કરવા જ તેઓ તમને નમે છે, કારણ કે સજાતીય (એક જાતવાળા)થી જ સજાતીય દૂર થાય છે. આ વૃક્ષોમાં તમોગુણ છે અને તમે આધિદૈવિક તમોગુણના નિયામક છો, તેથી તેઓ તે તમોગુણને મટાડવા તમને નમન કરે છે. આ કારણથી જ ભગવાને અહિં તે વૃક્ષો પોતાને નમસ્કાર કરે છે એમ કહેલું નથી[૫]. (દેહના) મૂલરૂપ[૬] તમઃ કર્મથી અથવા જ્ઞાનથી મટતું નથી, પણ દેવતાથી જ મટે છે; તેથી આ વૃક્ષો વૃક્ષપણામાં રહેલા પોતાના દોષો[૭] દૂર કરવા માટે તમને પ્રાર્થના કરવા

---

ભગવાન્ અને તેમની વચ્ચેનો ભેદ. (લે) ગોપાલો સાથે હોવા છતાં શ્રીકૃષ્ણ અને બલભદ્રના ચરણમાં જ પ્રણામ કરે છે, તેથી અવતાર અને આવેશનો અવાંતર ભેદ તેઓ જાણે છે. (પ્ર)

૨. વૃક્ષો નમન કરે છે, તેથી (તે ચેતનનું કાર્ય હોવાથી) તેઓ ચેતન છે. (લે)

૩. 'અસૌ લોકઃ' 'તે લોક' એટલે પરલોક. અહિં 'અદસ્', શબ્દનું રૂપ 'અસૌ' છે, તેનો અર્થ 'પર'લોક થાય છે; તેમ અહિં તે જ શબ્દનું બહુવચન 'અમી' છે, તેથી આ વૃક્ષો આધિદૈવિક છે એમ સૂચવાય છે. (લે)

૪. બલભદ્ર દેવોનું કાર્ય સાધનાર છે, કારણ કે તે યજ્ઞમાં વિઘ્ન કરનાર અસુરોનો નાશ કરી યજ્ઞના સાધક છે.

૫. વૃક્ષો ચારવ્યૂહવાળા પુરુષોત્તમને નમસ્કાર કરે છે, છતાં ભગવાન્ અહિં તે પૈકી એક જ વ્યૂહ સંકર્ષણને તેઓ નમસ્કાર કરે છે એમ કહે છે. (લે)

૬. મૂલરૂપ એટલે દેહના કારણરૂપ તમઃ, આવું તમઃ દેહ હોય ત્યાં સુધી કર્મ અથવા જ્ઞાનથી જતું નથી. (લે)

૭. તમઃ અજ્ઞાનનું કારણ છે અને જ્ઞાનનું વિરોધિ છે. તેથી પોતામાં તમઃ હોય તો કદાચ

અને તમે તેઓના ઉપર દયા કરો તે માટે તેઓના વૃક્ષરૂપથીજ તમને નમસ્કાર કરે છે. ગુણો પર અધિકાર (ભગવાને) બલભદ્રને આપેલ છે, તેથી તે ગુણો ફીટાડી શકે. ભગવાને કરેલી એ મર્યાદા સાચવવા પોતાનો તમોગુણ દૂર કરાવવા વૃક્ષો બલભદ્રને વિનતિ કરે છે. તમોગુણ દૂર કરવા સિવાયનું બીજું[૮] ભગવાન્ પોતે જ કરશે, તે માટે[૯] જ લીલા કરવામાં આવે છે.

અથવા સર્વનું અજ્ઞાન મટાડવા તમે તેઓને વૃક્ષોમાં જન્મ આપેલો છે, તે માટે તેઓ પોતાની શિખાઓથી તમને નમન કરે છે. વનમાં કોઈ એક જે ભગવાન્ ક્યાં છે તે જાણતો ન હોય, તે બીજાને પૂછે કે ભગવાન્ ક્યાં છે ? ત્યારે તે બીજો (ભગવાન્ ક્યાં છે તે જાણતો હોય તે) તેને ઉત્તર આપે કે, 'પેલા કદંબ, પ્રિયાલ અથવા ફણસના વૃક્ષ નીચે ભગવાન્ ક્રીડા કરે છે'. આ ઉત્તર મળે ત્યારે પહેલા (જે જાણતો ન હતો તે) માણસનું અજ્ઞાન મટે છે અને ભગવાન્ ક્યાં ક્રીડા કરે છે, તેનું તેને જ્ઞાન થાય છે. અને તેનું અજ્ઞાન વૃક્ષને લીધે મટે છે. આ વૃક્ષો હોવાથી જ એવા ઉત્તરથી તેનું અજ્ઞાન દૂર થાય છે. તેથી પોતાના વૃક્ષોમાં થએલ જન્મથી જ તેઓ આ પ્રમાણે બીજાઓનું અજ્ઞાન દૂર કરાવી શકે છે, એવો વૃક્ષોમાં જન્મ તેઓને તમે (બલભદ્રે) આપ્યો છે, અને સર્વનું અજ્ઞાન આવી રીતે દૂર કરાવી શકે તે માટે આપેલો છે, તેથી તેઓ તમને નમસ્કાર કરે છે. આવી રીતે અર્થ કરતાં 'આત્મનઃ' (પોતાના) પદનો સંબંધ 'શિખાઓ' અથવા 'તરુજન્મ' સાથે લેવો, એટલે એ વૃક્ષો પોતાની શિખાઓથી તમને નમન કરે છે, અથવા તમે તેઓને સર્વનું અજ્ઞાન દૂર કરવા વૃક્ષોમાં જન્મ આપ્યો તે પોતાના વૃક્ષજન્મ માટે તમને નમસ્કાર કરે છે. અથવા તે (આત્મનઃ) પદનો સંબંધ 'તમોપહત્યૈ' પદ સાથે પણ લઈ શકાય. એમ લઈએ ત્યારે એવો અર્થ થાય કે બીજી જગ્યાનાં વૃક્ષો પોતાની નીચે ભગવાન્ ક્રીડા કરતા હોય તો પણ તે જાણતાં નથી, પણ મૂઢ હોય છે; પણ આ વૃંદાવનનાં વૃક્ષો

---

ભગવાન્ કોઈવાર પોતાની સમીપ આવે અને પોતાનાં ફલ, ફૂલ અથવા પત્રની તેમને જરુર હોય ત્યારે પોતાના તમઃથી થએલ અજ્ઞાનને લીધે તેમને ભગવાન્ પોતાની સમીપ આવ્યા છે અને પોતાનાં ફલફૂલ અથવા પત્રની તેમને જરુર છે એ ખબર ન પડે અને તેથી તેઓ તે સમયે ફલફૂલ અથવા પત્ર પ્રકટ ન કરે, અને પોતાની જાતના સ્વભાવ પ્રમાણે તેમના સમયે જ તે પ્રકટ કરે; આમ કરવાથી ભગવાનનો અપરાધ થાય અને તેથી વૃંદાવનમાં પોતાનો વૃક્ષરૂપે જન્મ થયો છે તે નિરર્થક થાય. પણ જો તેમનું તમઃ મટી જાય તો તેમનું અજ્ઞાન પણ જાય, અને તેથી તેઓ ભગવાનની યોગ્ય સેવા કરી શકે; તેથી તમઃ દૂર કરવા પ્રાર્થના કરવાની જરુર છે. પણ વૃક્ષરૂપ મટાડવા પ્રાર્થના કરવાની જરુર નથી, કારણ કે તેઓનું (વૃંદાવનમાં હોવાથી) વૃક્ષરૂપ તો બહુ જ ઈચ્છેલું છે. (ટિ)

૮. બીજું એટલે રસનો અનુભવ કરાવવાનું. (લે)

૯. તે માટે એટલે રસનો અનુભવ કરાવવા માટે. (લે)

તેવાં નથી. ભગવાન્ પોતાની નીચે ક્રીડા કરે છે, તે સર્વ આ વૃક્ષો જાણે છે અને તેથી આનંદનો અનુભવ કરે છે; કારણ કે તેઓનું અજ્ઞાન તમે (બલભદ્ર) દૂર કરેલું છે; તેથી બલભદ્રે પોતાનું અજ્ઞાન દૂર કરેલું હોવાથી તેમના તે ઉપકારનું સ્મરણ કરી તેઓ તેમને પ્રણામ કરે છે.

અથવા 'આત્મનઃ' એટલે આત્મીય અથવા પોતાના તરીકે ગ્રહણ કરેલો, એવો વૃક્ષોમાં જન્મ તમે જ તેઓને આપેલો છે તે કારણથી તેઓ તમને નમન કરે છે એવો સંબંધ (લેવો). વૃંદાવનની ભૂમિમાં જેની ઉત્પત્તિ થઈ તે કારણથી જ 'પોતાના' માને છે. તે ભૂમિમાં ઉત્પત્તિ થવાના ગુણથી જ ભગવાન્ 'પોતાના' તરીકે અંગીકાર કરે છે; તો ત્યાંનાં વૃક્ષો તો વૃંદાવનરૂપ જ છે. (કારણ કે વન વૃક્ષો અને ભૂમિનું બનેલું છે એમ ગયા શ્લોકની સુબોધિનીમાં કહેલું છે) તો તેમનો ભગવાને 'પોતાના' તરીકે અંગીકાર કરેલ હોય તેમાં શંકા જ રહેતી નથી. તેથી જ આગળ ભગવાન્ 'આપણે નગર કે દેશ નથી', 'આપણે સદા વનમાં રહેનારા છીએ'[૧૦] 'તેથી મારા જ શરણવાળા ગોષ્ઠને'[૧૧] વિગેરે વાક્યોથી વૃંદાવન અને તેમાં ઉત્પન્ન થએલ સર્વને 'પોતાના' કહે છે.

અહિં 'તમઃ' પદ સત્ત્વ, રજઃ અને તમઃ એ ત્રણે ગુણોને માટે યોજાએલું છે; કેવી રીતે બલભદ્ર તમઃ દૂર કરે છે એ કહ્યું નથી, તેથી તમે તમારા સંબંધમાત્રથી સર્વના ગુણો દૂર કરો છો તેમ અમારું તમઃ દૂર કરો એમ કહેલું છે એ જાણવું. 'મારામાં રહેલ તો નિર્ગુણ છે' એ વાક્યથી પણ અહિં તમઃ ત્રણે ગુણો માટે યોજાએલું છે એમ જાણવું. ૫.

એ પ્રમાણે વૃક્ષોની વિજ્ઞપ્તિ જણાવી હવે (શ્લોક ૬માં) ભ્રમરોની વિજ્ઞપ્તિ જણાવે છેઃ

**એતેલિનસ્તવ યશોખિલલોકતીર્થં ગાયન્ત આદિપુરુષાનુપથં ભજન્તે ।।**
**પ્રાયો અમી મુનિગણા ભવદીયમુખ્યા ગૂઢં વનેડપિ ન જહત્યનઘાત્મદૈવમ્ ।।૬।।**

હે મૂળપુરુષ! આ ભ્રમરો સર્વલોકના તમામ તીર્થરૂપ તમારા યશનું (તમારા) રસ્તે ગાન કરે છે. ઘણું કરી આ તમારા મુખ્ય સેવક મુનિઓના ગણ (સમૂહ) છે. તેમના નિર્દોષ આત્મારૂપ અને દૈવ એવા તમને વનમાં ગૂઢ હોવા છતાં (તેઓ) તજતા નથી. ૬.

લોકોને એમ જ જણાય કે આ ભ્રમરો ગુંજાર જેવું કરે છે, પણ વસ્તુતઃ તેઓ તમારા યશનું ગાન કરે છે. આ ભ્રમરાઓ પણ તામસ છે. વૃક્ષો કરતાં ભ્રમરો[૧]

૧૦. શ્રીમદ્‌ભાગવત ૧૦।૨૧।૨૪.
૧૧. શ્રીમદ્‌ભાગવત ૧૦।૨૨।૧૮.
૧. વૃક્ષો કરતાં ભ્રમરો કાંઈક સારા છે, કારણ કે દેવતાઓ કરતાં મુનિઓ સારા છે એ સ્પષ્ટ છે.

કાંઈક સારા છે. વૃક્ષોમાં તો ફલ અને ફૂલ ઘણાં હોય તેથી પૂજાની સામગ્રીરૂપ ફલો અને ફૂલો આગળ ધરી તેઓએ કાયિક નમસ્કાર કર્યા. આ ભ્રમરો તો રાજસ[2] છે અને તેમની પાસે ફલફૂલ કાંઈ નથી, તેથી તેઓ વાણીથી જ સેવા કરે છે. તેઓ તમારા રસ્તે ગાન કરે છે તેથી તમારા મુખની સુગંધ લેવા આવે છે એમ ન માનશો, કારણ કે તેઓ તમારા યશનું જ ગાન કરતા તમારા રસ્તે રસ્તે તમારું ભજન કરતા આવે છે, તમારી પાસે તેઓને કાંઈ પ્રાર્થના કરવાની તો જરુર નથી, કારણ કે સર્વ લોકોના તીર્થરૂપ એટલે સર્વ લોકોને પવિત્ર કરનારા તમારા યશનું તેઓ ગાન કરે છે. તમારો યશ જે સર્વ લોકોને પવિત્ર કરનારો છે, તેનું ગાન કરનારા ભ્રમરોને પોતાને તો પવિત્ર કરશે જ એમાં કાંઈ શંકા જેવું નથી. ગાન કરનારાઓ પણ પ્રભુના સેવકો હોય છે, અને પ્રભુ ક્યારે કૃપા કરશે, (તે જણાય નહિ) તેથી તેઓ પ્રભુની સાથે તેમના રસ્તે રસ્તે ગાન કરે છે.

'આતો હલકા ભ્રમરો છે, તેમને મારા યશનું જ્ઞાન ક્યાંથી હોય કે તેઓ ગાન કરે ?' એવી શંકા ન કરવી કારણ કે આ સર્વ તમારા સેવકોમાં મુખ્ય એવા મુનિઓનો સમૂહ જ છે.

'એવા બ્રહ્મ જાણનાર મુનિઓ ભક્તોની આવી ભ્રમર જેવી નીચયોનિ કેમ થાય ?' એવી શંકા થાય તે મટાડવા 'તેમના નિર્દોષ આત્મારૂપ અને દૈવ એવા તમને ગૂઢ હોવા છતાં તજતા નથી' એમ કહે છે. જેમ તમે ગૂઢ છો તેમ તેઓ પણ ગૂઢ છે, તમે જેમ ઉત્તમ દેવ હોવા છતાં મનુષ્ય થયા છો તેમ તેઓ મુનિઓ હોવા છતાં ભ્રમરો થયા[3] છે, અને તમારા સેવકોમાં મુખ્ય હોવાથી તમારા રસ્તે રસ્તે તમારું ભજન કરે છે. તેઓ મુનિઓના સમુહો હોવાથી જ તમારા યશનું ગાન કરે છે.

'મને વનમાં ગૂઢને શા માટે ભજે છે ? મહાદેવ વિગેરે બીજા પ્રકટ દેવતાને કેમ ભજતા નથી ?' એવી શંકા થાય તે દૂર કરવા કહે છે કે તમે તેમના નિર્દોષ આત્મારૂપ અને દૈવ છો. નિર્દોષનો ત્યાગ કરી શકાતો નથી, તેમાં પણ નિર્દોષ આત્માનો તો ત્યાગ ન જ કરી શકાય, અને તેમાં પણ તેઓના દેવતા છો.

---

આ ભ્રમરો વૃક્ષો કરતાં સારા છે, કારણ કે તેઓ (૧) વાણીથી ભજન કરે છે (૨) રસ્તે ભજન કરતા આવે છે અને (૩) રસને ઉદ્દીપન કરે છે (વધારે છે). આ ગુણો વૃક્ષોમાં નથી, તેથી વૃક્ષો કરતાં આ ગુણો તેમનામાં વધારે હોવાથી તેઓ વૃક્ષો કરતાં સારા છે. (ટિ)

૨. રાજસ એટલે રસનું ઉદ્દીપન કરનાર (વધારનાર). (લે) પહેલાં આ ભ્રમરોને તામસ કહેલા, હવે રાજસ કહે છે. તેનું કારણ એ છે કે તે તામસરાજસ છે, તેથી કાંઈ વિરોધ નથી. (પ્ર)

૩. ગરુડપુરાણમાં કહેલું છે કે 'વૈષ્ણવોને કર્મના બંધનથી જન્મ થતો નથી; બુદ્ધિશાળી પુરુષો વિષ્ણુના અનુચર થવું તેને જ મોક્ષ કહે છે'. તે પ્રમાણે આ ભ્રમરો તેમના પૂર્વ કર્મના બંધનથી ભ્રમર થયા નથી, પણ તમે ઉત્તમ દેવ હોવા છતાં મનુષ્ય થયા છો તેમ તેઓ તમારી સેવા કરવા ભ્રમર થયા છે. (પ્ર)

આ ભ્રમરો તામસ હોઈ તેમણે તામસ જ દેવતાની સેવા કરવી યોગ્ય[૪] છે. તેઓમાં મહાદેવ વિગેરે તેમના સંબંધવાળા એટલે તામસ જ છે, પણ તે તામસ હોવા છતાં, અને દેવતા હોવા છતાં ભૂતોના સમૂહોથી વીંટાએલ હોવાથી તેમની સેવા થઈ શકે તેમ નથી, બ્રહ્મા વિગેરે તામસ નહિ હોવાથી તામસ જીવોને સેવવા યોગ્ય નથી; (તમારા સિવાય) બીજા કોઈ તામસ દેવતા જ નથી તેથી બીજો કોઈ ઉપાય નહિ હોવાથી તમે ગૂઢ હોવા છતાં તે તમને જ ભજે છે.

અથવા વનમાં ગૂઢ અથવા છૂપી રીતે બીજા કોઈ જાણે નહિ તેમ તેઓ તમારું ભજન કરે છે, કારણ કે બીજા જાણે તેમ પ્રકટ રીતે ભજન કરે તો ભગવાનનો કદાચ રોષ થાય. આવી રીતે આ ભ્રમરો તમારું ભજન કરે છે, તેથી તેઓના ઉપર પણ અનુગ્રહ કરવો જોઈએ[૫]. ૬.

હવે મૃગો અને પક્ષીઓની વિજ્ઞપ્તિ (શ્લોક ૭મા માં) જણાવે છેઃ

**નૃત્યન્ત્યમી શિખિન ઈડ્ય મુદા હરિણ્યઃ કુર્વન્તિ ગોપ્ય ઈવ તે પ્રિયમીક્ષણેન ।।**
**સૂક્તૈશ્ચ કોકિલગણા ગૃહમાગતાય ધન્યા વનૌકસ ઈયાન્ હિ સતાં નિસર્ગઃ ।।૭।।**

હે સ્તુતિ કરવા યોગ્ય ! તમે ઘેર પધાર્યા તેથી આ મયૂરો નાચ કરે છે. ગોપીઓ પેઠે હરિણીઓ આનંદથી (પોતાની) દષ્ટિથી, અને કોકિલાના સમૂહો (પોતાની) મીઠી વાણીથી તમારું પ્રિય કરે છે. વનમાં રહેનારાઓ ધન્ય છે, કારણ કે આ જ સત્પુરુષોનો સ્વભાવ છે. ૭.

હે સ્તુતિ કરવા યોગ્ય બલભદ્ર ! તમે (અહિં વનમાં) તેમના ઘેર આવ્યા છો, એ જાણી આ મયૂરો નૃત્ય કરે છે. તમે સ્તુતિ કરવા યોગ્ય છો, તેથી બીજાઓ જ્યારે ગાન કરે છે ત્યારે આ મયૂરો નૃત્ય કરે છે, કારણ કે મયૂરોનું નૃત્ય જ ઉત્તમ હોય છે. (પ્રભુ) પધારે ત્યારે જે નૃત્ય કરે તે મોટો ભક્ત હોય છે. તેને તો માત્ર પ્રભુ પધારે એટલું જ જોઈતું હોય છે.

આ હરિણીઓ પણ પોતાની દષ્ટિથી તમારું પ્રિય કરે છે. ગમે તે પ્રકારે (મનને પ્રસન્ન કરવા) તમારી પ્રીતિ ઉત્પન્ન કરવી, તેથી તેઓ પણ આનંદથી

---

૪. 'સાત્ત્વિકજીવો દેવોને પૂજે છે' એ ગીતાવાક્ય પ્રમાણે જૂદા જૂદા ગુણવાળા જીવો તે તે ગુણવાળા દેવાતાનું ભજન કરે તે જ યોગ્ય છે. પાંચમા સ્કંધમાં તામસોએ શિવ તથા સંકર્ષણનું ભજન કરવાનું કહેલું છે, તેથી તેવા જીવોથી શિવનું ભજન થઈ શકે; પણ તે ભૂતોના સમૂહોથી વીંટાએલ હોવાથી દુઃસંગવાળા હોઈ તેમનું ભજન કરવા યોગ્ય નથી. બ્રહ્મા વિગેરે તામસ નહિ હોવાથી તામસજીવોએ સેવવા યોગ્ય નથી. બીજા તામસદેવો હલકા છે, ભ્રમરો મુનિ હોવાથી આ બધું જાણે છે અને તેથી તમારું જ ભજન થઈ શકે તેમ હોવાથી તમે વનમાં ગૂઢ (મનુષ્યરૂપે) છો તો પણ તમને જ ભજે છે. (પ્ર)

૫. 'પોતાના' તરીકે માનવા જોઈએ. (લે)

તમને જુએ છે, અને પોતાનાં ચક્ષુઓ તમને દેખાડી, તે ગોપીઓનાં ચક્ષુઓ જેવાં હોવાથી તમને ગોપીઓનું સ્મરણ કરાવે છે, અને તેથી તમને સુખ કરાવે છે. જેમ ગોપીઓ પોતાની દૃષ્ટિથી તમને સુખ ઉત્પન્ન કરે છે તેવી રીતે આ હરિણીઓ પણ પોતાનાં ચક્ષુઓ તમને દેખાડી, ગોપીઓનું સ્મરણ તમને કરાવી તમને સુખ કરાવે છે. નાટકો અને કાવ્યોમાં એવું નિરૂપણ કરવામાં આવે છે કે જે સ્વરૂપ સુખ ઉત્પન્ન કરનાર હોય તેનું સ્મરણ કરાવનાર પણ સુખ ઉત્પન્ન કરે છે. ગોપીઓ સ્વરૂપથી તમને સુખ ઉત્પન્ન કરાવનારી છે, તેથી તેઓનું સ્મરણ કરાવનાર આ હરિણીઓ પણ તમને સુખ ઉત્પન્ન કરાવે છે.

કોકિલા એટલે કોયલોના સમૂહો પોતાની મીઠી વાણીથી, તમારી સ્તુતિરૂપ મીઠી વાણીથી તમારું પ્રિય કરે છે. તેઓનો શબ્દ સાંભળવાથી ઘણો જ આનંદ થાય છે. આ સર્વે વનમાં રહેનારાઓ ગૃહસ્થો પેઠે ધન્ય છે, કારણ કે સત્પુરુષો (ઉત્તમ ગૃહસ્થો)નો આટલો જ ધર્મ છે, (અને તે ધર્મ આ વનમાં રહેનારાઓ સાચવે છે). ૭.

**આગતે પરમસ્તોષઃ પ્રિયાર્થસ્યોપનાયનમ્ ।।**
**વાક્યૈઃ સ્તુતિશ્ચ પરમા મહત્યેતાવદેવ હિ ।।૭।।**
**તૃણાનિ ભૂમિરુદકં સામાન્યે ગૃહમાગતે ।।૭ા.।।**

મહાન્ પુરુષ પોતાના ઘેર પધારે, ત્યારે તેમની પધરામણી થતાં (તે આવતાં) પરમ સંતોષ દેખાડવો; તેમને જે પદાર્થ પ્રિય હોય તે તેમની પાસે લેવરાવવો, અને વચનોથી તેમની ઘણી સ્તુતિ કરવી. (આ સત્પુરુષોનો ધર્મ છે તે બધો આ વનમાં રહેનારાઓએ પાળ્યો છે, કારણ કે તમે તેમના ઘેર વનમાં આવતાં, મયૂરોએ નૃત્ય કરી પરમ સંતોષ દેખાડ્યો, હરિણીઓએ તમોને પ્રિય ગોપીઓનું તમને સ્મરણ કરાવ્યું, અને કોયલોએ પોતાની મીઠી વાણીથી તમારી ઘણી સ્તુતિ કરી).

સામાન્ય માણસ ઘેર આવે ત્યારે અન્ન ન હોય તો તૃણો, વિશ્રામ માટે ભૂમિ, પાદપક્ષાલન કરવા જલ એ આપવાં જોઈએ.[1] (સત્પુરુષોએ સામાન્ય માણસ ઘેર આવે ત્યારે એ આપવાં જોઈએ). કા. ૭ા.

૧. આ પાછલી અર્ધકારિકાનો અર્થ કારિકાર્થમાં અથવા બીજા કોઈ (પ્રકાશ, લેખ અથવા ટિપ્પણીમાં) આપેલો નથી, પણ તે ભાગ તપાસ કરતાં મનુસ્મૃતિમાંથી લીધેલો જણાય છે (જૂઓ મનુસ્મૃતિ. ૩।૧૦૧) તૃણ, ભૂમિ અને જલ ઉપરાંત મીઠીવાણી ત્યાં લખેલી છે. કોઈ મહેમાન ઘેર આવે ત્યારે સત્પુરુષો આ ચારનું અવશ્ય તેમને નિવેદન કરે છે. આ મનુસ્મૃતિમાં સત્પુરુષોનો જે ધર્મ કહ્યો તે સામાન્ય મહેમાન આવે ત્યારે આચરવાનો છે, પણ જ્યારે મહાન્ પુરુષ મહેમાન થઈ આવે ત્યારે અહિં મયૂર વિગેરેએ જે ધર્મ આચર્યો તે આચરવાનો છે, એવા શ્રીમદાચાર્યચરણનો આશય છે.

હવે વૃંદાવનની ભૂમિ વિગેરેની (શ્લોક ૮માં) પ્રશંસા કરે છેઃ

**ધન્યેયમદ્ય ધરણી તૃણવીરુધસ્ત્વત્પાદસ્પૃશો દ્રુમલતાઃ કરજાભિમૃષ્ટાઃ ।।**
**નદ્યોદ્રયઃ ખગમૃગાઃ સદયાવલોકૈર્ગોપ્યોન્તરેણ ભુજયોરપિ યત્સ્પૃહા શ્રીઃ ।।૮।।**

આજ આ ભૂમિ ધન્ય છે. (તમારા ચરણથી સ્પર્શાએલ) તૃણ અને રોપાઓ, તમારા ચરણનો સ્પર્શ કરનાર વૃક્ષોની લતાઓ, (તમારા) નખથી સ્પર્શાએલ નદીઓ અને પર્વતો, તમારી દયાવાળી દષ્ટિથી પક્ષીઓ અને પશુઓ, અને ગોપીઓનો તમારી ભુજાઓ મધ્યેનો પ્રવેશ, જેની લક્ષ્મી પણ સ્પૃહા (ઈચ્છા) રાખે છે તેથી ગોપીઓ ધન્ય છે. ૮.

આજ આ વૃંદાવનભૂમિ ધન્ય છે. તેના ઉપર ઉગેલ ઘાસ અને રોપાઓને તમારા ચરણનો સ્પર્શ થયો તેથી તેઓ પણ ધન્ય છે. વૃક્ષોની લતાઓએ (ફલ અને ફૂલના ભારથી નીચી નમી) તમારા ચરણનો સ્પર્શ કર્યો છે તેથી તેઓ પણ ધન્ય છે. નદીઓ અને પર્વતોને તમારા નખો(ચરણના નખો)નો સ્પર્શ થયો છે તેથી તેઓ પણ ધન્ય છે, પક્ષીઓ અને પશુઓ પર તમારી દયાવાળી દષ્ટિ પડી છે[૧] તેથી તેઓ પણ ધન્ય છે; અને ગોપીઓનો તમારા ભુજોમાં પ્રવેશ થયો એટલે તેમનું આલિંગન થયું. તેથી તેઓ પણ ધન્ય છે. આવું આલિંગન પ્રાપ્ત થવું દુર્લભ છે, કારણ કે લક્ષ્મી પણ આવાં આલિંગનની ઈચ્છા રાખે છે.

આ શ્લોકમાં કહેલ ભૂમિ વિગેરેને કાંઈ વિજ્ઞપ્તિ કરવાની નથી, કારણ કે તે બધાંને જૂદી જૂદી રીતે (સ્પર્શથી, દયાવાળી દષ્ટિથી, તથા આલિંગનથી) જેવાં તેવાં તમે પ્રસન્ન કર્યાં છે.

જેનો આવેશ થવાનો છે તેનું સર્વ ભાવથી નિરૂપણ કરવામાં આવે, તો જેનામાં તેનો આવેશ થવાનો છે તે સારી રીતે જેનો આવેશ થવાનો છે તેની પોતામાં ભાવના કરે, જેથી તરત જ તે દેવતાનો આવેશ થાય. (અહિં ભગવાનનો બલભદ્રમાં આવેશ થવાનો છે, તેથી ભગવાન્ પધારવાથી જે જે આનંદ વિગેરે સર્વને થાય તેનું સારી રીતે વર્ણન કરેલું છે, અને બલભદ્રને જણાવેલું છે. જેથી બલભદ્ર પોતામાં ભગવાનનો આવેશ છે, એવી ભાવના કરે અને ભગવાનનો આવેશ સિદ્ધ થાય).

જો ભગવાનનો બલભદ્રમાં આવેશ ન હોય તો વૃંદાવનમાં રહેલ પશુપક્ષી

---

૧. રા. રા. વાડીલાલભાઈ શાહે પ્રસિદ્ધ કરેલ તામસપ્રમેયપ્રકરણમાં ચોથા પાને ત્રેવીશમી લીટીમાં 'ધન્યાઃ' પછી ' ચિહ્ન કરે છે, પણ ત્યાં તેવું ચિહ્ન નહિ કરતાં 'દયાસહિતાવલોકનૈઃ' પછી કરવામાં આવે તો આ અર્થ સિદ્ધ થાય છે. આ પ્રમાણે ચિહ્નનું સ્થાન ફેરવીએ નહિ તો પશુપક્ષી ધન્ય હોવાનું કાંઈ કારણ આવતું નથી, અને ગોપીઓ ધન્ય હોવાનાં બે કારણો આવે છે; તેથી ઉપર પ્રમાણે ચિહ્ન ફેરવી અર્થ કર્યો છે.

વિગેરેનું અને બલભદ્રનું બંનેનું અનિષ્ટ થાય. વૃંદાવનમાં રહેલ પશુપક્ષી વિગેરે બલભદ્રનું ભજન કરે તો પણ ઉભયનું અનિષ્ટ થાય, અને બલભદ્રનું ભજન ન કરે તો પણ ઉભયનું અનિષ્ટ થાય. જો તેઓ બલભદ્રનું ભજન કરે તો (ભગવાનનો બલભદ્રમાં આવેશ નહિ હોવાથી) ભગવાન્ સિવાય બીજા દેવતાનું તેમણે ભજન કર્યું તેથી (અન્યાશ્રયથી) તેઓનો નાશ થાય, અને ભગવાનના ભોગ્ય પદાર્થોનો (તેમણે ધરેલ પદાર્થોનો) બલભદ્રે સ્વીકાર કર્યો તેથી તેમનું પણ અનિષ્ટ થાય. હવે જો તેઓ બલભદ્રનું ભજન ન કરે એટલે કોઈવાર તેમનું ભજન કરવામાં ન આવે તો તેમનો અનાદર થાય; તેથી તેમના અનાદરથી પોતાનું અનિષ્ટ થાય, અને બલભદ્રને એવા અનાદરથી ક્રોધ થાય તેથી બલભદ્રનું પણ અનિષ્ટ થાય. તેથી બલભદ્રમાં પોતાનો નિત્ય આવેશ રહે, તે માટે ભગવાને બલભદ્રને આ સર્વ બોધ કરેલો છે. ૮.

આવી રીતે વૃંદાવનના સ્વરૂપનું નિરૂપણ કરી, વૃંદાવનમાં રહેનારનું (વૃક્ષો, મૃગો, પક્ષીઓ વિગેરેનું) સ્વરૂપ બલભદ્રને જણાવી, એટલે બલભદ્રમાં પોતાનો આવેશ થયો એમ તેમને જણાવી, એવા વૃંદાવનમાં ભગવાને ક્રીડા કરી એમ હવે દશ (૯ થી ૧૮) શ્લોકથી કહે છે. પૌગંડ વય ચાર (૬ થી ૯) વર્ષની છે, તે (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) ચારે પુરુષાર્થનો સાધક (પ્રાપ્ત કરાવનાર) કાલ છે. તેથી પ્રથમ ચાર (૯ થી ૧૨) શ્લોકથી અનુક્રમે આ ચાર પુરુષાર્થનું પ્રતિપાદન કરે છે. પછી ભગવાન્ દશ રસો ઉત્પન્ન કરાવી ક્રીડા કરે છે, કારણ કે પરમાનંદના રસનો લોકોમાં દશ રીતે અનુભવ થાય છે. બ્રહ્માનંદથી ભજનાનંદ ઉત્તમ[૧] છે, એમ દર્શાવવા ભજનાનંદ અથવા પરમાનંદનો લોકમાં દશ રીતે અનુભવ થતો હોવાથી, દશ રસો ઉત્પન્ન કરાવી ભગવાન્ ક્રીડા કરે છે. તેમાં પ્રથમ (શ્લોક ૯માં) ધર્મનું આચરણ દર્શાવતા[૨] ભગવાન્ રમણ કરે છે એમ કહે છેઃ

---

૧. શૃંગારથી આરંભી ભક્તિ સુધીના દશ રસો (આગળ દશ રસોનું નિરૂપણ થશે) હોઈ લીલાસૃષ્ટિમાં દશ પ્રકારે રસનો અનુભવ થાય છે, પણ બ્રહ્માનંદમાં એક જ રીતે સુખનો અનુભવ થાય છે; તેથી બ્રહ્માનંદ કરતાં ભજનાનંદ અધિક છે. (યો)

૨. અહિં ભગવાનનું દાસ્ય જ મુખ્ય ધર્મ છે. વૃક્ષોએ એ ધર્મનું આચરણ કર્યું એ ભગવાને (શ્લોક ૫માં) કહેલું છે, આ શ્લોકને પહેલાંનાં વાક્યો સાથે સંબંધ છે, કારણ કે 'એવં'નો વૃંદાવન સાથે સંબંધ છે, એમ સુબોધિનીજીમાં દર્શાવેલ છે. તેથી વૃંદાવનનાં વૃક્ષો વિગેરેમાં જણાવેલા ધર્મો પ્રકટ કરી ભગવાને રમણ કર્યું, એવો મહાવાક્ય (શ્લોક ૧૯)નો અર્થ થાય છે. ભગવાન્ પોતે પશુ ચારે તો ક્રીડા અથવા રમણમાં અડચણ થાય તેથી ભગવાનના રમણમાં અડચણ ન થાય તે માટે ગોપો પોતે ભગવાનનું પશુ ચારવાનું કામ કરે છે. તેથી તેઓ પશુઓને ચારે તેમાં ભગાવાનની સેવા જ કરે છે. તેથી તે પશુઓને ચારવામાં પોતાનો ધર્મ (ભગવાનની સેવા) જ કરે છે. વળી વૈશ્યોનો આ પશુ ચારવાનો ધર્મ જ છે, આવી રીતે

॥ શ્રીશુક ઉવાચ ॥

**એવં વૃન્દાવનં શ્રીમત્કૃષ્ણઃ પ્રીતમનાઃ પશૂન્ ॥**

**રેમે સઞ્ચારયન્નદ્રેઃ સરિદ્રોધસ્સુ સાનુગઃ ॥૯॥**

શ્રીશુકદેવજી કહે છેઃ-આવી શોભાવાળા વૃંદાવનમાં પ્રસન્ન મનવાળા શ્રીકૃષ્ણે અનુચરો સહિત પર્વતના (સંબંધવાળી) નદીઓના કિનારા પર પશુઓને સારી રીતે ચારતાં રમણ કર્યું. ૯.

ઉપર વર્ણન કર્યું તેવા પ્રકારના વૃંદાવનમાં શ્રીકૃષ્ણે પશુઓને ચરાવતાં રમણ કર્યું એવો (વાક્યનો) સંબંધ છે. પાછલા શ્લોકો વૃંદાવનના ગુણોનું નિરૂપણ કરવા જ કહેલા, તેથી આ શ્લોકમાં 'એવમ્' પદનો સંબંધ 'વૃંદાવન' સાથે જ છે; તેથી એવા (પાછળ વર્ણન કર્યું તેવા) વૃંદાવનમાં, એવો અર્થ થાય છે. તેથી જ ('એવમ્' પદ 'વૃંદાવન'ના વિશેષણ તરીકે યોજાએલું છે, ક્રિયાવિશેષણ નથી તેથી જ) 'એવમ્' પછી, 'કહીને', 'નિરૂપણ કરીને' કે એવી બીજી કોઈ ક્રિયા અધ્યાહાર રાખેલી નથી; તેથી જ 'વૃંદાવન' પદની સંગતિ 'એવમ્' પદ સાથે જ યોજવાની છે. જ્યાં ભગવાને રમણ કરવાનું મન કર્યું; જ્યાં ઉપરનાં વચનો કહ્યાં ત્યાં ભગવાને રમણ કર્યું અને (આગળના શ્લોકોમાં કહેવામાં આવશે તે) બીજાં કાર્યો કર્યાં, એમ મહાવાક્ય (શ્લોક ૧૯) સાથે બધાંનો સંબંધ છે.

વળી જ્યારે ભગવાને જુદી જુદી અભિમાની દેવતાઓ સાથે રમણ કરવાનો આરંભ કર્યો છે ત્યારે લક્ષ્મીજી ત્યાં પોતે જ[૩] આવેલાં છે, એટલે રમણ વર્ણવેલું ન હોય તો પણ થએલ જ છે; તેથી અનુભાવો[૪] (પોતાના મનમાં જે ભાવ થાય તે બરાબર બહાર દેખાડનાર ચિહ્ન; જેમ કે કોપ મનમાં થયો હોય તો ભ્રૂભંગ થાય તે) ઉદ્દીપનવિભાવો[૫] (મનમાં જે ભાવ (લાગણી) થયો હોય તે ભાવને વધારનાર સંજોગને ઉત્તેજન કરે તે ઉદ્દીપનવિભાવ), અને વ્યભિચારિભાવોનું[૬]

ભગવાન્ ધર્મનું આચરણ દર્શાવે છે. (ટિ).

આ પ્રમાણે ભગવાનના દાસ્યરૂપ વૃક્ષોનો ધર્મ; ભગવાનની સેવારૂપ ગોપોનો ધર્મ; અને ગાયો ચારવારૂપ વૈશ્યોનો ધર્મ, એમ ત્રણે ધર્મો દર્શાવેલા છે. (પ્ર).

૩. લક્ષ્મીજી ભગવાનની આજ્ઞાની રાહ જોયા વિના, માત્ર ભગવાનની ઈચ્છા જાણી પોતે જ (આજ્ઞા વિના) આવેલાં છે, અને સર્વ દેવતાઓમાં આવેશ કરી રહેલાં છે. મૂલમાં 'શ્રીમત્' શ્રી એટલે લક્ષ્મીવાળું એવું વૃંદાવનનું વિશેષણ છે, તે આ સર્વ દેવતાઓમાં લક્ષ્મીનો આવેશ સૂચવે છે; તેથી આલંબન થએલ તે તે દેવતાઓ સાથે રમણ કહેલું ન હોય તો પણ થયું છે. તેથી અનુભાવ, ઉદ્દીપનવિભાવ અને વ્યભિચારિભાવ એ ત્રણેનું વર્ણન કરેલું છે. (લે).

૪. રસોને અનુભાવે એટલે અનુભવ થઈ શકે તેવા બનાવે તે અનુભાવ. (પ્ર).

૫. જે બહારના પદાર્થો રસને ઉદ્દીપન કરે એટલે ઉત્પન્ન કરે તે ઉદ્દીપનવિભાવ. (પ્ર).

૬. જે રસમાં અહિં તહિં ફરે, એટલે ઘણા રસોથી વ્યાપ્ત થાય તે વ્યભિચારિભાવ. (પ્ર)

(થોડી વાર ટકે તેવો ભાવ (લાગણી), આ ભાવ ઝાઝા વખત સુધી ટકતો નથી, પણ જે રસ હોય તેમાં છૂપી અથવા ખુલ્લી રીતે વધારો કરે છે). નિરૂપણ કરેલું છે. આલંબન (જેના વિષે રસ ઉત્પન્ન થતો હોય તે વ્યક્તિ અથવા ચીજ; રસનો આધાર) તો લક્ષ્મી જ છે[૭].

'કૃષ્ણ' એ પદથી નાયકની ઉત્તમતા કહે છે; કારણ કે તે સદાનંદ પુરુષોત્તમ છે. (રમણ કરવામાં) મન કરણ છે તેથી તેમાં પણ દોષ મુદ્દલ નથી અને ગુણો છે એમ કહેવું જોઈએ, તે માટે 'પ્રસન્ન મનવાળા' કહેલા છે. પ્રસન્ન થએલું એટલે કોઈ પણ દોષ વિનાનું સંતુષ્ટ મન છે જેનું તેવા પ્રસન્ન મનવાળા શ્રીકૃષ્ણ છે. તે પશુઓને ચારતાં રમણ કરે છે. 'પશુઓને ચારવાં' એ ધર્મ છે. 'સં'ચારવાં એટલે સારી રીતે ચારવાં; અમુક દેશમાં ચારવાં. (આ ધર્મ છે). ભગવાન્ ગાઢ (જ્યાં કોઈ જઈ શકે નહિ તેવા) વનમાં અથવા ઉંડી ખીણોવાળા વનમાં પશુઓ ચારતા હતા, એમ કહેવામાં આવે તો રમણમાં બાધ થાય, (કારણ કે એવી જગ્યામાં રમણ થઈ શકે નહિ); તેથી બંનેના (ભગવાન્ અને ગાયોના, અથવા રમણ અને ચારણના) ઉપયોગવાળા તે પ્રદેશોને કહે છે કે 'પર્વતના સંબંધવાળી નદીઓના કિનારા ઉપર' પશુઓને ચારતા રમણ કરતા હતા; પર્વતના સંબંધવાળી જે નદીઓ હતી તેઓના તટ ઉપર પશુઓને ચારતા રમણ કરતા હતા; કારણ કે ત્યાં લીલું ઘાસ હોય છે અને તે ઘણું મોટું ઉગેલું હોય છે. જો પર્વત ઉપર રહીને, અથવા પર્વતની તળેટીમાં રહીને ભગવાન્ રમણ કરે તો પશુઓ કોઈ બીજે સ્થલે જતાં રહે એવી શંકા રહે; પણ (નદીના તટો પર) ભગવાન્ પશુઓને ચારતાં ચારતાં પણ રમણ કરે એ સંભવે છે. તેથી જ સારી રીતે ચારતાં (સઞ્ચારયન્) રમણ કરે છે એમ કહેલું છે. જો ભગવાન્ માત્ર ધર્મમાં જ રતિ રાખે તો ગાયોનું રક્ષણ કરવામાં પોતે જ રોકાઈ રહે; તો ધર્મ (ગોચારણ) અને રમણ એ બંનેમાં હાનિ[૮] થાય; તેથી તેવું થયું નથી એમ દર્શાવવા 'અનુચરો સહિત' પદ

૭. અનુભાવ, ઉદ્દીપનવિભાવ અને વ્યભિચારિભાવ કહ્યા પણ આલંબનવિભાવ કહ્યો નથી, તેનું કારણ એ છે કે લક્ષ્મી જ આલંબનવિભાવ છે. તે તે દેવતાઓમાં જેનો આવેશ થએલો છે, તે લક્ષ્મી જ આલંબનવિભાવ છે. લક્ષ્મીના આવેશ વિનાની દેવતાઓ આલંબન નથી, એમ દર્શાવવા 'એવ' 'જ' મૂકેલ છે. લક્ષ્મીનું સૂચન 'શ્રીમત્' પદથી કરેલું છે. (લે). 'લક્ષ્મ્યેવ'='લક્ષ્મ્યા ઈવ' 'લક્ષ્મીની જેમ' લક્ષ્મીથી જેમ ગોપીઓ સાથે ક્રીડા કરતા ભગવાન જ આલંબનવિભાવરૂપ છે. જેના આધારે રસ ઉત્પન્ન થાય તે આલંબનવિભાવ, એવો રસશાસ્ત્રનો સિદ્ધાંત હોવાથી આ પ્રમાણે અર્થ કરવો જોઈએ. (યો).

૮. જો ભગવાન્ ગાયો ચારવામાં (ધર્મકાર્યમાં) પોતે જ રોકાઈ રહે તો રમણ (પુષ્ટિકાર્ય) સંભવે નહિ; તેથી રમણમાં હાનિ થાય. પુષ્ટિકાર્ય વિસારી ગોચારણ (ધર્મ) ભગવાન્ કર્યા કરે તો પુષ્ટિકાર્ય પડતું મૂકી કરેલું ધર્મકાર્ય સારું કરેલ ન ગણાય; (તેથી જ સુબોધિનીમાં કહે છે કે

યોજેલું છે. પાછળ પાછળ જાય તે અનુચર એટલે સેવકો. તેઓની સાથે ગાયોને સારી રીતે ચારતાં ભગવાને રમણ કર્યું. ૯.

એવી રીતે ધર્મના[1] વિચારથી ક્રીડા કરી એમ કહી, હવે અર્થના[2] વિચારથી ભગવાન્ ક્રીડા કરે છે(એમ દશમા શ્લોકમાં) કહે છેઃ

**ક્વચિદ્ગાયતિ ગાયત્સુ મદાન્ધાલિષ્વનુવ્રતૈઃ ।।**
**ઉપગીયમાનચરિતઃ સખિ સંકર્ષણાન્વિતઃ ।।૧૦।।**

ભક્તો જેમના ચરિત્રનું ગાન કરે છે અને જેમની પાછળ મિત્રો અને સંકર્ષણ આવે છે, તેવા (ભગવાન્) મદાંધ ભ્રમરો ગાન કરતા હોય ત્યારે કોઈવાર ગાન કરે છે. ૧૦.

મદાંધ ભ્રમરો ગાન કરતા હોય ત્યારે ભગવાન્ પણ કોઈવાર ગાન કરે છે. તે સમયે ભગવાન્ ભક્તો તેમના ચરિત્રનું ગાન કરતા હોય છે, અને તેમના મિત્રો અને સંકર્ષણ (બલભદ્ર) તેમની પાછળ પાછળ જતા હોય છે.

''જ્યારે પુરુષ નિશ્ચય 'શ્રી'નો ભોગ કરે છે ત્યારે તેની પાસે વીણા વાગે છે'' એ શ્રુતિ પ્રમાણે (ભગવાન્ શ્રી(અર્થ)નો ભોગ કરે છે ત્યારે) પાછળ વાગતી વીણા જેવા ભ્રમરો છે. ભગવાન્ પણ અર્થનો ભોગ[3] કરતા હોવાથી કોઈવાર ગીત પણ ગાય છે. જો ભગવાન્ એમ ગાન ન કરે તો રસ ઘણો જ થયો છે એની જાણ થાય નહિ. સર્વત્ર (ભ્રમરોથી, ભક્તોથી) તેમની જ[4] (ભગવાનની જ) સ્તુતિ થાય છે, અને તેમનો પરિકર (અનુચરો) તેમની સાથે હોય છે.

પરિકર બે પ્રકારનો હોય છે, (૧) પોતાના સંબંધીઓ, અને (૨) કુલના સંબંધીઓ તેથી જ મિત્રો અને સંકર્ષણનું નિરૂપણ કરેલું છે 'જે (લક્ષ્મી એટલે અર્થ)નો બંધુઓથી ભોગ ન થાય (તે શા કામની) ?' તેથી મિત્રોનો સહભાવ (હાજરી) જરુરી છે. (ભ્રમરો) સમીપે ગાન કરે અથવા (ભક્તો) સમીપે સ્તોત્ર કરે તે પણ અર્થભોગ જ છે[5]. આ ભ્રમરો મુનિઓ સમીપમાં ગાન કરવાની ધૃષ્ટતા

ગાયો ચારતાં રમણ સંભવે છે, તેથી જ (ગાયોનું) ચારણ સારી રીતે થએલું કહેલ છે). એટલે તેની પણ હાનિ થઈ ગણાય.

૧. પોતાના દાસ્યરૂપ, અને ગોચારણરૂપ ધર્મ પ્રકટ કરી લીલા કરીને. (પ્ર)

૨. અર્થ એટલે પોતાના પ્રસાદરૂપ માલા, ફૂલ, ફલ વિગેરે આપી અર્થ પ્રકટ કરી લીલા કરે છે.(પ્ર)

૩. માતાએ મોકલેલ પદાર્થોનો અથવા વનમાં ઉત્પન્ન થએલ પદાર્થોનો ભોગ. (પ્ર).

૪. તેમની જ એટલે શ્રી અથવા લક્ષ્મીયુક્ત ભગવાનની જ. (પ્ર) અર્થનો ભોગ કરતા ભગવાનની જ. (લે)

૫. ભ્રમરોને અર્થ એટલે પ્રસાદ પ્રાપ્ત થવાથી જ તેઓ સમીપે ગાન કરે છે. જો પ્રસાદ પ્રાપ્ત

(ઉદ્ધતાઈ) ન કરે તેથી તેમને મદાંધ (મદથી અંધ થએલા) કહેલા છે. ભગવાનની સંનિધિથી થતો આનંદ, અથવા ભક્તિરસથી થએલો ઉન્માદ, અથવા વૃંદાવનના ફૂલોનો રસ તેમણે ચૂસેલો, અને આ ફૂલો ભગવાનના ચરણારવિંદમાં સમર્પણ થએલ (ચરણારવિંદ નીચે આવેલ) હોવાથી તેમનો રસ ભક્તિરૂપ જ છે તે રસ, એને જ ભ્રમરોનો મદ કહેલો[૬] છે.

ભગવાનના જેવું વ્રત છે જેઓનું તે ભક્તો, તેઓને પણ ભગવાન્ પોતાના જેવા[૭] બનાવે છે. સર્વ મિત્રો અને સંકર્ષણ સારી રીતે ભગવાનની સાથે રહેલા છે, એટલે તેઓને પણ સારી રીતે અર્થનો ભોગ કરાવે છે. શ્લોક ૯ના પહેલા પાંચ શબ્દો 'એવં વૃન્દાવનં શ્રીમત્ કૃષ્ણઃ પ્રીતમનાઃ', 'એવા વૃંદાવનમાં લક્ષ્મીયુક્ત પ્રસન્ન મનવાળા શ્રીકૃષ્ણ'નો આ શ્લોકમાં અને હવે પછીના શ્લોકોમાં પણ બધે સંબંધ છે. (એટલે મદાંધ ભ્રમરો ગાન કરતા હોય ત્યારે કોઈવાર આવા (ઉપર વર્ણવેલ રૂપવાળા) વૃંદાવનમાં લક્ષ્મીયુક્ત પ્રસન્નમનવાળા શ્રીકૃષ્ણ કોઈવાર ગાય છે એવો અર્થ થાય છે). ૧૦.

એ પ્રમાણે ભગવાનની અર્થલીલા કહી, હવે (શ્લોક ૧૧માં) કામલીલા કહે છેઃ

**ક્વચિચ્ચ કલહંસાનામનુકૂજતિ કૂજિતમ્ ।।**
**અભિનૃત્યતિ નૃત્યન્તં બર્હિણં હાસયન્ ક્વચિત્ ।।૧૧।।**

(આવા વૃંદાવનમાં પ્રસન્નચિત્તવાળા લક્ષ્મીયુક્ત શ્રીકૃષ્ણ) કોઈવાર કલહંસોના કૂજન જેવું કૂજન કરે છે, કોઈવાર નૃત્ય કરતા મયૂરને હાસ્યપાત્ર બનાવતા ચોતરફ (ઘણું) નૃત્ય કરે છે. ૧૧.

---

થતો ન હોય તો ગાન અને સ્તોત્ર (કરવાની) તેમને સ્ફૂર્તિ જ ન રહે. (પ્ર)

અહિં જે અર્થ કરવામાં આવે છે તે 'અર્થભોગે એવ' એવો પાઠ લઈ કરેલો છે. ભગવાન્, ગોપો અને સંકર્ષણનો અર્થભોગ અહિં કહેલો જણાય છે; ભ્રમરોને તો વીણાનો નાદ કરનાર કહેલા છે. વળી આ અર્થમાં એવો ધ્વનિ છે કે તેમને પ્રસાદ ન મળતો હોત તો તેઓ ભગવાન્ પાસે ગાન કરત નહિ; તેથી ભ્રમરો પોતાની સમીપ ગાન કરે અને ભક્તો પોતાની સમીપ પોતાનું ચરિત્ર ગાય એટલે સ્તોત્ર ઉચ્ચારે તે પણ ભગવાનનો અર્થભોગ જ છે. ('અર્થભોગઃ એવ') એવો અર્થ ઉપર કરેલો છે.

આવું ગાન અને સ્તોત્ર અર્થભોગ જ છે એમ ભર્તૃહરિના 'અગ્રે ગીતં સરસકવયઃ' શ્લોકમાં પણ કહેલું છે.

૬. ભ્રમરો મદાંધ હોય તો ચૂપ જ રહે, પણ ગાન કરે નહિ એવી શંકા થાય, તે માટે તેમનો મદ કેવો હતો તે અહિં કહેલ છે. (પ્ર)

૭. માલા વિગેરેનું દાન ભક્તોને કરી ભગવાન્ તેઓને પોતાના મુખ્ય ભક્ત જેવા બનાવે છે, અથવા પોતાના જેવો ભોગ તેમને કરાવે છે. (પ્ર)

ભગવાન્ કલહંસોના કૂજન જેવું કૂજન કરે છે, કારણ કે કામમાં મુખ્ય બે કાર્યો કરવાનાં છે; (૧) રસ ઉત્પન્ન થાય તે માટે કૂજન અને (૨) રસનો[૧] અનુભવ (ભોગ) થાય તે માટે બંધો. જ્યારે મયૂર મયૂરીની સંનિધિમાં જ (કામથી) મત્ત થાય છે ત્યારે તે પોતાનાં સર્વ ગાત્રો વિસ્તારે છે[૨] (કળા કરે છે), અને તેનાં બધાં ગાત્રોમાંથી રસ એકઠો થઈ તેનાં બે ચક્ષુઓમાંથી બહાર નીકળે છે, અને મયૂરીના (તે રસને ઝીલે છે તેથી) મુખમાં પ્રવેશ કરે છે. આવી રીતે મયૂરનું રેતઃ (રસ) (શરીરના) ઉપલા ભાગમાંથી બહાર નીકળે છે અને (જ્ઞાનના સાધનરૂપ ચક્ષુ દ્વારા એટલે) જ્ઞાન દ્વારા બહાર નીકળે છે. મયૂર વિનાના બીજા બધાના કામમાં[૩] જે રસો હોય છે તે બધા રસો પ્રાકૃત જ હોય છે. (મયૂરના કામમાં પ્રાકૃત રસ નથી) તેથી જ તેમાં (મયૂરના કામમાં) વિચિત્ર રીતે (માત્ર નૃત્યથી) કાર્ય (ગર્ભધારણ) થાય છે.

શબ્દ મનપૂર્વક થાય છે. (શબ્દ કરવાનો મનમાં વિચાર થયા પછી શબ્દ બોલાય છે અથવા અવાજ થાય છે) તેથી માનસ જ[૪] જેનું શરણ છે એવા, રસ અને અરસનો[૫] ભેદ કરનાર હંસનું જ કૂજન[૬] તેવું[૭] (અપ્રાકૃત) હોય છે. તેથી જ હંસ સર્વ પ્રાણીઓથી વિલક્ષણ છે, એમ કહેવા તેને 'કલહંસ' કહેલો છે; કારણ કે તે કલાઓનો હંસ[૮] છે. ઘણાઓના (કૂજનો) જેવું એક જ પ્રકારનું જે (કૂજન) કરે તે તે કામમાં ઘણા પ્રવીણ હોવા જાઈએ[૯]. રસના અવાંતર (પેટા) ભેદોનો આવિર્ભાવ થાય તે માટે ભગવાન્ પોતે સર્વે કલહંસોના કૂજનો જેવું કૂજન કરે છે.

જો મયૂર મયૂરી સાથે રસથી નૃત્ય કરતો હોય તો તે નૃત્ય કરતા મયૂર પેઠે ભગવાન્ ચારે તરફ નૃત્ય કરે છે. જો મયૂર તેવી રીતે રસથી નૃત્ય કરતો ન હોય પણ

---

૧. કૂજનથી ઉત્પન્ન થએલા રસનો અનુભવ. (લે)

૨. મયૂર તેના ગાત્રને વિસ્તારે છે તે ગાત્રનો વિસ્તાર જ 'બંધ'ને ઠેકાણે છે. (પ્ર)

૩. બીજાઓના કામમાં 'આશ્લેષ' વિગેરે થાય છે તે. (લે)

૪. માનસ એટલે મન; માનસ એટલે માનસરોવર, બ્રહ્માએ આ સરોવર કૈલાસ ઉપર મનથી બનાવેલું તેથી તે 'માનસ' કહેવાય છે. હંસો વર્ષાઋતુ શરૂ થવાનો વખત થાય ત્યારે આ સરોવરે જાય છે જ.

૫. રસ દુધ અને અરસ જલ. દુધ અને જલ ભેગાં કરેલાં હોય તે છૂટાં પાડવાના ચાતુર્ય માટે હંસ બહુ પ્રસિદ્ધ છે. આ તેમની ખાસ કલા છે.

૬. કૂજન એટલે મધુર શબ્દ કરવો, મધુર ગાવું.

૭. તેવું એટલે ભગવાનને કૂજન કરાવે તેવું, ભગવાનના કૂજનને ઉત્પન્ન કરનાર. (લે)

૮. કલાઓનો હંસ એટલે અવ્યક્ત મધુર શબ્દોનો વિવેચક. (પ્ર). કલાઓનો એટલે અવ્યક્ત મધુર શબ્દોનો, હંસ એટલે પ્રકાશક. (લે).

૯. ભગવાન્ કૂજનમાં ઘણા પ્રવીણ છે, એમ આથી દર્શાવે છે. (લે).

મેઘ વિગેરેને જોઈને અથવા સ્વભાવથી નૃત્ય કરતો હોય તો પણ રસાભાસ અથવા ભાવાભાસનુ નિરૂપણ કરવા ભગવાન્ નૃત્ય કરે છે. જો તે પ્રમાણે ભગવાન્ નૃત્ય ન કરે તો રસ પુષ્ટ ન થાય. 'કોઈવાર (નૃત્ય કરતા મયૂરને) હાસ્યપાત્ર બનાવતા' એ શબ્દોથી આ અર્થ કહેલો છે. કોઈવાર મયૂરને હાસ્યપાત્ર બનાવતા[10] ભગવાન્ નૃત્ય કરે છે. 'આ સારી રીતે નૃત્ય કરતો નથી' એમ છોકરાઓ મયૂરને હસે છે, (કારણ કે ભગવાનનું નૃત્ય તેના કરતાં ઘણું ઉત્તમ હોય છે). સદા ભગવાન્ આવી રીતે મયૂરને હાસ્યપાત્ર બનાવી નૃત્ય કરતા નથી, પણ કોઈવાર જ એમ કરે છે, તેમ જણાવવા 'કોઈવાર' શબ્દ બીજીવાર યોજેલો છે. ૧૧.

હવે (શ્લોક ૧૨માં) મોક્ષલીલા કહે છેઃ

**મેઘગમ્ભીરયા વાચા નામભિર્દૂરગાન્ પશૂન્ ।।**
**ક્વચિદાહ્વયતિ પ્રીત્યા ગોગોપાલમનોજ્ઞયા ।।૧૨।।**

(આવા વૃંદાવનમાં પ્રસન્ન મનવાળા લક્ષ્મીયુક્ત શ્રીકૃષ્ણ) મેઘના જેવી ગંભીર અને ગાયો તથા ગોપાલોને આનંદદાયક (મનોજ્ઞ) વાણીથી દૂર ગએલાં પશુઓને કોઈવાર પ્રીતિથી (તેમના) નામોથી બોલાવે છે. ૧૨.

ભગવાન્ વાણીથી દૂર ગએલાં પશુઓને નામથી કોઈવાર બોલાવે છે. એવો (વાક્યનો) સંબંધ છે. ભગવાનનું સાયુજ્ય[1] અને મુક્તિ ભગવાન્ આપે ત્યારે જ પ્રાપ્ત થાય છે. સર્વશાસ્ત્રોમાં કહેલાં (મોક્ષનાં) સાધનો જૂદા જૂદા ધર્મોથી[2] ભગવાન્ સાથે સંબંધ કરાવે છે. આ પ્રમાણે જીવનો ભગવાન્ સાથે સંબંધ થતાં

---

૧૦. મયૂર બે પ્રકારે નૃત્ય કરે છે. (૧) મયૂરી સાથે રસથી નૃત્ય કરે છે. (૨) મેઘ વિગેરે જોઈને અથવા સ્વભાવથી. પહેલા પ્રકારના નૃત્યમાં રસ જ પ્રધાન છે. બીજા પ્રકારનું નૃત્ય માત્ર રમત (ક્રીડા) માટે છે. બીજા પ્રકારનું નૃત્ય શૃંગાર ઉત્પન્ન કરનાર છે; અને તેવું નૃત્ય મયૂર કરે ત્યારે તેને ભગવાન્ હાસ્યપાત્ર બનાવે છે. (લે).

૧. સાથે જોડાય (સહ યુનક્તિ) તે સયુક્ (સખા), તેનો ભાવ તે સાયુજ્ય એટલે ભગવાન્ સાથેનો પ્રથમ સંયોગ; મુક્તિ એટલે દુઃખનો અભાવ. પુષ્ટિમાર્ગ પ્રમાણે આ બેનો એવો અર્થ છે. બીજા માર્ગ પ્રમાણે સાયુજ્ય એટલે ભગવાનમાં પ્રવેશ, અને મુક્તિ એટલે જીવની પોતાના સ્વરૂપમાં સ્થિતિ. આ ઉભયમાર્ગો પ્રમાણે ભગવાન્ મોક્ષ આપે છે, એમ અહિં સુબોધિનીજીમાં દર્શાવેલ છે. આ બંને પ્રકારનો મોક્ષ ભગવાન્ આપે તો જ પ્રાપ્ત થાય છે, કારણ કે 'જનાર્દન પાસેથી મોક્ષની ઈચ્છા રાખવી' એવું વાક્ય છે. (પ્ર). સાયુજ્ય એટલે ભગવાન્ સાથે જોડાવું, પશુઓ ભગવાનથી દૂર હતા ત્યાંથી ભગવાન્ પાસે આવી, ભગવાન્ સાથે (સમીપ) થઈ જાય તે સાયુજ્ય. તૃણ (ઘાસ) વિગેરે વિષયોમાંથી છૂટે તે મુક્તિ; સંસારથી છૂટવું તે મુક્તિ. (લે).

૨. શાસ્ત્રો શ્રવણ, કીર્તન, સ્મરણ વિગેરે જુદા જુદા ધર્મોથી ભગવાન્ સાથે સંબંધ કરાવે છે. (લે).

ભગવાન્ પણ સામા તેવા જ ધર્મ આચરે છે, અને ભગવાને આવી રીતે આચરેલા ધર્મ જ મોક્ષ પ્રાપ્ત કરાવે છે એવો સિદ્ધાંત[3] છે. '(હે અભદ્રને દૂર કરનાર ! દીન પર પ્રેમ રાખનાર સ્વામિઓએ એટલું જ કરવું જોઈએ કે) સમયે પોતાની બુદ્ધિથી (ચિત્તથી) તેઓને સંભારવા, તેથી (તે) પ્રાણીઓને શાંતિ થાય છે' (એમ પ્રચેતાઓએ ભગવાનની સ્તુતિ કરી છે) તેમાં પણ આ જ સિદ્ધાંત છે. તેથી ભક્તો ભગવાનના નામનું સ્મરણ કરે છે અને કીર્તન કરે છે, તે એટલા માટે કે ભગવાન્ તેમના નામનું ગ્રહણ કરે (તેમનું નામ લે).

ભગવાન્ આવાં દૂર ગએલાં પશુઓનાં નામ લે છે તે પણ મેઘના જેવી ગંભીર વાણીથી એટલે તે સર્વના તાપનું નિવારણ કરે તેવા રૂપથી તેઓનાં નામ લે છે. વળી તેઓનાં નામ કૃપા કરી અવસરે-યોગ્ય સમયે લે છે. જ્યારે તે પશુઓ (ભગવાનથી) દૂર ગએલાં હોય જેથી જે ભગવાનનો તેમને સાક્ષાત્કાર થએલો છે તેમનું નામ તેઓ લેતાં ન હોય, ત્યારે ભગવાન્ એવાં દૂર ગએલાં પશુઓને જ બોલાવે છે. પશુઓ સ્વતઃ બુદ્ધિ વગરનાં હોય છે અને તેમને બીજો કોઈ (ભગવાન્ બોલાવે તે સિવાયનો મોક્ષ પ્રાપ્ત કરવાનો) ઉપાય નથી[4]. આવી રીતે

---

૩. મોક્ષ ભગવાન જ આપતા હોય તો શાસ્ત્રો શું કામના ? એવો પ્રશ્ન ઉદ્ભવે તેથી શાસ્ત્રો કેવી રીતે ઉપયોગનાં છે તે અહિં જણાવ્યું છે. મોક્ષનું પ્રતિપાદન કરનાર વેદ, પુરાણ, યોગ, સાંખ્ય વિગેરે સર્વ શાસ્ત્રોમાં જ્ઞાન, ઉપાસના, ચિત્તનો નિરોધ અને સંન્યાસ વિગેરે જે જે સાધનો કહેલાં છે તે સારી રીતે કરવામાં આવે તો તેનાથી ભગવાનમાં એકતાનતારૂપ મનનો ધર્મ પ્રાપ્ત થાય છે. આવી રીતે સાધનો ભગવાન્ સાથે સંબંધ કરાવે છે અને પછી તે જ સાધનો ભગવાનની બુદ્ધિમાં પ્રતિફલિત થાય છે (ભગવાનના વિચારમાં આવે છે), એટલે ભગવાન્ પણ તે જ પ્રમાણે કરે છે. તેથી જ ભીષ્મે બાણશય્યા પર સૂતા પછી ભગવાનનું ધ્યાન ધર્યું ત્યારે ભગવાને પણ તેમનો વિચાર કર્યો. આ મહાભારતમાં રાજધર્મમાં ઘણા શ્લોકોથી કહેલું છે. ધ્રુવે પોતાના આત્માને ભગવાનમાં જોડ્યો એટલે ભગવાને પોતે ધ્રુવ પાસે પધારી તેને દર્શન આપ્યાં, એમ અહિં ચોથા સ્કંધમાં કહેલું છે. તેથી જીવે આચરેલાં સાધનો વિચારી, ભગવાન્ પોતે તે પ્રમાણે આચરણ કરે ત્યારે જ મોક્ષ પ્રાપ્ત થાય છે એવો સિદ્ધાંત છે. (પ્ર).

શ્રવણ, સ્મરણ અને કીર્તન એ સાધનો જીવ કરે, પછી ભગવાન્ પણ તે કરે છે અને ત્યારે જ તેમનાથી ફલની પ્રાપ્તિ થાય છે; 'ભક્તો આ સાધન ભગવાનને નિવેદન કરે છે' એમ ભગવાન્ જાણે, તે તેમણે શ્રવણ કર્યું. 'આ જીવનો મોક્ષ કરવાનો છે' એમ ભગવાન્ વિચારે, તે તેમણે સ્મરણ કર્યું. 'અમુક જીવને મારી પાસે લઈ આવ' એમ ભગવાન્ પોતાના અતિવાહિકો (જીવને ભગવાન્ પાસે લઈ જનારા સેવકો)ને આજ્ઞા કરે, તે તેમણે કીર્તન કર્યું. પાદસેવન વિગેરે ભગવાનનો સાક્ષાત્કાર થયા પછી થાય છે. (લે).

૪. પશુઓ વેદના પૂર્વકાંડમાં કહેલ યજ્ઞ વિગેરે સાધનો કરી શકે નહિ; તેમ જ બુદ્ધિ વગરનાં હોઈ ઉત્તરકાંડમાં કહેલ જ્ઞાનપ્રાપ્તિ વિગેરે સાધનો પણ કરી શકે તેવાં નથી. (લે).

ભગવાન્ તેમનું નામ લે છે, તે પણ પ્રેમથી (પ્રીતિથી) લે છે; કારણ કે પ્રીતિ વિના નામ લે તો તેથી તેઓનું ચિત્ત વિષયોમાંથી છૂટી જાય એવું સંભવે નહિ. વિષયો પ્રત્યક્ષ છે, અને તેનો સદા ભોગ થાય છે. ભગવાન્ નામ લે તે 'શબ્દ' છે. પ્રત્યક્ષ જેનો અનુભવ થતો હોય તે શબ્દથી વધારે બલવાન હોઈ, શબ્દ પ્રત્યક્ષથી દુર્બલ હોવાથી, ભગવાન્ માત્ર નામ લે તો તેના શ્રવણથી વિષયોમાંથી ચિત્ત હટે નહિ, અને વિષયો તજી ભગવાન્ પાસે પશુઓ જાય નહિ; તેથી ભગવાન્ તેમનાં નામો પ્રીતિથી લે છે.

ભગવાન્ પશુઓનાં નામ લે તો ભગવાનની વાણી પણ જો અલૌકિક ન હોય તો તેનાથી અલૌકિક ફલ(મોક્ષ)ની પ્રાપ્તિ થાય નહિ, તે જણાવવા આ ભગવાનની વાણી ગાયો અને ગોપાલોને મનોજ્ઞ (આનંદદાયક) કહેલી છે. વાણી સાક્ષાત્ ગાયો અને ગોપાલોને મનોજ્ઞ (આનંદદાયક) થાય છે. ગોપો ગુરુઓ[૫] છે અને ગાયો અધિકારી જીવો જેવી છે. ગોપો અને ગાયો બંનેને પહેલાંથી જ[૬] ભગવાનની વાણી મનોજ્ઞ (આનંદદાયક) લાગે છે, કારણ કે તેનાથી જ તેઓને ફલનો અનુભવ થાય છે[૭]. કોઈને મુક્તિ આપવાની હોય ત્યારે ભગવાન્ આ જ[૮] લીલા કરે છે.

ભગવાન્ માત્ર પોતાની વાણીથી જ પશુઓને બોલાવે તો કોને બોલાવે છે તે નહિ જણાવાથી, 'મને બોલાવે છે' એમ ખબર નહિ પડવાથી પશુઓ પાછાં (ભગવાન્ પાસે) ન આવે તેવું પણ બને, તેથી કોને કોને બોલાવે છે, એમ

---

૫. ગુરુ એટલે શિક્ષક, (પ્ર). ગોપાલો ગાયોને ભગવાનની સમીપ લાવે છે, તેથી તેઓ ગાયોને ભગવાનની પ્રાપ્તિ કરાવતા હોવાથી તેઓ 'ગુરુ' છે. (લે).

૬. ભગવાનનાં દર્શન થતાં પહેલાં જ. ભગવાન્ નામથી બોલાવે તે ભગવાનની વાણીથી જ તેમને રસનો અનુભવ થાય છે. (નોટ ૩માં જણાવ્યા પ્રમાણે પ્રતિફલિત કીર્તન) પછી ગાયો ભગવાન્ પાસે જઈ તેમનાં દર્શન કરે તે ફલ. ભગવાન્ બોલાવે ત્યારે તેમની વાણીથી જ આનંદ એટલે રસનો અનુભવ ગાયોને થાય છે. તેથી ભગવાનનું દર્શન (ફલ) પ્રાપ્ત થયા પહેલાં, સાધનદશામાં જ તેમને રસનો અનુભવ થાય છે. ઉપર પ્રમાણે ભગવાન્ તેમને બોલાવે એ ભગવાનની વાણી સાધન દશામાં જ તેમને રસનો અનુભવ કરાવતી હોવાથી 'અલૌકિક' છે. (લે).

૭. અહિં સુધી પુષ્ટિમાર્ગ પ્રમાણે સાયુજ્ય અને મુક્તિની પ્રાપ્તિ કેમ થાય છે તે દર્શાવ્યું. આ પછીના વાક્યથી મર્યાદામાર્ગ પ્રમાણેના સાયુજ્ય અને મુક્તિને આ સિદ્ધાંત લાગુ પાડે છે. (પ્ર)

૮. 'આ જીવને મારી પાસે લઈ આવ' એવી આતિવાહિકને આજ્ઞા આપવાની લીલા. આ કીર્તનરૂપ છે. શ્રવણ અને સ્મરણ તે પહેલાં થઈ ગએલાં હોવાથી તેઓ તેનાં અંગ છે, તેથી અહિં 'એવ' 'જ' યોજેલો છે. શ્રીકૃષ્ણ તો મોક્ષનું દાન કરવા જ સાક્ષાત્ પ્રકટ થએલ હોવાથી પોતે જ ગાયોને બોલાવે છે અને આતિવાહિકની જરુર નથી. (લે)

(મોક્ષના) જુદા જુદા અધિકારીઓને જાણ થાય તે માટે ભગવાન્ તેઓનાં 'નામો' લઈ તેમને બોલાવે છે, એમ 'નામો' એ શબ્દ બહુવચનમાં યોજેલો છે, વળી તે દરેક પશુનાં અવાંતર સાધનો[૯] પણ ભગવાને વિચારેલાં છે (ધ્યાનમાં લીધેલા છે), એમ પણ દર્શાવવા 'નામો' એ શબ્દ બહુવચનમાં યોજેલો છે.

મૂલ તો આ બધાં પશુઓ (બુદ્ધિ વિનાના જીવો) અને તે પણ વળી (ભગવાનથી) દૂર ગએલાં[૧૦]. તેથી જો ભગવાન્ પોતે એમને માક્ષનું દાન ન કરે તો તેઓ મોક્ષ વિનાનાં (બદ્ધ) જ રહે. ૧૨.

એ પ્રમાણે ચાર પુરુષાર્થથી લીલા કહી, હવે દશ રસના પ્રકારથી ભગવાનની લીલા કહે છે. તેમાં પહેલાં (શ્લોક ૧૩થી) છ રસની લીલા કહે છેઃ

**ચકોરક્રૌઞ્ચચક્રાહ્વભારદ્વાજાંશ્ચ બર્હિણઃ ।।**
**અનુરૌતિ સ્મ સત્ત્વાનાં ભીતવદ્ વ્યાઘ્રસિંહયોઃ ।।૧૩।।**

(આવા વૃંદાવનમાં પ્રસન્નમનવાળા લક્ષ્મીયુક્ત શ્રીકૃષ્ણ) ચકોર, ક્રૌંચ, ચક્રાહ્વ, ભારદ્વાજ અને મયૂરના જેવો અવાજ કરતા હતા. પ્રાણીઓ મધ્યે વાઘ અને સિંહથી બીધેલા (હોય તેના) જેવો અવાજ કરતા હતા. ૧૩.

ચકોર ચંદ્રનાં કિરણોનો ભોગ કરે છે. ચકોરનો ભોગ અલૌકિક છે. કારણ કે ચકોર સિવાય બીજું કોઈ પ્રાણી ભૂમિ ઉપર પડેલાં ચંદ્રનાં કિરણોનો ભોગ કરી શકતું નથી. સૂર્યનાં કિરણો ચંદ્રનાં કિરણોનો ભોગ કરે છે. સૂર્યકિરણો પેઠે જ ચકોર પક્ષીઓ પણ ચંદ્રનાં કિરણોનો ભોગ કરે છે[૧]. જો ચકોર ચંદ્રનાં કિરણોનો ભોગ કરતાં ન હોય તો તેમના શરીરમાં શીતલતા ન થાય[૨]. પુરુષો સ્ત્રીઓનો ભોગ કરે છે

---

૯. અવાંતર સાધન એટલે કીર્તન પહેલાંનું સાધન, રૂપનું ધ્યાન વિગેરે. (લે) અવાંતર સાધન એટલે યોગમાયા. (પ્ર) પોતાની પાસે ગાયોને લાવનાર અવાંતર સાધન 'યોગમાયા'નો પ્રભુ પરિગ્રહ કરે છે, એવો પ્રકાશકારનો મત જણાય છે; પણ મૂલમાં (સુબોધિનીમાં) 'ચ' શબ્દ છે અને આ અવાંતર સાધનને (યોગમાયાને) 'નામોથી' એ બહુવચન સાથે કાંઈ સંબંધ જણાતો નથી. તેથી લેખના આશય પ્રમાણે ઉપર અર્થ કરેલો છે.

૧૦. દૂર ગએલાં તેથી ભગવાન્ ક્યાં છે, તે સ્થાનને નહિ જાણનારાં. (પ્ર) દૂર ગએલાં એટલે દેખાતાં ન હોય તેવાં. (લે) (આ અર્થ લેખમાં પહેલાં આ શબ્દ આવેલ ત્યાં આપેલો છે).

૧. ચંદ્રનાં કિરણોમાં જલનો અંશ છે, અને સૂર્યનાં કિરણો તેનો ભોગ કરનારાં છે. (જો ચંદ્રનાં કિરણોનો (જલરૂપ છે તેનો) સૂર્યનાં કિરણો ભોગ કરતાં ન હોય, એટલે સૂર્ય પોતાનાં કિરણોથી જલનું ગ્રહણ કરતો ન હોય તો વરસાદ જ થાય નહિ). તેવી જ રીતે ચકોર પણ ચંદ્રનાં કિરણોનો ભોગ કરે છે. (લે)

૨. ચંદ્રનાં કિરણોનો સ્પર્શ બહાર ત્વચાને થાય છે. તે કિરણો જો ત્વચા દ્વારા શરીરમાં પ્રવેશ કરતાં ન હોય તો તેમનાથી શરીરમાં શીતલતા ન થાય. ચંદ્રનાં કિરણોથી શરીરમાં તાપની શાંતિ (શીતલતા) થાય છે, એ તેના કાર્યથી ચંદ્રનાં કિરણોનો ભોગ થાય છે એવું અનુમાન

પણ પુરુષોનો ભોગ કોઈ કરતું નથી; તેથી ચંદ્રનાં કિરણો પુરુષરૂપ (નરજાતિ) હોવાથી તેઓનો ચકોરપક્ષીઓ ભોગ કરી શકે નહિ એમ ન માનવું, કારણ કે ચંદ્રનાં કિરણોનો ભોગ ચકોરપક્ષીઓ કરે છે, તેમ જ સર્વ પુરુષોનો ભોગ સ્ત્રીઓ કરે છે; સર્વ પુરુષો સ્ત્રીઓથી ભોગવાય છે[3] અને તેઓનું દાસ્ય અનુભવે છે; તેઓની ગુલામી કરે છે. પુરુષો સ્ત્રીઓનો ભોગ કરે છે અને રસનો અનુભવ કરે છે. એમ તો માત્ર લોકમાં દેખાય છે[4]; પણ વસ્તુતઃ પુરુષો સ્ત્રીઓનો ભોગ કરતા નથી, રસનો અનુભવ કરતા નથી પણ સ્ત્રીઓની ગુલામી જ કરે છે. ભગવાન્ પુરુષો પેઠે દેખાવમાં જ રસનો અનુભવ કરતા હોય અને વસ્તુતઃ સ્ત્રીઓનું દાસ્ય કરતા હોય તેવા નથી, એમ લૌકિક પુરુષોથી ભગવાન્ વિલક્ષણ[5] છે; તે જણાવવા શૃંગાર રસના સંબંધમાં ચકોરપક્ષી જેવો ભગવાન્ અવાજ કરે છે.

(૧) શૃંગારરસના સંબંધવાળાં ચકોરપક્ષીઓનો ભોગ અલૌકિક હોવાથી, <u>ભગવાન્ તેઓના જેવોજ અવાજ કરે છે[6], અને તેથી પોતે તેઓના જેમ અલૌકિક</u>

થાય છે. ચકોર પક્ષી તો ભૂમિ ઉપર પડેલાં ચંદ્રનાં કિરણોનો ભોગ કરે છે, એ તેનામાં વિશેષ (ગુણ) છે. (પ્ર)

ચંદ્રનાં કિરણો આપણે જોઈએ છીએ તેથી આપણાં નેત્રોનો તાપ મટે છે, તેમ ચકોરના નેત્રોનો તાપ પણ મટે; પણ તેથી ચકોર પક્ષી તે કિરણોનો ભોગ કરે છે એમ કેમ કહેવાય ?' એવી શંકા મટાડવા આ વાક્ય કહેલું છે, જો ચકોરપક્ષી ચંદ્રનાં કિરણોનો ભોગ કરતાં ન હોય તો તે કિરણોથી તેમના શરીરમાં શીતલતા ન થાય અને અંગારા ખાવાથી તેમના શરીરમાં જે તાપ થએલો હોય તે મટે નહિ. (લે)

૩. ભોગવાય છે એટલે સાર અથવા સત્ત્વ વિનાના કરાય છે. (લે)

૪. પુરુષો સ્ત્રીઓનો ભોગ કરે છે, એમ માત્ર લોક માને છે. વસ્તુતઃ સ્ત્રીઓ પુરુષોનો ભોગ કરી તેમને સાર અથવા સત્ત્વ વિનાના કરે છે, છતાં પુરુષોમાં વિવેક રહેલો નહિ હોવાથી તેઓ એમ માને છે કે અમે સ્ત્રીઓનો ભોગ કરીએ છીએ. આનું વિવેચન ૧૦।૨૭।૩૪ પરનાં શ્રીસુબોધિની માં કરેલું છે, તેથી ચંદ્રકિરણો જેવા પુરુષો છે અને ચકોર જેવી સ્ત્રીઓ છે એવું તાત્પર્ય છે. ભગવાન્ આ પુરુષોથી જૂદા પ્રકારે રસનો અનુભવ કરે છે. ચંદ્રકિરણ જેવી સ્ત્રીઓ છે અને ચકોર જેવા ભગવાન્ છે, તેથી તે ચકોર જેવો અવાજ કરે છે. (લે)

૫. કામશાસ્ત્રમાં કહેલાં લક્ષણો કોઈ પુરુષમાં સંભવતાં નથી તેથી પુરુષમાં ભોક્તૃત્વ ગૌણ (નામનું જ) છે; પણ સ્ત્રીઓ જ ભોગ કરનારી છે. ભગવાનમાં તો કામશાસ્ત્રમાં કહેલા સર્વ ગુણો હોવાથી તે પોતે ભોક્તા છે, તેથી ભગવાન્ પુરુષોથી વિલક્ષણ છે. (યો)

૬. જે જે રસનો સ્થાયિભાવ જે જે પ્રાણીમાં પ્રસિદ્ધ છે તે તે રસમાં ભગવાન્ તે તે પ્રાણીનું અનુકરણ કરે છે. જેમકે ચકોરમાં ચંદ્રિકા માટેનો પ્રેમ (શૃંગારરસનો સ્થાયિભાવ) પ્રસિદ્ધ છે. ક્રૌંચમાં યુદ્ધ માટેનો ઉત્સાહ (વીરરસનો સ્થાયિભાવ) પ્રસિદ્ધ છે, તેથી ભગવાન્ તેઓના જેવો અવાજ કરે છે, જેથી તે તે રસોની સ્મૃતિથી તે તે રસનો આસ્વાદ થતાં તે તે રસના શોખીન ભક્તો ભગવાનની સેવા કરી શકે; તેથી જ ભગવાન્ આવી રીતે બધા દશે રસો

રસભોક્તા છે એમ જણાવે છે.

તેવીજ રીતે (૨)વીરરસમાં ક્રૌંચપક્ષી[૭] પ્રસિદ્ધ છે. તેથી ભગવાન્ તેઓના જેવો અવાજ કરે છે અને પોતામાં વીરરસ પણ અલૌકિક છે એમ દર્શાવે છે.

(૩)કરુણારસમાં ચક્રવાક પક્ષી પ્રસિદ્ધ છે, તેથી ભગવાન્ તેના જેવો અવાજ કરે છે. ચક્રવાક કરુણામાં પ્રસિદ્ધ છે[૮], કારણ કે તે વિરહાવસ્થાનું (વિયોગનું) દુઃખ ઘણું અનુભવે છે. 'ચક્ર' પદમાં ચક્ર ફરતું ફરતું કોઈને મારે એટલે કોઈનો પ્રાણ લે એવો ભાવાર્થ રહેલો[૯] છે. તેવા ચક્રથી 'આહ્વ' નામ અથવા બોલાવવાનું જેને છે તે ચક્રાહ્વ-ચક્રવાક; તેથી ચક્રવાક માટે અવશ્ય કરુણા રહે જ, ચક્રવાકમાં કરુણારસ હોવાથી ભગવાન્ તેના જેવો અવાજ કરે છે.

(૪) ભારદ્વાજપક્ષી અદ્‌ભુતરસમાં પ્રસિદ્ધ છે. ક્રમ નિયામક છે (ચોથો રસ અદ્‌ભુત રસ છે, અને અહિં 'ભારદ્વાજ' પક્ષી ચોથું કહેલું છે, તેથી તે ચોથા રસ માટે (અદ્‌ભુતરસ માટે) પ્રસિદ્ધ છે, એમ ક્રમ ઉપરથી જણાય છે. 'ભારદ્વાજ' એવું જેનું નામ છે તે ભારદ્વાજ પક્ષી. ભારદ્વાજ દ્વિજન્મ (બ્રાહ્મણ) હતા[૧૦]. તેમના નામનો સંબંધ જણાવવો એ અદ્‌ભુતરસને અનુગુણ (યોગ્ય) છે.

---

સંબંધી લીલા કરે છે એમ જાણવું. (લે)

૭. ક્રૌંચમાં વીરરસ પ્રસિદ્ધ છે. કાશ્મીર જેવા ઘણા બરફવાળા પ્રદેશમાં આ પક્ષીઓ ઈંડાં મૂકે છે અને પોતે દૂર દેશમાં રહે છે. તેમનાં ઈંડાં બરફથી ઢંકાઈ જવા છતાં તેઓ આકાશમાં ઉડી પોતાના શબ્દથી જ આવા બરફથી ઢંકાએલાં ઈંડાં સેવે છે અને તેથી ઈંડાં જીવે છે, આ તેમનું વીર્ય દર્શાવે છે. વળી હેમંત ઋતુમાં ક્રૌંચનો અવાજ જ વીરરસ ઉત્પન્ન કરનાર છે એવું વર્ણન કરવામાં આવે છે, તેથી પણ તે વીરરસમાં પ્રસિદ્ધ છે એમ સિદ્ધ થાય છે. (પ્ર)

૮. કોઈને દુઃખ થાય ત્યારે કરુણા થાય. ચક્રવાક ચક્રવાકીના વિયોગથી બહુ વ્યાકુલ રહે છે. શોક તેને કાયમ રહ્યા કરે છે, તેથી તે બહુ દુઃખી રહે છે અને તેથી કરુણારસ માટે તે પ્રસિદ્ધ છે. (યો)

૯. ચક્રમાં એટલે જલચક્રમાં પડેલ પુરુષ બહુ દુઃખી થાય છે. તેને મારવા ચક્ર ઘણા પ્રકારે પ્રયાસ કરે છે. તેવી રીતે વિરહચક્રમાં પડેલો ચક્રવાક બહુ પીડા અનુભવે છે. તેના જેવો ભગવાન્ અવાજ કરી ભગવાન્ એમ દર્શાવે છે કે વ્રજની સ્ત્રીઓના વિરહથી તે વ્યાકુલ છે અને ચક્રભ્રમણમાં પડેલ પુરુષ પેઠે દુઃખી છે. તેથી જ ગીતગોવિંદમાં ભગવાનનાં વચન છે કે 'હે અનંગ, હરની ભ્રાંતિથી (મને શંકર માની) તું મને પ્રહાર ન કર' 'હે સખિ ! સારી રીતે ગોળ સ્તનમંડલ મારા પ્રાણો સાથે કેમ રમે છે ?' વિગેરે. આવી રીતે વિપ્રલંભ શૃંગારમાં કરુણારસ સ્પષ્ટ છે. શૃંગારરસનો સંબંધ હોવાથી જ કરુણારસમાં રસ છે. જ્યાં કરુણાને શૃંગારનો સંબંધ ન હોય ત્યાં તે માત્ર કરુણા જ રહે છે, પણ કરુણારસ હોતો નથી. તેવી જ રીતે હાસ્ય વિગેરે બીજા રસોમાં પણ શૃંગારરસના સંબંધથી જ રસપણું હોય છે, કારણ કે નાટ્યશાસ્ત્રનો એવો સિદ્ધાંત છે કે શૃંગારરસમાં સર્વ રસોનો સમાવેશ થાય છે. (યો)

૧૦. દ્રોણાચાર્ય ભારદ્વાજ હતા. ભારદ્વાજ એટલે ભરદ્વાજ ઋષિના પુત્ર. ભરદ્વાજ ઋષિનું

(૫) મયૂર હાસ્યરસ માટે પ્રસિદ્ધ છે. મયૂર હાસ્યરસ માટે કેવી રીતે પ્રસિદ્ધ છે, તે પહેલાં (આજ અધ્યાયના શ્લોક ૧૧ પરનાં સુબોધિનીમાં) દર્શાવેલું છે. આ પાંચે રસો એકબીજાથી બહુ વિરુદ્ધ નથી, તેથી આ પાંચે ભેગા એક સાથે કહેલા છે; પણ

(૬) ભયાનક રસ બીજા બધા રસોને દબાવી દેનારો છે, તેથી તેનું નિરૂપણ જૂદું કરે છે. (ભગવાન્) પ્રાણીઓની મધ્યે વાઘ અને સિંહથી બીધેલાની પેઠે અવાજ કરે છે. આવી રીતે રસનો આવિર્ભાવ કરવામાં પ્રમાણ પ્રસિદ્ધ છે, તેથી અહિં 'સ્મ' શબ્દ યોજેલો છે. ભય બે પ્રકારનો છે. ૧.સ્વરૂપનો નાશ થવાનો ભય, અને ૨.અભિમાન વિગેરે ધર્મો નાશ થવાનો ભય. તે પૈકી (પ્રથમ) સ્વરૂપનો નાશ થવાનો ભય[૧૧] વાઘથી થાય છે અને (બીજો) અભિમાન વિગેરે ધર્મો નાશ થવાનો ભય[૧૧] સિંહથી થાય છે. વળી ભય બહુ પ્રકારનો હોય છે. સામો ઉપાય કરી ન શકે (વૈર વાળી શકે નહિ) તેવાં પ્રાણીઓને મનથી કલ્પવામાં આવેલો ભય પણ થાય છે, અને બીજાઓને (વૈર વાળી શકે તેવાઓને) બીજી રીતે (વાસ્તવિક ભય આવે ત્યારે) ભય થાય છે. તેમાં સસલાં વિગરે પ્રાણીઓમાં વૈર વાળવાની સંભાવના પણ હોતી નથી, આવાં પ્રાણીઓની અવસ્થા ભયની છેવટની હદ છે. (ઘણામાં ઘણો ભય આવાં પ્રાણીઓને થાય છે. ભય આવે ત્યારે વૈર વાળવાની શક્તિ નહિ હોવાથી તેઓ શાંત રીતે પડ્યાં રહે છે. તેથી આવાં પ્રાણીઓને ભય થાય છે તેવો ભય થયો છે, એમ દર્શાવવા શાંત પડ્યા રહેવું જોઈએ પણ) રસનો અભિનય કરવાનો હોય ત્યારે ચેષ્ટા (ક્રિયા) કરતાં વચનથી તે વધારે સારી રીતે થઈ શકે છે; તેથી ભગવાન્ આવાં પ્રાણીઓના જેવો વાઘ અને સિંહથી બીધેલા હોય તેવો અવાજ કરે છે એમ જ કહેલ છે. ૧૩.

(એવી રીતે છ રસની લીલા કહી) હવે બીભત્સરસ ની લીલા[૧] કહે છેઃ

---

વીર્ય ઘૃતાચિ અપ્સરાને જોઈ સ્ખલિત થયું, તે તેમણે દ્રોણ(વાસણ)માં રાખ્યું; તેમાંથી દ્રોણનો જન્મ થયો, આવી અદ્‌ભુત રીતે ભારદ્વાજનો જન્મ થએલો હોવાથી તે નામ 'અદ્‌ભુત' રસ સાથે સંબંધ ધરાવે છે.

૧૧-૧૧. સ્વરૂપનો નાશ થવાના કારણરૂપ ભયનું ઉદ્દીપન કરનાર (વધારનાર) વાઘ છે. તેવી જ રીતે અભિમાન વિગેરે ધર્મોનો નાશ થવાના ભયનું ઉદ્દીપન કરનાર સિંહ છે. (પ્ર)

૧. બીભત્સરસનો અનુભાવ અને ઉદ્દીપનવિભાવ કરાવનારી લીલા. (પ્ર) આ બીભત્સરસમાં પણ શૃંગારરસના સંબંધથી જ રસપણું થાય છે, નહિ તો કેવલ બીભત્સ રહે, રસ ન થાય. શૃંગારરસમાં બીભત્સરસની પણ આકાંક્ષા રહે છે, તેથી જ બંને રસના આલંબનવિભાવમાં પરસ્પર અત્યંત આકાંક્ષા રહે છે અને તેથી માન ખંડિતા વિગેરે ભાવો થાય છે. બીભત્સરસનો સ્થાયિભાવ જુગુપ્સા (અણગમો અથવા તિરસ્કાર) છે, અને તેથી મન તે ભાવ ઉપજાવનાર તરફથી પાછું હઠે છે. જરા પણ સ્નેહની ખામી જોવાથી, ખોટા જ્ઞાનથી,

**ક્વચિત્ક્રીડાપરિશ્રાન્તં ગોપોત્સંગોપબર્હણમ્ ।।**
**સ્વયં વિશ્રમયત્યાર્યં પાદસંવાહનાદિભિઃ ।।૧૪।।**

(આવા વૃંદાવનમાં પ્રસન્ન મનવાળા લક્ષ્મીયુક્ત શ્રીકૃષ્ણ) પોતે ક્રીડાથી બહુ થાકી ગએલા અને ગોપના ખોળાનું ઓશીકું કરેલા (કરી સૂતેલા) આર્ય-(બલભદ્ર)નો કોઈવાર પગચંપી વિગેરેથી શ્રમ દૂર કરે છે. ૧૪.

(ભગવાન્) પોતે કોઈવાર પગચંપી વિગેરેથી આર્ય(બલભદ્ર)નો શ્રમ દૂર કરે છે; કારણ કે જે ચાલે તેના પગને શ્રમ થાય છે. અહિં 'વિગેરે' શબ્દથી અંગમર્દન (શરીરની ચંપી) તે (બલભદ્ર) કહે તે કરવું, શય્યા પાથરવી વિગેરે કહેલાં છે. (આ બધાં કાર્યો કરી ભગવાન્ બલભદ્રનો શ્રમ ઉતારે છે). ઉત્તમ હોય તે હીન(હલકા)થી પણ હલકો ભાવ જણાવે ત્યારે બીભત્સ[2] થાય છે. ભગવાન્ આવી રીતે વર્તે તે ભક્તોને જ બહુ અનુચિત (અયોગ્ય) લાગે, તેથી તેમને જ તે બીભત્સ જણાય. જેમકે 'ખાડાખડીઆવાળા ભાગમાં રહેલું માંસ પણ શાંતિથી ખાય છે' (માલતી-માધવ ૫.૧૬) તે જોવું પિશાચોને બીભત્સ લાગતું નથી, તેવી રીતે માંસ ખાવામાં આવે તે જોવા છતાં પિશાચોને તેથી બીભત્સરસ ઉત્પન્ન થતો નથી, પરંતુ આપણા જેવાને જ (તે સાંભળવાથી પણ) બીભત્સરસ ઉત્પન્ન થાય છે. તેમ ભગવાન્ બલભદ્રની પગચંપી કરે, શય્યા પાથરી આપે તેથી ભક્તોને જ બીભત્સરસ ઉત્પન્ન થાય, પણ બીજાને ઉત્પન્ન થાય નહિ; કારણ કે હરકોઈ

---

અથવા (પ્રેમીનું) અયોગ્ય આચરણ જોવાથી, તેનાથી પરમ આનંદ થાય તેમ નથી એવું ભાન થતાં માન ખંડિતા વિગેરે ભાવો આ(બીભત્સરસ)થી થાય છે, તેથી શૃંગારરસનું પોષણ કરતાં જ બીભત્સમાં પણ રસપણું થાય છે. તેથી જ કાવ્યપ્રકાશમાં વ્યંજનાનું દૃષ્ટાંત 'નિઃશેષચ્યુતચંદનં સ્તનતટમ્....' શ્લોકમાં આપેલું છે. નાયિકા નાયકને મનાવવા દૂતિને મોકલે છે, તે દૂતિ સાથે નાયકે સંભોગ કર્યાનું જ્ઞાન નાયિકાને થતાં આ શ્લોકમાં તે તેને 'અધમ' કહે છે; કારણ કે તે તેના હલકા કાર્યથી બીભત્સરસ ઉત્પન્ન થતાં નાયિકાનું મન તેનાથી હટે છે. તેવી જ રીતે ગીતગોવિંદમાં પણ 'હે માધવ, હે કેશવ, તમે જાઓ; ઠગવાની વાત ન કરો' શ્લોકમાં બીભત્સરસ દેખાય છે. અહિં ભગવાન્ બલભદ્રની પગચંપી કરે છે તે જોઈ, 'ભગવાન્ શૃંગાર-રમણનો ઉદ્યોગ તજી આવી નકામી ક્રિયા કેમ કરે છે?' તેવો ગોપીઓના મનમાં બીભત્સરસ થાય છે. માત્ર અણગમો ઉપજાવે તેવી ચીજનું નિરૂપણ કરવાથી બીભત્સરસ થતો નથી, કારણ કે ઉત્તમ પુરુષોને જે ગમે અને તેમને જેનાથી સુખ થાય તે રસ. માત્ર ખરાબ ચીજનું વર્ણન કરવાથી તો ઉત્તમ પુરુષોને વમન વિગેરે થવાથી દુઃખ થાય અને સુખ લેશ પણ ન થાય, તેથી ત્યાં રસ જ નથી; તેથી શૃંગારરસના સંબંધથીજ બીભત્સરસમાં રસપણું છે, તેવી જ રીતે વીર, કરુણા, હાસ્ય વિગેરે રસો પણ શૃંગારરસના (પોષક) વિભાગો જ છે, અને તેમનાથી શૃંગારરસ પુષ્ટ થાય છે. તેથી 'તે રસ જ છે' એ શ્રુતિ શૃંગારરસના આત્મા વૃંદાવનચંદ્ર શ્રીકૃષ્ણનું જ નિરૂપણ કરે છે. (યો)

૨. બીભત્સ એટલે જોનારને અણગમો અથવા તિરસ્કાર ઉત્પન્ન કરનાર. (લે)

રસમાં જે કોઈની પ્રીતિ હોય તે ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કરે, તે માટે આ સર્વ દશે રસો જુદા જુદા રસમાં પ્રેમવાળા જીવોનો ભગવાનનું ભજન કરવાનો અધિકાર જણાવવા અહિં ભગવાનમાં વર્ણવેલા છે.

ભગવાન્ બલભદ્રની પગચંપી વિગેરે કરે છે, તેનું કારણ એ છે કે બલભદ્ર ક્રીડાથી થાકી ગએલા છે. આ ક્રીડા તે મલ્લક્રીડા, ભગવાન્ સાથે જ તેમણે મલ્લક્રીડા કરેલી; કારણ કે સર્વથી બલવાન સાથે એવી ક્રીડા કરીને લીધેલા શ્રમથી ઘણું બલ ઉત્પન્ન થાય છે, પણ આરંભમાં (પ્રથમ) ઘણી પીડા થાય છે. આ પીડા દૂર કરવાનો ઉપાય ભગવાન્ સિવાય બીજું કોઈ જાણતું નથી, કારણ કે ભગવાનના બલથી જ તે પીડા બહુ થએલી છે, ભગવાન્ સાથે તેમણે ઘણી મલ્લક્રીડા (કુસ્તી) કરેલી, આ હકીકત 'બહુ થાકેલા' શબ્દથી કહેલી છે. બલભદ્ર થાકી જવાથી બહુ વિહ્વલ થયા હતા, એમ 'કોઈ ગોપના જ ખોળાનું ઓશીકું કરેલા' તેથી સૂચવાએલું છે, બહુ વિહ્વલ થએલા હોવાથી જ તે વિકલ[3] (ભાનરહિત) થએલા હતા અને તેથી જ પોતાના સ્વામિ (ભગવાન્) આવા ઉપચાર કરે તે સહન કરતા હતા. (ભાનરહિત ન હોય તો ભગવાનને આવું હલકું કામ કરવા ન જ દે). બલભદ્ર આર્ય (મોટાભાઈ) હોવાથી જ ભગવાન્ આવું હલકું કામ કરતા હતા. ૧૪.

હવે (શ્લોક ૧૫માં) રૌદ્રરસ[1] (આઠમો) કહે છેઃ

**નૃત્યતો ગાયતઃ ક્વાપિ વલ્ગતો યુધ્યતો મિથઃ ।।**
**ગૃહીતહસ્તૌ ગોપાલાન્ હસન્તૌ પ્રશશંસતુઃ ।।૧૫।।**

(આવા વૃંદાવનમાં પ્રસન્નમનવાળા લક્ષ્મીયુક્ત શ્રીકૃષ્ણ અને બલભદ્ર) ક્યાંક નૃત્ય કરતા, (ક્યાંક) સામસામા યુદ્ધ કરતા અને (ક્યાંક) બડાઈ કરતા ગોપાલોને હાથ પકડી હસતા હતા અને તેમની પ્રશંસા કરતા હતા. ૧૫.

અહિં રૌદ્રરસ કહેલો છે, કારણ કે મલ્લોના વીરરસ જેવો (ક્રોધ ઉત્પન્ન

---

૩. બલભદ્રને આ સમયે 'ભગવાન્ મારા સ્વામિ છે' એવી સ્ફુર્તિરૂપ જ્ઞાન રહેલું નથી, કારણ કે તે ક્રિયામાં જ રોકાએલા છે. આ તેમનું જ્ઞાન જતું રહેલું હોવાથી તે 'વિકલ' છે. (લે)

૧. ગોપોએ ઉદ્દીપન (જાગ્રત) કરેલો અને અનુભવાવેલો રૌદ્રરસ (પ્ર). આ રૌદ્રરસ પણ શૃંગારરસના સંબંધવાળો છે. આવા મલ્લયુદ્ધમાં ભગવાનની આસક્તિ છે એમ ગોપીઓ જૂએ છે, ત્યારે આવી રીતે વૃથા સમય ગૂમાવનાર નંદનંદન તરફ શૃંગારરસના સંબંધવાળા ક્રોધમાંથી તેમનામાં રૌદ્રરસ ઉત્પન્ન થાય છે, આવી રીતે આમાં પણ શૃંગારરસનો સંબંધ હોવાથી જ તે 'રસ' છે. ક્રોધ-સ્થાયિભાવવાળો આ રૌદ્રરસનો માનિની (પોતે માન કરે અને નાયક પાસે જાય નહિ તે) અને (નાયકે જેનો ત્યાગ કરેલો હોય તે) વિપ્રલબ્ધા નાયિકાઓને ઘણી રીતે અનુભવ થાય છે. (યો)

૨. ગોપોને અનુભવ થતા આ રસનું ભગવાન્ વર્ણન કરે છે. (લે)

કરનાર) રૌદ્રરસ છે. આ રસ ભગવાનમાં ઉત્પન્ન થતો નથી, બીજાઓમાં એટલે ગોપોમાં ઉત્પન્ન થાય છે. છતાં ભગવાન્ તેમાં ભળે[2] છે, તેથી આ પણ ભગવાનની રસવાળી લીલા (ગણેલી) છે.

**કાયવાઙ્મનોભિર્યુદ્યુક્તમયુક્તં પીડકં ચ તત્ ।।**
**ચતુર્વિધા મલ્લલીલા સ્તૂયતે હરિણા મુદા ।।૧।।**

(૧) કાયા (૨) વાણી અને (૩) મનથી જે યોગ્ય છે, અને (૪) જે પીડા કરનાર હોઈ અયોગ્ય[3] છે. તેવી ચાર પ્રકારની મલ્લલીલાની હરિ આનંદથી પ્રશંસા કરે છે[4]. કા.૧.

આ લીલા (મલ્લલીલાની પ્રશંસા) શ્રીકૃષ્ણ અને બલભદ્ર ઉભય કરે છે, તેથી આ બંનેની સાધારણ લીલા હોવાથી તે બંને કરે છે એમ કહ્યું છે. મલ્લયુદ્ધમાં બબ્બે (મલ્લની જોડી યુદ્ધ કરે છે), બીજે બધા ઘણા (એકસાથે ક્રીડા કરે છે). આ ચાર પૈકી નૃત્ય કાયાની લીલા છે, ગાન વાણીની લીલા છે, અને બડાઈ મારવામાં પોતપોતાની બડાઈનાં બણગાં ફૂંકવાનાં હોવાથી તે માનસી (મનની) લીલા છે. અને સામસામા યુદ્ધ કરવું એ દુઃખરૂપ કાર્ય શારીરિક કાર્ય જેવું છે. આવી રમતો કરતા કેટલાક ગોપોને શ્રીકૃષ્ણ અને બલદેવ હસતા હતા અને કેટલાકની પ્રશંસા કરતા હતા. કોઈએ પક્ષપાતથી કોઈની ક્રિયા(રમત)માં વચ્ચે આવવું નહિ, એમ જણાવવા તેઓ એકબીજા ગોપોના હાથ પકડી તેમની હાંસી અથવા પ્રશંસા કરતા હતા. આવી રીતે કોઈની હાંસી અથવા પ્રશંસા કરવી, એ રમત લોકમાં પ્રસિદ્ધ છે; અને તેમ જે કરતા હોય તે રમતમાં મુખ્ય રમનારા છે એમ જણાવે છે. અથવા શ્રીકૃષ્ણ અને બલભદ્ર બંને હસતા હતા અને પ્રશંસા કરતા હતા. પ્રથમ હસીને પોતાનો સંતોષ દેખાડતા હતા, અને પછી પ્રશંસા કરતા હતા. ૧૫.

હવે (શ્લોક ૧૬માં) શાંતરસ(નવમા)ની[1] લીલા કહે છેઃ

**ક્વચિત્ પલ્લવતલ્પેષુ નિયુદ્ધશ્રમકર્ષિતઃ ।।**

---

૩. નૃત્ય ગાન અને બડાઈ મારવી એ ત્રણ અનુક્રમે કાયા વાણી અને મનના યુક્ત અથવા પીડા નહિ કરનારાં યુદ્ધ છે. સામાસામા યુદ્ધ કરવું એ પીડા કરનારું અથવા અયુક્ત યુદ્ધ છે. (કા)

૪. હરિ આ મલ્લયુદ્ધની પ્રશંસા જ કરે છે, પોતે તે લીલા કરતા નથી; કારણ કે કાયા, વાણી અને મનથી નૃત્ય વિગેરે જે ક્રીડા થાય છે તે ભ્રમથી યુક્ત, અયુક્ત અને પીડા કરનારી છે. પણ યુક્ત (યોગ્ય) અને પીડા ન કરે તેવી લીલા મુખ્ય ભક્તો સાથે ભગવાન્ કરે છે એવો ભાવ છે. (પ્ર)

૧. શાંતરસની એટલે શાંતરસના અનુભાવવાળી લીલા. (પ્ર). આ પણ શૃંગારરસના સંબંધવાળી હોવાથી જ રસ છે. આનો શૃંગારરસ સાથેનો સંબંધ સુબોધિનીમાં પરોક્ષ રીતે જણાવેલો છે, અને ટિપ્પણીમાં તો સ્પષ્ટ જ કહેલો છે. આવી રીતે આ નવે રસનો

**વૃક્ષમૂલાશ્રયઃ શેતે ગોપોત્સંગોપબર્હણઃ ॥૧૬॥**

(આવા વૃંદાવનમાં પ્રસન્નમનવાળા લક્ષ્મીયુક્ત શ્રીકૃષ્ણ) જેમણે નિયુદ્ધનો શ્રમ જીતેલો છે, તે કોઈવાર વૃક્ષમૂલનો આશ્રય કરી પલ્લવની શય્યાઓમાં ગોપોના ખોળાનાં ઓશીકાં કરી શયન કરે છે. ૧૬.

આ શાંતરસની લીલા છે, કારણ કે જેમણે શયન કરેલું છે તે શાંત જેવા[૨] છે. નિયુદ્ધ એટલે બાહુયુદ્ધ[૩]; તેમાં જે શ્રમ થએલ હોય તે જીતેલો છે જેમણે (એવા ભગવાન્ શયન કરે છે). ભગવાન્ પોતાનાં ઘણાં રૂપો કરે છે, અને ગોપો દરેક વૃક્ષના મૂલમાં 'હું શય્યા પહેલો કરું' 'હું શય્યા પહેલો કરું' એમ એકબીજા સાથે હરિફાઈ કરી ભગવાન માટે જૂદી જૂદી શય્યા કરે છે; તેથી વૃક્ષના મૂલોમાં ઘણી શય્યાઓ થાય છે, તે બધા ગોપોને એક સાથે સુખ પ્રાપ્ત થાય તે માટે ભગવાન્ તે બધી શય્યાઓમાં પોતાનાં જુદાં જુદાં રૂપથી શયન કરે છે, તેથી અહિં પલ્લવની 'શય્યાઓમાં' ભગવાન્ શયન કરે છે. એમ 'શય્યા' શબ્દ બહુવચનમાં યોજેલો છે. શાંતરસ દરેકમાં પર્યવસાન પામે છે[૪], (તેનું પરિણામ દરેકને જુદું જુદું જણાય છે) તેથી દરેક ગોપ જુદી જુદી શય્યા કરે છે અને ઘણી શય્યાઓ થાય છે; અને બધીમાં ભગવાન્ શયન કરે છે. શાંતરસનું દરેકમાં પર્યવસાન થાય છે, એમ જણાવવા 'શય્યા' શબ્દ બહુવચનમાં યોજેલો છે.

'ગોપો જુદી જુદી શય્યાઓ કરે, પણ ભગવાન્ અનેક રૂપ કરી બધી શય્યાઓમાં શયન શા માટે કરે ?' એવી શંકા થાય તેનું નિવારણ કરવા ભગવાને

---

શૃંગારરસ સાથે સંબંધ થવાથી જ તેમનું રસપણું છે. ભક્તિરસ (દશમો) તો કોઈવાર શૃંગારરસના અંગ તરીકે અને કોઈવાર સ્વતંત્ર રીતે વર્ણવેલો હોય છે. શૃંગારરસનો સંબંધ હોય તો જ રસપણું થાય, એ નિયમ વિદ્વાનો ભક્તિરસને લાગુ પાડતા નથી. ભક્તિરસને એ નિયમ લાગુ પડતો નથી, કારણ કે 'શૃંગારમાં જ સર્વ રસો છે' એ કાવ્યની મર્યાદા છે, અને તેમાં આ નવ રસો જ છે. તેથી આ નવ રસ માટે જ તે નિયમ છે. ભક્તિરસ તેમાં (કાવ્યોમાં) પ્રસિદ્ધ નથી. (યો)

૨. કંટાળો અને પ્રયત્નની શિથિલતાવાળો હોય તે 'શાંત' કહેવાય. શયન કરેલ તેના 'જેવો' છે. જો કે આઠ જ રસો મુખ્ય છે, છતાં કંટાળાને શૃંગારરસના વ્યભિચારિભાવ તરીકે ગણવામાં આવેલો છે; અને કંટાળો જ શાંતરસનો સ્થાયિભાવ છે, તેથી શાંતરસ પણ કહેલા જેવો થાય છે; તેથી અહિં શાંત જેવા છે એમ કહેલ છે. (લે)

૩. નિયુદ્ધ શબ્દથી અહિં સ્મરયુદ્ધ કહેલું છે. જો તેમ ન હોય તો (નિયુદ્ધનો તેવો અર્થ ન હોય તો) નીચે (નોટ ૪માં) જણાવવામાં આવે છે તે રીતે અહિં શાંતરસ કહેલો ગણાય નહિ. (ટિ)

૪. ઝાઝાઓની મધ્યે કંટાળો થાય ત્યાં સુધી રમણ સંભવતું નથી; તેથી પહેલાં જે રસો કહ્યા તેમના પ્રમાણે આ રસનું પર્યવસાન સમુદાયમાં (ઘણાના સમુહમાં) થતું નથી. (લે)

'વૃક્ષમૂલનો આશ્રય કરેલો છે' એમ કહે છે. વૃક્ષનું મૂલ જ જેમનો આશ્રય છે તે વૃક્ષમૂલ, એટલે પરમહંસ, આવા પરમહંસોનો ભગવાન્ આશ્રય કરે છે[૫]. તેથી ત્યાં જુદાં જુદાં વૃક્ષોનાં મૂલો પાસે અતીન્દ્રિય (દેખાય નહિ તેવી રીતે) રહેલા મોટા ઋષિઓને કૃતાર્થ કરવા[૬] ભગવાન્ એવી રીતે વૃક્ષમૂલનો આશ્રય કરે છે એવો અર્થ છે. લોકોને જ એવી પ્રતીતિ હોય છે કે ભગવાન્ શય્યામાં પોઢે છે, પણ વસ્તુતઃ તે શય્યાઓ નથી; પણ યોગીઓનાં અંતઃકરણો છે, તેથી ભગવાન્ તેમાં પોઢે છે[૭].

વળી ભગવાને ગોપોના ખોળાઓનું ઓશીકું કરેલ છે. ગોપોનો ખોળો એ

૫. જે ગોપોના ખોળાને ઓશીકું કરીને પથારીમાં પોઢેલ હોય તે વૃક્ષના મૂલનો આશ્રય કરે તે અયોગ્ય જેવું જણાય છે, તેથી આ વ્યાખ્યાન કરેલું છે. અહિં 'શય્યા' પદથી શય્યા કહી છે એમ ન માનવું, કારણ કે ભગવાનમાં એવું વિશેષણ ઘટતું નથી. આમ હોવાથી જે અર્થ કહેવાનો છે, તે ઘણો ગોપ્ય હોવાથી શ્રીશુકદેવનું આ વચન પરોક્ષવાદવાળું (આડકતરી અથવા ગૂઢ રીતે ખરો અર્થ કહેલો હોય તેવું) છે, તેથી આચાર્યશ્રી પણ તેવી જ રીતે (પરોક્ષ રીતે જ) અર્થ કહે છે; કારણ કે આ વૃક્ષોનાં મૂલોનો પોતાની પ્રિયાઓને ભગવાને સંકેત કરેલો છે (વૃક્ષોનાં મૂલ નીચે આપણે મળીશું એમ જણાવેલું છે); અને ગોપો અંતરંગ ભક્તો છે અને તેમણે મિત્રભાવ પ્રાપ્ત કરેલો છે, તેથી તેઓ બંનેને (ભગવાન્ અને પ્રિયાઓને) અનુકૂલ હોય તેવું કાર્ય કરનારા છે, તેથી જ તેઓએ સંકેતવાળાં વૃક્ષોનાં મૂલોમાં જ શય્યાઓ કરેલી છે; વળી સંકેત થયા પછી નાયિકાઓનાં અંતઃકરણો ત્યાં (વૃક્ષોનાં મૂલોમાં) જ રહેલાં છે, તેથી તેઓને 'વૃક્ષમૂલ' કહેલાં છે. તેઓ ગુપ્તપણાથી રહેલાં છે, તેથી તેમને 'અતીન્દ્રિય રીતે' રહેલાં કહેલાં છે; સર્વનો પરિત્યાગ કરી મનના ઉત્કટ ભાવની મુખ્યતાથી તેઓ આવેલાં છે, તેથી 'પરમહંસ' છે. છૂપા સંદેશાવાળાં ઘણાં ગોપ્ય વચન તેમણે કહેલાં છે, તેથી તેઓ 'ઋષિ' છે; અને તેથી જ તેઓ પરમ (મોટાં) છે (તેથી મોટા ઋષિ કહેલા છે). પ્રિય(ભગવાન)નો યોગ (સંયોગ) તેમને થાય છે, તેથી તેઓ (યોગવાળાં હોવાથી) 'યોગી' છે. શયનમાં ઓશીકું મુખ્ય છે, તેથી તેનું પ્રથમ જ નિરૂપણ કરવું જોઈએ; છતાં તે છેલ્લું (શ્લોકમાં) કહેલું છે, તેથી એમ જણાય છે કે રમણનો થાક લાગ્યા પછીનું શયન અહિં કહેલું છે; તેમ ન હોય તો ઓશીકાનો તો શય્યામાં જ સમાવેશ થઈ જતો હોવાથી, 'શય્યામાં શયન કરે છે અમે કહેતાં જ ઓશીકાં ઉપર શયન કરે છે એમ કહેલું જ ગણાય; તેથી 'ગોપોના ખોળાને ઓશીકું કરીને' એમ કહેત નહિ. છતાં આમ કહેલું છે, તેથી એમ સૂચવેલું છે કે શય્યામાં ઓશીકું ન હતું. શય્યામાં રમણ વિવિધ પ્રકારના બંધોથી જ થાય છે (તેથી તેમાં ઓશીકાની જરૂર નથી). તેથી તે પુરું થતાં તેનાથી થએલો શ્રમ દૂર કરવા ગોપો પોતાના ખોળાનું ઓશીકું કરે છે. આ સમયે ગોપો જ પ્રધાન છે, નાયિકાઓનું પ્રાધાન્ય નથી. આ ખ્યાલમાં રાખીને જ પરોક્ષવાદમાં આચાર્યશ્રીએ કહેલું છે કે 'ગોપોમાં ભગવાન્ પોતાનું પ્રધાન સ્થાપન કરે છે.' (ટિ) તેઓમાં પોતાના ચરણકમલનું સ્થાપન કરે છે. (લે)

૬. સ્મરયુદ્ધ પછી પણ ભગવાન્ શય્યામાં પોઢ્યા હોય ત્યારે અમે તેમની ચરણસેવા કરીએ એવા તેમના મનોરથો પૂરવા. (લે)

૭. ભગવાનને થાક લાગ્યો છે તેથી ઘણી કોમલ શય્યામાં પોઢ્યા છે, એમ અંતરંગ ગોપોને

જ તેમનું ઓશીકું છે. આથી એમ દર્શાવ્યું છે કે ગોપોમાં (તેમના ખોળામાં) ભગવાન્ પોતાનું પ્રધાન (અંગ) (મસ્તક) સ્થાપન કરે છે, અને ઋષિઓમાં પોતાના અપ્રધાન (અંગ) (મસ્તક સિવાયનો શ્રીઅંગનો ભાગ) સ્થાપન કરે છે; (કારણ કે શય્યામાં પોઢે ત્યારે મસ્તક સિવાયનો ભાગ શય્યામાં રહે છે, અને મસ્તક ઓશીકા ઉપર રહે છે). ગોપો બધા વૈશ્યો છે, તેથી તેઓનો ધર્મ જણાવનાર 'ઉત્સંગ[૮]' 'ખોળો' પદ અહિં યોજ્યું છે (કારણ કે ભગવાનના 'ઉરુ' સાથળમાં વૈશ્યોની ઉત્પત્તિ થએલી છે), અને ખોળો બે 'ઉરુ'થી બને છે. ઉપબર્હણ એટલે માથાનું ઉપધાન, અથવા ઓશીકું. ૧૬.

હવે (શ્લોક ૧૭માં) ભક્તિરસ[૧] (દશમા રસની લીલા) કહે છેઃ

**પાદસંવાહનં ચક્રુઃ કેચિદસ્ય મહાત્મનઃ ।।**
**અપરે હતપાપ્માનો વ્યજનૈઃ સમવીજયન્ ।।૧૭।।**

કોઈ આ મહાત્માના ચરણ ચાંપતા હતા પાપથી મુક્ત થએલા બીજાઓ પંખાઓથી (તેમને) પવન નાખતા હતા. ૧૭.

કોઈ ભગવાનના ચરણ ચાંપતા હતા[૨]. આવા દુર્લભ હતા તેથી તેઓને 'કોઈ' કહેલા છે. તેઓ શાંતરસનો અભિનય કરતા, અને સર્વ રસોનો આસ્વાદન કરનાર ભગવાનના ચરણ ચાંપતા હતા. ભગવાન્ શાંતરસનો અભિનય કરે છે અને સર્વે (નવે) રસોનું આસ્વાદન કરે છે; એટલું જ નહિ પરંતુ તેથી પણ અધિક છે; કારણ કે તેઓ બીજો (દસમો) રસ ઉત્પન્ન કરવા સમર્થ છે, એમ તેમને અહિં 'મહાત્મા' કહ્યા તેથી જણાય છે. અહિં ભગવાનના જે ચરણો ચાંપે છે તે દાસ્યભક્તિ[૩] કરે છે.

---

જણાય છે, પણ ભગવાન્ તો યોગીઓના મનોરથો પૂરવા જ પોઢે છે; થાકેલા નથી. (લે)

૮. જે અવયવોમાંથી પોતાની ઉત્પત્તિ થઈ હોય તેવા પોતાના અવયવોથી સેવા કરવી એ જ પોતાનો ધર્મ છે. તેથી મુખથી ઉપદેશ કરી સેવા કરવી, એ બ્રાહ્મણોનો ધર્મ છે; બાહુઓથી રક્ષા કરી સેવા કરવી, એ ક્ષત્રિયનો ધર્મ છે; તેવી જ રીતે સાથળોથી (ખોળાથી) સેવા કરવી, એ આ ગોપોનો (વૈશ્યોનો) ધર્મ છે; તે ધર્મ જણાવનાર ઉત્સંગ પદ છે. (લે)

૧. ગોપોનો ભક્તિરસ. (પ્ર)

૨. અહિં ભગવાનના ચરણારવિંદ ચાંપવારૂપ ભજન કરે છે. તે જોઈ વ્રજરમણીઓમાં પણ ભક્તિરસ ઉત્પન્ન થાય છે, અને તેઓ વિચારે છે કે 'આ ભગવાન્ લૌકિક નાયક નથી, પણ પુરુષોત્તમ છે, અને પુરુષોત્તમની પ્રાપ્તિ માત્ર ભક્તિથી જ થાય છે; તેથી આપણે પણ આ ભગવાનનું ભજન જ કરવું જોઈએ'. આવી રીતે અહિં જે ભક્તિરસ કહેલો છે, તે શૃંગારરસનો અંગભૂત જ છે; પરંતુ યશોદાજીમાં પોતાના પુત્ર ભગવાનમાં જે ભક્તિરસ હતો તે સ્વતંત્ર (શૃંગારરસના સંબંધવિનાનો) હતો. (યો)

૩. સખ્ય પછી 'દાસ્ય' થાય છે. તે અહિં કહેલ છે એમ જાણવું. (પ્ર) પહેલાં (૧૬મા) શ્લોકમાં

બીજા કેટલાક કર્મમાર્ગ પ્રમાણે પણ ભગવાનની ભક્તિ કરતા હતા, તેથી પ્રથમ પાપરહિત થયા, કર્મમાર્ગ પ્રમાણે ચાલનારાઓમાં પાપની સંભાવના રહે છે, તેથી તેઓમાં પાપ રહેલું નથી એમ દર્શાવવા તેમને 'પાપથી મુક્ત થએલા' કહેલા છે, આ બધા આસન્ય(પ્રાણ)ની ઉપાસના કરનારા હતા અને તેણે જ(આસન્યે જ) તેમને પહેલાં તેવા (ભગવાનના સેવક) બનાવેલા તેથી વાયુના સામ્યને (આસન્ય એટલે પ્રાણ, તે વાયુ છે અને પંખાથી પણ વાયુ ગતિમાન થાય છે) વાયુની ઉત્પત્તિના કારણભૂત પંખાઓથી તેઓ ભગવાનને સારી રીતે પવન નાખે છે. આવી રીતે બંને પ્રકારના[૪] ભક્તો (હરિની સેવા કરનાર ચરણ ચાંપનાર ભક્તો, અને આસન્યના ઉપાસક કર્મમાર્ગી હરિને પંખો કરનાર ભક્તો) ભગવાનની સંનિધિ હોવાથી ભગવાનની સેવારૂપ ભક્તિરસ પ્રાપ્ત કરે છે; તેથી આ પણ ભક્તિરસવાળી ભગવાનની જ લીલા છે. (ભગવાનની સંનિધિથી જ ભક્તોને આ ભક્તિરસની પ્રાપ્તિ થાય છે, તેથી આ પણ ભગવાનની જ લીલા છે). ૧૭.

એવી રીતે રૂપપ્રપંચ પ્રમાણે ભક્તિરસની લીલા કહી, હવે (શ્લોક ૧૮માં) નામપ્રપંચ પ્રમાણે તેજ ભક્તિરસની લીલા કહે છેઃ

**અન્યે તદનુરૂપાણિ મનોજ્ઞાનિ મહાત્મનઃ ||**
**ગાયન્તિ સ્મ મહારાજ સ્નેહક્લિન્નધિયઃ શનૈઃ ||૧૮||**

હે મહારાજ! સ્નેહથી ભીંજાએલી બુદ્ધિવાળા બીજાઓ (તે) મહાત્માના તેમને યોગ્ય અને મનોહર (ચરિતોનું) ગાન ધીરે ધીરે કરતા હતા. ૧૮.

બીજાઓ ભગવાનને અનુરૂપ એટલે યોગ્ય તેમના ચરિતોનું ગાન કરતા હતા, અનનુરૂપ એટલે ભગવાનને અયોગ્ય ચરિતોનું ગાન કરતા ન હતા. વળી ભગવાને માત્ર જીવોનો નિરોધ કરવા જે ચરિતો કરેલાં છે તેવાં મનોજ્ઞ એટલે ભગવાનને તથા ભક્તોને (બંનેને) મનોહર ચરિતોનું ગાન કરતા હતા. ભગવાન્ જે ગુપ્ત રાખવા ઈચ્છતા હોય તે પ્રકટ કરવામાં આવે તો તે ભગવાનને અમનોહર થાય, અને ભક્તોને તે ભક્તિમાર્ગથી વિરુદ્ધ થાય. (તેથી ભગવાનનાં તેમને યોગ્ય અને મનોહર ચરિતોનું જ ગાન કરતા હતા).

---

યોગીઓએ ભગવાનના ચરણ ચાંપવાનું કહેલું તે 'આત્મનિવેદનરૂપ' હતું, પછી યોગીઓ ગયા પછી ગોપો ભગવાનના ચરણારવિંદ ચાંપે છે તે 'દાસ્યરૂપ' છે. આ બેમાંથી એક પણ 'પાદસેવન' ભક્તિરૂપ નથી, કારણ કે જો આ 'પાદસેવન' ભક્તિ હોય તો ચરણારવિંદ સિવાય બીજા કોઈ અંગનું મર્દન વિગેરે તેમાં થાય નહિ. (લે) અહિં 'સખ્ય' પછી જે 'દાસ્ય' થાય છે તે જાણવું. (પ્ર)

૪. બે પ્રકારના ભક્તો કહ્યા, તે (૧) હરિની સેવાથી જ દેહ વિગેરેનો બ્રહ્મભાવ પ્રાપ્ત કરી સાયુજ્ય પ્રાપ્ત કરનારા અને (૨) આસન્યની સેવાથી ઈન્દ્રિયોનું દેવતાપણું પ્રાપ્ત કરી, હરિસેવાથી બ્રહ્મભાવરૂપ સાયુજ્ય પ્રાપ્ત કરનારા છે. (જૂઓ તત્ત્વદીપ. ૧|૩૮) (લે)

ભગવાનમાં (સર્વ શક્તિમાન હોવાથી) સર્વ સંભવે છે[1]; તેથી ભગવાનનું માહાત્મ્ય જાણી ભગવાનનું (તેમના ગુણોનું) કીર્તન કરવું જોઈએ, એમ જણાવવા માટે અહિં ભગવાનને 'માહાત્મા' કહેલ છે. ભગવાનના ગુણો જેમાં વર્ણવેલા હોય તેવા(પદો)નું રાગ પ્રમાણે કીર્તન તે ગાન. આવું ગાન તેઓ કરતા હતા, એની પ્રસિદ્ધિ એ પ્રમાણે છે એમ જણાવવા 'સ્મ' પદ યોજેલું છે.

'હે મહારાજ !' એમ શ્રીશુક પરીક્ષિતને સંબોધે છે. (પરીક્ષિત રાજા હોવાથી) આ રાજલીલા છે, એમ તેને જણાવવા આ સંબોધન કરેલું છે. ભગવાનની સંનિધિથી અને તેમના અભીષ્ટ (ઘણા ઈચ્છેલા અથવા ઈચ્છવા યોગ્ય) ગુણોથી[2] ભક્તોમાં પણ પ્રેમ ઉત્પન્ન થએલો એમ દર્શાવવા, સર્વ લીલાઓના અંતે 'સ્નેહથી ભીંજાએલી બુદ્ધિવાળા' શબ્દોથી ભક્તોનો પ્રેમ કહેલો છે. સ્નેહથી જેઓની બુદ્ધિ ભીંજાએલી છે તેવા ભક્તો છે. ભીના વસ્ત્રનો જેને સ્પર્શ થાય તે સર્વ ભીના જેવું થાય છે, એમ દર્શાવવા તે ભક્તોનું ગાન પણ ધીમે ધીમે તેવું (તેમના જેવું પ્રેમવાળું) થએલું, એમ દર્શાવવા 'ધીરે ધીરે' પદ યોજેલું છે. અહિં[3] સુધી જ ભગવાનની લીલા કહેલી છે. ૧૮.

ત્યાર પછી (ભગવાનમાં જીવોનો સ્નેહ ઉત્પન્ન થયા પછી) જીવોને સાયુજ્યની[1] જ પ્રાપ્તિ થવાની; તેથી ત્યાર પછી ભગવાનને કોની[2] સાથે લીલા કરવાની રહે ? તેથી હવે (શ્લોક ૧૯માં) (લીલાનો) ઉપસંહાર કરે છેઃ

---

૧. 'ભગવાન્ (સર્વ વિરુદ્ધ ધર્મોનો આશ્રય હોવાથી તેમના)માં સર્વ સંભવે છે, પણ ભક્તિમાર્ગમાં વિરોધલીલા (પરસ્પર વિરુદ્ધ લીલા) થતી નથી, તેથી ભગવાનને અમનોહર ચરિતોનું તેઓ ગાન કરતા ન હતા, એમ કહેવાનું કાંઈ પ્રયોજન ન હતું' એવી શંકા થાય તેનો નિરાસ કરવા આ કહેલું છે કે ભગવાનમાં સર્વ સંભવે છે. તેથી ભગવાનનું માહાત્મ્ય જાણી તેમના ગુણોનું કીર્તન કરવું યોગ્ય છે. ભગવાનમાં સર્વ સંભવતું હોવાથી તેમના માહાત્મ્યથી વિરુદ્ધ ગુણો પણ દેખાય, તો તેવા ગુણોનું કીર્તન ન કરવું. જેમકે (૧) ભગવાન્ રુદન કરતા હતા. (૨) ભગવાને કાલિયના ધરામાં ઝંપલાવ્યું ત્યારે નાગે તેમને ભરડો દીધો અને તે નાગના ભરડામાં અમુક વખત રહ્યા. ભગવાન્ નાગના ભરડામાં રહે તેથી ભક્તોને દુઃખ થાય જ. ભગવાન્ સર્વજ્ઞ હોવાથી બધું જાણતા હોવા છતાં, ભક્તોનો પોતાના ઉપર કેવો પ્રેમ છે, તેની પરીક્ષા કરવા અમુક વખત નાગના ભરડામાં રહ્યા તે ભગવાનની લીલા; આવી લીલાઓ માહાત્મ્યથી વિરુદ્ધ હોવાથી અમનોહર હોઈ તેનું ગાન ભક્તો કરતા ન હતા. (ટિ)

૨. ભગવાનની સંનિધિથી એટલે ભગવાનની રૂપલીલાથી, અને ભગવાનના ગુણોથી એટલે તેમના ગુણોના કીર્તનથી, અથવા ભગવાનની નામલીલાથી. (લે)

૩. અહિં સુધી જ એટલે ભગવાનમાં ભક્તોનો સ્નેહ ઉત્પન્ન થાય ત્યાં સુધી જ. (પ્ર)

૧. સાયુજ્ય એટલે નિત્યલીલામાં સ્થિતિ. (લે)

૨. આ ગોપોને (નિત્યલીલામાં સ્થિતિરૂપ) સાયુજ્ય પ્રાપ્ત થયું; એટલે તેમને દેહ વિગેરેનો

**એવં નિગૂઢાત્મગતિઃ સ્વમાયયા ગોપાત્મજત્વં ચરિતૈર્વિડમ્બયન્ ।।**
**રેમે રમાલાલિતપાદપલ્લવો ગ્રામ્યૈઃ સમં ગ્રામ્યવદીશચેષ્ટિતઃ ।।૧૯।।**

આવી રીતે જેમના પાદપલ્લવનું રમાએ લાલન કરેલું છે, અને ઈશ જેવું જેમનું ચેષ્ટિત છે તેવા (ભગવાને) પોતાની માયાથી આત્મગતિને ઢાંકી દઈ, ચરિતોથી ગોપાલના પુત્રપણાનું વિડંબન કરતા, ગામડિયાઓ સાથે ગામડિયા પેઠે રમણ કર્યું. ૧૯.

જ્યાં ત્યાં ભગવાનની આ (ઉપર જણાવેલી દશરસોવાળી) દશ પ્રકારની લીલા જ કહેલી છે. આગળ (રાજસ અને સાત્ત્વિક પ્રકરણમાં) ભગવાનની રાજસી અને સાત્ત્વિક લીલા શ્રીશુક કહેશે, અને ગોકુલમાં આ તામસી[3] લીલા ગામડિયાઓ સાથે કરી એમ કહે છે.

'ભગવાન્ જ્ઞાનરૂપ છે અને જ્ઞાન તમઃ(અજ્ઞાન)થી વિરુદ્ધ છે, તેથી જ્ઞાનરૂપ ભગવાનમાં આવી તમઃવાળી તામસી લીલાઓ કેમ સંભવે ?' એવી શંકા થાય તેનો નિરાસ કરવા ભગવાને 'આત્મગતિને ઢાંકી દઈ'[4] એમ કહે છે. આત્માની (પોતાની) ગતિ એટલે જ્ઞાનલીલા જેમણે સારી રીતે ઢાંકી દીધેલી છે, તેવા ભગવાને આ તામસીલીલા કરી; ભગવાને પોતાની માયાથી પોતાની જ્ઞાનલીલાને સારી રીતે છુપાવી આ લીલાઓ કરી. 'સ્વમાયયા' 'પોતાની માયાથી' એ પદનો આગળ અને પાછળ બંને બાજુ સંબંધ છે. ભગવાને પોતાની માયાથી પોતાની જ્ઞાનલીલાને સારી રીતે ઢાંકી દીધી છે, અને પોતાની માયાથી ચરિતો વડે ગોપાલના પુત્રપણાનું વિડંબન કરે છે, એટલે ગોપાલના પુત્રપણાનું અનુકરણ કરે છે, અથવા તેનો ઉપહાસ કરે છે; કારણ કે આવા (ભગવાનના જેવા) ગોપો હોતા નથી. તેથી મોટો પુરુષ નાનાઓનું નામ પોતે ધરાવે તેથી તેઓનો ઉપહાસ (મશ્કરી) જ કરે છે. ભગવાનનાં ચરિતો[5] અલૌકિક છે. આવાં

---

અધ્યાસ રહ્યો નહિ તેથી દેહનો અધ્યાસ વિગેરે દૂર કરવા ધેનુકવધ વિગેરે લીલા કરવાની, તે કોની સાથે કરવાની ? (લે)

૩. જેમાં ભગવાન્ પોતાનાં સ્વરૂપ તથા ગુણોને વિસરી રમણ કરવા પ્રવૃત્ત થાય તે લીલા તામસી. (લે)

૪. ભગવાને 'આત્મગતિ' ઢાંકી એટલે પોતાનું કાર્ય કરવું બંધ રાખ્યું. ભગવાન્ જ્ઞાનરૂપ હોવાથી, તેમનું કાર્ય એટલે ધર્મરૂપ જ્ઞાનનું કાર્ય જે તમઃ(અજ્ઞાનનો)વિરોધ તે ભગવાને કરવું બંધ રાખ્યું; તેથી તેનાથી ઉલટું કાર્ય એટલે તમઃનું-અજ્ઞાનનું કાર્ય થવાનો સંભવ પણ થયો. આમ હોવાથી ભગવાન્ પૂર્ણ શૃંગારના આત્મા થાય એ યોગ્ય છે. (ટિ+લે)

૫. ગાયોને મોક્ષ આપવારૂપ તેઓનું આહ્વાન (બોલાવવું તે) વિગેરે ભગવાનનાં ચરિતો અલૌકિક છે; પણ માયાને લીધે તે અલૌકિક છે એવું જ્ઞાન થતું નથી, પણ ગોપના પુત્ર હોવાથી જ ગાયોને બોલાવે છે એવું જ્ઞાન થાય છે. (લે)

અલૌકિક છે. આવાં અલૌકિક ચરિતોથી વિડંબન (અનુકરણ અથવા ઉપહાસ) થાય નહિ; તેથી આ ચરિતોમાં માયાને (ભગવાન્) સહકારિણી (મદદ કરનારી) કરે છે. (માયાથી ચરિતોનું અલૌકિકપણું ઢંકાય છે, અને ભગવાન્ સામાન્ય ગોપ હોય અને તેમનાં ચરિતો સામાન્ય ગોપનાં ચરિતો હોય તેવી બધાની બુદ્ધિ થાય છે. તેથી માયાના સહકારથી ગોપાલના પુત્રપણાનું વિડંબન થાય છે). ચરિતો પણ ઘણાં હોય અને તે બહુ રીતે કરવામાં આવે ત્યારે વિડંબન સિદ્ધ થાય; તેથી ભગવાન્ પોતાના સ્વરૂપને છુપાવી, ગોપોનું અનુકરણ કરી તેમનો ઉપહાસ કરતા રમણ કરે છે.

લીલાના આરંભમાં (શ્લોક ૯માં) લક્ષ્મીની વાત કરેલી તેમનો વિનિયોગ લીલાના ઉપસંહારમાં 'જેમના પાદપલ્લવનું રમાએ લાલન કરેલું છે.' એ પદથી કહે છે. ક્રીડાના અંતે (પતિના) ચરણારવિંદ ચાંપવા એ પતિવ્રતાનો ધર્મ છે. ક્રીડામાં સમતા(સમાનપણું)નો અનુભવ થાય છે, અને જ્યાં સમાનપણાનો અનુભવ હોય ત્યાં ભક્તિ સંભવતી નથી. (કારણ કે પોતાથી અધિક હોય તેનું જ હરકોઈ ભજન કરે). ક્રીડામાં(રમણમાં) લક્ષ્મીજીએ સમાનપણું અનુભવેલું, એટલે તેની ભક્તિ ગઈ. જો લક્ષ્મી ક્રીડા (રમણ) પછી ભગવાનનાં ચરણારવિંદ ચાંપે નહિ (ભગવાનનું દાસ્ય સ્વીકારે નહિ) તો રમણમાં અનુભવેલાં સમાનપણાંથી ગએલી ભક્તિ તેમને પાછી પ્રાપ્ત થાય નહિ; તેથી ભક્તિ પાછી પ્રાપ્ત થાય તે માટે તેમણે ક્રીડા(રમણ)પછી અવશ્ય ભગવાનનાં ચરણારવિંદ ચાંપવાં જ જોઈએ. આવી રીતે જેમના ચરણાવિંદનું લક્ષ્મીએ લાલન કરેલું છે તેવા ભગવાને પણ ગામડિયાઓ સાથે ગામડિયાઓના રસને અનુભવ કરવા ગામડિયા પેઠે જ રમણ કર્યું, કારણ કે પોતે ગામડિયા પેઠે આચરણ ન કરે અને વિજાતીય (જૂદી જાતના, ભગવાન્ ચતુર અને ગોપો ગામડિયા) રહે તો વિજાતીયમાં રસની ઉત્પત્તિ થાય નહિ. વળી ભગવાન્ 'ઈશચેષ્ટિત' એટલે ઈશ જેવું જેમનું ચેષ્ટિત છે એવા છે. તેથી ગામડિયા પેઠે તેમણે રમણ કર્યું છતાં અંતે પોતે ભગવાન જ રહેતા. 'ભગવાન્ માત્ર લોક પેઠે લીલા કરે છે', એ ન્યાય અહિં જણાવેલો છે. જેમ રાજાઓ પણ શીકારીઓ પેઠે શીકાર વિગેરે રમત કરે છે, તેવી રીતે ભગવાને પણ આ લીલા કરી એમ જણાવ્યું છે. ૧૯.

આવી રીતે ગોપોના સંસ્કાર[૧] માટે લીલા દર્શાવી, તેઓના દોષનું નિવારણ કરવા[૨] ધેનુકના વધની લીલાની પ્રસ્તાવના કરે છે. આ લીલા (૨૦ થી

---

૧. સંસ્કાર એટલે અલૌકિક ભાવની સિદ્ધિ. (પ્ર) નિત્યલીલાની યોગ્યતા. (લે)

૨. દોષનું નિવારણ કરવા એટલે નવા અલૌકિક શરીરની પ્રાપ્તિ માટે. (લે)

૩૯) શ્લોકોથી કહે છેઃ

**શ્રીદામા નામ ગોપાલો રામકેશવયોઃ સખા ।।**
**સુબલસ્તોકકૃષ્ણાદ્યા ગોપાઃ પ્રેમ્ણેદમબ્રુવન્ ।।૨૦।।**

**રામ અને કેશવના સખા શ્રીદામા નામના ગોપાલે, અને સુબલ, સ્તોક, કૃષ્ણ અને સ્તોકકૃષ્ણ વિગેરે ગોપોએ પ્રેમથી આ (શ્લોક ૨૧ થી ૨૬) કહ્યું. ૨૦.**

શ્રી એટલે લક્ષ્મી, દામ એટલે દોરડું અથવા સંબંધવાળી છે જેની, તે શ્રીદામા[3]. આ શ્રીદામા લક્ષ્મીનો કોઈ સંબંધી છે; લક્ષ્મીનો ભાઈ જેવો સંબંધી છે. વળી તે નંદવંશમાં ઉત્પન્ન થએલો ગોપાલ છે, અને રામ(બલભદ્ર) અને કેશવનો સખા છે એટલે તેમનું સખ્ય તેણે પ્રાપ્ત કરેલું છે, સખ્ય(ભક્તિ)સુધી તે પહોંચેલો છે. તેથી તે (૧) સ્ત્રી(લક્ષ્મી)નો સંબંધી છે (૨) (ગોપાલ હોવાથી) લીલાનો સંબંધી છે, અને (૩) (સખ્ય સુધી પહોંચેલો હોવાથી) ભક્તિથી સંબંધી છે. તેવા બીજાની પણ 'સુબલ' વિગેરેથી ગણતરી કરે છે. (સુબલ બીજો). સ્તોક જૂદો (ત્રીજો), કૃષ્ણ જૂદો (ચોથો), અને સ્તોકકૃષ્ણ જૂદો (પાંચમો). સુબલ બલભદ્રને અનુસરનારો અને સ્તોકકૃષ્ણ ભગવાનને અનુસરનારો, એવા સુબલ અને સ્તોકકૃષ્ણ એ બે જેઓમાં મુખ્ય છે, તે બધા ગોપો ભેગા થઈ પ્રેમથી પોતાના ઈચ્છેલા કોઈ પદાર્થની પ્રાર્થના કરે છે. ૨૦.

જેની પ્રાર્થના કરવાની છે તે હવે કહે છેઃ

**રામ રામ મહાસત્ત્વ[1] કૃષ્ણ દુષ્ટનિબર્હણ ।।**
**ઈતોઽવિદૂરે સુમહદ્ વનં તાલાલિસઙ્કુલમ્ ।।૨૧।।**

**હે રામ! હે રામ! હે બહુબલવાળા! હે દુષ્ટનો નાશ કરનાર કૃષ્ણ! અહિંથી નજીક તાડની હારોથી ભરપુર બહુ મોટું વન છે. ૨૧.**

(બલભદ્રનો સંબંધી) સુબલ પ્રથમ ગણાવેલો છે, તેથી બલભદ્રનું 'હે રામ! હે રામ' એવું સંબોધન પ્રથમ કરેલું છે. વળી આ (ધેનુકાસુર દેહાધ્યાસરૂપ

---

૩. શ્રી એટલે લક્ષ્મી, દામ એટલે સૂત્ર છે જેનું તે શ્રીદામા. લક્ષ્મીના સંદેશા વિગેરે દ્વારા (ભગવાનની) સેવા કરનાર. (લે) અહિં 'લક્ષ્મી' પદથી મુખ્યસ્વામિની શ્રીવૃષભાનુનંદિની (રાધા) કહેલી છે. કારણ કે બ્રહ્મવૈવર્તપુરાણમાં તે લક્ષ્મીને વૈષ્ણવો મુખ્ય રાધા કહે છે એમ લખેલું છે. તેનો શ્રીદામા ભાઈ હતો એ સ્પષ્ટ છે. અને બ્રહ્મવૈવર્ત વિગેરે (પુરાણો)માં પ્રસિદ્ધ છે, અહિં શ્રીસુબોધિનીમાં તેને ભાઈ 'જેવો' 'ઈવ' કહેલો છે, કારણ કે શ્રીસ્વામિનીજી ભગવદ્રૂપ હોવાથી 'યોનિજ' નથી. એ સ્પષ્ટ જણાવવા 'ઈવ' પદ યોજેલું છે. તે શ્રીદામા ગોપાલ હતો અને નંદવંશોદ્ભવ નંદના સંબંધવાળો જે વંશ એટલે યદુવંશ તેમાં તેનો જન્મ થએલો હતો. પુરાણમાં નંદ અને વૃષભાનુ ઉભયને યદુવંશમાં ઉત્પન્ન થએલા કહેલા છે. (યો)

૧. પાઠભેદ – 'મહાબાહો'.

હોવાથી) કાયાનો દોષ[2] બલભદ્રે જ દૂર કરવાનો છે (તેથી પણ પ્રથમ તેમનું સંબોધન છે). હે મહાસત્ત્વ એટલે બહુબલવાળા ! આ સંબોધનથી ધેનુકાસુરને મારવાના આ કાર્ય માટે ઉપયોગી થાય તેવી બલભદ્રની સ્તુતિ કરેલી છે. તે બહુબલવાળા છે, એ મલ્લયુદ્ધ વિગેરેથી જણાએલું છે. ભગવાનને 'બહુબલવાળા' કહેવાથી તેમનું માહાત્મ્ય થતું નથી (તેથી તેમને બહુબલવાળા કહેલા નથી), (પણ) તે 'દુષ્ટનો નાશ કરનાર છે' એ કહેવું ધેનુકના વધ માટે જરુરી હોવાથી 'દુષ્ટનો નાશ કરનાર' કહી તેમની સ્તુતિ કરેલી છે. અહિંથી એટલે આપણે રમત કરીએ છીએ તે જગ્યાથી; બહુ દૂર નહિ એટલે નજીકમાં જ; બહુ મોટું આ વન(વૃંદાવન)થી પણ બહુ મોટું; તાડની હારોથી સંકુલ એટલે વ્યાપી રહેલું અથવા ભરપુર (વન છે). ૨૧.

અહિંથી નજીક બહુ મોટું વન છે તેથી શું? એવી આકાંક્ષા થાય તેથી આગળ કહે છેઃ

**ફલાનિ તત્ર ભૂરીણિ પતન્તિ પતિતાનિ ચ ।।**
**સન્તિ કિન્ત્વવરુદ્ધાનિ ધેનુકેન દુરાત્મના ।।૨૨।।**

ત્યાં ઘણાં (મોટાં) ફલો પડે છે, પડેલાં છે અને છે, પરંતુ દુરાત્મા ધેનુકે રોકી રાખેલાં છે. (કોઈને લેવા દેતો નથી). ૨૨.

ત્યાં ફલો (વૃક્ષ ઉપરથી) પાડવાનો પ્રયાસ પણ કરવો પડે તેમ નથી, કારણ કે ઘણાં ફલો પડેલાં છે. લાંબા સમયથી પડેલાં ફલોમાં સારો રસ હોય નહિ, તેથી ફલો 'પડે છે' એમ પણ કહે છે.

ફલો પડેલાં હોય તે કોઈ ત્યાંથી લઈ જતું પણ નથી. પણ ત્યાં હજી છે જ, કારણ કે ધેનુકે તે રોકી રાખેલાં છે (તે કોઈને લઈ જવા દેતો નથી).

'એમ હોય તો ધેનુક પાસે માગો તો તે આપશે' એવી શંકા થાય, તે માટે કહે છે કે તે (ધેનુક) દુરાત્મા છે. તે દુષ્ટ છે તેથી માગવા છતાં આપે તેવો નથી. ૨૨.

**સોઽતિવીર્યોસુરો રામ હે કૃષ્ણ ખરરૂપધૃક્ ।।**
**આત્મતુલ્યબલૈરન્યૈર્જ્ઞાતિભિર્બહુભિર્વૃતઃ ।।૨૩।।**

તે બહુ વીર્ય(બલ)વાળો અસુર છે. હે રામ ! હે કૃષ્ણ ! તેણે ખર(ગધેડા)નું રૂપ ધારણ કરેલું છે; અને પોતાના જેવા બલવાળા ઘણા જ્ઞાતિઓથી તથા ઘણા બીજાઓથી વીંટાએલ છે. ૨૩.

વળી કોઈ તેની પાસે માગણી કરતું નથી એમ (જણાવવા) કહે છે કે 'તે

૨. આ આધ્યાત્મિક કાયાનો દોષ બલભદ્રે જ દૂર કરવાનો છે, એવી ભગવાનની ઈચ્છા જાણે છે; તેથી એ પ્રમાણે સંબોધન કરે છે. (પ્ર)

બહુ બલવાળો છે'. બહુબલવાળો હોવાથી તે કોઈને ગણકારતો નથી. જો કોઈ આની પાસે હીનભાવ (હલકાઈ, નમ્રતા) દેખાડે તો આ તેને ખાઈ જ જાય છે, કારણ કે આ 'અસુર' છે.

'એવું હોય તો અમારાથી પણ તે શક્ય (જીતાય તેવો) નથી' એવી શંકા થાય, તેનું નિવારણ કરવા ફરીથી 'હે રામ ! હે કૃષ્ણ !' એમ તેમનાં નામ લે છે.

'તે ઓળખાય કેમ ?' એવો પ્રશ્ન ઉઠે તે માટે કહે છે કે તેણે ગધેડાનું રૂપ ધારણ કરેલું છે.

'એ તો એકલો છે ને તમે(ગોપો) ઘણા છો, તેથી બધા એકત્ર થઈ તેને મારો' એવી શંકા થાય, તેનું નિવારણ કરવા કહે છે કે તે પોતાના જેવા બલવાળા ઘણાથી વીંટાએલ છે. (તેની મદદમાં તેના જેવા ઘણા બલવાળા છે, તેથી અમે તેને મારી શકીએ તેમ નથી). ઘણા તેના જેવા બલવાળા હોવાનું કારણ તેમનું કુલ છે, એમ જણાવવા કહે છે કે પોતાના જેવા બલવાળા ઘણા જ્ઞાતિઓથી તે વીંટાએલ છે. વળી ઘણા બીજાઓથી પણ તે વીંટાએલ છે. તે બીજાઓ પણ સંખ્યાબંધ તેના જેવી જાતવાળા અસુર ઘણા (તેની મદદમાં છે). ૨૩.

**તસ્માત્કૃતનરાહારાદ્ ભીતૈર્નૃભિરમિત્રહન્ ।**
**ન સેવ્યતે પશુગણૈઃ પક્ષિસઙ્ઘૈર્વિવર્જિતમ્ ॥૨૪॥**

તેથી હે શત્રુને હણનાર ! નરનો આહાર કરનારથી ભય પામેલા પુરુષો તે વનમાં જતા નથી (અને) પશુનાં ધણો તથા પક્ષીઓનાં ટોળાંથી તે તજાએલું છે. ૨૪.

આવી રીતે જે હેતુથી તેના વીર્યની પ્રશંસા કરી તે 'તેથી' શબ્દથી કહે છે. નર એ જ આહાર જેણે કરેલો છે, તેવો 'નરનો આહાર કરનાર' તે છે, કારણ કે તે ખાસ કરીને મનુષ્યોનું જ ભક્ષણ કરે છે. તેથી જ તેનાથી ભય પામેલા પુરુષો તે વનમાં જતા નથી.

'ત્યારે અમારે પણ ત્યાં ન જવું જાઈએ' એવી શંકા થાય, તેનો નિરાસ કરવા 'હે શત્રુને હણનાર !' એમ કહે છે. હે કૃષ્ણ ! આપ તો 'શત્રુને હણનાર છો'[1] અને તે પણ શત્રુ છે. તેને હણવાનું (કાર્ય) તમે કરી શકો તેવું છે, અરે તે તમારે કરવું પણ જોઈએ.

ભગવાન્ 'શત્રુને હણનાર' છે એ ભગવાનમાં સદા જાગતો રહેલો ધર્મ આ ગોપોના હૃદયમાં સ્ફુરે છે; તેથી ઉપર વર્ણવેલા દોષોવાળા ઠેકાણે પણ જવા

૧. અહિં 'શત્રુને હણનાર' પદ એ એકવચનમાં છે અને શ્રીકૃષ્ણને પહેલાં (શ્લોક ૨૧માં) 'દુષ્ટનિબર્હણ' એટલે દુષ્ટનો નાશ કરનાર કહેલા છે, તેથી એ પદ શ્રીકૃષ્ણ સાથે જ સંબંધ ધરાવે છે. (લે)

તેઓ ભગવાનને પ્રાર્થના કરે છે. જો ભગવાનનો એ ધર્મ તેમના હૃદયમાં સ્ફુરતો ન હોય તો તેઓ ભગવાનને આવા ભયવાળા સ્થાને જવા પ્રેરણા કરે તે પ્રેમથી વિરુદ્ધ કહેવાય, અને તેથી 'પ્રેમથી આ કહ્યું' એમ શ્લોક ૨૦માં કહેલું છે, તેથી આ વચન વિરુદ્ધ થાય, વળી જે પોતાને પ્રિય હોય તેમને શત્રુના સ્થાનમાં મોકલવા તે ઉચિત પણ નથી. (ભગવાન્ 'શત્રુને હણનાર' છે એ ભગવાનનો ધર્મ તેમના હૃદયમાં સ્ફુરેલો હોવાથી જ, તેઓ ભગવાનને આવી પ્રેરણા કરે છે; એટલે આ પ્રેરણા પ્રેમથી વિરુદ્ધ નથી).

વળી તે વનમાં પૃથ્વી પર ચરનાર અથવા અંતરિક્ષમાં ફરનાર કોઈ પણ જતું નથી; તેથી તે પશુના ધણોથી અને પક્ષીઓનાં ટોળાંઓથી સંપૂર્ણ રીતે તજાએલું છે. તે વન પશુનાં ધણોએ તજેલું હોવાથી, જેઓ પશુના પાલન કરનારા છે તેઓએ અવશ્ય ધેનુકનો વધ કરવો જોઈએ; તેમજ તે વન અંતરિક્ષમાં ફરનારાઓએ તજેલું હોવાથી, જેઓ અંતરિક્ષમાં ફરનાર દેવોનું પાલન કરનાર છે તેમણે પણ અવશ્ય ધેનુકનો વધ કરવો જાઈએ. (ભગવાન્ ગાયોના અને દેવોના પાલક હોવાથી તેમણે ધેનુકનો વધ અવશ્ય કરવો જોઈએ.) ૨૪.

**વિદ્યન્તેઽભુક્તપૂર્વાણિ ફલાનિ સુરભીણિ ચ ।।**
**એષ વૈ સુરભિર્ગન્ધો વિષૂચીનોવગૃહ્યતે ।।૨૫।।**

પહેલાં નહિ ખાધેલાં તેવાં અને સુગંધવાળાં ફલો છે, આ (તેની) ચારે તરફ પ્રસરતી મીઠી ગંધ આવે છે. ૨૫.

વળી ત્યાં પહેલાં કોઈ દિવસ જેનો સ્વાદ લીધો નથી, તેવાં દિવ્ય ફલો છે.

કેટલાક અહિં 'ભુક્તપૂર્વાણિ' 'પહેલાં ખાધેલાં' પાઠ લે છે,[1] અને જણાવે છે કે પહેલાં ખાધેલાં ન હોય (એટલે તેનો સ્વાદ લીધો ન હોય) તો તે ખાવાની ઈચ્છા ક્યાંથી થાય ? આ ફલોની રક્ષા ધેનુકાસુર કરતો હતો તેથી તે ખાઈ શકાય તેમ ન હતું, તો પણ (કોઈવાર) ચોરી કરી ખાધાં હોય તેમ સંભવે છે તેથી 'પહેલાં ખાધેલાં' એવો પાઠ કોઈ લે છે. વળી તે ફલો અત્યંત (ઘણાં જ) મીઠી ગંધવાળા છે. તેમની મીઠી ગંધ તો પ્રત્યક્ષ સિદ્ધ જ (અનુભવાય) છે. તેથી કહે છે કે 'આ મીઠી ગંધ' આવે છે. તે ફલોની મીઠી ગંધ 'વિષૂચીન' એટલે બધી

૧. આ પાઠ આચાર્યશ્રીને માન્ય નથી. આ પાઠ લેવાનું કારણ તેઓ દર્શાવે છે કે 'પહેલાં ખાધાં ન હોય તો તે ખાવાની ઈચ્છા ક્યાંથી થાય ?' પણ તે ફલોની મીઠી ગંધ આવે છે તેથી એવું અનુમાન થાય જ કે તેનો રસ પણ મીઠો હોવો જોઈએ, અને તેથી તે ખાવાની ઈચ્છા થાય તેમ સંભવે છે. આમ હોવાથી જ આગળ (શ્લોક ૨૬માં) ગોપો કહેશે કે 'ગંધથી અમારા ચિત્તમાં તે ખાવાનો લોભ થયો છે'. આ પ્રમાણે ગંધને લીધે ખાવાની ઈચ્છા થાય, તેથી 'અભુક્તપૂર્વાણિ' 'પહેલાં નહિ ખાધેલાં' પાઠ લેવો જ યોગ્ય છે, એમ કરવાથી ચોરીને પહેલાં ખાધાં હતાં એવું માનવાનું કારણ પણ રહેતું નથી. (ટિ)

દિશાઓમાં પ્રસરે છે, અને તેથી ચારે તરફથી આવે છે. ૨૫.

**પ્રયચ્છ તાનિ નઃ કૃષ્ણ ગન્ધલોભિતચેતસામ્ ।।**
**વાઞ્છાસીન્ મહતી રામ ગમ્યતાં યદિ રોચતે ।।૨૬।।**

હે કૃષ્ણ ! ગંધથી જેમના ચિત્તમાં (તે ખાવાનો) લોભ થયો છે, તેવા અમને તે (ફલો) આપો (તે ખાવાની અમોને) ઘણી ઈચ્છા હતી. હે રામ ! જો ગમતું હોય તો જાઓ. ૨૬.

એવી રીતે ફલો બહુ દુર્લભ છે અને ઉત્તમ છે, એમ કહી હવે તે ફલો માટે પ્રાર્થના કરે છે કે (અમને તે) 'આપો'. દાન કરવાનું સામર્થ્ય ભગવાનનું જ છે તેથી 'હે કૃષ્ણ અમને તે આપો' એમ શ્રીકૃષ્ણ પાસે જ તે ફલો માટે પ્રાર્થના કરે છે. બલભદ્ર ધેનુકને મારી ફલો લેવામાં અડચણ હતી તે દૂર કરે, અને તેથી અડચણ દૂર થાય તો પણ પારકી ચીજ લેવી શક્ય નથી (યોગ્ય નથી.) તેથી બલભદ્રથી તે આપી શકાય તેમ નથી; તેમજ ગોપો પોતાની મેળે પારકી ચીજ લે નહિ, પણ જગતમાં જે કાંઈ માગે છે તે સર્વ ભગવાનનું હોવાથી ભગવાન જ તે ફલો આપી શકે તેમ હોવાથી, ફલો માટે તેમની જ પ્રાર્થના કરી છે.

ફલો માટે ઈચ્છા થવાનું કારણ 'ગંધલોભિતચેતસામ્' શબ્દથી કહે છે. તે ફલોની ગંધથી જેમના ચિત્તમાં તે ખાવાનો લોભ થયો છે તેવા અમે છીએ. હમણાં જ તે ખાવા માટે અમારા ચિત્તમાં લોભ થયો છે એમ નથી, પણ પહેલાં પણ તે ખાવાની 'ઘણી ઈચ્છા હતી'. રામ (ફલ માટે) ઉત્સુક (આતુર) છે, તેથી કહે છે કે 'હે રામ જાઓ'. (ફલો માટે) બહુ જ આગ્રહ કરવાથી કદાચ કોપ કરે અને તે વનમાં જવાથી કદાચ અનિષ્ટ થાય, તેવી શંકા થવાથી કહે છે કે 'જો ગમતું હોય' તો જાઓ. જો જવાનું તમને ગમતું હોય તો જાઓ. ૨૬.

પછી બંને (બલભદ્ર અને કૃષ્ણ) ગયા, એમ હવે આ શ્લોકમાં કહે છેઃ

**એવં સુહૃદ્વચઃ શ્રુત્વા સુહૃત્પ્રિયચિકીર્ષયા ।।**
**પ્રહસ્ય જગ્મતુર્ગોપૈર્વૃતૌ તાલવનં પ્રભૂ ।।૨૭।।**

આવી મિત્રોની વાણી સાંભળી, મિત્રોનું જ પ્રિય કરવાની ઈચ્છાથી ગોપોથી વીંટાએલા બે સમર્થ (પુરુષો) હસીને તાડના વનમાં ગયા. ૨૭.

સ્વભાવથી જ (પ્રાર્થના કર્યા વિના જ) મિત્રોનું જ હિત કરવું જોઈએ; તેમાં પણ આ બંનેએ મિત્રોનાં વચન પણ સાંભળ્યાં (મિત્રોએ પ્રાર્થના પણ કરી), તેથી મિત્રોનું જ પ્રિય કરવાની ઈચ્છાથી વનમાં ગયા. જો તેમ ન હોય તો ક્લેશ વિના કર્મ કરનાર ભગવાન્ નિરપરાધિ ધેનુકને શા માટે મારે ? તેથી જ ભગવાને તેને માર્યો પણ નહિ. મિત્રોનું હિત કરવું જોઈએ તેથી, અથવા તેઓનો આગ્રહ જોઈને એમ જણાયું કે તેઓ પોતાના દોષની (દેહાધ્યાસની) નિવૃત્તિ કરવા ઈચ્છે

છે તેથી 'હસીને' ગયા. મિત્રોના દોષનું નિવારણ કરવાનું કાર્ય બંનેનું સામાન્ય હોવાથી બંને ગયા. તેઓનો દેહાધ્યાસ દૂર કરવો જ છે (ધેનુકનો વધ કરવો જ છે), એ કરવાના કાર્યનો નિશ્ચય કરેલો હોવાથી 'ગોપોથી વીંટાઈ'ને ગયા. જો એ કાર્યનો નિશ્ચય કર્યો ન હોત તો તેઓની સાથે ન જાત, (પણ પોતે બે જ જાત). 'એ કાર્ય કદાચ થઈ શકે નહિ તો' એવી શંકા હતી જ નહિ, એમ જણાવવા કહે છે કે 'બે સમર્થ' (પુરુષો) ગયા. (તેઓ સમર્થ હતા તેથી 'કાર્ય કદાચ થઈ ન શક્યું તો' એવી શંકા હતી જ નહિ.) ૨૭.

ત્યાં જઈ તેઓએ શું કર્યું તે શ્લોક ૨૮થી કહે છેઃ

**બલઃ પ્રવિશ્ય બાહુભ્યાં તાલાન્ સમ્પરિકમ્પયન્ ।।**
**ફલાનિ પાતયામાસ મતઙ્ગજ ઈવૌજસા ।।૨૮।।**

બલે (બલભદ્રે) પ્રવેશ કરી હાથીની પેઠે બલથી તાડોને બાહુઓથી સારી રીતે હલાવતાં ફલો પાડ્યાં. ૨૮.

ક્લેશ વિના કર્મ કરનાર ભગવાન્ તો (વનની) બહાર જ રહ્યા, પણ બલદેવે અંદર પ્રવેશ કર્યો અને (પોતાના) બાહુઓથી તાડોને સારી રીતે હલાવતાં ફલો પાડ્યાં. જે સારી રીતે પાકેલાં ફલો હોય તે વૃક્ષને હલાવવાથી પડે છે.

ફલો તો નીચે પણ હતાં, છતાં એવી રીતે ઘણાં ફલો શા માટે પાડ્યાં ? તેનો ખુલાસો 'હાથીની પેઠે' એ શબ્દોથી કરે છે. હાથી પોતાના બલથી થતી ચળ મટાડવા માટે બધાં ફલોને, નકામાં હોય તેમને પણ પાડે છે, તેવી રીતે બલદેવે ફલો પાડ્યાં. ફલો તો ઉપાય કરવાથી પણ પડે, પણ બલદેવે તેવા ઉપાયો કર્યા નહિ એમ જણાવવા 'બલથી' શબ્દ યોજેલો છે. બલદેવે ફલ પાડવાના ઉપાયો કર્યા નહિ, પણ પોતાની બાહુઓના બલથી જ ફલો પાડ્યાં. ૨૮.

ત્યાર પછી જે થયું તે હવે કહે છેઃ

**ફલાનાં પતતાં શબ્દં નિશમ્યાસુરરાસભઃ ।।**
**અભ્યધાવત્ ક્ષિતિતલં સનગં પરિકમ્પયન્ ।।૨૯।।**

પડતાં ફલોનો શબ્દ સાંભળી અસુર ગધેડો પર્વત સહિત ભૂતલને બહુ કંપાવતો દોડ્યો આવ્યો. ૨૯.

પડતાં ફલોનો શબ્દ સાંભળી અસુર-ગધેડો દોડ્યો આવ્યો. અસુરોમાં પણ ગધેડો એટલે અધમ-અસુરોમાં પણ અધમ તે દોડતો આવ્યો. અસુરો કરતાં અસુર પશુઓ હલકાં, અને અસુર પશુઓમાં અસુર ગધેડા હલકા; તે અસુર-ગધેડો ભય વિના દોડતો આવ્યો, તેના કારણ જેવું તેનું સામર્થ્ય જણાવવા 'પર્વત સહિત (ભૂતલને) બહુ કંપાવતો' શબ્દો યોજેલા છે, ગોવર્ધનપર્વત સહિત સર્વ ભૂતલને બહુ કંપાવતો તે દોડ્યો આવ્યો. ૨૯.

આવીને તેણે બલભદ્રને માર્યા, એમ હવે આ શ્લોકમાં કહે છેઃ

**સમેત્ય તરસા પ્રત્યગ્ દ્વાભ્યાં પદ્ભ્યાં બલં બલી ।।**
**નિહત્યોરસિ કાશબ્દં મુઞ્ચન્ પર્યસરત્ ખલઃ ।।૩૦।।**

(તે) બલીઓ હરામખોર પાસે આવી ઝડપથી ઉંધો થઈ (પીઠ દેખાડી) બે પગોથી બલભદ્રને છાતી પર (લાત) મારી ભૂંકાર કરી ચારે તરફ ફર્યો. ૩૦.

(બલભદ્રની) પાસે આવી, એટલે તેમને મળી, તેમની નજીક આવી ઝડપથી ઉંધો થયો એટલે (પાછો ફર્યો) બલદેવ તરફ પીઠ કરી, પછી પોતાના બે પગોથી બલને એટલે બલભદ્રને છાતી ઉપર (લાત) મારી, ગધેડા ભૂંકે છે તેમ ભૂંકારનો શબ્દ ઉચ્ચાર્યો અને પછી બલભદ્રની ચારે તરફ ફર્યો, જાણે ચારે તરફથી બલભદ્રને બંધન કરતો હોય, એમ તેમની ચારે તરફ ફરી તેણે પ્રદક્ષિણા કરી. આમ કરવું એ ગધેડાનો જાતિસ્વભાવ છે.

મહાન્ પુરુષ ફલ લેવા માટે પોતાના સ્થાનમાં આવે અને પોતે જ ફલ તોડી તોડીને લે ત્યારે આવીને એમને મારવાનું અયોગ્ય કર્મ એણે કર્યું, તેનું કારણ જણાવવા કહે છે કે તે હરામખોર (અધમ, હલકો) હતો. ૩૦.

બલદેવ પણ તેના વનમાં પોતે જ આવેલા તેથી તેમણે તેનો એક અપરાધ સહન કર્યો[૧], પણ તેટલાથી તે (ધેનુક) અટક્યો નહિ એમ કહે છેઃ

**પુનરાસાદ્ય સંરબ્ધ ઉપક્રોષ્ટા પરાક્ સ્થિતઃ ।।**
**ચરણાવપરૌ રાજન્ બલાય પ્રાક્ષિપદ્ રુષા ।।૩૧।।**

હે રાજન્ ! શિયાળ જેવા તેણે ફરી આવી ગુસ્સે થઈ, પાછા ફરી રોષથી પાછલા પગો બલભદ્ર તરફ નાખ્યા (બલદેવને લાત મારી). ૩૧.

જે ક્રોધથી ગુસ્સે થયો હતો તે ફરીથી બલભદ્ર પાસે આવ્યો. શિયાળ જેવો (લુચ્ચો) તે ગધેડો ફરી પાછો ફર્યો એટલે બલભદ્રથી વિમુખ થયો (બલભદ્ર તરફ પીઠ કરી), અને ફરીથી પાછલા પગો બલભદ્ર તરફ નાખ્યા (લાત મારી). તે બલભદ્ર પાસે આવ્યો ત્યારથી તે તેણે તેમને લાત મારી ત્યાં સુધી તેનો ક્રોધ ચાલુ રહ્યો હતો, એમ જણાવવા 'રોષથી' એમ કહેલ છે. 'હે રાજન્ !' એમ રાજાનું સંબોધન અહિં આ હકીકત સત્ય છે અને તેમાં કાંઈ જૂઠ(ઠગાઈ)નથી, એમ જણાવવા સ્નેહથી કરેલું છે. ૩૧.

તેણે બીજો અપરાધ કર્યો ત્યારે બલભદ્રે તેને માર્યો, એમ કહે છેઃ

**સ તં ગૃહીત્વા પ્રપદોર્ભ્રામયિત્વૈકપાણિના ।।**
**ચિક્ષેપ તૃણરાજાગ્રે ભ્રામણત્યક્તજીવિતમ્ ।।૩૨।।**

તેમણે (બલભદ્રે) તેને બે પગના આગલા ભાગોથી પકડી એક હાથથી

---

૧. બલભદ્રે પણ બલથી તેના વનમાં પ્રવેશ કરેલો, તેથી તેનો એક અપરાધ સહન કર્યો. (લે).

ફેરવી, ફેરવવાથી મરણ પામેલાને તાડના ઉપર ફેંક્યો. ૩૨.

બલભદ્રે તેને પગના બે આગલા ભાગોથી (પહોંચાના ભાગથી) પકડી, એક જ હાથથી તેને (ચક્કર ચક્કર) ફેરવી, તાડના ઝાડ ઉપર ફેંક્યો. જેમ ભગવાને વત્સાસુરને ચક્કર ચક્કર ફેરવીને ફેંક્યો હતો તેમ બલભદ્રે આ ધેનુકને ફેંક્યો. જેમ વત્સાસુર અંતરિક્ષમાં જ મરણ પામ્યો હતો તેમ આ પણ અંતરિક્ષમાં જ મરણ પામ્યો, એમ 'ફેરવવાથી મરણ પામેલા' શબ્દથી કહે છે. ધેનુકને ફેરવવાથી તેણે તેના પ્રાણો તજ્યા[૧]. ૩૨.

**તેનાહતો મહાતાલો વેપમાનો બૃહચ્છિરાઃ ।।**
**પાર્શ્વસ્થં કમ્પયન્ ભગ્નઃ સ ચાન્યં સોપિ ચાપરમ્ ।।૩૩।।**

તેનાથી હણાએલો ભારે ટોચવાળો કાંપતો મોટો તાડ, પાસેનાને કંપાવતો ભાંગ્યો, અને તે બીજાને અને તે પણ બીજાને (કંપાવતા ભાંગ્યા). ૩૩.

પહેલાં તો ફલો જ પડતાં હતાં હવે તો વૃક્ષો જાતે પણ પડ્યાં, એમ હવે આ શ્લોકમાં કહે છે. તેનાથી બલભદ્રથી (ધેનુકના દેહ વડે) હણાએલો, અથવા તેનાથી એટલે ગધેડા(ધેનુક)ના દેહથી, સારી રીતે હણાએલો મોટો તાડ પણ કાંપવા મંડ્યો, પછી મોટા માથાવાળો એટલે ભારે ટોચવાળો હોવાથી સ્થિર રહેવા અશક્ત થયો, એટલે પોતાની પાસે રહેલા વૃક્ષને કંપાવતો કંપાવતો મધ્યમાંથી જ ભાંગી ગયો. તેની પાસેનો તાડ પણ તેની પેઠે જ કાંપતો કાંપતો પોતાની પાસેના વૃક્ષને કંપાવતો ભાંગ્યો, તે પણ એવી જ રીતે પોતાની પાસેનાને કંપાવતો ભાંગ્યો, એવી રીતે એ તાડોની આખી હાર પડી ગઈ એવો અર્થ (થયો). ૩૩.

વળી માત્ર તાડોની એક જ હાર પાડી એટલું જ નહિ પણ સર્વે વૃક્ષો કાંપવા મંડ્યાં એમ આ શ્લોકમાં કહે છેઃ

**બલસ્ય લીલયોત્સૃષ્ટખરદેહહતાહતાઃ ।।**
**તાલાશ્ચકમ્પિરે સર્વે મહાવાતેરિતા ઈવ ।।૩૪।।**

બલભદ્રે રમતથી ફેંકેલા ખરના દેહથી હણાએલાથી હણાએલા સર્વ તાડો મહા(પ્રચંડ)વાયુથી કંપાવેલ હોય નહિ ! તેમ કાંપ્યા. ૩૪.

આ બલભદ્ર સાક્ષાત્ બલરૂપ છે, તેથી તેણે તો રમતમાં જ ખર(ધેનુક)ના દેહને ફેંકેલ; છતાં તે જે વૃક્ષ પર પડ્યો તેનાથી (સારી રીતે) સર્વ તરફથી હણાએલાં તાડનાં વૃક્ષો, મહાવાયુએ કંપાવ્યાં હોય તેમ કાંપ્યાં. આ બલભદ્રની ક્રિયાશક્તિ અનેક પરંપરા થવા છતાં પણ શાંત પડી નહિ. બલભદ્ર

૧. ધેનુકને કઈ તિથીએ માર્યો તે અહિં કહેલું નથી; પણ પદ્મપુરાણના ઉત્તરખંડમાં કહેલું છે કે 'કાર્તિકની પુનમને દિવસે ધેનુકોનો વધ કર્યો' ધેનુકજાતિના બધાને તે દિવસે માર્યા, તેથી 'ધેનુક' ત્યાં બહુવચનમાં મૂકેલું છે. (પ્ર)

સર્વાત્મક છે, તેથી જ્યાં તેમની ક્રિયાશક્તિ વ્યાપી (જે પદાર્થમાં તેમની ક્રિયાશક્તિએ પ્રવેશ કર્યો) તેના સંબંધથી (તે પદાર્થનો સંબંધ થવાથી) તેમાં (જેને તેનો સંબંધ થયો તે પદાર્થમાં) રહેલી ક્રિયાશક્તિ પણ જાગ્રત થાય છે. વળી તેનો સ્પર્શ બીજાને થાય ત્યારે તે બીજામાં રહેલી ક્રિયાશક્તિ જાગ્રત થાય છે, જેવી રીતે કાષ્ઠોમાં અગ્નિ રહેલો છે (તેને અગ્નિનો સંબંધ ફરી થવાથી કાષ્ઠ બળે છે, તે બળતા કાષ્ઠનો સંબંધ જે કાષ્ઠને થાય તે પણ બળવા મંડે છે) તેવી રીતે (બલભદ્રની ક્રિયાશક્તિ સર્વત્ર રહેલી છે). અગ્નિ તો આધારને પણ રાખતો નથી (તેનો પણ નાશ કરે છે), તેથી અહિં (તેનું દૃષ્ટાંત નહિ દેતાં) તેના જેવા ધર્મવાળા વાયુનું દૃષ્ટાંત આપેલું છે. મહાવાયુનો જે ગુપ્તવાયુ(શાંત પવન, હવા)ને સ્પર્શ થાય, તે પ્રથમ ગુપ્ત હોવા છતાં તેના સ્પર્શથી જાગ્રત થઈ મહાવાયુ થાય છે, અને બીજે સ્થલે ગુપ્તવાયુ હોય તેને પણ એવી રીતે જાગ્રત કરે છે, અને એ રીતે તે મહાવાયુ થાય છે, તેવી રીતે વાયુ મોટો (પ્રચંડ) જ થયા કરે છે. ૩૪.

આ બલદેવનું ચરિત્ર આશ્ચર્ય જેવું (ન માની શકાય તેવું) છે, એમ ધારી તેનું આ શ્લોકમાં સમાધાન કરે છે; (ન માની શકાય તેવું નથી એમ સમજાવે છે):

**નૈતચ્ચિત્રં ભગવતિ હ્યનન્તે જગદીશ્વરે ।।**
**ઓતપ્રોતમિદં યસ્મિંસ્તન્તુષ્વઙ્ગ યથા પટઃ ।।૩૫।।**

હે અંગ ! જેમ તંતુઓમાં વસ્ત્ર ઓતપ્રોત રહેલું છે તેમ જેમનામાં ખરે આ જગત્ ઓતપ્રોત રહેલું છે તેવા ભગવાન્ અનંત જગદીશ્વરમાં આ આશ્ચર્યકારક નથી. ૩૫.

આ કર્મ બલભદ્રનું નથી, પણ બલભદ્રમાં જેમનો આવેશ થએલો છે તેવા ભગવાનનું છે, એમ જણાવવા કહે છે કે ‘ભગવાનમાં આ આશ્ચર્યકારક નથી’, વળી આ અનંત એટલે સર્વનો સંહાર કરનાર સંકર્ષણ છે; તે કાલરૂપ હોવાથી તેમનું સ્મરણ થતાં જગત્ કંપે છે, તો તે તાડનાં બધાં વૃક્ષોને કંપાવે એમાં આશ્ચર્ય શું ? વળી આ જગદીશ્વર એટલે જગતને નિયમમાં રાખનાર, જગતના ઈશ્વર છે. ‘જેના ભયથી આ વાયુ વાય છે’ વિગેરે વાક્યો પ્રમાણે ઈશ્વરની આજ્ઞાથી જ બધાં કંપે છે.

(ધેનુકે બલભદ્રને) પ્રથમ પ્રહાર કર્યો ત્યાં સુધી તે બલભદ્ર હતા. પછી પ્રહારની વ્યથા થતાં મટાડવાનો ઉપાય શોધતાં તેમને ભગવનના ઉપદેશ(આ અધ્યાયના શ્લોક ૫ થી ૮માં આપેલ)નું સ્મરણ થતાં ભગવાનનો તરત તેમનામાં આવેશ થયો, અને તેમનામાં રહેલા ભગવાને એ પ્રમાણે ધેનુકને પકડી ફેરવી તાડ પર ફેંક્યો. તેમ ન હોત (આ કાર્ય ભગવાનનું ન હોત અને બલભદ્રનું હોત) તો બલભદ્રે પહેલાં બાહુઓથી વૃક્ષોને (શ્લોક ૨૮માં) હલાવ્યાં ત્યારે જ વૃક્ષો ભાંગી

જાત. (તેથી આ કાર્ય બલભદ્રમાં જેમનો આવેશ થએલો છે તેવા ભગવાનના સંકર્ષણવ્યૂહનું છે). વળી 'હું' અને 'મારું' એવા અભિમાનના અધિષ્ઠાતા આ સંકર્ષણમાં આ આખુંય જગત્ જેમ તંતુઓથી વસ્ત્ર ઓતપ્રોત છે તેમ સમવાયરૂપથી અને નિમિત્તરૂપથી ઓતપ્રોત છે. તાણા (લાંબા તાર) ઓત છે અને વાણા (આડા તાર) પ્રોત છે, અને એ તાણાવાણાથી વસ્ત્ર ઓતપ્રોત છે; તેમ આ આખુંય જગત્ ભગવાનમાં સમવેત અને ગ્રથિત (ગૂંથાએલું) (ઓત અને પ્રોત) રહેલું છે. તેથી સંકર્ષણ માત્ર પોતાનો હાથ હલાવે તો તેથી જ સર્વ જગત્ કંપે એ યોગ્ય છે, તો પછી માત્ર વૃક્ષો જ બહુ હાલે તેમાં શું આશ્ચર્ય ? ૩૫.

એવી રીતે ધેનુકનો વધ અને ભગવાનનું સામર્થ્ય જણાવી, આ પ્રસંગમાં તેના સર્વ સંબંધીઓનો વધ થયો તે હવે કહે છેઃ

**તતઃ કૃષ્ણં ચ રામં ચ જ્ઞાતયો ધેનુકસ્ય યે ।।**
**ક્રોષ્ટારોભ્યદ્રવન્ સર્વે સંરબ્ધા હતબાન્ધવાઃ ।।૩૬।।**

પછી હણાએલ બંધુવાળા અને ક્રોધવાળા જે ધેનુકના સગા શિયાળો (રાડો પાડનાર ગધેડાઓ) હતા, તેઓએ રામ અને કૃષ્ણ ઉપર હુમલો કર્યો. ૩૬.

તે મૂર્ખાઓ તો ઘણા હતા. ધેનુકના જે સગાઓ ધેનુકના વધથી દુઃખી થએલા અને હણાએલ બંધુવાળા હતા તે શિયાળો એટલે રાડો પાડનાર ગધેડાઓએ ક્રોધથી લાલચોળ થઈ રામ અને કૃષ્ણ ઉપર હુમલો કર્યો. આ શ્લોકમાં બે 'ચ' છે, તેથી એમ સૂચવેલું છે કે તેઓએ ગોપો ઉપર પણ હુમલો કર્યો, એટલે તે સમયે દરેક ગોપ પાસે રામ અને કૃષ્ણ હાજર થયા; એટલે ઘણે સ્થલે કૃષ્ણ ઉપર અને ઘણે સ્થલે રામ ઉપર તેઓએ હુમલો કર્યો. ૩૬.

ત્યાર પછી ભક્તો(ગોપો)ની રક્ષા માટે કૃષ્ણ અને રામે તેમને માર્યા એમ આ શ્લોકમાં કહે છેઃ

**તાંસ્તાનાપતતઃ કૃષ્ણો રામશ્ચ નૃપ લીલયા ।।**
**ગૃહીતપશ્ચાચ્ચરણાન્ પ્રાહિણોત્ તૃણરાજસુ ।।૩૭।।**

હે નૃપ ! કૃષ્ણ અને રામે (જે જે) પાસે આવ્યા તેમને તેમને સહેલાઈથી પાછલા પગોથી પકડી તાડના વૃક્ષો પર ફેંક્યા. ૩૭.

જે વહેલા આવ્યા તેમને જ વહેલા માર્યા. (જેમ જેમ પાસે આવતા ગયા તેમ તેમ માર્યા.) કૃષ્ણ અને રામ (બેમાંથી) જેની પાસે આવે તે (તેમને પકડી ફેંકે). હે નૃપ ! એ સંબોધન પહેલાં (શ્લોક ૩૧)ની પેઠે, (આ જે હકીકત કહેવામાં આવે છે તે સત્ય છે એમ જણાવવા પ્રેમથી) કરવામાં આવેલું છે. તેમનો વધ કરવામાં કૃષ્ણ અથવા રામને કાંઈ પણ પ્રયાસ કરવો પડ્યો ન હતો, એમ જણાવવા 'સહેલાઈથી' પદ યોજેલું છે. પાછલા પગો પકડેલા છે જેઓના તેવા તે

બધાઓને અંતરિક્ષમાં જ મારી નાખવા માટે અને દુષ્ટે ઉછેરેલા તાડના વનનો નાશ કરવા માટે તે બધાને તાડનાં વૃક્ષો ઉપર જ ફેંક્યા. રામ અને કૃષ્ણ એક જ છે, તેથી અહિં 'પ્રાહિણોત્' ક્રિયાપદ એકવચનમાં મૂકેલું છે. (જો તે બે જૂદા હોત તો તેનું દ્વિવચન 'પ્રાહિણુતામ્' મૂક્યું હોત). ૩૭.

**ફલપ્રકરસઙ્કીર્ણં દૈત્યદેહૈર્ગતાસુભિઃ ।।**
**રરાજ ધ્વસ્તતાલાગ્રૈર્ઘનૈરિવ નભસ્તલમ્ ।।૩૮।।**

વાદળાંઓથી આકાશ શોભે તેમ ફલોના સમૂહોથી, પ્રાણરહિત દૈત્યોના દેહોથી અને ભાંગેલી તાડોની ટોચોથી સારી રીતે છવાએલું પૃથ્વીનું તલ શોભ્યું. ૩૮.

પછી જે થયું તે અહિં કહે છે. ફલોના સમૂહોથી સારી રીતે છવાએલું, પ્રાણરહિત દૈત્યોના દેહોથી પણ સારી રીતે છવાએલું, અને ભાંગેલી જે તાડોની ટોચો[1] તેમનાથી પણ સારી રીતે છવાએલું, તલ એટલે પૃથ્વીનું તલ શોભા જ પામ્યું; પણ પૃથ્વીની જરા પણ શોભા નષ્ટ થઈ નહિ. આ સંબંધમાં દષ્ટાંત કહે છે કે જેમ મેઘોથી આકાશ (શોભે) તેમ (આ ભૂતલ શોભ્યું). સૂર્યવાળું, (અથવા) ચંદ્ર અને નક્ષત્રોવાળું નિર્મળ આકાશ જેમ શોભે છે તેવી જ રીતે મેઘોના સંબંધવાળું (મેઘોથી છવાએલું) આકાશ પણ શોભે છે. ઘન એટલે વાદળાંની સર્વ પુરુષોને અપેક્ષા (જરુર) રહેતી હોવાથી, આ ત્રણે આસમાની(નીલ)ની પેટા જાતિના રંગોવાળાં કહેલાં છે; ફલો (તાડનાં) ઘણાં જ આસમાની હોય છે, રાસભ (ગધેડાં) ધૂસર (ભૂરા) રંગના હોય છે, અને તાડની ટોચો શ્યામ હોય છે. વાદળાં પણ આવા જ રંગના હોય છે. ૩૮.

તે બેનું તે કર્મ આખા જગતમાં પ્રસિદ્ધ થયું, તેમ જણાવે છેઃ

**તયોસ્તત્સુમહત્કર્મ નિશમ્ય વિબુધાદયઃ ।।**
**મુમુચુઃ પુષ્પવર્ષાણિ ચક્રુર્વાદ્યાનિ તુષ્ટુવુઃ ।।૩૯।।**

તે બેનું તે મોટું કર્મ જાણીને દેવો વિગેરેએ પુષ્પોની વૃષ્ટિ કરી, વાજીંત્રો વગાડ્યાં અને સ્તુતિ કરી. ૩૯.

તે બેનું તે ધેનુકના વધરૂપ મોટું કર્મ જાણીને દેવો વિગેરેએ એટલે દેવો, ગાંધર્વો વિગેરેએ (૧) પુષ્પોની વૃષ્ટિ કરી, (૨) વાજીંત્રો વગાડ્યાં અને (૩) સ્તુતિ કરી. ત્રણ પ્રકારના દેવોનાં આ ત્રણ હર્ષનાં ધામ છે. (આ રીતે ધેનુકના વધથી દેવોએ હર્ષ દર્શાવ્યો) તેથી દેવોના હિત માટે આ ધેનુકનો વધ (કરેલો છે) એમ કહેવાયું. ૩૯.

---

૧. સુબોધિનીમાં 'ધ્વસ્તતાલાગ્રૈઃ' પાઠ લીધેલો જણાય છે, તેથી તે પ્રમાણે પાઠ લીધો છે. 'ભૂઃ સતાલગ્રૈઃ' એવો પણ પાઠ છે.

આવી રીતે પરિકર સાથે ધેનુકનો વધ કર્યો એ કહ્યું; પરંતુ ભગવાને તાડનાં ફલો કોઈને આપ્યાં નહિ, છતાં પોતાની ઈચ્છાથી સર્વેએ તે ખાધાં એમ આ શ્લોકમાં કહે છેઃ

**અથ તાલફલાન્યાદન્ મનુષ્યા ગતસાધ્વસાઃ ।।**
**તૃણં ચ પશવશ્ચેરુર્હતધેનુકકાનને ।।૪૦।।**

પછી જે (વન)માં ધેનુકનો નાશ થયો તે વનમાં ભય વિનાના મનુષ્યોએ તાડનાં ફલો ખાધાં, અને પશુઓએ ઘાસનો ચારો કર્યો. ૪૦.

'(અથ)' 'પછી' એટલે જૂદો આરંભ કરી (આ હકીકત કહે છે). સર્વ મનુષ્યોએ તાડનાં ફલો ખાધાં અને ભયરહિત થયા; અને પશુઓએ ઘાસનો ચારો કર્યો. જ્યાં ધેનુક હણાયો તેવા વનમાં (આ પ્રમાણે મનુષ્યોએ ફલો ખાધાં અને પશુઓએ ઘાસનો ચારો કર્યો) ત્યાં (પડેલાં તાડોની) છાયાને લીધે ઘાસ સૂકાય નહિ તેથી પશુઓએ તેનો ચારો કર્યો. 'ચ' શબ્દ (મૂલમાં છે તેથી) એમ જણાય છે કે (ત્યાં પક્ષીઓ પણ સુખી થયાં. ૪૦.

આવી રીતે વનલીલા કરી, ભગવાન્ પાછા વ્રજમાં પધારે છે તે આ શ્લોકમાં કહે છેઃ

**કૃષ્ણઃ કમલપત્રાક્ષઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।।**
**સ્તૂયમાનોનુગૈર્ગોપૈઃ સાગ્રજો વ્રજમાવ્રજત્ ।।૪૧।।**

કમલના પત્ર જેવા ચક્ષુવાળા, જેમનું શ્રવણ-કીર્તન પાવન કરનાર છે તેવા કૃષ્ણ ભક્તો અને ગોપોથી સ્તુતિ કરાતા બલભદ્ર સહિત વ્રજમાં પધાર્યા. ૪૧.

ભગવાન્ વ્રજમાં પધાર્યા એ વ્રજના રહેવાસીઓના મોટા આનંદનું કારણ કહ્યું.

'આટલા બધા વખત સુધી વિરહના[1] તાપથી દુઃખી થએલા વ્રજના રહેવાસીઓનો એ તાપ (દુઃખ) ભગવાનના આગમનથી કેમ મટશે ?' એવી શંકા થાય તેથી કહે છે કે ભગવાન્ 'કમલના પત્ર જેવા ચક્ષુવાળા' છે. કમલનાં પત્રો જેવા વિસ્તારવાળાં એટલે ઘણાં વિશાળ બીજાના તાપને દૂર કરનારાં જેમનાં ચક્ષુઓ છે તેવા ભગવાન્ છે, તેથી માત્ર પોતાની દષ્ટિથી જ[2] તે સર્વના તાપ દૂર કરનારા છે એમ આ વિશેષણથી કહેવાયું.

---

૧. આવતા શ્લોકમાં બીજા પ્રકારનો તાપ કહેલો છે, તેથી અહિં વિરહનો તાપ દૂર કરવાનું કહેલું છે. (લે)

૨. ભગવાન્ પોતાની દષ્ટિથી સંકેત (અમુક સમયે અમુક સ્થલે મળીશું તે) સૂચવે છે, તેથી ભવિષ્યમાં મળાશે એવી ખાતરી થવાથી વિરહનો તાપ મટે છે. (લે)

'તાપનું કારણ થએલ આધ્યાત્મિક[3] પાપ જ્યાં સુધી હયાત છે (નષ્ટ થયું નથી) ત્યાં સુધી તાપ કેમ મટે ?' એવી શંકા થાય તે માટે કહે છે કે ભગવાન્ 'પુણ્યશ્રવણકીર્તન છે'. જેમનું શ્રવણ અને કીર્તન પુણ્ય એટલે પાવન કરનાર છે તેવા ભગવાન્ છે. આ(વિશેષણ)થી[4] એમ નિરૂપણ થયું કે જેમ જલના પૂરથી (કચરો ધોવાઈ જાય) તેમ ભગવાનનાં શ્રવણ અને કીર્તનથી પાપનો નાશ થાય છે. ભગવાન(ના ગુણો)નું શ્રવણ કરવાથી કથાનું પૂર[5] હૃદયમાં પ્રવેશ કરે છે, અને બધાય દોષોને ત્યાં ડોળી ડોળી મુખથી બહાર નીકળે છે. આમ કેટલાક સમય સુધી ફરી ફરી થવાથી પુરુષ સર્વ રીતે શુદ્ધ જ થાય છે. (દોષ બધા નીકળી જાય છે).

'એમ હોય તો પણ ભગવાનનું કીર્તન ક્યાંથી પ્રાપ્ત થાય ?[6]' (કોઈ કીર્તન કરનાર મળે ત્યારે જ શ્રવણ થઈ શકે. તેથી કીર્તન કરનાર ન મળે ત્યાં સુધી શ્રવણ થઈ શકે નહિ, અને દોષો અથવા પાપ મટે નહિ) એવી શંકા થાય, તેથી કહે છે કે 'ભકતો અને ગોપીથી સ્તુતિ કરાતા' ભગવાન્ વ્રજમાં પધાર્યા. અનુગ[7] એટલે ભક્ત; ભક્તો અને ગોપો ભગવાનની સ્તુતિ (કીર્તન) કરતા કરતા જ સાથે આવતા હતા, એટલે શ્રવણ કરવું સહેલું જ હતું) તેથી ભગવાનનું ચરિત્ર સર્વથા અલૌકિક પ્રકારથી[8] તેમજ લૌકિક[9] પ્રકારથી સુલભ જ છે એમ કહેલું છે.

---

૩. આધ્યાત્મિક એટલે અંતઃકરણના સંબંધવાળા વિરહના કારણરૂપ મદ માન વિગેરે. (લે)

૪. આથી એટલે ભગવાનના શ્રવણ અને કીર્તનને પુણ્ય કહ્યાં તેથી, પુણ્ય તરત જ પાપના ભોગને દૂર કરનાર પ્રાયશ્ચિત્ત છે, પણ પાપનો સ્વરૂપથી નાશ કરનારું નથી, એમ નિબંધમાં કહેલું છે, તે સૂચવવા અહિં જલના પૂરનું દષ્ટાંત આપેલું છે. પૂર પણ કચરાને બીજે ઠેકાણે લઈ જઈ ફેંકે છે, પણ તેનો સ્વરૂપથી નાશ કરતું નથી, તેમ અહિં પણ કથાનું પૂર તે સમયે થએલ મદ માન વિગેરેને મટાડે છે, પણ ભવિષ્યમાં રસનો ઉછાળો આવે ત્યારે તે પાછાં થવાનાં જ એવો ભાવ છે. (લે)

૫. કથાનું પૂર એટલે અમૃતથી ભરેલું (વીંટાએલું) કથાનું પૂર. (લે)

૬. શ્રવણ અને કીર્તનથી આધ્યાત્મિક પાપ મટે, તો પણ ભગવાનમાં અનિત્ય પ્રેમ વિગેરે દોષરૂપ આધિદૈવિક પાપ હોય ત્યાં સુધી તેવાં આધિદૈવિક પાપોને મટાડનાર અને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરાવનાર (ભગવાનના) ગુણોના વર્ણનરૂપ કીર્તન કેવી રીતે પ્રાપ્ત થાય ? (લે)

૭. અનુગ એટલે અંતરંગ (ભક્ત). (લે)

૮. ભગવાને પહેલાં અહિં જ જેવી રીતે રમણ કરેલું તેવી રીતે તેનું વર્ણન ભક્તો સ્તુતિથી કરે છે, તેથી અલૌકિક પ્રકારે ભગવાનનું ચરિત્ર સુલભ થાય છે. (લે) સર્વ લોકોની સમક્ષ રહસ્યલીલા કહેવાતી નથી, પણ તાદશ ભક્તોની સમીપ એકાંતમાં (છુપી રીતે) કહેવાય છે. તેના કહેનારા પણ વિરલ હોય છે, અને તેમને લોકો જાણતા પણ નથી, તેથી તેઓ પાસેથી લીલાનું સ્વરૂપ અલૌકિક પ્રકારથી જ જણાય છે. (યો)

૯. લોકો જે પ્રકારે જાણે છે તે પ્રકારે ગોપોની સ્તુતિથી જણાતું હોવાથી સુલભ છે. (લે) પ્રકટલીલાનું ગોપો સર્વની રૂબરૂ ગાન કરે છે, તેથી તેનો લાભ પણ સર્વ પ્રસિદ્ધ લૌકિક

ભગવાન્ વ્રજમાં બલભદ્ર સહિત પધાર્યા, ધેનુકનો વધ બલભદ્રે કર્યો હતો તેથી તેમને આગળ કરીને તેમની સાથે જ ભગવાન્ વ્રજમાં પધાર્યા, પણ બંને છુટા છુટા (પહેલા ભગવાન્ અને પછી બલભદ્ર) આવ્યા નહિ. ૪૧.

(વ્રજમાં) પધારતા ભગવાનનું આ શ્લોકમાં વર્ણન કરે છેઃ

**તં ગોરજશ્છુરિતકુન્તલબદ્ધબર્હવન્યપ્રસૂનરુચિરેક્ષણચારુહાસમ્ ।।**
**વેણું ક્વણન્તમનુગૈરનુગીતકીર્તિ ગોપ્યો દિદક્ષિતદશોભ્યગમન્ સમેતાઃ ।।૪૨।।**

દર્શનની ઈચ્છાવાળી દષ્ટિવાળી ભેગી થએલી ગોપીઓ ગોરજથી ભરેલા કુંતલવાળા, બાંધેલા મયૂરપિચ્છ વનનાં પુષ્પો અને રુચિર દષ્ટિથી મનોહર હાસ્યવાળા[1], વેણુ વગાડતા અને ભક્તોથી જેમની કીર્તિ ગવાય છે તેવા, તે (ભગવાન)ની આસપાસ ફરી વળી. ૪૨.

'તે(ભગવાન)ની આસપાસ ગોપીઓ ફરી વળી' એવો (વાક્યનો) સંબંધ છે. પહેલાં (શ્લોક ૫ થી ૧૮માં) ચાર પુરુષાર્થવાળી અને દશ રસવાળી લીલા ભગવાને દર્શાવી, પરંતુ તે લીલા ગોપિકાઓએ અનુભવેલી નહિ, તેથી તેઓને તાપ થાય છે; તેથી તેઓનો તાપ દૂર કરવા, અહિં ચૌદ ધર્મ(ચાર પુરુષાર્થ અને દશ રસ)વાળા ભગવાનનું નિરૂપણ કરવામાં આવે છે.

પ્રથમ 'ગોરજોથી છુરિત (એટલે વ્યાપી રહેલાં અથવા ભરાઈ રહેલા) છે કુંતલો (એટલે કેશો) જેમના' એમ કહી ચાર પુરુષાર્થની લીલાનું નિરૂપણ કરેલું છે. અહિં[2] 'ગાયો' ધર્મ[3] છે, 'રજકણો' અર્થ[4] છે, 'વ્યાપ્તિ'(ભરાએલા હોવું) કામ[5]

---

પ્રકારથી જ થાય છે. (યો)

૧. 'ગોરજોથી ભરેલા કુંતલો છે જેમના' એમ બહુવ્રીહિ સમાસ છે. બાંધેલા મયૂરપિચ્છ, વનનાં પુષ્પો અને રુચિરદષ્ટિ, એ ત્રણનો દ્વંદ્વ સમાસ છે. પછી તે બધાથી (ત્રણેથી, ત્રણ સહિત) મનોહર હાસ છે જેમનું, એમ બહુવ્રીહિ સમાસ છે. પછી પહેલો બહુવ્રીહિ (ગોરજોથી ભરેલા કુંતલો છે જેમના) અને બીજો બહુવ્રીહિ એ બંનેનો કર્મધારય સમાસ છે. (લે)

૨. 'અહિં' એટલે આ પુરુષાર્થલીલાનો અર્થ લઈએ તેમાં ગાયો ધર્મ છે; બીજો શૃંગારરસની લીલાનો અર્થ કરશે તેમાં ગાયો અનુભાવ છે એમ આગળ કહેશે. (લે)

૩. ધર્મ વૃષ(આખલા)રૂપ છે(ભાગ. ૧।૧૭।૨૧) વૃષ ગાયની જાતનો છે, તેથી અહિં ગાયોને ધર્મરૂપ કહેલી છે; અથવા ગાયો ધર્મના કારણરૂપ છે, તેથી ગાયો ધર્મરૂપ કહેલી છે. (ટિ)

૪. અર્થ (ધન) ધર્મથી સાધ્ય (મેળવાય તેવું) છે, અને તેથી ધર્મના સંબંધવાળો છે. (અહિં ગાયો ધર્મ હોવાથી તેમના સંબંધવાળાં તેમના ચાલવાથી ઉડતાં રજકણોને અર્થ કહેલો છે). વળી અર્થ વિક્ષેપ કરાવનાર હોવાથી રજોરૂપ (રજોગુણનો ધર્મ, રજકણોરૂપ) છે, અને મદ કરાવનાર હોવાથી પણ રજોરૂપ છે, તેથી અહિં 'રજઃ' શબ્દથી અર્થ કહેલો છે. (ટિ).

૫. જે કામરહિત હોય તેને બીજા કોઈનો સંબંધ હોવાનું સંભવતું નથી. (જેને કોઈ પ્રકારની કામના ન હોય તે બીજા સાથે શા માટે સંબંધ રાખે ?) તેથી કામ (કામના) હોય તો જ બીજાઓનો સંબંધ રાખે. તેથી વ્યાપ્તિ (બીજા સાથે ભરાઈ રહેવું, બીજામાં ભરાઈ રહેવું)

છે, અને સત્યનું[૬] અવલંબન કરનાર 'અલક' (કેશ) મોક્ષને સ્થાને[૭] (મોક્ષલીલાનું દર્શન કરાવનાર) છે. ધર્મ વિગેરે(એટલે ધર્મ અર્થ અને કામ)વાળાને જ મોક્ષ પ્રાપ્ત થાય છે, તેથી આ ચારેની એકવાક્યતા[૮] છે.

(એ રીતે ચાર પુરુષાર્થવાળી લીલા દર્શાવી, હવે દશ રસસંબંધી લીલા દર્શાવે છે. તેમાં આ જ શબ્દો પ્રથમરસ-શૃંગારરસના સંબંધવાળી લીલા દર્શાવે છે). કુંતલો (અલક, કેશ) કામરૂપ[૯] છે, રજકણો (રજઃ) રજોગુણ જ[૧૦] છે, ગાયો અહિં (આ અર્થમાં) અનુભાવ[૧૧] છે. તેથી આ શબ્દથી (૧) પુષ્ટ શૃંગારરસનું નિરૂપણ કરેલું છે.

બાંધેલું મયૂરપિચ્છ. બર્હ એટલે મયૂરપિચ્છ, તેનું બંધન (૨) વીર[૧૨] અને

---

કામ છે. 'તેમણે રમણ ન જ કર્યું; તેથી એકલો રમતો નથી, તેમણે બીજાની ઈચ્છા કરી. તે આટલા હતા' 'તેને સર્જી પછી તેમાં જ પ્રવેશ કર્યો' શ્રુતિઓ પ્રમાણે ભગવાન્ કામથી જ (જુદા જુદા) સર્વરૂપોથી આવિર્ભાવ પામી સર્વ(જગત્)માં વ્યાપી રહેલા છે, તેથી વ્યાપ્તિ કામ છે. (ટિ).

૬. સત્ય એટલે ભગવાનના વાસ્તવિકરૂપનું અવલંબન કરનાર એટલે દયાથી પ્રકટ કરનાર.(પ્ર)

૭. કેઈંદા બાંધેલા હોય છે, અને અલક (કુંતલ) સદા મુક્ત (છૂટા) જ હોય છે, તેથી કુંતલ મોક્ષને સ્થાને છે. માનિનીઓનાં મન બહુ દૂર ગએલાં જેવાં હોય તેમને ભગવાનના કુંતલો પોતાની શોભાથી બોલાવતા હોય નહિ, તેમ પાસે લાવી સ્વરૂપાનંદનું દાન કરાવે છે, તેથી તે મોક્ષને સ્થાને છે, એવો ભાવાર્થ છે. અહિં ગાયો, રજકણો, વ્યાપ્તિ અને કુંતલોના દર્શનથી અનુક્રમે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરુષાર્થ આપનારી લીલાનો સાક્ષાત્ અનુભવ થયો હોય તેમ થાય છે, એવું તાત્પર્ય છે. (ટિ)

૮. 'ગોરજથી ભરેલા કુંતલોવાળા'માં 'ભરેલા' એ ક્રિયા હોવાથી આ વાકય થયું; અને તેથી આ શબ્દો એક પેટા વાક્ય જેવા થયા. તેથી તેઓની એકવાક્યતા થઈ. (લે).

૯. ઉત્તમ રસના ભોક્તાને કોઈ જૂએ ત્યારે તેને પણ તેની પેઠે ભોગ કરવાની ઈચ્છા થાય, એ લોકમાં પ્રસિદ્ધ છે. અહિં કુંતલો ભ્રમર જેવા છે અને શ્રીમુખકમલની આસપાસ શોભે છે; તેથી જેઓને તેમનાં દર્શન થાય તેઓના ભાવનું ઉદ્દીપન (વૃદ્ધિ) થાય છે; તેથી દર્શન કરનારના ભાવની વૃદ્ધિ કરતા હોવાથી તેઓ કામરૂપ છે. (ટિ) કામરૂપ એટલે કામનું નિરૂપણ કરનાર, કામને જાગ્રત કરનાર. (લે)

૧૦. ગાયના આવવાથી ઉડતાં રજકણો કામ ઉત્પન્ન કરનાર છે. એમ આગળ ૧૦|૨૮|૧૨ શ્લોકમાં દર્શાવવામાં આવશે; તેથી આ રજકણો રસ(શૃંગારરસ)નું ઉદ્દીપન કરનારાં હોવાથી રજોગુણ છે એવો અર્થ છે. (લે)

૧૧. ગાયો સદા ભગવાન્ સાથે રહેલી હોય છે, તેથી તેમને જોવાથી ભગવાનનું સ્મરણ થાય છે; તેથી કોઈવાર તેઓ બીજાનું અદર્શન કરાવી (બીજામાંથી ચિત્ત કઢાવી નાખી) રસનો અનુભવ કરાવે છે; તેથી તેઓ અનુભાવક (રસનો અનુભવ કરાવનાર) છે. (ટિ)

૧૨. બાંધેલું મયૂરપિચ્છ ઉત્સાહ ઉત્પન્ન કરનાર હોવાથી વીરરસ ઉત્પન્ન કરે છે. (પ્ર)

(૩) અદ્‌ભુત[13] રસનો બોધ કરે છે. (બાંધેલાં) વનનાં પુષ્પો. વનમાં ઉગેલા પુષ્પોનો સંબંધ (૪) ભયાનક[14] અને (૫) હાસ્યરસ[15] ઉત્પન્ન કરે છે. રુચિર દૃષ્ટિ (૬) કરુણા[16] નામના (રસને ઉત્પન્ન કરે છે). મનોહર હાસ (હસવું) (૭) રૌદ્રરસને[17] (ઉત્પન્ન કરે છે).

મહાન્ પુરુષ આવો વિશેષ પ્રકારનો વેષ ધારણ કરે તેથી નાટકશાસ્ત્રનો બાકીનો રસ (૮) (બીભત્સ[18]) ઉત્પન્ન થાય છે. (ભગવાન્) 'વેણુ વગાડતા' આવે છે એટલે બ્રહ્માનંદને પ્રકટ કરતા વ્રજમાં પધારે છે, તેથી વેણુ વગાડવાથી (૯) શાંતરસ ઉત્પન્ન થાય છે.

'ભક્તોથી[19] જેમની કીર્તિ ગવાય છે[20] તેવા' ભગવાન્ પધારે છે, તેથી (૧૦) ભક્તિરસ ઉત્પન્ન થાય છે.

ગોપિકાઓને આવી રીતે સર્વ રસવાળા ભગવાનનાં દર્શન થતાં હતાં, છતાં તેઓ 'દર્શનની ઈચ્છાવાળી દૃષ્ટિવાળાં જ' રહ્યાં, કારણ કે ભગવાનનાં જેને સાધારણ રીતે(બીજાઓના સંઘમાં) દર્શન થાય તેનામાં પરમ (ઉત્તમ) રસ ઉત્પન્ન થતો નથી; તેથી 'એકાંતમાં ભગવાનનો સમાગમ થશે ત્યારે સર્વ રસવાળા ભગવાનનાં દર્શન કરીશું' એવી દર્શન કરવાની અભિલાષા જ તેમનામાં રહી. (આવી રીતે તેમનામાં ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છા રહી જ). તેથી જ ગોપીઓને ભગવાનનાં પ્રથમ દર્શન થયાં તે (અહિં) કહ્યું નથી, પણ તેઓને ભગવાનનો સમાગમ થયો એમ જ કહેલું છે. ભગવાનનો સમાગમ થાય તે માટે તેમનાં જે દર્શન થાય, તેનો બીજા(સમાગમ)ના પેટામાં સમાવેશ થતો હોવાથી તેનું જૂદું નિરૂપણ કરવાની જરુર રહેતી નથી.

---

૧૩. મયૂરપિચ્છ ભગવાને શા માટે બાંધેલું હશે, એમ વિસ્મય ઉત્પન્ન કરતું હોવાથી અદ્‌ભુતરસ ઉત્પન્ન કરે છે. (પ્ર)

૧૪. વનપુષ્પો જઈ ન શકાય તેવી ભૂમિ પર દેખાતાં હોવાથી તેમને જોવાથી ભય(ભયાનકરસ) ઉત્પન્ન થાય. (પ્ર)

૧૫. આ પુષ્પો કોઈ વાર સારાં ન લાગે તેવી રીતે ધરેલાં હોવાથી હાસ્યરસ ઉત્પન્ન કરે છે. (પ્ર)

૧૬. ભગવાનની રુચિર દૃષ્ટિના દર્શનથી 'હા ! અમે આટલો સમય તેમનાં દર્શન વિના રહ્યા' એમ શોક થવાથી, તે કરુણારસ ઉત્પન્ન કરે. (પ્ર)

૧૭. મનોહર હાસથી કોઈ અધિકારીને રૌદ્રરસ થાય. (પ્ર)

૧૮. ભગવાન્ આવો વેષ ધારણ કરે તે જોઈ કોઈ અધિકારીને (જુગુપ્સા થવાથી) બીભત્સરસ ઉત્પન્ન થાય. (પ્ર)

૧૯. ભક્તોને જોઈ રૂપાત્મક ભગવાનની સેવારૂપ ભક્તિરસ ઉત્પન્ન થાય છે. (લે)

૨૦. ભગવાનની કીર્તિ ગવાતી સાંભળવાથી નામાત્મક ભગવાનની સેવારૂપ ભક્તિરસ ઉત્પન્ન થાય છે. (લે)

(ગોપિકાઓ ભગવાનની) આસપાસ ફરી વળી, એટલે તેઓએ જ ભગવાનને ઘેરી લીધા એવું નિરૂપણ કરેલું છે. એક(ગોપિકા)થી તેવું કાર્ય થઈ શકે નહિ, તેથી 'ભેગી થએલી' શબ્દ યોજેલો છે. પહેલાં ગાયો અને બલભદ્ર જેમનામાં મુખ્ય હતા તેવા (બલભદ્ર સાથેના) ગોપો ગયા. ભગવાનની પાછળ જે ગોપો આવતા હતા તેઓને ગોપિકાઓએ જ ભગવાનથી છુટા પાડ્યા (ગોપિકાઓ તેઓની અને ભગવાનની વચ્ચે આવી); મધ્યમાં ગોપીઓથી ઘેરાએલા ભગવાન્ રહ્યા; (પહેલાં બલભદ્ર અને તેમની સાથેના ગોપો; પછી ભગવાનની ચારે બાજુએ ગોપિકાઓ અને પછી બીજા ગોપો પાછળ આવતા હતા તે રહ્યા) એવો અર્થ થયો. ૪૨.

ગોપીઓએ જે કર્યું તે કહી, પછી ભગવાન્ વ્રજમાં પધારે છે તે આ શ્લોકમાં કહે છેઃ

**પીત્વા મુકુન્દમુખસારઘમક્ષિભૃઙ્ગૈસ્તાપં જહુર્વિરહજં વ્રજયોષિતોऽહ્નિ ।।**
**તત્સત્કૃતિં સમધિગમ્ય વિવેશ ગોષ્ઠં સવ્રીડહાસવિનયં યદપાંગમોક્ષમ્ ।।૪૩।।**

વ્રજની સ્ત્રીઓએ મુકુંદના મુખારવિંદના મધનું ચક્ષુરૂપી ભ્રમરોથી પાન કરી દિવસમાં વિરહથી થએલો તાપ તજ્યો (મટાડ્યો). લજ્જા, હાસ્ય અને વિનય સહિત અપાંગ (કટાક્ષ) નાખવારૂપી જે સત્કાર તેઓએ કર્યો તેનો સ્વીકાર કરી (ભગવાન્) ગોષ્ઠમાં પધાર્યા. ૪૩.

(ગોપીઓએ શું કર્યું તે પ્રથમ કહે છે). આરંભમાં[૧] તાપ દૂર કરવા માટે કરુણારૂપ મોજાંવાળાં શ્રીગોપીજનવલ્લભરૂપી સરોવરમાંથી લાવણ્યામૃત (લાવણ્ય-રૂપી અમૃત)નું પાન કરવું જોઈએ; જો લાવણ્યરૂપી અમૃતનું પાન કરવામાં ન આવે તો અંદરનો તાપ મટે નહિ. (તાપ તો મટાડવો જ જોઈએ), કારણ કે તાપ જાય ત્યારે જ રસનો સ્વાદ લેવાય. બહારનો તાપ તો ભગવાન્ સાથે સમાગમ થતાં જ મટી ગયો; (અંદરનો તાપ મટાડવા શ્રીમુખના લાવણ્યરૂપી અમૃતનું તેમણે પાન કર્યું).

જે રસ પીવામાં આવે તે જો તાપ મટાડનાર અને મીઠો હોય તો જ વધારે પી શકાય; આવો (તાપ મટાડનાર અને મીઠો) રસ લોકમાં નથી; દૂધ વિગેરે[૨] છે પણ તે તૃષા વિગેરે દોષને ઉત્પન્ન કરનારા છે; (દૂધ તાપ મટાડનાર અને મીઠું છે, પણ તે પીવાથી તરસ લાગે છે). જલ રસ છે પણ તે બરફ પેઠે બહુ પી શકાતું

૧. લાવણ્યામૃતનું પાન, વિરહથી થએલ તાપનો ત્યાગ અને ભગવાનનો સત્કાર એ ગોપીઓએ કરેલાં. તે પૈકી આરંભમાં લાવણ્યામૃતનું પાન કર્યાનું કહે છે. (લે)

૨. વિગેરે શબ્દથી લીંબડો વિગેરે કહેલ છે. લીંબડો તાપ મટાડનાર છે, પણ કડવો હોવાથી વિરસપણું કરાવે છે, મીઠો લાગતો નથી. (લે)

નથી[3]. બંને ગુણો એટલે તે તાપ મટાડતું હોય અને મીઠું હોય, છતાં જો પરિણામે તે સુખ આપતું ન હોય તો પણ તેનું પાન કરવું યોગ્ય નથી; તેથી ભગવાનનું લાવણ્યામૃત સર્વ ગુણોવાળું છે એમ (પ્રથમ) કહે છે.

મુકુંદ મોક્ષનું દાન કરનાર, જ્ઞાનરૂપ અને શાંત છે, તેથી મુકુંદના લાવણ્યામૃતના પાનથી (૧) ભવિષ્યમાં (દૂધ પીવાથી તૃષા થાય છે તેમ) કોઈ દોષ થતો નથી, પરંતુ ઉલટું તેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. વળી મુકુંદનું મુખારવિંદ ભક્ત્યાત્મક છે. તેથી (૨) મુકુંદના મુખારવિંદના લાવણ્યામૃતનું સ્નેહને લીધે ઘણું પાન સંભવે છે. (જલ વધારે પી શકાતું નથી તેવું આ નથી, પણ આનું પાન ઘણું થઈ શકે છે). વળી આ મુકુંદના મુખારવિંદનું સારઘ (મધ) છે. સરઘા એટલે મધમાખ; તે સર્વ પુષ્પોમાંથી રસ લાવી એક ઠેકાણે મધ બનાવે છે, તે મધ કોટર (પોલાણ) વિગેરેમાં હોય છે; બીજા પ્રકારનાં મધો દ્રવરૂપ (પ્રવાહી) હોતાં નથી, પણ ઘન (નક્કર) હોય છે, અને જે ઘન પદાર્થ હોય તેનું પાન થઈ શકે નહિ. અહિં બ્રહ્મા વિગેરે સર્વ (દેવો) અને સર્વ શ્રુતિઓ મધમાખને સ્થાને છે[4]. તે બધાય સર્વ પ્રકરણોમાંથી પરમાનંદ એકઠો કરી, એક ઠેકાણે જે આનંદનો નિધિ રહેલો છે તે જણાવે છે. બધા પ્રકરણોમાં જે આનંદનું પ્રતિપાદન કરવામાં આવેલું છે, તે બધો આનંદ એકઠો થઈ અહિં (ભગવાન્ શ્રીકૃષ્ણમાં) રહેલો છે, (એમ તેઓ જણાવે છે) એવો અર્થ છે. બ્રહ્મા વિગેરે (દેવો) અને શ્રુતિઓએ[5] પ્રાર્થના કરી ભગવાનને અહિં પધરાવેલા છે. (તેઓની પ્રાર્થનાથી ભગવાન્ અહિં પધારેલા છે); પણ ભગવાનના મુખારવિંદના લાવણ્યામૃતના રસનો ભોગ તો ગોપિકાઓએ જ કરેલો છે, કારણ કે જેઓ માત્ર રસ ઉપર જ રહેનારા હોય તેઓ જ રસને જાણે છે. આવા ભ્રમરો છે; તેઓના દેહનો નિર્વાહ કરનાર પણ બીજો કોઈ પદાર્થ હોતો

---

૩. જેમ બરફ બહુ પી શકાતો નથી તેમ જલ તાપ હરનાર હોવા છતાં, વિકાર ઉત્પન્ન કરનાર હોવાથી બહુ પી શકાતું નથી, પણ મુકુંદના મુખારવિંદનું મધ તાપ હરનાર છે, મીઠું છે, તૃષા વિગેરે દોષ(વિકાર) ઉત્પન્ન કરતું નથી અને પરિણામે સુખ આપનાર છે; તેથી વારંવાર ઘણું પી શકાય છે. (યો)

૪. જેમ મધમાખી ઘણાં પુષ્પોમાંથી રસ લાવી મધ બનાવે છે તેમ બ્રહ્મા વિગેરે દેવો અને શ્રુતિઓ એમ જણાવે છે કે સર્વ વેદોમાં જે પરમાનંદ કહેલ છે તે ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે. તેથી જેમ મધમાખી ઘણાં પુષ્પોમાં રહેલા રસને ભેગો કરી એક ઠેકાણે મધ કરે છે તેમ આ બધા જુદે જુદે સ્થલે કહેલ પરમાનંદને એક ઠેકાણે શ્રીકૃષ્ણમાં ભેગો થએલો જણાવે છે. પરમાનંદ– શ્રીકૃષ્ણની ઉત્પત્તિ નહિ હોવાથી, તેમનો બોધ કરવો એ જ કૃતિ છે એમ જાણવું. (યો)

૫. દેવોએ પ્રાર્થના કરી ભગવાનને અહિં પધરાવ્યા (૧૦।૧।૧૯ થી ૨૫). શ્રુતિઓએ એ પ્રમાણે પ્રાર્થના કરી ભગવાનને અહિં પધરાવ્યા, એ વૃત્તાંત ગર્ગસંહિતાના ગોલોકખંડના ચોથા અધ્યાયમાં વર્ણવેલો છે.

નથી, તેથી તેઓને બીજા કોઈ પણ પદાર્થનો સંબંધ હોતો જ નથી, માત્ર બીજે સ્થલે તેઓ પરિભ્રમણ કરે છે (ફર્યા કરે છે); તેવી જ રીતે ગોપિકાઓનાં ચક્ષુઓ સર્વ સ્થલે પરિભ્રમણ કરે છે, પણ ભગવાનના મુખારવિંદના લાવણ્યામૃતનું જ ગ્રહણ કરે છે. તેથી જ અહિં કહેલું છે કે 'ચક્ષુરૂપી ભ્રમરોથી' વ્રજની સ્ત્રીઓએ મુકુંદના મુખારવિંદના મધુનું પાન કર્યું. ગોપિકાઓ પણ શ્રુતિ વિગેરે જેવાં જ[૬] છે, એવું આથી નિરૂપણ થયું.

બહાર રહેલા પ્રવાહી પદાર્થને (શરીરની) અંદર નાખવો તે પાન. (ગોપિકા-ઓનાં) નેત્રો પણ પોતાની મેળે જ રસને સારી રીતે ઓળખે છે એમ જણાવવા તેમને 'ભ્રમર' કહેલાં છે. તેઓ રસને સારી રીતે જાણે છે, તેથી જ (તેનું પાન કરવા) પોતાની મેળે જ (ગોપિકાઓની પ્રેરણા વિના પણ) પ્રવૃત્ત થાય છે, અને મુકુંદના મુખારવિંદના લાવણ્યામૃત વિના બીજા કોઈ પણ પદાર્થમાં તેઓનો વિનિયોગ થતો નથી. ગોપિકાઓ પણ દેવતાઓ હોવાથી તેઓ બીજાથી (પોતાનાં નેત્રરૂપી ભ્રમરોથી) પણ રસનું પાન કરે એ સંભવે છે. તેથી 'અમારાથી આટલા સમય સુધી ભગવાનના મુખારવિંદના લાવણ્યામૃતનો સ્વાદ લેવાયો નહિ' એવી ચિંતાથી તેઓને જે તાપ થયો હતો, તે એ લાવણ્યામૃતનો રસ (શરીરમાં) છલોછલ (પૂરેપૂરો) ભરાતાં મટી જાય છે. બીજો ત્રણે પ્રકારનો તાપ[૭] તો પહેલાં જ (સમાગમ સમયે) મટી ગયો હતો, એમ દર્શાવવા અહિં 'વિરહથી થએલો તાપ મટાડ્યો' એમ કહેલું છે.

'ગોપિકાઓએ એવી રીતે ભગવાનનો વિરહ જ કેમ થવા દીધો ? ભગવાનની સંનિધિમાં જ તેઓ કેમ ન રહ્યાં ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તેઓ 'વ્રજની સ્ત્રીઓ' હતી. તેઓ વ્રજની એટલે ગોપાલના નેસડામાં રહેનારી સ્ત્રીઓ હતી, તેથી તેમણે ભગવાનનો વિરહ થવા દીધો; કારણ કે ગોપાલો(ભરવાડો)ના નેસડામાં રહેનારી સ્ત્રીઓ વિવેક વિનાની હોય છે, અને પરતંત્ર હોય છે, તેમાં પણ દિવસે (તેમણે ભગવાનનો વિરહ થવા દીધેલ), કારણ કે દિવસે (પ્રિયનો વિયોગ નહિ થવા દેવામાં એટલે પ્રિયની સંનિધિમાં રહેવામાં) સ્ત્રીનો સ્વભાવ[૮] પણ નડે છે.

---

૬. ગોપિકાઓ અને શ્રુતિ વિગેરે એક જ પરમાનંદ રસના સંબંધીઓ છે, તેથી ગોપિકાઓ પણ શ્રુતિ વિગેરે જેવાં જ છે. (લે) શ્રુતિઓ વિગેરે સર્વ કહે છે પણ તેમનું તાત્પર્ય ભગવાનમાં જ છે, તેમજ ગોપિકાઓનાં ચક્ષુઓ બધે ભ્રમણ કરે છે પણ માત્ર ભગવાનનું જ દર્શન કરે છે, તેથી ગોપિકાઓ પણ શ્રુતિ વિગેરે જેવાં જ છે. (પ્ર)

૭. પાછલા શ્લોક ૪૧માં કહેલો બહારનો તાપ. (લે)

૮. લજ્જારૂપ સ્વભાવ. (લે)

હવે પછી ભેગી થએલી તે ગોપિકાઓનું તેઓની મધ્યે રહેલા ભગવાન્ પ્રતિ જે કર્તવ્ય હતું. તે કહી શકાય તેવું નહિ હોવાથી, સંક્ષેપથી પાછલા અર્ધા શ્લોકમાં કહે છે.

ભગવાને તેઓએ કરેલ સત્કારનો અનુભવ કર્યો. સર્વ તરફથી સમાલિંગન વિગેરે, તથા ભગવાનનો વૈભવ છતાં જે કાંઈ તેમના પ્રતિ થઈ શકે તેવું હતું તે બધું, તેમના સત્કાર તરીકે કહેલું છે. ભગવાને તેઓનો સત્કાર સારી રીતે સ્વીકાર્યો એટલે તેઓએ દરેકે જુદો જુદો જે સત્કાર કર્યો તેના સુખનો અનુભવ કર્યો; એટલે તે બધીઓને સારી રીતે કૃતાર્થ કરી, અને પછી ગોષ્ઠ(નેસડા)માં પધાર્યા.

ગોપિકાઓએ આ ભગવાનનો સત્કાર કર્યો તે કયો (કેવા પ્રકારનો) ? જો લૌકિક ભોજન વિગેરેનો પણ સત્કાર કર્યો હોય તો તેને જ (ભોજન વિગેરેને જ) માટે ફરી નેસડામાં ભગવાનનું પધારવું વ્યર્થ જ થાય; અને (ભગવાન્ પ્રતિ) લૌકિકનો બાધ થાય[૯]. (લૌકિક સત્કાર સંભવતો નથી); તેથી (ગોપિકાઓએ કરેલો આ સત્કાર કેવા પ્રકારનો હતો તે જાણવાની ઈચ્છા થાય તે માટે) તેનો પ્રકાર કહે છે કે 'લજ્જા, હાસ્ય અને વિનય સહિત અપાંગ નાખવારૂપ જે સત્કાર' તે તેમણે કર્યો હતો. 'જે' એટલે જેનું વિશેષ વર્ણન થઈ શકે નહિ તેવો, તે સત્કાર હતો. મુખારવિંદમાં જ રસ રહેલો છે, ત્યાં (મુખારવિંદ વિષે) અંધકારમાં જેવી લીલા થઈ શકે તેવી લીલા અહિં કહેલી નથી (એમ 'યદ્' 'જે' શબ્દથી જણાય છે). અપાંગ એટલે કટાક્ષો; મોક્ષ એટલે નાખવાનું છે જેમાં, તેવો તે સત્કાર હતો). અલસ (ધીમું) વિગેરે પ્રકારના અપાંગો હોય છે. ભગવાન્ કયા પ્રકારનો અભિનય કરશે એમ (વિચાર કરતી), પ્રથમ પ્રકારમાં (સમાગમમાં) આવેલી ગોપિકાના જ (મુખ્ય) રસના અંગભૂત ત્રણ પ્રકારના રસ '૧.લજ્જા ૨.હાસ્ય અને ૩.વિનય સહિત' અપાંગ નાખવારૂપી સત્કારથી કહેલા છે. તેને પ્રથમ લજ્જા થાય છે, પછી રસ પુષ્ટ થતાં હાસ્ય થાય છે, અને રસના અંતે વિનય થાય છે. તે જે અપાંગો નાખે છે તે (અનુક્રમે) આ ત્રણ લજ્જા, હાસ્ય અને વિનય સહિત નાખેલાં હોય છે. દરેક ગોપિકાને જુદા જુદા પ્રકારે આ રસ પ્રાપ્ત થાય છે, તેથી (દરેક ગોપિકાને જુદા જુદા પ્રકારે રસનું દાન કરનાર) ભગવાનનો દિવ્ય પ્રભાવ કહેલો છે. આ પ્રમાણે રસદાન કરવામાં કાંઈ અનુચિત નથી, એમ દર્શાવવા તથા ભગવાન્ આખા જગતના પૂજ્ય છે એમ દર્શાવવા 'સત્કાર' શબ્દ યોજેલો છે. વળી દરેક ગોપિકા

૯. ગોપિકાઓએ લાવણ્યામૃતનું પાન કરેલું છે. તેથી તેઓ જે સત્કાર કરે તે પણ તેના જેવો જ હોવો જોઈએ; તેથી જેમાં પાક વિગેરે બગડે તેવો લૌકિક ભોજન વિગેરેનો સત્કાર સંભવતો નથી. (લે)

પોતાના અધિકાર પ્રમાણે ભગવાનની પૂજા કરે છે, (એમ પણ આ 'સત્કાર' શબ્દથી જણાવેલું છે).

'ભગવાન્ ગોષ્ઠ(નેસડા)માં આવ્યા પછી પણ તેમનો એવો સત્કાર થઈ શકત. છતાં ભગવાને માર્ગમાં જ તેમના સત્કારનો સ્વીકાર શા માટે કર્યો ?' એવી શંકા થાય તેનો નિરાસ કરવા 'ગોષ્ઠ' શબ્દ યોજેલો છે, ગોષ્ઠ એ ગાયોને બાંધેલી રાખવાનું સ્થાન છે[10]. (તેથી ત્યાં (બીજાઓની પણ હાજરી હોવાથી) ગોપિકાઓથી જ એવો સત્કાર થઈ શકે નહિ, તેથી ભગવાને માર્ગમાં જ તેઓના સત્કારનો સ્વીકાર કર્યો). ૪૩.

ગોષ્ઠમાં એવો સત્કાર થઈ શકે તેમ નહિ હોવાથી ગોપિકાઓના સત્કારને ભગવાને માર્ગમાં જ સ્વીકાર્યો. છતાં ભગવાનના પ્રભાવથી તેમનો યથાયોગ્ય સત્કાર ગોષ્ઠમાં પણ થયો એમ આ શ્લોકમાં કહે છેઃ

**તયોર્યશોદારોહિણ્યૌ પુત્રયોઃ પુત્રવત્સલે ।।**
**યથાકામં યથાકાલં વ્યધત્તાં પરમાશિષઃ ।।૪૪।।**

પુત્ર ઉપર પ્રેમવાળી યશોદા અને રોહિણીએ તે બે પુત્રોને ઈચ્છાનુસાર કાલ પ્રમાણે પરમ આશિષો આપી. ૪૪.

શ્રીકૃષ્ણ અને રામ બંનેનો આ સત્કાર સાધારણ હતો એમ જણાવવા બંને અહિં કહેલા છે. 'યશોદા' અને 'રોહિણી' એમ લોકમાં તેઓની ખ્યાતિ (નામ) કહી. તેમણે 'પુત્રોને' આશિષ આપી એમ કહ્યું તેથી તેઓનો ભાવ લૌકિક જ હતો. 'પ્રેમ વિનાની કોઈ ચીજ ભગવાન્ ગ્રહણ કરતા નથી, તેથી આવી આશિષો કેમ ગ્રહણ કરે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તેઓ 'પુત્ર ઉપર પ્રેમવાળાં' હતાં. તેઓએ ઈચ્છાનુસાર એટલે ઈચ્છાની મર્યાદામાં રહીને, અથવા ઈચ્છાનું ઉલ્લંઘન કર્યા વિના, અને કાલ પ્રમાણે એટલે કાલનું પણ ઉલ્લંઘન કર્યા વિના પરમ આશિષો આપી. તેઓએ ઈચ્છા પ્રમાણે આશિષો આપી તે ઈચ્છા પોતામાં રહેલી અથવા પોતાની; તેથી તેઓએ પોતાની ઈચ્છા પ્રમાણે આશિષો આપી. તે સમયે સંધ્યાકાલ હતો અને સંધ્યાકાલે પરોક્ષ રીતે જ આશિષો કહેવી જોઈએ, તેથી આશિષો આપવામાં કાલની અપેક્ષાનું નિરૂપણ કરેલું છે. જેમ જેમ ભગવાન્ અને બલભદ્ર તેમને નમસ્કાર કરતા ગયા તેમ તેમ તેઓ પોતાનું મોટાપણું દર્શાવવા લાગ્યાં, એમ જણાવવા તેઓએ 'આશિષો આપી' એમ કહેલું છે. ૪૪.

ત્યાં ગોષ્ઠમાં જે ઉપચારો થયા તે કહે છેઃ

**ગતાધ્વાનશ્રમૌ તત્ર મજ્જનોન્મર્દનાદિભિઃ ।।**

૧૦. આથી એમ સૂચવ્યું છે કે ભગવાન્ માર્ગમાં જ રસનું દાન કરે છે, પણ સંસારરૂપ ઘરમાં રસનું દાન કરતા નથી. (પ્ર)

**નીવીં વસિત્વા રુચિરાં દિવ્યસ્રગ્ગન્ધમણ્ડિતૌ ।।૪૫।।**

ત્યાં મજ્જન ઉન્મર્દન વિગેરેથી જેઓનો રસ્તાનો થાક ઉતર્યો છે તેવા શ્રીકૃષ્ણબલદેવે રુચિર નીવી પહેરી, દિવ્ય માલા અને સુગંધી પદાર્થોથી શોભિત થઈ. ૪૫.

(પ્રથમ) મજ્જન એટલે સ્નાન અને ઉન્મર્દન (ચોળવું, ઘસવું તે) થયાં. 'ઉન્મર્દન છે આરંભમાં જે સ્નાનોના' એવો સમાસ છે. આવા સમાસમાં 'ઉન્મર્દન મજ્જનાદિ' શબ્દ થાય, પણ અહિં પાછલા 'મજ્જન' શબ્દને પહેલાં મૂક્યો છે અને પહેલાંના 'ઉન્મર્દન' શબ્દને પછી મૂક્યો છે, એ શબ્દોનો ફેરફાર છાંદસ (વેદના નિયમ પ્રમાણે) કરેલો છે.

અથવા બે ચરણોનું જ મજ્જન (સ્નાન) કહેલું છે, (અને પછી ઉન્મર્દન અને પછી સર્વ શ્રીઅંગનું સ્નાન થયાં એમ કહેલું છે). અથવા મજ્જનમાં એટલે સ્નાન કરતાં જ ઉન્મર્દન એટલે સુગંધિ દ્રવ્યો ચોળવાં વિગેરે સંસ્કારો કરેલા છે.

અથવા રસ્તાની રજ શ્રીઅંગ ઉપર ઉડેલી હોય તે કાઢી નાખવા માટે પહેલાં સ્નાન કરેલું, (પછી ઉન્મર્દન વિગેરે કરેલાં અને પછી પાછું સ્નાન કરેલું).

આ સંસ્કારો રસ્તાનો થાક ઉતારવા કરેલા તે થાક માની લીધેલો (વસ્તુતઃ તેમને થાક થએલો જ નહિ).

પછી તેઓએ રુચિર એટલે સુંદર, પીતાંબર વિગેરેની બનાવેલી 'નીવી' એટલે મલ્લો બાંધે છે તેવો કચ્છ બાંધવાનું વસ્ત્ર ધારણ કર્યું, અને પછી દિવ્ય માલાઓ અને સુગંધિ પદાર્થોથી શોભિતા થયા. (પહેલાં જે સંસ્કારો કહ્યા તે અને હવે પછીના શ્લોકમાં જે સંસ્કારો કહેવામાં આવશે તે બેની) વચ્ચે અધિકારી દેવોએ[૧] તેમને તેવા શોભિતા કર્યા. ૪૫.

**જનન્યોપહૃતં પ્રાશ્ય સ્વાદ્વન્નમુપલાલિતૌ ।।**
**સંવિશ્ય વરશય્યાયાં સુખં સુષુપતુર્વ્રજે ।।૪૬।।**

જનનીએ આણેલાં સ્વાદિષ્ટ અન્નનું પ્રાશન કરી, ઉપલાલિત થઈ, સુંદર શય્યામાં પ્રવેશ કરી, વ્રજમાં સુખથી પોઢ્યા. ૪૬.

પછી જનનીએ[૧] આણેલાં સ્વાદિષ્ટ અન્નનું પ્રાશન કર્યું. આ અન્ન

---

૧. આ પરોક્ષ રીતે (દેખાય નહિ તેવી રીતે) કરેલા છે એમ જાણવું. (ટિ) આ પહેલાંના ૪૪મા શ્લોકમાં માતાએ સંસ્કારો કર્યા એમ કહેલું છે, આ પછીના ૪૬મા શ્લોકમાં પણ માતાએ સંસ્કારો કર્યા એમ કહેલું છે, આ વચલા શ્લોકમાં કહેલા સંસ્કારો માતાએ કરેલા એમ કહેલું નથી, તેથી દેવોએ જ કરેલા છે એવો અર્થ થાય છે. આ કાર્ય ગોપ્ય હોવાથી સર્વત્ર સંક્ષેપથી કહેલું છે. (લે)

(૪૬)૧. 'જનની' શબ્દ રોહિણી માટે જ યોજેલો છે. કારણ કે રોહિણીથી બલદેવનો જન્મ

રોહિણી લાવેલાં. સામાન્ય રીતે ભગવાન્ બલભદ્રની સાથે જ ભોજન કરતા હતા. 'જનની' અને 'ઉપહૃત' શબ્દોનો સમાસ[2] નથી, તેથી સામાન્ય રીતે[3] ભગવાન્ બલભદ્રની સાથે જ ભોજન કરતા હતા. વળી ભોજનનું દ્રવ્ય એક જ (એકવચન છે તેથી) હતું, તેથી યશોદા જૂદું ભોજનનું દ્રવ્ય લાવ્યાં હોય તેમ નથી. 'પ્રાશન કરી' શબ્દ યોજેલો છે, તેથી કોમલ દૂધ વિગેરે અન્ન હતું એમ સૂચવેલું છે. પછી ઉપલાલિત થયા એટલે તેમને પિતા વિગેરે સર્વેએ લાડ લડાવ્યાં. ભગવાને સર્વના ઉપર અનુગ્રહ કર્યો એમ દર્શાવવા આ પ્રમાણે કહેલું છે. પછી 'સુંદર શય્યામાં પ્રવેશ કરી' એ રાત્રિનું કર્મ કહેલું છે. માતા વિગેરે સાથે શયન કર્યું ન હતું, એમ દર્શાવવા 'સુખથી પોઢ્યા' એમ કહેલું છે. (આ) ભગવાનની દિવસની સંપૂર્ણ લીલાનું નિરૂપણ કરેલું છે.

વ્રજમાં ધર્મનું પ્રાધાન્ય બહુ નથી[4], તેથી રાત્રિનું કાંઈ કૃત્ય કહેલું નથી.

---

થયો છે. તેથી જ ગર્ગાચાર્ય નામ પાડે છે ત્યાં 'આ નિશ્ચય રોહિણીનો પુત્ર છે' (શ્રીમદ્ભાગવત ૧૦।૮।૧૨) એમ કહે છે. શ્રીસુબોધિનીમાં પણ એવું જ વ્યાખ્યાન ('વૈ' શબ્દનો અર્થ નિશ્ચયથી) કરેલું છે. બલદેવનો જન્મ થએલો, તેથી તેમનો જન્મ જેનાથી થયો તે રોહિણી જનની થઈ; પણ યશોદા જનની નહોતાં કારણ કે ભગવાનનો જન્મ યશોદાથી થયો ન હતો; તેથી તે ભગવાનનાં જનની ન ગણાય. તેથી જ ઉપર જણાવેલ ગર્ગાચાર્યના વાક્ય પરનાં શ્રીસુબોધિનીમાં કહેલું છે કે ''જો ભગવાન્ કોઈ પણ અંશથી પ્રાકૃત (લૌકિક) હોત તો તેમનું નામ 'યાશોદેય', અથવા 'દૈવકેય' એવું હોત''. તેથી યશોદા ભગવાનનાં જનની નહિ હોવાથી, 'જનની' શબ્દ રોહિણી માટે જ યોજેલો છે. (યો)

૨. 'જનન્યોપહૃતમ્' પાઠ લેવાનો છે, તેમાં સમાસ નથી. 'જનન્યા+ઉપહૃતમ્' શબ્દો છે, તેથી જનની એકવચનમાં જ છે. 'જનન્યુપહૃતમ્' એમ સમાસ હોત તો 'જનની' પદ દ્વિવચનમાં પણ લઈ શકાત. યશોદાથી ભગવાનનો જન્મ થયો નથી, પણ લોકમાં યશોદાથી ભગવાનનો જન્મ થવાની પ્રસિદ્ધિ હોવાથી તેમનો પણ 'જનન્યુપહૃતમ્' સમાસના 'જનની' પદમાં સમાવેશ થાય છે એમ કહી શકાત, પણ સમાસ નહિ હોવાથી 'જનની' પદ એકવચનમાં જ હોવાથી તે યશોદા માટે યોજેલું નથી એમ સ્પષ્ટ થાય છે. (યો)

૩. લીલા માટે કદાચિત્ કોઈ વાર કોઈ બીજા સાથે ભગવાન્ ભોજન કરે; તેથી 'સામાન્ય રીતે' બલદેવ સાથે ભોજન કરતા હતા એમ અહિં કહેલું છે. (લે) 'જનની' પદથી માત્ર રોહિણી કહેલાં હોવાથી, રોહિણી એકલાં ભોજન લાવે તે ભગવાન્ અને બલભદ્ર ઉભય પ્રાશન કરતા એમ થયું. તેથી ભગવાન્ અને બલભદ્ર સાથે ભોજન કરતા હતા એમ થયું. (યો)

૪. ધર્મનું પ્રાધાન્ય નથી એટલે ધર્મિનું પ્રાધાન્ય છે એવો ભાવ છે. (પ્ર) રાતની પહેલી ચાર ઘડી સૂવું જોઈએ નહિ એવો ધર્મ છે, તેની પ્રધાનતા વ્રજમાં ન હતી; તેથી રાત્રે 'સુખથી પોઢ્યા' એમ જ કહ્યું, પણ બીજી કાંઈ લીલા કહી નહિ. (લે) જો વ્રજમાં ધર્મનું પ્રાધાન્ય હોત તો દિવસ (ગોચારણ વિગેરે) કામકાજમાં જતો હોવાથી, રાત્રે કથાશ્રવણ વિગેરે થતાં હોત. પરંતુ તેવું કાંઈ થતું નહિ, તેથી વ્રજના લોકોમાં ધર્મિનું જ પ્રધાનપણું હતું; અને તેઓ સર્વ

'વ્રજમાં' કહ્યું ન હોત તો પણ આ લીલા વ્રજમાં કરી છે એમ સિદ્ધ હતું, છતાં 'વ્રજમાં' સુખથી પોઢ્યા એમ કહ્યું છે, તેથી એમ સૂચવેલું છે કે સંપૂર્ણ વ્રજમાં (સર્વ) પોતાની પ્રિયાઓ સાથે શયન કરતા હતા. ૪૬.

આવી રીતે ભગવાન્ શ્રીકૃષ્ણની (સામાન્ય) દિનચર્યાનું નિરૂપણ કરી ભગવાને પોતાની ઈચ્છાપૂર્વક કરેલું (વૈષયિક[1]) કૃત્ય કહેવા માટે કાલિયના ઘરે જવાની પ્રસ્તાવના આ શ્લોકમાં કહે છેઃ

**એવં સ ભગવાન્ કૃષ્ણો વૃન્દાવનચરઃ ક્વચિત્ ।।**
**યયૌ રામમૃતે રાજન્ કાલિન્દીં સખિભિર્વૃતઃ ।।૪૭।।**

હે રાજા ! આવી રીતે સખાઓથી વીંટાએલા તે ભગવાન્ કૃષ્ણ રામ વિના કોઈવાર વૃંદાવનમાં ફરતા કાલિંદી પધાર્યા. ૪૭.

આવી રીતે (વ્રજના લોકોનો) નિરોધ કરવા માટે ભગવાન્ વૃંદાવનમાં ફરતા હતા, તેનું કારણ કે 'તે' 'ભગવાન્' હતા. 'તે' એટલે નિરોધ કરવા માટે જ અહિં પધારેલા (હતા તે). 'ભગવાન્' શબ્દ તેમનું નિરોધ કરવાનું સામર્થ્ય દર્શાવે છે. 'કૃષ્ણ' નામથી એમ દર્શાવેલું છે કે ગર્ગાચાર્યે કહેલું કે 'તમે સર્વ અગવડો આમનાથી તરી જશો', તે વાક્યોનો અર્થ (સર્વને) જણાવવા માટે (ભગવાને) પ્રવૃત્તિ કરવી યોગ્ય હતી. ક્વચિત્ એટલે કોઈવાર અથવા કોઈ દેશમાં તે કાર્ય[2] પોતાથી જ[3] થઈ શકે તેવું છે, એમ જાણીને બલભદ્ર વિના ભગવાન્ (એકલા) કાલિંદી પધાર્યા. (ભગવાન્ ગોપો સાથે વનમાં ગાયો ચારતા) અને વન તો પર્વત (ગોવર્ધન) સમીપ અને કાલિંદી સમીપ બંને સ્થલે હોય, તેમાં પણ ઉષ્ણકાળમાં ઘણું કરી કાલિંદી સમીપ જ (ભગવાન્) ગાયો ચારતા; (ભગવાન્ કાલિંદી પધાર્યા ત્યારે) 'સખાઓથી વીંટાએલા' હતા, તેથી સખાઓ તેમના જેવા શીલવાળા હતા, અને ભગવાન્ તેમને ત્યજી શકે તેમ પણ ન હતું એમ કહેલું છે. જો તેમ ન

---

સાધન વિનાના હોઈ માત્ર પ્રમેયબલથી જ કૃતાર્થ થવાના છે એવો ભાવ છે. (યો)

૧. 'કાલિયનું વિષ વિષયો છે' એમ આ અધ્યાયના આરંભની પાંચમી કારિકામાં કહેલું છે. તેથી 'વૈષયિક' એટલે વિષયનું કાર્ય મરણને મટાડનાર. (લે)

આવી રીતે અર્થ કરવામાં 'મટાડનાર' શબ્દ અધિક લેવાય છે. ધારેલો અથવા ઈચ્છેલો પદાર્થ પણ 'વિષય' કહેવાય છે, તેથી વૈષયિક એટલે ઈચ્છાથી અથવા ઈરાદાપૂર્વક કરેલું કાર્ય. ભગવાન્ આ કાર્ય પોતાથી જ સાધ્ય છે એમ જાણીને કાલિંદી પધાર્યા, એમ અહિં કહેલું છે. તેથી ઈરાદાપૂર્વક આ કાર્ય કરવા જ ભગવાન્ ત્યાં પધારેલા; તેથી વૈષયિકનો અર્થ 'ઈચ્છાપૂર્વક કરેલું' એવો લીધેલો છે.

૨. નુવં શરીર સંપાદન કરાવવાનું કાર્ય. (લે)

૩. સંકર્ષણ પ્રલય કરનાર હોવાથી તે હાજર હોય તો પ્રલયથી વિરુદ્ધ નવો દેહ સંપાદન કરાવવાનું કાર્ય થઈ શકે નહિ, તેથી તેને પોતાથી જ થઈ શકે તેવું કહેલું છે. (લે)

હોત (સખાઓ પોતાના જેવા શીલવાળા ન હોત અને ત્યજીને જઈ શકાય તેવા હોત) તો ભગવાન્ પોતે (એકલા) જ પધારત. ૪૭.

એવી રીતે ભેગા મળી બધા ગએલા, તે પૈકી ભગવાન્ એક સ્થલે જ રહ્યા અને ગાયો અને ગોપાલો (બીજે સ્થલે) ગયાં, એમ જૂદો આરંભ કરી કહે છે[1]:

**અથ ગાવશ્ચ ગોપાશ્ચ નિદાઘાતપપીડિતાઃ ।।**
**દુષ્ટં જલં પપુસ્તસ્યાસ્તૃષાર્તા વિષદૂષિતમ્ ।।૪૮।।**

પછી ઉનાળાના તાપથી હેરાન થએલા અને તરસથી પીડાએલા ગાયો અને ગોપોએ વિષથી બગડેલું તેનું (યમુનાનું) દોષવાળું જલ પીધું. ૪૮.

('અથ' 'પછી' શબ્દથી જૂદા પ્રસંગનો આરંભ કરે છે) કોઈ સ્થલે વૃક્ષની છાયામાં ભગવાનને રાખી, જલપાન કરાવી, 'અમે જલપાન કરી આવીએ' એવી ભગવાનની પરવાનગી લઈ, (ગોપો ગાયો સાથે જલપાન કરવા ગયા), જલપાન કરવા દૂર જજો, એમ ભગવાને તેમને બોધ આપ્યો; પણ 'અહિં જલપાન કરશો નહિ' એમ ખાસ(ધરા પાસે જલપાન કરવાની) મના કરી નહિ; અને તેઓ ઉનાળાના તાપથી ઘણા હેરાન થએલા હતા, (તેથી) તેનું એટલે યમુનાનું દોષવાળું જલ તેઓએ પીધું. તે યમુના યમની બેન, તેથી તેણે દુષ્ટને પણ સ્થાન આપેલું (પોતાના જલમાં રહેવા દીધેલો). આ જલમાં દોષ હતો તે યમુનાનો ન હતો, પરંતુ બીજાએ કરેલો હતો, એમ 'વિષથી બગડેલું' શબ્દથી કહે છે. તે જલ વિષથી ઘણું જ બગડેલું હતું; ઉષ્ણતા, સ્પર્શ વિગેરેથી પણ જલ બગડે, તેથી આ (કેવી રીતે) કયા પદાર્થથી બગડેલું હતું, એ જણાવવા **વિષથી બગડેલું** એ શબ્દો યોજેલા છે. ૪૮.

જલપાનનું ફલ આ શ્લોકમાં કહે છેઃ

**વિષામ્ભસ્તદુપસ્પૃશ્ય દૈવોપહતચેતસઃ ।।**
**નિપેતુર્વ્યસવઃ સર્વે સલિલાન્તે કુરૂદ્વહ ।।૪૯।।**

હે કુરુના પુત્ર ! દૈવથી હણાએલા ચિત્તવાળા (તે) સર્વે વિષવાળા જલનું ઉપસ્પર્શન કરી પ્રાણરહિત (થઈ) જલની નજીક પડ્યા. ૪૯.

ઉપસ્પર્શન એટલે પાન (આચમન), અથવા સ્નાન, અથવા માત્ર સ્પર્શ; એટલું જ કરતાં સર્વે પ્રાણરહિત થઈ જલની નજીક જ પડ્યા.

'તેઓની જીંદગીનું અદષ્ટ હોવા છતાં (તેઓ જીવતા રહે તેવું તેમનું અદષ્ટ હોવા છતાં) તેઓએ પ્રાણ કેમ ત્યજ્યા ?' એવી શંકા થાય, તેથી કહે છે કે

---

૧. જલપાન કર્યાની વાત કહે છે, ભગવાન્ સાથે ગયા હોત તો તેઓ આવું જલ પીવત નહિ, એવો અર્થ છે. 'કોઈ સ્થલે વૃક્ષની છાયામાં ભગવાનને રાખી....' વિગેરેથી 'અથ' શબ્દથી કરેલા જૂદા આરંભનું વિવરણ કરેલું છે. (લે)

તેઓ 'દૈવથી હણાએલા ચિત્તવાળા હતા;' ત્યાં સુધી જ તેઓ જીવતા રહે એવું તેમનું અદષ્ટ હતું, તેથી તેઓનાં ચિત્ત દૈવે હણ્યાં (અને વિષવાળું જલ તેમણે પીધું); અને જલની નજીક અડધા જલમાં તેઓ પડ્યા.

તેમનો દેહનો દોષ (દેહાધ્યાસ) ધેનુકના વધથી મટાડ્યો હતો, તો પણ પહેલાંના દોષની સંતતિ[1] (હાર, ધારા) પણ મટાડવી જોઈએ. દોષોનો નાશ દુષ્ટથી જ થાય છે અને સત્કૃત્યથી[2] અલૌકિક દિવ્યભાવની ઉત્પત્તિ થાય છે. (તેથી પ્રથમ દોષની સંતતિ મટાડવા માટે તેઓથી દુષ્ટ કાલિયના વિષવાળા જલનું પાન થયું. 'હે કુરુના પુત્ર' એવું સંબોધન રાજા પરીક્ષિતને આ કથામાં વિશ્વાસ રહે (આવે) તે માટે કરેલું છે. ૪૯.

પછી ભગવાને જે કૃત્ય કર્યું તે આ શ્લોકમાં કહે છેઃ

**વીક્ષ્ય તાન્ વૈ તથા ભૂતાન્ કૃષ્ણો યોગેશ્વરેશ્વરઃ ।।**
**ઈક્ષયામૃતવર્ષિણ્યા સ્વનાથાન્ સમજીવયત્ ।।૫૦।।**

તેઓને નિશ્ચય તેવા (પ્રાણરહિત) થએલા જોઈને યોગેશ્વરેશ્વર શ્રીકૃષ્ણે પોતે જેમના નાથ છે તેવા તેમને અમૃત વરસાવતી દષ્ટિથી સારી રીતે જીવતા કર્યા. ૫૦.

ભગવાન્ સ્વભાવથી જ તેઓને કેમ જીવતા કરવા તે જાણે છે, છતાં (પોતે ક્રીડા કરતા હોવાથી અને) ક્રીડામાં સાધન કહેવું જોઈએ તેથી 'યોગેશ્વરેશ્વર' શબ્દ યોજેલો છે. ભગવાન્ યોગશ્વર[1] એટલે યોગના નિયંતા (યોગને નિયમમાં રાખનાર) છે. યોગથી સર્વનું (પદાર્થમાત્રનું) જ્ઞાન થાય છે. ભગવાન્ તે યોગને પણ નિયમમાં રાખનાર છે, તો પછી તેમને પોતાને જ સર્વ જ્ઞાન હોય તેમાં આશ્ચર્ય શું ? વળી ભગવાન્ યોગેશ્વરોના પણ ઈશ્વર છે, એટલે યોગનો ઉપદેશ કરનારા યોગેશ્વરોને પણ નિયમમાં રાખનાર છે એમ કહેલું છે. તેનું કારણ કે તે શ્રીકૃષ્ણ એટલે સદાનંદ છે, તેથી તેમણે તેઓને એટલે નિરોધ માટે આણેલાઓને, નિશ્ચયથી તેવા થએલા એટલે પ્રાણરહિત થએલા અને માત્ર

---

૧. દેહનો અધ્યાસ મટાડેલો તેથી તેમને નવો (લૌકિક) દેહ પ્રાપ્ત ન થાય, પણ પહેલાં સ્થૂલ દેહરૂપ જે લિંગ(સૂક્ષ્મ)દેહની સંતતિ હતી તે પણ મટાડવી જોઈએ. (લે)

૨. ભગવાને સામું કરેલું અલૌકિક કૃત્ય (આવતા શ્લોકમાં કહેશે). આવું ભગવાનનું સત્કૃત્ય જ ફલ પ્રાપ્ત કરાવે છે, એમ પાછળ બારમા શ્લોકનાં શ્રીસુબોધિનીમાં જણાવેલું છે. (લે)

(૫૦)૧. યોગેશ્વર+ઈશ્વર; એમ કર્મધારય સમાસ; આવો સમાસ લેવામાં ભગવાન્ ઈશ્વર હોવાથી સર્વનું હિત કરનાર છે, એવો ભાવ છે. અથવા યોગેશ્વરોના ઈશ્વર, એમ છઠ્ઠી તત્પુરુષ સમાસ છે; આમાં એવો ભાવ છે કે યોગેશ્વરો બ્રહ્મસુખનો અનુભવ કરવાની યોગ્યતાવાળા છે, અને તે સુખ (આપવું તે) ભગવાન્ શ્રીકૃષ્ણને અધીન છે. (પ્ર)

મૂર્છાવાળા થએલા નહિ તેવા જાણીને; પોતે (ત્યાં) પધારીને જોઈને માત્ર જોવાથી જ નવા દેહવાળા બનાવીને અમૃત વરસાવનારી દષ્ટિથી સારી રીતે જીવતા કર્યા. કારણ કે તેમના સર્વ આધિદૈવિક[2] પ્રાણ મરણ પામ્યા હતા તેઓને પોતાની દષ્ટિથી જ આણીને, તે દેહોમાં[3] તેમની વૃષ્ટિ કરી.

'એટલું બધું કરવામાં શું હેતુ હતો ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ભગવાન્ 'પોતે જ જેમના નાથ છે તેવા' તે હતા. ભગવાને તેમને સારી રીતે જીવાડ્યા એટલે ફરીથી તેમને વિષનો સંબંધ થાય તો પણ તેમને કાંઈ હાનિ ન થાય તેવી રીતે જીવતા કર્યા. ૫૦.

તેઓનું (ગાયો તથા ગોપોનું) પહેલાંથી જૂદાપણું તથા પહેલાંનું જ રૂપ આ શ્લોકમાં કહે છેઃ

**તે સમ્પ્રતીતસ્મૃતયઃ સમુત્થાય જલાન્તિકાત્ ।।**
**આસન્ સુવિસ્મિતાઃ સર્વે વીક્ષમાણાઃ પરસ્પરમ્ ।।૫૧।।**

જેમની સ્મૃતિ સારી રીતે પાછી આવેલી છે એવા, તેઓ સર્વે જલ પાસેથી ઉઠી એકબીજાને જોતા જોતા બહુ વિસ્મય પામ્યા. ૫૧.

આ જીવો તેના તે જ છે, જેમની સ્મૃતિ સારી રીતે પાછી આવેલી છે. તેઓને અનુસંધાન (પહેલાં અમે કોણ હતા, ક્યાં હતા વિગેરેનું સ્મરણ) પ્રાપ્ત થયું જ[1], પરંતુ સર્વ વૃત્તાંત સાથે પ્રાપ્ત થયું નહિ; એટલે તે સર્વને આધિદૈવિક ભાવ પ્રાપ્ત થયો, અને પહેલાંનું સ્મરણ થયું. તેથી (પહેલાં જે બનેલું તેનું સ્મરણ થયું તેથી) જલની નજીકનો પ્રદેશ ત્યજી, બીજા પ્રદેશમાં (બીજી જગ્યાએ) ગયા અને સારી રીતે વિસ્મય પામ્યા. આટલો ભાવ (નૂતન દેહની પ્રાપ્તિ) ભગવાને વિશેષ કર્યો, તેથી તેઓને વિસ્મય[2] થયો; કારણ કે તેમનો ભગવદ્ભાવ જણાતો બંધ થયો હતો (ઢંકાઈ ગયો હતો). (બીજા પ્રદેશમાં ગયા) પછી તેઓ એકબીજાને જાગ્રત કરતા હોય તેમ એકબીજાને જોવા લાગ્યા. ૫૧.

---

૨. આધિદૈવિક એટલે આસન્યરૂપ પ્રાણ; ભગવાન્ માટે ગાન વિગેરે કરનારા. (લે)

૩. તે દેહોમાં એટલે નવીન લિંગદેહોમાં. (લે)

૧. જૂનો દેહ ત્યજી, જીવ નવો દેહ ગ્રહણ કરે છે ત્યારે પણ તેને સ્તનપાન માટે કયું સાધન જરુરી છે, એવું અનુસંધાન રહે છે; તેમ આ બધાને પહેલાંનું અનુસંધાન રહ્યું. (પ્ર)

૨. તેમને નવા દેહની પ્રાપ્તિ થઈ એ કાર્ય તેમણે જોયું, પણ તેનું કારણ તઓએ જાણ્યું નહિ; તેથી 'આ કેવી રીતે થયું' એવો વિસ્મય તેમને થયો. તેઓને અલૌકિક દેહો પ્રાપ્ત થયા તે ફલાધ્યાયમાં (૧૦।૨૫।૧૪-૧૫માં કહ્યા પ્રમાણે સત્ય, જ્ઞાન અને આનંદરૂપ હતા, છતાં ભક્તિમાર્ગીય લીલા થઈ શકે તે માટે તે દેહોનું તત્ત્વ ભગવાને હાથમાં સંતાડેલી વસ્તુ પેઠે તેમનાથી છૂપું રાખેલ; તેથી તેઓને તેવા દેહની પ્રાપ્તિનું કારણ નહિ જણાવાથી તેમને વિસ્મય થયો. (લે)

તેથી જ (એકબીજાને જાગ્રત કરતા હોય તેમ જોવાથી જ) તાજું જ્ઞાન થયું હોય તેવા તેઓએ પહેલાં થએલો સર્વ વૃત્તાંત જાણ્યો એમ કહે છેઃ

**અન્વમંસત તદ્ રાજન્ ગોવિન્દાનુગ્રહેક્ષિતમ્ ।।**
**પીત્વા વિષં પરેતસ્ય પુનરુત્થાનમાત્મનઃ ।।૫૨।।**

હે રાજન્! વિષ પીને મરણ પામેલા પોતે ફરી ઉભા (જીવતા) થયા તે ગોવિંદની અનુગ્રહવાળી દષ્ટિથી થયું, એમ તેઓએ પોતે જ અનુમાન કર્યું. ૫૨.

તેઓએ પોતે જ અનુમાન કર્યું. 'ઘણું કરી આમ હોવું જોઈએ' એમ ઉત્પ્રેક્ષા (અનુમાન) કર્યું, કારણ કે ભગવાનનો વૈભવ[1] તેમને પ્રત્યક્ષ ન હતો. (ભગવાને અમૃત વરસાવતી દષ્ટિથી તેમને સજીવન કર્યા, એ ભગવાનના વૈભવનું તેમને પ્રત્યક્ષ જ્ઞાન ન હતું). 'હે રાજન્! એ સ્નેહથી (શુકદેવે પરીક્ષિતને) કરેલું સંબોધન છે. 'તદ્' 'તે' એટલે આગળ કહે છે (વિષ પીને મરણ પામેલા પોતે ફરી જીવતા થયા) તે. ગોવિંદની અનુગ્રહવાળી દષ્ટિ જેમાં છે તેવું તે (છે) એમ જાણ્યું. હવે તે (ગોવિંદના અનુગ્રહવાળી દષ્ટિ ક્યાં છે તે) કહે છે કે 'વિષ પીને મરણ પામેલા તેઓ પોતે ફરીથી જીવતા થયા તે'. આ ભગવાનની કૃપાદષ્ટિથી જ થયું એમ તેઓએ જાણ્યું. આવી રીતે પૂર્ણજ્ઞાનવાળો દેહ તેઓએ પ્રાપ્ત કર્યો, એમ પહેલા નિરોધનું નિરૂપણ કરેલું છે.

**ઈતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવત સુબોધિનીના દશમસ્કંધના વિવરણમાં**
**બારમા અધ્યાયનું વિવરણ (સમાપ્ત[2]).**

---

૧. પાછળ શ્લોક ૫૦નાં શ્રીસુબોધિનીમાં જણાવેલો ભગવાનનો વૈભવ. (લે)

૨. આ ભગવાનના ઐશ્વર્યનો અધ્યાય છે, તેથી આ અધ્યાયમાં ભગવાનના ઐશ્વર્યની લીલા કહેલી છે. પહેલા જ શ્લોકમાં કૌમાર, પૌગંડ વિગેરે કાલના અભિમાની દેવો ભગવાનની સેવા માટે આવેલા છે એવું વ્યાખ્યાન કરેલું છે, તેથી ભગવાનનું ઐશ્વર્ય જણાવેલું છે. આગળ ભગવાને બલભદ્રને સ્વધર્મનો બોધ કરેલો છે, તેથી પણ ભગવાનનું ઐશ્વર્ય જણાવેલું છે, અને અધ્યાયના અંતે ગાયો અને ગોપોને ભગવાને પોતાની દષ્ટિથી સજીવન કર્યા, એમ ભાગવતમાં જ ભગવાનનું ઐશ્વર્ય જણાવેલું છે. (પ્ર)

# ।। અધ્યાય તેરમો ।।

## વિષયરૂપ વિષથી ભરેલી ઈન્દ્રિયોના અધ્યાસરૂપી કાલીયનાગનું દમન

**ઈન્દ્રિયાણિ સમસ્તાનાં મૃત્યવઃ સમુદાહૃતાઃ ।।**
**ત એવ વિષપૂર્ણાનિ કાલીયસ્ય શિરાંસિ હિ ।।૧।।**

કારિકાર્થ:- ઈન્દ્રિયોને સર્વનાં મૃત્યુ કહેલી છે, તે (ઈન્દ્રિયરૂપ) જ કાલિયના વિષથી ભરેલાં શિરો છે. કા.૧.

'શત આયુષ્યવાળો પુરુષ શત ઈન્દ્રિયવાળો છે' એ વાક્યમાં મૃત્યુને ઈન્દ્રિય કહેલ છે. ઈન્દ્રિયરૂપ મૃત્યુ જ કાલિયના વિષથી ભરેલાં શિરો છે એમ જાણવું. (કારિકાર્થ)

'અહિં અહિં નિશ્ચય મૃત્યુ થાય છે' એ શ્રુતિ કહે છે તેમ, સર્વનાં મૃત્યુ જૂદાં છે એવો પક્ષ લઈએ, તો સર્વની ઈન્દ્રિયો જ તેમનાં મૃત્યુ છે; કારણ કે ગીતામાં કહ્યું છે તેમ વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી વિષતુલ્ય પરિણામવાળું રાજસસુખ થાય છે. તે મૃત્યુઓ જ વિષયમાં રહેલાં હોવાથી વિષથી ભરેલાં કાલિયનાં શિરો છે. (પ્ર)

ગોપોનું મૃત્યુ ઉત્પન્ન કરનાર વિષથી કાલિયનાં (શિરો) ભરેલાં હોવાથી, તેમને જ મૃત્યુરૂપ ઈન્દ્રિયો કહેલાં છે. રોષથી કાલિયે વિષ ઉંચું ચઢાવી રાખેલું. તેથી જ તે ચક્ષુઓથી વિષ (શ્લોક ૨૯) બહાર કાઢતો હતો; તેથી જ તેનાં શિરો જ (ગોપોની) ઈન્દ્રિયરૂપ હતાં. ગોપોના દેહો ભગવાને અલૌકિક કર્યા ત્યારે, વિષય સહિત ઈન્દ્રિયો તે દેહોમાં પ્રવેશ કરવાને શક્તિવાળી નહિ હોવાથી, અને મૃત્યુરૂપ હોવાથી કાલિયનાં શિરો જેવી હોવાથી, તેના શિરોમાં રહી, તેથી ગોપોના દેહોને વિષનો સંબંધ થયો ત્યારે તેમના દેહોનો પાત થયો, અને ઈન્દ્રિયો વિષ દ્વારા કાલિયમાં જઈ રહી એવો ભાવ છે. (લે)

**અતસ્તદુપમર્દોઽત્ર નિરૂપ્યો હિ ત્રયોદશે ।।**
**સંતુષ્ટો ભગવાંસ્તેષુ સ્વલીલાં ચેત્કરોતિ હિ ।।૨।।**
**ભક્તિમાર્ગાનુસારેણ નિસ્તારો નાન્યથા ભવેત્ ।।૨ા.।।**

તેથી અહિં તેરમા(અધ્યાય)માં તેઓના મર્દનનું નિરૂપણ કરવામાં આવે છે, કારણ કે ભગવાન્ જો સંતુષ્ટ થઈ તેઓ પર પોતાની લીલા કરે તોજ ભક્તિમાર્ગ પ્રમાણે તેઓથી સંસારમાંથી છૂટાય, બીજી કોઈ રીતે છૂટાય નહિ. કા.૨ા.

કાલિયનાં શિરો ઈન્દ્રિયરૂપ હોવાથી તેઓનું મર્દન કરવું જ યોગ્ય છે; એટલે તેઓનો નાશ કરવો યોગ્ય નથી એવો ભાવ છે. ભગવાન્ જો સંતુષ્ટ થઈ તે

શિરો ઉપર પોતાની લીલા કરે તો જ તેમનાથી એટલે ઈન્દ્રિયોથી છૂટાય; તેથી ભગવાને તેમના ઉપર નૃત્ય કર્યું. જો ભગવાન્ તેવી રીતે નૃત્ય ન કરે તો ઈન્દ્રિયો અલૌકિક ન થાય, પણ જ્ઞાનમાર્ગની રીત પ્રમાણે જીવ ઈન્દ્રિય વિગેરે સંઘાત રહિત જ થાય. (કારિકાર્થ)

કાલિયનાં શિરો ઈન્દ્રિયરૂપ હોવાથી તેઓનાં મર્દનનું આ તેરમા અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવે છે. પહેલી કારિકામાં '(સમસ્ત) સર્વ' પદ યોજ્યું છે તે ગોપો માટે યોજેલું છે એમ જાણવું, કારણ કે અહિં ભગવાનની ઈચ્છા ગોપોનો જ નિરોધ કરવાની છે. (પ્ર)

'કાલિયનાં શિરો ગોપોની ઈન્દ્રિયો છે, અને ઈન્દ્રિયો ભગવાનથી વિમુખ હોય છે, તેથી તેઓને ભગવાનનો સંબંધ થાય જ નહિ; તેથી કાલિયનાં શિરોનું મર્દન ભગવાનથી કેમ થાય ?' એવી શંકા થાય તેથી કહે છે કે જો ભગવાન્ સંતુષ્ટ થઈ તેમના પર લીલા (નૃત્ય) કરે તો ભક્તિમાર્ગ પ્રમાણે તેમની (ઈન્દ્રિયોવાળા ગોપોની સંસારમાંથી) મુક્તિ થાય, બીજા કોઈ પ્રકારથી તે થાય નહિ. અહિં ભક્તિમાર્ગ પ્રમાણે ગોપોની સંસારમાંથી મુક્તિ કરવાની ભગવાનની ઈચ્છા હોવાથી, વિમુખ ઈન્દ્રિયો સાથે પણ ભગવાનનો સંબંધ થયો, અને તેઓનું મર્દન કર્યું. 'ઈન્દ્રિયો વિમુખ છે' એ શ્રુતિનો આમાં બાધ નથી, કારણ કે તે શ્રુતિ બીજા માર્ગની (જ્ઞાનમાર્ગની) છે. (પ્ર)

અહિં 'ઉપમર્દન'નો અર્થ 'દોષો મટાડી, નવું (નિર્દોષ) કરવું તે' છે, કારણ કે નૂતન દેહ થયા પછી નૂતન ઈન્દ્રિયો થાય તે યોગ્ય છે, ભગવાન્ જો સંતુષ્ટ થઈ લીલા કરે તો ભક્તિમાર્ગ પ્રમાણે નૂતન દેહરૂપ મોક્ષ પ્રાપ્ત થાય, બીજી જ્ઞાનમાર્ગની રીતથી એમ થાય નહિ, પણ માત્ર સંઘાત (દેહ વિગેરે)થી મુક્તિ જ થાય. (લે) વિષયરૂપ વિષથી ભરેલી ઈન્દ્રિયોનું ઉપમર્દન જ કરવું જોઈએ, પણ સ્વરૂપથી તેમનો નાશ કરવો જોઈએ નહિ, કારણ કે સ્વરૂપથી નાશ કરવાથી ભજન થઈ શકે નહિ, અને ઉપમર્દન કરવામાં ન આવે તો સંસારમાં આસક્તિ થાય. તેથી સંસારમાંથી આસક્તિ મટાડવા કાલિયનાં શિરોનું મર્દન કર્યું. ભગવાન્ જો વિષયમાં આસક્તિવાળી ઈન્દ્રિયો પર પોતાની નૃત્યરૂપ લીલા કરે, તો ઈન્દ્રિયોવાળાની મુક્તિ થાય. આ તેઓની મુક્તિ ભક્તિમાર્ગ પ્રમાણે એટલે સ્નેહથી તેમના ઉપર કૃપા કરવાની ભગવાનની ઈચ્છાથી થાય. તેથી જ ભગવાને ભક્તિમાર્ગરૂપ પોતાના ચરણારવિંદોથી કાલિયનાં શિરો ઉપર નૃત્યલીલા કરી. જ્યારે વિષયમાં આસક્તિવાળી જીવની ઈન્દ્રિયો પર ભગવાન્ રમણ કરે, ત્યારે જીવ કૃતાર્થ થાય છે. (યો)

**તેષાં પ્રપઞ્ચઃ કામિન્યસ્તાશ્ચેત્કૃષ્ણસ્ય સર્વથા ।।૩।।**

**તતોઽસૈવેન્દ્રિયાણિ ભવન્ત્યાજ્ઞાવશે હરેઃ ।।**
**તદૈવ વિષયશ્ચાપિ હરેર્ભવતિ સર્વથા ।।૪।।**
**સર્વોપયોગરહિતઃ પૂર્વસમ્બન્ધહાનતઃ ।।૪ાા.।।**

તે(ઇન્દ્રિયો)નો વિષયરૂપ વિસ્તાર સ્ત્રીઓ છે, જો તેઓ સર્વથા કૃષ્ણની થાય તો ત્યાર પછી ઈન્દ્રિયો સહેલાઈથી ભગવાનને વશ (રહેનારી) થાય, અને ત્યારે જ વિષય પણ પહેલાંનો સંબંધ તૂટી સર્વને ઉપયોગ વિનાનો થવાથી, સર્વથા હરિનો (હરિને વશ રહેનાર) થાય. કા.૪ાા.

તે ઈન્દ્રિયોનો પ્રપંચ એટલે વિષયરૂપ વિસ્તાર સ્ત્રીઓ એટલે નાગપત્નીઓ છે. તેઓ જો સર્વથા કૃષ્ણની થાય તો ત્યાર પછી ઈન્દ્રિયો સર્વ રીતે હરિને વશ રહેનારી થાય; અને ત્યારે જ વિષય પણ પહેલાંનો સંબંધ (ઈન્દ્રિયો સાથેનો) તૂટવાથી, કોઈને ઉપયોગી નહિ રહેવાથી, હરિને વશ રહેનાર થાય; એટલે ઈન્દ્રિયો અને વિષય ભગવદીય થાય. એટલા માટે ભગવાને આ લીલા કરેલી છે એવો અર્થ છે. (કા)

ઈન્દ્રિયોનું ઉપમર્દન કરવા છતાં તેઓના સ્વભાવનો નાશ થએલ નહિ હોવાથી, જો તેઓને ફરીથી વિષયનો સંબંધ થાય તો કરેલું ઉપમર્દન પણ નિષ્ફલ થાય; તેથી આ બે શ્લોકો કહેલા છે. ઈન્દ્રિયોનું ઉપમર્દન થવાથી તેમની વૃત્તિઓ સર્વથા ભગવાનને અધીન થાય, અને વિષય કોઈને ઉપયોગી રહે નહિ; તેથી ઈન્દ્રિયોનું ઉપમર્દન નકામું થાય નહિ એવો અર્થ છે. (પ્ર)

તે ઈન્દ્રિયોનો પ્રપંચ એટલે વિષયરૂપ વિસ્તાર સ્ત્રીઓ છે, કારણ કે તેઓમાં જ ખાસ કરીને વિષયનો અનુભવ થાય છે. (લે)

**પરીક્ષૈવેન્દ્રિયાણાં હિ નિગ્રહં કુરુતે હરિઃ ।।૫।।**
**પરીક્ષાર્થં તતો દેવઃ કાલં પ્રેરિતવાંસ્તથા ।।૫ાા.।।**

પરીક્ષા જ (કરવામાં આવી છે). પરીક્ષા માટે જ હરિ (પોતાની) ઈન્દ્રિયોનો નિગ્રહ કરે છે. પછી દેવે કાલને તેવી રીતે પ્રેરેલો છે. કા. ૫ાા.

કાલિયે ભક્તોનો અપરાધ કર્યો, તેથી તેનો નિગ્રહ કરવો યોગ્ય હતો; પરંતુ ભગવાન્ પોતે નાગની ફેણમાં અચેષ્ટ થઈ પડ્યા રહ્યા. (શ્લોક ૧૦) એ ભગવાનની લીલા અને વ્રજમાં ત્રણ પ્રકારના ઉત્પાતો થયા (શ્લોક ૧૨), એ યોગ્ય ન હતું, કારણ કે ભગવાનને કાલ વિગેરે કોઈનો ભય નથી, તેથી એવા ઉત્પાત થવાનું પણ કાંઈ કારણ ન હતું એવી શંકા થાય, તેથી એ લીલાઓનું તાત્પર્ય કહે છે કે ભગવાને પાછલા અધ્યાયમાં જે નિરોધ કર્યો તે બરાબર થયો છે કે નહિ, એવી પરીક્ષા જ આ અધ્યાયમાં કરવામાં આવે છે. તેથી પરીક્ષા માટે ભગવાન્ શ્લોક ૧૦માં જણાવ્યા પ્રમાણે પોતાની ઈન્દ્રિયોનો નિગ્રહ કરે છે.

નિગ્રહ એટલે પોતાનું કાર્ય પ્રકટ ન કરવું તે. ભગવાને પોતાની ઈન્દ્રિયોનો નિગ્રહ કર્યો, એટલે પોતાની ઈન્દ્રિયોનું કાર્ય થવા ન દીધું, અને ચેષ્ટારહિત જેવા પડ્યા રહ્યા. ભગવાન્ આવી રીતે પોતાની ઈન્દ્રિયોનો નિગ્રહ કરે તેથી ભક્તોને મૃત્યુથી પણ અધિક દંડ થાય, કારણ કે તે જોઈ શકે નહિ, ભક્તોથી તે સહન થાય જ નહિ. જો ગયા અધ્યાયમાં કરેલો નિરોધ ગોકુલના વતનીઓમાં પૂરેપૂરો થયો હોય તો ભગવાન્ પોતાની ઈન્દ્રિયોનો નિગ્રહ કરે, તેથી તેઓને મૃત્યુથી પણ અધિક પીડા કરનાર દંડ થાય; પણ જો તેઓમાં તે નિરોધ પૂરેપૂરો થયો ન હોય તો તેથી તેઓને એવી પીડા થાય નહિ. તેથી તેઓનો નિરોધ પૂરેપૂરો થયો છે કે નહિ, એવી પરીક્ષા કરવા માટે જ ભગવાને પોતાની ઈન્દ્રિયોનો નિગ્રહ કરેલો છે અને ચેષ્ટા રહિત પડ્યા રહ્યા છે.

હવે ઉત્પાતો શા માટે થાય તે કહે છે. ભગવાને પોતાની ઈન્દ્રિયોનો નિગ્રહ કર્યા પછી; દેવે એટલે અધિદેવરૂપ કાલે અથવા આધિદૈવિક કાલે કાલને તેવી રીતે પ્રેરણા કરી. આધિદૈવિક કાલ ભગવદ્રૂપ છે. તેણે પોતે આધ્યાત્મિક અને આધિભૌતિક કાલને ઉત્પાતો કરવાની પ્રેરણા કરી તેથી ઉત્પાતો થયા. આ ઉત્પાતો આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક ત્રણે પ્રકારના કાલે કરેલ હોવાથી ત્રણ પ્રકારના થએલા એમ શ્લોક ૧૨માં કહેલું છે. (ટિ+કા)

**સ્વાસક્તિશ્ચાપિ કર્તવ્યા નિરોધે મધ્યમે મહાન્ ।।૬।।**
**યત્નઃ કર્તવ્ય ઈત્યેવ મુગ્ધભાવં ચકાર હ ।।૬।।.।।**

પોતામાં આસક્તિ પણ કરવાની છે. મધ્યમ નિરોધમાં (હરિએ) મોટો પ્રયત્ન કરવાનો છે, તેથી જ પોતાનો મુગ્ધભાવ કર્યો. કા.૬।।.

એ પ્રમાણે કેટલાક ભક્તોની પરીક્ષા કરવાની હોવાથી ભગવાન્ એવી રીતે ચેષ્ટા રહિત રહેલા, અને ત્રણ પ્રકારના દારુણ ઉત્પાતો થએલા. વળી જે ભક્તોમાં નિરોધ સિદ્ધ થયો છે એવી જેમની પરીક્ષા થએલી, તેઓની પોતામાં આસક્તિ કરવાની હતી. આ પ્રમેયપ્રકરણના મધ્યમ નિરોધમાં ભગવાને પ્રમેયબલથી મોટો યત્ન (ભક્તોની પોતામાં આસક્તિ કરાવવા) કરવાનો છે, તેથી પોતાનો મુગ્ધભાવ (ચેષ્ટારહિતપણું) દર્શાવેલું છે. (કારિકાર્થ)

સામાન્ય ભક્તોની પરીક્ષા કરવા ભગવાન્ એવી રીતે ઈન્દ્રિયોનો નિગ્રહ કરે, પણ મુખ્ય ભક્તોની પરીક્ષા કરવી યોગ્ય નથી, કારણ કે તેઓમાં કાંઈ દોષ નથી અને તેઓ દોષરહિત છે, એવો અનુભવ પણ થએલો છે; છતાં તેઓને પણ ભગવાને પોતાની આવી સ્થિતિ (ચેષ્ટારહિતપણું) કેમ દર્શાવી ?' એવી શંકા થાય, તેથી કહે છે કે પોતામાં તેઓની આસક્તિ પણ કરવાની છે. જેમ બીજા સાધારણ ભક્તોની પરીક્ષા કરવાની છે, તેમ મુખ્ય ભકતોની પોતામાં આસક્તિ

કરવાની છે; કારણ કે ગયા અધ્યાયમાં કહેલ નિરોધથી ભગવાનમાં સ્નેહ જ સિદ્ધ થએલ છે અને સ્નેહ પછીની ઉંચી કક્ષા આસક્તિ આ અધ્યાયમાં કરવાની છે. વળી આ મધ્યમ નિરોધમાં મોટો પ્રયત્ન કરવાનો છે, તેથી ભગવાને પોતાનો એવો મુગ્ધભાવ કરેલો. 'હ' હર્ષ દેખાડવા. અથવા આશ્ચર્ય દેખાડવા યોજાએલ છે. તેથી મુખ્યભક્તોની પરીક્ષા કરવાની નથી, છતાં તેઓની પોતામાં આસક્તિ કરવા, અને બીજાઓની પરીક્ષા કરવા અને નિરોધ પૂરો સિદ્ધ કરવા, ભગવાને એ પ્રમાણે પોતાનો મુગ્ધભાવ કરેલો છે. (પ્ર)

**કથામાત્રત્વાભાવાય સંક્ષેપેણાહ તાં પુરા ।।૭।।**
**અક્લિષ્ટકર્મા ભગવાન્ જ્ઞાપયામાસ લીલયા ।।૭ા.।।**

(આ) માત્ર કથા નથી (એમ જણાવવા) પહેલાં સંક્ષેપથી તે કહેલી છે. ક્લેશ વિના કર્મ કરનાર ભગવાને લીલાથી જણાવેલું છે. કા. ૭ાા.

'આ કથા પ્રસંગવશાત્ કહેલી છે, પણ આથી નિરોધ થતો નથી' એવી શંકા થાય, તેથી કહે છે કે આ માત્ર કથા નથી એમ જણાવવા પહેલાં સંક્ષેપથી માત્ર એક(પહેલા) શ્લોકથી કથા કહેલી છે. પછી રાજાએ પ્રશ્ન કરવાથી શ્રીશુકદેવે પાછળથી વિસ્તારથી તે કહેલી છે. તેથી એમ જણાય છે કે આ કથા કહેવામાં કાંઈ ખાસ અભિપ્રાય(હેતુ) છે. કાલિયનો નિરોધ કરી ભક્તોની ઈન્દ્રિયોના દોષો દૂર કરી, તેઓનો નિરોધ કરવો એ જ આ કથાનો ખાસ અભિપ્રાય છે. જો આ ખાસ અભિપ્રાય ન હોત તો પ્રસંગને લીધે પ્રશ્ન વિના જ શ્રીશુકદેવજી વિસ્તારથી કથા કહેત; તેથી ભગવન્માર્ગનો સિદ્ધાંત ખાસ પ્રશ્ન વિના વિસ્તારથી કહેવો નહિ, એમ અહિં સૂચવેલું છે. પ્રથમ સ્કંધના નિબંધમાં પણ 'જો ખાસ પ્રશ્ન કરે તો આ રીતિ સદા કહેવી' (નિબંધ ૩।૧-૧૨) એમ શ્રીમદાચાર્યચરણે આ સિદ્ધાંત કહેલો છે.

ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનાર છે. દોષવાળી ઈન્દ્રિયોરૂપ કાલિયે ભગવાનનો અપરાધ કરેલો તેથી દોષવાળી ઈન્દ્રિયો ભગવાનનો અપરાધ કરનારી છે, એમ તેમણે ક્લેશ વિના જ સહેલાઈથી સર્વને જણાવેલું છે. (કા)

**ઉદ્યમશ્ચાપરાધશ્ચ પરીક્ષા કાર્યમેવ ચ ।।૮।।**
**સ્તુતિઃ પ્રસાદ ઈત્યત્ર ષડર્થાઃ પરિકીર્તિતાઃ ।।૮ા.।।**

ઉદ્યમ, અપરાધ, પરીક્ષા, તથા (ભગવાનનું) કાર્ય, સ્તુતિ અને પ્રસાદ, એમ છ અર્થો અહિં (આ અધ્યાયમાં) કહેલા છે. કા. ૮ાા.

(૧) કાલિયનું દમન કરવાનો ભગવાનનો ઉદ્યમ, (૨) કાલિયે કરેલો અપરાધ, (૩) ભક્તોના સ્નેહની પરીક્ષા, (૪) ભગવાને કરેલું કાલિયદમનનું કાર્ય, (૫) નાગપત્નીઓએ કરેલી ભગવાનની સ્તુતિ અને (૬) ભગવાનનો પ્રસાદ

(પ્રસન્નતા, કૃપા), એવા છ અર્થો આ અધ્યાયમાં કહેલા છે. (કા)

**કારિકાર્થ સંપૂર્ણ.**

।। શ્રીશુક ઉવાચ ।।

**વિલોક્ય દૂષિતાં કૃષ્ણાં કૃષ્ણઃ કૃષ્ણાહિના વિભુઃ ।।**
**તસ્યા વિશુદ્ધિમન્વિચ્છન્ સર્પં તમુદવાસયત્ ।।૧।।**

શુકદેવજી કહે છે : સમર્થ કૃષ્ણે કૃષ્ણાને કૃષ્ણ સર્પથી દૂષિત થએલી જોઈને તેની વિશુદ્ધિ ઈચ્છતાં તે સર્પને બહાર કાઢી મૂક્યો. ૧.

પ્રથમ આ શ્લોકથી કથા સંક્ષેપથી કહે છે. કૃષ્ણા એટલે યમુનાને, કૃષ્ણ સર્પથી એટલે કાલસર્પ કાલિયથી દૂષિત થએલી જોઈને, સમર્થ ભગવાન્ શ્રીકૃષ્ણે ભવિષ્યમાં ક્રીડા માટે તેની વિશુદ્ધિ ઈચ્છતાં, તે સર્પને બહાર કાઢી મૂક્યો એટલે ત્યાંથી બીજે સ્થલે મોકલ્યો. ૧.જે ભગવાનના જેવું રૂપ પ્રાપ્ત કરે તેને ભગવાને દોષરહિત કરવો જોઈએ. ભગવાન્ કૃષ્ણ હતા અને સર્પ પણ કાળો હતો, તેથી સર્પે ભગવાનના જેવું રૂપ પ્રાપ્ત કરેલું હોવાથી ભગવાને તેને દોષરહિત કરવો જોઈએ. ૨.જે જેના જેવો હોય તેણે તેનો દોષ દૂર કરવો જોઈએ, બીજાએ તે દૂર કરવો જોઈએ નહિ. ભગવાન્ કૃષ્ણ હતા અને સર્પ પણ કૃષ્ણ હતો, તેથી ભગવાને જ તેનો દોષ દૂર કરવો જોઈએ. ૩.બીજા રંગવાળામાં બીજા રંગવાળાનો દોષ દૂર કરવો જોઈએ નહિ. શ્રીયમુના કૃષ્ણ હતાં અને સર્પ પણ કૃષ્ણ હતો; તેથી યમુનાજીમાં જ સર્પનો દોષ દૂર કરવો જોઈએ. આવી ત્રણ મર્યાદા હોવાથી અહિં ત્રણ વાર (સર્પ માટે, શ્રીકૃષ્ણ માટે અને યમુનાજી માટે) 'કૃષ્ણ' શબ્દ યોજેલો છે. ભગવાન્ શ્રીકૃષ્ણમાં આ કાર્ય માટે જરુરી સામર્થ્ય હતું, એમ દર્શાવવા 'સમર્થ' પદ યોજેલું છે. સર્પ ભગવાનના જેવો કૃષ્ણ જ હતો, તેથી જ ભગવાને તેને માર્યો નહિ. ભગવાન્ હૃષીકેશ એટલે ઈન્દ્રિયોના ઈશ્વર હોવાથી, તેના ઉપર તેમણે નૃત્ય કર્યું[૧]. તેથી જ કલિકાલમાં ભગવાન્ કૃષ્ણજ સર્વના અપરાધોનું નિવારણ કરનાર છે. જો ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વની ઈન્દ્રિયો ઉપર નૃત્ય કરે અને ઈન્દ્રિયોએ કરેલા અપરાધો સહન કરે તો તે સર્વ અપરાધોનું નિવારણ કરે છે. શ્રીયમુનાને શુદ્ધ કરવાની હતી તેથી તે પ્રસિદ્ધ યમુનામાંથી તે પ્રસિદ્ધ સર્પને ભગવાને કાઢી મૂક્યો.૧.

આ શ્લોકમાં રાજા વિશેષ પ્રશ્ન પૂછે છેઃ

।।રાજોવાચ।।

**કથમન્તર્જલેઽગાધે ન્યગૃહ્ણાદ્ ભગવાનહિમ્ ।।**
**સ વૈ બહુયુગાવાસં યથાસીદ્ વિપ્ર કથ્યતામ્ ।।૨।।**

---

૧. કાલિયનાં શિરો ઈન્દ્રિયોરૂપ હતાં, અને ભગવાન્ ઈન્દ્રિયોના એટલે તેમના ઈશ હોવાથી તેમણે તેમના ઉપર નૃત્ય કર્યું. (લે)

હે વિપ્ર ! ભગવાને અગાધ જલની અંદર સર્પનો કયા પ્રકારના સાધનથી નિગ્રહ કર્યો ? તે ઘણા યુગો સુધી ત્યાં રહેઠાણ કરી કેવી રીતે રહેલો હતો તે કહો. ૨

તે તો એમ જાણે છે કે જેમ લાકડીને છેડે લોઢાનો આંકડો રાખી તે નદીમાં નાખી તેનાથી માછલું પકડાય છે, તેમ ભગવાને કાલિયનો નિગ્રહ કર્યો હશે. તેથી ભગવાને તે મોટા સર્પને પકડવા કેટલા મોટા આંકડાવાળી લાકડીનો ઉપયોગ કર્યો હશે ? એવા વિચારથી, કયા પ્રકારના સાધનથી ભગવાને તેનો નિગ્રહ કર્યો, એવો પ્રશ્ન પૂછે છે. જો લોકમાં આવા મોટા આંકડાવાળું પકડવાનું સાધન હોત તો આ પ્રશ્ન રાજા ન પૂછત, પરંતુ લોકમાં આવું કાંઈ સાધન હોતું નથી, તેથી તેણે આ પ્રશ્ન કર્યો છે. વળી તે ઘણા યુગો સુધી ત્યાં જ રહેઠાણ કરી રહેલો હતો. જો આવું મોટું પકડવાનું કાંઈ સાધન લોકમાં હોત તો ભગવાન્ પહેલાં જ (કોઈ પકડશે એવા ભયથી, અથવા કોઈએ પકડી કાઢી મૂકેલ હોવાથી) તે ત્યાંથી જતો રહ્યો હોત. (લોકમાં ભલે આવું મોટું પકડવાનું સાધન ન હોય, છતાં શ્રીકૃષ્ણ પાસે તેવું મોટું સાધન હોય એ અસંભવિત નથી, કારણ કે શ્રીકૃષ્ણ 'ભગવાન્' છે. તેથી 'ભગવાને કયા પ્રકારના સાધનથી' તેને પકડ્યો, એ પ્રકાર કહો એવો પ્રશ્ન છે. વિશેષ રીતે જ્ઞાન પૂરે (આપે) તે માટે રાજાએ શુકદેવનું 'વિપ્ર' સંબોધન કરેલું છે, અથવા 'વિ' એટલે વિશેષ રીતે 'પ્ર' એટલે લંબાણથી 'કથ્યતામ્' એટલે કહો, એમ 'વિપ્રકથ્યતામ્' એ આખું ક્રિયાપદ લેવું. ૨.

'જલમાં રહેનાર પ્રાણીનો સાધારણ રીતે નિગ્રહ કરવામાં આવે તેમ ભગવાને આ સર્પનો પણ નિગ્રહ કર્યો હશે, તેથી મને શુકદેવ આ વાત કહેશે નહિ' એવી રાજા પરીક્ષિતને શંકા થવાથી, ભગવાનની કથા સામાન્ય રીતે શ્રવણ કરવા યોગ્ય જ છે એવી કથાની પ્રશંસા કરે છેઃ

**બ્રહ્મન્ ભગવતસ્તસ્ય ભૂમ્નઃ સ્વચ્છન્દવર્તિનઃ ।।**
**ગોપાલોદારચરિતં કસ્તૃપ્યેતામૃતં જુષન્ ।।૩।।**

હે બ્રહ્મન્ ! તે સ્વચ્છંદવર્તી વ્યાપક ભગવાન્ ગોપાલના ઉદાર ચરિતરૂપી અમૃતને સેવતાં કોણ તૃપ્તિ પામે ? ૩.

તમે જ્ઞાનવાળા છો અને તમને ઉદ્વેગ નથી, એમ જણાવવા 'હે બ્રહ્મન્' એવું સંબોધન કર્યું છે. આ પણ ભગવાનની લીલા છે, તેથી આ સર્વે લીલા ભગવાનના છ ગુણોવાળી જ હશે, તેથી તે કહેવા જેવી ન હોય એમ ન જ બને. તે ભગવાન્ 'વ્યાપક' હોવાથી તેમની સર્વ સ્થલે લીલા ઘણી જ હોવી જોઈએ. વળી તે ભગવાન્ સ્વચ્છંદવર્તી હોવાથી પોતાની લીલામાં બીજા કોઈની દરકાર તેમને નહિ હોય. વળી તે 'ગોપાલ'[1] છે એટલે લૌકિક પુરુષો પોતામાં બુદ્ધિ રાખે તે માટે

૧. ગો એટલે ઇન્દ્રિયો+પાલ એટલે પાલન કરનાર, તેથી ગોપાલ એટલે ઇન્દ્રિયોના રક્ષક

પ્રયત્ન કરતા હશે[2]. તેવા ભગવાનનું ચરિત 'ઉદાર' છે તેથી અમુક જીવ આ પુરુષાર્થ મેળવવા પાત્ર છે કે નહિ તેનો વિચાર કર્યા વિના સર્વે પુરુષાર્થોનું દાન કરે છે, અને પુરુષાર્થોની સર્વને જરુર છે તેથી આ ચરિત સર્વથા કહેવું જોઈએ અને તેનું સર્વથા શ્રવણ કરવું જોઈએ. આ પણ તેમનું 'ચરિત' છે, કલ્પિત વાત નથી. તેમાં તેમનું ચરિત 'અમૃત' છે, તેથી તે સર્વ દોષોનું નિવારણ કરનાર અને મૃત્યુનું પણ નિવારણ કરનાર છે. વળી અમૃતનું સેવન કરનાર કોઈ પણ માણસને અમૃતથી કોઈવાર તૃપ્તિ થઈ છે ? નથી જ થઈ. અમૃતનું પાન કરતાં કોઈ ધરાતું જ નથી, એમ લોકમાં પણ કહેણી છે. ૩.

ભગવાનનું અતિશય સામર્થ્ય જણાવવા, ધરાનું સ્વરૂપ આ અને આ પછીના એમ બે શ્લોકોથી કહે છે:

**કાલિન્દ્યાં કાલિયસ્યાસીદ્ ધ્રદઃ કશ્ચિદ્વિષાગ્નિના ।।**
**શ્રપ્યમાણપયા યસ્મિન્ પતન્ત્યુપરિગાઃ ખગાઃ ।।૪।।**

કાલિંદીમાં કાલિયનાગના સંબંધવાળો કોઈ ધરો હતો, તેનું જલ તેના વિષરૂપી અગ્નિથી ઉકળતું રહેતું; ઉપર ઉડનારાં પક્ષીઓ તેમાં પડતાં. ૪.

કાલિય અથવા કાલીય એમ બંને નામ નાગનાં છે. કાલિયનાગના સંબંધ- વાળો કોઈ ધરો હતો. આ સંબંધ આગળ કહેવામાં આવશે. તે ધરામાં તેના જ એટલે કાલિયના જ વિષરૂપી અગ્નિથી પાણી ઉકળતું અને તેથી ઘુમરી ખાતું (વમળોવાળું), અથવા વિષથી ભરેલું રહેતું. આકાશમાર્ગે તે ધરા ઉપર ઉડનારાં પક્ષીઓ પણ તે ધરામાં આવી પડતાં. ઉપર આકાશ સુધી કાલિયના વિષના દોષની અસર થતી, એમ વિષનો દોષ ઉપર એટલે આકાશમાં એ શબ્દથી ક્યાં સુધી જણાતો એ હદ દર્શાવી છે. ૪.

હવે એ વિષથી ચારે તરફ દોષ થતો તે આ શ્લોકમાં કહે છે:

**વિપ્લુષ્મતા વિષાદોર્મિમારુતેનાભિમર્શિતાઃ ।।**
**મ્રિયન્તે તીરગા યસ્ય પ્રાણિનઃ સ્થિરજઙ્ગમા ।।૫।।**

જેના વિષવાળા જલના વહેણથી થતા બિંદુવાળા વાયુનો સ્પર્શ થએલાં તીર પર રહેલાં સ્થાવર અને જંગમ પ્રાણીઓ મરણ પામતાં. ૫.

વિષવાળા જલના સંબંધવાળાં પાણીનાં મોજાંઓના વહેણથી જે વિષજલના બિંદુઓવાળો વાયુ ઉત્પન્ન થતો, તેનો સ્પર્શ થએલાં પ્રાણીઓ મરણ

---

ભગવાન્ લોકોની ઈન્દ્રિયોના વિષય થઈ તે ઈન્દ્રિયોનું રક્ષણ કરે છે. જો વિષયો ઈન્દ્રિયોનો વિષય થાય તો તેઓનો નાશ થાય.

૨. પ્રયત્ન કરતા હશે-એ ઈન્દ્રિયોનો વિષય થતા હશે (ઈન્દ્રિયો) પોતાને ગ્રહણ કરે તેવું કરતા હશે. (લે)

પામતાં. આવા વાયુનો માત્ર સ્પર્શ થતાં જ ઉભય તટો ઉપર રહેનારાં, તીર ઉપર રહેનારાં અને (નજીકની) ભૂમિ ઉપર રહેનારાં પણ પ્રાણીઓ મરણ પામતાં. સ્થાવર પ્રાણીઓ એટલે વૃક્ષો, અને જંગમ પ્રાણીઓ એટલે દેડકાંઓ વિગેરે, જે ભૂલેચૂકે એટલામાં જતાં તે સર્વે મરણ પામતાં. સ્થાવર પ્રાણીઓ ચાલી શકે નહિ, પણ પાસેની ભૂમિ ઉપર ઉગેલી લતાઓ અથવા તે ભૂમિ ઉપરનાં વૃક્ષોની શાખાઓ વધતી વધતી એ તરફ જાય, તેથી ત્યાં જનાર સ્થાવર પ્રાણીઓ પણ મરણ પામતાં એમ કહેલું છે. ૫.

આવો દોષ મટાડવો જોઈએ તેથી ભગવાને તે મટાડવા ઉદ્યમ કર્યો તે કહે છેઃ

**તં ચણ્ડવેગવિષવીર્યમવેક્ષ્ય તેન દુષ્ટાં નદીં ચ ખલસંયમનાવતારઃ ।।**
**કૃષ્ણઃ કદંબમધિરુહ્ય તતોતિતુંગમાસ્ફોટ્ય ગાઢરશનો ન્યપતદ્ વિષોદે ।।૬।।**

તેને તીવ્રવેગવાળો અને વિષના વીર્યવાળો જોઈને અને તેનાથી નદી દોષવાળી થએલી જોઈને, ખલનો સંયમ કરવા માટે જેમનો અવતાર છે તેવા, શ્રીકૃષ્ણે બહુ જ ઉંચા કદંબ ઉપર ચઢી, કચ્છ (કંદોરો) મજબૂત બાંધી, બાહુઓ (હાથથી) ઠોકી, ત્યાંથી વિષવાળા જલમાં ભૂસકો માર્યો. ૬.

પ્રથમ ભગવાન્ પોતે ત્યાં પધાર્યા એમ કહે છે. તે પ્રસિદ્ધ કાલિય તીવ્રવેગવાળો એટલે કાલની પેઠે ઘણા જ વેગવાળો છે, તેથી બીજા કોઈથી બહાર કાઢી શકાય તેવો નથી, અને માત્ર પોતાથી જ તે હરાવી બહાર કાઢી શકાય તેવો છે, એમ જોઈને કદંબ ઉપર ચઢીને, પોતાના બાહુઓ ઠોકી મલ્લભાવ દર્શાવીને તે બહુ ઉંચા કદંબ ઉપરથી શ્રીકૃષ્ણે વિષવાળા જલમાં ભૂસકો માર્યો, એવો વાક્યનો સંબંધ છે.

પ્રથમથી જ તે નાગ તીવ્રવેગવાળો, અને તેમાં પણ વિષ જેનું વીર્ય છે તેવો હતો; એટલે તેણે જે દેવતાની ઉપાસના કરેલી તે દેવતા તેને પ્રત્યક્ષ હતી એમ સૂચવેલું છે. આવી રીતે દેવતા તેને પ્રત્યક્ષ હોવાથી જ તેણે ભગવાન્ ઉપર અતિક્રમણ (હુમલો) કરેલો, 'વિષ એ સર્પો છે' એવી શ્રુતિ છે, અને 'તે થઈને એમનું રક્ષણ કરે છે' તેથી જ 'તીવ્રવેગવાળા હોવું' એ વિષનો ગુણ કહેલો છે. નદી 'તેનાથી (કાલિયથી) દોષવાળી થએલી' કહેલી છે, તે વિષનું પરાક્રમ જણાવે છે. 'દોષવાળી થએલી' એ નદીનું વિશેષણ છે. નદીનો પોતાનો દોષ નથી, પણ કાલિયે દોષ કરેલો છે, તેથી તેનો (વિષનો અથવા દોષનો) ભાર વિશેષણ ઉપર રાખેલો છે. તેથી જ આધિદૈવિક(વિષ)થી દોષવાળી થએલી નદીને દેવાધિદેવ(શ્રીકૃષ્ણ)વિના બીજું કોઈ દોષરહિત કરવા શક્તિમાન નથી (એમ સૂચવેલું છે). મૂલ શ્લોકમાં 'ચ (અને)' છે તેથી એમ સૂચવેલું છે, કે તે દુષ્ટ

કાલિયને ભગવાન્ શ્રીકૃષ્ણ વિના પાંસરો કરવા બીજું કોઈ શક્તિમાન નથી. વળી 'ખલનો સંયમ કરવા માટે જેમનો અવતાર છે તેવા' ભગવાન્ છે; તેથી ખલ કાલિયનો સંયમ કરવો, એ તેમના અવતારનું પ્રયોજન પણ છે. ખલ બીજાઓને ઉપદ્રવ કરનારા હોય છે, તેમનો સંયમ કરવો એટલે તેમને નિયમમાં રાખવા (એ ભગવાનના અવતારનું પ્રયોજન છે). જો તેઓને રહેવા દઈ તેઓના દોષો દૂર થઈ શકતા હોય તો ભગવાન્ તેઓના દોષો જ દૂર કરે છે, પણ તેમને મારી નાખતા નથી; પણ જો મરે ત્યાં સુધી દોષ છોડે નહિ તેવા હોય તો ભગવાન્ તેમને મારી નાખે છે એ નિયમ છે. આવી રીતે તેઓને નિયમમાં રાખવા માટે જ ભગવાનનો અવતાર છે. વળી ભગવાન્ 'શ્રીકૃષ્ણ' છે એટલે તેઓના દોષો દૂર કરવા માટે પોતે સદાનંદ છે. તેવી જ જાતનું કદંબનું વૃક્ષ પણ છે, કારણ કે તે ઘણું ઉંચ્ચું છે અને ઉંચ્ચે રહે છે. આ કદંબ ગરુડને રહેવા માટે ભગવાને જ બનાવેલું અને તેથી ઉંચ્ચું હતું, ગરુડ આ કદંબ ઉપર આવી, કાલિય તેના ધરામાંથી બહાર નીકળે તેની રાહ જોતો, જેથી તે બહાર નીકળે તો તેને મારી નખાય; તેથી ગરુડની કૃપાથી જ આ કદંબ કાલિયના વિષથી બળતું અથવા સૂકાતું નહિ. ગયા શ્લોકમાં (વિષવાળા જલના) 'બિંદુવાળા' વાયુનો સ્પર્શ થએલાં પ્રાણીઓ મરણ પામતાં એમ કહેલું છે, તેથી એકલા વાયુનો નહિ, પણ જલવાળા વાયુનો સ્પર્શ થતાં જ મરણ થતું એમ કહેલું છે, તેથી જલનાં મોજાંઓથી થએલ વાયુથી જ પ્રાણીઓનું મરણ થતું, અને આ કદંબનું વૃક્ષ ઘણું ઉંચ્ચું હોવાથી મોજાંઓથી થએલો વાયુ એટલે બધે ઉંચ્ચે પહોંચતો નહિ હોવાથી, ઉંચ્ચે રહેલું આ મોટું કદંબનું વૃક્ષ સૂકાતું ન હતું એવો સિધ્ધાંત છે.

ભગવાન્ પ્રથમ આ કદંબ ઉપર ચઢ્યા. આ વૃક્ષ ઉંચ્ચા તટ ઉપર ઉગેલું અને ઘણું ઉચ્ચું હતું. તેના ઉપર ચઢી આધિદૈવિક(વિષ)સાથે એટલે સમોવડીયા સાથે યુધ્ધ કરવા માટે પાતાના હાથથી બાહુઓ ઠોક્યા. પછી કાલથી ભૂમિ પર મર્યાદાનો ભંગ ન થાય (ભૂસકો મારતાં જલ સુધી ન પહોંચતાં વચલી જમીન ઉપર ન પડાય) તે માટે કચ્છ તંગ કર્યો (કઠણ બાંધ્યો). એ પ્રમાણે કચ્છ તંગ કરી, મોટો (દૂર પડાય તેવો) ભૂસકો માર્યો. આ સ્થાન(ધરા)ની ક્રૂરતા કહેલી છે, તે ભગવાનનું માહાત્મ્ય જણાવવા કહેલી છે. ૬.

ભગવાને ભૂસકો મારવાથી શું થયું તે આ શ્લોકમાં કહે છેઃ

**સર્પહ્રદઃ પુરુષસારનિપાતવેગસંક્ષોભિતોરગવિષોચ્છ્વસિતામ્બુરાશિઃ ।।**
**પર્યુત્પ્લુતો વિષકષાયવિભીષણોર્મિર્ધાવન્ ધનુઃશતમનંતબલસ્ય કિં તત્ ।।૭।।**

સર્પનો ધરો ઉત્તમ પુરુષના પડવાના વેગથી ક્રોધિત થએલા સાપના વિષવાળા ઉચ્છ્વાસથી ઉછળતા પાણીના જથ્થાવાળો ચોતરફ અને ઉપર

ઉછળતો, વિષથી કષાય અને ઘણાં જ ભયંકર મોજાંવાળો થઈ સો સો ધનુષ સુધી દોડ્યો (ફેલાયો). અનંતબલવાળાનું તે શું (આશ્ચર્યવાળું કર્મ) ! ૭.

ઉત્તમ પુરુષ એટલે પુરુષોત્તમના પડવાના વેગથી સારી રીતે ગુસ્સે થએલો જે આ (કાલિય) સાપ, તેના જે વિષોચ્છ્વસિત એટલે વિષવાળા ઉચ્છ્વાસો (બહાર નીકળતા શ્વાસો), તેનાથી જેના પાણીનો જથ્થો ઉછળતો હતો તેવો તે સર્પનો ધરો થયો; અહિં 'ઉચ્છ્વસિત' પદ બે વાર લેવાનું છે. તે ચારે તરફ ઉછળ્યો અને ઉપર (ઉંચે) ઉછળ્યો (ફેલાયો); વર્ષાઋતુમાં જેમ (જલ વધવાથી ઉંચ્ચે અને વધારે જગ્યામાં) ફેલાય તેમ ફેલાયો; અથવા ઉંચ્ચો વધી ભાગતો હોય તેવો થયો. ભગવાનના પડવાથી થએલા ખળભળાટથી, 'અહિંથી બીજે જતો રહું' એમ વિચારી ભાગતો હોય તેવો થયો. વળી વિષથી કષાય અને ઘણાં જ ભયંકર મોજાંઓ જેનાં છે તેવો થયો, આવો થઈ દોડતો થયો અથવા દોડ્યો (અધાવત્). મૂલમાં 'અ' લખેલ નથી તે 'અ'નો અભાવ છાંદસ (વેદના નિયમ પ્રમાણેનો) છે. એક સો ધનુષ્ય એટલે ચારસો હાથ (દોડ્યો). જેમનું અનંત બલ છે તેવા ભગવાનનું આ (કર્મ) આશ્ચર્ય-કારક નથી; અથવા અનંત એટલે કાલ જે (આખા) જગતને જ દોડાવે છે તેમાં પણ જેમનામાંથી બલ આવે છે, તેવા ભગવાનનું આ કર્મ આશ્ચર્યકારક નથી. (કાલિયના) વિષથી કષાય (વિકારવાળો) અને ઘણાં જ ભયંકર મોજાંવાળો ધરાને કહેલો છે, તેથી તે (કાલિય, કાલ) સર્વનો સંહાર કરનારો છે એમ કહેલું છે, આ તેણે ઉપાસના કરેલા દેવતાનું ચરિત્ર છે. ૭.

સર્પ ભગવાનની પાસે આવ્યો એમ આ શ્લોકમાં કહે છેઃ

**તસ્ય હ્રદે વિહરતો ભુજદણ્ડઘૂર્ણવાર્ઘોષમંગ વરવારણવિક્રમસ્ય ।।**
**આશ્રુત્ય તત્સ્વસદનાભિભવં નિરીક્ષ્ય ચક્ષુઃશ્રવાઃ સમસરત્તદમૃષ્યમાણઃ ।।૮।।**

તે ઉત્તમ હાથીના જેવા વિક્રમવાળા, ધરામાં વિહાર કરતા (ભગવાનના) ભુજદંડોથી ઘુમરી ખાતા (વમળ લેતા) જલનો અવાજ સાંભળીને પોતાના રહેઠાણ પરનું આક્રમણ જાણીને (સાંભળીને), તે સહન નહિ કરતાં સર્પ સારી રીતે (નજીક) આવ્યો. ૮.

ધરામાં વિહાર કરતા ભગવાનની પાસે તે આવ્યો. બે ભુજાઓ રૂપી દંડોના પ્રહારથી ઘુમરી ખાતું જે જલ તેનો અવાજ સાંભળીને, તે સહન નહિ કરતાં સર્પ નજીક આવ્યો એવો વાક્યનો સંબંધ છે.

પ્રથમ ભગવાને ભૂસકો માર્યો ત્યારે 'શું થયું ?' એમ સર્પને આશ્ચર્ય થયું; પછી જલમાં કોઈ વિહાર કરે છે એમ તેણે સાંભળ્યું; વળી પાછો ભગવાનના બાહુઓના પ્રહારથી જલમાં જે અવાજ થતો હતો તે તેણે સાંભળ્યો. જલમાં શબ્દ

થવાનું કારણ 'ઉત્તમ હાથીના વિક્રમવાળા' શબ્દથી કહેલું છે. 'વર' એટલે ઉત્તમ, જે 'વારણ' એટલે હાથી તેના જેવું જેમનું 'વિક્રમ' (પરાક્રમ) છે, તેવા ભગવાન્ છે. હાથીનો તો જલમાં વિહાર કરવાનો સ્વભાવ છે. સર્વની ઉપમા જેમને આપી શકાય તેવા ભગવાન્ હોવાથી, ભગવાનનો પણ જલમાં વિહાર કરવાનો સ્વભાવ થયો. જલમાં થતાં વિહારનો અવાજ જ સાંભળવાથી તે ન આવ્યો, પણ તે ભગવાને તેના રહેઠાણનું આક્રમણ પણ કર્યું છે એમ સાંભળીને, અથવા તે શબ્દથી પોતાના રહેઠાણનું આક્રમણ પણ થયું છે એમ જાણીને તે આવ્યો. સર્પ ચક્ષુઃશ્રવા છે એટલે તેના ચક્ષુઃ અને શ્રવા (આંખ અને કાન) ભેગા જ હોય છે, તેથી તે જે સાંભળે તેને પણ જોયું હોય તેવું માને છે. તે સર્પ સારી રીતે આવ્યો એટલે પોતાની પ્રૌઢિસહિત આવ્યો, તેના વૈભવ અને ભપકાસહિત આવ્યો. આવવાનું કારણ 'તે સહન નહિ કરતાં' શબ્દોથી કહેલું છે. તેના રહેઠાણ પર થતું આક્રમણ તે સહન કરી શક્યો નહિ અને તેથી તે ભગવાનની પાસે આવ્યો. ૮.

ત્યાર પછી આ શ્લોકમાં કાલિયે ભગવાનનો અપરાધ કર્યો એમ કહે છેઃ

**તં પ્રેક્ષણીયસુકુમારઘનાવદાતં શ્રીવત્સપીતવસનં સ્મિતસુંદરાસ્યમ્ ।।**
**ક્રીડન્તમપ્રતિભયં કમલોદરાંઘ્રિં સંદશ્ય મર્મસુ રુષા ભુજયા ચછાદ ।।૯।।**

દર્શન કરવા યોગ્ય, સુકુમાર, વાદળાં જેવા સુંદર, શ્રીવત્સ અને પીતાંબર ધારણ કરેલા, સ્મિતવાળા સુંદર મુખારવિંદવાળા, રમણ કરતા, ભયરહિત, કમળના મધ્યભાગ જેવા કોમલ ચરણારવિંદવાળા ભગવાનને કાલિયે મર્મસ્થાનોમાં દંશ કરી, (પોતાના) શરીરથી વીંટી લીધા (ભરડો દીધો). ૯.

તેણે આ અયોગ્ય કર્મ કર્યું, એમ જણાવવા ભગવાનનું વર્ણન કરે છે. ભગવાન્ (૧) દર્શન કરવા યોગ્ય (૨) સુકુમાર અને (૩) વાદળાં જેવા સુંદર છે, તેથી (૧) સાત્ત્વિક (૨) રાજસ અને (૩) તામસ ત્રણે ગુણોવાળા જીવોએ માન આપવા યોગ્ય છે; તેથી તેમને દંશ કર્યો તે નાગનું કાર્ય લોકથી વિરુદ્ધ છે એમ કહેવાયું[૧]. તે કાર્ય તેણે પરમાર્થથી પણ વિરુદ્ધ કરેલું છે, એમ જણાવવા ભગવાન્ (૧) 'શ્રીવત્સ અને (૨) પીતાંબર ધારણ કરેલા' છે એમ કહેલું છે. તેથી તેમને દંશ

૧. ભગવાન્ દર્શન કરવા યોગ્ય હોવાથી જ્ઞાનયોગ્ય (જેમનું જ્ઞાન મેળવવું યોગ્ય છે તેવા) છે, અને જ્ઞાન 'સત્ત્વમાંથી થાય છે' એવું શાસ્ત્રનું વચન છે, તેથી ભગવાન્ સાત્ત્વિક પુરુષોએ માન આપવા યોગ્ય છે. ભગવાન્ સુકુમાર હોવાથી તેમના જેવું સ્વરૂપ પ્રાપ્ત કરવાનો લોભ થાય, અને લોભ રજોગુણથી થાય છે, તેથી ભગવાન્ રજોગુણવાળાઓએ માન આપવા યોગ્ય છે. ભગવાન્ વાદળાં જેવા સુંદર એટલે નીલશ્વેત (ધોળાશ ઉપરનો કાળો રંગ, જલવાળા વાદળાનો રંગ) છે, અને તમોગુણવાળા કાળાશ રંગના એટલે ભગવાનના જેવા રંગવાળા હોવાથી, પોતાના દોષો દૂર કરાવવા માટે તામસગુણવાળાઓએ પણ ભગવાન્ માન આપવા યોગ્ય છે. (લે)

કરવાનું કાર્ય (૧) પ્રમેયથી[2] અને (૨) પ્રમાણથી (કારણ કે પીતાંબર વેદરૂપ છે) પણ વિરુદ્ધ છે. વળી ભગવાન્ સ્મિતવાળા સુંદર મુખારવિંદવાળા છે, તેથી તેનું એ કાર્ય ભક્તિમાર્ગ- થી પણ વિરુદ્ધ છે. વળી ભગવાન્ 'રમણ કરતા' હતા, તેથી તેનું કાર્ય રસશાસ્ત્રથી પણ વિરુદ્ધ છે. વળી ભગવાન્ 'ભયરહિત' હતા, તેથી તેનું કાર્ય નીતિશાસ્ત્રથી[3] પણ વિરુદ્ધ છે. વળી ભગવાન્ 'કમલના મધ્ય જેવા ચરણારવિંદવાળા' હોઈ સર્વેએ સેવા કરવા યોગ્ય છે, તેથી તેના તે કાર્યને જગતનો વિરોધ થાય છે. ભગવાન્ જલમાં હતા તે ઠેકાણે એ પ્રમાણે તેમને દંશ કરી તેમનો અપરાધ કરી, 'હું તેમને મારા રહેઠાણમાં લઈ (ઘસડી) જાઉં ' એવો વિચાર કરી ક્રોધથી પોતાના શરીરથી અથવા પોતાની ફેણથી તેણે ભગવાનને ઢાંકી દીધા અથવા વીંટી લીધા (ભરડો દીધો). ૯.

ત્યાર પછી જે થયું તે આ શ્લોકમાં કહે છેઃ

**તં નાગભોગપરિવીતમદષ્ટચેષ્ટમાલોક્ય તત્પ્રિયસખાઃ પશુપા ભૃશાર્તાઃ ।।**
**કૃષ્ણેર્પિતાત્મસુહૃદર્થકલત્રકામા દુઃખાનુશોકભયમૂઢધિયો નિપેતુઃ ।।૧૦।।**

તેમને (ભગવાનને) નાગના શરીરથી વીંટાએલા અને ચેષ્ટા વિનાના જોઈને તેમના પ્રિય અને સખા ગોપાલો બહુ દુઃખી થયા. કૃષ્ણને જેમણે દેહ, મિત્ર, ધન, સ્ત્રી અને કામ (ઈચ્છિત સર્વ પદાર્થો) અર્પણ કરેલા છે, તેવા તેઓ દુઃખ અને પછી શોક તથા ભયથી મૂઢબુદ્ધિવાળા (બેભાન) થઈ પડ્યા. ૧૦.

ગોપાલોએ નાગના શરીરથી ભગવાનને વીંટાએલા જોયા, એટલે ભગવાન્ શેષનાગ ઉપર પોઢવાનો અભિનય કરતા હોય તેવા જોયા; અને તેથી જ તેમણે ભગવાનને ચેષ્ટા વિનાના જોયા; એટલે પ્રલય થશે (કારણ કે ભગવાન્ પ્રલય વખતે શાંત ચેષ્ટારહિત શેષનાગ પર શયન કરે છે) એવી શંકા થવાથી, તેઓ બહુ દુઃખી[1] થયા; તેઓ ભગવાનના પ્રિય હતા અને ભગવાનના સખાઓ હતા, તેથી ભગવાનને ચેષ્ટારહિત જોઈ તેઓ બહુ દુઃખી થયા; કારણ કે તેઓએ ભગવાનને આત્મનિવેદન કરેલું હતું. આત્મનિવેદન જેમણે કરેલું હોય તે

૨. શ્રીવત્સ અક્ષરબ્રહ્મરૂપ છે, તેથી તે પ્રમેય (જેનું જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય છે તે) છે, તેથી શ્રીવત્સ ધારણ કરનારનો અપરાધ કરવો તે પ્રમેયથી વિરુદ્ધ થયું. (લે)

૩. સર્પે વિચારવું જોઈતું હતું કે આવા વિષવાળા જલમાં પણ નિર્ભય થઈને આ રમણ કરે છે તેનું કાંઈક કારણ હોવું જોઈએ, તેથી આવા વિષવાળા જલમાં જે નિર્ભય થઈ રમણ કરે છે તેના ઉપર આક્રમણ કરવા પહેલાં તેણે નીતિશાસ્ત્ર પ્રમાણે વિચાર કરવો જોઈતો હતો. તેમ વિચાર નહિ કરતાં એકાએક ભગવાનનો તેણે અપરાધ કર્યો, તે તેનું કાર્ય નીતિશાસ્ત્રથી વિરુદ્ધ થયું. (લે)

૧. ભગવાન્ પ્રલય કરવાની તૈયારી કરે છે, અને પ્રલયમાં ભગવાન્ આત્મરમણ કરે છે, તેથી હવે અમારાથી ભગવાનની સેવા થઈ શકશે નહિ, એવા વિચારથી દુઃખી થયા એવો ભાવ છે. (લે)

ભગવાનથી છૂટા (દૂર) રહે તે યોગ્ય નથી. તેથી જ તેઓ વ્યાકુલ થયા. 'કૃષ્ણ ભગવાનને તેઓએ આત્મા એટલે દેહ, સુહૃદ એટલે મિત્રો, અર્થ એટલે ધન, કલત્ર એટલે સ્ત્રી, કામ એટલે પુત્ર વિગેરે, ઈચ્છેલા પદાર્થો સર્વે અર્પણ કરેલા હતા'. એટલે તેમણે આત્મનિવેદન કર્યું હતું; તેથી જ તેમને દુઃખ થયું[2]. કારણ કે તેમનો આત્મા પણ ત્યાં ભગવાનમાં જ હતો. દુઃખ પછી શોક થયો કારણ કે મિત્રોને પણ ભગવાનને નિવેદન કરેલા હતા. દુઃખ અને શોક બંનેથી મૂઢ અને ભયથી[3] મૂઢ થયા. એ પ્રમાણે તમઃ, રજઃ, અને સત્ત્વ એ ત્રણે ગુણોનાં કાર્યો દુઃખ, શોક અને ભય, એ ત્રણેથી તેઓની બુદ્ધિ મૂઢ થઈ, એટલે ભગવાને પહેલાં અમૃત વરસાવતી દષ્ટિથી (ગયા અધ્યાયનો શ્લોક ૫૦) તેમને સજીવન કર્યા હતા, છતાં મૂર્છિત[4] થઈ (નીચે) પડ્યા. ૧૦.

ગોપાલો પેઠે ગાયો પણ દુઃખી થઈ એમ આ શ્લોકમાં કહે છેઃ

**ગાવો વૃષા વત્સતર્યઃ ક્રન્દમાનાઃ સુદુઃખિતાઃ ।।**
**કૃષ્ણે ન્યસ્તેક્ષણપ્રાણાઃ ક્રન્દન્ત્ય[1] ઈવ તસ્થિરે ।।૧૧।।**

ગાયો, આખલાઓ, વાછરડીઓ રડતાં બહુ દુઃખી થયાં, પોતાની આંખો અને પ્રાણો શ્રીકૃષ્ણમાં રાખી રડતાં હોય તેમ ઉભાં રહ્યાં. ૧૧.

ગાયો, આખલાઓ અને વાછરડાંઓ, એટલે સ્ત્રી (ગાયો) પુરુષો (આખલાઓ) અને છોકરાંઓ (વાછરડાંઓ) બધાં રડતાં હતાં અને બહુ દુઃખી થયાં. તેઓના ચિત્તમાં સાત્ત્વિકપણું નહિ હોવાથી તેઓ ગોપાલો પેઠે મૂર્ચ્છિત થયાં નહિ, પણ શ્રીકૃષ્ણમાં જ જેઓની આંખો અને પ્રાણો રહેલા છે તેવા થયાં. તે આ સર્પ (શા માટે ભગવાનને વીંટાએલ છે અને શું કરશે) એવો કાંઈ ભેદ જાણતાં ન હતાં અને શ્રીકૃષ્ણને જોતાં હતાં, પણ પોતાથી જ્યાં જઈ શકાય તેમ નથી તેવે સ્થલે તે રહેલા છે એમ જોઈ દુઃખી થતાં હતાં. 'ક્રન્દન્ત્ય' 'રડતાં' એ સ્ત્રીલિંગનું વિશેષણ એ બધાને માટે યોજેલું છે, કારણ કે તે બધાં ગ્રામ્ય(ગામમાં વસનાર) પશુઓ છે, અને ગ્રામ્ય પશુઓના સંઘ માટે સ્ત્રીલિંગ વપરાય એવો 'ગ્રામ્ય પશુઓના સંઘ અને અતરુણ(નાનાંઓ)માટે સ્ત્રીલિંગ' વ્યાકરણનો

---

૨. સર્પે ભગવાનને દંશ કર્યો. એ દંશોથી થતું દુઃખ ભગવાનને અસર કરી શક્યું નહિ, તેથી ભગવાનમાં જેમના આત્મા હતા તેવા ગોપોને તેનું દુઃખ થયું. (લે)

૩. દુઃખ તમોગુણનું કાર્ય છે, શોક રજોગુણનું કાર્ય છે, તે બંનેથી મોહ થાય છે. ભય સત્ત્વગુણનું કાર્ય છે. તે પોતે મોહ કરતો નથી પણ બીજા બે (દુઃખ અને શોક)થી મોહ થાય તેમાં તેનો માત્ર સહકાર હોય છે; તેથી ભયને એ બેથી જૂદો કહેલો છે. (લે)

૪. 'નિપેતુઃ'માં 'નિ' ઉપસર્ગ છે તેથી 'મૂર્ચ્છા ખાઈ' પડ્યા, એવો અર્થ થાય છે. (લે).

૧. 'રુદન્ત્ય ઈત્યપિ પાઠઃ ।

નિયમ છે. અથવા જેમ વિવેકવાળી સ્ત્રીઓ રડે તેમ તેઓ રડતાં રડતાં ત્યાં ઉભાં રહ્યાં, (તેથી સ્ત્રીલિંગ યોજેલું છે). ૧૧.'

સર્વે દેવો, લોકો, મહાભૂતો અને કાલ વિગેરેએ પણ 'ભગવાન્ શેષશાયી થઈ પ્રલય કરશે' એમ જાણી, પ્રલયમાં જેટલો ઉત્પાતો થાય તે બધાએ ઉત્પાતો કર્યા. તેથી ગોકુલવાસીઓ તે ઉત્પાતો જોઈને ભય પામ્યા એમ કહેવા, અને અહિં વ્રજની જ વાત ચાલતી હોવાથી, અને તેમાં ત્યાં થતા ઉત્પાતો જ ઉપયોગી હોવાથી, વ્રજમાં તે સમયે જે ઉત્પાતો થયા તેનું જ વર્ણન આ શ્લોકમાં કરેલું છેઃ

**અથ વ્રજે મહોત્પાતાસ્ત્રિવિધા હ્યતિદારુણાઃ ।।**
**ઉત્પેતુર્ભુવિ દિવ્યાત્મન્યાસન્નભયશંસિનઃ ।।૧૨।।**

પછી ત્રણ પ્રકારના બહુ જ દારુણ નજીક ભય દર્શાવનાર મોટા ઉત્પાતો વ્રજમાં ભૂતલ પર, આકાશમાં અને અંતરિક્ષમાં થયા. ૧૨.

જે કાલે તે ઉત્પાતો થયા તે કાલ બીજા બધા કાલ કરતાં જૂદા પ્રકારનો હતો, એમ દર્શાવવા 'અથ' 'પછી' શબ્દ યોજેલો છે. મોટા ઉત્પાતો એટલે પ્રલયકાલના ઉત્પાતો થયા. આકાશમાં, ભૂતલ ઉપર અને અંતરિક્ષમાં[1] (હવામાં) એમ ત્રણ પ્રકારના ઉત્પાતો થયા. 'હિ' શબ્દ જણાવે છે કે આમ ઉત્પાતો થાય તે યોગ્ય જ છે, કારણ કે પ્રલય સમયે તે ઉત્પાતો કરવા જ જોઈએ. જો પ્રલય સમયે દેવો વિગેરે અધિકારીઓ ઉત્પાતો ન કરે તો તેઓ દંડ(સજા)ને પાત્ર થાય. તે ઉત્પાતો 'નજીક ભય દર્શાવનાર' એટલે હમણાં તરત જ પ્રલય થશે, એમ પ્રલય સૂચવનારા પણ હતા. તે 'બહુ જ દારુણ' હતા એટલે સ્વરૂપથી પણ બહુ ભયાનક હતા એમ કહેલું છે, આવા ઉત્પાતો આકાશમાં ઉત્પન્ન થયા, ભૂતલ પર ઉત્પન્ન થયા, અને આત્મામાં એટલે સર્વના શરીરોમાં (અંતરિક્ષમાં)પણ થયા. એક જ સમયે સર્વ સ્થલે ઉત્પાતો થયા, તેથી તેમનું પરિણામ તરત જ અનિષ્ટ થશે એમ જણાવેલું છે. ૧૨.

**તાનાલક્ષ્ય ભયોદ્વિગ્ના ગોપા નન્દપુરોગમાઃ ।।**
**વિના રામેણ ગાઃ કૃષ્ણં જ્ઞાત્વા ચારયિતું ગતમ્ ।।૧૩।।**
**તૈર્દુર્નિમિત્તૈર્નિધનં મત્વા પ્રાપ્તમતદ્વિદઃ ।।**
**તત્પ્રાણાસ્તન્મનસ્કાસ્તે દુઃખશોકભયાતુરાઃ ।।૧૪।।**
**આબાલવૃદ્ધવનિતાઃ સર્વેઙ્ગ પશુવૃત્તયઃ ।।**
**નિર્જગ્મુર્ગોકુલાદ્દીનાઃ કૃષ્ણદર્શનલાલસાઃ ।।૧૫।।**

હે વહાલા ! તેઓને જોઈને નંદ જેઓમાં મુખ્ય છે તેવા ગોપો ભયથી ઉદ્વેગવાળા થઈ, બલભદ્ર વિના શ્રીકૃષ્ણ ગાયો ચારવા ગએલા છે એમ જાણી

૧. આ જ અનુક્રમે આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક ઉત્પાતો થયા. (લે)

તેમનું (શ્રીકૃષ્ણનું) માહાત્મ્ય જાણતા નહિ હોવાથી તે ખરાબ નિમિત્તોથી વિપરીત થએલું માની તેમનામાં (શ્રીકૃષ્ણમાં) પ્રાણવાળા, તેમનામાં મનવાળા, દુઃખ, શોક અને ભયથી પીડાએલા, બાલથી વૃદ્ધ સુધીના અને સ્ત્રીઓ, પશુના જેવી વૃત્તિવાળા, દીન, શ્રીકૃષ્ણના દર્શનની ઈચ્છાવાળા, તેઓ સર્વે ગોકુલમાંથી બહાર નીકળ્યા. ૧૩-૧૪-૧૫.

તે વ્રજના વાસીઓએ તે ઉત્પાતો જોયા, તેથી ઉત્પાતો થાય છે એમ જાણી તેઓ ભયથી ઉદ્વેગવાળા થયા, કારણ કે તે બધા ગોપ[1] હતા. તેઓમાં મુખ્ય કર્મસિદ્ધાંતને માનનાર નંદ હતા. (તેથી કર્મ પ્રમાણે જ ફલ મળે છે, એમ માનનાર હોવાથી ઉત્પાતો જોઈ ભયથી દુઃખી થયા).

અથવા ભગવાને જેમનો નિરોધ કરેલો તેવા ગોપો હોવાથી તે વિવેક(સારું નઠારું પારખવાની શક્તિ)વાળા હતા. તેથી જ્યાં સુધી શ્રીકૃષ્ણ અમારામાં છે ત્યાં સુધી અમારો પ્રલય થવાનો નથી એવો નિશ્ચય કરી, પોતાની પ્રાકૃત બુદ્ધિથી તેઓએ એવી કલ્પના કરી કે 'ભગવાન્ શ્રીકૃષ્ણ બલભદ્ર વિના ગાયો ચારવા ગયા છે અને આ ઉત્પાતો થાય છે, તેથી તેમને વિપરીત થયું હશે[2]'. કારણ કે લોકની માન્યતા પ્રમાણે શ્રીકૃષ્ણ અને બલભદ્રમાં બલભદ્ર વધારે બલવાળા હતા. ધેનુકને પણ બલભદ્રે જ હણ્યો હતો. તેથી બલભદ્ર વિના ભગવાન્ (એકલા) જ ગાયો ચારવા ગયા છે, તેવા વખતે આ બધા ઉત્પાતો થાય છે. ખરાબ નિમિત્તો ઘણું જ અનિષ્ટ સૂચવે છે, તેથી ભગવાનનું વિપરીત થયું હશે એમ જાણી, તેઓ ગોકુલમાંથી બહાર નીકળ્યા. 'બહાર નીકળ્યા' એમ આગળ કહેલું છે, તેની સાથે આનો સંબંધ છે. તેઓને આવું 'વિપરીત'નું જ્ઞાન થયું તેનું કારણ એ છે કે તેઓ 'તેમનું માહાત્મ્ય જાણતા ન હતા'. તે ભગવાનનું માહાત્મ્ય તેઓ જાણતા ન હતા, તેથી આવું વિપરીતનું તેઓને જ્ઞાન થાય એ યોગ્ય જ છે, કારણ કે તેઓ લૌકિક હતા. લૌકિક પુરુષોમાં એવું બને છે કે પોતાને જે પ્રિય હોય તે પ્રિયને અનિષ્ટ થયું હશે એવા વિચાર થાય છે, અને પોતાનો જે અપ્રિય (વિરોધી શત્રુ) હોય તે અપ્રિયને ઈષ્ટ (લાભ) થયું હશે એવા વિચારો આવે છે.

સ્નેહનો સ્વભાવ જ એવા પ્રકારનો છે કે જે આપણને પ્રિય હોય એટલે જેના ઉપર આપણો સ્નેહ હોય તેના જીવનની હયાતી વિષે સદા આપણને અનિષ્ટ જ વિચાર આવે છે, અને જે આપણને અપ્રિય હોય એટલે જે આપણો

૧. ગોપોનો આવો અર્થ કરવાથી તે બધા કર્મમાર્ગીય હતા, પણ ભક્તિમાર્ગીય ન હતા એમ જણાય, તેથી આ પછીના પેરામાં કહ્યા પ્રમાણે તેનો બીજો અર્થ કરેલો છે. (લે)

૨. જે ગોપો ભગવાનની સાથે ગાયો ચારવા ગયા હતા તેમનાથી આ ગોપોનું વિલક્ષણપણું આ વિચારથી જણાએલું છે. (લે)

વિરોધી હોય તેના જીવનની હયાતી વિષે સદા આપણને તેથી વિપરીત જ વિચારો આવે છે.

વળી આ ગોપોને પોતાના જ વિષે અનિષ્ટ વિચારો આવવા લાગ્યા એમ 'તેમનામાં પ્રાણવાળા' શબ્દથી કહે છે. તેમનામાં (શ્રીકૃષ્ણમાં જ) જેઓના પ્રાણો હતા અને તેમનામાં જ જેઓનું મન હતું, તેવા તેઓ હતા (તેથી શ્રીકૃષ્ણ વિષે અનિષ્ટ વિચારો આવવાથી તેઓને પોતાના વિષે પણ અનિષ્ટ ભાસ્યું). તેથી જ દુઃખ, શોક અને ભય એ ત્રણેથી તેઓ પીડાયા. 'બાલથી વૃદ્ધ સુધીના અને સ્ત્રીઓ' એ શબ્દોથી એમ કહે છે કે ગોકુલને શૂન્ય (વસ્તી વિનાનું) કરી, તેઓ બધાય ત્યાંથી નીકળી ગયા. 'હે વહાલા' (અંગ) એ સંબોધન સ્નેહ સૂચવવા બધે વપરાએલું છે. વળી તેઓ પશુના જેવી વૃત્તિવાળા હતા એટલે પોતાના દેહ અથવા વસ્ત્રોનું તેમને ભાન ન હતું. તે બધા ગોકુલમાંથી જ બહાર નીકળ્યા. 'શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઈચ્છાવાળા' શબ્દથી તેઓની કામના (ઈચ્છા) કહેલી છે. તેઓ શ્રીકૃષ્ણનાં દર્શન માટે બહુ વ્યાકુલ થયા, અને ગોકુલમાંથી (તે માટે) બહાર નીકળ્યા. ૧૩-૧૪-૧૫.

તેઓ ભ્રમ વિના (સીધા) ભગવાન પાસે પહોંચ્યા તેનું કારણ આ શ્લોકમાં કહે છેઃ

**તેઽન્વેષમાણા દયિતં કૃષ્ણં સૂચિતયા પદૈઃ ।।**
**ભગવલ્લક્ષણૈર્જગ્મુઃ પદવ્યા યમુનાતટમ્ ।।૧૬।।**

ભગવાનના લક્ષણવાળા પગલાંએ સૂચવેલી કેડીથી વહાલા શ્રીકૃષ્ણને શોધતા તેઓ યમુનાના તટે ગયા. ૧૬.

પતિ(વહાલા)ને જ શોધવા જોઈએ, અને તેમાં પણ આ તો સદાનંદ વહાલા તેથી તેમને શોધવા જ જોઈએ. ભગવાન્ જે રસ્તે પધારેલા તે જ રસ્તે તેઓ ગયા એમ 'કેડીથી યમુનાના તટે' શબ્દોથી કહેલું છે. કેડી એટલે સાંકડો પગ રસ્તો (પગથી), તે કેડેથી તેઓ યમુનાના તટે જ ગયા. બીજા કોઈ રસ્તે ન જતાં, ભગવાન્ પધારેલા તે જ રસ્તો જાણી સીધા તે રસ્તે ગયા, તેનું કારણ 'ભગવાનના લક્ષણવાળાં પગલાંઓએ સૂચવેલી' શબ્દોથી કહેલું છે. ભગવાનના ચરણાવિંદ નીચે ધજા, વજ્ર, અંકુશ વિગેરે અસાધારણ ચિહ્નો છે. એ ચિહ્નોવાળા ભગવાનના ચરણારવિંદનો સંબંધ થતાં ભૂમિ આર્દ્ર (સ્નેહથી આદ્ર (ભીંજેલી)) થાય છે; તેથી આ ધજા વિગેરે સર્વ ચિહ્નો જેમાં સ્પષ્ટ દેખાય તેવાં ભગવાનનાં પગલાં ભૂમિ ઉપર ઉઠે છે (પડે છે). તે પગલાંએ સૂચવેલી કેડીથી તેઓ ગયા. ૧૬.

ત્યાં (યમુનાતટે) પણ ભગવાન્ એકલા ગએલા નથી પણ ગાયો અને ગોપાલોની સાથે જ ગએલા છે, એમ દર્શાવનાર ચિહ્નો આ શ્લોકમાં કહેલાં છેઃ

**તે તત્ર તત્રાબ્જયવાંકુશાશનિધ્વજોપપન્નાનિ પદાનિ વિશ્પતેઃ ।।**
**માર્ગે ગવામન્યપદાન્તરાન્તરે નિરીક્ષમાણા યયુરંગ સત્વરાઃ ।।૧૭।।**

હે વહાલા! ગાયોના અને બીજાઓના પગલાંઓ મધ્યે જેમાં છે તેવા માર્ગમાં, અહિં તહિં કમળ, યવ, અંકુશ, વજ્ર અને ધજાવાળાં વૈશ્યના અધિપતિનાં પગલાંઓ જોતા જોતા તેઓ ત્વરાથી ગયા. ૧૭.

માર્ગમાં અહિં તહિં 'વિશ્પતેઃ' એટલે વૈશ્યોના અધિપતિ ગોકુલરાજ ભગવાનનાં પગલાંઓ જોઈ, તે પગલાંના દર્શનથી જેઓના પ્રાણ પાછા આવેલા છે તેવા તે બધા ત્વરાથી ગયા. જો આ પગલાંના દર્શન થયાં ન હોત તો તેઓમાં ત્યાં જવાની શક્તિ પણ ન હોત.

ભગવાનનાં પગલાંમાં નીચેનાં ચિહ્નો છે-યવ એ કીર્તિ પ્રાપ્ત કરાવનાર (લાવનાર) છે. કમલના જેવી રેખા સુખથી સેવા કરી શકાય એમ દર્શાવનારી છે. ભક્તોના મનરૂપી હાથીને નિયમમાં રાખવા માટે અંકુશની રેખા છે. પાપના પર્વતોને છેદવા માટે વજ્ર છે. ભયરહિત વાસ આપવા માટે ધજા છે. આવી રીતે અનેક પ્રકારના ચિહ્નોવાળાં ભગવાનનાં પગલાંઓ છે. આવાં પગલાંઓ જોયાં, તે જાણે શુભ શુકન થયાં હોય એમ તેનાથી પોતે પણ[1] કૃતાર્થ થશે એમ જાણી, પ્રિયનાં દર્શન કરવા ત્વરાથી ગયા. માર્ગમાં ગાયોનાં અને બીજાનાં એટલે ગોપોનાં પગલાંઓની મધ્યે (તેવા ચિહ્નવાળાં ભગવાનનાં પગલાં તેમણે જોયાં), તેથી ભગવાન્ સર્વની સાથે રહેલા છે, એવો તેમને સંતોષ પણ થયો. (બીજાંઓનાં પગલાંઓની) અંતરા એટલે મધ્યે (તેમણે ભગવાનનાં પગલાંઓ જોયાં). ૧૭.

'તેઓ આ પ્રમાણે ભય પામી દુઃખી થતા હતા, છતાં તેમને તેમ નહિ કરવા સર્વ જાણનાર બલભદ્રે કેમ કાંઈ કહ્યું નહિ ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છેઃ

**તાંસ્તથા કાતરાન્ વીક્ષ્ય ભગવાન્ માધવો બલઃ ।।**
**પ્રહસ્ય કિંચિન્નોવાચ પ્રભાવજ્ઞોઽનુજસ્ય સઃ ।।૧૮।।**

તેઓને તે પ્રમાણે ભય પામેલા જોઈને માધવ[1] ભગવાન્ બલભદ્ર હસીને

---

૧. ભગવાનનાં પગલાંઓથી ભૂમિ કૃતાર્થ થઈ, તેમ તેનાં દર્શનથી અમે પણ કૃતાર્થ થઈશું એવો ભાવ હોવાથી 'પણ' શબ્દ યોજેલો છે. (લે)

(૧૮)૧. 'માધવ' અહિં બલભદ્ર માટે યોજેલ છે. તેનું કારણ બીજા ટીકાકારો કહે છે-કેટલાક કહે છે કે બલભદ્ર મધુના વંશમાં ઉત્પન્ન થએલા હોવાથી 'માધવ' છે. બીજાઓ હરિવંશમાં માધવ શબ્દની વ્યુત્પતિ આપેલી છે, તે પ્રમાણે મા એટલે વિદ્યાનો ધવ એટલે પતિ તે માધવ એમ કહે છે. અહિં બલભદ્ર ભગવાનના પ્રભાવને જાણનાર હોવાથી તેમને માધવ એટલે વિદ્યા અથવા જ્ઞાનના પતિ કહેલા છે, એવો તેઓનો ભાવાર્થ છે. આ શ્લોક અહિં ન જોઈએ;

કાંઈ પણ બોલ્યા નહિ, તે નાનાભાઈ (ભગવાન)નો પ્રભાવ જાણતા હતા. ૧૮.

તેવી રીતે તેઓને કાતર એટલે બહુ દીન જોઈને, બલભદ્રે હસીને ભગવાન્ આ બધાની પરીક્ષા કરે છે એમ જાણીને, 'તમે આમ કરો' અથવા 'આમ ન કરો' એ બેમાંથી કાંઈ પણ કહ્યું નહિ, કારણ કે તે પોતાના નાનાભાઈ (ભગવાનનો) પ્રભાવ જાણતા હતા.

આ શ્લોક કાં તો આથી પહેલાં જોઈએ, અથવા અહિં ખોટો કહેલો (ક્ષેપક) છે[૨]. ૧૮.

યમુનાના તટ પાસે ગયા ત્યારે તેમને ભગવાનનાં દર્શન થયાં, તે[૧] આ શ્લોકમાં કહે છેઃ

**અન્તર્હ્રદે ભુજગભોગપરીતમારાત્ કૃષ્ણં નિરીહમુપલભ્ય જલાશયાંતે ।।**
**ગોપાંશ્ચ મૂઢધિષણાન્ પરિતઃ પશૂંશ્ચ સંક્રન્દતઃ પરમકશ્મલમાપુરાર્તાઃ ।।૧૯।।**

ધરામાં શ્રીકૃષ્ણને સર્પના શરીરથી વીંટાએલા અને ચેષ્ટારહિત દૂરથી જોઈને, જલાશય પાસે મૂઢ બુદ્ધિવાળા ગોપોને અને આસપાસ રડતાં પશુઓને જોઈને તેઓ દુઃખી થઈ મૂર્ચ્છિત થયા. ૧૯.

ધરામાં ભુજંગના ભોગથી એટલે સર્પના શરીરથી પરીત એટલે વીંટાએલા ભગવાનનાં દૂરથી જ દર્શન થયાં. તે ભગવાન્ પોઢેલા હોવાથી ચેષ્ટારહિત હતા, તેથી સમુદ્રમાં જેમ શેષ ઉપર પોઢેલા ભગવાનનાં દર્શન થાય તેમ દૂરથી જ તેમને યમુનાજીના ધરામાં નાગ ઉપર પોઢેલા ભગવાનનાં દર્શન થયાં એમ કહેલું છે. વળી જલાશય પાસે એટલે યમુનાજીના કાંઠા પાસે ગોપોને તેમણે જોયા. ગોપોને શું થયું છે એવો કાંઈ પ્રશ્ન તેઓએ પૂછ્યો નહિ, તેનું કારણ દર્શાવવા ગોપો 'મૂઢ બુદ્ધિવાળા' હતા, એવું ગોપોનું વિશેષણ કહેલું છે. મૂઢ એટલે લય પામેલી છે બુદ્ધિ જેઓની, એવા તેઓ હતા (તેથી તેમને પૂછવાથી

---

બીજા ટીકાકારો આ શ્લોક ૧૬મો ગણે છે.

૨. બલભદ્ર પહેલાંથી જ ભગવાનનો પ્રભાવ જાણતા હતા તેથી ઉત્પાતો જોયા તે વખતે પણ ભય પામેલા નહિ, તેથી ત્યાં જ (૧૬ મો) આ શ્લોક કહેવો યોગ્ય હતો. ખરી રીતે આ શ્લોકમાં કાંઈ કાર્ય કહેલું નથી. માત્ર બલભદ્ર હસ્યા અને ચૂપ રહ્યા એટલું જ કહ્યું છે. તે કહેવું યોગ્ય નથી, તેથી આ શ્લોક વિગીત અથવા ક્ષેપક છે. આ શ્લોક ૧૬મો જોઈએ અથવા ક્ષેપક છે. (પ્ર)

તેથી જેમ ક્ષેપક ત્રણ અધ્યાયોની ટીકા ટૂંકમાં શ્રીમદાચાર્યચરણે કરેલી છે, તેવી જ રીતે આ શ્લોકની ટીકા પણ સંક્ષિપ્ત કરી છે, અને તેથી બલભદ્રને અહિં 'માધવ' કેમ કહ્યા તે તેમાં લખ્યું નથી.

૧. ભગવાનનાં આવી સ્થિતિમાં દર્શન થયાં તેથી તેઓને જે આર્તિ (દુઃખ) થઈ તે આ શ્લોકમાં કહે છે એમ જાણવું, કારણ કે આ શ્લોકનાં શ્રીસુબોધિનીના અંતે શ્લોકના અર્થ તરીકે તેમની આર્તિ (દુઃખ) જ જણાવેલી છે. (લે)

કાંઈ ઉત્તર આપી શકે તેવા ન હતા). (તેઓની) ચારે તરફ એટલે સર્વ બાજુએ છૂટાં છૂટાં પશુઓ (ગાયો વિગેરે) રડતાં હતાં, એ તેઓને 'કાંઈક અનિષ્ટ થયું છે' એમ સૂચવતાં હતાં. તેથી રસ્તે જેમ તેમ આવ્યા, પણ આવ્યા પછી ભગવાનને સર્પના શરીરથી વીંટાએલા, ગોપોને મૂઢબુદ્ધિવાળા અને પશુઓને રડતાં જોઈ તેઓ મૂર્ચ્છિત થયા, અને આર્ત એટલે વિકલ અથવા દુઃખી થયા. ૧૯.

આવી રીતે આર્તિ થયા પછી (૧) ગોપીઓની (૨) યશોદાસહિત સાધારણ સ્ત્રીઓની અને (૩) નંદ વિગેરે વૃદ્ધ ગોપોની અવસ્થા, આ શ્લોક ૨૦થી આરંભી અનુક્રમે ત્રણ શ્લોકમાં કહે છેઃ

**ગોપ્યોનુરક્તમનસો ભગવત્યનન્તે તત્સૌહૃદસ્મિતવિલોકગિરઃ સ્મરન્ત્યઃ ।।**
**ગ્રસ્તેઽહિના પ્રિયતમે ભૃશદુઃખતપ્તાઃ શૂન્યં પ્રિયવ્યતિહૃતં દદૃશુસ્ત્રિલોકમ્ ।।૨૦।।**

અનંત ભગવાનમાં પ્રેમવાળા મનવાળી, તેમની મૈત્રી, સ્મિત, વિલોક (પોતાના તરફની દૃષ્ટિ) અને વાણીનું સ્મરણ કરતી, સર્પથી પ્રિયતમ ગળાતાં બહુ દુઃખથી પીડાએલી ગોપીઓએ પ્રિયરહિત ત્રણ લોકને શૂન્ય(તદ્દન નકામા)જોયા. ૨૦.

ગોપીઓએ તો ભગવાનને તેવી સ્થિતિવાળા જોઈને તે ત્રણે લોકને પ્રિય વિનાના (નિરર્થક) જાણ્યા. જે પ્રિય હોય તેમનું જ રક્ષણ કરવું જોઈએ. (પ્રિય ભગવાન્ હોવાથી તેમને આવી સ્થિતિમાં જોતાં) તેમણે પ્રાણોની રક્ષા કરવાની, આ લોકની રક્ષા કરવાની તથા પરલોકની રક્ષા કરવાની (સુધારવાની) બધી પ્રવૃત્તિઓ બંધ કરી, અને ભગવાનની પેઠે જ લય પામી (ચેષ્ટારહિત થઈ), એવી તેઓની અવસ્થા થઈ. 'તેઓનું મન ભગવાનમાં પ્રેમવાળું' હતું, આ વર્ણનથી તેઓના પ્રાણ કેમ જતા ન રહ્યા તેનું કારણ કહે છે. (તેઓનું મન ભગવાનમાં પ્રેમવાળું હતું તેથી જ તેઓના પ્રાણ ગયા નહિ).

'આવા સમયે (ભગવાનને સર્પે ભરડો લીધો હોય ત્યારે) જેઓનું મન ભગવાનમાં (પ્રેમવાળું) હોય તેઓના પ્રાણો તો જવા જોઈએ, તેઓના પ્રાણનું રક્ષણ થઈ શકે નહિ' એવી શંકા થાય, તેથી 'ભગવાનમાં' શબ્દ યોજેલો છે. (ભગવાનમાં તેમને પ્રેમ છે અને) ભગવાન્ સર્વ કરવા સમર્થ છે; તેથી ભગવાને પોતાના છએ ગુણોથી તેઓના પ્રાણોનું રક્ષણ કર્યું એવો અર્થ છે.

'એમ હોય તો પણ ભગવાન્ તો સર્પથી ગ્રસેલા હતા અને જગતમાં રહેલ વિષય અનિષ્ટરૂપ છે, તેથી એવા સમયે પ્રાણીની રક્ષા ભક્તિથી વિરુદ્ધ છે' એવી શંકા થાય, તેથી 'અનંત' શબ્દ યોજેલો છે. જેમનો અંત નથી તેવા ભગવાન્ અનંત છે; અને વિષય અનિષ્ટરૂપ નથી, તેથી ભગવાને તેમનું રક્ષણ કરેલું હોવાથી તેઓ જીવતાં જ રહ્યાં પણ 'શું કરવું જોઈએ' તેવું કાંઈ ન જાણતાં મૂઢ જ રહ્યાં.

વળી તેઓને જીવતાં રહેવામાં બીજું પણ કારણ હતું, તે 'તેમની મૈત્રી, સ્મિત, વિલોક અને વાણીનું સ્મરણ કરતી' શબ્દોથી કહેલું છે. ભગવાનની મૈત્રીનું સ્મરણ કરવાથી તેમના દેહો ટકી રહ્યા, સ્મિતનું સ્મરણ કરવાથી ઈન્દ્રિયો, વિલોકનું સ્મરણ કરવાથી પ્રાણો અને વાણીનું સ્મરણ કરવાથી અંતઃકરણ ટકી રહ્યાં.

એ પ્રમાણે પ્રાણને ટકાવી રાખનાર સાધનો કહી, હવે પ્રાણનો નાશ કરનારાં કારણો કહે છે. તેમના પરમ પ્રેમના વિષયરૂપ (જેમને માટે તેઓને અતિશય પ્રેમ છે તે) ભગવાનને સર્પે વીંટી લીધા તેથી ઘણા દુઃખથી તેઓ પીડાયાં. તેથી પ્રિય વિનાના ત્રણે લોકને તેમણે શૂન્ય (નિરર્થક) જ જોયા. આવી રીતે તેઓ અડધાં જીવતાં અને અડધાં મરેલાં જેવાં (નહિ જીવતાં અને નહિ મરણ પામેલાં એવાં) રહ્યાં. ૨૦.

યશોદા સાથે સ્ત્રીઓ (આવી તેઓ)ની સ્થિતિ આ શ્લોકમાં કહે છેઃ

**તાઃ કૃષ્ણમાતરમપત્યમનુપ્રવિષ્ટાં તુલ્યવ્યથાઃ સમનુગૃહ્ય શુચઃ સ્ત્રવંત્યઃ ।।**
**તાસ્તા વ્રજપ્રિયકથાઃ કથયંત્ય આસન્ કૃષ્ણાનનેર્પિતદશો મૃતકપ્રતીકાઃ ।।૨૧।।**

પુત્રની પાછળ (જલમાં) પ્રવેશેલાં શ્રીકૃષ્ણની માતાને પકડી રાખી તેમના જેટલી જ વ્યથાવાળી, આંસુઓ પાડતી, વ્રજપ્રિયની તે તે કથાઓ કહેતી, શ્રીકૃષ્ણના મુખારવિંદ તરફ દષ્ટિવાળી તેઓ મરણ પામેલી જેવી હતી. ૨૧.

લોકન્યાય પ્રમાણે શ્રીકૃષ્ણની માતાને પકડી રાખીને તેઓ આંસુઓ પાડતી હતી. યશોદાજી તો પુત્ર શ્રીકૃષ્ણની પાછળ ત્યાં જ (જલમાં જ) ગયાં. બીજીઓ જીવતી રહી તેનું કારણ એ છે, કે તેઓ 'વ્રજપ્રિય ભગવાનની તે તે (જુદી જુદી) કથાઓ કહેતી હતી'. વળી તેમણે ભગવાનના મુખારવિંદ તરફ પોતાની દષ્ટિ રાખેલી હતી એટલે તેઓ ભગવાનના મુખારવિંદનાં દર્શન પણ કરતી હતી, (તેથી જ જીવતી રહેલી હતી). તેથી મરણ પામેલી જેવી હતી એટલે મરેલા જેવી પણ જીવતી જ હતી. પહેલાં (શ્લોક ૨૦માં) જેમની વાત કરી તે ગોપીઓનું ભગવાને રક્ષણ કરેલું,[૧] અને આ (શ્લોકમાં કહેલી) વ્રજની સ્ત્રીઓનું ભગવાનના ગુણોએ અને ભગવાનનાં દર્શને રક્ષણ કર્યું. ૨૧.

---

૧. માતા યશોદાજીએ ભગવાનની પાછળ જલમાં પ્રવેશ કર્યો, બીજા કોઈએ તેમ કર્યું નહિ, તેથી યશોદાજીનો જેવો નિરોધ થયો તેવો ગોપીઓનો પણ થયો નહિ એમ જણાય, તેથી આ કહેલું છે. ગોપીઓ પણ તેવી જ રીતે જલમાં પડત, પરંતુ ગોપીઓ એ પ્રમાણે જલમાં પડી તિરોહિત થાય તે ભગવાનથી સહન થઈ શકે જ નહિ; તેથી ભગવાને તેમનું રક્ષણ કર્યું, અને તેઓ જલમાં ન પડ્યાં. તેથી સર્વથી ઉત્તમ નિરોધ ગોપીઓનો જ થએલો છે, (પ્ર) કારણ કે તેમનું ભગવાને પોતે રક્ષણ કર્યું. યશોદા વિગેરેનું ભગવાનના ગુણો અને દર્શને રક્ષણ કર્યું, અને બીજા(નંદ વિગેરે)નું બલભદ્રે રક્ષણ કર્યું.

બીજા નંદ વિગેરેનું બલભદ્રે રક્ષણ કર્યું એમ આ શ્લોકમાં કહે છેઃ

**કૃષ્ણપ્રાણાન્નિર્વિશતો નન્દાદીન્ વીક્ષ્ય તં હ્રદમ્ ।।**
**પ્રત્યષેધત્ સ ભગવાન્ રામઃ કૃષ્ણાનુભાવવિત્ ।।૨૨।।**

શ્રીકૃષ્ણમાં જેમના પ્રાણો છે, તેવા નંદ વિગેરેને તે ધરામાં પ્રવેશ કરતા જોઈને, શ્રીકૃષ્ણનો પ્રભાવ જાણનાર ભગવાન્ રામે (તેમને) અટકાવ્યા. ૨૨.

શ્રીકૃષ્ણમાં જ જેમના પ્રાણો છે તેવા તેઓ હતા. જ્યાં પોતાના પ્રાણો હોય ત્યાં પોતે પણ જવું જોઈએ; તેથી તેઓ તે કાલિયના ધરામાં પ્રવેશ કરવા મંડ્યા. તે સમયે બલભદ્રે તેમને (તેમ કરતાં) અટકાવ્યા.

'બલભદ્રે ધરામાં પડવાની ના પાડી, પણ તેઓ કેમ અટક્યા ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તે બલભદ્ર ભગવાન્ હતા. તે બલભદ્ર ભગવાન્ હતા, અથવા ભગવાન સહિત (ભગવાનના આવેશવાળા) હતા.

'બલભ્રદ્રે પણ તેમને અટકાવ્યા શા માટે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તે 'શ્રીકૃષ્ણનો પ્રભાવ જાણનાર' હતા; ભગવાન્ કાલિયનું દમન કરશે, એવો ભગવાનનો પ્રભાવ તે જાણતા હતા. ૨૨.

'ભગવાને એ પ્રમાણે સર્વ ગોકુલના વાસીઓને વ્યગ્ર બનાવ્યા; તેવું કરવું એ સર્વસમર્થ ભગવાન માટે યોગ્ય ન હતું' એવી શંકા થાય, તેથી તેનું સમાધાન કરવા ભગવાને એવી રીતે (ગોકુલવાસીઓની) પરીક્ષા કરી તે આ શ્લોકમાં કહે છેઃ

**ઈત્થં સ્વગોકુલમનન્યપતિં નિરીક્ષ્ય સસ્ત્રીકુમારમતિદુઃખિતમાત્મહેતોઃ ।।**
**આજ્ઞાય મર્ત્યપદવીમનુવર્તમાનઃ સ્થિત્વા મુહૂર્તમુદતિષ્ઠદુરંગબંધાત્ ।।૨૩।।**

આવી રીતે પોતાના ગોકુલને અન્યપતિ વિનાનું, અને પોતાના કારણથી સ્ત્રીકુમાર સહિત બહુ દુઃખી જોઈને, મનુષ્યની સ્થિતિને અનુસરતા ભગવાન્ મુહૂર્ત રહી, સર્પના બંધનમાંથી નીકળ્યા. ૨૩.

પરીક્ષા કરવાનું કારણ 'પોતાનું ગોકુલ' શબ્દથી કહેલું છે. ગોકુલ પોતાનું હોવાથી તેની પરીક્ષા કરવી જ જોઈએ. જો એ પ્રમાણે પરીક્ષા કરવામાં ન આવે અને કરેલા કાર્યનું (નિરોધનું) પરિણામ તેમનામાં જોવામાં ન આવે, તો અત્યાર સુધીમાં કરેલો અને ભવિષ્યમાં કરવાનો છે તે બધો નિરોધ વ્યર્થ થાય. પરીક્ષાનું જે પરિણામ આવ્યું તે 'અન્યપતિ વિનાનું[૧]' શબ્દથી કહેલું છે. જેનો બીજો પતિ નથી તેવું ગોકુલ જણાયું. ભગવાનને સર્પથી વીંટાએલા જોઈ ગોકુલવાસીઓ બધા જડ થઈ રહ્યા, તેથી ગોકુલવાસીઓનો ભગવાન વિના બીજો કોઈ પતિ ન હતો એમ જણાવેલું છે; વળી સ્ત્રીઓ અને કુમારોસહિત ગોકુલને ભગવાને પોતાના માટે

૧. અહિં 'અનન્યપતિ' શબ્દ ગોપીઓ માટે જ યોજેલો છે, કારણ કે બીજાઓનું આગળ 'સ્ત્રીકુમાર સહિત બહુ દુઃખી' એમ જૂદું નિરૂપણ કરેલું છે. (પ્ર)

બહુ દુઃખી થએલું જોયું. અહિં સ્ત્રીઓ કહેલી છે, તે સાધારણ સ્ત્રીઓ (યશોદા સાથે આવેલી) છે. કુમારો એટલે ઘણાં નાનાં બાલકો. તે બધાંને ભગવાને દુઃખી જોયાં અને વિચારીને નિશ્ચય કર્યો કે આ આવું જ છે (ગોકુલ અન્યપતિ વિનાનું છે, એટલે ગોકુલ અનન્યપતિ છે).

'ભગવાન્ પોતે સર્વજ્ઞ છે, તેમને પરીક્ષા કરવાનું શું કારણ ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ભગવાન્ 'મનુષ્યની સ્થિતિને અનુસરતા' હતા. જેમ પોતામાં માનુષ્યભાવ રાખીને ગોકુલવાસીઓનો નિરોધ કરતા હતા, તેવી જ રીતે પોતાનો માનુષ્યભાવ રાખીને જ તેઓની પરીક્ષા પણ કરી. તેથી એક મુહૂર્ત સુધી એ પ્રમાણે સર્પથી વીંટાએલા રહી, પછી સર્પના બંધનમાંથી બહાર નીકળ્યા. જેમ શેષ ઉપર શયન કરી નિદ્રા પૂરી થયે પાછી સૃષ્ટિ રચે છે તેમ એક મુહૂર્ત સુધી તેના બંધનમાં રહી, પછી બંધનમાંથી નીકળ્યા એવો અર્થ છે. ૨૩.

ભગવાન્ સર્પના બંધનમાંથી બહાર નીકળતાં જે થયું તે કહે છેઃ

**તત્પ્રથ્યમાનવપુષા વ્યથિતાત્મભોગસ્ત્યક્ત્વોન્નમય્ય કુપિતઃ સ્વફણાન્ ભુજંગઃ ।।**
**તસ્થૌ શ્વસન્ શ્વસનરન્ધ્રવિષામ્બરીષ-**
**સ્તબ્ધેક્ષણોલ્મુકમુખો હરિમીક્ષમાણઃ।।૨૪।।**

તેમણે વધારેલા શરીરથી જેના શરીરમાં પીડા થએલી છે તેવો સર્પ (ભગવાનને) છોડી દઈ, કોપ કરી, પોતાની ફેણો ઉંચી કરી, નસ્કોરાના છિદ્રોમાંથી વિષવાળો વાયુ છોડતો, પેણાના જેવાં (લાલચોળ) સ્તબ્ધ નેત્રોવાળો અને જ્વાલાવાળાં મુખવાળો, હરિને નિહાળતો અને શ્વાસ મૂકતો ઉભો રહ્યો. ૨૪.

ભારત વિગેરે ગ્રંથોમાં અહિં બલભદ્ર ભગવાનની સ્તુતિ, પ્રબોધ વિગેરે કરે છે એમ લખેલું છે, તે બીજા કલ્પની વાત છે. ત્યાં અંશાવતાર હતો, અને માનુષ્યભાવ થએલો એમ કેટલાક કહે છે. ભગવાને લીલાથી જ એમ કરેલું, એમ બીજાઓ કહે છે. વસ્તુતઃ જેની પાસે જ્યાં જે પ્રમાણે (કાર્ય) ભગવાન્ કરાવે છે તે ત્યાં તેવી રીતે કરે છે એવી વ્યવસ્થા છે.

પ્રથમ (જ્યારે સર્પે ભરડો લીધો હતો ત્યારે) ભગવાન્ સૂક્ષ્મ રહ્યા હતા. પછી ભગવાન્ પુષ્ટ થયા એટલે બધા બંધો પોતાની મેળે જ તૂટેલા હોય તેવા થતા ગયા; એમ 'તેમણે વધારેલા શરીરથી જેના શરીરમાં પીડા થએલી છે' એ શબ્દોથી કહેલું છે. તે ભગવાને શરીર વધારવા માંડ્યું તે કારણથી પીડા થએલી છે જેના શરીરમાં તેવા સર્પે તરત જ ભગવાનને છોડી દીધા; ભરડો કાઢી નાખ્યો, પછી પોતાની ફેણો ઉંચી કરી, કોપ કરી તે સર્પ યુદ્ધ માટે તૈયાર થઈ ઉભો. તેણે કોપ કર્યો કારણ કે ક્રોધ કરવાથી બલ અધિક થાય છે. યુદ્ધ માટે ઉભો ત્યારે પણ શ્વાસથી વિષવાળો વાયુ છોડતો ઉભો. વળી તે સમયે તે 'નસ્કોરાના છિદ્રોમાં

વિષવાળો, પેણાના જેવાં લાલચોળ સ્તબ્ધ નેત્રોવાળો, અને જ્વાલાવાળાં મુખવાળો હતો'. સર્પને ઉપર માથામાં પાંચ છિદ્રો હોય છે, બે નસ્કોરાં, બે આંખો (અથવા કાનો, કારણ કે તેને આંખ એ જ કાન છે, જૂઓ પાછળ શ્લોક ૮) અને મુખ. ઉપરના વર્ણનથી એ પાંચે છિદ્રોનાં ત્રણે સ્થાનોમાં એ ઘોર (ભયંકર) હતો એમ કહેલું છે. તેમાં પહેલાં તેના નસ્કોરાનાં છિદ્રોમાં વિષ હતું. અગ્નિથી તપેલા પેણા (તાવડા) જેવી (લાલચોળ) તેની આંખો હતી, અને જ્વાલાવાળું તેનું મુખ હતું. તેનાં છિદ્રો એવાં (વિષને લીધે અગ્નિથી તપેલા જેવાં) હોવા છતાં, તે હરિને જોતો ઉભો રહેલો, તેથી ભગવાનની સંનિધિને લીધે તે પોતે પણ બળ્યો નહિ, (નહિ તો તે પોતે જ બળી જાત), પણ ભગવાનની સન્મુખ ઉભો રહ્યો. ૨૪.

તે સમયે ભગવાને જે કર્યું તે હવે આ શ્લોકમાં કહે છેઃ

**તં જિહ્વયા દ્વિશિખયા પરિલેલિહાનં દ્વે સૃક્કિણી હ્યતિકરાલવિષાગ્નિદૃષ્ટિમ્ ।।**
**ક્રીડન્નમું પરિસસાર યથા ખગેન્દ્રો બભ્રામ સોઽપ્યવસરં પ્રસમીક્ષમાણઃ ।।૨૫।।**

બે શિખાવાળી જીભથી મોઢાના બંને ખુણાઓ વારંવાર ચાટતા, આતિકરાલ વિષરૂપી અગ્નિ જેની આંખમાં છે તેવા, તે સર્પની આસપાસ ગરુડની પેઠે રમણ કરતા ભગવાન્ ફર્યા; તે પણ અવસરની રાહ જોતો ભમ્યો (ફર્યો). ૨૫.

બે શિખાઓવાળી જીભથી એક સાથે જ મોઢાના બંને ખુણાઓ (છેડાઓ) વારંવાર ચાટતો તે પ્રસિદ્ધ કાલિય નાગ, જેની દૃષ્ટિમાં અતિકરાલ વિષ એ જ અગ્નિ ભરેલો હતો તેવા સર્વ રીતે ક્રોધથી ભાન ભૂલેલા સર્પની આસપાસ રમતીઆળ ભગવાન્ રમતાં રમતાં જ તેની આસપાસ ફર્યા. ભગવાન્ એ રીતે નિર્ભય રહીને તેની આસપાસ ફર્યા, તેના કારણ તરીકે દૃષ્ટાંત કહે છે કે 'ગરુડની પેઠે' ફર્યા; કારણ કે (સર્પ ગરુડનું ભક્ષ્ય છે અને) પોતાના ભક્ષ્યથી કોઈને કાંઈ ભય હોતો જ નથી. દુષ્ટો તો ભગવાને દાહ કરવા યોગ્ય જ છે, (તેથી કાલિય દુષ્ટ હોવાથી જેમ અગ્નિ કાષ્ઠનો દાહ કરે છે તેમ ભગવાને તેનો દાહ કરવા યોગ્ય છે) અગ્નિને કાષ્ઠથી કાંઈ પણ ભય હોતો જ નથી. (તેથી ભગવાનને સર્પનો જરા પણ ભય ન હતો); તેથી તે (સર્પ) જ[૧] ભગવાનથી ભય પામ્યો. તેથી યુદ્ધ માટે લાગ શોધતો અવસરની રાહ જોતો ફર્યો; એટલે ઘણી રીતે પ્રદક્ષિણા કરી. ૨૫.

તે સમયે ભગવાને તેનો નિગ્રહ કરી તેના ઉપર નૃત્ય કર્યું એમ કહે છેઃ

---

૧. ભગવાન્ સર્પની આસપાસ ફર્યા. એ આ શ્લોકનો અર્થ છે. ભગવાનને સર્પનો ભય ન હતો, એમ દર્શાવવા ગરુડનું દૃષ્ટાંત કહેલું છે, તે જ હકીકત (ભગવાનને સર્પનો ભય ન હતો તે) દૃઢ કરવા માટે જ સર્પનું ભ્રમણ પણ કહેલ છે. મૂલ શ્લોકમાં 'અપિ' શબ્દ છે, તે સર્પનું ભ્રમણ ગૌણ છે એમ દર્શાવવા યોજેલ છે. સુબોધિનીમાં શ્રીમદાચાર્યચરણ તે (સર્પ) જ ભય પામ્યો એમ કહે છે, તે પણ એમ જ સૂચવવા કહેલ છે. (લે)

**એવં પરિભ્રમહતૌજસમુન્નતાંસમાનમ્ય તત્પૃથુશિરઃસ્વધિરુઢ આદ્યઃ ।।**
**તન્મૂર્ધરત્નનિકરસ્પર્શાતિતામ્રપાદામ્બુજોખિલકલાદિગરુર્નનર્ત ।।૨૬।।**

એવી રીતે પરિભ્રમણથી જેનું બલ નાશ થયું છે, અને જેના અંસો (ખભાઓ, ફેણની બાજુઓ) ઉંચા છે તેવા (સર્પને) નમાવી, તેનાં પહોળાં માથાં પર આદ્ય(ભગવાન્) ચઢ્યા (અને) તેનાં માથાં પરનાં રત્નોના સમૂહના સ્પર્શથી બહુ જ લાલ ચરણારવિંદવાળા સર્વ કલાઓના આદિ ગુરુએ નૃત્ય કર્યું. ૨૬.

'દુષ્ટે નૃત્ય કેમ કરાવ્યું(કરવા દીધું)?' એવી શંકા થાય, તેથી 'પરિ-ભ્રમણથી જેનું બલ નાશ થયું છે' તેવો તે હતો એમ કહેલું છે. સર્પ પરિભ્રમણ કરે (ચક્કર ચક્કર ફરે) ત્યારે તેને પીડા થાય છે, તેથી તેણે બહુ રીતે પરિભ્રમણ કર્યું એટલે બલરહિત હોય તેવો થઈ ગયો. 'જેના અંસો ઉંચા છે' તેવો રહ્યો. તેને નમાવી એટલે તેના જે ખભાઓ ઉંચા રહેલા તેમને નીચા કરી, બે ઉપર પોતાના બે ચરણો રાખી, બીજા બેને બે શ્રીહસ્તથી પકડી નીચા નમાવી, તેનાં પહોળાં માથાંઓ ઉપર ભગવાન્ ચઢ્યા.

'આ સર્પ તો અમંગલ છે, તેના ઉપર ભગવાન્ કેમ ચઢ્યા ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ભગવાન્ 'આદ્ય' છે. તે સર્વના કર્તા છે; સર્વના આદ્ય (મૂલ) છે, તેથી તે સર્પના પણ પિતા થાય; તેથી તેના ઉપર ચઢ્યા. અથવા ભગવાન્ શેષ ઉપર શયન કરનાર છે એટલે તે તો સદા સર્પ ઉપર જ ચઢીને રહે છે, તેથી સર્પ ઉપર ચઢવાનો તેમને અભ્યાસ હોવાથી તેના ઉપર ચઢી ગયા. તેના માથામાં જે રત્નો હતાં તેમના સમૂહના સ્પર્શથી બહુ જ લાલ થયું છે ચરણકમલ જેમનું તેવા ભગવાન્ થયા; એટલે (રત્નોના સમૂહથી) જેમના ચરણકમલને (સર્પે) પૂજેલું છે તેવા થયા. તેથી સર્પથી સંતોષ પામી તેનાં પહોળાં માથાંઓ ઉપર તેમણે નૃત્ય કર્યું.

'સર્પના વિષમ (એકસરખા રહેલાં નહિ તેવાં, ઊંચાંનીચાં) માથાંઓ ઉપર ભગવાને કેવી રીતે નૃત્ય કર્યું ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તે 'સર્વ કલાઓના આદિ ગુરુ' છે. સર્વ કલાઓના પહેલા ગુરુ ભગવાન્ છે. જેટલી કલા અને જેટલું કૌશલ્ય લોકમાં છે તે બધાં ભગવાને જ કરેલાં છે, અને ભગવાને જ તે બધાંનો બીજાને ઉપદેશ કરેલો છે. લોકો (ઉંચે) દોરડા ઉપર પાદુકાસહિત નાચતા દેખાય છે, તો પછી સર્પના સ્થૂલ ઘણાં માથાં ઉપર ભગવાન્ (સર્વ કલાઓના ગુરુ) નૃત્ય કરે, તેમાં શું આશ્ચર્ય ? ૨૬.

'ગીત અને વાજીંત્રો નૃત્યનાં અંગ છે, તે ન હોય તો નૃત્ય સારું ન થાય' એવી શંકા થાય, તેથી આ શ્લોક કહે છેઃ

**તં નર્તુમુદ્યતમવેક્ષ્ય તદા તદીયગંધર્વસિદ્ધમુનિચારણદેવવધ્વઃ ।।**
**પ્રીત્યા મૃદંગપણવાનકવાદ્યગીતપુષ્પોપહારનુતિભિઃ સહસોપસેદુઃ ।।૨૭।।**

તેમને નૃત્ય કરવાને તૈયાર થએલા જોઈને તે સમયે ગંધર્વ, સિદ્ધ, મુનિ, ચારણ અને દેવવધૂઓ પ્રીતિથી મૃદંગ, પણવ, આનક, વાજીંત્રો, ગીતો પુષ્પોની ભેટો અને સ્તુતિઓથી તેમની સેવા કરવા એકાએક હાજર થયા. ૨૭.

સર્વ સ્થલે દેવો ભગવાનનાં દર્શન કરતા જ ઉભા હોય છે. અહિં પણ (તેઓ દર્શન કરતા હતા, અને) લૌકિક પુરુષો (કાલિયના ધરામાં જઈ) ભગવાનની સેવા કરી શકે તેવું તેમનામાં સામર્થ્ય નથી એમ જાણી, તેઓએ પોતે જ ભગવાનની સેવા કરી, એમ આ શ્લોકમાં કહે છે. ભગવાન્ નૃત્ય કરવાને તૈયાર થએલા છે એમ જોઈને, તે સમયે તેમના (ભગવાનના સેવકો) જે ગંધર્વો વિગેરે હતા તેઓ પ્રીતિથી પોતાની સેવાની જરૂર છે, એમ જોઈને મૃદંગ, પણવ, આનક (વિગેરે) વાજીંત્રો, ગીતો, પુષ્પોની ભેટો એટલે પુષ્પવૃષ્ટિઓ અને સ્તોત્રો સહિત એકાએક તરત જ સેવા કરવા હાજર થયા. નૃત્યમાં આરંભમાં નાંદી (દેવની સ્તુતિ) થાય છે, તેમાં દેવતાની સ્તુતિ અને પુષ્પોની વૃષ્ટિ કરવી જોઈએ અને પછી વાજીંત્રો વાગે અને સંગીત ગવાય. તેથી અહિં પણ પ્રથમ વાજીંત્રો અને ગીતથી આરંભ કરી, નાંદી પ્રકટ કરવા માટે પુષ્પોની વૃષ્ટિ પણ કરી, અને દેવોના પણ અધિદેવ ભગવાનની સ્તુતિ કરી. અહિં ક્રમની અપેક્ષા (જરુર) નથી, એ જણાવવા 'એકાએક' તરત જ સેવા માટે હાજર થયા એમ જણાવેલું છે.

ગંધર્વો ગાયન કરનારાઓ, સિદ્ધો પુષ્પોની વૃષ્ટિ કરનારા, મુનિઓ સ્તોત્રો કરનારા, ચારણો વાજીંત્રો વગાડનારા, અને દેવવધૂઓ એટલે અપ્સરાઓ સાથે નૃત્ય કરનારીઓ (હતી). (એ પ્રમાણે તે દરેક પોતપોતાનું કાર્ય કરી ભગવાનની સેવા કરવા હાજર થયાં). નાટકમાં કોઈવાર બેનું અને કોઈવાર ઘણાઓનું નૃત્ય (સાથે) થાય છે, (તે પ્રમાણે નૃત્ય કરવા અપ્સરાઓ હાજર થઈ), એ રીતે તેઓ આ કાર્યમાં ઉપયોગી થઈ. ૨૭.

એ પ્રમાણે નૃત્ય કરતાં જે થયું, તે[1] આ શ્લોકમાં કહે છેઃ

**યદ્યચ્છિરો ન નમતેઙ્ગ શતૈક-શીર્ષ્ણઃ તત્તન્મમર્દ ખલ-દંડ-ધરોંઘ્રિ-પાતૈઃ ।।**
**ક્ષીણાયુષો ભ્રમત ઉલ્બણમાસ્યતોસૃઙ્**
**નસ્તો વમન્ પરમકશ્મલમાપ નાગઃ।।૨૮।।**

૧. તે એટલે દમન, અહિંથી બે શ્લોકમાં કહેલું છે, તેથી 'બે શ્લોકથી' શબ્દો અહિં અધ્યાહાર છે, આ અધ્યાયનો અર્થ જણાવવા આ અધ્યાયના આરંભમાં જે કારિકાઓ કહેલી છે તેમાં ભગવાને લીલા કરતાં કાલિયનું દમન કર્યું એમ કહેલું છે; તેથી આ શ્લોકમાં જે મર્દન (કચરવાનું ઘસવાનું) કહેલું છે તે દમનનો એક પ્રકાર જ છે એવું વ્યાખ્યાન કરેલું છે, તેથી એ બે પૈકી આ પહેલા શ્લોકમાં દમનના પ્રકારનું વિવરણ કરેલું છે; એટલે દમનનો પ્રકાર કહેલો છે અને બીજા એટલે આવતા ૨૯મા શ્લોકમાં દમન કહેલું છે. બંને શ્લોકોના મહાવાક્યનો અર્થ પ્રકારસહિત દમન છે. (લે)

હે વહાલા ! સેંકડો મુખ્ય માથાંવાળા (સર્પનું) જે જે માથું નમતું નહિ તેને તેને ખલોને દંડ દેનારે ચરણની લાતોથી કચર્યું. ક્ષીણપ્રાણબલવાળા ભ્રમણ કરતા તે(સર્પ)નું લોહી ઘણું થયું, તે લોહી મુખથી અને નાકથી ઑકતો નાગ બહુ વ્યથા પામ્યો. ૨૮.

કાલિયનું જે જે માથું નમતું નહિ તેને જ નમાવતાં તેનું દમન[૨] કર્યું એવો સંબંધ છે. શત એટલે સેંકડો અથવા અનેક મુખ્ય માથાંઓ છે જેનાં તેવો (તે કાલિય હતો). તેનાં સર્વે માથાંઓ મુખ્ય હતાં, તેથી એક માથાને નમાવવાથી બીજાં નમતાં નહિ; તેથી ભગવાને દરેકને નમાવ્યાં. 'વહાલા'એ સંબોધન સ્નેહથી કરેલું છે.

પ્રારંભમાં જ્યાં સુધી અમુક માથું નમ્યું નથી, એમ ભગવાનને લાગે ત્યાં સુધી બીજે સ્થલે રહીને જ તેને ચરણની લાતો મારતા, એટલે નૃત્યની અમુક ગતિ(ગતો) પ્રમાણે તાલ સમાપ્ત થવાનો થાય તે સ્થલે (સમયે) તે જ ઊંચાં રહેલાં માથાં પર ભગવાન્ ચરણથી લાત મારતા. પછી ચરણની લાત વાગવાના ડરથી તે માથું નીચું જ રહેતું. વળી ભગવાન્ તેને લાત મારતા એટલું જ નહિ, પણ તેને કચરતા. તે(માથા)ના ઉપરની ચામડી જતી રહે તેમ ચરણથી તેને ઘસતા પણ ખરા. આ પ્રમાણે ઉપરની ચામડી જવાથી બીજી લાત વાગે, ત્યારે તેને વધારે પીડા થાય તે માટે એ પ્રમાણે ઘસતા.

'કલેશ વિના કર્મ કરનાર ભગવાને એમ કેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ભગવાન્ 'ખલોને દંડ દેનાર' છે. ખલોને (પાંસરા કરવાનો) દંડ તે ધારણ કરે છે, તેથી તેને દંડ આપવા ભગવાને એમ કર્યું એવો અર્થ છે. પછી નાગનું પ્રાણબલ ક્ષીણ થતાં (ઓછું થતાં) અને તેને મુર્ચ્છા થતાં તેનું લોહી ઘણું થયું. તે બધું લોહી તેના શરીરમાં રહી શક્યું નહિ, તેથી તે મુખથી અને નાસિકાથી એટલે નાકથી લોહી ઑકતો ઑકતો તે નાગ મૂર્ચ્છા પામ્યો, અથવા બહુ વ્યથા પામ્યો. તે નાગ જાતિનો હોવાથી ભાગ્યો નહિ, કારણ કે નાગો ઘણા શૂરા હોય છે. 'ક્ષીણપ્રાણબળવાળાનું લોહી ઘણું થયું' એ જૂદું વાક્ય છે, તે સંઘાત સંબંધમાં અથવા દેહના સંબંધમાં કહેલું છે; પણ બીજું (બાકીનું) જીવના સંબંધમાં કહેલું છે. ૨૮.

---

૨. આનો અન્વય નીચે પ્રમાણે છે. 'જે જે માથું નમતું નહિ તેને તેને નમાવતાં દમન કર્યું' (શ્લોક ૨૯). તેનો પ્રકાર એવો છે કે ચરણની લાતોથી કચર્યું. પછી તેનું લોહી ઘણું વધ્યું, તે લોહી મોઢેથી અને નાકથી ઑકતો નાગ બહુ વ્યથા પામ્યો, પછી આંખોથી વિષ કાઢતાં તે નાગનાં માથાંઓ પૈકી જે જે માથું ઊંચું થતું તે તે માથાને ભગવાન્ નમાવતા, એ રીતે ભગવાને તેનું દમન કર્યું. પ્રહાર અને નમાવવું એટલે મર્દન કરવું. જે જે ન નમે તેને નમાવવું અને પછી જે ઊંચુ થાય તેને ફરી નમાવવું, (એવી રીતે તેનું દમન કરેલું છે). (લે)

ગયા[1] શ્લોકમાં આધિભૌતિક[2] અને આધ્યાત્મિક[3] (સર્પ)ને દંડ (સજા) કર્યો તે કહ્યું; આ શ્લોકમાં આધિદૈવિકને[4] દંડ કર્યો તે કહે છેઃ

**તસ્યાક્ષિભિર્ગરલમુદ્વમતઃ શિરસ્સુ યદ્યત્સમુન્નમતિ નિઃશ્વસતો રુષોચ્ચૈઃ ।।**
**નૃત્યન્પદાનુનમયન્ દમયાંબભૂવ પુષ્પૈઃ સુપૂજિત ઈવેહ પુમાન્ પુરાણઃ ।।૨૯।।**

આંખોથી ઝેર ફેંકતા, નિઃશ્વાસ નાખતા અને રોષથી ઊંચાં (થતાં) તે (સર્પ)નાં માથાઓમાંથી જે જે માથું ઊંચું થતું તેને તે સમયે પુષ્પોથી સારી રીતે પૂજાએલા હોય નહિ તેવા પુરાણ પુરુષે નૃત્ય કરતા (પોતાના) ચરણથી સન્મુખ કરાવી નમાવતાં (તેનું) દમન કર્યું. ૨૯.

નાસિકા અને મુખ બેમાંથી તો ઘણું જ લોહી નીકળતું હતું, તે લોહીએ જ વિષ કાઢવાનો રસ્તો બંધ કર્યો, પણ ચક્ષુઓ તો મુખ્ય જ્ઞાનની ઈન્દ્રિય હોવાથી[5] તે દ્વાર લોહીએ બંધ ન કર્યું, તેથી સર્પે ચક્ષુઓથી ઝેર ફેંકવા માંડ્યું. તેવી રીતે આંખોથી ઝેર ફેંકતા તે સર્પનાં માથાંઓ પૈકી જે જે માથું ઊંચું થતું તે તે માથાને પોતાના ચરણથી નમાવતાં ભગવાને તે સર્પનું દમન કર્યું. કેટલાંક કાલિયનાં માથાંઓ આધિદૈવિક ભાવ પામેલાં પણ હતાં[6]. (તેથી તે ઊંચાં થતાં હતાં) અથવા તે જ માથાંઓ (જેને ભગવાને ચરણના પ્રહારથી નીચાં નમાવેલાં તે જ) ફરી ઊંચાં થતાં. સર્પનું ઉપાસ્ય (જેની તે પૂજા કરે તેવું) રૂપ ઝેર છે, તેને હવે તે આગળ કરવા મંડ્યો (એટલે ઝેર આંખોથી ફેંકવા મંડ્યો);તે પણ પછી ભગવાનને કાંઈ કરી શક્યું નહિ અને નિષ્ફલ થયું, ત્યારે હવે કાંઈ બીજો ઉપાય નથી એમ જાણી તેણે નિઃશ્વાસ (નિસાસા) કાઢવા માંડ્યા. તેવો દુબળો થએલો સર્પ પણ જો ભગવાન્ મારે તો રોષથી મરવા માટે ઊંચો થવા મંડ્યો. તેનું માથું 'સારી રીતે ઊંચું થતું' એ જણાવે છે કે તેમાં તેની (ઉપાસ્ય) દેવતા રહેલી હતી. આવી રીતે આધિદૈવિક પણ ક્ષીણ (બલહીન) થઈ. મરણ માટે પાસે આવ્યો ત્યારે તેને સાક્ષાત્ મારવો એ યોગ્ય નહિ હોવાથી, ભગવાને પોતાના નૃત્ય કરતા ચરણથી નૃત્ય કરતાં કરતાં જ જે ચરણથી તે નૃત્ય કરતા હતા તે ચરણથી તેને

૧. (ગયા શ્લોકમાં એટલે શ્લોક ૨૮માં).
૨. મર્દન દેહને ક્લેશ (દુઃખ) કરનાર હોવાથી તેનાથી આધિભૌતિકને દંડ કર્યો. (લે)
૩. સર્પ 'મૂર્ચ્છા પામ્યો' એટલે તેની ઈન્દ્રિયોના સામર્થ્યનો નાશ થયો, તે આધ્યાત્મિકને દંડ થયો. (લે)
૪. સર્પની ઉપાસ્યદેવતા વિષ હોવાથી, આ શ્લોકમાં વિષને નિષ્ફલ કર્યું એ આધિદૈવિકનો દંડ થયો. (લે)
૫. જ્ઞાનપ્રધાન ઈન્દ્રિયમાં ઉપાસ્ય દેવતાને (વિષને) અટકાવનાર લોહી આવ્યું નહિ. (લે)
૬. વિષ માથામાં સદા રહેતું હોવાથી કેટલાંક માથાં વિષરૂપ (આધિદૈવિક ભાવ પ્રાપ્ત કરેલાં) જ હતાં. (લે)

શિખામણ દેતા હોય તેમ પોતાની સન્મુખ રાખી પોતાને નમન કરાવ્યું, અને એ રીતે તેનું દમન (ચરણ પાસે) કરાવ્યું[૭] અથવા પોતે જ[૮] (તેનું દમન) કર્યું.

'એ પ્રમાણે દમન કરતાં આધિદૈવિકનું[૯] અથવા ઉપાસ્ય[૧૦] ભગવાનનું અસ્વારસ્ય[૧૧] થાય તો મર્યાદાનો વિરોધ[૧૨] (ભંગ) થાય' એવી શંકા થાય, તેથી કહે છે કે 'તે સમયે પુષ્પોથી સારી રીતે પૂજાએલા હોય નહિ તેવા' ભગવાન્ થયા, 'ઈહ' એટલે આ સમયે (તે અવસરે) ભગવાન્ પુષ્પોથી સારી રીતે પૂજાએલા હોય તેવા થયા. આધ્યાત્મિકને[૧૩] ભગવાને શિખામણ[૧૪] આપી સારા માર્ગે લીધો, તેથી આધ્યાત્મિક અને આધિદૈવિક બંનેને સંતોષ જ થયો; તેથી તે બંનેએ ભગવાનની પૂજા કરી. તેઓએ સારી રીતે અલૌકિક પ્રકારથી પોતાના દિવ્ય તેજોથી ભગવાનની પૂજા કરી એટલે તે તેજો પુષ્પો હોય નહિ તેવાં થઈ ગયાં. 'પુષ્પોથી સારી રીતે પૂજાએલા હોય નહિ તેવા' એ શબ્દોથી આ પ્રમાણે કહેલું છે. બંનેએ (આધ્યાત્મિક અને આધિદૈવિકે) પૂજા કરી, તેમાં દરેકે પૂજા કરવાનું કારણ 'પુરુષ[૧૫]' શબ્દથી કહેલું છે. આધિદૈવિકે પૂજા કરી[૧૬] તેનું કારણ કહેલું છે. ત્રણે (આધિભૌતિક,

૭. ભગવાનનો ચરણ દમન કરનાર છે. તેને તેમ કરવા પ્રેરનાર ભગવાન્ છે, તેથી ભગવાનથી પ્રેરાઈ ચરણે દમન કર્યું. (લે)

૮. ચરણરૂપ કરણ(સાધન)થી ભગવાને પોતે તેનું દમન કર્યું. (લે)

૯. આધિદૈવિક એટલે શેષ (પ્ર). વિષભાવ પામેલાં કાલિયનાં માથાં (લે)

૧૦. ઉપાસ્ય એટલે વિષ. (લે). ઉપાસ્યરૂપ ભગવાન્. (પ્ર)

૧૧. અસ્વારસ્ય એટલે શોભાની હાનિ. સર્પના માથાં પર મણિ હોવાથી (તેનું મર્દન થઈ લોહી નીકળતાં) તે લાલ રત્ન જેવાં થયાં અને તેથી શોભા થઈ, અને વિષ નીકળ્યું તે પણ પોતાના તેજથી નીલ(કાળા)મણિ જેવું થઈ રહેવાથી તેનાથી પણ શોભા થઈ. આ પ્રમાણે શોભા થઈ તે જ (ભગવાનની) પૂજા થઈ. (લે) અહિં શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ સુબોધિનીમાં 'અસ્વારસ્ય'ને બદલે 'અસ્વાસ્થ્ય' (અસ્વસ્થપણું) પાઠ છે.

૧૨. આધિદૈવિકનો સત્કાર કરવો જોઈએ, એ મર્યાદા(નિયમ)નો ભંગ થાય. (પ્ર)

૧૩. આધ્યાત્મિકને એટલે વિષરૂપને. (પ્ર)

૧૪. આ સ્થલે (ભગવાન્ પ્રતિ) એમ ન કરવું જોઈએ, એવી ભગવાને શિખામણ આપી. (પ્ર)

૧૫. આધિદૈવિકના ઉપર ચઢી ભગવાન્ રહ્યા તેથી આધિદૈવિકે તેમની પૂજા કરવી જોઈએ, તેથી 'પુમાન્' (પુરુષ) શબ્દથી તેણે ભગવાનની પૂજા કરી તેનું કારણ કહેલું છે. (પ્ર). અહિં 'પુમાન્' અને 'પુરાણઃ' એ બે શબ્દો મૂલમાં છે, તેથી આધ્યાત્મિક અને આધિદૈવિક બંનેએ ભગવાનની પૂજા કરી.

૧૬. સુબોધિનીમાં લખેલું છે કે 'બંનેએ પૂજા કરી' તેમાં દરેકે પૂજા કરવાનું કારણ 'પુરુષ' શબ્દથી કહેલું છે. 'આધિદૈવિકે પૂજા કરી' તેનું કારણ કહેલું છે, અહિં 'પુરાણ ઈતિ' શબ્દો રહી ગયા હોય તેમ જણાય છે. આધિદૈવિકે પૂજા કરી તેનું કારણ 'પુરાણ' શબ્દથી કહેલું છે એમ હોવું જોઈએ. દરેકે પૂજા કરી તેનું કારણ અનુક્રમે 'પુમાન્' અને 'પુરાણ' શબ્દથી કહેલું

આધ્યાત્મિક અને આધિદૈવિક)[17] પ્રાકૃત જેવાં જ છે; પરંતુ 'પુરાણ' તો ઉપાસના કરવા યોગ્ય છે, કારણ કે પુરુષોત્તમ (પુરાણ પુરુષ) વ્યાસ, કપિલ વિગેરે જે પૂજા કરવા યોગ્ય છે તે સર્વ રૂપોએ પણ ઉપાસના કરવા યોગ્ય છે. ભગવાન્ અદ્ભુત કર્મ કરનારા હોવાથી તેમણે સર્પને મૂર્ચ્છા થઈ ત્યાં સુધી નૃત્ય કરી તેને શિક્ષા કરી, પરંતુ ક્લેશ વિના કર્મ કરનારા હોવાથી તેને મારી નાખ્યો નહિ. ૨૯.

એ પ્રમાણે થતાં ભગવાનના ચરણારવિંદના પ્રસાદથી તે સર્પને જ્ઞાન અને ભક્તિ પ્રાપ્ત થયાં, એમ ૩૦મા શ્લોકમાં કહે છેઃ

**તચ્ચિત્રતાંડવવિરુગ્ણફણાતપત્રો રક્તં મુખૈરુરુ નૃપ ભગ્નગાત્રઃ ।।**
**સ્મૃત્વા ચરાચરગુરું પુરુષં પુરાણં નારાયણં તમરણં મનસા જગામ ।।૩૦।।**

હે નૃપ! તે વિચિત્ર તાંડવ નૃત્યથી જેનાં ફેણરૂપી છત્રો તદ્દન ભાંગી ગએલાં છે, તેવાં મુખોથી ઘણું લોહી ઑકતા અને ભાંગેલા ગાત્રોવાળા તેણે સ્થાવર તથા જંગમના ગુરુ, પુરાણ પુરુષ નારાયણનું સ્મરણ કર્યું અને મનથી તેમને શરણે ગયો. ૩૦.

તેને 'અભિમાન હતું ત્યાં સુધી જ્ઞાનની પ્રાપ્તિ તેને કેવી રીતે થઈ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'વિચિત્ર તાંડવથી તેનાં ફેણરૂપી છત્રો તદ્દન ભાંગી ગએલાં' હતાં. તેનું અભિમાન સૂચવનાર તેની ફેણો જ હતી. રાજાને જેમ શ્વેત છત્ર હોય તેવી તેને તે ફેણો હતી, તેથી તે અભિમાન સૂચવનારી હતી; તે ફેણો ભગવાનના વિચિત્ર તાંડવ નૃત્યથી તદ્દન ભાંગી ગઈ.

નૃત્ય બે પ્રકારનું છે ૧.લાસ્ય ૨.તાંડવ. સ્ત્રીઓ નૃત્ય કરે તે લાસ્ય અને પુરુષો નૃત્ય કરે તે તાંડવ. તે બંને પ્રકારના નૃત્યોના પેટાભેદો સેંકડો છે. પ્રલય સમયે મહાદેવ જેવું નૃત્ય કરે છે તેવું, જેનામાં રસ છે તેવો પુરુષ વિચિત્ર તાંડવ નૃત્ય કરે છે. ભગવાને આવું નૃત્ય સર્પને શિક્ષા કરવા અહિં કર્યું; એ નૃત્યથી સર્પનાં ફણારૂપી છત્રો તદ્દન ભાંગી ગયાં.

'શરીરના દોષ જ્યાં સુધી હોય ત્યાં સુધી આધ્યાત્મિકને અથવા ભૌતિકને

---

છે એવો અર્થ થાય. 'આધિદૈવિક કોઈની પૂજા શા માટે કરે?' એવી શંકા થાય, તે માટે આગળ 'પુરાણ' ઉપાસના કરવા યોગ્ય છે, એ કારણસહિત જણાવેલું છે. તેથી એ પ્રમાણે 'પુરાણ ઈતિ' શબ્દો રહી ગયા હશે, એવી માન્યતા વધારે દઢ થાય છે. મૂલ હસ્તલિખિત પ્રતો વધારે જોવાથી કદાચ તે જણાય.

૧૭. પ્રકૃતિના પતિ પુરુષનો અભિભવ આધિદૈવિક પણ કરી શક્યો નહિ, તેથી તે પણ પ્રાકૃત જેવો જ છે. આધ્યાત્મિકે (વિષે) પોતાનું સામર્થ્ય શંકર પ્રત્યે જણાવી તેમને નીલકંઠ કરેલા, પણ અહિં પુરુષોત્તમ પાસે તે પણ પોતાનું કાંઈ પણ સામર્થ્ય દર્શાવી શક્યો નહિ, તેથી તે પણ પ્રાકૃત જેવો છે. (લે) આધિભૌતિક તો પ્રાકૃત જ છે. એકાદશસ્કંધના બાવીસમા અધ્યાયના ત્રીસમા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે ત્રણે પ્રાકૃત જેવા જ છે. (પ્ર)

જ્ઞાન અને ભક્તિ કેવી રીતે પ્રાપ્ત થાય ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તે 'મુખોથી ઘણું ઑકતો' હતો. તેના શરીરમાં પ્રવેશેલા દોષરૂપ લોહી હતું, તે લોહી તેણે ઑકીને કાઢી નાખ્યું, એટલે તેના શરીરની અંદરનો દોષ જતો રહ્યો; તે 'ભાંગેલા ગાત્રોવાળો' થયો એટલે તેના શરીરનો બહારનો દોષ પણ ગયો. એ પ્રમાણે (અંદરના તથા બહારના દોષો જવાથી) તે દોષરહિત થયો, એટલે તેને નારાયણનું સ્મરણ થયું; કારણ કે તે નારાયણ તેના(કાલિયના) સંબંધથી આધિદૈવિક શેષ ઉપર શયન કરે છે. તેથી આધિદૈવિક[1] (શેષે) તેના ઉપર ઉપકાર કરવાથી તેને નારાયણનું સ્મરણ થયું; અને તેના ઉપાસ્યે (જેની ઉપાસના (પૂજા) તે કરતો હતો તેણે) ઉપકાર કરવાથી 'આ (શ્રીકૃષ્ણ) તે જ નારાયણ છે' એમ તેણે જાણ્યું. તે વખતે તેને જ્ઞાન થયું કે 'હું દાસ છું.[2] અને આ ભગવાન્ આદ્ય (મૂલ) (પુરુષ) હોવાથી મારા સ્વામી છે', અને એવું જ્ઞાન થવાથી મનથી તેમને જ શરણે તે ગયો. નારાયણ અંતઃકરણના સાક્ષી છે, તેથી મનથી જ 'આ મારું શરણ છે' એવી તેમની ભાવના કરવી જોઈએ. તે તેમને શરણે ગયો, કારણ કે શરણે ગએલો[3] પછી સેવા કરવાથી ભક્ત થાય છે. ત્યાર પછી (નારાયણને શરણે ગયા પછી) તેના ઉપર ભગવાને પ્રહાર કરેલો નથી એમ જાણવું. ૩૦.

બીજાથી તે એવો (ભગવાનને શરણે આવેલો) થયો, તેથી બીજાએ જ તેને છોડાવ્યો[1] એમ કહેવા, તેની સ્ત્રીઓ આવી એમ આ શ્લોકમાં કહે છેઃ

---

૧. ભલે જીવ દોષરહિત હોય તો પણ મોટાઓની કૃપા વિના તેને ભગવાનનું સ્મરણ થાય નહિ તેથી તેના પર તેના આધિદૈવિક શેષે ઉપકાર કરી તેને નારાયણનું સ્મરણ કરાવ્યું એમ કહેલું છે. (પ્ર) કાલિયના આધિદૈવિક માથાંઓ શેષરૂપ હતાં, તેમણે ભગવાનની પૂજા કરી એટલે શેષ દ્વારા તેને નારાયણનું સ્મરણ થયું, કારણ કે નારાયણ શેષ ઉપર શયન કરે છે. (લે)

૨. ભગવાન્ પુરુષ છે, તેથી આધિદૈવિકે પૂજા કરવા યોગ્ય છે; નારાયણ છે તેથી ઉપાસ્યે પૂજા કરવા યોગ્ય છે; સ્થાવર જંગમના ગુરુ છે, તેથી પોતે તેમનો દાસ છે; પુરાણ છે તેથી સ્વામી છે, એવું જ્ઞાન તેને થયું. આવું જ્ઞાન ભક્તિ (પ્રાપ્ત કરવા) માટે ઉપયોગી છે. (લે)

૩. કાલિય પોતે પોતાની મેળે ભગવાનને શરણે ગયો ન હતો, પરંતુ તેના આધિદૈવિક અને ઉપાસ્યે પ્રેરણા કરવાથી ભગવાનને શરણે ગયો હતો, તેથી તેની સ્ત્રીઓએ ભગવાનની સ્તુતિ કરી ત્યારે ભગવાને તેને છોડ્યો, પણ માત્ર (બીજાની પ્રેરણાથી) શરણે જવાથી તે છૂટ્યો નહિ, જો તે પોતે પોતાની મેળે ભગવાનને શરણે ગયો હોત તો માત્ર શરણે જવાથી જ છૂટ્યો હોત. (લે)

(૩૧)૧. 'સર્પ મનથી ભગવાનને શરણે ગયો ત્યારે જ સર્વજ્ઞ ભગવાને તેને કેમ છોડી દીધો નહિ ?' એવી શંકા થાય, તેનો અહિં ઉત્તર આપેલો છે. સર્પ પોતાની મેળે ભગવાનને શરણે ગયો નથી, પણ બીજાએ એટલે તેના આધ્યાત્મિકે, અથવા તેના ઉપાસ્ય દેવતાએ અથવા સૌભરિ મુનિએ પ્રેરણા કરવાથી તે ભગવાનને શરણે ગયો. જો તે પોતે જ પોતાની મેળે

**કૃષ્ણસ્ય ગર્ભજગતોતિભરાવસન્નં પાર્ષ્ણિપ્રહારપરિભગ્નફણાતપત્રમ્ ।।**
**દૃષ્ટ્વાહિમાદ્યમુપસેદુરમુષ્ય પત્ન્ય આર્તાઃ શ્લથદ્વસનભૂષણકેશબંધાઃ ।।૩૧।।**

જેમની અંદર જગત્ રહેલું છે તેવા શ્રીકૃષ્ણના ઘણા ભારથી પીડાએલા અને પગની લાતોથી જેનું ફેણરૂપી છત્ર તદ્દન ભાંગી ગએલું છે તેવા સર્પને જોઈને, દુઃખી થએલી અને જેમનાં વસ્ત્રો, ભૂષણ અને કેશના બંધો ઢીલા થએલા છે, તેવી તેની પત્નીઓ આદ્ય (ભગવાન્) પાસે આવી. ૩૧.

તે (સ્ત્રીઓ) પતિવ્રતા નારીઓ હોવાથી પોતાના ધણીને જોવા આવી. તેઓ પતિવ્રતાઓ હોવાથી પોતાના પાતિવ્રત્ય ધર્મથી જ તેમને જ્ઞાન થયું. શ્રીકૃષ્ણના ભારથી પીડાએલો અને પગની લાતોથી તદ્દન ભાંગી ગએલાં ફેણરૂપી છત્રવાળો તેમણે નાગને જોયો. એ પ્રમાણે પોતાના (દેહના) અને અભિમાનના દોષ જેના જતા રહેલા છે તેવો તેને જોઈને, તેઓ તેની જ સ્ત્રીઓ (હોવાથી) દુઃખી થઈ ભગવાન્ પાસે આવી એવો સંબંધ છે.

‘ભગવાન્ તો બાલક અને તે પણ સચ્ચિદાનંદરૂપ હોવાથી તેમનો શું ભાર હોઈ શકે ? કારણ કે ભાર તો સ્થૂલ પદાર્થનો જ હોય.’ એવી શંકા થાય, તેથી કહે છે કે ભગવાનની ‘અંદર જગત્ રહેલું’ છે. કોઈ એકલો આખા જગતનો ભાર સહન કરી શકે નહિ, (તેથી તેમના ભારથી તે પીડા પામ્યો).

‘કાલિયનો જ ભાઈ શેષ કેમ આખા જગતનો ભાર સહન કરે છે, (તો પછી આ કેમ સહન ન કરી શકે ?)’ એવી શંકા થાય, તેથી કહે છે કે ‘તેનું ફેણરૂપી છત્ર તદ્દન ભાંગી ગએલું’ હતું. (ફેણ ભાંગી ગઈ પછી ભાર કોના ઉપર સહન કરે ?) વળી ભગવાન્ માત્ર ભારરૂપ હતા એટલું જ નહિ, પણ મારતા હતા.

‘કાલિયની સ્ત્રીઓ બીજા (પોતાના પતિથી જૂદા પુરુષ ભગવાન્) પાસે ભગવાન્ જ્યાં હતા તે સ્થલે કેમ આવી ?’ એવી શંકા થાય, તેથી કહે છે કે ભગવાન્ ‘આદ્ય’ છે. તેથી તે કાલિય સર્પના તેમજ તેની સ્ત્રીઓના પણ મૂલ છે. વળી આ બધી કાલિયની પત્નીઓ હતી; ‘યજ્ઞનો સંયોગ થતાં અમારા પતિ (થાય છે)’ એ વાક્ય પ્રમાણે, યજ્ઞનો સંયોગ થાય ત્યારે જ તે પત્નીઓ થાય; અને આ શ્રીકૃષ્ણ ભગવાન્ યજ્ઞ છે. પતિ(સર્પ)ને તેમનો (ભગવાન્ શ્રીકૃષ્ણનો) સંયોગ થયો અને જો તેઓ (નાગપત્નીઓ) તેમના સંયોગ વિનાની રહે, તો તેની (સર્પની) પત્નીઓ જ ન થાય, (તેથી ભગવાન્ પાસે આવવાનો તેઓનો ધર્મ જ

---

ભગવાનને શરણે ગયો હોત તો ભગવાન્ તે જ સમયે તેને છોડી દેત; પણ આ તો આધ્યાત્મિકના બલથી શરણે ગયો, તેથી તેને છોડવામાં બીજાની પ્રાર્થનાની જરુર હતી; કારણ કે ‘જે મને જેવી રીતે પ્રપન્ન થાય તેઓને હું તે જ રીતે ભજું છું’ (ગીતા.૪।૧૧) એવી ભગવાનની પ્રતિજ્ઞા છે. (પ્ર)

હતો). વળી તે દુઃખી થએલી હતી; તેની પત્નીઓ હોવાથી જ તેઓ તેનું અર્ધ શરીર થાય, અને તેથી તેઓને પોતાને જ માર પડેલો હોય અને અડધી મરેલી હોય તેવી પોતાને જણાવે છે.

''એકને મારવામાં આવે તેથી બીજાને મારેલ હોય તેવી પીડા કેમ થાય ? 'પત્ની પતિનું અડધું અંગ છે' વિગેરે શાસ્ત્રમાં કહેલી વાતોમાં તો અલંકારિક ભાષા વાપરેલી હોય છે. (તેથી કાંઈ પતિને મારવામાં આવે તેથી પત્નીને પીડા ન થાય)'' એવો પણ કોઈનો મત હોય તેથી તેવો મત ખોટો છે એમ દેખાડતાં જણાવે છે, કે જો એવો અધિકાર હોય (પત્નીમાં બરાબર પત્નીપણું હોય) તો એમ જ થાય. (પતિને પડેલા મારથી પત્નીને પીડા થાય જ); તેથી નાગની પત્નીઓને માર પડેલો હોય તેવાં ચિહ્નો જણાવે છે કે 'જેમનાં વસ્ત્રો, ભૂષણ અને કેશના બંધો ઢીલા થએલા' હતા. (માર પડવાથી દુબળી થવાથી વસ્ત્રો, ભૂષણ વિગેરે મોટાં પડતાં ઢીલાં થઈ ગયાં હતાં). એ પ્રમાણે પહેરેલાં વસ્ત્રો, મધ્યમાં પહેરેલાં ભૂષણ અને ઉપર માથાના કેશના બંધો, જે શરીરને અડીને રહેલ તે છૂટાં પડ્યાં (ઢીલાં થયાં), તે માર પડ્યા વિના સંભવે નહિ. તેમાં પણ તે માનવાળી[૨] નાગપત્નીઓને માર વિના તેવું ન જ સંભવે. ૩૧.

ધણીને (કાલિયને) ભગવાન્ છોડી દે અને તે માટે ભગવાનની તેના ઉપર દયા થાય તે માટે, ધણી બાલક છે એમ જણાવતી ધણીરૂપ[૧] બાલકોને આગળ કરીને, એટલે ધણીએ પોતાને આપેલું પોતાનું સર્વસ્વ ભેટ તરીકે નિવેદન કરીને, પોતે પણ ભૂમિ ઉપર કાયા રાખીને એટલે ભગવાનને આત્મનિવેદન કરતી હોય નહિ તેવી રીતે નમસ્કાર કરીને, ભગવાનની તેઓએ સ્તુતિ કરી એમ કહે છેઃ

**તાસ્તં વિપન્નમનસોથ પુરસ્કૃતાર્ભાઃ કાયં નિધાય ભુવિ ભૂતપતિં પ્રણેમુઃ ।।**
**સાધ્વ્યઃ કૃતાંજલિપુટાઃ શમલસ્ય ભર્તુર્મોક્ષેપ્સવઃ શરણદં શરણં પ્રપન્નાઃ ।।૩૨।।**

દુઃખી મનવાળી તે સાધ્વીઓએ બાલકોને આગળ કરીને, ભૂમિ પર કાયા રાખીને તે ભૂતોના પતિને પ્રણામ કર્યા અને (બે) હાથ જોડીને, પાપ અને અપરાધમાંથી મુક્તિ ધણીની મુક્તિ ઈચ્છતી (તેઓ) શરણ આપનાર(ભગવાન)ને શરણ ગઈ. ૩૨.

તેઓએ પોતાની કાયા ભૂમિ ઉપર રાખેલી તે ભૂમિ (૧) જલમાંથી જ બહાર નીકળેલી આધિદૈવિક ભૂમિ હતી; અથવા (૨) શ્રીયમુનાજીના તીર ઉપરની

૨. માનવાળી એટલે પતિવ્રતપણાંનાં અભિમાનથી શરીરમાં જેને અભિમાન છે તેવી. આવી સ્ત્રીઓનાં વસ્ત્રો, ભૂષણ તથા કેશના બંધ સ્વભાવપણાથી ઢીલા ન જ હોય. (લે)

૧. 'પોતે જ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે' એ શ્રુતિ પ્રમાણે પતિ જ પત્નીમાં બાલકરૂપે અવતરે છે. તેથી બાલકને ધણીરૂપ કહેલ છે.

ભૂમિ ઉપર તેઓએ કાયા રાખેલી; અથવા (૩) ભગવાન્ ધરાની અંદર(નીચે)ની ભૂમિ[2] ઉપર પધારેલા તે ભૂમિ ઉપર તેઓએ પોતાની કાયા રાખીને એ પ્રમાણે નમસ્કાર કરેલા.

'તેઓ આવી કે તરત કેમ તેમણે ભગવાનની પ્રાર્થના ન કરી ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તેઓ 'દુઃખી મનવાળી' હતી. દુઃખ પામેલું છે મન જેઓનું એવી દુઃખી મનવાળી હતી, કારણ કે તેમનો ધણી અપરાધી હોવાથી ભગવાન્ તેને છોડશે એવો વિશ્વાસ તેમને રહ્યો ન હતો. તેથી એ પ્રકારે (આવતાં તરત જ) પ્રાર્થના ન કરતાં તેઓએ 'અથ' એટલે જૂદા (આ શ્લોકમાં કહેલા) પ્રકારથી પ્રાર્થના કરી. જેઓએ પોતાના 'બાલકોને આગળ કર્યાં છે' એવી તેઓ હતી. સંયુક્ત (સંયોગવાળી) સામગ્રી[3] તો પહેલાં જ ગએલી છે. તેથી ભૂમિ ઉપર કાયા રાખીને તેઓએ પ્રાર્થના કરી.

'આવી દશામાં તેઓ બીજા પુરુષ પાસે કેમ પડી (બીજા પુરુષને પ્રણામ કેમ કર્યા) ?' એવી શંકા થાય તેથી કહે છે કે ભગવાન્ ભૂતોના પતિ છે. ભૂત એટલે પ્રાણિમાત્રના ભગવાન્ સામાન્ય પતિ છે; ભૂતોના પતિ તેથી તેઓના પણ પતિ છે. એટલે તેમને પ્રણામ કરવાથી પોતાના પતિને જ પ્રણામ કર્યા છે, બીજા (પર) પુરુષને પ્રણામ કર્યા નથી.

'ત્યારે તો ભગવાને તેઓના ઉપર જ કૃપા કરવી જોઈએ (તેમના ધણી કાલિય ઉપર નહિ)' એવી શંકા થાય, તેથી કહે છે કે તે 'સાધ્વીઓ' હતી. તેઓ

---

૨. આ ધરાની નીચેની ભૂમિ જાણવી. તે સ્ત્રીઓની એવી દુઃખી અવસ્થા જોઈ કૃપાલુ ભગવાને તેઓની લાજ રાખવા કાલિય સાથે કાંઈક નીચે (ધરાની જમીન ઉપર) પ્રવેશ કર્યો એવો અર્થ છે, તે અર્થ 'અથ' શબ્દથી સૂચવેલો છે. (પ્ર) અહિં ત્રણ ભૂમિ કહેલી છે. (૧) જલમાંથી બહાર નીકળેલી આધિદૈવિક ભૂમિ. ભૂમિ જલમાંથી બહાર નીકળી તેવું મૂલગ્રંથમાં નહિ હોવાથી બીજો પક્ષ (૨) તીર ઉપરની ભૂમિ કહી; ત્યાં નંદ વિગેરે હતા તેથી તે ભૂમિ ઉપર તેઓ જઈ પોતાની કાયા ભૂમિ ઉપર રાખી પ્રાર્થના કરે તે સંભવતું નથી; તેથી ત્રીજો પક્ષ (૩) ધરાની નીચેની ભૂમિ કહેલી છે. (લે)

૩. સંયુક્ત સામગ્રી એટલે વન વિગેરે સામગ્રી છપાએલ છે. તે હસ્તલિખિત પ્રતો જોતાં ભૂલ હોવાનું જણાયું છે. આ સંયુક્ત સામગ્રી પહેલાં જ પહોંચી ગએલી એમ શ્રીસુબોધિનીજીમાં કહેલું છે, જ્યારે વસ્ત્ર વિગેરે સામગ્રી હજી સુધી ભગવાન્ પાસે પહોંચેલી નથી. પરંતુ આગળ શ્લોક ૬૫માં પહોંચ્યાનું જણાવવામાં આવશે, તેથી સંયુક્ત સામગ્રીનો 'વસ્ત્ર વિગેરે સામગ્રી' એવો અર્થ પણ બરાબર જણાતો નથી. સંયુક્ત સામગ્રી એટલે તેઓ જેની સાથે જોડાએલાં તે કાલિય હોવો જોઈએ. કાલિય ભગવાન્ પાસે વહેલો જ જઈ ચૂક્યો હતો. તે નાગપત્નીઓ સાથે હોત તો ભૂમિ ઉપર કાયા ન રાખતાં તેઓ તેનો આધાર લઈ ભગવાનની સમીપ આવત એવા ભાવથી આ કહ્યું હશે.

પોતાના ધણીરૂપ ભગવાનની જ સેવા કરવા ઈચ્છતી હતી, બીજા પ્રકારથી ભગવાનની સેવા કરવા ઈચ્છતી ન હતી. તેથી 'બે હાથ જોડીને' અંજલિ કરી દેવતારૂપ હોવાથી દિવ્યસ્ત્રીના રૂપવાળી તે સ્ત્રીઓ શમલ એટલે પાપ અને અપરાધમાંથી ધણીની મુક્તિ ઈચ્છતી ભગવાન્ 'શરણ આપનાર' હોવાથી તેમને 'શરણ ગઈ' સર્પ પણ ભગવાનને શરણ ગયો હતો તેથી પણ ભગવાન્ તેને મારવાના તો ન હતા જ, પરંતુ તેનું સહજ (સાથે જન્મેલું, સ્વભાવરૂપ) તમોરૂપ (અજ્ઞાનરૂપ, તમોગુણરૂપ) પાપ અને તેણે કરેલો ભગવાનનો અપરાધ, એ બેમાંથી તે છુટે તેમ ન હતું; તેથી આ તેની સ્ત્રીઓએ તે બેમાંથી તેને છોડાવવા ઉદ્યોગ કર્યો.

**દણ્ડાનુમોદનં ષડ્ભિર્નમનં દશભિસ્તથા ।।**
**પ્રાર્થના પઞ્ચભિશ્ચેતિ ત્રેધા સ્તુતિરુદીર્યતે ।।કા. ૯।।।**

છ(શ્લોકો)થી દંડનું અનુમોદન અને દશથી નમન, પાંચથી પ્રાર્થના, એમ ત્રણ પ્રકારથી સ્તુતિ કહેવામાં આવે છે. કા. ૯।।.

નાગપત્નીઓ ભગવાનની ૨૧ શ્લોકો(૩૩-૫૩)થી સ્તુતિ કરે છે, તેમાં પહેલા છ શ્લોકો(૩૩-૩૮)થી સર્પને ભગવાને જે દંડ કર્યો તેનું અનુમોદન કરે છે, એટલે તે યોગ્ય છે એમ જણાવે છે. ત્યાર પછીના દશ શ્લોકો(૩૯-૪૮)થી ભગવાનને નમન કરે છે, અને તે પછીના પાંચ શ્લોકો(૪૯-૫૩)થી ભગવાનની પ્રાર્થના કરે છે. એ પ્રમાણે નાગપત્નીઓએ કરેલી ભગવાનની આ સ્તુતિ ૧. દંડનું અનુમોદન ૨.નમન અને ૩.પ્રાર્થના, એમ ત્રણ પ્રકારની છે. (કા. લે).

**દ્વિવિધસ્યાપિ પાપસ્ય સાપરાધસ્ય નાશિકા ।।**
**ભગવાન્ ષડ્ગુણસ્તાસુ દશધા પઞ્ચધા પતિઃ ।।૧૦।।।**

અપરાધસહિત બે પ્રકારના પાપનો તે નાશ કરનારી છે. ભગવાન્ છ ગુણવાળા છે, તેમનામાં દશ રીતે પ્રકટ થયા છે અને ભગવાન્ પાંચ પ્રકારે તેમના પતિ છે. કા.૧૦।।.

નાગનું પાપ બે પ્રકારનું હતું (૧) સહજ (સ્વાભાવિક, જન્મ સાથે જ આવેલું). (૨) દરરોજ તે કરતો તે તમોરૂપ અથવા અજ્ઞાનરૂપ-પ્રાણીઓને વિષથી હણતો તે); વળી તેણે ભગવાનનો અપરાધ પણ કર્યો (દંશ કર્યો અને ભરડો લીધો). તેથી તેનાં બે પ્રકારનાં પાપ અને તેણે કરેલ ભગવાનનો અપરાધ, એ ત્રણેનો નાશ કરનારી આ નાગપત્નીઓની સ્તુતિ ઉપર જણાવ્યું તેમ ત્રણ પ્રકારની છે. ભગવાનને છ (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન વૈરાગ્ય) અને મોક્ષ ગુણો છે, અને તેમનો અવતાર ખલોનો નિગ્રહ કરવા એટલે તેઓને દંડ આપવા માટે છે. તેથી ખલોને દંડ આપવો (શિક્ષા કરવી) એ ભગવાનના અવતારનું પ્રયોજન હોવાથી, દંડ કરનાર ભગવાનનું સ્વરૂપ છે, અને તે છ ગુણવાળું હોવાથી

છ શ્લોકોથી દંડનું અનુમોદન કરેલું છે. ભગવાન્ સદા દશલીલાવાળા છે (સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વંતર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય. જુઓ ભાગ.૨।૧૦।૧) અને દશલીલાવાળા ભગવાન્ નાગપત્નીઓના હૃદયમાં પ્રકટ થયા છે; તેથી તેઓ દશ શ્લોકોથી ભગવાનને નમન કરે છે. ભગવાન્ પાંચ પ્રકારે પતિ છે. ભાગ.૨।૪।૨૦મા શ્લોકમાં ભગવાનને શ્રીના, યજ્ઞના, પ્રજાના, ધીના (બુદ્ધિના), લોકના અને ધરાના પતિ કહેલા છે. એ પ્રમાણે ભગવાન્ છ પ્રકારે પતિ થાય, પણ ધરાને લોક જ ગણી ભગવાનને પાંચ પ્રકારના પતિ અહિં કહેલા છે; ભગવાન્ પાંચ પ્રકારના પતિ હોવાથી નાગપત્નીઓએ પાંચ શ્લોકોથી ભગવાનની પ્રાર્થના કરી છે. (કા. લે).

બે પ્રકારનું પાપ એટલે કાલિયનું અને પોતાનું એટલે નાગપત્નીઓનું પાપ. (પ્ર) પતિ એટલે કાલિય (પાંચ પ્રકારે પતિ છે). (પ્ર). ૩૨.

નાગપત્નીઓ કહે છેઃ

**ન્યાય્યો હિ દણ્ડઃ કૃતકિલ્બિષેસ્મિંસ્તવાવતારઃ ખલનિગ્રહાય ।।**
**રિપોઃ સુતાનામપિ તુલ્યદષ્ટેર્ધત્સે દમં ફલમેવાનુશંસન્ ।।૩૩।।**

આ જેણે પાપ કરેલું છે (તેને કરેલો) દંડ ન્યાય્ય છે. શત્રુ અને પુત્રો ઉપર પણ તુલ્ય દષ્ટિ રાખનાર આપનો અવતાર ખલોના નિગ્રહ માટે છે. ફલ(આપવા) નો જ નિશ્ચય કરીને આપ દંડ આપો છો. ૩૩.

આ સ્તુતિના આરંભમાં ભગવાને કાલિયને જે શિક્ષા કરી છે તે દંડ છે એમ સ્વીકારી, નાગપત્નીઓ એ દંડ ન્યાય્ય (ન્યાયપૂર્વક) છે; એમ 'દંડ ન્યાય્ય છે' એ શબ્દોથી કહે છે. આ નાગને આપે માર માર્યો, તે મારરૂપ દંડ ન્યાયથી વિરુદ્ધ નથી. ઈશ્વર ત્રણ પ્રકારના દંડ કરે છે. (૧) ન્યાય્ય એટલે ન્યાય પ્રમાણે જેટલો કરવો જોઈએ તેટલો, (૨) ન્યાય્યથી ઓછો, અને (૩) ન્યાય્યથી વધારે; ભગવાન્ પ્રસન્ન થાય તો ન્યાય્યથી ઓછો દંડ કરે. મર્યાદા પ્રમાણે (મર્યાદા સાચવવા) ન્યાય્ય દંડ કરે. ઈશ્વર હોવાથી ન્યાય્યથી વધારે પણ દંડ કરે. આ પ્રમાણે ન્યાય્ય અથવા ઓછો કે વધારે દંડ કરવામાં મર્યાદા, ભગવાનની પ્રસન્નતા તથા ઈશ્વરપણું કારણરૂપ છે. તે પૈકી આ નાગને આપે જે દંડ કર્યો તે ન્યાય્ય છે, કારણ કે આણે 'પાપ કરેલું' છે. આણે ઘણાની હિંસા કરી છે, તેથી તેની હિંસા કરવામાં આવે તે પણ યોગ્ય જ છે.

'જો નાગે પાપ કર્યું હોય તો તેને દંડ કરનાર જમ છે, શ્રીકૃષ્ણે શા માટે દંડ કરવો જોઈએ ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'આપનો અવતાર ખલોના નિગ્રહ માટે છે'. ખલો (હરામખોરો) સદા પાપ કર્યા જ કરે છે અને ઘણું જીવનારા હોય છે. યમનો અધિકાર તો મરણ પછી જ ચાલે છે, (તેથી તેઓ જીવતા હોય ત્યાં

સુધી યમ તેમને દંડ કરી શકતો નથી). ત્યાં સુધી એટલે તેઓ મરણ પામે ત્યાં સુધી, તેમની ઉપેક્ષા કરવામાં આવે એટલે તેમને સજા કરવામાં ન આવે, તો સર્વનો નાશ જ થાય. કારણ કે તેઓ નિરંકુશ રહી બધાને મારી નાખે, તેથી ખલોનો નિગ્રહ કરવા જ મધ્યે (ખલો જીવતા હોય તે સમયે) ભગવાન્ અવતાર ધારણ કરે છે.

'એમ હોય તો પણ આ કાલિય તો કશ્યપનો પુત્ર અને શેષનાગનો ભાઈ થાય, તેને દંડ કેમ કરાય ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'શત્રુ અને પુત્રો ઉપર પણ તુલ્ય દૃષ્ટિ રાખનાર' છો. ખલોને દંડ કરવા અવતરેલા ભગવાન્ સંબંધની જરા પણ દરકાર રાખતા નથી. તેમને દંડ કરવા જ અવતાર લીધેલો હોવાથી શત્રુ અથવા પુત્રો એટલે પોતાના પુત્રો, એ બંનેના સંબંધમાં દંડની બાબતમાં સરખી જ દૃષ્ટિ રાખે છે. (જેટલો દંડ શત્રુને કરે છે તેટલો જ પોતાના પુત્રોને પણ કરે છે). જો કોઈને ઓછો વધારે દંડ કરે તો પક્ષપાત થાય, (તેથી તેમ નહિ કરતાં બંનેના સંબંધમાં સરખી દૃષ્ટિ રાખે છે). અથવા અહિં 'શત્રુ' અને 'સુત' શબ્દોનો છઠ્ઠી વિભક્તિમાં પ્રયોગ કરેલો છે, તે છઠ્ઠી વિભક્તિ સાતમી વિભક્તિના અર્થમાં યોજેલી છે, તેથી શત્રુ ઉપર અને પોતાના પુત્રો ઉપર પણ ભગવાન્ સરખી જ (તુલ્ય) દૃષ્ટિ રાખે છે. વળી ભગવાન્ કોઈને પીડા કરવા માટે દંડ કરતા નથી. જો ભગવાન્ કોઈને પીડા કરવા માટે દંડ કરતા હોય તો તેમનું આત્મપણું જતું રહે. (ભગવાન્ સર્વના આત્મા છે, તેથી ભગવાન્ જો કોઈને પીડા કરવા માટે દંડ કરે તો તે પોતાને જ પીડા કરવા દંડ કર્યો ગણાય. કોઈ પોતાને જ પીડા કરે નહિ, છતાં જો ભગવાન્ કોઈને પીડા કરવા દંડ કરતા હોય તો તે તેના આત્મા કેવી રીતે ગણાય ? તેથી જો પીડા કરવા દંડ કરતા હોય તો તેમનું આત્મપણું રહે નહિ) વળી તેમનું આદ્યપણું પણ રહે નહિ. (આદ્ય એટલે સર્વના મૂલ સર્વની ઉત્પત્તિ તેમનામાંથી જ થએલી છે. જેમને પીડા કરવા તે દંડ કરે તેમનું મૂલ તે કેમ ગણી શકાય ? જેમ આત્મપણું ન રહે તેમ આદ્યપણું પણ ન રહે,) તેથી ભગવાન્ કોઈને પીડા કરવા દંડ કરતા નથી, પરંતુ પોતાના પુત્રો હોય તેમ ભવિષ્યમાં તેમને સારું ફલ જ પ્રાપ્ત થાય તેવા નિશ્ચયથી દંડ કરે છે; આ અર્થ 'ફલનો જ નિશ્ચય કરીને દંડ આપો છો' એ શબ્દોથી કહેલ છે. એ પ્રમાણે ભવિષ્યમાં સારું ફલ આપવા માટે જ ભગવાન્ દંડ કરતા હોવાથી તેમણે નાગને દંડ કર્યો, તેથી એવો નિશ્ચય થાય છે કે તેને ભવિષ્યમાં સારું ફલ પ્રાપ્ત થશે. ૩૩.

એવી રીતે ભગવાને જે માર મારેલો તે દંડ હતો એમ અંગીકાર કરી[1] હવે

૧. ગયા શ્લોક(૩૩મા)માં અંગીકાર કરી, (તે દંડથી હવે સારું ફલ સર્પને પ્રાપ્ત થશે એવો નિશ્ચય કર્યો, એમ) કહેલું છે. 'કહેલું છે' એ શબ્દો અધ્યાહાર રાખેલા છે. (પ્ર)

આ શ્લોકમાં એમ કહે છે કે તે દંડ હતો જ નહિ, પણ અનુગ્રહ (કૃપા) જ છેઃ

**અનુગ્રહોયં ભવતઃ કૃતો હિ નો દણ્ડોસતાં તે ખલુ કલ્મષાપહઃ ।।**
**યદ્ દન્દશૂકત્વમમુષ્ય દેહિનઃ ક્રોધોપિ તેનુગ્રહ એવ સમ્મતઃ ।।૩૪।।**

આ સર્પ ઉપર આપનો અનુગ્રહ છે; (કારણ કે) અસંતોને આપે (કરેલો) દંડ નિશ્ચય પાપનાશક છે, જે પાપને લીધે આ દેહીનું સર્પપણું થએલું; આપનો ક્રોધ પણ અનુગ્રહ જ સંતોએ માનેલો છે. ૩૪.

તમે આ (સર્પને મર્યો તે) 'સર્પ ઉપર જ અનુગ્રહ જ કર્યો છે'. 'અહિ'- સર્પ; તેનું નરજાતિ છઠ્ઠી વિભક્તિનું રૂપ 'અહેઃ' થાય, છતાં તેની નાન્યતરજાતિનું છઠ્ઠી વિભક્તિનું એકવચનનું રૂપ 'અહિનઃ' લીધું છે, 'અહિ' શબ્દ નરજાતિનો હોવા છતાં સર્પનું અહિં કાંઈ પુરુષાતન (ચાલ્યું) નથી એમ દર્શાવવા, તેનું નાન્યતરજાતિનું રૂપ 'અહિનઃ' કરેલું છે. તેથી તે અનુગ્રહરૂપ છે[2]. અથવા 'અહિનો' શબ્દ 'અહીનો' શબ્દ માટે યોજેલો છે, 'અહીનો' એટલે હીન નહિ, ઓછો નહિ તેવો, ઘણો જ. એ પ્રમાણે 'અહીનો' શબ્દ લેવાથી આ આપે ઘણો મોટો અનુગ્રહ કરેલો છે, દંડ કરેલો નથી, એવો અર્થ થાય છે[3].

'મેં તો સર્પને માર્યો તેથી તેને દુઃખ થયું એ દુઃખ જેથી થયું તેને અનુગ્રહ કેમ કહેવાય ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'અસંતોને આપે કરેલો દંડ નિશ્ચય પાપનાશક' છે. ભારતમાં; 'દંડ ભગવાન્ છે' એવો નિર્ણયિ કરેલો છે, દંડથી દુઃખ થાય છે અને તેથી તે ક્લેશરૂપ છે, છતાં તપ યજ્ઞ વિગેરે ક્લેશરૂપ હોવા છતાં પાપનાશક છે તેમ દંડ પણ ક્લેશરૂપ હોવા છતાં પાપનાશક છે, તેથી તેનાથી પાપનો નાશ થતો હોવાથી તે આપનો અનુગ્રહ જ છે.

'પાપ તો દરરોજ થયા જ કરે છે, જેમ દરરોજ રાત્રે અંધકાર થાય છે તેમ દરરોજ પાપ થયા કરે છે, અંધકાર મટાડવા જેમ દીવો કરીએ છીએ તેમ પાપ

૨. બીજાને જે દુઃખરૂપ જ હોવાથી દંડ ગણાય તેવું આ સર્પનું દમન તે હલકા દેહવાળો (જેને માટે નપુંસકલિંગ યોજેલ છે) હોવાથી તેને તો અનુગ્રહરૂપ જ છે. (પ્ર) સર્પને વિષનો મદ હતો, પરંતુ તેનું વિષ અહિં નિરર્થક થયું છે એમ તેને માટે નાન્યતરજાતિનું રૂપ યોજી દર્શાવ્યું છે. તેથી આ દમનથી તે પોતાનું વિષ નિરર્થક જાણે અને તેનો મદ ન રાખે એ તેના ઉપર અનુગ્રહ જ થયો ગણાય.

૩. શ્રીધરે અહિં 'કૃતો હિ નો' 'અમારા ઉપર કરેલો' અનુગ્રહ છે, એવી ટીકા કરેલી છે. આ વાક્ય નાગપત્નીઓ બોલે છે, તેમનો દંડ ભગવાને કરેલ નથી, તેથી 'તમે આ અમને દંડ કર્યો તે અનુગ્રહ જ છે' એમ તેઓ કહે તે યોગ્ય નથી. 'નઃ' શબ્દ કાલિયને માટે તેમણે યોજ્યો છે એમ માનીએ, તો તેનો મુખ્ય અર્થ ન લેતાં ઔપચારિક અર્થ લેવાથી 'લક્ષણા' થાય છે. તેથી એ વ્યાખ્યાનમાં આવા દોષો છે. (પ્ર) શ્રીમદાચાર્યચરણ સિવાયના બીજા લગભગ બધા ટીકાકારોએ શ્રીધર પ્રમાણે અર્થ કરેલો છે, તેમાં ઉપર જણાવેલા દોષો છે.

મટાડવા દંડ સહન કરવો એ નિરર્થક છે, યોગ્ય નથી; કારણ કે જેમ દીવો જતાં અંધકારના કારણભૂત રાત્રિ હોય ત્યાં સુધી અંધકાર પાછો દેખાય છે તેમ દંડ સહન કર્યા પછી પણ પાપ તો દરરોજ થયા કરવાનું. દરેક પ્રાણી પોતાનું દુઃખ મટાડવા આડાઅવળા ઉપાયો કરી પાપ કરે છે, તે પાપમાંથી છૂટવા દંડ સહન કરવાની આવશ્યકતા હોય તો જે દુઃખમાંથી છૂટવા એ પાપ કરેલું તે દુઃખ પાપમાંથી છૂટવા સહન કરવા પડતા દંડથી તો ઓછું હોય છે. તેથી જો પાપમાંથી છૂટવા દંડ સહન કરવાની આવશ્યકતા હોત તો કોઈ પણ પ્રાણી દુઃખમાંથી છૂટવા પાપ કરત જ નહિ, તેથી પાપમાંથી છૂટવા દંડ સહન કરવો એ યોગ્ય નથી' એવી શંકા થાય તેથી કહે છે કે 'જે પાપને લીધે આ દેહીનું સર્પપણું થએલું' તે પાપનો નાશ કરનાર આપે કરેલ દંડ છે. પહેલાં આ જીવ અસત્ 'દુષ્ટ' હતો એમ કહેલું છે. પાપથી તે અસત્ થએલો, તે જતું રહે તો તે અસત્ મટી સત્ થાય જ એ દેખીતું જ છે; વળી પાપથી તે સર્પ થયો, જે પાપથી તે સર્પ થયો તે પાપ પણ જતું રહે તો તેનું સર્પપણું પણ મટે જ. 'આ દેહીનું સર્પપણું થએલું' એમ અહિં 'દેહી' શબ્દ વાપર્યો છે, તેથી એમ દર્શાવ્યું છે કે જે પાપથી તે 'દેહી' એટલે દેહના સંબંધવાળો અને દેહના અભિમાનવાળો થયો તે પાપનો નાશ થતાં તેનો દેહનો સંબંધ અને તેનું દેહનું અભિમાન પણ જતું રહેશે. આપે આનો જે દંડ કર્યો તે આવી રીતે ઘણા અર્થ સાધે છે, તેથી તે દંડના કારણરૂપ આપે કરેલ ક્રોધ પણ અનુગ્રહ જ છે. આ (આ અમે કહીએ છીએ તે) માત્ર યુક્તિ (દલીલ) નથી, સત્પુરુષોએ એમ જ માનેલું છે, એ વાતમાં કોઈએ વિરોધ કરેલો નથી. તેથી આપે આ નાગને કરેલો દંડ અને દંડના કારણરૂપ આપનો ક્રોધ, એ બંને અનુગ્રહ (કૃપા) જ છે. ૩૪.

આનો આપે દંડ કર્યો છે કે એના ઉપર કૃપા કરી છે, એ વાત જવા દો; એક બહુ જ આશ્ચર્ય એ છે કે આપ આના ઉપર નૃત્ય કરો છો. આના ઉપર આપ નૃત્ય છો તેનું કારણ અમે જાણતાં નથી એમ આ શ્લોકમાં કહે છેઃ

**તપઃ સુતપ્તં કિમનેન પૂર્વં નિરસ્તમાનેન ચ માનદેન ।।**
**ધર્મોથ વા સર્વજનાનુકમ્પયા યતો ભવાંસ્તુષ્યતિ સર્વજીવઃ ।।૩૫।।**

આણે અભિમાન રહિત થઈ અને (બીજાને) માન આપનાર થઈ પહેલાં શું તપ સારી રીતે કર્યું હશે, અને સર્વ જીવો તરફ અનુકંપાથી કયો ધર્મ કર્યો હશે ! કારણ કે સર્વજીવ એવા આપ (તેના પર) પ્રસન્ન થયા છો. ૩૫.

ધર્મ બે પ્રકારનો છે પ્રવૃત્તિરૂપ(અમુક કાર્ય કરવાનો) અને નિવૃત્તિરૂપ (અમુક કાર્ય નહિ કરવાનો); તેમાં તપ એ નિવૃત્તિરૂપ ધર્મ છે, કારણ કે જે

૧. અસત્ ચીજનો એટલે સ્ત્રી, પુત્ર વિગેરેનો સંબંધ. (લે)

અસત્[1] ચીજનો સંબંધ આપણને[2] છે તે તજાવનાર એટલે તે સંબંધ નહિ રખાવનાર તપ છે; તેથી જ (તપસંબંધી) એવાં વચનો છે કે 'જ્યારે દીક્ષાવાળો હોય છે ત્યારે કૃશ(દુબળો) થાય છે પછી પવિત્ર થાય છે'. પ્રવૃતિરૂપ ધર્મ તો ફલ પ્રાપ્ત કરાવનાર છે એમ કહેવાય છે, જ્યારે પ્રવૃત્તિરૂપ ધર્મ દોષની ચિંતા મૂકાવી દઈ, પહેલાં ન હતું તેવું નવું ફલ પ્રાપ્ત કરાવે છે ત્યારે નિવૃત્તિરૂપ ધર્મ દોષો મટાડી પહેલાં જે ફલ હતું તે જ પ્રકટ કરે છે. ભગવાન્ તો (સર્વના) આત્મા[3] છે અને ઈશ્વર[4] છે, તે જ્ઞાનથી પ્રસન્ન થાય છે; અથવા ભક્તિથી પ્રસન્ન થાય છે (ધર્મથી પ્રસન્ન થતા નથી).

જો આ સર્પે પ્રથમ પક્ષ એટલે તપ કરેલું એમ માનીએ તો તેથી પણ આપ ભગવાન્ પ્રસન્ન થાવ નહિ, કારણ કે જે દોષો તપથી મટાડી શકાય નહિ તેવા દોષો તેનામાં હોય ત્યાં સુધી તપથી દોષો મટાડી શકાય નહિ (દોષ રહિત થવાય નહિ); આવો દોષ અહંકાર છે; આ અહંકાર દોષ તપથી જતો નથી. પણ ઉલટું 'હું તપસ્વી છું' એમ અહંકાર વધે છે. આપ (ભગવાન્) આના ઉપર પ્રસન્ન થયા છો જ, કારણ કે આપ તેના ઉપર નૃત્ય કરો છો. તપથી આપ પ્રસન્ન ન જ થાઓ ત્યારે આણે શું દિવ્ય તપ કર્યું હશે કે આપ પરમાત્મા તેના ઉપર પ્રસન્ન થયા છો ? લોકમાં હોય છે તેવા તપથી આપ પ્રસન્ન થાઓ નહિ; છતાં આપ પ્રસન્ન થયા છો તેથી આપની પ્રસન્નતા બીજી કોઈ રીતે સંભવતી નહિ હોવાથી એવું (આપને પ્રસન્ન કરનારું) દિવ્ય તપ પણ હશે, એવી કલ્પના કરીએ છીએ; તે પણ આણે સારી રીતે કર્યું હશે. દેશ, કાલ, વિગેરે સાધનો સારાં પ્રાપ્ત કર્યાં હશે અને તપ પણ સારી રીતે કર્યું હશે. તેમ ન હોય-દેશ કાલ વિગેરે આત્મશુદ્ધિના છ[5] (દેશ, કાલ, દ્રવ્ય કર્તા, મંત્ર અને કર્મ) સાધનો (જૂઓ તત્ત્વદીપ. ૨-૩૯) સારાં પ્રાપ્ત કરી સારી રીતે તપ ન કર્યું હોય તો છ ગુણોવાળા ભગવાન પ્રસન્ન થાય નહિ; તેમાં પણ બીજો અંદરનો દોષ[6] દૂર કરવા માટે એવા તપને પણ બીજા બે ધર્મોની જરૂર છે, તે બે ધર્મો 'અભિમાનરહિત થઈને અને (બીજાને) માન આપનાર થઈને' એ શબ્દોથી કહે છે. (૧) પોતે અભિમાન વિનાનો હોવો જોઈએ અને (૨) પોતે મોટો હોવા છતાં બીજો પોતાથી હલકો હોય તેને પણ માન આપતો હોવો જોઈએ. એ

૨. આપણને છે એટલે આપણા દેહમાં (દેહને) છે. (પ્ર)

૩. ભગવાન્ આત્મા એટલે વ્યાપક હોવાથી જ્ઞાનથી પ્રસન્ન થાય છે. (પ્ર)

૪. ભગવાન્ ઈશ્વર એટલે સર્વને નિયમમાં રાખનાર હોવાથી ભક્તિથી પ્રસન્ન થાય છે. (પ્ર)

૫. દેશ વિગેરે શુદ્ધિના છએ સાધનો શુદ્ધ હોવાથી દોષરહિત છ ગુણવાળું તપ થાય, તેથી એવા છ ગુણવાળા તપથી જ છ ગુણવાળા ભગવાન્ પ્રસન્ન થાય. (લે)

૬. વિષયોની અભિલાષાથી ચિત્ત વ્યગ્ર થાય એ અંદરનો દોષ. (લે)

બે ગુણો હોય તો[7] પોતાથી કરાએલું અને બીજાએ (પોતામાં ઉત્પન્ન) કરેલું અભિમાન જાય.

આ પક્ષ (તપ)નો વિચાર કરતાં, તેનાથી (આવા દિવ્ય તપથી) ભગવાનની પ્રસન્નતા થાય, તો પણ જેને લીધે ભગવાન્ નૃત્ય કરે તેટલી તેમની પ્રસન્નતા થાય નહિ; તેથી 'અથવા સર્વ જીવો તરફ અનુકંપાથી ધર્મ કર્યો હશે' એ શબ્દોથી બીજો પક્ષ (ધર્મસંબંધી) કહે છે. પહેલા પક્ષ(તપ)નો વિચાર કરતાં ભગવાનની બહારની પ્રસન્નતારૂપ નૃત્યનું કારણ સંભવતું નથી અને ભગવાનની પ્રસન્નતા અને નૃત્ય બંને અહિં થએલાં હોવાથી, બંને થાય તેવું કારણ શોધવું જોઈએ. 'વા' શબ્દ સમુચ્ચય (અને)ના અર્થમાં યોજાએલ છે. 'વા' શબ્દનો પ્રયોગ કર્યો છે તેથી એમ જણાય છે કે તેણે નિવૃત્તિ ધર્મરૂપ તપ કર્યું હોય અથવા ન કર્યું હોય, તો પણ ભગવાનની બહારની પ્રસન્નતાના (નૃત્યના) કારણની જરુર અપેક્ષા રહે છે. (તેનું કારણ કાંઈ હોવું જ જોઈએ). 'અથ' શબ્દથી (તે કારણ શોધવા) જૂદો આરંભ કરે છે, તેથી (એમ સૂચવ્યું છે કે) ધર્મશાસ્ત્ર પ્રમાણે ધર્મ આચરવાથી આવું ફલ પ્રાપ્ત થતું નથી, પણ ભગવચ્છાસ્ત્ર પ્રમાણે જ ભગવદ્ધર્મ આચરવાથી જ આવું ફલ પ્રાપ્ત થઈ શકે છે. તેવા ધર્મમાં પણ એક દોષ[8] મટાડવાનો રહે છે. જો દ્રવ્યમય (જેમાં દ્રવ્યનો ઉપયોગ કરવાનો હોય તેવો) ધર્મ હોય તો તેનાથી બીજાઓને (જેના દ્રવ્યનો ઉપયોગ થાય તેને) ઉપદ્રવ થાય છે; જો ક્રિયામય (કર્મ કરવાથી થાય તેવો) ધર્મ હોય તો તેનાથી પોતાને (કર્મ કરતાં શ્રમ થાય તેથી) ઉપદ્રવ થાય છે; અને જ્ઞાનમય (જેમાં જ્ઞાન પ્રાપ્ત કરવાની જરુર હોય તેવો) ધર્મ હોય તો તેથી પણ પોતાને (જ્ઞાન પ્રાપ્ત કરવામાં શ્રમ થાય તેથી) ઉપદ્રવ થાય છે. તપમાં પણ આ જ (પોતાને થતો ઉપદ્રવરૂપ) અડચણ હતી, તેથી એ દોષ દૂર કરવા 'સર્વ જીવો તરફ અનુકંપાથી' એ શબ્દો યોજેલા છે. સર્વ જીવો તરફ જે અનુકંપા તે જેમાં છે તે ધર્મમાં પોતાનો અથવા બીજાનો દ્રોહ (ઉપદ્રવ) થવાની સંભાવના નથી. ભગવાનનાં શ્રવણ અને કીર્તનમાં અને તેમાં પણ (ખાસ કરીને) કીર્તનમાં[9] પોતાનો અથવા બીજાનો દ્રોહ થવાની સંભાવના થતી નથી, (તેથી તે આવો દ્રોહરહિત ધર્મ છે).

---

૭. જો એ બે ધર્મો સર્પમાં હોત તો હાલ પણ તે એવા સ્વભાવનો (અહંકાર વિનાનો) હોત પણ તે તેવો નથી, તેથી એવું સાધન તેણે કર્યું નથી એમ નક્કી થાય છે એવો અર્થ છે. (પ્ર)

૮. ઉપદ્રવ કરવારૂપ દોષ. (લે)

૯. કીર્તન કરવામાં બીજા કોઈની જરૂર રહેતી નથી, તેથી બીજાનો દ્રોહ થતો નથી. કીર્તન કરનારને કોઈ જાતની અપેક્ષા (કાંઈ મેળવવાની ઈચ્છા) નથી, તેથી તેનાથી પોતાનો દ્રોહ પણ થતો નથી.(પ્ર)

'ભગવાનની પ્રસન્નતા કરાવનાર ભગવાનની પરિચર્યા (સેવા) વિગેરે ભગવદ્‌ધર્મો છે, છતાં આ કીર્તનને જ ભગવાનની પ્રસન્નતા કરાવનાર અને સર્વના ઉપર ઉપકાર કરનાર ધર્મ કેમ કહ્યો ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ભગવાન્ 'સર્વજીવ' છે. ભગવાન્ સર્વને જીવાડે છે તેથી તે સર્વજીવ છે, અથવા સર્વ જીવો જેમાંથી (નીકળ્યા) છે તેવા ભગવાન્ હોવાથી તે સર્વજીવ છે; અથવા ભગવાન્ સર્વ જીવોના જીવાત્મારૂપ હોવાથી સર્વજીવ છે. ભગવાન્ આવા સર્વજીવ હોવાથી, જે ધર્મથી સર્વ જીવો ઉપર ઉપકાર થાય તેવા ધર્મથી તે પ્રસન્ન થાય તે યોગ્ય જ છે. આથી જ[10] (ભગવાન્ સર્વજીવ હોવાથી જ એમ પણ સૂચવ્યું છે, કે સર્પે કોઈ અપરાધ કર્યો નથી, (કારણ કે તેના પણ આત્મા આપ ભગવાન્ જ છો).

આવો ધર્મ સર્પે આચર્યો હોય એ બહુ નવાઈ જેવું છે, કારણ કે સર્પની યોનિ, જીવનો સ્વભાવ (સર્પનો સ્વભાવ) અને તેનું કર્મ (પ્રાણીઓનો સંહાર), એ ત્રણે આવા ધર્મના આચરણથી વિરુદ્ધ છે. ૩૫.

એ (ગયા શ્લોકમાં કહેલું આશ્ચર્ય) ભલે રહ્યું. તેથી પણ અધિક આશ્ચર્ય છે તે હવે[1] કહે છેઃ

**કસ્યાનુભાવોસ્ય ન દેવ વિદ્મહે તવાંઘ્રિરેણુસ્પર્શાધિકારઃ ।।**
**યદ્વાઞ્છયા શ્રીર્લલનાચરત્તપો વિહાય કામાન્ સુચિરં ધૃતવ્રતા ।।૩૬।।**

હે દેવ ! અમે જાણતા નથી (કે) એ કોનો પ્રભાવ છે કે જેનાથી આને આપના ચરણની રેણુના સ્પર્શનો અધિકાર થયો, જેની (આપના ચરણારવિંદની રેણુના સ્પર્શની) ઈચ્છાથી સ્ત્રી લક્ષ્મીએ લાંબા સમય સુધી કામનાઓ ત્યજી વ્રત ધારણ કરી તપ કર્યું. ૩૬.

ભગવાનના ચરણારવિંદની રેણુઓ ભગવદીય દેહ પ્રાપ્ત કરાવનારી છે. એમ અમે (શ્રીમદાચાર્યચરણે) પહેલાં (પાછળ શ્રીસુબોધિનીમાં) કહેલું છે. તેવી ભગવદીય દેહ પ્રાપ્ત કરાવનારી ભગવાનના ચરણારવિંદની રેણુઓનો સંબંધ આ સર્પને થયો, તેથી એમ જણાય છે કે તે ભગવદીય દેહ પ્રાપ્ત કરશે. મર્યાદાનો એવો નિયમ છે કે કરોડો જન્મો સુધી પ્રાપ્ત કરેલ ત્રણ પ્રકારના[2] ધર્મથી જેઓનાં ભૂતોને[3] સંસ્કાર થએલો છે તેવાઓને જ ભગવાનના ચરણારવિંદની રેણુનો સ્પર્શ

---

૧૦. આથી જ એટલે ભગવાન્ સર્વના આત્મા છે તેથી જ (પ્ર)

૧. હવે એટલે અહિંથી ત્રણ શ્લોકોથી (શ્લોક ૩૬ થી૩૮ સુધીમાં). (લે)

૨. શ્રૌત, સ્માર્ત અને ભગવદીય એ ત્રણ પ્રકારના. (પ્ર) સાત્ત્વિક વિગેરે (સાત્ત્વિક, રાજસ અને તામસ એ) ત્રણ પ્રકારના. (લે)

૩. ભૂતો એટલે ચરણમાં રહેલી રેણુઓ. (લે) અહિં ભૂતો કહેલ છે જેનાથી સૂક્ષ્મદેહ બનેલો છે તે પંચમહાભૂતો હોવાં જોઈએ એમ જણાય છે.

થાય છે અને તે તેઓના દેહને ભગવદીય બનાવે છે.

જેઓનાં ભૂતોને સાધારણ સંસ્કાર થએલો હોય તેવાઓને ભગવાનના ચરણારવિંદની રેણુઓનો સ્પર્શ થાય એવું (કદાચ) બને[૪], પણ તેવું બનવાનું કાંઈ કારણ તો કહેવું જ (હોવું જ) જોઈએ. તે કારણ કોઈ ક્રિયારૂપ (ધર્મરૂપ) હોઈ શકે નહિ (કારણ કે ધર્મનો તો સાધારણ જ સંસ્કાર છે, અને) ધર્મથી તો ઉપર જણાવ્યું તેમ (કરોડો જન્મો સુધી પ્રાપ્ત કરેલ ધર્મના સંસ્કારથી જ તેવો અધિકાર પ્રાપ્ત થાય છે અને) અધિકારીઓને જ ભગવદીય દેહની પ્રાપ્તિ થાય છે. તેથી સાધારણ સંસ્કારવાળાને ભગવાનના ચરણારવિંદની રેણુઓનો સ્પર્શ થાય તેનું કારણ અલૌકિક હોવું જોઈએ (કારણ કે) આવો અલૌકિક પ્રભાવ કોઈનો હોવાનું લોકમાં જાણવામાં આવ્યું નથી. આ સર્પને ધર્મનો સાધારણ જ સંસ્કાર હોવા છતાં આપના ચરણારવિંદની રેણુઓનો સ્પર્શ થયો છે, તેથી આનો પણ કોઈનો એવો પ્રભાવ છે (આનામાં કોઈનો એવો પ્રભાવ છે) એમ જણાય છે; પણ કોનો તે પ્રભાવ છે, તેનો નિર્ણય (અમારાથી થઈ શકતો નથી). તે પ્રભાવનું પ્રયોજન (ફલ) આપના ચરણારવિંદની રેણુઓના સ્પર્શનો અધિકાર છે; તે એવો પ્રભાવ છે કે જેનાથી આપના ચરણારવિંદની રેણુઓના સ્પર્શ માટે અધિકાર પ્રાપ્ત થાય છે.

ગુણાતીત જીવો જ આપના ચરણારવિંદની રેણુઓના સ્પર્શના અધિકારી છે, પરંતુ સગુણ જીવોને કોઈ રીતે એ અધિકાર પ્રાપ્ત થતો નથી; કારણ કે મોટા મોટા (ઊંચા અધિકારવાળા) પણ સગુણ જીવો તે પ્રાપ્ત કરી શકતા નથી, એમ આ શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે. લક્ષ્મી ભગવાનની સાત્ત્વિક શક્તિ છે, તેનો પણ જો આ અધિકાર ન હોય તો પછી બ્રહ્મા, રુદ્ર અને તેમના સંબંધીઓને તો એ ન જ હોઈ શકે.

લક્ષ્મી તો બ્રહ્માનંદરૂપ પણ છે (બ્રહ્માનંદરૂપ લક્ષ્મી નિર્ગુણ છે) તેથી (તે સગુણ નહિ હોવાથી) તેની અહિં વાત કરતા નથી. એમ જણાવવા 'સ્ત્રી' પદ યોજ્યું છે. તેથી જે લક્ષ્મી સ્ત્રીરૂપ[૫] એટલે શક્તિરૂપ છે તેની અહિં વાત કરીએ છીએ). આ શબ્દથી ભગવાનની અંતરંગ દાસી થએલી લક્ષ્મી જણાવેલી છે. તે પણ ભગવાનનું દાસ્ય સિદ્ધ થાય (ફલે. તેનાથી ચરણારવિંદની રેણુઓના સ્પર્શનો અધિકાર થાય) તે માટે તપ કરે છે, છતાં તેને (એ અધિકાર) પ્રાપ્ત થયો નથી. આ લક્ષ્મીનું સ્થાન ત્રણ ગુણો જ[૬] છે, પણ ભગવાનના ચરણારવિંદમાં તેને

૪. (કારણ કે ભગવાન્ પોતાની) ઈચ્છાથી જ તેઓને પોતાના ચરણારવિંદની રેણુઓનો સ્પર્શ કરાવે. (પ્ર)

૫. સત્ત્વના અધિષ્ઠાતા વિષ્ણુની સ્ત્રી. (લે)

૬. ત્રણ ગુણો જ તેનું સ્થાન છે, એટલે તેનું જ્ઞાન સગુણ છે, કારણ કે કામની કામનાઓવાળા

સ્થાન નથી એ સર્વને પ્રસિદ્ધ જ છે.

'તે લક્ષ્મી તો સ્ત્રી હોવાથી ભોગની ઈચ્છા કરે છે, અને ભોગની ઈચ્છા તેને એ અધિકાર પ્રાપ્ત કરવામાં પ્રતિબંધ કરે છે (આડી આવે છે, નડે છે)' એવી શંકા થાય, તેથી કહે છે કે 'કામનાઓ ત્યજીને' તે તપ કરે છે. અંતઃકરણની ઈચ્છાઓરૂપ બધાય ધર્મોને તદ્દન ત્યજી દઈ તે તપ કરે છે, (છતાં તેને એવો અધિકાર મળ્યો નથી).

'તેણે તો લાંબા સમય સુધી તપનો આદર કર્યો નથી અને નિરંતર (અટક્યા વિના) તપ કર્યું નથી, તેથી તેને એવો અધિકાર મળ્યો નથી' એવી શંકા થાય, તેથી કહે છે કે 'લાંબા સમય સુધી વ્રત ધારણ કરીને' તેણે તપ કરેલું. તેણે વ્રત ધારણ કરીને, વ્રત પાળીને તપ કર્યું. (તેથી તપમાં તેનો આદર અને નિરંતરતા પણ હતાં જ, કારણ કે) વ્રત ધારણ કરીને તપ કરવાથી તેમાં આદર અને નિરંતરતા થાય છે.

ભગવાનના ચરણારવિંદની રેણુઓ બહુ ઉત્તમ છે, તેનો સ્પર્શ પ્રાપ્ત કરવાના સાધનનો વિચાર કરતાં, તેવા સ્પર્શની યોગ્યતા આ સર્પમાં નથી, એમ આ પ્રમાણે સાબિત કરેલું છે[૭]. ૩૬.

(સાધનનો વિચાર કરી આ સર્પને ભગવાનના ચરણારવિંદની રેણુના સ્પર્શનો અધિકાર નથી, એવો નિશ્ચય ગયા શ્લોકમાં કર્યો). હવે આ શ્લોકમાં (ભગવાનના ચરણારવિંદની રેણુઓનું) માહાત્મ્ય જણાવતાં, ફલનો વિચાર કરતાં પણ સર્પને તેના સ્પર્શનો અધિકાર નથી એમ જણાવે છેઃ

**ન નાકપૃષ્ઠં ન ચ સાર્વભૌમં ન પારમેષ્ઠ્યં ન રસાધિપત્યમ્ ।।**
**ન યોગસિદ્ધીરપુનર્ભવં વા વાઞ્છન્તિ યત્પાદરજઃ પ્રપન્નાઃ ।।૩૭।।**

જે (જીવો) ચરણકમલની રજને શરણે આવેલા છે તે સ્વર્ગની, સાર્વભૌમની, પારમેષ્ઠ્યની, રસાધિપત્યની, યોગની, સિદ્ધિઓની અથવા મોક્ષની પણ ઈચ્છા રાખતા નથી. ૩૭.

લોકમાં ત્રણ પ્રકારના ધર્મોથી પ્રાપ્ત થતાં ફલો નીચે જેટલાં જણાવવામાં આવે છે તેટલાં છે. ૧. સાત્ત્વિક ધર્મથી પ્રાપ્ત થતું સ્વર્ગ જેને નાકપૃષ્ઠ કહે છે અને જ્યાં ઈન્દ્ર વિગેરે (દેવો) રહે છે. ૨. રાજસધર્મથી પ્રાપ્ત થતું સાર્વભૌમ એટલે સર્વે ભૂમિનું અધિપતિપણું. ૩. જ્ઞાનસહિત સાત્ત્વિક અને રાજસ, એ બેઉ પ્રકારના

સગુણ (જીવો)માં જ તે રહે છે, પણ ગુણાતીત ભગવાનના ચરણનો આશ્રય કરેલ ભક્તોમાં રહેતી નથી. (લે)

૭. આ છેલ્લા પેરામાં આ શ્લોકનો વાક્યાર્થ કહેલો છે. આ શ્લોકની વ્યાખ્યાના પ્રારંભમાં ૩૬ થી ૩૮ સુધીના શ્લોકોનો વાક્યાર્થ કહેલો છે.(લે)

ધર્મથી પ્રાપ્ત થતું પારમેષ્ઠ્ય એટલે બ્રહ્માનું સ્થાન. ૪.તામસધર્મથી પ્રાપ્ત થતું રસાધિપતિપણું ૫. નિવૃત્તિધર્મથી સિદ્ધ થતો યોગ. ૬.ધ્યાન વિગેરેથી પ્રાપ્ત થતી અણિમા વિગેરે (આઠ) સિદ્ધિઓ. ૭.સર્વસાધ્ય[1] અપુનર્ભવ એટલે મોક્ષ. આટલાં ફલો (લોકમાં જણાય છે). 'વા' શબ્દથી આમાં જે કહેલાં નથી તેવાં સર્વ ફલોનો સંગ્રહ અને તે બધાં(નજીવાં હોવાથી તેમ)નો અનાદર સૂચવેલો છે. ભગવાનના ચરણારવિંદની જે[2] રજ તેને શરણે આવેલા (જીવો) આ બધાં ફલોની ઈચ્છા રાખતા નથી. માત્ર એ ચરણરજને શરણે આવવાથી પણ આ બધાં ફલોની તેઓ ઈચ્છા રાખતા નથી, તો પછી એ રજ તેમને પ્રાપ્ત થયા પછી તો તેઓ તેમની ઈચ્છા ન રાખે એમાં કહેવું જ શું ! ૩૭.

એ પ્રમાણે ભગવાનના ચરણારવિંદની રજ મહાફલરૂપ છે, એમ જણાવી તે રજ આ સર્પે પ્રાપ્ત કરેલી હોવાથી આ શ્લોકમાં તેના ભાગ્યની પ્રશંસા કરે છેઃ

**તદેષ નાથાપ દુરાપમન્યૈસ્તમોજનિઃ ક્રોધવશોપ્યહીશઃ ।।**
**સંસારચક્રે ભ્રમતઃ શરીરિણો યદિચ્છતઃ સ્યાદ્ વિભવઃ સમક્ષઃ ।।૩૮।।**

હે નાથ! બીજાઓને પ્રાપ્ત થવી કઠણ તેવી, એ (આપના ચરણારવિંદની રજ) તમોગુણથી જેનો જન્મ થએલો છે તેવા આ સર્પરાજે ક્રોધને વશ હોવા છતાં પ્રાપ્ત કરી છે; જે(રજ)ની ઈચ્છાવાળા સંસારચક્રમાં ભ્રમણ કરતા દેહીને વિભવ (ઉત્તમ ફલ) પ્રત્યક્ષ થાય છે. ૩૮.

'નાથ' એ સંબોધનથી સર્પને એ ચરણરેણુ પ્રાપ્ત થાય એ યોગ્ય છે એમ કહે છે, બીજાઓને તે પ્રાપ્ત થવી કઠણ હોવા છતાં આણે (આ સર્પે) તે પ્રાપ્ત કરી છે. આ સર્પનો તે પ્રાપ્ત કરવાનો અધિકાર નથી, એમ દર્શાવનાર તેના ધર્મો(ગુણો) 'તમોગુણથી જેનો જન્મ થએલો છે' વિગેરેથી કહે છે; કેવલ તમોગુણથી જ જેની 'જનિઃ' એટલે જન્મ થએલ છે એવો આ સર્પ છે. આથી તે મૂલથી અશુદ્ધ છે (તેનું મૂલ પણ અશુદ્ધ છે) એમ કહેલું છે; વળી તે 'ક્રોધને વશ' છે, એટલે તેનાં કાર્ય (કર્મો) અશુદ્ધ છે; વળી તે 'સર્પરાજ' (સર્પોનો રાજા) છે, એટલે તેનો સંસર્ગ (સંગ, સોબત) પણ અશુદ્ધ છે એમ કહેલું છે; વળી તે 'રાજા' હોવાથી બીજા(તેના તાબાના સર્પો)એ કરેલાં પાપનો પણ તેને સંબંધ થાય છે એમ કહેલું છે, આવી રીતે તે સર્વ દોષનું ધામ હોવા છતાં તેને સર્વથી ઉત્તમ અને

---

૧. સર્વસાધ્ય 'જે' સર્વમાં બ્રહ્મબુદ્ધિ રાખવાથી પ્રાપ્ત થાય તેવો, અથવા સર્વનું હિત કરવાથી પ્રાપ્ત થાય તેવો. (પ્ર)

૨. મૂલ શ્લોકમાં 'યત્' 'જે' છે તે બીજી વિભક્તિનું એકવચન છે અને 'રજઃ'નું વિશેષણ છે. (લે)

દુર્લભ ફલ (ભગવાનના ચરણની રજ) પ્રાપ્ત થયું તે માત્ર ભગવાનની ઈચ્છાથી જ થએલ છે, એમ આ શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે. અકસ્માતથી (એકાએક કાંઈ પણ સાધન વિના) આ ફલ ભગવાનની ઈચ્છાથી જ પ્રાપ્ત થાય એવો નિર્ણય કરીએ છીએ, કારણ કે (સંસારરૂપી) ચક્રમાં જે પડેલ હોય તે સર્વ સ્થલે પરિભ્રમણ કરે છે (ફર્યા કરે છે). ભગવાન્ પધારે ત્યારે તે (ફરતો ફરતો) ભગવાનના ચરણમાં પણ આવે, તેથી આ ફલ પ્રાપ્ત થવામાં કર્મ વિગેરે કોઈ કારણ (સાધન) નથી; પણ ભગવાનના ચરણારવિંદની રેણુ એવી છે કે તેની ઈચ્છા જે પુરુષ કરે તે સાધન વિનાનો હોવા છતાં તેને 'વિભવઃ' એટલે ઉત્તમ ફલ કોઈવાર પ્રત્યક્ષ થાય છે.

('યદિચ્છતઃ' પાઠ લેતાં એ પ્રમાણે અર્થ થયો). 'યદચ્છતઃ' એવો પાઠ લઈએ, તો સંસારચક્રમાં ભ્રમણ કરતા પુરુષને 'યદચ્છાથી' એટલે અકસ્માત અથવા ભગવાનની ઈચ્છાથી તે (ભગવાના ચરણારવિંદની રજ) ફલ પ્રાપ્ત થાય છે, એવો અર્થ થાય છે. ૩૮.

કાલિય ઉપર ભગવાન્ પ્રસન્ન થયા, અને તેમના ચરણારવિંદ(ની રેણુ)નો તેને સ્પર્શ થયો વિગેરે તેના ભાગ્યની એવી રીતે પ્રશંસા કરી, કાલિયના સંબંધથી તેઓ (કાલિયની પત્નીઓ) પણ ભગવાનને નમસ્કાર કરવાના અધિકારવાળી થઈ; તેથી અહિંથી દશ (૩૯ થી ૪૮) શ્લોકથી ભગવાનને નમસ્કાર કરે છેઃ

**દશ રૂપાણિ તુ હરેર્મૂલરૂપઃ સ્વશાસ્ત્રતઃ ।।**
**વેદાન્તવેદ્યરૂપશ્ચ જગદ્રૂપસ્તથૈવ ચ ।।૧૧।।.।।**

હરિનાં દશરૂપો છે. ૧.પોતાના શાસ્ત્ર પ્રમાણે મૂલરૂપ, ૨.વેદાંતથી જેનું જ્ઞાન થાય છે તે રૂપ અને ૩.તેવી જ રીતે જગદ્રૂપ. કા.૧૧।।.

હરિનાં તો દશરૂપો છે. ૧.પોતાના શાસ્ત્ર(ભગવચ્છાસ્ત્ર; ભાગવત) પ્રમાણે મૂલરૂપ. આ (૩૯મા) શ્લોકમાં મૂલરૂપ ભગવાનને નમસ્કાર કરે છે. 'ભગવાન્', 'સર્વોત્તમ' અને 'વ્યાપક' એ પદોથી અહિં જે રૂપને નમસ્કાર કરે છે તે 'મૂલરૂપ' છે. ૨.વેદાંતવેદ્યરૂપ (વેદાંતથી એટલે ઉપનિષદોથી જેનું જ્ઞાન થાય છે તે રૂપ. આ રૂપને ૪૦મા શ્લોકમાં નમસ્કાર કરે છે. તેમાં 'જ્ઞાન અને વિજ્ઞાનના નિધિ' 'બ્રહ્મ' 'અનંતશક્તિવાળા' પદો છે તેથી આ રૂપ જણાવેલું છે. ૩.જગદ્રૂપ. શ્લોક ૪૧માં આ રૂપને નમસ્કાર કરે છે, એમ તેમાં 'વિશ્વને' શબ્દ છે તેથી જણાવેલું છે. (યો) આ રૂપને પણ વેદાંતમાં જણાવેલ પ્રકારથી જ નમસ્કાર કરે છે, એમ 'તથૈવ ચ' અને 'તેવી જ રીતે' શબ્દોથી કહેલ છે. (પ્ર)

**સંઘાતજીવરૂપશ્ચ નાનારૂપશ્ચ શાસ્ત્રતઃ ।।**
**એવં પ્રમેયરૂપાણિ પઞ્ચધોક્તાનિ વૈ હરેઃ ।।૧૨।।.।।**

૪.સંઘાતજીવરૂપ અને ૫.શાસ્ત્ર પ્રમાણે નાનારૂપ, એવી રીતે પાંચ પ્રકારે હરિનાં પ્રમેયરૂપો કહેલાં છે. કા.૧૨ાા.

૪.સંઘાતજીવરૂપ. આ રૂપને ૪૨મા શ્લોકથી નમસ્કાર કરે છે, એમ તેમાંના 'ભૂત, ઈન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારરૂપને' એ શબ્દોથી કહેલ છે (યો). આ રૂપ પણ વેદાંતમાં કહેલ છે, તેમજ સાંખ્યમાં પણ કહેલ છે. (પ્ર) ૫.'શાસ્ત્રથી નાનારૂપ(નામસૃષ્ટિરૂપ)ને ૪૩મા શ્લોકમાં નમસ્કાર કરેલ છે, એમ તેમાં 'અનંતને' પદ છે તેથી જણાવેલુ છે; એવી રીતે ભગવાનનાં પ્રમેયરૂપો પાંચ પ્રકારે કહ્યાં. આ પાંચ ભગવાનનાં પ્રમેયરૂપો છે.

**વેદાર્થરૂપસ્તન્ત્રાર્થો ગુણાર્થો હ્યવતારકૃતમ્ ।।**
**અન્તર્યામી ચ ભગવાન્ દશધોક્તઃ સ્વલીલયા ।।૧૩ાા.।।**

૬.વેદાર્થરૂપ ૭.તંત્રાર્થરૂપ ૮.ગુણાર્થરૂપ ૯.અવતાર લેનાર અને ૧૦.અંતર્યામી, (એમ) પોતાની લીલાથી ભગવાનનાં દશ પ્રકારનાં (રૂપો) કહેલાં છે. કા.૧૩ાા.

૬.વેદાર્થરૂપ. આ રૂપને ૪૪મા શ્લોકમાં નમસ્કાર કરે છે, એમ તેમાં 'પ્રમાણોનું મૂલ' વિગેરે શબ્દો છે તેથી જણાવેલું છે. (યો) વેદાર્થરૂપ એટલે વેદરૂપ અને વેદના અર્થરૂપ. (લે) ૭.તંત્રાર્થરૂપ એટલે તંત્રમાં જણાવેલું રૂપ. (લે) આ રૂપને ૪૫મા શ્લોકમાં નમસ્કાર કરે છે, એમ એ શ્લોકમાં 'વ્યૂહસહિત પુરુષોત્તમ'નું નિરૂપણ કરેલું છે તેથી જણાવેલું છે. ત્યાં 'રામને' 'વસુદેવસુતને' 'પ્રદ્યુમ્નને' અને 'અનિરુદ્ધને' શબ્દોથી સંકર્ષણ, વાસુદેવ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ, એ ચાર વ્યૂહો કહેલા છે અને 'શ્રીકૃષ્ણ' પદથી સચ્ચિદાનંદ પુરુષોત્તમનું નિરૂપણ કરેલું છે. (યો) ૮.ગુણાર્થરૂપ, આ રૂપને ૪૬મા શ્લોકમાં નમસ્કાર કરે છે, એમ તેમાંના 'ગુણપ્રદીપને' વિગેરે શબ્દોથી જણાવેલ છે. ૯.અવતાર લેનારરૂપ, આ રૂપને ૪૭મા શ્લોકમાં નમસ્કાર કરે છે, એમ 'અવ્યાકૃત વિહારવાળા' વિગેરે શબ્દોથી જણાવેલું છે. ૧૦.અંતર્યામીરૂપ, આ રૂપને ૪૮મા શ્લોકમાં નમસ્કાર કરે છે, એમ તેમાંના 'મોટા નાનાની ગતિ જાણનાર' વિગેરે શબ્દોથી જણાવેલ છે. આ રીતે ભગવાનની દશ પ્રકારની લીલાથી દશ પ્રકારનાં રૂપ થાય છે, તેથી નાગપત્નીઓ દશ શ્લોકથી તેમને નમસ્કાર કરે છે. (યો)

'વેદમાં પૂર્વકાંડમાં કર્મરૂપ ભગવાનનું (યજ્ઞનું) નિરૂપણ કરેલું છે, અને ઉત્તરકાંડમાં બ્રહ્મનું નિરૂપણ કરેલું છે, તેથી વેદમાં ભગવાનનાં બે જ રૂપ કહેલાં છે, અને તંત્રમાં ભગવાનના ચાર વ્યૂહો કહેલા હોવાથી ભગવાનનાં ચાર રૂપનું જ નિરૂપણ કરેલું છે, છતાં અહિં દશ શ્લોકથી ભગવાનને કેમ નમસ્કાર કરવામાં આવે છે?' એવી શંકા થાય, તેથી જણાવ્યું છે કે ભગવાનનાં દશ રૂપો છે. શ્રીમદ્

ભાગવતમાં ભગવાનનાં દશ રૂપો કહેલાં છે. ભાગવતશાસ્ત્ર પ્રમાણે ભગવાનનાં દશ રૂપો હોવાથી દશ શ્લોકોથી નાગપત્નીઓ ભગવાનને નમસ્કાર કરે છે. (પ્ર) ભગવાનની દશ લીલાઓ ભાગવતમાં કહેલી છે. દરેક લીલાનું સ્વરૂપ જૂદું જણાવી તે સ્વરૂપને નમસ્કાર કરેલા છે.

જેની સ્તુતિ કરવાની હોય તે કોણ છે, કેટલો છે, કેવા ગુણોવાળો છે, એ જાણીને જ[1] સ્તુતિ કરવી જોઈએ. અહિં ભગવાનની સ્તુતિ નાગપત્નીઓ કરે છે. તે ભગવાન્ દશ પ્રકારની લીલા કરતા હોવાથી દશ પ્રકારના છે; અને તે દરેક લીલામાં જેટલાં તેમનાં અવાંતરરૂપ (પેટારૂપ) છે, તે બધાં અહિં કહેવામાં આવે છે. ભગવાનની દશ પકારની લીલામાં પ્રથમ સૃષ્ટિલીલા (સર્ગ) છે, તે લીલાનું વર્ણન કરતાં પુરુષોત્તમરૂપ ભગવાનનું નિરૂપણ કરતાં, તેમને નાગપત્નીઓ આ શ્લોકમાં નમસ્કાર કરે છેઃ

**નમસ્તુભ્યં ભગવતે પુરુષાય મહાત્મને ।।**
**ભૂતાવાસાય ભૂતાય પરાય પરમાત્મને ।।૩૯।।**

આપ ભગવાન્, પુરુષ, મહાન્ આત્મા, ભૂતોના આવાસ(રહેઠાણ), ભૂતરૂપ, નિયામક, સર્વોત્તમ અને વ્યાપકને નમસ્કાર કરીએ છીએ. ૩૯.

જે (જગતના) મૂલભૂત ભગવાન્ છે તે જ આપ છો. એમ 'આપ ભગવાનને નમસ્કાર કરીએ છીએ' એ શબ્દોથી કહે છે. આવિર્ભાવ પામેલું અને આવિર્ભાવ નહિ પામેલું, એવાં ભગવાનનાં બંને રૂપો[2] આ જ છે. પછી 'પુરુષ, મહાત્મા(મહાન્+આત્મા)' એ બે શબ્દોથી[3] એવું નિરૂપણ કરે છે કે આ ભગવાન્ પુરુષોત્તમ છે. તે સર્વથી ઉત્તમ હોવા છતાં તેમનો જન્મ થએલો છે, તેથી તેમને

૧. 'સ્વરૂપ જાણીને જ સ્તુતિ કરવી જોઈએ' એ યોગ્ય જ છે, કારણ કે સ્વરૂપ જાણ્યા વિના સ્તુતિ કરે તો ભગવાન્ એ સ્તુતિને 'આરોપિત' (બીજાના ગુણો ભગવાનના છે એમ જણાવનારી) માને. તેથી ભગવાન્ સંબંધી પોતાનું જ્ઞાન કેવું છે, એમ દર્શાવવા સ્વરૂપનું વર્ણન કરે છે એવો અર્થ છે. (લે)

સ્વરૂપ જાણીને જ સ્તુતિ કરવી જોઈએ એ યોગ્ય જ છે, કારણ કે 'એક પ્રકારના આત્માને જે બીજા પ્રકારનો માને છે, તે આત્માને હરનાર ચોરે શું પાપ નથી કર્યું ?' એ શ્રુતિ જાણ્યા વિના સ્તુતિ કરનારની નિંદા કરે છે. આ ભગવાન્ માત્ર વેદાર્થરૂપ નથી, પણ ભાગવતાર્થરૂપ પણ છે; તેથી (દશ પ્રકારની લીલા કરનાર હોવાથી દશ રૂપવાળા છે). (પ્ર)

૨. પરમકાષ્ઠપન્ન વસ્તુનાં બે રૂપ છે. ૧.આવિર્ભાવ પામેલું રૂપ. આ રૂપ 'આપ' શબ્દથી જણાવેલ છે. ૨.આવિર્ભાવ નહિ પામેલું રૂપ. આ રૂપ 'ભગવાન્' શબ્દથી જણાવેલ છે.(યો)

૩. શ્રીકૃષ્ણ સર્વથી ઉત્તમ છે, પણ નંદને ઘેર તેમનો જન્મ થયો છે, તે નૃસિંહની પેઠે પોતાની મેળે પ્રકટ થયા નથી. જન્મ ગર્ભ વિગેરેની અપેક્ષા રાખે છે તેથી જેનો જન્મ થાય તે પુરુષોત્તમ હોઈ શકે નહિ, એવી શંકા ન થાય તે માટે પુરુષોત્તમપણું આ બે શબ્દોથી સિદ્ધ કરે છે.

બીજાની અપેક્ષા રહે એમ જણાય; તેથી તેમને બીજાની અપેક્ષા નથી અને તે પુરુષોત્તમ છે, એમ પુરુષ અને મહાન્ આત્મા, એ બે પદોથી જણાવેલું છે. તે મહાન્ છે અને આત્મા છે તેથી મહાત્મા છે. સર્વ સ્મૃતિઓ સાક્ષાત્ જેનું પ્રતિપાદન કરે છે તે 'આત્મા'; સાંખ્ય જેનું પ્રતિપાદન કરે છે તે 'પુરુષ'; અને વેદ જેનું પ્રતિપાદન કરે છે તે 'મહાન્' છે. એ ત્રણે ભેગાં કરીને 'મહાન્ પુરુષરૂપ આત્મા' એમ કહેલું છે. આથી જ 'સચ્ચિદાનંદરૂપ'પણું પણ કહેલું છે; (કારણ કે) પુરુષ 'સત્'રૂપ છે, મહાન્ 'આનંદ'રૂપ છે અને આત્મા 'ચિત્'રૂપ છે.

પછી મૂલભૂત (જગતના કારણરૂપ, સૃષ્ટિ ઉત્પન્ન કરનાર) ભગવાનનાં પાંચ રૂપ છે, એમ 'ભૂતોના આવાસ' વિગેરે પદોથી કહે છે. ૧.જેનામાં સર્વ ભૂતો (પ્રાણીઓ મહાભૂતો) રહે, તે જ મૂલરૂપ હોઈ શકે; તેથી જ એટલે પોતામાં સર્વ ભૂતો રહેલાં છે એમ દર્શાવવા માટે જ, ભગવાને માતાને પોતાની અંદર સર્વ જગત્ દેખાડેલું. 'ભૂતોનો આવાસ જેમાં છે' તે 'ભૂતાવાસ' શબ્દથી આ રૂપ કહેલું છે.

૨.આ ભૂતો ભગવાનથી જૂદાં હોય તો ભગવાનના અસંગપણાનો નાશ થાય, (કારણ કે તેમને તેમનાથી ભિન્ન ભૂતોનો સંગ છે, એમ થાય તેથી અસંગપણું રહે નહિ). તેથી ભૂતરૂપ પણ ભગવાન જ છે એમ 'ભૂતરૂપ' શબ્દથી કહે છે; હવે ૩.ભગવાનને 'પર' એટલે 'નિયામક' કહે છે. જે સર્વને આજ્ઞા કરે તે જ મૂલરૂપ હોઈ શકે. જે સર્વને નિયમમાં રાખતા ન હોય તે મૂલરૂપ હોય તેવું સંભવતું નથી. તેથી ભગવાનને પર એટલે નિયામક કહેલા છે; કારણ કે 'હે ગાર્ગિ ! આ અક્ષરની જ આજ્ઞાથી પૃથ્વી અને આકાશ નિયમમાં રહેલાં છે' વિગેરે શ્રુતિઓ પણ ભગવાનને નિયામક કહે છે. ૪.વળી જે સર્વથી ઉત્તમ ન હોય તે મૂલભૂત (સર્વનું મૂલ) હોઈ શકે નહિ, તેથી ભગવાનને 'પરમ' એટલે 'સર્વોત્તમ' કહેલા છે. વળી ૫.જે વ્યાપક નથી તે આત્મા નથી; તે વિભૂતિવાળો હોઈ શકે નહિ, તેથી તે મૂલ હોઈ શકે નહિ; તેથી અહિં ભગવાનને 'આત્મા' એટલે 'વ્યાપક' કહેલા છે. તે પરમ અને આત્મા છે તેથી પરમાત્મા છે.

સર્ગલીલામાં પ્રથમ ભગવાન્ હોય, પછી પુરુષ થાય, પછી મહત્તત્ત્વ(મહાન્) થાય, પછી ભૂતોના રહેઠાણરૂપ અહંકાર થાય, પછી ભૂતો થાય, પછી સર્વ જગત્ થાય. તેમાં પણ 'પર' એટલે વિરાટ્રૂપ ભગવાન્ અને 'પરમાત્મા' એટલે નારાયણ હોય. આવી રીતે અખંડ બ્રહ્માંડનું રૂપ કેવી રીતે થાય છે, તે બધી કથા[૪] અહિં કહેલી

૪. શ્રીમદ્ભાગવતમાં 'ભૂત, તન્માત્રા, ઇન્દ્રિય અને બુદ્ધિનો જન્મ એ સર્ગ કહેવાય છે' (૨।૧૦।૩) એવું સર્ગનું લક્ષણ આપેલું છે, તેનું ઉપાદાન કારણ બ્રહ્મ છે અને તે જ કાર્યરૂપ છે, તેથી અહિં સુધી જ સર્ગની કથા કહેલી છે. અહિં ગુણોની વિષમતા કહી નથી, કારણ કે તે શ્રૌતમત સાથે સંકીર્ણ (ભેળસેળ થએલી) છે, એમ જાણવું. (પ્ર)

છે. (તેથી ભગવાનની સર્ગલીલાનું રૂપ જણાવી તેમને નમસ્કાર કરેલ છે). ૩૯.

વિસર્ગસહિત (વિસર્ગલીલા કરનાર) બ્રહ્મરૂપ[૧] ભગવાનને હવે આ શ્લોકમાં નમસ્કાર કરે છેઃ

**જ્ઞાનવિજ્ઞાનનિધયે બ્રહ્મણેઽનન્તશક્તયે ।।**
**અગુણાયાવિકારાય નમસ્તેઽપ્રાકૃતાય ચ ।।૪૦।।**

જ્ઞાન અને વિજ્ઞાનના નિધિ, બ્રહ્મ, અનંતશક્તિવાળા, ગુણરહિત, વિકારરહિત અને અપ્રાકૃત (એવા) આપને નમસ્કાર છે. ૪૦.

જ્ઞાન એટલે શાસ્ત્રીય જ્ઞાન, અને વિજ્ઞાન એટલે અનુભવ, આ જ્ઞાન અને વિજ્ઞાન વિષયરહિત (કોઈ પણ પદાર્થના સંબંધવિનાનાં) હો અથવા વિષયવાળાં હો, આત્માના (કોઈ પદાર્થનાં પોતાનાં) હો કે ગુણનાં હો. તેવા જ્ઞાન અને વિજ્ઞાનના નિધિ એટલે ઉત્પત્તિનું સ્થાન આપ છો; કારણ કે જે કોઈ જ્ઞાન અથવા વિજ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છતા હોય તે બધા આપનાથી જ કૃતાર્થ થાય છે, (આપની પાસેથી જ તેઓને જ્ઞાન અને વિજ્ઞાન પ્રાપ્ત થાય છે). આ પ્રમાણે સાધનરૂપ કહી, 'બ્રહ્મ' શબ્દથી ફલરૂપ કહે છે.

'બ્રહ્મ જગતનું કર્તૃ (કરનાર) હોય અને વળી ફલરૂપ હોય, એ બંને કેમ સંભવે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે આપ 'અનંતશક્તિવાળા' છો. અનંત શક્તિઓ જેમની છે તેવા આપ છો, તેથી સર્વરૂપ થવાને પણ શક્તિવાળા છો.

'ગુણોનાં સંબંધથી અનંતશક્તિવાળા થતા હશે' એવી શંકા થાય, તેથી કહે છે કે 'ગુણરહિત' છો; જેમને ગુણો નથી તેવા છો, આપને ગુણોનો સંબંધ નથી, તેનું કારણ કે આપ 'વિકારરહિત' છો, જ્યાં વિકારો હોય ત્યાં તેના કારણ તરીકે ગુણોને શોધવા પડે છે. જન્મ વિગેરેને અને દોષોને અહિં વિકારો કહેલા છે, તેનું (તે વિકારરહિત હોવાનું) પણ કારણ 'અપ્રાકૃત' શબ્દથી કહેલું છે; કારણ કે જે પ્રાકૃત હોય તે વિકારવાળો અને દોષવાળો હોય છે. મૂલ ગ્રંથમાં 'ચ' 'અને' શબ્દ છે, તેથી એમ કહેલું છે કે તે અપ્રાકૃત છે, તેનું કારણ એ છે કે તે સંગરહિત છે.

વિસર્ગમાં જ્ઞાન અધિકારી(બ્રહ્મા)નું વિશેષણ છે, કારણ કે બ્રહ્મા જ્ઞાનપૂર્ણ (જ્ઞાનથી ભરેલા, જ્ઞાનવાળા) હોય છે. વિવિધ જ્ઞાન તેમને સૃષ્ટિ રચવામાં ઉપયોગી થાય છે. એ પ્રમાણે સ્વરૂપનું ઉપયોગી વિશેષણ (જ્ઞાનવાળા)

---

૧. બ્રહ્મરૂપ એટલે વેદાંતથી જેનું જ્ઞાન થાય તે રૂપ; વિસર્ગસહિત એટલે પુરુષમાંથી* બ્રહ્મા વિગેરેની ઉત્પત્તિ થાય તે સહિત. (પ્ર) (*વિસર્ગનું લક્ષણ 'વિસર્ગઃ પૌરુષઃ સ્મૃતઃ' એવું ૨।૧૦।૩માં આપેલું છે, અહિં 'પૌરુષ'નો અર્થ 'પુરુષમાંથી બ્રહ્મા વિગેરેની ઉત્પત્તિ થાય તે' એવો નથી, પરંતુ 'જેનાથી ભગવાનના માહાત્મ્યનું સર્વથા જ્ઞાન થાય તે' એટલે પૌરુષ (પુરુષત્વ દેખાડનાર) એવો અર્થ થાય છે. જૂઓ નિબંધ ૩।૪।૩).

અને કાર્ય (સૃષ્ટિસર્જન)નું ઉપયોગી (વિવિધ જ્ઞાનવાળા) એવાં બે વિશેષણો કહીને, 'બ્રહ્મ' એમ વિસર્ગનું રૂપ કહે છે. અહિં 'બ્રહ્મ' એટલે ચારમુખવાળા (બ્રહ્મા) (અર્થ થાય છે). પછી સર્વ કાર્યની ઉત્પત્તિ થઈ શકે, તે માટે 'અનંતશક્તિવાળા' કહેલા છે. તેમનો બંધ ન થાય તે માટે 'ગુણરહિત' કહેલા છે. તેમનામાં દોષ નથી, એમ જણાવવા 'વિકારરહિત' કહેલા છે. પોતાની ઈચ્છાથી સૃષ્ટિનું[3] કાર્ય કરતાં બંધ રહે છે, એમ જણાવવા 'અપ્રાકૃત' કહેલ છે. આથી[4] વિસર્ગમાં (વિસર્ગરૂપના) છ ગુણો પણ છે એમ કહ્યું. તેમાં ત્રણ ગુણો[5] છે અને ત્રણ દોષોનો અભાવ[6] છે. જ્ઞાન, મહત્ત્વ અને સામર્થ્ય એ ત્રણે ગુણો છે. ૪૦.

હવે આ શ્લોકમાં કારણસહિત ભગવાનના જગદ્રૂપનું નિરૂપણ કરતાં તેમને નમસ્કાર કરે છેઃ

**કાલાય કાલનાભાય કાલાવયવસાક્ષિણે ।।**
**વિશ્વાય તદુપદ્રષ્ટ્રે તત્કર્ત્રે તસ્ય હેતવે ।।૪૧।।**

કાલ, કાલ જેમની નાભિમાં છે તેવા, કાલના અવયવોના સાક્ષી, વિશ્વરૂપ, તેના(વિશ્વના) ઉપદ્રષ્ટા, તેના કર્તા અને તેના હેતુરૂપ (આપને નમસ્કાર કરીએ છીએ).

ભગવાનની સ્થાનલીલાનું આ રૂપ છે. સ્થાન એટલે નિયમન; તે બે પ્રકારનું[1] કહેલું છે. ૧. શબ્દમર્યાદામાં[2] કાલ નિયામક[3] (નિયમન કરનાર, નિયમમાં રાખનાર) છે અને ૨. અર્થમર્યાદામાં[4] ભૂમિ નિયામક[5] છે, તે પણ (અહિં) કહે છે.

---

૨. પોતાની ઈચ્છાથી સૃષ્ટિ એટલે સ્વભાવિક સૃષ્ટિ (પ્ર). વાચ્યાર્થ જ લેવામાં કાંઈ અગવડ જેવું જણાતું નથી.
૩. આથી એટલે છ વિશેષણોથી. (આ શ્લોકમાં છ વિશેષણો કહેલાં છે તેથી). (પ્ર)
૪. 'જ્ઞાન અને વિજ્ઞાનના નિધિ'થી જ્ઞાન કહેલું છે, 'બ્રહ્મ' શબ્દથી મહત્ત્વ (મોટાપણું) કહેલું છે, અને 'અનંતશક્તિવાળા' શબ્દથી સામર્થ્ય કહેલું છે. એ ત્રણ ગુણો છે. (યો)
૫. બંધ, દોષ અને જડપણું એ ત્રણ દોષોનો અભાવ બાકીના ત્રણ વિશેષણોથી કહેલો છે. 'ગુણરહિત' શબ્દથી બંધનો અભાવ કહેલો છે, 'વિકારરહિત' શબ્દથી દોષોનો અભાવ કહેલો છે અને 'અપ્રાકૃત' શબ્દથી જડપણાનો અભાવ કહેલો છે. (યો)
૧. બે પ્રકારનું (૧) શબ્દથી અને (૨) અર્થથી. નિબંધમાં દેશ, કાલ અને આત્માના ભેદથી ત્રણ પ્રકારનું કહેલું છે; પણ અહિં બે પ્રકારનું જ સ્પષ્ટ હોવાથી બે પ્રકારનું જ કહેલું છે. (પ્ર) (૧) સ્થિતિ એ જ સ્થાન. (૨) જેની અંદર સ્થિતિ કરે છે તે સ્થાન. એ પ્રમાણે સ્થાન બે પ્રકારનું છે, એમ પાંચમા સ્કંધમાં કહેલું છે. (લે)
૨. શબ્દ મર્યાદા એટલે વેદમાં કહેલાં કર્મોના પ્રકારની સ્થિતિ. (લે) વેદમાં કહેલી મર્યાદા. (યો)
૩. નિયામક એટલે યોગ્ય સ્થાનમાં રાખનાર. (પ્ર) **૪.** અર્થમર્યાદા એટલે શબ્દોથી કહેલા પુરુષાર્થોની મર્યાદા; જંબુદ્વીપ, તીર્થ વિગેરે સ્થાનો. (પ્ર) **૫.** અર્થમર્યાદામાં શેષાત્મક

જગતનું મૂલકારણ કાલ છે, કારણ કે તે (કાલ) ભગવાનની ચેષ્ટારૂપ[6] છે, 'કાલ જેમની નાભિમાં છે તેવા' શબ્દથી સૃષ્ટિનું પ્રયોજન કહેલું છે; કારણ કે કાલ મૃત્યુ છે, તે પોતાના સ્થાનમાં રહે છે; તેનું સ્થાન નાભિ છે. મૃત્યુએ જેમનું ભક્ષણ કરેલું તેમને ભગવાન્ (સૃષ્ટિ સમયે) મૃત્યુમાંથી બહાર કાઢે છે. 'મૃત્યુથી જ આ ઘેરાએલું હતું' એ શ્રુતિમાં[7] વિસ્તારથી કહેલું છે, તેમ મૃત્યુને ભગવાન્ પોતાની અંદર (નાભિમાં) રાખે છે.

તેથી અહિં 'કાલ' શબ્દથી ભગવાનની ક્રિયાશક્તિ કહેલી છે. 'કાલ જેમની નાભિમાં છે તેવા' શબ્દથી સૃષ્ટિનું પ્રયોજન[8] કહેલું છે. 'કાલના અવયવોના[9] સાક્ષી' એ શબ્દથી સૃષ્ટિનો પ્રકાર કહેલો છે. સર્વ(પદાર્થમાત્ર)ની ઉત્પત્તિના કારણરૂપ કાલના અવયવોના આપ સાક્ષી છો. આ પ્રમાણે ભગવાનને કાલના અવયવોના સાક્ષી કહ્યા, તેથી વિશ્વ રચવામાં તેમને ક્લેશ[10] થતો નથી, એમ પણ કહેલું છે. (એ પ્રમાણે અર્થમર્યાદા કહી).

શબ્દમર્યાદામાં તો કાલ સૂર્ય[11] છે. 'કાલ જેમની નાભિમાં છે તેવા' શબ્દો છે. સર્વે વેદો કાલના અવયવો જેના સાક્ષી છે તેવાં કર્મો છે. સૂર્ય કાલાત્મા (કાલ) છે, એમ ત્રીજા સ્કંધમાં અ. ૧૧ શ્લોક ૧૩માં જણાવેલું છે. વર્ણો (શબ્દો) માત્રારૂપ છે, તેથી 'કાલ જ જેમની નાભિમાં છે તેવા'[12] શબ્દોને સર્વથા કાલની અપેક્ષા રહે છે. 'કાલમાં કર્મ કરવાનું કહેલું છે, તેથી કાલના અવયવો તેમના જ સાક્ષી છે. કર્મ નિત્ય છે, એમ જણાવવા કાલના અવયવોને તેના સાક્ષી કહેલા છે.

એ પ્રમાણે વિશ્વના કારણરૂપ ભગવાનનું નિરૂપણ કરી, હવે 'વિશ્વરૂપ' શબ્દથી વિશ્વરૂપ ભગવાનનું નિરૂપણ કરે છે. એ વિશ્વ ત્રણ પ્રકારનું છે, એમ

---

બ્રહ્માંડરૂપ ભૂમિ જુદા જુદા સાધનોવાળાઓનું જુદા જુદા દેશમાં નિયમન કરે છે, તેથી ભૂમિ નિયામક છે. (પ્ર)

૬. જુઓ. શ્રીમદ્ભાગવત ૧૦।૩।૨૬. (પ્ર)

૭. કાણ્વશાખાના બૃહદારણ્યકના આરંભમાં અગ્નિબ્રાહ્મણમાં આ શ્રુતિ છે. (પ્ર)

૮. મૃત્યુને પોતાની અંદર રાખવું તે પ્રયોજન છે. (પ્ર) કાલને પોતાના સ્થાનમાં રાખવો તે પ્રયોજન. (લે)

૯. કાલના અવયવો નિમેષથી સંવત્સર સુધીના. (પ્ર) જુઓ. ૧૯।૩।૨૬.

૧૦. કારણ કે સાક્ષી ઉદાસીન (તટસ્થ) હોવાથી તેને ક્લેશ થાય નહિ. (પ્ર)

૧૧. સૂર્ય કાલનું આધિભૌતિકરૂપ છે, તેથી 'કાલ' શબ્દથી સૂર્ય કહેલો છે. (યો)

૧૨. ત્રયી (ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ)મય કાલાત્મા સૂર્ય, જેમની નાભિમાં એટલે જેમની અંદર છે. તેથી વર્ણની વ્યવસ્થા પ્રકટ કરવા માટે વેદોને સદા કાલની અપેક્ષા રહે છે, તેથી વેદો કાલનાભ એટલે કાલ જેમની નાભિમાં છે તેવા છે. (પ્ર)

જણાવતાં પ્રથમ 'તેના ઉપદ્રષ્ટા' શબ્દથી તેના આધિદૈવિકરૂપનું નિરૂપણ કરે છે. તેના એટલે તે વિશ્વના ઉપદ્રષ્ટા. જો (વિશ્વનું) આધિદૈવિકરૂપ ન હોય તો વિશ્વનું સ્વરૂપ જ હોવાનું સંભવે નહિ; (તેથી આધિદૈવિકરૂપ કહ્યું છે). 'તેના કર્તા' શબ્દથી તેના આધ્યાત્મિકરૂપનું નિરૂપણ કરેલું છે, કારણ કે તે સર્વના કર્તા છે. 'તેના હેતુરૂપ' શબ્દથી આધિભૌતિકરૂપનું નિરૂપણ કરેલું છે. હેતુ એટલે ભૂત (મહાભૂત) વિગેરે કારણ. આથી[૧૩] અર્થ(પુરુષાર્થ)ની[૧૪] મર્યાદાનું પણ નિરૂપણ થયું. વિશ્વ જ અર્થરૂપ છે, તેનો ઉપદ્રષ્ટા મોક્ષરૂપ[૧૫] છે; તેનો કર્તા કામરૂપ[૧૬] છે અને તેનો હેતુ ધર્મરૂપ છે. ૪૧.

એવી રીતે ભગવાનના વિશ્વરૂપને કહી, તેના (વિશ્વના)ભોક્તા સંઘાત અને જીવરૂપ ભગવાનનું આ શ્લોકમાં નિરૂપણ કરે છેઃ

**ભૂતમાત્રેન્દ્રિયપ્રાણમનોબુદ્ધ્યાશયાત્મને ।।**
**ત્રિગુણેનાભિમાનેન ગૂઢસ્વાત્માનુભૂતયે ।।૪૨।।**

ભૂત, માત્રા, ઈન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારરૂપને અને જેની પોતાના આત્માની અનુભૂતિ ત્રણ ગુણવાળા અભિમાનથી ગૂઢ છે તેવા (આપને અમે નમસ્કાર કરીએ છીએ). ૪૨.

તેમાં પ્રથમ સંઘાતરૂપ કહે છે; ભૂત એટલે મહાભૂતો, માત્રા એટલે તન્માત્રાઓ, ઈન્દ્રિયો, પ્રાણો, મન, બુદ્ધિ, આશય એટલે ચિત્ત અને આત્મા એટલે અહંકાર. આ (આઠ) જ સંઘાત છે, (આપ સંઘાતરૂપ છો) તે સંઘાતરૂપ ભગવાનને નમસ્કાર કરીએ છીએ. વળી આપ જીવરૂપ પણ છો, કે જેની પોતાના આત્માની અનુભૂતિ ત્રણ ગુણવાળા અભિમાનથી ગૂઢ રહેલી છે, એથી કહે છે. મર્યાદા વિનાની વ્યવસ્થાથી રહેવું એ જ ભગવાનની પુષ્ટિ[૧] (પુષ્ટિલીલા) છે. જેને

---

૧૩. આથી એટલે ઉત્તરાર્ધ શ્લોકમાં કહેલ ચાર પદોથી. (યો)

૧૪. અર્થની મર્યાદા એટલે વેદાત્મક અલૌકિક શબ્દ જે અર્થ એટલે પુરુષાર્થોનું પ્રતિપાદન કરે છે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થની મર્યાદા. (યો)

૧૫. 'કોઈ ધીર(પુરુષે) પ્રત્યગાત્માને જોયા' એ શ્રુતિમાં 'ઉપદ્રષ્ટા' શબ્દથી કહેલા પ્રત્યગાત્માના દર્શનને મોક્ષ કહેલ છે, અને મોક્ષમાં શુદ્ધ અદ્વૈત સ્ફુરે છે, તેથી ઉપદ્રષ્ટાને મોક્ષરૂપ કહેલ છે. (યો)

૧૬. 'તેણે ઈચ્છા કરી, હું બહુ થાઉં ', એ શ્રુતિ કામ જ જગતનો કર્તા છે એમ કહે છે; તેથી વિશ્વનો કર્તા કામરૂપ છે. (યો)

૧. પુષ્ટિ એટલે અનુગ્રહ, અહિં ક્રમ પ્રમાણે પુષ્ટિલીલાનું રૂપ કહેવું જોઈએ, તે કહેવાય નહિ તો ક્રમનો ભંગ થાય, તેથી કહે છે કે આ જ ભગવાનનું પુષ્ટિરૂપ છે, સંઘાતરૂપ રહેવું અને વળી આત્માની અનુભૂતિ પણ હોવી, એ બંને પરસ્પર વિરુદ્ધ રૂપ ધારણ કરી, મર્યાદા વિનાની સ્થિતિમાં રહેવું એ જ પુષ્ટિ, તેથી ક્રમનો ભંગ થતો નથી. (પ્ર)

પોતાના આત્માની અનુભૂતિ થાય તેનામાં જીવભાવ હોવો એ વિરુદ્ધ છે, તેથી ભગવાન્ આત્માની અનુભૂતિને ગુણોથી ઢાંકી દે છે. ૪૨.

એ પ્રમાણે (ગયા ચાર શ્લોકમાં) ભગવાનનું અર્થસૃષ્ટિનું રૂપ કહી, હવે આ શ્લોકમાં ભગવાનનું શબ્દસૃષ્ટિનું[1] રૂપ કહે છેઃ

**નમોઽનન્તાય સૂક્ષ્માય કૂટસ્થાય વિપશ્ચિતે ।।**
**નાનાવાદાનુરોધાય વાચ્યવાચકશક્તયે ।।૪૩।।**

અનંત, સૂક્ષ્મ, કૂટસ્થ, વિપશ્ચિત્, જુદા જુદા વાદોના અનુરોધવાળા અને વાચ્ય તથા વાચકમાં જેમની શક્તિ છે તેવા (આપને નમસ્કાર કરીએ છીએ). ૪૩.

રૂપસૃષ્ટિથી નામસૃષ્ટિ જૂદા જ પ્રકારની[2] છે, (૧) રૂપસૃષ્ટિ અંતવાળી છે, નામસૃષ્ટિ અનંત એટલે અંત વિનાની છે. (૨) રૂપસૃષ્ટિ સ્થૂલ (જગ્યા રોકે તેવી) છે, નામસૃષ્ટિ સૂક્ષ્મ છે. (૩) રૂપસૃષ્ટિ વિકૃત એટલે વિકારવાળી છે, નામસૃષ્ટિ કૂટસ્થ એટલે વિકાર વિનાની છે. (૪) રૂપ સૃષ્ટિ જડરૂપ છે, નામસૃષ્ટિ વિપશ્ચિત્ એટલે બોધરૂપ(જ્ઞાનરૂપ)છે. એ પ્રમાણે રૂપસૃષ્ટિથી નામસૃષ્ટિનું ચાર રીતે જૂદાપણું કહેલું છે.

નામસૃષ્ટિ ઉપર વર્ણવી તેવી હોય તો જગતનો લય થવાનો પ્રસંગ આવે, એવી શંકા થાય તેથી કહે છે કે આપ 'જુદા જુદા વાદોના અનુરોધવાળા' છો. (૧) સિદ્ધાંત,(૨) સિદ્ધાંતનો આભાસ[3] અને (૩) સિદ્ધાંતરૂપ પાખંડ[4], એવા જુદા જુદા વાદ છે; તે બધાનો આપમાં અનુરોધ થાય છે; કારણ કે એ સર્વ વાદો આપનું જેવું વર્ણન કરે છે તેવા આપ થાઓ છો[5]. આપનું જેવું વર્ણન કરે તેવા થવાની આપમાં યોગ્યતા (શક્તિ) છે, એમ 'વાચ્ય અને વાચકમાં જેની શક્તિ છે' એ શબ્દોથી કહે છે. શબ્દ વાચક છે અને (તેનો) અર્થ વાચ્ય છે. તે બંનેમાં વાચ્યમાં અને વાચકમાં પણ જે શક્તિઓ છે તે આપની જ છે, તેથી (ભગવાન સંબંધી હરકોઈ) જેવો અર્થ કહેવા ઈચ્છે તેવો જ સર્વ શબ્દોનો અર્થ ભગવાનના સંબંધમાં

---

૧. શબ્દ પણ પ્રમેય છે, તેથી પહેલા ચાર શ્લોકમાં પ્રમેયરૂપ કહ્યું તેવું અહિં પણ પ્રમેયરૂપ કહે છે, તેથી પહેલા પાંચ શ્લોકમાં પ્રમેયરૂપ કહેલું છે, એમ કારિકામાં ઉપર કહ્યું તે યોગ્ય છે. (લે)

૨. વિશ્વનું નિરૂપણ કર્યું એટલે તેમાં આવેલી શબ્દસૃષ્ટિનું પણ નિરૂપણ થઈ ગયું, છતાં અહિં શા માટે ફરી નિરૂપણ કરે છે ? તેવી શંકા થાય તેથી આ કહેલું છે. રૂપસૃષ્ટિથી એ જૂદા જ પ્રકારની હોવાથી તેનું અહિં નિરૂપણ કરેલું છે. (પ્ર)

૩. માયાવાદ વિગેરે, આ જેમ તેમ કરીને વેદમાં રહેલ હોવાથી સિદ્ધાંતનો આભાસ છે. (લે)

૪. સિદ્ધાંતરૂપ પાખંડ એટલે વેદ બહારના સિદ્ધાંત. (લે)

૫. જેઓ પાખંડથી ભગવાનને બીજા પ્રકારના જણાવે છે તેવાઓ પ્રતિ પાખંડથી ભગવાન્ તેવા પ્રકારે પ્રકટ થાય છે. (પ્ર)

થાય છે. જેવો અર્થ કહેવા ઈચ્છે છે તેવો જ અર્થ જણાવનારી, આ (તેણે ઉચ્ચારેલ) શબ્દમાં (ભગવાનના સંબંધમાં) શક્તિઓ થાય છે. આ ભગવાનનું ઊતિલીલાનું રૂપ છે, એ સ્પષ્ટ[૬] છે. ૪૩.

એ પ્રમાણે સામાન્ય રીતે નામસૃષ્ટિની લીલા કહી, હવે આ શ્લોકમાં વિશેષ રીતે (એટલે લંબાણથી, તેના ખાસ ગુણોથી) કહે છેઃ

**નમઃ પ્રમાણમૂલાય કવયે શાસ્ત્રયોનયે ।।**
**પ્રવૃત્તાય નિવૃત્તાય નિગમાય નમો નમઃ ।।૪૪।।**

પ્રમાણમૂલ, કવિ, શાસ્ત્રના કારણ, પ્રવૃત્તિ કરાવનાર, નિવૃત્તિ કરાવનાર, અને નિગમરૂપ (આપને) વારંવાર નમસ્કાર (કરીએ છીએ). ૪૪.

વેદો વિગેરે પ્રમાણ છે. તેઓનું જે પ્રમાણપણું અથવા માનનીયપણું[૧] છે, તે તેમાં ભગવાનનું પ્રતિપાદન કરેલું છે તેથી, અને ભગવાને તેમનું પ્રતિપાદન કરેલું છે તેથી છે. જો એમ ન હોત[૨] (જો વેદો વિગેરેમાં ભગવાનનું પ્રતિપાદન કરવામાં આવ્યું ન હોત, અને વેદો વિગેરેનું ભગવાને પ્રતિપાદન કર્યું ન હોત) તો તેઓનું તેવું[૩] પ્રમાણપણું ન હોત. તેઓ નિત્ય હોત છતાં ભગવાનનો તેમને સંબંધ ન હોત તો તે અપ્રમાણ જ[૪] હોત. નિત્યપણું પણ ન હોત. તેથી પ્રમાણમૂલ[૫] થએલા આપ જ છો.

વળી આપ 'કવિ' એટલે તે પ્રમાણોના રસના જાણનાર છો. આથી[૬]

---

૬. ઊતિ–કર્મની વાસના, આ વાસનાથી જ જુદા જુદા વાદો થાય છે, (જુદા જુદા માણસોને સ્ફુરે છે). તેથી ભગવાનને 'જુદા જુદા વાદના અનુરોધવાળા' કહ્યા, તે ભગવાનનું ઊતિલીલાનું રૂપ થયું એ સ્પષ્ટ છે. (પ્ર)

૧. બીજા સ્કંધમાં કહેલા પ્રમાણના લક્ષણ પ્રમાણે માનનીયપણું એટલે અબાધિતપણું (કોઈથી ખોટા ન પડાય તેવાપણું) એટલે નિત્યપણું. (લે)

૨. જો વેદોમાં ભગવાનનું પ્રતિપાદન કરેલું ન હોત તો 'સર્વે વેદો જેના પદનું ધ્યાન કરે છે' એ શ્રુતિનો વિરોધ થાય, અને જો ભગવાને વેદોનું પ્રતિપાદન કરેલું ન હોય તો ભગવાન્ 'એક અને અદ્વિતીય' હતા, એ શ્રુતિનો વિરોધ થાય. તેથી વેદો પ્રમાણ ન ગણાત. (પ્ર)

૩. તેવું એટલે નિત્યપણારૂપ. (લે)

૪. અપ્રમાણ જ હોત એટલે સામાન્ય રીતે પ્રમા (ખરું જ્ઞાન) કરનાર ન હોત. (લે)

૫. પ્રમાણમૂલ એટલે (૧) પ્રમાણનું મૂલ. આવી રીતે સમાસ છોડતાં વેદો ભગવાને પ્રતિપાદન કરેલા છે એમ અર્થ થાય છે. (૨) 'પ્રમાણ જેનું મૂલ છે' એ રીતે સમાસ છોડતાં વેદોમાં ભગવાનનું પ્રતિપાદન કરેલું છે તેવો અર્થ થાય છે, કારણ કે પ્રમાણથી ભગવાનનું જ્ઞાન થાય છે એવો અર્થ થયો. (૩) પ્રમાણભૂત અને મૂલભૂત ભગવાન્ છે. ભગવાન્ પ્રમાણ છે અને મૂલ છે, એવો અર્થ લેતાં વેદો ભગવદ્રૂપ છે એમ જણાય છે. (લે)

૬. આથી એટલે પ્રમાણમૂલ અને કવિ, એ બે પદોથી ઉપર ત્રીજી રીતે 'પ્રમાણં ચ તત્ મૂલં ચ' એમ કર્મધારય સમાસ લેતાં, 'મૂલ' શબ્દથી શબ્દના વક્તા થાય છે, 'પ્રમાણ' શબ્દથી

ભગવાનને [ક]શબ્દના વક્તા [ખ]શબ્દના રસને જાણનાર અને [ગ]શબ્દરૂપ કહેલા છે.

વળી આપ શબ્દના ઉપાદાન કારણરૂપ છો, એમ 'શાસ્ત્રના કારણ' શબ્દથી કહેલ છે. શાસ્ત્ર એટલે વેદની, યોનિ એટલે કારણ. એ રીતે નિદાન (કારણ)રૂપ કહી, 'પ્રવૃત્તિ કરાવનાર' અને 'નિવૃત્તિ કરાવનાર' શબ્દોથી અવાંતર(મધ્યનું)રૂપ કહે છે; કારણ કે વેદ બે કાર્ય કરાવે છે; (૧) પ્રવૃત્તિ કરાવે છે અને (૨) નિવૃત્તિ કરાવે છે. કોઈ કાર્યમાંથી નિવૃત્તિ કરાવે છે (કરતાં અટકાવે છે), અને કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરાવે છે. (વળી આપ 'નિગમરૂપ' છો) નિગમ આજ્ઞારૂપ છે. આવી રીતે આપ આજ્ઞારૂપ અથવા વેદરૂપ છો, આથી[૭] સદ્ધર્મો કહેલા છે. ૪૪.

એવી રીતે વૈદિક[૧] પ્રમાણ અને પ્રમેયરૂપ કહી, તે વૈદિકરૂપ આવિર્ભાવ (પ્રકટ) પામેલ નથી, તેથી તંત્રપ્રકારવાળા આવિર્ભાવ પામેલ ભગવાન્ અને ચતુમૂર્તિનું નિરૂપણ કરે છેઃ

**નમઃ કૃષ્ણાય રામાય વસુદેવસુતાય ચ ।।**
**પ્રદ્યુમ્નાયાનિરુદ્ધાય સાત્વતાં પતયે નમઃ ।।૪૫।।**

શ્રીકૃષ્ણને, રામને, વસુદેવના સુતને નમસ્કાર કરીએ છીએ. પ્રદ્યુમ્નને, અનિરુદ્ધને અને વૈષ્ણવોના પતિ એવા આપને નમસ્કાર કરીએ છીએ. ૪૫.

'શ્રીકૃષ્ણ' એટલે સદાનંદ. એ શબ્દથી ભગવાનનું સ્વરૂપ કહ્યું. હવે અવાંતર રૂપો કહે છે. પછી [ક]'રામને' એટલે સંકર્ષણને. [ખ]'વસુદેવના સુતને' એટલે વાસુદેવને. અહિં (મૂલમાં) 'ચ' 'અને'[૨] શબ્દ છે, તેથી આ રૂપ પ્રદ્યુમ્નરૂપ પણ છે એમ કહેલું છે, કારણ કે 'વસુદેવ' શબ્દના શુદ્ધ સત્ત્વ અને વસુદેવ, એવા બે અર્થ થાય છે. [ગ]પ્રદ્યુમ્નને અને [ઘ]અનિરુદ્ધને, એમ ચારમૂર્તિવાળા ભગવાન્ કહેલા છે. સદાનંદ ભગવાને જે માટે ચાર મૂર્તિરૂપે અવતાર લીધો તે 'વૈષ્ણવોના પતિને નમસ્કાર' શબ્દથી કહેલું છે. શુદ્ધ સત્ત્વના અને પરમ વૈષ્ણવોના (ભગવાન્) પતિ[૩] છે. કારણ કે તે ભક્તિના ફલરૂપ છે, અને ભક્તિના પ્રવર્તક (પ્રવૃત્તિ કરાવનાર) છે; તેથી આનાથી ઈશાનુકથા એટલે વિષ્ણુની ભક્તિનું નિરૂપણ કરેલું છે. ૪૫.

---

શબ્દરૂપ થાય છે, અને 'કવિ' શબ્દથી શબ્દના રસના જાણનાર થાય છે. (લે)

૭. 'પ્રવૃત્તિ કરાવનાર' અને 'નિવૃત્તિ કરાવનાર' કહ્યા. આ (શબ્દો)થી મન્વંતરરૂપ સદ્ધર્મો (સારા પુરુષના ધર્મો) કહેલા છે; તેથી આ મન્વંતરલીલાનું રૂપ થયું. (પ્ર)

૧. વૈદિક એટલે વેદમાં કહેલા પ્રકારવાળા. (લે)

૨. પ્રદ્યુમ્ન પણ આ(વાસુદેવ) જ છે. સંકર્ષણ પેઠે તે જૂદું રૂપ નથી, એમ 'ચ' 'અને' શબ્દથી સૂચવેલું છે એવો અર્થ છે. (લે)

૩. 'સાત્વત' શબ્દના બે અર્થો છેઃ ૧.જ્ઞાન. 'ભક્તિથી મને જાણે છે' આ સ્થલે કહેલું જ્ઞાન ભક્તિનું ફલ છે. ૨.વૈષ્ણવો. 'સાત્વત' પદના એ પ્રમાણે બે અર્થો ધ્યાનમાં લઈ આ કહેલું છે. (લે)

એવી રીતે તંત્રોમાં કહેલા ન્યાયથી ભગવાનનું નિરૂપણ કરી, આ શ્લોકમાં સાંખ્ય, યોગ વિગેરે શાસ્ત્રોથી સ્માર્તોએ જે ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરેલું છે, તે નિર્ણયથી[1] તે સ્વરૂપનું નિરૂપણ કરે છેઃ

**નમો ગુણપ્રદીપાય ગુણાત્મચ્છાદનાય ચ ।।**
**ગુણવૃત્ત્યુપલક્ષ્યાય ગુણદ્રષ્ટ્રે સ્વસંવિદે ।।૪૬।।**

ગુણોને પ્રકાશનારને, ગુણોથી પોતાને ઢાંકી દેનારને, ગુણોની વૃત્તિઓથી જણાનારને, ગુણોના દ્રષ્ટાને અને પોતાથી જ જ્ઞાનવાળા (આપ)ને (અમે) નમસ્કાર (કરીએ છીએ). ૪૬.

'ભગવાન્ સગુણ છે' એમ કહેવામાં આવે છે, તેનો અર્થ એ છે કે ભગવાન્ ગુણોનો સારી રીતે પ્રકાશ કરે છે, ગુણોનો પ્રકાશ કરવા જ ભગવાન્ તેઓને પોતાની પાસે રાખે છે. પછી તેઓનો પ્રકાશ કરતાં, તેઓનું માહાત્મ્ય જણાવવા માટે ભગવાન્ ગુણોથી પોતાને ઢાંકી દે છે; કારણ કે ભગવાને ગુણોથી પોતાને ઢાંકી દીધેલા છે, એટલે ગુણોને પોતાનું તેજ આપી પોતે તિરોહિત થએલા છે, એવો અર્થ છે. પછી કૌતુક (આશ્ચર્ય થાય તે)માટે ચાક્ષુષ (ચક્ષુથી થતું) જ્ઞાન વિગેરે જે ગુણોની વૃત્તિઓ છે તેમનાથી ભગવાન્ જણાય છે[2], તેથી ભગવાન્ 'ગુણોની વૃત્તિઓથી જણાનાર' છે. આ પ્રમાણે સત્ત્વ, રજસ્ અને તમોગુણના ભાવો કહેલા છે. (દરેક વિશેષણથી અનુક્રમે કહેલા છે).

'ભગવાન્ એવું (ગુણોને પ્રકાશે, પોતે તેમનાથી ઢંકાય અને તેમની વૃત્તિઓથી પાછા જણાય એવું) પણ કેમ કરે છે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ભગવાન્ 'ગુણોના દ્રષ્ટા' છે. ભગવાન્ ગુણોને જોઈને તેમના ઉપર એવી રીતે ઉપકાર[3] કરે છે એવો અર્થ છે. તેઓ (ગુણો) ભગવાનને કોઈ અપકાર કરી શકતા નથી, એમ 'પોતાથી જ જ્ઞાનવાળા' શબ્દથી કહેલું છે. 'પોતાથી જ જ્ઞાન છે જેમનું' એવા ભગવાન્ છે. તેમનું જ્ઞાન કોઈ ઉત્પન્ન કરતું નથી, અને તેમના જ્ઞાનનો કોઈ નાશ પણ કરી શકતું નથી; તેથી સત્ ચિત્ અને આનંદ જેઓના ધર્મો છે તેવા ગુણોના રૂપથી[4] ભગવાન્ પોતે જ આવિર્ભાવ પામે છે અને તેઓના ઉપર

૧. સાંખ્ય, યોગ વિગેરેમાં ભગવાનને સગુણ વર્ણવેલા હોવાથી તે સગુણ કેવી રીતે થાય છે તે નિર્ણયથી. (પ્ર)

૨. 'ગુણપ્રકાશથી આપનું અનુમાન થાય છે' ૧૦।૨।૩૫માં જણાવ્યા પ્રમાણે અનુમાનથી તેમનાથી આપ જણાઓ છો. (લે)

૩. તેથી 'ગુણો ઉપર ઉપકાર કરનાર હોવાથી ભગવાન્ સગુણ છે, પણ ગુણોથી ઢંકાએલા હોવાથી સગુણ નથી' એવો નિર્ણય થાય છે. (પ્ર)

૪. સત્ત્વ, રજસ્ અને તમોરૂપથી. આ બીજા સ્કંધનાં સુબોધિનીમાં જણાવેલું છે. (પ્ર)

ઉપકાર કરવા પોતે સગુણ કહેવાય છે એવો અર્થ છે. ૪૬.

એ પ્રમાણે ભગવાનનું સગુણરૂપ કહી, ભગવાનનું જ્ઞેય રૂપ[1] કહે છેઃ

**અવ્યાકૃતવિહારાય સર્વવ્યાકૃતસિદ્ધયે ।।**
**હૃષીકેશ નમસ્તેસ્તુ મુનયે મૌનશીલિને ।।૪૭।।**

અવ્યાકૃત (જણાય નહિ તેવા) વિહારવાળા, સર્વ વ્યાકૃતો(કાર્યો)ની જેમાંથી સિદ્ધિ છે તેવા, હે હૃષીકેશ! મુનિ અને મૌનસ્વભાવવાળા આપને (અમારા) નમસ્કાર હો. ૪૭.

(ભગવાન્ અવ્યાકૃત વિહારવાળા છે.) અવ્યાકૃત એટલે (જણાય નહિ તેવા) પ્રકૃતિ અને પુરુષરૂપમાં જેમનો વિહાર છે તેવા, અથવા અવ્યાકૃત એટલે કોઈથી પણ જણાએલ નથી એવો જેમનો વિહાર[2] છે તેવા, અથવા અવ્યાકૃત[3] રહે તે માટે જેમનો વિહાર છે તેવા ભગવાન્ છે. ભગવાન્ કપટથી એવો મનુષ્યભાવ રાખે છે, કે કોઈ તેમને જાણી શકે નહિ એવો અર્થ છે. તે[4] અવ્યાકૃત (જણાયા વિનાનું) રહે છે, તેનું પ્રમાણ 'સર્વ વ્યાકૃતોની જેમાંથી સિદ્ધિ છે તેવા' શબ્દોથી કહે છે. તત્ત્વો, બ્રહ્માંડો અને તેમની અંદરના પદાર્થો જે વ્યાકૃત (જણાએલા, વિકારવાળા) છે, તેમની સિદ્ધિ એટલે ઉત્પત્તિ અને જ્ઞાન જેમાંથી થાય છે તેવા ભગવાન્ છે; કારણ કે 'ભૂતોનું આદિ (મૂલ) અવ્યક્ત છે, મધ્યમાં તે વ્યકત (સ્પષ્ટ) થાય છે, અને અવ્યક્તમાં તેમનો લય થાય છે' એવું (ગીતા.૨।૨૮) વાક્ય છે. જો તેમ ન હોત (એટલે ભગવાનનું આ રૂપ અવ્યાકૃત ન હોત પણ વ્યાકૃત હોત) તો (તેમાંથી) વ્યાકૃતોની ઉત્પત્તિ ન થાત, કારણ કે પોતાની પહેલાંની સ્થિતિથી કાર્યનું જૂદા હોવાપણું[5] આવશ્યક છે.

એ પ્રમાણે ઉત્પત્તિપક્ષનું નિરૂપણ કરી, હવે જ્ઞપ્તિ(જ્ઞાન)પક્ષનું નિરૂપણ

---

૧. જાણવા યોગ્યરૂપ.

૨. વિહાર એટલે પુરુષરૂપે અવતાર, કારણ કે તે જ બ્રહ્માંડની ઉત્પત્તિનું કારણ છે. (લે)

૩. તે સ્વરૂપ અવ્યાકૃત (જણાયા વિનાનું) રહે તે માટે. (લે)

૪. તે એટલે પ્રકૃતિપુરુષરૂપ, વિહાર અને સ્વરૂપ. (લે)

૫. જો પ્રકૃતિપુરુષરૂપ વ્યાકૃત હોત તો તેમાંથી તત્ત્વોની ઉત્પત્તિ ન થાત, પુરુષનો વિહાર વ્યાકૃત હોત તો તેમાંથી બ્રહ્માંડની ઉત્પત્તિ ન થાત અને સ્વરૂપ વ્યાકૃત હોત તો તેમાંથી દેવો, હલકાં પ્રાણીઓ વિગેરેની ઉત્પત્તિ ન થાત; પણ તે સર્વનો મોક્ષ જ થાત. પહેલાંની અવસ્થાથી કાર્યમાં ભિન્નપણું હોવું જ જોઈએ. (કાર્યની પહેલાં જે અવસ્થા હતી તેની તે જ હોય તો કાર્ય થયું જ કેમ ગણાય ? પહેલાં રૂ હતું, જો તે તેવું ને તેવું જ રહે તો તેમાંથી કાર્ય 'સૂતર' ક્યાંથી થાય ? તેની અવસ્થા ફરે ત્યારે જ કાર્ય થાય). એ નિયમ સર્વત્ર કારણ છે. એવી રીતે વ્યાકૃતોની ઉત્પત્તિ અવ્યાકૃતમાંથી જ થાય છે, એમ કારણ કહે છે. (લે)

(ઉત્તરાર્ધમાં) કરે છે. હે હૃષીકેશ, આપને નમસ્કાર હો. હૃષીક એટલે ઇન્દ્રિયો, તેમના ઈશ એટલે પ્રેરક (પ્રવૃત્તિ કરાવનાર); (આપ હૃષીકેશ એટલે ઇન્દ્રિયોના પ્રેરક છો). એમ જણાવવા[૬] અહિં ભગવાન્ પોતાની ઇન્દ્રિયોની પ્રવૃત્તિ કરાવી રહેલા છે, તેથી તેમને સાક્ષાત્[૭] નમસ્કાર કરે છે; અથવા તેવી (પોતાની ઇન્દ્રિયો ભગવાનને નમસ્કાર કરવા યોગ્ય થાય અને ભગવાન્ તેમને તેવી પ્રેરણા કરે તેવી) અવસ્થા માટે પ્રાર્થના કરે છે.

'ત્યારે[૮] અવ્યાકૃતરૂપનું જ્ઞાન કેમ થાય[૯]?' એવી આકાંક્ષા થાય, તેથી કહે છે કે આપ 'મુનિ' છો. તેવું જ્ઞાન થવાનું કારણ મનન જ છે, અને[૧૦] મુનિઓને તેવું જ્ઞાન થાય છે. ભગવાન્ મુનિરૂપ[૧૧] છે. વળી 'મૌનસ્વભાવવાળા' શબ્દથી અવ્યાકૃત ભગવાનનું જ્ઞાન થવાનું બીજું કારણ પણ કહે છે. 'મૌન જ જેમનું શીલ એટલે સહજ સ્વભાવ છે તેવા' ભગવાન્ છે, વળી 'વાણી બંધ થાય ત્યારે કયું તેજ હોય છે ?' એ પ્રશ્ન પૂછાતાં, 'અહિં આ પુરુષ સ્વયંજ્યોતિ છે' 'વાણી બંધ થતાં તેની પ્રાપ્તિ કરી' એવાં વાક્ય છે. તેથી ભગવાનનું જ એ એક જ[૧૨] અવ્યાકૃતરૂપ છે કે જેની[૧૩] સાથે 'જેણે વિચારેલું નથી તેણે વિચારેલું છે' વિગેરે વાક્યોનો સંબંધ છે. ૪૭.

વળી ભગવાન્ શાસ્ત્રાર્થરૂપ[૧] છે. આ ભગવાનના શાસ્ત્રાર્થરૂપનો પંડિતો વ્યવહાર (માં ઉપયોગ) કરે છે, તે રૂપ આ શ્લોકમાં કહે છે:

---

૬. અવ્યાકૃતરૂપ જ પોતાની ઇચ્છાથી જણાવવા. (લે) કાર્ય તેના કારણથી જૂદું હોય છે તેમ જણાવવા. (પ્ર)

૭. સાક્ષાત્ એ મૂલમાં 'તે' 'આપને' શબ્દ છે તેનો અર્થ છે. (લે)

૮. વ્યાકૃતરૂપ જણાવવા ભગવાન્ હૃષીકેશ છે ત્યારે. (લે)

૯. અવ્યાકૃતરૂપનું જ્ઞાન ઇન્દ્રિયોના પતિ તેમને પ્રેરણા કરી કરાવતા નથી, તો પછી અવ્યાકૃત રૂપ હોય તેવું સંભવતું જ નથી; તેવા રૂપનું અસ્તિત્વ જ નથી એમ માનવું જોઈએ. (લે)

૧૦. 'અને' શબ્દ 'કારણ કે'ના અર્થમાં અહિં યોજાએલો છે. (લે)

૧૧. ભગવાન્ મુનિરૂપ થઈ પોતાને જૂએ છે. તેથી અવ્યાકૃતપણાની ક્ષતિ થતી નથી અને અવ્યાકૃતરૂપનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. (લે)

૧૨. સર્વને ઉત્પન્ન કરનાર, સર્વને જણાવનાર, જાણી ન શકાય તેવું ભગવાનનું અક્ષરરૂપ એક જ છે. (લે)

૧૩. જેની સાથે એટલે અક્ષર સાથે. પુરુષોત્તમ સાથે આ વાક્યોનો સંબંધ નથી, કારણ કે પુરુષોત્તમનું જ્ઞાન 'ભક્તિથી મને જાણે છે' વિગેરે વાક્યો પ્રમાણે થાય છે જ.

૧. શાસ્ત્રાર્થરૂપ–શાસ્ત્રોમાં જેમના રૂપનું પ્રતિપાદન કરેલું છે તેવા. પહેલાં ભગવાનનું 'અજ્ઞેય' 'જાણી ન શકાય તેવું' રૂપ કહ્યું. શાસ્ત્રોથી જે ભગવાનના રૂપનું જ્ઞાન થાય છે તે રૂપ અહિં કહે છે. (લે)

**પરાવરગતિજ્ઞાય સર્વાધ્યક્ષાય તે નમઃ ।।**
**અવિશ્વાય ચ વિશ્વાય તદ્દ્રષ્ટ્રે તસ્ય હેતવે ।।૪૮।।**

મોટા અને નાનાની ગતિ જાણનાર, સર્વના અધ્યક્ષ આપને નમસ્કાર (કરીએ છીએ). વિશ્વથી જૂદા અને વિશ્વરૂપ, તેના દ્રષ્ટા (અને) તેના કારણરૂપ (આપને નમસ્કાર કરીએ છીએ). ૪૮.

ભગવાન્ 'મોટા અને નાનાની ગતિ જાણનાર' છે. મોટા બ્રહ્મા વિગેરે (દેવો) છે, નાના આપણે વિગેરે છીએ. તે બધાયની ગતિ એટલે વ્યવસ્થા ભગવાન્ જાણે છે. તેથી (તે 'મોટા અને નાનાની ગતિ જાણનાર' છે). શાસ્ત્રથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે આવું[૨] હોય છે. (તેથી આ ભગવાનનું શાસ્ત્રાર્થરૂપ કહેલું છે). એ પ્રમાણે બહારનું[૩] જ્ઞાન કહી, હવે 'સર્વના અધ્યક્ષ' શબ્દથી અંતર્જ્ઞાન[૪] કહે છે. (ભગવાન્) સર્વના અધ્યક્ષ એટલે સાક્ષી છે; તેથી[૫] 'આપને' શબ્દથી પ્રત્યક્ષ થતા એવા ભગવાનને નમસ્કાર કરે છે.

હવે ઉત્તરાર્ધ શ્લોકથી શાસ્ત્રો જે ભગવાનના રૂપનું પ્રતિપાદન કરે છે તે રૂપ કહે છે. આપ 'અવિશ્વ' એટલે 'વિશ્વથી જૂદા', અથવા 'વિશ્વની બહારના' છો, વળી 'વિશ્વ' એટલે 'વિશ્વરૂપ' પણ છો. વિશ્વની બહારના છો અને વળી વિશ્વરૂપ પણ છો. વિશ્વરૂપ જ હોવા છતાં વિશ્વની બહારના પણ છો. જેમ વૃક્ષ શાખારૂપ રહેવા છતાં પણ ફલરૂપ પણ હોય છે; (તેમ આપ વિશ્વરૂપ હોવા છતાં પણ વિશ્વની બહારના છો, અને વિશ્વરૂપની બહારના હોવા છતાં વિશ્વરૂપ પણ છો). મૂલમાં 'ચ' 'અને' છે, તેથી એ બંને રૂપ બંને સ્થલે (વિશ્વમાં અને વિશ્વની બહાર) છે. આમ હોવાથી કેટલાક 'ભગવાન્ વિશ્વરૂપ' છે એમ કહે છે, કેટલાક ભગવાન્ 'વિશ્વની બહાર' છે એમ કહે છે, કેટલાક 'ભગવાન્ વિશ્વની બહાર છે અને વિશ્વરૂપ પણ છે' એમ કહે છે, અને કેટલાક એકદેશી[૬] હોય છે.

---

૨. આવું એટલે શાસ્ત્રથી ભગવાનના જે રૂપનું જ્ઞાન થાય છે તે રૂપ 'મોટા અને નાનાની ગતિ જાણનાર' અને 'સર્વનું અધ્યક્ષ' એટલે સર્વને પ્રેરણા કરનારું છે; એટલે 'ભગવાન્ મોટા અને નાનાની ગતિ જાણનાર અને સર્વના અંતર્યામી છે', એવું જ્ઞાન શાસ્ત્ર કરાવે છે. (લે)

૩. બહારનું એટલે વિશ્વની બહાર રહેલ ભગવાનના રૂપનું. આ રૂપ 'મારા ભયથી આ વાયુ વાય છે' વિગેરે વાક્યો પ્રમાણે મોટા અને નાનાને મર્યાદામાં રાખનારું છે. (લે)

૪. અંતર્જ્ઞાન-ભગવાનના વિશ્વમાં રહેલ રૂપનું જ્ઞાન. આ રૂપ સર્વનું અધ્યક્ષ-સર્વનું પ્રેરક છે. (લે)

૫. ભગવાન્ શ્રીકૃષ્ણ બહિર્જ્ઞાન અને અંતર્જ્ઞાનના વિષય છે તેથી. (વિશ્વની બહારનું જાણી ન શકાય તેવું તેમનું સ્વરૂપ છે, અને વિશ્વની અંદર સર્વને પ્રેરણા કરનારું તેમનું સ્વરૂપ છે તેથી). (લે)

૬. વિશ્વની બહારનું રૂપ અને વિશ્વની અંદરનું રૂપ બંને જૂદાં છે, એવા મતવાળા આ એકદેશીનો મત બ્રહ્મસૂત્ર ૩।૨।૧૨માં જણાવી, તેનું ત્યાં ખંડન કરેલું છે. (લે)

વળી ભગવાન્ 'તેના દ્રષ્ટા' છે. તે રૂપના (વિશ્વની બહારના રૂપના) દ્રષ્ટા આપ જ છો. આ શબ્દથી 'ભગવાન્ વિશ્વની બહાર છે' એ રૂપનું પ્રમાણ કહેલું છે. 'તેના કારણરૂપ' શબ્દથી ભગવાન્ વિશ્વરૂપ છે તેનું પણ પ્રમાણ કહે છે. તેના એટલે વિશ્વના કારણરૂપ પણ આપ છો. કાર્ય કારણાત્મક જ છે, એ (તેનું[૭]) પ્રમાણપણું છે. આથી (છેલ્લા ત્રણ એટલે ૪૬ થી ૪૮ શ્લોકોથી) જ અનુક્રમે નિરોધ, મુક્તિ અને આશ્રય કહેલાં છે[૮]. (નિરોધ, મુક્તિ અને આશ્રયલીલાઓનાં સ્વરૂપો કહેલાં છે). ૪૮.

એ રીતે સર્વસ્વરૂપને નમન કરી, તેમની પાસે પ્રાર્થના કરવા માટે, આ સર્પનો (જણાય છે) તેવો અપરાધ નથી એમ પ્રથમ કહેવા, તેનો અપરાધ નથી એ યોગ્ય છે એમ દર્શાવવા, આપ જ સર્વના સ્વભાવોને જાગ્રત કરનાર છો એમ કહે છે:

**ત્વં હ્યસ્ય જન્મસ્થિતિસંયમાન્ પ્રભો ગુણૈરનીહોકૃત કાલશક્તિધૃક્ ॥**
**તત્તત્સ્વભાવાન્ પ્રતિબોધયન્ સતઃ સમીક્ષયામોઘવિહાર ઈહસે ॥૪૯॥**

હે પ્રભો ! કાલશક્તિ ધારણ કરનાર આપે ચેષ્ટારહિત (રહીને) ગુણોથી આ (જગત)નાં જન્મ, સ્થિતિ અને લય કરેલાં છે. જેમનો વિહાર મિથ્યા નથી તેવા આપ જુદી જુદી (વસ્તુઓના) સ્વભાવોને જાગ્રત કરતાં સારાની સંભાળથી (સંભાળ લેતાં) લીલા કરો છો. ૪૯.

આપે જ 'ગુણોથી આ જગતનાં જન્મ, સ્થિતિ અને લય કરેલાં છે'.

૭. ભગવાન્ વિશ્વના કારણરૂપ છે તેનું. (લે)

૮. 'શ્લોક ૪૬માં ભગવાનને ગુણોનો પ્રકાશ કરનાર કહ્યા તેથી ભલે તે ગુણો ઉપર ઉપકાર કરનાર હોય, શ્લોક ૪૭માં તેમને અવ્યાકૃત વિહારવાળા કહ્યા તેથી તે ભલે અવતાર (કપટથી માનુષભાવ ધારણ કરી) લેતા હોય, આ શ્લોકમાં તેમને મોટા અને નાનાની ગતિ જાણનાર કહ્યા તેથી તે ભલે સર્વના અંતર્યામી હોય, પણ તેમાં અનુક્રમે નિરોધ, મુક્તિ અને આશ્રયની લીલા જણાતી નથી. તેથી ભગવાનની દશ પ્રકારની લીલાથી થતાં દશ પ્રકારનાં સ્વરૂપને નાગપત્નીઓ નમસ્કાર કરે છે, એમ કેવી રીતે કહી શકાય ?' એવી શંકા થાય, તેથી અહિં કહે છે કે આ શ્લોકોમાં અનુક્રમે નિરોધ, મુક્તિ અને આશ્રયની લીલા કહેલી છે. શ્લોક ૪૬માં ભગવાન્ ગુણો ઉપર એટલે સગુણ (ગુણવાળા) જીવો ઉપર ઉપકાર કરે છે એમ કહ્યું, તેથી તેઓનો નિરોધ કહેલો છે. શ્લોક ૪૭માં ભગવાન્ અવ્યાકૃત વિહારવાળા છે એટલે તેવા વિહારથી (જીવોની) સ્વરૂપમાં સ્થિતિ કરનાર છે એમ કહ્યું, એટલે મુક્તિલીલા થઈ (કારણ કે સ્વરૂપમાં સ્થિતિ હોવી એ મુક્તિનું લક્ષણ છે). આ શ્લોકમાં પૂર્વાર્ધથી ભગવાનને જ્ઞાનના આધાર કહેલા છે અને ઉત્તરાર્ધથી તેમને ક્રિયાના આધાર કહેલા છે; તેથી તે 'આશ્રય' છે એમ કહ્યું એટલે આશ્રયલીલા કહી. એ રીતે આ ત્રણ શ્લોકમાં અનુક્રમે નિરોધ, મુક્તિ અને આશ્રય કહેલાં છે. તેથી ભગવાનની દશ લીલાઓથી થતાં દશ સ્વરૂપોને નાગપત્નીઓ નમન કરે છે, એમ સહેલાઈથી સિદ્ધ થાય છે. (પ્ર)

આપે પોતે 'અનીહ' એટલે ચેષ્ટા વિનાના જ રહીને એ પ્રમાણે જગતનાં જન્મ વિગેરે કરેલાં છે. 'કાલશક્તિ ધારણ કરનાર' શબ્દથી ચેષ્ટારહિત ભગવાને કયા સાધનથી તે કર્યાં એ જણાવે છે. આપ કાલશક્તિ ધારણ કરનારા છો–જ્યારે ભગવાન્ કાલશક્તિનું અધિષ્ઠાન કરે છે એટલે જ્યારે ભગવાન્ કાલશક્તિને ધારણ કરે છે ત્યારે જેમ સિંહાસનમાં રહેલી પુતળી વાયુનો ક્ષોભ કરે તેમ તે કાલશક્તિ ગુણોનો ક્ષોભ કરે છે, અને ગુણોનો ક્ષોભ થાય ત્યારે સર્વ કાર્યો થાય છે. ગુણો સર્વ કાર્યોનું ઉપાદાન કારણ છે, કાલ નિમિત્ત કારણ છે અને સ્વભાવ નિયામક (નિયમમાં રાખનાર) છે. આ હકીકત 'જુદી જુદી વસ્તુઓના સ્વભાવોને જાગ્રત કરતાં' શબ્દોથી કહે છે. જુદી જુદી વસ્તુઓના સ્વભાવો જદાં જુદાં કાર્યોના નિયામક છે અને તે સ્વભાવોને કાલ જ અથવા સ્વભાવથી અંદર રહેલું સ્વરૂપ[1] જ જાગ્રત કરે છે. આ પ્રમાણે કરતાં 'સારાની[2] સંભાળથી લીલા કરો છો'. આપ બે કાર્યો કરો છો, (૧) આપ અવતાર લીધા વિના અક્ષર ઉપર આરોહણ કરો છો ત્યારે કાલશક્તિ, ગુણો અને સ્વભાવ (અક્ષરમાંથી) બહાર નીકળે છે અને તેમાંથી સર્વ જગત્ થાય છે; પણ તે અનેક પ્રકારનું હોય છે, (તેમાં સારું અને દુષ્ટ સર્વ હોય છે). એ જગતની અંદર પણ જે સારું છે તે સર્વ એટલે સન્માર્ગ અને સારા પુરુષો, એ સર્વેની સમીક્ષા રાખી એટલે પરિપાલન કરીને સારી રીતે સંભાળ રાખીને આપ લીલા કરો છો. તેથી (આપની આવી લીલાથી) તે સારા પુરુષોના સર્વ પુરુષાર્થો સિદ્ધ થાય છે, અને જગતનું રક્ષણ થાય છે, એટલે વારંવાર તે રચવું પડતું નથી, આનું કારણ 'જેમનો વિહાર મિથ્યા નથી' એ શબ્દથી કહેલું છે. 'જેમનો વિહાર' 'મોઘ' એટલે 'વ્યર્થ નથી' એવા આપ છો; આથી બંનેનું (જુદી જુદી વસ્તુઓના સ્વભાવને જાગ્રત કરવાનું અને સારાની સંભાળ રાખવાનું) કારણ કહેલું છે. ૪૯.

આ સર્પનો સ્વભાવ દુષ્ટ હોવાનું, અને ભગવાને તેને શિક્ષા કરી તેનું કારણ કહી, હવે આ શ્લોકમાં કાર્ય[1] કહે છેઃ

**તસ્યૈવ તેમૂસ્તનવસ્ત્રિલોક્યાં શાન્તા અશાન્તા ઉત મૂઢયોનયઃ ।।**
**શાન્તાઃ પ્રિયાસ્તે હ્યધુનાવિતુઃ સતાં સ્થાતુશ્ચ તે ધર્મપરીપ્સયેહતઃ ।।૫૦।।**

ત્રણ લોકમાં શાંત, અશાંત અથવા મૂઢયોનિવાળાં આ (બધાં) શરીરો તેવાં આપનાં જ છે. સારા પુરુષોનું રક્ષણ કરનાર અને ધર્મરક્ષા કરવાની ઈચ્છાથી

૧. સ્વભાવમાં રહેલું આધિદૈવિક ભગવાનનું રૂપ જ. (પ્ર).
૨. 'સતઃ' એ સત્ શબ્દની બીજી વિભક્તિનું બહુવચન છે. (પ્ર) આનો સંબંધ 'સમીક્ષયા' શબ્દ સાથે હોવાથી, તેને બીજીના બહુવચનમાં લેવું કઠણ થઈ પડે છે. છઠ્ઠી વિભક્તિના એકવચનનું એ રૂપ હોય, એ સુબોધિનીમાંના 'સર્વસ્યૈવ સતઃ' શબ્દથી વધારે યોગ્ય લાગે છે.

ચેષ્ટા કરતા રહેનાર, આપને હાલ શાંત (શરીરો) પ્રિય છે. ૫૦.

જ્યારે ભગવાન્ પોતાને માટે જ સર્વ (જગત્) કરે છે ત્યારે સર્વ શરીરો ભગવાનની લીલામાં ઉપયોગી હોવાથી ભગવાનનાં શરીરો હોય છે; તે ત્રણ પ્રકારનાં હોય છે. [ક] શાંત એટલે સાત્ત્વિક, [ખ] અશાંત એટલે વિક્ષિપ્ત (વીંખરાએલાં) રાજસ અને [ગ] મૂઢયોનિવાળાં એટલે તામસ; આ બધાં શરીરો આપનાં જ છે. આવું બીજા[૨] પ્રકારના સર્ગમાં બને છે[૩]; કારણ કે એ પ્રકારના સર્ગમાં જ ભગવાન્ દૈત્યાંશો (જેમનામાં દૈત્યોનો અંશ છે તેવા જીવો) ઉપર ઉપકાર કરે છે.

'મૂઢયોનિવાળાં (તામસ) શરીરો એવા (ભગવાનનાં) હોય એ સંભવતું નથી' એવી શંકા થાય, તેથી 'તે' 'આપનાં જ' છે એમ કહે છે.

'એમ હોય (બધાં શરીરો ભગવાનનાં જ હોય) તો ભગવાનના અવતારની લીલા[૪] કેવી રીતે સંભવે ?' એવી શંકા થાય, તેનો નિરાસ શ્લોકના ઉત્તરાર્ધથી કરે છે. હાલ આપ સારાનું પાલન કરો છો અને ધર્મનું રક્ષણ કરવાની ઈચ્છાથી રહો છો, તેથી (હાલ) આપને શાંત શરીરો પ્રિય છે. હાલ શાંત એટલે સાત્ત્વિક શરીરો જ આપને પ્રિય છે, તે સિવાયનાં બંને પ્રકારનાં એટલે રાજસ અને મૂઢયોનિવાળાં શરીરો આપને હમણાં પ્રિય નથી; કારણ કે તે (મૂઢયોનિવાળાં શરીરો) (બીજાનો) નાશ કરનારાં છે અને રાજસ શરીરો (બીજાને) ઉત્પન્ન કરનારાં છે. (બીજાને) ઉત્પન્ન કરનારાં શરીરો પણ આપને ઈષ્ટ નથી, કારણ કે તે (ભૂમિ ઉપરનો) ભાર વધારે છે અને નાશ કરનારાં શરીરો તો આપના વિરોધી છે, (તેથી આપને પ્રિય ન જ હોય). આથી (ભગવાનના અવતારનાં) બંને[૫] કાર્યો કહેલાં છે. ૫૦.

એમ હોવાં છતાં આ સર્પનો અપરાધ આપે સહન કરવો જોઈએ, એ આ શ્લોકમાં કહે છેઃ

**અપરાધઃ સકૃદ્ ભર્ત્રા સોઢવ્યઃ સ્વપ્રજાકૃતઃ ।।**

---

૧. કાર્ય એટલે સર્પને શિક્ષા કરી તે કાર્ય. (લે)

૨. બીજા પ્રકારનો સર્ગ એટલે આસુરસર્ગ. (પ્ર) ભગવાન્ પોતાની ક્રીડા માટે જગત્ કરે છે તે પ્રકાર. (લે) 'જ્યારે ભગવાન્ પોતાને માટે જ જગત્ કરે છે ત્યારે' એ શ્રીસુબોધિનીના વાક્યને આ લેખકારે કરેલ અર્થ અનુસરે છે.

૩. મૂઢ યોનિવાળાં ભગવાનનાં વિરોધી હોવાથી ભગવાનનાં શરીરો કેમ હોઈ શકે ? એ શંકાનો ઉત્તર આપતાં, મૂલમાં 'ઉત' 'અથવા' પદ છે. તેનું તાત્પર્ય અહિં કહેલું છે. (પ્ર)

૪. દુષ્ટોના નિગ્રહરૂપ અવતારની લીલા. (પ્ર)

૫. દુષ્ટોનો નિગ્રહ અને સારાઓનું પાલન એ બંને. (પ્ર) સારાઓની રક્ષા અને ધર્મનું પાલન કરવાની ઈચ્છા એ બંને. (લે)

**ક્ષન્તુમર્હસિ શાન્તાત્મન્ મૂઢસ્ય ત્વામજાનતઃ ।।૫૧।।**

પાલન કરનારે પોતાની પ્રજાએ કરેલો અપરાધ એકવાર સહન કરવો જોઈએ, હે શાંત આત્માવાળા ! આપને નહિ જાણનાર મૂઢને ક્ષમા કરવા યોગ્ય છો. ૫૧.

જો કે હાલમાં આપની બીજા ઉપર પ્રીતિ છે, તો પણ અમો વિગેરેના પણ આપ જ પતિ છો. તેથી અવસર વિના કાર્ય કરીને (આણે) આપનો અપરાધ કરેલો છે, તે પણ આપે સહન કરવો જોઈએ[1]; કારણ કે તે આપની જ પ્રજાએ એટલે આપે જેનું પાલન કરવું જોઈએ તેણે જ અપરાધ કરેલો છે. જો એમ ન થાય (આપ અપરાધ સહન ન કરો) તો આપનું પાલકપણું ન રહે. કાર્યનો નિર્વાહ થાય તે માટે, અને તે (તેને) જણાવવા[2] માટે, પોતાની પ્રજાએ કરેલો અપરાધ એકવાર તો સહન કરવો જોઈએ. ફરી જો તે અપરાધ કરે તો તેણે તે જાણીને કરેલો હોવાથી તેને મારવો એ જ યોગ્ય છે, કારણ કે (ફરી અપરાધ કરવાથી) તે વિરોધી છે (એમ નિશ્ચય થાય છે). તેથી[3] જ આપ ક્ષમા કરવા યોગ્ય છો. 'હે શાંત આત્માવાળા' શબ્દથી ક્ષમા કરવાનું બીજું કારણ[4] પણ કહે છે. 'જેનો આત્મા શાંત છે' તેવા આપ છો; તેથી આપ સત્ત્વનું ધામ હોવાથી, આપને ક્ષોભ થતો નહિ હોવાથી, અને તેને આપે દંડ કર્યો તેથી કાર્ય[5] સિદ્ધ થએલું હોવાથી, હવે ભવિષ્યમાં તેનાથી કોઈ પ્રકારનો પ્રતિબંધ (વિઘ્ન) નહિ થાય; તેથી (તેનો અપરાધ આપે) સહન કરવો જોઈએ.

'આ અપરાધ તેણે અજ્ઞાનથી કર્યો છે, એમ કેમ જાણવું ? જાણીને કર્યો હોય તો તો એકવાર પણ સહન ન કરવો જોઈએ' એવી શંકા થાય, તેથી કહે છે કે આ 'મૂઢ' છે. સ્વભાવથી જ આ સર્પની યોનિવાળો તામસ છે, તેથી મૂઢ હોવાથી આપને જાણતો નથી. (તેથી) અજ્ઞાનથી કરેલું નહિ કર્યા બરાબર છે, (તેથી આપ ક્ષમા કરો). ૫૧.

---

૧. આપ હમણાં સાત્ત્વિકોનું પાલન કરો છો, એટલે તેઓના ઉપર આપની કૃપા છે; અને રાજસ તથા તામસ ઉપર આપની કૃપા હમણાં નથી. તેથી રાજસ અને તામસોએ પોતાનું કાર્ય કરવાનો હાલ અવસર નથી, તેથી તેઓ હમણાં તેઓનું કાર્ય કરે તેથી આપનો અપરાધ થાય છે; તો પણ તેઓના પણ આપ જ પતિ છો, તેથી આપે તેમનો અપરાધ સહન કરવો જોઈએ એવો અર્થ છે. (ટિ)

૨. પોતાનો સ્વભાવ જણાવવા માટે (પ્ર)

૩. પાલન કરનારે પ્રજાનો અપરાધ સહન કરવો જોઈએ, તેથી આપ ક્ષમા કરવા યોગ્ય છો એવો અર્થ છે.

૪. 'અમે પ્રજા છીએ' એ પોતાની અંદર રહેલું પહેલું કારણ અને 'શાંતિ' એ ભગવાનમાં રહેલું બીજું કારણ. (લે)

૫. કાર્ય એટલે નિગ્રહ. (લે)

ક્ષમા કરવામાં જે કરવું જોઈએ તે 'કૃપા કરો' વિગેરેથી કહે છેઃ

**અનુગૃહ્ણીષ્વ ભગવન્ પ્રાણાંસ્ત્યજતિ પન્નગઃ ।।**
**સ્ત્રીણાં નઃ સાધુશોચ્યાનાં પતિઃ પ્રાણઃ પ્રદીયતામ્ ।।૫૨।।**

હે ભગવન્ ! કૃપા કરો. સર્પ પ્રાણ તજે છે. સાધુઓએ શોક કરવા યોગ્ય અમો સ્ત્રીઓના પતિરૂપ પ્રાણ (અમને) આપો. ૫૨.

(આપે) કૃપા કરવી જોઈએ. 'કૃપા શા માટે કરવી જોઈએ ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'હે ભગવન્ !' (આપ ભગવાન્ છો તેથી) કૃપા કરવામાં આપનો ગુણ જ કારણભૂત છે, આ સર્પનો તો કોઈ એવો ગુણ નથી કે જેથી આપ તેના ઉપર કૃપા કરો.

'એમ હોય (મારા ગુણને લીધે મારે કૃપા કરવાની હોય) તો બધાના ઉપર કૃપા થાય (કરવી જોઈએ)' એવી શંકા થાય, તેથી '(સર્પ) પ્રાણ તજે છે' એ શબ્દોથી કૃપાનું નિમિત્ત કહે છે; આના ઉપર અત્યારે કૃપા કરવાનો સમય છે. જેમ આપની કૃપા થવામાં ભક્તિ વિગેરે કારણો છે તેમ સમય પણ કૃપા કરવાનું કારણ છે; તેથી જ ગ્રહણ વિગેરે સમયે સેવા ન કરનારને પણ દાન કરવામાં આવે છે. જેમ એ રીતે સમયને લીધે બીજા કારણ વિના દાન દેવામાં આવે છે તેવી રીતે આપ કૃપા કરો એવો અર્થ છે. વળી આ સર્પ છે. તે માત્ર જીવ છે. તેની પામરતા પણ દયા કરવાનું કારણ છે.

'જ્યારે એ પામર છે તો પછી એને જીવવાનું શું પ્રયોજન છે ?' એવી શંકા થાય, તેથી શ્લોકનો ઉત્તરાર્ધ કહે છે. અમો સ્ત્રીઓ છીએ અને આ અમારો પતિરૂપ પ્રાણ છે, તેથી તે અમને આપો. સ્ત્રીઓના પ્રાણની સર્વથા રક્ષા કરવી જોઈએ.

'' 'આ (સ્ત્રીઓ) વરુઓનાં હૃદયો છે' એ શ્રુતિ પ્રમાણે સ્ત્રીઓ દુષ્ટ પણ હોય છે, (તેથી તેમના પ્રાણની રક્ષા શા માટે કરવી ?)'' એવી શંકા થાય, તેથી કહે છે કે અમો સ્ત્રીઓ 'સાધુઓએ શોક કરવા યોગ્ય' છીએ. સ્ત્રીઓ દુષ્ટ હોય છે એ સત્ય છે, પરંતુ એ યોનિનો જ દોષ છે, જીવનો દોષ નથી. તેથી જે જીવ સ્ત્રી થાય છે, તેનો સાધુઓ શોક કરે છે કે 'આ જીવ જ્યાં સદા ભય, પરાધીનપણું અને બંધન (મુક્તિનો અભાવ) હોય છે, એવા સ્ત્રીના શરીરમાં કેમ પડ્યો ?' આપ તો સાધુઓનું પણ પાલન કરનાર છો, તેથી તેમને (સાધુઓને) શોક ન થાય તે માટે અમારા પ્રાણનું રક્ષણ કરો એવો ભાવ છે. ૫૨.

'સર્વને મુક્તિની અપેક્ષા હોય છે, તેથી પ્રાણરક્ષા કરતાં મુક્તિ જ શા માટે માગતાં નથી ?' એવી શંકા થાય, તેથી 'આપની દાસીઓને આજ્ઞા કરો' વિગેરે કહે છેઃ

**વિધેહિ તે કિંકરીણામનુષ્ઠેયં તવાજ્ઞયા ।।**
**યચ્છ્રદ્ધયાનુતિષ્ઠન્ વૈ મુચ્યતે સર્વતો ભયાત્ ।।૫૩।।**

આપની દાસીઓને આજ્ઞા કરો; આપની આજ્ઞા પ્રમાણે (દાસીઓએ) વર્તવું જોઈએ; તે પ્રમાણે શ્રદ્ધાથી વર્તનાર સર્વ પ્રકારના ભયથી મુક્ત થાય છે. ૫૩.

અમે આપને આત્મનિવેદન[૧] કર્યું, તેથી અમે આપની દાસીઓ થયાં છીએ, તેથી અમારો દાસીઓનો સ્વધર્મ એ છે કે આપની આજ્ઞાનું પરિપાલન કરવું, કારણ કે આપની દાસીઓએ 'આપની આજ્ઞા પ્રમાણે જ વર્તવું જ જોઈએ'.

'એમ કરવાથી તમને શું લાભ ?' એવો પ્રશ્ન ઉઠે, તેથી કહે છે કે આપે કહેલું હોય 'તે પ્રમાણે શ્રદ્ધાથી વર્તનાર સર્વ પ્રકારના ભયથી મુક્ત થાય છે;' મુક્તિ તો આપની આજ્ઞા પ્રમાણે વર્તવાથી પણ થશે. એમને એમ (આપની આજ્ઞા માગી તે પ્રમાણે વર્ત્યા વિના મુક્તિ માગી લઈએ અને) મુક્તિ મળે, તો અમારું દાસીપણું અને આત્મનિવેદન વ્યર્થ થાય; અને અમને ભક્તિરસનો અનુભવ ન થાય. તેથી આ (અમારો પ્રાણ, અમારો પતિ) અમને આપો, (જેથી અમે જીવતાં રહી આપની આજ્ઞા પ્રમાણે વર્તન કરી દાસ્ય અનુભવીએ,) એવી (અમારી) પ્રાર્થના છે. ૫૩.

પછી ભગવાને શું કર્યું, તે શ્રીશુકદેવજી ૫૪મા શ્લોકથી કહે છેઃ

શ્રીશુકદેવજી કહે છેઃ

**ઈત્થં સ નાગપત્નીભિર્ભગવાન્ સમભિષ્ટુતઃ ।।**
**મૂર્ચ્છિતં ભગ્નશિરસં વિસસર્જાંઘ્રિકુટ્ટનૈઃ ।।૫૪।।**

આવી રીતે નાગપત્નીઓએ સારી રીતે સ્તુતિ કરેલા, તે ભગવાને મૂર્ચ્છા પામેલા અને ભાંગેલાં માથાંવાળા સર્પને ચરણના પ્રહારથી જ મોકલી દીધો. ૫૪.

આવી રીતે નાગપત્નીઓએ સારી રીતે સ્તુતિ કરેલા ભગવાને મૂર્ચ્છા પામેલા એટલે અંદરથી (અંતઃકરણમાં) ખિન્ન થએલા અને ભાંગેલાં માથાંવાળા એટલે બહારથી ખિન્ન થએલા(તે સર્પ)ને ચરણના પ્રહારથી જ મોકલી દીધો. ભગવાને પોતે જલમાં જલક્રીડા કરતાં કરતાં જ ચરણના પ્રહારથી જ તેને જ્યાં તેની સ્ત્રીઓ (નાગપત્નીઓ) હતી તે સ્થાને ફેંકી દીધો, એવો અર્થ છે. ૫૪.

પછી શું થયું તે આ શ્લોકમાં કહે છેઃ

**પ્રતિલબ્ધેન્દ્રિયપ્રાણઃ કાલીયઃ શનકૈર્હરિમ્ ।।**
**કૃચ્છ્રાત્ સમુચ્છ્વસન્ દેવઃ કૃષ્ણં પ્રાહ કૃતાઞ્જલિઃ ।।૫૫।।**

જેણે ઈન્દ્રિયો અને પ્રાણ પાછા મેળવેલા છે, તેવા કાલિયે કષ્ટથી શ્વાસ લેતાં દેવરૂપ થઈ બે હાથ જોડી હરિ શ્રીકૃષ્ણની ધીરેધીરે સ્તુતિ કરી. ૫૫.

---

૧. આત્માનું નિવેદન એટલે દુઃખીપણું જણાવવું તે. (લે)

'ઇન્દ્રિયો અને પ્રાણ જેણે પાછા મેળવેલા છે' (તેવો સાપ થયો); તેને (બોલવાનું) બલ પ્રાપ્ત થાય તે માટે (તેણે) પ્રાણનું ગ્રહણ કર્યું. જેને મૂર્ચ્છા થઈ હોય તેને અર્ધ સંપત્તિ હોય છે[1], (એટલે તેની ઇન્દ્રિયો અને પ્રાણ અડધા ગયા જેવા હોય છે,) તેથી (મૂર્ચ્છા વળતાં) તેને ઇન્દ્રિયો અને પ્રાણ ફરીથી પ્રાપ્ત થયા, તેથી તેણે તે 'પાછા મેળવ્યા' એમ કહેલું છે. 'કાલિય' એ તેનું પ્રસિદ્ધ નામ, તેને હવે સારી બુદ્ધિ થઈ છે એમ જણાવે છે. 'ધીરેધીરે' શબ્દથી ઝડપ[2] જણાવેલી છે. 'હરિ' શબ્દથી તે હવે નિર્ભય છે અને હવે તેને જીવતા રહેવાની આશા છે એમ જણાવેલું છે. તેથી વાક્યો (પોતાના મુખમાંથી) બહાર કાઢવા માટે કષ્ટથી શ્વાસ લેતાં, શાસ્ત્ર[3] પ્રમાણે 'દેવરૂપ' ગ્રહણ કરી, 'બે હાથ જોડી' તેણે ભગવાન્ શ્રીકૃષ્ણની નીચે પ્રમાણે સ્તુતિ કરી. ૫૫.

ભગવાન્ (પોતાની ઉપર) કૃપા કરે તે માટે આ શ્લોકમાં કાલિય પોતાનો અપરાધ ભગવાનને જણાવે છેઃ

કાલિય કહે છેઃ

**વયં ખલાઃ સહોત્પત્ત્યા તામસા દીર્ઘમન્યવઃ ।।**
**સ્વભાવો દુસ્ત્યજો નાથ લોકાનાં યદસદ્ગ્રહઃ ।।૫૬।।**

અમે ઉત્પત્તિ સાથે જ ખલ, તામસ અને લાંબા સમય સુધી ક્રોધવાળા હોઈએ છીએ, હે નાથ ! જેનાથી ખરાબ આગ્રહ થાય છે તેવો લોકોનો સ્વભાવ ત્યજી ન શકાય તેવો હોય છે. ૫૬.

અમે (સર્પો) સ્વભાવથી જ ખલ એટલે બીજાને ઉપદ્રવ કરનારા દુષ્ટ સ્વભાવવાળા છીએ, તે દોષ[1] ઉત્પત્તિ સાથે જ અમારામાં હોય છે; આ દોષ અમારી ઉત્પત્તિ સાથે જ અમારામાં હોય છે, આગંતુક (પાછલથી આવેલો) હોતો નથી; તેથી અમને શિક્ષા (સજા) કરવી તે વ્યર્થ છે. આ દોષ અમારામાંથી જાય તેવો નહિ હોવાથી અમને સર્વથા મારી નાખવા જોઈએ, (એમ આપ માનો) તો અમારી ઉત્પત્તિ જ વ્યર્થ થાય.

---

૧. 'મુગ્ધેઽર્ધસમ્પત્તિઃ પરિશેષાત્' એ બ્રહ્મસૂત્ર. ૩।૨।૧૦. પ્રમાણે. (પ્ર)
૨. 'ધીરેધીરે' શબ્દથી ધીમાપણું જણાવાય છે. છતાં જો કાલિય એકાદ ઘડી પછી ભગવાનની સ્તુતિ કરે તો તેને અધિક બલ તેટલા સમયમાં પ્રાપ્ત થએલ હોવાથી તે ધીરેધીરે સ્તુતિ ન કરે, આ સ્તુતિ તેણે ધીરેધીરે કરેલી છે એટલે તેને ઇન્દ્રિયો અને પ્રાણ પાછા મળ્યા કે તરત જ કરેલી છે, તેથી 'ધીરેધીરે' પદથી સ્તુતિ તરત જ કરવા માંડી છે અથવા સ્તુતિ કરવામાં ઝડપ કરી છે એમ જણાવેલ છે. (પ્ર)
૩. 'શાસ્ત્ર પ્રમાણે દેવરૂપ થઈ' એ શબ્દો 'બે હાથ જોડી' શબ્દનું તાત્પર્ય દર્શાવે છે. (પ્ર)
૧. તે દોષ એટલે અમારો ખલપણાનો દોષ. (લે) અમારો દુષ્ટ સ્વભાવ. (પ્ર)

'છતાં શિક્ષા(શિખામણ)થી કાંઈક ગુણ આવશે' એવી શંકા થાય, તેથી કહે છે કે અમે 'તામસ' છીએ, તામસોને જ્ઞાન હોતું નથી. જેને અનુસંધાન (પહેલાં શું થયું તેનું ભાન) રહેતું હોય તેને શિખામણ આપવાથી તેના ઉપર ઉપકાર થાય; પણ તામસ જીવોને તો અનુસંધાન હોતું જ નથી, (તેથી શિખામણથી અમારા ઉપર ઉપકાર તો ન થાય પરંતુ ઉલટો અમે અપકાર કરીએ; (શિખામણ ન ગમવાથી શિખામણ ન માનતાં શિખામણ આપનારને નુકસાન કરીએ;) કારણ કે અમે 'લાંબા સમય સુધી ક્રોધવાળા' હોઈએ છીએ. (અમારો ક્રોધ ઘણા વખત સુધી રહે છે). આમ કહીને કાલિય એમ જણાવે છે કે મને મારી નાખવામાં આવે તો પણ મારો કોઈ બીજો સેવક (સર્પ) આપના સેવકો ઉપર પાછળથી અપકાર કરશે (દંશ કરશે); તેથી અમે એવા દુષ્ટ છીએ કે અમારી દુષ્ટતા દૂર કરવાનો કોઈ ઉપાય નથી. ૫૬.

અમે એવા (જેમની દુષ્ટતા દૂર થઈ શકે નહિ તેવા) છીએ, તેનું કારણ આપ જ છો, એમ આ શ્લોકમાં કહે છેઃ

**ત્વયા સૃષ્ટમિદં વિશ્વં ધાતર્ગુણવિસર્જનમ્ ।।**
**નાનાસ્વભાવવીર્યૌજોયોનિબીજાશયાકૃતિ ।।૫૭।।**

હે સર્જનાર ! જેમાં ખાસ ગુણોની સૃષ્ટિ છે, તેવું આ વિશ્વ આપે સર્જેલું છે. તેમાં જુદા જુદા પ્રકારના સ્વભાવ, વીર્ય, ઓજસ્, યોનિ, બીજ, આશય અને આકૃતિઓ રહેલાં છે. ૫૭.

(આ વિશ્વ આપે સર્જેલું છે). સમુદાયથી (સમૂહથી, સામટું) સર્જેલું હોવાથી (આપનો) દોષ નથી[૧].

'વિશ્વ તો બ્રહ્માએ સર્જેલું છે' એવી શંકા થાય, તેથી 'હે સર્જનાર' એમ કહે છે. સર્જન કરનાર આપ જ છો.

'મેં ભગવાને સર્જ્યું હોય તો આવું કેમ હોય ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'તેમાં ખાસ ગુણોની સૃષ્ટિ છે'. ગુણો ત્રણ પ્રકારના છે અને એ ત્રણ પ્રકારનો સંબંધ વિશ્વમાં સર્વત્ર (સર્વ ચીજોમાં) રહેલો છે, તેથી બધાના ભેદો તેમાં 'જુદા જુદા પ્રકારના સ્વભાવ વિગેરે છે' એમ ગણે છે (કહે છે). સ્વભાવ એટલે જીવમાં રહેલો પ્રકૃતિનો ધર્મ; વીર્ય એટલે ઈન્દ્રિયોનો ધર્મ; ઓજસ્ એટલે

---

૧. આ જુદા જુદા પ્રકારના સ્વભાવ વિગેરે ભગવાને સર્જ્યા હોય તો તેમને પક્ષપાત કર્યાનો દોષ થાય, તેથી ભગવાનમાં આ દોષ નથી એમ જણાવવા આ વાક્ય યોજેલું છે. સારું અને ખરાબ બધું સમુદાયથી એક જ વખતે ભગવાને બનાવેલું છે; બનાવતી વખતે 'આ સારું' અને 'આ ખરાબ' એવો કોઈ વિભાગ કરેલો ન હતો, તેથી ભગવાનને કાંઈ દોષ થતો નથી. પહેલાં એક પ્રકારનું રચી, પછી તેમાં ફેરફાર કરવાથી જ પક્ષપાતનો દોષ થાય એવો ભાવ છે. (પ્ર)

પ્રાણનો ધર્મ; યોનિ એટલે માતાનો ધર્મ; બીજ એટલે પિતાનો ધર્મ; આશય એટલે અંતઃકરણનો ધર્મ; આ બધા ધર્મો (દરેકના) જુદા જુદા પ્રકારના હોય છે; દરેકના જુદા જુદા, તેમ દરેક સમૂહના જુદા જુદા હોવાથી અનેક પ્રકારના હોય છે; તેથી જ તે જુદા જુદા અને વિચિત્ર હોય છે. ૫૭.

(ઉપર જણાવેલું) અમારું સર્વ (સ્વભાવ વિગેરે) તામસ જ છે, એમ આ શ્લોકમાં જણાવે છેઃ

**વયં ચ તત્ર ભગવન્ સર્પા જાત્યુરુમન્યવઃ ।।**
**કથં ત્યજામસ્ત્વન્માયાં દુસ્ત્યજાં મોહિતાઃ સ્વયમ્ ।।૫૮।।**

હે ભગવન્! તેમાં અમે સર્પો તો જાતિથી જ બહુ ક્રોધવાળા છીએ. (તેવા) પોતે મોહ પામેલા (અમે) આપની ત્યજી ન શકાય તેવી માયાને કેવી રીતે ત્યજીએ ? ૫૮.

અહિં 'ચ' 'પરંતુ'(તો)ના અર્થમાં યોજેલો છે; વળી તે ભૌતિક (ભૂતલ ઉપરનો) અગ્નિ વિગેરેનો સમાવેશ કરવા યોજેલો છે. તેમાં એટલે તે સૃષ્ટિમાં અમે સર્પો તો જાતિથી જ બહુ ક્રોધવાળા છીએ. 'હે ભગવન્' એ સંબોધન જ્ઞાન માટે (આપને તો બધું જ્ઞાન છે એમ જણાવવા) કહેલું છે. 'અમે જાતિથી જ બહુ ક્રોધવાળા છીએ' એમ કહેવાથી અમારી જાતિ અને સ્વભાવ બંને દુષ્ટ છે એમ જણાવેલું છે. ગુણાતીત અવસ્થામાં અથવા સાત્ત્વિક અવસ્થામાં રહીને માયાનો પરિત્યાગ કરી શકાય, પણ અમે સર્પો તો ક્રોધને વશ હોવાથી અમારી તેવી ગુણાતીત અથવા સાત્ત્વિક અવસ્થા હોઈ શકે નહિ; તેથી અમે 'આપની માયાને કેવી રીતે ત્યજીએ ?'

'આ દોષ છે એમ જાણવામાં આવે, તો પછી તેનો ત્યાગ કેમ ન થાય ?' તેવી શંકા થાય, તેથી કહે છે કે તે આપની માયા 'ત્યજી ન શકાય તેવી' છે. આપની માયા એવી છે કે અમે જે ઉપાયો (તેને તજવાના) કરીએ તેથી કોઈ રીતે ત્યજી ન શકાય.

'ત્યારે તેનો ત્યાગ કરી શકાય તે માટે ભગવાનની જ પ્રાર્થના કેમ કરતા નથી ?' એવી શંકા થાય, તેથી કહે છે કે અમે 'પોતે મોહ પામેલા' છીએ. અમે પોતે જ મોહ પામેલા છીએ; અમારો આત્મા જ મોહ પામેલો છે. તેથી અમારું હિત અમે જાણતા નહિ હોવાથી તેનો ત્યાગ કરવાનો અમે પ્રયત્ન પણ કરતા નથી એવો અર્થ છે. ૫૮.

'ત્યારે તો તમારામાંથી દોષોની ઉત્પત્તિ અવશ્ય થવાની એવો સંભવ હોવાથી તમને મારી નાખવા જ જોઈએ' એવી શંકા થાય, તેથી ૫૯મો શ્લોક કહે છેઃ

**ભવાન્ હિ કારણં તત્ર સર્વજ્ઞો જગદીશ્વરઃ ।।**
**અનુગ્રહં નિગ્રહં વા મન્યસે તદ્ વિધેહિ નઃ ।।૫૯।।**

તેનું કારણ આપ સર્વજ્ઞ જગતના ઈશ્વર છો; અમારા ઉપર અનુગ્રહ અથવા અમારો નિગ્રહ જે આપ (યોગ્ય) વિચારો તે કરો. ૫૯.

અમે એવા (જેમાંથી દોષોની ઉત્પત્તિ અવશ્ય થવાનો સંભવ છે તેવા) છીએ, તેનું કારણ આપ જ છો. આ બાબતમાં 'બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ...વિગેરે ભૂતોના જુદા જુદા પ્રકારના ભાવો મારામાંથી જ થાય છે' (ભગવદ્ગીતા ૧૦।૪।૫) વિગેરે વાક્યો પ્રમાણ છે, એમ જણાવવા મૂલમાં 'હિ' શબ્દ યોજેલો છે. આમ હોવાથી આ બાબતમાં અમારા ઉપર અનુગ્રહ કરવો અથવા અમારો નિગ્રહ કરવો, એ બેમાંથી જે યોગ્ય હોય તે આપ કરો. મેં અપરાધ કર્યો તેથી મારો નિગ્રહ કરવો જોઈએ. આપે મારી પાસે અપરાધ કરાવ્યો, (કારણ કે આપે અપરાધ કરવાની મારી બુદ્ધિ કરાવી) તેથી મારા ઉપર અનુગ્રહ કરવો જોઈએ.

આવી રીતે પરસ્પર વિરોધ હોય, ત્યાં ખરો શાસ્ત્રાર્થ શું માનવો ? જો બીજા કોઈએ[1] દંડ કર્યો હોય તો આપે અનુગ્રહ કરવો જોઈએ, તે તો યોગ્ય છે; (પણ આપે જ અપરાધ કરવાની બુદ્ધિ ઉત્પન્ન કરી દંડ કર્યો અને આપ જ અનુગ્રહ કરો એ યોગ્ય ગણાય ?) જો આપ ભગવાન્ પોતે જ સર્વરૂપ હો તો આપે નિગ્રહ કર્યો, તેથી હવે અનુગ્રહ કરવો જોઈએ. નિગ્રહ અને અનુગ્રહ આપે કર્યા કે નથી કર્યા, એ બંને (બધી હકીકત) આપ 'સર્વજ્ઞ' હોવાથી આપ જ જાણો છો; તેથી આપને જે યોગ્ય લાગે તે આપ કરો. જે કરવું હોય તે કરવાની શક્તિ આપનામાં નથી એવું તો નથી, કારણ કે આપ 'જગતના ઈશ્વર' છો. ૫૯.

એવું સાંભળીને ભગવાને જે કર્યું, તે (અહિંથી સાડા ચાર શ્લોકથી) કહે છેઃ

શ્રીશુકદેવજી કહે છેઃ

**ઈત્યાકર્ણ્ય વચઃ પ્રાહ ભગવાન્ કાર્યમાનુષઃ ।।**
**નાત્ર સ્થેયં ત્વયા સર્પ સમુદ્રં યાહિ મા ચિરમ્ ।।**
**સ્વજ્ઞાત્યપત્યદારાઢ્યો ગોનૃભિર્ભુજ્યતાં નદી ।।૬૦।।**

એવું વચન સાંભળીને કાર્ય માટે મનુષ્ય થએલા ભગવાને (તેને નીચે પ્રમાણે) કહ્યું. હે સર્પ ! તારે અહિં રહેવું નહિ; તારા સંબંધીઓ, પુત્ર તથા સ્ત્રીઓ સહિત તું સમુદ્રમાં જા; વિલંબ ન કર; ગાયો અને મનુષ્યો નદીનો ભોગ (ભલે) કરે. ૬૦.

---

૧. વૃંદાવન દેવકીનંદન પ્રેસમાં પ્રસિદ્ધ થએલ ગ્રંથમાં 'અન્યેન' 'બીજા કોઈએ' પાઠ છે. તે વધારે યોગ્ય લાગે છે. શાસ્ત્રી મગનલાલભાઈએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'અનેન' પાઠ છે. તેનું શુદ્ધિપત્રક તેમણે આપવાનું જણાવેલ છે, પણ આપેલું લાગતું નથી.

ભગવાને તેનું 'વચન જ સાંભળ્યું', અર્થ તો પહેલાં જ જાણ્યો હતો. તેનો પહેલાંનો ભાવ[1] ભગવાને પોતે કર્યો હતો અને તેણે ભગવાનની સ્તુતિ કરી હતી, તેથી તેના ઉપર પ્રસાદ (કૃપા, અનુગ્રહ) કરવો જોઈએ; તો પણ સમયને અનુસરી પ્રસાદ[2] બીજી રીતે[3] કરવાનો છે, એમ જણાવવા અહિં ભગવાનને 'કાર્ય માટે મનુષ્ય થએલા' કહેલા છે. જ્યારે ભગવાન્ કાર્ય માટે પોતે અયોગ્ય મનુષ્યભાવ પણ દર્શાવે છે ત્યારે આ સર્પ ભક્ત હોવા છતાં તેના ઉપર બીજા પ્રકારે પ્રસાદ (અનુગ્રહ) કરે તેમાં શું કહેવું ? 'તે બાધક (પીડા કરનાર) છે[4], એવી શંકાથી બીજા પ્રકારે તેના ઉપર પ્રસાદ કરે છે' એવી શંકા કરવી નહિ, કારણ કે ભગવાન્ તેને આજ્ઞા કરે છે. (જેને પોતાની આજ્ઞા માનવી પડે છે તે બાધક કેમ રહી શકે ?) ભગવાન્ આજ્ઞા કરે છે કે 'હે સર્પ' એટલે (સરવાને) જવાને શક્તિવાળા ! "[ક]તારે અહિં રહેવું નહિ, [ખ]સમુદ્રમાં જા, [ગ]વિલંબ ન કર", એવી રીતે ભગવાન્ તેને ત્રણ આજ્ઞાઓ કરે છે. તેણે કેવા પ્રકારે જવું એ જણાવવા 'તારા સંબંધીઓ, પુત્ર તથા સ્ત્રીઓ સહિત જા' એમ કહે છે. આથી એમ સૂચવે છે કે તું ગમે ત્યાં રહીશ તો પણ (તારા સંબંધીઓ, પુત્ર અને સ્ત્રીઓ સાથે તારે રહેવાનું હોવાથી) તને કાંઈ શ્રમ થવાનો નથી. 'ગાયો અને મનુષ્યો નદીનો (ભલે) ભોગ કરે' એ શબ્દોથી તેને અહિંથી (બીજે સમુદ્રમાં) જવાનું કારણ કહેલું છે. આ(કારણ જણાવવા)થી 'તેં નદીને દૂષિત (દોષવાળી) કરેલી છે' એમ તેનો બીજો દોષ જણાવેલો છે. ૬૦.

'સર્પો જાતિથી બહુ ક્રોધવાળા હોય છે' એમ પાછળ ૫૮મા શ્લોકમાં કાલિયે કહ્યું તેથી કદાચ સર્પો ભવિષ્યમાં વૈષ્ણવોને પીડા કરશે એમ જણાવાથી, ભગવાન્ તેને આ શ્લોકમાં બીજી આજ્ઞા કરે છેઃ

---

૧. પહેલાંનો ભાવ એટલે સૃષ્ટિભાવ, ભગવાને કર્યો હતો એટલે તેણે અપરાધ કર્યા પહેલાં તેના રહેઠાણ પર ભગવાને પોતે અતિક્રમણ કર્યું હતું. (લે) 'પહેલાંનો ભાવ એટલે સૃષ્ટિભાવ, સર્પ બીજાને પીડા કરે એવો તેનો સ્વભાવ ભગવાને પોતે કરેલો હોવાથી' એમ અર્થ ભાષાંતરમાં લીધો છે.

૨. પ્રસાદ એટલે પોતાના ધર્મ દર્શાવતાં તેને રાખવો તે. (પ્ર)

૩. બીજી રીતે એટલે અહિં રાખવાના પ્રકારથી જૂદી રીતે સમુદ્રમાં રાખીને અને ગરુડથી તેને અભય પ્રાપ્ત કરાવીને. (લે) પોતાનો ધર્મ દર્શાવતાં તેને બીજે સ્થલે રાખવો તે. (પ્ર)

૪. ભગવાન્ તેને અહિં રાખે તો ભગવાને તેને રાખેલો હોવાથી ગરુડ આવે અને તેને પીડા કરે, એવી શંકાથી તેને ભગવાન્ બીજે મોકલે છે, અને 'પોતે કાર્ય માટે મનુષ્ય થએલા હોવાથી મોકલતા નથી' એવી શંકા થાય, તેથી કહે છે કે કાર્ય માટે જ તેને બીજે મોકલે છે, એમ ભગવાન્ આજ્ઞા કરે છે તેથી જણાય છે. (પ્ર) 'તસ્ય બાધકશંકયા'નો અર્થ 'તેને (ગરુડથી) પીડા થાય એવી શંકાથી' એમ અહિં પ્રકાશકાર કરે છે. ભાષાંતરમાં તે સર્પ પીડા કરનાર છે, એવી શંકાથી' એવો અર્થ લીધેલો છે.

**ય એતત્ સંસ્મરેન્ મર્ત્યસ્તુભ્યં મદનુશાસનમ્ ।।**
**કીર્તયન્નુભયોઃ સન્ધ્યોર્ન યુષ્મદ્ભયમાપ્નુયાત્ ।।૬૧।।**

જે મર્ત્ય આ મેં તને કરેલી શિક્ષા(અથવા તારા માટે કરેલી આજ્ઞા)નું સ્મરણ કરશે અથવા બંને સંધ્યા સમયે તેનું કીર્તન કરશે, તેને તારાથી ભય ન થાઓ. ૬૧.

વૈષ્ણવનું સર્પે ભક્ષાણ ન જ કરવું (એટલું જ નહિ) પણ જે આટલાનું જ સ્મરણ કરે તેને પણ તારાથી ભય ન થાઓ. આ (આટલું જ) એટલે તારા નિગ્રહરૂપ મારું આ ચરિત, એમ 'મેં તને કરેલી શિક્ષા' શબ્દોથી કહેલું છે. (અથવા) આ એટલે તારા માટે મેં જે અનુશાસન એટલે આજ્ઞા કરેલી છે તે, એમ તે શબ્દોથી કહેલું છે. આટલાનું જ સારી રીતે ધ્યાનપૂર્વક સ્મરણ કરવું, અથવા બંને સંધ્યા સમયે તેનું કીર્તન કરવું, એટલે સાંજે અને સવારે આ ચરિતનો પાઠ કરવો; અથવા તે બંને કરવાં. (ચરિતનું સ્મરણ કરવું અને સવારે તથા સાંજે તેનો પાઠ કરવો). જે[1] તે પ્રમાણે કરશે તેને તારાથી 'ભય ન થાઓ' એવી આજ્ઞા કરેલી છે. ૬૧.

'સર્પ ભક્ષાણ કરે તેના નિમિત્તરૂપ પાપ હોય છતાં સર્પ કેમ ભક્ષાણ ન કરે ?' એવી શંકા થાય તેથી આ શ્લોક કહે છેઃ

**અસ્મિન્[1] સ્નાત્વા મદાક્રીડે દેવાદીંસ્તર્પયેજ્જલૈઃ ।।**
**ઉપોષ્ય માં સ્મરન્નર્ચેત્ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ।।૬૨।।**

જે મારા આ રમણસ્થલમાં સ્નાન કરી, દેવો વિગેરેનું જલથી તર્પણ કરશે અને ઉપવાસ કરી, મારું સ્મરણ કરતાં પૂજન કરશે, તે સર્વપાપોથી મુક્ત થશે. ૬૨

આમાં સ્નાન કરશે અથવા જે[1] આમાં સ્નાન કરશે, (તે સર્વ પાપોથી મુક્ત થશે). આ એટલે કાલિયનો ધરો. બીજા સ્થલો કરતાં આ સ્થલનો ખાસ ગુણ 'મારા રમણસ્થલમાં' શબ્દથી કહે છે. મારું રમણ જ્યાં (થએલું) છે તેમાં માત્ર સ્નાન કરવાથી જ તેના દેહના સંબંધવાળું સર્વ પાપ જતું રહેશે. જે 'ઉપવાસ કરી

---

૧. જે એટલે અવૈષ્ણવ પણ. (પ્ર) 'સર્પો બહુ ક્રોધવાળા હોવાથી ભવિષ્યમાં વૈષ્ણવોને પીડા કરે એમ કહેલું, તેથી વૈષ્ણવોને ભય ન થાય તેવી આજ્ઞા ભગવાને આપવી યોગ્ય હતી; પણ તેમ ન કરતાં જે કોઈ આ ભગવાનના ચરિતનું સ્મરણ અથવા કીર્તન કરે તેને પણ ભય ન થાય, એવી આજ્ઞા કેમ કરી ?' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. જે કોઈ આ ચરિતનું સ્મરણ અથવા પાઠ કરે તેને પણ ભય ન થાય, તો પછી વૈષ્ણવોને તો ન જ થાય એમાં કહેવાનું પણ શું ? સર્પ બહુ ક્રોધવાળા હોય છે, એમ કહ્યું તેનું તાત્પર્ય એ હતું કે તેઓ વૈષ્ણવોને દંશ કરશે; તેથી અહિં પણ તેઓ વૈષ્ણવોને દંશ ન કરે એવું તાત્પર્ય જેથી જણાય તેવું કહેલું છે. એવો ભાવાર્થ છે. પરીક્ષિતને સર્પથી ભય પ્રાપ્ત થયો ન હતો, પરંતુ બ્રાહ્મણથી (બ્રાહ્મણનો શાપ હોવાથી તેમને તક્ષકે દંશ કરેલ હોવાથી) ભય થયો હતો, એવો ભાવ છે. (લે)

૧-૧. 'યોઽસ્મિન્' એવો પણ પાઠ છે.

મારું સ્મરણ કરતાં પૂજન કરશે' તેનું પ્રાણના સંબંધવાળું પાપ ઉપવાસથી જતું રહેશે, મારા સ્મરણથી અંતઃકરણના સંબંધવાળું પાપ જતું રહેશે અને પૂજનથી ઈન્દ્રિયોના સંબંધવાળું પાપ જતું રહેશે; એટલે પાપ કરવાની દશામાં (પાપ કરતી વખતે) દેવોની આંખમાં જે ગુન્હો જણાએલો હશે (તે મટી જશે). દેવો પણ બહુ પ્રકારના હોય છે, તેઓ દેશના, કાલના અને કર્મના સાક્ષીઓ અને તેના અભિમાનવાળા હોય છે. પિતૃઓ પણ તે જ વંશના ક્રોધ કરનાર હોય છે, અને વેદનું ઉલ્લંઘન થવાથી ઋષિઓ પણ ક્રોધ કરનાર હોય છે; તેથી દેવો, પિતૃઓ અને ઋષિઓનું જલથી તર્પણ કરવું જોઈએ. મેં (આ ધરામાં) ક્રીડા કરી તેથી મારા ચરિતરૂપી અમૃતથી ભરેલાં (તેનાં) જલનું પાન કરી તેઓ તૃપ્ત થશે, એટલે ક્રોધ તો નહિ જ કરે; પરંતુ ઉલટા આશીર્વાદ જ આપશે એવો ભાવ છે. આથી[2] પહેલે દિવસે સ્નાન અને તર્પણ કરવાં, એમ કહેલું છે. બીજે દિવસે પણ તે કરવાં; અથવા આ[3] જૂદું જ કામ્ય સ્નાન કહેલું છે. ૬૨.

'હું બીજે જાઉં તો ગરુડ મારું ભક્ષણ કરશે' એવી શંકા થાય, તેથી આ શ્લોક કહે છેઃ

**દ્વીપં રમણકં હિત્વા હ્રદમેતદુપાશ્રિતઃ ।।**
**યદ્ભયાત્ સ સુપર્ણસ્ત્વાં નાદ્યાન્ મત્પાદલાઞ્છિતમ્ ।।૬૩।।**

જેના ભયથી રમણક દ્વીપને ત્યજી તેં આ ધરાનો આશ્રય કરેલો છે, તે ગરુડ, (તું) મારા ચરણના ચિહ્નવાળો (હોવાથી) તારું ભક્ષણ કરશે નહિ. ૬૩.

કાલિય પહેલાં રમણક દ્વીપમાં રહેતો હતો. ત્યાં તેને ગરુડનો ભય થવાથી તે અહિં આવી રહ્યો હતો. 'જેના ભયથી તેં આ ધરાનો આશ્રય કરેલો છે તે ગરુડ તારું ભક્ષણ કરશે નહિ' એવી ભગવાન્ આજ્ઞા કરે છે. જો કે આજ્ઞાથી જ આ બાબતનો નિર્ણય થઈ જાય છે (અને વધારે કહેવાની આવશ્યકતા નથી), છતાં તેને (કાલિયને) (આ બાબતમાં) વિશ્વાસ આવે તે માટે 'ગરુડ તેનું ભક્ષણ કરશે નહિ' તેનું બીજું કારણ 'મારા ચરણના ચિહ્નવાળો' શબ્દથી કહે છે. (તું મારા ચરણના ચિહ્નવાળો હોવાથી હવે ગરુડ તારું ભક્ષણ કરશે નહિ). ૬૩.

શ્રીશુકદેવજી કહે છેઃ

**મુક્તો ભગવતા રાજન્ કૃષ્ણેનાદ્ભુતકર્મણા ।।**
**તં પૂજયામાસ મુદા નાગપત્ન્યશ્ચ સાદરમ્ ।।૬૪।।**

હે રાજન્! અદ્ભુતકર્મવાળા ભગવાન્ શ્રીકૃષ્ણે મુક્ત કરેલા (તેણે)

૨. આથી–ઉપવાસ પહેલાં સ્નાન કરવાનું કહ્યું અને ઉપવાસ પછી પૂજન કરવાનું કહ્યું તેથી. (પ્ર)

૩. સર્પથી થએલ ભય મટાડનાર આ જૂદું જ કામ્ય સ્નાન કહેલું છે. (પ્ર)

આનંદથી તેમની (ભગવાનની) પૂજા કરી, અને નાગપત્નીઓએ આદરપૂર્વક તેમની પૂજા કરી. ૬૪.

ભગવાને એ પ્રમાણે કહ્યું એટલે તે સર્પ ભયથી મુકત થયો. ભગવાન્ અદ્‌ભુત કર્મવાળા છે. તેમણે સર્પનો નિગ્રહ (શિક્ષા) કરતાં તેના ઉપર અનુગ્રહ કર્યો. જો ભગવાને એ પ્રમાણે અનુગ્રહ[1] કર્યો ન હોત તો આ સર્પનો કોઈ પણ સ્થલે સંચાર ન હતો (તે કોઈ પણ સ્થલે જઈ શકતો નહિ); કારણ કે કદાચ ગરુડ ભક્ષણ કરશે (એવો તેને ભય રહેતો હતો). આથી એમ કહેલું છે કે હરકોઈ પ્રકારે ભગવાનનો સંબંધ થાય તો સર્વથા મુક્તિ આપનાર છે. તેને પણ સર્પનો ભય[2] ન થાય તે માટે 'હે રાજન્' એ સંબોધન કરેલું છે. પછી દિવ્ય પુષ્પો, દિવ્ય વસ્ત્રો અને ચંદન વિગેરે જલથી ભીંજાતાં નથી તે વડે તેણે 'ભગવાનની પૂજા કરી'. ગરુડનો ભય તેનો જતો રહ્યો તેથી તેને ઘણો આનંદ થયો, તેથી તેણે 'આનંદથી' પૂજા કરી એમ કહેલું છે; 'અને નાગપત્નીઓએ આદરપૂર્વક પૂજા કરી'. ભગવાને તેને રમણકમાં પાછો ન મોકલ્યો, કારણ કે ત્યાં જાય તો પહેલાંનો દોષ[3] ફરી તેનામાં આવે એવો સંભવ હતો. ૬૪.

આ શ્લોકમાં તેણે જે સાધનોથી ભગવાનની પૂજા કરી તે સાધનો કહે છેઃ

**દિવ્યાંબરસ્રઙ્‌મણિભિઃ પરાર્ધ્યૈરપિ ભૂષણૈઃ ।।**
**દિવ્યગંધાનુલેપૈશ્ચ મહત્યોત્પલમાલયા ।।૬૫।।**

દિવ્ય વસ્ત્રો માલા અને મણિઓથી, ઘણાં જ કિંમતી ભૂષણોથી, દિવ્ય સુગંધવાળી વસ્તુઓ અને લેપોથી અને મોટી કમળોની માલાથી (તેણે ભગવાનની પૂજા કરી). ૬૫.

(૧) દિવ્ય વસ્ત્રો, માલાઓ અને મણિઓ; એટલે સર્પના માથા ઉપરનાં રત્નો. (૨) ઘણાં જ કિંમતી એટલે અમૂલ્ય આભૂષણો જેવાં કે મુકુટ, કડાં, બાજુબંધ વિગેરે. (૩) જેઓની ગંધ દિવ્ય છે, એવી વસ્તુઓ અને ચતુઃસમ (કેસર, કસ્તુરી, ચંદન અને અગરૂ) વિગેરે અનુલેપો. (૪) મોટી કમલોની માલા. (આ સાધનોથી તેણે પૂજા કરી). આ પ્રમાણે તેણે ચારે પ્રકારના અલંકારો ભગવાનને કર્યા. ૬૫.

---

૧. ભગવાને શું અનુગ્રહ કર્યો તેવી શંકા થાય, તેથી આ કહેલું છે. તે ગમે ત્યાં હવે જઈ શકે અને તેને ગરુડનો ભય ન થાય, એવો અનુગ્રહ ભગવાને કરેલ છે. (પ્ર)

૨. મૃત્યુ તો થવાનું જ છે તેથી સર્પદંશથી મૃત્યુ થાય તેનો ભય ન હતો, પરંતુ તેવી રીતે મૃત્યુ થવાથી અવગતિ થાય એવો ભય રહે. સર્પથી મૃત્યુ થશે તો પણ તારી અવગતિ થવાની નથી, એમ આ સંબોધનથી જણાવેલું છે. (પ્ર)

૩. આ પહેલાંનો દોષ આવતા અધ્યાયમાં કહેશે. (પ્ર)

પછી તેણે ભગવાનની પૂજા કરી, તેમને પ્રસન્ન કર્યા અને સમુદ્રના દ્વીપમાં ગયો એવો સંબંધ છે, તે હવે કહે છેઃ

**પૂજયિત્વા જગન્નાથં પ્રસાદ્ય ગરુડધ્વજમ્ ।।**
**તતઃ પ્રીતોભ્યનુજ્ઞાતઃ પરિક્રમ્યાભિવન્દ્ય ચ ।।**
**સકલત્રસુહૃત્પુત્રો દ્વીપમબ્ધેર્જગામ હ ।।૬૬।।**

જગન્નાથની પૂજા કરીને, ગરુડ જેમની ધજા પર છે તેમને પ્રસન્ન કરી, પછી પ્રસન્ન થઈ (તેમની) રજા લઈ, (તેમને) પરિક્રમા કરી અને અભિવંદન કરી, સ્ત્રીઓ મિત્રો અને પુત્રો સહિત તે સમુદ્રના દ્વીપમાં ગયો. ૬૬.

'ભગવાને તેને પીડા કરેલી છતાં તેણે (તેમની) પૂજા કેમ કરી ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'જગન્નાથની' પૂજા કરી. ભગવાન્ જગન્નાથ એટલે સર્વના સ્વામી છે. ત્યાં પણ રક્ષણ કરનાર તે જ છે, તેથી તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું એ યોગ્ય જ છે. પછી તેણે 'પ્રસન્ન થાઓ' એમ ભગવાનની પ્રાર્થના કરી. એ પ્રમાણે પ્રાર્થના કરવાનું કારણ 'ગરુડ જેમની ધજા પર છે' શબ્દથી કહેલું છે. ગરુડ ભગવાનની ધજા પર રહે છે. જો ગરુડને એમ જણાય કે એક કરોડ અંશથી પણ (જરા પણ) ભગવાન્ તેના ઉપર પ્રસન્ન નથી તો ગરુડ તેનું ભક્ષણ જ કરે; તેથી તેણે ભગવાનને પ્રસન્ન કરવા જ જોઈએ. 'પછી' એટલે ભગવાનને પ્રસન્ન કર્યા પછી, તે 'પ્રસન્ન થયો' એટલે સંતોષ પામ્યો અને ભગવાને તેને (જવાની) રજા આપી. પહેલાં તો ભગવાન્ ઉપર તેને ક્રોધ થએલો અને અજ્ઞાનથી[1] આ કોણ છે એમ નહિ જાણવાથી) તેણે ભગવાનનો અપરાધ કરેલો. હવે ભગવાન્ વિષે તેની સદ્‌બુદ્ધિ થવાથી તેણે 'રજા લીધી'. પછી તેણે ભગવાનની પરિક્રમા એટલે પ્રદક્ષિણા કરી અને તેમને અભિવંદન કર્યું એટલે નિવેદન કર્યું, અને સ્ત્રી વિગેરે સર્વની સહાયવાળો તે સમુદ્રનો દ્વીપ જ્યાં બીજું કોઈ જઈ શકે નહિ ત્યાં ગયો. મૂલમાં 'હ' શબ્દ છે, તે આશ્ચર્ય દર્શાવવા યોજેલો છે. (ભગવાને દંશ કરનાર સર્પ ઉપર પણ ભગવાને આવો અનુગ્રહ કર્યો, એમ આશ્ચર્ય દર્શાવે છે). ૬૬.

તે યમુનામાંથી નીકળ્યો કે તરત જ 'તે જ સમયે' ભગવાનની કૃપાથી તે યમુના મીઠાજલવાળી થઈ અને 'વિષરહિત' થઈ, તે કહે છેઃ

**તદૈવ સામૃતજલા યમુના નિર્વિષાભવત્ ।।**
**અનુગ્રહાદ્ભગવતઃ ક્રીડામાનુષરૂપિણઃ ।।૬૭।।**

ક્રીડા માટે મનુષ્ય થએલા ભગવાનના અનુગ્રહથી યમુના તે જ સમયે વિષરહિત અને અમૃતજલવાળી થઈ. ૬૭.

---

૧. 'અજ્ઞાનેન' પાઠ વૃંદાવનમાં દેવકીનંદન પ્રેસમાં પ્રસિદ્ધ થએલ ગ્રંથમાં છે. પ્રકાશમાં પણ તેવો જ પાઠ લીધેલો છે. શાસ્ત્રીજી મગનલાલભાઈવાળા ગ્રંથમાં 'અજ્ઞાતેન' પાઠ છે.

તે 'અમૃતજલવાળી' થઈ. અહિં 'અમૃતપણું' શબ્દથી માત્ર મીઠાશ સમજવી નહિ, પણ 'મરણને મટાડનાર' અમૃત પણ જાણવું. યમુનામાં સહજ પણ વિષ વિગેરે જે દોષ હતો તે પણ જતો રહ્યો, તેનું કારણ 'ભગવાનના અનુગ્રહથી' એ શબ્દોથી કહેલું છે. કાલિયનાગના જવાથી જ યમુના વિષરહિત થઈ એમ નહિ, પણ ભગવાનના અનુગ્રહથી તે વિષરહિત થઈ. ભગવાનને ત્યાં ક્રીડા કરવાની છે, તેથી તેના ઉપર અનુગ્રહ કર્યો (અને તેને વિષરહિત કરી). 'ભગવાન્' શબ્દથી સૂચવેલું છે કે (ત્યાં તેમને ક્રીડા કરવાની છે એવું) જ્ઞાન વિગેરે તેમને હતું.

'યમુનામાં ક્રીડા કેમ કરવી હતી ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ભગવાન્ 'ક્રીડા માટે મનુષ્ય થએલા હતા'. ક્રીડા કરવા માટે જ મનુષ્યનું રૂપ ભગવાને લીધેલું હતું, તેથી અવશ્ય યમુનામાં ક્રીડા કરવાની જ હતી. તેથી તેના ઉપર પ્રસાદ[૧] કર્યો. આથી[૨] એમ સૂચવેલું છે કે યમુનાના સર્વ દોષો દૂર થયા હતા[૩]. ૬૭.

**ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની શ્રીસુબોધિનીના દશમસ્કંધના વિવરણમાં**
**તેરમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

૧. પ્રસાદ એટલે પોતાના ધર્મનું આવિષ્કરણ (દર્શાવવું). (પ્ર) 'અનુગ્રહ' શબ્દનો અર્થ જ અહિં પ્રસાદ કરેલો છે. તેથી પ્રસાદ એટલે અનુગ્રહ અથવા કૃપા, એવો અર્થ લઈ શકાય છે.
૨. 'આથી' એટલે પ્રસાદ કરવાનો છે એમ કહ્યું તેથી (યમુનાના) નિરોધરૂપ તેના સર્વ દોષોની નિવૃત્તિ સૂચવેલી છે. (પ્ર) યમુનામાં ક્રીડા ભવિષ્યમાં કરવાની છે એમ કહેલું છે; પ્રસાદ તો હમણાં જ કરેલો છે, જેથી યમુના વિષરહિત અને અમૃત જલવાળી થઈ.
૩. પદ્મપુરાણના ઉત્તરખંડમાં 'ઉષ્ણકાળના અંતે પાંચમને દિવસે કાલિયને (યમુનામાંથી) કાઢી મૂક્યો' એમ કાલિયને યમુનામાંથી જે દિવસે કાઢ્યો તેની તિથિ પણ કહેલી છે. (પ્ર)

આ વીર્ય અધ્યાય છે તે સ્પષ્ટ છે. (ભગવાનનું વીર્ય આ અધ્યાયમાં સ્પષ્ટ જણાઈ આવે છે). (પ્ર)

# અધ્યાય ચૌદમો

## શ્રીકૃષ્ણનું પ્રાણાધ્યાસરૂપી દાવાગ્નિનું પાન; ગાયો-ગોપોની રક્ષા

**ચતુર્દશે ભગવતો દર્શનાન્નિર્વૃતો વ્રજઃ ।।**
**અગ્નેઃ સંરક્ષિતઃ પશ્ચાત્ પ્રાસંગિકમિહોચ્યતે ।।૧।।**

કારિકાર્થઃ- ચૌદમા અધ્યાયમાં, ભગવાનનાં દર્શનથી આનંદ પામેલા વ્રજ(વ્રજલોકો)નું પછી (ભગવાને) અગ્નિમાંથી સંરક્ષણ કર્યું. અહિં પ્રાસંગિક (કથા) કહેવામાં આવે છે. કા.૧.

કાલિયનું આખ્યાન ખાસ પ્રશ્ન પૂછેલો હોવાથી કહેવામાં આવેલું છે, તેથી તે પ્રાસંગિક કથા છે. (પ્ર) આ અધ્યાયમાં સૌભરિ ઋષિનું આખ્યાન કહેવામાં આવશે, તે પ્રાસંગિક કથા છે. (કા)

આ અધ્યાયનો અર્થ ભગવાનની લીલા છે, એટલે આ ભગવાનની લીલાનો અધ્યાય છે. (પ્ર)

**ઈન્દ્રિયપ્રાણયોર્દોષો નિવાર્યસ્તુ સહૈવ હિ ।।**
**અતઃ કાલીયકથયા દાહાભાવો નિરૂપ્યતે ।।૨।।**

કારણ કે ઈન્દ્રિય અને પ્રાણના દોષો સાથે જ દૂર કરવા જોઈએ તેથી કાલિયની કથા સાથે (અગ્નિથી) દાહ થયો નહિ, એ કથાનું નિરૂપણ કરવામાં આવે છે. કા.૨.

અગ્નિ ક્ષુધારૂપ છે, ક્ષુધા (ભૂખ) પ્રાણનો ધર્મ છે. તેથી અગ્નિનો ભય મટાડવાથી પ્રાણનો દોષ દૂર થાય છે, તેથી આ અધ્યાયમાં ભગવાન્ અગ્નિનો ભય મટાડે છે, તેથી પ્રાણના દોષ દૂર કરે છે. કાલિય ઈન્દ્રિયરૂપ હતો અને તેનો ભય મટાડવાથી ઈન્દ્રિયોના દોષો દૂર કરેલા છે. ઈન્દ્રિય અને પ્રાણ, એ બેના દોષો એકબીજા સાથે એવા સંબંધવાળા છે, કે તે બેમાંથી એકનો દોષ રહે તો પણ બીજાનો દોષ પોતાનું કામ કરી શકે, તેથી આ બંનેના દોષો એક સાથે જ દૂર કરવા જોઈએ; તેથી ઈન્દ્રિયોના દોષો દૂર કરનાર કાલિયની કથા અને પ્રાણના દોષ દૂર કરનાર અગ્નિના ભયના નિવારણની કથા, એ બંને આ અધ્યાયમાં સાથે જ કહેલાં છે.

મહાન્ (ભક્ત) ગરુડને પણ પ્રાણના દોષથી (ક્ષુધાથી) શાપ થયો હતો; (ક્ષુધા શાંત કરવા તેણે મત્સ્ય ખાધું તેથી સૌભરિ ઋષિએ શાપ દીધો) તેથી પ્રાણનો દોષ અવશ્ય દૂર કરવો જોઈએ. એ જણાવવા આ પ્રાસંગિકી કથા કહેલી છે, એવો ભાવ છે. (ટિ)

અરોચક (ખાવાની રુચિ ન થવી તે) વૈદકગ્રંથોમાં મુખનો રોગ કહેલો છે,

અને રુચિ એ જીભનો ધર્મ છે. રુચિથી ખોરાક લેવાય છે, તેથી ભૂખથી રુચિ થાય છે. ભૂખ હોય તો રસનો સ્વાદ આવે છે અને ખોરાક લેવાવાથી બલ પ્રાપ્ત થાય છે; બલ પ્રાણનો ધર્મ છે. આ પ્રમાણે ઈન્દ્રિય(જીભ)ના ધર્મ રસન સાથે પ્રાણના ધર્મ બલનો સંબંધ છે, અને ઈન્દ્રિયનો ધર્મ રસન(રુચિ)થી પ્રાણનો ધર્મ બલ ઈન્દ્રિયના ધર્મ રસનનું કાર્ય છે. આવો બંનેને સંબંધ હોવાથી બંનેના દોષોની સાથે નિવૃત્તિ કરવી જોઈએ. (પ્ર)

**પ્રાસંગિકકથા ત્વત્ર હરેરદ્ભુતકર્મતામ્ ।।**
**વક્તું યુક્તા સર્વદોષા નાન્યથા યાન્તિ હીતિ ચ ।।૩।।**

હરિ અદ્ભુત કર્મ કરનારા છે, એમ કહેવા અહિં પ્રાસંગિક કથા કહેલી છે, કારણ કે તે ન કહેલી હોત તો બધાના દોષો મટત (જાત) નહિ. કા.૩.

ગરુડે યમુનાના ધરામાંથી મત્સ્યનું ભક્ષણ કર્યું, તેથી સૌભરિએ તેને શાપ આપી તે ધરામાં તે જઈ ન શકે તેવી વ્યવસ્થા કરી. આથી મત્સ્યોના જીવ બચાવવા તેણે કાલ (ગરુડ) પણ જ્યાં ન જઈ શકે તેવું સ્થાન (કાલિયનો ધરો) કર્યું; ત્યારે કાલિય તે ધરામાં જઈ રહ્યો; જેથી મત્સ્યોને કાલનો (જીવ લેનારનો) ભય ન હતો તે ભય ઉલટો થયો. આવી રીતે ભય મટાડનાર ભય ઉત્પન્ન કરનાર થયો, એ ભગવાનનું અદ્ભુત કર્મ[1] હોવાથી ભગવાન્ અદ્ભુત કર્મ કરનાર છે. વળી મત્સ્યોનું રક્ષણ કરવા સૌભરિએ ભક્ત ગરુડને શાપ આપી તેનો અપરાધ કર્યો એટલે ભગવાન્ ત્યાં કાલિયને લાવ્યા અને કાલિયથી સર્વ મત્સ્યોનો નાશ થયો, એ પણ ભગવાનનું અદ્ભુત કર્મ. વળી કાલિયના ધરામાં ભગવાને વિહાર કર્યો, તેથી જ ત્યાંના કોઈ પણ જીવને ગરુડ પીડા કરવાનો નહિ, એટલે સૌભરિએ ગરુડ મત્સ્ય ન ખાય તે માટે જે શાપ આપેલો તેનું પ્રયોજન શાપ વિના પણ સિદ્ધ થયું. તેથી સૌભરિએ ભક્ત ગરુડનો જે શાપ આપી અપરાધ કરેલો તેમાંથી તે મુક્ત થયા. ધરામાં સર્પનું રહેવું, સર્પના વિષથી પ્રાણીઓ વિગેરેનો નાશ થવો, એ બધાનું કારણ સૌભરિએ ગરુડને આપેલો શાપ જ હતો, તેથી સર્પને ત્યાંથી

૧. સૌભરિએ કાલ(ગરુડ)થી કાલિયના ધરામાં પ્રવેશ કરી શકાય નહિ એવું તે સ્થાન બનાવ્યું અને જેમને મારનારનો ભય ન હતો તેવા મત્સ્યોના ભયના કારણરૂપ (કાલિયના આવવાથી) તે થયા, તેથી સૌભરિ અદ્ભુત કર્મ કરનાર છે. (પ્ર) મૂલ કારિકામાં ભગવાન્ અદ્ભુત કર્મ કરનાર છે, એમ દર્શાવવા આ પ્રાસંગિકી કથા કહેલી છે; એમ સ્પષ્ટ હોવાથી, સૌભરિ અદ્ભુત કર્મ કરનાર છે, એમ દર્શાવવાનું કાંઈ પ્રયોજન નથી. વળી મત્સ્યોનો મરણનો ભય મટાડવા ગરુડને સૌભરિએ શાપ આપ્યો અને તેથી કાલિય ત્યાં આવી રહેવાથી સર્વ મત્સ્યોનો નાશ થયો, એ સૌભરિનું કર્મ અદ્ભુત ન કહેવાય, પણ ઉંધુ જ કર્મ ગણાય. જીવ જે કરવા પ્રયાસ કરે છે તેથી તે કાર્ય થતું નથી, પરંતુ તેથી ઉલટું જ પરિણામ આવે એવું ભગવાન્ કરે છે, તે ભગવાનનું અદ્ભુત કર્મ જ અહિં દર્શાવેલું છે એમ જણાય છે.

ભગવાને કાઢ્યો તેથી એ સર્વ દોષો મટ્યા. (પ્રાણીઓને પ્રાણનો ભય ગયો) અને આ લીલાથી યમુનાજીનો પણ દોષ મટ્યો, (જલ નિર્વિષ થયું,) એ સર્વ જણાવવા આ પ્રાસંગિકી કથા કહેલી છે. (ટિ)

પ્રથમ પ્રાસંગિક (પ્રસંગથી ઉત્પન્ન થતી) કથા રાજા પૂછે છેઃ

રાજા કહે છેઃ

**નાગાલયં રમણકં કસ્માત્તત્યાજ કાલિયઃ ।।**
**કૃતં કિં વા સુપર્ણસ્ય તેનૈકેનાસમઞ્જસમ્ ।।૧।।**

કાલિયે નાગોના રહેઠાણ રમણકનો શા માટે ત્યાગ કર્યો ? તેણે એકલાએ ગરુડનો શો અપરાધ કર્યો હતો ? ૧.

ભગવાને ગયા અધ્યાયના ત્રેસઠમા શ્લોકમાં 'રમણક દ્વીપ ત્યજીને જેના ભયથી તેં આ ધરાનો આશ્રય કર્યો' એમ કાલિયને કહેલું છે. કાલિયને તે દ્વીપનો ત્યાગ કરવાનું કારણ આપે કહેવું જોઈએ. તે સ્થાન (રમણક) ગરુડનું હતું, એવી શંકા પણ કરવાની નથી; કારણ કે તે સહજ (જન્મથી) સર્પોનું જ સ્થાન હતું, એમ 'નાગોના' શબ્દથી કહેલું છે. કાલિયે તેનો 'શા માટે' એટલે શા કારણથી ત્યાગ કર્યો ? ગરુડના ભયથી ત્યાગ કર્યો, એમ પહેલાં કહેલું છે; પણ તે ભય સાધારણ (બધા સર્પોને થએલો) હતો કે અસાધારણ (એકલા કાલિયને થએલો) હતો ? જો સાધારણ ભય હતો તો બીજા સર્પોએ રમણકનો ત્યાગ ન કર્યો અને આ કાલિયે એકલાએ જ તેનો ત્યાગ કેમ કર્યો ? એ કારણ જાણવા ખાસ જીજ્ઞાસા થાય છે. જો એ ભય કાલિયને એકલાને થએલો હોય તો તેનું શું કારણ ? એમ શ્લોકના ઉત્તરાર્ધથી પૂછે છે. 'તેણે એકલાએ ગરુડનો શો અપરાધ કર્યો હતો ?' ગરુડ સુપર્ણ (સારી પાંખોવાળો) હોવાથી ક્લેશ વિના કર્મ કરનાર છે. આ 'એક' જ કેવી રીતે (તેનો) અપરાધી થયો ? ૧.

આ પ્રશ્નનો ઉત્તર આપવા ઉપાખ્યાન કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**ઉપહાર્યૈઃ સર્પજનૈર્માસિ માસીહ યો બલિઃ ।।**
**વાનસ્પત્યો મહાબાહો નાગાનાં પ્રાઙ્ નિરૂપિતઃ ।।૨।।**

હે મહાબાહો ! ભેટ આપનાર સર્પજનોએ અહિં માસે માસે જે વાનસ્પત્ય બલિ ઠરાવેલો (તે) પહેલાં નાગોએ આપવાનો દંડ નક્કી થએલો. ૨.

ઉપહર કરે તે ઉપહાર (ભેટ). ઉપહાર જેઓ સમર્પણ કરે છે તેઓ 'ઉપહાર્ય' એટલે ભેટ સમર્પણ કરનારા છે એવો અર્થ છે. તે બધાએ સર્પજન એટલે સાધારણ સર્પો હતા, અથવા તે બધા સર્પજન એટલે સર્પોના જનો એટલે સેવકો, અતલ વિગેરેમાં (અતલ, સુતલ, વિતલ, તલાતલ, મહાતલ, રસાતલ

અને પાતાલ, એ સાત પાતાલોમાં) રહેનારા હતા. તે બધાએ 'અહિં' રમણક દ્વીપમાં 'માસે માસે' બલિ (ગરુડને આપવાનો) ઠરાવેલો. 'જે' એટલે પ્રસિદ્ધ, (આ બલિ પ્રસિદ્ધ છે,) કારણ કે તેના સંબંધી આખ્યાયિકા નીચે પ્રમાણે છેઃ

ગરુડ સર્વે સર્પોનું ભક્ષણ કરતો અને સદા તેઓને મારતો. પોતાની માતાને તેમની માતાએ દુઃખ દીધેલું તે વેર સંભારીને તેમાંના કેટલાકોને વિના કારણ મારતો. તેથી વાસુકી વિગેરે સર્પો ગરુડથી ભય પામી બ્રહ્માને શરણે ગયા. પછી બ્રહ્માએ ગરુડને બોલાવી, તેમની વચ્ચે સંધિ કરી અને સર્પોએ ગરુડને દેવાના દંડરૂપ બલિ નક્કી કર્યો. 'નાગલોકમાં એક દિવસમાં જે થાય તેટલું અમાસના[1] દિવસે વૃક્ષના મૂલમાં ભેગું કરી તેઓએ મૂકવું. પછી ગરુડ તે દિવસે તેનું ભક્ષણ કરે અને તેઓને (નાગોને) પીડા કરે નહિ'. આવી વ્યવસ્થા થવાથી, સર્પો દર માસે બલિ આપતા હતા, એમ 'અહિં માસે માસે જે બલિ (ઠરાવેલો)' એ શબ્દોથી કહે છે. 'વાનસ્પત્ય' એટલે વનસ્પતિ(વૃક્ષ)ના મૂલમાં (મૂલ પાસે) આપવાનો. અહિં શ્રીશુક પરીક્ષિતને 'હે મહાબાહો !' એમ સંબોધન કરે છે, તે એમ સૂચવવા કરે છે કે જેમ તું (પરીક્ષિત) બધાની પાસેથી કર લે છે તેમ ગરુડ પણ કર લે છે. શત્રુઓ માત્ર વધ કરવા યોગ્ય જ છે એમ નહિ, પણ દંડ કરવા યોગ્ય (તેમની પાસેથી કર લેવા યોગ્ય) પણ છે. ૨.

'શત્રુઓ દંડ કરવા યોગ્ય હોય તેથી શું ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'પહેલાં નાગોએ આપવાનો' એવા પ્રકારનો 'દંડ નક્કી થએલો'.

**સ્વં સ્વં ભાગં પ્રયચ્છન્તિ નાગાઃ પર્વણિ પર્વણિ ।।**
**ગોપીથાયાત્મનઃ સર્વે સુપર્ણાય મહાત્મને ।।૩।।**

સર્વે નાગો મહાત્મા ગરુડને પોતાના રક્ષણ માટે પોતપોતાનો ભાગ પર્વે પર્વે આપતા હતા. ૩.

પછી આઠ કુલમાં જેઓનો સમાવેશ થતો હતો તે 'સર્વે નાગ પોત પોતાનો ભાગ' સર્વે કદ્રૂના પુત્રો (સર્પો) 'પર્વે પર્વે' એટલે દર અમાસે આપતા હતા. આ વ્યવસ્થા નિત્યની હતી, એમ જણાવવા અહિં 'પર્વે પર્વે' શબ્દ બે વાર લખેલો છે. 'પોતાના રક્ષણ માટે' (તેઓ બલિ) આપતા હતા. 'શત્રુ દંડ આપવા છતાં કેમ તેઓને જીવતા રહેવા દે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'મહાત્મા ગરુડને' આપતા હતા. (શત્રુ ગરુડ મહાત્મા હોવાથી દંડ આપ્યા પછી તેઓને પીડતો નહિ). ૩.

---

૧. 'અમાવાસ્યાયાં વૃક્ષમૂલે'ને બદલે દેવકીનંદન પ્રેસમાં પ્રસિદ્ધ થએલ ગ્રંથમાં 'અમાયાં વૃક્ષમૂલે તુ' પાઠ છે; અને અનુષ્ટુબ્ છંદ અહિંથી જ શરૂ થાય છે. આ શ્લોકો મહાભારતમાંથી લીધા હશે એમ જણાય છે.

**વિષવીર્યમદાવિષ્ટઃ કાદ્રવેયસ્તુ કાલિયઃ ।।**
**કદર્થીકૃત્ય ગરુડં સ્વયં તં બુભુજે બલી ।।૪।।**

વિષરૂપ વીર્યવાળા કદ્રૂના પુત્ર બલવાન કાલિયે ગરુડની અવગણના કરી પોતે તેનો ભોગ કર્યો. ૪.

ત્યાં આ કાલિય પોતાના દેવ(વિષ)નો ઉપાસક બન્યો. એટલે વિષ તેનું વીર્ય થયું. (તે વિષરૂપી વીર્યવાળો થયો. તેનામાં ઘણું વિષ થયું.) તે 'વિષરૂપી વીર્યના મદવાળા કદ્રૂના પુત્રે' (બલિનો ભોગ કર્યો). તેની મા કદ્રૂનો દોષ પણ તેનામાં આવ્યો. વળી 'કાલિય' કાલનું આધિભૌતિક રૂપ પણ હતો. તેણે 'ગરુડની અવગણના કરી' એટલે તેને દૂષણ દીધું; તેના સેવકોને માર્યા, અને પછી 'પોતે તે (બલિ)નો ભોગ કર્યો'; કારણ કે આ ઘણો 'બલવાન' સર્વથી બળવાળો હતો.

**તચ્છ્રુત્વા કુપિતો રાજન્ ભગવાન્ ભગવત્પ્રિયઃ ।।**
**વિજિઘાંસુર્મહાવેગઃ કાલિયં સમુપાદ્રવત્ ।।૫।।**

હે રાજન્! તે સાંભળીને કોપ પામેલા ભગવાનના પ્રિય તેને મારી નાખવાની ઈચ્છાવાળા ભગવાન્ ગરુડ મહાવેગવાળા થઈ કાલિય પાસે આવ્યા.૫.

ગરુડના સેવકોએ તે ગરુડને જણાવ્યું એટલે 'તે સાંભળીને' ગરુડજી 'કોપ પામ્યા.' 'હે રાજન્!' એ સંબોધન એમ જણાવે છે કે રાજ્યની સ્થિતિ આવી હોય છે. ગરુડજીમાં સામર્થ્યની કોઈ પ્રકારની ખામી નથી, એમ જણાવવા 'ભગવાન્' શબ્દ યોજેલો છે. ભગવાનની કૃપાથી તે ભગવાન્ છે, કારણ કે તે 'ભગવાનનો પ્રિય' ભગવાનના વાહનરૂપ છે. તેથી કાલિયનો દંડ પણ સ્વીકાર્યા વિના તેને ખાસ 'મારી નાખવાની ઈચ્છાવાળા' થઈને જ 'કાલિય' તરફ સારી રીતે એટલે ઘણા જ અવાજ સાથે (ઉડી) તેની સમીપમાં જ તરત તે આવ્યા. ૫.

તેણે જેનું આરાધન કરેલું તે વિષરૂપી દેવતાએ તેના હૃદયમાં પ્રવેશ કરેલો, તેથી તે ગરુડની પણ સામે થયો, એમ આ શ્લોકમાં કહે છેઃ

**તમાપતન્તં તરસા નખાયુધં પ્રત્યભ્યયાદુત્થિતનૈકમસ્તકઃ ।।**
**દદ્ભિઃ સુપર્ણં વ્યદશદ્ દદાયુધઃ કરાલજિહ્વોચ્છ્વસિતોગ્રલોચનઃ ।।૬।।**

ઝડપથી ઉડી આવતા (તે) નખાયુધવાળા સામે ઊંચાં થએલાં અનેક મસ્તકોવાળો (તે) આવ્યો, અને ભયંકર જીભ અને ફાડેલા ઉગ્ર ડોળાવાળા (તથા) દાંતરૂપી આયુધવાળા (તેણે) ગરુડને દાંતોથી દંશ કર્યો. ૬.

'શસ્ત્રરહિત ગરુડ સામે તે કેમ યુદ્ધ કરે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ગરુડજી 'નખાયુધ' એટલે નખો જેના આયુધ છે તેવા હતા. 'તેની સામે તે આવ્યો.' શત્રુ તરીકે તેના સામો આવ્યો. વળી આ ગરુડ તો એક જ છે ને હું બહુરૂપ છું એમ જણાવવા 'ઊંચાં થએલાં છે જેનાં અનેક મસ્તકો તેવો' તે હતો.

પછી 'ગરુડને દાંતોથી' એટલે દાંતરૂપ મુખોથી તેણે દંશ કર્યા, કારણ કે તે 'દાંતરૂપી આયુધવાળો' હતો. દાંતો જ જેના આયુધ છે તેવો તે હતો. માત્ર દંશ કરીને જ તે ગરુડને મૂકી દેવા ઈચ્છતો ન હતો પરંતુ તેનું ભક્ષણ કરવા ઈચ્છતો હતો, એમ 'ભયંકર જીભ અને ફાડેલા ઉગ્ર ડોળાવાળા' એ શબ્દોથી જણાવેલું છે. તેની જીભ ભયંકર હતી. ભયંકર એટલે ગ્રાસ કરવા(ખાઈ જવા)ની શક્તિવાળી, ક્રૂર. તેના ડોળાઓ ફાડેલા અને ઉગ્ર હતા. આથી એમ સૂચવેલું છે કે તેની જ્ઞાનશક્તિ બહેર મારી ગઈ હતી. તેના ડોળાઓ ફાડેલા હોવાથી તેણે મર્યાદાનો ભંગ કર્યો[1]. તે ઉગ્ર હોવાથી તેણે વિપરીત કાર્ય કર્યું[2]. ૬.

આવાને પણ ગરુડે માર્યો, એમ આ શ્લોકમાં કહે છેઃ

**તં તાર્ક્ષ્યપુત્રઃ સ નિરસ્ય મન્યુના પ્રચંડવેગો મધુસૂદનાસનઃ ।।**
**પક્ષેણ સવ્યેન હિરણ્યરોચિષા જઘાન કદ્રૂસુતમુગ્રવિક્રમઃ ।।૭।।**

તે પ્રચંડ વેગવાળા મધુસૂદનના આસન અને તાર્ક્ષ્યના પુત્રે તેને ક્રોધથી દૂર ફેંક્યો અને ઉગ્ર પરાક્રમવાળા તેમણે કદ્રૂના પુત્રને (પોતાની) સુવર્ણના જેવા તેજવાળી જમણી પાંખથી પ્રહાર કર્યો. ૭.

'તે' પ્રસિદ્ધ સર્પને દૂર ફેંક્યો. ગરુડ પણ તેનો બરોબરીઓ હતો અને અવશ્ય તેને મારે તેવો હતો, તેનું કારણ 'તાર્ક્ષ્યના પુત્ર' શબ્દથી કહેલું છે. તાર્ક્ષ્ય એટલે જૂદું રૂપ ધારણ કરેલ કશ્યપ. તેણે જૂદા રૂપથી ચાર સ્ત્રીઓ સાથે લગ્ન કરેલાં. (તેમાં એકનો પુત્ર ગરુડ હતો) અને આ પણ કાદ્રવેય તેની બીજી સ્ત્રી કદ્રૂનો પુત્ર હતો, તેથી તે બંને બરાબરીઆ હતા. (એક પિતાના પુત્રો હોઈ બરાબરીઆ હતા). 'તે' ગરુડ પણ પહેલાંનો શત્રુ હતો અને (તેનું બલિ ખાઈ જઈ તેને) કોપિત કરેલો હતો (તેથી તે અવશ્ય મારે તેવો હતો). તેથી તેણે (ગરુડે) તેને ('નિર્') સારી રીતે ('અસ્'-ફેંકવું) ફેંક્યો એટલે દૂરથી જ ફેંકી દીધો, તેનો તિરસ્કાર કરીને ફેંકી દીધો એવો અર્થ છે.

'આધિદૈવિકરૂપથી કાલિય સામો આવતો હતો તેનો તેણે (ગરુડે) કેમ તિરસ્કાર કર્યો ?' એવી શંકા થાય, તેથી 'ક્રોધથી' શબ્દ યોજેલો છે. તેણે (ગરુડે) ક્રોધથી તેનો તિરસ્કાર કર્યો. ગરુડ 'પ્રચંડ વેગવાળો' હતો, એટલે કાલિય કરતાં પણ તેની ક્રિયાશક્તિ અધિક હતી એમ કહેલું છે. તેની ક્રિયાશક્તિ અધિક હતી તેનું કારણ તે 'મધુસૂદનનું આસન' થએલો હતો. ભગવાનને ક્યાંય જવું હોય ત્યારે તે

---

૧. તેણે ડોળા (ક્રોધથી) ફાડેલા હતા. તેથી એમ સૂચવ્યું છે કે તેની જોવાની શક્તિ મંદ થઈ એટલે મર્યાદાનો ભંગ થાય તે યોગ્ય છે અને તેથી જ તેણે ગરુડને આપવાના બલિનો ભોગ કરી મર્યાદાનો ભંગ કરેલો એવો અર્થ છે. (યો)

૨. પોતાને મારી નાખે તેવા ગરુડને મારવાની તેણે પ્રવૃત્તિ કરી, એ તેણે વિપરીત કાર્ય કર્યું. (યો)

તેમનું આસન થતો, અને તે માટે (જવા માટે) ભગવાને આપેલી ક્રિયાશક્તિ તેનામાં હોવાથી તેનામાં ક્રિયાશક્તિ અધિક છે. તેથી તેણે તેને 'જમણી પાંખથી પ્રહાર કર્યો, આ પાંખ બૃહદ્[1]'રૂપ છે. બૃહત્ એટલે બ્રહ્મરૂપ[2] છે, તેનાથી તેણે તેને ફેંક્યો. તે પાંખ બ્રહ્મરૂપ દેખાઈ, એમ 'સુવર્ણ જેવા તેજવાળી' શબ્દથી કહે છે. સુવર્ણનું રૂપ હોવું એ ભગવાનનો ધર્મ છે[3] .

'તે પણ કશ્યપનો પુત્ર હતો છતાં તેને કેમ માર્યો ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તે 'કદ્રૂનો પુત્ર' હતો. તેની મા કદ્રૂના દોષથી તે દુષ્ટ થયો હતો. તેનામાં માતાનું પ્રાધાન્ય હોવાથી, (તેનામાં બીજનું પ્રધાનપણું ન હતું (પિતાના ગુણો ન હતા).

'દંશ કરતાં પ્રહાર ઓછો ગણાય છતાં પ્રહાર કરનાર ગરુડનો જય થયો એમ કેમ કહેવાય ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તે ગરુડ 'ઉગ્ર પરાક્રમવાળો' હતો. તેનું પરાક્રમ ઉગ્ર હતું. બહારનું પણ તેનું આ (પાંખ મારવાનું) પરાક્રમ ઉગ્ર એટલે મરણ ઉત્પન્ન કરે તેવું હતું. ૭.

પછી શું થયું તે આ શ્લોકમાં કહે છેઃ

**સુપર્ણપક્ષાભિહતઃ કાલિયોતીવ વિહ્વલઃ ।।**
**હ્રદં વિવેશ કાલિન્દ્યાસ્તદગમ્યં દુરાસદમ્ ।।૮।।**

ગરુડની પાંખથી ઘવાએલો કાલિય બહુ વિહ્વલ થયો (અને) ગરુડથી ન જવાય અને ન જીતાય તેવા કાલિંદીના ધરામાં પેઠો. ૮.

'ગરુડની પાંખથી ઘવાએલો કાલિય વિહ્વલ થયો' અને પછી તે 'કાલિંદીના ધરામાં પેઠો' તે સ્થાન 'ગરુડથી ન જવાય' તેવું હતું. ૮.

'તે સ્થાન ગરુડથી ન જવાય તેવું કેમ હતું ' તેનું કારણ જણાવવા આ શ્લોકથી (ત્રણ શ્લોક વડે) ઉપાખ્યાન કહે છેઃ

**તત્રૈકદા જલચરં ગરુડો ભક્ષ્યમીપ્સિતમ્ ।।**
**નિવારિતઃ સૌભરિણા પ્રસહ્ય ક્ષુધિતોહરત્ ।।૯।।**

ત્યાંથી એકવાર સૌભરિએ મના કરવા છતાં ભૂખ્યો ગરુડ ઈચ્છેલા ભક્ષ્ય જલચરને બલથી ઉપાડી ગયો. ૯.

'ત્યાંથી એકવાર' જ્યારે આનામાં[1] ભગવદ્‌ભાવ ન હતો ત્યારે, (ગરુડ

---

૧. 'ગરુડ વેદો છે' શ્રુતિ પ્રમાણે બૃહત્સામરૂપ અથવા અક્ષરરૂપ (પ્ર)
૨. વેદરૂપ. (યો)
૩. 'સૂર્યમાં રહેલો આ પુરુષ સુવર્ણમય છે' એ શ્રુતિ પ્રમાણે. (યો)
૧. આનામાં એટલે સૌભરિમાં. (પ્ર) આનામાં એટલે ગરુડમાં હોવું જોઈએ. ગરુડને પાછળ પાંચમા શ્લોકમાં ભગવાન્ કહેલ છે એટલે તેનામાં ભગવદ્‌ભાવ હતો, પરંતુ આ જલચરને

જલચરને ઉપાડી ગયો). સૌભરિના ઉપાખ્યાનમાં સર્વ સ્થલે માછલાંનો પ્રસંગ પ્રસિદ્ધ છે, કારણ કે તે ઋષિ માછલાંનું હિત કરનાર હતા. એકવાર 'ગરુડ' દૈવગતિથી તેમની જ સમીપમાં 'ઇચ્છેલા ભક્ષ્ય' રોહિત વિગેરે અમુક 'જલચરને' સૌભરિએ મના કરવા છતાં ભૂખ્યો હોવાથી બહિર્મુખ સ્થિતિને પામેલો હોવાથી ઉપાડીને બીજે સ્થલે લઈ ગયો. જો ગરુડે એ જલચરને ત્યાં જ ખાધું હોત તો સૌભરિની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી અને વધારામાં (જલચરનું તેની સમીપ ભક્ષણ કરી) તેને દુઃખ ઉત્પન્ન કરવાથી તેનું મરણ જ થાત; પણ તેણે તેને ત્યાં જ ખાધું નહિ તેમ જ માર્યું પણ નહિ, પણ જીવતું જ ઉપાડી બીજે લઈ ગયો; તેથી તે ધરામાં ફરી પ્રવેશ ન કરે એમ જ મુનિએ કહેલું છે[2]. ૯.

'ભગવાને જે અર્થ(ગરુડ મત્સ્યોનું ભક્ષણ કરનાર છે તે)નું નિર્માણ કરેલું છે, તે બાબતમાં મુનિએ કેમ આગ્રહ કર્યો હશે ?' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**મીનાન્ સુદુઃખિતાન્ દૃષ્ટ્વા દીનાન્ મીનપતૌ હૃતે ।।**
**કૃપયા સૌભરિઃ પ્રાહ તત્રત્યક્ષેમમાચરન્ ।।૧૦।।**

માછલાંઓનો પતિ લઈ જવાતાં, ગરીબડાં માછલાંઓને બહુ દુઃખી થએલાં જોઈને, ત્યાંનાં (પ્રાણીઓનું) કુશલ કરવા સૌભરિએ કૃપાથી (નીચે પ્રમાણે) કહ્યું.૧૦.

જેમ ભગવાને લૌકિક મર્યાદાશાસ્ત્ર કરેલું છે, તેવું જ વૈદિક મર્યાદાશાસ્ત્ર પણ કરેલું છે. (ગરુડનું માંછલાં ભક્ષ્ય છે, એ લૌકિક મર્યાદા છે. સર્વ ઉપર દયા રાખવી, એ વૈદિક મર્યાદા છે). તેથી બીજાઓનું દુઃખ જોઈ દુઃખી થએલ દયાળુ પુરુષોએ તે દુઃખ મટાડવાનો ઉપાય કરવો જોઈએ, એવું વૈદિક મર્યાદાશાસ્ત્ર છે; કારણ કે ગરીબડાંઓની દરકાર ન રાખવાથી દોષ થાય છે, એમ શાસ્ત્રમાં કહેલું છે. એવી રીતે ગરીબડાંઓની દરકાર ન રાખનારનું 'બ્રહ્મ પણ જેમ ભાંગેલા વાસણમાંથી પાણી વહી જાય તેમ વહી જાય છે' એવાં શાસ્ત્રનાં વચન છે. તેથી મુનિએ દયાથી લોકની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું, એમ 'બહુ દુઃખી થએલાં જોઈને' શબ્દોથી કહેલું છે.

'તેમને તો અજ્ઞાનથી જ દુઃખ થાય છે. તે દુઃખ દૂર કરવા કેમ ઉપાય કર્યો ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'ગરીબડાં' હતાં. વિચાર કરતાં પણ

---

જ્યારે તે ઉપાડી ગયો ત્યારે તેનામાં ભગવદ્ભાવ ન હતો. તેથી જ આગળ 'ભૂખ્યો હોવાથી-બહિર્મુખ સ્થિતિને પામેલા હોવાથી' એમ કહેલું છે. તે બહિર્મુખ સ્થિતિને તે સમયે પામેલો હોવાથી તેનામાં ભગવદ્ભાવ ન હતો, નહિ તો સૌભરિની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરત.

૨. આગળ શ્લોક ૧૧માં શાપવાક્યમાં કહેલું છે.

જણાશે કે તેમનું રક્ષણ કરનાર કોઈ નહિ હોવાથી તે 'ગરીબડાં' હતાં. તેથી જે તેનું (તે રક્ષણ કરનાર વિનાનાં હોવાનું) કારણ 'માછલાંઓનો પતિ લઈ જવાતાં' શબ્દોથી કહેલું છે. તે જલચર (જેને ગરુડ બીજે લઈ ગયો તે) માછલાંઓનો પતિ હતો. રક્ષક ન હોય ત્યારે માછલાંઓ પોતાનાં ગોત્રનો જ ઘાત કરનારાં હોવાથી, પોતાનાં સગાં સંબંધીઓનું પણ ભક્ષણ કરે છે; તેથી માત્ર 'કૃપાથી સૌભરિએ' નીચે કહેવાશે તે વાક્ય 'ત્યાંનાં' માછલાંઓનું 'કુશલ કરવા કહ્યું'. ખરી રીતે તો આ વાક્ય કહી તેણે અનર્થ જ કર્યો, કારણ કે (આ વાક્યને લીધે કાલિય ત્યાં આવ્યો અને તેના) વિષથી ત્યાંનાં સર્વે માછલાંઓ દાઝી મૂઆં અને તે પ્રસંગથી બીજા પણ જીવો મરણ પામ્યા. તેથી એમ સાબિત થાય છે કે (ભગવાન સિવાય) બીજો જે કરે છે તેનાથી અનર્થ જ થાય છે. ૧૦.

સૌભરિએ ગરુડને જે શાપ આપ્યો તે આ શ્લોકમાં કહે છેઃ

**અત્ર પ્રવિશ્ય ગરુડો યદિ મત્સ્યાન્ સ ખાદતિ ।।**
**સદ્યઃ પ્રાણૈર્વિયુજ્યેત સત્યમેતદ્ બ્રવીમ્યહમ્ ।।૧૧।।**

અહિં જો ગરુડ પ્રવેશ કરશે અથવા તે (અહિંના) મત્સ્યોનું ભક્ષણ કરશે તો તરત તેના પ્રાણ જશે. હું આ સત્ય કહું છું. ૧૧.

'અહિં' એટલે આ ધરાના જલમાં 'જો ગરુડ પ્રવેશ કરશે તો તેના પ્રાણ તરત જશે' એ એક શાપ[1]. તેમાં પણ 'જો મત્સ્યોનું ભક્ષણ કરશે' અને તે પણ 'તે'જ ગરુડ ભક્ષણ કરશે તો તેના પ્રાણ જશે. બીજું કોઈ પક્ષી મત્સ્યોનું ભક્ષણ કરશે તેને કાંઈ શાપ નથી. જો તે ગરુડ જ મત્સ્યોનું ભક્ષણ કરશે તો 'તરત' જ 'તેના પ્રાણ જશે' એ બીજો શાપ. તેથી બીજું કોઈ પક્ષી આ ધરામાંનું મત્સ્ય બીજે સ્થલે લઈ જાય તો પણ તેનું ભક્ષણ કરવાની ગરુડને મના કરેલી છે, તેથી આ વિશિષ્ટ શાપ નથી. (ગરુડ (૧) આ ધરાના જલમાં પ્રવેશ કરીને (૨) ત્યાંના મત્સ્યોનું ભક્ષણ કરે, એ બે કાર્ય કરે તો તેના પ્રાણ જાય એવો શાપ નથી). તેથી જ આ ગરુડને દીધેલ શાપથી કાલિયની રક્ષા થઈ. (ઉપર જણાવ્યો તેવો વિશિષ્ટ શાપ નહિ હોવાથી કાલિયની રક્ષા થઈ, કારણ કે વિશિષ્ટ શાપ હોત તો ગરુડ માત્ર ધરાના જલમાં પ્રવેશ કરે તેથી તેના પ્રાણ જાય નહિ, તેથી ગરુડ જલમાં પ્રવેશ કરી કાલિયને પીડી શકત અને મારી પણ શકત). તેમ ન હોત તો (એટલે જો આ વિશિષ્ટ શાપ હોત તો ગરુડ ધરામાં મત્સ્યો ખાય નહિ[2] ત્યાં સુધી તેને શાપ લાગે

૧. ગરુડ ધરામાં પ્રવેશ કરે તો તરત તેના પ્રાણ જાય, એવો આ પહેલો શાપ હોવાથી ગરુડથી ધરામાં જઈ શકાય તેમ ન હતું. (જુઓ પાછલો શ્લોક ૮મો). (યો)

૨. અહિં સુબોધિનીના પાઠમાં 'મત્સ્યખાદને' છે, પરંતુ તેમ અર્થ બેસતો નથી. 'મત્સ્યાખાદને' જોઈએ તેમ જ અર્થ બેસે છે. હસ્તલિખિત પ્રાચીન પ્રતો જોવાથી ખાત્રી

નહિ તેથી કાલિયની રક્ષા ન થાત (કારણ કે ગરુડ ધરામાં પ્રવેશ કરી મત્સ્યને ખાધા વિના કાલિયને મારી શકત). તેથી જ મૂલ ગ્રંથમાં ગરુડને માટે 'સઃ' 'તે' સર્વનામ ફરી યોજેલું છે ('ગરુડ' પહેલા શાપમાં કહેલું છે, ને બીજા શાપમાં સર્વનામ 'તે' યોજેલું છે). બ્રાહ્મણનું વાક્ય આજ્ઞારૂપ છે.

આ બ્રાહ્મણનું વાક્ય માત્ર અનુવાદ (તે વાક્ય ન કહ્યું હોત તો પણ જે થવાનું જ હતું તે જ જણાવનાર) છે[3] એવી શંકા થાય, તેથી કહે છે કે 'હું આ સત્ય કહું છું.' 'હું' શબ્દ જણાવે છે કે આ વાક્ય[4] પ્રમાણ છે, કારણ કે બ્રાહ્મણનું વાક્ય ખોટું થતું નથી. ૧૧.

**તં કાલિયઃ પરં વેદ નાન્યઃ કશ્ચન લેલિહઃ ।।**
**અવાત્સીદ્ ગરુડાદ્ ભીતઃ કૃષ્ણેન ચ વિવાસિતઃ ।।૧૨।।**

કાલિય તેને પૂરેપૂરો જાણતો હતો. બીજો કોઈ સર્પ જાણતો ન હતો. ગરુડથી ભય પામેલો (ત્યાં) રહ્યો અને શ્રીકૃષ્ણે (તેને ત્યાંથી) કાઢ્યો. ૧૨.

'તેને' એટલે તે અર્થને 'કાલિય' જ 'પૂરેપૂરો જાણતો હતો' (કારણ કે) ગરુડ સાથે વિરોધ કરવાની ઈચ્છાવાળો તે હોવાથી ગરુડ કયા સ્થાનમાં જઈ શકે તેમ નથી, તેનો તેણે વિચાર (જાણવાની તજવીજ) કરેલો. બીજા સર્પોને તો ગરુડ સાથે વિરોધ કરવાનો વિચાર જ ન હતો; તેથી 'બીજો કોઈ સર્પ જાણતો ન હતો'. તેથી 'ગરુડથી ભય પામેલો' તે ત્યાં આવી 'રહ્યો અને શ્રીકૃષ્ણે' તેને ત્યાંથી 'કાઢ્યો' એટલે ત્યાંથી દૂર કર્યો. (બીજે રહેવા મોકલ્યો). ૧૨.

એ પ્રમાણે પ્રાસંગિક કથા કહી, તે મૂકી હવે ચાલુ વાત શરૂ કરે છેઃ

**કૃષ્ણં હ્રદાદ્ વિનિઃક્રાન્તં દિવ્યસ્રગ્ગન્ધવાસસમ્ ।।**
**મહામણિગણાકીર્ણં જામ્બૂનદપરિષ્કૃતમ્ ।।૧૩।।**
**ઉપલભ્યોત્થિતાઃ સર્વે લબ્ધપ્રાણા ઈવ પ્રજાઃ ।।**
**પ્રમોદનિભૃતાત્માનો ગોપાઃ પ્રીત્યાભિરેભિરે ।।૧૪।।**

દિવ્ય માલા સુગંધી પદાર્થો અને વસ્ત્રવાળા, મોટા મણિઓના સમૂહોથી

---

થઈ શકે. કોઈ ટીકાકાર અહિં કાંઈ કહેતા નથી.

૩. 'ધરામાં કાલિય પ્રવેશ કરે તેથી તેના કાંઠાના પ્રાણીઓ પણ સર્વ મરણ પામે, તેથી ગરુડ પણ મરણ પામે જ; તેથી આ શાપ આપ્યો ન હોત તો પણ જે થવાનું હતું તે જ આમાં કહેલું છે. તેથી આ વાક્ય માત્ર અનુવાદ છે' એવી શંકા ન કરવી, કારણ કે આ વાક્ય સૌભરિએ કહ્યું ન હોત તો કાલિય આ ધરામાં આવત જ નહિ, એવો ભાવ છે. (ટિ)

૪. સર્પનું વિષ ગરુડને કાંઈ અસર કરી શકતું નથી. તેથી કદાચ સર્પ ધરામાં આવ્યો હોત તો પણ આ શાપ ન હોત તો ગરુડ ધરામાં પ્રવેશ કરે તેથી તેનું મરણ થાત નહિ. તેથી આ વાક્ય માત્ર અનુવાદ નથી, પણ પ્રમાણ છે. (પ્ર)

છવાએલા, અને સુવર્ણભૂષણોથી શોભતા શ્રીકૃષ્ણને ધરામાંથી બહાર નીકળતા જોઈને, જેણે પ્રાણ પ્રાપ્ત કર્યા છે તેવી પ્રજા પેઠે સર્વ ઉભા થયા; (અને) આનંદથી ભરપૂર અંતઃકરણવાળા ગોપો (તેમને) પ્રેમથી ભેટ્યા. ૧૩-૧૪.

'બહાર નીકળતા' ભગવાનને 'જોઈને સર્વ ઉભા થયા' અને 'ભેટ્યા', એવો બે શ્લોકનો સંબંધ છે. 'ધરામાંથી' એટલે ધરાના મધ્યેથી. વિશેષ રીતે બહાર નીકળવું એટલે અકસ્માત્ આવિર્ભાવ થવો. પહેલાં (ધરામાં પ્રવેશ કરતી વખતે) ભગવાનનું જે રૂપ હતું તેથી હાલનું (બહાર નીકળતી વખતનું) રૂપ જૂદું છે, એમ દર્શાવવા રૂપનું વર્ણન કરે છે. 'જેમની માલા સુગંધી પદાર્થો અને વસ્ત્રો દિવ્ય છે તેવા' ભગવાન્ છે. આ શબ્દોથી ભગવાનની સામાન્ય રીતે પૂજા થએલી છે એમ જણાવેલું છે. વળી તે 'મોટા મણિઓના સમૂહોથી છવાએલા' છે, આ શબ્દોથી ભગવાનની વિશેષ (ખાસ) પૂજા થએલી છે એમ જણાવેલું છે. વળી તે 'સુવર્ણના ભૂષણોથી શોભતા' છે. આથી ત્રણે લોકોના પદાર્થોથી ભગવાનની પૂજા થએલી છે એમ કહેલું છે. તે પૈકી (૧) (માલા વિગેરે) દિવ્ય એટલે સ્વર્ગના પદાર્થો હતા એ સ્પષ્ટ છે. (૨) મણિઓ પાતાલના પદાર્થો છે અને (૩) સુવર્ણ ભૂમિ ઉપરનો પદાર્થ છે. (ભગવાનને) અકસ્માત્ જોઈને માત્ર ભગવાનની સંનિધિથી જ (ભગવાન્ પાસે આવવાથી જ) 'જેમણે પ્રાણ પ્રાપ્ત કર્યા છે તેવા' થયા. પ્રજા એટલે બાલકો 'પેઠે ઉભા થયા'. પ્રાણ પ્રાપ્ત કરેલા આ મોટાઓ પણ જેમ બાલકો ઉભા થાય છે તેમ ઉભા થયા. જેઓને એકબીજાનું જ્ઞાન નથી તેવા બાલકો અથવા તેવા લૌકિક (પુરુષો) જેમ પ્રાણ આવતાં ઉભા થાય તેમ શ્રીકૃષ્ણ (બહાર) આવતાં આ સર્વ ઉભા થયા. પછી પણ ભગવાનની સંનિધિથી 'આનંદથી ભરપૂર છે અંતઃકરણ જેમનું' તેવા થયા. ઉભા થયા પછી આરંભમાં તરુણ પુરુષોએ '(ગોપોએ)' પુરુષોત્તમનું પણ 'પ્રેમથી' આલિંગન કર્યું. ૧૪.

**યશોદા રોહિણી નન્દો ગોપ્યો ગાવશ્ચ કૌરવ ।।**
**કૃષ્ણં સમેત્ય લબ્ધેહા આસઁલ્લબ્ધમનોરથાઃ ।।૧૫।।**

હે કૌરવ ! યશોદા, રોહિણી, નંદ, ગોપીઓ અને ગાયો શ્રીકૃષ્ણને મળી ચેષ્ટાવાળાં થયાં અને તેમનો મનોરથ ફળ્યો. ૧૫.

પછી 'યશોદા અને રોહિણી' શ્રીકૃષ્ણને મળ્યાં, કારણ કે સ્ત્રીઓ બહુ ઉત્સુક હોય છે. રોહિણીનો સ્પર્શ થવાના ભયથી 'નંદ' ત્યાર પછી[1] શ્રીકૃષ્ણને મળ્યા. નંદના (નંદનો સ્પર્શ થવાના) ભયથી 'ગોપીઓ' ત્યાર પછી શ્રીકૃષ્ણને મળી; પછી 'ગાયો' પણ શ્રીકૃષ્ણને મળી. 'હે કૌરવ !' એ સંબોધન રાજાને આ વાતમાં વિશ્વાસ રહે તે માટે કરેલું છે. આ સર્વે શ્રીકૃષ્ણને મળી ચેષ્ટાવાળાં થયાં' અને 'જેમનો મનોરથ ફળેલ છે તેવાં' પણ થયાં, આથી ક્રિયાશક્તિ અને

જ્ઞાનશક્તિનો સંબંધ કહેલો છે. (ચેષ્ટા એટલે ક્રિયાશક્તિ). ભગવાનને મળવાથી ક્રિયાશક્તિ તેમનામાં આવી, કારણ કે તે પહેલાં તે ચેષ્ટારહિત મૂઢ હતા. ક્રિયાશક્તિ આવવાથી તેમનો મનોરથ ફળ્યો, એટલે તેમની જ્ઞાનશક્તિ પણ આવી. ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનો એવો સંબંધ જણાવ્યો છે કે ક્રિયાશક્તિ આવતાં જ્ઞાનશક્તિ પણ આવી). ૧૫.

**રામશ્ચાચ્યુતમાલિંગ્ય જહાસાસ્યાનુભાવવિત્ ।।**
**નરા નાર્યો વૃષા વત્સા લેભિરે પરમાં મુદમ્ ।।૧૬।।**

બલભદ્રે અચ્યુતને આલિંગન કર્યું અને તેમનો પ્રભાવ જાણનાર થવાથી હસ્યા. પુરુષો, સ્ત્રીઓ, બળદો અને વાછડાંઓ ઘણો આનંદ પામ્યાં. ૧૬.

રામ (બલભદ્ર) પણ એવા થયા. (તેમણે પણ બીજાની પેઠે ભગવાનને આલિંગન કર્યું). 'અચ્યુતનું આલિંગન કરી હસ્યા' શબ્દોથી બીજા કરતાં તેમનામાં શું અધિક હતું તે કહેલું છે. પહેલાં ભગવાનનો અંશ ભગવાનમાં જ હતો અને બલભદ્રમાં ન હતો, ત્યારે બલભદ્રે બીજાની પેઠે ભગવાનનું આલિંગન જ કર્યું. પછી તેમણે ભગવાનનું આલિંગન કર્યું ત્યારે ભગવાનનો અંશ તેમનામાં આવ્યો તેથી પછી તે હસ્યા; કારણ કે ભગવાનનો અંશ તેમનામાં આવવાથી તે ભગવાનની તુલ્ય થયા. તેથી 'તમે (શ્રીકૃષ્ણે) આ બધાની પરીક્ષા બહુ સારી કરી' એમ હસ્યા. 'તમે કાલિયને કાઢ્યો, એ સારું પરાક્રમ કર્યું' એમ બલભદ્ર હસ્યા ન હતા. કારણ કે ભગવાને કાલિયને કાઢ્યો એમાં કાંઈ આશ્ચર્ય જેવું ન હતું. બલભદ્ર 'તેમનો (ભગવાનનો) પ્રભાવ જાણનાર થયા' તેથી ભગવાને કાલિયને કાઢ્યો તેમાં કાંઈ આશ્ચર્ય ન જણાય; કારણ કે જે ક્ષણમાત્રમાં આખા વિશ્વનો નાશ કરી શકે તે કાલિયને કાઢી મૂકે તેમાં શું આશ્ચર્ય ?

(ભગવાનને કાલિયે ભરડો દીધો અને છેવટ ધરામાંથી ભગવાન્ કુશલ બહાર પધાર્યા તેથી બધાને) દુઃખ અને સુખ બંને ભેગાં થયાં હશે એમ જણાય, તેથી તેવું ન હતું પણ બધાને માત્ર આનંદ જ થયો હતો, એમ જણાવવા છેલ્લું ચરણ યોજેલું છે. 'પુરુષો અને સ્ત્રીઓ' (બળદો અને વાછરડાંઓ)આ ચારે પ્રકારના જીવો 'ઘણો આનંદ' જ પામ્યા હતા. ૧૬.

---

૧. રોહિણીએ ભગવાનને આલિંગન કર્યું ત્યાર પછી નંદે તેમ કર્યું, કારણ કે રોહિણી નંદના મોટાભાઈના પત્ની હોવાથી નંદે પૂજવા યોગ્ય હતાં; તેથી તેમને નમસ્કાર કરવા તે તેમના ચરણસ્પર્શ કરી શકે, પરંતુ તેવા પ્રસંગ વિના પૂજ્યનો સ્પર્શ કરવો યોગ્ય નહિ હોવાથી, રોહિણી આલિંગન કરી રહ્યા પછી જ નંદે આલિંગન કર્યું. ભગવાનમાં રોહિણી કરતાં નંદનો પ્રેમ વધારે હોવાથી તેમણે યશોદા પછી તરત ભગવાનને આલિંગન કરવું જોઈએ, છતાં તેમ કરવા જતાં રોહિણીનો સ્પર્શ થઈ જાય તેવા ભયથી રોહિણી પછી તેમણે આલિંગન કર્યું એવો અર્થ છે. (યો)

**નન્દં વિપ્રાઃ સમાગત્ય ગુરુવઃ સકલત્રકાઃ ।।**
**ઊચુસ્તે કાલિયગ્રસ્તો દિષ્ટ્યા મુક્તસ્તવાત્મજઃ ।।૧૭।।**

વિપ્રો નંદ પાસે આવ્યા, અને સ્ત્રીઓ સહિત તે ગુરુઓએ કહ્યું 'કાલિયે પકડેલા તમારા પુત્ર (અમારાં) ભાગ્યથી છૂટ્યા છે...' ૧૭.

'આટલો બધો સમય બ્રાહ્મણોએ આ બધાને કાંઈ ઉપદેશ કેમ ન આપ્યો ? અને હવે બ્રાહ્મણો તેમનું સાંત્વન કરવા કેમ આવ્યા ?' એવી શંકા થાય, તેથી હવે આ શ્લોક કહેલો છે. વિપ્રો તો બહુ જ મોટા પુરુષો છે, પણ વૈશ્યના ગુરુઓ માત્ર કર્મજડ હોય છે અને આજીવિકા માટે રહેલા છે, અને તેમના સંબંધીઓ (સ્ત્રીઓ) પણ તેવી જ હોય છે. તેથી સ્ત્રીઓ સાથે તેઓએ આવી નંદને નીચે પ્રમાણે કહ્યું:'' 'કાલિયથી' સારી રીતે બંધાએલા ભગવાન્ 'તમારા પુત્ર' અમો વિગેરેના ભાગ્યથી જ છૂટ્યા છે....' આથી તેઓએ એમ સૂચવેલું છે, કે આ ઉત્સવ પ્રસંગે તમારે અમને દાન દેવું જોઈએ. ૧૭.

**દેહિ દાનં દ્વિજાતીનાં કૃષ્ણનિર્મુક્તિહેતવે ।।**
**નન્દઃ પ્રીતમના રાજન્ ગાઃ સુવર્ણં તદાદિશત્ ।।૧૭અ।।**

શ્રીકૃષ્ણ છૂટી આવ્યા તે નિમિત્તનું બ્રાહ્મણોને દાન આપો. હે રાજન્ ! પ્રસન્ન મનવાળા નંદે તે સમયે ગાયો અને સુવર્ણ (દાનમાં) આપ્યાં. ૧૭અ[૨].

તેથી 'શ્રીકૃષ્ણ પાછા આવ્યા તે નિમિત્તનું બ્રાહ્મણોને દાન આપો'. પછી 'નંદે ગાયો અને સુવર્ણ આપ્યાં'. ૧૭અ.

યશોદાના સંબંધમાં વિશેષ (ખાસ કહેવાનું) આ શ્લોકમાં કહે છેઃ

**યશોદા ચ મહાભાગા નષ્ટલબ્ધપ્રજા સતી ।।**
**પરિષ્વજ્યાંકમારોપ્ય મુમોચાશ્રુકલાં મુહુઃ ।।૧૮।।**

ગૂમ થએલી પ્રજા જેમનાથી પાછી મેળવાઈ છે તેવી મહાભાગ્યવાળી સતી યશોદાએ શ્રીકૃષ્ણને ભેટી ખોળામાં બેસાડી વારંવાર આંસુઓ પાડ્યાં. ૧૮.

યશોદાને તેઓએ (બ્રાહ્મણોએ) કહ્યું[૧] કે 'તમે બહુ ભાગ્યવાળાં છો,' કારણ કે તેમણે તેઓને ઘણું દાન આપ્યું હતું, અથવા તેણે બીજા બધા કરતાં (શ્રીકૃષ્ણ પ્રતિ પ્રેમ દર્શાવનારું કાર્ય) વધારે કર્યું, તેથી તેના ભાગ્યને ધન્યવાદ આપવા તેમને 'મહાભાગ્યવાળાં' કહેલાં છે. 'નષ્ટા' એટલે ગૂમ થએલી, 'લબ્ધા' એટલે મેળવાએલી છે પ્રજા જેમનાથી તેવાં તે હતાં. તેવાં હોવાનું (નષ્ટ થએલી

---

૧. આ શ્લોક અને તેની ટીકાનો પાઠ ઘણા ખરા ગ્રંથોમાં નથી.

૨. ૧૭અ શ્લોક ન હોય એટલે બ્રાહ્મણોનાં વાક્ય સાથે આ શ્લોકનું અનુસંધાન થાય છે. તેથી બ્રાહ્મણોએ ૧૭મા શ્લોકમાં શ્રીકૃષ્ણથી છૂટ્યા તે કહી, યશોદાને મહાભાગ્યવાળાં કહ્યાં એવો સંબંધ થાય છે.

પ્રજા પાછી મેળવનાર થવાનું) કારણ ધર્મ છે, એમ 'સતી' શબ્દથી જણાવેલું છે, તેથી ભાગ્યનો ઉદય થતાં (પ્રજા પાછી પ્રાપ્ત થતાં) તે (તેમને શ્રીકૃષ્ણને) 'ભેટ્યાં', પછી તેમને 'ખોળામાં બેસાડીને (હર્ષનાં) આંસુઓ પાડ્યાં'. ૧૮.

આટલું થતાં અડધી રાત થઈ. તે દિવસે કોઈએ કાંઈ ખાધું ન હતું. ગાયો પહેલાં તો (કાલિયે ભગવાનને ભરડો દીધેલ તે સમયે) સૂકાએલાં સ્તનવાળી જ (દૂધ વિનાની જ) હતી. હવે તો (ભગવાન્ બહાર પધાર્યા ત્યારથી) તેમનામાં દૂધ હતું પરંતુ તેઓને દોહવાનાં સાધન ન હતાં, તેથી તેમને દોહી શકાયાં નહિ અને દૂધ પ્રાપ્ત થયું નહિ. છતાં ભગવાન્ પાછા પધાર્યા તેનાથી જે આનંદ થયો તેથી જ બધા સુખી થયા અને ત્યાં જ રાત રહ્યા, એમ આ શ્લોકમાં કહે છેઃ

**તાં રાત્રિં તત્ર રાજેન્દ્ર ક્ષુત્તૃડ્ભ્યાં શ્રમકર્શિતાઃ ||**
**ઊષુર્વ્રજૌકસો ગાવઃ કાલિન્દ્યા ઉપકૂલતઃ ||૧૯||**

હે રાજેન્દ્ર ! ભૂખ્યા અને તરસ્યા શ્રમથી દુર્બલ થએલા વ્રજવાસીઓ અને ગાયો કાલિંદીના કિનારા પાસે ત્યાં તે રાત રહ્યા. ૧૯.

તે બધાને 'શ્રમ' થએલો. ગોકુલમાંથી ત્યાં આવવાનો શ્રમ, (સર્પથી ભરડો દેવાએલ ભગવાનની સ્થિતિ જોવાથી થએલ) ચિત્તનો શ્રમ, વળી (તેવી સ્થિતિ જોઈ) તેઓએ મરવા પ્રયાસ કરેલો તેનો શ્રમ. તે બધા શ્રમથી પણ તેઓ 'દુર્બલ થએલા' હતા. તેઓ 'ભૂખ્યા અને તરસ્યા' હતા, શ્રમ તો પોતાનું કાર્ય (તેઓને દુબળા કરવાનું) કરી મટી ગયો હતો, તેથી તેના કાર્યનું જ નિરૂપણ કરેલું છે; અને ભૂખ અને તરસના સ્વરૂપનું[1] નિરૂપણ કરેલું છે. આ બધા વ્રજવાસીઓ (નેસડામાં રહેનારા) એટલે અભણ હતા. (તેથી) 'કાલિંદીના કીનારા પાસે' એટલે કિનારો મૂકી કેટલેક દૂર વનમાં તેઓ બધાયે શયન કર્યું. ૧૯.

'તે સમયે' કાલિયમાં રહેલા દોષના અભિમાનવાળા દૈત્યે અને સર્વનું ભક્ષણ કરવા રહેલ મૃત્યુએ[1] ભેગા થઈ અગ્નિનું રૂપ ધારણ કર્યું અને તે દાવાગ્નિ ગોકુલવાસીઓને બાળી નાખવા દેખાયો, એમ આ શ્લોકમાં કહે છેઃ

**તદાશુ વિપિનોદ્ભૂતો દાવાગ્નિઃ સર્વતો વ્રજમ્ ||**
**સુપ્તં નિશીથ આવૃત્ય પ્રદગ્ધુમુપચક્રમે ||૨૦||**

---

૧. ભૂખ અને તરસ મનુષ્યના ભ્રાતૃવ્ય (ભત્રીજા એટલે પિતરાઈ અથવા શત્રુ) છે, એવા સ્વરૂપનું નિરૂપણ કરેલું છે. 'ભૂખ ખરેખર મનુષ્યોનો ભ્રાતૃવ્ય છે' 'ભૂખ અને તરસ બંને તરીને' એ શ્રુતિઓ તેમને ભ્રાતૃવ્ય કહે છે. (પ્ર)

૧. ભૂખ મૃત્યુરૂપ છે તે ભૂખ. (પ્ર) પ્રાણના ધર્મ ભૂખરૂપી અગ્નિ જે સર્વનું ભક્ષણ કરવા રહેલો છે તે. 'ભૂખ ખરેખર મનુષ્યનો ભ્રાતૃવ્ય છે' 'ભૂખ મૃત્યુ જ છે' એ શ્રુતિઓથી ભૂખરૂપ અગ્નિ મૃત્યુરૂપ જ છે એ સ્પષ્ટ છે. (યો)

તે સમયે મધ્યરાત્રે તરત જ જંગલમાં ઉત્પન્ન થએલો દાવાગ્નિ સૂતેલા વ્રજને ચારે તરફથી ઘેરી લઈ બાળવા પ્રવૃત્ત થયો. ૨૦.

વેર લેવા માટે 'તરત જ જંગલમાં' લાકડાંઓના ઘસાવાથી ઉત્પન્ન થતો અથવા બધા પદાર્થોને ભેગા કરી બાળનાર હોવાથી 'દાવાનલ' શબ્દથી ઓળખાતો અગ્નિ પોતાની મેળે 'ઉત્પન્ન થયો' અને 'સૂતેલા વ્રજને ચારે તરફથી જ ઘેરી લઈને' અર્ધરાત્રિના વખતે 'બાળવા પ્રવૃત્ત થયો;' કારણ કે પહેલાં ભગવાને તેઓના (ગોકુલવાસીઓના) સ્નેહની પરીક્ષા કરેલી. તે સ્નેહ તેમનામાં રાખી, તેનો[2] દેહનો સંબંધ દૂર કરતાં (મટાડતાં) ભગવાન્ તેઓને પોતાનું માહાત્મ્ય દર્શાવે છે. જો ભગવાન્ એમ ન કરે તો તેઓનો તે સ્નેહ માત્ર લૌકિક જ હોય (ગણાય). આ ગોકુલવાસીઓ ભગવાનને માટે ક્લેશ પામેલા હતા, પરંતુ તેઓના દેહનું અભિમાન છૂટ્યું ન હતું, એમ જણાવવા માટે પણ આ કહેલું છે. જો તેમ ન હોય તો (તેઓના દેહનું અભિમાન છૂટી ગયું હોત તો) તેઓના શરીરનું અભિમાન જતું રહેલું હોવાથી, તેઓ માત્ર જ્ઞાનના જ અધિકારી હોત. ૨૦.

તેથી (તેઓનું દેહનું અભિમાન ગએલું નહિ હોવાથી) તેઓ વ્યાકુલ થયા અને તેમણે ભગવાનની પ્રાર્થના કરી, એ અહિંથી (ત્રણ શ્લોકોથી) કહે છેઃ

**તત ઉત્થાય સમ્ભ્રાન્તા દહ્યમાના વ્રજૌકસઃ ।।**
**કૃષ્ણં યયુસ્તે શરણં માયામાનુષમીશ્વરમ્ ।।૨૧।।**

તેથી બળતા વ્રજવાસીઓ ઉઠી સારી રીતે ગભરાયા અને તેઓ માયાથી મનુષ્ય થએલા ઈશ્વર શ્રીકૃષ્ણને શરણે ગયા. ૨૧.

તેઓ 'સારી રીતે ગભરાયા' એટલે બહુ નિદ્રામાં હોવાથી દિશા, દેશ અથવા કાલનું તેમને ભાન ન રહ્યું; એટલું જ નહિ પણ સ્વભાવથી પણ તેઓ વ્રજવાસીઓ (અભણ, અજ્ઞાની) હતા. કાલિયે ભગવાનની પૂજા કરેલી તે જોઈ તેઓ 'શ્રીકૃષ્ણને' જ 'શરણે ગયા'. ૨૧.

તેઓએ શ્રીકૃષ્ણની રક્ષા માટે કાંઈ પણ પ્રયત્ન ન કર્યો, પરંતુ પોતાની જ રક્ષા કરવા માટે શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી, એમ આ શ્લોકમાં કહે છેઃ

**કૃષ્ણ કૃષ્ણ મહાભાગ હે રામામિતવિક્રમ ।।**
**એષ ઘોરતમો વહ્નિસ્તાવકાન્ ગ્રસતે હિ નઃ ।।૨૨।।**

---

૨. ભગવાન્ વિષે વ્રજવાસીઓને જે સ્નેહ હતો તેનો. (પ્ર+યો) અથવા પોતાનો. (પ્ર) દાવાગ્નિનું પાન કરી, ભગવાને પોતાનો દેહ નથી એમ દર્શાવ્યું, કારણ કે દેહવાળો કોઈ એવી રીતે અગ્નિનું પાન કરતો નથી. તેથી વ્રજવાસીઓના ગોપદેહ માટે રહેલો સ્નેહ પણ ગયો. ભગવાન્ આત્મા છે તેવું તેઓને જ્ઞાન ન હતું, છતાં ભગવાન્ વસ્તુતઃ આત્મા હોવાથી પ્રમેયબલથી તેમનામાં તેઓનો ઉપાધિરહિત સ્નેહ ઉત્પન્ન થયો, એવો અર્થ છે. (યો)

હે કૃષ્ણ ! હે મહાભાગ્યવાળા કૃષ્ણ ! હે અતુલ પરાક્રમવાળા બલભદ્ર ! અમો તારા (સેવકોને) આ ઘણો ઘોર અગ્નિ ખાઈ જાય છે (બાળે છે). ૨૨.

'હે કૃષ્ણ ! કૃષ્ણ'. એમ ભયને લીધે ભગવાનનું બે વાર નામ લીધેલું છે. આપ શરણે આવવા યોગ્ય છો અને અમે તમારા શરણે આવીએ છીએ, તેનું કારણ 'મહાભાગ્યવાળા' શબ્દથી જણાવે છે. આ બધા સાધારણ ભક્તો છે[1] તેથી તેઓ બલભદ્રને પણ 'હે બલભદ્ર' એમ પ્રાર્થના કરે છે, કારણ કે તે 'અતુલ પરાક્રમવાળા' છે, તાલવનમાં તેમનું અતુલ પરાક્રમ તેઓએ જાએલું છે. આ બંને (શ્રીકૃષ્ણ અને રામ) એક જ હોય તેમ તેઓ કહે છે, કે 'આ ઘણો ઘોર' એટલે તરત જ ભક્ષણ કરનારો (અગ્નિ) 'અમો' 'તારા' વૈષ્ણવોને ખાઈ જાય છે, તે ખાઈ જશે (બાળી મૂકશે) એમાં કાંઈ સંદેહ નથી, તેથી 'હિ' શબ્દ યોજેલો છે; તેથી હવેથી જીવવાની અમને કાંઈ આશા નથી એમ (કહેલું છે). ૨૨.

ત્યારે શું કરવું ? એવો પ્રશ્ન ઉઠે તેથી આ શ્લોક કહે છેઃ

**સુદુસ્તરાન્ નઃ સ્વાન્ પાહિ કાલાગ્નેઃ સુહૃદઃ પ્રભો ।।**
**ન શક્નુમસ્ત્વચ્ચરણં સન્ત્યક્તુમકુતોભયમ્ ।।૨૩।।**

હે પ્રભુ ! જરા પણ સહન થઈ ન શકે તેવા કાલાગ્નિથી અમો આપના (ભક્તો) અને મિત્રોનું રક્ષણ કરો. કોઈ પણ પ્રકારના ભય રહિત આપના ચરણારવિંદનો ત્યાગ કરવા અમે શક્તિવાળા નથી. ૨૩.

આ 'કાલાગ્નિ' પ્રલયાગ્નિ જ છે, તેથી જ તે 'જરા પણ સહન ન થઈ શકે તેવો' છે. તેથી 'આપના' ભક્તો અને 'મિત્રો' એટલે શુદ્ધ હૃદયવાળા સંબંધીઓનું ભગવચ્છાસ્ત્રનો વિચાર કરીને, અથવા લૌકિકશાસ્ત્રનો વિચાર કરીને 'રક્ષણ કરો' (ભક્તોનું રક્ષણ ભગવચ્છાસ્ત્ર પ્રમાણે કરવું જોઈએ, અને મિત્રોનું રક્ષણ લૌકિકશાસ્ત્ર પ્રમાણે કરવું જોઈએ), કારણ કે આપ 'પ્રભુ' (રક્ષણ કરવાની શક્તિવાળા) છો.

'ભગવાનના ભક્તોને દેહનું રક્ષણ કરવાનું શું પ્રયોજન ? ઉલટું

૧. તેથી અસાધારણ ભક્તોએ એમની પેઠે ન કર્યું, પણ તેઓએ ભગવાનની રક્ષા માટે જ પ્રયત્ન કર્યો એવો ગર્ભિત અર્થ છે. (પ્ર) અહિં 'બધા' શબ્દ હોવાથી આ સિવાયના સાધારણ ભક્તો હતા એવું માનવું કઠિન છે. અહિં 'અનન્યતારહિત' અર્થમાં 'સાધારણ' શબ્દ યોજેલો જણાય છે. ભગવાન્ અને બલભદ્રમાં કાંઈ ભેદ તેઓ જાણતા ન હતા, તેથી ભગવાન્ સાથે બલભદ્રને પણ તેઓ પ્રાર્થના કરે છે, અને તે બંનેને એક જ માનતા હોવાથી બંનેને પ્રાર્થના કરતા હોવા છતાં, આ અગ્નિ 'તારા' વૈષ્ણવોને ખાઈ જાય છે એમ એકવચનનો પ્રયોગ કરે છે. આવી રીતે ભગવાન્ અને બલભદ્રમાં તેઓ કાંઈ ભેદ જાણતા નહિ હોવાથી અને બંનેને એક જ માનતા હોવાથી તેમને 'સાધારણ' કહેલા છે એમ જણાય છે.

ભગવાનની સમીપમાં તેઓનું મરણ થાય તે જ તેમને માટે વધારે સારું છે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ શ્લોક કહેલો છે. અમને કાંઈ મરણની ચિંતા નથી, પણ મરણ થવાથી આપના ચરણારવિંદનો અમને વિયોગ થશે, તેની અમને ચિંતા છે, દાહ (અમે બળી જઈએ તે) તો અમે સહન કરી શકીએ, પરંતુ આપના ચરણારવિંદનો વિયોગ અમે સહન કરી શકશું નહિ.

'વિરોધી(અગ્નિના વિરોધી ચરણ)નો શા માટે અંગીકાર કરો છો ? દાહ (અગ્નિ) સર્વથી બલવાન છે, તેથી તે ચરણોને દૂર કરશે જ' એવી શંકા થાય, તેથી કહે છે કે આપનાં ચરણારવિંદ 'કોઈ પણ પ્રકારના ભયરહિત' છે. કોઈ પણ તરફથી જેમને ભય નથી તેવાં આપનાં ચરણારવિંદ છે. આથી એમ જણાવ્યું છે કે અત્યારે પણ અમને ચોક્કસ ભય છે જ એમ નથી, પણ ભયની માત્ર શંકા હોવાથી અમે આ પ્રાર્થના કરીએ છીએ એવો ભાવ છે. ૨૩.

આવી રીતે ગોકુલવાસીઓએ પ્રાર્થના કરી એટલે પોતાને જે કરવું યોગ્ય હતું તે ભગવાને કર્યું, એમ આ શ્લોકમાં કહે છેઃ

**ઈત્થં સ્વજનવૈક્લવ્યં નિરીક્ષ્ય જગદીશ્વરઃ ।।**
**તમગ્નિમપિબચ્છીઘ્રમનન્તોનન્તશક્તિધૃક્ ।।૨૪।।**

આવી રીતે પોતાના ભક્તોની વિકલતા જોઈને અનંત, અનંતશક્તિઓ ધારણ કરનાર જગદીશ્વરે તે અગ્નિનું તરત જ પાન કર્યું. ૨૪.

જે અગ્નિ આવતો હતો તેને ભગવાન્ બુઝાવી દે અથવા આ ગોકુલવાસીઓને બીજે કોઈ (અગ્નિનો ભય ન હોય તેવા) સ્થલે લઈ જાય ત્યાં સુધીનો પણ વિલંબ તેઓ સહન[1] કરી શકે તેમ ન હતું; તેથી પોતાની અંદર રહેલા (જગતમાં) કાલિયના સંબંધે જે (પદાર્થોને) દુષ્ટ કરેલા તેઓનો દાહ કરવા ભગવાને 'તે અગ્નિનું પાન કર્યું.' ભગવાનનું મુખારવિંદ પણ અગ્નિ છે, તેથી ભગવાનને 'અગ્નિનો તાપ લાગતો નથી'.

'ભગવાને એ પ્રમાણે અગ્નિનું પાન કેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'પોતાના ભક્તોની વિકલતા જોઈને' તેમણે તેનું પાન કર્યું. ભગવાન્ સર્વને નિયમમાં રાખનાર છે. દુષ્ટ અગ્નિને બહાર ન રાખવો જોઈએ, કારણ કે બહાર રાખવામાં આવે તો તે બીજા કોઈ સમયે પણ ઉપદ્રવ કરે. મહાદેવે કાલકૂટ વિષનું પાન કરેલું, (વિષ પણ અગ્નિ છે) તેથી તેમને ગર્વ થએલો (કે મારી પેઠે કોણ વિષનું પાન કરી શકે તેમ છે ?) તે તેમનો ગર્વ ઉતારવા, અને બાળનારને ધારણ કરવાથી ઉત્પન્ન થએલો ગર્વ ઉતારવા, ભગવાને તે અગ્નિનું પાન કર્યું. ભગવાન્

૧. દેવકીનંદન પ્રેસવાળા ગ્રંથમાં 'સહન્તે' પાઠ છે. તે પ્રમાણે આ અર્થ છે. 'સહતે' પાઠ લઈએ તો તેટલો પણ વિલંબ ભક્તોનું દુઃખ મટાડવામાં ભગવાન્ સહન કરતા નથી એવો અર્થ થાય છે.

આ અગ્નિનું પાન કરે તે ગોકુલવાસીઓ જૂએ તો તેમને ભય થાય, તેથી તેમને તેવો ભય ન થાય તે માટે ભગવાને તેનું ‘તરત જ’ પાન કર્યું. (જેથી તેઓ ભગવાને કેવી રીતે તેનું પાન કર્યું તે જોઈ શકે નહિ). ભગવાન્ પોતે તો ‘અનંત’ હોવાથી તેમને તો કોઈ પ્રકારનો ભય છે જ નહિ.

‘ભગવાને ત્યારે કેવા પ્રકારથી તેનું પાન કર્યું હશે ?’ એવો પ્રશ્ન ઉદ્ભવે[2], તેનો ઉત્તર ‘અનંત શક્તિઓ ધારણ કરનાર’ શબ્દથી આપેલ છે. ભગવાન્ અનંત શક્તિઓને ધારણ કરે છે, તેથી જો ભગવાન્ વાયુરૂપ થાય તો પણ તેનું પાન કરે. જો ભગવાન્ જલરૂપ થાય તો પણ તેને છાંટી દઈ તેનું શમન કરે. વળી ભગવાનનું મુખારવિંદ સર્વત્ર છે, તેથી જો પોતાનું મુખારવિંદ બંધ કરે તો પણ તેનું પાન કરે. અથવા જ્યાં અગ્નિ હતો ત્યાં મુખ પહોળું કરે તો પણ તેનું પાન કરે. તેથી ભગવાને તેનું પાન કર્યું તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી એવો અર્થ છે[3]. ૨૪.

**ઈતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની શ્રીસુબોધિનીના દશમસ્કંધના વિવરણમાં**
**ચૌદમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

---

૨. અહિં દેવકીનંદન પ્રેસવાળા ગ્રંથ પ્રમાણે પાઠ લીધો છે. શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથ પ્રમાણે નીચે પ્રમાણે અર્થ થાય છે ‘‘ભગવાન્ પોતે ભયરહિત છે. તે ‘અનંત’ હોવાથી કયા પ્રકારે તેમણે તેનું પાન કર્યું તેનો પ્રશ્ન કરેલો નથી. છતાં ‘અનંત શક્તિઓ ધારણ કરનાર’ શબ્દથી ઉત્તર કહે છે.’’ પ્રશ્ન નહિ હોવા છતાં ઉત્તર કહે તે ઠીક લાગતું નથી, તેથી વૃંદાવન પ્રેસવાળા ગ્રંથનો પાઠ શુદ્ધ જણાય છે.

૩. આ યશનો અધ્યાય છે તેથી ભગવાને પોતાનો યશ જણાય તે માટે આ પ્રમાણે અગ્નિનું પાન કર્યું એમ જણાય છે, આ પાન કરવાના જુદા જુદા પ્રકારો પણ તે માટે જ કહેલા છે. યશ વીર્ય વિના થતો નથી અને વીર્ય યશને પ્રકટ કરે છે જ; તેથી તે બંને સાથે જ હોય છે, છતાં જ્યાં જેનું પ્રાધાન્ય હોય ત્યાં તે જ કહેવામાં આવે છે, તેથી આ અધ્યાયને યશ અધ્યાય કહેવામાં કાંઈ અયોગ્યતા નથી.

# અધ્યાય પંદરમો

## અન્તઃકરણાધ્યાસરૂપી પ્રલમ્બનો વધ

**ઉક્તઃ પઞ્ચદશેધ્યાયે પ્રલમ્બસ્ય વધો મહાન્ ।।**
**આવેશિચરિતં વાચ્યં બલભદ્રકૃતં તતઃ ।।૧।।**

પંદરમા અધ્યાયમાં પ્રલંબના વધનું મહાન્ (ચરિત) કહેલું છે, (તે) આવેશવાળાનું ચરિત છે; તેથી બલભદ્રે કરેલું તે કહેવા યોગ્ય છે. કા.૧.

પંદરમા અધ્યાયના તાત્પર્યનું નિરૂપણ કરતાં શ્રીમદાચાર્યચરણ અહિં કહેલા ચરિતના અવસર, પ્રસંગ અને કથાની સંગતિ જણાવે છે. બીજાં ભગવાનનાં ઘણાં ચરિતો છે, છતાં અહિં પ્રલંબના વધનું ચરિત જ કહેલું છે, કારણ કે તે મોટું ચરિત છે. દશમસ્કંધના પહેલા અધ્યાયના દશમા શ્લોકમાં રાજાએ ભગવાન્ શ્રીકૃષ્ણનું ચરિત જ કહેવા શ્રીશુકદેવજીને કહેલું છે, છતાં શ્રીશુક અહિં તેને બલભદ્રનું આ ચરિત કહે છે, કારણ કે આવેશી (ભગવાનનો જેમનામાં આવેશ થયો છે તેવા) બલભદ્રનું ચરિત છે. આવેશીનું ચરિત પણ જેમનો આવેશ તેનામાં થએલો હોય તેનું જ ચરિત છે, તેથી આ ચરિત પણ ભગવાનનું જ ચરિત હોવાથી કહેવા યોગ્ય છે. (પ્ર)

અંતઃકરણના દોષની નિવૃત્તિ ભગવાનનો જેનામાં આવેશ થયો હોય તેવા ભગવદીયથી થાય છે, એમ જણાવવા અહિં આવેશીનું ચરિત કહે છે. તેથી બલભદ્રે કરેલો પ્રલંબનો વધ અહિં કહેલો છે. (લે)

અંશ અને અંશીમાં ભેદ નથી. તેથી આવેશીનું ચરિત પણ જેનો તેનામાં આવેશ થયો હોય તેનું ચરિત જ હોવાથી તે પણ કહેવા યોગ્ય છે, તેથી આ અધ્યાયમાં બલભદ્રે કરેલો પ્રલંબનો વધ કહેવામાં આવેલો છે. (કા)

**વ્રજે ગતસ્ય ક્રીડા ચ સર્વથા વનગોષ્ઠયોઃ ।।**
**અન્તઃકરણદોષશ્ચ મહાનત્ર નિવર્ત્યતે ।।૨।।**

સર્વથા વ્રજમાં પધારેલા ભગવાનની વનની અને ગોષ્ઠની લીલા (કહેલી છે). અને અંતઃકરણનો દોષ મોટો (છે તે) અહિં દૂર કરેલો છે. કા.૨.

આવેશીનું ચરિત જ અહિં મોટું કહેવા યોગ્ય છે, છતાં ભગવાન્ વ્રજમાં પાછા પધાર્યા, એ વાત (અ.૧૬ શ્લોક ૧૫માં) બાકીની કથા કહેવા કહેલી છે. તેથી અહિં પ્રસંગ, અવસર અને કથાની સંગતિ કહેલાં છે. સ્કંધના અને પ્રકરણના અર્થ સાથે આ કથાની સંગતિ કેવી રીતે થાય છે, તે ટિપ્પણીમાં કહેલું છે. (પ્ર)

ભગવાન્ સર્વથા વ્રજમાં પધાર્યા એટલે વનક્રીડામાં જેઓ સાથે હતા તે બધાની સાથે વ્રજમાં પધાર્યા, તેમાંના કોઈને વનમાં મૂકીને પધાર્યા નહિ. (લે+કા)

વનલીલા આ અધ્યાયમાં જ કહેલી છે, અને ગોષ્ઠલીલા આવતા (સોળમા) અધ્યાયના અંતે (શ્લોક ૧૫માં) કહેલી છે. આ બંને લીલાઓ એક જ દિવસે કરેલી હોવાથી કારિકામાં એકસાથે કહેલી છે. (કા)

(ગોપોને ભગવાન્ ઉપર સ્નેહ થયો હતો એમ કહેલું છે;) છતાં સ્નેહની વાત જવા દો. લોકમાં લૌકિક પુરુષો રમતો રમે તેમાં પણ એકને બીજા ઉપર સવારી કરવાનો પ્રસંગ આવે ત્યારે પણ, પ્રભુ ઉપર અથવા પુત્ર ઉપર સવારી કરવા કોઈનું અંતઃકરણ પ્રવૃત્ત થતું નથી. અહિં તો ગોપોને ભગવાન્ ઉપર સ્નેહ હતો છતાં તેઓનું અંતઃકરણ પ્રભુ ઉપર સવારી કરવા પ્રવૃત્ત થયું એમ કહેલું છે. તેથી તેમના અંતઃકરણમાં એવું કાંઈ કારણ અવશ્ય હતું એમ માનવું જોઈએ. ત્યાર પછી પ્રલંબનો વધ થયો ત્યારે ભગવાન્ અલૌકિક છે એવી તેઓની બુદ્ધિ થઈ, અને ભગવાનમાં તેમને ઘણો જ સ્નેહ થયો. તેથી તેઓએ આશિષો આપી અને તેઓનાં ચિત્ત વિહ્વલ થયાં (જુઓ શ્લોક ૩૧). તેથી પ્રલંબને મારીને અંતઃકરણનો દોષ મોટો (છે તે) અહિં દૂર કરેલો છે, એમ બરાબર કહેલું છે. (ટિ)

આ અધ્યાયમાં પ્રલંબના નાશનું વર્ણન કરવાનું છે; કૃષ્ણોપનિષદ્માં કહેલું છે કે 'કામ, ક્રોધ વિગેરે દૈત્યો હતા', તેથી શ્રીકૃષ્ણાવતારમાં જે દૈત્યોનો ભગવાને નાશ કરેલો તે બધા દોષરૂપ હતા. ભગવાનને જે ભક્તોનો નિરોધ કરવાનો હતો તેઓના અંતઃકરણના દોષરૂપ આ પ્રલંબ હતો. (યો)

એવી રીતે ગયા અધ્યાયમાં વ્રજવાસીઓને દાવાગ્નિમાંથી ભગવાને બચાવ્યા એમ કહેલું છે. હવે તેઓનું પોતાના સ્થાનમાં જે કૃત્ય હતું તે 'પછી' એમ જૂદા આરંભથી કહે છેઃ

શ્રીશુકદેવજી કહે છેઃ

**અથ કૃષ્ણઃ પરિવૃતો બન્ધુભિર્મુદિતાત્મભિઃ ।।**
**અનુગીયમાનો ન્યવિશદ્ વ્રજં ગોકુલમંડિતમ્ ।।૧।।**

પછી સંતોષ પામેલા બંધુઓથી વીંટાએલા અને સ્તુતિ કરાતા શ્રીકૃષ્ણે ગોકુલથી શોભતા વ્રજમાં પ્રવેશ કર્યો. ૧.

પ્રભાત થયું ત્યારે સર્વની સાથે ક્રીડા કરવા જ ભગવાનનો આવિર્ભાવ થયો અને સર્વ 'બંધુઓ'થી ભગવાન્ વીંટાઈ રહ્યા. વળી 'સંતોષ પામેલા' તેઓથી જ 'સ્તુતિ કરાતા' કૃષ્ણ ભગવાને 'ગોકુલથી શોભતા વ્રજમાં પ્રવેશ કર્યો'. તે દિવસે ગાયો પણ ગોકુલમાં જ લાવવામાં આવી, પણ કોઈ ગાયો ચરાવવા ગયું નહિ. આથી એમ જણાય છે કે ભગવાને પહેલાં ગાયોને પોતપોતાના સ્થાનમાં મૂકી અને પછી પોતે (પોતાના સ્થાનમાં) પ્રવેશ કર્યો. ૧.

આવી રીતે (પહેલા) એક શ્લોકથી બધા ગોકુલમાં પાછા આવ્યા[1] એમ કહેલું છે; જો એમ ન હોય તો દોષો નિયત (ચોક્કસ) ધર્મવાળા હોવાથી તેઓ જતાં, ધર્મી(જેના તેઓ દોષ હતા તે)નો પણ નાશ થાય. આ બધોય દોષ[2] કાળે કરેલો છે અને ભગવાનની સંનિધિ(હાજરી)થી ભૂમિમાં જે ગુણ આવ્યો તેનાથી તે દોષ દૂર થાય છે, એમ જણાવવા ગ્રીષ્મઋતુએ કરેલા ઉપદ્રવનું વર્ણન કરે છે. કાલે જે અંતઃકરણનો દોષ કરેલો છે તેની પોતાની (ભગવાનની) સંનિધિ(હાજરી)થી નિવૃત્તિ થશે, (તે જતો રહેશે,) એમ અહિંથી (બે શ્લોકોથી) સૂચવે છેઃ

**વ્રજે વિક્રીડતોરેવં ગોપાલચ્છદ્મરૂપિણોઃ ।।**
**ગ્રીષ્મો નામર્તુરભવન્ નાતિપ્રેયાઞ્છરીરિણામ્ ।।૨।।**

જેમણે કપટથી ગોપાલનું રૂપ ધારણ કરેલું છે, તેવા (શ્રીકૃષ્ણ અને બલભદ્ર) વ્રજમાં આવી રીતે ક્રીડા કરતા હતા ત્યારે દેહીઓને બહુ પ્રિય નહિ તેવી ગ્રીષ્મ ઋતુ થઈ (આવી). ૨.

---

૧. વ્રજમાં બધા પાછા આવ્યા એ ન કહ્યું હોત તો ક્ષુધા વિગેરે દોષો પ્રાણના નિયત (ચોક્કસ) ધર્મ હોવાથી, તેઓ (દોષો) જતાં ધર્મી શરીરનો પણ નાશ થાય. તેથી એમ ન થાય તે માટે 'બધા પાછા આવ્યા' એ કહેવું જરુરી છે એવો અર્થ છે. (પ્ર)

અધ્યાસ વિગેરે દોષો નિયત ધર્મ છે, એટલે જેના તે દોષો છે તેની સાથે જ નિત્ય રહેનારા છે. તેથી તે દોષો જતાં જેના તે દોષો હતા તે ઇન્દ્રિયો અને પ્રાણ પણ જતા રહે, એવી કથા શ્રવણ કરનારને શંકા થાય; પણ તેઓ બધા વ્રજમાં પાછા ફર્યા એમ કહ્યું તેથી તે બધા દોષ વિનાની ઇન્દ્રિયો અને પ્રાણવાળા પાછા આવ્યા, એવું શ્રવણ કરનારને જ્ઞાન થાય છે. ભગવાનની લીલા જે અધ્યાસથી સિદ્ધ થાય છે તેવો અધ્યાસ તો દોષરૂપ નથી જ એવો ભાવ છે. (લે)

કાલીયદમન અને દાવાગ્નિના પાનથી ઇન્દ્રિયો અને પ્રાણના દોષો દૂર કર્યા એમ કહેલું છે. તે દોષો જતા રહે તો જેઓમાં તે દોષો હતા તે ભક્તો પણ રહે નહિ, કારણ કે ઇન્દ્રિયો અને પ્રાણના દોષો નિયત ધર્મ છે. નિયત ધર્મ હોય તો ધર્મીને તજી બીજે રહેતા જ નથી, તેથી ધર્મનો નાશ થતાં ધર્મીનો નાશ પણ સંભવે છે. તેથી ગોકુલવાસીઓના ઇન્દ્રિયો અને પ્રાણના દોષોનો નાશ થતાં તેઓનો પણ નાશ થયો, એવી કોઈને શંકા થાય; તેથી તેવી શંકાનો નિરાસ કરવા (મટાડવા) શ્રીશુક કહે છે કે ગોકુલવાસીઓ સર્વે શ્રીકૃષ્ણ સાથે વ્રજમાં પાછા આવ્યા એવો ભાવ છે. (યો)

૨. આ એટલે ગયા બે અધ્યાયોમાં કહેલો. (પ્ર)

સ્કંધે ચડવારૂપ જે દોષ આ અધ્યાયમાં કહેવામાં આવશે તે અને પહેલાં કહેલો દોષ અવતાર કાલે કરેલા છે, એમ જણાવવા ગ્રીષ્મનું વર્ણન કરે છે; કારણ કે ગ્રીષ્મના ઉપદ્રવો અવતાર કાલે કરેલા છે. ભગવાન્ અવતાર લે ત્યારે પોતાની લીલા સિદ્ધ કરવા પોતામાં પ્રાકૃતભાવ રાખે છે, અને ક્રમે ક્રમે તેવા પ્રાકૃતભાવની નિવૃત્તિ કરે છે, એમ નિરૂપણ કરેલું છે; તેથી એવો ભાવ છે કે ભગવાને પોતાની ઇચ્છાથી માનુષભાવ ધારણ કરેલો હોવાથી આ દોષ રહેલો. (લે)

ગોપો અને ગાયોના રહેવાના પ્રસિદ્ધ[3] સ્થલ 'વ્રજમાં' પણ[3], ભગવાન્ અને બલભદ્ર ક્રીડા કરતા હતા ત્યારે 'ગ્રીષ્મ' નામની ઋતુ આવી, એવો સંબંધ છે.

'ભગવાન્ ત્યાં વિરાજતા હતા છતાં, નહિ ઈચ્છેલી એવી ગ્રીષ્મ ઋતુ ત્યાં કેમ આવી ?[૪]' એવી શંકા થાય, તેથી કહે છે કે 'તેમણે કપટથી ગોપાલનું રૂપ ધારણ કરેલું' હતું. ગોપાલ એવું છદ્મ એટલે કપટથી થએલું રૂપ, જે બેનું હતું તેવા એ ભગવાન્ અને બલભદ્ર હતા. (તેથી તે ભગવાન્ અને બલભદ્ર છે એમ ગ્રીષ્મને ખબર ન પડી). એ બેમાંથી એકને પણ ગ્રીષ્મઋતુએ જાણ્યા હોત તો તે ત્યાં ન આવત, એમ દર્શાવવા આ 'ગોપાલચ્છદ્મરૂપિણોઃ' શબ્દ દ્વિવચનમાં યોજેલો છે. કપટથી ધરેલું રૂપ આ બેનું છે, તેથી તે છદ્મરૂપવાળા છે. ભગવાન્ આ પ્રમાણે ગોપાલના વેશમાં છૂપા રહેવાથી ગ્રીષ્મની પ્રવૃત્તિ થઈ. 'દેહીઓને બહુ પ્રિય નહિ તેવી' એ શબ્દોથી ગ્રીષ્મઋતુની દુષ્ટતા જણાવી છે. માત્ર શરીર જ જેઓનો પરિગ્રહ (મિલ્કત) છે તેવાને તે ગ્રીષ્મઋતુ બહુ પ્રિય નથી. તેવા કેટલાક ટાઢથી ભય પામતા હોય તેવાઓને તે પ્રિય છે, એમ જણાવવા 'બહુ' પદ યોજેલું છે. ૨.

'ત્યારે તે ગ્રીષ્મની નિવૃત્તિ કરવા ભગવાને પોતાનો આવિર્ભાવ[૧] કરવો જોઈએ' એવી શંકા થાય, તેથી તે દોષ બીજી રીતે જ નિવૃત્ત થયો (દૂર થયો, મટી ગયો) એમ આ શ્લોકમાં કહે છેઃ

**સ ચ વૃન્દાવનગુણૈર્વસન્ત ઈવ લક્ષિતઃ ।।**
**યત્રાસ્તે ભગવાન્ સાક્ષાદ્ રામેણ સહ કેશવઃ ।।૩।।**

વૃંદાવનના ગુણોથી તે વસંત જેવી જણાઈ કે જ્યાં (વૃંદાવનમાં) બલભદ્ર સાથે ભગવાન્ કેશવ સાક્ષાત્ રહેતા હતા. ૩.

'ચ' શબ્દ મૂલમાં છે, તેથી એમ જણાવ્યું છે કે તે ગ્રીષ્મના દોષ સાથે વાયુ વિગેરે બીજા દોષો પણ નિવૃત્ત થયા. 'વૃંદાવનના' જે 'ગુણો' આગળ કહેવામાં આવશે તે ગુણોને લીધે ત્યાંના લોકોને તે ગ્રીષ્મઋતુ 'વસંતઋતુ જેવી જણાઈ.' વસંતમાં ઠંડી અને તાપ બંને સરખા હોય છે; મીનથી શરૂ થતી રાશિઓમાં (તે

---

૩-૩. ભગવાનનું આ ક્રીડાસ્થાન છે એમ લોકમાં પ્રસિદ્ધ ન હોવાથી, (આ પ્રમાણે 'પ્રસિદ્ધ'ને બદલે 'અપ્રસિદ્ધ' પાઠ પ્રકાશકારે લીધેલો છે,) તેથી 'અપિ' 'પણ' શબ્દથી એમ જણાવે છે કે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કોઈને ન હતું તેનું આ (ભગવાનનું સ્થાન પ્રસિદ્ધ ન હતું તે) કારણ છે. (પ્ર) આ અર્થ ક્લિષ્ટ જણાય છે.

૪. 'ભગવાનનું સ્થાન જણાએલ ન હતું, છતાં ભગવાન્ પોતાના તેજથી જણાય જ, તેથી ગ્રીષ્મની ત્યાં કેમ પ્રવૃત્તિ થઈ ?' (પ્ર)

૧. માનુષભાવ ધારણ કરી પોતાને છૂપા રાખેલ, તે ભાવ તજી પોતે બહાર પ્રકટ થાય એવો અર્થ છે. (લે)

રાશિઓમાં સૂર્ય હોય ત્યારે) ઠંડી વધારે હોય છે, અને ગ્રીષ્મ વિગેરેમાં તાપ વધારે હોય છે. પાણીવાળો પ્રદેશ ઠંડી ઉત્પન્ન કરનાર હોય છે અને તેમાં પવન હોય છે; તેથી ગરમીના સમયમાં એવા ઠંડી ઉત્પન્ન કરનાર દેશમાં ઠંડી અને તાપ સમાન હોય છે, તેથી ગરમીના સમયમાં ત્યાં વસંત થાય છે. તેથી વૃંદાવનના સ્વાભાવિક ગુણોથી[૨] જ ત્યાં (ગ્રીષ્મમાં) આધિભૌતિક[૩] વસંત થાય છે, આ વૃંદાવનના ગુણો સાથે ત્યાં બલભદ્ર હોય તેથી આધ્યાત્મિક[૪] વસંત થાય છે અને તે ગુણો સાથે ભગવાન્ હોય તેથી આધિદૈવિક[૫] વસંત થાય છે; તેથી ત્યાં સર્વપ્રકારે ગ્રીષ્મઋતુમાં વસંતઋતુ થઈ, એમ 'વૃંદાવનના ગુણોથી તે વસંત જેવી જણાઈ' શબ્દોથી કહેલું છે. દેશ કરતાં કાલ વધારે બલવાન[૬] હોવાથી 'જેવી' શબ્દ યોજેલો છે. જો તેમ ન હોત તો (જો વૃંદાવનમાં એ પ્રમાણે ગ્રીષ્મઋતુ વસંત થઈ ન હોત તો) ત્યાં ગ્રીષ્મની પ્રવૃત્તિ થઈ અને (પછી) કાલનો બાધ થયો (ભગવાને કર્યો,) એમ જૂદું કહેવું પડત. તેમ હોત તો[૭] ત્યાં ગ્રીષ્મઋતુના ગુણો ન હોત અને યવ વિગેરે હોત. 'જ્યાં' એટલે વૃંદાવનમાં, અથવા 'જ્યાં' એટલે જે ગ્રીષ્મઋતુમાં, પોતાના છ ગુણોને પ્રકટ કરતા 'સાક્ષાત્ ભગવાન્ રહેલા છે' (ત્યાં ગ્રીષ્મઋતુ વસંત થાય એમાં નવાઈ નથી). સર્વ કાલના (બધી ઋતુઓના) ગુણો ઈશ્વરની સ્થિતિ[૮]

---

૨. વૃંદાવન જલપ્રદેશ છે, તેમાં નદી, સરોવરો વિગેરે છે (જુઓ શ્લોક ૫) તેના ગુણો. (લે)

૩. આધિભૌતિક-ભૌતિક શરીરને જેમાં તાપ ન થાય તેવી. (લે)

૪. આધ્યાત્મિક-ગ્રીષ્મમાં છાયા નીચે ક્રીડા થઈ શકે તેવા સ્થાનમાં કોઈ પ્રતિબંધ (અડચણ, વિઘ્ન) આવે, એવી શંકા થવાથી અંતઃકરણમાં જે તાપ થાય તેવો તાપ જેમાં ન થાય તેવી. (લે)

૫. આધિદૈવિક-વિરહતાપ જેમાં ન થાય તેવી. ગ્રીષ્મમાં દિવસો લાંબા હોવાથી વિરહતાપ વિશેષ થાય; પરંતુ ભગવાનની સંનિધિ હોવાથી તેવો તાપ થાય નહિ. (લે)

૬. કાલ વ્યાપક (સર્વ સ્થલમાં રહેનાર) હોવાથી વધારે બલવાન છે. (પ્ર)

૭. તેમ હોત તો કાલનો બાધ થયો હોત તો ત્યાં ગ્રીષ્મઋતુના ગુણો ન હોત; તેથી વર્ષાઋતુ વ્યર્થ થાત; અને રસાભાસ થાત. (પ્ર)

૮. શ્રીકૃષ્ણ ઈશ્વર હોવાથી તેમની સ્થિતિ વૃંદાવનમાં હતી ત્યાં ગ્રીષ્મમાં પણ વસંતના ગુણો આવ્યા; કારણ કે જે વીર્યવાળો હોય તે એકની વસ્તુ તેની પાસેથી લઈ બીજાને આપે છે, વીર્યવાળા ભગવાને વસંતના ગુણો લઈ ગ્રીષ્મને આપ્યા, તેથી ગ્રીષ્મ વસંત થઈ. જ્યાં યશ હોય ત્યાં સર્વ ગુણો આવે છે, તેથી યશવાળા ભગવાન્ જ્યાં વિરાજે ત્યાં ગ્રીષ્મઋતુમાં પણ વસંતના ગુણો આવે. જ્યાં શ્રી હોય ત્યાં ઉત્તમ સર્વ આવે, તેથી શ્રીવાળા શ્રીકૃષ્ણ હતા ત્યાં વસંતના ગુણો પણ આવે જ. જ્ઞાન હોય ત્યાં સર્વાત્મકપણું હોય છે, કારણ કે 'તે સર્વ થયા' એમ શ્રુતિ કહે છે. જ્યાં જ્ઞાનવાળા શ્રીકૃષ્ણ સર્વાત્મક રીતે આવિર્ભાવ પામે ત્યાં ગ્રીષ્મ પણ વસંત થાય. જે વૈરાગ્યવાળો હોય તે ઉનાને પણ ઠંડુ માને. વૈરાગ્યવાળા શ્રીકૃષ્ણ ગ્રીષ્મને પણ વસંત માને, કારણ કે વૈરાગ્યવાળાને બધું સરખું છે; તેથી જ્યારે શ્રીકૃષ્ણે ગ્રીષ્મને વસંત માની ત્યારે તે વસંતરૂપે આવિર્ભાવ પામ્યા, કારણ કે તે સત્યસંકલ્પ (જેમનો સંકલ્પ સદા સત્ય છે તેવા) છે. (યો)

હોવાથી જ લોકમાં થાય છે. (ભગવાનનો ગુણ) વીર્ય હોય ત્યાં એકના ગુણો બીજાના થાય (બીજામાં આવે), એ સંભવે છે; એ સ્પષ્ટ છે. જ્યાં યશ અથવા શ્રી હોય ત્યાં સર્વ આવે છે, તેથી એ પ્રમાણે થાય એ સંભવે છે. જ્યાં જ્ઞાન હોય, ત્યાં સર્વાત્મકપણું હોવાથી (દરેક ચીજ સર્વાત્મક જણાતી હોવાથી) એ પ્રમાણે સર્વ થાય તે સ્પષ્ટ છે. જ્યાં વૈરાગ્ય હોય, ત્યાં કોઈ ચીજની અપેક્ષા (જરૂર) રહેતી નહિ હોવાથી સર્વ પદાર્થ સરખા જ છે. (તેથી એકમાં બીજાના ગુણો આવે એ સ્પષ્ટ છે). આવી રીતે જ્યાં ભગવાનનો માત્ર એક ગુણ પણ હોય ત્યાં એકમાં (ગ્રીષ્મમાં) બીજાના (વસંતના) ગુણો આવે એ સંભવે છે, તો પછી જ્યાં સર્વે ગુણોસહિત 'સાક્ષાત્[૯] ભગવાન્' વિરાજતા હોય ત્યાં એવું થાય એમાં શું સંદેહ ? વળી ભગવાન્ 'કેશવ' (ક=બ્રહ્મા; ઈશ=મહાદેવ; વ=રહેઠાણ; બ્રહ્મા અને મહાદેવનું જેમાં રહેઠાણ છે તેવા) છે. તેથી ગ્રીષ્મના આધિપતિ મહાદેવ અને ગ્રીષ્મને વરદાન આપનાર બ્રહ્મા ભગવાનના ઉપર આધાર રાખી રહેલા હોવાથી, બ્રહ્મા અથવા મહાદેવ ગ્રીષ્મનો પક્ષપાત કરે તેમ નથી. ૩.

અહિં ત્રણ (૪ થી ૬) શ્લોકોથી વૃંદાવનના ગુણો કહે છેઃ

**યત્ર નિર્ઝરનિર્હ્રાદનિવૃત્તસ્વનઝિલ્લિકમ્ ।।**
**શશ્વત્તચ્છીકરર્જીષદ્રુમમણ્ડલમણ્ડિતમ્ ।।૪।।**

જ્યાં ઝરણાંઓના શબ્દથી જંતુઓના અવાજ નિવૃત્ત થયા (ઢંકાઈ ગયા) હતા, અને જે સદા તેમના (ઝરણાંઓના) (જલ)બિંદુઓવાળી છાલવાળાં વૃક્ષોના મંડલોથી શોભતું હતું. ૪.

**રાજસઃ સાત્ત્વિકશ્ચૈવ તામસશ્ચાપિ કીર્ત્યતે ।।૨ાા.।।**

રાજસ, સાત્ત્વિક અને તામસ ગુણો (અનુક્રમે આ ત્રણ શ્લોકમાં) કહેવામાં આવે છે. કા.૨ાા.

આ શ્લોકમાં વૃંદાવનના રાજસગુણો કહે છે. 'જ્યાં વૃંદાવનમાં ઝરણાંના શબ્દોથી જંતુઓના અવાજ નિવૃત્ત થયા છે' એટલે જતા રહ્યા (ઢંકાઈ ગયા) છે, તેવું વન છે. વળી 'સદા તેમના' 'શીકરૈઃ' એટલે 'ઝરણાંના જલબિંદુઓથી યુક્ત છાલવાળાં વૃક્ષોનાં મંડલોથી શોભતું' તે છે, ગ્રીષ્મઋતુમાં (ઉનાળામાં) સર્વ વૃક્ષો 'ઋજીષ' જેવાં થઈ જાય છે, 'ઋજીષ એટલે' સાર વિનાની માત્ર છાલ. સદા તેઓની શીકરવાળી જે ઋજીષ તેવી ઋજીષવાળાં વૃક્ષો થાય છે અને તેઓનાં મંડલો થાય છે. એક જાતનાં અને જુદી જુદી જાતનાં વૃક્ષોના સમૂહવાળાં મંડલો હોય છે, તેવા મંડલોથી તે શોભિતું છે. સારો શબ્દ[૧] ખરાબ શબ્દને[૨] દૂર કરનારો

૯. પ્રિયવ્રત વિગેરેની પેઠે ધર્મ દ્વારા નહિ, પણ સાક્ષાત્ (જાતે જ). (લે)
૧.ઝરણાનો શબ્દ.(લે)   ૨.જંતુઓના શબ્દને.(લે)

(ઢાંકી દેનાર) છે અને રસ આપનાર[3] રસ હરનારનો[4] બાધ કરનાર છે. (રસ હરનારે કરેલું કાર્ય મટાડી દેનાર છે). ૪.

તાપ મટાડનાર વાયુનું વર્ણન કરે છેઃ

**સરિત્સરઃપ્રસ્રવણોર્મિવાયુના કહ્લારકઞ્જોત્પલરેણુહારિણા ।।**
**ન વિદ્યતે યત્ર વનૌકસાં દવો નિદાઘવહ્ન્યર્કભવોતિશાડ્વલે ।।૫।।**

જ્યાં ઘણી લીલીછમ ભૂમિમાં કહ્‌લાર, કંજ અને ઉત્પલની રેણુઓને હરનાર, નદીઓ સરોવરો અને ઝરણાંઓનાં મોજાંથી જે વાયુ ઉત્પન્ન થાય છે, તેને લીધે વનમાં રહેનારાઓને ઉનાળાના અગ્નિ અને સૂર્યથી થએલો દવ લાગતો નથી. ૫.

'નદીઓ, સરોવરો અને ઝરણાંઓ' અનુક્રમે રાજસ, સાત્ત્વિક અને તામસ છે, તે ત્રણે પ્રકારનાં (જલાશયોનાં) 'મોજાંઓથી' 'જે વાયુ ઉત્પન્ન થાય છે તેને લીધે' વિગેરેથી કહે છે.આ શબ્દોથી વાયુમાં મંદતા અને શીતલપણું છે એમ કહેલું છે. હવે તેમાં સુગંધ છે એમ કહે છે. 'કહ્‌લાર'ના પુષ્પો સંધ્યા સમયે ખીલે છે, 'કુંજ' એટલે કમળો જે દિવસે ખીલનારાં હોય છે, અને 'ઉત્પલો' (કમળો) રાત્રિએ ખીલનારાં હોય છે; આ ત્રણે પ્રકારનાં પુષ્પોથી વાયુ સદા સુગંધવાળો જ હોય છે, એમ તેઓની 'રેણુઓને હરનાર' શબ્દથી કહેલું છે. તેથી જ 'વનમાં રહેનારાઓને' 'દવ' એટલે વનના અગ્નિથી થએલો તાપ લાગતો નથી. 'દાવ'માં દવનો તાપ હોવાથી જ, તેનો (દાવનો) અર્થ વન થાય છે[1], 'દવ' અને 'દાવ' શબ્દોનો અર્થ વન થાય છે, એમ કોશમાં કહેલું છે. અહિં 'દવ' શબ્દ 'તાપ'ના અર્થમાં યોજેલો છે[2]. કોઈ કોઈ સ્થલે 'દાવ' શબ્દ અગ્નિના અર્થમાં યોજાએલો હોય છે, તેથી 'દવ' અને 'દાવ' શબ્દોના અનેક અર્થ હોય છે.

શરીરમાં પિત્ત વિગેરે હોવાથી પણ તાપ તો થાય તેથી તેવા તાપની અહિં વાત કરતા નથી, એમ જણાવવા 'ઉનાળાના અગ્નિ અને સૂર્યથી થએલો' એ શબ્દો યોજેલા છે. ઉનાળામાં જે અગ્નિ અને સૂર્ય હોય છે, તેઓથી જેની ઉત્પત્તિ

---

૩.જલરૂપ રસ આપનાર ઝરણાં.(લે)

૪.રસ હરનાર જંતુઓ. (લે) વૃક્ષોનો રસ હરી તેઓને માત્ર ઋજીષ (છાલરૂપ) બનાવનાર ગ્રીષ્મઋતુ રસ હરનાર છે, અને રસ આપનાર ઝરણાંઓ પોતાના જલબિંદુઓથી વૃક્ષોને રસ આપી ગ્રીષ્મનો બાધ કરે છે, એટલે ગ્રીષ્મની અસર જણાવા નહિ દેતાં વૃક્ષોને લીલાંછમ રાખે છે.

૧. 'દવ' શબ્દનો અર્થ 'તાપ' પ્રસિદ્ધ નથી તેથી આ વિવેચન કરેલું છે. (પ્ર)

૨. 'દવ' શબ્દનો અર્થ તાપ રૂઢિને લીધે કરવામાં આવતો નથી, એમ જણાવવા આ કહેલું છે. આ શબ્દની પહેલાં જ મૂલમાં 'વનમાં રહેનારાઓને' શબ્દ હોવાથી, 'દવ'નો અર્થ અહિં વન લઈ શકાય તેમ નથી, તેથી તેનો અર્થ તાપ જ છે. (પ્ર)

થએલી છે તેવો તાપ વનમાં રહેનારાઓને લાગતો નથી.

(ભૂમિ તપવાથી) ભૂમિથી થએલો તાપ લાગે, એવી શંકા થાય, તેથી 'ઘણી લીલીછમ ભૂમિમાં' શબ્દો કહેલા છે. 'શાડ્વલ' લીલાં ઘાસવાળી જમીનનો ભાગ જેમાં દુર્વા ઘાસ ઉગેલું હોય તેવા. આ વનમાં અત્યંત 'શાડ્વલ' હતું (ભૂમિ ઘણી લીલીછમ હતી). ૫.

બાકીના વૃંદાવનના ગુણોને પણ[૧] આ શ્લોકમાં કહે છેઃ

**અગાધતોયાહ્રદિનીતટોર્મિભિર્દ્રવત્પુરીષ્યાઃ પુલિનૈઃ સમન્તતઃ ।।**
**ન યત્ર ચંડાંશુકરા વિષોલ્બણા ભુવો રસં શાડ્વલિતં ચ ગૃહ્ણતે ।।૬।।**

જ્યાં અગાધ જલવાળા સરોવરના તટ પાસેના મોજાંઓથી કિનારાઓની જેની માટી ગળે છે તેવી ભૂમિનો ચોતરફનો રસ અને લીલાછમપણું વિષથી પણ તીવ્ર સૂર્યનાં કિરણો ચૂસતાં નથી. ૬.

જેમાં 'અગાધ જલ' છે તેવા 'સરોવરના' તટના સંબંધવાળા, એટલે 'તટ પાસે' થનારાં જે 'મોજાંઓ' તેમનાથી 'ગળે છે માટી જેની' તેવી માટી ગળતી ભૂમિ. અહિં 'દ્રવત્પુરિષી' શબ્દમાં નારીજાતિ કરવા 'ગૌરાદિત્વાન્ ઙીષ્' સૂત્ર પ્રમાણે 'ઈ' પ્રત્યય લગાડેલો છે. તેવી ભૂમિનો ચોતરફનો પણ રસ અને લીલાછમ-પણું જ્યાં એટલે વૃંદાવનમાં વિષથી પણ તીવ્ર સૂર્યનાં કિરણો ચૂસતાં નથી.

વૃંદાવનની ભૂમિ સદા રસવાળી જ રહે છે; અને ચારે તરફ કિનારા હોય છે, તે કિનારાઓ અગાધ (જળવાળા) સરોવરોના તટ પાસેના મોજાંઓના સંબંધવાળા રહે છે; અથવા આ કિનારા કહ્યા તે જમીનના જ અમુક ભાગો છે. તે શીતલ રહે છે, એમ જણાવવા મોજાંઓથી તેઓની માટી ગળે છે એમ કહેલું છે. મધ્યમાં શીતલપણું છે એમ જણાવવા, તેમની માટી ગળે છે એમ કહેલું છે. બહાર પણ શીતલપણું છે એમ જણાવવા તેમને 'પુલિન' એટલે કિનારા કહેલા છે. તેથી રસ ઘણો જ હોવાથી, મૂલમાંથી અથવા ઉપલા ભાગમાંથી (કિનારામાંથી) તેનું શોષણ થઈ શકતું નહિ હોવાથી, ભૂમિના રસની અને લીલાછમપણાની ઉણપ (ખોટ) નથી. આવી રીતે વૃંદાવનની ભૂમિ રસવાળી છે, એવું નિરૂપણ કરેલું છે. ૬.

આ શ્લોકમાં વનના (વૃંદાવનના) બીજા ધર્મો કહે છેઃ

**વનં કુસુમિતં શ્રીમન્નદચ્ચિત્રમૃગદ્વિજમ્ ।।**
**ગાયન્મયૂરભ્રમરં કૂજત્કોકિલસારસમ્ ।।૭।।**

---

૧. આ શ્લોકમાં જે ગુણો કહેવામાં આવે છે તે ગ્રીષ્મને વસંત બનાવનાર નથી પણ રસ જાગ્રત (ઉત્પન્ન) કરવા કહેલા છે; તેથી અહિં પ્રસંગને લીધે તે કહેલા છે, એમ જણાવવા 'પણ' શબ્દ યોજેલો છે. (લે) આ ગુણો ગ્રીષ્મને વસંત બનાવનાર પણ છે, કારણ કે શીતલતા અને લીલાછમપણું ગ્રીષ્મમાં ન હોય તેવું રાખનાર છે.

(તે) વન પુષ્પોવાળું શોભાવાળું (હતું,) (તેમાં) જુદી જુદી જાતના મૃગો અને પક્ષીઓ નાદ કરતાં હતાં, મયૂરો અને ભ્રમરો ગાન કરતા હતા, અને કોકિલા અને સારસો કૂજન કરતાં હતાં. ૭.

પ્રથમ તે 'પુષ્પોવાળું' હતું. આ કહેવાનું કારણ કે સામાન્ય રીતે ગ્રીષ્મ ઋતુમાં પુષ્પો થતાં નથી; વળી તે 'શોભાવાળું' હતું. પુષ્પો રાજસ છે (તેથી વન શોભાવતાં પણ હતાં) વળી 'જેમાં જુદી જુદી જાતના મૃગો (પશુઓ) અને દ્વિજો એટલે પક્ષીઓ નાદ કરતાં હતાં' તેવું તે હતું. આ મૃગો અને પક્ષીઓ સાત્ત્વિક હતાં. વળી તેમાં મયૂરો અને ભ્રમરો ગાન કરતા હતા અને 'કોકિલા અને સારસો કૂજન કરતાં હતાં'. પ્રથમ (મૃગો અને પક્ષીઓના) નાદ (અવાજ) થતાં. તે પછી (મયૂરો અને ભ્રમરોનું) ગાન થતું. ત્યાર પછી રસની અત્યંત વૃદ્ધિ થતાં (કોકિલા અને સારસોનાં) કૂજનો થતાં. તેથી એ ત્રણે (નાદ, નૃત્ય અને કૂજન) કહેલાં છે. દરેકનું મિથુન (નર અને માદા) હતાં, એમ જણાવવા દરેક ક્રિયા કરનાર બબ્બે પ્રાણીઓ કહેલાં છે. (પક્ષીઓ નાદ કરનાર છે પણ) નાદમાં અવાજ પૂરનાર કોઈ હોવું જોઈએ, તેથી તેમની સાથે મૃગો કહેલા છે. (ભ્રમરો ગાન કરનાર છે પણ) ગાનની સાથે નૃત્યની અપેક્ષા રહે છે, તેથી તેઓની સાથે મયૂરો કહેલા છે. (સારસો કૂજન કરે છે, પણ) કૂજનમાં પરપુષ્ટ[1] (બીજાથી પોષાએલ)ની અપેક્ષા રહે છે, તેથી તેઓની સાથે કોકિલા કહેલી છે. ૭.

એ પ્રમાણે વનના ગુણો કહી, તેમાં ભગવાને જે ક્રીડા કરી તે કહેવા માટે પ્રથમ આ શ્લોકમાં ભગવાને તેમાં પ્રવેશ કર્યો એ કહે છેઃ

**ક્રીડિષ્યમાણસ્તત્કૃષ્ણો ભગવાન્ બલસંયુતઃ ।।**
**વેણું વિરણયન્ ગોપૈર્ગોધનૈઃ સંવૃતોવિશત્ ।।૮।।**

તેથી ક્રીડા કરવાની ઈચ્છાવાળા ભગવાન્ શ્રીકૃષ્ણે બલભદ્ર સાથે ગોપો, ગાયો અને ધનથી વીંટાઈ વેણુ વગાડતાં (તેમાં) પ્રવેશ કર્યો. ૮.

ભગવાને ક્રીડા કરવા માટે જ આ વનમાં ઉપર જણાવ્યા તેવા ગુણો મૂકેલા. 'તેથી' એટલે તે કારણથી ક્રીડા માટે આવિર્ભાવ પામેલા 'ભગવાન્ શ્રીકૃષ્ણ બલભદ્ર સાથે' ભેગા થયા. ભગવાનમાં પોતામાં છ ગુણો છે અને બલભદ્રમાં

---

૧. પૂર્ણરસ થાય ત્યારે જ કૂજન થાય છે. પરણેલા પતિથી પૂર્ણરસ થતો નથી, પરંતુ બીજાથી જ (જારથી જ) પૂર્ણરસ ઉત્પન્ન થાય છે, તેથી કૂજનમાં બીજાથી (પતિથી બીજાથી) પુષ્ટ થએલ ભાવની જરુર રહે છે. કોકિલા (કોયલ) પહેલાં (બીજાથી એટલે) કાગડાથી પોષાએલી હોય છે, તેથી તે પરપુષ્ટ છે અને અહિં પરપુષ્ટનો ભાવ જોઈએ છે, તેથી પરપુષ્ટપણું સમાન હોવાથી, કોકિલપદથી ઉપર જણાવેલો પરપુષ્ટભાવનો અર્થ સૂચવાય છે. (ટિ) પરથી એટલે પોષણ કરનાર પતિથી બીજાથી (જારથી) પુષ્ટ થએલો ભાવ. (લે)

બલ[1] છે. (બંનેના મળી સાત ગુણો થયા) તેથી સાત શ્લોકથી ભગવાનની ક્રીડા પહેલાંની પેઠે[2] કહેવામાં આવશે. વળી ત્યાં જે દેવો હતા તેઓ જાગ્રત થાય તે માટે ભગવાને 'વેણુ વગાડતાં' વનમાં પ્રવેશ કર્યો. વળી ભગવાને 'ગોપો, ગાયો અને ધનથી વીંટાઈ' તેમાં પ્રવેશ કર્યો, ગોપો સેવા માટે[3] ગાયો ધર્મ માટે અને ધન અર્થ માટે (સાથે રાખ્યાં). આવા ભગવાને (વનમાં) 'પ્રવેશ કર્યો' એમ કહી, એ (ક્રીડાના) રસનો પ્રારંભ થાય છે એમ કહેલું છે. ૮.

આ શ્લોકમાં પ્રથમ સર્વની સામાન્ય ક્રીડા કહે છેઃ

**પ્રવાલબર્હસ્તબકસ્રગ્ધાતુકૃતભૂષણાઃ ।।**
**કૃષ્ણરામાદયો ગોપા નનૃતુર્યુયુધુર્જગુઃ ।।૯।।**

પલ્લવો, મયૂરપિચ્છ, પુષ્પોના ગુચ્છા, માલાઓ અને ધાતુનાં જેઓએ ભૂષણ કરેલાં છે તેવા શ્રીકૃષ્ણ, રામ વિગેરે ગોપો નૃત્ય કરતા હતા, યુદ્ધ કરતા હતા અને ગાન કરતા હતા. ૯.

પ્રવાલ એટલે 'પલ્લવો', મયૂરપિચ્છ, 'પુષ્પોના ગુચ્છા', પુષ્પની 'માલાઓ' અને ગૈરિક વિગેરે 'ધાતુઓનાં જેઓએ ભૂષણ કરેલાં છે તેવા (ગોપો ક્રીડા કરતા હતા). અહિં પાંચ પ્રકારનાં વનનાં ભૂષણો કહેલાં છે. આ ક્રીડા સર્વ ગોપોની સાધારણ છે, તેથી 'શ્રીકૃષ્ણ અને રામ' અથવા રામ અને શ્રીકૃષ્ણ જેઓમાં મુખ્ય છે, તેવા[4] બધા 'ગોપો નૃત્ય કરતા હતા' એટલે મનનો વિલાસ (કરનારી ક્રીડા) કરતા હતા; 'યુદ્ધ કરતા હતા' એટલે દેહનો વિલાસ (કરનારી ક્રીડા) કરતા હતા; 'ગાન કરતા હતા' એટલે વાણીનો વિલાસ (કરનારી ક્રીડા) કરતા હતા. ૯.

આ શ્લોકમાં ભગવાનની લીલા[5] કહે છેઃ

**કૃષ્ણસ્ય નૃત્યતઃ કેચિજ્જગુઃ કેચિદવાદયન્ ।।**
**વેણુપાણિદલૈઃ શ્રૃઙ્ગૈઃ પ્રશશંસુરથાપરે ।।૧૦।।**

---

૧. બલ એટલે ક્રિયાશક્તિ. (લે)
૨. અગીઆરમા અધ્યાયમાં કહ્યું તેમ, અગીઆરમા અધ્યાયમાં શ્લોક ૨૭ થી ૨૯ સુધીમાં ત્રણ શ્લોકથી ક્રીડા કહેલી છે. અહિં શ્લોક ૯ થી ૧૫ સુધીના સાત શ્લોકથી તે કહેશે. (લે)
૩. ગોપો પોતાની સેવા કરે એટલે તેમનાથી સેવા થઈ શકે તે માટે તેમને સાથે રાખ્યા. (લે)
૪. અહિં અતદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ સમાસ લેવો; એટલે જેઓનાં નામ આપેલાં છે તે(શ્રીકૃષ્ણ અને રામ) સિવાયના બધા ગોપો જ આવી ક્રીડા કરતા હતા; પણ ભગવાન્ આવી ક્રીડા કરતા ન હતા. ભગવાનની લીલા તો આવતા શ્લોક(૧૦)માં કહે છે. (લે)
૫. ભગવાનની લીલા–ગાન અને પ્રશંસા વાણીનો વિલાસ છે અને વાદન દેહનો વિલાસ છે એમ પ્રથમ કહેલું છે, તેથી ગાન પ્રશંસા અથવા વાદન વાક્યાર્થ (આ શ્લોકનો અર્થ) નથી, પરંતુ શ્રીકૃષ્ણનું નૃત્ય જ વાક્યાર્થ છે. નૃત્યના અંગ તરીકે જ ગાન અને વાદન વર્ણવેલાં છે. (લે)

શ્રીકૃષ્ણ નૃત્ય કરતા હતા ત્યારે કેટલાક ગાન કરતા હતા, કેટલાક વાંસળી, હાથની તાળી, પાંદડાં અને શીંગડીઓ વગાડતા હતા અને બીજા પ્રશંસા કરતા હતા. ૧૦.

(ગોપોને નૃત્ય) શીખવવા તથા લોકમાં[1] નૃત્યની પ્રસિદ્ધિ કરવા ભગવાન્ 'નૃત્ય કરતા હતા ત્યારે' બીજાઓ નૃત્યનાં અંગભૂત ગાન અને વાદન (વાજીંત્રો વગાડવાનું કામ) કરતા હતા. તેમાં 'કેટલાક ગાન કરતા હતા' અને 'કેટલાક વાજીંત્રો વગાડતા હતાં.' 'વાંસળી' અવાજ પૂરનારી છે. 'હાથની તાળીઓ' શંખ પેઠે અવાજ કરે છે. 'પાંદડાં'[2] એટલે પીપળો વિગેરે વૃક્ષોનાં પાંદડાંઓ ગોમુખની પેઠે શબ્દ કરે છે, (તે) અને 'શીંગડીઓ'[૪] તેઓ વગાડતા હતા; 'અને બીજાઓ પ્રશંસા કરતા હતા'. તેઓ જૂદા પ્રકારથી પ્રશંસા કરતા હતા. નૃત્ય સંબંધી પ્રશંસા કરતાં સ્વતંત્ર પ્રશંસા જૂદા પ્રકારની છે. ૧૦.

'આ ગોપોએ ભગવાનની પ્રશંસા કેમ કરી ? કારણ કે (આ ભગવાન્ છે એવું) જ્ઞાન ન હોય તો પ્રશંસા સંભવે, (પણ તેઓને આ ભગવાન્ છે એવું) જ્ઞાન હોય તો મહાપુરુષ લીલા કરે તેની પ્રશંસા કરવી એ યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી તે બધા 'ગોપજાતિથી છૂપાએલા' હતા વિગેરે કહે છેઃ

**ગોપજાતિપ્રતિચ્છન્ના દેવા ગોપાલરૂપિણઃ ।।**
**ઈડિરે કૃષ્ણરામૌ ચ નટા ઈવ નટં નૃપ ।।૧૧।।**

હે રાજા ! જેમ નટો નટની પ્રશંસા કરે તેમ ગોપજાતિથી છૂપાએલા ગોપાલનું રૂપ ધારણ કરેલા દેવોએ શ્રીકૃષ્ણ અને રામની પ્રશંસા કરી. ૧૫.

જેમ ભગવાન્ (મનુષ્યના રૂપમાં) છૂપાએલા હતા, તેમ ભગવાનના સેવકો[1] પણ ગોપજાતિથી છૂપાએલા હતા.

'હમણાં જ બધા ગોપનો વેષ ધારણ કરી આવ્યા હશે' એવી શંકા થાય, તે દૂર કરવા કહે છે કે તેઓ 'ગોપનું રૂપ ધારણ કરેલા' હતા. ગોપનું રૂપ ધારણ કરી, એ રૂપથી જ ઉત્પન્ન થએલા, અને તે (દેહોમાં) તેઓએ આવેશ કરેલો[2] હતો. તેથી તેઓએ શ્રીકૃષ્ણ અને રામ(બલભદ્ર)ની પ્રશંસા કરી.

---

૧. લોકમાં એટલે ભગવદીયોમાં, તેઓ બીજે પણ નૃત્ય જૂએ ત્યાં ભગવાનનું જ સ્મરણ કરે છે એવો ભાવ છે. (લે)

૨. પાંદડાં, શીંગડીઓ મૂલમાં ત્રીજી વિભક્તિમાં છે, તે બીજી વિભક્તિના અર્થમાં યોજાએલાં છે એવો આશય છે. (લે)

(૧૧)૧. 'દેવ' પદથી નિત્યલીલામાં રહેલા ગોપો કહેલા છે, તેવા આશયથી તેઓને ભગવાનના સેવકો કહેલા છે. (લે)

૨. છૂપા રહી આવેશ કરેલો હતો એવો અર્થ છે. (લે)

'છતાં[3] સેવકોએ (સ્વામીની પ્રશંસા કરવાની) એવી ધૃષ્ટતા કેમ કરી ?' એવી શંકા થાય તેથી કહે છે કે 'નટો નટની પ્રશંસા કરે તેમ' તેઓએ પ્રશંસા કરી. નટો સ્વામિ અને સેવકના ભાવને ત્યજી એકબીજાની પ્રશંસા કરે છે, તે પ્રમાણે તેઓએ ભગવાનની પ્રશંસા કરી. ૧૧.

ભગવાનની જુદા જુદા પ્રકારની રમતો ફરીથી (વધારે) કહે છેઃ

**ભ્રામણૈર્લંઘનૈઃ ક્ષેપૈરાસ્ફોટનવિકર્ષણૈઃ ।।**
**ચિક્રીડતુર્નિયુદ્ધેન કાકપક્ષધરૌ ક્વચિત્ ।।૧૨।।**

ક્વચિત્ કાકપક્ષને ધારણ કરનારા (શ્રીકૃષ્ણ અને બલભદ્ર) ભ્રામણ, ટપવાનું, ફેંકવાનું, ઠોકવાનું અને ખેંચવાનું બાહુયુદ્ધથી રમતા હતા. ૧૨.

મલ્લયુદ્ધમાં આ બધા પ્રકારની રમતો થાય છે. 'ભ્રામણ' એટલે પરસ્પર હાથ પકડી ફરવું, અથવા કોઈના બે હાથ પકડી તેને ફેરવવો. બાલકો પણ આ રમત રમે છે. તેવી જ રીતે ટપવાનું-ઊંચી ભૂમિમાં, અથવા ખાડામાં ટપવાનું અથવા મલ્લોને ટપવાનું. 'ફેંકવાનું' એટલે દૂર ફેંકવું અથવા તિરસ્કાર વિગેરે કરવા. 'ઠોકવાનું' એટલે બાહુ ઠોકવાનું. 'ખેંચવાનું' એટલે બલથી અમુક સ્થાને (જ્યાં લઈ જવાનો નિયમ કર્યો હોય ત્યાં) લઈ જવું. એવી રીતે પાંચ પ્રકારની લીલા કરતા હતા. 'બાહુયુદ્ધથી રમત રમતા હતા.' ક્વચિત્ કાકપક્ષ(ચૂડાકરણ (વાળ ઉતરાવતી) વખતે બે કાન પાસે વાળના જથ્થા રહેવા દેવામાં આવે છે તે કાકપક્ષ કહેવાય છે)ને ધારણ કરનારા એટલે જેઓને ચૂડાકરણ સંસ્કાર કરવામાં આવેલા છે તેવા (શ્રીકૃષ્ણ અને બલભદ્ર એ પ્રમાણે ક્રીડા કરતા હતા), કારણ કે ચૂડાકરણ સંસ્કાર કર્યા પછી કેટલાક સમય સુધી જ વાળને કોઈ કોઈ સ્થલે તે તે જગ્યાએ (કાન પાસે) રહેવા દેવામાં આવે છે. ૧૨.

એ પ્રમાણે ભગવાન્ નૃત્ય કરતા હતા તે કહી, હવે આ શ્લોકમાં ભગવાનની સંનિધિમાં (સમીપમાં) બીજાઓ નૃત્ય કરતા હતા તે કહે છેઃ

**ક્વચિન્નૃત્યત્સુ ચાન્યેષુ ગાયકૌ વાદકૌ સ્વયમ્ ।।**
**શશંસતુર્મહારાજ સાધુ સાધ્વિતિ વાદિનૌ ।।૧૩।।**

હે મહારાજ ! કોઈવાર બીજાઓ નૃત્ય કરતા હોય ત્યારે (શ્રીકૃષ્ણ અને બલભદ્ર બે) પોતે ગાન કરતા, અને વાજીંત્ર વગાડતા અથવા 'સારું સારું' એમ બોલતા પ્રશંસા કરતા હતા. ૧૩.

બીજાઓ નૃત્ય કરતા હતા ત્યારે પોતે ગાન કરતા હતા અને વાજીંત્ર વગાડતા હતા. અહિં મૂલમાં 'ચ' 'અને' શબ્દ છે, તેથી એમ જણાવ્યું છે, કે બીજાઓ ગાન કરતા હોય ત્યારે પોતે વાજીંત્ર વગાડતા હતા, અને જ્યારે

૩. છતાં, એટલે તેઓ નિત્યલીલામાં રહેનાર હોવા છતાં, એવો અર્થ છે. (લે)

બીજાઓ વાજીંત્ર વગાડતા હોય ત્યારે પોતે ગાન કરતા હતા. વળી તેઓ પોતે જ સારી રીતે 'પ્રશંસા કરતા હતા' અથવા બીજાની પ્રેરણાથી પણ કોઈવાર 'સારું સારું' એમ બોલતા હતા, કોઈવાર સારી રીતે પ્રશંસા એટલે વખાણ કરતા હતા, અથવા કોઈવાર વિશેષ રીતે સૂચના આપતા હતા. (કેવી રીતે નૃત્ય કરવું તે શીખવતા હતા). ૧૩.

એ પ્રમાણે શાસ્ત્રને અનુસરનારી લીલાઓ કહી, હવે માત્ર બાલકોના રીતરીવાજમાં પ્રસિદ્ધ લીલાઓ આ શ્લોકથી કહે છેઃ

**ક્વચિદ્બિલ્વૈઃ ક્વચિત્ કુંભૈઃ ક્વ ચામલકમુષ્ટિભિઃ ।।**
**અસ્પૃશ્ય નેત્રબંધાદ્યૈઃ ક્વચિન્મૃગખગેહયા ।।૧૪।।**

કોઈવાર બિલાંઓથી, કોઈવાર કુંભોથી, કોઈવાર આમળાંથી તથા મુઠીઓથી, અસ્પૃશ્ય (રમત), નેત્રબંધ વિગેરે (રમતો) અને કોઈવાર હરણ અથવા પક્ષીઓની ચેષ્ટાની (રમતો તેઓ રમતા હતા). ૧૪.

'બીલાંઓની' રમત દડાની પેઠે તેઓને દૂર ફેંકવારૂપ છે. 'કુંભફલ' (ગુગળ?) નાનાં હોય છે, તેથી લાખના નાના પિંડની પેઠે તેમનાથી રમત રમાય છે. 'આમળાં' સૂક્ષ્મ હોય છે. 'મુઠીઓ' ફેરવવાની રમત રમાય છે. 'અસ્પૃશ્ય' રમત કપર્દિકા[1](કોડી?) અથવા વરવર્તિકા[1](પીછી?) તરીકે પ્રસિદ્ધ છે. 'નેત્રબંધ' ની રમત આંખમિંચામણી તરીકે પ્રસિદ્ધ છે. 'વિગેરે' શબ્દથી [ક]સંતાવાની રમત જે આગળ કહેવામાં આવશે તે, [ખ](એકબીજા ઉપર) ચડવાની રમત, [ગ]એક પગે ચાલવાની રમત, તેમજ [ઘ]લાકડાના કટકાથી ચાલવાની રમત, તેમજ [ઙ]જલમાં અને ભૂમિ ઉપર કપાલ(પ્યાલા, અથવા કઢેલાં)થી રમવાની રમત કહેલી છે. કોઈવાર 'હરણ'ની રમત રમતા એટલે પોતાની હરણની આકૃતિ બનાવી નૃત્ય કરતા. 'પક્ષીઓની' પેઠે એટલે મયૂર વિગેરેની પેઠે અનેક પ્રકારની 'ચેષ્ટા' કરતા. ૧૪.

એ પ્રમાણે ભૂમિ પરની લીલાઓ કહી, જલમાં અમુક પ્રકારની લીલા કહે છેઃ

**ક્વચિચ્ચ દર્દુરપ્લાવૈર્વિવિધૈરુપહાસકૈઃ ।।**
**કદાચિત્સ્પન્દોલિકયા કર્હિચિન્નૃપચેષ્ટયા ।।૧૫।।**

કોઈવાર દેડકાંની પેઠે વિવિધ રીતે કૂદવાની, વિવિધ મશ્કરીઓ કરવાની, કોઈવાર સ્પંદોલિકાની અને કોઈવાર રાજાની ચેષ્ટા કરવાની (રમતો તેઓ રમતા હતા). ૧૫.

'કોઈવાર દેડાકાંઓ પેઠે વિવિધ રીતે કૂદવાની' શબ્દોથી કહે છે કે કોઈવાર

---

૧. કપર્દિકા, વરવર્તિકા વિગેરે કદાચ સંસ્કૃત શબ્દો ન હોય, અને શ્રીમદાચાર્યચરણની ભૂમિમાં પ્રસિદ્ધ રમતોના તે દેશની ભાષાનાં નામ પણ હોય એમ સંભવે છે. કોઈ ટીકામાં આ રમતો સંબંધી કાંઈ કહેલું નથી. સંસ્કૃતભાષાના તે શબ્દોના અર્થ તે શબ્દો પાસે કૌંસમાં આપેલા છે.

તેઓ ધરામાં અથવા નાના મછવામાં દર્દુર એટલે દેડકાંની પેઠે કૂદતા હતા. 'ચારે પગ લઈને' એ શ્રુતિ પ્રમાણે સદા કૂદીને જતા. તેમ કરવું બહુ કઠણ છે અને હવે બાલકોમાં એ રમત પ્રસિદ્ધ નથી. કૂદકા (મારવાની) અને કૂદી (ઓળંગી) જવાની એ રમત હતી. (તેમાં કૂદકા મરાતા અને કોઈ પદાર્થને ઓળંગી જવાનું પણ હતું) તેથી 'વિવિધ રીતે' શબ્દનો તેની બંને બાજુએ સંબંધ છે. (દેડકાં પેઠે કૂદવાની અને મશ્કરી કરવાની એનો બંને સાથે સંબંધ છે, તે બંને વિવિધ પ્રકારથી કરતા). ઉપહાસકો એટલે 'મશ્કરીનાં વચનો' અને મશ્કરીની ચેષ્ટા (ચાળા પાડવા).

કોઈવાર ભગવાન્ રાજા થતા ત્યારે દોલા(પાલખી)માં બેસી જતા. કેટલાક ગોપો દોલાને ઉપાડી લઈ જનાર ભોઈ થતા, કેટલાક પાલખી જ થતા. સ્પંદોલિકા એટલે દોલા અથવા ઝુલતી પાલખી. બળદની પેઠે બે ગોપો આગળ રહે, એક ગોપ વચ્ચે પહોળા હાથ રાખીને રહે અને હાથનું ચોકઠું કરેલા ચાર ગોપો પાછળ રહે. આ પ્રમાણે બધા સારી રીતે એકઠા રહી ભગવાનને ઉપાડી લઈ જાય તે 'સ્પંદોલિકા'. 'કોઈવાર' વળી 'રાજાની ચેષ્ટા કરવાની' રમત તેઓ રમતા. કોઈ સ્થલે સિંહાસન ઉપર પધારી (ભગવાન્) પાસા (ચોપાટના) વિગેરેથી રમે, અથવા બીજાઓને હુકમ કરે, અથવા બાંધે અથવા સજા કરે. ૧૫.

એ પ્રમાણે જુદી જુદી જાતની ક્રીડાઓ કહી, આ શ્લોકમાં તેનો ઉપસંહાર કરે છેઃ

**એવં તૌ લોકસિદ્ધાભિઃ ક્રીડાભિશ્ચેરતુર્વને ।।**
**નદ્યદ્રિદ્રોણિકુઞ્જેષુ કાનનેષુ સરિત્સુ ચ ।।૧૬।।**

એ પ્રમાણે તે બે (શ્રીકૃષ્ણ અને બલભદ્ર) વનમાં, નદીમાં, પર્વત ઉપર, ખીણોમાં, કુંજોમાં, ગાઢ જંગલોમાં અને નાની નદીઓમાં લોકમાં પ્રસિદ્ધ ક્રીડાઓ (કરતા) ફરતા હતા. ૧૬.

આ ક્રીડાઓમાં પ્રમાણ 'લોક' જ છે[1]. આ ક્રીડાઓ 'વનમાં' જ કરવામાં આવતી. કોઈ કોઈ ક્રીડા નદીમાં, પર્વત ઉપર અથવા પર્વતની ખીણોમાં કરવામાં આવતી. બંને બાજુએ પર્વતો હોય અને વચમાં નીચી જમીન હોય તે ખીણ. નદીમાં પણ તેમજ (બંને બાજુએ ઉંચા તટો અને વચમાં નીચી ભૂમિ) હોય છે[2]. 'કુંજો' એટલે ઘાસવાળી ઉંડી (જ્યાં સહેલાઈથી જઈ ન શકાય તેવી) જગ્યાઓ. 'કાનનાનિ' એટલે ગાઢ જંગલો. સરિતો એટલે નાની નદીઓ. મૂલમાં 'ચ' 'અને' શબ્દ છે તેથી એમ સૂચવ્યું છે, કે સરોવરોમાં પણ ક્રીડા કરતા. એ પ્રમાણે

૧. આ લીલાઓનું જ્ઞાન ઉત્પન્ન કરનાર લોક જ છે, એવો અર્થ છે. (લે)

૨. 'નદી અને પર્વતોની ખીણોમાં' એવો અર્થ થાય તે પ્રમાણે સમાસ છોડવાથી આ અર્થ થાય છે. (પ્ર)

બાલકોના સર્વ લૌકિકભાવોને મટાડતાં ભગવાને તેઓના અંતઃકરણના દોષોને દૂર કર્યા. જ્યાં સુધી ભગવાન્ પોતે આ ક્રીડાઓમાં પ્રવેશ કરે નહિ ત્યાં સુધી બાલકો માત્ર તે ક્રીડાઓનું જ સ્મરણ કરે, પણ ભગવાનની આ ક્રીડાઓ હતી એવું સ્મરણ ન કરે, અને તેથી તે ક્રીડાઓથી તેઓને ભગવાનનું સ્મરણ ન થાય; તેથી બાલકોને પ્રપંચનું વિસ્મરણ કરાવવા (પ્રપંચ ભૂલાવવા) તેઓનાં સર્વ કાર્યોમાં (રમતોમાં) ભગવાને પોતે પ્રવેશ કર્યો. (તેઓની સાથે પોતે ક્રીડાઓ કરી). ૧૬.

એ પ્રમાણે ક્રિયામય[1] (રમતના) અને સંસ્કારરૂપ[2] દોષોને દૂર કરી, અંતઃકરણના દોષના અભિમાનવાળી દૈત્ય થએલી(દેવતા)નું નિવારણ કરવા આ શ્લોકથી ઉપાખ્યાનનો[3] આરંભ કરે છેઃ

**પશૂંશ્ચારયતો ગોપૈસ્તદ્વને રામકૃષ્ણયોઃ ।।**
**ગોપરૂપી પ્રલમ્બોગાદસુરસ્તજ્જિઘાંસયા ।।૧૭।।**
**તં વિદ્વાનપિ દાશાર્હો ભગવાન્ સર્વદર્શનઃ ।।**
**અન્વમોદત તત્સખ્યં વધં તસ્ય વિચિન્તયન્ ।।૧૮।।**

બલભદ્ર અને શ્રીકૃષ્ણ તે વનમાં ગોપો સાથે પશુઓ ચરાવતા હતા ત્યારે ગોપના રૂપવાળો અસુર પ્રલંબ (ત્યાં) ગયો. તેને હણવાની ઈચ્છાથી સર્વ જાણનાર દાશાર્હ ભગવાને (શ્રીકૃષ્ણે) તેને જાણતા હોવા છતાં તેના વધનો વિચાર કરતાં તેની મૈત્રી કરી. ૧૭-૧૮.

'ગોપોની સાથે પશુઓ ચરાવતા હતા ત્યારે પ્રલંબ ગયો.' અંતઃકરણ જ[4] રૂપ આપનાર છે ,તેથી 'ગોપના રૂપવાળો' તે 'પ્રલંબ' એટલે ઘણો લાંબો, મુક્તિ થાય ત્યાં સુધી પાછળ પડનારો, (ત્યાં ગયો). 'તેને હણવાની ઈચ્છાથી, તેને જાણતા હોવા છતાં, ભગવાને તેની મૈત્રી કરી', એવો (વાક્યનો) સંબંધ છે. (જ્યાં

---

૧. ભગવાન વિના માત્ર ક્રિયાપ્રચુર; (જેમાં માત્ર ક્રિયા જ છે, ભગવાન્ નથી તેવા). (લે)
૨. માત્ર ક્રિયાનું જ સ્મરણ કરાવનાર સંસ્કારરૂપ. (લે)
૧-૨. આ ક્રિયા અને સંસ્કારમાં જો ભગવાનનો પ્રવેશ થઅલો હોય તો ભગવાન્ સહિત ક્રિયા થાય, અને ભગવાન્ સહિત ક્રિયાનું સ્મરણ કરાવનાર સંસ્કાર થાય. (લે)
૩. ઉપાખ્યાન એટલે લીલાનો પ્રકાર, એવો અર્થ છે. 'ભગવાને કરેલો' એ શબ્દો અધ્યાહાર છે. તેથી દોષોને દૂર કરી, આ અભિમાનવાળી દૈત્યરૂપવાળીને દૂર કરવા ભગવાને જે લીલાનો પ્રકાર કર્યો તે કહેવા શ્રીશુક ઉપાખ્યાનનો આરંભ કરે છે, એવો અન્વય છે. (લે)
૪. જે સ્મરણ કરતો હોય તેને જેનું તે સ્મરણ કરતો હોય તેનું રૂપ આપનાર અંતઃકરણ જ છે. તેથી અંતઃકરણને વિષયનો સંબંધ હોવાથી જે વિષયનું સ્મરણ થતું હોય તેનું રૂપ આવે છે. તેથી અંતઃકરણના અભિમાનીને તેવું રૂપ થાય તે યોગ્ય છે. જે અંતઃકરણમાં ક્રીડા અને અનુભવથી ઉત્પન્ન થએલા સંસ્કારની ઉત્પત્તિ થતાં ગોપોને જ સંબંધ થાય છે પણ ભગવાનનો સંબંધ થતો નથી, તેને ગોપનું જ રૂપ થાય; તેથી પ્રલંબ ગોપ થએલો હતો. (લે)

પ્રલંબ હોય ત્યાં) જઈને તેને મારવો જોઈએ, (તેથી) તે પોતે જ્યાં ભગવાન્ હતા ત્યાં આવ્યો ત્યારે (તેને મારવો જોઈએ) એમાં શું સંદેહ ? તેથી 'તેને હણવાની ઈચ્છાથી' એમ પહેલાં જ કહ્યું. જ્યાં સુધી વિરોધરહિત વ્યાખ્યાન થતું હોય ત્યાં સુધી વિરુદ્ધ(વિરોધવાળું) વ્યાખ્યાન કરવું જોઈએ નહિ[૫].

ભગવાને તે પ્રલંબને દુષ્ટ જાણીને, ત્યાં તેણે પ્રવેશ કર્યો હતો તેથી જ તેનો વધ થવો જોઈએ એમ વિચારીને, (તેનો વધ જે રીતે થાય) તેવી જ રીતે[૬] લીલાનો પ્રારંભ કરેલો હોવાથી, સર્વના સખા (મિત્ર) અને સર્વના આત્મા ભગવાન માટે દૈત્યો દોષરૂપ હોવાથી તેઓને મારવાનું જરુરી હોવાથી, ભગવાને તેની મૈત્રી કરી. ભગવાને તેની મૈત્રી કરી તેથી જ ભગવાને (પોતે) તેને માર્યો નહિ. જે (પોતાના) દેહમાંથી ઉત્પન્ન થએલા હોય તેને પોતે મારતા નથી; (બલભદ્ર પાસે મરાવે છે). જેવું (રોગને મટાડનાર) ઔષધ છે તેવા બલભદ્ર છે. વ્યવહારમાં તે શ્રીકૃષ્ણના સંબંધી છે, કારણ કે ગોપાલોની મધ્યમાં શ્રીકૃષ્ણની જગ્યાએ તેમનો પ્રવેશ હતો (તે શ્રીકૃષ્ણ જેવા ગણાતા). આ જ પ્રકારથી ક્લેશ વિના તેનો વધ થશે એમ વિચારતાં, ભગવાને એ પ્રમાણે કર્યું (તેની મૈત્રી કરી). ૧૭-૧૮.

પછી તેની સાથે મૈત્રી કર્યા પછી ભગવાને તેના વધનો પ્રકાર[૧] કર્યો તે કહે છેઃ

**તત્રોપાહૂય ગોપાલાન્ કૃષ્ણઃ પ્રાહ વિહારવિત્ ।।**
**હે ગોપા વિહરિષ્યામો દ્વન્દ્વીભૂય યથાયથમ્ ।।૧૯।।**

વિહાર જાણનાર શ્રીકૃષ્ણે ગોપાલોને ત્યાં બોલાવીને કહ્યું (કે) હે ગોપો ! આપણે યોગ્ય રીતે બે પક્ષ કરીને રમીશું. ૧૯.

જુદી જુદી ક્રીડામાં પ્રવૃત્ત થએલા બધાયલીલા થઈ શકે તેવી (સપાટ એકસરખી, ખાડાટેકરા વિનાની) ભૂમિમાં સર્વેને બોલાવીને આગળ જે કહેવામાં આવે છે તે કહ્યું, એવો (વાક્યનો) સંબંધ છે. ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનારા છે, તેથી તેમણે સ્પષ્ટ જ કહ્યું. (ભગવાન્ જે કહે છે તેમાં) ગોપાલોને વિશ્વાસ આવે

---

૫. 'તજ્જિઘાંસયા' એટલે 'તેને હણવાની ઈચ્છાથી', 'પ્રલંબ ભગવાનને હણવાની ઈચ્છાથી ત્યાં આવેલો' એવો અર્થ વીર રાઘવાચાર્ય વિગેરે ટીકાકારો કરે છે. આ વિરોધવાળો (અનિષ્ટ) અર્થ છે. જ્યાં વિરોધ વિનાનો અર્થ થઈ શકતો હોય ત્યાં આવી રીતે વિરોધવાળો અર્થ કરવો ઉચિત નથી. તેને એટલે પ્રલંબને હણવાની ઈચ્છાથી ભગવાને તેની મૈત્રી કરી એવો અર્થ પણ થઈ શકે છે, અને તે વિરોધ વિનાનો છે; તેથી એવી રીતે અર્થ કરવો એ જ યોગ્ય છે.

૬. તેનો વધ કરવાના સાધનનો વિચાર જે રીતે થઈ શકે તેવી રીતે. (લે) 'વધના ઉપાયનું ચિંતન કરવું એ લૌકિક કાર્ય છે તેથી ભગવાન્ એવું કેમ કરે' એવી શંકા થાય, તેથી કહે છે કે તેવી જ રીતે એટલે લૌકિક રીતે જ લીલાનો પ્રારંભ કરેલો છે, ભગવાન્ લોક પેઠે જ લીલા કરે છે. (પ્ર)

૧. વધનો પ્રકાર–તેનો વધ જે રમતથી થાય તેવી રમતનો ઉપદેશ કર્યો એવો અર્થ છે. (લે)

અને તેઓ પોતાની જાણીતી ક્રીડા તજી (આ નવી ક્રીડા રમવા) આવે તે માટે ભગવાન્ માટે અહિં 'વિહાર જાણનાર' વિશેષણ યોજેલું છે. ભગવાન્ સર્વે વિહારોને (રમતોને) જાણે છે.

હવે ભગવાનનું જ વાક્ય ઉત્તરાર્ધ શ્લોકથી કહે છે. હે ગોપો ! આપણે વિહાર કરીશું. કજીઓ આપણે નથી છતાં બે પક્ષ કરીને રમીશું. જે જેનો ભેરૂ થાય તે તેની સાથે જ જય અથવા પરાજય પામે તેમ જેવી રીતે થાય, તેવી 'યોગ્ય રીતે' બે પક્ષ કરીને રમત રમીશું; અથવા જેવી રીતે (પક્ષ કરવાથી) સુખ થાય તેવી રીતે બે પક્ષ કરીને રમીશું. 'યથાયથમ્' પાઠ હોય ત્યાં ઉપર પ્રમાણે અર્થ થયો. 'યથાતથમ્' પાઠ હોય તો પણ એવો જ અર્થ થાય છે પણ 'યથાતથમ્' શબ્દ ક્રિયાવિશેષણ છે એટલો જ ભેદ છે. ૧૯.

ભગવાને તેમને કહ્યું તે પ્રમાણે જ તેઓએ કર્યું એમ આ શ્લોકમાં કહે છેઃ

**તત્ર ચક્રુઃ પરિવૃઢૌ ગોપા રામજનાર્દનૌ ।।**
**કૃષ્ણસંઘટ્ટિનઃ કેચિદાસન્ રામસ્ય ચાપરે ।।૨૦।।**

ત્યાં ગોપોએ રામ અને જનાર્દન(શ્રીકૃષ્ણ)ને મુખ્ય કર્યા. કેટલાક શ્રીકૃષ્ણ ના ભેરૂ થયા અને બીજાઓ રામના (ભેરૂ થયા).૨૦.

તે ક્રીડામાં બે(બાલકો)ને મુખ્ય કરવામાં આવે છે, પછી કૃત્રિમ (બનાવટી) નામ પાડી બબ્બે બાલકો આવે છે. (બે મુખ્ય પૈકીનો) જે જે પદાર્થ(કૃત્રિમ નામ)ની પસંદગી કરે છે, તે કૃત્રિમ નામવાળો તેનો (ભેરૂ) થાય છે; એ પ્રમાણે બધાય ગોપાલો બબ્બેના પ્રકારથી આવેલા હોવાથી બે પ્રકારના (પક્ષના) થાય છે. તે 'કેટલાક શ્રીકૃષ્ણના ભેરૂ થયા અને બીજાઓ રામના' ભેરૂ થયા એમ કહેલું છે. ૨૦.

**આચેરુર્વિવિધાઃ ક્રીડા વાહ્યવાહકલક્ષણાઃ ।।**
**યત્રારોહન્તિ જેતારો વહન્તિ ચ પરાજિતાઃ ।।૨૧।।**

જેમાં ઉપર બેસનાર અને ઉપાડનાર હોય તેવી વિવિધ ક્રીડાઓ તેઓ કરતા હતા, જેમાં જીતનારાઓ ઉપર બેસતા અને હારનારાઓ (તેમને) ઉપાડી લઈ જતા. ૨૧.

(જે બબ્બે બાલકો કૃત્રિમ નામ પાડી આવે) તેમાં પણ જે પહેલા બે આવે તે મુખ્ય કામ કરનારા હોય છે. શ્રીદામા અને પ્રલંબ બંને જોડી થઈ (પહેલા) આવ્યા. તેમાં પણ શ્રીદામાને બલભદ્રે લીધા અને તે બલનું કાર્ય કરનાર થયા (બલભદ્રના ભેરૂ થયા); અને પ્રલંબ ભગવાનનું કાર્ય કરનાર (ભગવાનનો ભેરૂ થયો). આ બે મંત્રીઓ જેવા હતા. જો તેમ ન હોય (મંત્રીઓ જેવા ન હોય) તો શ્રીકૃષ્ણ અને બલભદ્ર બે તુલ્ય (બરાબરીઆ) હોવાથી, જય અથવા પરાજય

થાય ત્યારે તેઓ બે જ એકબીજાને ઉપાડનારા થાય[1]. વળી અવ્યવસ્થિત રીતે (એટલે કાંઈ પણ નિયમ વિના) ગમે તે ગમે તેને ઉપાડે એમ પણ ન હતું, કારણ કે એમ હોય તો કોઈનું અપમાન થવાથી કજીયો થાય એવો સંભવ રહે છે. વળી આ રમતમાં જેને ઉપાડવાનું ન હોય તે પક્ષ મુખ્ય ગણાય એમ પણ ન હતું, કારણ કે એમ હોય તો (ઉપાડવાનું જેને માથે આવે તે પક્ષ હલકો હોય તો) ભગવાનને પણ કોઈને ઉપાડવું પડે એવું ન થાત. બે (પક્ષના બે) મુખ્ય પૈકી એક રમે (કોઈના ઉપર બેસે) અને એક (કોઈને) ઉપાડે, અથવા અમુક રમતોમાં (એક પક્ષના) બધા ગોપો (બીજા પક્ષના) બધાને ઉપાડે એમ (પણ હોય). રમતો પૈકી એક પગે ચાલવાની રમતમાં અથવા બીજી (એક પગે કૂદવાની ઠેકવાની વિગેરે) રમતોમાં, વચમાં જે બીજા પગથી જમીનનો સ્પર્શ કરે તે હારેલો ગણાય. આવી રમતોમાં, સામાપક્ષવાળા[2] તેમને એવી રીતે ભૂલાવે કે જેથી તેમની ભૂલ થાય (તેઓ બીજા પગથી જમીનનો સ્પર્શ કરે). જે સામાવાળો જેને એવી રીતે ભૂલ ખવરાવી જમીનનો સ્પર્શ કરાવે તે સામાવાળાને તે ભૂલ કરનાર ઉપાડે. આ બધું 'વિવિધ ક્રીડાઓ તેઓ કરતા હતા' એ શબ્દોથી કહે છે. બેસનાર અને ઉપાડનાર થવાનું કારણ 'જેમાં જીતનારાઓ ઉપર બેસતા અને હારનારાઓ ઉપાડી લઈ જતા' એ શબ્દોથી કહે છે. ૨૧.

વળી કુદરતથી (કુદરતી રીતે) (એકવાર) હારેલો હારેલો જ ન રહે. (કોઈવાર એક પક્ષ હારે ને કોઈવાર જીતે). તેથી કોઈવાર (હારે ત્યારે) એક બીજાને ઉપાડે, અને કોઈવાર (જીતે ત્યારે) બીજાના ઉપર બેસે. આ 'ઉપાડતા અને બેસતા' વિગેરેથી કહે છેઃ

**વહન્તો વાહ્યમાનાશ્ચ ચારયન્તશ્ચ ગોધનમ્ ।।**
**ભાણ્ડીરકં નામ વટં જગ્મુઃ કૃષ્ણપુરોગમાઃ ।।૨૨।।**

જીતેલાને ઉપાડતા અને હારેલા ઉપર બેસતા અને ગાયોરૂપી ધનને ચરાવતા, શ્રીકૃષ્ણને નાયક કરીને તેઓ ભાંડીરક નામના વડે ગયા. ૨૨.

'રમત ચગે ત્યારે બધાય રમતમાં ગરકાવ થએલા રહેવાથી ગાયો કોઈ ચરાવે નહિ અને તેથી ચારે પ્રકારના પુરુષાર્થની હાનિ થાય' એવી શંકા થાય, તેથી

---

૧. મંત્રીઓ મુખ્યના જેવા જ હોવાથી, મુખ્યને સામાપક્ષનો મુખ્ય અથવા મંત્રી ઉપાડીને લઈ જાય, અને મંત્રીને સામાપક્ષનો મુખ્ય અથવા મંત્રી ઉપાડીને લઈ જાય એ યોગ્ય છે. બીજાઓમાં જે જેની સાથે કૃત્રિમ નામ લઈ આવ્યો હોય તે બે પૈકીમાંનો હારેલા પક્ષવાળો જીતેલા પક્ષવાળાને ઉપાડે એવો ભાવ જણાય છે.

૨. પોતાના પક્ષના હોય તે ભેરૂ (યોગિનઃ), અને સામાપક્ષના હોય તે સામાવાળા (પ્રતિયોગિનઃ) કહેવાય છે. (લે)

કહે છે કે 'ગાયોરૂપી ધનને ચરાવતા' તેઓ રમતા હતા. ગાયો એ જ ધન. (તેમને ચરાવતા તેઓ રમતા હતા). મૂલમાં 'ચ' 'અને' શબ્દ છે તેનો અર્થ એવો છે કે ગાયોનું રક્ષણ પણ કરતા કરતા તેઓ રમતા હતા. ભાંડીરક વનમાં એક મુખ્ય વડ છે, જેના ઉપરથી તે વનનું નામ ભાંડીરક પડેલું. ત્યાં સપાટ ભૂમિ છે, પ્રલંબની સાથે બીજો (તેના ઉપર બેઠેલો અથવા તેને ઉપાડનાર) હોવા છતાં જો પ્રલંબ પાછળ રહી જાય તો તે ભાંડીરક વડે ન આવે (અને બીજે સ્થલે કોઈને લઈ જતો રહે), તેથી બધાય સાથે 'ભાંડીરક નામના વડ સુધી જતા હતા'. આ હકીકત માત્ર ભગવાન જ જાણે છે, તેથી 'શ્રીકૃષ્ણને નાયક કરીને' કહેલું છે. શ્રીકૃષ્ણ જેઓના નાયક છે તેવા તેઓ હતા. રસ્તામાં પણ રમત કરતા જ તેઓ જતા હતા. ૨૨.

પછી જ્યારે પરાજય થાય ત્યારે બીજાને (સામા પક્ષવાળાને) ઉપાડવા પડે તે કહે છેઃ

**રામસંઘટ્ટિનો યે હિ શ્રીદામવૃષભાદયઃ ।।**
**ક્રીડાયાં જયિનસ્તાંસ્તાનૂહુઃ કૃષ્ણાદયો નૃપ ।।૨૩।।**

હે નૃપ ! શ્રીદામા, વૃષભ વિગેરે જે રામના ભેરૂઓ રમતમાં જીતેલા હતા તેમને તેમને શ્રીકૃષ્ણ વિગેરેએ ઉપાડ્યા હતા. ૨૩.

અંતઃકરણના ગુણો ત્રણ પ્રકારના છે, એમ જણાવવા[1] ત્રણ જીતેલા અહિં કહેલા છે, જેમ રામ તેમ શ્રીદામા અને વૃષભ(જીતેલા હતા). તેમાં રામ(બલભદ્ર) રાજસ હતા, શ્રીદામા સાત્ત્વિક હતો અને વૃષભ તામસ હતો. તેઓ જ્યારે 'રમતમાં જીતેલા હતા' ત્યારે 'તેમને તેમને શ્રીકૃષ્ણ વિગેરેએ ઉપાડ્યા હતા' ૨૩.

**અક્લિષ્ટકર્મતાસિદ્ધ્યૈ હીનત્વં કુરુતે ક્વચિત્ ।।**
**ધર્મપ્રધાનો ભગવાનિતિ જ્ઞાપયિતું તથા ।।૩।।**

ભગવાન્ ધર્મપ્રધાન[2] છે એમ જણાવવા[3], ક્લેશ વિના કર્મની સિદ્ધિ થાય તે માટે કોઈવાર એવી રીતે હીન[4] (બીજાને ઉપાડવાનું) કાર્ય કરે છે[5]. કા.૩।।

---

૧. ગોપોને જણાવવા. ગોપોને એવું જ્ઞાન હોય તો કોઈએ કોઈનો પક્ષપાત કરવો નહિ, કારણ કે પક્ષપાત ન કરવાથી લીલા સારી રીતે થઈ શકે છે, એમ તેઓ જાણે એવો ભાવ છે. (લે)

૨. ક્લેશ વિના કર્મ કરવારૂપી ભગવાનનો સ્વધર્મ તે સ્વધર્મ જેમનામાં પ્રધાન છે, તેવા ભગવાન્ છે. (યો)

૩. કોઈએ કોઈનો પક્ષપાત કરવો નહિ એમ ગોપોને જણાવવા. (કા)

૪. 'બીજાને ઉપાડવાથી પોતાની હલકાઈ થાય છે. ભગવાન્ એવું હલકું કામ શા માટે કરે ?' એવી શંકા થાય, તે માટે આ કારિકા યોજેલી છે.

૫. પ્રલંબનો વધ કરવાનો છે, ભગવાને તેની મૈત્રી કરેલી હોવાથી તે પોતે તેનો વધ કરવાના નથી, તેનો વધ કરવામાં ક્લેશ (શ્રમ) ન થાય અને તેનો વધ બલભદ્ર કરી શકે તે માટે, ક્લેશ વિના તે કાર્ય સિદ્ધ થાય તે માટે, બલભદ્રના પક્ષને જીતાડી, ભગવાને પોતે હારી,

**ઉવાહ કૃષ્ણો ભગવાન્ શ્રીદામાનં પરાજિતઃ ।।**
**વૃષભં ભદ્રસેનસ્તુ પ્રલમ્બો રોહિણીસુતમ્ ।।૨૪।।**

હારેલા ભગવાન્ શ્રીકૃષ્ણે શ્રીદામાને ઉપાડ્યો, ભદ્રસેને વૃષભને ઉપાડ્યો અને પ્રલંબે રોહિણીસુતને ઉપાડ્યા. ૨૪.

બલભદ્ર પ્રલંબના ઉપર બેસે તે માટે 'ભગવાને' (મુખ્ય બલભદ્રને નહિ ઉપાડતાં મંત્રી) 'શ્રીદામાને ઉપાડ્યો' તેનું નામ 'શ્રીદામ' (શ્રી એટલે લક્ષ્મી અને દામ એટલે વનમાલા). તેથી નામ જોતાં તે લક્ષ્મીએ બનાવેલી વનમાલારૂપ[૧] હતો, તેથી ભગવાન્ પોતાના અલંકાર માટે (લક્ષ્મીજીએ બનાવેલી વનમાલા ધારણ કરે એ યોગ્ય હોવાથી) તેને ઉપાડે એ યોગ્ય જ હતું. 'હારેલા' વિશેષણ શ્રીદામાને ઉપાડવાનું કારણ જણાવે છે. બીજાએ બીજાને ઉપાડ્યો તેનું પણ એ કારણ છે એમ 'ભદ્રસેને વૃષભને' શબ્દોથી કહે છે. મૂલમાં 'તુ' શબ્દ છે તે એમ જણાવે છે કે ત્રીજાએ તેની પહેલાંની પેઠે બીજાને ઉપાડ્યો. 'પ્રલંબે રોહિણીસુતને' ઉપાડ્યા. બલભદ્રને આ પ્રલંબ અસુર છે વિગેરે કાંઈ જ્ઞાન ન હતું એમ જણાવવા, તેમને માતા(રોહિણી)ના નામથી ઓળખાવ્યા છે. ૨૪.

પછી શું થયું તે આ શ્લોકમાં કહે છેઃ

**અવિષહ્યં મન્યમાનઃ કૃષ્ણં દાનવપુઙ્ગવઃ ।।**
**વહન્ દ્રુતતરં પ્રાગાદવરોહણતઃ પરમ્ ।।૨૫।।**

શ્રીકૃષ્ણને સહન થઈ શકે નહિ તેવા માનનાર (તે) ઉત્તમ દાનવ (બલભદ્રને) ઉપાડીને ઉતારવાની જગ્યાથી આગળ ઝડપથી ગયો. ૨૫.

ભગવાને પ્રલંબની મૈત્રી કરેલી તેથી પ્રલંબે જાણ્યું કે ભગવાન્ અવિષહ્ય એટલે કોઈથી પણ 'સહન થઈ શકે નહિ તેવા' છે. તેથી (ભગવાનને ઉપાડીને લઈ

---

સામાપક્ષવાળાને ઉપાડવાનું કાર્ય કર્યું, જેથી પ્રલંબ બલભદ્રને ઉપાડે અને લઈ જવા પ્રયત્ન કરે. હારેલાએ સામાપક્ષવાળાને ઉપાડવો જોઈએ, એવો ધર્મ હોવાથી અને ભગવાન્ પોતે હારેલા હોવાથી, પોતે ધર્મપ્રધાન છે એમ જણાવવા શ્રીદામાને ઉપાડેલો છે, એમ કરવાથી લોકોમાં હલકાઈ જણાય, પણ વસ્તુતઃ હલકાઈ થતી નથી એમ આગળ જણાવશે.

૧. લક્ષ્મીજીએ પોતે ભગવાનને જે માલા સમર્પણ કરવાની હોય તે માલા ગૂંથવાનો અધિકાર શ્રીદામાને આપેલો, તેથી તે માલાની નિરંતર તેને ભાવના રહેવાથી તે પોતે તે માલારૂપ જ થએલો; પરંતુ પોતાનું તે સ્વરૂપ ગુપ્ત રાખવા લોકોને તે પોતાનું એ સ્વરૂપ દર્શાવતો નહિ; પરંતુ ભગવાન્ તેનું એ સ્વરૂપ જાણતા હતા, તેથી તેને ઉપાડવાના મિષથી તેના આધિદૈવિક રૂપવાળી માલા પોતે ધારણ કરી, લોકો તો આધિભૌતિક શ્રીદામાને ભગવાને ઉપાડ્યો એમ માનતા પણ વસ્તુતઃ ભગવાને તેના આધિદૈવિક રૂપવાળી માલા જ ધારણ કરી એવો ભાવ છે. 'શ્રીદામ' એટલે લક્ષ્મીજીની માલા એ શ્રીદામો વસ્તુતઃ તે નપુંસકલિંગ (નાન્યતરજાતિ) છે, પુંલ્લિંગ (નરજાતિ) માત્ર લોકની પ્રતીતિને અનુસરી કરેલ છે. (લે)

જવાય તેમ નહિ હોવાથી) બે(શ્રીકૃષ્ણ અને બલભદ્ર)માંથી એકને પણ જો ઉપદ્રવ કરી શકાય તો તેથી પોતાનું કાર્ય સિદ્ધ થશે[1], એમ માની તે દાનવપુંગવ એટલે દાનવો મધ્યે શ્રેષ્ઠ દાનવ (પ્રલંબ) દાનવોના શત્રુ ભગવાન્ શ્રીકૃષ્ણને તજી દઈને (ઉપદ્રવ નહિ કરતાં), રોહિણીસુતને 'ઉપાડીને ઉતારવાની જગ્યાથી' પણ 'આગળ ઝડપથી ગયો.' જો તે ધીરે ધીરે જાય તો બીજા બધા તેની સાથે જાય એ સંભવે, અને બધા (શ્રીકૃષ્ણસહિત) સાથે હોય તો ઉતરવાની જગ્યાથી આગળ તે બલભદ્રને લઈ જઈ શકે એવું સંભવે નહિ, ઉતારવાની જગ્યા સુધી લઈ જવાની મર્યાદા (રમતની શરત) જ હતી, તેથી તે ત્યાંથી પણ આગળ લઈ ગયો. ૨૫.

(પ્રલંબ) બલભદ્રને ઉતારવાની જગ્યાથી આગળ લઈ ગયો તેથી પોતાનો સ્વાર્થ સિદ્ધ થયો છે એમ માની, જે માયાની તેણે ઉપાસના કરી હતી (માયાથી જે ગોપનું રૂપ તેણે ધારણ કર્યું હતું) તેને અને ભગવાન્ સાથે તેણે જે મિત્રતા કરી હતી તેને તજી દઈ, અહંકારદેવતાને[1] લઈ જવાથી દોષ[2] દૃઢ થાય છે, એમ વિચારી તે દૈત્યરૂપથી જ બલભદ્રને ઉપાડી ગયો એમ આ શ્લોકમાં કહે છેઃ

**તમુદ્વહન્ ધરણિધરેન્દ્રગૌરવં મહાસુરો વિગતરયો નિજં વપુઃ ।।**
**સ આસ્થિતઃ પુરટપરિચ્છદો બભૌ તડિદ્દ્યુમાનુડુપતિમાનિવાંબુદઃ ।।૨૬।।**

મોટા પર્વતના જેવા ભારવાળા તેને ઉપાડતાં (તે) મોટો અસુર વેગરહિત થયો. તેણે પોતાનું શરીર ધારણ કર્યું. વિજળી અને સૂર્ય જેવાં છે તેવું ચંદ્રવાળું વાદળું હોય તેમ (તે) સુવર્ણના આભરણવાળો થયો. ૨૬.

મર્યાદાનું ઉલ્લંઘન થતાં (ઉતારવાનું સ્થાન વટી જતાં) બલભદ્રમાં પણ ભગવાનનો આવેશ થયો, તેથી તે મોટા પર્વત પેઠે, મેરુ વિગેરે પર્વતના જેવા ભારવાળા થયા. છતાં પ્રલંબમાં તેમને ઉપાડવાની શક્તિ હતી, કારણ કે તે 'મોટો અસુર' હતો. પ્રલંબ અસુરોમાં મુખ્ય હતો તો પણ બલભદ્રમાં મોટા પર્વત જેવો ભાર થવાથી તે 'વેગરહિત' થયો. પછી આ (ગોપના) બનાવટી રૂપથી (બલભદ્રને) ઉપાડી લઈ જઈ શકાશે નહિ એમ માનીને, તેણે 'પોતાનું શરીર'

---

૧. તેનું દાનવનું કાર્ય ઉપદ્રવ કરવાનું, તેથી ભગવદીયોને જે ક્લેશ થાય તે તેના કાર્યનું ફલ. તેનું કાર્ય સિદ્ધ થશે એટલે ભગવદીયોને તેથી ક્લેશ થશે એવો અર્થ છે. (લે)

(૨૬)૧. બલભદ્રરૂપ અહંકારદેવતાને. (પ્ર) અહંકારના દેવતા સંકર્ષણ છે. તેથી સંકર્ષણનું હરણ થયું છે, જ્યાં સુધી અહંકાર રહે ત્યાં સુધી પુરુષ કેવલ પ્રકૃતિને અધીન રહેતો નથી, કારણ કે 'હું આવો મોટો પરાક્રમી, આવું કાર્ય કેમ કરું?' એવી બુદ્ધિથી દોષને (અહંકારને) લીધે તેની બુદ્ધિ (પ્રકૃતિથી) વિરુદ્ધ થાય છે; પણ જ્યારે અહંકાર જાય છે ત્યારે તે પ્રકૃતિને વશ થાય છે. અહંકારના દેવતાને લઈ જવાથી અહંકાર મટી જશે એવા કારણથી અહંકારના દેવતા બલભદ્રનું હરણ થએલું છે એવો અર્થ છે. (યો) **૨.** દોષ એટલે અસુરપણું. (પ્ર)

એટલે આસુરી શરીર 'ધારણ કર્યું'[3]. તેના (એ આસુરી) શરીરનું વર્ણન કરે છે કે તે 'સુવર્ણના આભરણવાળો થયો'. 'પુરટ' એટલે સુવર્ણ, તે જ 'પરિચ્છદઃ' એટલે આભૂષણ વિગેરે જેનાં છે તેવો તે થયો. તેની સ્કંધ (ખભા) ઉપર બલભદ્ર હતા; બલભદ્રે પણ મુકુટ વિગેરે ધારણ કરેલાં હતાં. ઝડપથી જતાં તેનો મુકુટ વિજળી પેઠે પ્રકાશતો અને બલભદ્રનો મુકુટ સૂર્ય જેવો પ્રકાશતો. 'દ્યુમાન્' એટલે સૂર્ય. તેથી (બંનેના મુકુટો વિજળી અને સૂર્ય જેવા પ્રકાશતા હોવાથી), વિજળી અને સૂર્ય જેનાં છે (તેવો તે લાગતો). ઉડુપતિ એટલે ચંદ્ર, બલભદ્ર પણ શ્વેત હોવાથી ચંદ્રના જેવા લાગતા. (બલભદ્રને તેણે ઉપાડેલા તેથી) ચંદ્રવાળાં વાદળાં જેવો તે લાગતો. તે પોતે કાળો અને વેગવાળો હોવાથી (વાદળાં જેવો હતો). જેવું વાદળું કોઈ વાર હતું જ નહિ અને હોઈ શકે નહિ તેવાં વાદળાં સાથે તેની સરખામણી કરેલી છે, કારણ કે એક જ સમયે સૂર્ય, ચંદ્ર અને વિજળી એક જ વાદળાંનાં સંબંધી હોય એવું બની શકે જ નહિ. ૨૬.

પછી બલભદ્રે શું કર્યું તે આ શ્લોકમાં કહે છેઃ

**નિરીક્ષ્ય તદ્વપુરલમંબરે ચરન્ પ્રદીપ્તદગ્ભ્રુકુટિતટોગ્રદંષ્ટ્રકમ્ ।।**
**જ્વલચ્છિખં કટકકિરીટકુણ્ડલત્વિષાદ્ભુતં હલધર ઈષદત્રસત્ ।।૨૭।।**

આકાશમાં ફરતા હલધર, પ્રદીપ્ત આંખવાળું, ભ્રુકુટિ નજીક ઉગ્ર દાંતોવાળું, જ્વલતી ચોટલીવાળું અને કડાં મુકુટ અને કુંડલોની કાંતિથી અદ્ભુત તેનું શરીર (તદ્દન જૂદા પ્રકારનું) જોઈને જરા ત્રાસ પામ્યા. ૨૭.

'તેનું શરીર તદ્દન જૂદા પ્રકારનું જોઈને', બલભદ્ર પોતે 'આકાશમાં ફરતા જરા ત્રાસ પામ્યા' એવો (વાક્યનો) સંબંધ છે, તેના રૂપનું વર્ણન કરે છે, 'પ્રદીપ્ત આંખોવાળું' એટલે પ્રદીપ્ત જેની આંખ હતી તેવું (તે હતું); 'ભ્રુકુટિ નજીક ઉગ્ર દાંતોવાળું' તે હતું. તેનામાં ક્રોધે આવેશ કરેલો અને તેથી તેના મુખમાં આવો વિકાર (ફેરફાર) થએલો, એવો અર્થ છે. તે 'જ્વલતી ચોટલીવાળું' હતું, એટલે જરા લાલ અને દીપ્ત (બળતાં જેવી પ્રકાશતી) તેની ચોટલી હતી; વળી તે કડાં મુકુટ અને કુંડલોની કાંતિથી અદ્ભુત હતું. આવું પહેલાં નહિ હતું તેવું (તદ્દન જૂદા પ્રકારનું રૂપ) જોઈ 'હલધર' એટલે જેમણે (પોતાનું) આયુધ હલ ધારણ કરેલું હતું તે પણ ત્રાસ પામ્યા[1]. ત્રાસનું કારણ (તે) છલથી (ઉપાડી જતો હતો તે હતું).

---

૩. પ્રલંબે આસુરી શરીર ધારણ કર્યું, એ આ શ્લોકનો અર્થ છે. તે પ્રકાશતો હતો એવું જે વર્ણન કરેલું છે તેનો અહિં ઉપયોગ નહિ હોવાથી તે શ્લોકનો મુખ્ય અર્થ નથી, પણ તેના શરીરનું વર્ણન કરવા તેના અંગ તરીકે કહેલું છે. (લે)

૧. માત્ર (ભગવાનના આવેશ વિનાના) બલભદ્રનું આ કૃત્ય છે. આ જ (બલભદ્ર જરા ત્રાસ પામ્યા એ જ) આ શ્લોકનો અર્થ છે, ભગવાનનો આવેશ થતાં, આવેશવાળા બલભદ્રનું કાર્ય

બીજા કલ્પમાં ભગવાને બલભદ્રને (આ પ્રલંબ છે એમ) તેને ઓળખાવેલો. ૨૭.

ભગવાનનો પોતામાં આવેશ થતાં બલભદ્રે શું કર્યું, તે કહે છેઃ

**અથાગતસ્મૃતિરભયો રિપું બલો વિહાયસાર્થમિવ હરન્તમાત્મનઃ ।।**
**રુષાહનચ્છિરસિ દૃઢેન મુષ્ટિના સુરાધિપો ગિરિમિવ વજ્રરંહસા ।।૨૮।।**

પછી સ્મરણ આવતાં ભયરહિત (થઈ) બલભદ્રે આકાશમાર્ગે (કોઈ) પદાર્થની પેઠે (પોતાને) લઈ જતા પોતાના શત્રુને, જેમ ઈન્દ્રે વજ્રના વેગથી પર્વતને માર્યો હતો તેમ માથામાં ક્રોધથી દૃઢ મુઠ્ઠીનો (વેગથી) પ્રહાર કર્યો. ૨૮.

સ્મરણ આવતાં, જેની સ્મૃતિ આવેલી છે (તેવા બલભદ્ર થયા). 'અથ' 'પછી' શબ્દ દર્શાવે છે કે કેવલ(ભગવાનના આવેશ વિનાના) બલભદ્રનું આ કાર્ય નથી; તેથી જ(ભગવાનનો તેમનામાં આવેશ થવાથી જ) તે અભય એટલે 'ભયરહિત' થયા. 'આકાશમાર્ગે પોતાને લઈ જતા શત્રુને', જે 'પોતાનો' શત્રુ હોવાથી કુદરતી રીતે જ મારી નાખવા યોગ્ય હતો તેને, 'માથામાં દૃઢ મુઠ્ઠીનો ક્રોધથી પ્રહાર કર્યો.'

'માત્ર લઈ જતો હતો તેટલા માટે શા માટે માર્યો ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ઈન્દ્રે પર્વતને માર્યો હતો તેવી રીતે માર્યો'' પર્વત સર્વ લોકોને (ભયમાં રાખી તેઓના ઉપર) અપકાર કરતો હતો[1] તેવી જ રીતે આ પણ લોકો ઉપર અપકાર કરતો હતો તેથી જ માર્યો. તે પોતાનો બચાવ કરી શકે નહિ અથવા સામો પ્રહાર કરી શકે નહિ તે માટે 'વેગથી' માર્યો. આ 'વેગથી' શબ્દ યોજેલો છે, તેથી માત્ર મુઠ્ઠીના પ્રહારથી તે મરણ કેમ પામ્યો હશે ? એવી શંકા પણ મટી જાય છે. ૨૮.

પછી શું થયું તે આ શ્લોકમાં કહે છેઃ

**સ આહતઃ સપદિ વિશીર્ણમસ્તકો મુખાદ્વમન્ રુધિરમપસ્મૃતોસુરઃ ।।**
**મહારવં વ્યસુરપતત્ સમીરયન્ ગિરિર્યથા મઘવત આયુધાહતઃ ।।૨૯।।**

મરાએલો તે અસુર તરત જ ભાંગેલા માથાવાળો થઈ, મુખમાંથી લોહી ઓકતો સ્મૃતિરહિત થઈ, ઘણો અવાજ કરતો પ્રાણો તજી, જેમ ઈન્દ્રના આયુધથી ઘવાએલો પર્વત પડ્યો હતો તેમ પડ્યો. ૨૯.

'આ' એટલે આજુબાજુથી 'હતઃ' એટલે 'મરાએલો' તે 'તરત જ ભાંગેલા માથાવાળો' થયો. પછી 'મુખમાંથી લોહી ઓકતો' એટલે શરીરની [1]અંદર રહેલો

---

આવતા (૨૮મા) શ્લોકમાં કહેલું છે. (લે)

૧. પહેલાં પર્વતોને પાંખો હતી અને તે આકાશમાં ઉડતા, લોકોને તેથી પર્વત પોતા ઉપર પડે તો પોતાનેકચરીમારીનાખેતેવોસદાભયરહેતો,તેથીઈન્દ્રેવજ્રથીતેઓનીપાંખોકાપીનાખીહતી.

(૨૯)૧. માથું ભાંગવાથી તેના બહારના દોષો ગયા, અને લોહી ઑકી કાઢવાથી તેના અંદરના દોષો ગયા. તેથી તે મુક્તિને યોગ્ય થયો એવો ભાવ છે. (લે) આ વિચારવા યોગ્ય છે કારણ કે

દોષ પણ કાઢી નાખતો, 'સ્મૃતિરહિત' પણ થયો. આવી રીતે તેનાં દેહ, ઇન્દ્રિય અને મન વિકલ થયાં એમ કહેલું છે, (માથું ભાગ્યું એ દેહ વિકલ થયો, રુધિર ઓકી કાઢ્યું તેથી ઇન્દ્રિયો વિકલ થઈ એમ જણાય છે, સ્મૃતિ ગઈ એ મનની વિકલતાનું પરિણામ છે), તો પણ તે 'અસુર' હતો તેથી તેનો રાજસભાવ તેણે દર્શાવ્યો, એમ 'ઘણો અવાજ કરતો પ્રાણો તજી પડ્યો' એ શબ્દોથી કહેલું છે, તેના પ્રાણો તો તે આકાશમાં હતો ત્યારે જ જતા રહ્યા, પછી તે ભૂમિ ઉપર પડ્યો. પડ્યા પછી તે પાછો ઉભો થયો નહિ, એમ જણાવવા પર્વતનું દૃષ્ટાંત આપે છે. 'ઇન્દ્રના આયુધથી' એટલે વજ્રથી 'ઘવાએલો પર્વત જેમ' પડ્યો હતો તેમ એ પડ્યો, ત્યાર પછી પર્વતની પેઠે તે કોઈવાર ત્યાંથી ઉઠ્યો નહિ, તેમજ વધ્યો પણ નહિ[2]. પર્વતની પેઠે જ હાડકાંનો ઢગલો થઈ પડ્યો એવો અર્થ છે. ૨૯.

પછી શું થયું તે આ શ્લોકમાં કહે છેઃ

**દૃષ્ટ્વા પ્રલંબં નિહતં બલેન બલશાલિના ।।**
**ગોપાઃ સુવિસ્મિતા આસન્ સાધુ સાધ્વિતિ વાદિનઃ ।।૩૦।।**

બલવાન બલભદ્રે પ્રલંબને હણ્યો તે જોઈને ગોપો બહુ વિસ્મય પામ્યા અને 'સારું (થયું) સારું (થયું)' એમ કહેવા લાગ્યા. ૩૦.

'બલભદ્ર' પ્રલંબને હણે તેમાં કાંઈ આશ્ચર્ય ગોપોને થયું ન હતું કારણ કે બલભદ્ર 'બલવાન' હતા, છતાં 'બલભદ્રે' આ પ્રલંબ અસુર છે એમ કેવી રીતે એને ઓળખ્યો? આને આમ કરવાથી આ મરી જશે એ પ્રમાણે તરત જ તેને મારવાનો ઉપાય બલભદ્રને કેવી રીતે સ્ફુર્યો ? અથવા 'બલભદ્રના એક જ પ્રહારથી તે કેવી રીતે મરણ પામ્યો ?' એવા વિચારથી તેઓ બહુ વિસ્મય પામ્યા, અથવા તેઓ 'ગોપાલ' (અભણ, બલભદ્રનું પરાક્રમ વિગેરે નહિ જાણનાર) હોવાથી બહુ વિસ્મય પામ્યા, એટલે તેઓને ઘણું આશ્ચર્ય થયું. પ્રથમ (પ્રલંબ બલભદ્રને ઉપાડી આસુર શરીરથી આકાશમાં લઈ જતો હતો ત્યારે) તેઓ ચિંતાથી આકુલ થએલા, અને પ્રલંબ માત્ર હણાયો તેથી જ 'સારું થયું–સારું થયું' એમ કહેવા લાગ્યા. પછી તે ગોપો જ દેવો થયા[1], એટલે તેઓએ દેવભાવ (દેવતાપણું) પ્રાપ્ત કર્યો. ૩૦.

---

તેના પ્રાણો આકાશમાં હતો ત્યારે જ ગયા છે. અસુરોને મુક્તિ ન મળે તે માટે જ તેઓ આકાશમાં હોય, ત્યારે જ ભગવાન્ તેમને હણે છે. વત્સાસુર તે માટે આકાશમાં જ હતો ત્યારે જ તેના પ્રાણ ગએલ. જૂઓ ૧૦।૧૨।૩૨ સુબોધિની.

૨. કદાચિત્ અસુરો આવી મૃતસંજીવિની વિદ્યાથી તેને સંજીવન કરે તો તે ત્યાંથી ઉઠે અને તેની વૃદ્ધિ પણ થાય એવું સંભવે, (તેથી વધ્યો નહિ એમ કહેલું છે). (લે)

૧. 'ગોપાઃ' મૂલમાં છે ત્યાં 'દેવાઃ' એવો બીજો પાઠ છે એમ જણાય છે. આ બીજો પાઠ લઈ તેનો અર્થ કરેલો છે. અથવા આ પછીના (૩૧મા) શ્લોકમાં 'તેઓએ આશિષો દીધી' એમ કહેલું છે, ત્યાં પોતાનું હિત બલભદ્રે કરેલું છે એવું તેઓને જ્ઞાન થયા પછી જ તેઓ આશિષો

**આશિષોભિગૃણન્તશ્ચ પ્રશશંસુસ્તદર્હણમ્ ।।**
**પ્રેત્યાગતમિવાલિંગ્ય પ્રેમવિહ્વલચેતસઃ ।।૩૧।।**

(તેઓએ) આશિષો દીધી અને તેમની (બલભદ્રની) પૂજા થાય તેવી રીતે સ્તુતિ કરી, મૃત્યુ પામીને પાછા આવેલા હોય તેમ આલિંગન કરી પ્રેમથી વિહ્વલ ચિત્તવાળા થયા. ૩૧.

પછી તેઓ જ દેવો[1] થયા, એટલે તેઓએ દેવભાવ પ્રાપ્ત કરી બલભદ્રને 'આશિષો દેનારા' થયા અને 'ઘણું જીવો, અમારું પાલન કરો' એવી આશિષો દીધી. 'બલભદ્રની પૂજા' જેવી રીતે 'થાય તેવી રીતે સ્તુતિ કરી' એટલે તેમની પૂજા કરીને પછી તેમની સ્તુતિ કરી. આ પ્રમાણે ઉત્તમ(ગોપો)ના ઉત્તમ ભાવ અને હલકા(બલભદ્રથી નાના)ના હલકાભાવનું નિરૂપણ કર્યું[2], સમભાવવાળા ગોપોએ જે કર્યું તે ઉત્તરાર્ધમાં કહે છે કે (બલભદ્ર) મૃત્યુ પામીને પાછા આવ્યા હોય તેમ (તેમને) આલિંગન કરી પ્રેમથી વિહ્વલ ચિત્તવાળા પણ થયા. ૩૧.

ભૂતલ ઉપરના પ્રાણીઓનું પ્રલંબના વધથી હિત થયું એટલું જ નહિ, પરંતુ દેવોનું પણ તેથી હિત થયું એમ આ શ્લોકમાં કહે છેઃ

**પાપે પ્રલમ્બે નિહતે દેવાઃ પરમનિર્વૃતાઃ ।।**

---

આપે એ સંભવે, તેથી તેમણે આશિષો આપેલી હોવાથી તેમને એવું જ્ઞાન થયું હતું એમ જણાવેલું છે. તેમના અંતઃકરણના દોષો દૂર કર્યા એ જ તેઓનું હિત કરેલું. પ્રલંબ અંતઃકરણના દોષરૂપ હતો એવું જ્ઞાન હોય, તો જ તેને મારવાથી તેમના અંતઃકરણના દોષો દૂર કર્યા એવું જ્ઞાન તેઓને થાય. તેથી 'પ્રલંબ અંતઃકરણના દોષરૂપ હતો' એવું પણ જ્ઞાન તેઓને થયું હતું, એમ આ આશિષો તેઓએ આપી તેથી સૂચવેલું છે. તેઓના અંતઃકરણના દોષો મટતાં તેઓનાં જ્ઞાન અને ઇન્દ્રિયો આવી રીતે અલૌકિક થયાં હતાં; તેથી તેઓના એ દોષો જતાં તેઓ દેવો થયા હતા અને આવું બધું જ્ઞાન તેઓને થયું હતું એમ અહિં કહેલું છે.

'માત્ર દોષો દૂર થવાથી દેવભાવ કેવી રીતે પ્રાપ્ત થાય ?' એવી શંકા થાય, તેથી કહે છે કે દોષરહિત થએલા તેઓના પ્રાણ વિગેરેએ દેવભાવ-આધિદૈવિકભાવ પ્રાપ્ત કર્યો. 'આસન્ય હરિની સેવાથી' આવો આધિદૈવિક ભાવ પ્રાપ્ત થાય. તેઓએ આસન્યની ઉપાસના કરી એ આવતા અધ્યાયમાં સ્પષ્ટ થશે. (પ્ર)

૧. ૩૨મા શ્લોકનું 'દેવ' પદ અહિં લીધું છે. આ ભૂમિ પરના દેવ છે. ૩૨મા શ્લોકમાં સ્વર્ગના દેવ કહ્યા છે. (લે)

૨. ઉત્તમ ગોપો એટલે ભગવાનનું ચિંતન કરનારા, હીન ગોપો એટલે બલભદ્રનું ચિંતન કરનારા અને મધ્યમ (સમભાવવાળા) એટલે બંનેનું મિશ્ર રીતે ચિંતન કરનારા. ઉત્તમ ભાવ એટલે આ અસુરને સારી રીતે માર્યો એવો ભાવ. બીજો ભાવ સ્પષ્ટ છે. (પ્ર)

ઉત્તમ એટલે વૃદ્ધ ગોપો, તેમણે આશિષો આપી, એ ઉત્તમ ભાવ દર્શાવ્યો. હલકા એટલે નાના (બાલ) ગોપો, તેમણે પૂજા કરી અને સ્તુતિ કરી એ (પોતાનો) હલકો ભાવ દર્શાવ્યો એવો અર્થ છે. (યો) સમભાવવાળાનું કૃત્ય પણ આગળ કહેલું છે તે વિચારતાં યોજનામાં કરેલો અર્થ વધારે યોગ્ય જણાય છે.

**અભ્યવર્ષન્ બલં માલ્યૈઃ શશંસુઃ સાધુ સાધ્વિતિ ।।૩૨।।**

પાપરૂપ પ્રલંબ હણાતાં દેવો ઘણા સુખી થયા. તેઓએ બલભદ્ર ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી અને 'સારું કર્યું–સારું કર્યું' એમ તેમની પ્રશંસા કરી. ૩૨.

'પાપરૂપ' આ 'પ્રલંબ હણાતાં' શુદ્ધ સત્ત્વવાળા દેવો ઘણા સુખી થયા, અને કંસ વિગેરેથી પણ ભયરહિત થયા. તેથી તેઓએ બલભદ્ર ઉપર પુષ્પોનો વરસાદ વરસાવ્યો એટલે પુષ્પોની વૃષ્ટિ કરી; અને તેમની સ્તુતિ કરી એટલે 'સારું કર્યું સારું કર્યું' એમ પ્રશંસા કરી. (આ બલભદ્રનું કાર્ય ઘણું સારું હતું) તેમ ન હોય તો કારણ કે, એક બીજાને ઉપાડીને આકાશમાં લઈ જતો હોય ત્યાં જેને તે ઉપાડીને લઈ જતો હોય તે પોતાના રક્ષણની ચિંતા રાખતો હોય તો ઉપાડી લઈ જનારને મારે એ અશક્ય છે; (કારણ કે તેને મારવાથી પોતે પણ આકાશમાંથી ભૂમિ પર પડતાં પોતાનાં પ્રાણ પણ જાય), તેને મારવાનો બીજો કોઈ એવો પ્રકાર નથી (કે જેથી પોતાના પ્રાણ બચાવી શકાય), તેથી બલભદ્રે ઘણા સાહસથી (પોતાના પ્રાણના જોખમે) એ કાર્ય કર્યું, તેથી દેવોએ 'સારું કર્યું સારું કર્યું' એમ કહ્યું. તેઓએ આવી રીતે પ્રશંસા કરી, તે તેઓનું દેવપણું જણાવે છે. પુષ્પોની વૃષ્ટિ કરી એ તેઓને થએલ હર્ષ દર્શાવે છે. આથી એમ જણાવેલું છે કે દોષો દૂર થાય તેથી તેના[1] અભિમાનીઓને પણ સુખ પ્રાપ્ત થાય છે, આવી રીતે ભગવાને અંતઃકરણનો દોષ દૂર કર્યો, તે કાર્યને તેઓએ[2] અને દેવોએ અનુમોદન આપ્યું. ૩૨.

**ઈતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની શ્રીસુબોધિનીના દશમસ્કંધના વિવરણમાં**
**પંદરમા અધ્યાયનું[3] વિવરણ સમાપ્ત.**

---

૧. તેના એટલે અંતઃકરણના અભિમાનીઓના, જેઓ અલૌકિકમાં પ્રવૃત્તિ થવાના કારણરૂપ છે તેના. (લે) તેના એટલે દોષના.

૨. તેઓએ એટલે દોષરહિત થએલ ગોપોએ 'સારું કર્યું સારું કર્યું' એમ કહી અનુમોદન આપ્યું. (યો)

૩. આ શ્રીપ્રધાન અધ્યાય છે. વૃંદાવનના ગુણોથી તેની શોભા થઈ તે શોભારૂપ શ્રી છે અને તેણે ત્યાં ક્રીડા કરી છે એમ પહેલાં સોળ શ્લોકથી કહેલું છે. (પ્ર)

આ અધ્યાયનું તાત્પર્ય અંતઃકરણના દોષને દૂર કરવાનું છે અને પ્રલંબ તે દોષરૂપ હતો, એ ધ્યાનમાં રાખવા જેવું છે.

# અધ્યાય સોળમો

## શ્રીકૃષ્ણનું દ્વિતીય દાવાગ્નિના પાનદ્વારા સ્વરૂપવિસ્મૃતિ દોષનિવારણ

**અજ્ઞાનાત્મા હ્યાત્મદોષો દવાગ્નિસ્તન્નિવારણમ્ ।।**
**ષોડશે પ્રોચ્યતે સમ્યઙ્નિરોધઃ સેત્સ્યતે તતઃ ।।૧।।**

અજ્ઞાનરૂપ આત્માનો દોષ દવાગ્નિ છે, તેનું નિવારણ સોળમા અધ્યાયમાં કહેવામાં આવે છે. તેથી (તેના નિવારણથી) સારી રીતે નિરોધ સિદ્ધ થશે. કા.૧.

અહિં સોળમા અધ્યાયનું તાત્પર્ય કહેવામાં આવે છે, કથાની સંગતિ પહેલાંના (પંદરમા અધ્યાયના) જેવી જ છે, તેથી તે કહેતા નથી પણ સ્કંધાર્થની સંગતિ કહે છે. અજ્ઞાનરૂપ એટલે સ્વરૂપના અજ્ઞાનરૂપ પાંચમો આત્માનો દોષ દવાગ્નિ છે. (જીવ પોતાના સ્વરૂપને જાણતો નથી,) ''જો (જીવ) પોતાને જાણતો હોય કે 'હું આ પુરુષ છું' તો કયા પદાર્થની ઈચ્છાથી અથવા શા કારણથી શરીરની પાછળ જ્વરિત થાય (દુઃખી થાય) ?'' એ શ્રુતિ પ્રમાણે એકઠું થએલું સ્વરૂપનું અજ્ઞાન જ જ્વર (તાપ) છે. તેનું નિવારણ આ સોળમા અધ્યાયમાં કહેવામાં આવે છે. અવિદ્યાનાં બીજાં પર્વોનું મૂલ આ પર્વ છે, તેનો નાશ અહિં કહેવામાં આવશે. તે અવિદ્યાનું પર્વ દૂર થતાં સાધારણ ભક્તોનો નિરોધ સિદ્ધ થશે. ભગવાનની લીલામાં પોતા માટે જે યોગ્ય હોય તેનું શ્રવણ તથા આચરણ કરવું અને અયોગ્ય હોય તેનું શ્રવણ તથા આચરણ ન કરવું અને દોષની નજર ન રાખવી, એવો તેઓનો નિરોધ થશે, તેથી સ્વરૂપની યોગ્યતા થાય તે માટે આ દવાગ્નિના નિવારણનું નિરૂપણ કરવામાં આવે છે. (પ્ર)

જીવમાં ભગવાનનું અજ્ઞાન (તે ભગવાનને ન જાણે તે) હોય, એ તેનો દોષ દવાગ્નિરૂપ છે, એવો અર્થ છે. તેનું નિવારણ થવાથી જીવોને સારી રીતે નિરોધ સિદ્ધ થાય છે... વિગેરે કારિકાથી, આનું પ્રમાણ (અર્થાપત્તિથી અનુમાન) કહેલું છે; કારણ કે દવાગ્નિનું નિવારણ થયા પછી ગોપોએ શ્રીકૃષ્ણ અને બલદેવને ઉત્તમ દેવો માન્યા (શ્લોક ૧૪); એટલે તેઓને તેમનું જ્ઞાન થયું, તેથી દવાગ્નિ જ જીવનો ઉપર જણાવેલો (ભગવાનને ન જાણવારૂપ) દોષ છે એ યોગ્ય છે, એમ જણાવવા કારિકામાં 'હિ' શબ્દ યોજેલો છે. (લે)

શ્રીકૃષ્ણોપનિષદ્‌માં કહ્યું છે કે 'લોભ ક્રોધ વિગેરે દૈત્યો છે' તેથી શ્રીકૃષ્ણાવતારમાં જેઓનો નાશ કરવામાં આવ્યો, તે બધા દૈત્યો હતા. અવિદ્યાનાં પાંચ પર્વ છે; તે પૈકી (૧) દેહાધ્યાસ-ધેનુકનો નાશ કર્યો; (૨) ઈન્દ્રિયાધ્યાસ દોષ કાલિયનું દમન કરી મટાડ્યો; (૩) પ્રાણના દોષરૂપ પહેલા દવાગ્નિનો પણ નાશ

કર્યો; (૪) અંતઃકરણના દોષરૂપ પ્રલંબનો પણ નાશ કર્યો; (૫) સ્વરૂપાજ્ઞાનરૂપ બીજો દવાગ્નિ છે, તેનો નાશ આ અધ્યાયમાં કહેવામાં આવશે. એ પ્રમાણે દેહ, ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણ, એ ચારના અધ્યાસરૂપ ચાર દોષો અને સ્વરૂપનું વિસ્મરણ, એ પાંચે અવિદ્યાનાં પર્વો દૂર થાય છે. (યો)

અજ્ઞાનરૂપ એટલે સ્વરૂપના અજ્ઞાનરૂપ, આવી રીતે જુદા જુદા દૈત્યોનો વધ કરી તે તે દોષો દૂર કરી નિરોધ સિદ્ધ કરવામાં આવે છે, તેથી આ બધાં નિરોધનાં અંગ હોવાથી નિરોધના સ્કંધમાં (દશમસ્કંધમાં) તેમનું નિરૂપણ કરવામાં આવે છે, એમ સ્કંધના અર્થની સંગતિ કહે છે. (કા)

**તતો દાસૈર્મુદા લીલા સ્વચ્છન્દાગ્રે ભવિષ્યતિ ।।**
**સ્ત્રીણાં ચૈવ મનઃપ્રીતિસ્તદાસક્તિઃ ફલિષ્યતિ ।।૨।।**

તેથી (પછી) દાસો સાથે સ્વચ્છંદ લીલા આગળ થશે અને સ્ત્રીઓના મનની પ્રીતિ પણ થશે (અથવા સ્ત્રીઓના જ મનની પ્રીતિ થશે) ત્યારે ભગવાનમાં આસક્તિ ફલશે. કા.૨.

આ પ્રમાણે સાધારણ નિરોધ સિદ્ધ થશે. તેનો પણ મુખ્ય લીલામાં ઉપયોગ હોવો જોઈએ, મુખ્ય લીલામાં તેનો ઉપયોગ ન હોય તો તે કરવાનું કાંઈ પ્રયોજન ન હતું, તેથી તેનો મુખ્ય લીલામાં ઉપયોગ શું છે તે આ કારિકાથી જણાવે છે. તેથી એટલે આસક્તિરૂપ નિરોધ થવાથી, દાસો–ગોપો સાથે એવી સ્વચ્છંદ લીલા થશે અને સ્ત્રીઓની પણ ભગવાનમાં આસક્તિ ફલશે, 'એવ' મૂલમાં છે તે 'અપિ' (પણ)ના અર્થમાં યોજાએલ છે. તેથી સત્તરમા અને અઢારમા અધ્યાયમાં જે ભગવાનની લીલા કહેવામાં આવશે તે આ દોષો મટવાથી થતા નિરોધથી સિદ્ધ થશે; એટલે અગીઆરથી સોળ સુધીના પાંચ અધ્યાયો સત્તર અને અઢારમા અધ્યાયોમાં કહેલી લીલાના ઉપોદ્‌ઘાતરૂપે છે એમ જણાવ્યું છે. (પ્ર)

ભગવાનમાં પ્રીતિ થતાં આસક્તિરૂપ ફલ તો માત્ર સ્ત્રીઓને જ પ્રાપ્ત થવાનું છે, એમ દર્શાવવા આ કારિકામાં 'એવ' 'જ' શબ્દ યોજેલો છે (પુરુષોને આવું ફલ થવાનું નથી). સત્તરમા અધ્યાયના આરંભની બીજી કારિકામાં 'ગોપોને પણ એવું ફલ થશે' એમ છે, પણ તે માત્ર સૂચવેલું છે, પરંતુ સ્ત્રીઓને તો આ ફલ થશે એમ સ્પષ્ટ કહેલું છે, તેથી અઢારમા અધ્યાયના આરંભની પ્રથમ કારિકામાં 'સ્ફુટ' શબ્દ યોજેલો છે. (લે)

પછી એટલે પાંચ પર્વોવાળી અવિદ્યા દૂર થયા પછી, દાસો એટલે દોષરહિત ગોપો જેમણે સ્વરૂપ જાણ્યું છે અને સેવા કરે છે, તેમની સાથે આનંદથી લીલા કરવામાં આવશે. તે લીલા સત્તરમા અધ્યાયમાં કહી છે. વળી વેણુનાદ કરી વ્રજસ્ત્રીઓના મનમાં ભગવાને પ્રીતિ ઉત્પન્ન કરી, એ લીલા અઢારમા

અધ્યાયમાં કહેવામાં આવશે. (યો)

તેથી એટલે આસક્તિરૂપ નિરોધથી, દાસો-ગોપો સાથે લીલા થશે તે સત્તરમા અધ્યાયમાં કહેવાશે, અને સ્ત્રીઓની ભગવાનમાં આસક્તિ ફલશે તે અઢારમા અધ્યાયમાં કહેવામાં આવશે એવો અર્થ છે. (કા)

શ્રીશુક કહે છેઃ

**ક્રીડાસક્તેષુ ગોપેષુ તદ્ગાવો દૂરચારિણીઃ ।।**
**સ્વૈરં ચરન્ત્યો વિવિશુસ્તૃણલોભેન ગહ્વરમ્ ।।૧।।**

ગોપો ક્રીડામાં આસક્ત થતાં તેમની ગાયો દૂર ગઈ, (અને) પોતાની ઈચ્છા પ્રમાણે ચરતી ઘાસના લોભથી (ગીચ) જંગલમાં પેઠી. ૧.

એવી[1] રીતે પ્રલંબના વધના પ્રસંગને લીધે ગોપો ક્રીડામાં આસક્ત થતાં પોતાનાં પશુરૂપી ધનને વિસરી ગયા, તેથી તેઓની ગાયો જ્યાં ત્યાં ગઈ. અંતઃકરણનો દોષ હરાતાં જીવની અસદ્ અવસ્થા[2] થાય છે, એટલે અજ્ઞાન સર્વથી બલવાન હોય તેના જેવું[3] થાય છે; ઉપાધિ[4] દેહનો ખરાબ પદાર્થમાં પ્રવેશ થતાં

---

૧. સ્કંધાર્થની સંગતિ કારિકામાં કહી, હવે અધ્યાયના અર્થનું તાત્પર્ય કહે છે. પદ્મપુરાણમાં પ્રલંબનો વધ ફાગણમાસમાં કર્યાનું લખેલું છે, અહિં ગ્રીષ્મઋતુનું ગયા અધ્યાયમાં વર્ણન કર્યું છે તેથી આ અધ્યાયમાં કહેલા સમયે પણ તે જ ઋતુ છે, અને ગોપો પ્રલંબનો વધ અને દાવાગ્નિના પાનની વાત વ્રજમાં એક જ દિવસે કહેશે; તેથી અહિં પદ્મપુરાણમાં કહ્યું છે તે પ્રમાણે (તે બે જુદા જુદા દિવસે થએલ) નથી, (પણ એક જ સમયે ગ્રીષ્મમાં થએલ છે) એમ જણાવવા આ વાક્યથી કથાની સંગતિ એવી રીતે પદથી કહે છે. (પ્ર)

૨. અસદ્ અવસ્થા એટલે કૈવલ્ય. (પ્ર) અંતઃકરણનો અધ્યાસ હોય ત્યારે 'હું આનો અનુભવ કરું છું; હું આનું સ્મરણ કરું છું' એવું જીવને જ્ઞાન થાય છે. આ જ્ઞાન અન્યથા (ખોટું) જ્ઞાન છે, પણ જીવ તેને લીધે પરતંત્ર રહેવાથી 'હું છું' એવું તેને ભાન રહે છે. જ્યારે અંતઃકરણનો દોષ જતો રહે છે ત્યારે જીવને આવું અન્યથાજ્ઞાન હોતું નથી, તેથી 'હું છું' એવું ભાન તેને સારી રીતે રહેતું નથી; તેથી તેનામાં જ્ઞાનનો અભાવ જ સર્વથી બલવાન હોય છે, આ તાત્પર્ય આ અધ્યાયના ત્રીજા શ્લોકમાં જણાવેલું છે, કારણ કે તેઓ પશુઓ ક્યાં ગયાં તે જાણી શક્યા નહિ, ત્યાં ત્રીજા શ્લોકના આભાસમાં (તેનું અવતરણ કરતાં) 'જેઓનો અંતઃકરણનો દોષ દૂર થયો હતો તેઓનું સ્મરણ કહે છે' એમ કહેલું છે, પણ તે તો 'તેઓ ગાયો ક્યાં ગઈ તે શોધતા હતા' એનું તાત્પર્ય જ કહેલું છે. (યો)

દેહ વિગેરેનો અધ્યાસ જતાં તે પોતાના છે એમ નિશ્ચયપૂર્વક કહી શકાય નહિ, અને પોતાના ખરેખરા સ્વરૂપનું જ્ઞાન થયું નથી (સ્વરૂપાજ્ઞાન હજી ગયું નથી) તેથી અસદ્ અવસ્થા છે. (લે)

૩. ચાર પ્રકારના અધ્યાસરૂપ અવિદ્યા ગઈ (પણ સ્વરૂપાજ્ઞાન રહ્યું) તેથી બલવાન; છતાં ભગવાન્ તેને દૂર કરનાર છે, તેથી બલવાન હોય તેના 'જેવું' (ઈવ) કહેલું છે. (લે)

૪. અન્યથા જ્ઞાનની ઉપાધિ થએલો દેહ. તે જ્યારે ખરાબ પદાર્થમાં પ્રવેશ કરે ત્યારે તેમાં રહેલા

તેના પ્રસંગને લીધે આત્મા પણ તે દોષવાળો થાય છે. એમ થાય ત્યારે ગાયોને[૫] દાહ થતાં ગોપાલોને પણ દાહ થયો એમ કહેવાય છે. આવી રીતે સર્વનો નાશ થવાનો સમય આવે ત્યારે[૬] હરિ જે રક્ષણ કરનાર છે, તેમની(હરિની) ઉપેક્ષા(અવગણના) કરવામાં આવે તો સર્વનો નાશ જ થાય; પણ જો હરિને શરણે જવામાં આવે તો (સર્વનું) રક્ષણ થાય તેથી સર્વ ઉપાધિઓથી[૭] છૂટેલ હોય તેણે પણ હરિને શરણે જવું જોઈએ, એવો (સિદ્ધાંત છે). ગોપો ક્રીડામાં આસક્ત થતાં તેમના સંબંધવાળી એટલે તેમની ગાયો, કોઈ રક્ષણ કરનાર નહિ હોવાથી દૂર ચરનારી થઈ એટલે દૂર ગઈ, પછી પોતાની ઈચ્છા પ્રમાણે ચરતી ઘાસના લોભથી (ગીચ) જંગલમાં એટલે જરા પણ પ્રવેશ કરી શકાય નહિ તેવા સ્થાનમાં પેઠી. તેવી જ રીતે દેહની ઉપેક્ષા કરવામાં આવે (દરકાર કરવામાં ન આવે), તો તે ઘણા અશક્ય સ્થાનમાં જાય છે. ૧.

**અજા ગાવો મહિષ્યશ્ચ નિર્વિશન્ત્યો વનાદ્વનમ્ ।।**
**ઈષીકાટવીં નિવિવિશુઃ ક્રન્દન્ત્યો દાવતર્ષિતાઃ ।।૨।।**

બકરીઓ, ગાયો અને ભેંસો એક વનમાંથી બીજા વનમાં પેસતાં ઈષિકાવનમાં પેઠી અને રડતી તાપથી તરસી થઈ. ૨.

દેહ ત્રણ પ્રકારના (સાત્ત્વિક, રાજસ અને તામસ) છે, એમ જણાવવા તે દિવસે બકરીઓ રાજસ, ગાયો સાત્ત્વિક અને ભેંસો તામસ[૧] (ચરતાં હતાં એમ કહેલું છે). પહેલાં ધર્મરક્ષા માટે જ પશુઓનું નિરૂપણ કરેલું હોવાથી રાજસ અને તામસ પશુઓ (બકરીઓ અને ભેંસો)નું નિરૂપણ કરેલું ન હતું. મૂલમાં 'ચ' અને છે તે એમ દર્શાવે છે કે આ પશુઓ સાથે બીજાં હરણ વિગેરે અથવા લીલા માટે સાથે લીધેલા કૂતરાઓ પણ હતા. તેઓ એક વન તજી બીજા વનમાં પેઠાં. પહેલાં કહેલા વનમાં (વૃંદાવનમાં) દેવતા સમીપ હતી અને ઉપદ્રવ પણ ન હતો, તેથી તે વનનો ત્યાગ કરી તેઓ બીજા વનમાં ગયાં, એમ કરવામાં પણ તેઓની સાથે

---

આત્માને પણ કાંઈક દોષનો સંબંધ થાય. (લે)

૫. 'ગાય' પદથી અહિં 'દેહ' કહેલ છે, બ્રહ્મસૂત્રના પ્રથમાધ્યાયના ચોથા પાદના પ્રથમ આનુમાનિક સૂત્રમાં પ્રકરણના (પૂર્વાપર સંબંધના) બલથી નીચે પ્રમાણે શબ્દોનો અર્થ કરેલો છેઃ મહત્=બ્રહ્મનું જ્ઞાન. અવ્યક્ત=(પ્રકટ નથી તે) ભગવાનની કૃપા. (બ્રહ્મસૂત્ર ૧|૪|૧) તે પ્રમાણે અહિં પ્રકરણના બલથી 'ગાય' શબ્દ યોજેલો છે એમ જણાય છે. (પ્ર)

૬. એ પ્રમાણે દોષ કેવી રીતે થાય છે એ જણાવી, અહિંથી તે દોષ મટાડવાનો ઉપાય હરિ વિગેરેથી કહે છે. (પ્ર)

૭. સર્વ ઉપાધિઓથી છૂટેલ એટલે ચારે પ્રકારના અધ્યાસરહિત. (લે)

૧. બકરીઓ,ગાયોઅનેભેંસોરાજસ,સાત્ત્વિકઅનેતામસદેહનીતુલ્યછેએમજણાવ્યુંછે.(યો)

તેઓનું રક્ષણ કરનાર કોઈ નહિ હોવાથી ઈષીકાવનમાં પેઠાં, ઈષીકાવનમાં પ્રવેશ કરવો કઠણ અને તેમાંથી બહાર નીકળવું પણ કઠણ હોય છે; કારણ કે તે ઈષીકા (એટલે મુંજ ઘાસ) એક વર્ષનું ઘરડું[2] અને નાશ પામવાની (મરણની) તૈયારીમાં હતું. તે પોતે જ મરવા પડેલું તે બીજાની રક્ષા કેવી રીતે કરે ? તેથી ત્યાં પ્રવેશ કરેલાં પશુઓ રડવા (રાડો પાડવા) લાગ્યાં[3] અને (ઉનાળાના) તાપને લીધે તરસ્યાં થયાં. આવી રીતે ગાયોએ (પશુઓએ) પોતાની મેળે પોતાના રક્ષક ગોપોનો સંબંધ ગૂમાવ્યો, અને અનિષ્ટ પદાર્થોનો[4] તેમને સંબંધ થયો, એમ કહેલું છે. ૨.

જેઓનો અંતઃકરણનો દોષ દૂર થયો હતો તેઓને તેવા પશુઓનું સ્મરણ થયું[1] તે અહિં કહે છેઃ

**તેપશ્યન્તઃ પશૂન્ ગોપાઃ કૃષ્ણરામાદયસ્તદા ।।**
**જાતાનુતાપા ન વિદુર્વિચિન્વન્તો ગવાં ગતિમ્ ।।૩।।**

ત્યારે શ્રીકૃષ્ણ બલભદ્ર વિગેરે ગોપો પશુઓને નહિ જોતાં પશ્ચાત્તાપ કરવા લાગ્યા, અને શોધતાં ગાયોની સ્થિતિ જાણી શકયા નહિ. ૩.

તે ગોપાલો (ગોપો) પશુઓને નહિ જોતાં, શ્રીકૃષ્ણ અને બલભદ્ર જેઓમાં મુખ્ય છે તેવા થયા; ખોવાએલાં પશુઓની સ્થિતિ જાણવા માટે તેઓએ ભગવાનને પોતાઓમાં મુખ્ય (નાયક) બનાવ્યા અને 'માર્ગે માર્ગે ગયા', એમ આગળ (શ્લોક ૪માં) કહેલું છે, તે સાથે આનો સંબંધ છે. પહેલાં ત્યારે એટલે ક્રીડા પૂરી થઈ તે દશામાં (તે સમયે), પશુઓનું સ્મરણ થયા પછી પશ્ચાત્તાપ કરવા લાગ્યા. જે લીલા[2] (ક્રીડા) તેઓએ કરી તે ન કરી હોય તેવી જણાઈ (તેનો આનંદ જતો રહ્યો), તેથી જ શોધતાં છતાં ગાયોની સ્થિતિ જાણી શક્યા નહિ. ધર્મનું પાલન કરવામાં તો ગાયો જ મુખ્ય[3] છે, તેથી બકરીઓ અને ભેંસો કરતાં ગાયોની

---

૨. 'ગ્રામ્ય પશુઓનો સમૂહ અને વૃદ્ધને માટે સ્ત્રીલિંગ યોજાય છે' એ વ્યાકરણના નિયમ પ્રમાણે અહિં 'ઈષીકા' શબ્દ સ્ત્રીલિંગમાં હોવાથી, તે ઘાસ ઘરડું થયું હતું એમ જણાય છે. (ટિ)

૩. તેઓનું રક્ષણ કરનાર ગોપો તેઓની સાથે ન હતા, આ રડવા લાગ્યાં શબ્દથી જણાવેલું છે. (લે)

૪. 'તાપને લીધે તરસ્યાં થયાં' તેથી અનિષ્ટ પદાર્થ-તાપનો સંબંધ તેમને થયો એમ કહેલું છે. (લે)

૧. આ ત્રીજા અને ચોથા શ્લોકનું તાત્પર્ય કહેલું છે, અવિદ્યાનું એક પર્વ પણ રહ્યું હોય ત્યારે બીજાં પર્વ પાછાં આવે છે, એમ સૂચવવા અહિં ગાયો(દેહ)નું પુનઃ સ્મરણ થયું એમ કહેલું છે. આવી રીતે દેહનું સ્મરણ થતાં, તેના પરિણામ તરીકે પશ્ચાત્તાપ, અજ્ઞાન, સ્થિતિ શોધવાનું કાર્ય અને તેમના રસ્તે રસ્તે જવાનું, એ કહેલાં છે એવો ભાવ છે. (લે)

૨. લીલા એટલે અંતઃકરણનો દોષ દૂર કરવાની લીલા. (પ્ર)

૩. ગાયો જ ધર્મમાં મુખ્ય છે, તે જતાં ધર્મ પણ ગયો એમ સૂચવેલું છે. (પ્ર)

જ સ્થિતિ શોધવા પ્રયાસ કરતાં પણ તે જાણી શક્યા નહિ. ૩.

પછી અનુમાનથી તેઓએ ગાયોની સ્થિતિ જાણી, એમ ૪થા અને ૫મા શ્લોકથી કહે છેઃ

**તૃણૈસ્તત્ખુરદચ્છિન્નૈર્ગોષ્પદૈરઙ્કિતૈર્ગવામ્ ।।**
**માર્ગમન્વગમન્ સર્વે નષ્ટાજીવ્યા વિચેતસઃ ।।૪।।**

નષ્ટ આજીવિકાવાળા ગભરાએલા સર્વે તેઓની ખરીઓ અને દાંતોથી કપાએલા, અને ગાયોના પગલાંઓની નિશાનીવાળા ઘાસથી(ગાયોના) માર્ગે ગયા. ૪.

તેઓની એટલે ગાયોની ખરીઓ અને દાંતોથી કપાએલા ઘાસથી કરીને ગાયોના માર્ગે ગયા. ગાયો (આ વન તજી) બીજા વનમાં (ગઈ છે) એમ ખરીઓથી જાણ્યું; દાંતોથી ઘાસ કપાએલું તેથી સામાન્ય રીતે ગાયો ક્યાં ક્યાં ગઈ એ જણાયું. તેથી સામાન્ય રીતે અને ખાસ કરીને (ગાયોનો રસ્તો) જણાવનાર ઘાસથી અને ગાયોના એટલે ગાયના સંબંધવાળાં પગલાંઓથી અંકિત થએલાં એટલે ગાયોનાં પગલાંઓની નિશાનીવાળા ઘાસથી જ (તેઓએ ગાયો જે રસ્તે ગઈ હતી તે રસ્તો જાણ્યો). આ પ્રમાણે ઘાસ ત્રણ પ્રકારનું થયું હતું.(૧) મૂલથી જ કપાએલું, (૨) મધ્યમાંથી કપાએલું અને (૩) છાણ પડવાથી અને ખરીઓ ઉપર આવવાથી નમેલું. એવી રીતે ત્રણે પ્રકારનું ઘાસ રસ્તો જણાવનાર હોવાથી, એ રસ્તો ખોટો હોવાની શંકા ન હતી; તેથી સર્વે તે માર્ગે ગયા–ગાયોના માર્ગે ગયા; કારણ કે સર્વ નષ્ટ આજીવિકાવાળા થયા હતા.

'અચેતન જેવાના[૧] માર્ગે ચેતન (ગોપો) કેમ ગયા ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તેઓ ગભરાએલા હતા. ગભરાએલા એટલે વિવેક વિનાના અથવા વ્યાકુલ થએલા હતા. ૪.

પછી ગાયોને મેળવીને તેઓ પાછા વળ્યા એમ આ શ્લોકમાં કહે છેઃ

**મુઞ્જાટવ્યાં ભ્રષ્ટમાર્ગં ક્રન્દમાનં સ્વગોધનમ્ ।।**
**સમ્પ્રાપ્ય તૃષિતાઃ શ્રાન્તાસ્તતસ્તે સંન્યવર્તયન્ ।।૫।।**

મુંજના જંગલમાં માર્ગ ભૂલેલાં અને રાડો પાડતાં પોતાનાં ગાયોરૂપી ધનને મેળવીને, તરસ્યા અને થાકેલા તેઓએ પછી (તેને) પાછું વાળ્યું. ૫.

જો ગાયોને જતાં રસ્તામાં મુંજનું વન આવ્યું ન હોત તો તેઓ આગળ

---

૧. અચેતન જેવાના એટલે ગાયોના અથવા શરીરોના. (પ્ર)
ગાયો અચેતન ન ગણાય, તેમ ગાયો આ રસ્તે ગઈ હશે એમ તો હજી તેઓએ અનુમાન જ કરેલું. તેથી અચેતન જેવાના માર્ગે 'અટલે 'ઘાસના માર્ગે–ઘાસે સૂચવેલા માર્ગે' હોય એમ જણાય છે, ઘાસ પણ ચેતન છે', પણ સ્થાવર હોવાથી અચેતન જેવું છે.

પણ જાત. પણ મુંજના જંગલમાં તેઓ માર્ગ ભૂલેલાં અને તેથી જ રાડો પાડતાં હતાં, કારણ કે (માર્ગ ભૂલતાં) હવે શું કરવું તેનું તેઓને ભાન ન હતું અને વળી મુંજનો ઘણો સ્પર્શ થવાથી તેઓ સારી રીતે દુઃખી થતાં હતાં. પછી એવાં ગાયોરૂપી ધનને મેળવીને, પોતે પણ તરસ્યા અને થાકેલા એટલે ગાયોના જેવા જ ગુણોવાળા થએલા (ગોપોએ) ત્યાં એક ક્ષણ વિશ્રામ લઈ પોતાની તરસ મટાડી, પછી એટલે ત્યાર પછી ગાયોને સારી રીતે પાછી વાળી. ૫.

**તા આહૂતા ભગવતા મેઘગમ્ભીરયા ગિરા ।।**
**સ્વનામ્નાં નિનદં શ્રુત્વા પ્રતિનેદુઃ પ્રહર્ષિતાઃ ।।૬।।**

મેઘના જેવી ગંભીર વાણીથી ભગવાને બોલાવેલી તેઓએ પોતાના નામનો અવાજ સાંભળીને ઘણો હર્ષ પામી સામો અવાજ કર્યો. ૬.

સર્વ ગાયો પાછી આવી કે સર્વ નથી આવી (કોઈ બાકી રહી છે), એવો સંદેહ રહેતાં ભગવાને સામાન્ય રીતે અને ખાસ રીતે (દરેકનાં નામ બોલીને) વનમાં પેઠેલી તેઓને બોલાવી. ભગવાનના (તેઓને બોલાવવાના) શબ્દથી જ તેઓનો અંદરનો અને બહારનો તાપ જતો રહ્યો, એમ 'મેઘના જેવી ગંભીર વાણીથી' એ શબ્દોથી જણાવેલું છે. પછી જેઓનો તાપ દૂર થયો છે તેવી ગાયોએ પોતાના નામનો અવાજ અથવા શબ્દ સાંભળીને સામો અવાજ કર્યો. તેઓ જ્યાં હતી ત્યાં જ રહીને તેઓએ સામો અવાજ કર્યો, અને ઘણો હર્ષ પામી; પછી તેઓ ભગવાનની પાસે આવી એમ જાણી લેવું. કેટલીક સમીપ આવી પણ ન હતી. ૬.

આ સમયે દૈત્યના અભિમાનવાળી[1], ઉપાસના કરેલી[2] દેવતા અને લૌકિકી[3] અંતઃકરણની દેવતાઓ[4] બધી ક્રોધ પામેલી તેઓ ભેગી થઈ દવાનલરૂપ[5] થઈ, અને તે દવાનલ (જ્યારે મુંજ વાગે તેની પીડાને લીધે ગાયો) નાસી જવાને

---

૧. હણેલા દૈત્ય પ્રલંબના અભિમાનવાળી. (પ્ર)

૨. પ્રલંબે ઉપાસના કરેલી. (લે) પ્રલંબના સૂક્ષ્મદેહવાળા તેના જીવાત્માએ ઉપાસના કરેલી. (પ્ર)

૩. લૌકિકી–લૌકિક કાર્યની પ્રવૃત્તિ કરાવનારી. અલૌકિક કાર્યની પ્રવૃત્તિ કરાવનાર તો ઈષ્ટ જ છે, એમ ગયા અધ્યાયમાં જણાવેલું છે. (લે)

૪. અયોગ્ય સંકલ્પથી ઉત્પન્ન થએલા પાપનો નાશ કરવામાં પ્રસિદ્ધ છે, તે આ અંતઃકરણની દેવતા અને પ્રલંબના અભિમાનવાળી દેવતા, એ બંને દૈત્યના નાશથી અને અંતઃકરણના દોષના નાશથી બબ્બે પ્રકારની થઈ એટલે કુલ ચાર પ્રકારની દેવતા ભેગી થઈ તે આ દવાનલરૂપ થઈ. ભગવાને જે કાર્ય કર્યાં, (૧) પ્રલંબનો વધ (૨) અંતઃકરણના દોષોનો નાશ; તેથી આ બંને દેવતાઓ ભેગી થઈ અને ભગવાન્ જેઓનું રક્ષણ કરતા હતા તેઓનો નાશ કરવા દવાનલરૂપ થઈ એવો અર્થ છે. (પ્ર)

૫. દવાનલરૂપ એટલે અજ્ઞાનરૂપી દવાનલને વધારનારી. (લે)

સમર્થ ન હતી તે સમયે ચારે તરફ ઉત્પન્ન થયો, એમ આ શ્લોકમાં કહે છેઃ

**તતઃ સમન્તાદ્વનધૂમકેતુર્યદચ્છયાભૂત્ ક્ષયકૃદ્ વનૌકસામ્ ।।**
**સમીરિતઃ સારથિનોલ્બણોલ્મુકૈર્વિલેલિહાનઃ સ્થિરજઙ્ગમાન્ મહાન્ ।।૭।।**

પછી વનમાં રહેનારાઓનો ક્ષય કરનાર વનનો દવાગ્નિ ચોતરફ અકસ્માત્ ઉત્પન્ન થયો. સારથિએ સારી રીતે પ્રેરેલા (તે) મોટા (દવાગ્નિએ) તીવ્ર જ્વાલાઓથી સ્થાવર જંગમ પ્રાણીઓને ગળવા માંડ્યાં. ૭.

વનના સંબંધવાળો (વનમાં ઉત્પન્ન થએલો) ધૂમકેતુ એટલે અગ્નિ, તે અનિષ્ટ ઉત્પન્ન કરનાર હોવાથી તેને માટે અહિં 'ધૂમકેતુ' પદ યોજેલું છે. ગોપો ભગવાનનું માહાત્મ્ય જાણે તે માટે આ દવાગ્નિ અકસ્માત જ એટલે કાલ, કર્મ, સ્વભાવ અથવા ભગવદિચ્છાથી (કાંઈ પણ જણાય તેવા કારણ વિના જ) ઉત્પન્ન થયો. 'વનમાં રહેનારાઓનો ક્ષય કરનાર' શબ્દોથી તેની ઉત્પત્તિ થવાનું કારણ કહેલું છે. તે અગ્નિ જેને વનનો સંબંધ હોય તેને માત્ર વનનો સંબંધ હોવાના કારણથી જ પીડા કરે છે, તેથી જેઓ વનમાં રહેનારા હોય તેઓને તો સારી રીતે દુઃખ કરે એમાં શું આશ્ચર્ય ? 'સારથિએ સારી રીતે પ્રેરેલો' શબ્દોથી એવા અગ્નિને મદદ કરનાર પણ બીજો ઉત્પન્ન થયો એમ કહેલું છે. અગ્નિનો સારથિ એટલે તેના રથને ચલાવનાર વાયુ છે; અગ્નિનો રથ તેની જ્વાલા છે. (આવી રીતે સારથિથી સારી રીતે પ્રેરેલો) હોવાથી જ તે તીવ્ર જ્વાલાઓથી ગળવા મંડ્યો. સર્પની પેઠે (જે તેના માર્ગમાં આવે તે સ્થાવર જંગમ પ્રાણીને) ગળતો ગળતો આવ્યો. પછી આવી રીતે ઘણાનું ભક્ષણ કરવાથી પુષ્ટ થતાં મોટો (જબરો) થયો. ૭.

તેવો દવાગ્નિ ભગવદીઓ (ગોપો અને ગાયો) જ્યાં હતાં તે સ્થળે પણ આવ્યો તેથી[1] આ શ્લોક કહે છેઃ

**તમાપતન્તં પરિતો દવાગ્નિં ગોપાશ્ચ ગાવઃ પ્રસમીક્ષ્ય ભીતાઃ ।।**
**ઊચુશ્ચ કૃષ્ણં સબલં પ્રપન્ના યથા હરિં મૃત્યુભયાર્દિતા જનાઃ ।।૮।।**

તે ચારે તરફથી ઝડપથી આવતા દવાગ્નિને જોઈને ગોપો અને ગાયો ભય પામ્યાં; અને જેમ મૃત્યુના ભયથી પીડાએલા મનુષ્યો હરિને (શરણે જાય) તેમ બલભદ્ર સહિત શ્રીકૃષ્ણને શરણે જઈ (નીચે પ્રમાણે) કહ્યુંઃ- ૮.

તે ચારે તરફથી ઝડપથી આવતા એટલે ઉપરથી (માથા ઉપર) આવતા, તજી ન શકાય તેવા સહજ દોષરૂપ દવાગ્નિને જોઈને ગોપો એટલે તેને બુઝાવવાનો ઉપાય નહિ જાણનારા અને ગાયો એટલે મૂઢ (બુદ્ધિ વિનાનાં પ્રાણીઓ) ભય પામ્યાં, અને પછી તેઓ ભગવાનનું માહાત્મ્ય જાણતાં હતાં તેથી તેઓએ

૧. તેથી તેઓને ભય થયો અને ભયને લીધે તેઓએ ભગવાનની પ્રાર્થના કરવાનો આરંભ કર્યો એમ આ શ્લોકમાં કહે છે. (લે)

ભગવાનની પ્રાર્થના કરી, એમ ઉત્તરાર્ધ શ્લોકમાં કહે છે. આ વિષયમાં ક્રિયાશક્તિ ઉપયોગી હોવાથી તેઓ 'બલભદ્રસહિત' શ્રીકૃષ્ણને શરણે ગયા, એમ કહેવાથી ક્રિયાશક્તિવાળા શ્રીકૃષ્ણને શરણે ગયા એમ કહેલું છે. આ વિષયમાં સદાનંદ શ્રીકૃષ્ણ લીલા કરનાર હોવાથી, તેઓએ શ્રીકૃષ્ણને શરણે જઈ (નીચે પ્રમાણે) કહ્યું. તેઓનું દૈન્ય[2] દર્શાવવા આ શ્લોકના ચોથા ચરણમાં દૃષ્ટાંત આપેલું છે. જેમ ટાળી શકાય નહિ તેવા મૃત્યુના ભયથી પીડાએલો જેણે ઘણાં પુણ્યો કર્યાં હોય તેવો કોઈ મનુષ્ય ગજેન્દ્રની પેઠે હરિને શરણે જાય, તેવી રીતે બહુ જ દીન થઈને બધાંય શ્રીકૃષ્ણને શરણે ગયાં. ૮.

અહિંથી બે શ્લોકોથી તેઓની વિજ્ઞપ્તિ કહે છેઃ

**પ્રાર્થનામુપપત્તિં ચ ક્રમેણાહ નિરાકૃતૌ ।।૨।।।**

નિવારણ માટે ક્રમથી પ્રાર્થના અને ઉપપત્તિ કહે છે. કા.૨।।.

ભગવાન્ દાવાગ્નિનું નિવારણ કરે તે માટે આ બે એટલે નવમા અને દશમા શ્લોકોથી અનુક્રમે ગોપો ભગવાનની પ્રાર્થના કરે છે અને ઉપપત્તિ દર્શાવે છે એટલે તે અગ્નિનું નિવારણ ભગવાન્ કરે એ યોગ્ય છે એમ જણાવે છેઃ

**કૃષ્ણ કૃષ્ણ મહાવીર્ય હે રામામિતવિક્રમ ।।**
**દાવાગ્નિના દહ્યમાનાન્ પ્રપન્નાંસ્ત્રાતુમર્હથઃ ।।૯।।**

બહુ વીર્યવાળા હે કૃષ્ણ ! કૃષ્ણ ! હદ વગરના પરાક્રમવાળા હે બલભદ્ર ! દાવાગ્નિથી બળતા શરણે આવેલા (અમોને) રક્ષવા (બચાવવા, રક્ષણ કરવા) (આપ) યાગ્ય છો. ૯.

હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! એવું બે વાર સંબોધન, ગોપો તેઓના ભગવાન્ માટેના આદરથી અને પોતાના ગભરાટને લીધે કરે છે. આ કાર્ય માટે ઉપયોગી સામર્થ્ય ભગવાનમાં છે, એમ જણાવવા બહુ વીર્યવાળા વિશેષણ યોજેલું છે. તે ગોપો બે પ્રકારના[1] હતા, તેથી બલભદ્રને પણ વિજ્ઞપ્તિ કરે છે, પરંતુ તેમનું નામ બે વાર લેતા નથી. હદ વગરના પરાક્રમવાળા સંબોધનથી એમ કહેલું છે, કે પ્રલંબનો તમે વધ કર્યો તેથી આ કામ માટે ઉપયોગી (જોઈતું) સામર્થ્ય તમારામાં છે. દાવાગ્નિથી બળતાનું રક્ષણ કરો, એમ તેઓએ કરેલી વિજ્ઞપ્તિ કહે છે. રક્ષણ કરવાનું કારણ શરણે આવેલા શબ્દથી કહેલું છે. જે સમર્થ (સામર્થ્યવાળો) હોય તે

૨. શરણે જવાનું અંગ દૈન્ય છે, (દૈન્ય હોય ત્યારે જ ભગવાનને શરણે જવાય છે) તેથી દૈન્ય દર્શાવવા દૃષ્ટાંત કહેલું છે. (પ્ર)

૧. બે પ્રકારના–કેટલાક શ્રીકૃષ્ણના અને કેટલાક બલભદ્રના પક્ષપાતી; અથવા કેટલાક શ્રીકૃષ્ણ અને બલભદ્ર બંનેને સમાન માનનાર (સાધારણ) અને કેટલાક શ્રીકૃષ્ણને જ માનનાર (અસાધારણ). (પ્ર)

જ શરણે આવેલાનું રક્ષણ કરવાનો અધિકારી છે; તેથી આપ રક્ષવા(રક્ષણ કરવા)યોગ્ય છો. ૯.

એવી રીતે મર્યાદાના(મર્યાદામાર્ગના)વિચારથી પણ પોતાનું રક્ષણ કરવું આવશ્યક છે એમ જણાવી, આ શ્લોકમાં એમ જણાવે છે કે પુષ્ટિમાર્ગ પ્રમાણે પણ તેઓનું રક્ષણ કરવું આવશ્યક છેઃ

**નૂનં ત્વદ્‌બાન્ધવાઃ કૃષ્ણ ન ચાર્હન્ત્યવસીદિતુમ્ ।।**
**વયં હિ સર્વધર્મજ્ઞ ત્વન્નાથાસ્ત્વત્પરાયણાઃ ।।૧૦।।**

હે કૃષ્ણ ! ખરેખર આપના બાંધવો નાશ પામવા યોગ્ય નથી જ કારણ કે હે સર્વ ધર્મોને જાણનાર ! આપ જેઓના નાથ છો અને આપ જેઓના આધાર છો તેવા અમે છીએ.૧૦.

અથવા ભગવાનના વિચારથી (ભગવાનની સ્થિતિનો વિચાર કરી) પોતાનું રક્ષણ તેમણે કરવું જરુરી છે એમ જણાવી, આ શ્લોકમાં એમ જણાવે છે કે અમારો (ગોપોનો) વિચાર કરવાથી (અમારી સ્થિતિનો વિચાર કરતાં પણ) અમારું રક્ષણ કરવું આવશ્યક છે.

હે કૃષ્ણ ! એમ સદાનંદનું સંબોધન, એમ જણાવવા કહેલું છે કે તેમના સદાનંદના સેવકો દુઃખી હોય એ યોગ્ય નથી. આપના બાંધવો એટલે આપ જ જેઓના બંધુ છો તેઓ-જેઓ આપની સાથે બંધુપણાનો સંબંધ છે એવા જ્ઞાનવાળા હોય તેઓ નાશ પામવા યોગ્ય નથી. મૂલમાં 'ચ' શબ્દ છે, તે એમ જણાવે છે કે જરા પણ ખેદ પામવા યોગ્ય તેઓ નથી જ. 'એવ'-જ શબ્દ એમ જણાવે છે કે કોઈ પણ સમયે તેઓ દુઃખ પામવા યોગ્ય નથી. અથવા 'અવ-સાદિતું' એવો પાઠ છે, (તેથી તેઓ દુઃખ પામવા યોગ્ય નથી એવો અર્થ થાય).

ઉત્તરાર્ધ શ્લોકમાં પોતે ભગવાનના બાંધવો છે એ સિદ્ધ કરે છે. ધર્મો અનેક પ્રકારના છે. જુદા જુદા પ્રકારના લૌકિક (ધર્મો) અને જુદા જુદા પ્રકારના વૈદિક (ધર્મો) હોવાથી ધર્મોના અનંત પ્રકારના ભેદો છે. આ સર્વ ધર્મો આપ જ જાણો છો અને કયા ધર્મો બીજા ધર્મોનો બાધ કરનારા છે અને કયા ધર્મોનો બીજા ધર્મોથી બાધ થાય છે, એ પણ આપ જ જાણો છો; તેથી હરેકોઈ પ્રકારથી અમે આપના શરણે આવ્યા છીએ, તે શરણાગતિનો કોઈ પણ ધર્મમાં સમાવેશ થતો હોવો જોઈએ. જો એમ ન હોય તો અમારા નાથ આપ કેવી રીતે હો, એટલે આપ જ જેઓના નાથ છો તેવા અમે કેવી રીતે હોઈએ ? કારણ કે ધર્મ વિના (હરકોઈ) અમુક આકારથી આપ કોઈના નાથ થતા નથી. વળી આપ જેઓના આધાર છો તેવા અમે છીએ, આપ જ જેઓનું પરમ અયન એટલે પહોંચવાનું સ્થલ છો તેવા અમે છીએ. આપ નાથ હોવા છતાં આપમાં જ એકનિષ્ઠતા (અનન્યતા) હોવી

બહુ દુર્લભ છે. જેવી રીતે ગાયોના પણ આપ નાથ છો એટલે ગાયોની પણ આપનામાં નિષ્ઠા છે, (તેવી રીતે આપ નાથ હોવાથી અમારી આપમાં નિષ્ઠા હોય, પણ આપમાં એકનિષ્ઠતા હોવી એટલે આપમાં જ નિષ્ઠા હોવી બહુ કઠણ છે). અમે તો (૧. આપ જેઓના નાથ છો તેવા, અને ૨. આપને જ પરાયણ એટલે આપમાં એકનિષ્ઠાવાળા) એવા ઉભય પ્રકારના છીએ. અથવા 'આપ જેઓના નાથ છો,' એ વચન ગાયો સંબંધી છે; અને 'આપ જેઓના આધાર છો' એ વચન ગોપો સંબંધી છે. ૧૦.

તેઓએ જે કાર્યની પ્રાર્થના કરી તે ભગવાને તો[1] કર્યું, એમ અહિંથી બે શ્લોકોથી કહે છેઃ

શ્રીશુકદેવજી કહે છેઃ

**વચો નિશમ્ય કૃપણં બન્ધૂનાં ભગવાન્ હરિઃ ।।**
**નિમીલયત મા ભૈષ્ટ લોચનાનીત્યભાષત ।।૧૧।।**

બંધુઓનું કૃપણ વચન સાંભળીને ભગવાન્ હરિએ (તેમને) કહ્યું કે ચક્ષુઓ બંધ કરો, ભય રાખશો નહિ. ૧૧.

ઉભય પ્રકારના[2] બંધુઓનું કૃપણ એટલે ઘણું દીન વચન, (દાવાગ્નિમાંથી બચાવવાના) ઉપાયને જાણનાર અને (તે કરવાને) શક્તિવાળા ભગવાને સાંભળ્યું. ભગવાન્ સર્વ દુઃખને હરનાર હરિ છે. સર્વ દુઃખ (અથવા સર્વનાં દુઃખ) હરવાં, એ તેમનો સ્વાભાવિક ધર્મ છે. (તેથી દાવાગ્નિમાંથી તેમને બચાવવાનો ઉપાય કરતા પહેલાં તેમને ચક્ષુઓ બંધ કરવાની આજ્ઞા કરી કારણ કે) ભગવાનનું કર્મ દેવોથી ગુહ્ય[3] (છૂપું રાખવાનું) અને અજ્ઞાનીઓને ભય ઉત્પન્ન કરનારું હોય છે. (જે જ્ઞાનવાળા ગોપો (દેવો) હતા તેમનાથી છૂપું રાખવું જોઈએ તેથી, અને જે જ્ઞાન વગરના હતા તેમને ભય ન થાય તેવા હેતુથી કોઈને જોવા દેવું યોગ્ય ન હતું).

(પહેલા દાવાગ્નિ વખતે આવી આજ્ઞા કરી ન હતી કારણ કે તે સમયે રાત્રિ હતી અને) રાત્રિના સમયે સારી રીતે જોઈ શકાય નહિ, તેથી તે સમયે ચક્ષુઓ બંધ કરવાનો (ભગવાને) ઉપદેશ કર્યો ન હતો; પરંતુ (ત્યાર પછી ગોપોમાં) જ્ઞાનશક્તિ

---

૧. ગોપોએ શ્રીકૃષ્ણ અને બલભદ્ર બંનેને પ્રાર્થના કરેલી, તેમાં બલભદ્ર શાંત જ રહ્યા; પરંતુ ભગવાને તો તેઓએ જે કાર્યની પ્રાર્થના કરી તે (તેઓનો બચાવ કરવાનું કર્મ) કર્યું, એમ જણાવવા 'તુ' 'તો' શબ્દ યોજેલો છે. (લે)

૨. બલભદ્રના પક્ષના અને પોતાના પક્ષના એમ બે પ્રકારના અથવા ભગવાન્ જેઓના નાથ હતા તેવી ગાયોના અને ભગવાન જ જેઓના અધાર હતા તેવા ગોપોના, એવી રીતે બે પ્રકારના બંધુઓના. (લે)

૩. ભાગ.૨।૭।૩૦માં જણાવેલ બ્રહ્માના વાક્ય પ્રમાણે આ ભગવાનનું કર્મ દેવગુહ્ય (અલૌકિક) છે. (પ્ર)

પ્રકટ થઈ હતી અને તેથી જ આ[૪] થયું હતું. જો તેઓને અજ્ઞાન જ હોત તો જેમ અગ્નિમાં પતંગીઆં પડે છે તેમ આ[૫] તેઓને હિત કરનારું જ થાત.

અથવા (આવી ચક્ષુઓ બંધ કરવાની તેઓને આજ્ઞા ન કરે તો) તેઓને બીજે લઈ જવા જોઈએ, એમ કરવાથી પણ તેઓને ભય થાત[૬]; તેથી કોઈ પણ પ્રકારે તેઓને ભય ન થાય તે માટે ભગવાને તેઓને કહ્યું કે ચક્ષુઓ બંધ કરો. 'એમ ચક્ષુઓ બંધ કરવાથી અગ્નિ અમને બાળી નાખશે' એવી શંકા રાખશો નહિ, એમ જણાવવા ભગવાને વધારામાં કહ્યું કે ભય રાખશો નહિ, એટલે તમે અગ્નિનો ભય રાખશો નહિ. ૧૧.

ભગવાનની આજ્ઞા થવાથી, તેમ કરવાથી અગ્નિમાંથી બચાવ કરવાનો ઉપાય થશે એમ જાણતા ન હોવા છતાં, તેઓએ તેમ કર્યું તે કહે છેઃ

**તથા નિમીલિતાક્ષેષુ ભગવાનગ્નિમુલ્બણમ્ ।।**
**પીત્વા મુખેન તાન્ કૃચ્છ્રાદ્ યોગાધીશો વ્યમોચયત્ ।।૧૨।।**

તે પ્રમાણે તેઓએ ચક્ષુઓ બંધ કર્યાં ત્યારે યોગના ઈશ્વર ભગવાને મુખથી ઉગ્ર અગ્નિનું પાન કરી તેઓને સંકટમાંથી મુકત કર્યા. ૧૨.

આ શ્લોકના પહેલા ચરણથી કહે છે કે તે પ્રમાણે તેઓએ ચક્ષુઓ બંધ

---

૪. 'આ' એટલે પોતાના દોષરૂપ દાવાગ્નિના દર્શનથી ઉત્પન્ન થએલો ભય. પોતાના દોષ સ્ફુરે એ જ્ઞાનની પૂર્વાવસ્થા (જ્ઞાન થવા પહેલાંની અવસ્થા) છે, તેથી જ્ઞાન ઉત્પન્ન કરનાર શક્તિ પ્રગટ થવાથી જ ભય થયો. (લે)

ભય ઉત્પન્ન કરનાર અજ્ઞાનરૂપી જ્વર તેમનો જતો રહ્યો હતો અને તેથી જ તેઓને 'હે સર્વ ધર્મોને જાણનાર ! આપ જેઓના નાથ છો અને આપ જેઓના આધાર છો' તેવું જ્ઞાન ઉત્પન્ન થએલ. 'આ' એટલે આવું તેઓનું જ્ઞાન. આ જ્ઞાનાધ્યાય હોવાથી અહિં ભગવાને તેઓની જ્ઞાનશક્તિ પ્રકટ કરેલી છે. (પ્ર)

૫. 'આ' એટલે દાવાગ્નિનું પ્રકટ થવું. જેમ અગ્નિને પોતાનું હિત કરનાર માની પતંગીઆં તેમાં પડે છે તેમ આ પણ દાવાગ્નિમાં પડત, પણ પોતાને બચાવવાની પ્રાર્થના ન કરત એવો અર્થ છે; તેથી જ્ઞાન થવા પહેલાંની અવસ્થા છે એમ સૂચવવા ભગવાને તેમને દાવાગ્નિ દેખાડી, ચક્ષુઓ બંધ કરાવ્યાં. તેમ ન હોત તો દાવાગ્નિ દેખાડત જ નહિ એવો ભાવ છે. (લે)

'આ' એટલે દાવાગ્નિમાં પડવું તે. પતંગીઆં પેઠે અજ્ઞાનથી દાવાગ્નિમાં પડવાથી તેઓના દેહનો નાશ થતાં તેઓને કૈવલ્ય (મોક્ષ) પ્રાપ્ત થાત, તેથી એ હિત કરનાર હતું; પરંતુ તેમની સાથે ભગવાનને આગળ લીલા કરવી હતી તેથી તે ઈષ્ટ ન હતું. (પ્ર)

આ 'આ' 'એતત્' શબ્દ નોટ નંબર ૪ અને ૫માં છે. એક જ શબ્દ પાસે પાસેના વાક્યમાં હોવાથી તેનો એક જ અર્થ હોય તે વધારે યોગ્ય ગણાય. 'આ'નો અર્થ 'દાવાગ્નિનું પ્રકટ થવું તે' લઈએ તો બંને ઠેકાણે એ અર્થ સંભવે છે, તેથી એ અર્થ લેવો વધારે યોગ્ય જણાય છે.

૬. બીજે લઈ જવાથી પણ તેઓને દાવાગ્નિના દર્શનથી થએલો ભય રહેત જ, કારણ કે સંસ્કાર જતા નથી. (પ્ર)

કર્યાં ત્યારે ભગવાને તે તીવ્ર અગ્નિનું પણ મુખથી જ પાન કરીને પહેલાંની પઠે તેઓને સંકટમાંથી મુક્ત કર્યા. અગ્નિમાં દુષ્ટનો આવેશ થએલો હોવાથી તીવ્રપણું હતું. સખ્ય(મિત્રતા)ના સંબંધથી જે દોષ પ્રાપ્ત થએલો તેનો દાહ કરવા ભગવાને તેનું પાન કર્યું [1]; અથવા [2] તેઓના અગ્નિરૂપ દોષોનો [3] દાહ કરવા ભગવાને તેનું પાન કર્યું; કારણ કે આધિદૈવિકમાં જ [4] તેમનો દાહ થાય. 'પોતાના સેવકોમાં રહેલા ધર્મોને [5] તથા અગ્નિમાં રહેલા ધર્મોને [6] ભગવાને કેવી રીતે પ્રકટ કર્યા? [7]' એવી શંકા

૧. સખ્યદશામાં તેઓએ ભગવાનની અવગણના કરી હોય તેથી તેમને જે દોષ પ્રાપ્ત થયો હોય, તે જલથી નાશ થાય તેવો નહિ હોવાથી, તેનો નાશ કરવા ભગવાને અગ્નિનું પાન કર્યું. (પ્ર)
સખ્યમાં ભગવાન્ સાથે તેમને સમાનપણું સ્ફૂરે, તેથી 'અમે હરિના દાસ છીએ' એવું પોતાનું સત્ય સ્વરૂપ તેઓ વિસરે; તેથી સ્વરૂપવિસ્મરણરૂપ દોષ તેમને થાય તેનો નાશ કરવા ભગવાને તે અગ્નિનું પાન કર્યું; કારણ કે જેઓનો નિરોધ કરવાનો છે તે ભક્તોનો સ્વરૂપવિસ્મરણરૂપ દોષ દાવાગ્નિ છે, એમ આ અધ્યાયના આરંભની કારિકામાં કહેલું છે. (યો)
જેઓને સખ્ય હોય તેઓ સમાન હોય, એવો નિયમ હોવાથી ભગવાનમાં પણ તેમનો દોષ આવે, પણ ભગવાન્ દોષરહિત હોવાથી તેમની અંદર રહેલા જગતને તે દોષ પ્રાપ્ત થાય તેનો દાહ કરવા માટે ભગવાને અગ્નિનું પાન કર્યું. (લે)
યોજનામાં કરેલો અર્થ વધારે સ્પષ્ટ જણાય છે.

૨. 'અથવા' શબ્દ 'અને'ના અર્થમાં યોજેલો છે. (પ્ર)
સખ્યથી ભક્તોને દોષ થયો એમ ઉપર જણાવ્યું, પરંતુ ભગવાન્ સાથે સખ્ય પરમ પુરુષાર્થરૂપ છે અને લીલામાં સખ્ય કરવાનું છે અને ભગવાને ઈચ્છેલું છે, તેથી તેને દોષ ગણવો એ યોગ્ય નથી; તેથી એ પહેલાં કરેલો અર્થ બરાબર નથી, એમ જણાતાં અહિં બીજી રીતે અર્થ કરે છે, (તે 'અથવા' વિગેરે શબ્દોથી કહે છે). (યો)

૩. અગ્નિરૂપ દોષોનો–આ અગ્નિ આધ્યાત્મિક દોષરૂપ હોવાથી જલથી તેનો નાશ થઈ શકે તેમ નથી, તેથી ભગવાને તેનું પાન કર્યું, એવા અભિપ્રાયથી આ કહેલું છે. (પ્ર)
અવિદ્યાના કાર્યરૂપ આત્મવિસ્મરણરૂપ દોષો દાવાગ્નિરૂપ થએલા. તેવા અગ્નિરૂપ દોષોનો નાશ આધિદૈવિક અગ્નિથી જ થઈ શકે, તેથી ભગવાને તેનું પાન કર્યું. (યો)
લૌકિકોના અંતઃકરણોની (અભિમાની) દેવતા અને સ્વરૂપાજ્ઞાન દોષ. આ દોષો સંસારમાં દુઃખ ઉત્પન્ન કરનારા હોવાથી લૌકિક અગ્નિરૂપ હતા; તે આધિદૈવિક અગ્નિમાં પડે તો જ તેઓનો નાશ થાય તેથી ભગવાને દાવાગ્નિનું પાન કર્યું. (લે)

૪. ભગવાનનું મુખારવિંદ આધિદૈવિક અગ્નિરૂપ છે, તેમાં પડવાથી જ એ દોષોનો નાશ થાય. (યો)
અહિં 'હ્યાધિદૈવિક એવ' પાઠ યોજનામાં લીધેલો છે, તે સારો જણાય છે. પ્રસિદ્ધ પાઠ 'હ્યાધિદૈવિકા એવ' છે. તેમાં એક કાનો 'ક' પછી વધારે છે. યોજનાના પાઠ પ્રમાણે અર્થ કરેલો છે.

૫. સેવકોમાં રહેલા દોષરૂપ ધર્મોને એટલે તેઓના દોષોને. (પ્ર)

૬. અગ્નિમાં રહેલ અસુરપણું વિગેરે ધર્મોને. (પ્ર)

૭. પ્રકટ કર્યા એટલે જૂદા કર્યા. (ભક્તોના દોષોને ભક્તોમાંથી કાઢી દાવાગ્નિરૂપે તેમનાથી જૂદા

થાય, તેથી 'યોગના ઈશ્વર' પદ યોજેલું છે. ભગવાન્ યોગોના ઈશ્વર એટલે સ્વામી છે, તેથી તેમને સારી રીતે એટલે જેમ તેઓનો સંસ્કાર પણ ન રહે તેવી રીતે મુક્ત કર્યાં. ૧૨.

**તતશ્ચ તેક્ષીણ્યુન્મીલ્ય પુનર્ભાણ્ડીરમાપિતાઃ ।।**
**નિશમ્ય વિસ્મિતા આસન્નાત્માનં ગાશ્ચ મોચિતાઃ ।।૧૩।।**

પછી તેઓએ ચક્ષુઓ ઉઘાડતાં પોતાને તથા ગાયોને ફરીથી ભાંડીર પહોંચાડેલા અને (ભયથી) મુક્ત થએલા જોઈને (અથવા સાંભળીને) તેઓ ઘણું આશ્ચર્ય પામ્યા. ૧૩.

પછી તેઓ ભય પામેલા હોવાથી, ભગવાને તે દાવાગ્નિનું પાન કરવા છતાં તેઓ ચક્ષુઓ બંધ કરીને જ રહ્યા હતા. પછી ભગવાને જ 'ચક્ષુઓ ઉઘાડો' એમ તેઓને કહેતાં તેઓએ ચક્ષુઓ ઉઘાડતાં ફરીથી કોઈ અલૌકિક જ પ્રકારથી પોતાને અને ગાયોને ભાંડીર(વડ) પહોંચાડેલા જોયા. તેઓ મુંજના જંગલમાં હતા ત્યાંથી પાછા ભાંડીરવડ જવાના રસ્તાનું તેમને જ્ઞાન ન હતું, અને જે રસ્તે ભાંડીરથી મુંજના જંગલમાં આવેલા તે રસ્તો તઓ ભૂલી ગયા હતા. જે ઘાસનાં ચિહ્નોથી તેઓએ ગાયો કયા રસ્તે ગઈ હતી તેનું અનુમાન કરી ભાંડીરથી મુંજના જંગલમાં આવેલા તે ઘાસનાં ચિહ્નો નવાં ચિહ્નોથી નાશ પામેલાં (ઢંકાઈ ગએલાં, અથવા દાવાગ્નિથી બળી ગએલાં) હતાં; અને રસ્તો ભૂલેલા જો તે ચિહ્નોથી જાણવાનો બહુ પ્રયાસ કરી તે રસ્તે પાછા જવા પ્રયાસ કરે તો બહુ જ વિલંબ થાય; તેથી ભગવાને જ તેઓને ભાંડીર(વડે) પહોંચાડી દીધા. ભગવાને તેઓનાં ચક્ષુઓ બંધ કરાવેલાં અને તેઓનાં ચક્ષુઓ બંધ હતાં ત્યારે ભાંડીરવડે તેમને પહોંચાડી દીધા હતા. તેથી ભગવાન્ હરિ[1] એટલે સર્વ દુઃખ હરનાર હોવાથી તેમણે જ અમને અહિં પહોંચાડી દીધા, એમ તેઓએ અનુમાન કર્યું. તેથી પોતાને અને ગાયોને એ પ્રમાણે ત્યાં પહોંચાડેલા જોઈને અથવા સાંભળીને તેઓ ઘણું આશ્ચર્ય પામ્યા. પોતાને અને ગાયોને (ભયથી) મુક્ત થએલા જોઈને અથવા સાંભળીને ઘણું આશ્ચર્ય પામ્યા. પોતાને અને ગાયોને એમ છૂટા છૂટા જણાવેલા છે (કારણ

---

કર્યા અને અગ્નિના આસુરપણું વિગેરે દોષોને અગ્નિથી જૂદા કરી દાવાગ્નિરૂપે જૂદા રાખ્યા). (પ્ર)

૧. પહેલાં જ્યારે ભગવાને ચક્ષુઓ બંધ કરાવેલાં ત્યારે (શ્લોક ૧૧) તેમને 'હરિ' કહેલા. તેઓ અનુમાન કરી શક્યા તેનું કારણ જણાવવા એ પદનું સ્મરણ કરાવેલું છે. તેઓને દુઃખ ન થાય તે માટે ચક્ષુઓ બંધ કરાવેલાં, તે જો ત્યાં જ (મુંજના જંગલમાં જ) ઉઘડાવે તો બળેલું જંગલ જોવાથી તેમને દુઃખ થાય જ, (તેથી ભાંડીરવડે તેમને લાવ્યા પછી ચક્ષુઓ ઉઘડાવ્યાં). (લે)

કે અનુમાન કરી જાણેલું છે), પહેલાં જ્યારે તેઓએ ચક્ષુઓ બંધ કરેલાં ત્યારે તે પહેલાંનો સર્વ વૃત્તાંત તેઓ ભૂલી ગયા, પછી (જ્યારે ચક્ષુઓ ભાંડીરવડે ભગવાને ઉઘડાવ્યાં ત્યારે) ભગવાનના મુખારવિંદથી અથવા બલભદ્રના મુખથી તેઓએ એ બધો વૃત્તાંત સાંભળ્યો, એ સર્વ 'સાંભળીને' શબ્દથી કહેલું છે. ૧૩.

પછી જેઓની અવિદ્યા (પાંચે પર્વની એટલે પૂરેપૂરી) જતી રહી છે તેવા તેઓની કેવી બુદ્ધિ (માન્યતા) થઈ, તે આ શ્લોકમાં કહે છેઃ

**કૃષ્ણસ્ય યોગવીર્યં તદ્ યોગમાયાનુભાવિતમ્ ।।**
**દવાગ્નેરાત્મનઃ ક્ષેમં વીક્ષ્ય તં મેનિરેઽમરમ્ ।।૧૪।।**

દવાગ્નિમાંથી પોતાના રક્ષણરૂપ યોગમાયાએ અનુભવ કરાવેલા શ્રીકૃષ્ણના તે યોગવીર્યને જોઈને તેઓએ તેમને(શ્રીકૃષ્ણને) અમર માન્યા. ૧૪.

યોગમાયાએ અનુભવ કરાવેલું પ્રથમના વૃત્તાંતને ભૂલી જવું અને પાછું તેનું સ્મરણ થવું, એ સહિત તે ભગવાનનું અલૌકિક વીર્ય જે પોતાનું દવાગ્નિમાંથી રક્ષણરૂપ હતું, તે જોઈને તે ભગવાનને તેઓએ અમર[1] એટલે મરણનું નિવારણ કરનાર અથવા કાલથી અતીત (કાલ જ્યાં પહોંચી શકે નહિ તેવા) પુરુષોત્તમ માન્યા. અથવા તેઓ દેવોને જ ઉત્તમ જાણતા હતા, તેથી તેઓએ તેમને ખરેખરા (મુખ્ય) દેવ માન્યા; કારણ કે દવાગ્નિ એવો હોય છે કે જે જે તેના સપાટામાં આવે તેનો નાશ કરે, તેમાંથી સર્વ રીતે બચાવી લેવું એ રક્ષણ છે જ. ૧૪.

એવી રીતે તેઓને સર્વ પ્રકારે દોષરહિત કરીને, ભવિષ્યમાં તેઓમાંથી દૂર કરવાનો કોઈ દોષ તેઓમાં રહેલો નહિ હોવાથી અહિં જ[1] પાછા ફરે છે, એમ આ શ્લોકમાં કહે છેઃ

**ગાઃ સન્નિવર્ત્ય સાયાહ્ને સહરામો જનાર્દનઃ ।।**
**વેણું વિરણયન્ ગોષ્ઠમગાદ્ ગોપૈરભિષ્ટુતઃ ।।૧૫।।**

સાંજે ગાયોને પાછી વાળીને વેણુ વગાડતા, ગોપોથી સ્તુતિ કરાતા જનાર્દન રામસહિત નેસડે ગયા. ૧૫.

ગોપો વિગેરે ભય પામેલા જ પાછા જતા નથી, પરંતુ તેઓને જેમ સુખ થાય તેવી રીતે સાંજે જ જાય છે. 'જના' એટલે અવિદ્યાનો ભગવાને નાશ કરેલો હોવાથી તે જનાર્દન છે. તેમણે દોષ દૂર કર્યા એટલું જ નહિ, પરંતુ ઈષ્ટ પણ કરેલ

---

૧. જેને લીધે 'મર' એટલે મરણ થતું નથી તે 'અમર'. એવી વ્યુત્પત્તિ કરવાથી, જેને લીધે બીજાનું મરણ થતું નથી (અટકે છે) તે અમર; અથવા પુરુષોત્તમ કાલથી અતીત હોવાથી તે અમર છે. (યો)

(૧૫)૧. અહિં જ એટલે દિવસના પાંચમા ભાગમાંજ(સાંજે જ). (પ્ર) આ શબ્દ સમય નહિ પણ સ્થલ દર્શાવનાર હોવાથી, તેનો અર્થ 'વ્રજમાં'જ, અથવા 'નેસડે' જ કરવો યોગ્ય જણાય છે.

તેથી રામ(રમણ કરાવનાર)સહિત ગયા એમ કહેલું છે. સર્વના સદ્‌ગુણોનું ઉદ્‌બોધન (જાગ્રત કરવાનું કાર્ય) કરતા[2] ગયા, એમ જણાવવા 'વેણુ વગાડતા' ગયા એમ કહેલું છે. 'નેસડે ગયા' એમ કહી, તે જ્યાં ગયા તે સ્થાનની પવિત્રતા જણાવેલી છે. 'ગોપોથી સ્તુતિ કરાતા' ગયા, એમ કહી એમ જણાવેલું છે કે ગોપો નેસડે (અજ્ઞાનીઓના સ્થાને) ગયા, તો પણ તેઓનું ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન દૃઢ રહેલું છે. ૧૫.

એવી રીતે ભગવાન્ વનમાં પધાર્યા હતા, તેથી ગોપોને સુખ થયું હતું તે કહી, હવે તે (પાછા) નેસડે પધાર્યા તેથી ગોપીઓને સુખ થયું, એમ કહે છેઃ

**ગોપીનાં પરમાનંદ આસીદ્ ગોવિન્દદર્શને ॥**
**ક્ષણં યુગશતમિવ યાસાં યેન વિનાઽભવત્ ॥૧૬॥**

ગોપીઓને ગોવિંદના દર્શનથી પરમ આનંદ થયો. જેમના વિના જેઓની (એક) ક્ષણ એકસો યુગો જેવી થઈ હતી. ૧૬.

ગોપીઓને ગોવિંદના દર્શનથી આનંદ થયો. તેમને આનંદ થયો એનો અર્થ એ કે તેઓનું અજ્ઞાન મટી ગયું[1]. તેથી તેના અર્થથી જ તેઓનું અજ્ઞાન મટી ગયું એમ કહેવાઈ ગયું. તેમની 'ક્ષણ એક સો યુગો જેવી' થઈ, એમ કહી એમ જણાવ્યું છે કે તેઓ પ્રપંચને વિસરી ગઈ. જેમના એટલે જે ભગવાનના વિના જેઓની એટલે જે ગોપીઓની એક ક્ષણ એકસો યુગો જેવી થઈ હતી, એટલે એક ક્ષણમાં તેઓ અનંતવાર ઉત્પન્ન થતાં (જન્મ લેતાં) અને મરણ પામતાં[2]. આ પ્રમાણે ભગવાન વિના તેઓને સંસારમાં જરા પણ સુખ થતું નથી, એમ કહેવાથી

---

૨. સર્વ (ગાયોમાં) જે સાત્ત્વિક સ્તંભ વિગેરે સત્ અંશના ગુણો હતા તેને જાગ્રત કરતા, અથવા સર્વમાં જે સત્ એટલે હતા તે ગુણોને જાગ્રત કરતા. (પ્ર)

૧. આ તામસપ્રમેયપ્રકરણના પહેલા પાંચ અધ્યાયોમાં કહેલી લીલા મુખ્યલીલાની અંગભૂત (પેટાની) છે, એમ આ અધ્યાયના આરંભની બીજી કારિકામાં કહેલું છે (તે પરનો પ્રકાશ જુઓ). એમ હોઈ 'જે ગોપીઓ સાથે ભગવાને મુખ્ય લીલા કરી તેઓનું અજ્ઞાન દૂર કર્યાનું અવશ્ય કહેવું જ જોઈએ, છતાં તેવું કાંઈ કેમ કહ્યું નથી ?' એવી શંકા થાય, તેથી અજ્ઞાન મટી ગયું, એમ કહેલું છે. (પ્ર)

૨. 'અત્યંત વિસ્મરણ થવું તે મૃત્યુ' એ વાક્ય પ્રમાણે મૃત્યુનો અર્થ 'સર્વથા વિસ્મરણ' થાય છે. ફરી દેહ વિગેરેનું સ્મરણ થાય તે ઉત્પત્તિ. ગોપીઓને ભગવાનનો ઉગ્ર વિરહ થવાથી તેઓનાં આવાં મૃત્યુ અને ઉત્પત્તિ આ પ્રમાણે અનંતવાર થતાં. ભગવાનના વિરહનો પ્રભાવ અચિંત્ય હોવાથી દેહની સ્મૃતિ અને વિસ્મરણરૂપ ઉત્પત્તિ અને મરણ એક ક્ષણમાં અનંતવાર થતાં એમ જાણવું; તેથી ભગવાનનો વિરહ જ્યારે હોય ત્યારે દરેક ક્ષણમાં અનંતવાર ઉત્પત્તિ અને મરણ થતાં હોવાથી દરેક ક્ષણ એકસો યુગો જેવી થાય એ યોગ્ય જ છે એવો ભાવ છે. (યો)

તેઓનો સંસાર નષ્ટ થયો હતો, (તેઓ પ્રપંચ વિસરી ગઈ હતી) એમ જણાવેલું છે. ૧૬.

**ઈતિ શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીના દશમસ્કંધ ના વિવરણમાં**
**સોળમા અધ્યાયનું[1] વિવરણ સમાપ્ત.**

૧. આ જ્ઞાનાધ્યાય છે, એમ પ્રથમ કહેવાઈ ગયું છે. (જુઓ શ્લોક ૧૧ નોટ ૪ પ્રકાશ). (પ્ર)

# અધ્યાય સત્તરમો

## વર્ષા-શરદ્ ઋતુનું વર્ણન ગોપસખાઓનો નિરોધ

**લીલા સપ્તદશેઽધ્યાયે નિરુદ્ધૈઃ સહિતોચ્યતે ।।**
**વર્ષાશરત્કાલયોગાત્ સર્વતત્ત્વં નિરૂપ્યતે ।।૧।।**

સત્તરમા અધ્યાયમાં જેઓનો નિરોધ થએલો છે તેવા ભક્તો સાથેની લીલા કહેલી છે, (અને) વર્ષા અને શરત્કાલ(ઋતુ)ના યોગથી સર્વના તત્ત્વનું નિરૂપણ કરેલું છે. કા.૧.

સત્તરમા અધ્યાયનો અર્થ અહિં આ કારિકાથી કહે છે. 'ભગવાનની સર્વ લીલા જેઓનો નિરોધ થએલો છે તેવા ભક્તો સાથે જ કરેલી હોય છે, છતાં અહિં એમ કહેવાનું શું કારણ ?' એવી શંકા થાય તો જણાવવાનું જે પહેલાં કરતાં ભગવાન ના મિત્ર-ગોપોની અને વ્રજવાસીઓની ભગવાનમાં વધારે આસક્તિ થઈ હતી તે ખાસ જણાવવા માટે અહિં કહેલું છે કે આ અધ્યાયમાં આવા ભક્તો સાથેની લીલા કહેલી છે. ભગવાને પ્રલંબનો વધ કર્યો અને દાવાગ્નિમાંથી પોતાના સખા(ગોપો)નું રક્ષણ કર્યું, તેથી તેઓની પહેલાં કરતાં વધારે આસક્તિ ભગવાનમાં થઈ, અને તેઓએ આ બધો વૃત્તાંત વ્રજવાસીઓને કહ્યો તે સાંભળવાથી તેઓની પણ ભગવાનમાં પહેલાં કરતાં વધારે આસક્તિ થઈ. આ પ્રમાણે તેઓની ભગવાનમાં પહેલાં કરતાં વધારે આસક્તિ થઈ હતી તેથી જ આ અધ્યાયમાં નિરુદ્ધ ભક્તો સાથેની લીલા કહેલી છે એમ કહેલું છે.

વળી અહિં નિરુદ્ધ ભક્તો પ્રભુ સાથે હતા એમ કહેલું નથી, પરંતુ નિરુદ્ધ ભક્તો સાથેની (પ્રભુની) લીલા કહેલી છે. તેથી એમ જણાવેલું છે કે જેમ સ્વામિનીઓ ભગવાનમાં પોતાની ઘણી આસક્તિ હોવાથી દિવસે એકબીજી સાથે ભગવાનની લીલાનું ગાન કરી લીલામય જ થઈ રહેતાં હતાં તેમ ભગવાનના મિત્ર-ગોપોની હવે ભગવાનમાં ઘણી આસક્તિ થવાથી રાત્રે તેઓ પણ એક બીજા સાથે ભગવાનની લીલાનું ગાન કરી તે ભાવ[1] પ્રાપ્ત કરતા. આમ હોવાથી ભગવાન્ જે જે લીલા કરતા તે ગોપોના હૃદયમાં (સ્થિર) રહેતી એમ જણાવેલું છે. (વર્ષા અને શરદ્ઋતુઓના યોગથી) સર્વના[2] એટલે લીલામાં આવતા સર્વ પદાર્થોના તત્ત્વનું નિરૂપણ કરેલું છે. (ટિ)

---

૧. તે ભાવ એટલે સ્વામિનીઓનો ભાવ. (પ્ર) લીલાનો ભાવ પ્રાપ્ત કરતા અથવા લીલામય થતા.

૨. ઋતુના વર્ણનમાં આવતા સર્વ પદાર્થોના. આવા સર્વ પદાર્થોના વર્ણનથી આ અધ્યાયની પ્રકરણમાં સંગતિ થાય છે. (પ્ર)

**દોષાપગમન એવ સર્વતત્ત્વસ્ય બોધનમ્ ।।**
**જ્ઞાતે ચ તત્ત્વે સત્ક્રીડા પ્રાજાપત્યે[3] નિરૂપ્યતે ।।૨।।**

દોષો મટે ત્યારે જ સર્વના તત્ત્વનું જ્ઞાન થાય છે, તત્ત્વનું જ્ઞાન થતાં સત્તરમા અધ્યાયમાં સત્ક્રીડાનું નિરૂપણ કરવામાં આવે છે. કા.૨.

જે વર્ષા અને શરદ્‌ઋતુઓનું આ અધ્યાયમાં નિરૂપણ કરેલું છે તે પહેલાં પણ વર્ષા અને શરદ્‌ઋતુઓ આવેલી હતી, છતાં તે પહેલાંની ઋતુઓનું નિરૂપણ નહિ કરતાં આ ઋતુઓનું જ નિરૂપણ કરેલું છે તેનું કારણ એ છે કે પહેલાંની આ ઋતુઓ સમયે ભક્તોમાં દોષો હતા અને આ ઋતુઓ સમયે (આ પ્રકરણના પહેલા પાંચ અધ્યાયોમાં કહેલી લીલાથી ભગવાને તેઓના દોષ દૂર કરેલ હોવાથી) તેઓમાં દોષ ન હતા. દોષ હોય ત્યાં સુધી લીલામાં આવતા સર્વ પદાર્થોના તત્ત્વનું જ્ઞાન થતું નથી, પણ દોષો મટે ત્યારે જ તેવું જ્ઞાન થાય છે[4]. તેથી હવે તેવું જ્ઞાન થઈ શકે તેમ હોવાથી પહેલાં આવેલી આ ઋતુઓનું વર્ણન નહિ કરતાં, આ સમયે આવતી આ ઋતુઓનું વર્ણન અહિં કરે છે, આ લીલાના સર્વ પદાર્થોનું જ્ઞાન થતાં આ અધ્યાયમાં સત્ક્રીડાનું નિરૂપણ કરવામાં આવે છે. જે ક્રીડામાં દૈત્યનો સંબંધ જ નથી; દૈત્યોનો સંહાર કરવા માટે પણ જે ક્રીડામાં તેઓનો સંબંધ નથી, તેવી ક્રીડા સત્ક્રીડા[5] છે. (ટિ)

**માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સ્નેહઃ કૃષ્ણે હિ યુજ્યતે ।।**
**તાદશૈશ્ચ મુદા ક્રીડા તચ્ચાપ્યત્ર નિરૂપ્યતે ।।૩।।**

શ્રીકૃષ્ણના માહાત્મ્યનું જ્ઞાન થયા પછી જ તેમનામાં સ્નેહ થાય તે યોગ્ય છે, અને તેવા (સ્નેહવાળા) સાથે શ્રીકૃષ્ણ આનંદથી ક્રીડા કરે (તે યોગ્ય છે), તેથી તેનું પણ અહિં નિરૂપણ કરવામાં આવે છે. કા.૩.

શ્રીકૃષ્ણમાં લૌકિક સ્નેહ હોવો જોઈએ નહિ, એમ જણાવવા આ કારિકામાં 'તુ' શબ્દ યોજેલો છે. (તેમના માહાત્મ્યનું જ્ઞાન થયા પછી તેમનામાં સ્નેહ થાય તે યોગ્ય છે) તેવા સ્નેહવાળા ભક્તો સાથે જ ભગવાન્ ક્રીડા કરે તે યોગ્ય છે. તેથી જ તેનું એટલે ભગવાનના માહાત્મ્યના જ્ઞાનનું અહિં (આ અધ્યાયના

---

૩. 'જે યજ્ઞની પાછળ આવતા સત્તરમા પ્રજાપતિને જાણે છે' એ શ્રુતિમાં યજ્ઞાત્મક પ્રજાપતિને સત્તરમા કહેલા છે, તેથી 'પ્રાજાપત્ય'નો અર્થ સત્તરમો થાય છે. (ટિ)

૪. દોષ મટાડનાર ભગવાનની લીલોઓનું શ્રવણ કરવાથી, તે લીલાઓનું શ્રવણ કરનારના દોષો પણ ટળે છે, કારણ કે 'ભવિષ્યમાં પણ જે થશે તેઓ પણ ભગવાનની લીલાનું કીર્તન કરવાથી દોષરહિત થશે' એવું વાક્ય છે. એ પ્રમાણે ભગવાનની લીલાઓનું શ્રવણ કરવાથી દોષો જતાં લીલાના સર્વ પદાર્થોના તત્ત્વનું જ્ઞાન (હાલના ભક્તોને પણ) થાય છે. (લે)

૫. સત્ક્રીડા એટલે આનંદરૂપ ક્રીડા, સંહાર કરવા માટે પણ જે ક્રીડાને દૈત્યનો સંબંધ નથી, તે ક્રીડા કેવલ આનંદરૂપ હોવાથી સત્ક્રીડા છે. (કા)

બીજા શ્લોકમાં) નિરૂપણ કરવામાં આવે છે. (લે)

નિર્દોષ આનંદરૂપ શ્રીકૃષ્ણમાં નિર્દોષ જ સ્નેહ હોવો યોગ્ય છે. (કા)

શ્રીશુકદેવજી કહે છેઃ

ગયા અધ્યાયમાં ભગવાન્ બલભદ્ર અને ગોપો નેસડે આવ્યા એમ (શ્લોક ૧૫માં) કહ્યું. તેમાં પહેલાં કરતાં શું વિશેષ[1] હતું તે અહિં પહેલા બે શ્લોકોથી કહે છેઃ

**તયોસ્તદદ્ભુતં કર્મ દવાગ્નેર્મોક્ષમાત્મનઃ ।।**
**ગોપાઃ સ્ત્રીભ્યઃ સમાચખ્યુઃ પ્રલમ્બવધમેવ ચ ।।૧।।**

પોતાનું દવાગ્નિમાંથી રક્ષણ અને પ્રલંબના વધરૂપ, તેઓનું (તે બેનું) તે અદ્ભુત કર્મ ગોપોએ સ્ત્રીઓને જ કહ્યું. ૧.

બલભદ્ર અને શ્રીકૃષ્ણનું પ્રલંબના વધરૂપ અને પોતાનું દવાગ્નિમાંથી રક્ષણ કરવારૂપ અદ્ભુત એટલે જે પહેલાં કોઈએ જોયું ન હતું અથવા સાંભળ્યું પણ ન હતું તેવું અને સર્વ લોકમાં ઉત્તમ કર્મ, (ગોપોએ) સ્ત્રીઓને કહ્યું. 'પોતાનું દવાગ્નિમાંથી રક્ષણ અને પ્રલંબનો વધ' શબ્દોથી એ (અદ્ભુત) કર્મ જણાવે છે (કહે છે). જેમ જેમ ભગવાનનું માહાત્મ્ય જાણવામાં આવે છે તેમ તેમ તે શાંત રીતે કહેવામાં આવે છે, તેથી ગોપોએ ધીરે ધીરે પોતપોતાને ઘેર આવી સ્ત્રીઓને જ કહ્યું; કે જેથી તેઓ (સ્ત્રીઓ) પણ ભગવત્પરાયણ થાય. સ્ત્રીઓ પણ જો ભગવત્પરાયણ થાય તો તેઓના સંગનો દોષ પોતાને ન થાય[2] તેવા વિચારથી તેઓએ તે સ્ત્રીઓને કહ્યું. (સ્ત્રીઓને કહેતાં) પ્રસંગથી (વૃદ્ધો ઘેર પાસે હોવાથી) વૃદ્ધોએ (જે ગાયો ચારવા વનમાં જઈ નહિ શકવાથી ઘેર રહેલા હતા તેઓએ) પણ તે સાંભળ્યું. ૧.

તેથી સર્વે વ્રજવાસીઓને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થયું, એ આ શ્લોકમાં કહે છેઃ

---

૧. આ પહેલા બે શ્લોકોથી ગોપોએ શ્રીકૃષ્ણનું માહાત્મ્ય સ્ત્રીઓને જણાવ્યું જેથી તે પુરુષોત્તમ છે, એવું તેઓને જ્ઞાન થયું એ વિશેષ છે. (પ્ર)

૨. ગોપાલોને ભગવાનમાં ઘણી આસક્તિ થતાં રાત્રે પણ તેઓ ભગવાનના ગુણોનું જ ગાન કરે. તેઓ એ પ્રમાણે રાત્રે પણ કરે તો તેઓને જાગરણ થાય, અને માતા વિગેરે સ્ત્રીઓની ભગવાનમાં તેમના જેવી ઘણી આસક્તિ ન હોય તો તેઓ આવાં જાગરણને દુઃખરૂપ સમજી તેમને ભગવાનના ગુણગાન કરતાં અટકાવે; પણ આ બે (પ્રલંબના વધરૂપ અને દવાગ્નિમાંથી ગોપોના રક્ષણરૂપ ભગવાનની લીલાનું શ્રવણ કરવાથી તેઓને પણ ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય અને તેથી ભગવાનમાં ઘણો દૃઢ સ્નેહ થાય એટલે તેઓને પણ ભગવાનનાં ગુણગાનમાં રુચિ થાય, તેથી તેઓ તેમને તેમ કરતાં અટકાવે નહિ એવો આનો અર્થ છે. (ટિ)

**ગોપવૃદ્ધાશ્ચ ગોપ્યશ્ચ તદુપાકર્ણ્ય વિસ્મિતાઃ ।।**
**મેનિરે દેવપ્રવરૌ કૃષ્ણરામૌ વ્રજં ગતૌ ।।૨।।**

વૃદ્ધ ગોપો અને ગોપીઓ તેનું શ્રવણ કરી વિસ્મય પામ્યાં અને (તેઓએ) શ્રીકૃષ્ણ અને બલભદ્રને ઉત્તમ દેવોએ પણ પૂજવા યોગ્ય વ્રજમાં પધારેલા માન્યા. ૨.

મૂલ શ્લોકમાં 'ગોપવૃદ્ધાઃ' પછી 'ચ' 'અને' છે, તેથી એમ જણાવેલું છે કે બહુ મૂઢ (અક્કલ વગરના)ને અને બાલકોને પણ ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થયું. વળી 'ગોપ્યઃ' પછી બીજો 'ચ' 'અને' છે, તેથી એમ જણાવેલું છે કે ગોકુલમાં રહેનારી બીજી સર્વ સ્ત્રીઓને પણ એવું જ્ઞાન થયું. આ બધા (એટલે વૃદ્ધ ગોપો, બહુ મૂઢ અને બાલકો, ગોપીઓ અને બીજી ગોકુલમાં રહેનારી સ્ત્રીઓ) તેનું એટલે ભગવાનના માહાત્મ્યનું શ્રવણ કરીને વિસ્મય પામ્યાં. ભગવાનના એ (પહેલા શ્લોકમાં કહેલું) કર્મનું શ્રવણ કરીને તેઓને ભગવાન્ વિષે જે જ્ઞાન થયું તે અહિં ઉત્તરાર્ધ (શ્લોક)માં કહેલું છે, કે ઉત્તમ દેવોએ પણ પૂજવા યોગ્ય વિગેરે. એટલે દેવો મધ્યે જે ઈન્દ્ર વિગેરે ઉત્તમ દેવો છે તેઓએ પણ પૂજવા યોગ્ય. (દેવપ્રવરૌ[1]) એટલે પુરુષોત્તમરૂપ શ્રીકૃષ્ણ અને બલભદ્ર છે, એવું તેઓને જ્ઞાન થયું. ઉત્તમ દેવોએ પૂજવા યોગ્ય તેઓ છે એમ ઉપચારથી (એટલે વસ્તુતઃ તેઓ તેવા નથી, પણ કાંઈક એવો તેઓમાં ગુણ છે જેથી તેવા ગુણને લીધે તેમને એવા માનવામાં આવે છે એવી રીતે) તેઓ માનતા ન હતા, (પણ વસ્તુતઃ જ તેઓ ઉત્તમ દેવોએ પૂજવા યોગ્ય છે, એમ જ માનતા હતા) એમ દર્શાવવા તેઓનાં નામો 'શ્રીકૃષ્ણ અને બલભદ્ર' એમ કહેલાં છે.

'શ્રીકૃષ્ણ અને બલભદ્ર તો વ્રજમાં રહેતા બે ગોપો છે એમ દેખાય છે,

---

૧. 'દેવપ્રવરૌ દેવ' એટલે દેવો, તેઓની મધ્યે જેઓ 'પ્ર' એટલે પ્રકૃષ્ટ, ઉત્તમ અથવા પૂજવા યોગ્ય છે. તેઓ કોણ છે એમ જણાવવા તેઓ ઈન્દ્ર વિગેરે છે એમ કહ્યું છે (તેઓથી પણ 'વરૌ' એટલે પૂજવા યોગ્ય તે 'દેવપ્રવરૌ') એવો અર્થ કહ્યો છે. 'દેવોમાં પ્રવર (ઉત્તમ) તે દેવપ્રવર, તેઓથી પણ વરૌ અથવા પૂજવા યોગ્ય તે દેવપ્રવરૌ' એવો સમાસ છે. 'વર' શબ્દ બે વાર આવે છે તેનો સમાસ કરતાં એક વાર લોપ થાય છે. આ લોપ વેદના નિયમ પ્રમાણે અથવા વ્યાકરણના નિયમ પ્રમાણે થાય છે. (લે)

આ શબ્દમાં 'પ્ર' શબ્દનો અર્થ પ્રકૃષ્ટ અથવા ઉત્તમ છે. 'સંસ્કારનો આદર ન રાખતાં માત્ર અક્ષરના સામ્યથી અર્થ કરવો' એ નિયમ પ્રમાણે આવો અર્થ થાય છે. ''સર્વ વેદોમાં જે 'ભાતિ' (પ્રકાશે છે,) સર્વ જંતુઓ પર જેમાં 'રતિઃ' (પ્રેમ) છે, અને સર્વ પ્રાણીઓનું જેનાથી 'તરણં' (તરવું) થાય છે તે 'ભારત' છે'' એથી ભારતની નિરુક્તિ એવી રીતે કરેલી છે; તેથી દેવોમાં જેઓ 'પ્ર' એટલે પ્રકૃષ્ટ અથવા ઉત્તમ છે, તેઓથી પૂજવા યોગ્ય એવા દેવપ્રવરૌ શ્રીકૃષ્ણ અને રામ છે, એવો અર્થ થાય છે. (યો)

તેથી તેઓ ઉત્તમ દેવોએ પૂજવા યોગ્ય કેમ હોઈ શકે ?' એવી અયોગ્યતા જણાય તે વ્રજમાં પધારેલા શબ્દોથી દૂર કરે છે. (ઉત્તમ દેવોએ પૂજવા યોગ્ય તે બે) વ્રજમાં પધારેલા છે. જેમ મહારાજા કોઈવાર હરકોઈ સ્થલે (ગામડામાં અથવા ગરીબના ઝુંપડામાં) જાય, તેમ ભગવાન્ વ્રજમાં પધારેલા છે એમ તેઓએ માન્યું. ૨.

એ પ્રમાણે તેઓને જ્ઞાન થયું ત્યાર પછી ભગવાનની ક્રીડા (સારી રીતે થઈ શકે તે) માટે વર્ષાઋતુ આવી, એમ અહિંથી બાવીશ શ્લોકોથી કહે છે. આરંભમાં[૧] વર્ષાઋતુ પોતે જ આવી તે કહે છેઃ

**તતઃ પ્રાવર્તત પ્રાવૃટ્ સર્વસત્ત્વસમુદ્ભવા ।।**
**વિદ્યોતમાનપરિધિર્વિસ્ફૂર્જિતનભસ્તલા ।।૩।।**

જેમાં સર્વ સત્ત્વનો ઉદ્ભવ થાય છે, સર્વ દિશાઓ વધારે પ્રકાશમાન થાય છે અને આકાશમાં ગડગડાટ થાય છે તેવી વર્ષાઋતુ પછી આવી. ૩.

'વર્ષાઋતુ આવે ત્યારે (એ ઋતુમાં) ભગવાનની કઈ લીલા થશે ?' (થઈ શકશે ? કારણ કે વર્ષાઋતુમાં બહાર નીકળાય નહિ અને રમત રમી શકાય નહિ.) એવી શંકા થાય, તેથી કહે છે કે એ ઋતુમાં સર્વ સત્ત્વનો ઉદ્ભવ થાય છે. [ક]તેમાં સર્વ સત્ત્વ એટલે પ્રાણીઓની સારી રીતે ઉત્પત્તિ થાય છે. કારણ કે[૨] ભગવાન્ સર્વ પ્રાણીઓમાં જ[૩] (સર્વ પ્રાણીઓનાં દુઃખ ટાળવા જ) ક્રીડા કરે છે. અથવા[૪] [ખ]ભગવાન્ સર્વ પ્રાણીઓ માટે જ (સર્વ પ્રાણીઓનો ઉદ્ધાર કરવા માટે જ) ક્રીડા કરે છે. [૫]અથવા [ગ]તેમાં સર્વના સત્ત્વગુણનો ઉદ્બોધ થાય છે[૬] (સર્વનો સત્ત્વગુણ

---

૧. 'વર્ષાઋતુ આવી એમ પહેલા જ શ્લોકમાં કહેલું છે, તો પછી અહિંથી બાવીશ શ્લોકોથી કહે છે એમ કેમ કહેવાય ?' એવી શંકા યોગ્ય નથી, કારણ કે આ શ્લોકમાં તે ધર્મીરૂપે આવેલી છે અને પછીના ૨૧ શ્લોકોમાં તે ધર્મરૂપે આવશે, તેથી બાવીશ શ્લોકોથી વર્ષાનું આગમન કહેલું છે તે યોગ્ય છે. તેથી જ આરંભમાં એટલે બાવીશ શ્લોકોમાં પહેલા આ શ્લોકમાં, તે પોતે એટલે ધર્મીરૂપે જ આવી એમ કહેલું છે. (લે)

૨. ભગવાન્ દુઃખ મટાડવા ક્રીડા કરે છે, અને દુઃખી હોવું એ જીવોનો ધર્મ હોવાથી તેઓમાં જ ભગવાન્ ક્રીડા કરે એ યોગ્ય છે, એમ દશાર્વવા આ 'હિ' કારણ કે શબ્દ યોજેલો છે. (લે)

૩. ભગવાન્ પોતામાં જ રમણ (આત્મરતિ) કરે તેથી ક્રીડા થતી નથી, તેથી સ્વરૂપમાં અહિં રમણ કરતા નથી, એમ દર્શાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલો છે. (લે)

૪. અથવા–દેડકાંઓ વિગેરે જીવોનું અહિં (આ પછીના ૨૧ શ્લોકમાં) વર્ણન કરેલું છે, તેઓની સાથે ભગવાન્ વિશેષ (ખાસ) ક્રીડા કરતા નથી, તેથી અહિં બીજો અર્થ કહે છે. (લે)

૫. અથવા–બાવીશે શ્લોકોમાં જીવોની ઉત્પત્તિ કહેલી નથી, તેથી અહિં ત્રીજો અર્થ કહે છે.(લે)

૬. અહિં જે સત્ત્વગુણનો ઉદ્ભવ થવાનું કહેલું છે, તે અપ્રાકૃત ભગવદ્ધર્મરૂપ સત્ત્વ છે. આવું સત્ત્વ ભગવાન્ પોતે જ થાય છે, એમ ૧૦।૩।૯ ઉપરની ચોથી કારિકામાં કહેલું છે. તેમ જ બ્રહ્મસૂત્ર ભાષ્યના ત્રીજા અધ્યાયમાં આવા સત્ત્વનું નિરૂપણ કરેલું છે. ભગવાનની

જાગ્રત થાય છે). તેથી ભગવાન્ તે સમયે(વર્ષાઋતુમાં) સાત્ત્વિકો સાથે સત્ત્વથી[૭] (સત્ત્વગુણથી) ક્રીડા કરશે. એવી રીતે કાર્યથી (વર્ષાઋતુનું કાર્ય સર્વ સત્ત્વનો ઉદ્ભવ તેથી) તે (ઋતુ) ભગવાનની ક્રીડામાં ઉપયોગી છે એમ કહી, સ્વરૂપથી[૮] પણ તે ભગવાનની ક્રીડામાં ઉપયોગી છે, એમ તેમાં સર્વ દિશાઓ વધારે પ્રકાશમાન થાય છે એ શબ્દોથી કહે છે. 'પરિધયઃ' એટલે પરિતઃ અથવા સર્વ તરફથી આવરણ કરનારી દિશાઓ. (દશે દિશાઓ), તે બધી જ બીજા સમયે (બીજી ઋતુઓમાં) પ્રકાશતી હોવા છતાં, જ્યારે વર્ષાઋતુ આવે છે ત્યારે જ વિશેષ રીતે અથવા વધારે પ્રકાશમાન થાય છે. વળી તેમાં આકાશમાં ગડગડાટ[૮] થાય છે. આથી[૯] આ વર્ષાઋતુ ભગવાનની ક્રીડા માટે સર્વ પ્રકારની તૈયારી કરનારી છે, એવું તેનું નિરૂપણ કરેલું છે; કારણ કે તે આવે ત્યારે ઉપર, નીચે અને સર્વ બાજુઓમાં સર્વ ગુણો જાગ્રત થાય છે (એમ કહેલું છે). જેમ મહારાજની (તેમને માન આપવાની) તૈયારી કરવાની આવે ત્યારે આખું ગામ જાગ્રત થઈ જાય છે (તેમ ભગવાનની ક્રીડા માટે વર્ષામાં ભૂમિ, આકાશ અને દિશાઓ જાગ્રત થઈ જાય છે). [ક]ભૂમિના ગુણો સર્વ જીવો છે (સત્ત્વ એટલે પ્રાણીઓ), [ખ]દિશાઓનો ગુણ વીજળી છે (જેથી તેઓ વધારે પ્રકાશમાન થાય છે,) અને [ગ]આકાશનો ગુણ

---

સચ્ચિદાનંદાત્મક લીલાનો પણ આવા અપ્રાકૃત ભગવદ્ધર્મરૂપ સત્ત્વમાં જ આવિર્ભાવ થાય છે. આમ હોવાથી સર્વ લીલાના પદાર્થોના સંબંધવાળા સત્ત્વગુણનો આવિર્ભાવ થાય, ત્યારે તે ગુણ જેઓમાં રહેલો છે તેઓના સત્ત્વગુણનો પણ આવિર્ભાવ થાય છે, અને તેથી લીલા સારી રીતે થાય છે; તેથી વર્ષાઋતુ તેના કાર્યથી લીલામાં ઉપયોગી થાય છે. (ટિ+પ્ર)

જેમ સર્વ અંશો ભગવાનમાં આવવાથી ભગવાન્ પૂર્ણ છે તેમ જે જે અંશરૂપ લીલા છે અને તે લીલામાં ઉપયોગી અંશરૂપ પદાર્થો છે, તે લીલા અને તે પદાર્થોમાં સત્ત્વનો આવિર્ભાવ થવાથી, આ લીલા પૂર્ણ છે એવો ભાવ છે. અંશાવતારમાં સત્ત્વ અવતારીના આકારવાળું હોઈ તેને ઢાંકીને રહે છે, અહિં તો પાથરણાંની પેઠે તે (ભગવાનને ઢાંક્યા વિના, સાધન જેવું) રહે છે એવો ભેદ છે. તેથી જ અહિં 'સર્વ' પદ પણ યોજેલું છે. ભગવાનની લીલાના અધિષ્ઠાનને યોગ્ય સર્વના જે સત્ત્વગુણો છે, તે બધા આ પછીના શ્લોકોમાં કહેલા આકાશ વિગેરે પદાર્થોને પ્રાપ્ત કરાવનારી વર્ષાઋતુ છે. તે સત્ત્વ અધિષ્ઠાન તરીકે જે ભક્તોનો ગુણ છે તે સાત્ત્વિક ભક્તો છે એમ જાણવું. (લે)

૭. સત્ત્વથી એટલે ધર્મથી, સાત્ત્વિકો સાથે એટલે ધર્મીઓ (ધર્મવાળાઓ) સાથે. (ટિ)

૮-૮. વીજળીથી દિશાઓનો વિશેષ પ્રકાશ થાય તેથી લીલાના ભક્તો લીલાનું સ્થલ જાણી ત્યાં આવે અને આકાશમાં ગડગડાટ થાય તેથી લીલામાં પ્રતિબંધ કરનારા ભય પામી ત્યાંથી જતા રહે; અને લીલાસ્થલની બહાર હોય તે ત્યાં ન આવે. એવી રીતે વર્ષાઋતુ સ્વરૂપથી લીલામાં ઉપયોગી થાય છે. (લે)

૯. આથી એટલે વર્ષાઋતુના ત્રણ વિશેષણો શ્લોકમાં કહ્યાં છે તેથી (લે)

ગડગડાટ છે, આ[૧૦] જ તમઃ, સત્ત્વ અને રજઃ (ગુણો) પણ[૧૦] છે. ૩.

વર્ષાઋતુ આવી ત્યારે ભગવાનની ક્રીડામાં ઉપયોગી સર્વ શક્તિઓ આવી એમ જણાવવા વર્ષાઋતુના દિવ્ય[૧] એકવીશ ધર્મોને અહિંથી એકવીશ શ્લોકોથી[૨] કહે છે. કારણ કે 'સ્વર્ગલોક એકવીશ પ્રકારનો છે' 'દેવલોકો એકવીશ છે[૩]' એવી શ્રુતિઓ છે, અને 'બાર માસો, પાંચ ઋતુઓ, આ ત્રણ લોકો અને એકવીશમો તે સૂર્ય[૪]' એમ આમાંજ સર્વની[૫] પ્રતિષ્ઠા છે એમ કહેલું છે. તે પૈકી પ્રથમ આદિત્યવત્ પ્રકાશતું[૬] સગુણબ્રહ્મ વર્ષાઋતુના દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે, તેથી વર્ષાઋતુથી થતું બ્રહ્મનું દૃષ્ટાંત[૭] આ શ્લોકમાં કહે છેઃ

---

૧૦. આ એટલે અપ્રાકૃત ભગવદ્ધર્મરૂપ (ગુણો). (ટિ)
જીવોમાં આનંદનો આર્વિભાવ થાય છે, તેથી તેઓ આનંદરૂપ છે. વીજળી સત્તા (અસ્તિત્વ હયાતી) જણાવનાર હોવાથી સદ્રૂપ છે, અને ગડગડાટ (અવાજ કરવો) તે ચેતનનો ધર્મ હોવાથી ચિદ્રૂપ છે. વળી એકબીજામાં એકબીજાના ધર્મો પણ રહેલા છે, એમ દર્શાવવા 'અપિ' 'પણ' શબ્દ યોજેલો છે. (લે) આ પ્રમાણે આ એટલે ચિત્ અને આનંદ ધર્મો થયા.

૧. આ વર્ષાઋતુ ભગવાનની ક્રીડા માટે તૈયારી કરનારી છે, એમ પાછલા શ્લોકમાં કહેલું છે. આ લૌકિકી નથી, પરંતુ લોકમાં જે અલૌકિક ગણાય છે તે સ્વર્ગલોક, તેનાથી પણ (સચ્ચિદાનંદરૂપ હોવાથી) અલૌકિક છે એમ જણાવવા, જેટલા સ્વર્ગલોક છે તેટલા શ્લોકોથી તેનું નિરૂપણ કરવામાં આવે છે એવો અર્થ છે. તેથી બીજી લીલાથી પણ આ જૂદા પ્રકારની દિવ્ય છે એમ સિદ્ધ થાય છે. (ટિ)
સ્વર્ગલોક એકવીશ પ્રકારના છે તેથી તેટલા જ શ્લોકોથી વ્રજની વર્ષાઋતુનું વર્ણન કરી, તે ભગવદીય સ્વર્ગ છે એમ સૂચવ્યું છે. જેમ સુકૃત કરનારાઓ સ્વર્ગમાં ઉત્તમ ભોગ ભોગવે છે તેમ શુદ્ધ પુષ્ટિભક્તો વ્રજની વર્ષાઋતુમાં ઉત્તમ ભોગ ભોગવે છે એમ નિરૂપણ કરેલું છે. (યો)

૨. આ લોકથી જૂદો, સુખરૂપ, માત્ર વેદથી જ પ્રાપ્ત થાય તેવો અને તેથી અલૌકિક સ્વર્ગલોક જેવો છે તેવી જ આ વર્ષાઋતુ પણ છે, એમ જણાવવા જેટલા પ્રકારનાં સ્વર્ગ છે તેટલા જ એકવીશ શ્લોકોથી તેનું નિરૂપણ કરવામાં આવે છે એવો ભાવ છે. (ટિ)

૩. પહેલાં જે શ્રુતિ કહી તે એક જ સ્વર્ગ એકવીશ પ્રકારનું છે એમ કહે છે, પણ સ્વર્ગો એકવીશ છે એમ કહેતી નથી; તેથી આ બીજી શ્રુતિ (દેવલોકો એકવીશ છે એ) કહેલી છે. (પ્ર)

૪. દેવલોકો ભલે એકવીશ હોય છતાં એક જ વર્ષાઋતુ એકવીશ ધર્મ પ્રાપ્ત કરાવે તેવું સંભવે નહિ, તેથી કાલરૂપથી તે ઋતુ તેવી છે એમ જણાવવા આ ત્રીજી શ્રુતિ કહેલી છે. (પ્ર)

૫. આ સર્વની એટલે સર્વના સત્ત્વધર્મની પ્રતિષ્ઠા. (પ્ર) આમાં જ એટલે આ એકવીશ ધર્મોમાં જ. સર્વની એટલે સર્વ ભગવદ્ધર્મોની પ્રતિષ્ઠા છે, એવો અર્થ છે. (લે)

૬. આદિત્યવત્ પ્રકાશતું એટલે આદિત્યમાં પ્રકાશતું. (પ્ર) આદિત્યવત્ એટલે આદિત્ય (સૂર્ય) પેઠે સર્વ પદાર્થોમાં પ્રકાશતું. આ સર્વત્ર પ્રકાશે છે, પણ દૃષ્ટાંતથી જ સ્પષ્ટ થાય છે, (લે)

૭. આકાશમાં બ્રહ્મનું દૃષ્ટાંત કહે છે. (લે)

**સાન્દ્રનીલામ્બુદૈર્વ્યોમ સવિદ્યુત્સ્તનયિત્નુભિઃ ।।**
**અસ્પષ્ટજ્યોતિરાચ્છન્નં બ્રહ્મેવ સગુણં બભૌ ।।૪।।**

વીજળી અને ગર્જનાવાળાં પ્રકાશતાં કાળાં વાદળાંઓથી ઢંકાએલું આકાશ, સગુણબ્રહ્મની પેઠે અસ્પષ્ટ તેજવાળું થયું. ૪.

'આકાશ જેનું શરીર છે તેવું બ્રહ્મ છે' શ્રુતિ આકાશ બ્રહ્મનું શરીર છે એમ કહે છે. તે (આકાશ) પ્રસિદ્ધ (બ્રહ્મ) શ્રીકૃષ્ણના સ્વરૂપ જેવું નથી તેથી શ્રુતિનો બાધ થતાં, (શ્રુતિનો અર્થ બરાબર નથી એમ જણાતાં), વર્ષાકાલ તેનું (તે શ્રુતિનું) સમર્થન કરે છે, કે આ શ્રુતિ 'આકાશ ભગવાનના રૂપ જેવું છે' એમ કહે છે તે સત્ય છે. તે (આકાશ ભગવાનના રૂપ જેવું છે તે) પ્રત્યક્ષથી વિરુદ્ધ હોવાથી લોકો તેનો અંગીકાર કરતા નથી; તેથી તેમાં જે ગુણો છે જ પણ જે બીજા સમયે ગુપ્ત રહેતા હતા તેમને, (વર્ષાઋતુ) પ્રકટ કરે છે[૮]. તે ગુણોને કહે છે-'સાંદ્ર એટલે પ્રકાશતાં અથવા ચિત્રવિચિત્ર જે કાળાં વાદળાં, (આકાશના) અવયવો જેવા જળવાળાં વાદળાં, તેઓવાળું આકાશ'.

(આ) વાદળાંઓનો માત્ર રંગ જ (ભગવાનના) શરીર જેવો હોય તેથી (આકાશ) ભગવાનના શરીર જેવું ન થાય, તેથી વધારામાં કહે છે કે તે 'વીજળી અને ગર્જનાવાળાં' હતાં. (ભગવાનના) પીતાંબર અને આભૂષણોને સ્થાને (તેમના જેવી) વીજળી છે. ભાતભાતના ભૂષણો, અને ગીત વેણુનાદ વિગેરેના રૂપ અને શબ્દ સિદ્ધ (બરાબર), થાય તે માટે (તે વાદળાં) વીજળી અને ગર્જનાવાળાં હતાં. (વીજળી ભગવાનનાં આભૂષણો જેવી જણાય અને ગર્જના ગીત તથા વેણુનાદ જેવી જણાય). ગર્જનાઓ જાતજાતની થાય છે અને તેથી 'આકાશ જેનું શરીર છે તેવું' બ્રહ્મ હોય છે.

'(ભગવાનને જન્મ નથી છતાં) લોકોને વ્યામોહ કરવા ભગવાન્ જન્મ્યા હોય એવા દેખાય તે માટે ભગવાનનું શરીર અંદર તેજોમય હોય છે અને બહારથી ઢંકાએલા તેજવાળું હોય છે; આકાશ તેવું નહિ હોવાથી તે ભગવાનના રૂપ જેવું કેમ ગણાય ?' એવી શંકા થાય, તેથી કહે છે કે આકાશ પણ 'અસ્પષ્ટ તેજવાળું' થયું. જેમાં સૂર્ય વિગેરે જ્યોતિઓ ગ્રહો અને તારાઓ સ્પષ્ટ ન હતા તેવું આકાશ થયું.

'એમ હોય તો પણ ભગવાન્ અનેક પ્રકારનાં વસ્ત્રો, ગૃહ અને ગોપિકાઓથી વીંટાએલા હોય છે. આકાશ તેવું ન હોવા છતાં તેમની તુલ્ય કેમ થાય ?' એવી શંકા થાય, તેથી કહે છે કે આકાશ પણ ઢંકાએલું હતું. આકાશ પણ મધ્યે (આકાશ અને ભૂમિ મધ્યે) રહેલાં વાદળાંઓથી ઢંકાએલું હતું. તેથી

---

૮. પ્રકટ કરે છે એટલે આકાશમાં પ્રકટ કરે છે. (પ્ર)

ભગવાનનું રૂપ એટલે અનંત ગુણોથી પરિપૂર્ણ સગુણબ્રહ્મ, તેના જેવું આકાશ થયું. તેથી 'આકાશ જેનું શરીર છે તેવું બ્રહ્મ છે' એ શ્રુતિ પ્રમાણ છે, એવો ભાવ છે. બ્રહ્મમાં સત્ત્વ, રજઃ અને તમઃ ગુણો[૯] છે, એવો પક્ષ લઈએ (એમ ગણીએ), તો પણ આકાશમાં પણ વાદળાં, અંધારું અને પ્રકાશ છે અને ભગવાનમાં પણ લોકોનો વ્યામોહ, ગોપિકા સાથેની લીલા, અને પ્રબોધન (જ્ઞાન) છે[૧૦]. (તેથી આકાશ ભગવાનના શરીર સગુણબ્રહ્મ જેવું છે એમ સિદ્ધ થાય છે[૧૧]). ૪.

એ પ્રમાણે વર્ષાએ બનાવેલ આકાશ(ના રૂપ)નું નિરૂપણ કરી, આ શ્લોકમાં વર્ષાઋતુના સંબંધવાળા[૧] સૂર્યનું નિરૂપણ કરે છેઃ

**અષ્ટૌ માસાન્ નિપીતં યદ્ ભૂમ્યાશ્ચોદમયં વસુ ।।**
**સ્વગોભિર્મોક્તુમારેભે પર્જન્યઃ કાલ આગતે ।।૫।।**

આઠ માસ સુધી ભૂમિનું જે જલરૂપ ધન સારી રીતે પીધેલું (ચૂસેલું) તે સમય આવતાં પર્જન્યે પોતાના કિરણોથી મૂકવા માંડ્યું. ૫.

'જે કિરણોથી આદિત્ય તપે છે તેથી(કિરણોથી) પર્જન્ય વર્ષે છે' એવી શ્રુતિ હોવાથી, આ જ સૂર્ય પર્જન્ય છે. સૂર્યનું આધ્યાત્મિક રૂપ પર્જન્ય છે, આધિભૌતિક રૂપ આદિત્ય છે, અને આધિદૈવિક રૂપ સંવત્સર છે. તે (સંવત્સર) પ્રજાપતિ[૨] છે. તેથી આ સૂર્ય જ પર્જન્ય છે. આઠ માસ સુધી એટલે આઠ માસ દરમ્યાન નિરંતર જે જલમય ધન સારી રીતે પીધેલું (ચૂસેલું), (તે સમય આવતાં તે મૂકવા માંડે છે); કારણ કે ભીની (જલવાળી) ભૂમિ અન્ન વિગેરે સર્વ ઉત્પન્ન કરે છે. તેથી જલ ધન જ છે અથવા ધનમાં મુખ્ય છે, કારણ કે જલથી જ અનાજ

૯. મૂલરૂપના અભિપ્રાયથી દૃષ્ટાંતનો અર્થ કહી, હવે અવતારરૂપના અભિપ્રાયથી દૃષ્ટાંતનો અર્થ કહે છે. (પ્ર)

૧૦. પ્રબોધન સત્ત્વગુણનું કાર્ય છે, ગોપિકાઓ સાથેની લીલા રજોગુણનું કાર્ય છે, અને લોકોનો વ્યામોહ તમોગુણનું કાર્ય છે. 'સગુણબ્રહ્મ જેવું થયું' તેમાં સગુણમાં જે ગુણો આવ્યા તે સત્ત્વ, રજઃ અને તમઃ ગુણો છે, એમ લેતાં આ પ્રમાણે અર્થ થાય છે. (યો)

૧૧. આ શ્લોકમાં આવી રીતે આ શ્રુતિનું તાત્પર્ય કહી સ્વર્ગલોકના આધારરૂપ આકાશના તત્ત્વનું નિરૂપણ કર્યું તેથી વર્ષાઋતુમાં તે સદા ભગવાનનું સ્મરણ કરાવનાર છે, એવું જ્ઞાન ક્રીડામાં ઉપયોગી છે. (પ્ર)

૧. આ શ્લોકમાં અને આવતા (છઠ્ઠા) શ્લોકમાં, એમ ઉભય શ્લોકમાં વૃષ્ટિનું નિરૂપણ કરેલું છે તેથી બેમાંથી એક શ્લોક વ્યર્થ થાય છે, એવી શંકા ન થાય તે માટે બંને શ્લોકમાં ભેદ દર્શાવવા, આ શ્લોક વર્ષાસંબંધી સૂર્યનું નિરૂપણ કરે છે એમ કહે છે અને આવતા શ્લોકમાં અંતરિક્ષનું નિરૂપણ કરે છે એમ કહેશે. (ટિ)

૨. 'સંવત્સર પ્રજાપતિ છે' એ શ્રુતિથી જગતનું કારણભૂત કાલ પ્રજાપતિ છે એમ જાણવું. (પ્ર)

વિગેરે (ઉત્પન્ન થાય છે અને અનાજ વિગેરે)થી ધનની ઉત્પત્તિ થાય છે. તેથી આપેલું ગ્રહણ કરવું જોઈએ એમ હોવાથી તે ગ્રહણ કરી તેને પકાવી[3] તે જ પાછું આપે છે. મેઘો (વાદળાંઓ) તેના (પર્જન્યનાં) કિરણો જ છે. તેથી વર્ષાઋતુ આવતાં તે (જલ) મૂકવા (વર્ષવા) માંડે છે. જો તે (પર્જન્ય) તેમ ન કરે (વર્ષાઋતુ આવતાં પોતાનાં કિરણો-વાદળાંઓથી વર્ષવા ન માંડે) તો તે કાલ તેને પણ ઉપદ્રવ કરનારો થાય[4], તેથી 'સમય આવતાં' એમ કહે છે, તેથી જેમ (વર્ષાઋતુ આકાશને) બ્રહ્મનું સ્વરૂપ બનાવે છે તેમ સૂર્યને પણ જગતનો કર્તા અને સવિતા (પ્રેરક, અનાજ વિગેરે ઉત્પન્ન કરનાર) બનાવે છે[5]. ૫.

એવી રીતે વર્ષાઋતુએ આકાશ અને સૂર્યને તેમના સ્વરૂપની પ્રાપ્તિ કરાવી એમ કહી, સૂર્યલોક અને ઉપરના લોકના મધ્યમલોકને[1] (એટલે) અંતરિક્ષને પણ તેનું સ્વરૂપ પ્રાપ્ત કરાવનારી તે થઈ, એમ આ શ્લોકમાં કહે છેઃ

**તડિત્વન્તો મહામેઘાશ્ચણ્ડશ્વસનવેપિતાઃ ।।**
**પ્રીણનં જીવનં હ્યસ્ય મુમુચુઃ કરુણા ઈવ ।।૬।।**

પ્રચંડવાયુથી કંપાવેલા વીજળીવાળા મોટા મેઘો કરુણોની પેઠે આ (વિશ્વ)ને બલ આપનાર અને પ્રાણ ટકાવનાર (જલ) મૂકવા મંડ્યા. ૬.

અંતરિક્ષ જેમની દેવતા છે તેવા મેઘો વાયુને અધીન હોય છે[2]. તે વાયુ જ બલનું કાર્ય[3] કરે છે; અને ઈન્દ્ર વિગેરે સર્વ દેવો તેના[4] ભેદો જ છે, એવો નિર્ણય[5]

---

૩. 'જલથી જ ભૂમિમાં સર્વ ઉત્પન્ન થાય છે, તો તેની પાસેથી જલ ચૂસી ફરી તેને તે આપવાનું શું કારણ ?' એવી શંકા થાય તેથી આ કહેલું છે. પ્રજાપતિરૂપ કાલ સૂર્યે આપેલું જલ ભૂમિ લે ત્યારે જ અનાજ વિગેરે ઉત્પન્ન થાય છે. તેથી સર્વ તે પકાવી પાછું તે જ આપે છે, તેથી પાક ઉત્પન્ન કરવો એ જ તેમ કરવાનું પ્રયોજન છે. (પ્ર)

૪. 'આનાથી ભય થાય છે' શ્રુતિ પ્રમાણે જો તે (પર્જન્ય) નિયમનું ઉલ્લંઘન કરે તો ભગવાન્ તેને પીડે એવો અર્થ છે. (પ્ર)

૫. સૂર્ય સવિતા છે, એવું જ્ઞાન થાય ત્યારે ભગવાન્ પોતે જ લીલા માટે તેને નવો બનાવે છે, એવું જ્ઞાન થાય તેથી તે સદા ભગવાનનું સ્મરણ કરાવનાર છે, એવું જ્ઞાન ક્રીડામાં ઉપયોગી છે. (પ્ર)

૧. સૂર્ય અને ઉપરનો લોક, તે બંનેનો સંબંધી તેમની નીચે રહેલો મધ્યમ લોક-અંતરિક્ષ. (લે)

૨. વાયુ અને અંતરિક્ષ એક જ છે; તેથી મેઘોની દેવતા અંતરિક્ષ હોવાથી તેઓ વાયુને અધીન છે, અને અહિં મેઘોનું જે સ્વરૂપ વર્ણવેલું છે તેથી અંતરિક્ષના સ્વરૂપનું નિરૂપણ થાય છે એવો ભાવ છે. (લે)

૩. બલનું કાર્ય એટલે બલરૂપ કાર્ય. આવું કાર્ય વાયુ કરે છે, અને તે કરવા માટે તેને ઈન્દ્ર વિગેરે કોઈની જરુર નથી, એમ જણાવવા 'એવ' જ મૂકેલો છે. (લે)

૪. તેના ભેદો એટલે અંતરિક્ષના ભેદો. (લે) વાયુના ભેદો, અંતરિક્ષ અને વાયુ એક જ છે, એમ ઉપર નોટ ૨ માં જણાવેલું છે. **૫.** બૃહદારણ્યકમાં શાકલ્યબ્રાહ્મણમાં 'કોણ

'ત્રણ દેવતા છે' એવા પક્ષમાં (સિદ્ધાંતમાં) કરેલો છે, તેથી મેઘોનું વાયુને અધીન હોવું એ ઈન્દ્રને અધીન હોવાપણું છે અને તેમાં (મેઘો વાયુને અધીન હોય અને ઈન્દ્રને પણ અધીન હોય તેમાં) કાંઈ વિરોધ નથી.

અથવા મેઘો ભૂતો (મહાભૂતના બનેલા) છે, વાયુ (તેઓનો) આત્મા છે, અને ઈન્દ્ર (તેઓનો) દેવતા છે. એવી રીતે એ ત્રણે એકરૂપ[૬] છે. પુરુષના પ્રયત્નથી તેના શરીરની ચેષ્ટા (હાલચાલ) થાય છે, તેમ વાયુની પ્રેરણાથી મેઘો (પોતાના કાર્યમાં) તત્પર રહે છે (પોતાનું કાર્ય કરે છે). તે મેઘો પોતાનું જલરૂપ સર્વસ્વ લોકોને આપતાં હોવા છતાં, અવૈદિક ન્યાયે આપતા નથી, કારણ કે જો અવૈદિક ન્યાયે આપે તો (તેથી) ફલ થાય નહિ; કારણ કે માત્ર વૃષ્ટિ થાય તો તે ફલ (ફલરૂપ) નથી, પરંતુ વૃષ્ટિથી અન્નની ઉત્પત્તિ થાય તો તે ફલ છે. તે (મેઘોનું કાર્ય વૃષ્ટિ) અગ્નિમાં હોમ કર્યા વિના ફલ ઉત્પન્ન કરતું નથી, તેથી 'વીજળીવાળા' શબ્દથી હોમ કરવા માટે વીજળીરૂપ અગ્નિ (મેઘોએ) ગ્રહણ કરેલો છે એમ કહે છે. 'વીજળી અગ્નિ છે, વર્ષ (વરસાદ) હવિઃ (જેનો અગ્નિમાં હોમ થાય તે) છે, મેઘ 'વષટ્' બોલનાર છે અને ગડગડાટ અનુવષટ્કાર (હોમ કરતી વખતે વષટ્ બોલવામાં આવે છે તે શબ્દ) છે'. એ શ્રુતિ પ્રમાણે વીજળી અગ્નિ હોવાથી, (તેમાં હોમ કરવા મેઘો તેનું ગ્રહણ કરે છે.) મોટા મેઘો એટલે સારી રીતે શાસ્ત્રનો અર્થ કરનારા; તે પ્રચંડ વાયુથી કંપાવેલા છે, કારણ કે પ્રચંડ વાયુ દેહની મર્યાદાની દરકાર કરતો નથી, તેથી તેણે તેઓને કંપાવેલા છે. તેઓ 'પ્રીણનમ્' એટલે બલ આપનાર અને તાપ મટાડનાર અને 'જીવનમ્' એટલે ભવિષ્યમાં અન્ન ઉત્પન્ન કરી પ્રાણ ટકાવનાર (જલ મૂકવા મંડ્યા).

'જલ જતું રહે એટલે તે (મેઘો) પણ ખાલી થઈ જાય, તેથી પોતાનું વિરોધિ (પોતાને ક્ષીણ કરનારું) દાન તેઓ કેમ આપે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે કરુણો પેઠે (તેઓ જલ મૂકે છે). દધ્યંચઋષિ શિબિરાજા વિગેરે (કરુણ પુરુષો)એ બીજાઓના માટે પોતાના પ્રાણ પણ આપેલા. આ (મેઘો) કરુણાથી જલ મૂકતા નથી, પણ કાલરૂપ વાયુથી પ્રેરાઈ જલ મૂકે છે, તેથી 'કરુણોની પેઠે' તેઓ જલ મૂકે છે એમ કહેલું છે[૭]. ૬.

---

ત્રણ' ? એવો પ્રશ્ન કરેલો છે. તેના ઉત્તરમાં એમ કહેલું છે કે 'આ જ ત્રણ લોક છે, કારણ કે આમાં જ સર્વ દેવો છે'. તેથી અગ્નિ, વાયુ અને આદિત્ય જ્યાં રહે છે તે ત્રણ લોક દેવતા છે, અને સર્વ દેવોનો તેમાં જ સમાવેશ થાય છે. ત્યાં આ નિર્ણય કરેલો છે. (પ્ર)

૬. ઈન્દ્ર આધિદૈવિક, વાયુ આધ્યાત્મિક, મેઘો આધિભૌતિક છે; તેથી ત્રણે એકરૂપ છે. (યો)

૭. આ શ્લોકમાં એમ જણાવેલું છે કે અંતરિક્ષમાં વાયુ રહે છે અને તે મેઘોને કંપાવી તેમની મારફત જગતને બલ આપનાર અને પ્રાણ ટકાવનાર થાય છે. તેની એવી સ્થિતિ કરાવનાર

ક્રમ પ્રમાણે[1] પ્રાપ્ત થતી ભૂમિને વર્ષાઋતુએ કેવી કરી, તેનું આ શ્લોકમાં વર્ણન કરે છે :

**તપઃકૃશા દેવમીઢા આસીદ્ વર્ષીયસી મહી ।।**
**યથૈવ કામ્યતપસસ્તનૂઃ સમ્પ્રાપ્ય તત્ફલમ્ ।।૭।।**

જેમ કામ્ય તપ કરનારાઓ તેના ફલ(રૂપ) શરીરો પ્રાપ્ત કરી (પુષ્ટ થાય છે) તેમ તપથી શોષાએલી મહી દેવથી સિંચાએલી પુષ્ટ થઈ. ૭.

પહેલાં (ગ્રીષ્મઋતુમાં) ઘણા તાપથી સર્વ જલ હરાતાં ભૂમિ શુષ્ક અથવા શોષાએલી થઈ, પછી દેવે ઈન્દ્રે તેને સિંચન કર્યું. (એટલે સિંચાએલી થઈ). 'મીઢા' એટલે સિંચાએલી, કારણ કે 'મિહ્'નો અર્થ 'સિંચન કરવું' છે (તેનું કર્મણિ ભૂતકૃદંતનું નારીજાતિનું રૂપ 'મીઢા' છે). દેવે તેને (જલનું) સિંચન કર્યું, એટલે તે સિંચાએલી થઈ, તેથી જાડી પુષ્ટ થઈ. (તે પહેલાં શોષાએલી હતી, કારણ કે) વર્ષાકાલના સંબંધની (તેને) ભૂખ હતી, અને ભોજનથી (હરકોઈ) પુષ્ટ થાય છે (તેમ જલનું ભોજન મળતાં પુષ્ટ થઈ).

'દેવને ભૂમિને સિંચન કરવાનું શું પ્રયોજન ? ભૂમિ માટે જ તે જલ ગ્રહણ કરે છે અને પછી મૂકે છે (વરસે છે) એમ કહો તો તેથી ભૂમિને પણ કાંઈ ફલ થતું હોય એમ અમને જણાતું નથી.' એવી શંકા થાય, તેથી (તે દૂર કરવા) ઉત્તરાર્ધમાં (દષ્ટાંત આપે છે). તપથી દેહનો શોષ થતાં[2], તે તપના ફલ તરીકે જે દેહની વિશેષ ઉત્તમતા પ્રાપ્ત થાય છે, તેનાથી સુખ અને પુષ્ટિ થાય છે. (તપ કર્યા) પહેલાં (શરીરની) જે પુષ્ટિ હોય તે સુખ ઉત્પન્ન કરતી નથી, તેથી તે પુષ્ટિ મટાડી પુનઃ (તપના ફલરૂપી) પુષ્ટિ કરે છે; તેથી ભૂમિ પણ તેમ કરે તે યોગ્ય જ છે. આ અર્થ

---

વર્ષાઋતુ જ છે અને તેથી મેઘો વૈદિક પ્રકારથી ફલ આપનાર થાય છે, એવું જ્ઞાન ભગવાનનું સ્મરણ કરાવનાર હોઈ ક્રીડામાં ઉપયોગી છે. (પ્ર)

૧. પ્રથમ આકાશ, પછી તેના સંબંધવાળો સૂર્ય, પછી તે નીચેનું અંતરિક્ષ, પછી તે નીચેની ભૂમિ, એવા ક્રમથી પ્રાપ્ત થતી.

૨. અહિં ભૂમિ તપથી શોષાએલી કહી, તે ૧૦।૧૫।૬માં કહેલા અર્થથી વિરુદ્ધ છે, એવી શંકા કરવી નહિ; કારણ કે આ શંકાનો નિરાસ અહિં કહેલા દષ્ટાંતથી જ થાય છે. પહેલાં કોઈ જાતનું જેને કાંઈ દુઃખ થયું ન હોય તેવો પુરુષ પણ પોતાના ઈચ્છેલા ફલની પ્રાપ્તિ માટે પોતે ઉદ્યમ કરી વેદમાં કહેલાં તપ વિગેરે કરે છે, કારણ કે એવાં તપ વિના તેનું ઈચ્છેલું ફલ તેને મળવાનો સંભવ નથી. તેવી રીતે જો સૂર્યનો તાપ ન લાગે તો વૃષ્ટિના જલથી રેલછેલ થએલી ઘણાં જલવાળી ભૂમિમાં વાવેલું બીજ પણ નાશ પામે. તેથી જે ખેતરોમાં તાપની જરુર છે તે ખેતરોનો રસ (જલ) રવિનાં કિરણો ચૂસે છે જ; તે પણ પોતાના સ્વભાવથી ચૂસતાં નથી પણ ઉપર કહેલા દષ્ટાંત પ્રમાણે ગોપાલોની એવી ખાસ ઈચ્છા હોવાથી જ ચૂસે છે એમ માનવું. તેથી જ ૧૦।૧૫।૬માં ગ્રીષ્મનું વર્ણન કરતાં, 'ભૂમિનો રસ સૂર્યનાં કિરણો

'જેમ તેના–કામ્ય તપના સંબંધવાળાં એટલે ફલરૂપ શરીરો પ્રાપ્ત કરી પુષ્ટ થાય છે' એ શબ્દોથી કહેલો છે.

અથવા 'તનૂઃ'ને બદલે 'તનુઃ' પાઠ લેવો. ('જેમ કામ્ય તપ કરનારનું શરીર તેનું ફલ પ્રાપ્ત કરી પુષ્ટ થાય છે તેમ', એવો અર્થ આ પાઠથી થાય).

અથવા 'તનૂઃ' બીજી વિભક્તિ(નું બહુવચન છે, તે) પહેલાની વિભક્તિના અર્થમાં (બીજી વિભક્તિ) યોજી છે. ('જેમ કામ્ય તપ કરનારાઓનાં શરીરો તેનું ફલ પ્રાપ્ત કરી પુષ્ટ થાય છે તેમ' એવો અર્થ આ પ્રમાણે થાય).

અથવા (જેમ) તપસ્વી તપના સંબંધવાળાં શરીરો એટલે સ્વર્ગ વિગેરે(માં હોય છે તેવા)ના દેહો પ્રાપ્ત કરી તેનું (તપનું) ફલ પ્રાપ્ત કરે છે, તેમ પૃથ્વીએ પણ (પુષ્ટ થઈ) અનાજ વિગેરે ફલ પણ પ્રાપ્ત કર્યું, એવો અર્થ છે.

''વૃંદાવનની 'ભૂમિનો ચોતરફનો રસ અને લીલાછમપણું વિષથી પણ તીવ્ર સૂર્યનાં કિરણો ચૂસતાં નથી' એમ પહેલાં (અધ્યાય ૧૫ શ્લોક ૬માં) કહેલું છે, અને અહિં તે ભૂમિને 'તપથી શોષાએલી' કહેવામાં આવે છે, તે તેથી વિરુદ્ધ છે''. એવી શંકા ન કરવી, કારણ કે અહિં જે દૃષ્ટાંત આપેલું છે તેથી જ તે શંકા મટી જાય છે; કારણ કે જેમ કોઈ કામનાવાળો ભવિષ્યમાં પોતાને ફલ પ્રાપ્ત થાય તે માટે અસહજ (કુદરતી ન હોય તેવું, પરંપરાથી પ્રાપ્ત થયું ન હોય તેવું) પણ તપ કરે છે, કારણ કે તેવા તપ વિના તે (જેની કામના હોય તે) ફલ મળવાનો સંભવ નથી; તેમ ભવિષ્યમાં અનાજ ઉત્પન્ન થાય તે માટે જે સ્થલે તેની ઉત્પત્તિ થવાની હોય ત્યાં (સૂર્યનાં કિરણો) રસ (જલ) ગ્રહણ કરે છે, પરંતુ બીજે (કોઈ) સ્થલે ગ્રહણ કરતાં નથી; કારણ કે પહેલાં જે પ્રદેશમાં ઘણો જ રસ હતો ત્યાં (કિરણો રસ ગ્રહણ ન કરે તો) વાવેલાં બીજનો પણ નાશ થાય; તેથી (ત્યાં કિરણો) રસ ગ્રહણ કરે એ આવશ્યક છે. તેથી જ (એ શ્લોકમાં) જલ વિગેરે પદ નહિ મૂકતાં 'રસ' પદ યોજેલું છે, કારણ કે 'રસ' પદનો અર્થ અનાજ ઉત્પન્ન કરી શકે તેવું[3] (જલ) થાય છે. અહિં (સૂર્યનાં કિરણો) વિષથી પણ તીવ્ર હોવાથી તેમાં ભૂમિને પણ બાળવાનું સામર્થ્ય છે એમ જણાવેલું છે. વિષ જીવિતથી વિરોધિ (જીંદગીનો

ચૂસતાં નથી' એમ કહ્યું છે, પણ જલ ચૂસતાં નથી એમ કહ્યું નથી; કારણ કે 'રસ' શબ્દનો અર્થ 'અન્નને ઉત્પન્ન કરવાનાં કારણરૂપ ભીનાશ' થાય છે. આથી એમ જણાવેલું છે કે (સૂર્ય વિગેરે) વ્રજના લોકોની ઈચ્છા પ્રમાણે જ કાર્ય કરે છે, બીજું કાંઈ કરતા નથી. આ જ ધ્યાનમાં રાખી શ્રીમદાચાર્યચરણે 'તપથી દેહનો શોષ થતાં...' વિગેરે કહેલું છે. (ટિ)

૩. શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'સસ્યોત્પાદનાશક્તેઃ' પાઠ છે. વૃંદાવન પ્રેસવાળા ગ્રંથમાં 'તસ્યોત્પાદનશક્તેઃ' પાઠ છે. તેથી 'સસ્યોત્પાદનશક્તેઃ' પાઠ ટિપ્પણી પ્રમાણે જણાવાથી, એવો પાઠ લઈ અર્થ કરેલો છે.

નાશ કરનાર) હોવા છતાં, તેવાં (વિષથી તીવ્ર) કિરણો પણ રસ ગ્રહણ કરતાં નથી, તે વૃંદાવનનું માહાત્મ્ય છે. આથી એમ જણાવેલું છે કે કાલ વિગેરે પણ વ્રજવાસીઓથી વિરુદ્ધ (આચરણ) કરવાને શક્તિવાળા નથી. આ શ્લોકમાં કામ્ય તપના ફલનું દૃષ્ટાંત આપેલું હોવાથી, અહિં જે અનાજ વિગેરે ફલ કહેલું છે તે તેનાથી (વૃંદાવનના અનાજ વિગેરેથી) જૂદા પ્રકારનું છે[૪] એમ જણાવેલું છે. આ પહેલાં જ ૧૦|૫|૧૮ શ્લોકમાં કહેલું છે[૫]. ૭.

એવી રીતે સૂર્યસહિત ત્રણ લોકનું (આકાશ અંતરિક્ષ અને ભૂમિ, એ ત્રણ લોકનું અને સૂર્યનું) સ્વરૂપ કહી, બાકીનાઓનું સ્વરૂપ કહેવા, ઋતુનું વર્ણન[૧] કરતાં પ્રથમ અહિંથી પાંચ શ્લોકોથી ધર્મની પ્રતિષ્ઠા (સ્થિતિ, બલ) કહે છે; કારણ કે ઋતુઓની ધર્મમાં પ્રતિષ્ઠા છે[૧], અને માસો(મહિનાઓ)ની પ્રતિષ્ઠા ધર્મીમાં[૨] છેઃ

૪. લૌકિક અનાજ માત્ર વીર્ય ઉત્પન્ન કરનાર છે, અને વ્રજનું અનાજ ભક્તિ ઉત્પન્ન કરનાર છે, તેથી તે બંને જૂદા પ્રકારનાં છે. (પ્ર)

૫. આ શ્લોકમાં નોટ ૨માં દર્શાવ્યા પ્રમાણે વ્રજજનોની ઈચ્છા પ્રમાણે ભીની રહેવું અથવા સૂકી રહેવું વિગેરે પોતાની સ્થિતિથી ફલ ઉત્પન્ન કરવાના ગુણો હોવારૂપ ભૂમિનું તત્ત્વ જણાવેલું છે. તેનું એવું જ્ઞાન ક્રીડામાં ઉપયોગી થાય તેથી જણાવેલું છે. (પ્ર)

૧. આ અધ્યાયના ચોથા શ્લોક પરનાં શ્રીસુબોધિનીમાં બાર માસ, પાંચ ઋતુ વિગેરે એકવીશ પદાર્થોનું નિરૂપણ કરનારી શ્રુતિ કહેલી છે, તે પૈકી ચાર પદાર્થોનું નિરૂપણ કરી, હવે એ શ્રુતિમાં કહેલી પાંચ ઋતુઓનું નિરૂપણ કરે છે. બબ્બે માસની એક ઋતુ, એમ ગણતાં બાર માસની છ ઋતુઓ થાય, છતાં પાંચ જ ઋતુઓનું નિરૂપણ કરે છે તેનું કારણ એ છે કે ઋતુઓની ધર્મમાં પ્રતિષ્ઠા છે, અને (૧) અગ્નિહોત્ર (૨) દર્શ (૩) પૌર્ણમાસ (૪) ચાતુર્માસ્ય અને (૫) પશુસોમ, એ પાંચ વૈદિક ધર્મો છે. 'વસંતમાં અગ્નિનું સ્થાપન કરવું' વિગેરે શ્રુતિઓ દરેક ઋતુના સમયમાં જ આ ધર્મોનું આચરણ કરવાની આજ્ઞા કરે છે, તેથી એ ધર્મોનું આચરણ કરવા માટે જ ઋતુઓના વિભાગ કરેલા છે એમ જણાવવા, ધર્મો જેટલી જ (પાંચ) ઋતુઓનું નિરૂપણ કરવામાં આવે છે. આ જ આશયથી ઋતુઓની ધર્મમાં પ્રતિષ્ઠા છે, એમ કહેલું છે. ધર્મમાં પ્રતિષ્ઠા હોવી એટલે ધર્મનું આચરણ કરવામાં ઉપયોગી હોવું, અથવા ધર્મનું નિમિત્ત કારણ હોવું. જુદા જુદા વર્ણવાળાઓએ ઉપનયન, અગ્ન્યાધાન, જ્યોતિષ્ટોમ વિગેરે ધર્મો તથા જુદા જુદા યજ્ઞો, વસંત વિગેરે ઋતુઓમાં કરવાની વેદમાં વિધિ હોવાથી પણ ઋતુઓ ધર્મના આચરણમાં ઉપયોગી છે. (ટિ)

૨. ધર્મી એટલે વૈદિક ધર્મનું આચરણ કરનારા. પાંચ ધર્મો અને ધર્મી મળી છ થયા. તે દરેક સકામ (કામનાવાળા) અને નિષ્કામ (કામના વિનાના) એમ બે પ્રકારના હોવાથી બાર થયા. એકનાં બાર અંગ છે, એમ ગણીએ તો પણ બાર પ્રકાર થયા. ધર્મીઓનું ધર્મ આચરણ કરવાનું સાધન તેમનું આયુષ્ય છે. તેનું માપ વર્ષોથી થાય છે, અને વર્ષ પણ બાર માસનું હોય છે; તેથી 'માસોની પ્રતિષ્ઠા ધર્મીમાં છે' એમ કહેલું છે. આ પાંચ ઋતુના વર્ણનવાળા શ્લોકો પછી, બાર શ્લોકોથી (૧૩ થી ૨૪) જે જીવો વિગેરેનું નિરૂપણ કરવામાં આવશે તેમનો પણ ધર્મીમાં સમાવેશ થાય છે. (ટિ)

**નિશામુખેષુ ખદ્યોતાસ્તમસા ભાન્તિ ન ગ્રહાઃ ।।**
**યથા પાપેન પાષણ્ડા ન હિ વેદાઃ કલૌ યુગે ।।૮।।**

જેમ કલિયુગમાં પાપથી પાષંડો પ્રકાશે છે, પણ વેદો પ્રકાશતા નથી તેમ રાત્રિના આરંભમાં અંધકારથી આગીઆઓ પ્રકાશે છે પણ ગ્રહો પ્રકાશતા નથી .૮

**અર્થઃ શબ્દઃ ફલં ચાપિ ત્રિવિધં પરિકીર્તિતમ્ ।।**
**અન્તર્બહિસ્તથા ચાંગમાંતરંચેતિભેદતઃ ।।૪।।**

અર્થ, શબ્દ અને ફલ, એમ ત્રણ પ્રકારની વસ્તુનું (ત્રણ શ્લોકોથી) નિરૂપણ કરેલું છે અને તે ફલનું બહારનાં અંગનું અને અંતરના અંગનું (બે શ્લોકોથી) નિરૂપણ કરેલું છે. એવા ભેદથી (પાંચ શ્લોકોથી ધર્મની પ્રતિષ્ઠા કહેલી છે). અથવા[3]

અર્થ, શબ્દ, અને (૧) અંદરનું (અંતઃ) ફલ (૨) બહારનું ફલ અને (૩) અંગમાં રહેલું અંદરનું ફલ, એવા ભેદથી ત્રણ પ્રકારનાં ફલ (અનુક્રમે ૮ થી ૧૨ સુધીના પાંચ શ્લોકોમાં) કહેલાં છે[4]. કા.૪.

---

૩. આ કારિકાના બે રીતે અર્થ કરેલા છે. લેખકારે જે અર્થ કરેલો છે, તે પ્રથમ લખેલો છે. કારિકાર્થમાં પણ આવો જ અર્થ કરેલો છે. અહિં 'ત્રિવિધમ્' ત્રણ પ્રકારનું કહેલું છે, તે હીન (હલકી) વસ્તુ ત્રણ પ્રકારની કહેલી છે એમ જણાવેલું છે, જ્યારે કારિકામાં ત્રણ પ્રકારનું ફલ કહેલું હોય તેમ જણાય છે. પ્રથમ અંદરનું (અંતઃ) ફલ કહેલું છે. આ (અનુક્રમે) દશમા શ્લોકમાં કહેલું હોવું જોઈએ.

આ શ્લોકમાં અંદરનું ફલ કહેલું હોય તેમ ઉપરઉપરથી જણાતું નથી, તેથી કદાચ આવી રીતે અર્થ કર્યો હશે, પણ આ શ્લોક પરનાં શ્રીસુબોધિનીમાં 'અસ્વતંત્ર' શબ્દનો અર્થ 'ઇન્દ્રિયોને પરવશ' કરેલો છે, તેથી ઇન્દ્રિયોને પરવશ રહેવાથી જે ફલ થાય તે અંદરનું ફલ કહી શકાય તેમ છે. તેથી (૧) અંદરનું ફલ, (૨) બહારનું ફલ અને (૩) અંગમાં રહેલું અંતરનું ફલ, એવા ભેદથી ફલ ત્રણ પ્રકારનું છે એમ કહી શકાય તેમ છે અને તે પ્રમાણે અર્થ લેતાં ફલ ત્રણ પ્રકારનું થાય છે. કારિકામાં 'ભેદતઃ' 'ભેદથી' શબ્દ છે. તેનો અર્થ પણ બરાબર આવી જાય છે; જ્યારે પહેલી રીતે અર્થ લેવાથી 'ભેદતઃ' શબ્દનો સંબંધ 'પાંચ શ્લોકોથી ધર્મની પ્રતિષ્ઠા કહે છે' એ ઉપરનાં શ્રીસુબોધિનીનાં વાક્ય સાથે લેવા લેખમાં જણાવેલું છે, પરંતુ એવી રીતે સંબંધ લેવો પણ ક્લિષ્ટ જણાય છે. તેથી આ બીજી રીતે અર્થ થાય છે તે જણાવેલો છે.

૪. અહિંથી પાંચ શ્લોકો (૮ થી ૧૨)માં કહેલો અર્થ આ કારિકામાં અનુક્રમે કહેલો છે. (૧) વેદ ધર્મનું મૂલ છે, તેનો અર્થ વર્ણાશ્રમ ધર્મો છે, કારણ કે તે ધર્મોનું વેદમાં પ્રતિપાદન કરેલું છે; (૨) (વેદનું) અધ્યયન (પાઠ) શબ્દ છે, કારણ કે અધ્યયન કરતાં શબ્દોનું ગ્રહણ થતું હોવાથી, તેમાં શબ્દ જ મુખ્ય છે; (૩) કર્મનું નિષિદ્ધ ફલ; (૪) નિષિદ્ધ ફલ પ્રાપ્ત થતાં બહારની સંપત્તિ અને (૫) તેનાથી અંગમાં થતો મદ. આ પાંચે શ્લોકોમાં હીન પદાર્થોનાં દૃષ્ટાંતો આપેલાં છે, તેનું તાત્પર્ય કા.૬માં કહે છે. (ટિ)

**પુષ્ટિમાર્ગે હિ મર્યાદામાર્ગસ્તત્ર ન શોભતે ।।**
**અતઃ પઞ્ચવિધસ્યાપિ હાનિરત્ર નિરૂપ્યતે ।।૫।।**

પુષ્ટિમાર્ગમાં ત્યાં મર્યાદામાર્ગ શોભતો નથી, તેથી પાંચે પ્રકારના (ધર્મની) હાનિનું અહિં (૮ થી ૧૨ સુધીના પાંચ શ્લોકમાં) નિરૂપણ કરવામાં આવે છે[૫]. કા. ૫.

---

૫. આ કારિકાનો એવો અર્થ છે કે પુષ્ટિમાર્ગ મર્યાદામાર્ગથી જૂદા પ્રકારનો છે, એમ જણાવવા એ પ્રમાણે કહેલું છે. (દૃષ્ટાંતો આપેલાં છે).

''એમ હોય તો આ શ્લોકના આભાસમાં (શ્લોકનું અવતરણ કરતાં) 'ધર્મની પ્રતિષ્ઠા કહે છે' એમ કહેલું છે, તે કેવી રીતે ઘટે ?'' એવી શંકા થાય, તેથી તે કેવી રીતે ઘટે છે (યોગ્ય છે) એ નીચે જણાવવામાં આવે છેઃ

(૧) લૌકિક સૃષ્ટિમાં જેમ પાપથી પાષંડ ધર્મોનો પ્રકાશ થાય છે, પણ વૈદિક ધર્મોનો પ્રકાશ થતો નથી; તેવી રીતે વર્ષાઋતુનો સહજ ધર્મ અંધકાર છે, અને અંધકાર સિવાય બીજુ બધું પાપ છે. આગીઆનો પ્રકાશ એ જ પાષંડ ધર્મનો પ્રકાશ છે, જૂદો પાષંડ ધર્મનો પ્રકાશ નથી; તેમજ ચંદ્ર વિગેરેનો અપ્રકાશ (ઝાંખાપણું) એ જ વૈદિક ધર્મનો અપ્રકાશ છે, તેથી જૂદો વૈદિક ધર્મનો અપ્રકાશ નથી, એવો અર્થ છે. આ વર્ષાઋતુની શોભા કરનાર છે અને એમ જણાવે છે કે અહિં પૂર્ણ વૈદિક ધર્મ છે. એથી એમ કહેલું છે કે આ વર્ષાઋતુ લીલાસૃષ્ટિનું સ્વરૂપ જણાવનારી છે. આ (લીલાસૃષ્ટિના) ક્ષુદ્ર જીવ (આગીઆઓ) પણ તેમાં પ્રકાશે છે અને લીલામાં ઉપયોગી ન હોય તેવા મોટા (ચંદ્ર વિગેરે) પણ તેમાં પ્રકાશતા નથી. વળી જે આવરણ કરનાર (ઢાંકનાર, પ્રકાશ ન પડે તેમ કરનાર, આગીઆઓ છે) તે જ પ્રકાશ કરે છે, એમ (મર્યાદાથી પુષ્ટિમાર્ગનું) જૂદાપણું (ભેદ) પણ આથી દર્શાવેલો છે).

પરોક્ષ(છૂપા, એકદમ ન સમજાય તેવા ગૂઢ અર્થવાળા)વાદથી મર્યાદામાર્ગથી આ માર્ગનો બીજો પણ ભેદ જણાવેલો છે, કારણ કે 'ખે' એટલે આકાશમાં 'દ્યોતઃ' એટલે પ્રકાશ છે જેઓનો તે 'ખદ્યોતઃ' (આગીઓ). આ આગીઆ ગતિવાળા (ઉડતા) હોય ત્યારે જ તેઓનો પ્રકાશ હોય છે અને તે પણ દિવસે હોતો નથી; પરંતુ અંધકારમાં જ હોય છે. આમ હોવાથી (આ શબ્દથી) એના જેવા ધર્મવાળી ભગવાનને મળવા જતી અભિસારિકા(પ્રેમીને મળવા જતી સ્ત્રી)ઓ કહેલી છે. તેઓનો પ્રકાશ અથવા શોભા શંકા વિના ભગવાનની પ્રાપ્તિ જ છે. તેથી જ 'રાત્રિના આરંભમાં' શબ્દો કહેલા છે; કારણ કે (તેઓને) પ્રિય (ભગવાનની) પ્રાપ્તિ થયા પછી તો અલૌકિક ચંદ્ર (તેઓના મુખરૂપ) જ પ્રકાશનાર છે. એમ ન હોત (ભગવાનની પ્રાપ્તિ થયા પછી તેમના મુખરૂપ અલૌકિક ચંદ્ર પ્રકાશનાર ન હોત) તો 'અંધકારથી પ્રકાશે છે' એમ જ કહેત, (પરંતુ રાત્રિના આરંભમાં અંધકારથી પ્રકાશે છે એમ ન કહેત). ગ્રહ અને ગ્રહણ અથવા જેઓના પાણિનું ગ્રહણ થએલું છે (જેઓનાં લગ્ન થએલ છે) તેવી સ્ત્રીઓ, આ પરોક્ષવાદ હોવાથી તેઓને 'પાણિગ્રહ' ન કહેતાં માત્ર 'ગ્રહ' કહેલી છે. તેવા (પાણિ ગ્રહણ કરનાર પતિ) પ્રતિ અભિસાર (પ્રેમીને મળવા જવું તે) સંભવતો નથી, તેથી તેઓ (પરણેલી સ્ત્રીઓ) પ્રકાશતી નથી. જે (પાણિ) ગ્રહણ કરે છે તે ગ્રહો (પરણેલ પતિ), તેઓ પોતાની સ્ત્રીની શોધ કરનાર છે અને તેમને અભિસાર કરતાં અટકાવનારા છે, અથવા તેમના પુરુષો (પતિ) છે. પાષંડ=પાપનું ખંડ,

ખંડ એટલે ચિહ્ન; કારણ કે 'અહિં ચિહ્નને ખંડ કહેલું છે' એવું વાક્ય છે. આમ હોવાથી જ્યારે મર્યાદામાર્ગમાં નિષિદ્ધ અભિસાર પાષંડ અથવા પાપનું ચિહ્ન છે અને તેથી અભિસાર કરનારીઓ પાપનું ભાન કરાવનારું ઘણું દુઃખ પામે છે, પણ સુખ પામતી નથી; ત્યારે અહિં પુષ્ટિમાર્ગમાં (ભગવાન્ પ્રતિ કરેલા) અભિસારથી મુક્ત પુરુષોને પણ દુર્લભ અને શ્રુતિઓ પણ જેને માટે પ્રયાસ કરે છે, તેવા ભગવાનના સંગની પ્રાપ્તિ થાય છે. આવી રીતે પુષ્ટિમાર્ગમાં મર્યાદામાર્ગથી ઘણો ભેદ છે, એવો ભાવ છે.

અહિં આ પ્રમાણે અર્થ છેઃ-'જે પોતે સર્વ તરફથી ભયરહિત હોય તે જ પતિ છે'. 'ચામડી, વાળ, રૂંવાડાં, નખ, કેશ વિગેરેથી ઢંકાએલું (શરીર)' વિગેરે વાક્યોથી (જણાય છે કે) સ્ત્રીઓના પતિ ભગવાન જ છે, પણ જીવ પતિ નથી. વૈદિક કર્મોમાં વિષ્ણુયાગમાં જેમ અસુરો જાણે નહિ તેવી રીતે જ ઉપાંશુ (ધીરા સ્વરે કરવાની પ્રાર્થના) કરવામાં આવે છે અને ઉપસદ (જ્યોતિષ્ટોમ યજ્ઞનો ભાગ) પણ (તેવા હેતુથી) તેવી રીતે (ધીરા સ્વરે) કરવામાં આવે છે; કારણ કે શ્રુતિ કહે છે કે 'ઉપાંશુ અને ઉપસદ એવી રીતે કરીએ છીએ કે પાપી અસુરો જાણે નહિ'. અસુરોનું જ્ઞાન જ તેઓના ધર્મરૂપ પાપને તેમાં યોજે છે અને તેથી ફલ પ્રાપ્ત થવામાં વિઘ્ન આવે છે. (તેથી તેઓ ન જાણે તે પ્રમાણે જ તે કરવામાં આવે છે). તેમ અભિસારિકાઓ પ્રભુ પ્રતિ પ્રકટ રીતે જાય તો આ માર્ગના અધિકાર વિનાના (પતિઓ) તેઓને ભગવાનનો સંગ (ફલ) થાય તેમાં તેઓના ધર્મ (મર્યાદા) પ્રમાણે પ્રતિબંધ (વિઘ્ન) કરે, અને તેઓનો સ્વધર્મ તો ભગવાન્ પાસે જવાનો જ છે. એ રીતે મુખ્ય ધર્મ અહિં જણાવેલો છે.

(૨) અથવા, સર્વત્ર ધર્મના વિરોધનાં દૃષ્ટાંત આપેલાં છે. તેનું તાત્પર્ય અહિં કહેલું છે. આનો અર્થ આ પ્રમાણે છેઃ-ફલરૂપ પ્રભુ પોતાનું સર્વ સામર્થ્ય પ્રકટ કરી પોતે પ્રકટ થાય ત્યારે કોઈએ (પ્રભુના આશ્રય સિવાય) બીજું કાંઈ સાધન કરવાની આવશ્યકતા હોય જ નહિ, છતાં વ્રજમાં તે સમયે વેદનું અધ્યયન વિગેરે સાધનો થતાં તે મર્યાદામાર્ગીય ન હતાં, પરંતુ પુષ્ટિમાર્ગીય જ હતાં, કારણ કે 'હું જેનો નાથ છું અને મેં જેનો અંગીકાર કરેલો છે' વિગેરે વાક્યોને લીધે તે મર્યાદામાર્ગીય હોઈ શકે જ નહિ. વળી સ્વસ્ત્યયન, આશીર્વાદ, દાન વિગેરેથી તેઓમાં (તે સાધનો કરનાર વ્રજજનોમાં) જે સામર્થ્ય હતું તેનો પણ ભગવાનમાં જ ઉપયોગ થતો અને તે લીલામાં ઉપયોગી થતું. 'મંત્ર જાણનાર વિપ્રો' એ વાક્યથી તેવા જ (એ વાક્યમાં કહ્યા તેવા જ) વિપ્રોના આશીર્વાદ નિષ્ફલ થાય નહિ, કારણ કે તેઓના આશીર્વાદનો પોતામાં વિનિયોગ થાય એવી ભગવાનની ઈચ્છા છે, અને તેથી ભગવાનની એવી ઈચ્છાથી જ એ પ્રમાણે આશીર્વાદ આપેલા હોવાથી તે પુષ્ટિમાર્ગીય છે. તેથી અહિં (સર્વ પુષ્ટિમાર્ગના જ ધર્મો છે અને) મર્યાદામાર્ગના ધર્મ નથી, એમ જણાવવા આવાં દૃષ્ટાંતો આપેલાં છે.

(૩) અથવા ઋતુઓ ધર્મ છે. પુષ્પો, ઘામ, વાદળાં વિગેરે જે (વસંતાદિ) ઋતુઓનો ધર્મ છે તે ધર્મ બરાબર હોય ત્યારે તે ઋતુ ચાલે છે, એમ સર્વ તેની પ્રશંસા કરે છે; આ જ ઋતુની પ્રતિષ્ઠા. તેમાં અમુક પ્રકારનો અંધકાર, આગીઆનો પ્રકાશ, ગ્રહો વિગેરે ન દેખાવા, એ વર્ષાઋતુનો ધર્મ છે અને તે ઋતુની શોભાનું કારણ છે, તેથી અહિં એ ધર્મ કહેલો છે. પ્રકાશ અને ગ્રહો મર્યાદામાર્ગીય હોવાથી તેઓની શોભા નથી એમ કહેલું છે (શ્લો ૮).

તેમાં આરંભમાં (પહેલા આઠમા શ્લોકમાં) વેદાર્થની (વેદના અર્થની) હાનિ[૬] કહે છે. બ્રાહ્મણો વસંતઋતુમાં ઉપનયન (જનોઈ પહેરવી તે), અગ્ન્યાધાન

મર્યાદામાર્ગથી અહિં જે વિરુદ્ધ છે તેવાં દૃષ્ટાંતો કહેલાં છે. દેડકાંનો શબ્દ પણ વર્ષાઋતુની શોભા કરનાર છે. બ્રાહ્મણો તો આ ઋતુમાં મેઘની ગર્જના સાંભળીને 'હવે અધ્યયન કરવાનો સમય નથી' એમ જાણી, વેદના અધ્યયનનો નિયમ હતો તે મૂકી દઈ, જૂદી (વેદ સિવાયની) વાણી બોલે છે. દેડકાંનો અવાજ અને બાહ્મણોની વેદસિવાયની વાણી, એ બંને કર્મમાં ઉપયોગી નથી. તેથી વેદના અધ્યયનની મર્યાદાની શોભા પણ નથી એમ કહેલું છે (શ્લોક ૯). નાની નદીઓ આડા રસ્તે વહે છે, તે વેદની વિધિ ન હોય તેવાં દાનોનો ભોગ કરવાથી મર્યાદાનો ભંગ થાય છે એમ જણાવેલું છે (શ્લોક ૧૦). આગળ (૧૧મા) શ્લોકમાં કહેલા ધર્મો પણ તે સમયે વર્ષાઋતુમાં શોભા કરનાર છે, તેમાં 'માણસોની' એમ સાધારણ વચન કહેલું હોવાથી હલકા પદાર્થોથી ઉત્પન્ન થએલી લૌકિક શોભા જ કહેલી છે, તેથી તે મર્યાદામાર્ગની નથી. તેવી જ રીતે (૧૨મા શ્લોકમાં) ક્ષેત્રોમાં અનાજની સંપત્તિ વિગેરે સામાન્ય હલકા પદાર્થો કહેલા છે, તેમાં પણ મર્યાદાની શોભા નથી.

(૪) અથવા અહિં મર્યાદામાર્ગનું તિરોધાન જ હેતુ છે, એમ દર્શાવવા દૃષ્ટાંતો કહેલાં છે. શ્લોક ૮માં ગ્રહોનો અપ્રકાશ કહેલો છે). શ્લોક ૯માં કલિયુગના બ્રાહ્મણો વ્રજનાં વર્ષાઋતુનાં દેડકાં જેવા જ છે એમ કહેલું છે, અને તેમનાથી પણ હલકા છે એમ જણાવેલું છે. શ્લોક ૧૦માં નાની નદી સિવાય કોઈ એવો અસ્વતંત્ર પુરુષ નથી એમ જણાવેલું છે, તેથી અહિં કોઈ ઇન્દ્રિયોને પરવશ નથી એટલે બધા અંતરંગ (ભક્તો) છે એમ કહેલું છે. શ્લોક ૧૧માં હલકા આશયવાળા પુરુષોનું ક્ષુદ્ર પદાર્થરૂપ ધન મદ ઉત્પન્ન કરનાર છે, તેમ અહિં ત્રણ ધર્મો કહ્યા છે તે સિવાય કોઈ હલકા પદાર્થ નથી એમ જણાવેલું છે અને આ ત્રણ મદ ઉત્પન્ન કરનારાં નથી; કારણ કે ૧૦।૫।૧૮માં કહ્યું છે તે પ્રમાણે અહિં સર્વ પદાર્થ અને સંપત્તિ અલૌકિક છે, પણ મદ ઉત્પન્ન કરનારી નથી એમ જણાવેલું છે. વળી અહિં ભૂમિની શોભા જ લૌકિક મહારાજ્યની લક્ષ્મી બરાબર છે, અને તે પણ બહારની શોભા જ તેવી છે. ભગવાનના ચરણકમલના ચિહ્નથી થતી ભૂમિની બહારની શોભા અને ભગવાન્ એ ભૂમિ પર લીલા કરે છે તેથી ભૂમિને થતા આનંદરૂપ તેની આંતર શોભાનું તો દૃષ્ટાંત જ નથી (ન હોઈ શકે) એવો ભાવ છે. શ્લોક ૧૨માં એમ જણાવેલું છે કે ગોકુલમાં જડ ખેતરો પણ સર્વનાં જીવનનાં કારણરૂપ અન્નની ઉત્પત્તિ કરાવે તેવો પ્રયત્ન કરનારને આનંદ આપતાં હતાં, અને વસ્તુનાં તત્ત્વોનું જ્ઞાન નહિ હોવાથી પોતાના દોષને લીધે બીજાઓનો દ્રોહ કરનારમાં નિરાશા ઉત્પન્ન કરી તેઓનું દુઃખ દેતાં હતાં. તો પછી ત્યાં ચેતનો (જીવો) સર્વનું હિત કરે અને બીજો કોઈ કોઈનો દ્રોહ કરવાનો વિચાર કરે તો તેને તેમ કરતાં અટકાવે તેમાં શું આશ્ચર્ય ? તેથી અહિં પૂર્ણ ધર્મનું નિરૂપણ કરેલું છે. તેથી આ 'પાંચ શ્લોકોથી ધર્મની પ્રતિષ્ઠા કહે છે' એમ બરાબર કહે છે. (ટિ)

૬. વ્રજમાં વેદની પ્રતિષ્ઠા છે એમ કહેવા, બીજે સ્થલે દૃષ્ટાંતથી તેની હાનિ કહે છે. (પ્ર)

કારિકામાં 'પાંચ પદાર્થોની હાનિ અહિં કહેલી છે' એમ સ્પષ્ટ છે. તેમાંનો પહેલો પદાર્થ 'અર્થ' એટલે વેદાર્થ છે. તેની હાનિ અહિં આ શ્લોકમાં (અથવા આ સ્થલે વ્રજમાં) કહે છે, તેથી આવો અર્થ વિચારવા જેવો છે.

(ઘરમાં અગ્નિને નિરંતર રાખવાના કાર્ય)નો આરંભ, વિગેરે ધર્મો કરે છે. (આ આઠમા શ્લોકમાં વેદનો અભાવ કહ્યો એટલે) આ ધર્મોનો અભાવ થયો, તેથી (વસંતમાં જે ધર્મો કરવા જોઈએ તે અહિં નથી, એમ ધર્મરહિત) વસંતની વ્યવસ્થા કહેલી થઈ. ઉપનયન થયા પછી ગ્રીષ્મઋતુમાં વેદનું અધ્યયન (પાઠ) કરવું (શબ્દ) વિગેરે ધર્મો બ્રાહ્મણોએ કરવાના, તે ધર્મો માટે બ્રાહ્મણો બીજા (ધનવાનો) ઉપર આધાર રાખતા હોવાથી[૭], તેઓના (ધનવાનોના) માટે તેઓ તે ધર્મો કરે છે, (એટલે માત્ર ધન તેઓ પાસેથી પ્રાપ્ત કરવા તે ધર્મો કરે છે) તેથી ગ્રીષ્મમાં આચરવાના ધર્મો પણ અહિં નથી, એમ (નવમા શ્લોકમાં કહેલું હોવાથી તે શ્લોકથી) તેનું (શબ્દનું, વેદના અધ્યયનનું) સ્વરૂપ પણ કહેલું થયું. ત્યાર પછી વર્ષાઋતુનું કાર્ય જે કર્મનું ફલ છે તે પણ અસંગત (સાથે રહે નહિ એવું છે, કારણ કે 'આડે રસ્તે જાય છે' એમ દશમા શ્લોકમાં) કહેલું છે, તેથી (તે ઋતુનો ધર્મ પણ નથી એવું) તેનું વિવેચન પણ થાય છે. શરદ્ઋતુનું ફલ અલ્પ છે, બહારનું છે અને ક્લેશથી પ્રાપ્ત થાય એવું છે, એમ (અગીઆરમા શ્લોકમાં) 'તેના ફલને દોષોથી દુષ્ટ થએલું' એથી કહેલું છે; તેથી (શરદ્ઋતુના ધર્મો પણ નથી એવું) તેનું પણ સ્વરૂપ કહેલું થયું. ત્યાર પછી બાકીની બે રૂપવાળી (હેમંત અને શિશિર એ બે રૂપવાળી ઠંડી) ઋતુનું[૮] ફલ અલ્પથી થતો સંતોષ અને તેનો (સંતોષનો) અભાવ (બારમા શ્લોકમાં કહેલો છે), (તેથી તે પણ ફલ હલકું કહેલું હોવાથી તેના પણ ધર્મ નથી એમ કહેલું થયું).

વર્ષાઋતુમાં રાત્રિના આરંભમાં અમુક પ્રકારના કીડાઓ-આગીઆઓ લોકોને પ્રકાશ કરનારા હોય નહિ તેવા થાય છે, અને તેઓ પોતે પણ પ્રકાશે છે. તેઓ પ્રકાશે છે તેનું કારણ 'અંધકારથી' શબ્દથી કહેલું છે. કાલથી મેઘોએ કરેલી વૃષ્ટિ વિગેરેથી જે અંધકાર થાય છે તેનાથી જ તેઓનો પ્રકાશ થાય છે, અને તે પ્રકાશ પણ પ્રથમ જ (અંધકારના આરંભમાં જ) થાય છે, કારણ કે પછીથી વૃષ્ટિ થતાં તેઓ પોતે જ મરણ પામે એવો સંભવ હોવાથી, (પછી) તેઓ કોને પ્રકાશ કરનારા થઈ શકે ? જે નિત્ય પ્રકાશ આપનાર ગ્રહો છે, તેઓ (તે સમયે) પ્રકાશતા નથી. આમ થવાનું જે કારણ[૯] છે તે શ્લોકના ઉત્તરાર્ધમાં દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. જેમ જેમ પાપ વધારે હોય છે તેમ તેમ વેદથી વિરુદ્ધ માર્ગમાં રુચિ થાય છે.

૭. ઉપનયન, અગ્ન્યાધાન વિગેરે ન કરતાં માત્ર દાન લેવામાં તત્પર રહેતા હોવાથી. (લે)

૮. પાંચ પ્રયાજ(યજ્ઞની મુખ્ય વિધિ)માં વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ્, એ ચાર ઋતુઓ જુદી જુદી કહે છે, પરંતુ હેમંત અને શિશિરને ભેગી કહેલી છે, તેથી જ બાર માસ અને પાંચ ઋતુઓ શ્રુતિમાં પણ કહેલી છે, તે પણ ઘટે છે. (યો)

૯. મર્યાદામાર્ગનું તિરોધાન જ કારણ છે અવો ભાવ છે. (ટિ)

**વેદમાર્ગવિરોધેન યેષાં કરણમણ્વપિ ।।**
**તે હિ પાષણ્ડિનો જ્ઞેયાઃ શાસ્ત્રાર્થત્વેન વેષિણઃ ।।૬।।**

જેઓનું કરણ (કાર્ય) જરા પણ વેદમાર્ગના વિરોધવાળું હોય તેઓને શાસ્ત્રાર્થપણા માટે (શાસ્ત્રાર્થ કહેવા માટે) વેષ ધારણ કરેલ પાષંડીઓ જાણવા. કા.૬.

જ્યારે ધર્મ પુષ્ટ થાય ત્યારે તેમાં (વેદથી વિરુદ્ધ માર્ગમાં) રુચિ થતી જ નથી, કારણ કે જેને ઉપનયન વિગેરે સંસ્કારો થએલા છે તે (એ સંસ્કારો થયા) પહેલાંના જેવી વ્યવસ્થા કરવા ઈચ્છતો નથી. તેથી અહિં પણ પાપથી જ પાષંડો (પાષંડવાળા માર્ગો) (પ્રકાશે છે).

'જાગતા (સાવચેત) વેદની હયાતી છે ત્યાં સુધી પાષંડની પ્રવૃત્તિ કેમ થઈ શકે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'કલિયુગમાં વેદો (પ્રકાશતા) નથી'. ધર્મ ત્રણ યુગ (સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગ) સુધી જ હોય છે, તેથી તેનું પ્રતિપાદન કરનાર વેદ પણ તેટલા સમય સુધી જ રહેનાર હોય એ યોગ્ય છે. આ અર્થ જણાવવા 'હિ' શબ્દ શ્લોકમાં યોજેલો છે; કારણ કે વેદના અંતે કલિ (કાલ) થાય છે. 'યુગ' શબ્દ યોજેલો છે, તે એમ જણાવે છે કે તેનું (કલિકાલનું) ઉલ્લંઘન થઈ શકે તેવું નથી[10]. ૮.

એ પ્રમાણે અર્થથી વેદનું નિરાકરણ કરી (વેદાર્થ અથવા વેદમાં જણાવેલા ઉપનયન વિગેરે ધર્મો રહ્યા નથી એમ જણાવી), આ શ્લોકમાં શબ્દથી પણ વેદનું નિરાકરણ કરે છે. (વેદનું અધ્યયન પણ થતું નથી એમ જણાવે છે) :

**શ્રુત્વા પર્જન્યનિનદં મણ્ડૂકા વ્યસૃજન્ ગિરઃ ।।**
**તૂષ્ણીં શયાનાઃ પ્રાગ્ યદ્વદ્ બ્રાહ્મણા નિયમાત્યયે ।।૯।।**

પહેલાં શાંત સૂતેલા બ્રાહ્મણો જેમ નિયમનું ઉલ્લંઘન થતાં (જે તે) વાણી બોલે છે તેમ મેઘની ગર્જના સાંભળીને દેડકાંઓ અવાજ કરવાં મંડ્યાં. ૯.

'આ પશુઓને ઉપયોગી નથી, આ ગ્રામ્ય પશુઓને હિત નથી, અરણ્યમાં રહેનાર (પશુઓને) હિત નથી' એ શ્રુતિ પ્રમાણે દેડકાંઓ કોઈ પણ પ્રાણીને ઉપયોગી નથી. તેઓની પેઠે બ્રાહ્મણો પણ જો સર્વ પ્રાણીઓને ઉપદ્રવ કરનારા હોય તો તેઓમાં વેદ કેવી રીતે હોય ? (તેઓ વેદનું અધ્યયન કરનાર ક્યાંથી હોઈ શકે ?) 'મેઘની ગર્જના સાંભળીને દેડકાંઓ અવાજ કરવા મંડ્યાં' વિગેરેથી (આ શ્લોકમાં) એમ કહેલું છે કે બ્રાહ્મણોની વાણી અને દેડકાંઓનો

---

૧૦. ૧૦।૮।૧૪ પરનાં શ્રીસુબોધિનીમાં કહેલું છે કે યુગ એટલે ભગવાન્ અને જગત્ એ બે, તેથી યુગ(માં ભગવાનનો સમાવેશ થતો હોવાથી) ભગવદ્રૂપ હોવાથી તેનું ઉલ્લંઘન થઈ શકે તેવું નથી. (યો)

અવાજ સર્વને ઉપદ્રવ કરનાર કાલને અધીન છે. તેઓની (અવાજ કરવાની) પ્રવૃત્તિ પર્જન્ય(મેઘ)ની સાથે જ થાય છે, કુદરતી હોતી નથી; કારણ કે વરસાદ સમયે જ તેઓની ઉત્પત્તિ થાય છે. આથી એમ કહેલું છે કે તે સમયે ઉત્તમ વાણી(વેદ અથવા યજ્ઞસંબંધી)નો લોપ થએલો હોય છે, અને ઉપર મેઘની ગર્જનાનો અથવા નીચે દેડકાંઓનો અવાજ થાય છે.

'બ્રાહ્મણો હયાત હોવા છતાં કેમ ઉત્તમ શબ્દ થતા નથી ?' એવી શંકા થાય, તેથી 'શાંત સૂતેલા' એ દૃષ્ટાંતથી બ્રાહ્મણોનું નિરૂપણ કરે છે. પ્રથમ કલિના બ્રાહ્મણો પહેલાં સૂતેલા જ હોય છે. પછી નિયમનું ઉલ્લંઘન થતાં (ધાર્મિક ક્રિયાનો સમય વહી જતાં) એટલે મર્યાદા નષ્ટ થતાં, પ્રભુ (રાજા તથા શેઠ) દાન વિગેરે આપે છે, એમ સાંભળીને તે સમયે વાણીનો ઉચ્ચાર કરે છે. નીચેની ઋક્ (ઋગ્વેદની શ્રુતિ) એ પ્રમાણે કહે છેઃ

**''બ્રાહ્મણાસઃ સોમિનો વાચમક્રત બ્રહ્મ કૃણ્વન્તઃ પરિવત્સરીણમ્**
**અધ્વર્યવો ઘર્મિણઃ શિશ્વિદાના આવિર્ભવન્તિ ગુહ્યા ન કેચિત્''**

'સોમિનઃ' સોમપાન કરવાને તત્પર થએલા 'બ્રાહ્મણાસઃ' બ્રાહ્મણોએ પોતાને ઠીક પડે તેમ 'વાચમક્રત' વાણી ઉચ્ચારી; 'પરિવત્સરીણં' વર્ષે ઉત્પન્ન થાય તેવું 'બ્રહ્મ' અન્ન વિગેરે 'કૃણ્વન્તઃ' ઉત્પન્ન કરનાર ખેતી કરનાર (બ્રાહ્મણો) પોતાને ઠીક પડે તેમ વેદના શબ્દોનો પાઠ કરે છે, એવો અર્થ છે. વળી કેટલાક 'અધ્વર્યવઃ' યજ્ઞ કરનારા, 'ઘર્મિણઃ' સોમયજ્ઞની પ્રાથમિક વિધિ કરનારા, 'શિશ્વિદાનાઃ' પ્રકાશતા (તેજસ્વી) 'ગુહ્યાઃ' છૂપા (રહે છે,) અને 'નાવિર્ભવન્તિ' (બહાર) પ્રકટ (પ્રસિદ્ધ) થતા નથી. વર્ષાઋતુમાં યજ્ઞ અને ધર્મ થતા નથી, તેથી ખેતી વિગેરે ઉપર આધાર રાખનાર બહિર્મુખ (બ્રાહ્મણો) જ તેમને ઠીક પડે તેમ વાણી ઉચ્ચારે છે.

આ જ અર્થ સારી રીતે સમજાવનારી બીજી ઋક્ નીચે પ્રમાણે છેઃ

**''દેવહિતિં જુગુપુર્દ્વાદશસ્ય ઋતું નરો ન પ્ર મિણન્ત્યેતે**
**સંવત્સરે પ્રાવૃષ્યાગતાયાં તપ્તા ઘર્મા અશ્નુવતે વિસર્ગમ્''**

જે 'નરઃ' પુરુષો 'દેવહિતિં' (દેવની હિતિ એટલે વૃદ્ધિ અથવા ગતિ જેનાથી છે તેવી) ભગવાનના શબ્દરૂપ 'દ્વાદશસ્ય ઋતું જુગુપુઃ' સંવત્સર(બાર માસ)ના સંબંધવાળી મુખ્ય ઋતુ વસંતનું રક્ષણ કરે છે (તેમાં ધર્મ આચરતા નથી અને) 'ન પ્ર મિણન્ત્યેતે' તેને જાણતા નથી, તેમજ જાણતા નહિ હોવાથી અજ્ઞાનને લીધે તે ઋતુમાં શાંત જ (વેદાધ્યયન કર્યા વિના) પડ્યા રહે છે, (તેઓ) 'સંવત્સરે' સંવત્સરમાં 'પાવૃષિ આગતાયાં' વર્ષાઋતુ આવતાં જ 'તપ્તા ઘર્માઃ વિસર્ગમશ્નુવતે' પહેલાં વિવિધ પ્રકારના સર્ગને પામે છે (એટલે ભાત ભાતની

વાણી બોલે છે); એટલે મૂલભૂત (વેદના મંત્રો) વાણી બોલતા નથી, પરંતુ જે તે બોલે છે એવો અર્થ છે; કારણ કે તેઓ 'ધર્માઃ' બીજાઓને પીડા કરનારા અને પોતે પણ 'તપ્તાઃ' દુઃખી થએલા છે.

તેઓ આડાંઅવળાં જે તે વચનો બોલે છે, તે બીજી ઋકમાં નીચે પ્રમાણે કહેલાં છેઃ

**''ગોમાયુરદાદજમાયુરદાત્ પૃશ્નિરદાદ્ધરિતો નો વસૂનિ**
**ગવાં મણ્ડૂકા દદતઃ શતાનિ સહસ્રસાવે પ્ર તિરન્ત આયુઃ''**

વર્ષાઋતુમાં ઉત્પન્ન થએલું ફલ પ્રાપ્ત કરી, 'આ ફલ તમને કોણે આપ્યું ?' એમ પૂછતાં (નીચે પ્રમાણે) ઉત્તર આપે છે. 'ગોમાયુઃ અદાત્' શીઆળે આપ્યું. 'અજમાયુઃ' વરૂ, 'પૃશ્નિઃ' ભૂમિ (અને) 'હરિતો' મેઘોએ 'નો' અમને 'વસૂનિ' ધન આપ્યું. વળી 'ગવાં શતાનિ મણ્ડૂકા દદતઃ સહસ્રસાવે' (દેડકાંઓ સહસ્રસાવમાં સેંકડો ગાયો આપે છે), અને એક હજાર વર્ષ સુધીનું 'આયુઃ પ્રતિરન્તઃ' આયુષ્ય આપનાર થાય છે.

વળી વૃષ્ટિ થાય તે માટે દેડકાંની પત્નીની નીચે પ્રમાણે પ્રાર્થના કરે છેઃ

**'ઉપ પ્રવદ મણ્ડૂકિ વર્ષમાવદતાદુરિ મધ્યે હ્રદસ્ય પ્લવસ્ય નિગૃહ્ય ચતુરઃ પદઃ'**

હે 'મણ્ડૂકિ' દેડકી ! 'ઉપ' નજીકમાં (થોડા સમયમાં) 'વર્ષ પ્રવદ' વરસાદ થશે એમ કહે. 'આ' ચારે તરફ (વરસાદ થશે એમ) 'ઉરિ' દેડકો 'વદતાત્' કહે. એ દેડકાંની (પાછલા ભાગમાં) અવસ્થા કહે છે. 'મધ્યે (હ્રદસ્ય પ્લવસ્ય નિગૃહ્ય ચતુરઃ પદઃ) (તળાવમાં અથવા મછવામાં ચારે પગે કૂદીને). આવા બ્રાહ્મણો હોય છે, દેડકાંઓ ઉપર આધાર તેઓનો રહે તેવા તે રહે છે. જે બ્રાહ્મણો તેવી જ રીતે દેડકાંઓ ઉપર આધાર રાખનાર હોય તેઓથી વેદની રક્ષા કેવી રીતે થઈ શકે ? તેથી શબ્દથી પણ વેદ રહેલા નથી, એમ સૂચવેલું છે[૧]. ૯.

'(વેદાર્થ અને વૈદિક શબ્દ પણ ન રહ્યા) તો વેદને રહેવા દો અને

૧. આ શ્રુતિ નિરુક્તમાં કહી છે તે પહેલાં તેમાં એમ કહેલું છે કે 'વૃષ્ટિની ઈચ્છા રાખતાં વસિષ્ટે પર્જન્યની સ્તુતિ કરી, તેને દેડકાંઓએ અનુમોદન આપ્યું. વસિષ્ટે દેડકાંઓની સ્તુતિ કરી.' તેથી આ શ્રુતિમાં કલિકાલના બહિર્મુખ બ્રાહ્મણોની સ્થિતિ કહી છે, એમ કેમ કહેવાય ? એવી શંકા ન કરવી. સૃષ્ટિ કરતી વખતે બ્રહ્માને તેની ચિંતા થયા કરતી, તેમ તે સમયે વર્ષાની ઈચ્છા રાખનાર વસિષ્ટને તેની ચિંતા થાય તે સંભવે છે. વળી જુદા જુદા કલ્પમાં એક જ વિષયમાં ભેદ હોય છે, એમ સમાનનામરૂપ સૂત્રમાં* સાબિત કર્યું છે, તેથી આમ કહેવામાં કાંઈ દોષ નથી. આ ઋચાઓ, પર્જન્યસૂક્તમાં છે અને વેદના ભાષ્યમાં તેનો અર્થ (સાયણે) જૂદી રીતે કરેલો છે. છતાં નિરુક્તમાં એવો નિયમ છે કે અક્ષરની સમાનતાથી અર્થ કરવો. વળી આ અર્થને પુરાણનો પણ આધાર છે, તેથી આ અર્થ બરાબર છે. (પ્ર) (* જૂઓ સૂત્ર ૧।૩।૩૦ ઉપરનું અણુભાષ્ય)

પાષંડમાર્ગોથી જ કામ ચલાવો' એવી શંકા થાય તેથી આ શ્લોકમાં કહે છે કે તે પાષંડમાર્ગો મોટા પુરુષોને ક્ષોભ કરે છે અને નાનાઓને વ્યામોહ કરે છે[1] તે કહે છેઃ

**આસન્નુત્પથવાહિન્યઃ ક્ષુદ્રનદ્યોનુશુષ્યતીઃ ।।**
**પુંસો યથાસ્વતંત્રસ્ય દેહદ્રવિણસંપદઃ ।।૧૦।।**

જેમ અસ્વતંત્ર પુરુષનાં દેહ, શક્તિ અને ધન આડે માર્ગે જાય અને નાશ પામે તેમ નાની નદીઓ આડે રસ્તે ફેલાઈ અને પછી સૂકાઈ ગઈ. ૧૦.

આડે રસ્તે વહેનારી નાની નદીઓ વર્ષાઋતુમાં ઉત્પન્ન થઈ, તેમને અકસ્માતથી (વૃષ્ટિ થવાથી) જ ઘણું નિષિદ્ધ ફલ(જલ) પ્રાપ્ત થયું, અને પોતે મર્યાદા વિનાની (નાની હોવાથી ઉંડાઈ અથવા પહોળાઈ વિનાની) હોવાથી એ ફલ (પોતાની અંદર) રાખવાને શક્તિવાળી નહિ હોવાથી આડા રસ્તે (પોતાની હદ બહાર) વહેવા લાગી, અને પછી તરત જ સૂકાએલી થઈ ગઈ. હવે ઉત્તરાર્ધમાં ચાલતા પ્રસંગને ઉપયોગી થાય તેવું દૃષ્ટાંત કહે છે. જેમ અસ્વતંત્ર એટલે ઈન્દ્રિયોને પરવશ પુરુષના દેહ, ઈન્દ્રિયો અને ધન આડે રસ્તે પણ જાય અને પછી તરત નાશ પામે છે તેમ તે નાની નદીઓ આડે રસ્તે જઈ તરત સૂકાઈ ગઈ[2]. ૧૦.

હવે શ્લોક ૧૧માં બહારની સંપત્તિ(બહારના ફલ)નું સ્વરૂપ કહે છેઃ

**હરિતા હરિભિઃ શષ્પૈરિન્દ્રગોપૈશ્ચ લોહિતાઃ ।।**
**ઉચ્છિલીન્ધ્રકૃતચ્છાયા નૃણાં શ્રીરિવ ભૂરભૂત્ ।।૧૧।।**

શ્યામ રંગના ઘાસથી શ્યામ, ઈન્દ્રગોપોથી લાલ અને બિલાડાના ટોપાઓએ છાયા કરેલી હોય તેવી માણસોની લક્ષ્મી જેવી ભૂમિ થઈ. ૧૧.

આ સર્વ ભૂમિ ત્રણ ગુણોવાળી થઈ, માણસોની લક્ષ્મી જેવી-રાજ્યની સંપત્તિ અથવા તેઓની જેવી લક્ષ્મીની સંપત્તિ થાય છે તેવી ભૂમિ થઈ. હરિત્ એટલે શ્યામ રંગના ઘાસથી હરિતા એટલે શ્યામ રંગની ભૂમિ થઈ, અમુક પ્રકારના ઈન્દ્રગોપ નામના કીડાઓથી લાલ રંગની થઈ અને છત્રરૂપ બિલાડાના ટોપાઓએ તેના ઉપર છાયા કરેલી હોય તેવી શ્વેત રંગની થઈ, આવી રીતે ભૂમિ લાલ, શ્વેત અને શ્યામ રંગવાળી થઈ. ઈન્દ્રગોપ કીડો રાજા જેવો, બિલાડાનો ટોપો (તેના) છત્ર જેવો અને ઘાસનાં તણખલાંઓ (તેની) સેના જેવાં થયાં. આથી જાણે યુદ્ધની સામગ્રી હોય નહિ ! તેવી ભૂમિનું વર્ણન થયું. તેથી જેમ ખડ્ગજીવિકા

૧. મોટા અંતરંગ ભક્તો પણ ઈન્દ્રિયોને પરવશ થાય તો તેમને ક્ષોભ થાય છે અને નાના ઈન્દ્રિયોને પરવશ થાય તો દેહ, ઈન્દ્રિયોની શક્તિ તથા ધન ગૂમાવી તરત નાશ પામે છે.

૨. નાની નદીઓ સિવાય ઉત્તરાર્ધમાં કહેલા ધર્મવાળો (ઈન્દ્રિયોને પરવશ) કોઈ પુરુષ વ્રજમાં નથી, એમ અહિં કહેલું છે. તેથી ઈન્દ્રિયોને પરવશ ન હોય તો અંતરંગ ભક્ત થવાય છે એમ કહ્યું. (ટિ)

(લડાઈનો ધંધો કરનારાની જીવિકા) મરણનો નિશ્ચય કરનારી (મરણ માટે તૈયાર) હોય છે તેમ આ ખેતી વિગેરેની આજીવિકા (ખેતી વિગેરેથી આજીવિકા આપનારી ભૂમિ) પણ મરણનો નિશ્ચય કરનારી થઈ. શરત્કાલનો (શરદ્ઋતુનો) ધર્મ તેવી જ રીતે (મરણ માટે તત્પર રહેવાથી જ) થાય છે. ૧૧.

હવે શ્લોક ૧૨માં અંદરનો સંતોષ અને તેનો અભાવ[1] કહે છેઃ

**ક્ષેત્રાણિ સસ્યસંપદ્ભિઃ કર્ષુકાણાં મુદં દદુઃ ।।**
**માનિનામુપતાપં ચ દૈવાધીનમજાનતામ્ ।।૧૨।।**

ખેતરો અનાજની સમૃદ્ધિથી ખેડુતોને આનંદ આપવા લાગ્યાં અને સર્વ દૈવને અધીન છે, એમ નહિ જાણનાર અભિમાનીઓને પીડા કરવા લાગ્યાં. ૧૨.

અનાજની સમૃદ્ધિના કારણથી ખેતરો ખેડુતોને આનંદ આપવા લાગ્યાં, અને માનીઓ એટલે અભિમાનીઓ જે શત્રુનો વધ કરવા (સેના લઈ જવા) ઈચ્છતા હોય તેઓને (પોતાના રસ્તામાં) વૃષ્ટિથી (પાણી ભરાએલાં હોવાથી) તથા અનાજ વિગેરેથી અડચણો આવે છે, એ જાણીને દુઃખી થનારાઓને પીડા કરવા લાગ્યાં. જય વિગેરે સર્વ તો ભગવાનને જ અધીન છે; તેથી વૃષ્ટિએ કરેલી અડચણો રસ્તામાં ન હોત તો પણ તેઓનો જય જ થાત એમ કહી શકાય નહિ, કારણ કે (કોનો વિજય થાય) તે નિશ્ચય કહી શકાય નહિ. આ '(સર્વ) દૈવને અધીન છે એમ નહિ જાણનાર' શબ્દોથી કહેલું છે. જય થવો અથવા પરાજય થવો તેનું કારણ દૈવ જ છે. ૧૨.

એવી રીતે ઋતુના ન્યાયથી વર્ણન કરી, અહિંથી બાર (૧૩ થી ૨૪) શ્લોકોથી મહિનાના ન્યાયે બાર પ્રકારના (વર્ષાના) ધર્મોને કહે છે; કારણ કે મહિનાઓ (ધર્મી અમુક સ્વરૂપ પ્રાપ્ત કરે તેનું) નિમિત્ત[1] છે. આ વર્ણનમાં ધર્મીઓ

---

૧. અહિં 'તદભાવાવાહ' ને બદલે 'તદભાવાયાહ' પાઠ પ્રકાશમાં લીધો છે. 'તેનો અભાવ એટલે કલિના લોકોમાં ખેતી વિગેરે જીવિકા મરણ માટે તત્પર છે એવો જ્ઞાનનો અભાવ' એવો તેનો અર્થ કરેલો છે; પરંતુ આ (૮ થી ૧૨) પાંચ શ્લોકોના આભાસમાં પણ 'અલ્પથી સંતોષ અને તેનો અભાવ' આ બારમા શ્લોકમાં કહેલો છે, એમ આવી ગએલું છે. તેથી પ્રકાશનો પાઠ બરાબર જણાતો નથી.

(૧૩)૧. 'બાર માસ...' વિગેરે શ્રુતિમાં કહ્યા પ્રમાણે ૨૧ પ્રકારથી વર્ષાઋતુનું વર્ણન કરવાનું છે. તે પૈકી ત્રણ લોક અને આદિત્ય તથા ધર્મના પ્રધાનપણાથી પાંચ ઋતુના પ્રકારથી, એમ નવ પ્રકારથી તેનું વર્ણન કર્યું. હવે ધર્મીનાં પ્રધાનપણાથી મહિનાના જેટલા (બાર) શ્લોકોથી તેનું નિરૂપણ કરવામાં આવે છે. મહિનામાં શું શું થાય છે તેનો વિચાર કરતાં મહિનાઓ ધર્મીઓને અમુક સ્વરૂપની પ્રાપ્તિ કરાવવામાં નિમિત્ત (કારણ) છે. તેથી જીવો વિગેરે જેઓનું અહિંથી બાર શ્લોકોમાં નિરૂપણ કરવામાં આવે છે. તે બાર ધર્મીઓ તે જ અહિં (આ વર્ણનમાં) મુખ્ય છે. જ્યાં માત્ર જલ જ સાક્ષાત્ ભગવાનની સેવામાં ઉપયોગી થાય

(જેઓના ધર્મો (ગુણો) છે અથવા જેઓ ગુણો પ્રાપ્ત કરે છે તેઓ) મુખ્ય[2] છે, અને તેઓને ગુણોનું[3] વર્ણન કરવાનું છેઃ

**જીવા નદ્યઃ પર્વતાશ્ચ માર્ગાઃ કામિન્ય એવ ચ ।।**
**વિદ્યાવાંશ્ચન્દ્રમા બર્હી ભક્તા વા તાપસાસ્તથા ।।૭।।**
**ગૃહિણો વૈદિકા માર્ગા રાજાનશ્ચેતિ કીર્તિતાઃ ।।**
**ત્રિવિધાઃ સર્વ એવૈતે માસભોગ્યાઃ પ્રકીર્તિતાઃ ।।૮।।**

૧.જીવો ૨.નદીઓ અને ૩.પર્વતો ૪.માર્ગો અને ૫.કામિનીઓ; ૬.વિદ્યાવાળો(ગુણવાન[4]), ૭.ચંદ્રમા. ૮.મયૂર અથવા ભક્ત અને ૯.તપસ્વીઓ; ૧૦.ગૃહવાળાઓ, ૧૧.વૈદિક માર્ગો અને ૧૨.રાજાઓ કહેલા છે. આ સર્વે (ચાર પ્રકારના હોઈ) ત્રણ પ્રકારના[5] મહિનાના ન્યાયે ભોગ્ય[6] કહેલા છે[7].કા.૭-૮.

**સર્વેપ્યેતે વૃષ્ટિકાલે સુખં દુઃખં ચ લેભિરે ।।**
**પુષ્ટિમાર્ગસ્થિતાઃ સર્વે સુખં પ્રાપુર્ન ચાપરે ।।૯।।**

વૃષ્ટિના સમયમાં આ સર્વેને સુખ અથવા દુઃખ પ્રાપ્ત થયું. પુષ્ટિમાર્ગમાં રહેલા સર્વેને સુખ પ્રાપ્ત થયું અને બીજાઓને (સુખ પ્રાપ્ત) ન થયું. કા. ૯.

---

તેવો દેહ પ્રાપ્ત કરવનારું છે ત્યાં બીજી વસ્તુઓ તો તેવી અલૌકિક હોય જ તેમાં શું કહેવું ? એવો ભાવાર્થ છે. (ટિ)

૨. પ્રધાન (મુખ્ય) એટલે તાત્પર્યાર્થ. (લે)

૩. તેઓના ગુણો સત્ત્વ વિગેરેનો અર્થ થઈ શકે તેવા છે, એવો અર્થ છે. (લે)

૪. વિદ્યાવાળો એટલે ભગવાનના જેવા ગુણવાળો અથવા ભગવદીય. (લે)

૫. ત્રણ પ્રકારના એટલે ચાર પ્રકારના હોઈ, તે દરેક ત્રણ પ્રકારના એટલે બાર પ્રકારના એવો અર્થ છે. (લે) ત્રણ પ્રકારના એટલે ત્રણ સમૂહરૂપ, ચાર ચાર પ્રકારના ધર્મીઓનો એક સમૂહ છે. તેવા ત્રણ સમૂહરૂપ એટલે બાર પ્રકારના એવો અર્થ છે. પહેલા ચાર (૧૩ થી ૧૬) શ્લોકમાં કહેલા ધર્મીઓનો સમૂહ અનુક્રમે નિર્ગુણ, રાજસ, સાત્ત્વિક અને તામસ છે. આ શ્લોકનાં શ્રીસુબોધિનીમાં ભૂમિ ઉપર ફરનાર અને જલમાં ફરનારને રાજસ અને તામસ કહ્યા છે, અને 'હરિની સેવા કરનાર'ને (દષ્ટાંતમાં કહેલ) સાત્ત્વિક કહેલા છે, છતાં 'હરિની સેવાથી' શબ્દને લીધે અહિં કહેલા બધા નિર્ગુણ જ છે, એવો કહેવાનો ભાવાર્થ છે, તેથી જ ૧૬મા શ્લોક પરનાં શ્રીસુબોધિનીના અંતના ભાગમાં 'નિર્ગુણ અને સગુણના ભેદથી વર્ષાઋતુએ કરેલા ચાર પ્રકારના ધર્મો કહ્યા' એમ કહેલું છે. શ્લોક ૧૭ થી ૨૦ના બીજા ચારના સમૂહમાં અનુક્રમે રાજસ, સાત્ત્વિક, તામસ અને નિર્ગુણ ધર્મીઓ કહેલા છે અને શ્લોક ૨૧ થી ૨૪ના ત્રીજા ચારના સમૂહમાં અનુક્રમે સાત્ત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ ધર્મીઓ કહેલા છે. એ પ્રમાણે બાર મહિનાઓમાં ભોગ્ય બાર ધર્મીઓ કહેલા છે. (કા)

૬. ધર્મીના પ્રધાનપણાથી માસના ન્યાયે ભગવાનથી ભોગ્ય; અથવા ભગવાન્ જેનો ભોગ કરવાના છે તેવા ધર્મીઓ. (લે)

૭. બાર શ્લોકમાં અનુક્રમે બાર ધર્મીઓ કહેલા છે.

કોને સુખ અથવા દુઃખ પ્રાપ્ત થયું તે ક્રમથી નિરૂપણ કરતાં, આરંભમાં આ વર્ષાઋતુ ભગવદીય છે, એમ જણાવવા તે સર્વ પ્રાણીઓને સુખ આપનારી થઈ એમ આ (તેરમા) શ્લોકમાં કહે છેઃ

**જલસ્થલૌકસઃ સર્વે નવવારિનિષેવયા ।।**
**અબિભ્રદ્રુચિરં રૂપં યથા હરિનિષેવયા ।।૧૩।।**

જેમ હરિની સેવાથી મનોહર રૂપ પ્રાપ્ત થાય તેમ જલ અને ભૂમિ ઉપર રહેનારા સર્વે (જીવોએ) નવાં જલનું સેવન કરવાથી મનોહર રૂપ ધારણ કર્યું. ૧૩.

જલ અથવા ભૂમિ જેઓનું રહેઠાણ છે તેઓએ ભૂમિ ઉપર ફરનારા અથવા જલમાં ફરનારા રાજસ અને તામસ જીવોએ (મનોહર રૂપ ધારણ કર્યું, અથવા સુખી થયા). સાત્ત્વિક જીવોને સુખ થયું, એમ તો કહ્યા વિના પણ સમજાય છે[1]. તેથી તેમનું દૃષ્ટાંત દેવા તેઓને દૃષ્ટાંતમાં જૂદા રાખ્યા. (આ ભૂમિ ઉપર ફરનારા અને જલમાં ફરનારા રાજસ અને તામસ) સર્વે જીવોએ નવા જલનું સેવન કરવાથી રુચિર અથવા મનોહર રૂપ ધારણ કર્યું. દોષથી[2] પણ જૂદા પ્રકારનું રૂપ પ્રાપ્ત થાય (રૂપ બદલાય), તેથી અહિં તેવી રીતે દોષથી રૂપ બદલાયું નથી, એમ જણાવવા 'હરિની સેવાથી' એવું દૃષ્ટાંત કહે છે. ભગવાનની સેવાથી જીવ ચાર ભુજાઓવાળું રૂપ અથવા અમુક પ્રકારનું તેજ પ્રાપ્ત કરે છે, (તેમ મનોહર રૂપ પ્રાપ્ત કર્યું). 'હરિ' પદથી એમ દર્શાવ્યું છે કે હરિએ ગજેન્દ્રને તેણે સ્તુતિ કરી કે તરત જ બીજું ઉત્તમ રૂપ આપ્યું હતું, એ અર્થ સ્પષ્ટ કરવા જણાવેલું છે. ૧૩.

અભિમાની મોટો હોય તે તો મોહ જ પામે છે, એમ જણાવવા સમુદ્રનું નિરૂપણ કરે છેઃ

**સરિદ્ભિઃ સંગતઃ સિન્ધુશ્ચુક્ષોભ શ્વસનોર્મિમાન્ ।।**
**અપક્વયોગિનશ્ચિત્તં કામાક્તં ગુણયુગ્ યથા ।।૧૪।।**

કાચા યોગીના ગુણના સંગવાળા કામથી ખરડાએલા ચિત્તની પેઠે નદીઓના સંગવાળો અને પવનથી મોજાંવાળો સમુદ્ર ખળભળ્યો. ૧૪.

નદીઓ તેની (સમુદ્રની) સ્ત્રીઓ છે. તે બધીએ નદીઓના સંગવાળો સિંધુ એટલે સમુદ્ર ખળભળ્યો[1] અથવા ક્ષોભ પામ્યો; કારણ કે વર્ષાકાલ કામીઓને

---

૧. સાત્ત્વિકો સુખી છે, એમ કહ્યા વિના પણ સમજાય છે. છતાં પણ ભગવદીય વર્ષાએ તેમને પણ અધિક સુખ આપ્યું, એમ જણાવવા તેમનું નિરૂપણ કરવું જોઈએ; તેથી 'હરિની સેવાથી' એવા દૃષ્ટાંતથી તેમનું નિરૂપણ કરેલું છે. (પ્ર)

૨. દોષથી એટલે ચિત્તના દોષથી(પ્ર)

૧. ગયા એક શ્લોકમાં વર્ષાનું જલ અલૌકિક ગુણ પ્રાપ્ત કરાવનારું છે એમ કહ્યું. હવે આ શ્લોકમાં દોષવાળી વસ્તુ વ્રજની સમીપમાં પણ નથી, એમ જણાવવા દૂર રહેલા સમુદ્રનું

અને ખાસ કરી સ્ત્રીના સંગવાળાઓને ક્ષોભ ઉત્પન્ન કરનાર છે. વળી પવનને લઈને તે મોજાંઓવાળો થયો. તરંગો ગર્વના[2] સ્થાને છે (ગર્વ[2] જેવાં છે); વાયુ રજોગુણવાળો છે; આવી રીતે તેને (સમુદ્રને) અનર્થ થયો તેનું નિરૂપણ કર્યું.

'મોટાને અનર્થ કેમ થાય ?' એવી શંકા થાય, તેનું ઉત્તરાર્ધમાં દૃષ્ટાંત આપી નિરાકરણ કરે છે. જેનો યોગ પાકો એટલે ફલની પ્રાપ્તિ કરાવે તેવો થયો નથી તેવા (યોગીના ચિત્તની પેઠે ક્ષોભ પામ્યો). યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો સંયમ. તે યોગ જો પાકો (થયો) હોય તો ચિત્તની વૃત્તિઓનો સંયમ કરે[3]; પણ

---

નિરૂપણ કરે છે. સમુદ્ર દ્વીપો(બેટો)ની મર્યાદા બાંધનાર છે, તેથી મર્યાદામાર્ગીય છે, તેથી તેને ક્ષોભ થાય છે એમ કહે છે. આથી એમ જણાવે છે કે (ભગવાનની) આ લીલામાં ઉપયોગી નથી તેવા મહાન્ (મોટાઓ, મહંતો)ને પણ અનર્થ થાય છે. આમ કહેવાનો ભાવાર્થ ન હોય તો વ્રજમાં નથી, એવા સમુદ્રનું નિરૂપણ પ્રયોજનરહિત થાય; અહિં તો માત્ર ભગવદીય વર્ષાઋતુના કાર્યનું નિરૂપણ કરવામાં આવે છે, તે ભગવદીય વર્ષાઋતુને વ્રજ સિવાય બીજે ક્યાંય પ્રકટ થવાનું પ્રયોજન નથી. આમ હોવાથી આધિભૌતિક વર્ષા તેનામાં (ભગવદીય વર્ષામાં) રહેલી છે, તેની મારફત તેણે (ભગવદીય વર્ષાએ) સમુદ્રને ખળભળાવ્યો. તેથી આ પ્રકરણમાં વ્રજની બહાર રહેલા સમુદ્રનું પણ વર્ણન કરેલું છે. લીલારસામૃતના સમુદ્ર (ભગવાન્) વિરાજે છે ત્યાં સુધી બીજો કોઈ સમુદ્ર હોય તે ભગવદીય વર્ષાથી સહન ન થવાથી, તેણે પોતાના વૈભવથી તેને ખળભળાવ્યો એમ જણાય છે. વળી અસ્થિર સ્વભાવવાળી સ્ત્રી (નદી) અને તેવી સ્ત્રીનો પતિ ગોકુલમાં નથી, એમ જણાવી ગોકુલમાં દોષ નથી એમ સૂચવેલું છે. અહિં દૃષ્ટાંતથી એમ સમજાવેલું છે કે ગોકુલમાં ગોપ અને ગોપી (પુરુષ અને સ્ત્રી) બંને ચિત્તની વૃત્તિઓનો સંયમ સિદ્ધ થએલો હોવાથી, તેઓ એક સ્થલે હોય ત્યારે પોતાની પત્નીના દર્શન વિગેરેથી પણ પતિને ક્ષોભ થતો નહિ, તેથી ગોપોને 'પોતપોતાની સ્ત્રીને પોતાની બાજુએ રહેલી માનનારા' (શ્રીમદ્ભાગવત ૧૦।૩૦।૩૮માં) કહેલા છે, તે સ્થિતિ ત્યાં સદા હતી એમ સિદ્ધ થાય છે. આની પહેલાંના શ્લોકમાં માત્ર જલ જ મુખ્ય ભક્તિનું કાર્ય કરનારું હોવાથી ભક્તિરૂપ છે એમ કહ્યું અને આ શ્લોકમાં જલવાળી જ નદીઓને ક્ષોભ ઉત્પન્ન કરનારી કહી; તેથી પ્રાવાહિક ભક્તિવાળાનો લીલામાં પ્રવેશ નથી અને તેઓની પ્રભુના સ્વરૂપમાં નિષ્ઠા નહિ હોવાથી જેમને તેઓનો સંગ થાય છે તેમને પણ તેઓ ક્ષોભ ઉત્પન્ન કરે છે એમ જણાવેલું છે. (ટિ) આ શ્લોકમાં સૂચવેલો અર્થ ટિપ્પણીમાં ઉપર પ્રમાણે કહેલો છે. (પ્ર)

૨-૨ અહિં સમુદ્રના ગર્વનું વર્ણન કરે છે. રજોગુણથી (વાયુથી) ગર્વ (તરંગો, મોજાઓ) થયો એવો ભાવ છે. (લે) ગર્ભને બદલે ગર્વ પાઠ હશે, એમ ઉપરના લેખના લખાણથી જણાય છે. ગર્વ બરાબર જણાય છે. વૃંદાવન પ્રેસવાળા તેમજ મગનલાલ શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'ગર્ભ' શબ્દ હોવાથી હસ્તલિખિત જુની પ્રત શ્રીગટ્ટુલાલસંસ્થામાં જોતાં 'ગર્વ' પાઠ મળે છે, તેથી તે પ્રમાણે અર્થ કર્યો છે.

૩. ચિત્તની વૃત્તિઓનો સંયમ ઉત્પન્ન કરે તે યોગ. યમ વિગેરે આઠ અંગવાળો યોગ એવો અર્થ છે. (લે) ૧.યમ, ૨.નિયમ ૩.આસન ૪.પ્રાણાયામ ૫.પ્રત્યાહાર ૬.ધારણા ૭.ધ્યાન અને

કાચો હોય તો ચિત્તની વૃત્તિઓનો સંયમ થયો છે એમ જણાય, પણ પરીક્ષા કરતાં સંયમ ટકે નહિ; આ 'કામથી ખરડાએલા' વિગેરે શબ્દોથી કહેલું છે. સ્વભાવથી ગુણના સંગવાળો એટલે ગુણોના સંબંધવાળો હોય તે જો કામથી ખરડાએલો એટલે વિષયોના સંબંધવાળો થાય તો તે સમયે (વિષયોને સંબંધ થાય ત્યારે) ક્ષોભ પામે છે; અથવા કામરૂપી દોષવાળું ચિત્ત હોય અને તેને ગુણનો સંગ થાય એટલે તે વિષયોના સંબંધમાં આવે (ત્યારે ક્ષોભ પામે), તેથી સ્વભાવનો દોષ મટેલો નહિ હોવાથી મોટો પણ ક્ષોભ પામે. ૧૪.

તેમાં પણ વળી જે મોટાઓ દૃઢ ઉંચા અને ભગવાનમાં નિષ્ઠાવાળા છે, પણ જ્ઞાનીઓ પેઠે બધાને એકસરખા માનનાર નથી, તેવા સમુદ્રથી જૂદા પ્રકારના મોટાઓને વર્ષાઋતુએ કરેલો ઉપદ્રવ આ શ્લોકમાં કહે છેઃ

**ગિરયો વર્ષધારાભિર્હન્યમાના ન વિવ્યથુઃ ।।**
**અભિભૂયમાના વ્યસનૈર્યથાધોક્ષજચેતસઃ ।।૧૫।।**

જેમ અધોક્ષજ (ભગવાન્)માં ચિત્તવાળાઓ વ્યસનોથી પરાભવ થવા છતાં દુઃખ પામતા નથી તેમ વરસાદની ધારાઓથી હણાતાં છતાં પર્વતોને પીડા થઈ નહિ. ૧૫.

સદા વરસાદની ધારાઓથી હણાતાં છતાં પર્વતોને[1] વ્યથા થઈ નહિ એટલે તેઓને પીડા થઈ નહિ, કારણ કે તેઓની અંદર ખરું તત્ત્વ રહેલું છે[2]. (તેઓને પીડા ન થવાનું) કારણ (તેમની અંદર ખરું તત્ત્વ રહેલું છે તે) દૃષ્ટાંતથી ઉત્તરાર્ધમાં સ્પષ્ટ કરે છે. જેમ અધોક્ષજમાં ચિત્તવાળા એટલે ઈન્દ્રિયો જ્યાં

---

૮.સમાધિ, એ આઠ યોગનાં અંગો છે.

૧. 'ભગવદીય વર્ષાઋતુ પર્વત ભક્તોને ઉપદ્રવ કરે એ યોગ્ય નથી' એવી શંકા થાય તો જાણવું કે ઉપદ્રવ દુઃખ આપનારો છે. વરસાદની ધારાઓ પર્વતો ઉપર ન પડે તો પોતાની અંદર રહેલા ભગવાનને પોતે વરસાદની ધારાઓનો સ્પર્શ થવા દેતા નથી, એવા જ્ઞાનથી તેમને જે સુખ થાય છે તે ન થાત. આ આનંદ અને તેથી થતા સુખથી જ પર્વતો કૃતાર્થ છે. તેથી જ મૂલ શ્લોકમાં 'વરસાદની ધારાઓથી હણાવા છતાં' એમ પર્વતોને હણાતાં કહેલા છે. (ટિ)

૨. પ્રભુની લીલામાં ઉપયોગી હોવાથી અને સ્વરૂપમાં જ એકનિષ્ઠાવાળા હોવાથી જેઓએ નિશ્ચલ રહી ઘણો ઉંચો અધિકાર પ્રાપ્ત કરેલો છે તેઓ તો અભિભવ કરનારનો સંબંધ થવા છતાં અભિભવ પામતા નથી, એમ જણાવવા પર્વતોનું દૃષ્ટાંત કહેલું છે. જેમ જેમ તેઓ ઉપર વરસાદની ધારાઓ પડે છે તેમ તેમ પોતાની ગુફામાં વિરાજતા પ્રભુને પોતે એ ધારાઓનો સંબંધ થવા દેતા નથી એવા જ્ઞાનથી તેઓને ઘણો આનંદ જ થાય છે, પરંતુ એ ધારાઓના સંબંધથી દુઃખ થતું નથી. એમ દૃષ્ટાંતથી જણાવેલું છે. તેમની 'અંદર ખરું તત્ત્વ રહેલું છે.' એ શબ્દોથી શ્રીમદાચાર્યચરણે આ જ કહેલું છે. (ટિ) 'તેઓની અંદર ખરું તત્ત્વ રહેલું છે' એ શબ્દોથી તેઓની સ્વરૂપયોગ્યતા જણાવેલી છે. (લે)

પહોંચતી નથી તેવા ભગવાનમાં જેઓએ પોતાનું ચિત્ત રાખેલું છે તેવાઓ, વ્યસનોથી એટલે સ્ત્રી વિગેરેથી અથવા ખરાબ સ્થિતિથી પરાભવ થવા છતાં એટલે વશ કરાવા છતાં ક્ષોભ પામતા નથી, તેવી રીતે (પર્વતોને વરસાદની ધારાઓથી હણાતાં છતાં પીડા થઈ નહિ[3]). તે સમયે (જ્યારે વરસાદની ધારાઓથી પર્વતો હણાય છે ત્યારે) તેમની ગુફા વિગેરેમાં ભગવાન્ હોવાથી, પોતે વરસાદની ધારાઓને ભગવાનનો સ્પર્શ કરતાં અટકાવી શકતા હોવાથી, તે કારણથી પોતાને જે આનંદ થાય છે તેનાથી ભરાએલ (ઘણા આનંદવાળા) હોવાથી, વરસાદની ધારાઓના કઠણ સ્પર્શને પણ, જેમ વાદળું સૂર્યના તાપને (સુખ માને) તેવી રીતે સુખ જ માને છે એવો અર્થ છે. અધોક્ષજ (ઈન્દ્રિયો જ્યાં પહોંચતી નથી તે) શબ્દથી બીજાઓ ત્યાં પહોંચતા નથી એમ કહ્યું, તેથી એકાંતમાં શયન (ભગવાન્ એકાંતમાં પોઢેલા) સૂચવેલું છે. જ્યાં જડ અને કઠણ (પર્વતો) પણ આવા (ભગવદીય) છે ત્યાં ચેતનો(જીવો)નું તો કહેવું જ શું! (તેઓ ભગવદીય હોય તેમાં શંકા જ હોઈ શકે નહિ) એવો ભાવ છે. સમુદ્રમાંથી તો રત્નો કાઢી લીધેલાં છે, તેથી તે સાર (કિંમતી વસ્તુ) વગરનો છે[4]. ૧૫.

એ પ્રમાણે (શ્લોક ૧૪।૧૫માં અનુક્રમે) રાજસી અને સાત્ત્વિકી વ્યવસ્થા કહી[1], હવે આ શ્લોકમાં તામસી વ્યવસ્થા કહે છેઃ

**માર્ગા બભૂવુઃ સન્દિગ્ધાસ્તૃણૈશ્છન્ના હ્યસંસ્કૃતાઃ ।।**
**નાભ્યસ્યમાનાઃ શ્રુતયો દ્વિજૈઃ કાલહતા ઈવ ।।૧૬।।**

બ્રાહ્મણોએ અભ્યાસ નહિ કરાએલી શ્રુતિઓ કાલ જતાં નષ્ટ થાય (ભૂલાઈ જાય) તેની પેઠે ઘાસથી ઢંકાએલા માર્ગો સંસ્કારરહિત હોઈ સંદિગ્ધ (શંકાવાળા) થયા. ૧૬.

સર્વે માર્ગો[2] ઘાસથી ઢંકાએલા હતા તેથી સંદિગ્ધ થયા, આ (રસ્તાઓ

૩. જેમ બીજાઓ ભગવાનમાં ચિત્તવાળા છે તેમ આ પર્વતો પણ પોતાથી ભગવાનની જે સેવા થાય છે તેની ભાવનાથી ભગવાનમાં ચિત્તવાળા છે, એમ દષ્ટાંતથી કહેલું છે. (લે)

૪. સમુદ્ર સાર વિનાનો હોવાથી ભગવાનમાં ચિત્તવાળો નથી. (લે)

૧. નિર્ગુણની વ્યવસ્થા શ્લોક ૧૩માં કહી છે. (લે)

૨. લીલામાં ઉપયોગી વર્ષાઋતુમાં વ્રજમાં માર્ગો જ સંદિગ્ધ થતા, પરંતુ વેદો કોઈ સમયે સંદિગ્ધ થતા નહિ એમ અહિં જણાવેલું છે, તેથી જ 'કાલ જતાં નષ્ટ થએલા' એવું વેદોનું વિશેષણ મૂલ શ્લોકમાં છે. જેમ વેદો અલૌકિક રીતે ભગવાનની પ્રાપ્તિ કરાવે છે તેમજ માર્ગો ભક્તોને એકાંતમાં ભગવાનની પ્રાપ્તિ કરાવનારા છે, તેથી એ બંને સરખા છે. તેથી એમ જણાય છે કે જે માર્ગોએ વ્રજના લોકો વારંવાર આવજા કરતા તે માર્ગની અહિં વાત કરવામાં આવતી નથી (તેવા માર્ગ સંદિગ્ધ ન થાય). તેથી (આવજા વગરના રસ્તાની વાત હોવાથી જ) તેવા (ભગવાનને એકાંતમાં મળવા જનારા) જ ભક્તોને રાત્રે અથવા કોઈ વાર

સંદિગ્ધ થયા તે) અર્થ (હકીકત, વૃત્તાંત) યોગ્ય જ છે, કારણ કે પ્રત્યક્ષથી જ (નજરે જોતાં જ) સંદેહ જણાય છે (થાય છે). પહેલાં જેઓ તે માર્ગે જતા તેઓને તે માર્ગ સંદિગ્ધ થયા બીજાઓને તો તે માર્ગનું જ્ઞાન જ (ભાન જ) ન થાય, કારણ કે તે ઘાસથી ઢંકાએલા હતા.

'ત્યારે ભવિષ્યમાં તે માર્ગની પ્રવૃત્તિ કેમ થશે? (તે માર્ગ કેવી રીતે જણાશે?)' એવી શંકા થાય, તેથી કહે છે કે 'સંસ્કારરહિત'(હતા). જ્યાં સુધી માર્ગ સંસ્કારવાળા (તે માર્ગે જનારના મનમાં તે ક્યાં હતા તેવી છાપવાળા) હોય, ત્યાં સુધી તેનો સંદેહ જ રહે, પરંતુ જો સંસ્કાર જતો રહે તો માર્ગનો લોપ જ[3] (થાય).

'(માર્ગે વારંવાર ગએલા હોવાથી) વારંવાર જાએલો (માર્ગ), (તે ક્યાં છે તે વિષયનો) સંદેહ કેવી રીતે ઉત્પન્ન કરે?' એવી શંકાનું ઉત્તરાર્ધમાં દૃષ્ટાંતથી નિવારણ કરે છે. જેમ અભ્યાસ નહિ કરાએલી શ્રુતિઓનું તેના તે જ (પહેલાં અભ્યાસ કરનારા જ) બ્રાહ્મણો ફરી સ્મરણ કરવા માંડે ત્યારે સંદિગ્ધ થાય છે, (તેમાં શંકા પડે છે કે શ્રુતિ આવી છે કે આવી) તેવી રીતે (માર્ગનો સંદેહ થાય છે). અભ્યાસ (વારંવાર બોલવું તે) વેદનો દંડ (નિયમમાં અથવા સ્મૃતિમાં રખાવનાર) છે. તે (અભ્યાસ) ન હોય તો તેમાં (વેદમાં) સંદેહ સહજ થાય છે; વળી કાલથી એટલે લાંબો સમય જતાં તે નષ્ટ થાય છે (ભૂલાઈ જવાય છે). ૧૬.

એવી રીતે (શ્લોક ૧૩માં) ગુણાતીત (નિર્ગુણ) અને (શ્લોક ૧૪ થી ૧૬માં) સગુણના ભેદથી ચાર પ્રકારના વર્ષાના ધર્મો કહ્યા. ફરી વિપરીત રીતે ચાર પ્રકારથી તે(વર્ષાના ધર્મો)નું (શ્લોક ૧૭ થી ૨૧ વડે) નિરૂપણ કરે છેઃ

**લોકબન્ધુષુ મેઘેષુ વિદ્યુતશ્ચલસૌહૃદાઃ ॥**
**સ્થૈર્યં ન ચક્રુઃ કામિન્યઃ પુરુષેષુ ગુણિષ્વિવ ॥૧૭॥**

જેમ કામિનીઓ ગુણવાળા પુરુષમાં પણ સ્થિરતા રાખતી નથી તેમ અસ્થિર સ્નેહવાળી વીજળીઓએ લોકના બંધુ મેઘોમાં સ્થિરતા રાખી નહિ. ૧૭.

આ બીજો (ચારનો સમૂહ) છે તેમાં પ્રથમ રાજસ, પછી સાત્ત્વિક, પછી તામસ અને (છેવટે) ગુણાતીત, એવી રીતે (અહિંથી) આગળ (શ્લોક ૧૭ થી ૨૧માં અનુક્રમે) તામસભાવથી[1] ચાર રીતે (શ્રીશુક) નિરૂપણ કરે છે.

---

દિવસે પણ રસ્તામાં સંદેહ થતો. બીજાઓને તો આ રસ્તાનું જ્ઞાન પણ ન હતું. 'પહેલાં જેઓ તે માર્ગે જતા' વિગેરે શબ્દોથી શ્રીમદાચાર્યચરણ આ જ કહે છે. તેથી જ જ્યાં સુધી રસ્તાના સંસ્કાર (મનમાં) ઉત્પન્ન થતા નહિ ત્યાં સુધી જ તેનો સંદેહ રહેતો, પણ સંસ્કાર ઉત્પન્ન થતાં રાત્રે પણ સંદેહ રહેતો નહિ, એવા આશયથી 'સંસ્કારરહિત' શબ્દ મૂલ શ્લોકમાં યોજેલો છે. (ટિ)

૩. અહિં 'થાય' અધ્યાહાર છે; તેથી સંસ્કાર જરુરી છે, એમ સિદ્ધ થાય છે. (ટિ)

૧. તામસભાવથી–તામસભાવના પ્રધાનપણાથી. (પ્ર)

તેમાં રાજસ(જીવો)માં સ્ત્રીઓ મુખ્ય છે. જો તેઓનો પતિ રાજસ અથવા તામસ હોય તો તેઓ (તેનામાં) સ્થિરતા રાખે, પણ જો પતિ સાત્ત્વિક હોય તો (તેમાં) તેઓ સ્થિરતા રાખે નહિ. વીજળીઓ અસ્થિર હોય છે (સ્થિરતા રાખતી નથી), તેનું કારણ આથી કહેલું છે. મેઘો (વાદળાંઓ) લોકના બંધુઓ છે. તે સર્વ લોકના બંધુઓ છે. જો તેઓ બધુંય જલ વીજળીઓને આપે તો વીજળીઓ (તેમનામાં) સ્થિર રહે; પરંતુ મેઘો લોકોનું હિત ઈચ્છનારા છે, તેથી તેઓ સર્વને (જલ) આપે છે; એટલે વીજળીઓ તેમનામાં અસ્થિર સ્નેહવાળી થાય છે. વીજળીઓ મેઘોનો પ્રકાશ કરે, અથવા તેમને શોભાવે એ તેમનો (તેઓ માટેનો) સ્નેહ. કારણ કે આ[2] (વીજળીઓ) કામિનીઓ છે, તેથી[3] લોકમાં પણ કામિનીઓ પરોપકારમાં રચ્યાપચ્યા રહેનારમાં (પુરુષોમાં) સ્થિરતા રાખતી નથી. 'કામિની' શબ્દથી કુલવધૂ (કુલીન, કુલને શોભાવનારી પવિત્ર સ્ત્રીઓ) આવી હોતી નથી એમ જણાવેલું છે. '(પુરુષો) પોતાનું સર્વસ્વ (પરોપકારમાં) આપી દે તો સ્ત્રીઓની ખોરાકીનું શું થાય? તેથી (એવા પુરુષોમાં તેઓ સ્થિરતા ન રાખે) એ વાત યોગ્ય જ છે' એવી શંકા થાય, તેથી 'ગુણવાળામાં પણ' શબ્દો યોજેલા છે. તે પુરુષો ગુણવાળા છે એટલે જેટલું દાન કરે છે તેના કરતાં પણ અધિક ધન પ્રાપ્ત કરશે. છતાં પણ (સ્ત્રીઓની) મતિ પ્રત્યક્ષ (જે દેખાય છે તે) સુધી જ પહોંચતી હોવાથી તેઓ તેમનામાં સ્થિરતા રાખતી નથી. (જેમ અહિં પુરુષો ગુણવાળા છે તેમ) મેઘો પણ ગર્જનાથી (ગર્જના કરે છે તેથી) ગુણવાળા છે[4]. ૧૭.

વિજાતીયો પણ વિજાતીયો(બીજી જાતનાઓ)માં શોભા પામે છે, એવો વર્ષાએ કરેલો ધર્મ (વર્ષાનો ગુણ) આ શ્લોકમાં કહે છેઃ

**ધનુર્વિયતિ માહેન્દ્રં નિર્ગુણં ચ ગુણિન્યભાત્ ।।**
**વ્યક્તે ગુણવ્યતિકરેऽગુણવાન્ પુરુષો યથા ।।૧૮।।**

(કર્મથી) પ્રસિદ્ધ ગુણોના ગુંચવાડારૂપ(સંસાર)માં ગુણરહિત પુરુષ જેમ શોભે તેમ ગુણવાળા આકાશમાં નિર્ગુણ મહેંદ્રનું ધનુષ પ્રકાશ્યું. ૧૮.

---

૨. આનો ભાવ એવો છે કે વ્રજમાં આ વીજળીઓ જ કામિનીઓ છે, વ્રજસ્ત્રીઓ કામિનીઓ નથી. (લે)

૩. વ્રજમાં રહેલી વીજળીરૂપ કામિનીઓ અસ્થિર છે તેથી. (લે)

૪. વ્રજમાં અસ્થિર પ્રેમવાળી વીજળીઓ જ છે, પણ બીજી કોઈ સ્ત્રીઓ તેવી નથી એમ જણાય છે. કોઈ સ્ત્રી એવી હશે (એમ કહેવામાં આવે) તો પણ તેનો પ્રેમ અસ્થિર હોવો જોઈએ. વ્રજમાં તો પ્રભુ વિના બીજા કોઈમાં તેમનો પ્રેમ ન હતો, અને પ્રભુમાં તેમનો પ્રેમ નિત્ય હતો તેથી તેમનો પ્રેમ અસ્થિર ન હતો જ. (ટિ)

ગુણવાળા[1] એટલે વિદ્યાવાળા[2] આકાશમાં પણ વિષય નહિ હોવાથી મહેંદ્રનું ધનુષ ગુણરહિત હોવા છતાં પણ પ્રકાશ્યું (શોભ્યું). 'આ મહેંદ્ર પણ વૃત્રના વધથી મોટો થયો, જેણે વૃત્રનો વધ કર્યો તે તેનું મહેંદ્રપણું' એ શ્રુતિ મહેંદ્રને ભગવાનનો સંબંધ થયો એમ નિરૂપણ કરે છે[3]. તેના સંબંધથી[4] નિર્ગુણ વજ્ર[5] પણ સગુણમાં શોભા પામ્યું. તે જ પ્રમાણે ભગવદીય પણ સર્વ સ્થલે શોભા પામશે એવું તાત્પર્ય છે.

જીવો તો સ્વભાવથી ત્રણ પ્રકારના છે; ૧.ભગવાનના જેવા ગુણવાળા, ૨.દોષવાળા અને ૩.ગુણ અને દોષથી રહિત. તેમાં દેવો ગુણવાળા છે, દૈત્યો દોષવાળા છે અને મનુષ્યો ગુણ અને દોષથી રહિત છે. તેઓ[6] પણ ભગવાનની કૃપાથી દેવોની પેઠે ગુણવાળા થાય છે. તેમ[7] ન હોય તો પણ કર્મથી પ્રસિદ્ધ ગુણોના ગુંચવાડારૂપ ત્રણ ગુણોવાળા સંસારમાં પુરુષ ગુણરહિત હોવા છતાં યોનિના(માતાના), બીજના(પિતાના), તથા વર્ણના ધર્મો પ્રાપ્ત કરી શોભે છે. અથવા[8] ગુણરહિત એટલે ગુણોથી અતીત (ગુણો જેને પહોંચી શકે નહિ તેવો) ભગવાનનો સેવક ગુણવાળા સંસારમાં શોભે છે. ઈન્દ્રધનુષને માટે ભગવાનના

---

૧. 'હે ગૌતમ ! વાયુ તેનું સૂત્ર છે' એ શ્રુતિ પ્રમાણે વાયુરૂપ સૂત્રવાળા, એવો અર્થ છે, અવિદ્યા દોષરૂપ છે અને વિદ્યા ગુણરૂપ છે, તેથી એ સૂત્ર જ વિદ્યા છે એમ જાણવું. (લે)

૨. આ અધ્યાયના ચોથા શ્લોકમાં 'આકાશ બ્રહ્મનું શરીર છે' એવી જે વિદ્યા જણાવી તે વિદ્યાવાળા આકાશમાં. (પ્ર)

૩. કૌશિતકી બ્રાહ્મણમાં પ્રતર્દનની આખ્યાયિકામાં આ નિરૂપણ કરેલું છે. (પ્ર)

૪. તેના સંબંધથી એટલે ઈન્દ્રમાં આવેશવાળા ભગવાનના આયુધ(ચક્ર)ના આવેશથી. (લે)

૫. (અહિં ચક્ર પણ પાઠ છે) ઈન્દ્ર વૃત્રનો વધ કરે તે માટે ઈન્દ્રમાં ભગવાનનો આવેશ થયો ત્યારે જ તેને વજ્રનો સંબંધ થયો. અને વજ્રમાં ઈન્દ્રમાં આવેશવાળા ભગવાનના આયુધ સુદર્શન ચક્રનો આવેશ થયો. તેથી જ 'આયુધોમાં હું વજ્ર છું' એમ (ગીતામાં) કહેલું છે. તે ચક્રના આવેશવાળું ગુણાતીત વજ્ર સગુણ ઈન્દ્રમાં (ઈન્દ્રના હાથમાં) શોભે છે એવો અર્થ છે. (ટિ)

'હે ઈન્દ્ર ! આ તારું વજ્ર હરિના તેજથી અને દધીચિના તપથી તેજવાળું (થએલું) છે' એમ વૃત્ર કહે છે, અને ઈન્દ્રમાં ભગવાને આવેશ કર્યો એટલે 'તેજના તત્ત્વ' સુદર્શને વજ્રમાં આવેશ કર્યો. તેથી વજ્ર નિર્ગુણ છે. (પ્ર)

૬. તેઓ એટલે મનુષ્યો અથવા અસુરોને અનુસરનાર અજ્ઞાનીઓ. (પ્ર)

૭. તેમ ન હોય એટલે તેવા ગુણો પણ ન હોય, તો પણ તેઓ પ્રકાશે છે. તો પછી તેવા ગુણોવાળા પ્રકાશે તેમાં શું આશ્ચર્ય ! એવી રીતે કૈમુતિકન્યાયથી આ તાત્પર્યાર્થ સિદ્ધ થાય છે એવો ભાવ છે. (લે)

૮. અથવા-ઉપરનો અર્થ ન રુચવાથી આ બીજો અર્થ કરે છે. (લે)

ધર્મોનું (ભગવદીયનું) દૃષ્ટાંત આપેલું છે તેથી ભગવદીયા જ સંપત્તિ[૯] ગુપ્ત રહેલા ભગવદીયને[૧૦] પ્રકાશે છે (દર્શાવે છે, જણાવે છે), એમ તેના (ઈન્દ્રધનુષના) માહાત્મ્યનું નિરૂપણ કરેલું છે. તે (ભગવદીય) ગુણ રહિત છે, એમ જણાવવા 'પુરુષ' શબ્દ યોજેલો છે, (કારણ કે) પ્રકૃતિ તો ગુણવાળી જ હોય છે. ૧૮.

ગુણોમાં બાકી રહેલા (તામસ[૧]) ચંદ્રનું આ શ્લોકમાં વર્ણન કરે છેઃ

**ન રરાજોડુપશ્છન્નઃ સ્વજ્યોત્સ્નારાજિતૈર્ઘનૈઃ ।।**
**અહમ્મત્યા ભાસિતયા સ્વભાસા પુરુષો યથા ।।૧૯।।**

જેમ પોતાના પ્રકાશથી પ્રકાશેલી અહંકાર બુદ્ધિથી (ઢંકાએલો) પુરુષ શોભતો નથી તેમ પોતાની ચાંદનીથી પ્રકાશેલાં વાદળાંઓથી ઢંકાએલો ચંદ્ર શોભતો ન હતો. ૧૯.

ક્ષુદ્ર(હલકા)નું (તારાનું અથવા નક્ષત્રનું) પોષણ કરનાર, નક્ષત્રોનો અધિપતિ ચંદ્ર પોતાની જ ચાંદનીથી પ્રકાશેલાં જ વાદળાંઓથી (ઢંકાએલો હોવાથી) શોભતો ન હતો. આ વિષયમાં ભગવદીય સિવાયના[૨] અહંકારવાળા પુરુષનું દૃષ્ટાંત ઉત્તરાર્ધમાં આપે છે. અહંબુદ્ધિ એટલે અહંકાર, 'હું' એવી જે બુદ્ધિ હોય છે તે પણ પોતાના પ્રકાશથી એટલે આત્માના તેજથી જ પ્રકાશેલી હોય છે, છતાં તેનાથી પુરુષ શોભતો નથી. ૧૯.

એ પ્રમાણે ત્રણ પ્રકારના(સગુણ)નું વર્ણન કરી, મેઘોની ઉન્નતિ ઈચ્છનાર મયૂરો પેઠે જેઓ માત્ર[૧] ભગવદીય છે, તેઓ સુખી થાય છે, તેથી વર્ષા તેમને જે સુખ આપે છે તેનું આ શ્લોકમાં નિરૂપણ કરે છેઃ

**મેઘાગમતોત્સવાન્દૃષ્ટ્વા પ્રત્યનંદન્ શિખણ્ડિનઃ ।।**
**ગૃહેષુ તપ્તા નિર્વિણ્ણા યથાચ્યુતજનાગમે ।।૨૦।।**

---

૯. સંપત્તિ એટલે (ભગવાની લીલા માટે) તૈયારી કરનારી વર્ષાઋતુ. (લે)

૧૦. ભગવદીય એટલે ધનુષ (ઈન્દ્રધનુષ). (લે)

નોટ ૯ અને ૧૦માં લેખમાં સંકુચિત અર્થ કરેલો છે. વસ્તુતઃ વર્ષાઋતુ (ભગવદીયા સંપત્તિ) જ ઈન્દ્રધનુષને (ગુણાતીત ભગવદીયને) પ્રકટ કરે છે, તે ઉપરથી અહિં શ્રીમદાચાર્યચરણ સામાન્ય નિયમ કહે છે કે ગુપ્ત ભગવદીય હોય તેને ભગવદીયા સંપત્તિ જ (ઓળખી) પ્રસિદ્ધ કરે છે, (બીજાથી જાણી શકાતા નથી), એમ જણાય છે.

૧. અહિં ચંદ્ર માટે અભગવદીય અહંકારીનું દૃષ્ટાંત આપેલું છે, તેથી તે તામસ છે; તેથી જ તે શોભતો નથી એવો ભાવ છે. (ટિ)

૨. આ શ્લોકમાં કહ્યા પ્રમાણે જેમ પ્રાકૃત પુરુષ શોભતો નથી તેવી જ રીતે અહિં વાદળાંઓથી છવાએલો લૌકિક ચંદ્ર જ શોભતો નથી; પણ ચંદ્ર સિવાયનો બીજો કોઈ પુરુષ વ્રજમાં એવો નથી, એમ કહેલું છે. તેથી જ શ્રીમદાચાર્યચરણે ભગવદીય સિવાયના શબ્દ યોજેલો છે. (ટિ)

૧. માત્ર એટલે નિર્ગુણ હોવાથી ગુણોના સંબંધ વિનાના. (લે)

જેમ ઘરોમાં દુઃખી થએલા અને નિરાશ થએલા (પુરુષો) અચ્યુતજનોનું આગમન થતાં (તેમને) આવકાર આપે છે તેમ મેઘોના આગમનથી થતા ઉત્સવોને (અથવા મેઘોના આગમનથી જેઓને ઉત્સવ થાય છે તેઓને) જોઈને મયૂરોએ આવકાર આપ્યો. ૨૦.

મેઘોના આગમન સમયે જે ઉત્સવ થાય છે તે જેઓનો છે, તે અનાજ, વૃક્ષ, લતા વિગેરેને જોઈને, અથવા મેઘના (મેઘઆગમનના) ઉત્સવો-વૃષ્ટિ વીજળી વિગેરેને જોઈને, મયૂરોએ[૨] (તેમને) આવકાર આપ્યો, કારણ કે ભગવાને જેઓને વિચિત્ર (રંગબેરંગી) કરેલા છે તેઓ જ (મયૂરો જ) ભગવદીય(મેઘ)ના ઉત્સવો માને છે. જેને માટે[૩] આ નિરૂપણ[૪] કરેલું છે, તે[૫] ઉત્તરાર્ધમાં કહે છે. ઘરોમાં રહેલા, ઘર વિગેરેની ચિંતાથી અને દુઃસંગ, ખરાબ ઈન્દ્રિયો વિગેરેથી દુઃખી થએલા (પુરુષો ભગવદ્‌ભક્તો પધારે તેમને આવકાર આપે છે, તેવી રીતે મયૂરોએ આવકાર આપ્યો). તેથી ઘરો (બહુવચનમાં પ્રયોગ કરી) બહુ પ્રકારનાં કહેલાં છે, તેવા (ઘરોમાં દુઃખી થએલા) પણ જ્યારે નિરાશ થએલા[૬] હોય છે; અથવા જ્યારે દુઃખથી જ નિરાશ થએલા હોય છે તેવાઓને અચ્યુતજન[૭] એટલે જેમણે

૨. પરોક્ષવાદમાં (ગૂઢાર્થમાં) મયૂર પદથી દૃષ્ટાંતમાં કહેલા કામભાવવાળી સ્વામિનીઓ કહેલી છે, કારિકામાં પણ આ શબ્દથી સ્વામિનીઓ જ કહેલી. 'ભક્તો' પદ વિકલ્પમાં મૂકેલું છે તેનો અર્થ સ્પષ્ટ છે. (લે)

૩. જેને માટે એટલે મેઘોનું આગમન ભગવદાનંદ આપનારું છે, એવો બોધ કરવા માટે. (લે)

૪. 'આ નિરૂપણ' એટલે મેઘોના આગમનને આવકાર આપવાનું નિરૂપણ. (લે)

૫. 'તે કહે છે' એટલે દૃષ્ટાંતમાં તે ભગવદાનંદ આપનારું છે એમ કહે છે. (લે)

અહિં દૃષ્ટાંતમાં એમ કહેલું છે કે ભક્તજનોનું આગમન પહેલાંનું દુઃખ મટાડી ભગવદાનંદ આપનારું છે. તેથી એમ જણાવેલું છે કે જ્યારે દિવસે પરિજને (નિજજને) કરેલ રોકાણથી ઘણો વિરહતાપ થાય અને કોઈક મિષથી શ્રીનંદના ઘેર જવાનું થાય, અથવા વનમાં જવાનું થતાં ત્યાં પ્રિય પ્રભુનો સંગ થાય ત્યારે મેઘો લાંબા સમય સુધી વૃષ્ટિ કરે છે; જેથી ત્યાં ઘણા સમય સુધી રોકાવાનું થાય તો પણ ઘરનાં માણસોને ઠપકો આપવાનું કારણ ન મળે. આવા સમયે એ વરસાદના આગમનને આવકાર આપે છે, બીજા સમયે મેઘો એવી વૃષ્ટિ કરતા નથી એમ જણાવેલું છે. 'જેને માટે આ નિરૂપણ કરેલું છે તે કહે છે' એ શબ્દોથી શ્રીમદાચાર્યચરણ આ જ કહે છે. (ટિ)

૬. ગ્રીષ્મમાં તાપ વિગેરેને લીધે ગિરિનું શિખર વિગેરે ખુલ્લા પ્રદેશમાં (પ્રભુ રહેતા હોવાથી) લીલા સંભવતી નથી; પરંતુ વર્ષામાં ભગવાન્ સર્વ સ્થલે આનંદ જ આપે છે, તેથી તેનું અભિનંદન કરવામાં આવે છે; નહિ કે તે વિષયનાં સુખ આપતી હોવાથી તેનું અભિનંદન કરવામાં આવે છે, એમ જણાવવા દૃષ્ટાંતમાં 'નિરાશ થએલો' પદ યોજેલું છે. (ટિ)

૭. શ્રીમદ્‌ભાગવત ૧૦।૪૪।૧૮માં ૧.દ્વંદ્વ ધર્મોનો ત્યાગ ૨.વિહંગપણું અને ૩.ભિક્ષુચર્યા. એવા ત્રણ ધર્મો કહેલા છે, તે (૧) જેમણે ઈન્દ્રિયો જીતેલી છે, (૨) પરમહંસો, અને

ઈન્દ્રિયોને જીતેલી છે તેવા પરમહંસો, ત્રિદંડ ધારણ કરનારા અથવા ભગવાનના ભક્તો જેઓ ચારે તરફ ભમતા ભમતા વર્ષાઋતુમાં (જ્યારે) ગૃહસ્થના ઘરે જાય છે ત્યારે તેમનો સમાગમ થાય છે. તેઓ (ભગવાનના ભક્તો) જ્યારે આવે ત્યારે જેઓ (ઘરમાં દુઃખી અને) નિરાશ થએલા હોય છે, તેઓ તેમને આનંદથી આવકાર આપે છે, પણ જેઓ સંસારમાં નિરાશ થએલા નથી તેઓ (તેમને) આવકાર આપતા નથી, તેથી વર્ષાઋતુ સર્વે દુઃખીઓને સુખ આપનારી છે. ૨૦.

હવે અહિંથી (ચાર શ્લોકથી) જૂદી રીતે (તામસોના) ચાર પ્રકાર કહે છેઃ

**પીત્વાપઃ પાદપાઃ પદ્ભિરાસન્ નાનાત્મમૂર્તયઃ ।।**
**પ્રાક્ક્ષામાસ્તપસા શ્રાન્તા યથા કામાનુસેવયા ।।૨૧।।**

જેમ પહેલાં તપથી દુબળા થએલા અને થાકેલા (પુરુષો) ઈચ્છિત પદાર્થના સેવનથી પોતાનાં જૂદાં રૂપવાળા થાય છે તેમ પાદપો (વૃક્ષો) થડોથી જલ પીને પોતાનાં જૂદાં રૂપવાળાં થયાં. ૨૧.

પાદપો એટલે સર્વે વૃક્ષો તામસોમાં સાત્ત્વિક છે. જેઓનાં પોતાનાં જુદાં જુદાં રૂપો છે તેવાં તેઓ થયાં. (તેઓ જલનું) પાન (કરે છે તે) પ્રત્યક્ષ દેખાતું નથી તેથી 'થડોથી' શબ્દ યોજેલો છે, કારણ કે તેમ ન કહે તો 'પાદપ' શબ્દ રૂઢ (લોકોમાં પ્રચલિત થએલ અર્થવાળો) થાય; કારણ કે જલ જ તેઓનું જીવન છે, અને તેનું પાન કરવાનું સાધન તેઓનાં થડો (પગો) જ છે[1].

અથવા પોતાની છાયાથી જ ઘણા જ તાપ અથવા ટાઢ વિગેરેથી પોતાનાં થડો(પાદાન)નું રક્ષણ કરે છે, (પાન્તિ) તેથી તે પાદપ[2] કહેવાય છે. વૃક્ષો ચોક્કસ રૂપવાળાં હોતાં નથી (ગમે તે આકારે ઉગે છે) એમ કહેવાય છે, તેથી સ્વભાવથી જ તેઓનાં જુદાં જુદાં રૂપ હોય છે; તે (જુદાં જુદાં વૃક્ષોનાં) જુદાં જુદાં રૂપો અહિં કહેલાં નથી, એમ જણાવવા 'આત્મ' 'પોતાનાં' પદ યોજેલું છે; એટલે જે વૃક્ષનું ગ્રીષ્મઋતુમાં જે રૂપ હતું તેનું તેથી જૂદું રૂપ (વર્ષામાં) થયું. જેને માટે આ નિરૂપણ પણ કરેલું છે[3] તે ઉત્તરાર્ધમાં કહે છે. પહેલાં જેઓ દુર્બલ હતા, તપથી જેઓના

(૩) ત્રિદંડ ધારણ કરનારા, એ શબ્દોથી જણાવેલા છે. (લે)

૧. આ શબ્દ રૂઢ (લોકોએ માની લીધેલ અર્થવાળો છે, અને યૌગિક એટલે તેના પોતાના પદોથી વ્યુત્પન્ન થએલા અર્થવાળો નથી) એવી શંકા દૂર કરવા આ કહેલું છે. (પ્ર)

૨. 'પીને' 'પીત્વા' શબ્દ મૂલમાં છે. યૌગિક અર્થમાં તે આવી જતો હોવાથી શા માટે જૂદો પાદપ શબ્દ કહે ? એવી શંકા થાય છે, તેથી યૌગિક બીજો અર્થ (રક્ષણ કરે છે 'પાંતિ') થાય છે, તે જણાવવા એ શબ્દ યોજેલો છે. (પ્ર)

૩. જલ વૃક્ષોનું જીવન છે, પરંતુ તે પ્રાપ્ત કરવા તેઓ પોતે શક્તિવાળાં નથી. તેનો સંબંધ પ્રાપ્ત કરાવનાર થડનું તેઓ રક્ષણ કરે છે, પણ તેઓ ઘણાં દીન અને તાપથી તપેલાં હોય છે. તેઓને

દેહો દુર્બલ થયા હતા એટલું જ નહિ, પરંતુ તપથી જેઓ થાકી ગએલા હતા એટલે જેઓની ઈન્દ્રિયોની શક્તિ પણ ક્ષીણ થઈ ગઈ હતી, તેઓ જ્યારે તપના ફલરૂપ (પોતાના) ઈચ્છિત પદાર્થોનું સેવન કરે છે ત્યારે દિવસે દિવસે તેઓનાં પોતાનાં જૂદાં રૂપ થાય છે. અહિં તેઓ વર્ષાઋતુમાં જ પુષ્ટ થાય છે, એવું નિરૂપણ કરેલું છે; કારણ કે બીજા સમયે તેઓનાં શરીરોનો શોષ કરનારા ઘણા પદાર્થો હોવાથી તેઓનું શરીર એકદમ જામતું નથી. ૨૧.

તેમાં (તામસોમાં) રાજસોનું વર્ણન આ શ્લોકમાં કરે છેઃ

**સરસ્સ્વશાન્તરોધસ્સુ વ્યૂષુરંગાપિ સારસાઃ ।।**
**ગૃહેષ્વશાન્તકૃત્યેષુ ગ્રામ્યા ઈવ દુરાશયાઃ ।।૨૨।।**

હે રાજન્! જેમ દુષ્ટ અંતઃકરણવાળા ગ્રામ્ય (પુરુષો) જેનું કાર્ય ખૂટતું જ નથી તેવા ઘરોમાં રહે છે તેમ સારસો (સારસ પક્ષીઓ) પણ જેના કિનારા અટકતા નથી, એવાં સરોવરમાં (સરોવરના કિનારે) રહ્યાં. ૨૨.

સરોવરમાં જ જેઓને રસ પડે છે તે સારસો. વર્ષાના સમયમાં સરોવરો ભરપૂર ભરાઈ જાય છે. તેના ઉપર ઘણે દૂર સુધી જલ પહોંચે છે, ત્યારે તે સારસો માળો કરી કિનારા ઉપર રહે છે; વળી તે કિનારો પણ જલદી ભરાઈ રહે છે, ત્યારે તેના ઉપર (જલના છેડે) માળો કરે છે. પછી કોઈવાર તે કિનારો પણ (જલમાં) આવી જાય છે, આવી રીતે સરોવરો અનેક પ્રકારના દોષોથી દુષ્ટ હોવા છતાં, તેમાં જેઓને રસ આવે છે તેવા સારસો તેમાં રહે છે. કિનારો થોડા જ સમયમાં જલમાં આવી જવાનો છે, તેથી જેના કિનારા અટકતા નથી તેવા તોફાની કિનારાવાળા સરોવરોમાં રહે છે એમ સમજાય છે. જેને માટે આ કહેલું છે તે[1] ઉત્તરાર્ધમાં કહે છે. જેની[2] અંદર કૃત્ય એટલે કર્તવ્ય (કરવાનું કામ) કોઈ પણ સમયે પૂરું થતું નથી એવાં

---

તેઓનું જીવન પ્રાપ્ત કરાવનાર આ વર્ષાઋતુ છે. તેથી જેઓ જે એક ઉપર જ આધાર રાખનાર છે તેઓને તે તેનું દાન કરનાર છે. તેથી જે ભક્તો માત્ર ભગવાન્ પર જ આધાર રાખનાર છે, તેઓને તે ભગવાનનો સંબંધ પ્રાપ્ત કરાવનાર છે. સર્વ સ્થલે નિકુંજ, ઝાડી વિગેરે ઉત્પન્ન કરી તે તેઓને ભગવાનનો સંબંધ પ્રાપ્ત કરાવે છે, એવો અહિં ભાવ છે. (ટિ)

૧. તે કહે છે એટલે દષ્ટાંતમાં ઘરમાં રહેનારાનું સ્વરૂપ કહે છે. (લે)

૨. દષ્ટાંતમાં ઘરમાં રહેનારા કહેલા છે તેઓના જેવા ગુણવાળા વ્રજમાં સારસો જ છે, પણ બીજું કોઈ નથી એમ જણાવેલું છે. અહિં પણ સારસોનું જ નિરૂપણ કરેલું છે. સરસ એટલે રસવાળા જે ભક્તો તેઓની સાથે, જલનો (સરોવરનો) દોષ મનમાં લાવ્યા વિના તેઓ ભગવાનના વિહારસ્થાનમાં રહે છે, તેથી તેઓ 'સારસ' કહેવાય છે. દોષ મનમાં લાવવાનું બંધ કર્યું તે પહેલાં ગ્રામ્ય પુરુષોની ઘર વિગેરેમાં ઘણી આસક્તિ રહેતી તેથી તેઓનું દષ્ટાંત આપેલું છે. તેથી અહિં (વ્રજમાં) ઘરમાં રહેનારા પણ ભક્તો જ છે, પણ કોઈ પ્રાકૃત પુરુષ નથી એમ જણાવેલું છે. આ જણાવનાર આ વર્ષાઋતુ છે. (ટિ)

(ઘરો હોય છે), કારણ કે મરણ થાય ત્યાં સુધી ઘરની ચિંતા કોઈવાર મટતી નથી. તેઓ (તેમાં રહેનારાઓ) પણ ગ્રામ્ય એટલે ગામડાઓમાં જ ઉત્પન્ન થએલા અને તેમાં જ આનંદ માનનારા, અથવા ઈન્દ્રિયોના ગ્રામ(સમૂહ)ને પોષનારા હોય છે; તેવા પણ દુષ્ટ અંતઃકરણવાળા એટલે અંતઃકરણના પણ દોષવાળા હોય છે. (તેઓ ઘરમાં પડી રહે છે). જો બહાર નીકળતા હોય તો કોઈવાર દુઃખ થવાથી ભગવાનનું સ્મરણ થાય, તીર્થનું દર્શન થાય, સત્સંગ થાય, અથવા ક્રિયામાં (કામમાં) રોકાઈ રહેવાથી ચિંતાનું વિસ્મરણ થાય; પરંતુ વર્ષાઋતુમાં આ સર્વ થઈ શકતાં નથી (કારણ કે બહાર નીકળાતું નથી). ૨૨.

એ પ્રમાણે તામસોમાં રાજસોનું વર્ણન કરી હવે તામસોનું વર્ણન કરે છેઃ

**જલૌઘૈર્નિરભિદ્યન્ત સેતવો વર્ષતીશ્વરે ।।**
**પાષણ્ડિનામસદ્વાદૈર્વેદમાર્ગાઃ કલૌ યથા ।।૨૩।।**

જેમ કલિમાં પાખંડીઓના દુષ્ટ વાદોથી વેદમાર્ગો તૂટી જાય છે તેમ વરસાદ વરસતો હતો ત્યારે જલના સમૂહોથી પૂલો તૂટી ગયા. ૨૩.

જલના સમૂહોથી પૂલો સારી રીતે ભેદાયા એટલે તૂટી ગયા, તેમાં (પૂલોને તૂટતા બચાવવાનો) કોઈ ઉપાય ન હતો. ઈશ્વર વરસતા (ત્યારે એમ થયું). વરસાદ (પર્જન્ય) ઈશ્વર છે, તે સર્વને સુખ થાય તે માટે વરસે છે. તેથી તેના સામે કાંઈ ઉપાય નહિ હોવાથી પૂલો તૂટી જ ગયા. આ પણ જે માટે વર્ણવ્યું છે તે ઉત્તરાર્ધમાં કહે છે[1]. કલિમાં એટલે ભગવાનના બુદ્ધાવતારમાં તેણે (કલિએ, બુદ્ધે) પાષંડોને વધાર્યા. તેઓના દુષ્ટ વાદોથી એટલે ખોટી યુક્તિઓ (દલીલો)થી સર્વ વેદમાર્ગો, કર્મ, જ્ઞાન, ભક્તિ, ઉપાસના વિગેરેનું પ્રતિપાદન કરનારા સર્વે વેદમાર્ગો, તૂટી ગયા; કારણ કે કલિ(કાલ)માં તેઓનું કાંઈ પ્રયોજન નથી. ૨૩.

હવે (તામસોમાં) ગુણાતીત જે ગણાય તેનું વર્ણન આ શ્લોકમાં કરે છેઃ

**વ્યમુઞ્ચન્ વાયુભિર્નુન્ના ભૂતેભ્યોથામૃતં ઘનાઃ ।।**
**યથાશિષો વિશ્પતયઃ કાલે કાલે દ્વિજેરિતાઃ ।।૨૪।।**

જેમ દેશાધિપતિઓ સમયે સમયે બ્રાહ્મણોથી પ્રેરાઈ આશિષો આપે છે તેમ વાયુઓથી પ્રેરાએલાં વાદળાંઓએ પ્રાણીઓને અમૃત આપ્યું. ૨૪.

વાયુઓએ પ્રેરેલાં વાદળાંઓએ પ્રાણીઓ માટે અમૃત[1] એટલે હસ્ત

---

૧. જલ ઉપરના પૂલ (સેતુ) સિવાયના કોઈ સેતુનો વ્રજમાં નાશ થયો નથી એમ જણાવેલું છે. તેથી વેદનો સેતુ ત્યાં સદા છે જ એમ સૂચવેલું છે. આ જ અર્થ અહિં કહેલો છે. (ટિ)

૧. અહિં મૂલમાં 'અમૃત' પદ છે. છઠ્ઠા શ્લોકમાં વાદળાંઓ જલ 'આપે છે' એમ કહેલું છે. અહિં તે જ હકીકત ફરીથી કહેવામાં આવે તો પુનરુક્તિ દોષ પ્રાપ્ત થાય; તેમ ન થાય તે માટે અહિં 'અમૃત' પદ યોજેલું છે, તેનો અર્થ આગળ કરેલો છે. આ મઘા અથવા હસ્ત વિગેરે નક્ષત્રોમાં

વિગેરેનું જલ અથવા મઘા વિગેરેનું જલ આપ્યું, કારણ કે બીજું (બીજા નક્ષત્રોમાં વરસેલું) જલ તો જતું રહે છે, પણ મઘા વિગેરેનું જલ બંધાય છે (અનાજ ઉત્પન્ન કરે છે). દષ્ટાંતમાં 'કાલ' પદ બે વાર કહેલું છે, તેથી એમ જણાવેલું છે કે જ્યારે જ્યાં જલની જરુર હોય ત્યારે જ તે જ સ્થલે વૃષ્ટિ થાય છે. 'ભૂતેભ્યઃ' 'પ્રાણીઓ માટે' એ ચોથી વિભક્તિનું રૂપ છે. આ પણ જેને માટે[2] કહેલું છે તે ઉત્તરાર્ધમાં કહે છે-દેશાધિપતિઓ બ્રાહ્મણોથી પ્રેરાઈ[3] આશિષો એટલે ધન વિગેરે આપે છે; કારણ કે તેઓ પુરોહિતોથી પ્રેરાઈ, ગરીબોને વર્ષાઋતુમાં પોતાની મેળે કાર્ય કરવાનું સામર્થ્ય નહિ હોવાથી, તેઓને અન્ન વિગેરે આપે છે. 'જે વર્ષાઋતુમાં દાન કરે છે તે (ખરો) દાન કરનાર છે' એમ બ્રાહ્મણો પ્રેરણા કરે છે અને તે પ્રેરણાનું ઉપયોગીપણું પ્રત્યક્ષ જણાય છે (કારણ કે તેથી ગરીબોને અન્ન વિગેરે મળે છે). ૨૪.

એવી રીતે એકવીશ પ્રકારથી (શ્લોક ૪ થી ૨૪ સુધીમાં) અને સ્વરૂપથી (શ્લોક ૩માં) વર્ષાઋતુનું વર્ણન કર્યું. હવે અહિંથી સાત(શ્લોકો)થી તે વર્ષાઋતુમાં ભગવાનનું અને તેમના ગુણોનું રમણ કહે છે. તેમાં પ્રથમ આ શ્લોકમાં ભગવાને રમણ કરવા માટે (વનમાં) પ્રવેશ કર્યો તે કહે છેઃ

**એવં વનં તદ્ વર્ષિષ્ઠં પક્વખર્જૂરજમ્બુમત્ ।।**
**ગોગોપાલૈર્વૃતો રન્તું સબલઃ પ્રાવિશદ્ધરિઃ ।।૨૫।।**

એવા પાકાં ખજૂર અને જાંબુવાળા તે સર્વથી ઉત્તમ વનમાં ગાયો અને ગોપાલોથી વીંટાએલા હરિએ બલદેવ સહિત રમણ કરવા માટે પ્રવેશ કર્યો. ૨૫.

એવું એટલે પહેલાં વર્ણવેલા પ્રકારથી સર્વ ગુણોવાળું તે પ્રસિદ્ધ વન વર્ષિષ્ઠ એટલે સર્વથી ઉત્તમ થયું.

'આ વનમાં રમણ કરવામાં આવે તો તરત ઘેર જવાનો સંભવ ન રહે. ભોજન કરીને રમણ કરવા પધારે તો પણ દિવસ બહુ મોટો હોવાથી, રમણ કરતાં

---

અમૃતની વૃષ્ટિ ન થાય તો પહેલાંની વૃષ્ટિ પણ નકામી જાય, કારણ કે તેનાથી અન્ન વિગેરેની ઉત્પત્તિ થાય નહિ. તેથી આ વૃષ્ટિ અમૃતની છે. ભૂખથી જે મૃતિ (મરણ) થાય, તેનું તે નિવારણ કરનાર હોવાથી તે અમૃત છે એવો ભાવ છે. (ટિ)

૨. દષ્ટાંતથી અહિં એમ જણાવેલું છે કે અહિં વ્રજના સાધારણ માણસોને પણ સર્વ સંપત્તિ મળતી અને બીજા કોઈની તેમને ગરજ રહેતી નહિ, કારણ કે પ્રભુ જ સર્વને સર્વ સંપત્તિ આપતા. આમ હોવાથી અહિં કહ્યું છે તે પ્રમાણે આ વર્ષાઋતુ ભગવાનની લીલા માટે સર્વ તૈયારી કરનારી છે એમ સૂચવેલું છે. (ટિ)

૩. દેશાધિપતિઓ બીજાઓની પ્રેરણાથી જ આપે છે, પરંતુ પોતાની મેળે આપતા નથી, તેવા અહિં (વ્રજમાં) મેઘો જ છે, પરંતુ બીજા કોઈ નથી; કારણ કે નંદ વિગેરે પોતાની મેળે જ સર્વને સર્વ આપે છે એમ જણાવેલું છે. (ટિ)

ભૂખ લાગે અને કેરી વિગેરે ફળો તો વનમાં (વર્ષામાં) થઈ રહ્યાં હોય, તેથી ત્યાં કેવી રીતે રમણ થાય ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તે પાકાં ખજૂર અને જાંબુવાળું હતું. 'પાકા ખજૂરનાં અને જાંબુઓનાં ફળો જે વનમાં છે' તેવું તે હતું. ભગવાન્ ગુણાતીત છે, બલભદ્રનું સત્ત્વમાં સ્થાન છે, ગોપાલોનું રજોગુણમાં સ્થાન છે અને ગાયોનું બાકીના એટલે તમોગુણમાં સ્થાન છે. તે બધાય ભગવદીઓથી વીંટાએલા ભગવાને પોતે જેઓને દોષરહિત જીવો બનાવેલા[1] છે તેઓની સાથે ઘણી સારી રીતે રમણ કરવા માટે વનમાં પ્રવેશ કર્યો. ૨૫.

તેઓમાંથી પ્રથમ ગાયોની શોભા (આ શ્લોકમાં) કહે છેઃ

**ધેનવો મન્દગામિન્ય ઊધોભારેણ ભૂયસા ।।**
**યયુર્ભગવતાહૂતા દ્રુતં પ્રીત્યા સ્નુતસ્તનીઃ ।।૨૬।।**

મોટા આઉના ભારથી ગાયો ધીરે ધીરે ચાલતી હતી. ભગવાને બોલાવેલી (તેઓ) સ્તનમાંથી દૂધ ઝરતી પ્રીતિથી ઝડપથી ગઈ. ૨૬.

ભગવાને ગયા શ્લોકમાં વનમાં પ્રવેશ કર્યો તે (ભગવાનની) વીર્યશક્તિ[1] જેવો છે, અથવા વૈરાગ્યશક્તિ[2] છે. આ શ્લોકમાં ભગવાનની ઐશ્વર્યશક્તિ કહે છે. ગાયો ધીરે ધીરે ચાલતી હતી, ગર્ભ હોવાથી તેને લીધે પણ ધીરે ધીરે ચાલે, તેથી તેમ ન હતું એમ જણાવવા 'મોટા આઉના ભારથી' શબ્દો યોજેલા છે. તેઓના આઉ(દૂધ રહેવાનું સ્થાન)નો જ ઘણો ભાર હતો. તેવી ગાયોને પણ ભગવાને બોલાવી ત્યારે ભગવાનના ઐશ્વર્ય(સત્તા)ને લીધે તેઓ ઝડપથી ગઈ. જરુરિઆત (જરુરી કામ) હોય તેથી પણ ઝડપથી જાય એ સંભવે છે, તેથી તેવું

---

૧. 'સ્વસમ્પાદિતનિર્દુષ્ટજીવૈઃ' એટલે પોતે જેઓને બનાવેલા (પ્રાપ્ત કરેલા) છે અને જેઓ દોષરહિત છે તેવા જીવો સાથે. (પ્ર) પોતે કરેલાં ધેનુકવધ વિગેરે કાર્યોથી જેઓ દોષરહિત થએલા છે તેવા જીવો સાથે. (લે)

૧. વનમાં ભગવાને વત્સાસુર ધેનુક વિગેરે અસુરોને મારેલા. પ્રલંબને માર્યો, બે દાવાગ્નિઓનું નિવારણ કર્યું. જ્યાં ભય સંભવે છે તેવા આ વનમાં વીર્યવાળો જ પ્રવેશ કરે, તેથી પ્રવેશ વીર્યશક્તિ જેવો છે એમ કહેલું છે. (યો)

૨. આઠમા શ્લોકમાં (ટિપ્પણીમાં) પરોક્ષવાદથી ભગવાનની રહસ્યલીલા કહેલી છે. આવી રહસ્યલીલામાં આસક્તિવાળા ભગવાન્, બલદેવ, ગાયો અને ગોપાલો સહિત બહિરંગ લીલા કરવા વનમાં શા માટે પ્રવેશ કરે ? તેથી પોતાની વૈરાગ્યશક્તિથી જ તેમણે તેમ કરેલું છે. તેથી રહસ્યલીલામાં આસક્તિ હોવા છતાં તે માટે વૈરાગ્ય દર્શાવી બીજી લીલા કરે છે, એમ જણાવવા 'અથવા વૈરાગ્યશક્તિ છે' એમ શ્રીમદાચાર્યચરણે કહ્યું, તે યોગ્ય જ છે. ટિપ્પણીમાં પણ ગુપ્ત રીતે આ જ કહેલું છે. (લે) જે વિરક્ત (વૈરાગ્યવાળો) હોય તે ઘર ત્યજી વનમાં પ્રવેશ કરે. વિરક્ત વનમાં પ્રવેશ કરે અને ભગવાને વનમાં પ્રવેશ કર્યો; તેથી 'વનપ્રવેશ' સમાન હોવાથી જ 'અથવા વૈરાગ્યશક્તિ છે' એમ કહેલું છે. (ટિ)

કાંઈ ન હતું એમ જણાવવા 'પ્રીતિથી' શબ્દ યોજેલો છે. ભગવાને તેઓને પ્રીતિથી બોલાવી, અને તેઓ પ્રીતિથી (ભગવાન્ પાસે) ગઈ, અને પ્રીતિથી જ તેઓના સ્તનોમાંથી દૂધ ઝરતું હતું. 'સ્નુતસ્તનીઃ' એટલે જેઓના સ્તનમાંથી દૂધ ઝરતું હતું તેવી તે હતી. (આ બહુવ્રીહિ સમાસ છે, તેમાં નારીજાતિનું રૂપ કરવામાં) 'આ' અથવા 'ઈ' બેમાંથી ગમે તે પ્રત્યય લગાડાય છે. ૨૬.

આ શ્લોકમાં ગોપોને સુખ થયું તે કહે છે:

**વનૌકસઃ પ્રમુદિતા વનરાજીર્મધુચ્યુતઃ ।।**
**જલધારા ગિરેર્નાદાનાસન્ના દદૃશે ગુહાઃ ।।૨૭।।**

વનમાં રહેનારાઓ આનંદી હતા; વૃક્ષોની હારો રસ ઝરતી હતી, પર્વતમાંથી જલની ધારાઓ પડતી હતી અને સમીપમાં ગુફાઓ હતી. તે ભગવાને જોયાં.૨૭.

વનમાં રહેનારાઓ આનંદી (હતા), બીજા સમયમાં વનમાં રહેનારાઓને દુઃખ થાય છે પણ હમણાં (વર્ષાૠતુમાં) (સર્વ) શીતલ થવાથી, તે બધાને આનંદ થએલો; આથી તેઓમાં દોષ રહ્યો ન હતો અને તેઓને સહજ (કુદરતથી) સુખ થયું એમ કહેલું છે. હવે ભોજનની સામગ્રી કહે છે, વૃક્ષોની એટલે જાતજાતનાં સર્વ વૃક્ષોની હારો રસ ઝરતી હતી એટલે તેઓમાં રસ ભરપૂર હતો, અને તેમાંથી પણ રસનો પ્રવાહ ઝરતો હતો. 'પર્વતમાંથી જલની ધારાઓ (પડતી) હતી', એમ પાન કરવાની સામગ્રી કહેલી છે. પર્વતના સંબંધવાળી (પર્વતમાંથી પડતી) જલની ધારાઓ મેલ વિનાની, શીતલ અને પાન કરવા યોગ્ય હોય છે. 'સમીપમાં ગુફાઓ હતી[1] (તે) જોઈ' એમ વૃષ્ટિ થાય ત્યારે રહેવા માટે અને શયન કરવા માટે સ્થાન કહેલું છે. ગુફાઓ એટલે વિશ્રામનાં સ્થાનો સમીપમાં જ હતાં. આ ત્રણ પ્રકારની (ભોજન, પાન અને રહેઠાણ અથવા શયનની) સામગ્રીવાળા વનમાં રહેનારાઓને, ગોપાલોને અને બીજાઓને[2] (ભગવાને) જોયાં[3]. ૨૭.

તે સ્થલે બલભદ્ર રમણ કરતા તે આ શ્લોકમાં કહે છે:

**ક્વચિદ્વનસ્પતિક્રોડે ગુહાયાં ચાભિવર્ષતિ ।।**
**નિર્વિશન્ ભગવાન્ રેમે કન્દમૂલફલાશનઃ ।।૨૮।।**

કોઈવાર વરસાદ વરસતો ત્યારે ભગવાન્ (બલભદ્ર) વૃક્ષના કોટરમાં અથવા ગુફામાં પ્રવેશ કરી, કંદ મૂલ તથા ફલ ખાઈ રમણ કરતા હતા. ૨૮.

---

૧. 'આસન્'-હતી પદનો ગુફાઓ સાથે પણ અન્વય છે. (લે) એટલે જલની ધારાઓ પર્વતમાંથી પડતી હતી અને નજીકમાં ગુફાઓ હતી.

૨. બીજાઓને એટલે ભીલ વિગેરે જંગલમાં રહેનારાઓને. (લે)

૩. 'દદૃશે' 'જોયા' એનો જૂદો જ અન્વય છે, (તે જૂદું જ વાક્ય છે). (લે) 'જોયા' પદથી જ્ઞાનશક્તિ કહેલી છે, તે ક્રિયાપદના કર્તા ભગવાન્ છે એમ જાણવું. (પ્ર)

દેવ(વરસાદ) વરસતો હોય ત્યારે વૃક્ષના ક્રોડમાં એટલે કોટરમાં અથવા ગુફામાં પ્રવેશ કરી તેને શોભાવતા એટલે તેમાં બેસી ભગવાન્ બલભદ્ર રમણ કરતા. મૂલ, કંદ અને ફલો જ[1] જેમનો ખોરાક હતો તેવા તે રમણ કરતા. વનમાં ઉગેલાં આ સર્વ (કંદ, મૂલ અને ફલ) સ્વાદિષ્ટ જ હોય છે. 'રમણ કરતા હતા' એ શબ્દથી જણાય છે કે આ રામ(બલભદ્ર)ની વાત કહેલી છે. ભગવાનમાં શું વિશેષ હતું? તે આવતા શ્લોકમાં કહેશે. વળી કોટરમાં ભરાઈ બેસવું અને ફલાહાર કરવો, તે ભગવાન માટે યોગ્ય જણાતું નથી[2], તેથી અહિં બલભદ્રની વાત કહેલી છે.૨૮.

આ શ્લોકમાં ભગવાનની લીલા કહે છે:

**દધ્યોદનમુપાનીતં શિલાયાં સલિલાન્તિકે ।।**
**સમ્ભોજનીયૈર્બુભુજે ગોપૈઃ સંકર્ષણાન્વિતઃ ।।૨૯।।**

સજાતીય ગોપો અને બલભદ્ર જેમની સાથે છે તેવા એ (ભગવાને) જલની નજીક શિલા ઉપર આણેલા દહિંભાતનું ભોજન કર્યું. ૨૯.

છૂટો છવાયો મેઘ વર્ષતો હતો, ત્યારે ગોપોએ અથવા ગોપિકાઓએ, અથવા યશોદાએ અથવા રોહિણીએ તે જ સમયે આણેલા દહિંભાતનું, શિલા ઉપર એટલે પર્વતની ટોચ ઉપરના લાંબા પહોળા પ્રદેશ ઉપર, જલની સમીપમાં જ (ભગવાને ભોજન કર્યું). જલ માટે બીજા સ્થલે જવું ન પડે તે માટે જલની નજીક જ ભોજન કર્યું. તે સમયે ભગવાન્ સાથે સંભોજનીય એટલે સજાતીય[1] ગોપો અને બલભદ્ર હતા. વર્ષાઋતુમાં ભગવાને આ ભોજન કર્યું તે વર્ષાઋતુમાં જ સંપત્તિ[2] હતી તે પોતાની હતી, એમ જણાવવા ભોજન કરેલું. બીજા ગોપાલોએ જૂદા રહી (જૂદી રીતે[3]) ભોજન કર્યું, અથવા બલભદ્ર સાથે ફલાહાર[4] કરેલો. ૨૯.

---

૧. અહિં કંદ, મૂલ અને ફલોનો ખોરાક કહેલો છે, તેથી સત્ત્વગુણવાળા બલભદ્રની વૈરાગ્યશક્તિ કહેલી છે, ૨૫મા શ્લોકમાં વૈરાગ્યશક્તિ કહી છે, એમ ગણીએ તો અહિં બલભદ્રનું ચરિત કહેલું હોવાથી વીર્યશક્તિ કહી એમ જાણવું. (પ્ર)

૨. આ બલભદ્રની વાત છે, એમ માનવામાં પોતાનો આશય શ્રીમદાચાર્યચરણે અહિં કહેલો છે. આમ કરવાથી પણ એક બાલલીલા થાય, પરંતુ પ્રભુની લીલામાં સંકોચ (ભરાઈ બેસવું અને કંદમૂલનો જ ખોરાક કરવો) હોય તે યોગ્ય નથી, એમ માનવાથી શ્રીમદાચાર્યચરણે આ કહેલું છે. આ બલભદ્રની જ વાત છે એમ માનવું યોગ્ય છે, એમ 'ભગવાનમાં શું વિશેષ હતું? તે હવે કહેશે' એ શબ્દોથી જણાવેલું છે. (ટિ)

૧. 'સજાતીય'નો પરોક્ષવાદમાં 'ભક્તો' અર્થ છે.(પ્ર) ૨. વર્ષાઋતુમાં પોતાની સંપત્તિ છે, એમ જણાવવા ભગવાન્ આ પ્રમાણે ભોજન કરે છે; તેથી અહિં 'શ્રી'શક્તિનું વર્ણન કરેલું છે. (પ્ર)

૩. જૂદી રીતે એટલે જૂદા પાત્રમાં. એ પ્રમાણે જૂદા પાત્રમાં તેઓ ભોજન કરે તેટલાથી જ તેઓ જમાડવા યોગ્ય સિદ્ધ થાય છે. (લે) ૪. ગયા શ્લોકમાં બલભદ્ર સાથેનો ફલાહાર કહેલો છે, તેથી અહિં તો (ભગવાનના ભોજન સમયે) તેઓની માત્ર હાજરી જ કહેલી છે. (લે)

'ગાયો હતી, છતાં તેમને આપ્યા(ખવરાવ્યા) વિના ભગવાને કેમ ભોજન કર્યું ?' એવી શંકા થાય, તેનું નિવારણ આ શ્લોકમાં કરે છેઃ

**શાદ્વલોપરિ સંવિશ્ય ચર્વતો મીલિતેક્ષણાન્ ।।**
**તૃપ્તાન્ વૃષાન્ વત્સતરાન્ ગાશ્ચ સ્વોધોભરશ્રમાઃ ।।૩૦।।**

તૃપ્ત થએલા અને લીલાઘાસવાળી જમીન પર બેસી આંખો બંધ કરી વાગોળતા બળદો અને વાછરડાંઓને તથા પોતાના આઉના ભારથી થાકેલી ગાયોને (જોઈ). ૩૦.

'શાદ્વલ' એટલે લીલાં ઘાસવાળી જમીન, તેના ઉપર બેસીને ચાવતા એટલે વાગોળતા (અને) તૃપ્ત થએલા બળદોને, વાછરડાંઓને અને ગાયોને જોઈ[૧] એવો સંબંધ છે. જ્યારે (બળદો વિગેરે) વાગોળતા હોય ત્યારે તેમને (ખાવાનું ઘાસ વિગેરે) આપવું જોઈએ નહિ. અહિં ત્રણ પ્રકારનાં (બળદો, વાછરડાં અને ગાયો) ગણેલાં (કહેલાં) છે.

'પણ ગોગ્રાસ તો દેવો જોઈએ' એવી વધારે શંકા થાય તેથી કહે છે કે ગાયો 'પોતાના આઉના ભારથી થાકેલી[૨]' હતી. પોતાના આઉના ભારથી જેઓને શ્રમ (થાક) થયો હતો તેવી ગાયો હતી. આ પ્રમાણે સર્વનાં ભોજન, પાન, શયન અને વિહારનું નિરૂપણ કરેલું છે. ૩૦.

આવા વનનું ભગવાને અભિનંદન કર્યું, તે આ શ્લોકમાં કહે છેઃ

**પ્રાવૃટ્શ્રિયં ચ તાં વીક્ષ્ય સર્વભૂતસુખાવહામ્ ।।**
**ભગવાન્ પૂજયાઞ્ચક્ર આત્મશક્ત્યુપબૃંહિતામ્ ।।૩૧।।**

સર્વ પ્રાણીઓને સુખ આપનારી અને પોતાની શક્તિથી વૃદ્ધિ પામેલી વર્ષાઋતુની તે શ્રી(શોભા)ને જોઈને ભગવાને તેનું અભિનંદન કર્યું. ૩૧.

તે વનમાં પોતાની આધિદૈવિક વર્ષાઋતુની શ્રી (શોભા) આવી. તે આધિદૈવિકી પણ શ્રીને જોઈને ભગવાને તેની પૂજા કરી. પૂજા કરવાનાં ત્રણ કારણો હતાં; (૧) તે સર્વ પ્રાણીઓને સુખ આપનારી હતી, (૨) (ભગવાનની) પોતાની જેટલી શક્તિઓ હતી તેઓથી તે વૃદ્ધિ પામેલી હતી અને (૩) મૂલમાં 'ચ' 'અને' શબ્દ છે તેથી સૂચવેલું તેનું આધિદૈવિકરૂપ હોવાપણું. ભગવાને (તેની

---

૧. આવતા ૩૧મા શ્લોકમાં 'વીક્ષ્ય' 'જોઈને' શબ્દ છે, તેની સાથે સંબંધ છે. જોઈને એટલે 'જોઈ અને.' શ્લોક ૨૭માં 'દદર્શ' 'જોયા' શબ્દ છે તે સાથે આનો સંબંધ છે, એમ કહેવાનો શ્રીમદાચાર્યચરણનો આશય હોય તેમ સંભવતું નથી.

૨. ગાયો અત્યંત તૃપ્ત થઈ હોય ત્યારે જ તેમના આઉનો ભાર બહુ થાય. તેથી અહિં ભગવાનની યશઃ શક્તિનું નિરૂપણ કરેલું છે એમ સૂચવેલું છે. અત્યંત તૃપ્ત હોવાથી ગોગ્રાસ આપવા છતાં તે લેતી ન હતી, તેથી આપેલો નથી એમ પણ જાણવું. (પ્ર)

પૂજા કરી એટલે) તેમાં ક્રીડા કરી–તેનું અભિનન્દન કર્યું–(આવકાર આપ્યો અથવા સ્વીકારી). ૩૧.

હવે પહેલાંની લીલાનો ઉપસંહાર કરી, બીજી લીલા કહેવા માટે અહિંથી અઢાર શ્લોકોથી શરદઋતુનું વર્ણન કરે છે. એક શ્લોકથી (૩૨મા શ્લોકથી) સામાન્ય રીતે શરદની પ્રવૃત્તિ કહે છે, અને સત્તર (૩૩ થી ૪૯) શ્લોકોથી તેનું કાર્ય (પરિણામ) કહે છે. તેમાં પ્રથમ આ શ્લોકમાં શરદ્‌ની પ્રવૃત્તિ કહે છેઃ

**એવં નિવસતોસ્તસ્મિન્ રામકેશવયોર્વ્રજે ।।**
**શરત્ સમભવદ્ વ્યભ્રા સ્વચ્છામ્બ્વપરુષાનિલા ।।૩૨।।**

એવી રીતે તેમાં (વનમાં) (અને) વ્રજમાં બલભદ્ર અને કેશવ વસતા હતા ત્યારે વાદળાં વિનાની અને સ્વચ્છ જલ અને કોમલ પવનવાળી શરદ્ થઈ. ૩૨.

એવી રીતે લીલા કરતાં કરતાં તે જ વનમાં બલભદ્ર અને કેશવ વસતા હતા ત્યારે, અને વ્રજમાં વસતા હતા ત્યારે શરદઋતુ થઈ. વર્ષામાં ભગવાને રમણ કર્યું એ જાણીને, 'મારામાં પણ ભગવાન્ રમણ કરશે' એમ વિચારી શરદ્ પણ આવી. વર્ષાથી તેનામાં (શરદ્‌માં) જે ભેદ (જુદા ગુણ હોવાપણું) હતું, તે જણાવવા 'વાદળાં વિનાની' હતી એમ કહે છે. વર્ષામાં ૧.મેઘો, ૨.વીજળી અને ૩.ગર્જના, એ ત્રણ ગુણો હતા એમ કહેલું છે, તેમ આમાં પણ ૧.વાદળાંનો અભાવ, ૨.જલમાંના મેલની નિવૃત્તિ (નીકળી જવું તે) અને ૩.વાયુના કઠોર સ્પર્શની નિવૃત્તિ, એ ત્રણ ગુણો છે એમ કહે છે, આથી (આ વર્ષાથી જૂદા પ્રકારના શરદ્‌ના ત્રણ ગુણો કહ્યા તેથી) વર્ષા કરતાં ઉત્તમ છે એમ કહેલું છે; કારણ કે વર્ષા પ્રવૃત્તિ[૧] ધર્મવાળી છે અને આ (શરદ્) નિવૃત્તિ[૧] ધર્મવાળી છે. (શરદ્‌માં) ઉપર આકાશ નિર્મલ (વાદળાં વિનાનું) હોય છે, નીચે (ભૂમિ ઉપર) જલ નિર્મલ (મલ રહિત) હોય છે અને ચારે તરફ વાયુ નિર્મલ (કઠોર સ્પર્શ રહિત) હોય છે. જેમ પ્રવૃત્તિમાં (પ્રવૃત્તિમાર્ગમાં) ઉત્પત્તિ[૨] મુખ્ય છે તેમ તેના (ઉત્પત્તિના) કરતાં

---

૧. પ્રવૃત્તિમાં મલિનતા થાય છે અને નિવૃત્તિમાં નિર્મલતા થાય છે; આ ધર્મની સમાનતા વર્ષા અને શરદ્‌માં હોવાથી જ એમ કહેલું છે. વ્રજમાં પણ કેટલાક ભક્તો લીલારૂપ ગૌચારણ, કૃષિ વિગેરેમાં (પ્રવૃત્તિમાર્ગમાં) આસક્ત હોય છે અને કેટલાક સર્વ કાર્યમાંથી (પ્રવૃત્તિમાંથી) નિવૃત્ત રહી, માત્ર સ્વરૂપપરાયણ (નિવૃત્તિમાર્ગમાં રહેનારા) હોય છે. આ બધા પોતપોતાની રીતે ઉપયોગી છે. છતાં જૂદા પ્રકાર કહેલા છે; તેથી અહિં પ્રવૃત્તિ અને નિવૃત્તિ કહ્યાં, તે લીલારૂપ છે એમ જાણવું. (ટિ)

૨. ભૂમિના ગુણરૂપ સર્વ જીવોની ઉત્પત્તિ, આ વર્ષાની લીલામાં ઉપયોગી છે. (પ્ર) ગર્જના રજોરૂપ છે, એમ પ્રથમ કહેલું છે; તેથી ગર્જના ઉત્પત્તિરૂપ છે. સર્વ જીવોની ઉત્પત્તિ થાય છે, એમ પ્રથમ (શ્લોકમાં) કહેલું છે ત્યાં ભૂમિ કહેલી છે એમ જાણવું. (લે)

ઉત્પત્તિનું (ઉત્પન્ન થએલાંનું) નિર્મલપણું મુખ્ય છે. ભૂમિ કરતાં જલ મોટું છે અને પરિધિ (દૃષ્ટિમર્યાદા) કરતાં વાયુ[3] મોટો છે, (અને શરદ્‌માં જલ અને વાયુ નિર્મલ છે) તેથી જ આ ઋતુમાં ભગવાન્ રમણ કરવાના[4] હોવાથી સ્ત્રીઓનો આનંદ તેમાં (આ ઋતુમાં) રહેલો હોવાથી અને બધાંને શુદ્ધ કરવા આ ઋતુની પ્રવૃત્તિ હોવાથી, સોળ કળાવાળા સત્તરમા જીવની (સોળ જીવની કળાઓ અને સત્તરમા જીવની) શુદ્ધિ (૩૩ થી ૪૯ સુધીના સત્તર શ્લોકોથી) કહે છે.

**જલાનાં સર્વભૂતાનામભ્રાણાં જ્ઞાનિનાં તથા ।।**
**કુટુમ્બિનાં દરિદ્રાણાં વિરક્તાનાં વિમુક્તિનામ્ ।।૧૦।।**
**યોગિનાં ગોપિકાનાઞ્ચ શરત્સંબંધતો હરિઃ ।।**
**દશ દોષાન્નિવાર્યથ ચિત્તસ્યાપિ નિવાર્ય ચ ।।૧૧।।**
**સર્વાનશોભયદ્ દેવઃ ષડ્ગુણૈશ્ચન્દ્રમાનવાઃ ।।**
**ગાવઃ પદ્માનિ ભૂમિશ્ચ વર્ણાશ્ચૈવ વિભાવિતા ।।૧૨।।**
**શરદઃ કાર્યમેતાવદ્ ભગવાનવિશદ્ યતઃ ।।૧૨ા.।।**

શરદ્‌ના સંબંધથી હરિએ ૧.જલોના ૨.સર્વ મહાભૂતોના ૩.વાદળાંઓના અને ૪.જ્ઞાનીઓના ૫.કુટુંબીઓના ૬.ગરીબોના ૭.વિરક્તોના ૮.વિમુક્તિઓના[5] ૯.યોગીઓના અને ૧૦.ગોપીઓના દશ દોષોનું નિવારણ કરીને, અને વળી ૧૧.ચિત્તના દોષનું નિવારણ કરીને પ્રભુએ સર્વને શોભાવ્યાં અને પોતાના છ ગુણોથી ૧૨.ચંદ્ર ૧૩.મનુષ્યો ૧૪.ગાયો ૧૫.કમલો ૧૬.ભૂમિ અને ૧૭.વર્ણોને પ્રસિદ્ધ કર્યાં[6]. આ શરદ્‌નું કાર્ય વર્ણવેલું છે, કારણ કે ભગવાને

૩. દૃષ્ટિમર્યાદામાં (વીજળીનો) પ્રકાશ થવાથી માત્ર દૃષ્ટિને આનંદ થાય છે, પણ વાયુ નિર્મલ થાય તેથી સ્પર્શનું પણ સુખ થાય છે; તેથી વાયુ ક્રીડામાં ઉપયોગી હોવાથી મોટો છે. (પ્ર)

૪. ફલપ્રકરણમાં કહેલી ફલરૂપ રાસક્રીડા ભગવાન્ શરદ્‌માં કરવાના છે તેથી; સાધારણ ક્રીડા તો અહિં પણ (આ સમયે પણ) કરે છે. (યો)

૫. 'વિમુક્તમ્' 'મોક્ષ' જેમનો છે તે વિમુક્તિ, તેઓના. (પ્ર)

૬. દરેકથી એક એક શ્લોકનો અર્થ કહે છે. 'જલોથી' આરંભી 'ગોપિકાઓ' સુધીના (દશ શબ્દો)થી દશ વાક્યોનો (શ્લોકોનો) અર્થ કહ્યો, અને 'ચિત્તના' શબ્દથી એક શ્લોકનો અર્થ કહ્યો. ત્યાર પછીના શ્લોકોના અર્થ 'ભગ' શબ્દના અર્થ હોઈ (ભગવાનના છ ગુણોરૂપ હોઈ), 'સર્વને ભગવાને પ્રસિદ્ધ કર્યા–શોભાવ્યાં' એમ કહ્યા પછી, ચંદ્ર વિગેરેનું ગુણરૂપથી જ નિરૂપણ કરેલું છે. (ટિ)

'જલોના'થી આરંભી 'ગોપિકાઓના' સુધીના દરેકથી એકએક શ્લોકનો, એમ દશ (૩૩ થી ૪૨) શ્લોકોના અર્થ કહ્યા. 'ચિત્તના'થી ૪૩મા શ્લોકનો અર્થ કહ્યો. ત્યાર પછીના વાક્યોના અર્થ 'ભગ' શબ્દના અર્થ છે. તેથી 'સર્વને શોભાવ્યાં' એમ કહી તે અર્થો કહ્યા. ઐશ્વર્ય વિગેરે ગુણ તરીકે ચંદ્ર વિગેરેનું નિરૂપણ કરેલું છે, તેથી શ્રીકૃષ્ણે પોતાના છ ગુણોથી સર્વને શોભાવ્યાં એમ યોજના કરવી. તે કોણ એવી જાણવાની ઈચ્છા થાય તેથી છ ગુણરૂપ ચંદ્ર, મનુષ્યો વિગેરે

તેમાં (શરદ્‌માં) પ્રવેશ કર્યો હતો. કા.૧૦ થી ૧૨ાા. (૩૨.)

તે પૈકી પ્રથમ શરદે જલોના દોષ મટાડ્યા એમ આ શ્લોકમાં કહે છેઃ

**શરદા નીરજોત્પત્ત્યા નીરાણિ પ્રકૃતિં યયુઃ ।।**
**ભ્રષ્ટાનામિવ ચેતાંસિ પુનર્યોગનિષેવયા ।।૩૩।।**

જેમ (યોગથી) ભ્રષ્ટ થએલાનાં ચિત્તો ફરી યોગના સેવનથી નિરોધ (સંયમ) પામે તેમ જેમાં કમલોની ઉત્પત્તિ થાય છે તેવી શરદ્‌થી જલો (પોતાની) મૂલસ્થિતિમાં આવ્યાં. ૩૩.

જલોથી સર્વની શુદ્ધિ થાય છે; તે જલ જો નિર્મલ હોય તો સર્વ શુદ્ધ થાય. 'જેમાં કમલોની ઉત્પત્તિ થાય છે તેવી શરદ્‌થી' એ શબ્દોથી શુદ્ધિનો પ્રકાર કહેલો છે. કમલોની ઉત્પત્તિ શરદ્‌થી જ થાય છે. 'નિર્ગતં' નીકળી ગઈ છે 'રજઃ' રજ (કચરો) જેમાંથી તે 'નીરજ' (કમલ). જલમાંની બધી ભૌતિક રજ ભૂમિ ઉપર (નીચે) ઉતારી મૂકી, આધ્યાત્મિક રજને પોતાનાં સ્વરૂપવાળી બનાવી, અને આધિદૈવિક રજને પોતાની અંદરના શુદ્ધ મકરંદ(રસ)રૂપ બનાવીને, તે જલની બધીય રજને (જલમાંથી) કાઢી નાખે છે, તેથી તે 'નીરજ' કહેવાય છે. તે કમલો જો જલમાં ઉત્પન્ન થાય તો (જલના) દોષ દૂર થવાથી, જલો પોતાની મૂલ સ્થિતિમાં આવે છે. 'નીર'માં (જલમાં) 'જાત' એટલે ઉત્પન્ન થએલાં તે 'નીરજ' એવી પણ તેની વ્યુત્પત્તિ છે. તેથી જ્યારે પુત્ર (ઉત્પન્ન) થાય ત્યારે (પિતા પોતે) ઋણ રહિત થાય છે અને પ્રકૃતિ (સ્વસ્થતા) પ્રાપ્ત કરે છે; નહિ તો (પુત્ર ન થાય તો) ઋણથી (પિતૃઓ વિગેરેના ઋણથી) પીડાએલો રહે છે; (તેમ જલમાં કમલ થાય તો તે નિર્મલ થાય છે, અને તે ન થાય ત્યાં સુધી રજવાળું રહે છે). માત્ર આ મહાભૂત (જલના) દોષ દૂર કરવામાં જ શરદ્ એવું કરે છે એમ નથી, પરંતુ ભગવાનની ક્રીડા માટે (શરીરની) અંદર પણ તે હૃદયરૂપી કમલનો વિકાસ કરે છે અને તેથી હૃદય ગુણાતીત[1] થાય છે. આ કાર્ય યોગને ઉત્પન્ન કરીને શરદ્ કરે છે તેથી યોગનું અહિં દૃષ્ટાંત આપેલું છે; અથવા યોગથી ધીરે ધીરે શુદ્ધિ થાય છે, તેથી તે માટે (ધીરે ધીરે શુદ્ધિ જણાવવા) દૃષ્ટાંત કહેલું છે, તે ઉત્તરાર્ધમાં કહેલું છે. 'ભ્રષ્ટા' એટલે યોગથી જેઓ ભ્રષ્ટ થએલા હોય તેઓનાં ચિત્તો પણ ભ્રષ્ટ થએલાં હોય છે. ફરીથી (તેઓ) યોગનું સેવન કરે તેથી તે ચિત્તો (પોતાની)

છ કહ્યાં છે, એવી રીતે આ કારિકાઓથી સત્તર શ્લોકોના અર્થ કહેલા છે. (કા)

૧. હૃદયકમલનો ભગવાનના ગુણથી વિકાસ થતાં, 'મારામાં રહેલું નિર્ગુણ કહેલું છે' એ વાક્ય પ્રમાણે સર્વાત્મભાવ થતાં, હૃદય ગુણાતીત થાય છે એવો અર્થ છે. (પ્ર) ગુણાતીત એટલે ચિત્તરૂપ. નીરજની ઉત્પત્તિથી હૃદયકમલનો વિકાસ થતાં ચિત્તો પ્રકૃતિ એટલે પોતાના સ્વરૂપને પામે છે; એટલે ચિત્તરૂપ થાય છે. (લે)

વૃત્તિરૂપ રજનો (રજોગુણનો) નિરોધ (સંયમ, નિયમન) પામે છે. ૩૩.

એવી રીતે સર્વની શુદ્ધિનાં કારણરૂપ અંતઃકરણ અને જલની શુદ્ધિ કહીને, મહાભૂતોની શુદ્ધિ કહેતાં, આશ્રમોની શુદ્ધિનો પ્રકાર કહે છેઃ

**વ્યોમ્નોબ્દં ભૂતશાબલ્યં ભુવઃ પઙ્કમપાં મલમ્ ।।**
**શરજ્જહારાશ્રમિણાં કૃષ્ણે ભક્તિર્યથાશુભમ્ ।।૩૪।।**

જેમ શ્રીકૃષ્ણમાં ભક્તિ આશ્રમવાળાઓનાં પાપને હરે છે તેમ શરદે આકાશનાં વાદળ, મહાભૂતો(અગ્નિ અને વાયુ)નું સાંકર્ય (ભેળસેળ), ભૂમિના અને જલના કાદવ (એવા ભૂતોના) મેલને હર્યો. ૩૪.

જો મહાભૂતો શુદ્ધ હોય તો (દેહ મહાભૂતોનો બનેલો હોવાથી) દેહ શુદ્ધ થાય, અને જો આશ્રમો શુદ્ધ હોય તો ધર્મ શુદ્ધ થાય તે માટે (મહાભૂતોની અને આશ્રમોની શુદ્ધિ માટે) આ શ્લોક કહે છે. આકાશના મલ[1]રૂપ મેઘો જ[2] છે. મહાભૂતોનું સાંકર્ય એ અગ્નિ અને વાયુનો મલ છે. વર્ષામાં સ્પર્શ[3] માટે અને ક્ષુધા[3] માટે તે (અગ્નિ અને વાયુનું સાંકર્ય સંભવે છે). ભૂમિનો મલ કાદવ જ છે, અને જલોનો પણ મલ કાદવ જ છે. આવી રીતે પાંચ મહાભૂતોનો[4] મલ શરદે હર્યો.

વળી આ શરદ્ આશ્રમોના મલને પણ હરે છે; કારણ કે વર્ષાઋતુમાં (૧) સંન્યાસીઓનો ધર્મ (પર્યટણ) અટકી પડે છે, તેથી તેઓને એક જ સ્થલે અન્નનું ભોજન કરવું પડે છે અને તેથી દોષો ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. (૨) બ્રહ્મચારી-ઓને ગુરુની સેવામાં (વરસાદને લીધે) સંકોચ થવાનો સંભવ રહે છે. (૩) ગૃહસ્થને (વાદળાંને લીધે) કાલ(સમય)નું જ્ઞાન થતું નથી અને તેથી કર્મનો

---

૧. જેના કાર્યને જે અટકાવે તે તેનો મલ. અહિં મલ વાદળાં વિગેરે ચારે (વાદળાં, ભૂતોનું સાંકર્ય, ભૂમિનો કાદવ અને જલનો કાદવ) સાથે વિશેષણ તરીકે સંબંધ રાખે છે. (પ્ર)

૨. વાદળાં વિનાનું આકાશ હોય ત્યારે 'આકાશ નિર્મલ છે' એમ કહેવાય છે, તેથી આકાશનો મલ મેઘો છે. (પ્ર)

૩. બહારના સૂકા પદાર્થના સ્પર્શ માટે વર્ષાકાલમાં અગ્નિ અને વાયુની જરુર રહે છે. (શરીરની) અંદર પણ વર્ષાકાલમાં વાયુનો પ્રકોપ થાય છે અને તેથી ભૂખ લાગતી નહિ હોવાથી અગ્નિ ઉત્પન્ન કરે (જઠરાગ્નિ પ્રદીપ્ત કરે) તેવાં ઔષધોની જરુર પડે છે, તેથી વાયુ અને અગ્નિનું સાંકર્ય સંભવે છે. (પ્ર)

સ્પર્શ માટે એટલે કામ માટે. કામ અગ્નિનો મલ છે. ભૂખ પ્રાણનો ધર્મ હોવાથી તે વાયુનો મલ છે. આ બે એટલે કામ અને ભૂખ (ખોરાક) માટે પ્રાણીઓની અંદર અંદર અથડામણ થાય છે. (લે)

૪. જલોની શુદ્ધિ પ્રથમના (તેત્રીસમા) શ્લોકમાં કહી છે. છતાં જલનો મહાભૂતમાં પણ સમાવેશ થતો હોવાથી અહિં ફરીથી કહે છે, તેથી પુનરુક્તિ દોષ નથી એમ જણાવવા આ કહેલું છે. (ટિ)

લોપ થવા સંભવ રહે છે. અને (૪) વનમાં રહેનારને (વાનપ્રસ્થ આશ્રમવાળાને) (વરસાદમાં બહાર નીકળી શકાય નહિ તેથી) સંગ્રહ કરી રાખવો પડે વિગેરે કારણોથી દોષ થવાનો સંભવ રહે છે. આ સર્વ (દોષ) શરદ્ મટાડે છે. ભગવાનની સંનિધિ(નજીકમાં હાજરી)ને લીધે આધિદૈવિકની પેઠે તે દોષ મટાડનારી થાય છે, એમ 'જેમ શ્રીકૃષ્ણમાં ભક્તિ આશ્રમવાળાઓનાં પાપને હરે છે' એ દૃષ્ટાંતથી કહે છે. ભક્તિ હૃદયરૂપી આકાશના શોકને મટાડે છે. (શોક) નેત્રમાં જલ ઉત્પન્ન કરનારો હોઈ વાદળ(રૂપ) છે. ભૂતોનું સાંકર્ય એટલે ત્રણ પ્રકારના[૫] જીવોની ભેળસેળ ભક્તિ મટાડે છે, તેની (જીવોની ભેળસેળની) પ્રવૃત્તિ કરાવનાર આસન્ય[૬] અથવા (આસન્ય અને) અગ્નિ[૬] છે. (ભક્તિ થતાં) એક (આસન્ય) તેને (ભેળસેળને એકબીજાના સંગને) મટાડે છે અને બીજો (અગ્નિ) તેને બાળે છે. (વળી) (ભક્તિ) ભૂમિના[૭] કાદવને પણ પ્રસાદનું દાન કરી મટાડે છે. ભક્તિથી ધ્યાન ધરેલાં ચરણો ભક્તોના હૃદયમાં (તેમાં રહેલા) સ્નેહથી ભીંજાય છે, અને તેની જલથી થએલી ભીનાશ[૮] મટાડે છે, કારણ કે તે (ચરણારવિંદ) ભૂમિરૂપ[૯] છે.

---

૫. સાત્ત્વિક, રાજસ અને તામસ (દેવો, મનુષ્યો અને અસુરો), એ ત્રણ પ્રકારના. (પ્ર) સત્ત્વ, રજઃ અને તમઃના ભેદોથી ત્રણ પ્રકારના. (લે)

૬-૬. આસન્ય ઈન્દ્રિયોનું બલ ઉત્પન્ન કરી લૌકિક કાર્યમાં પ્રવૃત્તિ કરાવનાર છે, અને અગ્નિ વાણીનો અધિષ્ઠાતા હોઈ વાણીને પ્રેરણા કરી (બીજાનો) સંગ કરાવનાર છે, તેથી તેમણે કરાવેલ સંગ દોષરૂપ છે. પરંતુ ભક્તિ ઉત્પન્ન થાય ત્યારે આસન્ય લૌકિક કાર્ય કરવાનું બલ ઈન્દ્રિયોમાં ઉત્પન્ન કરતો નથી, પરંતુ ઉલટો લૌકિકનો સંગ મટાડે છે અને અગ્નિ વાણીને (બીજા લૌકિક પુરુષોનો) સંગ થાય તેવી રીતે પ્રેરણા કરતો નથી, પરંતુ તેવો સંગ ન થાય તેવી રીતે પ્રેરી તેવા સંગને બાળે છે. તેથી ભગવાનની કૃપાથી ભક્તિ થાય ત્યારે આસન્ય અને અગ્નિ તેને સહાય કરનારા થાય છે, એવો અર્થ છે. (પ્ર)

ભગવાનથી છૂટો પડેલો જીવ આનંદ માટે પ્રયત્ન કરતાં આસન્યનો આશ્રય કરે છે, અને સત્ત્વ વિગેરે ભાવો પ્રાપ્ત કરી પ્રપંચમાં રમણ કરે છે, એવું બ્રહ્મવાદમાં નિરૂપણ કરેલું છે. કામાગ્નિને લીધે પ્રકૃતિનો આશ્રય કરનારો જીવ તેના ગુણોમાં આસક્ત થાય છે, એવું સાંખ્યમાં નિરૂપણ કરેલું છે. આ મતભેદને લીધે જે સાંકર્ય (ભેળસેળ) થાય છે તે વાયુ અને અગ્નિનો મલ છે અને ભક્તિથી તે દૂર થાય છે. ભક્તિ ઉત્પન્ન થાય ત્યારે આસન્ય ઈન્દ્રિયોને દેવતા બનાવી, જીવનું સગુણપણું મટાડે છે, અને ઘરમાં રહી ગએલી (શ્રીમદ્‌ભાગવત ૧૦।૨૬।૯) ગોપીઓની પેઠે પ્રાકૃત દેહને બાળી અલૌકિક દેહ ઉત્પન્ન કરે છે એવો અર્થ છે. (લે)

૭. ભૂમિના કાદવને એટલે હૃદયરૂપી ભૂમિના કામ વિગેરે વિકારોને; ભગવાનનો પ્રસાદ આવા વિકારોનો નાશ કરનાર છે, એ 'આપે ભોગ કરેલી માલા ગંધ' વિગેરે શ્લોકમાં પ્રસિદ્ધ છે. (પ્ર)

૮. શોક વિગેરેથી થએલા જલથી થએલી ભીનાશ. (પ્ર) (યો)

૯. વૈશ્વાનરવિદ્યામાં " 'પૃથિવી'જ (ભગવાનના) બે ચરણ છે" એવી શ્રુતિ છે, તેથી ભગવાનના ચરણાવિંદ આધિદૈવિક ભૂમિરૂપ છે. (પ્ર) ભગવાનના ચરણારવિંદમાં અલૌકિક

સર્વ જલોના મેલને ભક્ત મટાડે છે, એ તો પ્રસિદ્ધ[10] જ છે. ૧.બ્રહ્મચર્યમાં[11] ગુરુને જલદાન (જલ લાવી આપવાનું) હોય છે. ભક્તિમાં અલૌકિક દાન કરવાનું સામર્થ્ય[12] હોવાથી ભક્તિ તે (જલ લાવી આપવાનો શ્રમ) મટાડે છે. ૨.પ્રાણીઓ સાથે સાંકર્ય (સંગ, અથડામણ) ગૃહસ્થાશ્રમમાં થાય છે, ભક્તિથી તેની નિવૃત્તિ થાય છે (તે મટે છે) એ સ્પષ્ટ જ છે. ૩.ભૂમિ(મહાભૂત)ના સ્થાને વનવાસ (વાનપ્રસ્થ આશ્રમ) છે, તેમાં મલ ધારણ કરવો એ ધર્મ[13] છે. ભગવાનની સેવા માટે (સેવા થઈ શકે તે માટે) ભગવાનની ભક્તિ તે (મલને) દૂર કરાવે છે (મટાડે છે). ૪.જલોનો એટલે બહૂદકોનો[14] (ઘેર ઘેર ફરી ભિક્ષા માગી પેટ ભરનાર ભિખારીને બહૂદક કહે છે) મલ ચારે તરફ ભ્રમણ વિગેરેનો ક્લેશ છે. (ભગવાનની ભક્તિ થાય ત્યારે) ભગવાનના મંદિરમાં નિત્ય રહેવાનું થવાથી તે ક્લેશ (મલ) મટે છે. વળી ભગવાનની ભક્તિ અનિવાર્ય[15] (દૂર થઈ શકે નહિ તેવા, મટાડી ન શકાય તેવા) અશુભ એટલે પાપને પણ મટાડે છે. એ પાપના સંસ્કાર માટે (પાપના સંસ્કાર મટાડવા માટે) ઉત્તરક્રિયા[16] કહેલી છે. ૩૪.

---

દેહ પ્રાપ્ત કરાવનાર રજ હોવાથી તે ભૂમિરૂપ છે. (લે)

૧૦. 'આપના જેવા મહાભાગ્યવાળાઓ પોતે તીર્થરૂપ હોઈ પોતાની અંદર ભગવાન્ હોવાથી તીર્થોને તીર્થ બનાવે છે' એ વાક્યથી પ્રસિદ્ધ છે. (પ્ર) 'સાધુઓ, શાંત, સંન્યાસીઓ' વિગેરે વાક્યથી પ્રસિદ્ધ છે. (લે)

૧૧. બ્રહ્મચર્ય આકાશ પેઠે નિર્લેપ (ખરડાયા વિનાનું) હોવાથી તે આકાશ સાથે સરખાવેલું છે. જેમ શરદ્ આકાશનો મેલ-વાદળાં મટાડે છે તેમ ભગવાનની ભક્તિ બ્રહ્મચર્યનો મેલ (ક્લેશ)-જલ લાવવાનો શ્રમ મટાડે છે, એવો અર્થ છે. (લે)

૧૨. 'પત્રં પુષ્પં' ન્યાયે, 'મને પત્ર પુષ્પ ફલ જે કાંઈ પ્રેમથી અર્પણ કરે છે તેનો હું ભોગ કરું છું' એ ન્યાયે ભક્તિમાં ભગવાનની પ્રીતિરૂપ ઉત્તમ પદાર્થનું દાન કરવાનું સામર્થ્ય છે તે. (પ્ર)

૧૩. 'કેશ, રૂંવાડાં, નખ, દાઢી, મેલ ધારણ કરવાં, દાંત સાફ ન કરવા' એ વાક્યથી તેમનો એવો ધર્મ છે. (પ્ર)

૧૪. (કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ, એ ચાર જાતના ભિક્ષુઓ છે). કુટીચકને પરિભ્રમણ કરવાનું હોતું નથી, તેથી બહૂદક વિગેરે કહેલા છે. (પ્ર) 'બહૂદકો જેઓમાં આદિ છે' તે બહૂદકાદિ એમ તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ છે, તેથી બહૂદક, હંસ અને પરમહંસો એવો અર્થ છે. કુટીચકને પરિભ્રમણ કરવાનું નહિ હોવાથી તેમનો સમાવેશ કરેલો નથી. (લે)

૧૫. 'જેમ સૂર્ય ધૂમસને મટાડે છે તેમ વાસુદેવને પરાયણ કેટલાક માત્ર ભક્તિથી સર્વ પાપને મટાડે છે' એ વાક્ય પ્રમાણે બીજી કોઈ રીતે મટાડી શકાય નહિ તેવાં અશુભ (પાપને) પણ ભગવાનની ભક્તિ મટાડે છે. (પ્ર)

૧૬. ઉત્તરક્રિયા એટલે આશ્રમોના સંસ્કાર માટે કરવાની પાપ મટાડનારી ક્રિયા, અથવા હવે પછીના શ્લોકોમાં સર્વસ્વદાન કરવાનું કહેવામાં આવશે તે ક્રિયા. (પ્ર) ઉત્તરક્રિયા એટલે ઉત્તરકાંડ(ઉપનિષદો)માં કહેલાં જ્ઞાનનાં સાધનો. (લે)

આ પ્રમાણે તેઓના (મહાભૂતોના અને આશ્રમોના) દોષો મટાડી શરદે અન્ન ઉત્પન્ન કરનાર મેઘોના પણ દોષો મટાડ્યા, એમ આ શ્લોકમાં કહે છેઃ

**સર્વસ્વં જલદા હિત્વા વિરેજુઃ શુભ્રવર્ચસઃ ।।**
**યથા ત્યક્તૈષણાઃ શાન્તા મુનયો મુક્તકિલ્બિષાઃ ।।૩૫।।**

જેમ ઈષણાઓ તજેલા શાંત પાપરહિત મુનિઓ સ્વચ્છ તેજવાળા (થઈ) શોભે છે તેમ વાદળાંઓ સર્વસ્વ (સર્વ જલ) તજી સ્વચ્છ તેજવાળાં થઈ શોભ્યાં. ૩૫.

જેમ મરણ સમયે કોઈ પણ કાંઈ પણ (વસ્તુ પોતાની સાથે) લઈ જઈ શકતો નથી તેમ શરત્કાલમાં વાદળાંઓ પણ કાંઈ પણ (જલ) પોતામાં રાખવા શક્તિવાળાં રહ્યાં નહિ. પોતાના ધર્મ પ્રમાણે સર્વસ્વનો ત્યાગ કરવાથી જ સર્વ (પાપનું) પ્રાયશ્ચિત્ત થાય છે. તેથી તેઓનો ધર્મ 'જલદાઃ' (જલ આપનારાંઓ) શબ્દથી કહે છે. તેઓએ સર્વ જલ જ્ઞાનપૂર્વક (બધું આપી દઈએ છીએ એમ જાણીને) મૂકી દીધું, અને પછી સ્વચ્છ તેજવાળાં થઈ શોભ્યાં; કારણ કે પાપનું રૂપ (રંગ) કાળાશ છે અને પુણ્યનું રૂપ સ્વચ્છ (ધોળું, શુક્લ) છે. તેથી વાદળાંનું કાળું રૂપ જતું રહ્યું અને ધોળું (સ્વચ્છ) રૂપ થયું. આ 'સ્વચ્છ તેજવાળાં' શબ્દથી કહે છે. શુભ્ર (સ્વચ્છ) છે. વર્ચઃ (તેજ) જેમનું તેવાં તેઓ થયાં. માત્ર સ્વચ્છ (ધોળાં) હોય તેથી જ સારાં ન ગણાય, કારણ કે એ નિયમનો કેશ (માથા પરના વાળ) વિગેરેમાં ભંગ થાય છે. (કેશ ધોળા હોય તો ઉલટા ખરાબ ગણાય છે); તેથી 'શોભ્યાં' એમ કહે છે. (શોભ્યાં એટલે) વધારે તેજવાળાં થયાં, કાલને લીધે[1] એવા પ્રકારનાં (સ્વચ્છ અને તેજવાળાં શોભતાં) થયાં.

'તે સમયે (શરદ્‌માં) વાદળાંઓમાં રમણ અથવા તેજ કાંઈ હોતું નથી' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધમાં દૃષ્ટાંતથી તે દોષો દૂર થતાં શાસ્ત્ર પ્રમાણે તે જ થાય છે એમ કહે છે. અંતઃકરણ ચાર પ્રકારનું છે (ચિત્ત, બુદ્ધિ, મન અને અહંકાર). તેમાં (૧) ચિત્તના દોષો ત્રણ ઈષણાઓ (કામનાઓ) છે, (૨) બુદ્ધિનો દોષ ઘોર વિમૂઢપણું છે, (૩) મનનો દોષ બહારના વિષયપણું (બહારના વિષયોમાં રચ્યા પચ્યા રહેવું તે, અથવા બહારના વિષયોનો સંબંધ) છે, અને અહંકાર તો સંનિપાતરૂપ દોષથી ભરેલો જ છે. તેથી અહિં (ઉત્તરાર્ધમાં) અનુક્રમે જ એ દોષોનું નિરાકરણ (દૂર થવું) કહે છે. 'ઈષણાઓ તજેલા' એટલે તજેલી છે ઈષણાઓ જેઓએ તેવા. ઈષણાઓ ત્રણ છે; તેમાં (૧) લોકની ઈષણા, એ ભુવનની કામના અને જનની કામના એમ બે પ્રકારની છે.

---

૧. આ શરદ્ આધ્યાત્મિક છે, એમ દૃષ્ટાંતથી સૂચવેલું છે; એવા આશયથી ઉત્તરાર્ધના આભાસમાં આ પ્રમાણે કહેલું છે. (લે)

(૨) વિત્તની ઈષણા પદાર્થમાત્રની કામનારૂપ છે, અને (૩) અર્થની ઈષણા એટલે પુત્રસહિત સ્ત્રીની કામના (સ્ત્રીની અને પુત્રની કામના). આ(ત્રણ ઈષણાઓ)થી ધર્મ, અર્થ અને કામ કહેલા છે. આ ત્રણના (ધર્મ, અર્થ અને કામના) વર્ગનો પરિત્યાગ કરવાથી ત્રણે ઈષણાઓ જતી રહે છે.

શાંતિ સત્ત્વ(ગુણ)માંથી પણ (પ્રાપ્ત) થાય છે, પરંતુ તેવી રીતે પ્રાપ્ત થઈ હોય તો બીજા ગુણોનો ઉદ્‌ભવ થતાં તે જતી રહે છે. તેથી શાંત એટલે સ્વરૂપથી જ શાંત, અથવા શુદ્ધ સત્ત્વરૂપથી શાંત.

'' 'મનથી' જ આ પ્રાપ્ત કરવાનું છે'' એવી શ્રુતિ હોવાથી, જેઓનું મન આત્મામાં પરોવાએલું છે તેઓ મુનિઓ છે.

અહંકારરૂપ પાપ જેઓએ મૂકી (તજી) દીધેલું છે તેઓ (પાપરહિત છે)[૨]. આવી રીતે જેઓએ દોષોને તજેલા છે તેઓએ બહાર સર્વનો પરિત્યાગ કરેલો હોવાથી, તેઓ શુદ્ધ પણ થાય છે અને પ્રકાશે પણ છે. ભગવાનસહિત[૩] (ભગવાન્ જેમાં છે તેવી) શરદ્‌થી જ આ થાય છે. તેથી જ આગળ (૧૦।૩૦।૨૬)માં શરદ્‌ની સર્વ રાત્રિઓ ભગવાનની લીલાની રાત્રિઓ થઈ એમ કહેલું છે. ૩૫.

એ પ્રમાણે શરદે જે દોષો મટાડ્યા તે કહી, હવે તેના ગુણો કહે છેઃ

**ગિરયો મુમુચુસ્તોયં ક્વચિન્ન મુમુચુઃ શિવમ્ ।।**
**યથા જ્ઞાનામૃતં કાલે જ્ઞાનિનો દદતે ન વા ।।૩૬।।**

જેમ જ્ઞાનીઓ જ્ઞાનરૂપી અમૃતનું કોઈ સમયે દાન કરે છે અને (કોઈ સમયે) નથી પણ કરતા, તેમ પર્વતો કોઈ સ્થલે જલ મૂકતા (ઝરતા) અને કોઈ સ્થલે ઉત્તમ જલ ન મૂકતા. ૩૬.

જેઓની અંદર ખરું તત્ત્વ છે તેવાઓમાં જ જ્ઞાન ગુણ છે, અને તે જ્ઞાન શુદ્ધ અને સર્વ દોષો મટાડનારું હોય છે. અહિં જલનું નિરૂપણ કરતાં એવા જ્ઞાનનું દૃષ્ટાંતથી નિરૂપણ કરે છે. પર્વતો કોઈ સ્થલે જલ મૂકતા (ઝરતા) હતા, અને કોઈ સ્થલે મૂકતા ન હતા. જ્યાં ઝરણું વિગેરેનો માર્ગ હોય ત્યાં પોતાની અંદર રહેલું જલ મૂકે છે, પરંતુ વર્ષાથી થએલું (પર્વત ઉપર પડી ભરાએલું) મૂકતા ન હતા. આ 'શિવમ્' 'ઉત્તમ જલ' શબ્દથી કહેલું છે. (શિવ એટલે) શાંત, શીતલ અને સ્વાદવાળું (જલ), મહાન્ પુરુષોને અંદર (મનની અંદર) તાપ હોતો નથી, તેથી

---

૨. ચિત્તના દોષો ત્રણ ઈષણાઓ છે વિગેરેથી ચાર પ્રકારના અંતઃકરણના ચાર દોષો કહેલા છે, અને તે દોષોનું નિવારણ ઉત્તરાર્ધનાં ચાર વિશેષણોથી અનુક્રમે કહેલું છે. (યો)

૩. ભગવાન્ આત્મા છે, તેથી ભગવાન્ સહિત વર્તતી શરદ્ આધ્યાત્મિક છે. 'દેવ' શબ્દનો અર્થ ક્રીડા કરનાર થાય છે, તેથી દેવના અધિકારથી વર્તતી શરદ્, જેમાં ફલપ્રકરણમાં કહેલી લીલા કરવામાં આવી તે આધિદૈવિક છે. (લે)

સૂર્ય વિગેરે પણ તેઓને તાપ (દુઃખ) કરી શકતા નથી. (તેથી તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે જલ અથવા જ્ઞાન આપે છે અથવા નથી આપતા).

(તેઓ આપે છે અથવા નથી આપતા એવાં) તેમનાં બે રૂપો[1] તેઓ પોતાની બુદ્ધિથી કરે છે, કે સ્વાભાવિક છે એવો વિચાર કરી, જો તે સ્વાભાવિક હોય તો તેમાં શરદ્‌ની કાંઈ પ્રતિષ્ઠા હોઈ શકે નહિ તેથી તે તેઓની બુદ્ધિથી કરેલાં છે એમ કહેતાં, ઉત્તરાર્ધમાં (દૃષ્ટાંતથી) શરદ્ તેમાં (તેમની બુદ્ધિને) પ્રેરણા કરનારી છે એમ કહે છે. જ્ઞાન એ જ મરણ મટાડનાર અમૃત છે. જ્યારે સમય એટલે શુદ્ધ અવસર (ટાણું) હોય ત્યારે, (જ્ઞાનીઓ) પોતે જ્ઞાનથી પૂર્ણ હોય તે પણ, દેશ કાલ અધિકારી જોઈને, જો તેઓ જ્ઞાન(આપવા)યોગ્ય હોય, ભવિષ્યમાં સંપ્રદાયને ટકાવી રાખે તેવા હોય, ખોટે માર્ગે જાય તેવા ન હોય, અને વિચારીને જ (બીજાને) જ્ઞાન આપે તેવા હોય, તો (એ બધાનો નિર્ણય કરીને) અમુક પુરુષને જ્ઞાન આપે છે; તેમ ન હોય તો આપતા નથી.

**વિદ્યયા સહિતો વિદ્વાન્ મ્રિયેતૈવાવિચારયન્ ।।**
**ન ત્વયુક્તાય તદ્દદ્યાત્ કથંચિદિતિ નિશ્ચયઃ ।।૧૩ા.।।**

વિદ્વાને વિચાર કર્યા વિના વિદ્યાસહિત મરવું જ, પણ કોઈ રીતે અયોગ્ય (પુરુષને) તે આપવી જોઈએ નહિ[2], એવો નિશ્ચય છે. કા.૧૩ા.

(આ) સર્વ બુદ્ધિ[3] શરદે જ કરેલી છે. તેથી શરદ્ (જ્ઞાન આપવું અથવા ન આપવું એ વિષયમાં) પ્રેરણા કરનારી છે. ૩૬.

એ પ્રમાણે શરદ્ જ્ઞાન માટે ઉપયોગી છે એમ કહી, હવે શ્લોકમાં તે વૈરાગ્ય માટે પણ ઉપયોગી છે એમ કહે છેઃ

**નૈવાવિદન્ ક્ષીયમાણં જલં ગાધજલેચરાઃ ।।**
**યથાયુરન્વહં ક્ષય્યં નરા મૂઢાઃ કુટુમ્બિનઃ ।।૩૭।।**

---

૧. જલ આપનાર અથવા ન આપનાર તેનાં બે રૂપો તેની પોતાની બુદ્ધિથી તેણે કરેલાં છે. જ્યારે ભગવાનને જલની જરુર હોય ત્યારે જલ આપે છે અને જ્યારે જરુર ન હોય ત્યારે આપતાં નથી. આવું જ્ઞાન તેઓને આધ્યાત્મિક શરદ્‌થી જ થાય છે એવો ભાવ છે. (લે)

૨. અપાત્રને વિદ્યા ન જ આપવી એવો અર્થ છે. (કા) અયોગ્યને વિદ્યા આપવા કરતાં મરણ સારું એવો ભાવ છે. (યો)

મરણ સમય થાય અને કોઈ વિદ્યા લેનાર સત્પાત્ર ન મળ્યું હોય તો પણ અપાત્રને વિદ્યાદાન કરવું નહિ, પરંતુ વિદ્યા સાથે જ મરવું એવો ભાવાર્થ જણાય છે. કારિકામાં પણ એવો જ અર્થ ટૂંકમાં કહેલો છે.

૩. અહિં બુદ્ધિનો અર્થ જ્ઞાન છે. પહેલાં ભૂતોની શુદ્ધિ કહી તેથી આવું જ્ઞાન થાય છે. ભૂતોની શરદ્‌થી શુદ્ધિ થવાથી, તે શુદ્ધિથી આવી (સત્પાત્રને જ જ્ઞાન આપવાની) બુદ્ધિ થાય છે. 'શુદ્ધિ' પાઠ હોય ત્યાં 'ભૂતોની શુદ્ધિ' જ અર્થ છે. (લે)

જેમ મૂઢ કુટુંબવાળા નરો દરરોજ ક્ષય થતાં આયુષ્યને જાણતા નથી તેમ છીછરા જલનાં જલચરોએ દરરોજ ઘટતું જલ જાણ્યું નહિ. ૩૭.

શરદ્ જલનો ક્ષય કરનારી છે, અને જલ 'ગાધ' એટલે માપી શકાય તેટલું (થોડું) છે. જલચરોની જલમાં જ ક્રિયાશક્તિ હોય છે (જલની બહાર તેઓ હાલી ચાલી શકતાં કે ફરી શકતાં નથી, (અને તેથી) જલ થઈ રહે એટલે તેઓનું મરણ જ થાય છે. તેથી જો (એ) જલ સાથે અગાધ (બહુ ઊંડા, માપી ન શકાય તેવા) જલમાં પ્રવેશ કરે તો કાંઈ પણ ચિંતા રહે નહિ, (પરંતુ) (તે ગાધ) જલમાં જ રહી; જલ ઘટે છે એ તેમણે જાણ્યું નહિ; અને તેથી જ (અન્યત્ર અગાધ જલમાં જવાનો) પ્રયત્ન પણ કર્યો નહિ. આ પણ જો સ્વાભાવિક[1] હોય તો (તેમાં) શરદ્નો (કાંઈ પણ) ઉપયોગ નથી, તેથી આ શાસ્ત્રીય છે એમ સિદ્ધ કરવા[2] ઉત્તરાર્ધમાં દૃષ્ટાંત કહે છે. આયુષ્યથી પુરુષાર્થો પ્રાપ્ત કરવાના છે, અને તે આયુષ્ય હદવાળું (ખૂટી જાય તેવું) છે, આવા હદવાળા આયુષ્યથી પણ જો તેનો નકામો વ્યય થાય તેવાં સ્થાન ઘરનો ત્યાગ કરી, ભયરહિત ભગવાનના ચરણારવિંદને (શરણે) જાય તો કાંઈ પણ નુકસાન થાય નહિ, કારણ કે ત્યાં (ભગવાનના ચરણારવિંદમાં) પૂર્ણ (ક્ષય ન થાય તેવું) આધિદૈવિક આયુષ્ય રહેલું છે. સર્વ પોતાના ઈચ્છેલા પદાર્થને પ્રાપ્ત કરાવે તેવા સાધનમાં પ્રવૃત્ત રહે છે. (છતાં) આ તેવી પ્રવૃત્તિ કરતો નથી, તેનું કારણ તેને આ (અહિં કુટુંબમાં આયુષ્ય ઘટે છે, અને ભગવાનના ચરણારવિંદને શરણે જવાથી તે ખૂટશે નહિ એવું) જ્ઞાન નથી. તેથી 'ક્ષય થતા આયુષ્યને જાણતા નથી' એમ અજ્ઞાનની નિંદા કરે છે. 'ક્ષય્ય' શબ્દથી (તે અક્ષય્ય કરવું શક્ય છે એવી) શક્યતા જણાવેલી છે. જો આ (તેને) અક્ષય કરવા ઈચ્છે તો તે અક્ષય પણ થાય છે. પહેલાં કહેલું છે કે ''આયુષ્ય એ અમુક પ્રાણ છે. વળી 'પુરુષ' શત આયુષ્યવાળો છે'' એમ પણ કહેલું છે[3], અને 'સર્વત્ર મૃત્યુઓ છે અને તે દૂર કરવાના ઉપાયો છે[4]' એ પણ કહેલું છે; તેથી

---

૧. સ્વાભાવિક એટલે લોકમાં થતું જ આવે છે તેવું, (અને અહિં તો લોકમાં જે થાય છે તે માત્ર કહેલું જ છે). (લે) સ્વાભાવિક એટલે કુદરતી, જેમાં કાંઈ ફેરફાર કરી શકાય નહિ તેવું.

૨. શાસ્ત્રીય છે એમ સિદ્ધ કરવા એટલે તાત્પર્યથી અહિંના લોકના કુટુંબીઓના સ્વરૂપનું જ્ઞાન કરાવવા, એવો અર્થ છે. અહિં જે કુટુંબીઓનું દૃષ્ટાંત આપેલું છે તેના જેવા ગુણોવાળા વ્રજમાં જલચરો જ હતા, પરંતુ તેવા કોઈ નર(પુરુષ) ન હતા એવો ભાવ છે. તેથી શાસ્ત્રીયત્વ એટલે શાસ્ત્રમાં કહેલી લીલા સૃષ્ટિનાં સ્વરૂપનું જ્ઞાન કરાવનાર. (લે) 'શાસ્ત્રીય છે એમ સિદ્ધ કરવા' એટલે શાસ્ત્ર પ્રમાણે આયુષ્ય અક્ષય્ય કરી શકાય છે એમ સિદ્ધ કરવા. (પ્ર)

૩. જુઓ ૩।૧૧।૧૨ ઉપરનાં શ્રીસુબોધિની.

૪. 'આયુષ્ય પ્રાણ છે' એવી શ્રુતિ હોવાથી આયુષ્ય પ્રાણ છે. વળી શ્રુતિમાં અનેક મૃત્યુઓ છે

(અહિં) આયુષ્ય ક્ષય્ય (ક્ષય પામતું, ક્ષય પામે તેવું) છે એમ કહેલું છે. તે 'દરરોજ' ક્ષય પામે છે એટલે પાછળથી (તેને અક્ષય્ય કરવાનું) જ્ઞાન થાય તો પશ્ચાત્તાપ કરવો નકામો થાય છે. આવું જ્ઞાન ન થવાનાં ત્રણ કારણો છે, (૧) નરપણું (૨) મૂઢપણું અને (૩) કુટુંબીપણું. (આ ત્રણથી અનુક્રમે) (૧) સ્વભાવથી (૨) શાસ્ત્રથી અને (૩) સંગથી જ્ઞાન થતું નથી, એમ નિરૂપણ કરેલું છે. ૩૭.

'કોઈવાર[1] અજ્ઞાન પણ સુખ આપનારું થઈ પડે છે, તેમ નરપણું વિગેરે (ગયા શ્લોકમાં જ્ઞાન નહિ થવાનાં ત્રણ કારણો કહ્યાં તે) પણ સુખ આપનારાં થાય છે, કારણ કે વૈરાગ્ય ન હોય ત્યાં સુધી તેમનાથી આ લોકનું સુખ ભોગવાય છે' એવી શંકા થાય, તેનો આ શ્લોકમાં નિરાસ કરે છેઃ

**ગાધવારિચરાસ્તાપમવિંદન્ શરદર્કજમ્ ।।**
**યથા દરિદ્રઃ કૃપણઃ કુટુમ્બ્યવિજિતેન્દ્રિયઃ ।।૩૮।।**

જેમ ગરીબ, કૃપણ, કુટુંબવાળો અને જેણે ઈન્દ્રિયો જીતેલી નથી તે દુઃખ પામે છે તેમ છીછરા જલમાં રહેનારાં(જલચરો)ને શરદ્‌ના સૂર્યથી થએલો તાપ (દુઃખ) થવા લાગ્યો. ૩૮.

છીછરા જલમાં રહેનારાં જલ હતું ત્યારે પણ શરદ્‌ને લીધે દુઃખ પામ્યાં. (કારણ કે) જો કાલ અથવા કર્મ (માણસને) પીડે નહિ ત્યારે જ અજ્ઞાન ઉપયોગી (સુખ આપનારું) થાય છે. તેથી અહિં શરદે મેઘોને દૂર કર્યા એટલે જલનું શોષણ કરનાર તાપ ઉત્પન્ન કરનાર સૂર્યને ઢાંકનાર (સૂર્ય અને જલાશયની વચ્ચે રહેનાર) કોઈ નહિ રહેવાથી, જલ સૂર્યના તાપથી ગરમ થતાં, તેઓ (જલચરો) દુઃખી થાય છે (થયાં). ત્યાં પણ (વ્રજમાં) (આવા) દોષ નથી, એમ જણાવવા પહેલાંની પેઠે[2] ઉત્તરાર્ધથી દૃષ્ટાંત કહે છે. ચાર દોષ ન હોય તો દુઃખ રહેતું નથી –(૧) અંતઃકરણ (૨) ઈન્દ્રિયો (૩) શરીર અને (૪) વિષયો[3]. દરેક જૂદાં અથવા બીજાઓ સાથે ભેગાં મળીને માણસનું પોષણ કરનારાં અથવા તેને સુખ દેનારાં છે. તે સર્વ (ચારે) પોતપોતાના સ્વભાવના દોષવાળાં છે. તેમાં (૪થો) ગરીબાઈ સર્વ વિષયોનો નાશ

---

અને તે મટાડવાના અનેક ઉપાયો કહેલા છે; તેથી તે ઉપાયો કરવાથી આયુષ્ય અક્ષય્ય (ખૂટે નહિ તેવું) થાય એમ શાસ્ત્રથી સિદ્ધ છે. તેથી આપણા પોતાના પ્રયાસથી આયુષ્ય અક્ષય્ય કરી શકાય છે. (પ્ર)

૧. વિષયભોગ કરવામાં વિષયોના સ્વરૂપનું સત્ય જ્ઞાન ન હોય એટલે તેમના સ્વરૂપનું અજ્ઞાન જ સુખ આપનારું છે, તે પ્રમાણે વૈરાગ્ય ન હોય ત્યાં સુધી નરપણું વિગેરે પણ સુખ આપનાર હોય છે, એવો અર્થ છે. (પ્ર)

૨. પહેલાંની પેઠે વર્ષાઋતુમાં વર્ણન કરેલું તે પ્રમાણે. (પ્ર)

૩. આ ચારેના દોષો નીચે જણાવેલા છે. ત્યાં દરેક કોનો દોષ છે તે જણાવવા અહિં તથા ત્યાં કૌંસમાં અંકો મૂકેલા છે.

કરનારી અને બહિર્મુખોને દુઃખ દેનારી છે. (૧લો) કૃપણતા એ અંતઃકરણનો લોભરૂપ દોષ છે. ગરીબ હોવા છતાં જો લોભરહિત હોય તો દુઃખ ન પામે. (૩જો) શરીરનો તેમાં પણ જો એકલો હોય તો કાંઈ પણ હાનિ ન થાય, પરંતુ તે કુટુંબવાળો છે. આ (કુટુંબવાળા હોવું તે) દેહનો દોષ છે. (૨જો) તેવો (ગરીબ, કૃપણ અને કુટુંબવાળો) હોવા છતાં પણ જો તેણે ઈન્દ્રિયોને જીતી (વશ) કરી હોય તો કાંઈ ચિંતા ન રહે, પરંતુ તેણે ઈન્દ્રિયોને જીતેલી નથી. ૩૮.

એ પ્રમાણે શરદે કરેલા ગુણસહિત[1] ત્રણ દોષોને[2] કહીને અહિંથી અગીઆર શ્લોકથી (શરદ્‌ના) માત્ર (દોષના સંબંધ વિનાના) ગુણો કહે છેઃ

**શનૈઃ શનૈર્જહુઃ પઙ્કં સ્થલાન્યામં ચ વીરુધઃ ।।**
**યથાહમ્મમતાં ધીરાઃ શરીરાદિષ્વનાત્મસુ ।।૩૯।।**

જેમ ધીર (પુરુષો) જે આત્મા નથી તેવા શરીર વિગેરેમાંથી અહંતા અને મમતાનો ધીમેધીમે ત્યાગ કરે છે તેમ સ્થલોએ (જમીને) ધીરે ધીરે કાદવનો ત્યાગ કર્યો અને વેલાઓએ કાચાપણાંનો ત્યાગ કર્યો. ૩૯.

ધીમે ધીમે એટલે ક્રમથી જ સ્થલોએ કાદવનો ત્યાગ કર્યો, એટલે તામસોએ પોતાના તમામ દોષોને તજ્યા. વેલાઓએ એટલે લતાઓ તથા રોપાઓએ ‘આમમ્’ એટલે કાચાપણાંનો ત્યાગ કર્યો. મૂલમાં ‘ચ’ ‘અને’ છે તે એમ સૂચવે છે, કે વૃક્ષો જે સાત્ત્વિક છે તેમણે પણ કાચાપણાંનો ત્યાગ કર્યો. પહેલાંની પેઠે જ[3] ઉત્તરાર્ધથી દૃષ્ટાંત કહે છે. મમતા કાદવના ઠેકાણે જેવી છે, અને અહંતા આમ(કાચાપણાં)ને ઠેકાણે છે. જો કે અહંતા અને મમતાનો ત્યાગ કરવામાં શાસ્ત્ર કારણરૂપ છે, તો પણ ધૈર્ય(ધીરજ) નહિ હોવાથી (પોતાના) સ્વભાવના દોષોથી[4] પીડાએલા (પુરુષો) શાસ્ત્રમાં કહેલાં[5] (સાધન)ને માનતા નથી; તેથી[6] ધૈર્યને જ અહિં (અહંતા મમતાના ત્યાગનું) કારણ કહેલું છે. મોટા પુરુષોને મમતા જ હોય છે (અહંતા હોતી નથી), પરંતુ બીજાઓને અહંતા પણ હોય છે (અને

૧. (૩૬મા શ્લોકમાં કહેલા) જ્ઞાન માટે ઉપયોગી હોવાપણું અને (૩૭મા શ્લોકમાં કહેલા) વૈરાગ્ય માટે ઉપયોગી હોવાપણું એ ગુણ. (પ્ર)

૨. (૧) જ્ઞાનીઓ કોઈ સમયે જ જ્ઞાન આપે એ તેમનો દોષ, (૨) કુટુંબી અને ગરીબ હોય તે આયુષ્યનો ક્ષય થાય છે તે જાણતા નથી એ દોષ, અને (૩) ૩૮મા શ્લોકમાં કહેલ તાપ (દુઃખ), એ ત્રણ દોષો. (પ્ર)

૩. વર્ષાઋતુના વર્ણનમાં ગુણો જણાવવા શાસ્ત્રીય દૃષ્ટાંત કહ્યાં તે પેઠે. (પ્ર)

૪. સ્વભાવના દોષો એટલે ગુણોનો ક્ષોભ અને તેનાં કાર્યો. (પ્ર)

૫. શાસ્ત્રમાં કહેલું જ્ઞાનરૂપ સાધન. (પ્ર)

૬. તેથી ધૈર્ય આવશ્યક હોવાથી, સહકારિ ધૈર્યને જ કારણ કહેલું છે. (પ્ર)

મમતા પણ હોય છે); તેથી બંનેને કહેલાં છે[૭] અને (બંનેનો) અભેદ[૮] કહેલો છે (બંને એક જ હોય તેમ કહેલું છે).

કેટલાક[૯] આને આત્માની સાથે તાદાત્મ્ય (અભેદ), અને આત્મા સાથે સંબંધ કહે છે. (આત્મા સાથે તાદાત્મ્ય એટલે એકપણું અથવા અભેદ તે અહંતા અને આત્માની સાથે સંબંધ હોવો તે મમતા એમ કહે છે).

બ્રહ્મવાદ અને નૈયાયિક વિગેરેના સિદ્ધાંતમાં અહંકાર નથી. તેમાં (શરીર વિગેરેમાં) આત્માની બુદ્ધિ[૧૦] રાખવી એ જ અહંતા, એવો અમારો મત છે.

તેમાં (શરીર વિગેરેમાં) આત્માનો અધ્યાસ કરવામાં આવે તે અહંતા, એમ બીજાઓ કહે છે. તાદાત્મ્ય (એકપણું) તે અહંતા, એવો બીજાઓનો મત છે[૧૧]. આ (અહંતા) સર્વથા ત્યાગ કરવા યોગ્ય જ છે. ગૌણપક્ષમાં[૧૨] પણ તેનો ત્યાગ કરવા યોગ્ય જ છે. કરણપક્ષમાં[૧૩] તો મમતા કરવા યોગ્ય છે, તેથી (એ

---

૭. મૂલ શ્લોકમાં 'શરીરાદિષુ' છે, તેમાં 'આદિ' શબ્દથી ઈન્દ્રિય, પ્રાણ અને અંતઃકરણ કહેલાં છે, એમ માનીએ તો અહંતાનો જ ત્યાગ કરવાનો રહે, છતાં અહંતા અને મમતા બંનેનો ત્યાગ કરવાનું કેમ કહેલું છે ? એવી શંકા થાય તેથી આ કહેલું છે. (પ્ર)

૮. આગળ જણાવવામાં આવે છે તેમ બંનેમાં અમુક શરીર વિગેરે આત્મા છે, એવી બુદ્ધિ ગૌણ હોવાથી અભેદ ગણ્યો છે, અને તેથી એક જ 'અહમ્મમતા' શબ્દથી તે બે કહેલાં છે. (પ્ર)

૯. આ મત પ્રમાણે અહંતા અને મમતા બંને અમુક પ્રકારના સંબંધો હોવાથી જૂદા પદાર્થો છે. તેમાં અહંતામાં આત્મા સાથે તાદાત્મ્ય હોય છે.આત્મા સાથે તાદાત્મ્ય હોય તેનો ત્યાગ થઈ શકે નહિ. તેથી અહંતાના વિષયમાં આ મત અયોગ્ય છે એ સ્પષ્ટ છે. તેથી પછી પોતાનો મત કહે છે. (પ્ર)

૧૦. શરીર વિગેરેમાં 'આ આત્મા છે' તે ગૌણી બુદ્ધિ. (પ્ર)

૧૧. અહંતાના સંબંધમાં ઉપર જણાવ્યું તેમ જુદી જુદી જાતના મતો છે; પણ મમતાના સંબંધમાં મતભેદ નથી, આત્માના સંબંધવાળું હોય તેનામાં મમતા રહે છે. અહંતાના સંબંધમાં જુદા જુદા મતો છે, તો પણ બાલકને પોતાના શરીરમાં અહંબુદ્ધિ (અહંતા) દેખાય છે. બાલકમાં પહેલાંનો સંસ્કાર નષ્ટ થએલો હોવાથી તેને શરીરમાં આત્માનો અધ્યાસ થતો નથી, વળી શરીર અને આત્મા જૂદા હોવાથી તેમનું તાદાત્મ્ય (એકપણું) પણ કહી શકાય તેમ નથી તેથી અધ્યાસ વિગેરેથી જૂદા પ્રકારની, નાટકમાં કોઈ રામ થાય ત્યારે 'આ રામ છે' એવી બુદ્ધિ થાય છે, તેના જેવી આ અહંતા ત્યાગ કરવા યોગ્ય નથી, એવી શંકા થાય તેથી કહે છે કે અહંતા સર્વથા ત્યાગ કરવા યોગ્ય જ છે. નાટકમાં 'આ રામ છે' એવી બુદ્ધિ અનર્થ કરનારી નહિ હોવાથી ત્યાગ કરવા યોગ્ય નથી, પણ બાલકની અહંતા અનર્થકારક હોવાથી ત્યાગ કરવા યોગ્ય જ છે. (પ્ર)

૧૨. ગૌણપક્ષમાં એટલે સાંખ્યમતમાં, આ મતમાં અહંકારને જૂદો પદાર્થ ગણે છે, તેમાં પણ તે ત્યાગ કરવા યોગ્ય જ છે. (લે)

૧૩. ભગવાનની લીલા સિદ્ધ થાય તે માટે લીલાના પદાર્થોમાં મમતા રાખવી એ કરણપક્ષ.

પક્ષમાં) તેનો ત્યાગ કરવાનો નથી. તેથી જ 'ધીર' પુરુષો (તેનો ત્યાગ કરે છે એમ) કહેલું છે, પણ 'ભક્તો' (તેનો ત્યાગ કરે છે એમ) કહેલું નથી.

'આદિ' 'વિગેરે' શબ્દથી પુત્ર વિગેરે કહેલા છે. તેઓમાં અહંતા હોય છે, એમ કેટલાક કહે છે. વૈદિક મતમાં[૧૪] તો[૧૫] પુત્ર અને સ્ત્રીમાં અહંતા જ હોય છે. ત્યાગ કરેલા ભાગનું ફરીથી ગ્રહણ ન થાય તે માટે 'ધીરેધીરે ત્યાગ' કહેલો છે. 'જૂદા હોવું' એ ત્યાગ કરવાનું કારણ છે, તે 'અનાત્મસુ' 'જે આત્મા નથી' એ શબ્દથી સિદ્ધ કરેલું છે. ૩૯.

એ પ્રમાણે બહારના દોષોનો પરિહાર કરી, પછી અંતરંગ[૧] (અંદરના) દોષોનો પરિહાર કરવા, આ શ્લોકમાં સમુદ્રનું નિરૂપણ કરે છેઃ

**નિશ્ચલામ્બુરભૂત્ તૂષ્ણીં સમુદ્રઃ શરદાગમે ।।**
**આત્મન્યુપરતે સમ્યઙ્ મુનિર્વ્યુપરતાગમઃ ।।૪૦।।**

જેમ અંતઃકરણ સારી રીતે શાંત થતાં મુનિ વેદથી નિવૃત્ત થાય છે તેમ શરદ્ આવતાં સ્થિર જલવાળો સમુદ્ર શાંત થયો. ૪૦.

પૃથ્વી કરતાં જલ ઉત્તમ છે, અને જલમાં સમુદ્ર[૨] ઉત્તમ છે. તેમાં ચાંચલ્ય (અસ્થિરતા) દોષ છે. રજનો (પૃથ્વીના રજકણો, કચરો) સંબંધ તેને સ્વભાવથી જ નથી અને શબ્દ (ગડગડાટ) દોષ (જલની) ગતિથી જ થાય છે, આ બંને (અસ્થિરતા અને શબ્દ) રાજસ છે, તામસ દોષો પૃથ્વીમાં જ કહેલા છે.[૩] એ બંને

---

(લે) ભક્તો ભગવાનમાં મમતા 'આ મારા પ્રભુ છે' એવી બુદ્ધિ રાખે છે, અને એ બુદ્ધિ લાભકારક છે કારણ કે તેવી બુદ્ધિથી તેમનો નિરોધ થાય છે. (પ્ર)

૧૪. 'તું પોતે પુત્ર છે' 'જે સ્ત્રી છે તે પોતાનું અર્ધ છે' વિગેરે શ્રુતિઓ પ્રમાણે વૈદિકમાર્ગમાં સ્ત્રી અને પુત્રમાં અહંતા હોય છે. (લે)

૧૫. 'તો' 'તુ' શબ્દ 'પણ' 'અપિ'ના અર્થમાં યોજેલો છે. (પ્ર)

૧. શ્લોક ૩૩માં જલના દોષ દૂર કર્યાનું કહેલું છે, છતાં અહિં ફરીથી કહે છે છતાં પુનરુક્તિ દોષ નથી, કારણ કે શ્લોક ૩૩માં જલના બહારના દોષ (પૃથ્વીના રજકણો, કચરો) દૂર કર્યાનું કહેલું છે, અને અહિં જલના પોતાની અંદરના દોષો દૂર કરવાનું કહે છે. (પ્ર)

૨. સમુદ્ર વ્રજથી દૂર છે અને તે વ્રજની લીલામાં ઉપયોગી નથી, છતાં તેનું નિરૂપણ કરેલું છે, કારણ કે દ્વારકાની લીલામાં તેનો ઉપયોગ થવાનો છે. અહિં સર્વ સ્થલની લીલાના અભિપ્રાયથી નિરૂપણ કરેલું છે, તેથી સમુદ્રનું નિરૂપણ યોગ્ય જ છે. (પ્ર)

૩. કાદવ અને કાચાપણું એ પૃથ્વીના રાજસ અને તામસ દોષો ગયા શ્લોકમાં કહેલા છે. ચાંચલ્ય અને શબ્દ એ (જલના) રાજસ અને તામસ દોષો અહિં કહે છે. રોપાઓ પણ પૃથ્વી જ છે. (લે) પૃથ્વીના દોષો રાજસ અને તામસ નહિ, પણ તામસ જ કહેલા જણાય છે અને સમુદ્રના (જલના) દોષો રાજસ અને તામસ નહિ, પણ રાજસ જ કહેલા જણાય છે, કારણ કે અહિં 'ઉભયમપિ રાજસમ્' 'બંને રાજસ છે' એમ કહેલું છે. 'તામસં

(અસ્થિરતા અને શબ્દ) નથી, એમ 'સ્થિરજલવાળો' અને 'શાંત થયો' એ શબ્દોથી કહે છે. તે આવો (બંને દોષોરહિત) થયો, તેનું કારણ શરદ જ છે. પહેલાંની પેઠે (ઉત્તરાર્ધથી) દૃષ્ટાંત કહે છે, 'આત્મા' એટલે અંતઃકરણ 'સારી રીતે શાંત થતાં' એટલે લય અને વિક્ષેપ વિનાનું થતાં, મનન કરવાની ટેવવાળો મુનિ વેદથી પણ[૪] નિવૃત્ત થાય છે એટલે તેને વેદના અર્થનું અનુસંધાન રહેતું નથી; કારણ કે આ સારી રીતે મુનિ થયો છે એટલે તેણે મનન અને નિદિધ્યાસનનાં સાધનો સારી રીતે કરેલાં છે. આગમ (વેદ) શબ્દ છે, અને ચંચલતાનો અભાવ એ ઉપરતિ (નિવૃત્તિ) છે. (પૃથ્વીના તામસ દોષો દૂર કર્યા, જલના રાજસ દોષો દૂર કર્યા (અનુક્રમે શ્લોક ૩૯,૪૦)). તેવો સાત્ત્વિક દોષ હોતો નથી તેથી અહિં પૃથ્વી અને જલ એ બેનું નિરૂપણ કરેલું છે. ૪૦.

આ શ્લોકમાં જલભેદોનું (જુદા જુદા પ્રકારના જલનું) નિરૂપણ કરે છેઃ

**કેદારેભ્યસ્ત્વપોગૃહ્ણન્ કર્ષુકા દઢસેતુભિઃ ।।**
**યથા પ્રાણૈઃ સ્રવજ્ જ્ઞાનં તન્નિરોધેન યોગિનઃ ।।૪૧।।**

જેમ પ્રાણોથી સ્રવતું જ્ઞાન તેઓનો સંયમ કરીને યોગીઓ રાખે છે તેમ ખેડૂતોએ દઢ સેતુઓથી (પાળાઓથી) ક્યારાઓ માટે જલ રાખ્યું. ૪૧.

ધાન્ય ઉત્પન્ન થાય તે માટે ખેતરોમાં જુદા જુદા ભાગ પાડેલા હોય છે તેને કેદાર (ક્યારા) કહે છે, તેઓને માટે (પર્વત નદી વિગેરેમાંથી) નીકળી જતાં જલોને ખેડૂતો તેમના નીકળવાના માર્ગોને રોકીને ભરી રાખે છે, એ 'દઢ સેતુઓથી (પાળાઓથી)' એ શબ્દોથી કહેલું છે, જલથી સર્વ ભીનું (પોચું) થઈ જાય છે, તેથી જલની ગતિ રોકવા (રોકી શકે તે) માટે (સેતુઓનું) દઢપણું (મજબૂતાઈ) કહેલી છે. આ ગુણ પણ સ્વભાવિક નથી, એમ જણાવવા ઉત્તરાર્ધથી દૃષ્ટાંત કહે છે. શરદ્‌માં વરસાદ દુર્લભ છે, તેથી જેઓને જલ જોઈતું હોય તે તેઓ રોકી રાખે એ યોગ્ય છે; છતાં આ જલ ફલ પ્રાપ્ત કરાવે તેવું કાર્ય કરવું જોઈએ[૧], કારણ કે જલ ન હોય તો સર્વ ખેતી વ્યર્થ થાય; તેથી (જલની) રક્ષા માટે (પાળાઓની) દઢતાનું નિરૂપણ કરવું જોઈએ.

પ્રાણ વિગેરે વાયુઓ જ્યારે (શરીરની) બહાર નીકળે છે ત્યારે જ્ઞાન

---

પૃથિવ્યામેવોક્તં ચ' 'અને તામસ પૃથ્વીમાં જ કહેલ છે' એમ પણ કહેલું છે. વળી આ શ્લોકના શ્રીસુબોધિનીના અંતે 'સાત્ત્વિક તેવો દોષ નથી' વિગેરે કહેલું છે.

૪. 'મુનિ' શબ્દથી પણ ચંચલતાનો અભાવ કહેલો છે, તેથી અહિં 'પણ' શબ્દ યોજેલો છે. (લે)

૧. વ્રજના ખેડૂતોએ રાખેલા જલથી ભગવત્સંબંધી ફલ (ભગવાન માટે જોઈતું અન્ન વિગેરે) સાધવું (કાર્ય કરવું) જોઈએ. (લે)

સહિત જ નીકળે છે, તેવી જ રીતે ઈન્દ્રિયો[2] પણ (જ્ઞાન સહિત જ) બહાર નીકળે છે, કારણ કે ભગવાન્ જ્ઞાનશક્તિવાળા અને ક્રિયાશક્તિવાળા છે. જો જ્ઞાન અને ક્રિયા (જ્ઞાન અને ક્રિયાનાં સાધન ઈન્દ્રિયો અને પ્રાણ) જતાં રહે તો ભગવાન્ પણ જતા હોય તેવા જણાય. (જ્ઞાન અને ક્રિયા જતાં) તેમનું પ્રાકટ્ય મટી જ જાય છે. 'ઈન્દ્રિયો વિષયોમાં આસક્ત થવાથી જ્ઞાન સ્રવે છે અને ઢોળાઈ જાય છે', એ વાક્ય પ્રમાણે શાસ્ત્રથી ઉત્પન્ન થએલું જ્ઞાન પ્રકટ કહેવાય છે. જ્ઞાનને માટે જ યોગશાસ્ત્રની પ્રવૃત્તિ છે. ૪૧.

**ઊર્ધ્વેન્દ્રિયૈસ્તુ વિક્ષેપો જ્ઞાનસ્યાધો વિનાશનમ્ ।।**
**નિરોધ પુઞ્જભાવેન સ્વકાર્યં સાધયેદ્ ધ્રુવમ્ ।।૧૪।।.।।**

ઊર્ધ્વ[3] ઈન્દ્રિયોથી જ્ઞાન ઢોળાઈ જાય છે અને નીચેથી (જતું રહી) નાશ પામે છે[4]. તેથી નિરોધથી[5] તેનો સંચય[6] કરી પોતાનું કાર્ય જરુર સાધવું. કા.૧૪।।.

પ્રાણ અને ઈન્દ્રિયોનો નિરોધ (સંયમ) કરી (યોગીઓ સ્રવી જતું જ્ઞાન રાખે છે). તેમાં યોગના માર્ગો મજબૂત સેતુઓ (પાળા) છે. 'કેદારભ્યઃ' (ક્યારા માટે) ચોથી વિભક્તિ છે. (મૂલ શ્લોકમાં) 'તુ' શબ્દ છે, તે પાણી સાચવી રાખવા છતાં સિદ્ધિ થતી નથી એમ જણાવે છે. તેથી સાધનદશામાં યોગ નિત્ય છે, (તેનો નિત્ય અભ્યાસ કરવો જોઈએ; તે નિત્ય આચરવો જોઈએ). આસન પ્રાણાયામ વિગેરે (યોગના અંગો) સ્થિર થતાં (સારી રીતે આચરાતાં) જ્ઞાન ઢોળાતું (જતું રહેતું) નથી. યોગ શરદ્માં સિદ્ધ થાય છે તેથી, તથા (મહાભૂત વિગેરેની) શુદ્ધિ કરી તે દ્વારા (યોગનું આચરણ થઈ શકે તેમ કરે છે તેથી,) શરદ્ (આ જ્ઞાન રાખવાના) કારણરૂપ છે. કા. ૧૪।।.

એ પ્રમાણે જલની આધિભૌતિક અને આધ્યાત્મિક[1] શુદ્ધિ[2] કહી, આ શ્લોકમાં તેની આધિદૈવિક પ્રકારથી શુદ્ધિ કહે છેઃ

**શરદર્કાંશુજાંસ્તાપાન્ ભૂતાનામુડુપોહરત્ ।।**
**દેહાભિમાનજં દુઃખં મુકુન્દો વ્રજયોષિતામ્ ।।૪૨।।**

---

૨. પ્રાણ શબ્દનો જ આ બીજો શ્રૌત અર્થ છે. (પ્ર)
૩. ઊર્ધ્વ એટલે યોગશાસ્ત્ર પ્રમાણે નિરોધ નહિ કરેલી. (કા)
૪. છિદ્રવાળા ઘડામાંથી જલ ઢોળાઈ જતું રહે તેવી રીતે નાશ પામે છે. (કા)
૫. નિરોધથી–ઈન્દ્રિયોના સંયમથી (કા)
૬. સંચય–ઢોળાતું અટકાવી ભેગું કરી રાખવું તે. (કા)
૧. ગયા શ્લોકમાં પ્રાણની શુદ્ધિ કહી. 'પ્રાણ જલમય છે' એ શ્રુતિ પ્રમાણે તે જલરૂપ હોવાથી પ્રાણની શુદ્ધિ કહેવાથી જલની આધ્યાત્મિક શુદ્ધિ કહેવાઈ. (પ્ર)
૨. શુદ્ધિ એટલે પોતાનું કાર્ય કરવાની શક્તિ. (પ્ર)

જેમ મુકુંદ વ્રજની સ્ત્રીઓનું દેહના અભિમાનથી થએલું દુઃખ હરે છે તેમ ચંદ્રે શરદ્‌ના સૂર્યનાં કિરણોથી થએલા ભૂતોના તાપોને હર્યા. ૪૨.

શરદ્ સમયનો જે સૂર્ય છે તે ઘણો જ તીવ્ર (તાપ કરનારો) છે, તેનાં કિરણો પણ તેવાં જ તાપ કરનારાં છે, અને તેમનાથી થએલા તાપો (ગરમીઓ) પણ તાવ વિગેરે (રોગો) ઉત્પન્ન કરનાર હોવાથી તીવ્ર છે, તેથી અહિં 'તાપો' એમ બહુવચન યોજેલું છે. ભૂતોના એટલે ઉત્પન્ન થએલ (પ્રાણીઓના) (તાપોને હર્યા), કારણ કે ચંદ્ર જલનો અધિપતિ છે અને જલ પ્રકૃતિવાળો છે; અને પ્રાણીઓ પણ જલાત્મક છે. તેથી તે તેઓના (પ્રાણીઓના) તાપને મટાડે તે યોગ્ય જ છે. (ચંદ્રને માટે મૂલ શ્લોકમાં 'ઉડુપ' શબ્દ યોજેલો છે. 'ઉડુ'=નક્ષત્રો+'પ'=પાલનાર). (ચંદ્ર) ઉડુપ છે તેથી નક્ષત્રો દ્વારા પણ તે તાપને હરે છે એમ કહેલું છે. બંને પ્રકારમાં[3] શરદ્ કારણરૂપ છે. દૃષ્ટાંત પહેલાંની પેઠે આપેલું છે તે કહે છે. જેમ ચંદ્રે આધિભૌતિક તાપ હર્યો તેમ ભગવાને આધ્યાત્મિક તાપ હર્યો. તે (આધ્યાત્મિક) તાપ દેહના અભિમાનરૂપ છે. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ[4] થવાથી તે ધીરે ધીરે હરાયો, (કારણ કે) દેહ વિગેરેનો ભગવાનમાં વિનિયોગ (ભગવાનના કાર્યમાં ઉપયોગ) થવાથી, કોઈ પણ અંશથી (તેમના અભિમાનથી થતો) તાપ રહ્યો નહિ. ભગવાને વ્રજની સ્ત્રીઓનો તાપ હર્યો, કારણ કે તે સમયે[5] તેઓ જ ત્યાં હતી. (ભગવાન્) ચંદ્રની પેઠે (તેમના તાપોનું) નિવારણ કરે છે એમ કહ્યું, તેથી તેઓને દેહનું અભિમાન, સ્ત્રીપણાંનું અભિમાન, અજ્ઞાન, કામ અને કામે કરેલા તાપો રાત્રે જ થાય છે (એવો અભિપ્રાય છે).

'ભગવાન્ વ્રજની સ્ત્રીઓના તાપો હરે તો તેઓના જાતિ વિગેરે ધર્મનો

---

૩. બંને પ્રકારમાં એટલે તાપો કરવામાં અને તે મટાડવામાં. (પ્ર) બંને પ્રકારમાં એટલે પોતે જાતે (ચંદ્રે), અને નક્ષત્રો દ્વારા તાપ હરવામાં. (લે)

૪. ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થતાં પહેલાં, જેઓને ભગવાનમાં પ્રેમ હોય તેઓની રીતને અનુસરતાં અને તે જેમ ભગવાનનું ભજન કરતા હોય તેવી રીતે ભજન કરતાં, ક્રમથી શુદ્ધપુષ્ટિભક્તિમાં પ્રવેશ થાય છે. શુદ્ધપુષ્ટિમાં પ્રેમ પ્રધાન હોવાથી તે ભગવાનમાં પ્રેમવાળો થાય છે, અને તેથી દેહ વિગેરેનો પ્રેમથી ભગવાનમાં વિનિયોગ કરે છે. એ પ્રમાણે દેહ વિગેરેનો ભગવાનમાં વિનિયોગ થવાથી તે ભગવદીય થાય છે અને તેથી તેઓનું અભિમાન હોય તો પણ તેમને તાપ થતો નથી. તેથી પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થવાથી તાપ હરાયો એમ કહેલું છે. (યો)

૫. 'પ્રાણીઓનો તાપ ચંદ્રે હર્યો' એમ કહી, 'મુકુંદે વ્રજની સ્ત્રીઓનો તાપ હર્યો' એમ કહેલું છે. તેથી ચંદ્રે અને ભગવાને એક જ સમયે પ્રાણીઓના અને વ્રજની સ્ત્રીઓના તાપો હર્યા એમ થયું. આમ હોવાથી તે સમયે એટલે ચંદ્રનો ઉદય થતી વખતે સંધ્યા સમયે વ્રજની સ્ત્રીઓ જ ભગવાનના દર્શન માટે આવેલી તે તેમની નજીક હતી, તેથી ભગવાને તેઓના તાપ હર્યા એમ કહેલું છે. (યો)

નાશ થાય, છતાં ભગવાને કેમ તેઓના તાપો હર્યા ?' એવી શંકા થાય તેથી કહે છે કે ભગવાન્ 'મુકુંદ'-મોક્ષ આપનાર છે. જ્યારે ભગવાન્ મોક્ષનું દાન કરે ત્યારે પહેલાંની (બંધવાળી) અવસ્થાનો ત્યાગ કરવો જ જોઈએ. તેથી તેઓના ધર્મોનો ત્યાગ થાય, એ ત્યાગ તો યોગ્ય જ છે (થવો જ જોઈએ). તેમ ન થાય[6] તો શરદ્માં તેઓ મરણ જ પામે અને ભગવાન ત્યાં વિરાજતા હોવા છતાં તેઓને મોક્ષની પ્રાપ્તિ ન થાય. ભગવાને સર્વભાવથી (સંપૂર્ણ રીતે) તેઓનું ગ્રહણ કરેલું છે, તેથી તેઓના બધા તાપો જતા રહ્યા. (તાપ હરવાનું) દેખાડનાર તરીકે (આ લીલામાં) શરદ્નો ઉપયોગ છે. ક્યારાનું દષ્ટાંત (ગયા શ્લોકમાં આપ્યું), તેથી જ વાયુની શુદ્ધિ પણ કહેવાઈ. અહિં આ (શ્લોકમાં) સૂર્ય અને ચંદ્રનું નિરૂપણ કર્યું, તેથી જ તેજની પણ શુદ્ધિ કહેવાઈ. ૪૨.

હવે આકાશની શુદ્ધિપૂર્વક (પહેલાં શુદ્ધિ અને પછી) તેનો ગુણ કહે છે:

**ખમશોભત નિર્મેઘં શરદ્વિમલતારકમ્ ।।**
**સત્ત્વયુક્તં યથા ચિત્તં શબ્દબ્રહ્માર્થદર્શનમ્ ।।૪૩।।**

જેમ સત્ત્વવાળું શબ્દબ્રહ્મ(વેદ)ના અર્થને જાણનારું ચિત્ત શોભે છે તેમ મેઘો વગરનું અને શરદ્ને લીધે વિમલ તારાઓવાળું આકાશ શોભ્યું. ૪૩.

મેઘો વગરનું આકાશ શોભ્યું, જેની અંદર શરદ્ને લીધે વિમલ તારાઓ હતા.

**માસાષ્ટકં તથાકાશે તમસ્તાપૈઃ કૃતં રજઃ ।।૧૫।।**
**મેઘૈરપોહ્યતે સમ્યગતઃ શરદિ નિર્મલાઃ ।।**
**સર્વં નભો દિશશ્ચૈવ તારકાશ્ચન્દ્ર એવ ચ ।।૧૬।।**

આઠ મહિનાઓ[1] સુધી આકાશમાં તાપે[2] કરેલું રજરૂપી તમઃ વાદળાંઓ (વર્ષાઋતુમાં) સારી રીતે દૂર કરે છે. તેથી શરદઋતુમાં આખું આકાશ, દિશાઓ[3], તારાઓ અને ચંદ્ર[4] પણ નિર્મલ હોય છે. કા.૧૫-૧૬.

'શરદ્ને લીધે વિમલ તારાઓવાળું' શબ્દથી આ કહે છે-વાદળાંઓ ન હોવાં, એ દોષોનો અભાવ આધિભૌતિક છે; વિમલપણું (એ દોષોનો અભાવ) આધ્યાત્મિક છે; અને તારાઓ ગુણો છે, આ શરદ્ આધિદૈવિક[5] છે; એમ

૬. 'તેમ ન થાય તો' એટલે (તેઓના પોતાના ધર્મનો ત્યાગ ન કરતાં) પોતાની પહેલાંની સ્થિતિમાં જ રહે તો. (લે)

૧. ચોમાસાના ચાર માસ સિવાયના આઠ મહિનાઓ સુધી. (કા)

૨. જલનું શોષણ કરવાના પ્રકારે સૂર્યના તાપે. (કા)

૩. કારિકામાં નભઃ (આકાશ) શબ્દ છે, આકાશમાં દિશાઓનો પણ સમાસ થાય છે. (કા)

૪. આ પછીના (ચુમાલીસમા) શ્લોકમાં ચંદ્રનું વર્ણન કરવામાં આવશે. (કા)

૫. ચોત્રીસમા શ્લોકનાં શ્રીસુબોધિનીમાં આધિદૈવિક શરદ્ કહેલી છે, તેના જેવા ગુણ અહિં

જણાવવા ઉત્તરાર્ધમાં દૃષ્ટાંત કહે છે, કે સત્ત્વગુણવાળું ચિત્ત, જેની અંદર શબ્દબ્રહ્મ એટલે વેદનું દર્શન (અર્થજ્ઞાન) થાય છે તેવું શોભ્યું. રજ; અને તમઃ, એ ચિત્તના દોષો છે, અને ચિત્તને સત્ત્વનો સંબંધ થાય ત્યારે એ દોષો જતા રહે છે. સર્વ પદાર્થોનું તત્ત્વથી જ્ઞાન થાય, એ ચિત્તનો ગુણ છે. એ પદાર્થોનું જ્ઞાન માત્ર વેદથી જ થઈ શકે છે, અને શુદ્ધ અંતઃકરણમાં વેદની ભાવના કરવાથી પદાર્થો સ્ફુરે છે; શુદ્ધિ કરનાર તરીકે શરદ્નો ઉપયોગ છે. મેઘોના અભાવને સ્થાને સત્ત્વ છે. (આકાશમાં મેઘોનો અભાવ જેવો છે તેવું ચિત્તમાં સત્ત્વ છે, સત્ત્વ થતાં રજઃ અને તમઃ જતાં રહે છે એમ ઉપર કહ્યું; તેથી સત્ત્વ એટલે રજઃ અને તમઃનો અભાવ થયો). (આકાશના) વિમલપણાને સ્થાને શબ્દબ્રહ્મ (વેદ) છે, અને તેના (વેદના) અર્થનું જ્ઞાન (આકાશના) તારાઓને સ્થાને છે. એનાથી દૂર કરવાના દોષોનું (વાદળાં અને રજઃ તથા તમઃ) તથા શુદ્ધ બહારના[૬] આકાશ(મહાભૂત)નું અને (શુદ્ધ) અંદરના[૬] આકાશ(હૃદય અથવા ચિત્ત)નું નિરૂપણ કર્યું. ૪૩.

ત્યાં હૃદયમાં (ગયા શ્લોકમાં વર્ણવેલા સત્ત્વવાળા ચિત્તમાં) ભગવાન્ શોભે છે, એમ કહેવા આ શ્લોકમાં પહેલાં[૧] આકાશમાં ચંદ્રની શોભા કહે છે, કારણ કે અનુક્રમ પ્રમાણે મહાભૂતો પછી મન[૨] આવે છેઃ

**અખણ્ડમણ્ડલો વ્યોમ્નિ રરાજોડુગણૈઃ શશી ।।**
**યથા યદુપતિઃ કૃષ્ણો વૃષ્ણિચક્રાવૃતો ભુવિ ।।૪૪।।**

જેમ ભૂતલ પર વૃષ્ણિચક્રથી વીંટાએલા યદુપતિ શ્રીકૃષ્ણ શોભે છે તેમ આકાશમાં અખંડ (આખા) મંડલવાળો ચંદ્ર તારાના સમૂહોથી શોભ્યો. ૪૪.

જેનું મંડલ (બિંબ) અખંડ (આખું) છે તેવો પૂર્ણિમાનો ચંદ્ર અથવા ભગવદીય ચંદ્ર તારાઓના સમૂહો સાથે શોભ્યો. ભગવદીય ચંદ્રની વ્યાવૃત્તિ માટે (ભગવદીય ચંદ્ર ન ગણાય તે માટે, તેને વર્ણન લાગુ ન પડે તે માટે) શશીનું[૩] નિરૂપણ કરેલું છે. તે (ભગવદીય ચંદ્ર) પણ ચંદ્ર છે, અને ગોપીઓ વિગેરે તેને ચંદ્ર જ જુએ છે[૪], અથવા ભવિષ્યમાં જેમ હૃદયમાં (ભગવાન્) પ્રકટ થાય તેમ તેનું

પણ છે. વળી આધિદૈવિકની પેઠે આ દોષો દૂર કરનારી છે, તેથી આધિદૈવિક કહી છે. (લે)

૬-૬. દૃષ્ટાંતમાં અંદરનું આકાશ કહેલું છે અને દાર્ષ્ટાંતિક(જેને માટે દૃષ્ટાંત કહેલું છે તે)માં બહારનું આકાશ (મહાભૂત) કહેલું છે. (લે)

૧. પહેલાં એટલે પૂર્વાર્ધમાં. (લે) આરંભમાં.

૨. ચંદ્ર મનનો અધિષ્ઠાતા છે તેથી મનના અધિષ્ઠાતા ચંદ્રનું નિરૂપણ કરેલું છે. (લે) મહાભૂતો પછી અનુક્રમમાં મન આવે છે તે માટે જુઓ ભગવદ્ગીતા. ૭।૪.

૩. શશી એટલે લાંછનવાળો ચંદ્ર. ભગવદીય ચંદ્ર તેવા લાંછનવાળો ન હોય.

૪. ભગવદીય ચંદ્રના નક્ષત્રોરૂપ સ્વામિનીઓનાં મનો છે, સ્વામિનીઓ ભગવદીય ચંદ્રનાં દર્શન

પ્રાકટ્ય થવાનું છે. યદુઓની સાથે યદુઓના પતિ શ્રીકૃષ્ણ ભૂતલ પર અખંડમંડલવાળા શોભે છે. જો કે યદુપતિ સર્વે સ્થલોમાં શોભે છે, કારણ કે બીજા અવતારોમાં પણ શ્રીકૃષ્ણ જ શોભે છે, તો પણ વૃષ્ણિઓના ચક્રથી વીંટાએલા અને અવતાર ધારણ કરેલા સાક્ષાત્ ભગવાન્ અહિં જ શોભે છે. ૪૪.

શરદના બીજા માસે કરેલું કૃત્ય શ્લોક ૪૫માં કહે છેઃ

**આશ્લિષ્ય સમશીતોષ્ણં પ્રસૂનવનમારુતમ્ ।।**
**જનાસ્તાપં જહુર્ગોપ્યો ન કૃષ્ણહૃતચેતસઃ ।।૪૫।।**

જેમાં ઠંડી અને ગરમી સરખાં છે તેવાં ફૂલનાં (સંબંધવાળા) વનના પવનનો આશ્લેષ કરીને માણસોએ તાપ તજ્યો; (પણ) શ્રીકૃષ્ણે હરેલાં ચિત્તવાળી ગોપીઓએ ન તજ્યો. ૪૫.

જેમાં ઠંડી અને ગરમી સરખાં છે તેવા, જેમાં ફૂલોવાળા વનમાં પવન છે તેવા, ઠંડા અને ગરમ ભાવનો આશ્રય કરી (માણસોએ) તાપ તજ્યો; અથવા (તેઓએ) વનના પવનનો (આશ્રય કરી તાપ તજ્યો). (ઠંડી અને ગરમીનું) સરખાપણું હોવાથી પવનમાં માંદ્ય (મંદતા) છે. વળી ફૂલોનો સંબંધ હોવાથી તેમાં સુગંધ છે, એવા સર્વ ગુણવાળા વાયુનો આશ્લેષ કરીને માણસોએ તાપ તજ્યો. આ સહજ (કુદરતી) નહિ હોવાથી, અહિં દૃષ્ટાંત આપેલું નથી; પરંતુ 'ગોપીઓએ ન તજ્યો' એમ કહી તેની (પવનની) હલકાઈ કહેલી છે. ગોપીઓએ તાપ ન તજ્યો તેનું કારણ એ છે કે તેઓ 'શ્રીકૃષ્ણે હરેલાં ચિત્તવાળી' હતી. શ્રીકૃષ્ણે જ જેઓનું ચિત્ત હરેલું છે તેવી તેઓ હતી. સુખ ચિત્તને થાય અને તેઓનું ચિત્ત શ્રીકૃષ્ણના સંબંધવાળા દેહમાં (શ્રીકૃષ્ણમાં) રહેલું છે. તેમણે (એ પવનનો) આશ્લેષ પણ ન કર્યો. અહિં (આશ્લેષનો) સામાન્ય રીતે નિષેધ કહેલો હોવાથી (ન કર્યો એમ કહેલું હોવાથી) તેઓએ શ્રીકૃષ્ણનો પણ આશ્લેષ[1] કર્યો નહિ એમ આથી જ કહેવાયું. 'હરણ[2]' (ચિત્તનું હરણ કર્યું તે) શબ્દથી પણ

કરે એટલે તે તેમનાં મનવાળો થાય છે અને તેથી શોભે છે એવો અર્થ છે. તેથી મૂલ શ્લોકમાં 'અખંડ મંડલ' પદથી ભગવદીય ચંદ્ર કહેલો છે અને 'શશી' પદથી લૌકિક ચંદ્ર કહેલો છે. (ટિ)

૫. મૂલમાં 'આકાશમાં' 'વ્યોમ્નિ' પદ છે, તેનો અર્થ દૃષ્ટાંતમાં 'હૃદયરૂપી આકાશમાં' લેવાનો છે અને 'તારાઓના સમૂહોથી' તેને માટે દૃષ્ટાંતમાં 'યદુઓથી' છે. (લે)

૧. બેતાલીસમા શ્લોકમાં ગોપીઓના તાપની નિવૃત્તિ કહી છે અને અહિં તેમણે તાપ તજ્યો નહિ એમ કહેલું છે; તેનું કારણ એ છે કે ભગવાનનો આશ્લેષ કરવો એ દેહનું પ્રયોજન છે. શરદ્‌ના પહેલા માસમાં તેવો સંબંધ થયો હોય તેથી તાપ જાય, છતાં બીજા માસમાં તાપ રહે એ સંભવે છે. (પ્ર) પહેલાં ભક્તોએ (ગોપીઓએ) કરેલો આશ્લેષ કહેલો, અહિં શ્રીકૃષ્ણે કરેલા આશ્લેષની વાત કરે છે. (લે)

૨. જો ભગવાનનો આશ્લેષ થાય તો ચિત્ત પોતાના સ્થાનમાં જ રહે, એટલે તેનું હરણ થયું ન

(તેઓએ શ્રીકૃષ્ણનો આશ્લેષ કર્યો નહિ એમ કહેવાયું). તેથી આ આધ્યાત્મિકી શરદ્ (તેઓને) સુખ આપનારી થઈ નહિ. આધિદૈવિકી શરદ્ તો હવે પછી (શ્રીશુક) કહેશે. ૪૫.

આધ્યાત્મિક શરદનો પ્રસંગને લીધે બીજો ઉપયોગ પણ કહે છેઃ

**ગાવો મૃગાઃ ખગા નાર્યઃ પુષ્પિણ્યઃ શરદાભવન્ ।।**
**અન્વીયમાનાઃ સ્વવૃષૈઃ ફલૈરીશક્રિયા ઈવ ।।૪૬।।**

ગાયો, મૃગલીઓ, પક્ષિણીઓ અને સ્ત્રીઓ શરદ્‌થી પુષ્પવાળી અને પોતાના પતિઓથી અનુસરાતી, જેમ ઈશ્વર સંબંધી ક્રિયાઓથી ફલ પ્રાપ્ત થાય તેમ ફલ પ્રાપ્ત કરવા લાગી. ૪૬.

આ કાલમાં વરસાદથી બીજ ફૂટી નીકળે છે, તેથી આ ગર્ભનું આધાન કરવાનો સમય છે. ગાયો, મૃગલીઓ અને પક્ષિણીઓ, એમ તામસ વિગેરે ભેદો કહ્યા. તે (બધાંની) સ્ત્રીઓ જ, અને નારીઓ એટલે સ્ત્રીઓ પણ શરદ્‌ને લીધે પુષ્પવાળી થઈ; અથવા સ્પષ્ટ અર્થ જણાય તે માટે તેઓ જ (ગાયો, મૃગલીઓ અને પક્ષિણીઓ જ એટલે તેઓની નારીઓ જ) શરદ્‌ને લીધે[1] પુષ્પવાળી થઈ, શરદે તેઓની અંદર પ્રવેશ કરી તેઓના રજનો વિકાસ કર્યો, એટલે તેઓનો ઋતુકાલ થયો એવો અર્થ છે. નિમિત્તથી થતી રજ સ્ત્રીઓમાં જ[2] (ઋતુ) દર્શાવનારી હોય છે. તેઓ પોતાના પતિઓથી અને ફલોથી પણ અનુસરાયાં, એમ (વાક્યની) યોજના કરવાની છે. ફલ નિશ્ચય (પ્રાપ્ત) થાય છે એમ જણાવવા, 'જેમ ઈશ્વર સંબંધી ક્રિયાઓ' વિગેરે, એવું દૃષ્ટાંત કહે છે. ઈશ્વરના સંયોગથી ફલ પણ પ્રાપ્ત કરે છે; ઈશ પતિને ઠેકાણે છે. તેઓ પણ ફલ પ્રાપ્ત કરે છે, તે ફલ ઈચ્છેલું હોય છે, અથવા કુદરતી હોય છે; પણ દૃષ્ટાંત તો ઈચ્છેલું ફલ પ્રાપ્ત કરવા માટે જ છે (દૃષ્ટાંતમાં કહેલી ઈશ્વર સંબંધી ક્રિયાઓ ઈચ્છેલું ફલ આપનારી જ હોય છે). શરદ્‌ને ભગવાનનો સંબંધ હોવાથી તેનામાં આ ગુણો છે. ૪૬.

જંગમોનું નિરૂપણ કરી, હવે સ્થાવરોનું નિરૂપણ શ્લોક ૪૭માં કરે છેઃ

---

કહેવાય. (લે) અહિં હરણ થએલું કહ્યું છે, તેથી ચિત્ત પોતાના સ્થાનમાં નહિ હોવાથી ભગવાનનો આશ્લેષ થયો નથી, એમ સિદ્ધ થાય છે.

૧. પિત્ત વિગેરેનો વધારો વિગેરે નિમિત્તોથી ઋતુકાલને દર્શાવનાર રજોદર્શન તો માત્ર સ્ત્રીઓને જ થાય છે (ગાયો વિગેરેને થતું નથી) અને શરદ્‌નો નિયમ નથી (આ સ્ત્રીઓને શરદ્‌માં જ થાય એવો નિયમ નથી). (લે) તેથી સ્પષ્ટાર્થ થાય તે માટે ગાયો વિગેરે જ શરદ્‌ને લીધે પુષ્પવાળી થઈ એમ કહેલું છે. ગો, મૃગો અને પક્ષીઓની નારીઓ જ પુષ્પવાળી થઈ એવો ભાવ થયો.

૨. ગાયો વિગેરે પુષ્પવાળાં છે, એમ દર્શાવનાર કાંઈ ચિહ્ન સ્ત્રીઓમાં હોય છે તેવું હોતું નથી, છતાં તેઓના પતિ (નરો) તેમની પાછળ જતા હોય છે તે જ એમ દર્શાવે છે. (પ્ર)

**ઉદહૃષ્યન્ વારિજાનિ સૂર્યોત્થાને કુમુદ્ વિના ।।**
**રાજ્ઞા તુ નિર્ભયા લોકા યથા દસ્યૂન્ વિના નૃપ ।।૪૭।।**

હે નૃપ ! જેમ ચોર સિવાયના લોકો રાજાથી નિર્ભય થાય છે તેમ સૂર્ય ઉગતાં કુમુદ વિનાનાં કમલો ખીલ્યાં. ૪૭.

સૂર્ય ઉગતાં કમલો ખીલ્યાં. કુમુત્ એટલે કુમુદ્ (રાત્રે ખીલતું કમલ) 'વિના'[1] એટલે કાલથી, ચંદ્રરૂપ કાલથી ખીલ્યું; અથવા કુમુદ્ વિના બીજાં કમલો ખીલ્યાં. અહિં 'કુમુદ્' શબ્દમાં બીજી વિભક્તિના પ્રત્યયનો લોપ થયો છે, (તેથી 'કુમુદં વિના' ને બદલે 'કુમુદ્ વિના' છે). આથી એમ કહેલું છે કે સાત્ત્વિકો સાત્ત્વિકના અધિપતિ તરફ જાય છે (ખેંચાય છે), પરંતુ બીજાઓ તેના તરફ જતા નથી (ખેંચાતા નથી)[2]. સાત્ત્વિક સર્વને સુખ આપનાર હોય છે, છતાં તેનાથી સાત્ત્વિક સિવાયનાને સુખ થતું નથી; કારણ કે તેઓનો આનંદ ('મુદ્') ખરાબ ('કુત્સિતા') છે. ('કુ+મુદ્=કુમુદ્'). આવું માત્ર ભૌતિકમાં જ નથી, એમ જણાવવા દૃષ્ટાંત કહે છે. રાજાથી બધાય લોકો નિર્ભય થાય છે, પરંતુ ચોરો નિર્ભય થતા નથી. તેઓ (ચોરો) કુમુદ્ (દુષ્ટમાં આનંદવાળા) છે. રાજા પરીક્ષિતની આ વિષયમાં સંમતિ લેવા 'હે નૃપ !' એમ સંબોધન કરેલું છે. અહિં 'લોકો' શબ્દનો અર્થ ભુવનો થાય છે. (રાજાથી સર્વ ભુવનો પણ નિર્ભય થાય છે. આથી શરદ્માં ચોરીઓ થતી નથી એમ સૂચવેલું છે; કારણ કે ચોરીઓ થતી હોય તો ભુવનો નિર્ભય ન કહેવાય). ૪૭.

એ પ્રમાણે લૌકિક સર્વ (ગુણો) કહી શ્લોક ૪૮માં વૈદિક ગુણ કહે છેઃ

**પુરગ્રામેષ્વાગ્રયણૈરૈન્દ્રિયૈશ્ચ મહોત્સવૈઃ ।।**
**બભૌ ભૂઃ પક્વસસ્યાઢ્યા કલાભ્યાં નિતરાં હરેઃ ।।૪૮।।**

પાકેલાં અનાજથી ભરપૂર ભૂમિ શહેરો અને ગામોમાં (ઉજવાતા) વૈદિક અને સ્માર્ત ઉત્સવોથી અને સારી રીતે હરિની બે કલાથી શોભી. ૪૮.

શહેરો સાત્ત્વિક હોય છે; ગામો રાજસ હોય છે. આગ્રયણ એટલે વૈદિક અને ઐન્દ્રિય એટલે ઇન્દ્રના સંબંધવાળા સ્માર્ત. મહોત્સવ એટલે લૌકિક ઉત્સવ. મૂલમાં 'ચ' 'અને' છે તેથી કુલધર્મો કહેલા છે. 'શહેરો અને ગામોમાં' એમ બહુવચન યોજેલું છે, તેથી ત્રણે પ્રકારનાં (શહેરો અને ગામો)નો સમાવેશ કરેલો છે. આ સર્વથી ભૂમિ શોધવા મંડી. 'પાકેલાં અનાજથી ભરપૂર' એ શબ્દથી તેની આધિભૌતિક શોભા કહેલી છે. (તે) પાકેલાં અનાજથી ભરપૂર છે. 'બે કલાથી' શબ્દથી તેની આધિદૈવિક શોભા કહેલી છે. રામ અને કૃષ્ણ એટલે સંકર્ષણ અને

---

૧. વિ એટલે કાલ. તેનું ત્રીજીનું એકવચન 'વિના' એટલે કાલથી. (લે)

૨. કુમુદ્ જલમાં ઉત્પન્ન થતું હોવા છતાં, સૂર્યનો ઉદય થતાં તેને હર્ષ થયો નહિ. (લે)

શ્રીકૃષ્ણ[1], એ બેથી તે શોભવા લાગી, કારણ કે તેનો ભાર ઉતારવા તે બે જ પધારેલા છે. વધારે (શોભા) 'સારી રીતે હરિના (સંબંધથી)' એ શબ્દોથી કહે છે. હરિના સંબંધવાળી ભૂમિ, તેમનાં પગલાંઓથી, તેમના પ્રભાવોથી અને તેમની લીલાઓથી સારી રીતે શોભી.

આ વાક્ય ભૂમિના સંબંધમાં કહેલું હોવાથી, 'હરિ' શબ્દથી ભૂમિના જ દુઃખ હરનાર કહેલા છે, અને તે (ભૂમિનું દુઃખ હરનાર) પુરુષોત્તમ જ છે. ભૂમિનો ભાર સંકર્ષણે પણ (દૈત્યોનો વધ કરીને) હરેલો છે, તેથી તે પણ તેનું દુઃખ હરનાર છે. તેમની[2] કલારૂપ બે કેશો[3] છે, (તે બે કલાથી ભૂમિ શોભી). અથવા ભૂમિના દુઃખ હરનારના બે કેશો(સિતકેશ અને કૃષ્ણકેશ)થી (ભૂમિ શોભી). 'નિતરામ્' (સારી રીતે શોભી), એટલે અંતઃકરણનો સંતોષ થવાથી (શોભી); અથવા ચિત્ અને આનંદ[4] (એ બે કલાઓથી) શોભી. સત્ (કલા) તો હતી જ[5].૪૮.

ઉપસંહાર કરવા માટે શરદ્ સર્વ પ્રાપ્ત કરાવનારી છે, એમ કહે છેઃ

**વણિઙ્મુનિનૃપસ્નાતા નિર્ગમ્યાર્થાન્ પ્રપેદિરે ।।**
**વર્ષરુદ્ધા યથા સિદ્ધાઃ સ્વપિણ્ડાન્ કાલ આગતે ।।૪૯।।**

---

૧. શ્રીકૃષ્ણને કલામાં ગણવાથી, 'શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન્ છે' વિગેરે વાક્યોનો બાધ થાય છે, તેથી જ શ્રીમદાચાર્યચરણે નીચે કલાના અર્થો 'કેશો' તથા ચિત્ અને આનંદ કરેલા છે.

વિશ્વનાથ ચક્રવર્તી તેમને સારાર્થદર્શિની ટીકામાં આ શ્લોકમાં 'કલાભ્યામ્' શબ્દ છે, તેનો 'કલા આભ્યામ્' એવો અર્થ કરે છે. એટલે ભૂમિ આ બે શ્રીકૃષ્ણ અને બલભદ્રથી (તેમના સંબંધથી) તેમની કલા થઈ. આ અર્થને યોજનામાં વધાવી લીધો છે. શ્રીમદ્ભાગવત ૧૦।૩૭।૫૫માં અક્રૂર ભગવાનની સ્તુતિ કરે છે ત્યાં ઇલા(પૃથ્વી)ને ભગવાનની શક્તિ કહેલી છે, તેથી ભૂમિ ભગવાનની કલા છે તેથી આ અર્થ બરાબર છે એમ યોજનાકાર કહે છે, પરંતુ શ્રીસુબોધિનીમાં એવો અર્થ લીધેલો નથી.

૨. તેમની એટલે ભૂમિનો ભાર હરણ કરનાર સંકર્ષણની કલારૂપ. (લે)

૩. કેશો કેવી રીતે કલારૂપ છે એ સંબંધમાં કોઈ ટીકાકારે કાંઈ લખેલ નથી. શ્રીમદ્ભાગવતમાં ૨।૭।૨૬માં સિતકૃષ્ણકેશવાળા ભગવાને ભૂમિનો ભાર હરવા કલાથી અવતાર લીધો એમ કહેલું છે. તે અહિં શ્રીસુબોધિનીમાં 'હરિ' શબ્દનો 'ભૂમિનો જ ભાર હરનાર' અર્થ કરે છે તેને બરાબર મળતું આવે છે. તેથી અહિં બે કેશો કહેલા છે તે ત્યાં સિતકૃષ્ણકેશ કહેલ છે તે જ અયશ્ય હોવા જોઈએ, તેથી આ સંબંધમાં એ શ્લોક પરનાં શ્રીસુબોધિની જીજ્ઞાસુઓએ જોવાં.

૪. સત્ ચિત્ અને આનંદ એ ત્રણ કલાઓ પૈકી બે કલાઓનું હમણાં પ્રાકટ્ય થએલું છે. સત્ કલા તો સર્વદા હયાતી ધરાવનાર હોવાથી સિદ્ધ જ છે (હતી જ); કારણ કે સદંશ સદા સ્ફુટ હોય છે, ચિત્ અને આનંદ અંશોનો જ તિરોભાવ થાય છે. તે બે પણ હમણાં લીલા કરવામાં તત્પર શ્રીકૃષ્ણ અને બલભદ્રના ચરણાવિંદોના સંબંધથી ભૂમિમાં પ્રકટ થાય છે, તેથી તે શોભે છે. (યો)

૫. પાકેલાં અનાજથી ભૂમિ ભરપૂર હોવાથી સત્ કલા તેનામાં છે જ. (લે)

જેમ વર્ષો સુધી સંયમ પાળનારા સિદ્ધો સમય આવતાં પોતાના દેહો પ્રાપ્ત કરે છે તેમ વણિક્ મુનિ નૃપ અને સ્નાતકોએ બહાર નીકળી અર્થ પ્રાપ્ત કર્યા. ૪૯.

વણિક્, મુનિ અને નૃપ, એ (અનુક્રમે) વૈશ્ય, બ્રાહ્મણો અને ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ છે, તેઓ (ઘરમાંથી) નીકળીને (પોતપોતાના) ધંધાના નિર્ણયે પહોંચ્યા (ધંધો કરવા મંડ્યા). 'અર્થ પ્રાપ્ત કર્યા' એ શબ્દોથી તેમ કહેલું છે; કારણ કે 'અર્થ' શબ્દનો અર્થ લોકમાં પ્રસિદ્ધ હોય તે (વણિક્ સંબંધમાં; 'ધન') કરવો જોઈએ; પછી (મુનિ સંબંધમાં) વૈદિક અર્થ (ધર્મ) કરવો જોઈએ અને પછી (નૃપના સંબંધમાં) સ્માર્ત અર્થ (કામ) કરવો જોઈએ. અર્થમાં (ધનમાં) તમો ગુણ પ્રધાન છે, પછી (ધર્મમાં) સત્ત્વગુણ પ્રધાન અને પછી (કામમાં) રજોગુણ પ્રધાન છે. આથી (ઘરમાં) રહેલાઓને (પોતાના અર્થની) સિદ્ધિ થતી નથી એમ કહેલું છે. જેના ઉપર ઉપકાર કરવાનો છે, (જેનું કાર્ય કરવાનું છે,) તેવા (નૃપના) ઉપર લૌકિક ઉપકાર કરનાર અને વૈદિક ઉપકાર કરનાર તેની (નૃપની) પહેલાં (અનુક્રમે વણિક્ અને મુનિ) કહેલા છે. સ્નાત એટલે સ્નાતકો, તેઓ તીર્થમાં વસનારા હોય છે. તેઓએ પોતે ઈચ્છેલા ધર્મ, અર્થ અને કામ (ત્રણ પુરુષાર્થો) પ્રાપ્ત કર્યા. તે દરેક (સ્નાતકે) પોતે ઈચ્છેલો ધર્મ, અર્થ અથવા કામ (પુરુષાર્થ) પ્રાપ્ત કર્યો, અથવા દરેકે પોતે ઈચ્છેલા બધા ધર્મ, અર્થ અને કામ પ્રાપ્ત કર્યા; અહિં પણ પહેલાંની પેઠે ઉત્તરાર્ધથી દૃષ્ટાંત કહે છે. ઘણા જ વર્ષો સુધી રુદ્ધ એટલે સંયમ રાખેલા સિદ્ધોએ પાછળથી ફલ પ્રાપ્ત કર્યું, ત્યારે સમય આવતાં પોતાના પહેલાં હતા તેજ દેહો પ્રાપ્ત કર્યા. યોગ વિગેરેથી ઘણા સમય સુધી પોતાનો નિરોધ કરી (સંયમ રાખી) પછી સિદ્ધો થઈ, તેના (નિરોધના) ફલનો અનુભવ કરી, ફરી જ્યારે કાલ અથવા પ્રલય[1] થાય છે ત્યારે તેઓ મોક્ષ પ્રાપ્ત કરવા પ્રયાસ કરતા હોવાથી ફરી તેના તે જ દેવના દેહો અથવા પોતાના ફલરૂપ દેહોનું ગ્રહણ કરે છે. અહિં 'કાલ (સમય)' એટલે ફલનો કાલ કહેલો છે. પહેલાંનો કાલ તે સાધક (સાધન દશાનો કાલ) હતો, અને આ કાલ ફલરૂપ છે, એમ આધિભૌતિક અને આધ્યાત્મિક ભેદથી (કાલનું) નિરૂપણ કરેલું છે, કારણ કે (ભગવાન્) કાલના પ્રધાનપણા માટે[2] (પ્રધાનપણાનું સ્થાપન કરવા માટે) પધારેલા છે. એવી રીતે

૧. દૈનંદિન પ્રલય જે બ્રહ્માના દરેક દિવસને અંતે થાય છે. (લે)

૨. દરેક વસ્તુનો સ્વભાવ તેમાં રાખીને ક્રીડા કરવી, તેવી લીલા રસશાસ્ત્રમાં સિદ્ધ છે. ભગવાન્ રસ માટે લીલા કરે છે, તેથી કાલના પ્રધાનપણાનું તેમાં સ્થાપન કરવા અહિં પધારેલા છે. તેથી લીલાના રસનું ઉદ્દીપન કરનાર (વધારનાર) તરીકે કાલનું વર્ણન કરવામાં આવ્યું છે એવો અર્થ છે. (લે)

(ભગવાનની) લીલાસહિત[3] શરદ્‌નું વર્ણન કર્યું. ૪૯.

**ઈતિ શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની શ્રીસુબોધિનીના દશમસ્કંધના વિવરણમાં**
**સત્તરમા અધ્યાયનું[4] વિવરણ સમાપ્ત.**

---

૩. બેતાલીસમા શ્લોકમાં ભગવાને વ્રજસ્ત્રીઓનો તાપ હર્યાનું જણાવી ભગવાનની લીલા કહેલી છે, તેવી રીતે (બીજે) ભગવાનની લીલા પણ સૂચવેલી છે. (લે)

૪. આઠમા વિગેરે શ્લોકોમાં દૃષ્ટાંતમાં કલિની વ્યવસ્થા કહેલી છે, તેથી ભગવાનના ભક્તોને તથા વૈદિક ધર્મવાળા સત્પુરુષોને વૈરાગ્ય થાય એ સ્પષ્ટ છે. વળી ૪૫મા શ્લોકમાં સ્વામિનીઓને 'તાપ રહ્યો' એમ કહેલું છે. વિગેરે સ્થલે વૈરાગ્ય સ્પષ્ટ છે, તેથી આ વૈરાગ્ય અધ્યાય છે. (પ્ર)

# શ્રીવેણુગીત

## અધ્યાય ૧૮

શ્રીવલ્લભચાર્યજીના સિદ્ધાંત પ્રમાણે શ્રીપુરુષોત્તમ નામ અને રૂપ એમ બંને પ્રકારે નિત્ય ક્રીડા કર્યા જ કરે છે. એ શ્રીપુરુષોત્તમનું સૂક્ષ્મ બીજરૂપ નામસ્વરૂપ તે ગાયત્રી કહેવાય છે. તે બીજરૂપ ગાયત્રીમાંથી કલ્પવૃક્ષરૂપ નામસ્વરૂપ પ્રકટ થયું તે વેદ કહેવાય છે, અને એ કલ્પવૃક્ષ વેદનું ફલ રસરૂપ નામસ્વરૂપ તે શ્રીમદ્‌ભાગવત છે. બીજ અને વૃક્ષ કરતાં રસરૂપ ફલ વધારે ઉત્તમ છે, વધારે સ્વાદદાયક છે, એમ સર્વનો અનુભવ છે. આ દષ્ટિથી જોતાં બીજરૂપ ગાયત્રી કરતાં અને કલ્પવૃક્ષ વેદ કરતાં પણ તેનું રસરૂપ ફલ શ્રીમદ્‌ભાગવત વધારે સુંદર અને રસદાયક હોય એ સ્વાભાવિક જ છે, અને આ પ્રમાણે ગાયત્રી જેનું મૂલ છે, એવા કલ્પવૃક્ષરૂપ વેદના અર્થરૂપ-ફલરૂપ શ્રીમદ્‌ભાગવતશાસ્ત્ર કે જે બ્રહ્માનંદ કરતાં પણ અધિક ભગવદ્‌રસનું સૌ સૌના અધિકાર પ્રમાણે ક્ષણે ક્ષણે પાન કરાવે છે, તે જ જીવનનું મુખ્ય ફલ છે, એમ સ્વાભાવિક જ્ઞાન થાય છે.

શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ ગાયત્રીભાષ્ય પ્રકટ કરીને ગાયત્રીનો ખરો અર્થ શું છે તે સારી રીતે સમજાવ્યો છે, અને તત્ત્વાર્થદીપનિબંધના શાસ્ત્રાર્થપ્રકરણમાં ગીતાશાસ્ત્રનો અર્થ બહુ ટૂંકમાં સારી રીતે સમજાવ્યો છે, અને કૃપા કરી તેના પર પ્રકાશ નામની ટીકા પણ પોતે જ લખી છે. વળી વ્યાસસૂત્ર ઉપર શ્રીઅણુભાષ્ય કરી સૂત્રનો અર્થ બહુ સારી રીતે સ્પષ્ટ કર્યો છે, અને આ પ્રમાણે ગાયત્રી, ગીતા અને સૂત્ર ઉપર બહુ સુંદર વિવેચન કરી ત્રણ પ્રસ્થાનની અંદર રહેલા રસાત્મક પ્રભુના ભજનાનંદની રૂપરેખાનું આનંદદાયક દર્શન કરાવ્યું, અને ત્યાર પછી ચોથા પ્રસ્થાન શ્રીમદ્‌ભાગવતમાં ત્રિવિધ( આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક) દુઃખ હરણ કરનાર શ્રીહરિ જે આનંદરૂપ શ્રીકૃષ્ણ છે તેની અગાધ લીલામાં પ્રવેશ કરી જીવોને પ્રભુની લીલાનું અવગાહન કરાવી નિરોધનું દાન કર્યું. શ્રીસુબોધિનીજીમાં પદે પદે વિરલ આનંદનો અનુભવ થાય છે, અને કોટિમાં વિરલ અત્યંત અંતરંગ શ્રીપદ્મનાભદાસ વિગેરે જ તેનો યથાર્થરૂપે અનુભવ કરી શકે છે. શ્રીસુબોધિનીજી એટલાં તો શબ્દથી અને અર્થથી ગંભીર છે, કે તે ગાયત્રીનાં પણ ગાયત્રી છે, વેદનાં પણ વેદ છે, ગીતાનાં પણ ગીતા છે, સૂત્રનાં પણ સૂત્ર છે, એટલું જ નહિ પરંતુ સર્વ દર્શનનાં દર્શનરૂપ છે, ફલનાં ફલરૂપ છે, અને રસનો પણ રસ છે. આવા ઉત્તમ શ્રીસુબોધિનીજીના 'શ્રીવેણુગીત' નામના એક અધ્યાયનું આપણે આનંદથી અવગાહન કરીશું. શ્રીમદ્‌ભાગવતના બાર સ્કંધમાં ૩૩૨ અધ્યાય છે, તેમાં શ્રીપુરુષોત્તમની અનંત લીલાનું પ્રતિપાદન સર્ગ, વિસર્ગ વિગેરે દશ ભાગમાં બહુ સુંદર રીતે કરેલું છે. આશ્રય સુધીની બાર લીલામાં દશમી નિરોધલીલા જ શ્રીપુરુષોત્તમના હૃદયરૂપ છે અને તેથી જ તે બહુ ગૂઢ છે. ૮૭ અધ્યાયના આ નિરોધ સ્કંધમાં પાંચ પ્રકરણ છે, તેમાં પ્રથમ જન્મપ્રકરણ છે. નિરોધ ભક્તિથી પણ અધિક છે, તેથી નિરોધનું દાન કરવાને સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપે જ પોતે જ પ્રકટ થાય છે, તેથી પ્રથમ જન્મપ્રકરણમાં સ્માર્ત ત્રિમૂર્તિ પરિપૂર્ણ શ્રીપુરુષોત્તમના પ્રાકટ્યનું સુંદર વર્ણન છે. શ્રીપુરુષોત્તમનું સ્વરૂપ તે જ ફલ, તે સિવાય બીજું કાંઈ ફલ જ કહેવાય નહિ. એમ આ ભક્તિમાર્ગનો મુખ્ય સિદ્ધાંત છે, બીજું કાંઈ ફલ કહેવાતું હોય તો તે શ્રીપુરુષોત્તમના સંબંધને લીધે જ. શ્રીપુરુષોત્તમના ફલાત્મક સાક્ષાત્ સ્વરૂપનો સંબંધ જેવો

તામસ કહેવાય છે, તે ભક્તને થાય છે તેવો બીજા કોઈને પણ થતો નથી. અહિં તામસ શબ્દ દઢ આસક્તિસૂચક ભાવવાચક છે, સામાન્ય અર્થમાં નથી, તેથી 'અધો ગચ્છન્તિ તામસાઃ।' 'કનિષ્ઠ ગુણની વૃત્તિવાળા તામસ જીવોની અધોગતિ થાય છે' (ગીતા.૧૪।૧૮) એમ જે સામાન્ય રીતે કહેવાય છે, તે પણ આ સ્થલમાં થતી નથી, એટલું જ નહિ પણ ઉલટું તેમની ઉચ્ચગતિ જેવી થાય છે તેવી બીજા કોઈની પણ થતી નથી. સાત્ત્વિક જીવની અભિરુચિ શાસ્ત્રમાં કહેલા જ્ઞાનમાર્ગને વિષે હોય છે અને રાજસ જીવ તો હંમેશા કર્મ કરવામાં આસક્ત હોય છે, તેથી સ્વભાવનો વિજય ન થએલો હોવાથી જ્ઞાનમાર્ગમાં આસક્ત સાત્ત્વિક જીવને અને લૌકિક અલૌકિક કર્મોમાં આસક્ત ચિત્તના વિક્ષેપવાળા રાજસ જીવને ફલરૂપ શ્રીપુરુષોત્તમના સ્વરૂપનું સ્મરણ હોતું નથી, અને મહારસરૂપ ઉત્તમોત્તમ ફલરૂપ નિરોધ તેમને સિદ્ધ થઈ શકતો નથી, એથી ઉલટું તામસ જીવ તો મૂઢ હોય છે, તેથી જ્યાં તેનું ચિત્ત દઢતાથી લાગે તે વસ્તુમાંથી તેનો આગ્રહ જતો જ નથી, એ વાત લોકમાં પણ પ્રસિદ્ધ છે. તામસ વ્રજજનનો ફલરૂપ શ્રીકૃષ્ણના સ્વરૂપને વિષે એવો તો દઢ સ્વાભાવિક સ્નેહ થઈ ગયો હતો કે સાક્ષાત્ ભગવાને તેમને ધર્મનો ઉપદેશ દશ શ્લોકથી કર્યો તો પણ ધર્મી સ્વરૂપને છોડીને તે ધર્મનો અંગીકાર કરવાની તેમની લેશમાત્ર પણ ઈચ્છા થઈ નહિ, અને આગળ જતાં પ્રભુસ્વરૂપથી ભિન્ન જ્ઞાનનો પણ ઉદ્ધવજી દ્વારા મોકલેલા સંદેશાનો સ્વીકાર ન જ કર્યો. સાર એ કે સર્વાત્મભાવથી નિરોધ તો કેવલ શ્રીવ્રજજનને જ ફલીભૂત થયો. આમ તામસ ધર્મને સામ્ય (સરખાપણું) હોવાથી અને પુષ્ટિમાર્ગની ગતિ મર્યાદામાર્ગથી વિપરીત હોવાથી જન્મપ્રકરણ પછીના અઠ્ઠાવીસ અધ્યાયના પ્રકરણને તામસપ્રકરણ કહેવામાં આવ્યું છે. ખરી રીતે તો એ નિર્ગુણ જ છે, અને જે નિઃસાધન ભાગ્યવાન્ ભગવદીઓને નિરોધનું દાન કરવાને પરિપૂર્ણ શ્રીપુરુષોત્તમ સાક્ષાત્ ભૂતલ ઉપર પ્રકટ થયા તે શ્રીવ્રજજન પણ તામસ નથી પણ નિર્ગુણ જ છે. 'મારી ભક્તિવાળા મારા જ સ્વરૂપાત્મક યોગીને ઘણું ખરું જ્ઞાન કે વૈરાગ્ય હિતકારક નથી' (ભા.૧૧।૨૦।૩૧) 'સ્વર્ગ, નરક અને મોક્ષને સમાન રીતે જુએ છે' (ભા.૬।૧૭।૨૮) વિગેરે વાક્યોથી જ્ઞાન અને વૈરાગ્યથી સાધ્ય મોક્ષને પણ તેઓ નરકતુલ્ય ગણે છે, તેથી ભક્તિમાર્ગ કરતાં જ્ઞાનમાર્ગ વિગેરે હીન છે, અને 'ભગવાનમાં જ પરાયણ વિશુદ્ધ ભાવવાળાં શ્રીવ્રજજન સર્વથી ઉત્તમ છે', એમ ભક્તિમાર્ગમાં પ્રસિદ્ધ છે, તેથી ભગવાનનું પ્રાકટ્ય થયું કે તરત જ નિરોધના દાનને માટે મુખ્ય અધિકારી શ્રીવ્રજજનનો જ પ્રસંગ આ તામસપ્રકરણમાં ( વસ્તુતઃ નિર્ગુણપ્રકરણમાં ) વર્ણન કર્યો.

ખરું જોતાં તો પુષ્ટિમાર્ગીય પ્રભુનું પ્રાકટ્ય સાધનનિષ્ઠ જીવોને માટે છે જ નહિ, કિંતુ કેવલ નિઃસાધનને માટે જ છે, તેથી કેવલ નિઃસાધન પ્રભુના સ્વરૂપની જ આકાંક્ષાવાળા શ્રીવ્રજજનના પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ પણ પ્રભુનું સાક્ષાત્ સ્વરૂપ જ છે. એ સિદ્ધાંત સ્પષ્ટ કરવાને આ તામસપ્રકરણના પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એમ ચાર ભાગ છે. પોતાના જ સ્વરૂપથી અભિન્ન (જુદી નહિ એવી) પ્રમાણાત્મક બાલલીલાનો સ્વીકાર કરીને પ્રભુ શ્રીવ્રજજનને પ્રેમનું દાન કરે છે, પ્રમેયાત્મક ગોચારણ વિગેરે લીલા કરીને પ્રભુ શ્રીવ્રજજનને આસક્તિનું દાન કરે છે, અને સાધનાત્મક શ્રીગોવર્ધનોદ્ધરણ વિગેરે લીલાનો સ્વીકાર કરીને પ્રભુ શ્રીવ્રજજનને વ્યસનનું દાન કરે છે. આ સુંદર પ્રકારે પ્રમાણરૂપ પ્રેમ, પ્રમેયરૂપ આસક્તિ અને સાધનરૂપ વ્યસન એટલે સર્વાત્મભાવનું પોતાના સ્વરૂપથી જ દાન

## શ્રીસુબોધિનીજી વેણુગીતકારિકાર્થ :

અઢારમા અધ્યાયમાં ગોપીજનની આસક્તિનું સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવે છે. વર્ણન કરનાર અને વર્ણન કરવાની વસ્તુના ભેદથી ગોપોની આસક્તિનું પણ વર્ણન કરવામાં આવે છે. (કા.૧)[૧]

કરીને બ્રહ્માનંદથી પણ અધિક પરમ પવિત્ર ભજનાનંદરૂપ પુષ્ટિમહારસરૂપ રાસોત્સવ વિગેરે અવિચલ નિત્યલીલામાં પ્રવેશરૂપ ઉત્તમોત્તમ ફલનું દાન પણ પ્રભુ તેમને કરે છે. તામસપ્રકરણની અને સાક્ષાત્ સ્વરૂપે સારસ્વતકલ્પમાં પ્રકટ થએલા પ્રભુસ્વરૂપે નિરોધરૂપી મહાફલનું દાન આપવાને કરેલી અગીઆર વર્ષની શુદ્ધ પુષ્ટિમાર્ગીય લીલાનાં વર્ણનની અહિં જ સમાપ્તિ થઈ જાય છે. આ દશમનિરોધસ્કંધના આ પ્રકારના બીજા તામસપ્રકરણમાં મધ્યમણિની માફક બીજું પ્રમેયપ્રકરણ છે. તેના અંતમાં શ્રીવેણુનાદનો પ્રાદુર્ભાવ થાય છે અને તે સર્વેને ઉપકારક છે. એ વેણુનાદની સુધા વિના પુષ્ટિમાર્ગીય પ્રભુના રસાત્મક સ્વરૂપમાં આધિદૈવિકતા આવતી નથી. અને જો આધિદૈવિકતા સિદ્ધ ન થાય તો તે પછીની બધી લીલાનો આવિર્ભાવ જ થાય નહિ.

૧. વિવેચન-શ્રીવલ્લભાચાર્યજીએ સ્વીકારેલા ક્રમ પ્રમાણે દશમસ્કંધના ૧૮મા અધ્યાયમાં શ્રીવેણુગીતનો પ્રસંગ છે. આ આખા પ્રમેયપ્રકરણમાં આસક્તિનું વર્ણન છે. તેથી આ છેલ્લા સાતમા અધ્યાયમાં શ્રીગોપીજનની આસક્તિનું વર્ણન સ્ફુટ રીતે કર્યું છે.

ગયા સત્તરમા અધ્યાયમાં 'જનોનો તાપ દૂર થયો પણ કૃષ્ણમાં જેનું ચિત્ત આસક્ત છે એવાં ગોપીજનનો તાપ દૂર થયો નહિ' એ વાક્યમાં, અને તેના કરતાં પણ પહેલાં, શ્રીગોપીજનની આસક્તિનું સામાન્ય વર્ણન તો આવી જ ગયું છે, તો પણ આ અધ્યાયમાં તો તેમની આસક્તિનું ખાસ નિરૂપણ છે. પહેલાં પણ આસક્તિ તો હતી જ પણ તે જણાવનાર વર્ણન કર્યું ન હતું, પણ આ અધ્યાયમાં તો તે વર્ણન પણ છે, તેથી પ્રકરણની અને આ અધ્યાયની સામાન્ય (વર્ણન) અને વિશેષ ભાવરૂપ(વર્ણન)ની સંગતિ છે. વર્ણનનો વિષય ભગવચ્ચરિત્ર જ છે. દિવસનું ચરિત્ર અને રાત્રિનું ચરિત્ર જેમ જુદાં છે, તેમ દિવસના ચરિત્રનું વર્ણન કરનાર શ્રીગોપીજન અને રાત્રિના ચરિત્રનું વર્ણન કરનાર ગોપો પણ જુદા જ છે. શ્રીગોપીજનનો નિરોધ મુખ્ય હોવાથી આ પ્રકરણના પાંચ અધ્યાયમાં ગોપવર્ગને નિરોધનું દાન થયાનું વર્ણન છે, તે પણ ગોપીજનના નિરોધને માટે જ છે. અર્થાત્ ગોપનો નિરોધ પણ ગોપિકાએ કરેલા વર્ણનમાં પ્રયોજક હોવાથી ગોપિકાઓને માટે જ છે, એમ સિદ્ધ થાય છે. બાલકો જેમ પોતાના સહજ સ્વભાવથી જે જોયું અને અનુભવ્યું હોય તેનું વર્ણન ઉત્સાહથી સર્વની આગળ કરે છે, તેમ ગોપો કાંઈ બાલકપણાથી સર્વની સમક્ષ ભગવદ્ચરિત્રનું વર્ણન કરતા નથી, પરંતુ પ્રભુમાં આસક્તિ હોવાથી જ તેનું વર્ણન કરે છે, અને આસક્તિનો આ સ્વભાવ જ છે, કે પ્રભુચરિત્રનું જે જ્ઞાન પોતાના સર્વસ્વરૂપે થયું હોય તેનું સ્પષ્ટ વર્ણન સર્વની આગળ થતું જ નથી, પરંતુ કેવલ પોતાના સમાન જેની આસક્તિ હોય તેની આગળ જ તે વર્ણન થાય છે. જેમ ગોપો પ્રભુમાં આસક્ત છે, તેમ શ્રીગોપીજન પણ પ્રભુમાં આસક્ત છે, તેથી ગોપો સ્વસમાનશીલ શ્રીગોપીજન આગળ જ પોતપોતાના ઘરમાં જ પોતાના સર્વસ્વરૂપ ભગવચ્ચરિત્રનું સુંદર વર્ણન કરે છે. આથી એ સ્પષ્ટ થઈ જાય છે કે જેમ દિવસે શ્રીગોપીજન ભગવાનનાં ગુણગાન કરે છે, તેમ રાત્રિએ ગોપો પણ સ્વસમાનશીલ શ્રીગોપીજનના આગળ

તેમના ઉદ્‌બોધને માટે વનમાં પ્રવેશ અને બોધનું નિરૂપણ કરવામાં આવે છે. જે ભગવાનમાં આસક્ત હોય તે ભગવાનના ગુણોમાં પણ આસક્ત હોય. (કા.૨)[2]

આસક્તિ પ્રેમના પછી જ થાય છે. પ્રેમ પણ ભગવાને જ કરેલો હોય છે. ઉદ્‌બોધન પણ હરિએ કરેલું હોય છે, બીજો કોઈ ઉદ્‌બોધક હોતો નથી. (કા.૩)[3]

---

ભગવાનના ગુણગાન કરે છે, તેથી ગોપોની પણ આસક્તિ સ્પષ્ટ માલૂમ પડી આવે છે. પ્રમેય પ્રકરણના આરંભમાં પણ આ બાબત જણાવી હતી, તેથી અંતમાં પણ અંતરંગ ક્રીડાને માટે વનપ્રવેશના પ્રસંગમાં પણ 'સગોગોપાલકઃ' અને 'ગોપવૃન્દૈઃ' વિગેરે શબ્દોથી ગોપવર્ગ પણ સાથે છે, તેનું ફરીથી સ્મરણ કરાવ્યું. જો એમ ન કરે તો જેમ કાત્યાયનીવ્રત અને વરદાનના પ્રસંગમાં પ્રભુ પધાર્યા ત્યારે ગોપોને સાથે લીધા ન હતા, અને ગોપીજનના કાર્યની સિદ્ધિ થયા પછી ગોપો આવ્યા હતા તેમ અહિં પણ પ્રભુ એકલા જ પધારત. સાર એ કે અંતરંગ ક્રીડાને માટે વૃંદાવનમાં પ્રવેશ કરવાના પ્રસંગમાં ગોપોને સાથે લીધેલા છે, તે ગોપોની પ્રભુના સ્વરૂપમાં આસક્તિ સિદ્ધ કરી આપે છે. શ્રીગોપીજન ભગવચ્ચરિત્રનું વર્ણન દિવસે આસક્તિપૂર્વક કરે છે, તે તો આ અધ્યાયમાં સ્પષ્ટ છે. દિવસે સર્વે ગોપીજન શ્રીગોકુલમાં પોતાના ઘરમાં જ હોય છે, તો પણ ભગવાન્ વનમાં જે જે લીલા કરે છે તે તે સર્વ લીલા ભગવદ્‌ભાવના સામર્થ્યને લીધે પોતાના હૃદયમાં અનુભવે છે, અને તેનું ગાન કરે છે, તેમ સર્વે ગોપો રાત્રિની ભગવલ્લીલાને પોતાના અતિશય આસક્તિના સામર્થ્યથી પોતાના હૃદયમાં અનુભવે છે, અને ગાન કરે છે. પરંતુ ભગવાને કરેલી રાત્રિલીલા અતિ ગોપ્ય હોવાથી ગોપવર્ગે ગાએલી તે લીલાનું વર્ણન ભાગવતમાં શ્રીશુકદેવજીએ સ્પષ્ટ કર્યું નથી. 'શ્રીગોપીજને દિવસની લીલાનું ગાન કર્યું' એમ કહેલું હોવાથી જ ગોપવર્ગે રાત્રિલીલાનું ગાન કર્યું એમ કહેવાઈ ગએલું સમજવું. 'અન્યે તદનુરૂપાણિ' શ્લોકમાં ગોપોએ કરેલાં ગુણગાનનું સૂચન થઈ જાય છે, કેમકે લીલાના ગાનનું કારણ આસક્તિ તો ગોપ અને ગોપીઓ બંનેમાં સમાન જ છે, અને જ્યાં જ્યાં આસક્તિ હોય ત્યાં ગુણગાન થાય જ. (કા.૧)

૨. વેણુગીતના આ આસક્તિના વર્ણનના પ્રસ્તાવમાં વીસ શ્લોક છે. તેમાંના પ્રથમ શ્લોકમાં વૃંદાવનપ્રવેશનું વર્ણન છે, અને બીજા શ્લોકમાં વેણુકૂજન પ્રભુએ કર્યું તેનું વર્ણન છે, તે બંને શ્લોક ગોપીજનની આસક્તિના ઉદ્‌બોધનને (જાગૃતિને) માટે છે. જો કે સત્તરમા અધ્યાયમાં 'ગોપૈસ્તયોસ્તદદ્ભુતમ્' એ શ્લોકમાં ગોપોની આસક્તિ સ્પષ્ટ કહેલી છે, અને આ અધ્યાયમાં ગોપીજનની ભગવદ્‌ગુણમાત્રમાં આસક્તિ સ્પષ્ટ કહી છે, તો પણ કાર્યથી કારણનું અનુમાન થાય છે. ભગવદ્‌ગુણમાં આસક્તિ એ કાર્ય છે અને ભગવાનમાં આસક્તિ એ કારણ છે. ભગવાનમાં આસક્તિ હોય તો જ ભગવદ્‌ગુણગાનરૂપ કાર્યમાં આસક્તિ સંભવે, કારણ વિના કાર્ય સંભવે નહિ. ભગવાનના ગુણમાં આસક્તિ-કાર્ય સ્ફુટ છે, તો ભગવાનમાં આસક્તિ-કારણ પણ છે જ, એમ નિશ્ચય થાય છે. જે ભગવાનમાં આસક્ત હોય તે જ ભગવદ્‌ગુણમાં પણ આસક્ત થાય, તેથી ગુણમાં આસક્તિ હોવાને લીધે ભગવાનમાં આસક્તિ છે, એમ જ્ઞાન થાય એ સ્પષ્ટ જ છે. (કા.૨)

૩. જ્યાં જ્યાં ગુણમાં આસક્તિ હોય ત્યાં ત્યાં ગુણીમાં પણ આસક્તિ હોય જ એવો કાંઈ

તેથી પંચપર્વા વિદ્યાની અંતે આસક્તિથી તેનું સ્ફુટ વર્ણન કરવામાં આવે છે. (કા.૩ા.)[૪]

નિયમ નથી, એમ સમજીને ભગવદાસક્તિ ગુણસંબંધને લીધે થએલી કદાચ ગૌણ હશે એમ પણ ન માનવું, કેમકે પ્રથમ તો પ્રેમ જ થાય, અને ત્યાર પછી આસક્તિ થાય, તેથી ભગવદાસક્તિ ગૌણ છે જ નહિ પરંતુ મુખ્ય છે. આસક્તિ પહેલાં પ્રેમ હોવો જ જોઈએ, જો પ્રેમ જ ન હોય તો 'સગોપાલકઃ' એ પદમાં સખિમંડલ સાથે છે, એમ કહ્યું તે કહેત જ નહિ, માટે પ્રેમ પ્રથમ છે, અને આસક્તિ તેના પછી છે. વૃંદાવનપ્રવેશરૂપ પહેલા શ્લોકમાં તે જ પ્રેમનું નિરૂપણ છે, અને તે પ્રેમ જ્યારે જાગૃત થાય ત્યારે તેમાંથી આસક્તિ થાય છે, તેથી બીજા શ્લોકમાં વેણુકૂજનરૂપ ઉદ્‌બોધનનું નિરૂપણ કર્યું છે. જો પ્રેમ લૌકિક હોય તો કોકિલ વિગેરેના કૂજનથી પણ તેવા પ્રેમનો ઉદ્‌બોધ (જાગૃતતા) થાય, પરંતુ અલૌકિક ભગવદ્વિષયક પ્રેમનું ઉદ્‌બોધન તેનાથી થઈ શકતું નથી, તેથી તેના ઉદ્‌બોધન માટે અલૌકિક ભગવાને કરેલા પ્રવેશ અને વેણુકૂજનનું વર્ણન કર્યું. તે વેણુકૂજન પણ ગમે તે કરે તો અલૌકિક પ્રેમનો ઉદ્‌બોધ થાય નહિ, તેથી પ્રભુએ પોતે જ વેણુકૂજન કર્યું. વેણુકૂજનથી પ્રભુએ પોતે ઉદ્‌બોધન કર્યું, અને પ્રેમ તો જીવે કરેલા શ્રવણ વિગેરે સાધનોથી પ્રથમ સિદ્ધ થઈ ગયો જ હતો, એમ પણ નથી. પ્રેમ આસક્તિની પૂર્વ અવસ્થા છે, અને તે પ્રેમ પણ હરિએ જ દાન કર્યો. પ્રમાણપ્રકરણની લીલા પ્રકટ કરીને પ્રભુએ પોતાના સ્વરૂપને વિષે પ્રેમનું દાન શ્રીવ્રજજનને પોતે જ કર્યું અને પ્રમેયપ્રકરણની લીલા પ્રકટ કરીને આસક્તિનું દાન પણ પોતે જ કર્યું. વૃંદાવનમાં ગાયો અને ગોપાલો સહિત પ્રવેશ કર્યો અને વેણુકૂજન કર્યું, તે હરિએ પોતે જ કર્યું. માત્ર પ્રેમ, આસક્તિ અને વેણુકૂજન, એટલાં જ ભગવાને કરેલાં છે, એમ પણ નહિ, પરંતુ અહિં તો બધી સામગ્રી ભગવાન્ પ્રકટ કરે છે, કારણ કે અંગીકાર માત્રથી સર્વ સિદ્ધ કરે છે. સાધનની સંપત્તિ પણ પોતે જ કરીને ફલદાન કરે છે, તેથી પુષ્ટિમાર્ગમાં સાધન પણ પ્રભુ જ છે, જેને વેદના પ્રમાણની આકાંક્ષા હોય તેને 'યમેવૈષ વૃણુતે' (ભગવાન્ જેને વરે છે તે જ ભગવાનને પ્રાપ્ત કરે છે,) વિગેરે શ્રુતિરૂપાનું યૂથ સંપૂર્ણ સંતોષ આપે છે. શ્રીગોપીજન પર ભગવાનનો પ્રેમ જ ન હોત તો વૃંદાવનમાં પ્રવેશ જ ન કરત, અથવા પ્રવેશ કર્યા પછી ઉદ્‌બોધ ન કરત, પણ એ બંને કર્યું, તેથી એમનો પ્રેમ છે, એમ નિશ્ચય છે. ભગવાનનો પણ આપણે વિષે પ્રેમ છે, એમ જાણ્યા પછી જ શ્રીગોપીજનનો પ્રેમ ઉદ્‌બુદ્ધ (જાગૃત) થયો, અને એવી જ રીતિએ ઉદ્‌બુદ્ધ પ્રેમ મુખ્ય છે, અને બીજો સાધનસાધ્ય પ્રેમ તો માત્ર ગૌણ છે, એમ આ બે શ્લોકથી સૂચવીને આગળ આવતું સર્વ વર્ણન ભગવાને દાન કરેલી આસક્તિપૂર્વક જ થયું છે, એમ શ્રીશુકદેવજીએ સ્પષ્ટ કર્યું. (કા.૩)

૪. 'કુસુમિતવનરાજિ' શ્લોકમાં જો કે બીજા ઉદ્‌બોધક કહ્યા છે, તો પણ વસ્તુતઃ અહિં સર્વનું ઉદ્‌બોધન ભગવાને જ કરેલું છે, કારણ કે આ સર્વ વર્ણન ભગવદ્‌ગુણગાનમાં આસક્ત શ્રીશુકદેવજી કરે છે. આસક્તિ પર્યંતનું અલૌકિક દાન થયું હોય તો પણ જ્યાં સુધી ભગવાન્ પોતે વિદ્યાનું દાન ન કરે ત્યાં સુધી પ્રભુના સ્વરૂપનું, ગુણનું અને લીલાનું જ્ઞાન જ થઈ શકતું નથી. એ 'યમેવૈષ વૃણુતે' શ્રુતિનું સ્વારસ્ય છે, તેથી શ્રીગોપીજને વર્ણન કરવાનો ઉપક્રમ કર્યો, પણ તેમની આસક્તિ વિદ્યાસહિત ન હતી, તેથી વર્ણનના ઉપક્રમને અંતે 'તદ્ વર્ણયિતુમારબ્ધાઃ' (તે વર્ણન કરવાને શરૂ કર્યું તો પણ) શ્લોકને અંતે 'બર્હાપીડં નટવરવપુઃ'

એ શ્લોકથી વિદ્યાનું-બ્રહ્મના સ્વરૂપના જ્ઞાનનું સર્વ પરિકરસહિત સ્ફુટ વર્ણન કર્યું છે. પ્રભુદત્ત આસક્તિથી ગાનની શરૂઆત થઈ, તો પણ સ્મરના વેગને લીધે મન વિક્ષિપ્ત થઈ ગયું, જ્ઞાન થઈ શક્યું જ નહિ, તેથી અંતે પ્રભુએ પોતે જ શ્રીગોપીજનને વિદ્યાનું પણ દાન કર્યું, તેનું વર્ણન 'બર્હાપીડમ્' શ્લોકમાં સ્ફુટ છે. સાર એ કે ગુણગાનમાં પ્રેમ, આસક્તિ અને વિદ્યા જે સર્વની અપેક્ષા છે, તે બધું ભગવદાધીન જ છે. વિદ્યા પણ બે પ્રકારની છે. અમૂર્ત અને મૂર્ત, (અપ્રકટ અને પ્રકટ). નાદબ્રહ્મરૂપ અમૂર્ત વિદ્યાનો અંતઃકરણમાં અનુભવ કરાવીને તે વિદ્યાના ફલરૂપ સ્વરૂપનો અનુભવ પણ પહેલાં આ વેણુગીતમાં તો ગાન દ્વારા અંતઃકરણમાં જ કરાવ્યો. આગળ જતાં રાસોત્સવના પ્રસ્તાવમાં તો પોતાના લોકની વ્યાપિવૈકુંઠની બાહ્ય અનુભવ કરાવતી મૂર્તિમાન વિદ્યા વડે તે વિદ્યાના ફલરૂપ સ્વરૂપાનંદના અનુભવનું દાન બહાર અંગસંગ દ્વારા પ્રભુ કરાવશે. પણ અહિં વેણુગીતમાં તો વિદ્યા અને તેનું ફલ બંને અમૂર્ત છે. મૂર્તિમાન્ વિદ્યા અને તેના ફલનો પ્રસંગ તો ફલ પ્રકરણમાં જ કહેવાશે. સાર એ કે વિદ્યા શબ્દનો પ્રયોગ જેમ ઉપાસનાના અર્થમાં તેમ સાક્ષાત્કારના અર્થમાં પણ થઈ શકે છે. અથવા વિદ્યાનો અર્થ વિદ્યાશક્તિ જ થાય છે. વિદ્યા વિના ભગવત્પ્રાપ્તિ નથી એ 'વિદ્યયામૃતસશ્નુતે' (વિદ્યા વડે અમૃતનો ભોગ કરે છે.) એ શ્રુતિનો મર્મ છે. તેથી શ્રીવ્રજજનમાં પણ અહિં વિદ્યાનું નિરૂપણ કર્યું છે. આ અધ્યાયના પ્રારંભથી પાંચમા શ્લોક 'બર્હાપીડં નટવરવપુઃ' સુધી વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને ભક્તિ એમ પંચપર્વા વિદ્યાનું પ્રતિપાદન છે. એ પંચપર્વા વિદ્યાનું દાન થયું કે તરત જ શ્રીગોપીજનને ભગવદ્ગુણવર્ણનરૂપ ભગવત્પ્રાપ્તિ સિદ્ધ થઈ. ગાનનો પણ ફલોન્મુખ ( ફલ આપવાને તત્પર ) ઉપક્રમ થયો, તેથી આ વિદ્યા બ્રહ્મવિદ્યાથી પણ અધિક છે. બ્રહ્મવિદ્યાનું પણ ફલ છે, એમ નિશ્ચય થઈ રહે છે. વસ્તુતઃ લીલાસ્થ જીવની વિદ્યા પણ અલૌકિક છે, અને શ્રીગોપીજનને જ તે અલૌકિક વિદ્યાનું દાન થયું છે. આ વિદ્યાનાં પાંચ પર્વ પણ વિલક્ષણ છે. ભગવાન્ સિવાય સર્વ પદાર્થમાત્રમાંથી અનુરાગની નિવૃત્તિ એ અહિં વૈરાગ્ય છે, પુરુષોત્તમ રસાત્મક છે એવું જ્ઞાન સાંખ્ય છે, ચિત્તની ભગવાનમાં જ તન્મયતા એ અહિં યોગ છે, ભગવાનના વિરહથી થતા તાપક્લેશનો અનુભવ એ અહિં તપ છે, અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની આકાંક્ષારહિત ભગવદાસક્તિ એ અહિં ભક્તિ છે. આ પંચપર્વા પુષ્ટિમાર્ગીય વિદ્યાનું દાન શ્રીવ્રજસુંદરીઓને થયું છે. એ વિદ્યાનું પાંચમું પર્વ ભગવદાસક્તિરૂપ ભક્તિ, તેનું નિરૂપણ આ અધ્યાયમાં છે. સાર એ કે શ્રીગોપીજનની આ પ્રકારની ભગવદાસક્તિ આ ૧૮મા શ્રીવેણુગીત અધ્યાયનો અર્થ છે.

'બર્હાપીડં નટવરવપુઃ' એ શ્લોકમાં જે ભગવત્સ્વરૂપના અનુભવનું વર્ણન કર્યું છે, તે બ્રહ્મભાવની પણ પછીની અવસ્થા છે, એ અવસ્થા ભક્તિથી જ પ્રાપ્ત થાય છે. 'ભક્ત્યા મામભિજાનાતિ' એ શ્લોકમાં જે ભક્તિ કહી છે, તેનાથી જે અભિજ્ઞાત-ભગવાનના સ્વરૂપનું સર્વ પ્રકારે જ્ઞાન તે જ આ શ્લોકમાં કહેલો ભગવત્સ્વરૂપનો અનુભવ છે. શ્રીગોપીજનને આ અનુભવનું દાન થયું, તે 'અક્ષણ્વતાં ફલમિદમ્' વિગેરે શ્લોકમાં સ્પષ્ટ થાય છે, તેથી આ અધ્યાયમાં જે વર્ણન છે, તે શ્રીગોપીજનની ભગવદાસક્તિને લઈને જ છે, એ નક્કી છે. વર્ણન તો 'અક્ષણ્વતાં ફલમિદમ્' એ શ્લોક પછી જ શરૂ થાય છે, તેથી એ આસક્તિપૂર્વક છે. કેવલ સાધનરૂપ જ નથી પણ ફલરૂપ છે, અને તેથી જ તે પંચપર્વા વિદ્યાની અંતમાં થએલું છે. આટલે સુધી આ અધ્યાયના શરૂઆતના છ શ્લોકનું સ્વારસ્ય સ્પષ્ટ કર્યું. (કા.૩॥.)

અહિં હરિ કાલથી અધિક છે. પુરુષોત્તમ જ છે. (કા.૪) તેથી તેર પ્રકારની લીલા જુદી જુદી કહી છે. (કા.૪ાા)[૫].

સુબોધિનીજી-ભગવાનની લીલાને માટે ગયા અધ્યાયના અંતે શરદઋતુનું વર્ણન કર્યું, ત્યાર પછી અહિં લીલાને માટે ભગવાને વૃંદાવનમાં પ્રવેશ કર્યો, તે 'ઈત્થમ્' એ શ્લોકથી કહે છે :

**ઈત્થં શરત્સ્વચ્છજલં પદ્માકરસુગન્ધિના ।।**
**ન્યવિશદ્ વાયુના વાતં સગોગોપાલકોચ્યુતઃ ।।૧।।**

આ પ્રકારની શરદઋતુથી જેનું જલ સ્વચ્છ થયું છે, અને પદ્માકરના સુગંધવાળો વાયુ જેમાં વાય છે, એવા વૃંદાવનમાં ગાયો અને ગોપાલોને લઈને અચ્યુત ભગવાને પ્રવેશ કર્યો. ૧.

સુબોધિનીજી[૧]-આ પ્રકારની જે શરદઋતુ તેનાથી સ્વચ્છ થએલું છે જલ જેમાં એવા વૃંદાવનમાં અચ્યુત ભગવાને પ્રવેશ કર્યો, એવો સંબંધ છે[૨]. અહિં પણ પહેલાંની માફક આધિદૈવિક શક્તિઓની સાથે લીલા કહેવાની છે[૩]. તેમાં નાયકના

૫. આગળ તેર શ્લોક વડે શ્રીગોપીજને કરેલું ભગવાનના ગુણોનું વર્ણન છે, અને છેલ્લા વીસમા શ્લોકમાં આ આસક્તિને પ્રતિપાદન કરનાર પ્રમેયપ્રકરણનો ઉપસંહાર છે. શ્રીગોપીજને ગાએલા વેણુગીતના શ્લોકની સંખ્યા તેર હોવાનું પણ ખાસ મર્મ છે. પ્રવાહી જીવ બારમાસરૂપ કાલની ઉપાસના કરે છે, માર્યાદિક જીવ બાર અંગવાળા પુરુષની ઉપાસના કરે છે, એ કાલ અને પુરુષ બંનેથી ઉત્તમ, જેનું ગાન શ્રીગોપીજન કરે છે તે ભગવાન્ તેર અંગવાળા છે. આ શુદ્ધ પુષ્ટિમાર્ગીય તેર અંગવાળા પ્રભુ નિત્યલીલાસ્થ હરિ છે. ક્ષર અને અક્ષર પુરુષથી ઉત્તમ પુરુષોત્તમ છે. ઈન્દ્રિયવાળાઓનું ફલ છે. અર્થાત્ શ્રીવ્રજસીમંતિનીઓ જેનું ગાન કરે છે, તે નિત્યલીલાસ્થ પુરુષોત્તમનાં સ્વરૂપ, ગુણ અને લીલામાં સર્વ નિત્ય અથવા કાલાતીત છે. એમ સહજ સિદ્ધ થઈ રહે છે, તેથી જ અહિં ભક્તવાક્યમાં કાલથી અધિક હરિનું અને ક્ષર અને અક્ષરથી ઉત્તમ એવા પુરુષોત્તમનું વર્ણન થાય છે, અને તેમની તેર પ્રકારની લીલાનું જુદા જુદા શ્લોકથી વર્ણન કર્યું છે. (કા.૪ાા.)

૧. અહિં સંસ્કૃત શ્રીસુબોધિનીજી માત્રના આધારે તેનું ભાષાંતર આપવામાં આવ્યું છે.

૨. વિવેચન-( અહિં ભ. ચ. પ્રાપ્ત મગનલાલ શાસ્ત્રીજીના ગુજરાતી વેણુનાદના અનુવાદના આધારે ટિપ્પણીજી, પ્રકાશ, યોજના વિગેરેનું સંયુક્ત સરલ ભાષામાં વિવેચન આપવામાં આવ્યું છે. સુબોધિનીજી સાથે સંબંધ ધરાવતાં વાક્યોના બનતા ૧-૨ એમ નંબરો આપ્યા છે.) આ શ્લોકમાં 'વૃંદાવન' પદ સ્પષ્ટ વાપર્યું નથી, તો પણ ગયા અધ્યાયમાં લીલાના સ્થાન તરીકે વનનું વર્ણન છે, તેમ જ આ અધ્યાયમાં પણ બીજા શ્લોકમાં 'કુસુમિતવનરાજિ' એ પદમાં વન શબ્દ પણ છે, અને પાંચમા શ્લોકમાં તો 'વૃંદારણ્યં પ્રાવિશત્' એમ સ્પષ્ટ જ કહ્યું છે, તેથી પ્રવેશનું સ્થળ વૃંદાવન જ છે, એ વાત નક્કી છે.

૩. ભગવાનની શક્તિઓમાં પણ ભગવાનની માફક અલૌકિકપણું, નિત્યપણું અને સ્વાભાવિક ધર્મત્વ છે, એ જણાવવાને અને ભગવદ્ભોગ્ય શ્રીગોપીજનનું અલૌકિકપણું નિત્યપણું અને સહજ ધર્મત્વવાળા સ્વરૂપનું જેમને ભાન નથી તેવા અજ્ઞાનીથી તેમનું સ્વરૂપ જ ગુપ્ત

ઉત્કર્ષને માટે અચ્યુત[૪] પદ મૂક્યું છે. તેમાં પણ ગાયો અનુભવ કરાવનારી છે, ગોપાલો સેવક છે. શક્તિઓના નિર્ભયત્વને માટે આ દેવો સાક્ષી છે[૫]. જલ અને સ્થલ એ બે ભેદથી રમણ બે પ્રકારનું છે[૬]. નિર્ભર (ગાઢ) રમણમાં વાયુની અપેક્ષા છે. જલક્રીડામાં તો નિર્મળતા અને ઠંડીનો અભાવ જોઈએ તેથી શરદ્ એ પદથી નિર્મળતા અને ઠંડીનો અભાવ એ બંને કહ્યાં, જેથી શરદ્ઋતુ વડે જ્યાં જલો સ્વચ્છ છે ત્યાં પ્રવેશ કર્યો; કર્મનો નિર્દેશ ખાસ કરીને કર્યો નથી. શ્લોકમાં એવા 'વનમાં' એમ ખાસ કરીને કર્મ મૂક્યું નથી, તેથી ક્રીડાને માટે જલમાં પણ પ્રવેશ કર્યો એમ સમજવું. પદ્માકરોની જે સારી છે ગંધ તેની શીતલતા સહિત એવો સુગંધી વાયુ તે પદ્માકરસુગંધિ. એવો વાયુ જે વનમાં વાય છે તેમાં પ્રવેશ કર્યો. ગંધવાળો હોવાથી તે વાયુ મંદ છે, એમ પણ કહ્યું. ક્રીડામાં આટલાની જ અપેક્ષા છે. વિશેષણના ધર્મો પ્રધાન હોવાને લીધે વિશેષ્યનો નિર્દેશ કર્યો નથી. (આ શ્લોકમાં 'ઈત્થંશરત્સ્વચ્છજલમ્' એ એક અને 'પદ્માકરસુગંધિના વાયુના વાતમ્' એ બીજું એમ બે વિશેષણ સ્પષ્ટ કહ્યાં છે, પણ એ બે વિશેષણનું વિશેષ્ય 'વનમ્' સ્પષ્ટ કહ્યું નથી, તેનું કારણ કે વિશેષણો જ મુખ્ય છે.) સ્વચ્છ છે જલ, અને શીતલ મંદ સુગંધ યુક્ત છે વાયુ, (એવા વનમાં) પ્રવેશ કર્યો[૭]. 'ન્યવિશદ્' એ પદથી

---

રાખવાને અહિં શક્તિ પદ વાપર્યું છે.

૪. આ લીલામાં નાયક ઉત્કૃષ્ટ છે એ જણાવવાને પ્રભુને માટે અચ્યુત પદ વાપર્યું છે. સ્વરૂપથી જેની કદાપિ ચ્યુતિ (સ્ખલન) જ ન થાય તે અચ્યુત.

૫. એવા ઉત્કૃષ્ટ નાયકની લીલામાં ગાયો પણ અનુભવ કરનાર છે, તેથી પણ નાયકનો નિર્દોષ ઉત્કર્ષ સિદ્ધ થાય છે. ગાય જેવા ભગવદ્ભક્તો જ આ લીલાનો અનુભવ કરનાર હોય છે. જેમ ગાયો અનુભવ કરનાર છે તેમ ગોપો આ લીલામાં સેવક છે. શક્તિઓ એટલે શ્રીગોપીજનની નિર્ભયતા સિદ્ધ કરવામાં એ ગોપરૂપ સેવકોનો વિનિયોગ કરવામાં આવે છે. આ ગોપો દેવો છે. સોળમા અધ્યાયમાં 'આસન્ સુવિસ્મિતાઃ' એ પદોના વ્યાખ્યાનમાં એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે, કે તેમની ઈન્દ્રિયો નિર્દોષ છે, તેથી તેઓ દેવ છે. શ્રીગોપીજન સાથેની ભગવલ્લીલામાં નિર્ભયતા કરનાર નિર્દુષ્ટ ઈન્દ્રિયવાળા દેવરૂપ ગોપો સાક્ષી છે. એ સાક્ષિત્વથી લીલાનું દિવ્યત્વ પણ સિદ્ધ થઈ જાય છે. સાક્ષી સ્વાર્થથી અને બિનસ્વાર્થથી ફલભોગને સમર્પણ કરનાર અને ફલભોગમાં અધિકાર પ્રમાણે વર્તાવનાર પણ હોય છે. આ સર્વ ગુણો અહિં અંતરંગ ગોપવર્ગમાં છે, તેથી ઉપનિષદ્ વિગેરેમાં જેમ પરમાત્માને સાક્ષી કહ્યા છે તેમ અહિં ગોપોને સાક્ષી કહ્યા.

૬. પ્રભુની નિર્દોષ અને પૂર્ણગુણ લીલામાં રમણ પણ જલ અને સ્થલના ભેદથી બે પ્રકારનું છે.

૭-૭. જલ અતિશય શીતલ (ઠંડુ) ન હોય અને નિર્મલ હોય તો જ જલક્રીડા પણ રસાલ થાય, સ્થલમાં નિર્ભર (ગાઢ) રમણમાં પવનની પણ અપેક્ષા રહે છે. ઋતુ શરદ છે, તેથી જલ નિર્મલ છે, અને તે અતિશય શીતલ પણ નથી. પવન ગંધવાન્ છે, તેથી જ ગંધના ભારથી તે મંદ-ધીમો પણ છે. ક્રીડામાં શીત, મંદ અને સુગંધિ, એમ ત્રણ પ્રકારનો પવન અને બહુ શીતલ નહિ

એમ કહ્યું, કે નિતરામ્ એટલે આધિદૈવિક છેક અંદરના ભાગ સુધી પ્રવેશ કર્યો. ૧.[૮]

સુબોધિનીજી-પહેલા શ્લોકમાં વૃંદાવન પ્રવેશ કહીને હવે દેવતાનો ઉદ્બોધ કર્યો, તે 'કુસુમિત' શ્લોકથી કહે છેઃ

**કુસુમિતવનરાજિશુષ્મિભૃંગદ્વિજકુલજુષ્ટસરઃસરિન્મહીધ્રમ્ ।।**
**મધુપતિરવગાહ્ય ચારયન્ ગાઃ સહપશુપાલબલશ્ચુકૂજ વેણુમ્ ।।૨।।**

કુસુમિત થએલી વનની પંક્તિઓથી મત્ત થએલા ભ્રમર અને પક્ષીઓનાં ટોળાંથી સેવાએલાં છે સરોવર, નદીઓ અને પર્વતો જેમાં, એવા વનમાં પ્રવેશ કરીને ગોપ અને બલદેવજી સહિત ગાયો ચરાવતાં મધુપતિ ભગવાને વેણુનું કૂજન કર્યું. ૨.

સુબોધિની-મધુપતિ[૧] ભગવાને ગાયો ચરાવતાં વેણુનું કૂજન કર્યું. વસંતના અધિપતિ રસવાળા શૃંગારાત્મા પ્રભુએ ધર્મ[૨] કરતાં ક્રિયા અને જ્ઞાનશક્તિ સહિત[૩]

---

એવા સ્વચ્છ જલની જ અપેક્ષા છે. આ શ્લોકમાં જલનું જ અને વાયુનું જ પ્રાધાન્ય છે, તેથી સ્થળ (વૃંદાવન)નો નિર્દેશ કર્યો નહિ.

૮. 'નિતરામ્' પ્રવેશ કર્યો, એટલે આધિદૈવિક સુધી પ્રવેશ કર્યો. જ્યાં આવીને મળેલી દેવતાઓ પોતપોતાનું કાર્ય નેત્રભૃકુટિના વિલાસથી કરે છે, ત્યાં સુધી પ્રવેશ કર્યો. ગાયો અને ગોપાલો સહિત ભગવાને નિકુંજ પ્રદેશપર્યંત પ્રવેશ કર્યો, એમ પરોક્ષ રીતિએ જણાવવાને આધિદૈવિક પદનો પ્રયોગ કર્યો છે, અને તેનો સંકેત 'નિ' ઉપસર્ગથી શ્રીશુકદેવજીએ કર્યો છે.

૧. વિવેચન - મધુપતિ પદમાં મધુનો અર્થ કોઈક ટીકાકાર 'યાદવ' કરે છે, પરંતુ તેવા અર્થમાં જરા પણ સ્વારસ્ય નથી, તેથી 'મધુ'નો અર્થ 'વસંત' જ કરવો; અને તે શૃંગારના આત્મા રસરૂપ ભગવાનને અથવા રસવાળા શૃંગારાત્માએ-વસંતના અધિપતિએ વેણુનું કૂજન કર્યું, એમ અર્થનું સ્વારસ્ય અનુભવમાં લેવું. તે રસ અથવા રસવાળા શૃંગારરસાત્મા છે, તેથી જ મધુના એટલે વસંતના તે અધિપતિ છે.

૨. લોકસિદ્ધ કાંઈ કાર્ય ન હોય તો વૃંદાવનમાં જવું, અને ત્યાં લાંબો વખત સ્થિતિ કરવી, એ લોક વિરુદ્ધ કહેવાય; અને જે લીલા કરવાની છે, તેનું લોકને જ્ઞાન થાય, તે રસ વિરુદ્ધ છે. આ પ્રકારના લોકજ્ઞાનનું અને રસવિરોધનું સમાધાન કરીને, સર્વ સિદ્ધ કરી આપવાનું સામર્થ્ય ગોચારણરૂપ ધર્મમાં છે; કારણ કે સાક્ષાત્ અને પરંપરાના ભેદે કરીને, ધર્મ ચતુર્વર્ગને (ધર્મ, અર્થ, કામ અને મોક્ષને) પણ સિદ્ધ કરે છે. ગોચારણરૂપ ધર્મ કરતાં કરતાં વસંતના અધિપતિ ભગવાને વેણુકૂજન કર્યું. તેથી સાક્ષાત્ અને પરંપરાએ ચતુર્વર્ગને સિદ્ધ કરનાર ભગવત્સંબંધી ગોચારણરૂપ ધર્મ કરીને, લોક અને રસના પરસ્પર સર્વ વિરોધનુ સમાધાન કરીને, ધર્મ વિગેરે ચારે પુરુષાર્થનું સંપાદન કરી દીધું.

૩. ગોપ ક્રિયાશક્તિરૂપ છે, કારણ કે અંતરંગ કાર્યને માટે પ્રભુએ ક્રિયાશક્તિ તેમનામાં સ્થાપેલી છે; અને જ્ઞાનશક્તિરૂપ બલદેવ પ્રતિબંધની નિવૃત્તિ માટે છે. જો કે ક્રિયાશક્તિનું સ્થાપન પણ બલદેવજીમાં છે. તથાપિ અંતરંગ લીલામાં બલદેવજીનો તેટલો અધિકાર નહિ હોવાથી, અહિં તેમનામાં માત્ર જ્ઞાનશક્તિનું જ સ્થાપન કહ્યું. ગોચારણરૂપ ધર્મમાં ક્રિયાશક્તિસહિત પશુપાલ ગોપોનો અને જ્ઞાનશક્તિ સહિત બલદેવજીનો પણ સહભાવ સાર્થક છે. ગોચારણ વિગેરે ક્રિયામાં અંતરંગ કાર્યને માટે ગોપનો ઉપયોગ છે, અને પ્રતિબંધક આસુર સંપત્તિની

દેવતાનો ઉદ્‌બોધ કરવાને[4] વેણુનાદ કર્યો. જાગૃત થએલી દેવતા, જો સામગ્રી હોય નહિ તો રમણ કરી શકતી નથી, તેથી ભગવાન્ મધુપતિ[5] છે, (સર્વ સામગ્રીસહિત છે), એમ નિરૂપણ કર્યું. વિભાવો વિગેરેનું નિરૂપણ કરે છે, કે કુસુમિત (ખીલેલાં પુષ્પ છે એવી) થએલી છે વનની પંક્તિઓ જેમાં, તેનાથી મત્ત થએલા છે ભ્રમર અને પક્ષીઓ, તેનાં જુદાં જુદાં ટોળાંઓથી સેવાએલાં છે, નદીઓ સરોવરો અને પર્વતો જેમાં[6], એવા વનમાં પ્રવેશ કર્યો. આવા પ્રકારનું વન જોઈને, તેમાં પ્રવેશ કરીને, તેમાં રહેલી ત્રણ પ્રકારની દેવતાની જાગૃતી માટે કેવલ શૃંગારને[7] માટે જ કૂજન કર્યું. ૨.

સુબોધિની– એ પ્રમાણે ઉદ્‌બોધન કહીને, તેમની સાથે રમણ થતાં

---

નિવૃત્તિપૂર્વક ભક્તોની સાથે સ્વચ્છંદ લીલાપ્રસંગમાં અને ભક્તરક્ષામાં બલદેવજીનો વિનિયોગ છે. આ પ્રમાણે ભગવાનની ક્રિયાશક્તિવાળા પશુપાલના અને ભગવાનની જ્ઞાનશક્તિવાળા બલદેવજીના સહભાવથી મધુપતિ ભગવાનનું 'યઃ સર્વજ્ઞઃ સર્વશક્તિઃ' એ શ્રુતિમાં કહેલું સર્વશક્તિપણું પણ સ્પષ્ટ થયું. અર્થાત્ પરબ્રહ્મમાં ક્રીડાને માટે ક્રિયા અને જ્ઞાનશક્તિ સર્વદા જ અપેક્ષિત છે, એમ સ્પષ્ટ થયું. જો એમ ન હોય તો સર્વધર્મવાળા સર્વશક્તિવાળા સરસ શૃંગારાત્મા મધુપતિ ભગવાનના નિર્ધર્મકપણાના અને અકર્તૃત્વાદિ વિવર્તથી ( છીપમાં રૂપું દેખાય, તેમ બ્રહ્મની અંદર જગત્ દેખાય, તે વિવર્ત કહેવાય.) તો રસનિષ્પત્તિમાં જ વિપ્લવ (ગોટાળો) થઈ જાય.

૪. સરોવરના, નદીના અને પર્વતની નિકટમાં વસતી ત્રણ પ્રકારની દેવતા–વનસુંદરીના ઉદ્‌બોધન માટે મધુપતિ ભગવાને અસ્પષ્ટ વેણુકૂજન કર્યું; વેણુનાદ પણ કર્યો. ઈચ્છિત કાર્યને માટે બોધકનું સ્થાપન, તે જ ઉદ્‌બોધન.

૫. દેવતાનો ઉદ્‌બોધ થાય તો પણ રસરૂપ સામગ્રીનો નાયકમાં અભાવ હોય, તો ઉદ્‌ભુત થએલી દેવતાની પણ ત્યાં રતિ સિદ્ધ થાય નહિ. આ દૂર કરવાને ભગવાનનું નામ સરસ શૃંગારાત્મા મધુપતિ એમ કહ્યું.

૬. કુસુમિત થએલી જે વનરાજી, તેથી કરીને મત્ત થએલા ભ્રમર, અને જુદી જુદી જાતનાં પક્ષીઓ ઉભરાઈ જાય છે, એવાં સરોવર, નદીઓ અને પર્વત છે, તેવા વનમાં લીલા કરવાને માટે અવગાહન કરીને, સરોવર નદી અને પર્વતમાં રહેલી ત્રણ પ્રકારની વનસુંદરીના ઉદ્‌બોધનને માટે; કેવલ શૃંગારરસને માટે જ વેણુકૂજન કર્યું. આ સર્વ નિરૂપણ વિભાવ વિગેરેનું થયું.

૭. મધુપતિ ભગવાનના કૂજનથી રસાત્મક–પ્રેમાત્મક શૃંગારરસનું ઉદ્‌બોધન સર્વથા યુક્ત જ છે. કેવલ અને ધર્મસહિત, એમ બે પ્રકારના શૃંગારરસમાં પણ કૂજનનું કથન કેવલ ( વિપ્રયોગ શૃંગારરસ તે જ કેવલ શૃંગારરસ, જે નાટ્યમાં પ્રસિદ્ધ છે. ધર્મસહિત સર્વ સામગ્રીયુક્ત સંયોગ શૃંગારરસ તો સંભોગદશામાં અનુભવાય છે.) શૃંગારરસની (વિપ્રયોગ શૃંગારરસની) નિષ્પત્તિને માટે છે. ધર્મસહિત સર્વ ગુણ અને લીલાથી વિશિષ્ટ સ્વરૂપનો અનુભવ કરાવનાર કાંઈ કૂજન નથી; પરંતુ તે તો સુધાસંવલિત નાદ જ કરે છે; અને તે બાબત 'બર્હાપીડમ્' અથવા 'અક્ષણ્વતામ્' શ્લોકમાં સ્પષ્ટ કહેવામાં આવશે.

કૂજીત વડે કરીને, કામિનીઓના કામનો ઉદ્‌બોધ થતાં વ્રજસ્ત્રીઓનો કામ પણ જાગૃત થયો. પછી કામને વશ થઈને ભગવાનને જાગૃત કરવાને માટે પોતાની સખીઓની આગળ એટલે પોતાના સમાન શીલ, વ્યસન વિગેરે જેમનાં છે તેમની આગળ તેના ગુણોનું વર્ણન કરવાને માટે આરંભ કર્યો, તે 'તદ્ વ્રજસ્ત્રિયઃ' એ શ્લોકથી કહે છે[1]:

**તદ્ વ્રજસ્ત્રિય આશ્રુત્ય વેણુગીતં સ્મરોદયમ્ ।।**
**કાશ્ચિત્ પરોક્ષં કૃષ્ણસ્ય સ્વસખીભ્યોન્વવર્ણયન્ ।।૩।।**

વ્રજસ્ત્રીઓએ તે સ્મરનો ઉદય કરનાર વેણુગીતનું સર્વ પ્રકારે શ્રવણ કરીને કેટલાંક ગોપીજને કૃષ્ણની પરોક્ષમાં પોતાનાં સખીજન આગળ વર્ણન કર્યું. ૩.

સુબોધિનીજી– આધિદૈવિક કૂજન હોવાથી બહુ સારી રીતે શ્રવણ કર્યું; નહિ તો વનમાં થએલો વેણુનાદ વ્રજમાં રહેલાં ગોપીજનો કેમ શ્રવણ કરી શકે ?[2] જેમ સર્વ દેવો જાગૃત થયા તેમ કામદેવ પણ જાગૃત થયો, કારણ કે નાદ ઉદ્દીપનવિભાવ છે[3]. એ વ્રજસ્ત્રીઓમાં કેટલાંક કામથી મૂર્છિત જ થઈ ગયાં, વળી

૧. વિવેચન– આ પ્રકારે પહેલા શ્લોકમાં ભગવાને કરેલા વૃંદાવનપ્રવેશનું અને બીજા શ્લોકમાં ભગવાને કરેલા દેવતાઓના ઉદ્‌બોધનનું વર્ણન કરીને, ત્રીજા શ્લોકમાં શ્રીશુકદેવજી વ્રજસુંદરીઓએ કરેલા ભગવદ્‌ગુણગાનના વર્ણનનો આરંભ કહે છે. શ્રીવનસુંદરીઓની સાથે ભગવાને કરેલા રમણના પ્રસંગમાં શ્રીવ્રજસુંદરીનો પણ કામ એટલે અભિલાષા, રતિ અથવા પ્રેમ, ઉદ્‌બુદ્ધ થઈ ગયો. ઉદ્‌બુદ્ધ પ્રેમ તે જ આસક્તિ હોવાથી વ્રજભક્તની પણ આસક્તિ પ્રકટ થઈ. પ્રભુએ વેણુકૂજન દ્વારા શ્રીવનસુંદરીના શૃંગારરસનું મુખ્ય, અને વ્રજસુંદરીના શૃંગારરસનું તો પ્રાસંગિક જ ઉદ્‌બોધન કર્યું. ભગવાને કરેલા વેણુકૂજનથી કામિનીના કામનું ઉદ્‌બોધન થાય છે, તેથી પ્રસંગને લઈને કૂજન દ્વારા શ્રીવ્રજસુંદરીની પણ ઉત્કંઠા પ્રકટ થઈ. શબ્દથી કામને જાગૃત કરીને શ્રીવ્રજસુંદરીઓએ પણ 'અંતઃપ્રવિષ્ટો ભગવાન્' એ કારિકામાં કહેલા પ્રકારની માફક, પોતાના હૃદયમાં બિરાજતા ભગવાનના વર્ણન દ્વારા શબ્દથી જ બહાર ઉદ્‌બોધ કરવાને (જેમ ભગવાને વેણુનાદ કરીને વ્રજસ્ત્રીઓનો ઉદ્‌બોધ કર્યો તેમ) ગુણગાને કરીને વ્રજસ્ત્રીઓએ ભગવાનનો ઉદ્‌બોધ કરવો જોઈએ; તેથી (ભગવાનમાં અને ભક્તમાં બંનેમાં શબ્દ જ ઉદ્‌બોધક છે તેથી) પોતાના સમાન શીલ અને વ્યસન જેમનાં છે, એવાં પોતાનાં સખીજનના આગળ ભગવદ્‌ગુણના વર્ણનનો પ્રારંભ કર્યો, એ પ્રસંગ શ્રીશુકદેવજી ત્રીજા શ્લોકમાં કહે છે.

૨. વિવેચન – પ્રભુએ વૃંદાવનમાં પ્રવેશ કરીને પ્રથમ અસ્પષ્ટ વેણુકૂજન કર્યું; પછી વેણુ દ્વારા લીલાવિશિષ્ટ સ્પષ્ટ અર્થવાળા રસનિરૂપક સ્વરૂપનું ગાન કર્યું. જો વેણુનાદ આધિદૈવિક ન હોય તો વેણુનાદનું સર્વ પ્રકારે શ્રવણ વ્રજમાં રહેલાં શ્રીગોપીજન કેવી રીતે કરે ? વળી આ વેણુનાદનું શ્રવણ પણ કેવલ વ્રજમાં રહેલાં શ્રીગોપીજન જ કરી શક્યાં, બીજાઓ નહિ, તેથી વેણુનાદ આધિદૈવિક છે, એમ સિદ્ધ થઈ જાય છે.

૩. ભગવાન્ જે જે કાર્ય કરે છે, તેમાં પ્રયોજન હોય છે જ, જીવની માફક પ્રયોજન વિનાનું

કેટલાંકને કૃપા વડે ભગવાનનો હૃદયમાં સંગ પ્રાપ્ત થયો, તેમણે તેવો સંગ થયા પછી કૃષ્ણની પરોક્ષમાં રહેલાં પોતાના સમાન શીલ અને વ્યસનવાળાં સખીજન આગળ વર્ણન કર્યું [૪]. ૩.

---

વ્યર્થ કામ ભગવાન્ કરતા નથી. રમણને માટે ભાવને ઉદ્દીપ્ત કરવો, એ જ કૂજનનું પ્રયોજન હોવાથી, જેમની સાથે ભગવાનને રમણની ઈચ્છા જ નથી, તેઓ પણ જો શ્રવણ કરે તો તે ભગવાને કરાવેલું શ્રવણ પ્રયોજન વિનાનું થઈ જાય, તે યોગ્ય નથી. કેટલાક કહે છે કે 'શ્રવણ તો સર્વેએ જ કર્યું, પરંતુ રતિ-સ્થાયીભાવ વ્રજમાં રહેલાં શ્રીગોપીજનમાં જ હોવાથી, તેમના જ ભાવનું ઉદ્દીપન થયું, અને બીજાને થયું નહિ', એ મત દોષવાળો છે; કેમકે સર્વજ્ઞ ભગવાન્ જીવની માફક પ્રયોજન વિનાનું કાર્ય કરતા નથી. વળી વેણુનાદ શુષ્ક-લુખ્ખો નાદમાત્ર જ નથી, વસ્તુતઃ તો તે વેણુનાદ સુધાસંવલિત (સુધામિશ્રિત) છે; વેણુનાદમાં સુધાની નિષ્ઠા છે. જો એમ ન માનીએ તો 'વેણુનાદ નિષ્ઠા-સુધા પોતાના પ્રવેશમાત્રથી જ ભગવદીયપણું સંપાદન કરી આપે છે.' એ ભગવદીયપણું પ્રાપ્ત કરાવવારૂપ સુધાના સ્વભાવની હાનિનો પ્રસંગ આવે. આ કારણને લીધે, 'શ્રવણ તો સર્વેએ જ કર્યું પણ જેમને વિષે રતિરૂપ સ્થાયી-ભાવ છે તેમના જ ભાવનું ઉદ્દીપન થયું' આ પ્રકારના પ્રયોજન વિનાના જીવતુલ્યતા સંપાદન કરનાર પક્ષનો પરીત્યાગ કરીને, પોતાના પ્રવેશમાત્રથી જ વેણુનાદમાં રહેલી સુધાનો ભગવદીયપણું સંપાદન કરવારૂપ સ્વભાવ લક્ષમાં રાખીને, ભગવાનનો ઉત્કર્ષ જેમાં સિદ્ધ થાય, એવા સપ્રયોજનવાળા સિદ્ધાંતનો જ આદર કરવો. જે ભક્તો સ્વામિનીભાવવાળા છે, અને જેમને દૂરથી પણ શ્રવણ કરાવવાની ભગવાનની ઈચ્છા છે, તેમને વિષે જ ભગવાને વેણુકૂજનના શ્રવણની સિદ્ધિ સ્થાપી, એટલે તેમને જ શ્રવણ થયું. કારણ કે ભાવનું ઉદ્દીપન કરવું, તે તો કૂજનનો સ્વભાવ જ છે. જીવની કૃતિ કરતાં ભગવાનની કૃતિનો આ પ્રકારે સનાતન ઉત્કર્ષ, વેણુકૂજનનું આધિદૈવિકત્વ સારી રીતે સિદ્ધ કરે છે. વેણુકૂજનના જેઓ અધિકારી છે, અને જેમને ભગવાને સ્વામિનીભાવે અંગીકાર કરેલા છે, તેઓ દૂરથી પણ ભગવાનના સ્વરૂપનું દર્શન અને વેણુનાદનું શ્રવણ કરી શકે; જેમને તે અધિકાર નથી, તેઓ સમીપમાં પણ દર્શન, શ્રવણ વિગેરે ન જ કરી શકે. એ વિલક્ષણતા સકારણ છે, ફલ સમર્પક છે, અને આધિદૈવિક-તામાં સર્વથા યોગ્ય છે. તેનું નિરૂપણ ધન્યવાદને યોગ્ય છે. ભગવાને કરેલા ઉદ્દીપનવિભાવરૂપ વેણુકૂજનથી સર્વ લીલોપયોગી વ્રજસીમંતિની વિગેરે દેવતાઓનો ઉદ્‌બોધ થયો, તેમ સ્મર (કામદેવ)નો પણ ઉદ્‌બોધ થયો; કારણ કે આધિદૈવિક સ્મર પણ લીલોપયોગી દેવતા છે. ઉદ્‌બોધ, ઉદય અને ઉત્થાન, એ સર્વ પદનો અર્થ એ જ કે પોતાનો સેવાનો સમય આવ્યો, એમ સમજીને સેવાને માટે સાવધાન થવું તે. પોતાનો સેવાનો સમય આવ્યો તેથી લીલોપયોગી વ્રજસીમંતિની વિગેરે સર્વ સાવધાન થઈ ગયાં, તેમ જ આધિદૈવિક સ્મર(કામ) પણ ત્યાંના ભક્તસમાજના માન, પરિહાર વિગેરે કાર્યને માટે તે સમાજની માનસી ઉત્કંઠા જાગૃત કરીને, પોતાની સેવામાં સાવધાન થઈ ગયો. નાદ ઉદ્દીપનવિભાવ છે, તેથી નાદથી સ્મરનો ઉદય થાય તે યુક્ત છે.

૪. વેણુનાદનું શ્રવણ કરનાર શ્રીવ્રજસીમંતિનીમાં પણ કોઈક તો સ્મરના ઉદયથી મૂર્છિત થઈ ગયાં, તો પણ ફરીથી ભગવાનના ગીતનું શ્રવણ કરીને કૃપાથી કોઈકને અંતઃસ્થિત ભગવાનનો હૃદયમાં સમાગમ પણ પ્રાપ્ત થયો. જેમને મૂર્છા થઈ તેમને તો વ્યભિચારીભાવરૂપ અજ્ઞાન જ

રહ્યું; તેથી તેમનાથી ભગવદ્ગુણનું વર્ણન ન જ થઈ શક્યું; પરંતુ ગીત શ્રવણ કર્યા પછી જેમને ભગવત્કૃપાથી પ્રભુનો હૃદયમાં સંગ પ્રાપ્ત થયો, તેમણે તેવા સંગથી પ્રભુની પરોક્ષમાં પોતાના સમાન શીલ અને વ્યસનવાળાં સખીજન આગળ જ વર્ણન કર્યું. આ પ્રકારે વેણુગીત શ્રવણ કરનારાંઓમાં પણ જેઓ મૂર્છિત થયાં તે, અને જેઓ વર્ણન કરી શક્યાં તે, એમ બે ભેદ છે, અને તે રસના પોષક જ છે. ગીતનું શ્રવણ કર્યા પછી મૂર્છા ન થતાં આંતર ભગવત્સંગ થાય, અને પોતાની સખીઓ આગળ વર્ણન કરી શકાય, એ પણ ભગવત્કૃપા વિના થતું નથી. તેથી સર્વ શ્રવણ કરનાર ગોપીજનોએ વર્ણનનો આરંભ ન કર્યો, પણ જે ખાસ કૃપાપાત્ર હતાં તેવાં કોઈક જ વ્રજસીમંતિનીએ 'અક્ષણ્વતામ્' વિગેરે તેર શ્લોકથી વર્ણનની શરૂઆત કરી. અહિં આ સમજવાનું છે–'અક્ષણ્વતામ્' વિગેરે તેર શ્લોકથી વર્ણન, ત્રીજા શ્લોકની સમાપ્તિમાં 'અન્વવર્ણયન્' પદથી શ્રીશુકદેવજીએ કહ્યું, પછી તે ગોપીજને કયે પ્રકારે વર્ણન કર્યું ? એમ વર્ણન પ્રકારની જીજ્ઞાસા થતાં, શ્રીશુકદેવજીએ 'તદ્ વર્ણયિતુમારબ્ધાઃ' એમ ચોથા શ્લોકમાં આરંભદશામાં સ્મરના વેગથી થએલો પ્રતિબંધ કહ્યો. આ પ્રતિબંધ નિવૃત્ત કરવાનું સામર્થ્ય નિઃસાધન ગોપીજનમાં નથી, તેથી 'બર્હાપીડમ્' વિગેરે પાંચમા શ્લોકમાં કહેલા ગુણલીલા–વિશિષ્ટ નિજ સ્વરૂપથી ભગવાને તે પ્રતિબંધ નિવૃત્ત કર્યો, અને વેણુરવની સુધા દ્વારા ભગવદ્ગુણનું વર્ણન કરવાની શક્તિનું દાન ગોપીજનને કર્યું. આમાં કહેલું 'બર્હાપીડમ્' પદ ઉદ્બુદ્ધ શૃંગારરસરૂપ, 'નટવરવપુઃ' પદમાં કહેલા વિપ્રયોગ શૃંગારરસરૂપ, અને સંયોગ શૃંગારરસરૂપ, એમ દ્વિદલવિશિષ્ટ, 'કર્ણયોઃ કર્ણિકારમ્' પદમાં કહેલા શૃંગારરસમધ્યપાતી ઉચ્છલિત રસભાવવાળા, 'વાસઃ કનકકપિશમ્' પદમાં કહેલા ગોપ્યરસવાળા, 'વૈજયંતીઞ્ચ માલામ્' પદમાં કહેલા વૈજયંતીમાલા અને વનમાલાવાળા શૃંગારરસમાં ઉપયોગી સર્વરસ સંબંધી યશને જણાવનાર, અને 'રંધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્' પદમાં કહેલા ભોગ્યત્વ સૂચિત નિગૂઢ પુષ્ટિમાર્ગના તત્ત્વરૂપ સ્ત્રીભાવ, અને તે સ્ત્રીભાવથી સૂચિત ભક્તવશ્ય, આવા આવા શુદ્ધપુષ્ટિમાર્ગીય રસસ્વરૂપનું બોધન વેણુરવે કર્યું, ત્યારે ગોપીજનમાં નાદનો પ્રવેશ કર્ણ દ્વારા થયો, અને નાદમાં રહેલી સુધાના સંબંધથી તેમના દેહમાં, ઈન્દ્રિયમાં, પ્રાણમાં, અંતઃકરણમાં અને જીવમાં પણ શુદ્ધપુષ્ટિમાર્ગીય રસાત્મક સ્વરૂપનો પૂર્ણ પ્રાદુર્ભાવ થયો. આ સર્વ પાંચમા શ્લોકમાં કહીને ગાનના પ્રતિબંધને દૂર કરવાને અલૌકિક સામર્થ્યનું દાન શ્રીશુકદેવજીએ પ્રતિપાદન કર્યું. આમાં 'વૃંદારણ્યં પ્રાવિશત્' પદથી શ્રીશુકદેવજીએ પ્રભુના વૃંદાવનપ્રવેશનું કથન કર્યું. ત્યાં પણ 'વૃંદાવન' પદથી શ્રીગોપીજનના હૃદયનો બોધ પણ થઈ રહે છે, કારણ કે એમનાં હૃદય વૃંદાવનરૂપ જ છે, અને 'વૃંદાવનં સખિ ભુવો વિતનોતિ કીર્તિમ્' એ દશમા શ્લોકના વ્યાખ્યાનમાં વૃંદાવનનું યથાર્થ સ્વરૂપ તે જ પ્રકારે વર્ણન કરવામાં આવશે. આ પ્રકારે સુધાસંવલિત વેણનાદ દ્વારા શુદ્ધપુષ્ટિમાર્ગીય સુધાના રસાત્મક ભગવત્સ્વરૂપનો પ્રવેશ નિઃસાધન ગોપીજનના હૃદયમાં થયો, પછી તે વેણુનાદમાં રહેલી સુધાના પ્રતિક્ષણ વધવાથી, તેના ઉદ્ગારરૂપ વર્ણન થયું, તે 'ઈતિ વેણુરવમ્ રાજન્' એ છઠ્ઠા શ્લોકમાં કહ્યું. આ પ્રકારના સમન્વયથી સિદ્ધ થઈ રહે છે, કે 'સ્વસખીભ્યોન્વવર્ણયન્'માં જે અનુવર્ણન કહ્યું, તે વર્ણનના પ્રકારની જિજ્ઞાસા થતાં ચોથા 'તદ્ વર્ણયિતુમારબ્ધાઃ' શ્લોકમાં વર્ણનના આરંભમાં પ્રતિબંધ કહીને, પાંચમા 'બર્હાપીડમ્' શ્લોકમાં નિઃસાધન વ્રજભક્તના પ્રતિબંધની નિવૃત્તિ પૂર્વક વર્ણનશક્તિ આપનાર ગુણલીલાવિશિષ્ટ ઉદ્ભુત શૃંગારરસરૂપ સ્વરૂપાત્મક વેણુનાદનું

સુબોધિનીજી– તેમને પણ વળી કામનો ઉદ્‌બોધ થતાં વિશેષ વર્ણન કરવાની શક્તિ રહી નહિ, તે 'તદ્ વર્ણયિતુમ્' એ શ્લોકથી કહે છે[1]:

**તદ્ વર્ણયિતુમારબ્ધાઃ સ્મરન્ત્યઃ કૃષ્ણચેષ્ટિતમ્ ।।**
**નાશકન્ સ્મરવેગેન વિક્ષિપ્તમનસો નૃપ ।।૪।।**

તેનું વર્ણન કરવાનો આરંભ કર્યો, પણ હે રાજા! કૃષ્ણની લીલાનું સ્મરણ કરતાં સ્મર–કામના વેગથી તેમનાં ચિત્ત વિક્ષિપ્ત થઈ ગયાં, અને વર્ણન કરી શક્યાં નહિ. ૪.

સુબોધિનીજી– પોતે અનુભવ કરેલું તે ભગવાનનું રૂપ અથવા વેણુગીત કાર્યથી, કારણથી, ફલથી અને સ્વરૂપથી વર્ણન કરવાને આરંભ કર્યો, પછી વચમાં વર્ણન કરવાને માટે કૃષ્ણની લીલાનું સ્મરણ થયું, ત્યારે તે સ્મરણથી થએલા કામને લીધે જે વેગ અથવા ચિત્તની ચંચળતા ઉત્પન્ન થઈ, તેને લીધે તેમનાં મન વિક્ષિપ્ત (આકુળવ્યાકુળ) થઈ ગયાં. શ્લોકમાં 'રાજા', એમ સંબોધન મૂક્યું છે, તે રાજા તરીકે ધર્મવાન્ છે; તેથી તેનું જીતેન્દ્રિયપણું સૂચવ્યું[2]. ૪.

---

વર્ણન કરીને, છઠ્ઠા શ્લોકમાં 'ઇતિ વેણુરવમ્' પદથી વર્ણનનું સમર્થન શ્રીશુકદેવજીએ કર્યું.

૧. વિવેચન – આ પ્રકારે ત્રીજા શ્લોકમાં કામદેવને ઉદ્દીપન કરનાર વેણુગીતનું ગોપીજનને કરેલું 'શ્રવણ' કહ્યું, અને તેમનામાંથી પણ કોઈક જ વર્ણનનો આરંભ કરી શક્યાં એમ કહ્યું. જે ગોપીજન મૂર્છિત થયાં હતાં તેમને તો પ્રથમથી જ વર્ણનની શક્તિ ન હતી, પરંતુ વિશેષ કૃપાથી જેમને મૂર્છા થઈ ન હતી, અને હૃદયમાં ભગવત્સંબંધ પ્રાપ્ત થયો હતો, અને જેમણે વર્ણનનો પ્રારંભ કર્યો હતો, તેમને પણ ભગવલ્લીલાના સ્મરણથી ફરીથી કામનો ઉદ્‌બોધ થયો. ભગવાનના વેણુકૂજનથી અને વેણુગીતથી કામનો પહેલાં ઉદ્‌બોધ તો આરંભમાં જ થયો હતો, તેમાં પણ વર્ણનને માટે કૃષ્ણલીલાની કરેલી સ્મૃતિથી ફરીથી વિશેષ રીતે કામનો ઉદ્‌બોધ થયો; તેથી તેમની પણ વિશેષતઃ વર્ણન કરવાની શક્તિ રહી નહિ, એ પ્રસંગ શ્રીશુકદેવજી કહે છે.

૨. વિવેચન– લીલામાં પોતે અનુભવ કરેલા ભગવત્સ્વરૂપનું અથવા વેણુગીતના ભગવત્સ્વરૂપ નું વર્ણન ચાર રીતે નિરૂપણ કરવાનો આરંભ કર્યો. (૧) કાર્યથી; (૨) કારણથી, (૩) ફલથી અને (૪) સ્વરૂપથી. શ્રીગોપીજને લીલામાં અનુભવેલા ભગવત્સ્વરૂપનું; અથવા શ્રીવનસુંદરી ની સાથે લીલા કરનાર અને પ્રભુએ જ શ્રીગોપીજનને ઉદ્‌બોધ કરવાને વેણુ દ્વારા ગાએલા ભગવત્સ્વરૂપનું, અથવા ચાલતા વેણુગીતરૂપ ભગવત્સ્વરૂપનું વર્ણન, આલિંગન વિગેરે કાર્યથી, ભગવદ્‌ભાવના ઉદ્‌બોધરૂપ કારણથી, સ્વરૂપાનંદના સ્થાપનરૂપ ફલથી, અને વિવૃત (પ્રકટ) અવયવત્વ વિગેરે સ્વરૂપથી, એ ચાર પ્રકારે નિરૂપણ કરવાનું શરૂ કર્યું. તેમાં વચમાં કૃષ્ણની લીલાનું સ્મરણ વર્ણન કરવાને માટે થયું, અને તેથી કામ ઉદ્દીપ્ત થયો; તેથી ચિત્તચાંચલ્યરૂપ વેગ પ્રકટ થયો અને તેથી વર્ણન કરનાર ગોપીજનનાં મન વિક્ષિપ્ત થઈ ગયાં. જ્યારે એ પ્રતિબંધ નિવૃત્ત થયો ત્યારે ચારે પ્રકારે વેણુગીતનું વર્ણન થયું. એ વર્ણનમાં 'વૃંદાવનં સખિ' એ શ્લોકમાં કાર્યથી વેણુગીતનું નિરૂપણ છે, 'અક્ષણ્વતાં ફલમ્' એ શ્લોકમાં કારણથી છે; કારણ કે વેણુગીતનું કારણ ભગવાનનું મુખારવિંદ છે, અને તેનું નિરૂપણ આ શ્લોકમાં છે.

સુબોધિનીજી– તે વ્રજસ્ત્રીઓથી જેનું વર્ણન થઈ શક્યું નહિ. તે તેમની અશક્તિ જણાવવાને માટે શ્રીશુકદેવજી પોતે જ 'બર્હાપીડમ્' એ પાંચમા શ્લોકથી વર્ણન કરે છે:

**બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં**
**બિભ્રદ્ વાસઃ કનકકપિશં વૈજયન્તીં ચ માલામ્ ।।**
**રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈઃ**
**વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ ।।૫।।**

મયૂરપિચ્છના મુકુટને ધારણ કરનાર, નટરૂપ અને વરરૂપ શ્રીઅંગને ધારણ કરનાર બંને કર્ણમાં કર્ણિકાર પુષ્પને ધારણ કરનાર, સુવર્ણના જેવા પીળા વસ્ત્રને ધારણ કરનાર અને વૈજયંતી માલાને ધારણ કરનાર, અધરસુધાથી વેણુના છિદ્રને પૂરતા, અને જેમની કીર્તિ ગવાઈ રહી છે, એવા પ્રભુએ ગોપના ટોળાંની સાથે પોતાના ચરણથી રમણરૂપ થઈ રહેલા વૃંદાવનમાં પ્રવેશ કર્યો. ૫.

## શ્રીગુસાંઈજીનો પ્રથમ સ્વતંત્ર લેખઃ

શંકા– અહિં એમ શંકા થાય છે કે આ પાંચમા શ્લોક 'બર્હાપીડમ્'નો સંબંધ જ આગલા તેમ પાછલા શ્લોકો સાથે નથી. ચોથા શ્લોકમાં 'વર્ણયિતું નાશકન્' (વર્ણન કરી શક્યાં નહિ,) એ પદથી વર્ણનની અશક્તિ કહીને, પાંચમા શ્લોકમાં 'વૃંદારણ્યં પ્રાવિશત્'થી વૃંદાવનમાં પ્રવેશ કહીને, છઠ્ઠા શ્લોકમાં 'ઈતિ વેણુરવમ્' વિગેરે પદથી વેણુરવનું શ્રવણ કરીને, વર્ણનનો આરંભ કર્યો, એમ શ્રીશુકદેવજી કહે છે. અહિં વચ્ચેના પાંચમા શ્લોકમાં કહેલો વૃંદાવનપ્રવેશ, તે ચોથા શ્લોકમાં કહેલી વર્ણનની અશક્તિનું કાર્ય નથી, તેમ જ છઠ્ઠા શ્લોકમાં કહેલા વર્ણનના આરંભનું કારણ પણ નથી; તેથી વચમાં આ પાંચમો શ્લોક સંબંધ વિનાનો છે, અને તેની કાર્યકારણના અભાવરૂપ અંસગતિ સ્પષ્ટ છે; અથવા જો સ્મરનો વેગ અને તેનું કારણ, કૃષ્ણની ચેષ્ટાનું સ્મરણ વર્ણનની અશક્તિમાં હેતુરૂપ હોય, તો તે સ્મરણ પાંચમા શ્લોકથી આગળ જતાં પણ આવશ્યક હોવાથી અશક્તિ ચાલુ જ છે; પાંચમા શ્લોક પછી પણ ચાલુ રહેતી કૃષ્ણચેષ્ટાની સ્મૃતિને લીધે જ અશક્તિ ચાલુ જ છે, તો પણ શ્રીગોપીજન વર્ણન કરી શક્યાં, તેથી આ શ્લોકની અસંગતિ સ્પષ્ટ જ છે.

આ અસંગતિનું સમાધાન– આ અધ્યાયના પહેલા શ્લોકમાં 'ન્યવિશત્' પદથી પ્રવેશમાત્ર કહ્યો, પણ પ્રવેશ પછી ઈચ્છિત કાર્ય (કર્મ) ભગવલ્લીલાનું કથન કર્યું નથી; તેથી 'ન્યવિશત્'ના કાર્ય (કર્મ) તરીકે, આ ચાલતા પાંચમા શ્લોકની સંગતિ છે. બીજા શ્લોકમાં 'ચુકૂજ વેણુમ્' પદથી વેણુકૂજન કહ્યું, પછી ત્રીજા શ્લોકમાં શ્રીગોપીજને તે કૂજનનું શ્રવણ કર્યું, એ 'તદ્ વ્રજસ્રિય આશ્રુત્ય' પદથી કહ્યું. તેથી કૂજનના સ્વભાવ માત્રથી શ્રીગોપીજનનો

---

'ગોપ્યઃ કિમ્' શ્લોકમાં સ્વરૂપથી છે, અને 'ગા ગોપકૈઃ' શ્લોકમાં ફલથી નિરૂપણ છે. સ્મરના વેગથી ચિત્ત ચંચલ થતાં, શ્રીગોપીજન આ પ્રકારે વિક્ષિપ્ત મનવાળાં થઈ ગયાં, પણ હે પરીક્ષિત ! તું તો ધર્મવાન્ છે, જીતેન્દ્રિય છે અને ધીર છે; રાજા હોવાથી આ રસનું તને જ્ઞાન નથી.

ભાવ ઉદ્દીપ્ત થયો, એમ પ્રાપ્ત થાય છે, ત્યાર પછી આગળના વર્ણન વિગેરે કાર્યને 'પ્રિયતમ ભગવાને લીલાવિશિષ્ટ સ્વરૂપનું વેણુ દ્વારા (કૂજનથી જુદું) ગાન કર્યું, તેનું પણ શ્રવણ શ્રીગોપીજને કર્યું,' એમ ત્રીજા શ્લોકમાં કહેલા 'વેણુગીતમ્' પદથી સ્પષ્ટ જણાય છે, તેથી ત્રીજા શ્લોકમાંના 'આશ્રુત્ય-શ્રવણ કરીને' પદથી કૂજનના અને વેણુગીતના ભેદથી આવૃત્તિ સમજવી. કૂજનનો અને નાદનો આ ભેદ 'આશ્રુત્ય' પદની આવૃત્તિમાં બીજ (કારણ) રૂપ છે, તેથી શ્રીગોપીજને પ્રથમ પ્રભુએ કરેલા કૂજનનું શ્રવણ કર્યું અને પછી સ્મરને ઉદ્દીપ્ત કરનાર વેણુગીતનું પણ શ્રવણ કર્યું, એમ પ્રાપ્ત થાય છે. બીજા શ્લોકમાં તો 'જગૌ' પદ નથી, માત્ર 'ચુકૂજ' પદ છે, તો પણ ત્રીજા શ્લોકમાં 'આશ્રુત્ય વેણુગીતમ્' પદમાં 'ગીતમ્' પદ કેમ કહ્યું ? એ શંકાનો પણ પરિહાર 'આશ્રુત્ય' પદની આવૃત્તિથી થઈ જાય છે. ત્રીજા શ્લોકમાં 'તત્' પદથી બીજા શ્લોકના કૂજનનો અનુવાદ કરીને પછી 'વેણુગીતને બરાબર સાંભળીને સ્મરનો ઉદય થયો.' એમ વિશેષતા કહી; તેથી ભગવાને કરેલી બીજી ગાનરૂપ ક્રિયા પણ સમજી જ લેવી. પ્રથમ કૂજનક્રિયાથી જે કામનો ઉદય થયો તે તો પ્રાસંગિક માત્ર છે, પરંતુ બીજી ગાનક્રિયાથી જે કામનો ઉદય થયો, તે તો વસ્તુતઃ ખાસ ઉદ્દેશ જ છે. વેણુકૂજન કર્યા પછી કામનો ઉદય થાય, એ ઉદ્દેશથી જ ભગવાને આ બીજી ગાનની ક્રિયા કરી છે. કૂજનથી ગાન ભિન્ન છે. ગાન અથવા ગીત સ્પષ્ટ અર્થવાળું અને રસનિરૂપક હોય છે; કૂજન તેવું હોતું નથી. ગીતના શ્રવણથી લીલા વિશિષ્ટ ભગવત્સ્વરૂપનો શાબ્દિક અનુભવ હૃદયમાં થયો, અને તેથી જ શાબ્દિક અનુભવ પછી ભગવાનની ચેષ્ટાના અનુભવથી ચેષ્ટાનું સ્મરણ થયું એમ કહ્યું, કારણ કે સ્મરણકાલે કાંઈ અપરોક્ષ (પ્રત્યક્ષ) અનુભવ ન હતો. ભગવાનના ચેષ્ટિતના સ્મરણ પછી શ્રીગોપીજન તેવા સ્વરૂપ વિના રહી શક્યાં જ નહિ, તેથી 'તે ભાવના સ્વભાવથી તે ચેષ્ટિતનું વર્ણન તેમણે કરવા માંડ્યું.', એમ ત્રીજા શ્લોકની સમાપ્તિમાં કહ્યું. ગુણલીલા-વિશિષ્ટ સ્વરૂપનો સર્વ પ્રકારે અનુભવ થાય, ત્યારે જ આ વર્ણન થઈ શકે. પરંતુ ચાલતા પ્રસંગમાં તો ભગવાને ગાનરૂપ ક્રિયા, કામના ઉદયને માટે જ કરી હતી; તેથી જે શાબ્દિક અનુભવ કરાવ્યો તે પ્રત્યક્ષ અનુભવ માટે નહિ, પણ માત્ર સ્મરણ કરાવવાને માટે જ હતો. તે કારણથી પ્રથમ શ્રીગોપીજનને સર્વાંશે ભગવાનના સ્વરૂપનો અનુભવ થયો નહિ, અને તેથી તેઓ વર્ણન કરી શક્યાં નહિ.

શ્રીગોપીજનની વર્ણનની શક્તિ જ ન રહી, ત્યારે જે લીલા કરવાની ઈચ્છા હતી, તે સિદ્ધ થઈ શકશે નહિ, એમ જોઈને પ્રભુએ એવો અપૂર્વ નાદ પ્રકટ કર્યો કે જેના શ્રવણથી ગુણલીલા વિશિષ્ટ ઉદ્‌બુદ્ધ (જાગૃત) રસાત્મક સ્વરૂપનો સર્વ ઈન્દ્રિયમાં, પ્રાણમાં, અંતઃકરણમાં અને જીવમાં પણ પૂર્ણ રીતે પ્રાદુર્ભાવ થયો, ત્યારે તેનું વર્ણન શ્રીગોપીજન કરી શક્યાં, અને તેમાં સર્વ પ્રકારે રમણ પણ કરી શક્યાં. આવો પ્રકાર હોવાથી શ્રીશુકદેવજીએ પ્રથમ ચોથા શ્લોકમાં વર્ણનની અશક્તિ કહી, પાંચમા શ્લોકમાં તે વર્ણનશક્તિનું કારણ કહ્યું, અને આગળ છઠ્ઠા શ્લોકમાં 'ઈતિ વેણુરવમ્' પદને 'ઈતિ' વિશેષણ કહીને, આ પાંચમા શ્લોકમાં કહેલો વેણુરવ પહેલાંના જેવો વેણુરવ જ નથી, પરંતુ સ્વરૂપાત્મક છે; એમ સિદ્ધ કરીને વેણુરવની પહેલાના કૂજનનાદથી વિશેષતા પ્રકટ કરી. પ્રથમ તો વેણુનાદ આવો ન હતો, તેથી તેનું શ્રવણ કરીને શ્રીગોપીજન વર્ણન કરી શક્યાં નહિ, પણ આ 'બર્હાપીડમ્' શ્લોકમાં કહેલા વેણુરવનું શ્રવણ કરીને તો વર્ણન અને રમણ પણ કરી શક્યાં, તેથી આ શ્લોકની સંગતિ

બરાબર સિદ્ધ થઈ રહે છે. સાર એ કે આ અધ્યાયના પ્રથમ શ્લોકમાં 'પ્રવેશ માત્ર'નું જ કથન છે, 'કર્મ'નું કથન નથી. તેથી કર્મનો નિશ્ચય કરી આપનાર, આ પાંચમો શ્લોક સુસંગત જ છે.

શંકા– પરંતુ પ્રથમ વેણુકૂજન પછી કેવલ વેણુનાદ, અને છેવટે ગુણલીલાવિશિષ્ટ ઉદ્બુદ્ધરસાત્મક સ્વરૂપનો સર્વ ઈન્દ્રિય વિગેરેમાં આવિર્ભાવ કરનાર વેણુરવ, આ પ્રકારનો ક્રમ પ્રભુએ શા માટે આદર્યો ?

ઉત્તર– કૂજનના, ગીતના અને રવના, વિવિધ પ્રકારના રસના ક્રમવાર આવિર્ભાવથી મહાન્ રસ પ્રકટ થાય છે. તેથી પ્રભુએ આ પ્રકારે ક્રમ આદરીને આ રસની દુર્લભતા જણાવી. પરમકાષ્ઠાપન્ન સ્વતંત્ર મહાફલનું દાન કરવાની ઈચ્છાથી જ પ્રભુએ આ સર્વ કર્યું. જો એમ ન હોત તો જ્યારે ઈન્દ્ર, મહાદેવજી (પુષ્ટિસ્થપ્રભૂપેક્ષિત અત એવ પુષ્ટિલીલાબાહ્ય શર્વાદિને (મહાદેવજીને) રસાત્મક પુષ્ટિમાર્ગના આચાર્ય માનવાની બુદ્ધિ પણ તાદશની જ થાય, ભગવત્કૃપાપાત્રની તો કદાપિ ન જ થાય. (મ.ગ.શાસ્ત્રીજી).) , વિગેરેને આ રસનું જ્ઞાન ન થયું ત્યારે જેમ તેમની ઉપેક્ષા કરી, તેમ અહિં પણ ઉપેક્ષા જ કરત. આ પ્રસંગમાં કાંઈક આગળ કહેવાનું છે તે હવે કહીશું. પાંચમા શ્લોકની સંગતિમાં બીજ શું છે, તેનું વર્ણન અહિં કર્યું.

## શ્રીગુસાંઈજીકૃત બીજો સ્વતંત્ર લેખઃ

અત્યાર સુધી અસંગતિ અને તેનું સમાધાન 'સ્મરવેગેન' પદમાં 'સ્મર'નો અર્થ 'કામ' લઈને કર્યું; પરંતુ 'કામ' અર્થ લેવાથી, 'આ વર્ણન સર્વાત્મભાવવાળાં શ્રીગોપીજને કરેલું નથી', એમ શંકા રહી જાય, તેથી હવે 'સ્મર'નો અર્થ 'સ્મરણ' કરવામાં આવે છે. અધિકારી જુદા જુદા હોવાથી બંને અર્થ યોગ્ય જ છે. સ્મરનું–ભાવનું ઉદ્દીપન કરવું, એટલો જ કૂજનનો ધર્મ હોવાથી, ભાવને ઉદ્દીપ્ત કરનાર વર્ણન શરૂ કરતાં જ સ્મરણના વેગથી ચિત્તનું ચાંચલ્ય થયું, અને ચિત્તના વિક્ષેપરૂપ પ્રતિબંધ થયો, અને વર્ણનની અશક્તિનું અને સ્મરવેગનું કારણ કૃષ્ણની ચેષ્ટાનું સ્મરણ છે, એમ શ્રીશુકદેવજીએ કહ્યું. હવે સ્મરનો વેગ અને તેનો હેતુ ભગવત્સ્મરણ તો આવશ્યક જ હોવાથી પહેલાંની માફક આગળ પણ વર્ણન નહિ થઈ શકે, એ શંકાનો પરિહાર કરીને આગળ વર્ણનમાં યુક્તિ શ્રીશુકદેવજી આ પાંચમા શ્લોકથી કહે છે. અહિં એમ સમજવું કે શ્રીસામ–છાંદોગ્ય ઉપનિષદ્માં 'સ્મર આકાશથી ઉત્કૃષ્ટ છે, તેથી જો કે બહુ બેસે તો પણ સ્મર વિના કોઈનું શ્રવણ ન કરી શકે, મનન ન કરી શકે, વિજ્ઞાન ન કરી શકે, જ્યારે તેઓ સ્મરણ કરે ત્યારે શ્રવણ કરી શકે'. વિગેરેમાં 'સ્મર'નો વ્યુત્પત્તિ અર્થ જેમ 'સ્મરણ' થાય તેમ ત્રીજા શ્લોકમાં 'સ્મરવેગેન' પદમાં 'સ્મર'નો અર્થ 'સ્મરણ' જ થાય છે. કારણ કે ચાલતા પ્રસંગમાં પણ ભગવદ્ભોગ્ય સુધાના ભોગની યોગ્યતાની સિદ્ધિરૂપ આગળ કહેવાશે, તે પ્રયોજન માટે શ્રીગોપીજનના મુખારવિંદને વિષે નિજ અધરસુધાનો સંબંધ પ્રભુએ અવશ્ય કરાવવાનો જ છે. આ સુધાસંબંધ કેવલ વર્ણનથી જ થઈ શકે, અને વર્ણન તો સુધાસંવલિત નાદના હૃદયમાં પ્રવેશ વિના થઈ શકે નહિ. નાદનો હૃદયમાં પ્રવેશ થાય તો પણ પહેલાંની માફક કૃષ્ણની ચેષ્ટાનું સ્મરણ થતાં જ તે વર્ણન સંભવે નહિ, તેથી નદીના વેગની માફક સ્મરનો વેગ કોઈથી અટકાવી શકાય નહિ તેવો છે, એમ જણાવવાને 'સ્મરવેગેન' પદ મૂક્યું. જો એમ ન હોત તો 'કૃષ્ણની ચેષ્ટાનું સ્મરણ કરતાં વર્ણન ન કરી શક્યાં' એટલાથી જ ચાલી શકત, અને શ્રીશુકદેવજી 'સ્મરવેગેન' પદ જ ન મૂકત. આ કારણથી નાદના મુખ્યપણાથી જ નાદનું સ્મરણ, અને નાદના હેતુરૂપે જ પ્રભુનું સ્મરણ થાય (પ્રધાનપણાથી નહિ,) ત્યારે જ સર્વ

સુબોધિનીજી- અહિં વાક્યના અર્થનું વર્ણન કરવાનું છે; માત્ર રૂપનું વર્ણન કરવાનું નથી. એમ કરવાથી રૂપ, વેણુનાદ અને ક્રીડા એ ત્રણેનું વર્ણન થશે, અને એ ત્રણેના એક બીજાની સાથે સંબંધમાં જે જે પ્રકાર છે, તેનું પણ વર્ણન થશે[1]. આવું વપુ-શરીર ધારણ કરીને વેણુના રંધ્ર(છિદ્ર)ને પૂરતાં ભગવાને

---

સિદ્ધ થાય, એમ પ્રભુએ પોતે વિચારીને પહેલાં નાદપ્રધાન હોય એવું નાદનું પ્રાકટ્ય ન કર્યું; પરંતુ જ્યારે પ્રભુએ ગોપીજનમાં વર્ણનની અશક્તિ જોઈ ત્યારે જ વર્ણન થઈ શકે તે માટે ઉદ્‌બુદ્ધ પૂર્ણશૃંગારરસરૂપ ઉદ્‌બોધક, આચ્છાદક, વિક્ષેપશક્તિવાળા અને અખિલ અંગવાળા સ્વરૂપનો અનુભવ, જે નાદમાં થાય તેવો નાદ પ્રકટ કરીને, શુદ્ધ પુષ્ટિસ્થાન વૃંદાવનમાં પ્રવેશ કર્યો; અને પુષ્ટિમાર્ગનો અંગીકાર પણ પ્રકટ કર્યો. તેથી જે નાદનો અનુભવ શ્રીગોપીજનને થયો, તેમાં જ સ્વરૂપનો અનુભવ થયો. માત્ર સ્મરણ જ થયું નહિ, પણ સ્વરૂપનો અનુભવ જ થયો, એમ કહેવાનું તાત્પર્ય છે.

શ્રીગોપીજનને ભગવાનનો વિયોગ છે, અને વ્રજમાં દૂર ગાન કરે છે, તેથી અહિં જે સ્વરૂપનો અનુભવ થયો, તે પણ નાદ દ્વારા જ થયો એમ જાણવું. આ પ્રકારનો સ્વરૂપાત્મક નાદ પ્રકટ કરીને પુષ્ટિમાર્ગનો અંગીકાર પ્રકટ કર્યો, ત્યારે જ માત્ર અંશાવતારની માફક સત્ત્વગુણના વ્યવધાન(પડદા) સહિત નહિ, પરંતુ સાક્ષાત્ સંભોગ શ્રીગોપીજનને વિષે સંભવે, એ યોગ્ય છે. આ પ્રકારે યોગ્યતા સંપાદન કર્યા વિના શ્રીગોપીજનનો ભોગ કરે, તો અત્યાર સુધીની સર્વ ભગવત્કૃતિ પ્રયોજન વિનાની થઈ જાય. વૃંદાનો અંગીકાર કરીને દુષ્ટનું નિવારણ કર્યું, તેમ શ્રીગોપીજનનો અંગીકાર કરીને પ્રભુ કીર્તિ દ્વારા આખા વિશ્વનો દોષ દૂર કરશે. તેથી 'આ લીલા નિર્દુષ્ટ છે', એમ જણાવવાને જ 'ગીતકીર્તિ' એ વિશેષણ આ શ્લોકને છેવટે છે. આ પ્રકારે અનુભવથી સ્મરણ નિવૃત્ત થઈ ગયું, તેથી અનુભવ જ રહ્યો; અને કાંઈ પણ અડચણ વિના નાદનું વર્ણન થઈ શક્યું. તેથી પ્રથમ ચોથા શ્લોકમાં વર્ણનની અશક્તિ કહી, પાંચમામાં વર્ણનના સાધનોનું નિરૂપણ કર્યું, અને છઠ્ઠામાં વર્ણન કહ્યું. આ પ્રમાણે, પાંચમા શ્લોકમાં વેણુરવના સ્વરૂપનું જ વર્ણન થાય છે, તેથી 'ઇતિ વેણુરવમ્' એમ આગળ છઠ્ઠા શ્લોકમાં કહ્યું; અને પહેલાંના કૂજન વિગેરેથી આ વેણુરવના સ્વરૂપની વિલક્ષણતા જણાવી. પહેલાં તો કૂજનનો નાદ થયો હતો, તેમાં તો શ્રીગોપીજનની વર્ણનની અશક્તિ થાય, એવો ભાવ ઉત્પન્ન થયો હતો; અને તેમાં પ્રભુનો હૃદયમાં અનુભવ મુખ્ય રીતે થયો હતો; નાદનો અનુભવ ગૌણ હતો, તેથી ત્યાં સ્મરોદય પણ થયો હતો. હવે આ બીજા અનુભવરૂપ નાદમાં તો જો કે પ્રભુનો આવિર્ભાવ છે, તો પણ પહેલાંની માફક નાદની ગૌણતા નથી; પણ મુખ્યતા છે. આ પ્રકારે, પ્રથમ નાદથી વિલક્ષણ 'રવ'ના સ્વરૂપનો પરિચય આ બીજા સ્વતંત્ર લેખનું પ્રયોજન છે.

૧. વિવેચન- વૃંદાવનમાં પ્રવેશ તો પ્રથમ શ્લોકથી જ કહ્યો છે, અને અહિં તો તેનો અનુવાદ છે. તેથી સ્વરૂપમાત્ર જ આ શ્લોકનો વાક્યાર્થ નથી, પરંતુ શ્રીગોપીજનથી વર્ણનીય સ્વરૂપ અને લીલાસહિત વેણુરવ, આ શ્લોકમાં મુખ્ય રીતે વાક્યાર્થ છે. વેણુરવ વાક્યાર્થ હોવાથી, તેનાથી પ્રતિપાદ્ય સ્વરૂપ વેણુનાદ અને ક્રીડા પણ પ્રતિપાદ્ય થાય. એ ત્રણેનું વર્ણન થાય, અને એ ત્રણેના પરસ્પર સંબંધમાં શું પ્રકાર છે, તેનું પણ વર્ણન થાય. વેણુનાદ વાચક છે; રૂપ અને ક્રીડા

વૃંદારણ્યમાં પ્રવેશ કર્યો, એમ સંબંધ છે. સ્વરૂપ, ગુણ અને લીલા, એ ત્રણે ક્રમવાર કહ્યાં[2]. 'બર્હ' એટલે મયૂરપિચ્છ, તે જ શિરનું ભૂષણ જેના શ્રીઅંગનું છે એવા ભગવાન્; નૃત્ય કરતા મયૂરનું આ અનુકરણ છે. જ્યારે મોરમાં રસ જાગૃત થાય છે ત્યારે જ મોર નૃત્ય કરે છે; તેથી ભગવાનમાં પણ મયૂરપિચ્છના મુકુટથી રસ જાગૃત થયો છે, એમ સૂચન થાય છે. તેથી વર્ણનની અશક્તિ યુક્ત છે, એવો ભાવ છે[3]. ભગવાનનું શ્રીઅંગ નટના જેવું છે, અને વરના જેવું છે. રસ બે પ્રકારનો છે ધર્મસહિત અને કેવલ. ધર્મસહિત રસ સંભોગમાં પ્રસિદ્ધ છે, અને કેવલ રસ નાટ્યમાં પ્રસિદ્ધ છે; ભગવાનનું શ્રીઅંગ બંને પ્રકારનું છે; માટે 'નટવત્' અને 'વરવત્' એમ બંને કહ્યું. વર નૂતનનો ભોગ કરનાર છે[4]. ભગવાન્ તો હૃદયમાં પણ

---

વાચ્ય છે. નાદ અને રૂપક્રીડાનો, આ પ્રકારે વાચ્યવાચક સંબંધ છે, તેથી નાદમાં વાચ્યતાના સંબંધે કરીને રૂપ અને ક્રીડા બંને આવી જાય છે. નાદની સાથે રૂપનો અને ક્રીડાનો પણ અહિં અનુભવ થાય છે, એમ કહ્યું; તેથી એ ત્રણે વેણુના આધારે રહે છે, એમ પણ સિદ્ધ થાય છે.

૨. આવા શરીરને ધારણ કરીને, એટલે બહાર આવું વપુ-શરીર પ્રકટ કરીને, વેણુના છિદ્રોને પૂરતાં વૃંદાવનમાં પ્રવેશ કર્યો, એમ શ્લોકનો સંબંધ છે. 'શરીરને બહાર પ્રકટ કર્યું' એથી સ્વરૂપનું કથન થયું, 'વેણુના રંધ્રને પુરતાં' એમ કહેવાથી ગુણનું કથન કર્યું, અને 'વૃંદાવનમાં પ્રવેશ કર્યો' એમ કહેવાથી ક્રીડાનું કથન કર્યું. આગળ વેણુનું છ પ્રકારે વર્ણન થશે, તે છ ગુણ વેણુના જ જાણવા.

૩. 'બર્હાપીડમ્- 'બર્હ'નો અર્થ મયૂરપિચ્છ થાય છે, તે મયૂરપિચ્છ 'આપીડ' એટલે શિરનું ભૂષણ જેના શ્રીઅંગનું છે, એવા સુધાપોષક શ્રીઅંગને ધારણ કર્યું. મયૂરમાં રસનો ઉદ્‌બોધ થાય, ત્યારે જ તે નૃત્ય કરે છે; તેથી ભગવાનનો પણ રસ જાગૃત થયો છે, એમ 'મયૂરપિચ્છ' પદથી સૂચિત થાય છે. મુકુટધારણ શોભાધાયક છે, તેથી ભૂષણને માટે તે ધારણ કર્યું છે, અને આ મુકુટધારણમાં નૃત્ય કરતા મયૂરનું અનુકરણ છે; તેથી ઉદ્‌બુદ્ધ પૂર્ણરસાત્મકતાનું પણ સૂચન તેના ધારણથી થાય છે. આવા સ્વરૂપનું સ્મરણ માત્ર જ થાય અને સર્વાંશે અનુભવ ન થાય, તો એ અનુભવની ઈચ્છાને લીધે શ્રીગોપીજનને વર્ણનની શક્તિ ન રહે, તે યુક્ત જ છે.

૪. 'નટવરવપુઃ'- આ શ્રીઅંગ પણ નટવત્ અને વરવત્, એમ બે પ્રકારે છે, કારણ કે રસ પણ બે પ્રકારનો છે- (૧) કેવલ; (૨) ધર્મસહિત. ઉદ્દીપન વિગેરે સામગ્રી વિનાનો જે રસ તે કેવલ-વિપ્રયોગ શૃંગારરસ, જે વિપ્રલંભશૃંગાર પણ કહેવાય છે; તે નાટ્યમાં પ્રસિદ્ધ છે. ત્યાં નટ હસ્તના અભિનયથી પુષ્પ વિગેરે સામગ્રીનું પ્રદર્શન કરાવે છે; તેથી જો કે ત્યાં પુષ્પ વિગેરે સામગ્રી નથી, તો પણ માત્ર અભિનયથી કેવલરસ પ્રાપ્ત થાય છે. આમ વિપ્રયોગશૃંગારરસ પુષ્પ વિગેરે સામગ્રીરહિત છે, તેથી કેવલ કહેવાય છે; અને સંયોગશૃંગારરસ તો ઉદ્દીપન વિગેરે સામગ્રીસહિત છે, તેથી ધર્મસહિત કહેવાય છે. જો કે ભગવાનમાં તો વિપ્રલંભરસ પણ અલૌકિક છે, અને જેની ભાવના કરવામાં આવે છે, એવી માનસી સામગ્રી પણ સત્ય જ છે. તો પણ તે સામગ્રીનો પ્રકટ પ્રાદુર્ભાવ નથી; તેથી જ તે રસ કેવલ કહેવાય છે. લૌકિક વિરહમાં પુરુષમાં રસ છે, પણ પુરુષ પોતે કાંઈ રસરૂપ નથી; પરંતુ અલૌકિકમાં તો ભગવાન્ પોતે 'રસો વૈ સઃ' 'નિશ્ચયે રસરૂપ તે છે' તેથી સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક પણ છે; કારણ કે

રહે છે, પણ તેટલાથી જ જ્ઞાનીઓની માફક વ્રજસ્ત્રીઓને સુખ થતું નથી, તે જણાવવાને માટે વપુનું ભરણ એટલે 'શ્રીઅંગ ધારણ કર્યું', એમ નિરૂપણ કર્યું છે[૫].

'નટવત્' અને 'વરવત્' એમ કહ્યું. વર એટલે હંમેશાં નૂતન, અનન્યભુક્ત, અનુચ્છિષ્ટ પદાર્થનો ભોક્તા છે. માટે જ એક જ સમયે ભગવાનનું શ્રીઅંગ સંયોગ અને વિપ્રયોગ બંને રૂપ છે, એ શ્રુતિ સિદ્ધ છે; યુક્તિ ગોચર નથી. તો પણ અહિં વનમાંના ભક્તો પ્રભુની સાથે હોવાથી સંયોગાવસ્થા અને વ્રજમાંના ભક્તોને વિપ્રયોગ હોવાથી વિપ્રયોગાવસ્થા પણ ઘટી શકે છે; તેથી યુક્તિનો પણ વિરોધ રહેતો નથી. રસનો અને ભગવાનનો અભેદ છે; ભગવાનનો અને ભગવાનના શ્રીઅંગનો પણ અભેદ છે; તેથી ભગવદ્વપુ પણ બંને પ્રકારના શૃંગારરસરૂપ છે.

૫. 'બિભ્રત્'- ભગવાન્ તો હૃદયમાં પણ વિદ્યમાન્ છે, તેથી હૃદયમાં ભગવાનની સ્થિતિમાત્રથી પણ જ્ઞાનીની માફક જ શ્રીગોપીજનનું સુખ હશે, એ શંકાનું નિવારણ કરવાને 'વપુ' એટલે 'શ્રીઅંગ' બહાર પ્રકટ કર્યું એમ કહ્યું. સ્વસ્વરૂપથી જુદું વપુ અથવા શરીર છે જ નહિ; તેથી 'વપુર્બિભ્રત્' પદ વડે શરીર પ્રકટ કરવાનું કહ્યું, તે અસંગત છે, એ જ્ઞાનમાર્ગીય શંકાનું પણ સમાધાન થઈ ગયું. જ્ઞાનીને હૃદયમાં જ સુખ થાય છે; શ્રીગોપીજનને માટે તો સ્વરૂપનું શરીરરૂપે પ્રાકટ્ય પણ પ્રભુ કરે છે. પહેલાં કહી ગયા કે ભગવાનનું શ્રીઅંગ ઉદ્બુદ્ધ (જાગૃત) બે પ્રકારના રસવાળું છે, એમ સિદ્ધ કર્યું છે. રસ ભાવાત્મક છે, અને પોતાની પ્રિયા સિવાય બીજામાં તે ભાવાત્મકરસનું પ્રાકટ્ય જ થતું નથી, તેથી જો કે રસ આકૃતિરહિત છે, એમ લોકમાં પ્રસિદ્ધ છે; તો પણ જ્યારે શ્રીઅંગ ધરે છે ત્યારે નિજ સ્વરૂપનું પ્રાકટ્ય બહાર પણ કરે છે. તેમ પ્રભુએ પણ નિજ મૂર્તિમાન્ સ્વરૂપનું બહાર પ્રાકટ્ય કરતાં વૃંદાવનમાં પ્રવેશ કર્યો. જો કે શબ્દરૂપે વેદ અમૂર્ત (મૂર્તિ વિનાના) છે, એમ લોકમાં પ્રસિદ્ધ છે; તો પણ 'વેદા યથા મૂર્તિધરાસ્રિપૃષ્ઠે' એ વાક્યમાં જણાવ્યા પ્રમાણે, સ્વર્ગમાં વેદ મૂર્તિ ધારણ કરીને રહ્યા છે, તેમ અમૂર્ત પણ બ્રહ્મ સાકાર જ છે; તેથી નિત્ય રસાત્મક શ્રીઅંગનું પ્રાકટ્ય વૃંદાવનમાં કર્યું. જ્ઞાનીની માફક હૃદયમાં જ પ્રાકટ્ય હોય, તો કેવલ મનથી જ ભોગ થાય; બહાર પ્રાકટ્યમાં તો સર્વ ઈન્દ્રિયથી ભોગ થઈ શકે છે. જ્ઞાની કરતાં ભક્તના ભોગમાં પણ આ પ્રકારનો વિશેષ હોવાથી જો કે ભગવાન્ ચક્ષુ વિગેરેના વિષય નથી, તો પણ જો પ્રિય પદાર્થમાત્ર મનનો જ વિષય રહે તો સુખને બદલે દુઃખ થાય છે તેથી; અને પ્રિય પદાર્થ માત્ર મનનો જ વિષય રહે, તો તે દુઃખરૂપ છે, એ બે બાબત સહૃદય મનુષ્યના અનુભવથી સિદ્ધ છે તેથી, સર્વે ઈન્દ્રિયોથી ભોગ કરવાની ઈચ્છાવાળા ભક્તને માટે નિજ સ્વરૂપનું શ્રીઅંગરૂપે બહાર પ્રાકટ્ય પણ કરીને વૃંદાવનમાં પ્રવેશ કર્યો. ભગવાન જ શ્રીઅંગ, એમ જ્ઞાનમાર્ગની રીતે સમજવું નહિ; પરંતુ ભક્તને સુખ આપવાને માટે ભગવાને જ આધેય રસથી જુદું આધાર શ્રીઅંગનું બહાર પ્રાકટ્ય પણ કર્યું; એમ ભક્તિમાર્ગની રીતે અહિં સમજવું.

## 'બિભ્રત્'નું શ્રીગુસાંઈજીકૃત બીજું વ્યાખ્યાનઃ

શ્રીઅંગ બહાર પ્રકટ કરવાનું બીજું પણ તાત્પર્ય છે. જેમ પાત્રમાં રહેલા રસનું પાન કરાવવાને મનુષ્ય તે પાત્રને પોતાના હાથમાં ધરે છે, તેમ સ્વરૂપાત્મક રસનું દાન શ્રીગોપીજનને કરાવવાને પ્રભુ આવું શ્રીઅંગ પ્રકટ કરે છે, એમ જણાય છે. આવા મયૂરપિચ્છગુચ્છમુકુટ ધારણ કરેલ સ્વરૂપ બહાર પ્રકટ કરીને, સ્વરૂપાત્મક રસનું દાન શ્રીગોપીજનને કરાવવાને, પ્રભુ તત્પર થયા છે, એમ જણાવવાને શ્રીશુકદેવજીએ 'નટવરવપુ ધારણ કર્યું ' એમ કહ્યું. પાત્ર

પોતે જ એવા છે એમ નથી. જેમના બે કર્ણની અંદર કર્ણિકાર નામનાં પુષ્પ ધારણ કર્યાં છે. કર્ણિકાર પુષ્પ શૃંગારનો ઉદ્બોધ કરનાર છે. શૃંગાર તો સંયોગ અને વિપ્રયોગના ભેદથી બે પ્રકારનો છે. બે કર્ણ તે બંનેને પ્રતિપાદન કરનાર છે. તે બંનેને કર્ણિકાર પુષ્પનો સંબંધ થવાથી પહેલાં નિરૂપણ કરેલો રસ ઉચ્છલિત થઈ જાય છે (ઉભરાઈ જાય છે)[૬]; આવો રસ તો જો તે ગુપ્ત હોય તો જ તે રસ

---

ધરવારૂપ કારણથી રસદાનરૂપી કાર્યનું અનુમાન થાય છે, તેમ અહિં શ્રીઅંગના પ્રાકટ્યરૂપ કારણથી ભક્તને રસદાનરૂપ કાર્યનું અનુમાન થાય છે; તેથી 'બિભ્રત્' પદનો અર્થ કામરસદાનના કારણરૂપ ધર્મ સમાન્ હોવાથી 'પ્રકટ કરવું' એમ થાય છે. દૃષ્ટાંતમાં જેમ પાત્ર (પડીઓ વિગેરે) તેમ દાર્ષ્ટાંતિકમાં ધર્મિ સ્વરૂપ ભગવાન્; દૃષ્ટાંતમાં જેમ પડીઆમાં રહેલો રસ તેમ દાર્ષ્ટાંતિકમાં શ્રીગોપીજનમાં સ્થાપન કરવાનો ભાવાત્મક ભગવદ્રૂપ આનંદ. એ આનંદનું નિરૂપણ આગળ વ્યાખ્યાનમાં 'ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે' એ વાક્યથી થશે. દૃષ્ટાંતમાં જેમ ભરવું તથા ધરવું તેમ દાર્ષ્ટાંતિકમાં ધર્મિસ્વરૂપ શ્રીઅંગનું બહાર પ્રાકટ્ય. દૃષ્ટાંતમાં 'બિભ્રત્' પદમાંના 'ભરણ'નો અર્થ 'ધારણ' હોવાથી કર્તા અને કર્મ ભિન્ન છે; પરંતુ દાર્ષ્ટાંતિકમાં તો 'ભરણ'નો અર્થ 'પ્રાકટ્ય' હોવાથી 'સ આત્માનં સ્વયમકુરુત' એ વાક્યમાં કહ્યા પ્રમાણે, સ્વરૂપ જ કર્તા અને સ્વરૂપ જ કર્મ પણ થાય છે. પ્રથમ પણ પ્રાકટ્ય તો હતું જ, પરંતુ તે માત્ર હૃદયમાં જ હતું, તેથી વર્ણનની અશક્તિ કહી હતી; પરંતુ હવે તો સર્વ ઇન્દ્રિયમાં, પ્રાણમાં, અંતઃકરણમાં અને જીવમાં પણ પ્રાકટ્ય છે, તેથી 'બિભ્રત્' પદથી જ આગળ વર્ણન કરવાની શક્તિનું સૂચન થઈ જાય છે.

## શ્રીગુસાંઈજીકૃત પ્રકારાંતરે વાક્યાન્વયઃ

અહિં સુધીના વ્યાખ્યાનથી નટની માફક અને વરની માફક શ્રીઅંગને પ્રકટ કરીને ભગવાને વૃંદાવનમાં પ્રવેશ કર્યો, એમ અર્થ પ્રાપ્ત થાય છે, તેથી ભગવાન્ જૂદા અને શ્રીઅંગ જૂદું એમ ભાસ થાય છે. આવો ભાસ પણ નિવૃત્ત(દૂર) કરવાને નટવરવપુએ વૃંદાવનમાં પ્રવેશ કર્યો; એમ જ વાક્યનો અન્વય અથવા સંબંધ સમજવો. 'નટવત્ અને વરવત્ શ્રીઅંગ જેમનું છે એવા ભગવાન્' એમ કહેવાથી શ્રીઅંગનું સ્વરૂપથી જૂદાપણું જણાય, તે દૂર કરવાને 'વપુરૂપ' કહ્યું. આધેયરૂપ પ્રભુ જ ભક્તને માટે આધારરૂપ થયા; અર્થાત્ નટવરવત્ વપુ જેમનું, એવા ભગવાને નહિ, પરંતુ નટવર વપુરૂપે જ–નટવરરૂપ વપુ સ્વરૂપે જ વૃંદાવનમાં પ્રવેશ કર્યો, એમ પ્રાપ્ત થતાં સ્વરૂપના અને વપુના ભેદનો આભાસ પણ દૂર થઈ ગયો. મયૂરપિચ્છમુકુટને, કર્ણિકાર પુષ્પને, વસ્ત્રને અને માલાને ધારણ કરતા નટવરવપુએ વૃંદાવન માં પ્રવેશ કર્યો; એમ સંબંધ યોજવાથી, એ ચાર પદ 'ધારણ કર્યું 'નાં કર્મ થયાં, અને તેના વિશેષ્ય તરીકે 'નટવરવપુ' પદ થયું.

૬. 'કર્ણયોઃ કર્ણિકારમ્'–બે કર્ણને વિષે કર્ણિકાર પુષ્પ જેને છે તેવું નટવરવપુ, અથવા બે કર્ણને વિષે કર્ણિકાર પુષ્પને ધારણ કરતું નટવરવપુ, અથવા ધારણ કરતાં ભગવાન્. પ્રથમ પક્ષમાં સપ્તમીઅલુક્તત્પુરુષ સમાસ થયો. કર્ણિકાર પુષ્પ શૃંગારરસનું ઉદ્બોધક છે. સંયોગ અને વિપ્રયોગ, એમ શૃંગારરસ બે પ્રકારનો છે; પ્રભુના બે કર્ણ તે બંને રસનું પ્રતિપાદન કરે છે. સંયોગમાં પ્રિયાના તે તે જુદા જુદા વચનના શ્રવણથી, અને વિપ્રયોગમાં પ્રિયાએ કરેલા

કહેવાય, તેથી (તે રસને ઢાંકવાને) પીતાંબરનું વર્ણન કરે છે. તે સુવર્ણના જેવું પીળું વસ્ત્ર ધારણ કરેલું છે. રસ જાગૃત થતાં ગોપિકાઓ વસ્ત્રને ગણકારે નહિ, તેથી વ્યામોહ કરનાર સુવર્ણની તુલનાનું વસ્ત્રમાં નિરૂપણ કર્યું. સુવર્ણના જેવું પીળું વસ્ત્ર તે જ માયા[૭]. તેથી ત્યાં વસ્ત્રનો આકાર પણ સારી રીતે જણાતો નથી, તો તે વસ્ત્રથી આચ્છાદન થએલો (ઢંકાએલો) રસ કેવી રીતે ઉઘાડો થઈ શકે. તેના

---

ગુણના શ્રવણથી, બંને કર્ણ બંને પ્રકારના શૃંગારરસના અનુભવ કરાવનાર છે. આ બંને શૃંગારરસ પ્રતિપાદક કર્ણને કર્ણિકારનો સંબંધ થાય છે, તેથી રસ ઉચ્છલિત થાય છે; કર્ણને વિષે શૃંગારરસ ઉદ્‌બોધન કરનાર કર્ણિકારને મૂકવાથી રસના ઉદ્‌બોધથી સ્વરૂપાત્મક રસ ભગવાનમાં ઉચ્છલિત થાય છે, અને તેથી ભગવત્સ્વરૂપમાં જ અવયવવિકાર વિગેરે પણ સંપન્ન થાય છે.

૭. 'બિભ્રદ્ વાસઃ કનકકપિશમ્'–એવા સાકાર નટ અને વરરૂપ, શ્રીઅંગ ધારણ કરનાર અવયવવિકાર વિગેરે વાળો આલંબનરૂપ રસ ગુપ્ત હોય તો જ તે રસ કહેવાય છે; જો પ્રકટ થાય તો તેનું રસપણું જતું રહે છે. કટાક્ષ વિગેરે અનુભાવરૂપ રસ તો પ્રકટ હોય તો પણ બાધ નહિ; પરંતુ આ તો આલંબનરૂપ જ રસ છે; અને આ આલંબનરસ પ્રકટ થઈ જાય, તો રસાભાસ થઈને રસપોષક માત્ર થાય; પરંતુ રસપણું તેને પ્રાપ્ત થાય નહિ. તેથી (આલંબનનું ગુપ્તત્વ, રસનું રસત્વ સાચવી રાખે છે, તેથી કનકના જેવું પીળું પીતાંબર ધર્યું છે. રસના આવશ્યક આચ્છાદન (ઢાંકણ)ને માટે આ કેસરિ વસ્ત્ર કટિ પરનું વસ્ત્ર સમજવું. રસ જાગૃત થયો એમ શ્રીગોપીજનને જ્ઞાન થાય, તો તે પ્રસંગે સર્વે શ્રીગોપીજનો પ્રભુના વસ્ત્રને પણ ન ગણે તેથી વસ્ત્રને કનકના જેવું કેસરિ કહીને, કનકના જેવું વ્યામોહક છે એમ નિરૂપણ કર્યું. રસનો ઉદ્‌બોધ થયો, એમ શ્રીગોપીજનને જ્ઞાન થાય, તો અમુક સમયે તેમ થયું પણ હતું તેથી હાલ પણ રસત્વ સાચવી રાખનાર વસ્ત્રને ન ગણીને, શ્રીગોપીજન તે જ પ્રકટ રસાભાસ આલંબનનું વર્ણન કરે; બે શ્લોક વડે સંયોગ અને વિપ્રયોગરસનું વર્ણન કરે નહિ. તેમ ન થાય તેથી પ્રભુએ કટિ પર રહેલા કનકતુલ્ય કેસરિ પીતાંબરથી શ્રીગોપીજનોને વ્યામોહ કર્યો. રસના ઉદ્‌બોધે કરીને જ, અત્યંત આર્તિથી ભગવાનના પીતાંબરની પણ અવગણના કરીને, શ્રીગોપીજન શ્રીઅંગનું સારી રીતે અવલોકન કરી લે, તો રસ પ્રકટ થઈ જવાથી રસાભાસ થાય; તેથી રસને ગુપ્ત રાખવાને પ્રભુએ કનક જેવું પીળું કેસરી વ્યામોહક પીતાબંર ધર્યું. અહિં વસ્ત્રની કનક જેવી પીળાશ માયા છે, તે પાંચરાત્ર સિદ્ધાંતમાં કહેલી તે જ છે. કનકનું–ધનનું મોહ ઉત્પન્ન કરવાપણું શાસ્ત્રસિદ્ધ છે. તેથી કેસરી રંગ પણ મોહજનક છે, એમ સૂચન કર્યું. 'શ્રીગોપીજન શ્રીઅંગનું અવલોકન કરી શક્યાં નહિ ' એમ કહી ભગવત્ સાક્ષાત્કારમાં પડદા–ટેરારૂપ માયા સ્થિતિ કરે છે, એમ સમજવું. ટેરાની માફક પીતાંબર ભગવત્‌સ્વરૂપના એક ભાગ કટિમાત્રનું આચ્છાદન કરે છે, તેથી પીતાંબરનું માયાપણું સિદ્ધ થાય છે. પીતાંબરની પીળાશ રસને આચ્છાદન કરનાર માયા છે, તેથી વસ્ત્રના આકારનું પણ અવલોકન થઈ શક્યું નહિ, તો વસ્ત્રથી ઢંકાએલા રસનું ઉદ્‌ઘાટન શ્રીગોપીજન કેવી રીતે કરી શકે ? નાદ દ્વારા કટિવસ્ત્ર પીતાંબરના અનુભવમાં ભગવદિચ્છાથી એવો કોઈક અનિર્વચનીય મદ પ્રકટ થઈ ગયો, કે જેથી પીતાંબરની અંદર રહેલા આલંબન વિગેરેનો વિચારમાત્ર પણ શ્રીગોપીજનથી થઈ શક્યો નહિ, એમ 'સુવર્ણના જેવું પીળું વસ્ત્ર ધારણ કરેલું છે' એ પદનો નિર્ગલિત (નિચોડ) અર્થ છે.

ઉપર પણ બીજું આચ્છાદન છે, તે કીર્તિમયી વનમાલા અને વૈજયંતીમાલા ધારણ કરેલી છે, એ પદથી કહે છે. વૈજયંતી એટલે નિશ્ચય પૂર્વક સર્વ જયને પ્રકાશ કરનારી માલા. આ પ્રકારે, બે રસ, તે બંનેનો ઉદ્‌બોધ, તેમનું આચ્છાદક (ઢાંકણ) વસ્ત્ર, તેનું વિક્ષેપક (ક્ષોભ કરનાર), એનું ભગવાનના રૂપને વિષે નિરૂપણ કર્યું[૮].

નામલીલારૂપ વેણુનાદનું નિરૂપણ 'રન્ધ્રાન્ વેણોઃ' વિગેરેથી કરે છે. વેણુના છિદ્રો સાત છે. સુધા ત્રણ પ્રકારની છે. દેવભોગ્યા, ભગવદ્‌ભોગ્યા અને સર્વથી અભોગ્યા. ચાલતા પ્રસંગમાં સુધા તો આ ત્રણે સુધામાં સર્વોત્કૃષ્ટ છે, તેનો હેતુ એ છે કે લોભરૂપ અધરને વિષે તે સ્થાપન કરેલી છે; તેનો સાક્ષાત્ અનુભવ ઉચ્છિષ્ટ વડે થઈ શકતો નથી, માટે તેનું પાન કર્ણથી જ થઈ શકે છે; તે સર્વને ભગવદીય બનાવે છે; તે પ્રકટ-દ્રવીભૂત આનંદરૂપ છે; બ્રહ્માનંદ કરતાં પણ અધિક છે; અને તે આનંદના સારરૂપ છે; તેથી કોઈ પણ પ્રકારે પોતાની મેળે એ સાધનરૂપ થતી નથી. માટે નાદબ્રહ્મને વિષે તેને યોજવાને નાદના ઉત્પત્તિ સ્થાનમાં વેણુમાં તેનાં છિદ્રોમાં તે મૂર્તિ (સ્વરૂપ) વિનાની હોવાથી તેને પૂરી આપી. તે વેણુનો પણ સાક્ષાત્ સ્પર્શ કરતી નથી, તેથી 'વેણોઃ' એમ જૂદું પદ મૂક્યું છે; સમાસ કર્યો નથી. વેણુની મધ્યમાં પણ તે નથી, તેથી જ્યારે નાદ તેની દ્વારા જાય છે ત્યારે તે નાદની સાથે સંબંધી થઈને જાય છે; પછી કર્ણ દ્વારા હ્રદયમાં પ્રવેશ કરીને વર્ણન કરતી વખતે મુખની અંદર આવીને મુખને પણ સ્વભોગને યોગ્ય કરે છે. જ્યાં સુધી રસના પૂરથી તે અંશ અંદર પ્રવેશ કરતો નથી ત્યાં સુધી પણ સાક્ષાત્ તેના ભોગની યોગ્યતા થતી નથી, એટલા માટે જ વર્ણન. તેના રસના પ્રવેશ

---

૮. 'વૈજયંતીઞ્ચ માલામ્'- પીતાબંરથી પણ વધારે આચ્છાદન કરનાર વૈજયંતી માલા છે. વિક્ષેપ પણ પદાર્થના ખરા જ્ઞાનનું આચ્છાદન કરનાર છે, તેથી અહિં પીતાંબરથી વધારે આચ્છાદન કરનાર વિક્ષેપરૂપ માલા કહી. જો એમ ન હોય તો 'અને રૂપમાં વિક્ષેપકનું પણ નિરૂપણ કર્યું' એમ આગળ કથન છે, તે સંભવે નહિ. આ વિક્ષેપકપણું હમણાં જ ભગવત્સ્વરૂપમાં જ પ્રકટ થશે. વૈજયંતી કીર્તિવાળી માલા છે. 'વૈ' એટલે નિશ્ચય; 'જયંતી' એટલે જયકર્ત્રી. અર્થાત્ સર્વ જય પ્રકાશિકા એ માલા છે. પ્રભુ સાક્ષાત્ મન્મથના મન્મથ છે, પ્રભુનું સ્વરૂપલાવણ્ય, આધિદૈવિક મન્મથનો પણ પરાજય કરે છે, અને નયન, કમલ વિગેરેનો પરાજય કરે છે. આ પ્રકારે વૈજયંતી સર્વ જય પ્રકાશિકા છે. મૂલમાં 'માલા' પદ છે, તેથી 'વનમાલા' પણ ધારણ કરી છે, એમ જાણવું. અર્થાત્ વૈજયંતી અને વનમાલા ધારણ કરતું નટવર સ્વરૂપ અથવા ભગવાન જ, એમ અર્થ થાય છે. અહિં વૈજયંતી માલા નવરત્નમયી રત્નજટિત નથી, પરંતુ પુષ્પમયી જ છે. 'આપાદલંબિની માલા વનમાલા પ્રકીર્તિતા' એ પ્રકારે વૈજયંતી પુષ્પમયી છે, તે ઉત્તરાર્ધમાં બલદેવજીની તીર્થયાત્રાના પ્રસંગમાં 'વૈજયંતીં દદ્દુર્માલાં શ્રીધામામ્લાનપંકજામ્' એ પ્રકારે મૂલમાં અને શ્રીસુબોધિનીજીમાં પણ સ્પષ્ટ છે, તેથી પુષ્પમયી વૈજયંતી માલા સ્વીકારતાં કોઈ પણ વિરોધ રહેતો નથી.

થવાથી નિરોધ સિદ્ધ થાય છે; તેથી થોડો રસ ગોપોમાં પ્રવેશ કરે છે અને ભોગ્ય ગોપી સિવાયના સર્વમાં પણ થોડો રસ પ્રવેશ કરે છે; તેથી જ ભક્તિની પછી નિરોધનું નિરૂપણ કરેલું છે. લીલાસૃષ્ટિમાં ઉત્પન્ન થએલાનો ભોગ આટલે સુધી જ છે. ત્યાર પછી તેમને મોક્ષ આપવામાં આવે છે, અને તેમને પોતાના આશ્રય પ્રાપ્ત કરાવવારૂપ પૂર્વસ્થિતિ તેમની ભગવાન્ કરી આપે છે. જો એમ ન કરે તો તેમની સૃષ્ટિ વ્યર્થ થઈ જાય. બ્રહ્માનંદભાવ થાય, અને તેમાં પણ આધિદૈવિકરૂપ સિદ્ધ થાય, ત્યારે લક્ષ્મીની માફક આ મુખ્ય રસ સંભવે છે, અને લક્ષ્મીના અંશોને ક્રમથી આ રસની પ્રાપ્તિ થાય છે. તેથી નિરોધ જ એવો છે કે જેનું ફલ મોટું છે. એથી અહિં સ્ત્રીઓનું પ્રકરણના અંતમાં નિરૂપણ કર્યું છે. ભગવાને ભોગ કર્યા પછી જ ભગવાન્ ભોગ્ય થાય છે, તેથી અહિં શ્રીશુકદેવજી પણ મુખ્ય રીતે સ્ત્રીઓનું જ વર્ણન કરે છે. અગ્નિકુમારો પણ તેથી જ સ્ત્રીરૂપ થયા. પુરુષોત્તમ કાંઈ બીજા પુરુષથી ભોગવી શકાતા નથી, અને પોતે પણ પોતાને ભોગ્ય થતા નથી; પરંતુ 'જ્ઞાન થયા પછી પાન કરવામાં મહાન્ રસ પ્રાપ્ત થાય છે' તેથી ભગવાને આગળ (ઉદ્ધવજી દ્વારા) જ્ઞાનના ઉપદેશનો નિર્બંધ કરેલો છે. અથવા તો મુખ્યની પ્રાપ્તિને માટે કરેલો છે અને દુઃખ દૂર કરવાને માટે કરેલો છે, તેથી જ આગળ આધિદૈવિકી સ્ત્રી (કાત્યાયની)ની પ્રાર્થના કરશે, તેથી રૂપથી વશ કરીને અધરામૃતનું પાન કરાવવું, તે સ્વચ્છંદતા સિદ્ધ કરી આપે છે[૯]. 'ગૌપવૃન્દૈઃ' પદથી

૯. વેણુના સાત છિદ્રોને અધરસુધાથી પૂરે છે. રૂપ અને ક્રીડાની સાથે વેણુનાદ વાક્યાર્થ હોવાથી, અહિં સુધી વશ કરનાર રૂપલીલાત્મક વેણુનાદનું પ્રતિપાદન કરીને, 'મયૂરપિચ્છમુકુટ'થી રૂપમાં જ સંયોગ, વિપ્રયોગ, રસનો ઉદ્બોધ, રસનું આચ્છાદક અને રસનું વિક્ષેપક, એમ પાંચનું નિરૂપણ કર્યું. હવે શ્લોકના ઉત્તરાર્ધમાં 'રંધ્રાન્ વેણોઃ' વિગેરેથી નામલીલારૂપ વેણુનાદનું નિરૂપણ શ્રીશુકદેવજી કરે છે. વેણુના છિદ્ર સાત છે, તેથી તે છ ગુણોની સાથે ધર્મીનો અનુભવ કરાવનાર છે; તેથી વેણુનાદને વિષે છ ગુણો સહિત ધર્મિસ્વરૂપના સ્થાપનનું પણ જ્ઞાન થાય છે. ચાલતા પ્રસંગમાં અધરસુધા કે જે દેવભોગ્યા, ભગવદ્ભોગ્યા અને સર્વથી અભોગ્યા છે, એ ત્રણ પ્રકારમાં સર્વથી ઉત્કૃષ્ટ સર્વાભોગ્યા છે, એમ પ્રતિપાદન કરવાને સુધા ત્રણ પ્રકારની કહી. મૂલમાં 'સુધયા' પદ એકવચનમાં છે, તેથી બીજી બે સુધાનું સ્વરૂપ પણ પ્રસંગવશાત્ નિરૂપણ કરવું જ જોઈએ. 'દેવ' શબ્દ 'દિવુ ક્રીડાયામ્' માંથી નીકળ્યો છે, તેથી જે ક્રીડા કરે તે દેવ; અને તે દેવોએ ભોગ કરવા યોગ્ય સુધા તે દેવભોગ્યા સુધા. અર્થાત્ સચ્ચિદાદિને વિષે સ્થાપન કરેલી મુખ્ય અંશભૂત, ધર્મભૂત જે સુધા, અથવા દિવ્ય સ્ત્રી વિગેરેમાં રહેલી, તે દેવભોગ્યા સુધા, મુખ્ય લીલામાં ભગવાનથી ભોગ કરવા યોગ્ય જે સુધા, અર્થાત્ સંયોગસ્વરૂપભૂત જે સંયોગાનંદરૂપ સુધા તે ભગવદ્ભોગ્યા, અને મુખ દ્વારા સર્વથી ભોગ ન થઈ શકે; અને જે કર્ણ દ્વારા પાન થઈ શકે, તે વિપ્રયોગાત્મક સ્વરૂપભૂત વિપ્રયોગાનંદ સર્વથી અભોગ્યા સુધા. આ ત્રણ સુધા લોભરૂપ હોઠને વિષે સ્થાપન કરેલી છે; તેથી અધર (હોઠ) યથાયોગ્ય સુધાનું દાન વિવેક કરીને કરે છે; તેથી સુધાના ત્રણ પ્રકાર યુક્ત છે.

મુખ દ્વારા તે સુધાનો ભોગ થઈ શકતો નથી, તેનું કારણ એ છે કે સર્વથી અભોગ્યા અધરસુધાનો સાક્ષાત્ અનુભવ ઉચ્છિષ્ટરૂપે સંભવતો નથી; કર્ણ દ્વારા જ હૃદયમાં વિપ્રયોગ સ્વરૂપનો પ્રથમ અનુભવ થાય છે, પછી વર્ણન કરતી વખતે મુખ દ્વારા તે સ્વરૂપનું નિર્ગમન થાય છે, એવી રસમર્યાદા છે. વર્ણન સમયે સ્વરૂપનું નિર્ગમન મુખમાંથી થતું હોવાથી મુખ ઉચ્છિષ્ટ છે, અને એવા ઉચ્છિષ્ટ મુખથી તે અધરસુધાનો સાક્ષાત્ અનુભવ સંભવતો નથી. જો કે બીજાના મુખમાંથી નીકળેલા સ્વરૂપનું શ્રવણ થાય છે, તો પણ તે મુખ તો અનુભવમાં જે કરણ (સાધન) છે, તે તો પરંપરાથી જ છે. અનુભવમાં સાક્ષાત્ સાધન તો પોતાના કર્ણ જ છે; તેથી પરંપરાથી રસનો અનુભવ ન કહેતાં અહિં સાક્ષાત્ અનુભવ કહ્યો. આથી તે સર્વાભોગ્યા વિપ્રયોગરસાત્મક સુધા માત્ર કર્ણથી જ પાન કરવા યોગ્ય છે. તે સુધાનું પાન જો મુખ દ્વારા થઈ શકે તો તે સુધા સંયોગાત્મક થઈ જાય, તેથી શ્રોત્ર (કાનથી) પ્રેય જ કહેતાં 'એવ' પદ કહ્યું, અથવા ભગવાને કરેલા ભોગ વિના તે અધરસુધાનો સાક્ષાત્ અનુભવ જ સંભવતો નથી, અને તેથી ફલપ્રકરણમાં ભક્તમાં રહેલી સુધાનું પાન ભગવાન્ પ્રથમ કરશે, અને ત્યાર પછી રસના આધિક્યને લઈને 'પુંભાવ પ્રાપ્ત થતાં ભક્તો સાક્ષાત્ ઉચ્છિષ્ટે ભગવત્સુધાનો ભોગ કરશે. સાક્ષાત્ ઉચ્છિષ્ટે ભક્તે કરેલો ભગવત્સુધાભોગ તો ભગવાને કરેલા ભક્તનીષ્ટ સુધાભોગથી પહેલાં સંભવતો નથી, તેથી તે સર્વાભોગ્યા સુધા કર્ણથી પાન કરી શકાય છે, કારણ કે આ પ્રકરણ કાંઈ ફલપ્રકરણ નથી, પરંતુ કેવલ પ્રમેયપ્રકરણ છે. તેથી આ પ્રકરણમાં વ્રજભક્તો કાંઈ ભગવાનની નિકટ રહેલા નથી. અને તેથી અહિં તો તે ભક્તોને જે અધરસુધાની પ્રાપ્તિ છે, તે વેણુ દ્વારા જ છે, અને તેથી આ સર્વથી અભોગ્ય અધરસુધા પણ કેવલ કર્ણથી જ પાન કરી શકાય છે. સુધા વેણુનાદના સંબંધવાળી છે, અને નાદમાત્ર શ્રોત્રથી જ ગ્રહણ થઈ શકે છે; તેથી વેણુનાદ સંબંધી સુધા પણ શ્રોત્રમાત્રથી જ પાન થાય છે. આથી એમ સિદ્ધ થયું કે જો કે સંયોગાવસ્થામાં તો અધર સુધાનું સાક્ષાત્પાન થઈ શકે છે, પણ વિપ્રયોગ અવસ્થામાં તો તેનું પાન કર્ણથી જ થાય છે. વળી ભગવદ્‌ભોગ્ય આધિદૈવિક સ્ત્રીશરીર જેમને પ્રાપ્ત થયાં છે, એવા ભક્તો જ આ સુધાનો સાક્ષાદ્‌ભોગ કરી શકે છે; બીજાઓ-નદી, સરોવર, લતા, વૃક્ષ, હરિણીઓ, ગોપો અને મેઘ વિગેરેને તો એવું ભગવદ્‌ભોગ્ય આધિદૈવિક સ્ત્રીશરીર જ નહિ હોવાથી વેણુનાદ દ્વારા શ્રોત્રમાત્રથી જ તેમને પાન થાય છે; તેથી આ સુધા સર્વને શ્રોત્રથી જ પાનયોગ્ય છે. આમ સર્વને સાક્ષાત્પાન નહિ હોવાથી ઉપર ત્રણ સુધાના નિરૂપણના પ્રસંગમાં સર્વથી અભોગ્યતાનું નિરૂપણ કર્યું હતું, તેનું સમર્થન કર્યું. એ સુધા સર્વને ભગવદીય કરી દે છે. સર્વાભોગ્યા અને દેવભોગ્યા પણ સુધા ભોગ્ય દેહ, ઈન્દ્રિય વિગેરેને અને દેવને યથાક્રમ ભગવદીયત્વ સંપાદન કરી આપે છે, તે અધરસુધા આનંદ જ છે; આનંદરૂપ જ છે. સર્વ અંશે તેનો સંબંધ થાય તેને માટે તે સુધાનું સર્વાંશે પ્રાકટ્ય દ્રવીભુતપણાથી થાય છે. તે વિરલ અવયવવાળી હોય છે; બ્રહ્માનંદથી પણ અધિક હોય છે. આનંદ, જે ભગવાન્ છે તે આનંદની સારભૂત છે. અથવા તો તે સુધા આનંદમાં એટલે હાલની વિપ્રયોગ અવસ્થામાં જ પ્રકટ છે. 'આનંદો બ્રહ્મેતિ વ્યજાનાત્' 'તસ્માદ્ વા એતસ્માદ્ વિજ્ઞાનમયાદન્યોન્તર આત્માનંદમયઃ' વિગેરે ઘણી શ્રુતિઓમાં પુરુષોત્તમ આનંદરૂપ અને આનંદમય છે, એમ નિરૂપણ કર્યું છે. તેમાં આમ વિવેક કરવાનો છે-સંયોગાવસ્થામાં પુરુષોત્તમ સર્વ સામગ્રીસહિત હોવાથી, અને સર્વ સામગ્રી પણ આનંદરૂપ હોવાથી ભગવાન્ આનંદમય છે; પરંતુ વિપ્રયોગાવસ્થામાં સર્વ સામગ્રી

ભગવાનથી અભેદરૂપે રહેલી હોવાથી, પુરુષોત્તમ આનંદરૂપ છે, તેથી એમ સિદ્ધ થયું કે હાલમાં વ્રજમાં રહેલાં ગોપીજન ભગવાનનાં વિયોગવાળાં હોવાથી વિપ્રયોગાત્મક રસાત્મક ભગવાન્ 'આનંદ' પદ વાચ્ય છે, તે આનંદને વિષે જ તે સુધા પ્રકટ થઈ છે; વ્રજમાં રહેલી ગોપિકાઓ દૂર રહેલી હોવાથી, તે પ્રકટ સુધા માત્ર નાદ દ્વારા પાન થઈ શકે એવી છે, એનું સાક્ષાત્પાન થઈ શકતું જ નથી. આથી તે સુધા દ્રવીભૂત વિરલ અવયવવાળી છે; આનંદરૂપ ભગવાનના અવયવના સંબંધી ભોગ્ય પદાર્થોમાં પણ સારભૂત છે. તે સુધા કોઈ પણ પ્રકારે સાધનરૂપ થતી નથી. તેથી નાદબ્રહ્મમાં તે સુધાને યોજવાને નાદના ઉત્પત્તિનું સ્થાન જે વેણુ અને તેના પણ રંધ્રમાં તેને પૂરી. તે સુધાની સ્થિતિ લોભરૂપ અધરમાં હોવાથી કોઈ પણ સ્થળે તે સુધા સ્વતઃ જ જતી નથી, તેથી ભગવાને તે સુધાને વેણુના છિદ્રમાં યોજી. 'વેણુ વાદયન્' એટલું જ કહ્યું હોત તો ચાલત, તે છતાં મૂળમાં 'અધરસુધયા પૂરયન્' કહ્યું, તેનું આ સર્વ તાત્પર્ય. અથવા ભગવાનના અવયવના સંબંધવાળા ભોગ્ય પદાર્થ સર્વ સારરૂપ હોવાથી, તેમાં આ તો સારા અને આ તો સારા નહિ, એમ કહેવું અયોગ્ય કહેવાય. માટે આનંદસારભૂતા એમ કહેવું કયે પ્રકારે સંભવે ? એમ શંકા થાય તો પોતે જ સાર કેમ કહેવાય તેનું વ્યાખ્યાન કરે છે, કે સુધા કોઈ પણ પ્રકારે સાધનભૂત થતી નથી. બીજા ભગવત્સંબંધી ભોગ્ય પદાર્થોમાં સાધનપણું અને ફલરૂપતા બંને છે. જેમકે, ભગવાનનો શ્રીહસ્ત ભક્તને આહ્વાન કરવામાં (બોલાવવામાં) આનંદનું સાધન છે; પરંતુ ભક્તના સ્પર્શમાં ફલરૂપ છે. અધરસુધામાં કાંઈ આ પ્રમાણે સાધનત્વ અને ફલત્વ બંને નથી; પરંતુ સર્વદા કેવલ ફલત્વ જ છે, કારણ કે અધરસુધા કોઈ પણ અન્ય ફલનું સાધન નથી. જો કે આગળ કહેવામાં આવશે કે 'મુખને પણ સ્વભોગ યોગ્ય કરે છે' તે પ્રમાણે તે સુધા પણ સાક્ષાત્ ભોગયોગ્યતામાં સાધન છે, તથાપિ ત્યાં પણ કર્ણથી પાન કરવા યોગ્ય જ અધરસુધા સાધન છે, અને તેમાં પણ સ્વપ્રાપ્તિમાં જ સાધન છે, બીજી કોઈ રીતે નહિ. સાક્ષાત્ ઉચ્છિષ્ટ રીતથી જે અધરસુધા ભોગ્ય છે, તે તો કેવલ ફલ જ છે, આ જ સારત્વ. કારણ કે જે ગોપીજનને તે પ્રાપ્ત થાય છે, તેઓ ભોક્ત્રી અવસ્થાવાળી છે; ભોગ્ય અવસ્થાવાળી નથી. 'વેણોઃ' પદ જૂદું છે, તેથી એમ નિશ્ચિત થાય છે કે તે સુધા વેણુનો પણ સાક્ષાત્સ્પર્શ કરતી નથી. 'રંધ્રાન્' પદ બીજી વિભક્તિમાં છે, તેથી 'રંધ્ર' એટલે વેણુની અંદર રહેલું આકાશ. પૂરણરૂપી ક્રિયામાં અત્યંત ઈચ્છિત કર્મ છે એમ કહ્યું; અને તેથી રંધ્ર દ્વારા પરંપરાએ તો સુધાનો સ્પર્શ વેણુને સંભવે જ છે; તથાપિ સુધા વેણુનો સાક્ષાત્સ્પર્શ કરતી નથી, એમ ફલિત થાય છે. જે પદનો સમાસ કરવામાં આવે તે પદ જૂદું ન રહેતાં એક પદ થઈ જાય, અને જ્યાં પદ જૂદાં ત્યાં તે પદોનો વાચ્ય અર્થ પણ જૂદો. તેથી જો કે વેણુના છિદ્ર દ્વારા પરંપરાએ તો વેણુને સુધા સ્પર્શ છે જ, તથાપિ વેણુને સુધાનો સાક્ષાત્સ્પર્શ નથી, એમ નક્કી થાય છે. સમાસ વિનાનું પદ જૂદું અને તેનો અર્થ પણ જૂદો, તેથી તે સુધા વેણુની વચ્ચમાં પણ નથી, અને તેથી જ્યારે વેણુનાદ દ્વારા સુધા નીકળે છે ત્યારે નાદનો સંબંધ કરીને જ તે સુધા પણ બહાર નીકળે છે. એથી કર્ણ દ્વારા હૃદયમાં પ્રવિષ્ટ થએલી સુધા વર્ણન સમયે જ્યારે મુખમાં સમાગમ કરે છે ત્યારે મુખને પણ સ્વભોગયોગ્ય કરે છે. અર્થાત્ ભગવાનને ભોગ્ય જે સુધા તેનો ભોગ મુખને થાય, એ પ્રકારે મુખને ભોગયોગ્ય કરે છે. અધરસુધા તો નાદના જ સંબંધવાળી છે, અને નાદનું ગ્રહણ કેવલ કર્ણથી જ થાય છે; તેથી નાદના સંબંધવાળી અધરસુધાનો પ્રવેશ કર્ણ દ્વારા જ થાય છે; મુખ દ્વારા નહિ. તે જ પ્રકારે વર્ણન સમયે પણ

અધરસુધાનો જે સમાગમ ભોગયોગ્ય મુખને થાય છે, તે સમાગમ પણ નાદના સંબંધવાળી અધરસુધાનો જ થાય છે. અહિં બીજા હેતુરૂપે વિશેષ કહે છે કે જ્યાં સુધી રસના પૂરથી સુધાના અંશનો અંતઃપ્રવેશ થતો નથી ત્યાં સુધી મુખને સાક્ષાત્ તેના ભોગની યોગ્યતા પ્રાપ્ત થતી નથી; આ પણ એક વિશેષ છે, અને તેથી જ રસનાં પૂરથી તેના હૃદયમાં પ્રવેશને માટે જ વર્ણન છે. અહિં આ સમજવાનું છે–વેણુનાદ રસાત્મક છે; તેનો પ્રવેશ કર્ણ દ્વારા હૃદયમાં ધારાની માફક થાય છે; અને ભગવદીયની સર્વ ઇન્દ્રિયને વિષે વિવિધ પ્રકારના રસભાવથી જલના પ્રવાહની માફક પુષ્ટ રસના પૂર રૂપ થઈ જાય છે; અને પોતાના સમાન શીલ વ્યસનવાળા ભક્તજનોએ કરેલા પરસ્પર નાદના સ્વરૂપના વર્ણનરૂપે બહાર પ્રગટ થાય છે. એમ સર્વત્ર છે, અને ત્યાં ભક્તના હૃદયમાં રહેલો અધરરસ ભગવાનના મુખમાંથી નિકળી રહેલા મુખ્ય અધરરસનો અંશ જ હોવાથી સર્વ શ્રીગોપીજનના હૃદયમાં રહેલો તે અધરરસ ક્રમે કરીને જ્યારે સર્વે શ્રીગોપીજનના હૃદયમાં પ્રવેશ કરે ત્યારે અનિર્વચનીય ઉત્કટ (પ્રચુર) ભાવના ઉદયને લીધે તે સુધાના સાક્ષાત્ અનુભવની યોગ્યતા થતી હોવાથી, જ્યાં સુધી ઉપર કહ્યા પ્રમાણે તે હૃદયમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી પણ સાક્ષાત્ તેના ભોગની યોગ્યતા ન જ થાય; તેથી જ રસના પૂરથી તેના અંશના પ્રવેશને માટે જ વર્ણન. રસના પૂરથી તેનો અંશ પ્રવેશ કરે, ત્યારે ભક્તનું મુખ ભગવાનની અધરસુધાના સાક્ષાદ્ભોગને યોગ્ય થાય, એ જ સમાન શીલ અને વ્યસનવાળા ભક્તોમાં પરસ્પર વર્ણનનું પ્રયોજન છે. જ્યારે તે રસનો પ્રવેશ વર્ણનથી સુધાભોગને યોગ્ય મુખમાં થાય ત્યારે જ આસક્તિરૂપ નિરોધ સિદ્ધ થાય છે. તત્ત્વદીપનિબંધમાં કહ્યું છે કે ‘આ પ્રમેયપ્રકરણથી પ્રેમ પછી થતી આસક્તિની પ્રાપ્તિ થાય છે’, એથી અહિં આ પ્રમેયપ્રકરણની સમાપ્તિમાં આસક્તિ રૂપ નિરોધ સિદ્ધ થયો, એમ આશય છે. આથી લેશમાત્ર પણ રસના પ્રવેશ વિના આસક્તિરૂપ નિરોધ જ સિદ્ધ થતો નથી, તેથી (૧) ગોપને વિષે, (૨) ભોગ્ય ગોપીથી ભિન્ન ગોપીને વિષે અને (૩) સર્વને જ વિષે; એ પ્રમાણે ‘દેવ’ પદવાચ્ય ગાયો વિગેરે ત્રણેને વિષે જે સુધાભોગ છે, તે સુધાભોગ ભોગ્ય ગોપીના સુધાભોગ કરતાં બહુ ઓછો છે, તેથી સુધાભોગથી પ્રાપ્ત થતા નિરોધનું પ્રાચુર્ય તો કેવલ ભોગ્ય ગોપીને છે, અને ગોપ વિગેરે ત્રણને તો સુધાભોગરૂપ નિરોધ બહુ ઓછો છે, એમ સિદ્ધ થયું. આથી જ શ્રીભાગવતમાં આઠમી નિરોધલીલાનું નિરૂપણ સાતમી નવમસ્કંધની ભક્તિલીલાની પછી દશમસ્કંધમાં થયું. વિહિત-શાસ્ત્રીય ભક્તિવાળાને પણ આ રસ ફલરૂપે પ્રાર્થના કરવામાં જ રહે છે, કેમકે વિહિતભક્તિથી કાંઈ આ ફલરૂપ રસ પ્રાપ્ત થઈ જતો નથી; તેથી સોમ અને સૂર્યવંશના સંબંધવાળી ભક્તિના નિરૂપણ પછી નિરોધનું નિરૂપણ અહિં કર્યું. નવમા ભક્તિસ્કંધ પછી નિરોધસ્કંધનું બીજું તાત્પર્ય એ પણ છે, કે ભગવાનની સૃષ્ટિમાં ઉત્પન્ન થએલા ભક્તોના ભક્તિરસભોગનું પરિણામ સાક્ષાત્ ભગવદધરસુધાના ભોગમાં જ છે. જો ભક્તને ભગવદધરસુધાનો સાક્ષાત્ ભોગ પ્રાપ્ત જ ન થાય તો સૃષ્ટિમાં ભક્તની ઉત્પત્તિ જ નકામી; આથી ભક્ત સિવાયના જીવોના જન્મની વ્યર્થતાનો કૈમુત્યન્યાયથી જ ‘નૈષ્કર્મ્યમપિ અચ્યુતભાવવર્જિતમ્’ વિગેરે વાક્યોમાં જણાવી છે. આ પ્રકારે દશમસ્કંધની લીલાથી જ્યારે નિરોધ સિદ્ધ થયો, અને ભગવાને કરાવેલો સુધાનો અનુભવ પણ થયો, ત્યારે ફલ તો સિદ્ધ થઈ ગયું; તેથી અગીઆરમા અને બારમા સ્કંધની મુક્તિ અને આશ્રય લીલા નકામી છે, એમ શંકા થાય, તો તે બે લીલાનું તાત્પર્ય કહે છે કે તે તો પ્રત્યાપત્તિરૂપ છે; એટલે પહેલાંના ભાવને

પાછો સંપાદન કરી આપે છે. ફલ તો નિરોધ જ છે; નહિ કે મુક્તિ અથવા આશ્રય. કારણ કે લીલાને માટે સર્જેલા મુક્ત જીવો જેઓ હાલમાં ભગવાનના અંતઃકરણમાં રહેલા છે, તેમના પર પરમ કૃપાથી નિત્યલીલામધ્યપાતી ભક્તોની સાથે આ રસનો અનુભવ તેમને પણ કરાવીને ફરીથી પ્રથમનો ભાવ સંપાદન કરાવવો એ જ પ્રત્યાપત્તિનો અર્થ છે. આથી એમ સિદ્ધ થયું કે મુક્તિનું લક્ષણ 'અન્યથારૂપના ત્યાગપૂર્વક સ્વરૂપથી રહેવું' એવું હોવાથી 'લીલાને માટે સર્જેલા જીવોનું લીલાના ઉપયોગી રૂપે જ રહેવું' એ 'મુક્તિ' હોવાથી ભગવાનની અંદર સ્થિતિરૂપ મુક્તભાવમાંથી છોડવવું, એ અગીઆરમા સ્કંધનો અર્થ છે. 'આભાસશ્ચ' વાક્ય પ્રમાણે જેમાંથી સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય થાય અને જણાય તે આશ્રય; અથવા આધિભૌતિક વિગેરે ત્રણ રૂપને જાણે તે આશ્રય; તેવા આશ્રય તો ભગવાન જ છે; તેથી લીલાના અનુભવ કરાવવારૂપ મુક્તિથી ભક્તોની પાછી જે ભગવદ્રૂપતા તે આશ્રય અથવા પ્રત્યાપત્તિ, એ બારમા સ્કંધનો અર્થ છે. માટે અગીઆરમા અને બારમા સ્કંધની લીલા નકામી નથી, અને નિરોધના પરમ ફલપણાની હાનિ પણ નથી; તેમ જ મુક્તિ અને આશ્રયનાં લક્ષણ સચવાઈ રહે છે, અને તેથી તેમાં લક્ષણા પણ કરવી પડતી નથી.

લોકમાં આ રસ પ્રકટ કરવાનું તાત્પર્ય કહેતાં તેનું આવશ્યકપણું જણાવે છે કે જો આ રસ પ્રકટ ન કરે તો સૃષ્ટિ જ વ્યર્થ થઈ જાય. આ રસ જ પરમ પુરુષાર્થ છે; જેને સામાન્ય રીતે મોક્ષ કહેવામાં આવે છે, તે કાંઈ પરમ પુરુષાર્થ નથી. તેથી સૃષ્ટિમાં કોઈ પણ સ્થળે આ રસ પ્રકટ કરવાથી સૃષ્ટિ સાર્થક થાય છે. જો સૃષ્ટિમાં કોઈ પણ સ્થળે આ રસ પ્રકટ કરવામાં આવે નહિ, તો પ્રાણના સંબંધ વિનાની દેહસૃષ્ટિ જેમ વ્યર્થ છે તેમ લીલાસૃષ્ટિ પણ વ્યર્થ થઈ જાય.

શંકા – લીલા સૃષ્ટિમાં સર્વને જ આ રસભોગ કેમ પ્રાપ્ત થતો દેખાતો નથી ?

ઉત્તરમાં કહે છે તે ભોગ દુર્લભ છે. ૧૯મા અધ્યાયમાં કહ્યા પ્રમાણે વસ્ત્રદાન થાય, અને પછી બ્રહ્માનંદભાવ પ્રાપ્ત થાય, અને તેમાં પણ ૨૫મા અધ્યાયમાં કહેલું સ્ત્રીત્વ પ્રાપ્ત થાય; એટલે બ્રહ્માનંદભાવથી પછી શબ્દબ્રહ્મકૃત પૂર્વભાવ સંપાદન કરીને અધિદેવક્રીડાયોગ્ય પૂર્વસિદ્ધ પ્રસાદ્રૂપ શક્તિમાં પ્રવેશથી આધિદૈવિકરૂપ (લક્ષ્મી સમાન સ્ત્રીદેહ પ્રાપ્ત થાય ત્યારે.) થાય, ત્યારે જ બ્રહ્માનંદરૂપા નાયિકા જે લક્ષ્મી તેના જેવું નિરોધના ફલરૂપ મુખ્ય રસભોગ-રમણ ઉચ્છિષ્ટ રીતે સંભવે છે. અહિં પણ બ્રહ્મભાવ અને લક્ષ્મીતુલ્યતા, એ બંને ધર્મ સંપાદન કર્યા પછી જ રસભોગમાં સામ્ય (લાયકાત) થાય છે.

શંકા–મહિષીઓ વિગેરેને તો બ્રહ્માનંદની જ પ્રાપ્તિ નથી, તો તેમનાથી ભોગ સિદ્ધ કેવી રીતે થાય ?

ઉત્તર–ક્રમે કરીને લક્ષ્મીના અંશરૂપ મહિષીઓ વિગેરેને પણ રસભોગ સંભવે છે. કોઈક પ્રકારે બ્રહ્માનંદ પ્રાપ્ત થયા પછી જ તેમને પણ રસભોગ સંભવે છે. આ પ્રમાણે મુક્તિ અને આશ્રય, એ બે લીલા કેવલ પ્રત્યાપત્તિ (પૂર્વસ્થિતિ પ્રાપ્ત કરી આપનાર)રૂપ હોવાથી, એ સિદ્ધ થયું કે નિરોધ જ મહાફલ છે, અને તે કારણથી જ આ પ્રકરણના છેવટે સ્ત્રીઓનું નિરૂપણ છે. એ ફલ સ્ત્રીઓમાં જ સ્વરૂપાત્મકપણાથી સિદ્ધ છે. તામસપ્રકરણના છેવટે અને તામસ પ્રમેય પ્રકરણની સમાપ્તિમાં પણ આ જ કારણથી સ્ત્રીઓનું નિરૂપણ છે. ભગવદ્‌ભોગ પછી જ ભગવાન્ ભક્તથી ભોગ્ય થાય છે. ભગવત્કર્તૃક ભોગ પછી રસનું આધિક્ય થવાથી ભગવાનમાં સ્ત્રીભાવ પ્રકટ થાય, ત્યારે ભગવાન્ ભોગ્ય થાય છે. અર્થાત્ ભગવદ્‌ભોગ્ય જે સુધા તેનો ભોગ

સ્વચ્છંદતા કહે છે-ગોપોનાં ટોળાંઓની સાથે વૃંદારૂપી સ્ત્રીના અરણ્યમાં પ્રવેશ કર્યો; સર્વ કાર્ય કરીને સ્વચ્છંદતા સંપાદન કરી આપી. જગતમાં ભક્તિનું સ્થાપન તો કર્યું નહિ, તો કૃતકૃત્યતા કેવી રીતે થઈ ? તો કહે છે કે પોતાના ચરણનું રમણ ત્યાં છે. (ભક્તિ સ્થાપન કરી છે કારણ કે ભક્તિરૂપ ચરણનું રમણ ત્યાં છે.) ધર્મનું સ્થાપન કર્યું. તે ગોપને સાથે લઈને એ પદથી કહે છે; બાકી રહેલા સર્વે પુરુષાર્થ સ્થાપન કર્યા, એ જણાવવાને માટે 'ગીતકીર્તિઃ' એ પદ મૂક્યું છે.

જેની કીર્તિ ગવાઈ રહી છે, એવા ભગવાન્ છે. 'ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે' એમ ક્વચિત્ 'કૃષ્ણ' પદના અર્થનું વિવરણ કરવામાં આવ્યું છે[10].૫.

---

જેને પ્રાપ્ત થાય છે, એવાં ગોપીજન પુરુષભાવ પ્રાપ્ત કરીને ભગવાનનો ભોગ કરે છે. ''સોઽશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા વિપશ્ચિતા'' (તૈ.ઉ.૨।૧) આથી શ્રીશુકદેવજી પણ મુખ્યતાએ સ્ત્રીઓનું જ વર્ણન કરે છે. અશ્વિકુમારોનું પણ સ્ત્રીત્વ આ જ કારણને લઈને છે. કારણ કે પુરુષભક્ત ભોગ્ય થઈ શકતો જ નથી; ભગવાન્ તેનો ભોગ કરી શકતા નથી; અને પુરુષભક્ત પણ પુરુષભગવાનનો ભોગ કરી શકતો નથી; પુરુષનો ભોગ અન્ય પુરુષથી થઈ શકતો નથી; તેમ પોતે પોતાનો ભોગ પણ કરી શકતો નથી; આ વિચાર શ્રીમદ્ભાગવતાર્થ પ્રકરણના ત્રીજા સ્કંધના નિબંધગ્રંથમાં થઈ ગએલો છે, અને તે અહિં પણ સંમત છે.

પ્રશ્ન-જ્યારે ગોપીજનને આ રીતે મહાફલ એવા નિરોધની પ્રાપ્તિ થએલી જ છે, ત્યારે ભ્રમરગીતમાં તેમને જ્ઞાનના ઉપદેશરૂપ લીલાનો પ્રયાસ શા માટે કરવામાં આવ્યો છે ?

ઉત્તર-એ ફલનો ભોગ જ્ઞાનપૂર્વક થાય ત્યારે જ મહાન્ રસનો આસ્વાદ થાય છે; તેથી જ્ઞાનનો ઉપદેશ છે. જે રસ શ્રીગોપીજનને સિદ્ધ જ છે તેનું સ્વરૂપજ્ઞાન થાય, ત્યારે રસાસ્વાદ મહાન્ થાય; અથવા મુખ્ય અવતારી પુરુષોત્તમની પ્રાપ્તિને માટે ભગવાન્ એમને જ્ઞાનોપદેશ કરે છે. વળી વિપ્રયોગ સમયે ગોપીજનનું દુઃખ દૂર કરવું, એ પણ જ્ઞાનના ઉપદેશનું કારણ છે. સ્ત્રીઓ આ ફલને યોગ્ય જ છે, તેથી આગળ ઓગણીશમા અધ્યાયમાં કાત્યાયની (આધિદૈવિક પ્રસાદરૂપ સ્ત્રી)ની જ પ્રાર્થના કરશે.

રૂપથી વશ કરીને અધરામૃતનું પાન કરાવતા ભગવાન્ સ્વચ્છંદતા પ્રાપ્ત કરાવે છે; ભોગ્યભક્તમાં ભોક્તાપણું સંપાદન કરાવે છે. સુધાસંવલિત વેણુરવથી શ્રીગોપીજનને વશ કરીને અધરામૃતપાન કરાવતા ભગવાન્ વૃંદાવનમાં પ્રવેશ કરીને 'શ્લિષ્યતિ કામપિ' વિગેરે પ્રકારની પોતાની સ્વચ્છંદતા સંપાદન કરે છે. જે સ્વચ્છંદતા નંદાલય શ્રીમદ્ગોકુલમાં સંભવતી જ નથી.

૧૦. ''ગોપવૃન્દૈર્વૃન્દારણ્યં સ્વપદરણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ'' સ્વચ્છંદતાનું નિરૂપણ કરતાં કહે છે કે ગોપનાં ટોળાંઓની સાથે વૃંદાના-સ્ત્રીના અરણ્યમાં પ્રવેશ કર્યો; એનો પરોક્ષ અર્થ એ છે કે સ્ત્રીજાતિના વનમાં પ્રવેશ કર્યો. સ્ત્રીજાતિના વનમાં પ્રવેશ કરવાથી શ્રીગોપીજનને ભગવાનનો ભોગ કરવાનું સ્વાચ્છંદ્ય સ્વતંત્રતાથી સિદ્ધ થયું. પ્રથમ ગોપોની સાથે વૃંદાવનમાં સ્થિતિ કરી; પછી સ્ત્રીસંગમરૂપ વનમાં પ્રવેશ કર્યો. 'પ્રાવિશત્' (પ્રવેશ કર્યો), એમાં 'પ્ર'નો અર્થ સ્વચ્છંદતા, નિર્ભયતા વિગેરે સમર્પક છે. પૂર્વે તેથી જ કહ્યું કે 'શક્તિઓની નિર્ભયતાને માટે આ દેવ-ગોપ સાક્ષી છે'. ગોપો સાથે હોવાથી કોઈક કારણને લઈને સ્વચ્છંદતાનો નિર્વાહ

થઈ શકે નહિ, તો ગોપો રક્ષણ કરી શકે; આ માટે 'ગોપના ટોળાંઓની સાથે' એમ કહે છે.

શંકા–આ બધું ખરું પણ ભગવાનનું પ્રાકટ્ય તો 'યદા યદા હિ ધર્મસ્ય' (જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે) એ ગીતાના શ્લોકમાં કહ્યા પ્રમાણે, અને ''તથા પરમહંસાનામ્'' એ ભાગવતના શ્લોકમાં કહ્યા પ્રમાણે, ભક્તિ વિગેરેને માટે જ છે; જો ભક્તિ જગતમાં સ્થાપન ન થાય તો ભગવાન્ કૃતકૃત્ય થયા કેમ કહેવાય ?

આનો ઉત્તર કહે છે કે ''સ્વચરણનું રમણ જેમાં થાય છે, એવા વૃંદાવનમાં પ્રવેશ કર્યો'.' ચરણચિહ્નનાં દર્શનથી, પૂર્વ સંભોગના સ્મરણથી, ગોપીજનને ભાવ જાગૃત થશે. પોતાનું ભક્તિરૂપ ચરણ ગોપીજનના અંગો પર વિવિધ પ્રકારે સ્થાપીને ભાવને જાગૃત કરીને તેમનામાં સ્વાચ્છંદ્ય સંપાદન કરી આપ્યું. ચરણમાં પણ વિવિધ પ્રકાર છે, એ જણાવવાને 'નિજ ચરણો' પદ બહુવચનમાં મૂક્યું. ''નાયિકામાં 'પું'ભાવનો આવેશ થાય, ત્યારે તેમને સ્વાચ્છંદ્ય પ્રાપ્ત થાય'' એમ રસશાસ્ત્ર કહે છે. આ આશયથી પહેલાં વૃંદાવનપ્રવેશનું તેવું લીલાપણું કહ્યું. આ પ્રકારે રસના અનુભવ પછી ગોપીજને ભગવાનની કીર્તિનું ગાન કર્યું; અને તેમ કરીને પોતામાં રસ સ્થિર થયો છે, એમ નિરૂપણ કર્યું. વસ્તુતઃ અહિં (૧)વૃંદાવનમાં, (૨) વનમાં રહેલા ભક્તોના સમૂહમાં, (૩) વ્રજમાં રહેલાં વ્રજસુંદરીના મનમાં, એ રીતે ત્રણ સ્થલમાં પ્રવેશ છે. વૃંદાવનની ભૂમિ આર્દ્ર એટલે રસાળ હોવાથી ચરણનાં ચિહ્ન તેમાં પડે છે, તેથી તેને સ્વપદરમણત્વ છે. વનમાં રહેલા ભક્તના સમૂહોને રમણ સમયે હૃદયમાં ભગવાનના ચરણની સ્થિતિ હોવાથી તેમને પણ સ્વપદરમણત્વ છે, અને વ્રજમાં રહેલા ભક્તોના મનમાં ભગવાનના આવિર્ભાવની સાથે ચરણનો પણ આવિર્ભાવ થવાથી તેઓને પણ સ્વપદરમણત્વ છે. ધર્મનું સ્થાપન કરવાને ગોપોના સમૂહને સાથે લીધો છે, તેથી ગોચારણરૂપ ધર્મનું સ્થાપન થયું. વનમાં રહેલા ભક્તોના સમૂહને વિષે પ્રવેશનપક્ષમાં લજ્જાને લીધે ગોપન કરવું, છુપું રાખવું, વિગેરે ધર્મ સ્થાપિત થયો; કેમકે ભગવાને અંતરંગ ગોપોને સાથે લીધા છે, અને 'આ દેવો સાક્ષી છે' એમ પૂર્વે કહી ગયા છીએ. બાકી રહેલા સર્વ પુરુષાર્થના સ્થાપન માટે 'ગીતકીર્તિઃ' પદ મૂક્યું છે. જેમની કીર્તિ ગવાઈ રહી છે, એવા પ્રભુએ વૃંદાવનમાં પ્રવેશ કર્યો. વેણુનાદ કરીને વ્રજમાં રહેલા ભક્તોમાં સર્વથી અભોગ્ય સુધાના અનુભવરૂપ મોક્ષનું સ્થાપન કર્યું; ગોપને સાથે લઈને તેમને વિષે દાસ્યરૂપ ધર્મનું સ્થાપન કર્યું; વૃંદારણ્યમાં પ્રવેશ કરીને વનમાં રહેલા ગોપીજનરૂપી ભક્તોમાં સ્વાચ્છંદ્યરૂપ કામનું સ્થાપન કર્યું; અને સ્વપદરમણે કરીને તેમને વિષે ઉદ્‌બુદ્ધભાવરૂપ ભક્તિનું જે સ્થાપન કર્યું તે અર્થરૂપ પુરુષાર્થ; અને ગાનરૂપ પુરુષાર્થનું સ્થાપન તો કેવલ વ્રજમાં રહેલા ભકતોને વિષે જ કર્યું. સાર એ કે વનમાં રહેલા ભક્તોમાં ત્રણ પુરુષાર્થ–અર્થ, કામ અને ગાન; વ્રજમાં રહેલા ભક્તોમાં એકલો મોક્ષ, અને ગોપમાં એકલો દાસ્યરૂપી (પુરુષાર્થ) સ્થાપિત કર્યો, એમ વિભાગે (૩+૧+૧) પાંચ પુરુષાર્થ જાણવા; અથવા 'બાકી રહેલા' પદથી અર્થ, કામ અને મોક્ષનું ગ્રહણ કરવું, કારણ કે 'સ્વરપદરમણ' પદથી ભક્તિનું અને 'ગોપનાં ટોળાંઓ સહિત' પદથી ધર્મનું સ્થાપન કરવાનું તો કહેવાઈ જ ગયું છે, અને બાકી રહેલા જે અર્થ, કામ અને મોક્ષ રહ્યા, તે ત્રણ પુરુષાર્થનું કથન 'ગીતકીર્તિઃ (જેની કીર્તિ ગવાઈ રહી છે)' એ પદથી કર્યું. 'વ્રજમાં રહેલી સુંદરીઓએ ગાએલી છે કીર્તિ જેમની' એવો અર્થ લઈએ, તો ગુણગાનરૂપી અર્થ પુરુષાર્થ વ્રજમાં રહેલી સુંદરીઓનો છે. 'વનમાં રહેલી સ્ત્રીઓએ ગાએલી છે કીર્તિ જેની' એમ અર્થ લઈએ, તો ભગવાનમાં આસક્તિવાળી સ્ત્રીઓએ તેવા જ રસરૂપ ભગવાનનું ગુણગાન કર્યું,

અને તેનું શ્રવણ પણ આસક્તિવાળી સ્ત્રીઓએ કર્યું; તેથી ત્યાં કામરૂપ પુરુષાર્થ સિદ્ધ થાય છે; 'શ્રીશુકદેવજીએ ગાએલી છે કીર્તિ જેની' એવો અર્થ લઈએ, તો તે કીર્તિના શ્રવણથી આપણા જેવાનો મોક્ષ સિદ્ધ થાય છે; એ પ્રકારે 'ગીતકીર્તિઃ' પદથી જુદી જુદી રીતે અર્થ, કામ અને મોક્ષરૂપ ત્રણ પુરુષાર્થનું સ્થાપન કહ્યું.

શંકા-અથવા ''યદા યદા હિ ધર્મસ્ય''(જ્યારે જ્યારે ધર્મની વિગેરે) એ ગીતાવાક્ય થી ભક્તિને માટે ભગવાનનું પ્રાકટ્ય કહ્યું છે, તેથી ભક્તિનું સ્થાપન કર્યા વિના કૃતકૃત્યતા સંભવતી નથી, ત્યારે જગતમાં ભક્તિ સ્થાપ્યા વિના તો કૃતકૃત્યતા શી રીતે ?

આના ઉત્તરમાં 'સ્વપદરમણ' પદ કહ્યું, અને ઉપસંહારમાં 'ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે' એમ ક્હ્યું. એથી એમ સિદ્ધ થાય છે કે 'ગૂઢ સ્ત્રીભાવ' એવું પુષ્ટિમાર્ગમાં 'તત્ત્વ' છે, એમ 'કૃષ્ણ' પદના અર્થનું કોઈક સમયે એટલે સ્વસમાનશીલ શ્રીગોપીજનમાં વ્યાખ્યાન કરાએલું છે, તેથી મુખ્ય કામ, અર્થ અને મોક્ષનું સ્થાપન કીર્તિ વડે જ સિદ્ધ છે; અને તેથી ગૌણ પણ કામ, અર્થ અને મોક્ષનું સ્થાપન કીર્તિ વડે જ સિદ્ધ થઈ રહે છે.

## શ્રીહરિરાયજીકૃત ''ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે'' તે પર સ્વતંત્ર લેખઃ

જે વિષયની આસક્તિ હોય તે વિષયનું વર્ણન જ આસક્તિથી થઈ શકે; તો અહિં પ્રભુસ્વરૂપને છોડીને વેણુરવનું વર્ણન કેમ કરે છે ? એમ શંકા થાય, તો તેનો ઉત્તર 'સ્ત્રીભાવો ગૂઢઃ' (ગૂઢ સ્ત્રીભાવ) વિગેરેથી આપે છે. જેમ મર્યાદામાર્ગમાં લોકવેદપ્રથિત પુરુષોત્તમ સર્વાત્મક છે, તેમ અહિં પુષ્ટિમાર્ગમાં પ્રભુ જ સર્વ સંપત્તિ છે; એવા પ્રમેયમાર્ગમાં સ્વામિનીરૂપ સ્ત્રીનો ગૂઢ રસાત્મક સ્થાયિભાવ જ સર્વાત્મક છે. સર્વભાવ ભાવાત્મક-ભગવદાત્મક છે, તેથી 'તત્ત્વ' એટલે વાસ્તવરૂપ ભાવાત્મક ભગવાન જ છે, 'એમ આ કૃષ્ણ પદાર્થ' જે સ્વામિનીના હૃદયદેશમાત્રમાં રહે છે, તે સદાનંદરૂપ છે; તે 'કવચિત્' એટલે હમણાં જ કૃષ્ણતાને પ્રાપ્ત થયા; 'બ્રહ્મા, વિષ્ણુ, અને રુદ્ર થઈને ફરીથી કૃષ્ણ જ થયા' વિગેરે સ્થળમાં તેનું વિવરણ કર્યું છે; સ્વતંત્ર વિવરણ નથી. કારણ કે ભાવાત્મા ભગવાન્ કૃષ્ણે આનંદના સારરૂપથી સુધારૂપ સ્વસ્વરૂપનો પ્રવેશ પરોક્ષમાં એમને વિષે કરવાને વેણુનાદમાં જ હંમેશાં એ સ્વરૂપ સ્થાપ્યું; તેથી જ તેનાથી સંવલિત જ છે, અને તે જ કારણથી બીજું 'સર્વ' એટલે પહેલાં હર્ષથી લીલા વિગેરેમાં અનુભવાએલું સ્વરૂપ પણ ગૌણ થઈ જાય છે, કારણ કે સુધાના પ્રવેશને લીધે કામ પણ સર્વાત્મભાવરૂપ થઈ ગયો છે; તેથી હવે પ્રાપ્ત થતો સ્વરૂપાત્મક નાદ જ મુખ્ય છે, અને તે કારણથી 'પહેલાં જે રૂપનો અનુભવ કર્યો હતો, તેનું પણ હવે કામના અભાવથી વિસ્મરણ થઈ ગયું; અને હાલમાં અનુભવાતા નાદનું જ સર્વાત્મભાવથી વર્ણન કરવાનો આરંભ કર્યો' એમ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું. શ્રીમદાચાર્યજીના ચિત્તને સંતોષ આપવાને માટે આ તાત્પર્યનું નિરૂપણ કર્યું, તેથી પ્રસન્ન થઈ શ્રીમદાચાર્યજી મને તેમના ચરણની રજનું દાન કરો.

ઉપસંહાર-ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે. 'બર્હાપીડમ્' શ્લોકમાં સર્વથી અભોગ્ય સુધાથી પૂરિત વેણુરવ સ્વરૂપનું નિરૂપણ, એ વાક્યાર્થ છે; એમ શ્લોકના ઉપસંહારમાં ઉપદેશ કર્યો છે. સ્ત્રીઓના હૃદયમાં નાદદ્વારા પૂરેલો ગૂઢ-સર્વથી અભોગ્ય સુધારૂપ 'ભાવ' પુષ્ટિમાર્ગમાં 'તત્ત્વ' એટલે અનારોપિત મુખ્ય ફલ છે. અથવા ભગવાનનો 'ગૂઢ સ્ત્રીભાવ' એટલે લક્ષ્મીના સમાનપણાથી રસના ઉદ્રેકમાં ભોગ્યત્વ (ભોક્તા ભગવાનનો ભોગ્યરૂપ સ્ત્રીભાવ) એવો 'ગૂઢ સ્ત્રીભાવ' અનુગ્રહાત્મક પુષ્ટિમાર્ગમાં 'તત્ત્વ' છે. કારણ કે 'કૃષ્ણને

સુબોધિનીજી–આથી સર્વ ગૌણ થઈ ગયું; વેણુનાદ જ મુખ્ય રહ્યો; તેથી તેનું જ વર્ણન કરવાને શ્રીગોપીજનને આરંભ કર્યો, તે (શ્રીશુકદેવજી) 'ઇતિ વેણુરવમ્' એ શ્લોકથી કહે છેઃ

---

આધીન રહેવું એ તો મર્યાદા છે, અને પુષ્ટિ તો સ્વાધીન છે ( કૃષ્ણાધીના તુ મર્યાદા સ્વાધીના પુષ્ટિરુચ્યતે.) એમ પાંચમા સ્કંધના નિબંધમાં પુષ્ટિમાર્ગનું લક્ષણ છે. જ્યાં સુધી ભોક્તા તરીકે કૃષ્ણનું સ્વાતંત્ર્ય છે ત્યાં સુધી મર્યાદા છે; પણ જ્યારે કૃષ્ણ ભોગ્ય થઈ જાય છે, અને ભક્ત ભોક્તા થઈ જાય છે ત્યારે પુષ્ટિ. તેથી રસોદ્રેક થતાં ભગવાન્ લક્ષ્મી સમાન સ્ત્રીભાવનો સ્વીકાર પોતે કરીને ભક્તાધીન ભોગ્ય થઈ જાય, અને નિજ ભક્તને સ્વતંત્ર ભોક્તૃત્વનું દાન કરે, એ પ્રકારનો જે 'ગૂઢ સ્ત્રીભાવ' તે જ પુષ્ટિમાર્ગમાં 'તત્ત્વ' છે. આ ગૂઢ સ્ત્રીભાવ સર્વત્ર અતિ ગુપ્ત છે; રમણમાં પણ ગુપ્ત રીતે છે જ, પરંતુ 'ક્વચિત્' એટલે કોઈક સમયે જ ભક્તના હૃદયરૂપ સ્થાનમાં વેણુનાદ શ્રવણ થતાં શ્રોત્ર દ્વારા વિવૃત (પ્રકટ) થાય છે, એમ 'બર્હાપીડમ્' શ્લોકમાં નિરૂપણ કર્યું. અથવા સ્ત્રીભાવને પ્રાપ્ત ભગવાન્ 'કૃષ્ણ' પદથી વાચ્ય છે, કારણ કે તેવા સ્ત્રીભાવને પ્રાપ્ત ભગવાન્ પરમાનંદ સ્વરૂપ છે; કારણ કે રસશાસ્ત્રમાં 'સ્ત્રીભાવ'નું પરમાનંદરૂપત્વ પ્રસિદ્ધ છે; અને 'કૃષિર્ભૂવાચકઃ શબ્દઃ' એ શ્રુતિમાં પરમાનંદરૂપે 'કૃષ્ણ' પદનું નિર્વચન–નિરૂપણ પણ છે, તેથી જો વેણુનાદ બહુ વાર થાય છે, તો પણ આવો સુધાસંવલિત વેણુનાદ ક્વચિત્ જ થાય છે; તેથી 'કૃષ્ણ' પદના અર્થનું વિવરણ કોઈક વખતે થાય છે. અહિં 'અધરસુધાસંવલિત' એમ વેણુનાદનું વિશેષણ કહ્યું, તેથી અધરસુધાની સાર્થકતાને માટે ભગવાન્ ભોગ્ય સ્ત્રીભાવ સ્વીકારે એ અપેક્ષિત (આવશ્યક) છે, તેથી તે ભોગ્ય સ્ત્રીભાવ જ 'કૃષ્ણ' પદનો અર્થ છે.

અથવા 'ગૂઢ સ્ત્રીભાવ પુષ્ટિમાર્ગમાં તત્ત્વ છે', એમ 'કૃષ્ણ' પદનો અર્થ 'ક્વચિત્' એટલે સમાનશીલ ગોપીજનમાં વ્યાખ્યાત છે; તેથી મુખ્ય કામ, અર્થ અને મોક્ષનું સ્થાપન કીર્તિથી જ સિદ્ધ થઈ જવાથી ગૌણ કામ, અર્થ અને મોક્ષનું સ્થાપન પણ તે જ કીર્તિથી સિદ્ધ થયું; તેથી ભગવત્પ્રાકટ્યનું સર્વ પ્રયોજન સિદ્ધ થઈ જવાથી સર્વ ગૌણ થતાં વેણુનાદ જ મુખ્ય છે. મુખ્ય ફલનો અનુભવ કરાવનાર નાદ જ છે, તેથી રૂપ, વેણુનાદ અને ક્રીડા, એ ત્રણેમાં રૂપ અને ક્રીડા પણ ગૌણ જ છે. અથવા અધરસુધા સંવલિત ગૂઢ સ્ત્રીભાવાત્મક 'કૃષ્ણ' પદના અર્થનું વિવરણ કરનાર વેણુનાદથી અતિરિક્ત (બીજું) સર્વ જ ગૌણ છે, તેવો વેણુનાદ જ મુખ્ય છે; અથવા વેણુનાદ જ 'બર્હાપીડ...' વાક્યના અર્થનો અનુભવ કરાવનાર છે, તેથી 'સર્વ' એટલે પાંચે પુરુષાર્થ ગૌણ છે, અને વેણુનાદ જ મુખ્ય છે; તેથી તે નાદનું વર્ણન કરવાને શ્રીગોપીજનને આરંભ કર્યો, એમ શ્રીશુકદેવજી હવે પછીના 'ઇતિ વેણુરવમ્' શ્લોકમાં કહે છે. પૂર્વોક્ત વેણુનાદ જ મુખ્ય છે, તેથી જો કે રૂપ, નાદ અને ક્રીડા, એ ત્રણેનો અનુભવ તો થાય જ છે, તો પણ રૂપ અને ક્રીડા બંનેને ગૌણ કરીને વેણુનાદને જ મુખ્યતાએ વર્ણવાનો આરંભ શ્રીગોપીજનને કર્યો; તેથી તેનું વર્ણન કરવામાં શ્રીશુકદેવજી શ્રીગોપીજનનું અભિરમણ હવે પછીના શ્લોકમાં કહે છે; અથવા વેણુનાદનું જ પ્રાધાન્ય છે, તેથી તે પ્રધાન વેણુનાદને જ વર્ણવાને શ્રીગોપીજનને આરંભ કર્યો, એમ શ્રીશુકદેવજી કહે છે; અથવા પાંચે પુરુષાર્થ ગૌણ છે, તેથી તે ન વર્ણવતાં 'બર્હાપીડ..' વાક્યના અર્થનો અનુભવ કરાવનાર મુખ્ય વેણુનાદને જ વર્ણવાને શ્રીગોપીજનને આરંભ કર્યો, એમ શ્રીશુકદેવજી હવે પછીના શ્લોકમાં કહે છે.

**ઈતિ વેણુરવં રાજન્ સર્વભૂતમનોહરમ્ ।।**
**શ્રુત્વા વ્રજસ્ત્રિયઃ સર્વા વર્ણયન્ત્યોભિરેભિરે ।।૬।।**

હે રાજન ! એ પ્રકારે સર્વ પ્રાણીમાત્રના મનને હરણ કરે એવો વેણુરવ શ્રવણ કરીને, સર્વ વ્રજની સ્ત્રીઓએ તેનું વર્ણન કરવાને આરંભ કર્યો. ૬.

સુબોધિનીજી– તે કારણથી વેણુરવનું જ વર્ણન કરવાને વેણુરવનું શ્રવણ કરીને વર્ણન કરવાનો આરંભ કર્યો, એમ સંબંધ છે[૧]. તેમાં પ્રથમ શ્રવણ કરતી વખતે અને વર્ણનના માટે જ શ્રવણ કરતી વખતે આદરસહિત શ્રવણ થાય છે. આ પ્રકારે ઉત્પન્ન થએલો વેણુનાદ માત્ર કેવલ વેણુરવ નથી[૨]. 'રાજન્' એ સંબોધન એમ સૂચવે છે કે એ રસનું જ્ઞાન રાજાને હોતું નથી. એમ છતાં પણ અહિં સ્પષ્ટ અર્થ પણ કહ્યો નથી એમ જાણવું[૩] 'તો પણ તેમાં પ્રવૃત્તિ કેવી રીતે થઈ હશે ?' એમ શંકા થાય, તો પ્રમેયબલથી જ પ્રવૃત્તિ થઈ હશે એ અભિપ્રાયથી કહે છે કે સર્વ પ્રાણીમાત્રના મનને હરણ કરે એવો એ નાદ છે[૪]. એ નાદ પોતે જ મનને

૧. વિવેચન– અહિં શ્રવણ અને વર્ણન બંને ક્રિયાનું કર્મ વેણુરવ જ છે, તેથી તેનું વર્ણન કરવાને ગોપીજને આરંભ કર્યો એમ કહ્યું, અને તેનું જ વિવરણ કરે છે કે વેણુરવ શ્રવણ કરીને વર્ણન કરવાનો આરંભ કર્યો.

૨. પહેલા શ્લોકમાં કહેલા 'વેણુનાદ' અને અહિં કહેલા 'વેણુરવનો' ભેદ કહે છે કે પહેલાંનો નાદ તો કેવલ હતો; અધરસુધાસંવલિત ન હતો, તેથી તે કેવલ નાદનું વર્ણન નહિ કરતાં આ પ્રકારે નિકળેલા અધરસુધાસંવલિત–અધરસુધામિશ્રિત વેણુનાદનું જ વર્ણન કરવાને આરંભ કર્યો. આ શ્લોકના આરંભમાં 'ઈતિ' પદ છે, તેનો અર્થ 'તેથી' અને 'એ પ્રકારનો' એમ સંયોગપૃથક ન્યાયથી* બે અર્થ થાય છે. અહિં 'રવ' પદમાં 'ર' શબ્દ અગ્નિબીજ છે, તે વિરહાગ્નિદુઃખનું કથન કરે છે; ને તેના પછી 'વ' શબ્દ અમૃતબીજ છે, તે અધરામૃતસુખનું કથન કરે છે. અર્થાત્ પ્રથમ વિરહાગ્નિનું દાન કરીને, પછી અધરામૃતનું પાન કરાવનાર વાક્યના અર્થનો અનુભવ કરાવનાર અધરસુધાસંવલિત વેણુરવનો વર્ણન કરવાનો આરંભ શ્રીગોપીજને કર્યો. આથી 'કેવલ વેણુરવ નથી', એમ શ્રીસુબોધિનીજીમાં કહ્યું.

૩. નાદથી જૂદું પાડીને ભગવાને નાદના અર્થનું અથવા સ્વરૂપનું કથન વ્રજમાં રહેલા ભક્તોને કર્યું નથી, પણ વનસ્થ ભક્તોને જ કર્યું છે, આગલા શ્લોકમાં 'પ્રાવિશત્' પદમાં સ્વચ્છંદતા કહેનાર 'પ્ર' શબ્દથી જ તે અર્થનું કથન ભગવાને કર્યું છે, અને અહિં 'રાજન્' સંબોધનથી પણ તે જ શ્રીશુકદેવજીએ રાજાને જણાવ્યું છે. રાજા ગુપ્તકાર્ય કરનાર હોય છે, તેમ અહિં શ્રોતામાં 'રાજન્' શબ્દથી શ્રવણનો વિષય જે વેણુનાદ તેમાં ભગવાનનો ગુપ્તકાર્ય કરવારૂપ રાજધર્મ શ્રીશુકદેવજીએ જણાવ્યો; અથવા 'રાજર્ષિસત્તમ' (રાજર્ષિઓમાં ઉત્તમ) વિગેરે સંબોધન નહિ કરતાં કેવલ સ્વધર્મનિષ્ઠપણું જણાવનાર 'રાજન્' પદ કહ્યું; તેથી રસના અજ્ઞાનનો ધ્વનિ થયો.

૪. કેવલ ધર્મનિષ્ઠ તો અહિં રસ સમજી શકતો જ નથી તેમાં ત્યારે પ્રવૃત્તિ કેમ થાય ? એ શંકા

*. સંયોગપૃથકન્યાય એટલે વાક્યનો ભેદ. એકજ પદના બંને અર્થમાં વાક્યભેદ નિયામક છે; તેથી એક જ પદ બંને અર્થમાં ઘટાવાય, તેથી 'ઈતિ' પદના બંને અર્થમાં પરસ્પર વિરોધ રહેતો નથી.

વશ કરવાને સમર્થ છે, તેથી તેનું સારી રીતે શ્રવણ કરીને તેમાં સર્વ પ્રકારે રમણ કરવા લાગ્યાં[૫]. તે 'વ્રજની સ્ત્રીઓ' હતી, તેથી તેમને બીજું કાંઈ કાર્ય ન હતું, એમ સૂચન કર્યું. પુરુષવર્ગના વનમાં ગયા પછી અને સંધ્યા સુધી એમના પાછા આવવાની સંભાવના નહિ હોવાથી, અને સર્વ આવશ્યક કામ પ્રાતઃકાલમાં જ આટોપી લીધેલું હોવાથી, વ્રજની સ્ત્રીઓને (હવે વેણુરવના વર્ણન સિવાય) કાંઈ કાર્ય હોતું નથી. માટે સર્વ વ્રજસ્ત્રીઓ વર્ણન કરતાં આગળ પાછળ સર્વ તરફ રમવા લાગ્યાં; દુઃખાત્મક પ્રપંચનું વિસ્મરણ કરીને પરમાનંદમાં વિલાસ કરવા લાગ્યાં. પૂર્વે પ્રથમના શ્રવણમાત્રથી કામ ઉદ્દીપન થવાથી ચિત્તનો વિક્ષેપ થવાથી અશક્તિ કહી હતી; પછી ઉપર કહેલી (સર્વાભોગ્યા) સુધા અંતઃકરણમાં પૂર્ણ થવાથી અને તે બહુ વધી જવાથી આસપાસથી જાણે કે તે ગળી જતી હોય, એમ વર્ણન કરવા લાગ્યાં; તેથી વર્ણન પાછળથી કહ્યું છે[૬]. ૬.

સુબોધિની- સંયોગ અને વિપ્રયોગ, એમ બે રસના વર્ણનને માટે બે શ્લોક છે; એક શ્લોક (ત્રીજા)થી વેણુના પૂરણનું વર્ણન કર્યું; સ્વચ્છંદ રીતે ચરણ ના જવામાં હેતુનું પછીના (ચોથા) શ્લોકથી વર્ણન કર્યું છે. (કા.૧) એ પ્રમાણે ચાર શ્લોકથી પીઠિકા કહી[૧]; છ શ્લોકથી વેણુનું વાદન કહ્યું; (કા.૧।।.) (એ રીતે

---

કરીને પ્રમેયબલથી જ પ્રવૃત્તિ થઈ હશે, એ અભિપ્રાયથી 'સર્વભૂતમનોહરમ્' એ પદ કહ્યું છે; એટલે વેણુરવની પ્રમેયબલથી જ રસને નહિ સમજનાર ધર્મનિષ્ઠ પરીક્ષિતની પણ તેમાં પ્રવૃત્તિ થશે.

૫. અર્થાત્ વેણુરવ પોતે જ તેમના મનનું વશીકરણ કરવાને સમર્થ છે, તેથી પ્રમેયબલથી જ સારી રીતે શ્રવણ કરીને 'અભિરમણ' પણ કર્યું.

૬. પહેલાં સ્મરણરૂપ ભાવોદ્દીપનથી ચિત્તનો વિક્ષેપ અને પછી મુખ્ય રસનો અનુભવ થવાથી હવે ચેષ્ટિતનું પણ સ્મરણ ન રહેવાથી તેના ગળવારૂપ વર્ણન થયું. અથવા ત્રીજા શ્લોક 'તદ્ વ્રજસ્ત્રિયઃ'ની પણ અહિં સંગતિ જણાવે છે, કે પહેલાં શ્રવણ થતાં વર્ણનને માટે ઉદ્યોગ કર્યો; પછી ચોથા 'તદ્ વર્ણયિતુમ્' શ્લોકમાં સ્મરના વેગથી ચિત્તવિક્ષેપથી વર્ણનની અશક્તિ કહી, પછી પાંચમા 'બર્હાપીડમ્' શ્લોકથી વર્ણન કરવાની શક્તિના હેતુરૂપ સુધા પ્રવેશ કહ્યો, અને તેના પછી આ ચાલતા શ્લોકમાં સુધાના ગળવારૂપ વર્ણન કહ્યું. આ શ્લોકમાં 'વ્રજની સ્ત્રીઓ' એ પદથી તેમને બીજું કાંઈ કામ (અત્યારે) બાકી નથી, એમ પણ સૂચન કર્યું. આ સ્ત્રીઓ વ્રજની છે; ભગવાને અંગીકાર કરેલા વ્રજના સંબંધથી જ તેમનો અંગીકાર છે; તેમને પ્રભુના ગુણગાન સિવાય બીજું કાંઈ કાર્ય નથી. તે કારણથી સેવા સમયે જ સેવા જ કરે છે, અને વિરહાવસ્થામાં સર્વે વ્રજસ્ત્રીઓ ગુણગાન કરે છે. સેવા અવસરમાં સેવા કરીને પછી ગુણગાનના અવસરમાં તેઓ ગુણગાન કરે છે, એવો વિવેક છે. આ પ્રમાણે ત્રીજા શ્લોકથી માંડીને ચાર શ્લોકથી સંગતિ જણાવી.

૧. વિવેચન- 'અક્ષણ્વતામ્' વિગેરે તેર શ્લોકથી શ્રીશુકદેવજી અનુવર્ણન જ કહે છે. અર્થાત્ આગળ બતાવ્યા પ્રમાણે સંગતિ બતાવીને પોતાની સખીઓની આગળ શ્રીગોપીજનથી જે

છ શ્લોકથી નામલીલારૂપ વેણુવાદનનું નિરૂપણ કરીને), બે શ્લોકથી ભક્તિનું સારી રીતે સ્થાપન કર્યું તે કહ્યું. (કા.૨)[2] જો ભક્તિનું સ્થાપન ન કરે તો વર્ણન કરવામાં દોષ આવે, તેનું વિપરીતપણાથી સમાધાન કર્યું, (જડમાં ચેતનના ધર્મ અને ચેતનમાં જડના ધર્મો વેણુનાદથી આવ્યા, એ વિપરીતપણાથી સમાધાન કર્યું; નહિ તો દૂષણ પ્રાપ્ત થાય. (૨ા.)[3]

---

વર્ણન કરાયું તેનું વર્ણન શ્રીશુકદેવજી તેર શ્લોકથી કરે છે. સંયોગ અને વિપ્રયોગ એમ બે રસના વર્ણન માટે, અથવા ધર્મસહિત અને કેવલ એવા બે રસના વર્ણન માટે બે શ્લોક-સાતમો અને આઠમો કહે છે. સાતમા 'અક્ષણ્વતામ્' શ્લોકમાં ધર્મસહિત અને આઠમા 'ચૂતપ્રવાલ' શ્લોકમાં કેવલ રસનું નિરૂપણ કરે છે. ત્રીજા શ્લોકમાં (નવમામાં) વેણુપૂરણ છે, અથવા વેણુકૂજન છે. કૂજનમાં અને અધરામૃતથી પૂરણમાં તફાવત સ્પષ્ટ જ છે. પછી ચોથા (દશમા) શ્લોકમાં સ્વચ્છંદપાદગમનમાં હેતુ કહ્યો છે. સ્વચ્છંદલીલાની સિદ્ધિને માટે ચરણારવિંદના રમણમાં ભૂમિની કીર્તિ વિસ્તારવારૂપ હેતુ 'વૃંદાવનમ્' એ શ્લોકમાં કહ્યો છે. 'એકતઃ (એક શ્લોકથી)' એ પદનો સંબંધ આગળ પણ છે; તેથી ભક્તિના ઉદ્રેકરૂપ હેતુ 'સ્વચ્છંદપાદગમન' એટલે વૃંદાવનવિહારમાં કહ્યો. અહિં 'ચ'કારથી પુષ્ટિલીલાનું અને 'અપિ' શબ્દથી ચરણનું સ્વરૂપ પણ કહ્યું; તેથી કેવલ ભક્તિનો ઉદ્રેક જ પાદગમનમાં હેતુ નથી; પરંતુ પુષ્ટિલીલા અને ચરણનું સ્વરૂપ એમ બે બીજા હેતુ પણ તેમાં છે એમ કહ્યું. આ પ્રમાણે ચાર શ્લોકથી પીઠિકા સિદ્ધ થઈ; એટલે બે રસ, વેણુપૂરણ અને સ્વચ્છંદવૃંદાવનવિહાર, એમ ત્રણ પદાર્થનું સામાન્ય રીતે નિરૂપણ થયું.

૨. પછી વિશેષ નિરૂપણ કરતી વખતે પાંચમાથી દશમા (૧૧ થી ૧૬મા) શ્લોક સુધી વેણુનું વાદન નિરૂપણ કરે છે. અહિં 'તુ' પદ સ્વરૂપલીલાની વ્યાવૃત્તિ માટે છે. તે છ શ્લોકથી નામલીલારૂપ વેણુવાદનનું નિરૂપણ કરીને, પછી અગીઆર અને બારમા (૧૭-૧૮મા) શ્લોકથી ભક્તિની પ્રતિષ્ઠા કહી. 'પૂર્ણાઃ પુલિંદ્યઃ (૧૭ મો)' અને 'હંતાયમદ્રિઃ (૧૮મો)' એ બે શ્લોકથી ભક્તિના સ્થાપનરૂપ ચરણના માહાત્મ્યનું પ્રાકટ્ય કહ્યું; કારણ કે ચરણ ભક્તિમાર્ગરૂપ છે. 'લોકમાં હીન સ્ત્રી એવાં જે પુલિંદીજી તેમને પણ ચરણારવિંદ સંબંધી કુમકુમના સંબંધમાત્રથી લક્ષ્મી સમાન સૌભાગ્ય પ્રાપ્ત થયું.' એ ચરણમાહાત્મ્ય છે, અને 'સ્પર્શમાત્રથી બહુ જ આનંદ પ્રકટ થવો' એ પણ ચરણમાહાત્મ્ય છે; અને ચરણ એ ભક્તિમાર્ગરૂપ છે, તેથી બે શ્લોકથી ભક્તિ સ્થાપનરૂપ ચરણના માહાત્મ્ય ધર્મનું પ્રાકટ્ય કર્યું. જો આ બે શ્લોકનું આ પ્રકારનું તાત્પર્ય કહેવામાં ન આવે તો બીજે પ્રકારે વર્ણન કરવામાં દોષ પ્રાપ્ત થાય કે લોકમાં પણ હીન કહેવાતાં પુલિંદીજી જેવાં સ્ત્રીઓનો પુરુષોત્તમની સાથે જે સંબંધ અહિં કહ્યો, તેથી લક્ષ્મીપતિ પુરુષોત્તમમાં હીનનાયકપણારૂપી દોષ પ્રાપ્ત થાય; અને લક્ષ્મીના પણ પતિ પુરુષોત્તમે કંદ વિગેરેનો ઉપયોગ કર્યો, તે હીનતા દોષની નિવૃત્તિને માટે આ બે શ્લોકનું તાત્પર્ય ભક્તિના સ્થાપનને માટે છે, એમ સ્વીકારવું.

૩. એમ છતાં પણ 'લોક રીતિએ તો પુરુષોત્તમમાં દૂષણ પ્રાપ્ત થાય જ છે', એવી શંકા થાય તો છેલ્લા-તેરમા (૧૯મા) શ્લોકમાં કહે છે કે અહિં વિપરીતતાથી સમાધાન છે. પ્રમેયમાર્ગ, પ્રમાણમાર્ગથી વિપરીત અને બલિષ્ઠ છે; અને હાલમાં વૃંદાવનપ્રવેશમાં તે પ્રમેયમાર્ગનું જ

પ્રથમ જે વર્ણન કરવાનો આરંભ કર્યો તેમાં અશક્તિને લીધે, જેનું વર્ણન શ્રીશુકદેવજીએ પોતે જ (બર્હાપીડમ્ શ્લોકથી) કર્યું હતું, તેનું ચાર શ્લોકથી જ હવે ફલ તરીકે શ્રીગોપીજન વર્ણન કરે છે. એમાં પ્રથમ સ્વરૂપથી રસાત્મક ભગવાનનું વર્ણન 'અક્ષણ્વતામ્' શ્લોકથી કરે છે[૪]:

ગોપ્ય ઊચુઃ

**અક્ષણ્વતાં ફલમિદં ન પરં વિદામઃ સખ્યઃ પશૂનનુ નિવેશયતોર્વયસ્યૈઃ ।।**
**વક્ત્રં વ્રજેશસુતયોરનુવેણુ જુષ્ટં યૈર્વા નિપીતમનુરક્તકટાક્ષમોક્ષમ્ ।।૭।।**

હે સખીઓ! મિત્રો દ્વારા પશુઓને વનમાં પ્રવેશ કરાવતા વ્રજેશ-નંદરાયજીના સુતોના વેણુનાદ કરતા અને અનુરાગથી કટાક્ષ મૂકતા મુખનું જેમણે સેવન કર્યું છે; અથવા પાન કર્યું છે, તે ઇન્દ્રિયવાળા અથવા ચક્ષુવાળાઓનું આ જ ફલ છે; પણ મોક્ષ નહિ, એમ અમે જાણીએ છીએ. ૭.

સુબોધિનીજી- 'અક્ષણ્વતામ્' એટલે અગીઆર ઇન્દ્રિયોવાળાઓનું; અથવા ચક્ષુવાળાઓનું, 'આ' એટલે ગોપીજનના પોતાના હૃદયમાં મનોરથરૂપે

---

પ્રાકટ્ય કહ્યું છે; તેથી અહિં લોક વેદની મર્યાદારૂપી પ્રમાણમાર્ગથી વિપરીત પ્રમેયમાર્ગ વસ્તુસ્વભાવથી જ એવો છે; અને તે કારણથી એ વિપરીતપણું ભૂષણ છે; દૂષણ નથી. તેનું બલિષ્ઠપણું સિદ્ધ કરે છે કે મર્યાદામાર્ગમાં જેનો પરમ ઉત્કર્ષ કહેવાય છે, તેની અપેક્ષાએ પણ પ્રમેયમાર્ગી હીનમાં હીન ભક્તનો ઉત્કર્ષ બલિષ્ઠ છે. એ પ્રમાણે બલિષ્ઠતા સિદ્ધ થઈ રહે છે, તેથી આ સર્વ સુંદર છે. કેવલ વિપરીતપણાને લીધે પ્રમેયમાર્ગનો ઉત્કર્ષ કહી ન શકાય; પણ તે સાથે સાથે પ્રમાણમાર્ગ કરતાં બલિષ્ઠ છે; તેથી તેનો ઉત્કર્ષ પ્રસિદ્ધ છે. પછી પુરુષોત્તમમાં પ્રાપ્ત થતાં હીનત્વદોષનું વિપરીતતાથી સમાધાન છેલ્લા તેરમા (૧૯મા) શ્લોકમાં કહે છે. જો ન કહે તો પણ ભગવલ્લીલામાં જો કે પ્રતિબંધ તો ન થાય, પણ દૂષણ તો રહે જ. અહિં સ્વરૂપનો અનુભવ નથી, એમ સ્પષ્ટ સૂચવ્યું છે; તેથી વિશેષ પ્રકારે નિરૂપણ નથી; પરંતુ એક જ શ્લોકથી વિપરીતતાએ સમાધાન સૂચિત કર્યું છે. ૧૭મા અને ૧૮મા શ્લોકનું તાત્પર્ય જો કે ભક્તિના સ્થાપનમાં છે તો પણ 'લક્ષ્મીપતિ પુરુષોત્તમનો હીન પુલિંદીજી સાથેનો સંબંધ, અને પર્વતના કંદ વિગેરેનો ઉપયોગ, લોક રીતે દૂષણ જ ગણાય.' એ શંકાનો પરિહાર કરતાં કહે છે કે અહિં વિપરીતતાથી તે દોષનું સમાધાન છે; તેથી જ છેલ્લા 'ગા ગોપકૈઃ' શ્લોકના વિવરણમાં 'ભગવચ્ચરિત્ર વિપરીત છે,' એમ આરંભ કરીને 'ગતિમાનનું અટકી જવું અને ઝાડને રોમાંચ થવો; તેમ અમારી ગોપીજનની અયોગ્યતા અને અયોગ્ય એવાં પુલિંદીજીની યોગ્યતા' વિગેરે વિપરીતતા સ્પષ્ટ કહી.

૪.શ્રીશુકદેવજીએ અધરસુધાથી સંવલિત વેણુરવનું વર્ણન 'બર્હાપીડમ્' શ્લોકમાં કર્યું હતું, તેનુંજ વર્ણન હવે ચાર શ્લોકથી કરે છે. પહેલા શ્લોકમાં રસના સ્વરૂપમાં વિભાવ વિગેરે સામગ્રી કહે છે; બીજા 'ચૂતપ્રવાલ' શ્લોકમાં તો કેવલ રસાત્મક ભગવાનનું જ વર્ણન થશે, અથવા સંયોગ-રસાત્મક ભગવાનનું વર્ણન આ શ્લોકમાં છે, તેમાં 'નટવરવપુઃ' શબ્દમાંના 'વર' શબ્દનો અર્થ છે.

જેનો ભાસ થએલો તે(પ્રભુ સ્વરૂપજ) ફલ છે[5]. ભગવાનની સાથે સંલાપ (વાર્તાલાપ) કરવો; પ્રાપ્ત થએલા ભગવાનનાં દર્શન કરવાં(કા.૩); આશ્લેષ કરવો(ભેટવું) અને સેવા કરવી; તે જ પ્રમાણે સ્પર્શ કરવો(કા.૩ાા.); અધરામૃતનું પાન કરવું; ભોગ કરવો અને રોમનો ઉદ્‌ગમ થવો(પુલક ઉભાં થવાં) (કા.૪); ભગવાન જે શબ્દોનું કૂજન કરે તેનું શ્રવણ કરવું; સર્વ પ્રકારે ભગવાનના શ્રીઅંગનો સુગંધ લેવો(કા.૪ાા.) ભગવાનની પાસે નિત્ય જવું; એ પ્રકારે તેમની સદા ભાવના કરવી(કા.૫); તે જ ઈન્દ્રિયવાળાઓનું ફલ છે[6]. મોક્ષ પણ બીજા કોઈ પ્રકારનો નથી; જેમ અંધકારમાં હંમેશાં રહેવું તે કાંઈ ચક્ષુવાળાઓને ફલ કહેવાય નહિ, તેમ ઈન્દ્રિયવાળાઓને જેને લોકો સામાન્ય રીતે મોક્ષ કહે છે તે કાંઈ ફલરૂપ નથી. (કા.૬ાા.)[7] બાધકોનો પરિત્યાગ કરવાથી અને સાધકોની પ્રાપ્તિ કરવાથી એવો

૫. પુરંજનના આખ્યાનમાં 'અક્ષણ્વત્' પદનો અર્થ 'ઈન્દ્રિયવાન્' એમ કહ્યો છે, તેથી ઈન્દ્રિયવાનનું તો આ પુરુષોત્તમ જ ફલ છે. મોક્ષમાં તો ઉદાસીનતા છે, તેથી મોક્ષ કાંઈ ફલ નથી; તે કારણથી મોક્ષને ફલ તરીકે નહિ ગણવાને માટે જ શ્લોકની પહેલી પંક્તિમાં આવેલા 'ઈદમ્-આ' પદનો અર્થ કહે છે કે 'બર્હાપીડમ્' શ્લોકમાં કહેલું સ્વરૂપ જ વેણુગીતને ઉપયોગી સંબંધથી ફલ છે. તે ફલનું ઉપપાદન આગળની કારિકાઓમાં કર્યું છે.

૬. ભગવાન્ સર્વે ઈન્દ્રિયથી ભોગ્ય છે, એમ અહિં નિરૂપણ કરીને, આ ભોગ્ય સ્વરૂપ જ ફલરૂપ છે, એમ સિદ્ધ કર્યું. અહિં વાર્તાલાપ એ વાણીનું કાર્ય છે; દર્શન નેત્રનું કાર્ય છે; આશ્લેષ (ભેટવું) બાહુનું કાર્ય છે; સેવન હસ્તનું કાર્ય છે (હસ્તેન્દ્રિયનાં 'આશ્લેષ' અને 'સેવન' એમ બે કાર્ય કહ્યાં); સ્પર્શ ત્વચાનું કાર્ય છે; અધરામૃતપાન જીહ્વાનું કાર્ય છે; ભોગ ગુહ્યનું કાર્ય છે. પુરુષને તો ગુહ્યના કાર્યનો ઉપયોગ સેવામાં ઉપયોગી પુત્ર વિગેરે ઉત્પન્ન કરવા માટે છે. રોમાંચ થવાં, એ પાયુ ઈન્દ્રિયનું કાર્ય છે; કૂજનનું શ્રવણ કરવું, એ કર્ણનું કાર્ય છે. સુંઘવું એ નાસિકાનું કાર્ય છે; ગમન ચરણનું કાર્ય છે; ભાવના કરવી એ અંતઃકરણનું કાર્ય છે. અહિં રોમાંચને પાયુ ઈન્દ્રિયનું કાર્ય કહ્યું, તેમાં શ્રુતિનું પ્રમાણ છે. વેદમાં કહ્યું છે કે ''સર્વ 'વિસર્ગ' એટલે બહાર કાઢવું, તેનું સ્થાન પાયુ ઈન્દ્રિય છે.'' રોમાંચ પણ વિસર્ગ જ છે, તે પ્રક્ષિપ્ત અધ્યાયના 'એષાં તુ' એ શ્લોકના વિવરણમાં કહ્યું છે. વળી ત્રીજા સ્કંધના 'પુલકોદ્ભિન્નસર્વાંગઃ' અને 'એતદ્દષીકચષકૈઃ' એ બે શ્લોકમાં પણ શ્રીમદાચાર્યજીએ તે બાબત સિદ્ધ કરી છે. આ પ્રકારે અગીઆરે ઈન્દ્રિયથી ભગવાનનો ભોગ કરવો તે જ ઈન્દ્રિયવાનનું ફલ છે; મોક્ષ કાંઈ ફલ નથી, કારણ કે મોક્ષ તો ઈન્દ્રિયને વિફલ કરનાર છે.

૭. ભગવાન્ જો કેવલ 'સેવોપયોગી દેહ' ફલનું જ દાન કરે, ત્યારે તો જો કે એમ ભગવાનની સાથે વાર્તાલાપ વિગેરે પણ સિદ્ધ ન થાય; તો પણ ફલ તરીકે ઈચ્છિત તો આ વાર્તાલાપ વિગેરે જ છે. જેમ અંધકારમાં હંમેશાં રહેવું તે કાંઈ આંખનું ફલ કહેવાય નહિ, તેમ જે મનુષ્યને ઈન્દ્રિયો છે, તેનું ફલ કાંઈ મોક્ષ હોઈ શકે નહિ. પુરુષોત્તમના સ્વરૂપમાં સાયુજ્યરૂપે પ્રવેશ કરવારૂપ જે મોક્ષ, તેમાં તો ઈન્દ્રિયનું વૈફલ્ય જ પ્રાપ્ત થાય છે; મોક્ષ તો 'કેવલનું' એટલે નિરિન્દ્રિયનું ફલ છે. 'કૈવલ્યરૂપ ઐક્ય તો સર્વથી અધિક છે, તે કેમ ફલ નહિ ?' એમ શંકા થાય તો, દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે, કે જેમ અંધકારમાં હંમેશાં રહેવું તે આંખનું ફલ નથી, તેમ

**મોક્ષ થતો નથી. (કા.૭)[૮] મોક્ષ ફલ નથી, તે 'ન પરં વિદામઃ' પદથી કહે છે. 'પરં'**

ઇન્દ્રિયવાનનું મોક્ષ ફલ નથી.

૮. શંકા– ભલે મોક્ષ ફલ ન હોય, તો પણ જેનું અંતઃકરણ અને પ્રાણ ભગવાને હરી લીધા છે, એવા ભક્તને તેની ઈચ્છાવિરુદ્ધ 'અર્વ્વીગતિ' એટલે મોક્ષું દાન કરે છે; તો મોક્ષ ફલ કેમ નહિ ?

ઉત્તર– ઇન્દ્રિયવાળાનું તે ફલ નથી, કારણ કે તેને ભગવાન્ સિવાય બીજું સર્વ બાધક હોવાથી તે સર્વનો તેણે પરિત્યાગ કર્યો છે; તેથી મુખ્ય ફલમાં તેને કાંઈ પણ પ્રતિબંધ નથી. જ્યાં મુખ્ય ફલનો અધિકાર ન હોય ત્યાં જ ભગવાન્ નિરિન્દ્રિય મોક્ષનું દાન કરે છે; પરંતુ અહિં તો મુખ્ય ફલનાં પ્રતિબંધકરૂપ જે સર્વાત્મભાવની અપ્રાપ્તિ છે, તે જ નિવૃત્ત થઈ ગઈ છે; તે કારણથી સર્વાત્મભાવવાળા ઇન્દ્રિયવાળા ભક્તને તો ભગવાન્ મુખ્ય ફલનું જ દાન કરે છે.

શંકા– ભલે સર્વાત્મભાવવાળાને મોક્ષ ફલરૂપ ન હો, પણ સાધારણ અધિકારીને મોક્ષ ફલ કેમ ન ગણાય ? પુષ્ટિમાર્ગીય મુમુક્ષુને જો કે ઇન્દ્રિયત્વ હોય છતાં પ્રતિબંધકનું અભાવત્વ ન હોવાને લીધે તેમને તો મોક્ષ ફલ પ્રાપ્ત થાય જ.

આ શંકાના ઉત્તરમાં કહે છે કે તેમને માટે પણ વિવક્ષિત (કહેવાની ઈચ્છા છે તે) ફલમાં સાધન કહીને તે સાધકને પણ મોક્ષફલ ભગવાન્ આપતા નથી, એમ સિદ્ધ કરતાં કહે છે કે અહિંઆં સર્વાત્મભાવથી ભજન કરવું, એ જ સાધકનું સાધકત્વ છે. 'સર્વાત્મભાવ' એટલે સર્વત્ર આત્માની વિદ્યમાનતા (હોવું તે), જેથી કરીને આત્માનો અવિયોગ રહે એવો વિયોગનો અનુભવ; એ પ્રકારની આત્માની સર્વત્ર વિદ્યમાનતા તો ભક્તિની પણ પરાકાષ્ઠા છે. તેથી જો કે તેવા સર્વાત્મભાવમાં ભગવાન્ સિવાય સર્વનો ત્યાગ આવી જ જાય છે; તો પણ હાલના સાધક પોતે એવા ભાવરહિત છે, તેથી તેઓએ તો પૂર્વ અવસ્થામાં બાધકનો ત્યાગ બુદ્ધિપૂર્વક જ કરવો જોઈએ; તેથી બાધકમાત્રના ત્યાગનો અને પછી સર્વાત્માભાવના કરવાનો પણ ઉપદેશ ભગવાને કરી દીધો.

તૃતીય સ્કંધના ૩૨મા અધ્યાયમાં 'તસ્માત્ ત્વં સર્વભાવેન ભજસ્વ પરમેષ્ઠિનમ્' શ્લોકના વિવરણમાં 'દેહથી આરંભીને ઈશ્વર સુધી જેટલા બધા ભજન કરવા યોગ્ય છે, અને જે જે ભાવથી તેઓ ભજન કરવા યોગ્ય છે, તે સર્વે ભાવ ભગવાનમાં જ કરવા જોઈએ.' એમ પ્રથમ કક્ષામાં ભગવાન્ કપિલદેવજી જ તે સર્વભાવનો ઉપદેશ કરે છે; તેથી કારિકામાં 'સાધકાનામ્' એમ જૂદું પદ કહ્યું છે. આ પક્ષમાં આત્માને વિષે જે ભાવ તે આત્મભાવ, અને 'સર્વ' એવો જે 'આત્મભાવ' તે 'સર્વાત્મભાવ' એમ અર્થ સિદ્ધ થાય છે. તેથી તત્ક્રતુન્યાયથી* પણ આગળ તે જ ફલે છે, તેથી પ્રથમ કક્ષાવાળા સાધકને પણ મોક્ષ ફલ નથી; પરંતુ આ ભોગ્યસ્વરૂપ જ ફલ છે, અને તેથી કારિકામાં 'સાધકોની' વિગેરે પદ નકામું નથી. સર્વાત્મભાવરૂપ સાધનમાત્ર ભગવાનના અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે; અને પોતાની કૃતિથી તો તે પ્રાપ્ત થઈ શકતું નથી. સામાન્ય મુમુક્ષુ તો જો કે બાધકનો ત્યાગ કરે છે, તો પણ તેને મુખ્ય ફલ 'સ્વરૂપભોગ' પ્રાપ્ત થઈ શકતું જ નથી; માત્ર મોક્ષ જ પ્રાપ્ત થાય છે. ઇન્દ્રિયને વિફલ કરનાર અંધકાર તે ઉપમાન છે, અને મોક્ષ ઉપમેય ( ચંદ્ર એ ઉપમાન, અને ચંદ્રમુખી સ્ત્રી તે ઉપમેય.) છે. જેમ અંધકારમાં હંમેશની સ્થિતિ ફલ તરીકે ઇચ્છિત નથી, તેમ ભક્તને મોક્ષ ફલ તરીકે ઇચ્છિત નથી. અંધકારમાં

(*. બ્રહ્મસૂત્રના ૪થા અધ્યાયના ૩જા પાદના ૧૬મા સૂત્રમાં 'તત્ક્રતુઃ' પદ છે, તેનો અર્થ એ છે કે જે 'ક્રતુઃ' (યજ્ઞ) પ્રકારથી જેવી ઉપાસના કરે છે, તેવી જ તેને ફલસિદ્ધિ થાય છે.)

એટલે મોક્ષ, સાયુજ્ય વિગેરે. શ્રુતિમાં કહ્યું છે કે આત્મલાભથી પર (શ્રેષ્ઠ) બીજું કાંઈ છે જ નહિ, તો પછી 'પર' એટલે 'મોક્ષ' તે પુરુષાર્થ શા માટે ન કહેવાય ? તેના ઉત્તરમાં શ્રીગોપીજન કહે છે કે અમને ખબર છે; અમે પણ ઉપનિષદ્રૂપા છીએ, માટે જ અમે જ જાણીએ છીએ, શ્રુતિ અનુભવની વિરુદ્ધ એટલે અનુભવમાં જેનું પરિણામ થાય નહિ, એવું ફલ કહે જ નહિ. માટે જેઓ 'કેવલ' એટલે ઇન્દ્રિય વિનાના છે, તેમને જ મોક્ષ ફલરૂપ છે; જેઓ ઇન્દ્રિયવાળા છે, તેઓનું ફલ તો આ જ (બર્હાપીડમ્ શ્લોકમાં ભગવાનનાં દર્શન થાય છે એ જ) ફલ છે; એમ જુદી જુદી વ્યવસ્થા કરી લેવી[૯]. આ અર્થમાં બીજી શ્રુતિઓરૂપ ગોપિકાઓની સંમતિ છે, તે 'હે સખીઓ' એ પદથી જણાવ્યું છે. જ્યાં સમાન શીલ અને વ્યસન હોય ત્યાં જ 'સખ્યઃ' પદનો પ્રયોગ થાય છે; માટે બીજી શ્રુતિઓની પણ સંમતિ કહી[૧૦]. આવો અનુભવ કેટલાંક ગોપીજનોને જ થાય છે, તે કારણથી સર્વે ગોપીજનને જે સાધારણ અનુભવ થાય છે, તે પક્ષ કહે છે કે ચક્ષુવાળાઓનું આ જ ફલ છે. આ પક્ષમાં 'અક્ષણ્વતામ્' પદનો અર્થ 'ચક્ષુવાળા' એમ સમજવું; અથવા તે પદની આવૃત્તિ કરવી (ફરીથી લેવું)[૧૧]. પશુઓના

---

કોઈક વાર સ્થિતિમાં ભાવના ઉદ્રેકથી દેહ વિગેરેથી સ્ફૂર્તિ ન રહે, તેવે સમયે મોક્ષમાં ઇન્દ્રિયનું વિફલપણું ન પણ થાય; પરંતુ અંધકારમાં હંમેશાં સ્થિતિ રહે, તો ઇન્દ્રિય વિફલ થાય જ; તેથી સ્થિતિને 'નિયતા' એટલે હંમેશની રહે, એવું વિશેષણ લગાડ્યું છે, અને મોક્ષને 'સર્વથા' એ વિશેષણ આપ્યું છે.

૯. અહિં મોક્ષનો વિચારમાત્ર થાય છે, તેથી 'ઉપનિષદ્રૂપા' એમ કહ્યું; વસ્તુતઃ તો અમે શ્રુતિરૂપા છીએ, તેથી અમે જ જાણીએ છીએ. કારણ કે શ્રુતિમાં કહેલું ફલ કાંઈ અનુભવથી વિરુદ્ધ હોતું નથી; વિચાર કરતાં પણ અમારા (ઉપનિષદ્રૂપાના) અનુભવમાં પરિણામ ન પામે એવું ફલ તો શ્રુતિમાં કહેલું કાંઈ હોય જ નહિ. મોક્ષ વિગેરે ફલ નથી, એ અમારો અનુભવ છે; તેથી વ્યવસ્થિત વિકલ્પથી અમે તેની વ્યવસ્થા કહીએ છીએ-શ્રુતિ આપ્ત-આદરયુક્ત પ્રમાણ છે, તેથી તે ઉંધુ કહે જ નહિ, એમ જણાવવાને 'હિ' પદ મૂક્યું છે. 'વાઙ્ મનસિ દર્શનાત્' વિગેરે ચાર સૂત્રમાં કહેલા પ્રકારે, સંઘાત (શરીર)નો લય થતાં સેવોપયોગી દેહનું દાન ભગવાન્ જેમને કરતા નથી, તેઓ અહિં 'કેવલ' પદથી કહેવાયા છે. એવા 'કેવલ'નું તો મોક્ષ જ ફલ છે, એમ જણાવવાને 'એવ' શબ્દ મૂક્યો છે; પરંતુ જેમને સેવોપયોગી દેહનું દાન ભગવાન્ કરે છે, એવા ઇન્દ્રિયવાળાને તો અનુગ્રહવિશેષને લીધે સેવાફલગ્રંથમાં કહેલા અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને વૈકુંઠ, વિગેરેમાં સ્થિતિ, એમ ત્રણ ફલ પણ પ્રાપ્ત થાય છે.

૧૦. અમે ઉપનિષદ્રૂપા ગોપિકા જ એમ જાણીએ છીએ, એટલું જ નહિ પણ બીજી શ્રુતિરૂપા ગોપિકાઓની પણ આ બાબતમાં સંમતિ છે; કારણ કે 'સખ્યઃ' પદનો પ્રયોગ જેમનામાં સમાન શીલ અને વ્યસન હોય તેમને માટે જ થાય છે.

૧૧. આગળ જતાં 'જુષ્ટં યૈર્વા નિપીતમ્'માં 'વા' પદથી અનાદર સૂચન કર્યો છે, તેનાથી બીજું આદરણીય મુખ્ય પક્ષ જે સમજાય છે, તે જ આ મુખ્ય પક્ષ છે એમ જાણવું. પરંતુ ભોગ્ય

પાછલા ભાગમાં વયસ્યો(મિત્રો)ની સાથે પશુઓને વનમાં પ્રવેશ કરાવતા રામ અને કૃષ્ણના એક મુખારવિંદનું જેમણે સારી રીતે પાન કર્યું, તે જ ચક્ષુવાળા અને ઈન્દ્રિયવાળાનું ફલ છે. 'વા' પદ શ્લોકમાં અનાદરને માટે મૂક્યું છે; કેમકે મુખ્યની અપેક્ષાએ આ ગૌણ છે. (સર્વ ઈન્દ્રિયો પ્રભુમાં યોજવા કરતાં માત્ર ચક્ષુથી દર્શન કરવું, તે ગૌણ જ કહેવાય). જેઓ કાલથી સરખા છે, તેમની સાથે આ રસને નહિ જાણનાર પશુઓને ભગવાન્ વનમાં પ્રવેશ કરાવે છે; કેમકે નિર્ગુણ અવસ્થાના અધિકારનો અભાવ હોય ત્યારે સાત્ત્વિક અવસ્થા યોગ્ય જ છે[૧૨]. કાલ ભગવાનની લીલામાં નિમિત્ત છે. ગોપના અને લીલાના પણ આધાર તરીકે ભગવત્પ્રાકટ્ય નિમિત્ત છે; તેથી ગોપો વયસ્ય(સરખી અવસ્થાવાળા મિત્રો) છે; તે કારણથી તેમના દ્વારા પશુઓને વનમાં પ્રવેશ કરાવે છે. અથવા તેઓ જે સમકાલીન(સરખી

---

સ્વરૂપથી બીજું કાંઈ ફલ જ નથી; ભોગ્ય સ્વરૂપ માત્ર જ ફલ છે, એમ પોતે જાણીને અને તેમાં બીજી સખીઓની સંમતિ લઈને, એકાદશ ઇંદ્રિયોનો વિનિયોગ ભોગ્ય ભગવત્સ્વરૂપમાં જ થાય, એવું તો એવા ભાવવાળી કોઈ વિરલ ગોપિકામાં જ સંભવે; સાધારણ ગોપિકામાં અને ગોપમાં તો સર્વથા તેવો વિનિયોગ સંભવતો જ નથી, તેથી સર્વે ગોપીજનનો સાધારણ પક્ષ પણ કહે છે કે ''ચક્ષુવાળાઓનું આ જ ફલ છે, અને 'પર' એટલે સાયુજ્ય, વિગેરે ફલ નથી.'' એમ અમે ઉપનિષદ્રૂપા ગોપિકા જાણીએ છીએ, અને અહિં તો સર્વ બીજી શ્રુતિરૂપા ગોપિકાની પણ સર્વથા સંમતિ છે. 'ચક્ષુષ્મત્' પદને નિજ અર્થે પૂરે તે 'ચક્ષુષ્મત્પદપર' ચક્ષુવાળાની સાથે એકાર્થ, એવો 'ચક્ષુષ્મત્પદપર'નો અર્થ જાણવો. પહેલાં 'અક્ષણ્વતામ્' પદનો અર્થ 'એકાદશ ઇંદ્રિયવાન્' કરીને હવે 'ચક્ષુવાળા' એવો અર્થ કર્યો, એથી આ 'અક્ષણ્વતામ્' ચરણની સંયોગપૃથકત્વન્યાયથી*(* એક જ પદાર્થનો બે જગ્યાએ સંબંધ જણાવવો હોય, ત્યારે આ ન્યાયનો ઉપયોગ થાય છે.) આવૃત્તિ જાણવી, આ બીજો અર્થ લેવાનું કારણ 'વા' પદથી કહયું. અહિં 'વા' પદથી વિકલ્પ કહ્યો છે, એટલે જો પહેલાં કહેલો મુખ્ય પક્ષ ન રુચે તો આ બીજા પક્ષનું ગ્રહણ કરવું. જો અહિં મુખ્ય પક્ષ અભિપ્રેત ન હોત તો વિકલ્પવાચી 'વા' પદ કહેત જ નહિ.

૧૨.'પશુઓના વનપ્રવેશ'થી સૂચિત થએલું તાત્પર્ય કહે છે કે તેમને નિર્ગુણ અવસ્થાનો અધિકાર નથી, તેમની સાત્ત્વિક અવસ્થા યોગ્ય છે, અને તેથી મિત્રોની સાથે એ રસ નહિ જાણનાર પશુઓનો વનપ્રવેશ ભગવાન્ કરાવે છે. 'પશુનનુ' પદમાં 'અનુ' ઉપસર્ગ સાર્થક થાય, તેને માટે 'પશુન્' પદની પણ આવૃત્તિ કરવી (ફરી વાંચવું). અર્થાત્ ગાય વિગેરે પશુઓની પાછળ, 'પશુઓને' એટલે આ રસ નહિ જાણનાર બહિરંગ ગોપોને વનમાં પ્રવેશ કરાવતા રામ અને કૃષ્ણના એક જ શ્રીમુખનું જેમણે સેવન અથવા પાન કર્યું, તેમનું ફલ આ મુખ જ છે. અહિં પ્રવેશરૂપી ક્રિયા હોવાથી 'વન' પદ સમજાઈ જાય છે; તેથી તેનો અધ્યાહાર ન માનવો. કેમકે 'ક્યાં પ્રવેશ કરાવ્યો.' તેની આકાંક્ષા થાય તો 'વનમાં' એમ સમજી જ જવાય છે. આ બહિરંગ ગોપોના વનપ્રવેશમાં હેતુ કહે છે કે નિર્ગુણ અવસ્થાના એટલે અંતરંગ લીલાના અધિકારના અભાવમાં, જો તેમને સાથે રાખે તો તેઓ ભગવાન્ અને ગોપીભક્તો ઉપર દોષનો આરોપ કરે, એવો સંભવ છે; તેથી તેમનો સાત્ત્વિક વનપ્રવેશ જ યોગ્ય છે.

વયના) છે, તેમની સાથે ભગવાન્ વનમાં પ્રવેશ કરાવે છે[13]. અથવા વયસ્યોનો સહભાવ ભગવાનની સાથે છે, એમ હોવાથી વનમાં પ્રવેશ કરાવેલા પશુઓ અને ગોપોને પણ શ્રમ થાય, ત્યારે તેમને સ્થાને નિવેશન(યોજવાને) માટે વયસ્યોનો સહભાવ કહ્યો[14]. આવિષ્ટ સ્વરૂપ એવા શ્રીબલદેવજીનું મુખારવિંદ સ્પષ્ટ નથી; તેથી ભગવાનના મુખારવિંદને જ બંને રૂપના(રામ અને કૃષ્ણના) મુખારવિંદ તરીકે જેમણે સાધારણ રીતે ચક્ષુ દ્વારા અંતઃકરણમાં પ્રવેશ કરાવેલું છે, તેમનું ફલ આ મુખ જ છે. કારણ કે તે સર્વવ્યાપક ચિત્તનું આકર્ષણ કરીને એક જ જગ્યાએ તેનું ધારણ કરવું; બીજાનું ચિંતન ફરી કરવું નહિ; 'સુસ્મિતવાળા મુખની ભાવના કરવી' એમ પ્રમાણરૂપ વાક્ય છે. વળી, શ્રીગોપીજન પોતાના હૃદયમાં ભાવના કરેલા મુખનું નિરૂપણ કરે છે. સાર એ કે સાધારણ પક્ષ તરીકે સામાન્ય રીતે જો કે બલભદ્રનું નિરૂપણ કર્યું; તો પણ મુખ નિરૂપણના પ્રસ્તાવમાં તો બીજા કોઈનું (રામના મુખથી સંવલિત) મુખ આ ગોપીજનના હૃદયમાં આવતું જ નથી; તેથી બે મુખ ન કહેતાં કેવલ એક ભગવાનના શ્રીમુખનું જ નિરૂપણ કર્યું[15]. મુખના એકત્વનું પ્રતિપાદન કરતાં ઈશ્વર તરીકે આરાધન બુદ્ધિથી અથવા અનુરોધ ( માનપૂર્વક પૂજા તે આરાધન અને સેવા અથવા પરિચર્યા તે અનુરોધ.) બુદ્ધિ થી

૧૩. આ પ્રકારે 'વયસ્ય' પદનો 'ભગવાનના જન્મના સમકાલીન' એવો અર્થ કહીને, તે સમકાલીન વયસ્યોની સાથે ભગવાન્ પશુઓને વનમાં પ્રવેશ કરાવે છે. હવે 'વયસ્ય' પદનો બીજો અર્થ કહે છે કે 'કાલ ભગવાનની લીલામાં નિમિત્ત છે' વિગેરે, તેથી ગોપ 'વયસ્ય' છે. પ્રાકટ્યરૂપ હેતુથી જ તેવી લીલાના સમયમાં વયસ્યોનું પણ વનમાં આગમન થયું, અથવા વયમાં-ભગવત્પ્રાકટ્યરૂપ હેતુમાં-લીલામાં સરખા છે, તેથી લીલામાં લીલાકાલાધાર ગોપ વયસ્ય છે.

નોંધ-કાત્યાયનીવ્રતના પ્રસંગમાં કહેલા મુખ્ય વયસ્યોની તો ભગવાનની સાથે નિત્ય જ સ્થિતિ છે તેથી, અને અહિં તો વનપ્રવેશ કહ્યું છે તેથી, આ બહિરંગ ગોપ તે મુખ્ય અંતરંગ વયસ્યોથી જૂદા જ છે, એમ 'વયસ્ય' પદના બંને અર્થમાં પણ જાણવું.

૧૪. અથવા અહિં 'વયસ્યોનો સહભાવ ભગવાનની સાથે છે.' આ અર્થમાં રસ નહિ જાણનાર પશુઓને-બહિરંગ પણ ગોપને શ્રમ થાય, ત્યારે તેઓને આમતેમ પર્યટણ કરવાનું સામર્થ્ય ન રહે તે વખતે 'ગઈ ગાયો દૂર' વિગેરે શ્લોકમાં કહ્યા પ્રમાણે તે ગોપ ભગવાનને કહે, ત્યારે થાકી ગએલા ગોપોને સ્થાને વયસ્યોને મૂકવાને અહિં ભગવાનની સાથે જ વયસ્યોનો સહભાવ કહ્યો. વસ્તુતઃ અહિં ત્રણ અર્થ છે-(૧) ભગવાને વયસ્યોના દ્વારા પશુઓને વનપ્રવેશ કરાવ્યો; (૨) અથવા ભગવાને વયસ્યોની સાથે પશુઓને વનપ્રવેશ કરાવ્યો; (૩) અથવા વયસ્યો સહિત ભગવાને પશુઓને વનપ્રવેશ કરાવ્યો.

૧૫. મુખ સિવાય બીજા અવયવો દશ્ય (દેખવા યોગ્ય) તરીકે ઉપસ્થિત થાય, તો પણ મુખ તો ભોગ્યરસવાળું છે, તેથી મુખની તો ઉપસ્થિતિ ભોગ્યત્વરૂપે જ થાય છે; જે ભક્ત કેવલ ભગવદુપાસક છે, તેને રામાવિષ્ટ મુખમાં તો તે ભોગ્યરસની સંભાવના જ નથી, તે કારણથી પણ આવિષ્ટ મુખનું જૂદું નિરૂપણ કર્યું નહિ.

જેમનું પાન છે તે તો સાપેક્ષ છે. એમ અનાદરમાં હેતુ 'વ્રજેશ(નંદરાયજી)ના સુતો' એ પદથી કહ્યો. શ્રીબલભદ્રજી કાંઈ વ્રજેશના પુત્ર નથી; આવેશના પક્ષમાં તો કૃષ્ણ જ બલભદ્રના રૂપમાં આવેશ કરે છે; તેથી ત્યાં બંને રૂપનું વ્રજેશસુતપણું યુક્ત છે. લોકિકની અપેક્ષાવાળું દર્શન અનાદરમાં હેતુ છે[૧૬]. બીજા શ્રીગોપીજન વળી ગીતના રસને સારી રીતે જાણનારાં વેણુનાદના શ્રવણને માટે ભગવાનના મુખારવિંદનાં દર્શન કરે છે, તે 'અનુવેણુ જુષ્ટમ્' પદથી કહે છે. વેણુને લક્ષમાં રાખીને જે વર્તે છે તે અનુવેણુ કહેવાય. એટલે વેણુવાદનમાં તત્પર એવું મુખારવિંદ જેમણે સેવેલું છે; અથવા જેમણે તેનું પાન કરેલું છે. 'સેવેલું' એટલે જેમણે માત્ર શબ્દનું ગ્રહણ કરેલું, અને 'પાન' તો અંતઃપ્રવેશ કરાવવાથી થાય છે. કેવલ શબ્દગ્રહણ મનોહર હોવાથી અથવા શિક્ષાને માટે હોઈ શકે, એમ 'વા' પદ વિકલ્પનો બોધ કરે છે; અનાદર તો સ્વરથી જ–કાકુથી જ પ્રાપ્ત થઈ જાય છે; આ પ્રમાણે મનોહર હોવાથી, અથવા નાદાવિષ્ટ હોવાથી, આ ગોપિકાઓ આ મુખનું ભજન કરે છે[૧૭]. કામના સંબંધથી

૧૬. અથવા પોતાની વિશેષ આસક્તિનો બોધ કરવાને માટે શ્રીમુખના ઐક્યના નિરૂપણનું બીજું તાત્પર્ય પણ 'કિંચ' પદથી કહે છે. વ્રજેશની અપેક્ષાવાળા ભગવાનના મુખના પાનમાં જેમનો આદર નથી, તેમને આવિષ્ટ ભગવન્મુખના પાનમાં અનાદર થાય, તેમાં કહેવું જ શું? શ્રીનંદરાયજી ઈશ્વર–વ્રજના રાજા છે, તેથી તેમના સુત તરીકે આરાધન અથવા અનુરોધ (તેને અનુકૂલ થવું તે) કર્તવ્ય છે, એવી બુદ્ધિથી જે ભક્તો શ્રીમુખનું પાન કરે છે, તેવા ભક્તોએ કરેલું પાન તો વ્રજેશની અપેક્ષાવાળું છે; સર્વ દર્શન કરવાવાળાઓના સાધારણ પક્ષમાં આ કહ્યું. વર્ણન કરનાર ગોપિકા તો કાંઈ એવું સાપેક્ષ (અપેક્ષાવાળું) પાન કરતાં જ નથી. અથવા અહિં ઈશ્વરનો અર્થ પોતાના ગામના અધિપતિ તરીકે કરવો; કારણ કે યોગશક્તિ વડે તે જ અર્થનું કથન છે; અને 'તત્સાપેક્ષમ્'નો અર્થ 'ભગવત્સાપેક્ષમ્' કરવો; અને 'અનાદરે' પદનો અર્થ 'ફલત્વે અનાદરે' એમ કરવો. અર્થાત્ શ્રીગોપીજન જો કે શ્રીબલદેવજીનું વ્રજેશસુત તરીકે દર્શન કરે છે, તો પણ પોતાના ફલ તરીકે તો તેમનું દર્શન કરતાં જ નથી; તે કારણથી એવા ભગવત્સાપેક્ષ બલદેવજીના મુખના દર્શનમાં તે શ્રીગોપીજનનો અનાદર છે. 'શ્રીબલદેવજી કાંઈ વ્રજેશના પુત્ર નથી' એ પૂર્વપક્ષ છે, અને આગળનું વાક્ય (આવેશના...યુક્ત છે.) તેનું સમાધાન છે. અહિં 'ન હિ' પદ 'નનુ'ના અર્થમાં છે. આ પ્રમાણે 'બલભદ્ર કાંઈ વ્રજેશસુત નથી' એ પૂર્વપક્ષ કરીને તેનું સમાધાન 'આવેશ પક્ષમાં તો કૃષ્ણ જ પ્રવેશ કરે છે' એ વાક્યથી કરે છે; તો પણ અનાવેશ પક્ષમાં આ પ્રકારની શંકા થાય, તો તે અનાવેશ પક્ષ દૂર કરવાને અહિં 'તુ' પદ કહ્યું.

શંકા– જો એમ જ છે, તો ફલત્વે અનાદરમાં હેતુ શો?

તેના ઉત્તરમાં કહે છે કે અનાદરમાં હેતુ 'લૌકિકની અપેક્ષાવાળું દર્શન' છે. અર્થાત્, પૂર્વે કહેલી લૌકિક બુદ્ધિથી વ્રજેશની અપેક્ષાવાળું દર્શન અનાદરમાં હેતુ છે. અનાદરે 'રામ અને કૃષ્ણના એક શ્રીમુખનું જેમણે પાન કર્યું, તેમનું આ શ્રીમુખ જ ફલ છે.' આ પક્ષમાં મુખમાત્રનું ફલપણું જાણવું; તેમાં પણ ઈશ્વર તરીકે આરાધન બુદ્ધિથી, અને પોતાના સ્વામીના પુત્ર તરીકે અનુરોધ (અનુકૂલ થવું તે) બુદ્ધિથી, એમ બે પક્ષ જાણવા.

૧૭. આ શ્રીમુખ કેવું છે? તે જાણવાની અપેક્ષા થાય તો કહે છે કે એ શ્રીમુખ વેણુવાદનપર છે;

પણ કેટલાંક ગોપીજન પાક્ષિક (થોડા અંશમાં થતું) ભજન કરે છે, તે બીજા વિશેષણ 'અનુરાગથી કટાક્ષ મૂકતા' એ પદથી કહે છે. જે ભગવાનના મુખારવિંદને વિષે અનુરાગથી ભક્તના કટાક્ષનો મોક્ષ છે, તે ભગવાનનું મુખ ચક્ષુવાળાઓનું ફલ છે. આ પ્રમાણે મુખનાં દર્શન કરતાં ગોપીજનના નિર્ગુણ અને સગુણ ભેદો નિરૂપણ કર્યા[૧૮]. ૭.

---

અથવા ચક્ષુવાળાથી પણ હીન અધિકારીનું કથન કરતાં કહે છે, કે બીજાં શ્રીગોપીજન તો ગીતના રસને જાણતાં નથી, તેથી વેણુનાદના શ્રવણને માટે ભગવાનના મુખારવિંદનું દર્શન કરે છે, એમ 'બીજાં' વિગેરેથી કહે છે; બીજાં તો ગીતના રસને જાણતાં નહિ હોવાથી વેણુનાદના શ્રવણને માટે જ ભગવાનના મુખારવિંદનું દર્શન કરે છે, એમ 'અનુવેણુ જુષ્ટમ્' પદથી કહે છે. અહિં 'ન વેણુનાદ' એવો પાઠ હોય તો એવો અર્થ કરવો કે તેઓ ભગવાનના મુખારવિંદનું દર્શન કરે છે, તે વેણુનાદના શ્રવણને માટે કરતાં નથી; પરંતુ કેવલ ગીતના રસના જ્ઞાનવાળાં હોવાથી જ કરે છે. અહિં 'વેણુમ્ અનુ' વિગેરેથી અર્થનું કથન કર્યું, સમાસ તો અનુગત છે વેણુ જેનો તે 'અનુવેણુ' એમ જાણવો. જોષણ અને પાનનો ભેદ કહે છે-'જોષણ' એટલે સેવન અથવા નિદર્શન, અને 'પાન' તો અંતઃપ્રવેશ કરવો તે કહેવાય. જોષણમાં કેવલ શબ્દશ્રવણ છે, કારણ કે તે મનોહર છે; પાનમાં તો અંતઃપ્રવેશન છે, તે શિક્ષા માટે છે. કોઈક ભક્ત નાદ મનોહર હોવાથી કેવલ શબ્દશ્રવણરૂપ સેવન કરે છે, અને કોઈક તો શિક્ષણને માટે પાન કરે છે; પોતે પણ એવું વેણુવાદન પ્રાપ્ત કરે તે હેતુથી પાન કરે છે. મૂલમાં 'વા' પદથી 'જોષણ-સેવનનો' વિકલ્પ 'પાન' છે એમ કહ્યું. 'અનુવેણુ' પદમાં 'વેણુ' વિશેષણ છે, તે મુખના દર્શનમાં પ્રધાન છે, તેથી 'જોષણ' અને 'પાન' એમ શબ્દકર્મક* જ બંને ક્રિયા કહી. મૂલમાં 'વા' પદ કેવલ અનાદરમાત્ર સૂચવે છે એમ નથી, કેમ કે અનાદર તો સ્વરથી જ પ્રાપ્ત થઈ જાય છે, પરંતુ કોઈએ સેવ્યું અને કોઈએ પાન કર્યું, એમ વિકલ્પનો જ બોધ 'વા' પદ તો કરે છે.

શંકા- 'વા' શબ્દ હોવા છતાં, ગીતને જાણનારના ફલનું સાધારણપણું કેમ પ્રાપ્ત થાય?

ઉત્તર- તેનું સાધારણપણું અથવા અનાદર તો સ્વરથી એટલે કાકુથી જ પ્રાપ્ત થઈ જાય છે. એ રીતે આ પક્ષમાં આ ગોપિકાએ કરેલા ભજનનું કારણ નાદનું મનોહરપણું છે એમ કહ્યું. તેમાં પણ બે પ્રકાર છે-(૧) કોઈક ગોપીજન માત્ર મનોહર હોવાથી નાદનું સેવન કરે છે, (૨) કોઈક તો 'અમે પણ ભગવત્તુલ્ય વેણુવાદન કરીશું' એવા વિચારથી વેણુનું શિક્ષણ મેળવવાને નાદપાન કરે છે. આ પ્રકારે અહિં સુધી મુખાવલોકન વડે ભજન કરનાર ગોપીજનના ચાર ભેદ કહ્યા-(૧) ઈશ્વરબુદ્ધિથી આરાધન કરનાર; (૨) પોતાના સ્વામીના પુત્ર હોવાથી તેને અનુકૂલ થનાર. એમ બે વર્ગમાં પણ મનોહર હોવાથી શ્રીમુખનું સેવન કરનાર અને શિક્ષણને માટે શ્રીમુખનું પાન કરનાર, એવા બે હેતુથી બે વર્ગ; એટલે ચાર ભેદ થયા.

૧૮. કામના સંબંધથી ભજન કરનાર ગોપીજન શ્રીમુખનું અવલોકન કરે છે, એ પાંચમો ભેદ છે; એટલે સર્વે મળીને મુખાવલોકન કરનારના પાંચ ભેદ જાણવા. કામભાવથી અવલોકન કરનાર ગોપીજન તો પહેલાંના ગોપીજનથી પણ હીન છે, એમ કહેવાને 'કામના સંબંધથી

---

* 'શબ્દકર્મ' પાણિનિ ૧.૪.૫૨માં પ્રસિદ્ધ છે. જોષણ-સેવન ક્રિયા અને નિપાન-પાન ક્રિયા, એ બંને ક્રિયામાં વિશેષણરૂપ વેણુનું જ પ્રાધાન્ય છે, અને તે વેણુ શબ્દજનક છે, તેથી સેવન અને પાન બંને ક્રિયા શબ્દકર્મક છે. 'કર્મ' પદ કોઈક વખતે ક્રિયામાત્રનું અને કોઈક વખતે કારકનું પણ વાચક હોય છે.

સુબોધિનીજી– કેવલ રસરૂપ 'ચૂતપ્રવાલ' વિગેરે શ્લોકમાં કહે છે:

('કેવલ' પદથી 'બર્હાપીડમ્' શ્લોકમાં 'નટ' પદથી કહ્યો છે, તે વિપ્રયોગ શૃંગારરસ સમજવો.)

**ચૂતપ્રવાલબર્હસ્તબકોત્પલાબ્જ–માલાનુપૃક્તપરિધાનવિચિત્રવેષૌ ॥**
**મધ્યે વિરેજતુરલં પશુપાલગોષ્ઠ્યાં રંગે યથા નટવરૌ ક્વ ચ ગાયમાનૌ ॥૮॥**

આંબાનાં કોમલ પલ્લવ જેમના કર્ણમાં છે, મયૂરપિચ્છગુચ્છ જેમના મસ્તકને વિષે છે, કમલની માલા જેમના શ્રીકંઠને વિષે છે, અને એ સર્વની સાથે પીતાંબર વિગેરે વસ્ત્ર જેમનાં મળેલાં છે, એવા વિચિત્ર વેષવાળા કૃષ્ણ અને બલદેવ, એ બે ઉત્તમ નટની માફક, કોઈક વાર ગાન કરતા, રંગમંડપમાં શોભે તેમ મધ્યમાં ગોપાલોની ગોષ્ઠીમાં બહુ સારી રીતે શોભતા હતા. ૮.

આંબાનાં કોમલ પાન બે કર્ણને વિષે છે, મયૂરપિચ્છનો ગુચ્છો મસ્તકને વિષે છે, કમલોની માલા કંઠને વિષે છે, એ સર્વથી મળેલું પરિધાન એટલે પીતાંબર વિગેરે વસ્ત્રો, તેમનાથી વિચિત્ર છે વેષ જેનો(રામકૃષ્ણનો) એવા બંને પશુપાલો (ગોપાલો)ની ગોષ્ઠીની વચમાં શોભવા લાગ્યા[1]. રસના અભિનયમાં અવતારની માફક આવેશનો પણ ઉપયોગ હોવાથી 'વિચિત્રવેષૌ' પદ દ્વિવચનમાં વાપર્યું છે.[2]

---

પણ' વિગેરે કહ્યું. આ પ્રકારે નિર્ગુણસગુણ ભેદનું નિરૂપણ થયું. અર્થાત્ નિર્ગુણ સહિત સાત્ત્વિક વિગેરે સગુણ ભેદનું નિરૂપણ થયું. અહિં એકાદશ ઈંદ્રિયથી ભગવત્સ્વરૂપને જ ફલ માનનાર ઉત્તમોત્તમ નિર્ગુણ ભક્ત છે, અને કેવલ ચક્ષુ ઈંદ્રિયથી શ્રીમુખનું સેવન કરનાર–પાન કરનાર અને તેની તરફ કટાક્ષ ફેંકનાર, એ ત્રણ સગુણ ભક્ત છે. 'બર્હાપીડમ્' શ્લોકના વાક્યાર્થમાંના 'વર' પદનો અર્થ આ પ્રકારે આ શ્લોકમાં નિરૂપણ થયો એમ જાણવું. અહિં ચક્ષુવાળાઓના ફલ તરીકે 'કાલથી અધિક હરિ'ની લીલા નિરૂપણ કરી, એમ જણાય છે.

૧. વિવેચન– અહિં આંબાનાં પ્રવાલ ઉપરના ભાગમાં છે એમ જાણવું. કારણ કે તેમ હોય તો જ મુકુટમાં બાંધેલું પીતાંબરખંડ (નાનું પીળું વસ્ત્ર) પ્રવાલ અને મયૂરપિચ્છના ગુચ્છાથી મિલિત થઈ શકે; અને ઉત્તરીય વસ્ત્ર પણ માલાથી મિલિત થઈ શકે. 'પીતામ્બરાદિ' પદમાં 'આદિ' (વિગેરે) પદથી શ્રીબલદેવજીનાં વસ્ત્ર નીલ જાણવાં. આંબાનાં પ્રવાલ અને મયૂરપિચ્છથી પીતાંબર મિલિત છે; તેથી એમ સમજવું કે પીતાંબરખંડ શિર પર બાંધેલું છે. 'બર્હાપીડમ્' શ્લોકમાં કહેલા 'નટવર' પદના 'વર' પદ વિનાના પૂર્વાર્ધ 'નટ' પદનું વિવેચન આ શ્લોકમાં છે, તેથી 'આંબાનાં કોમલ પાન' વિગેરે કહ્યું. તેથી કર્ણિકાર ઉપરાંત પલ્લવ પણ ધરેલાં છે એમ જાણવું, અને તે શ્લોકમાં કહેલી વૈજયંતીમાલા પણ કમલની જાણવી.

૨. શ્રીબલદેવજીમાં જે પુરુષોત્તમનો આવેશ છે, તે રસરૂપ છે; તેથી રસના અભિનયમાં સ્કંધ ધરવો. બાહુ ધરવો, વિગેરે સ્વામિનીરમણસમયે અભિનય માટે તેમનો પણ ઉપયોગ છે.

શંકા– અહિં તો કેવલરસનું નિરૂપણ કરાય છે, અને 'બર્હાપીડમ્' શ્લોકમાં કહેલા 'વર' પદ વિનાના 'નટ' તો એક જ છે, ત્યારે બંનેને જણાવનાર દ્વિવચનનું શું પ્રયોજન ?

ઉત્તર– જેમ અવતારમાં ભૂભારહરણ વિગેરેમાં ભગવાનનું પ્રિય કરવામાં શ્રીબલદેવજીનો ઉપયોગ છે, તેમ અહિં રસના અભિનયમાં પણ ભગવાનનું પ્રિય કરવામાં સાથે સ્થિતિ કરવી,

ગુણો અને માયા, વેષને માટે ઉપયોગી થાય છે, તેથી રસના અભિનય માટે ચારે અર્થ-પદાર્થનું નિરૂપણ કર્યું.[3] (કારિકા ૧.)

રસ, રૂપ અને સુગંધની પ્રતિષ્ઠા ત્રણને વિષે નિશ્ચિત છે. ધર્મિરસના આચ્છાદનના બોધ માટે માયાનું પણ અહિં નિરૂપણ કર્યું છે.[4] (કા.૨)

વસ્તુનિર્દેશ માત્રથી શ્રોતાઓને કાવ્યની માફક રસ ઉત્પન્ન થાય છે.[5]

---

પ્રશંસા કરવી, વિગેરેથી આવેશ રૂપ શ્રીબલદેવજીનો પણ ઉપયોગ છે, તેથી દ્વિવચન વાપર્યું છે.

૩. વિવેચન- પ્રવાલ, સ્તબક અને માલા, એ ત્રણ અહિં સ્થાયિભાવ, વ્યભિચારિભાવ અને વિગાઢભાવાત્મક અનુક્રમે ત્રણ ગુણરૂપ છે; અને વસ્ત્રરૂપ માયા વેષને માટે ઉપયોગી છે, તેથી પ્રવાલ વિગેરે ત્રણ ગુણ અને વસ્ત્રરૂપ માયા મળીને ચારે પદાર્થ વેષને માટે ઉપયોગી છે. આગળ 'ત્રયાણામ્' (ત્રણેનો) પદનો અર્થ સ્થાયિભાવ, વ્યભિચારિભાવ અને વિગાઢભાવ એમ કર્યો છે. ત્યાં 'વિગાઢભાવ'નો અર્થ વિશેષ રીતે ઉન્માદપર્યંત મથિત થએલો કટાક્ષ વિગેરે ભાવ અથવા અનુભાવ થાય છે. અર્થાત્ સ્થાયિભાવ, વ્યભિચારિભાવ અને અનુભાવ, એ ત્રણ ગુણ ક્રમે કરીને પ્રવાલ, સ્તબક અને માલારૂપ છે; અને માયા વસ્ત્ર છે એમ જાણવું. સ્થાયિભાવાત્મક સ્વરૂપ જ અહિં આલંબનવિભાવ છે, તેથી સ્થાયિભાવથી વિભાવ જૂદો નથી એમ જાણવું. અર્થાત્ આલંબનવિભાવાત્મક ધર્મિરૂપ સ્વરૂપનું વૈચિત્ર્ય ધર્મરૂપ સ્થાયિભાવથી, વ્યભિચારિભાવથી અને અનુભાવથી થાય છે. અથવા આંબાના પ્રવાલ રજોરૂપ છે; મયૂરપિચ્છનો ગુચ્છ તમોરૂપ છે; કમલમાલા સત્ત્વરૂપ છે; એ ત્રણે રસમાં ઉપયોગી છે. કારણ કે રજોગુણથી વિવિધ ભાવની ઉત્પત્તિ થાય છે, તમોગુણથી તો એક જ સ્થળે ભગવાનના અવયવમાં અધિક પ્રીતિ થવાથી મનનો લય થાય છે; અને સત્ત્વ ગુણથી ભગવાનના સર્વ પદાર્થનું રસમાં ઉપયોગીપણાનું જ્ઞાન થાય છે. (કા.૧.)

૪. આંબામાં મુખ્યતાથી રસ પ્રતિષ્ઠિત છે, તેથી આમ્રપલ્લવ સ્થાયિભાવ છે. અહિં 'રસ' પદ શ્લિષ્ટ (બેવડા) અર્થમાં સમજવું. મયૂરમાં માત્ર રૂપ પ્રતિષ્ઠિત છે, અને રસનો વ્યભિચાર છે (રસ નથી); તેથી મયૂરપિચ્છગુચ્છ વ્યભિચારિભાવ છે. કમલમાં સુગંધ પ્રતિષ્ઠિત છે, અને કમલની સુગંધ લેતાં પ્રાપ્ત થતું ચુંબન રસનું અનુભાવક છે; તેથી કમલની માલા અનુભાવ છે. ધર્મિસ્વરૂપના આચ્છાદનનો બોધ કરવાને માયા વસ્ત્રરૂપ છે. વેષમાં વૈચિત્ર્ય ઉત્પન્ન કરનાર તો રસ, રૂપ અને સુગંધ એ ગુણો જ છે. પરંતુ સારી રીતે વૈચિત્ર્ય કરવામાં આચ્છાદન-વસ્ત્ર પણ અપેક્ષિત છે, તેથી માયાનું પણ નિરૂપણ છે, એમ 'અપિ'-'પણ' શબ્દનું સ્વારસ્ય છે.

શંકા- પ્રવાલ વિગેરે ધરવામાં શું પ્રયોજન છે ? તેના ઉત્તરમાં કહે છે કે આ સ્વરૂપમાં તાદશ ભક્તમાત્રથી ભોગ્ય રસ, રૂપ અને સુગંધનું સૂચન કરવાને માટે આંબાનાં પલ્લવ, મયૂર-પિચ્છગુચ્છ અને કમલની માલાનું, અને રસ ગુપ્ત રાખવાને પીતાંબરનું ધારણ છે; રસ સૂચવવાને આંબાના પલ્લવ ધર્યા છે; મયૂરપિચ્છગુચ્છ સુંદર છે, તેથી રૂપના સૌંદર્યનું સૂચન કરવાને મયૂરપિચ્છનું ધારણ છે; અને કમલની માલા બહુ સુગંધીદાર છે; તેથી આનંદમય શ્રીઅંગમાં સહજ સુગંધ છે, એમ સૂચવવાને માલાનું ધારણ છે; અને રસ ગોપ્ય છે, તે સૂચવવાને પીતાંબરનું ધારણ છે. (કા.૨.)

૫. શંકા- સાક્ષાત્ અનુભવ વિના વસ્તુ બતાવવામાત્રથી રસનો અનુભવ કયે પ્રકારે થાય ?

રસવાળું ફલ છે, એમ જણાવવાને માટે પ્રથમ પલ્લવ કહ્યાં છે.[૬] (કા.૩)
શાસ્ત્રાર્થના પરિપૂર્ણ જ્ઞાનથી ભાવની કલિકા થાય છે,[૭] પછી તેમાં

---

ઉત્તર– જેમ કાવ્યના શ્રવણથી શ્રોતાઓને ઉત્પન્ન થાય છે તેમ. અહિં શબ્દથી બધું બતાવ્યું છે, પરંતુ 'સાકર ગળી છે' એમ કહેવાથી કાંઈ ગળપણનો અનુભવ થતો નથી, તેમ શબ્દમાત્રથી નિર્દેશ કરવામાં રસનો અનુભવ કેવી રીતે થાય ? તેનું સમાધાન 'વસ્તુનિર્દેશ માત્રથી પણ રસ ઉત્પન્ન થાય છે', એમ કારિકામાં કહે છે. તે માટે દષ્ટાંત કાવ્ય છે. 'રસવદ્ વાક્યં કાવ્યમ્' એવું કાવ્યનું લક્ષણ છે, તેથી કાવ્ય રસવાળું છે; તે કારણથી તેનું શ્રવણ કરવાથી કાવ્યમાં રહેલા રસનો આસ્વાદ શ્રોતા કરી શકે છે. તે પ્રમાણે આ વાક્યમાં 'સર્વત્ર સુધા ગળતી હોય એવા રૂપનું વર્ણન છે' તેથી જ ગોપીજન એક બીજાનાં વાક્યોના શ્રવણથી તેમાં રહેલા રસનો આસ્વાદ કરે છે, એથી 'વસ્તુના નિર્દેશમાત્રથી રસનો આસ્વાદ થાય છે', એમ સિદ્ધ થયું. (કા.૨॥.)

૬. અથવા,

શંકા– અભિનય કરવામાં આમ્રપલ્લવ વિગેરેથી રસનું સૂચન થાય, પરંતુ ત્યાં રસનો અનુભવ કયે પ્રકારે થઈ શકે ?

ઉત્તર– કાવ્ય માફક, 'કાવ્ય' પદથી વાચ્ય રસવાળા વાક્યના શ્રવણથી શ્રોતાને રસનો અનુભવ થાય છે, તેમ વ્રજસુંદરીઓને તો તેવા સ્વરૂપવર્ણનના પરસ્પર શ્રવણથી જ તેમાં રહેલા રસનો અનુભવ થાય છે. આમ્રપલ્લવ વિગેરેના દર્શનથી સૂચન થતા રસનો પણ અનુભવ થાય છે; તે કારણથી 'રસવાળું ફલ છે', તેનો બોધ થવા માટે 'પલ્લવ' પ્રથમ ગણ્યું. ક્રમથી એ પ્રમાણે ચાર પદાર્થના નિરૂપણમાં હેતુ રસવાળા ફલના બોધ માટે છે, એમ કહ્યું. રસયુક્ત ફલ છે, એમ બોધ થવાને પલ્લવનું કથન પ્રથમ કર્યું. ફલના સ્વરૂપનું જ્ઞાન રસવાળા ફલ તરીકે પલ્લવના દર્શનથી થાય છે; તેથી પલ્લવ જે પ્રથમ 'ભાવ'ના ઉદયરૂપ છે, તે કલિકાનો હેતુ છે; તેથી પલ્લવનું કથન પ્રથમ કર્યું. અથવા, આગળ 'રસવાળા ફલનો બોધ થવા માટે' એટલે સ્વરૂપાનંદના સારભૂત સુધાના અનુભવનો બોધ થવા માટે પલ્લવનું ધારણ પ્રથમ કહ્યું. (કા.૩)

૭. રસશાસ્ત્રના 'અર્થ'ના એટલે ફલના પરિજ્ઞાનથી ભાવની કલિકા થાય છે, તેથી પલ્લવ પછી કલિકાના જેવા 'મયૂરપિચ્છગુચ્છ'નું કથન કર્યું, જે રસના અનુભવને જણાવનાર છે. 'ફલ રસવાળું છે' એમ બોધ થયા પછી આવિર્ભાવ પામેલા ભાવની કલિકા તરત જ પુષ્પ દ્વારા રસના અનુભવને જણાવનાર થાય છે; તેથી પલ્લવના પછી કલિકાના જેવું બર્હપિચ્છગુચ્છનું કથન કર્યું. અથવા 'શાસ્ત્રનો અર્થ' એટલે 'સુધાનું ભોગ્યરૂપ પ્રયોજન;' એમ ભાવના કરવા યોગ્ય છે, એવું જ્ઞાન પલ્લવના દર્શનથી થાય છે; તેથી 'ભાવની' એટલે ભગવદ્વિષયક સ્નેહની કલિકા થાય છે. આસક્તિ પછી ભાવ થાય છે, કારણ કે આસક્તિ પ્રેમ થયા પછી થાય છે, અને તે ઉચિત પણ છે. પ્રમાણપ્રકરણની લીલાથી પ્રેમરૂપ ભાવ ઉત્પન્ન થયો; પછી પ્રમેયપ્રકરણની લીલાથી આસક્તિરૂપ ભાવનો ઉદય થાય છે. જેમ કલિકામાં રસ, રૂપ અને સુગંધ વિગેરે સર્વ હોય છે, છતાં તે સર્વ અવ્યક્ત હોય છે, તેમ આસક્તિમાં ભાવના પરિણામરૂપ કટાક્ષ, સ્મિત અને આલાપ વિગેરે અવ્યક્ત છે; એ કારણથી આસક્તિ કલિકાના જેવી છે, અને તેથી આવી આસક્તિનું સૂચન કરવાને 'મયૂરપિચ્છગુચ્છ' પલ્લવના પછી ધારણ કર્યુ, એવું કથન કર્યું. (કા.૩॥.)

વિચિત્રતા થાય, તેને અહિં પુષ્પસ્થાનથી કહ્યું છે.[૮] (કા.૪)

રાત્રિદિવસ વાસના થયા કરે તેથી આચ્છાદનનું સ્મરણ કહ્યું છે.[૯] રસનો આવિર્ભાવ થાય તેને માટે આ સર્વનું નિરૂપણ કર્યું, એવી સ્થિતિ છે.[૧૦] (કા.૫)

રસનો આવિર્ભાવ થતાં રસનો આસ્વાદ થાય; નૃત્ય અને શોભા થાય;[૧૧]

---

૮. પછી કલિકારૂપ 'ભાવ'નું અને 'ચ'કારથી પ્રાપ્ત થતાં 'વેષ'નું પણ વૈચિત્ર્ય થાય છે. તેથી તેના (કલિકારૂપ બર્હસ્તબક) પછી 'પુષ્પ' એ કમળ છે તેનું જે 'સ્થાન' માલા, તે માલાનું કથન કરે છે; અથવા વ્યસનથી ફલિત થતા એ ભાવનું 'વૈચિત્ર્ય' આલિંગન વિગેરે કાવ્યરૂપે વિવિધ વિલાસરૂપ થાય છે, તે વ્યસન અહિં પુષ્પના સ્થાનમાં છે; કેમકે પુષ્પમાં રસ, રૂપ અને સુગંધ વ્યક્ત હોય છે, તેમ અહિં પણ વ્યસનમાં તે તે ભાવ સ્ફુટ થાય છે; તે કારણથી એવું વ્યસન સૂચવવાને માટે કમલના પુષ્પની માલા ધારણ કરી છે. (કા.૪)

૯. વસ્ત્રના અભાવમાં સર્વદા વાસના થાય; અનુભવ થાય, ત્યારે તો રસ ગુપ્ત ન રહે તેથી રસપણું જતું રહે; તેથી ત્યાર પછી 'આચ્છાદનનું' એટલે વસ્ત્રનું સ્મરણ કહ્યું છે. પહેલાં પુષ્પ કહ્યું છે, તેથી અહિં ચોથા પદાર્થને નિરૂપણ કરતી વખતે 'વાસના' પદ મૂક્યું છે; અથવા પુષ્પનો ઉદ્ભવ થાય ત્યારે વાસના પ્રકટ થાય, તેમ વ્યસન થવાથી તેનું પરિણામ દર્શન, આશ્લેષ, એકાંત ભાષણ, વિગેરે હંમેશાં થતાં લોકોને જ્ઞાન થઈ જાય; તેથી તે બધું લોકમાં પ્રકટ થઈ જાય; જેથી રસત્વ ન રહેતાં રસાભાસ જ થઈ જાય; તે માટે આચ્છાદન-વસ્ત્રની જરુર છે; તે કારણથી પ્રકટ વાસનાના આચ્છાદનને સૂચન કરનાર માયારૂપ પીતાંબર ધારણ કર્યું છે. અહિં આ તાત્પર્ય છે-દર્શન, આશ્લેષ વિગેરે ગુપ્ત રાખવાને જે ચાતુર્યવિશેષરૂપ કાપટ્યની અપેક્ષા છે, તે અહિં 'માયા' શબ્દથી કહ્યું છે. તેથી ચાતુર્યરૂપ-કાપટ્યરૂપ-માયારૂપ વસ્ત્રથી જ તે રસ ગુપ્ત રહે છે એમ સમજવું.

૧૦. એ પ્રકારની પ્રક્રિયાથી રસ નિષ્પન્ન થાય છે, તેથી આ સર્વ પ્રક્રિયા નિરૂપણ કરી, કારણ કે એવી 'સ્થિતિ' એટલે મર્યાદા છે. જો કે આ પ્રકારની પ્રણાલિકા વિના પણ ભગવાન્ રસ ઉત્પન્ન કરવા સમર્થ જ છે, તો પણ રસમર્યાદાની પ્રણાલિકાનું સ્થાપન કરવાને આ પ્રવાલ વિગેરે ચાર પદાર્થનું નિરૂપણ કર્યું. અથવા, ''એમ નિરૂપણ કરવામાં પલ્લવ વિગેરે ધર્મસહિત જ રસનું નિરૂપણ થયું, તેથી આ શ્લોકના આભાસગ્રંથ (ઉત્થાનિકા)માં 'કેવલ રસરૂપ' એમ જે કહ્યું છે, તેનો વિરોધ પ્રાપ્ત થાય છે''. એ શંકાનો ઉત્તર 'રસની ઉત્પત્તિ માટે' વિગેરે કહીને આપે છે. શ્રીગોપિકામાં રસસ્વરૂપનો આવિર્ભાવ થાય તેને માટે આ સર્વનું નિરૂપણ કર્યું; ધર્મ સહિત ધર્મીના આવિર્ભાવ માટે કાંઈ આ નિરૂપણ નથી.

શંકા- આ બધું કહ્યા વિના જ રસનો આવિર્ભાવ કેમ ન કહ્યો ?

ઉત્તર- 'એવી મર્યાદા છે', એ પદથી કહે છે. 'વિભાવ, અનુભાવ અને વ્યભિચારિભાવના સંયોગથી રસની નિષ્પત્તિ થાય છે' એ ભરતસૂત્ર પ્રમાણે, આ પ્રકારની રસમર્યાદા રસના આવિર્ભાવમાં છે; તે કારણથી રસમર્યાદાનું નિરૂપણ કરવાને આ સર્વ કહીને, આ પ્રકારે શ્રીગોપીજનને વિષે 'રસના આવિર્ભાવ'નો ક્રમ કહ્યો.

૧૧. ભગવાનના રસરૂપત્વમાં એમ જ ક્રમ છે, તેથી ભગવાનમાં રસના આવિર્ભાવના ક્રમનો પ્રકાર કહે છે કે રસનો આસ્વાદ થાય, પછી નૃત્ય અને ત્યાર પછી શોભા થાય છે, તેથી નૃત્ય અને શોભા થયા પછી ભગવાન્ રસત્વને પ્રાપ્ત થાય છે. એ પ્રકારે જાગૃત થએલા રસને ગુપ્ત

તેથી અતિ ગુપ્ત રસરૂપ ભગવાન્ રસત્વને પ્રાપ્ત થાય છે.[૧૨] (કા.૬)

રાખવામાં ન આવે તો રસાભાસ થઈ જાય, તેથી તેનું સૂચન કરનાર પદાર્થનું ક્રમથી નિરૂપણ કર્યું. 'મયુરપિચ્છગુચ્છ'થી મયૂરના અનુકરણથી રસાવિષ્ટ નૃત્યનું સૂચન કર્યું; અથવા એ પ્રમાણે અભિનય કરીને ભગવાને રસાસ્વાદથી નૃત્ય કર્યું. 'બર્હાપીડમ્' શ્લોકમાં 'નટ' પદનો અર્થ આ પ્રકારે 'નૃત્ય' પદથી કહ્યો. 'શોભા થાય' એ 'વિરેજતુઃ' પદનું વ્યાખ્યાન છે; એ પદમાં કહેલી શોભાનું કથન અહિં કર્યું છે. ગુપ્ત રસ જ રસ કહેવાય છે, કારણ કે રસશાસ્ત્ર જ તેમ કહે છે. આ પ્રકારે '' 'રસો વૈ સઃ' – નિશ્ચયે રસરૂપ તે છે,'' એ શ્રુતિમાં કહેલી રસરૂપતાનું સમર્થન કરીને 'બર્હાપીડમ્' શ્લોકમાં કહેલા 'નટવર' પદથી દર્શાવેલા 'નૃત્ય'નું અને આ શ્લોકના 'વિરેજતુઃ' પદથી કહેલી 'શોભા'નું અહિં કથન કર્યું. (કા.૬)

**રસનિષ્પત્તિપ્રકારઃ**

૧૨. 'કેવલરસ નિરૂપણમાં પલ્લવ વિગેરેનો શો ઉપયોગ ?' એ શંકા થાય તો તે દૂર કરવાને 'ગુણા માયા' વિગેરે કારિકાથી પલ્લવ વિગેરેના નિરૂપણનું પ્રયોજન કહે છે. અહિં આ પ્રકાર જાણવા યોગ્ય છે– 'નાટ્ય' શબ્દનો મુખ્ય અર્થ 'રસ' છે, અને લક્ષણાવૃત્તિથી ચાર પ્રકારે અભિનય સહિત રસના પ્રાકટ્યનું કારણ પણ 'નાટ્ય' છે; તેથી 'નાટ્ય' પદને નૃત્યના અર્થમાં વિદ્વાનો વાપરે છે, એવું સંગીતરત્નાકરના સાતમા અધ્યાયના ૧૭મા અને ૧૮મા શ્લોકમાં 'નાટ્ય' શબ્દના અર્થનું કથન છે. નાટ્યનો મુખ્ય અર્થ રસ છે, તેમાં તો નૃત્યના ભેદનો સંભવ નહિ હોવાથી મુખ્ય અર્થનો બાધ થાય તેથી રસ સંબંધી આંગિક વિગેરે ચાર પ્રકારના અભિનય સહિત નૃત્ય, એવો લક્ષણાથી અર્થ છે. તેથી લક્ષ્યાર્થ નૃત્યમાં 'નાટ્ય' શબ્દ લાક્ષણિક છે, એમ સંગીતરત્નાકરની કલાનિધિ ટીકાનું સ્વારસ્ય છે; તેથી ભરતનાટ્યશાસ્ત્રમાં પણ 'નાટ્ય' શબ્દનો એ જ અર્થ જણાય છે. અહિં 'નાટ્ય' શબ્દનો યોગશક્તિથી એટલે તેના અવયવ પાડીને અર્થ કરવાથી 'રસ' અર્થ થાય છે. કારણ કે 'નટનને યોગ્ય તે નાટ્ય', એમ 'નટ્' ધાતુને 'ય' પ્રત્યય લગાડવાથી 'નાટ્ય' પદ સિદ્ધ થાય છે, અને તેમાં 'રૂઢિ' એટલે સમુદાયશક્તિ પણ છે જ. તેથી રૂઢિથી પણ 'નાટ્ય' શબ્દનો અર્થ 'રસ' થાય છે. જેમ 'પંકજ' એટલે 'કમલ' અર્થમાં 'પંકજ' પદ યોગરૂઢ છે, તેમ 'નાટ્ય' પદ પણ યોગરૂઢ છે. અર્થાત્, જૈમિનીય સ્મૃતિમાં કહ્યું છે કે 'એક જ અર્થ એક શબ્દનો હોય' એ નિયમ પ્રમાણે 'નાટ્ય' પદનો અર્થ 'નૃત્યથી પ્રકટ થતો અને દશ્ય થતો વિશિષ્ટ રસ', એવો અર્થ થાય છે. હવે નર્તનમાં પણ યોગનો વિચાર કરીએ તો નટનો ભાવ, અથવા નટનું કર્મ તે નાટ્ય. તેમાં પણ 'ષ્યગ્'નું વિધાન 'ભાવ'માં અને 'કર્મ'માં હોવાથી યોગસામ્ય જો કે પ્રાપ્ત થાય છે, તો પણ રસની સત્તા વિના તેવા પ્રકારે પ્રયોગ જ અશક્ય છે; તેથી ભાવમાં જ અહિં 'ષ્યગ્'નું મુખ્ય વિધાન છે; તેથી 'નર્તવ્ય–નટન' અર્થમાં 'નાટ્ય' શબ્દ લક્ષણાથી જ છે. એમ બંને પ્રકારે 'નાટ્ય' શબ્દનો વિચાર કરતાં 'નાટ્ય' પદનો અર્થ 'નૃત્યથી પ્રકટ થતો રસ' એમ સિદ્ધ થઈ રહે છે. વળી પાંત્રીશમાં 'નટકથિત' વિગેરે શ્લોકમાં અને ૨૮મા અને ૨૯મા 'આંગિકાભિનયૈઃ' વિગેરે શ્લોકમાં નર્તનના ત્રણ ભેદ પણ કહ્યા છે. નટે કરેલો જે અભિનય તે નટે કરેલા વાક્યાર્થનો અને પદાર્થનો આત્મા જ્યાં હોય તે નાટ્ય. આંગિક અભિનયથી જે નર્તન ભાવ પ્રકટ કરે તે નૃત્ય, તેને નૃત્ય જાણનારાઓ 'માર્ગ' કહે છે. આંગિક વિગેરે ચાર પ્રકારના અભિનય જેમાં ન હોય પરંતુ આંગિક અભિનયમાં અંગ, પ્રત્યંગ અને ઉપાંગનો જે પ્રકાર કહેલો છે તે પ્રકારથી

ગાત્રવિક્ષેપ જ હોય તે નૃત્ય, એમ નૃત્ય જાણનારા કહે છે. તેમજ ૧૮મા શ્લોકના છેવટે 'સ ત્વત્રાભિનયો ભવેત્' એમ શરૂ કરીને 'કાવ્યાદ્યર્થ વિભાવાદિ' ૧૯મા શ્લોકમાં અભિનયને લક્ષીને 'આંગિકો વાચિકસ્તદ્વત્' વિગેરે અઢી કારિકાથી અભિનયના ચાર પદનું કથન ત્યાં કર્યું છે. એ પ્રકારે, ચાર પ્રકારના અભિનયમાં જે વેષરૂપ 'આહાર્ય' અભિનય છે તેને માટે રસ, રૂપ અને સુગંધ એ ત્રણ ગુણ અને વસ્ત્રને સ્થાને કનકકપિશ માલા ઉપયોગી છે. આ પ્રમાણે આહાર્ય અભિનય આ શ્લોકમાં નિરૂપણ કરવાનો હોવાથી પલ્લવ વિગેરે વસ્ત્ર સુધીના ચાર પદાર્થનું નિરૂપણ કર્યું; કારણ કે એ પ્રકારે અભિનયના પ્રયોગથી રસ પ્રકટ થાય છે, અને વિભાવ વિગેરેથી નિષ્પન્ન થતો સ્થાયિભાવરૂપ અમૂર્ત રસ તો આલંબનવિભાવ વિના પ્રકટ થવાને યોગ્ય નથી; એમ હોવાથી તેમાં ધર્મનો આવિર્ભાવ થાય, ત્યારે જ કૈવલ્યને છોડીને રસ નાટ્યરૂપતાનો પણ ત્યાગ કરે, તેથી બંને સુંદર રીતે ઘટી શકે તેને માટે નટવેષાત્મક આહાર્ય નામના અભિનયથી આલંબનનું આરોપણ થાય, ત્યારે આહાર્ય સિવાયના આંગિક વિગેરે ત્રણ અભિનયથી સમાજમાં રસનું જ્ઞાન નિષ્પન્ન થાય છે; પરંતુ જ્યાં આલંબનવિભાવ જ નટ છે, ત્યાં પણ નાટ્યદશામાં મુખ્ય રસના ધર્મ પ્રકટ ન થાય, તો આલંબન નહિ જેવું જ છે; તેમ નહિ જાણનારને તો તે પ્રત્યારોપિત પણ છે. આ પ્રકારે ચાલતા પ્રસંગમાં બ્રહ્માત્મક રસ પૂર્વે કહેલી રીતિએ પોતામાં જ પ્રતિષ્ઠાવાળો અને પોતામાં આલંબનવાળો થાય, તેમાં જો કે કાંઈ પણ વિરોધ નથી; તો પણ જેમ કોઈક વાર રસને નહિ જેવો કરીને આલંબનત્વ પ્રકટ થાય છે તેમ અહિં આલંબનને નહિ જેવું કરીને નટત્વ પ્રકટ કરીને 'રસો વૈ સઃ' (નિશ્ચયે તે રસરૂપ છે) એ શ્રુતિમાં કહેલા સ્વરૂપાત્મક રસને સંગીતશાસ્ત્રમાં કહેલી પ્રણાલિકાથી પ્રકટ કરે છે; તેથી તેમાં ગુણ વિગેરેનો ઉપયોગ છે, અને તેથી અહિં આ પલ્લવ વિગેરે ચાર અર્થ (પદાર્થ) કહ્યા. 'જો એમ છે તો ગુણ જ નિરૂપણને યોગ્ય છે; ગુણી તો નિરૂપણને યોગ્ય નથી.' એમ શંકા થાય તો તેને 'રસ' વિગેરે કારિકાથી દૂર કરે છે કે ''ધર્મી-રસ ગુપ્ત છે, તે જણાવવાને માયાનું પણ નિરૂપણ કર્યું છે. અર્થાત્ રસ, રૂપ અને સુગંધની પ્રતિષ્ઠા પલ્લવમાં, મયૂરપિચ્છમાં, અને કમલમાં નિશ્ચિત છે, તેથી તેમનું નિરૂપણ કર્યું. ગુણીનું નિરૂપણ ન કરતાં કેવલ ગુણનું જ નિરૂપણ થાય, ત્યારે તો 'તે ગુણ આગંતુક હશે' એવો સંશય રહી જાય, તે ન રહે માટે પલ્લવ વિગેરેથી ગુણીનું પણ નિરૂપણ કર્યું. અને 'ધર્મી રસ ગુપ્ત છે'. તે જણાવવાને પીતાંબરરૂપ માયાનું પણ નિરૂપણ કર્યું.

શંકા- રસની પ્રતિષ્ઠા તો આંબાના ફલમાં છે; પલ્લવમાં કાંઈ નથી, તેથી પલ્લવનો ઉપયોગ અહિં નથી; જો કે તેનો ઉપયોગ કોઈ રીતે સિદ્ધ પણ થાય તો પણ પલ્લવ વિગેરે પણ હસ્તથી જ અભિનયને યોગ્ય છે; વેષમાં સ્થાપવા યોગ્ય નથી, અને હસ્તના અભિનયથી જ સૂચિત થતા કર્ણના શૃંગારમાં પણ આમ્રપલ્લવ મૂકવાની આવશ્યકતા રહેતી નથી.

ઉત્તર- 'વસ્તુનિર્દેશમાત્ર' વિગેરે કારિકાથી કહે છે કે નાટ્યમાં આસ્વાદ આવવો તે કાંઈ રસના ઈન્દ્રિય એટલે જીહ્વાથી આવતો નથી; પરંતુ કાવ્યથી શબ્દ દ્વારા જેમ નાટ્યમાં રસનો આસ્વાદ થાય તેમ અહિં હસ્ત વિગેરેથી પલ્લવ વિગેરે વસ્તુનો નેત્ર દ્વારા મનથી આસ્વાદ થાય; પરંતુ તે વસ્તુનો બોધ થાય નહિ, તેથી પલ્લવ વિગેરેમાં પણ રસવાળા ફલના બોધને માટે પલ્લવ પ્રથમ માન્યો. અર્થાત્ આંબાના પલ્લવથી રસવાળું ફલ ભવિષ્યમાં થવાનું છે, એમ માલા દ્વારા બોધ થાય છે, તેથી માનસિક આસ્વાદ સિદ્ધ થાય છે. તેથી જ રસની સ્થિતિ ત્યાં

પણ દુર્ઘટ (અયોગ્ય) નથી, અને તેથી પલ્લવ ઉચિત જ છે. હસ્તના અભિનયથી કહેલી રીતે પલ્લવનો માનસિક બોધ જો કે થાય તો પણ તે બધાનું પરિણામ રસવાળા ફલમાં આવતું નથી, તેથી 'રસવાળું ફલ ધર્મી છે' એ પરિણામ જણાવવાને માટે પલ્લવ વિગેરે પણ પ્રભુએ ધારણ કર્યાં છે. કારણ કે અભિનય વિગેરેથી ભગવાન્ જ્યાં સ્વરૂપાત્મક રસ સ્થાપે છે, ત્યાંથી તે કદાપિ જતો રહેતો નથી; પરંતુ બીજ હોવાથી ફલનું દાન કરે જ છે, એવી વસ્તુ- સ્થિતિ છે. અર્થાત્ 'નાટ્યની પ્રણાલીથી જે ભાવવાન્ ભક્તોને રસ પ્રાપ્ત થયો છે, તેમને ફલની પ્રાપ્તિ અવશ્ય થશે' એમ જણાવવાને પલ્લવનું સ્થાપન પ્રથમ જ કહ્યું.

શંકા- રસશાસ્ત્રમાં તો ઈષ્ટનાં દર્શન વિગેરેથી ઉત્પન્ન થતો આનંદરૂપ તે રમ્યસ્થાયિભાવ તે તે રસને અનુકૂલ દેશ, કાલ, કલા, વેષ અને ભોગ, વિગેરેનું સેવન કરવાથી જે રસ પ્રાપ્ત થાય છે, તે રસ મનનો જ વિકાર છે; અને તે આંતર મનોવિકાર પણ અનેકરૂપ છે, તેથી તે અનિત્ય છે, અને ભગવાન્ તો મનોવિકાર અનેકરૂપ અનિત્ય નથી; વળી ગયા શ્લોકમાં 'વરત્વ' સિદ્ધ કર્યું અને અહિં 'નટ'ના દૃષ્ટાંતથી અભિનયનું ઉપપાદન કર્યું; અને કારિકામાં 'નટ'ના દૃષ્ટાંતમાં જ અભિનયકર્તાનું ઉપપાદન કર્યું; એમ હોવાથી આલંબનત્વ અને અભિનેતૃત્વ સ્ફુટ છે; પરંતુ સર્વરસત્વ સ્ફુટ નથી. 'ત્યારે આ શ્લોકમાં કેવલ રસ છે, એવી પ્રતિજ્ઞા કયે પ્રકારે પૂર્ણ થાય ?' એમ શંકા થાય તો તેનો ઉત્તર 'શાસ્ત્રાર્થ' વિગેરે કારિકાથી કહે છે. અહિં આ અર્થ છે-'અસદ્ વા ઇદમગ્રાસિત્' વિગેરે શ્રુતિમાં કહેલું બ્રહ્મ જ 'રસ' છે, એવો ઉપદેશ 'રસો વૈ સઃ (નિશ્ચય તે રસ છે)' એ શ્રુતિ કરે છે. રસ શબ્દના ઘણા અર્થ છેઃ ૧. રસના એટલે જીભથી ગ્રાહ્ય ગુણ; ૨.દ્રવીભૂત પદાર્થ; ૩.સારભૂત અર્થ; ૪.આસ્વાદ્ય-આનંદને ઉત્પન્ન કરે તે. 'આમાંથી ચાલતા પ્રસંગમાં કયો અર્થ લેવો', એવી શંકા થાય તો 'રસં હ્યેવાયં લબ્ધ્વાનન્દી ભવતિ'થી આરંભીને 'એષ હ્યેવાનન્દયાતિ' સુધી શ્રુતિ તે જ રસનું આનંદપણું, પ્રાણધારણ કરવામાં પ્રયોજનપણું, હૃદયાકાશમાં રહેવાપણું, અને આનંદ ઉત્પન્ન કરવાપણું કહે છે, તેથી પ્રાણીઓના હૃદયમાં રહેલો આનંદજનક જે 'આનંદ' છે, તે જ 'રસ' છે, એમ સિદ્ધ થાય છે; તેથી જો કે આનંદની ઉત્પત્તિરૂપ કાર્ય જુદા જુદા અવયવમાં અનુભવાય છે; તેથી આનંદ સર્વ શરીરમાં વ્યાપીને રહે છે, તો પણ ઉપર કહેલી શ્રુતિથી અને 'સ માનસીન આત્મા જનાનામ્' એ બીજી શ્રુતિથી તે રસની ખાસ સ્થિતિ તો મનમાં જ છે, એ નક્કી હોવાથી રસશાસ્ત્રની પ્રણાલીથી ઉત્પન્ન થતો આનંદના આત્મારૂપ માનસવિકાર, તે રસના આત્મા ભગવાનનું જ કાર્ય છે; કારણકે 'એ જ આનંદ આપે છે' તે શ્રુતિમાં 'એવ' પદથી એ પ્રમાણે કહ્યું છે, અને માનસવિકાર આનંદ પણ તેનો અંશ છે; કારણકે શ્રુતિમાં કહ્યું છે કે 'એ જ આનંદની માત્રાથી બીજા સર્વ જીવે છે.' તેથી જ તે રસમાં લોકોને રસની પ્રતીતિ થાય છે, અને બ્રહ્મા વિગેરેને વિષે 'પુરુષ' પદનો પ્રયોગ ગૌણ છે, તેમ માનસવિકારમાં રસનો પ્રયોગ ગૌણ છે. એમ હોવાથી 'આનંદમાત્ર જ રસ છે, તો પ્રણાલીમાં વિશેષ ક્યાંથી ?' એવી શંકા પણ ન કરવી; કારણ કે રસનું સ્વરૂપ જ એવું છે. આમાં પ્રમાણ પણ છે; કેમકે પ્રણાલીથી લૌકિક રસ સિદ્ધ થતાં તે જ દૃષ્ટાંતથી અલૌકિક રસમાં પણ તે જ પ્રકારનું અનુમાન થઈ શકે છે; અને તેથી જ કારણના ધર્મનું જ પ્રાકટ્ય કાર્યમાં થાય છે; આથી પૂર્વોક્ત સંદેહનો પણ નિરાસ થાય છે. 'રસ અનિત્ય થઈ જશે' એમ પણ શંકા કરવી નહિ, કારણ કે રસ બ્રહ્મ છે, તેથી અનિત્ય થાય જ નહિ; રસ બ્રહ્મ હોવાથી મનોવિકાર પણ નથી. રસમાં અનેકરૂપત્વ પણ

કાંઈ દોષ નથી, કારણ કે તે પ્રણાલીથી થએલું છે, અને 'અનંતરૂપ' શ્રુતિથી રસરૂપ બ્રહ્મ અનંત થાય, તે યોગ્ય જ છે. આથી એમ સિદ્ધ થયું કે પરબ્રહ્મ, રસશાસ્ત્રમાં કહેલી પ્રણાલીથી હૃદયમાં પ્રકટ થતો 'રસ' જ છે; અને ત્યાં ચિત્ત અંશ નહિ જેવો છે. તે જ કારણથી 'કૃષિર્ભૂવાચકઃ' એ શ્રુતિમાં ચિદંશને દૂર કરીને સદાનંદત્વ જ કહ્યું. 'ભૂ' શબ્દ સત્તાવાચક છે, તેથી 'કૃષ્ણ' પદનો અર્થ સત્તાનંદ થાય; સદાનંદ ન થાય, એવી શંકા પણ ન કરવી. કેમકે 'સત્તા આત્મરૂપ છે; ધર્મ નથી,' એમ વ્યાકરણના નિયમથી સિદ્ધ છે. તેથી 'કૃષિર્ભૂવાચકઃ' શ્રુતિમાં ધર્મરૂપ સત્તાનંદ નહિ; પણ ધર્મી સદાનંદ કૃષ્ણ જ સિદ્ધ છે, અને તેથી ધર્મી પરબ્રહ્મ સદાનંદ હોવાથી રસની પ્રણાલીથી પ્રકટ થતું પરબ્રહ્મ પણ રસસ્વરૂપ ધર્મી સદાનંદ જ છે.

શંકા– ઉપરની શ્રુતિમાં તો 'બ્રહ્મ'નું રસત્વ કહ્યું; 'રસ'નું બ્રહ્મત્વ કહ્યું નહિ; અને તેમ હોવાથી બહાર પ્રકટ થએલા ભગવાનમાં રસત્વના અભાવથી પ્રતિજ્ઞાની પૂર્તિ કેવી રીતે થાય ?

ઉત્તર– જ્યાં આ સ્વરૂપનું વર્ણન થાય છે, ત્યાં ભગવાન્ બહાર પ્રકટ નથી; પરંતુ હૃદયમાં જ પ્રકટ છે, એમ 'બર્હાપીડમ્' શ્લોકના સ્વતંત્ર લેખમાં પ્રતિપાદન કર્યું છે, અને જ્યારે બહાર પ્રકટ થાય ત્યારે પણ આસક્તિભ્રમન્યાયથી 'રસો વૈ સઃ' ભગવાન્ 'માનસીન' તો છે જ; તેથી 'આ શ્લોકમાં કેવલ રસનું પ્રતિપાદન છે,' એ પ્રતિજ્ઞાની પૂર્તિ થઈ રહે છે. એમ છતાં 'મનની વૃત્તિરૂપ હોવાથી તે ભગવાન જ નથી,' એમ પણ શંકા ન કરવી. લોકમાં જે વસ્તુ અંતઃકરણની વૃત્તિથી ગ્રહણ કરવામાં આવે છે, તે દેશ અને કાલથી પરિચ્છિન્ન (હદવાળી) હોવાથી, અમુક સ્થળમાં તે પદાર્થ નહિ હોવાથી સંસ્કારની પ્રબલતાએ કરીને જેમ ખ્યાતિ સ્વીકારવામાં આવે છે તેમ અહિં નથી. કારણ કે અહિં ગ્રાહ્ય પદાર્થ દેશકાલથી પરિચ્છિન્ન નથી; પરંતુ અનન્ય ભક્તિથી તે પ્રાપ્ત થાય છે, તેથી જેવી ભક્તિ હોય છે, તેવે પ્રકારે ત્યાં પરબ્રહ્મ પ્રકટ થાય છે. તે ભક્તિ મનનો ધર્મ છે, તેથી મનના ધર્મરૂપ ભક્તિ વડે બહાર પ્રકટ થતા ભગવાન્ 'માનસીન (માનસી મૂર્તિ) તો છે જ, અને તેથી માયાવાદી મતમાં જેમ વૃત્તિનું ચૈતન્ય અને વિષયનું ચૈતન્ય એક નહિ હોવાથી બહાર રહેલી વસ્તુ વૃત્તિરૂપ હોય છે, તો પણ ત્યાં વૃત્તિનો અભાવ જ સ્વીકાર્યો છે, તેમ અહિં પણ ભગવાન્ માત્ર વૃત્તિરૂપ નથી.

શંકા– ભલે એમ હોય, તો પણ ચાલતા પ્રસંગમાં શૃંગારાત્મક જ વક્તવ્ય છે; અને શૃંગારની સ્થિતિ તો પરસ્પર આકાંક્ષાવાળા સ્ત્રી અને પુરુષરૂપી બે આલંબનને અધીન છે, તેથી અહિં પણ તેવું અધીનપણું અંગીકાર કરવાનું છે; પરંતુ ભગવાનના રસત્વમાં તો તેનો વિરોધ પ્રાપ્ત થાય છે; કેમકે એક જ આલંબન હોવાથી રસાભાસનો સંભવ છે.

ઉત્તર– અહિં આલંબન પણ છે. 'કામિનાં દર્શયન્ દૈન્યમ્' એ શ્લોકના શ્રીટિપ્પણીજીમાં રસાત્મક અને રસવાન્ પણ ભગવાન્ છે, એમ મુક્ત કંઠે કહ્યું છે. વળી વિરોધ પણ નથી, કેમકે 'સ્વપ્રતિષ્ઠત્વ' (પોતામાં જ સ્થિતિ કરવાપણું) વેદમાં કહેલું હોવાથી સર્વને સંમત છે જ. જેમ કામથી અન્ય પુરુષ કામવાળો થાય છે, પણ કામ તો પોતે જ કામવાળો છે, તેમ બીજાનું રસત્વ રસે કરીને છે; પરંતુ રસનું તો રસત્વ એની મેળે જ છે. માટે અહિં વિરોધનો દોષ આવત તે નથી. તેથી બહાર પ્રકટ થએલા ભગવાનના રસત્વને બાધ આવતો નથી, અને તેથી આ પ્રકારના શાસ્ત્રાર્થના પરિજ્ઞાનથી વેદના અર્થના વિચારપૂર્વક નિશ્ચયથી વિચારવાન્‌માં ભાવની સ્થાયિભાવરૂપ કલિકા ઉત્પન્ન થાય છે; અનુગ્રહરૂપ બીજ, અંકુર વિગેરે તો પૂર્વે જ સિદ્ધ છે, પછી તે સ્થાયિભાવ, વ્યભિચારિભાવ વિગેરેથી જે વૈચિત્ર્ય થાય, તે પુષ્પસ્થાન 'વિચિત્રવેષ-

સુબોધિનીજી– સર્વ રસના અભિનિવેશને માટે 'વિચિત્ર વેષવાળા' એ પદ વાપર્યું છે.[13] ત્રણના અન્યોન્યમાં મુખ્ય અને ગૌણ ભાવથી નવ રસની નિષ્પત્તિ થાય છે.[14] એ પ્રમાણે રસરૂપ ભગવાનનું નિરૂપણ કરીને સમાજને વિષે તે રસને પોષક વાદ્યો અને ગીતોનું નિરૂપણ કરે છે, તે 'મધ્યમાં બહુ સારી રીતે શોભતા હતા' એ પદથી કહે છે, પશુપાલોની ગોષ્ઠી કાંઈ બહુ ગૂઢ હોતી નથી, તેથી રસનું સુલભપણું છે, એમ નિરૂપણ કર્યું. ગીત અને વાદ્ય એ બેની મધ્યમાં, ત્રણેની સમાનતા તે જ સર્વોત્તમ છે.[15] નૃત્યની વિશેષતા કોઈક જ વાર હોય છે, તેથી વાદ્ય

---

વાળા' પદથી અહિં કહ્યું છે. અર્થાત્ કલિકારૂપ થયા પછી તે સ્થાયિભાવમાં વ્યભિચારિભાવથી જે વિચિત્રપણું થાય છે, તે પુષ્પસ્થાને છે, તે અહિં 'વિચિત્રવેષવાળા' પદથી કહ્યું છે. પુષ્પભાવ પછી રાત્રિદિવસ જુદા જુદા ભાવની વાસના થાય અને રસ પ્રકટ થાય, તો રસત્વની હાનિ થાય; તેથી આચ્છાદન કહ્યું છે. નહિ તો તેનું પ્રયોજન ન હોવાથી વિવરણમાં પરિકરરૂપ શૃંગાર વિગેરેનું સ્મરણ કરત નહિ. આ સર્વ અર્થનો સંગ્રહ કરીને સાધકને રસોત્પત્તિને માટે શિક્ષા આપવાને 'મધ્યમાં વિરાજ્યા' એમ કહ્યું. શ્લોકના ઉત્તરાર્ધમાં એટલું નિરૂપણ કર્યું, કારણકે તેવી મર્યાદા છે. સિદ્ધ દશામાં ફલના અનુભવનો પ્રકાર ઉત્તરાર્ધમાં 'મધ્યમાં વિરાજ્યા' એ પદથી ઉપદેશે છે. અર્થાત્, તે સમયે 'માનસીન' એટલે મનમાં રહેલા પ્રભુ બહાર પ્રકટ થતાં પોતાના ધર્મો પ્રકટ કરે છે; ઉપર કહેલી પ્રણાલીએ રસ અંદર પ્રકટ થાય છે. બહાર પ્રકટ થએલો રસ તો ધર્મસહિત હોવાથી અને ઉદ્‌બોધકત્વથી તેનું સાધન હોવાથી સ્થાનભેદથી અંદર અને બહાર બંને સ્થળે પ્રકટ છે, એ અવિરુદ્ધ છે.

૧૩. વિવેચન– 'આવાં વસ્ત્રોથી જેમણે વેષ ધરેલો છે,' એમ કહેવાથી જ વિચિત્રતા પ્રાપ્ત થાય છે, તો પણ 'વિચિત્ર' પદ સ્પષ્ટ કહ્યું; તેનું તાત્પર્ય કહે છે કે સર્વ રસના અભિનિવેશ માટે 'વિચિત્રવેષૌ' પદ કહ્યું છે.

૧૪. શંકા– ત્યારે તો નવેય રસની નિષ્પત્તિનાં સાધન નવ કહેવાં જોઈએ ?

ઉત્તર – ત્રણે રસના અન્યોન્ય મુખ્ય અને ગૌણ ભાવથી નવ રસની નિષ્પત્તિ થાય છે. હાસ્ય મુખ્ય હોય અને રતિ ગૌણ હોય તો હાસ્યરસ નિષ્પન્ન થાય છે. હાસ્ય ગૌણ હોય અને રતિ મુખ્ય હોય તો શૃંગારરસ નિષ્પન્ન થાય છે, એમ પરસ્પર સ્થાયિભાવ, વ્યભિચારિભાવ અને વિગાઢભાવના મુખ્ય અને ગૌણ ભાવથી નવે રસ નિષ્પન્ન થઈ રહે છે.

૧૫. શોભા તો ધર્મિમાં રહેલી છે, તેથી તેવી શોભાવાળા ધર્મિરસનું નિરૂપણ અહિં વાક્યાર્થ છે. રસને પોષક તો ગીત અને વાદ્ય છે, એ આશયથી આ પ્રકારે ઉત્તરાર્ધનો આભાસ કહ્યો. આ પ્રમાણે રસરૂપ ભગવાનનું નિરૂપણ કરીને સમાજમાં તે રસને પોષક ગીત અને વાદ્યવિશેષને 'મધ્યે વિરેજતુઃ' વિગેરે પદથી નિરૂપણ કરે છે, આ પદનો આશય આ પ્રકારે છે – ગોવાળોની ગોષ્ઠી કાંઈ બહુ ગૂઢ હોતી નથી, તેથી ત્યાં રસ સુલભ છે એમ કહ્યું. ગોપિકાઓની ગોષ્ઠીમાં પ્રભુ સ્થિતિ કરે તો ત્યાં જ રસ સુલભ હોવાથી અમારા હૃદયમાં આવે નહિ, એવો અહિં ભાવ છે. 'મધ્યે' પદ શા માટે મૂક્યું ? એ જણાવવાને 'ગીતવાદ્યયોઃ' પદ કહ્યું છે. અર્થાત્ ગીત અને વાદ્યની વચમાં તે (ગીત અને વાદ્યના) સમયે. નટના દૃષ્ટાંતથી વાદ્યનું કથન અને નૃત્યનું પણ સૂચન થયું. 'ગાયમાનૌ' પદથી ગાનનું કથન અને નૃત્યનું પણ સૂચન થયું. તેથી 'નટવરૌ' અને

જ કહ્યું. 'કોઈક વાર આમ થતું હશે' એ શંકાનો નિષેધ કરવાને 'અલમ્' (બહુ સારી રીતે) એમ કહ્યું.[16] અહિં 'શાસ્ત્ર નિયામક નહિ હોય' એવી શંકા થાય તેને માટે દૃષ્ટાંત આપે છે કે રંગમંડપમાં બે ઉત્તમ નટો શોભે તેમ. 'રંગમંડપ' એટલે શાસ્ત્રના આધારવાળું સ્થાન. રંગમંડપમાં જેમ નટ શાસ્ત્રાર્થને અનુસાર નાટ્ય કરે છે તેમ આ બંને પણ શાસ્ત્રને અનુસરી અલૌકિક નાટ્ય કરે છે, તે જણાવવાને માટે 'વર' પદ પણ મૂક્યું છે.[17] એ પ્રમાણે રાજસભાવનું નૃત્ય કહીને સાત્ત્વિકભાવનું નૃત્ય 'કોઈક વાર ગાન કરતા' એ પદોથી કહે છે. અમુક સ્થાનમાં હસ્તના અભિનય માત્રથી શ્રમરહિત ગાન બંને કરે છે. આ વાત પણ લોકપ્રસિદ્ધ છે.[18] ૮.

સુબોધિનીજી– એ પ્રમાણે રસનું નિરૂપણ કરીને 'રંધ્રાન વેણોરધરસુધયા પૂરયન્'ના વિમર્શથી તે રસનું આધિદૈવિકરૂપ સંપાદન કરનાર વેણુનાદનું નિરૂપણ 'ગોપ્યઃ' એ શ્લોકથી કરે છે[1]:

---

'ગાયમાનૌ' એ બે પદથી નૃત્ય, ગીત અને વાદ્ય, એમ ત્રણ પદાર્થનું કથન થયું. તેથી કહે છે કે જેવું ચતુર ગાન થાય તેવું જ નિપુણ વાદ્ય વાગે અને તેવું જ નૃત્ય પણ થાય. એમ નિપુણતામાં ગાન, વાદ્ય અને નૃત્ય સમાન હોય તે જ ઉત્તમ છે; તેમનું ઓછાવત્તાપણું ઉત્તમ નથી; તેથી અહિં મૂલમાં કહેલા 'શોભા' પદનો અર્થ સમાનતા અથવા સરખાપણું કર્યો.

૧૬. શંકા– 'નટવર' પદનો વાચ્યાર્થ 'નૃત્ય' અને સૂચિત અર્થ 'વાદ્ય' એમ કેમ નહિ ?

ઉત્તર– નૃત્ય તો ક્વચિત્–કોઈક વાર થાય છે; ગીત અને વાદ્ય તો બહુ વાર થાય છે; નૃત્ય તો રસના ઉદ્રેકમાં જ થાય છે, તેથી 'નટવર' પદનો વાચ્યાર્થ 'વાદ્ય' છે એમ કહ્યું; અથવા 'ગોષ્ઠીમાં એઓ શોભે છે' એમ કહ્યું; અને કોઈક વખત શોભતા હશે એમ નથી, તે જણાવવાને 'અલમ્' એટલે 'પુષ્કળ' પદ મૂક્યું.

૧૭. અહિં 'નટવરૌ' પદમાં 'વર' પદથી ધર્મસહિત રસનું નિરૂપણ હશે, એવી શંકા કરીને તે દૂર કરવાને કહે છે કે 'વર' પદ અહિં અલૌકિક નાટ્યને માટે છે.

૧૮. બર્હસ્તબક (મયુરપિચ્છગુચ્છ) ધારણથી તામસભાવનું નૃત્ય સૂચિત થાય છે, કારણ કે તે તેવે સમયે થાય છે; 'નટવર' પદથી સૂચિત રાજસભાવનું નૃત્ય છે, અને ગાનથી સૂચિત સાત્ત્વિકભાવનું નૃત્ય છે. નૃત્યના સાત્ત્વિક ભાવનો હેતુ 'શ્રમરહિત' પદથી કહ્યો. બેસીને ગાન કરતા હોય ત્યાં નૃત્ય ક્યાંથી સંભવે ? એ શંકાના ઉત્તરમાં કહે છે કે હસ્તના અભિનય માત્રથી ગાન બંને કરે છે.

૧. વિવેચન– પોતાના હૃદયમાં સહજ કામથી પ્રકટ થએલો તે રસ છે; કેમકે કામરસ સહજ છે, જેમ આસન્યપ્રાણ ઈન્દ્રિયોને કાર્ય કરવાને યોગ્ય બનાવે છે, તેમ વેણુનાદ સુધા દ્વારા સહજ પૂર્વ કામને ભગવદીય બનાવે છે; તેથી હવે લૌકિક સાધર્મ્યથી (લૌકિકના જેવા સરખાપણાથી) લૌકિકપણાની શંકા થાય તો તે પણ દૂર થઈ ગઈ. આ શ્લોકમાં 'સુધામપિ' એમાં 'અપિ' શબ્દનો અર્થ કહેશે કે 'વેણુનાદનો ભોગ કરે છે તે તો અવિવાદ છે', તેથી 'અપિ' શબ્દથી સુધાનું ગૌણત્વ સૂચન થાય છે, અને નાદનું જ મુખ્ય રીતે નિરૂપણ છે; તેથી અહિં વેણુનાદનું જ નિરૂપણ વાક્યાર્થ છે, અને તેથી 'આધિદૈવિકતા સંપાદન કરનાર'નો અર્થ એમ થાય છે કે તેને 'સુધાસહિત' કરી આપે છે. અથવા વેણુનાદ મનના ધર્મરૂપ કામને દૂર કરીને ભગવદ્ધર્મરૂપ

**ગોપ્યઃ કિમાચરદયં કુશલં સ્મ વેણુર્દામોદરાધરસુધામપિ ગોપિકાનામ્ ।।**
**ભુઙ્ક્તે સ્વયં યદવશિષ્ટરસં હ્રદિન્યો હૃષ્યત્ત્વચોશ્રુ મુમુચુસ્તરવો યથાર્યાઃ ।।૯।।**

હે ગોપીજન ! આ વેણુએ એવું તે શું ચતુર અથવા પુણ્યરૂપ કાર્ય કર્યું ? ગોપિકાની માલિકીની દામોદરની અધરસુધાનો પણ ભોગ પોતે પ્રસિદ્ધપણે કરે છે, કારણ કે ઝરણાઓ અને વૃક્ષો તેના ભોગથી બાકી રહેલા રસનો ભોગ કરે છે, અને આર્યજનોની માફક તેઓ રોમાંચયુક્ત થાય છે, અને હર્ષનાં અશ્રુ પણ તેમને આવે છે. ૯.

સુબોધિનીજી– 'હે ગોપીજન !' એ સંબોધન પૂર્વે કહેલા 'કામરસ' એટલે શ્રુતિને વરદાન આપવાના સમયના રસને જણાવનાર છે. અહિં કાંઈપણ જણાવવાનું કે કહેવાનું નથી. જો કે તેણે (વેણુએ) રસ પીધો નથી, તો પણ મુખને વિષે તેનું (રસનું) સારી રીતે દર્શન થાય છે, તેથી બીજાને માટે પણ તે ભોગ કરે છે, એમ જણાય છે[૨]. પુરુષને તેનો ભોગ સર્વથા અસંભવિત છે[૩]. જો એમ ન હોત તો ભગવાન્ પોતે જ ભોગ કરત; માટે એ તો સ્ત્રીઓને જ ભોગ્ય છે, તે 'ગોપિકાઓની' એ પદથી કહે છે. અધરસુધા ગોપિકાઓના સંબંધવાળી છે. 'ગોપિકાઓની' એમ બહુવચન મૂકવાથી સમુદાયરૂપ લક્ષ્મી પણ એ સુધાસંબંધિની છે, એ સૂચન કર્યું. એ લક્ષ્મીના અંશો પણ તેની સાથે જ આવેલા છે[૪]. લોકમાં બીજે કોઈ સ્થળે આ અધરસુધાનો ભોગ પ્રસિદ્ધ નથી. પ્રથમ તો

---

કામને પ્રકટ કરે છે; તેથી વેણુનાદ, રસમાં આધિદૈવિકરૂપતા સંપાદન કરનાર હોવાથી સુધાસહિત વેણુનાદનું નિરૂપણ કરે છે, કેમકે સર્વના અનુભવ તેમાં સાક્ષી છે.

૨. વિવેચન– વેણુમાં સુધા પૂરવાનું કહેવાને વિચારના બીજરૂપ ઉંચી કોટિ કહે છે, કે જો કે તેણે રસ પીધો નથી, તો પણ મુખને વિષે તેનાં સારી રીતે દર્શન થાય છે, તેથી પારકા માટે પણ ભોગ (ભોજન) કરે છે, એવો સંભવ છે.

૩. એવું કુશલ આચરણ એણે શું કર્યું હશે ? તે આશ્ચર્યનો હેતુ 'પુરુષને તેનો ભોગ સર્વથા અસંભવિત છે' વિગેરેથી કહે છે. એમ છતાં પણ પુરુષરૂપ વેણુમાં એ રસનો ભોગ જણાય છે, એથી આશ્ચર્ય થાય છે.

૪. અહિં તો 'ગોપિકા' પદ કહ્યું છે, તેથી લક્ષ્મીજી સુધાના સંબંધવાળાં છે, એમ પ્રાપ્ત થતું નથી; કારણ કે 'લક્ષ્મી કાંઈ ગોપિકા નથી', એ શંકાના પરિહારમાં કહે છે કે 'લક્ષ્મી પણ એ સુધાસંબંધિની છે', એમ બહુવચનથી સૂચન કર્યું. બહુ ગોપિકાઓમાં લક્ષ્મી પણ સંબંધિની છે, કારણ કે લક્ષ્મી પણ સમુદાયરૂપ 'સમુદાયમાં આવેશથી છે સ્વરૂપ જેનું' એવાં આ લક્ષ્મી છે. અથવા, 'લક્ષ્મી પણ તેનો ભોગ કરે છે, ત્યારે માત્ર ગોપિકાનું સંબંધિપણું કેમ કહેવાય ?' એમ શંકા થાય તો ઉત્તરમાં કહે છે કે લક્ષ્મી પણ અમારામાં છે. 'ગોપિકાઓ' એમ બહુવચન કહેવાથી ગોપીજનમાં લક્ષ્મીનો પણ અંતરભાવ સૂચિત કર્યો; ગોપિકાઓના સમુદાયમાં આવેશથી લક્ષ્મીનું સ્વરૂપ છે જ. ત્યારે તો 'લક્ષ્મીનું ગૌણત્વ પ્રાપ્ત થાય'. એ શંકાના ઉત્તરમાં કહે છે કે ગોપિકાઓ તો લક્ષ્મીના અંશો છે. કારણરૂપ લક્ષ્મીને લીધે જ સુધાના સંબંધમાં (તેઓ) સુધા

એવી વસ્તુનો ભોક્તા પુરુષ જ થઈ શકતો નથી, તો પછી બીજી યોનિમાં રહેલો જીવ તો તેનો ભોગ કેવી રીતે કરી શકે ? અને તેમાં પણ વેણુ (જે ચેતન જ નથી) તે કેવી રીતે ભોક્તા થાય ? તેના ઉત્તરમાં શ્રીગોપીજનને આ પ્રમાણે આધિદૈવિક વેણુનું 'ચેતનત્વ' સૂચન કરતાં કહ્યું. અહિં સર્વે ગોપિકાઓ આધિદૈવિકી જ છે, તેથી પોતાની ગોષ્ઠીમાં આધિદૈવિક વેણુનો આથી વિચાર ઘટે છે, તેથી તે વેણુનું પણ ભોજન કહે છે[૫]. વૈદિક સિદ્ધાંત એવો છે કે સર્વ ધર્મનું ફલ છે, તો આ બાબતમાં કારણભૂત વેણુનો કયો ધર્મ છે ? તેનો વિચાર કરે છે કે વેણુએ શું સાધન કર્યું ? બધા ધર્મો વેદસિદ્ધ છે, અને અમે પોતે વેદરૂપ છીએ, માટે અમે ન જાણતાં હોઈએ એવો ધર્મ જ કેમ હોઈ શકે ? જે ધર્મથી અમારું જન્મ થયું તેવો ધર્મ કદાચિત્ સંભવે પરંતુ તેમાં પણ અમારામાં તો (રસશાસ્ત્રોક્ત) મર્યાદાના ન્યાયથી સાધનનો તો વિરોધ નથી, તે કારણથી અમારામાં સ્ત્રીત્વ છે; વેણુમાં તો સ્ત્રીત્વ પણ નથી, તેથી સંદેહ થાય છે. કેમકે સાધનનો વિરોધ છતાં ફલનું તો તેમાં પ્રત્યક્ષ જ દર્શન થાય છે. અહિં તેની સંમતિ માટે 'હે ગોપીજન !' એ સંબોધન મૂક્યું છે. 'અયમ્' (આ) શબ્દ વાપરી નરજાતિનો નિર્દેશ કર્યો છે, તે બાધક છે[૬]. 'સ્મ' પદ

---

યોગ્ય થઈને આવેલાં છે, તેથી કૈમુત્યન્યાયથી લક્ષ્મીનો તો મુખ્ય જ સંબંધ છે, એમ સૂચિત થયું.

૫. વેણુનું સ્થાવરપણું તો બાધક છે જ, પરંતુ એથી પણ વધારે બાધક તો એ છે કે વેણુ તો નીરસ છે; એ કાંઈ આમ્ર (આંબાનું ફલ) વિગેરેની માફક રસવાળો નથી. જેથી એવો સ્થાવર નીરસ વેણુપુરુષ અધરસુધાનો ભોક્તા કેવી રીતે થાય ? તેમાં પણ વેણુ ચેતન જીવ નથી; પણ કેવલ સ્થાવર સદંશ છે, એવો વેણુ અધરસુધાનો ભોક્તા ક્યાંથી થાય ? તેના ઉત્તરમાં આધિદૈવિક વેણુનું 'ચેતનત્વ' સૂચન કરતાં શ્રીગોપીજનને આ પ્રમાણે કહ્યું. અહિં સર્વ ગોપીજન આધિદૈવિક અધરસંબંધવાળાં છે, તેથી પોતાની ગોષ્ઠીમાં આધિદૈવિક અધરના સંબંધવાળા વેણુનો વિચાર તેમને ઘટે છે, તેથી તે વેણુનું પણ ભોજન કહે છે.

૬. સર્વ સાધન મનના નિગ્રહમાં પરિણામ પામે છે, એમ વેદ કહે છે તેથી, અને ધર્મ ચિત્તશોધક છે તેથી, સર્વ ધર્મનું ફલ છે. સાધનવિચારમાં તો એમ જ છે; અનુગ્રહનો વિચાર કરીએ તો તે તદ્દન જૂદો જ છે, તેથી અહિં 'વૈદિક' પદ મૂક્યું. ગોપીજન ધર્મનો વિચાર કરે છે કે વેણુએ શું સાધન કર્યું ? અમે વેદરૂપ છીએ, ધર્મ પણ વેદસિદ્ધ છે, તેથી વેદસિદ્ધ ધર્મ અમારાથી અજાણ્યો કેમ હોય ? જે ધર્મથી અમારું જન્મ થયું છે, તેવો ધર્મ કદાચિત્ વેણુમાં સંભવે, તો પણ અમારામાં પણ (રસશાસ્ત્રોક્ત) મર્યાદાના ન્યાયથી સાધનનો તો વિરોધ નથી; અમે સ્વરૂપથી યોગ્ય છીએ. અથવા જે ધર્મ અમે કર્યો, એ જ ધર્મ વેણુએ પણ કર્યો જણાય છે, કેમકે એક જ સુધારૂપ ફલનો લાભ એને પણ થયો છે. ત્યારે હવે 'વેણુની બાબતમાં શું સંદેહ છે ?' તેના ઉત્તરમાં કહે છે કે 'પરંતુ તેમાં પણ અમારા કરેલા સાધનમાં વિરોધ નથી, કારણ કે અમને આધિદૈવિક સ્ત્રીરૂપની પ્રાપ્તિ થઈ છે; પણ વેણુમાં તો એવા સ્વરૂપની પ્રાપ્તિ નથી, તેથી વેણુના કરેલા સાધનમાં વિરોધ છે, તેથી તેણે શું સાધન કર્યું ?' એ વિચાર અહિં પ્રાપ્ત થાય છે. અમારામાં તો સ્ત્રીપણું છે, અને વેણુમાં તો સ્ત્રીપણાનો અભાવ છે; તેથી તેના કરેલા

પ્રસિદ્ધિ સૂચક છે[૭]. ખરી રીતે તો વેણુને ફલ છે જ નહિ, તે પહેલાં 'બર્હાપીડમ્' શ્લોકમાં કહી ગયા છીએ. વેણુને ત્યારે બે (સાધન અને ફલ)માંથી એકનો બાધ કરવો જોઈએ, તેથી સાધન બલના નિશ્ચયથી તો 'ફલનો અભાવ' એ પૂર્વપક્ષ છે, અને ફલના બલના વિચારથી 'સાધનનો અભાવ નથી' એ સિદ્ધાંત છે. તે 'વેણુ' પદથી કહે છે[૮]. 'વ' એટલે બ્રહ્માનંદ; 'ઈ' એટલે વિષયાનંદ; એ બંનેને જેણે તુચ્છ કર્યા છે તેનું નામ વેણુ. લોકને તે પ્રકારે વેણુ સુખનું દાન કરે છે, તેથી તેમાં ધર્મ છે, એમ નિશ્ચય થાય છે. અધરના સંબંધથી જ સુધાનો ભોગ કરે છે, તેથી ધર્મનો નિશ્ચય નથી. તો પણ વેણુ પોતે જ સાધન છે, એમ નિશ્ચય થાય છે[૯]. 'પુષ્ટિબલનો આશ્રય લઈને તેને સિદ્ધિ થઈ છે' એમ જણાવવાને માટે મર્યાદામાં 'દામોદર' પદથી હીનતા કહે છે. જેના ઉદર ઉપર દામ (દોરડું) છે એવા તે 'દામોદર', એમ કહેવાથી ભગવાનનું ગોપિકાઓને અધીનપણું સૂચવ્યું[૧૦]. સુધા

---

સાધનમાં વિરોધ છે, તેથી સંદેહ થાય છે; કારણ કે સાધનનો વિરોધ હોવા છતાં પણ તેમાં ફલનું તો પ્રત્યક્ષ દર્શન થાય છે. 'અયમ્' પદ નરજાતિ વાચક કહેવાથી વેણુનું પુરુષપણું બતાવીને તે બાધક છે, એમ સૂચવે છે. સ્થાવરત્વ અને સ્ત્રીત્વનો અભાવ એ બાધક છે, એમ તો પ્રથમ જ કહ્યું હતું; અહિં 'ચ'કારથી પુરુષપણાનું બાધકપણું સૂચવ્યું.

૭. અધરસુધાનો ભોગ તો એકાંતમાં થાય એમ અનુભવ સિદ્ધ છે, અને વેણુ તો પ્રસિદ્ધ રીતે ભોગ કરે છે, તેથી ભોગમાં પ્રસિદ્ધિ પણ બાધક છે.

૮. અહિં વૈદિક વિચાર હોવાથી અધિકરણ તરીકે 'તર્હિ' વિગેરે કહે છે. અહિં વેણુકૃત ભોગ વિષય છે, તે સંભવે કે નહિ તે સંશય છે; પ્રસંગ સંગતિ છે, કારણ કે જે સુધાનો ભોગ કરે છે તે સુધા ગોપિકાસંબંધિની છે; તેથી ગોપિકાઓની ગોષ્ઠીમાં તેનો વિચાર ઉપેક્ષા કરવા યોગ્ય નથી. વેણુની સ્વરૂપયોગ્યતા સિદ્ધ કરનાર સાધનબલ વિષે વિચાર કરીએ, તો તેને ફલનો અભાવ થવો જોઈએ, એ પૂર્વપક્ષ છે; સ્વરૂપયોગ્યતાને સિદ્ધ કરનાર સાધનબલ છે; ફલના બલનો વિચાર કરીએ તો સાધનનો અભાવ છે, એ સિદ્ધાંત છે; એમ 'વેણુ' પદથી કહે છે. 'વ' એટલે મોક્ષનો આનંદ બ્રહ્માનંદ, 'ઈ', એટલે કામનો આનંદ વિષયાનંદ, અને 'અણુ' એટલે તુચ્છ. 'વ+ઈ+અણુ = વેણુ' એટલે મોક્ષાનંદ અને કામના આનંદ બંનેને જેણે તુચ્છ કરી દીધા છે તે વેણુ.

૯. જો કે વેણુમાં સ્વરૂપયોગ્યતા નથી તો પણ ધર્મ છે, એમ અનુમાન થાય છે; પણ અધરસંબંધથી જ માત્ર સુધાનો ભોગ કરે છે, તેથી ધર્મનો પણ નિશ્ચય નથી. આમ નિશ્ચય અને અનિશ્ચય બંનેના સમાધાન માટે સિદ્ધાંત કહે છે કે 'વેણુ પોતે જ સાધન છે', એમ નિશ્ચય થાય છે.

૧૦. તો પણ વેણુ એવી રીતે સાધનરૂપ થઈ ગયો, તે કયા સાધનથી થયો ? એવી શંકા થાય તો ઉત્તરમાં કહે છે કે પુષ્ટિબલનો આશ્રય લઈને તેને સિદ્ધિ થઈ છે. મર્યાદામાં સાધનહીનતા કહે છે કે જે સાધને ભગવાન્ વશ થાય છે, એવું સાધન મર્યાદામાં નથી; તેથી મર્યાદામાં સાધનની ન્યૂનતા કહી, તે માટે 'દામોદર' પદ કહે છે. દામ એટલે દોરડું છે ઉદર પર જેના તે દામોદર. એથી ભગવાન્ ગોપિકાને અધીન છે, એમ સૂચવ્યું.

અધરમાં નિષ્ઠ (રહેલી) છે, અને અધર લોભાત્મક છે; તેથી પોતાથી અને પારકાથી એમ બંને રીતે વેણુના સાધનનો અભાવ સૂચવ્યો, અને રસનો ભોગ કહેવાની ઈચ્છામાં તો રસના ઈન્દ્રિય (જીભ)ની પણ અપેક્ષા છે. તે (જીભ) વેણુને નથી, તેથી તે પણ બાધક છે, એમ 'અધરસુધા' પદથી સૂચવ્યું. (આમ રસના ઈન્દ્રિય ન હોવાથી વેણુનો રસભોગ સાધનથી કહી શકાય એમ નથી; નાદનો ભોગ કરે છે, એ તો નિર્વિવાદ છે.) 'સુધાનો પણ ભોગ કરે છે' એ બાબતમાં વિવાદ છે. કારણ કે શ્રુતિમાં કહ્યું છે કે 'વાણીએ વનસ્પતિમાં પ્રવેશ કર્યો'. વેણુનો સુધામાં અધિકાર નથી, તે તો પૂર્વે સિદ્ધ કરી ગયા છીએ. વળી ભગવાન્ જો દાન કરે તો અધિકાર ન હોય તેને પણ કદાચ રસભોગ સંભવે. અહિં વ્યભિચારમાં સ્ત્રીસિદ્ધાંતવત્ એ દષ્ટાંત છે, (સ્ત્રીમાં રહેલા રસનો અધિકારી તેનો પતિ છે, અને તે તો પોતે જ તે રસનો ભોગ કરે છે, પરંતુ પર પુરુષ અનધિકારી છે, તે તો તે સ્ત્રીએ આપેલા ભોગને જ પ્રાપ્ત કરે છે). તેવી રીતે અહિં પણ વેણુ અધિકારી નથી; જો ભગવાન્ દાન કરે તો પુષ્ટિના બલથી ભગવાને આપેલા ભોગને પ્રાપ્ત કરી શકે. પરંતુ ગોપિકાની માફક વેણુ પોતે સ્વતંત્રતાથી ભોગ કરે છે, એ આશ્ચર્ય છે. તો પણ સુધાપાનનો નિર્ધાર કયે પ્રકારે કર્યો ? એમ શંકા થાય તો કહે છે કે અધર અને મુખના સંબંધથી અમને પાન સિદ્ધ છે તેમ તેણે પણ પાન કર્યું, એમ અમે માનીએ છીએ. વળી અમારા કરતાં તેનામાં એક વિશેષતા છે, તે એ કે તેના ભોગથી બાકી રહેલા રસનો ભોગ ઝરણાંઓ અને વૃક્ષો પણ કરે છે. (નહિ તો તેમને ભોગ ક્યાંથી મળે ?) બાલક હોવાથી તે માતા-પિતાનું પાલન કરે છે[૧૧]. આ બંને (ઝરણાં અને વૃક્ષો)ના ભોગમાં હેતુ કહે છે કે ઝરણાંઓ આનંદિત ત્વચાવાળાં થયાં છે, અને અંતઃ પૂર્ણ આનંદવાળાં થયાં છે; તેથી પણ આનંદ વધી જતાં રોમાંચથી યુક્ત થાય છે, તેમાં આ નિર્ણય છે. (રોમાંચ) અહિં કમલરૂપ છે; જગતમાં તે સર્વોત્તમ છે. હેતુ વિના આનંદના રોમાંચરૂપ 'કમલ' થતાં નથી; તેનાથી તો સેવાલ જ ઉત્પન્ન થાય; કમલ વિગેરે ઉત્પન્ન ન થાય; માટે જણાય છે કે ઝરણાંએ અધરામૃતનું પાન કર્યું છે; નહિ તો તેમનામાં લક્ષ્મીનો-કમલનો ઉદ્‌ગમ (ઉત્પન્ન થવું તે) ન થાય (કમલ રસોદ્દીપક છે, તેમાં લક્ષ્મી આવે છે 'જ્યાં જ્યાં અતિશય જોવામાં આવે છે ત્યાં સ્વાર્થનું ઉલ્લંઘન કર્યા વિના જ તે

---

૧૧. વેણુ બાલક છે અને સરોવર (ઝરણાં) અને ઝાડો એનાં માતાપિતા છે, એથી બાલક જેમ માતાપિતાને પાળે તેમ વેણુ પણ પોતે ભોગ કરી બાકીનો રસ માતાપિતાને આપે છે; તેથી જ સરોવર વિગેરે ભીતર પૂર્ણ આનંદરૂપ થયાં છે, અને તેમને રોમાંચ પણ થાય છે; તેથી વેણુ માતાપિતાનું પાલન કરે છે, એમ અમે માનીએ છીએ.

૧૨. આ શ્લોકમાં 'આર્ય'નું દષ્ટાંત આપીને નદી અને વૃક્ષનું રસપાન જણાવ્યું. તેથી વેણુમાં

થાય છે,' એવો ન્યાય છે. તેથી લક્ષ્મીનું 'તદેકભોગિત્વમ્ (તે જ એક ભોગ કરે છે)' એ સિદ્ધ કર્યું. ઝરણાં આનંદિત ત્વચાવાળા થઈ ગયાં, એ તો ઉપલક્ષણ-દૃષ્ટાંતમાત્ર છે. વૃક્ષોને અશ્રુ પણ આવ્યાં, મકરંદ (રસ) બીજા કોઈનો રસ થઈ શકતો નથી. વૃક્ષોનું પણ તેમ જ; તેમને ફલ 'રોમાંચ' છે, અને મધુધારા 'અશ્રુ' છે. બીજી કોઈ રીતે આ બંને (રોમાંચ અને અશ્રુ)નો સંબંધ નથી. 'એ બંને ઝરણાંમાં (નદીઓમાં) અને વૃક્ષોમાં સ્વાભાવિક છે', એમ પણ માની શકાય નહિ; કારણ કે તે કોઈક વાર જ થાય છે. વેણુનાદ થયા પછી જ નદીઓ અને વૃક્ષોને રોમાંચ અને અશ્રુ થયાં છે, અને સ્વાભાવિક ફલથી અને મધુધારાથી રોમાંચ અને અશ્રુ વિલક્ષણ છે. 'યથાર્યાઃ' પદથી તે જ કહે છે કે ભગવદ્ધર્મ હૃદયમાં પ્રવેશ કર્યા પછી જ સત્પુરુષો આનંદિત થઈને આંસુ પાડે છે, તેમ અહિં પણ અંતઃપ્રવિષ્ટ ભગવદ્ધર્મથી આર્ય-સત્પુરુષની માફક જ સરોવર અને ઝાડો પણ રોમાંચયુક્ત થઈને કમલરૂપ રોમાંચ અને મધુધારારૂપ અશ્રુપાત કરે છે. આથી એમ સિદ્ધ થાય છે કે નદીઓ વેણુની માતારૂપ છે, અને વૃક્ષો પિતારૂપ છે; અને વેણુના ભોગ કર્યા પછી બાકી રહેલા અધરસુધારસનું તેઓ પાન કરે છે[૧૨]. ૯.

---

સુધાપૂરણ નિશ્ચિત થયું જાણવું.

## શ્રીપ્રભુચરણકૃત સ્વતંત્ર વ્યાખ્યાનઃ

અહિં આ વિચાર છે- પહેલાં કહી ગયા કે 'અધરસુધાથી વેણુના છિદ્રને પૂરતા' તે વેણુના છિદ્ર જ મુખરૂપ છે, તેમાં જો અધરસુધા પૂરવામાં આવે તો અનાયાસે વેણુ અધરસુધાનો ભોગ કરે છે; તેથી 'પોતે ભોગ કરે છે' એ પદ નકામું થઈ જાય. તો પણ સુધાનું પૂરણ ગોપીજનના સાક્ષાત્ સુધાના ભોગના અધિકારને માટે જ છે; વેણુને માટે નથી, તેથી જ 'ગોપિકાઓની' એમ પદ મૂક્યું છે. ગોપિકાઓના ભોગને માટે વેણુના છિદ્રમાં અધરસુધા પૂરી, તેનો ભોગ વેણુ કરે તે ખોટું છે, તેથી 'પોતે ભોગ કરે છે' એ પદ મૂકયું.

શંકા- આ પ્રમાણે, વેણુએ ભોગ કર્યા પછીથી અધરસુધાનું પાન ગોપિકાઓએ કર્યું, એમ પ્રાપ્ત થાય, કેમકે અધરસુધાને છિદ્રનો સંબંધ પ્રથમ થાય છે, અને મુખરંધ્ર દ્વારા જ્યાં સુધી શ્રીગોપીજન સાક્ષાત્ સુધાનો ભોગ કરે ત્યાં સુધી વેણુ ભોગ કરે નહિ, એમ માનવાનું કારણ કેમ નથી ?

ઉત્તર- અહિં સર્વ અલૌકિક છે, તેથી લૌકિક યુક્તિથી તેનો નિર્ણય કરવો યોગ્ય નથી. જો એમ ન માનીએ તો સરોવર, નદીઓ અને પર્વતોમાં કરેલા વેણુકૂજનનું શ્રવણ વ્રજમાં રહેલાં ગોપીજન કેવી રીતે કરે ? 'તદ્ વ્રજસ્ત્રિયઃ' એ શ્લોકમાં આ બધું સમજાવ્યું છે; તેથી અહિંનો સર્વ પ્રકાર અલૌકિક છે, અને ભગવદિચ્છા બલિષ્ઠ છે, અને પ્રયોજન પણ બહુ ભારી છે. તે કારણથી અધરસુધાનો પ્રથમ પ્રવેશ વ્રજદેવીના કર્ણ અને હૃદયમાં જ થયો; વેણુના મુખરંધ્રમાં તો થયો જ નથી. આથી 'શ્રીગોપીજનને વેણુનો ઉચ્છિષ્ટ રસ પ્રાપ્ત થાય' એ શંકાનો નિરાસ થઈ ગયો. વળી જેમ ઉચ્છ્વાસદશામાં મુખમાંથી પડેલી વસ્તુ બહાર જ નિકળે છે પણ અંદર જતી નથી, તેમ દૂર દેશમાં રહેલાં પોતાનાં ગોપીજનના કર્ણ અને હૃદયમાં પૂરવાને એક ચિત્તથી

ભગવાને પોતાના મુખમાંથી નાદબ્રહ્મના પ્રાકટ્યના હેતુરૂપ શ્વાસ એવો તો પ્રકટ કર્યો કે જો કે રસ્તામાં પ્રસંગથી તે છિદ્રમાં આવ્યો પણ પોતામાં પૂરેલી સુધાને તે ઈચ્છિત દેશમાં જ લઈ ગયો, તેથી વેણુ તે સુધાનો ભોગ કરવાને શક્તિમાન્ થયો નહિ. એમ હોવા છતાં પણ મુખમાં વેણુને સાક્ષાત્ અધરસંબંધ છે, તેથી વેણુએ પાન કર્યું એવી સંભાવના થાય છે, અને નિશ્ચય પણ થાય છે, તેથી વેણુને તેનો ભોગ છે. પરંતુ વ્રજદેવીને તો તેનો સાક્ષાત્ ભોગ ઉપર કહ્યા પ્રમાણે છે, તેથી વેણુના ઉચ્છિષ્ટ રસનો ભોગ ગોપીજનને સર્વથા નથી; જો એમ ન હોત તો જેમ નદીઓમાં વેણુનું અવશિષ્ટ રસપાન કહ્યું તેમ ગોપીજનમાં પણ કહેત, અને 'ગોપિકાનામ્' એ પદમાં 'ગોપિકા'નું જ સુધાનું માલિકીપણું કહ્યું છે, તે કહેત નહિ. વળી સ્વતંત્રતાથી વેણુ સુધાનો ભોગ કરે એવી ભગવાનની ઈચ્છા છે, નહિ તો નદી વિગેરેમાં સુધાનો સંબંધ ન થાય; અને તેમ થાય તો આગળ ભગવલ્લીલા તેમાં ન થાય; કેમકે આ સુધાના સંબંધવાળી લીલા જ કરવા ભગવાનની ઈચ્છા છે, તેથી ભગવાન્ જલ અને સ્થલના રમણસંબંધી સર્વ પદાર્થોમાં એ સુધાનો સંબંધ કરાવે છે, તે નાદ દ્વારા નીકળેલો વેણુનો ઉચ્છિષ્ટ સુધારસ જ છે. એમ હોવાથી વ્રજદેવીનો અને વેણુનો એક્કી વખતે સુધાનો ભોગ યુક્તિથી સિદ્ધ થઈ રહે છે; તેથી આ સર્વ બરાબર છે. વળી, દામોદર તરીકે વ્રજદેવીને અધીન ભગવાન્ તેમને ઉપયોગી થાય તેવું, સર્વ સિદ્ધ કરી આપે છે. એથી વધારે શું કહીએ ? મર્યાદા ઉલ્લંઘી ઉલટેલા સમુદ્રનો નિરોધ કોઈ કરી શકતું નથી. આ દિશામાત્ર મેં બતાવી; માટે ભાગ્યવાન્ વૈષ્ણવોએ શ્રીગોપીજનનો સર્વોત્તમ ઉત્કર્ષ ધ્યાનમાં રાખીને, 'ભગવાન્ સિવાય કોઈનું ઉચ્છિષ્ટ શ્રીગોપીજન સ્વીકારતાં નથી' એમ અનુભવવું. 'રંધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન' એ વાક્યમાં જે વેણુવાદન કહ્યું છે તે જ આ વેણુવાદન છે, એમ અમે જાણીએ છીએ. રંધ્રમાં જે સુધાપૂરણ છે, તે તો સર્વભોગ્યા સુધાનું છે, અને વેણુએ કરેલા ભોગરૂપ આ-પૂરણ-તો દેવભોગ્યા સુધાનું છે. 'તેથી તે સ્થલમાં કહેલું, તે કયે પ્રકારે ?' એમ પણ શંકા ન કરવી; કારણ કે ગાયને બોલાવવાના 'અનુચરૈઃ' વિગેરે શ્લોકમાં, 'ગા ગોપકૈઃ' વિગેરે શ્લોકમાં 'નદ્યસ્તદા' વિગેરે શ્લોકમાં સુધાનું આ કાર્ય કહેલું છે. બીજે સ્થલે પણ સુધા બંને રૂપની છે; શ્રીગોપિકાનો અધિકાર સિદ્ધ કરવાને સર્વાભોગ્યા સુધાનું પૂરણ છે, અને વેણુ તો દેવભોગ્યા સુધાના અંશનો ભોગ કરે છે; તેથી બંને હેતુને લીધે શરુઆતમાં જ શ્રીગોપીજનમાં અધિકાર પ્રાપ્તિ માટે જે સુધા પૂરી છે, તે જણાવવાને 'ગોપિકાનામ્' પદ કહ્યું, અને આ શ્લોકમાં એ પદથી સુધાનાં બંને રૂપ જણાવ્યાં; તેથી સર્વાભોગ્યપણું અને દેવભોગ્યપણું, એમ સુધાનાં બંને પ્રકાર સિદ્ધ થયા.

## બીજો સ્વતંત્ર લેખ :

અથવા આ વેણુએ કેવું કુશલ કામ કર્યું તે તમે જોયું કે નહિ ? એમ પૂછતાં 'કુશલ' વિગેરે કહે છે. 'કુશલ' પદમાં ભાવપ્રધાનનો નિર્દેશ છે, તેથી એ ભાવ અનિર્વચનીય છે, અને બીજાઓથી જાણી શકાય એવો નથી એમ જણાવ્યું; તે કારણથી આપણને સર્વને તેનું અજ્ઞાન છે, એમ જણાવવાને 'ગોપ્યઃ' (હે ગોપીજન !) એમ સંબોધન કહ્યું. 'ત્યારે તે કુશલ કેવી રીતે જોઈ શકાય ?' એમ અપેક્ષા થાય તો ત્યાં 'સ્મ' પદ મૂકે છે. વિચારથી તે સ્ફુટ જ છે, કે જે વેણુને આપણે સર્વદા અચેતન માન્યો હતો તેણે તો ચેતનથી પણ અધિક કાર્ય કર્યું; તેથી આશ્ચર્યથી 'અયમ્ (આ)' એમ પદ મૂક્યું છે. વેણુ પોતે નિસ્સાર છે, તો પણ ચેતનથી પણ

તેણે તો અધિક કાર્ય કર્યું, તે આશ્ચર્ય છે. 'તે શું કુશલ કામ ?' એમ શંકા થાય તો તેનો પરિહાર 'દામોદરની અધરસુધાનો પણ' એ પદથી કરે છે. કેટલાં બધાં સાધને કરીને અમે સર્વે મળીને જે સુધાનો ભોગ કરીએ છીએ, તે સુધાનો ભોગ આ વેણુ એકલો સાધન વિનાનો છતાં પણ કરે છે ! આ એની કુશલતા. વળી તે સુધાનો ભોગ કરીને તે ભોગને જણાવનાર રોમાંચ અને આર્દ્રતા પ્રકટ કરતો નથી. જો પ્રકટ કરે તો વેણુનો નાદ થઈ શકે નહિ, તેથી 'પ્રભુ મારો ત્યાગ કરશે' એમ જાણીને જે સુધાના લેશમાત્ર પણ પાનથી આપણાથી પુલક (રોમાંચ) અને આર્દ્રતા નિવારી શકાતાં નથી, તે સુધાનો યથેષ્ટ ભોગ કરે છે, છતાં પણ પુલક અને આર્દ્રતા પ્રકટ કરતો નથી ! પોતાના રસસ્વભાવને ઉલટો કરી દઈને પણ પોતાનો સ્વભાવ પ્રકટ કરે છે, એ જ તેની કુશલતા. અને તેથી જ અમારી આર્દ્રતા દેખીને 'કેટલોક કાલ વિરહ થાય તો પણ આ ગોપીજન નષ્ટ થઈ જશે નહિ', એમ માનતા પ્રભુએ અમારો વ્રજમાં ત્યાગ કર્યો; અને વેણુની અનાર્દ્રતા દેખીને મારા વિના આ વેણુ તો એક ક્ષણ પણ રહી શકશે નહિ' એમ માનતા પ્રભુએ વેણુ હસ્તમાં ગ્રહણ કર્યો, અને વનમાં વિજય પણ કર્યો; આ સર્વ આપણી અકુશલતાને લીધે જ. ''જ્યારે સુધાનું લક્ષણ 'રોમાંચ' અને 'આર્દ્રતા' વેણુમાં નથી ત્યારે તેને સુધાનો ભોગ જ નથી, એમ કેમ કહેતાં નથી ?'' એમ શંકા થાય તો 'યદવશિષ્ટરસમ્ (તેના ભોગથી બાકી રહેલા રસનો)' એ પદથી તેને દૂર કરે છે. જો વેણુને જ ભોગ સિદ્ધ ન થયો હોય તો બાકીના રસનો ભોગ નદીઓને કેમ થાય ? તેમને 'પુલક' છે, તેથી તેમનો ભોગ તો નક્કી છે. આ વેણુ રસિક નથી, એમ પણ ન માનવું; કારણ કે પરંપરાસંબંધથી પણ નદીઓને રસિકપણું પ્રાપ્ત થાય છે, તો સાક્ષાત્ અધરના સંબંધથી વેણુને રસિકતા થાય એમાં કહેવું જ શું ! તેથી વેણુએ ભોગ કર્યો તેનું કારણ તેની કુશલતા છે; અને આપણને ભોગ નથી, તેનું કારણ આપણી અકુશળતા છે; માટે વેણુને ઠપકો આપવાથી શું વળે ?

પ્રકારાંતર– અથવા આ વેણુએ અમારું શું સારું કર્યું ? કાંઈ પણ નહિ. 'પરંતુ આપણે એના પર શું ઉપકાર કર્યો છે કે તે આપણું ભલું કરે ?' એ શંકાનો 'અયમ્' પદથી ઉત્તર આપે છે. આપણા પ્રાણવલ્લભે રસને પરવશ થઈને એનું વિસ્મરણ કર્યું હતું, અને આપણે પ્રાર્થના કરી હતી કે 'પ્રભુ એને કદાચિત્ વગાડે' તે જ આ વેણુ છે. જો તે જ સમયે આપણે એને દૂર કરી દીધો હોત તો એ સુધાભોગ કેવી રીતે કરી શકત ? માટે આપણે એને દૂર ન કર્યો, એ મોટો ઉપકાર એના પર આપણે કર્યો છે; અથવા 'રાસ વિગેરેને માટે વેણુએ આપણને બોલાવ્યાં, ત્યારે એણે આપણું ભલું નથી કર્યું, એમ કેમ કહેવાય ?' એમ શંકા થાય તો 'અયમ્' (આ) પદથી દૂર કરે છે. હાલ તો કાંઈ આ વેણુએ આપણું ભલું કર્યું નથી; રાસ સમયે આપણું ભલું કર્યું જ છે, એમ કહેવાનો આશય છે. પરંતુ અત્યાર સુધી તેના સ્વરૂપનું આપણને અજ્ઞાન કેમ રહ્યું ? એવી શંકા થાય તો કહે છે કે આપણી મુગ્ધતાને લીધે જ; એ આશયથી 'ગોપ્યઃ' એ પદ મૂક્યું છે. જો એમ શંકા થાય કે 'એનામાં એવું શું સામર્થ્ય છે કે આપણા ઉપર ઉપકાર કરે', તો તે 'વેણુ' પદથી દૂર કરે છે. એ બ્રહ્માનંદને અને વિષયાનંદને પણ અણુ–તુચ્છ કરી દે છે. તો એનામાં બીજું અસામર્થ્ય શું હોય ? એવા સામર્થ્યનું કારણ શું ? તેનો ઉત્તર 'દામોદરાધર–સુધામ્' પદથી આપે છે. જે સુધા સર્વથી અધિક છે, અને દુર્લભ છે, તે દામોદરાધરસુધાનો ભોગ આ વેણુ કરે છે. તે કારણથી બીજાનો તુચ્છકાર કરે તો તેમાં આશ્ચર્ય શું ! 'અસ્તુ, એણે આપણું ભલું ન કર્યું, પરંતુ માઠું શું કર્યું ?' એમ શંકા થાય તો 'ગોપિકાઓની' એ પદથી કહે છે.

આ સુધા સર્વ પ્રકારે આપણી જ છે, તેનું એણે અપહરણ કરી લીધું છે; એથી વધારે અપકાર-માઠું બીજું શું હોઈ શકે ? અથવા, 'જેમ આટલાં આપણે ભોગ કરીએ છીએ તેમ તે વેણુ પણ ભોગ કરે છે.' એમ શંકા થાય તો 'ગોપિકાઓની' એ પદથી તે શંકા દૂર કરે છે. જ્યારે આ સુધાનો ભોગ આપણે કરીએ છીએ ત્યારે જ આપણી પણ અધરસુધાનો ભોગ પ્રિય પ્રભુ કરે છે; એમ છતાં તેની અધરસુધામાં આપણી પણ અધરસુધાની સ્થિતિ છે, કારણ કે નિરંતર ભોગનો અભ્યાસ છે, તેથી તે અધરસુધાના ભોગમાં બીજી પણ અધરસુધાનો ભોગ તેને સંભવે છે; અને એ તો પુરુષ છે, તેથી બીજી અધરસુધાના તેણે કરેલા ભોગથી તે આપણું બહુ જ ખોટું કરે છે, એમ 'સર્વમપિ' શબ્દથી સૂચન થાય છે. 'જો પ્રિય પ્રભુ જ તેને સુધાનું દાન કરે તો તેમાં એ વેણુનો શો દોષ ?' એમ શંકા થાય તો 'સ્વયમ્-પોતે' એ પદથી દૂર કરે છે. પ્રભુ તો 'દામોદર' છે તેથી એમ કરતા નથી, એ તો વેણુ જ પોતે સુધાપાન કરી લે છે. 'જે સ્વાર્થ પરાયણ હોય, તેને આપણા ભલાભુંડાની શું પડી છે ?' એમ શંકા થાય તો તે 'બાકી રહેલા રસનો' વિગેરે પદથી દૂર કરે છે. વસ્તુતઃ એણે સ્વાર્થ પણ ન સાધ્યો અને પરાર્થ પણ ન સાધ્યો; સ્વાર્થમાં તે પોતે જ એકલો ભોગ કરત; પરાર્થમાં જેની સુધા છે તેને આપી દેત, એ બેમાંથી એક પણ એણે ન કર્યું; એણે તો ત્રીજું જ કર્યું; બાકીની સુધા 'નદીઓ' વિગેરેને આપી દીધી. એમ છતાં પણ જો તેનું અજ્ઞાન જ રહત, તો આપણને પણ ખેદ ન થાત; એ આશયથી 'હૃષ્યત્ત્વચઃ'-રોમાંચયુક્ત થાય છે, વિગેરે કહે છે. વળી એ રસભોક્તામાં-ખાસ કરીને સ્ત્રીમાં અવશ્ય લજ્જા હોવી જોઈએ; વૃક્ષ પુરુષ હોવાથી લજ્જા કદાચ તેનામાં ન હોય, પરંતુ નદીઓ સ્ત્રી છે, તો પણ તે એવી કેમ થઈ ગઈ ? એ આશયથી 'યથાર્યાઃ આર્યજનોની માફક' પદથી દૃષ્ટાંત કહે છે-જેમ શાસ્ત્રીય ભક્તને રોમાંચ વિગેરે થાય છે તેમ આ નદીને થયું, એમ 'આર્ય' પદથી સૂચવ્યું. વળી 'જેને જે પદાર્થની અપેક્ષા છે,તેને તેનું દાન કરવું' એમ દાન વ્યવસ્થા છે. તેથી નદી અને વૃક્ષ સ્વભાવથી આર્દ્ર છે, તેને ફરી આર્દ્રતાની અપેક્ષા નથી; અને અમે હાલ અનાર્દ્ર છીએ, તેથી અમને સુધાની અપેક્ષા છે; તેથી 'અમને છોડીને નદીને અને તરુને આર્દ્ર કરે છે,' એમ કહીને 'બહુ અનુચિત કરે છે' એમ સૂચવ્યું.

પ્રકારાંતર- અથવા, આપણું તો ભલું અને ભૂંડું એ વાત જ ન કરો. કારણ કે આપણે તો સ્ત્રી અને વ્રજમાં રહેનારી; એ તો પુરુષ અને વનમાં રહેનારો, તેથી આપણો એની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ જ નથી; પરંતુ એટલું તો વિચારો કે એણે પોતાનું પણ કાંઈ ભલું કર્યું છે ? એણે પોતાનું કુશલ પણ કર્યું નથી, એ કાકૂક્તિ છે. 'એમ કેમ ?' એ શંકા થાય તો 'અયં વેણુઃ' 'આ વેણુ' પદથી ઉત્તર આપે છે કે એ તો પુરુષ છે, અને એક પ્રકારનું વાદ્ય છે. અહિં આ અભિપ્રાય છે-જે ફલ માટે જે સાધન કોઈ કરે તે જ સાધનથી તેના ફલની યોગ્યતા તેને પ્રાપ્ત થાય છે; બીજા સાધનની અપેક્ષા તેને રહેતી નથી, તેથી જેમ પૂર્વે આપણે શ્રુતિઓ હતાં અને એ રસના ભોગને માટે આપણે કાંઈક કુશલ કર્યું; અને રસની યોગ્યતાને માટે ગોપીપણું પ્રાપ્ત કર્યું, તેમ એણે પણ એ રસને માટે કાંઈક કુશલ કર્યું હોત તો આપણી માફક એને પણ એ રસના અનુભવની યોગ્યતા પ્રાપ્ત થાત; પણ તે તો એનામાં નથી, તેથી તેણે કુશલ કર્યું જ નથી એમ જણાય છે. વળી આપણે તો જો કે શબ્દાત્મિકા શ્રુતિઓ હતાં તો પણ ગોપીત્વ વિના એ રસના ભોગનો આપણને અધિકાર પ્રાપ્ત થયો નહિ, અને એ તો શબ્દબ્રહ્મના ઉત્પત્તિસ્થાનરૂપ જ છે; શબ્દબ્રહ્મપણું પણ એને પ્રાપ્ત થયું નથી, તેથી એણે તો

કાંઈ પણ કર્યું નથી, તો આ ફલને માટે એણે ક્યાંથી જ સાધન કર્યું હોય ? વળી વગાડવાના વાજીંત્રથી કાંઈ રસનો ભોગ થઈ શકે નહિ, એ તો ઉદ્‌બોધ માત્ર કરી શકે; ભોગ તો રસના આલંબનરૂપ આપણને જ સિદ્ધ થાય, એમ રસશાસ્ત્રનો સિદ્ધાંત છે. પરંતુ સાક્ષાત્ તેના અધરના સંબંધને પ્રાપ્ત કરાવનાર કાંઈક કુશળ તો એના વેણુત્વથી પ્રસિદ્ધ જ છે, એમ 'સ્મ' પદથી કહે છે. જો એમ ન હોત તો, બીજા વાંસ પણ હોવા છતાં આ જ વાંસ વેણુભાવને કેમ પ્રાપ્ત થાય ? 'એ રસભોગ કરે છે, અને આપણે તેનું દર્શન કરીએ છીએ; એથી આપણા કહેવાથી શું ?' એમ શંકા થાય તો 'ગોપ્યઃ (ગોપીજન)' પદથી દૂર કરે છે. આપણી મુગ્ધતાને લીધે જ એ ભોગ કરે છે, એમ આપણને લાગે છે; વસ્તુતઃ એને ભોગ નથી, પરંતુ 'પ્રભુએ એનામાં સુધા પૂરી ત્યારે ભોગમાં શું બાકી ?' એમ શંકા થાય તો 'દામોદરસુધામ્' પદથી દૂર કરે છે. ખરી વાત છે, રસ પૂરવાના અભિપ્રાયથી તો એ સુધાનો ભોગ કરે છે, તો પણ શું એ પોતે ભોગ કરે છે ? કરતો જ નથી, એમ અહિં પણ 'અપિ' શબ્દથી સૂચવાય છે. સુધાપૂરણ તો બીજાને માટે છે; એને માટે નથી. શ્રીયશોદાજીએ પહેલાં ઉલૂખલે (ખાંડણીઆએ) બાંધ્યા, ત્યારે તેમના ભયનું અનુકરણ જોઈને અતિશય સ્નેહથી અધરચુંબન કર્યું; તેથી તે સુધાનો ભોગ શ્રીયશોદાજીએ કર્યો. એમ કહેવું જેમ ઉચિત નથી; કારણ કે યશોદાજીને અધિકાર જ નથી, તેમ અહિં પણ જાણવું; એ આશયથી 'દામોદર' પદ કહ્યું. વળી, બાલ્યાવસ્થામાં પણ જેમને યશોદામાતાએ રોષથી વશ કર્યા તે પ્રિય ભગવાન્ અમારી આગળ ભોગદશામાં વશ થઈ જતાં અમારી વિરુદ્ધ કાંઈ પણ કેવી રીતે કરી શકે ? એમ 'દામોદર' પદનો ધ્વનિ છે. 'દામ' એટલે દોરડું તેનાથી જે બંધાયા તે શું અમારા પ્રેમથી નહિ બંધાય ? એવો પણ ધ્વનિ છે. તેથી સ્વરૂપથી વેણુને સુધાની પ્રાપ્તિ નથી, એમ સૂચિત કર્યું. અધર લોભાત્મક છે, તેથી સ્થાનને લઈને પણ વેણુને સુધાની પ્રાપ્તિ નથી. 'અધર' પદથી નીચેનું સ્થાન કહેવાય છે, તેથી જેમ ઉંચા પ્રદેશમાં રહેલો રસ પોતે પડતાં પડતાં મુખમાં આવે, પરંતુ નીચા સ્થાનમાં રહેલો રસ તો ઉંચો લઈએ તો જ તે લઈ શકાય છે; બીજે કોઈ પ્રકારે લઈ શકાતો નથી, તેમ આ રસ પણ પોતાના પ્રયત્નથી જ અનુભવાય છે. અહિં અનુભવ જ સાક્ષી છે; તેથી ક્રિયારહિત વેણુ આ રસનો અનુભવ કેવી રીતે કરી શકે ? સ્ત્રી પોતાનું રૂપ સ્ત્રી આગળ જ પ્રકટ કરે; રસભરદશા વિના પતિ આગળ પણ પ્રકટ કરતી નથી, તો બીજા પુરુષ આગળ તો કેમ જ કરે ? તે કારણથી રસના એવા સ્વભાવને લઈને સુધાની પ્રાપ્તિ વેણુને નથી, એમ 'સુધા' પદ નારીજાતિનું જણાવેલું હોવાનો ધ્વનિ છે. એમ છતાં 'સુધાનું પૂરવું' બીજાને માટે છે, તો તે બીજું કોણ ? તે જાણવાની અપેક્ષા થાય તો 'ગોપિકાઓની' પદથી કહે છે કે આપણે જ માટે તે સુધા પૂરેલી છે. 'ગોપિકા' પદથી બીજું પણ તાત્પર્ય નીકળે છે કે આપણે ચતુરાઈ વિનાનાં અને પતિવાળાં છીએ, તેથી દિવસે ત્યાં જઈ શકતાં નથી; તે કારણથી આપણા પ્રાણપતિ પ્રભુએ આપણી ભોગ્યસુધા આપણને મળે, તેથી આપણા પૂર્વરૂપ શબ્દબ્રહ્મમાં (વેણુમાં) તે સુધાને પૂરી, તેથી પૂરણ સમયે આપણે જ ભોગ કર્યો; વેણુએ ભોગ કર્યો નથી, તે યુક્ત જ છે. અથવા વેણુમાં પૂરવાથી તેણે ભોગ કર્યો, એમ હોય તો પણ એ તો પોતે ભોગ કરી લે છે. જેમ પ્રિય પ્રભુ આપણને નિજ અધરસુધાનું પાન કરાવે છે તેમ કાંઈ વેણુને પાન કરાવતા નથી, તેથી આપણો સુધાભોગ એના કરતાં બહુ ઉંચા પ્રકારનો છે. તેથી એણે ભોગ પણ કર્યો હોય તો પણ શું ? વળી એ તો ભોગ કરે છે, કાંઈ પાન કરતો નથી, અને રસ તો પાન કરવા યોગ્ય છે. તે પણ

સુબોધિની- વૃંદાવનવિહારમાં ભગવાનના ચરણનું સ્વરૂપ 'વૃંદાવનં સખિ' શ્લોકથી કહે છે[1]:

રસનેન્દ્રિય-જીહ્વાથી થાય છે, તેથી એવું પાન વેણુથી તો થાય જ નહિ, તેથી ''ભુङ્કતે-ભોગ કરે છે'' એમ કહ્યું છે. જો કે ભોજનમાં પણ જીહ્વાની અપેક્ષા છે, તો પણ ગળી જવામાં ઉદર પૂરવા માત્ર જ અહિં 'ભોગ' પદનો અર્થ છે. રસનું સ્વરૂપ જાણીને રસાસ્વાદપૂર્વક વેણુએ કાંઈ ભોગ કર્યો નથી, અને એ ગળી જાય છે, તે પણ પોતાના પ્રયત્નથી નહિ. પોતાનો પ્રયત્ન હોય તો એને રસનું જ્ઞાન અથવા સ્પર્શ સંભવે, તેથી ગળવામાં પણ પ્રભુનો જ પ્રયત્ન છે, તેથી 'અધરસુધાને પૂરતા' એ પદથી ભગવાને કરેલું જ પૂરણ શ્રીશુકદેવજીએ કહ્યું, તેથી પોતાની રુચિથી તૃપ્તિપર્યંત પીધેલો રસ બહાર નિકળે નહિ, અથવા અપકાર પણ કરે નહિ; પરંતુ પારકાની ઈચ્છાથી પીધેલો થોડો પણ રસ બહાર નિકળી જાય છે, તેથી એના મુખમાંથી રસ બહાર નિકળ્યો, એ 'બાકી રહેલા' વિગેરે પદથી કહ્યું છે. ભોગ કરેલો રસ જ બહાર નિકળ્યો, બીજો કોઈ અંશ બહાર નિકળ્યો નથી એમ માનવું. જો એમ ન માનીએ તો આ પીવાતો રસ પોતાની જ તૃપ્તિ ન કરે તો બાકી ક્યાંથી રહે, અને બીજાને તેનું પાન ક્યાંથી સંભવે ? વળી ભોગવેલા રસનો અંશ જો એનામાં જ રહે તો એને પણ રોમાંચ અવશ્ય થાય, કારણ કે આપણને તેવો અનુભવ છે, અને બાકી રહેલા રસનું પાન કરનારની સ્થિતિ પણ રોમાંચવાળી થઈ, તેનું આપણને દર્શન થાય છે. વેણુમાં તો માત્ર ભોગની ક્રિયા કહી, અને ભોગથી જે ધર્મો પ્રકટ થયા તે તો બીજામાં થયા, માટે એ રસની સ્થિરતા વેણુમાં થાય, એમ ભગવાનની ઈચ્છા પણ નથી, પણ એના દ્વારા બીજે સ્થળે મોકલી આપવી એટલો જ અભિપ્રાય છે. જો એમ ન હોય તો, એક છિદ્રમાં પૂરણ સંભવતા છતાં 'રંધ્રાન્ વેણોઃ' પદમાં 'છિદ્રો' એમ બહુવચન અને પ્રવેશ, નિર્ગમ (બહાર નિકળવું તે) અને છિદ્રોમાં એક્કી વખતે પૂરણ, એ સર્વની સંગતિ ઘટે નહિ, તેથી વેણુમાં એ સુધાની સ્થિતિ ન રહેતાં પ્રવેશ અને નિર્ગમ-બહાર નિકળવું તે 'એક જ કાલે' એટલે એક છિદ્રમાં પ્રવેશ અને તે જ ક્ષણે બીજા છિદ્રમાંથી નિર્ગમ થાય છે, એમ સિદ્ધ થયું. જેમ પાત્રમાં પૂરેલા રસનો ભોગ પાત્ર કરતું નથી, તેમ વેણુ તો કેવલ માર્ગ હોવાથી આપણે માટે સુધાને તેમાં પૂરી તેટલા માત્રથી એણે રસભોગ કર્યો, એવું કાંઈ સિદ્ધ થતું નથી. તે કારણથી આપણી કાંઈ હાનિ થતી નથી, પરંતુ ઉલટું નદી વિગેરેને સુધાસંવલિત કરીને આપણા સંબંધી લીલાને ઉપયોગી કરે છે, તેથી આપણને તો ઈષ્ટાપત્તિ છે, (આપણું તો એ ભલું જ કરે છે,) તેથી આ સર્વ સુંદર છે.

**ભાવોયં ગોકુલાધીશપ્રિયાણામનુવર્ણિતઃ ।**
**સાધિકારં સ્વવિષયં તનોતુ મયિ વર્ણકે ॥**

શ્રીગોકુલાધીશને પ્રિય એવાં શ્રીગોપીજનોનો આ ભાવ અનુવાદકને અધિકાર સંપાદન કરી આપો.

૧. વિવેચન- શંકા- ભગવાનના ચરણનું માહાત્મ્ય બધી શ્રુતિઓમાં કહ્યું છે, અને 'દેવોના ચરણો'થી શરૂ કરીને, તે જ તેના ભાગ્યનું અભિનંદન કહે છે; દેવોના ચરણ ભૂમિનો સ્પર્શ કરતા નથી, તો ઉત્તમમાં ઉત્તમ દેવના ચરણ-પુરુષોત્તમના ચરણ ભૂમિને સ્પર્શ કરે જ નહિ; પુરુષોત્તમના અંશરૂપ પુરુષના આધિભૌતિક ચરણ પૃથ્વી છે; આધ્યાત્મિક ચરણ અતીન્દ્રિય છે; આધિદૈવિક ચરણ આનંદરૂપ છે; તે આધિદૈવિક પુરુષના ચરણનો પણ સંબંધ ભૂમિને

**વૃન્દાવનં સખિ ભુવો વિતનોતિ કીર્તિં યદ્ દેવકીસુતપદામ્બુજલબ્ધલક્ષ્મિ ।।**
**ગોવિન્દવેણુમનુ મત્તમયૂરનૃત્યં પ્રેક્ષ્યાદ્રિસાન્વવરતાન્યસમસ્તસત્ત્વમ્ ।।૧૦।।**
હે સખિ ! દેવકીજીના પુત્રના ચરણકમલથી જેને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે,

---

નથી. ભૂમિમાં દૈત્યભૂમિ અધમ છે, તેમાં પણ સ્ત્રીના સંબંધવાળી વધારે અધમ છે, એવા વૃંદાના વનમાં ભગવાનનાં ચરણારવિંદ વિરાજમાન છે; તેથી વૃંદાના ભાગ્યનું અભિનંદન ગોપિકાઓની ઉત્કંઠા જણાવનારું છે. અર્થાત્ આવા ચરણના સંબંધથી વૃંદાવનનું સ્વરૂપ ઉત્તમત્વે નિરૂપણ થાય છે. ત્યારે 'અહિં વિહારના નિરૂપણથી ચરણના સ્વરૂપનું નિરૂપણ કહે છે,' એમ આજ્ઞા કેમ કરી ?

ઉત્તર– લોકવેદાતીત શુદ્ધપુષ્ટિમાર્ગીય લીલાસામગ્રી બીજે સ્થળે પ્રસિદ્ધ નથી, એમ હોવાથી તેવી લીલાકર્તા પણ બીજે સ્થળે પ્રસિદ્ધ નથી, એમ સિદ્ધ થાય છે; તેથી જ 'વૃંદાવનથી દૂર ગયા' એમ આગળ કહેશે, કારણ કે ત્યાં પુષ્ટિલીલાનો અંગીકાર કરશે નહિ; એમ હોવાથી અન્વય અને વ્યતિરેકથી (લીલાસામગ્રી વૃંદાવનમાં પ્રસિદ્ધ છે, તેથી લીલા વૃંદાવનમાં થાય છે એ અન્વય; લીલાસામગ્રી બીજે સ્થલે પ્રસિદ્ધ નથી, એથી લીલા બીજે સ્થલે થતી નથી એ વ્યતિરેક.) આ લીલા અહિં જ થાય છે, એમ ફલિત થશે; આમ હોવાથી જ્યાં શુદ્ધ પુષ્ટિનો અંગીકાર હોય ત્યાં જ આ ચરણની લીલા છે, એમ જાણવું. તેથી બૃહદ્વનમાં પણ 'પ્રેક્ષન્ત્ય ઉજ્ઝિતગૃહા જગૃહુઃ' 'જોતાં જોતાં ઘરનો ત્યાગ કરી ગ્રહણ કરવા લાગ્યાં' (ભા.૧૦।૮।૨૪) 'સહરામો વ્રજસ્ત્રીણાં ચિક્રીડે જનયન્ મુદમ્' 'બલદેવજીની સાથે વ્રજસ્ત્રીઓને આનંદ ઉત્પન્ન કરતા ક્રીડા કરવા લાગ્યા' (ભા.૧૦।૮।૨૭) 'કૃષ્ણસ્ય ગોપ્યઃ' 'કૃષ્ણનું કુમાર અવસ્થાનું ચપળપણું જોઈને' (ભા.૧૦।૮।૨૮) વિગેરેથી એ જ લીલા કહી. કાલીયના શિર ઉપર કરેલા નૃત્યમાં એ ચરણનું પ્રાકટ્ય નથી, કારણ કે ત્યાં પુષ્ટિલીલાનો અંગીકાર નથી; તે દુષ્ટને દમન કરવાના નૃત્યમાં સંકર્ષણ લીલાનો ભેળસેળ છે, તેથી પુષ્ટિલીલામાં તેનો અંગીકાર નથી; તેથી તેની સ્તુતિ પણ તેવી જ છે. તે કારણથી જ્યાં લીલામાં શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભક્તિમાર્ગનું પ્રાકટ્ય ત્યાં આ ચરણારવિંદનો આવિર્ભાવ એમ જાણવું, અને તેથી 'ચરણનું સ્વરૂપ કહે છે,' આ કહેવું બરાબર છે.

શંકા– અહિં આ પ્રકારે તો એ લીલાના સ્વરૂપનું જ વર્ણન કર્યું છે, એમ સિદ્ધ થાય છે; પણ લીલા કરનાર ચરણનું પણ વર્ણન છે, એમ કાંઈ સિદ્ધ થતું નથી ?

ઉત્તર– અસાધારણ ધર્મના નિરૂપણથી જેમ ધર્મીનું નિરૂપણ થાય છે, તેમ અહિં પણ લીલાના સ્વરૂપના નિરૂપણથી ધર્મિ ચરણના સ્વરૂપનું નિરૂપણ સિદ્ધ થયું, કારણ કે લીલા જ ધર્મીનો પરિચય કરાવી આપે છે. આથી એમ સિદ્ધ થયું 'દેવોના ચરણોથી' શરૂ કરીને 'આધિદૈવિક આનંદરૂપ' સુધી જેટલાં ચરણનાં રૂપ કહ્યાં, તે સર્વથી આ ચરણ જૂદાં જ છે, એમ જણાય છે. ઉપર કહેલા સર્વમાં પુરુષોત્તમ લોકવેદપ્રથિત જાણવા, અને અહિં પુરુષોત્તમ પણ લોકવેદાતીત છે, એમ જાણવું. 'બર્હાપીડમ્' શ્લોકમાં જે વૃંદાવનપ્રવેશ કહેલો છે, તે પ્રવેશ પહેલા શ્લોકમાં કહેલા પ્રવેશનો જ અનુવાદ છે; તેથી વિશેષણના ધર્મનાં પ્રધાનપણાને લીધે 'સ્વપદરમણમ્' એ પદ વૃંદાવનના વિશેષણરૂપ (વ્યાખ્યાનરૂપ) હોવાથી, એનો તાત્પર્યાર્થ ચરણના સ્વરૂપનું નિરૂપણ જ છે, એમ કહેવું ઉચિત છે. એ આશયથી વૃંદાવનવિહારમાં ચરણનું સ્વરૂપ કહે છે, એમ આભાસ કહ્યો.

અને ગોવિંદના વેણુને અનુસરીને મત્ત થએલા મયુરના નૃત્યને જોઈને શ્રીગિરિરાજના શિખરને વિષે જ્યાં બધાં પ્રાણીઓ મૂગાં થઈ ગયાં છે, એવું વૃંદાવન ભૂમિની કીર્તિને વધારે છે. ૧૦.

સુબોધિનીજી– દેવોના ચરણ ભૂમિને સ્પર્શ કરતા નથી, તો દેવોમાં ઉત્તમ હોય તેના તો ક્યાંથી જ કરે ? તેમાં પણ પુરુષોત્તમના ચરણ તો કરે જ શાના ? પુરુષોત્તમના અંશરૂપ પુરુષના આધિભૌતિક બે ચરણ તે પૃથ્વી; આધ્યાત્મિક બે ચરણ અતીન્દ્રિય છે; કારણ કે વિરાડ્‌ની ગતિ દેખાતી નથી; અને આધિદૈવિક બે ચરણ આનંદરૂપ છે; તેમને પણ ભૂમિનો સંબંધ નથી, તો પુરુષોત્તમના ચરણનો સંબંધ તો ક્યાંથી જ હોય ? ભૂમિમાં પણ દૈત્યભૂમિ અધમ છે, તેમાં પણ સ્ત્રીસંબંધી દૈત્યભૂમિ તે વૃંદાવન[2], તેમાં ભગવાનનાં ચરણ છે તેથી, તે ભૂમિના ભાગ્યનું અભિનંદન પોતાની ઉત્કંઠા જણાવનારું છે[3]. પોતાનું હૃદયરૂપી સ્થાન પણ ભૂમિ છે[4]. સ્ત્રીઓનું હૃદય કઠણ પણ હોય છે, તેમાં પર્વતો પણ હોય છે, અને (સરસ્વતી વિગેરે) નદીઓની માફક અંદર પ્રવાહવાળી રસથી ભરપૂર નદીઓ પણ હોય છે. (કારણ કે ભગવદ્રસ અંદર છે); રોમની પંક્તિરૂપ વન પણ હોય છે, અને વળી તે સ્ત્રીના સંબંધવાળું હોય છે; એ પ્રમાણે (સમાનપણાથી) પોતામાં અને વૃંદાવનમાં તુલ્યતા હોવા છતાં અહિં વૃંદાવનમાં ભગવાન્ ચરણ સ્થાપે છે, અને પોતાના હૃદયસ્થાનમાં સ્થાપતા નથી; તેથી ઈર્ષ્યાથી તેનું વર્ણન કરે છે. પહેલાં જે વર્ણન કર્યું છે, તે ત્રણ ગુણથી કર્યું છે; આ તો નિર્ગુણ ગોપિકા છે, તેથી

---

૨. આ કથન 'ભૂલોક બે ચરણોથી કલ્પિત છે' એ શ્લોકમાં 'પદ્‌ભ્યામ્' પદથી કહ્યું છે. 'પૃથ્વીને અને આકાશને તમારી અનુકંપાવાળા જોઈશું' એ શ્લોકમાં બ્રહ્માજીની પ્રાર્થનાથી ચરણસ્થાપન કરવામાં પણ શુદ્ધ ભૂમિમાં જ ચરણસ્થાપન ઉચિત છે; તે આશયથી વૃંદાવન તો શુદ્ધ પણ નથી, એમ દૈત્ય અને સ્ત્રીસંબંધીપણાથી કહે છે.

૩. એ પ્રકારે સર્વદા અયોગ્ય અને અધમ વૃંદાવનમાં 'દેવકીજીના પુત્રના ચરણકમલથી જેને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે', એ વિશેષણથી લક્ષ્મીના લાભના હેતુરૂપ ચરણકમલ ધારણ કરવાનું કહ્યું; તેથી આ ચરણનું નિઃસાધનના ફલ તરીકે લોકવેદથી અતીતપણું જણાય છે. વૃંદાના એવા વનમાં ભગવાનનાં ચરણ વિરાજમાન છે; એ ચરણથી 'વૃંદાવનને લક્ષ્મીનો લાભ થયો,' એમ કહેવાથી લોકવેદાતીત પુરુષોત્તમના ચરણ ભૂમિમાં વૃંદાવનમાં વિરાજમાન હોવાથી વૃંદાના ભાગ્યનું અભિનંદન જે ગોપિકાઓ કરે છે, તે તેમની ઉત્કંઠા જણાવે છે.

૪. અથવા 'વૃંદારણ્યં સ્વપદરમણમ્' વિગેરેનો આ વિચાર છે, એમ જણાવવાને માટે ત્યાંના ચરણના સ્વરૂપનું વિવરણ કરવાને 'દેવોના ચરણો' વિગેરે કહે છે. 'વૃંદાવન લીલોપયોગી સ્થાન હોવાથી ત્યાં ચરણ ધરવા તો ઉચિત છે, એમ કહે છે; પરંતુ તેથી ગોપીજનનો અભિલાષ કયે પ્રકારે ?' એમ શંકા થાય તો શ્રીગોપીજનની પણ વૃંદાવનતુલ્યતા છે, એમ 'પોતાનું હૃદયરૂપી સ્થાન ભૂમિ છે', વિગેરેથી વર્ણન કરે છે.

અહિં અસૂયા નથી, એમ કેટલાક ટીકાકારો કહે છે[૫]. 'સખિ' પદ સંમતિને માટે મૂક્યું છે. તેવી સખીઓ બહુ નથી, તે જણાવવાને એકવચન મૂક્યું છે, અસૂયાના પક્ષમાં પણ તેમ જ સમજવું. એમ શંકા થાય કે ભગવાનના ચરણ જેમ વ્યાપિ વૈકુંઠમાં હોય છે, તેમ વૃંદાવનમાં પણ હોય તેમાં આશ્ચર્ય શું ? તેના ઉત્તરમાં કહે છે કે તે ભૂમિની કીર્તિને વધારે છે. જો વૃંદાવન વ્યાપિવૈકુંઠમાં જ હોત તો કાંઈ પણ ચિંતા ન હોતી; પણ વૃંદાવન પૃથ્વી ઉપર છે, તેથી કેવલ પૃથ્વીની જ કીર્તિનો વધારો કરે છે[૬]. આ પૃથ્વીને ધન્ય છે કે જ્યાં વૃંદાવન છે. ભગવાનની ત્યાં નિત્યસ્થિતિ નહિ માનનાર ગોપીજનનું આ વચન છે[૭]. ચરણકમલ નિત્ય તો આધિદૈવિકમાં જ રહેશે, વૃંદાવનમાં તેનું પ્રદર્શન તો ક્વચિત્ જ કરાવશે; ભગવાન્ તો અપરાધીન છે એટલે તેનું પ્રદર્શન કરાવવામાં વૃંદાવનનું સામર્થ્ય નથી[૮]. ભક્તિથી તો સર્વ સ્થલે જ પ્રકટ થશે, તેથી વૃંદાવનની પ્રતિષ્ઠા કાંઈ સિદ્ધ થતી નથી; તેથી વૃંદાવનની પ્રતિષ્ઠાનું નિમિત્ત 'દેવકીજીના પુત્રના ચરણકમલથી જેને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે', એ પદથી કહે છે[૯]. કારણ કેવલ દેવકીજીના પુત્રના

૫. આ વર્ણન ઈર્ષ્યાથી છે, તેથી આ તામસ ભક્તો છે, એમ સિદ્ધાંત જણાવ્યો; તેથી પ્રથમ શ્લોકમાં નિર્ગુણોક્તિ જાણવી અને ત્રણ ગુણ વડે પહેલાંનું વર્ણન જાણવું. આ ગોપિકા નિર્ગુણ છે તેથી, અહિં 'ઈર્ષ્યાનો સંભવ નથી', એમ કોઈક ટીકાકાર માને છે. નિર્ગુણ હોવા છતાં પણ 'તે રસના સ્વભાવથી કદાચિદ્ અસૂયા પણ સંભવે જ છે', એમ આપણો સિદ્ધાંત છે.

૬. વ્યાપિવૈકુંઠ અપ્રકટિત સ્થાન છે; અને વૃંદાવન તો ભૂમિમાં પ્રકટ છે, એમ બે સ્થાનોમાં ભેદ છે, તેથી કેવલ ભૂમિની જ કીર્તિને વધારે છે, એમ કહ્યું.

૭. ચરણકમલથી અમને રસનો અનુભવ થયો, તેમ તેને કાંઈ રસનો અનુભવ થયો નથી, તેથી કેવલ કીર્તિને જ તે તો વધારે છે. વૃંદાવનમાં ભગવાનની નિત્ય સ્થિતિ છે, તેથી 'ભગવતા લબ્ધલક્ષ્મિ' (ભગવાને મેળવેલી લક્ષ્મિ) એટલું જ કહેવું ઉચિત હતું, એમ શંકા થાય તો તેનો પરિહાર કરતાં કહે છે કે આ પૃથ્વીને ધન્ય છે કે જ્યાં વૃંદાવન છે. એમ વૃંદાવનમાં ભગવાન્ પ્રકટ અને સ્વહૃદયમાં ગુપ્તભાવે નિત્યસ્થિતિ માનતાં શ્રીગોપિકાએ કહેલો આ શ્લોક છે.

૮. જો કે ભગવાન્ વૃંદાવનમાં સ્થિત છે; તો પણ ત્યાં પ્રકટ સ્થિત નથી, અને ચરણ તો અહિં નિત્ય પ્રકટ સ્થિત છે, એમ 'તુ' શબ્દનો આશય છે. 'જેમ આ ગોપિકાના હૃદયમાં ભગવાન્ નિત્યસ્થિત છે તેમ વૃંદાવનમાં પણ નિત્યસ્થિત છે, એમ વૃંદાવનમાં પણ તુલ્યતા હોવાથી અહિં ઈર્ષ્યાનો અવકાશ નથી.' એમ શંકા થાય તો તે દૂર કરતાં કહે છે કે નિત્ય ચરણકમલ તો તેવી લીલાના આધાર આધિદૈવિકમાં જ રહેશે, અને તેનો હેતુ કહે છે કે ભગવાન્ તો અપરાધીન છે, તેથી વૃંદાવનમાં તેનું પ્રદર્શન તો કોઈક વાર જ કરાવશે.

૯. પોતાની ભૂમિ સાર્દ્ર(ભીનાશવાળી) છે, તેથી વૃંદાવન ભગવાનના અપરાધીનપણાનું ક્વચિત્ પ્રદર્શન કરાવશે. જો કે વૃંદાવન તો આધાર છે, તો પણ 'સ્વવ્યાપારે હિ' એ ન્યાયથી વૃંદાવનનું કર્તૃત્વ( જ્યારે સરળતાથી કાર્ય કરી શકાય છે એમ જણાવવાને કર્તૃનો વ્યાપાર જણાવવાની ઈચ્છા હોતી નથી ત્યારે બીજું કારક પણ પોતાના વ્યાપારમાં સ્વતંત્ર હોવાથી

ચરણકમલના ચિહ્નો ધ્વજ, વજ્ર, વિગેરેથી પ્રાપ્ત કરેલી છે લક્ષ્મી જેણે એવું વૃંદાવન છે, તેથી તેની પ્રતિષ્ઠા છે[10]. પોતાના સ્વચ્છંદ સંબંધને માટે 'દેવકીસુત' પ્રયોગ કર્યો. આ ગોપીજન નંદગોપના સંબંધવાળી છે, દેવકીજીથી (ભગવાનનો) જન્મમાત્ર છે, એમ સ્વીકારે છે. બીજો દેવકીજી સાથે કાંઈ પણ સંબંધ નથી, તે જણાવવાને 'સુત' પદ મુક્યું છે[11]. સ્ત્રીનું પ્રાધાન્ય હોવાથી સ્ત્રીઓને વિષે કૃપાનું પણ સૂચન કર્યું. 'પુષ્ટિમાર્ગમાં સ્ત્રીઓ પ્રધાન છે,' એમ કહી ગયા છીએ. ભક્તિમાર્ગમાં ચરણકમલ પ્રધાન છે; તેમાં પણ જલમાં ઉત્પન્ન થએલું કમલ સ્ત્રીઓના હૃદયને વિષે જ તાપ દૂર કરનાર તરીકે શોભે છે. એવા ચરણકમલની પણ ધ્વજ, વજ્ર, અને અંકુશ, વિગેરેથી જે શોભા તે બીજે સ્થલે ફલતી નથી; (કેવલ વૃંદાવનમાં) તેનું પ્રતિફલન છે, એથી તેનું ચરણપણું સંપાદન થયું. તે કારણથી લક્ષ્મી પણ ત્યાં હંમેશાં રહે છે, તેથી 'ચરણકમલ વડે લક્ષ્મી પ્રાપ્ત કરી છે જેણે એવું વૃંદાવન' એમ અર્થ સિદ્ધ થયો[12]. ભૂમિ સાંદ્ર (ભીની) હોય છે, ત્યારે

'કર્તૃ' સંજ્ઞાને પ્રાપ્ત થાય છે.) છે. વૃંદાવન જ ભગવાનનું પ્રદર્શન કેમ કરાવતું નથી ? એમ શંકા થાય તો કહે છે કે ભગવાન્ તો અપરાધીન(સ્વતંત્ર) છે, તેથી ભગવત્પ્રદર્શનમાં વૃંદાવનનું સામર્થ્ય નથી. જો કે 'ભગવાન્ સ્વતંત્ર છે, તો પણ ભક્તને વશ પણ છે' એથી વૃંદાવનમાં 'ભગવાન્ ભક્તિથી જ પ્રદર્શનીય છે' એમ શંકા થાય, તો તે દૂર કરતાં કહે છે કે ભક્તિથી તો સર્વ સ્થલે જ પ્રકટ થશે. તેથી તો વૃંદાવનની પ્રતિષ્ઠા સિદ્ધ થતી નથી, તો વૃંદાવનમાં વિશેષ શો ? એમ શંકા થાય તો વૃંદાવનની પ્રતિષ્ઠામાં નિમિત્ત 'યદ્ દેવકીસુત' વિગેરેથી કહે છે. અથવા 'એમ છતાં પણ પ્રદર્શનીય નથી પણ કોઈક વાર છે, તેથી વૃંદાવનમાં પોતાના જેવી તુલ્યતા છે, અને તેથી ઈર્ષ્યાનો અવકાશ નથી.' એમ શંકા થાય, તેથી ઈર્ષ્યાનું કારણ પ્રકટ કરવાને પ્રતિષ્ઠાનું નિમિત્ત 'દેવકીજીના પુત્રના ચરણકમલથી જેને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે', એ પદથી કહે છે.

૧૦. ચિહ્નનું દર્શન તો વૃંદાવનમાં હાલના માણસોને પણ થાય છે, તેથી વૃંદાવનને ભક્તિની અપેક્ષા નથી; 'લક્ષ્મી'નો અર્થ 'લક્ષ્માણિ' એટલે 'ચિહ્ન' કર્યો, તેથી મૂલમાં ચરણમાં રહેલું કમલનું ચિહ્ન ધ્વજ વિગેરેનું ઉપલક્ષક છે, 'એવાં કમલોથી ઉપલક્ષિત ધ્વજ, વજ્ર વિગેરે ચિહ્નોથી પ્રાપ્ત કરી છે લક્ષ્મી જેણે એવું વૃંદાવન' એમ અર્થ જાણવો. બર્હાપીડમ્ શ્લોકમાં 'સ્વપદરમણમ્'માં તો 'પદ' શબ્દ જ છે, અને અહિં તેના વિચારમાં તો 'અમ્બુજ' એટલે 'કમલ' પદ છે, તેથી 'કમલ' પદ સર્વ ચિહ્નનું ઉપલક્ષક છે, એ આશયથી અહિં 'ચિહ્નો' એમ બહુવચન કહ્યું. 'પદામ્બુજ'માં સમાસ સપ્તમીતત્પુરુષ છે, અને તેથી પ્રતિફલિત ચરણમાં કમલ વિગેરે ચિહ્નોથી વૃંદાવનને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે.

૧૧. 'પ્રભુનો સ્વચ્છંદ સંબંધ અહિં છે' એમ જણાવવાને 'યશોદાસુત' ન કહેતાં 'દેવકીસુત' કહ્યું. યશોદાના સંબંધવાળી ગોપી સાથે યશોદાસુતનો સ્વચ્છંદ સંબંધ નિષિદ્ધ છે, તેથી તે ત્યાં ઘટે નહિ.

૧૨. શ્રીદેવકીજીનો સંબંધ કેવલ સુતત્વે જ છે, તો અહિં 'વસુદેવસુત' કેમ ન કહ્યું ? એમ શંકા થાય તો તેના ઉત્તરમાં કહે છે કે અહિં સ્ત્રીનું પ્રાધાન્ય હોવાથી 'દેવકી' પદથી સ્ત્રીઓને વિષે

જ આ પ્રમાણે થાય છે; તેથી ભૂમિને લઈને જ આ લક્ષ્મીની પ્રાપ્તિ થઈ છે; માટે વૃંદાવન ભૂમિની કીર્તિને જણાવે છે, તે યોગ્ય જ છે[૧૩]. વળી માત્ર લક્ષ્મી જ પ્રાપ્ત કરી છે, એમ જ નહિ પણ ભક્તિ અને જ્ઞાન પણ પ્રાપ્ત કર્યાં છે, તે 'ગોવિંદ' પદથી કહે છે. જ્યારે ભગવાન્ વેણુનાદ કરે છે ત્યારે નીલમેઘ ગર્જના કરતો હોય એમ લાગે છે; તે સમયે મયૂરો મત્ત થાય છે, પછી નૃત્ય કરે છે. જ્યારે ભગવાન્ વેણુનાદ કરે છે ત્યારે દેહનું વિસ્મરણ થાય છે, અને નૃત્ય પણ થાય છે. તેથી (મયૂરમાં એ પ્રમાણે) ભક્તિનો ઉદ્રેક (ઉછાળો) કહ્યો[૧૪]. મયૂરો વન જ છે, કેમકે તેઓ વનમાં રહે છે; તેથી વૃંદાવનની જ પ્રશંસા કહી[૧૫]. એવું નૃત્ય જોઈને ગિરિરાજ(પર્વત)ના શિખરો ઉપર બીજાં પ્રાણીઓ મૂગાં થઈ ગયાં. ભગવાનની ભક્તિસહિત જ્ઞાનથી તેમનો 'તૂષ્ણીમ્ ભાવ (મૂંગા થવું તે)'રૂપી 'જ્ઞાન' કહ્યું[૧૬]. ભક્ત એક જ છે; બીજા સર્વે જ્ઞાનીઓ છે[૧૭]. 'પરંતુ જ્ઞાનનું તો ફલ ઊંચે જવાપણું છે, તેથી સ્વભાવથી નીચી ચાંચવાળાંઓ કેવી રીતે જ્ઞાનીઓ થઈ શકે ?' આ શંકાનો પરિહાર 'શ્રીગિરિરાજના શિખરને વિષે' એ પદથી કરે છે. ગમે ત્યાં બેઠાં હોય ત્યાંથી પર્વતના શિખરો ઉપર જઈને જોતાં ઉભાં રહે છે. એ પ્રમાણે 'તૂષ્ણીમ્ ભાવ'થી તેમના દોષનો અભાવ કહ્યો; તેથી જ તેમના સ્થાનનો ત્યાગ અને ઊંચે

---

ભગવત્કૃપાનું પણ સૂચન કર્યું.

૧૩. અથવા અહિં મયૂરવ્યંસકાદિ સમાસ(પાણિનિ-૨।૧।૭૨ને અનુસરીને)થી કહે છે કે ભૂમિ જ્યારે સાંદ્ર(ભીની) હોય છે ત્યારે જ આ પ્રકારે થાય છે; તેથી તે લક્ષ્મીની પ્રાપ્તિ ભૂમિને લઈને જ છે, અને તે કારણથી પોતામાં સાંદ્રતા(ભીનાશ) ન હોવાથી ચરણકમલ તેવું પ્રતિફલિત થયું નહિ; એમ દૈન્ય સૂચવ્યાથી આ કહેનાર શ્રીગોપીજન નિર્ગુણ છે, એમ પણ સિદ્ધ કર્યું; તેથી વૃંદાવન ભૂમિની કીર્તિને જણાવે છે, તે યોગ્ય જ છે. પ્રતિષ્ઠાનું નિમિત્ત તો પહેલાં કહ્યું છે, અને આ પણ નિમિત્ત છે, તેથી 'ચ' મૂક્યો છે. આ પક્ષમાં, શ્લોકમાં 'યદ્' પદ છે, તેનો અર્થ 'જે ભૂમિથી' એવો કરવો.

૧૪. અહિં પણ ઈર્ષ્યાનું અને દૈન્યનું સૂચન શ્રીગોપીજને કર્યું. એમ ભાવના કરવી.

૧૫. ગોવિંદના વેણુને અનુસરીને મત્તમયૂરનું છે નૃત્ય જ્યાં, એવું વૃંદાવન થયું, એમ ભક્તિની પ્રાપ્તિ કહી; આ તો થઈ મયૂરની ભક્તિપ્રાપ્તિ, પરંતુ ગોવિંદ વિગેરેના આભાસ ગ્રંથમાં તો વૃંદાવનની ભક્તિજ્ઞાનપ્રાપ્તિ કહી છે, તે કયે પ્રકારે યુક્ત કહેવાય ? એવી શંકા થાય તો ઉત્તરમાં કહે છે કે મયૂરો વન જ છે. વનમાં હંમેશાં સ્થિતિથી તેનો અસાધારણ ધર્મ વન હોવાથી મયૂરો વનના ભાવને પ્રાપ્ત થયા છે, તેથી તે મયૂરમાં તેના અસાધારણ ધર્મથી ભક્તિપ્રાપ્તિ કહી, એથી વૃંદાવનની જ પ્રશંસા કહી.

૧૬. અહિં 'પ્રેક્ષ્ય' વિગેરે આખું પદ છે, તેવું નૃત્ય અહિં કર્મ છે. તૂષ્ણીંભાવ ! (મૂંગા રહેવું તે) છે કાર્યલક્ષણ જેનું, એવું ભગવાનનું લીલાજ્ઞાન અહિં કહ્યું.

૧૭. ભક્ત એક મયૂર છે, તે અહિં જાતિ અપેક્ષાએ એકવચન કહ્યું છે; બીજા સર્વે જુદી જુદી જાતિના પ્રાણીઓ જ્ઞાનીઓ છે.

જવાપણું, એ બંને પણ કહ્યું. ૧૦.

સુબોધિનીજી- એ પ્રકારે રૂપ વર્ણન કરીને, છ પ્રકારે (ધર્મથી) વેણુનું વર્ણન 'ધન્યાસ્તુ' વિગેરે છ શ્લોકથી કરે છે[1]

સુબોધિનીજી- હરિણીઓ, અપ્સરાઓ, ગાયો, પક્ષીઓ, નદીઓ, અને મેઘો, એમ ક્રમથી કૃષ્ણના ઐશ્વર્ય વિગેરે છ ગુણોના બોધક છે. (કા.૧) જ્યારે લોકોમાં મૂઢ ગણાતા લોકો પણ ઈશ્વરની પૂજા કરે છે, ત્યારે ચતુર પુરુષો નિરૂપાધિક 'ઐશ્વર્ય'નું વર્ણન કરે છે[2]. (કા.૨) 'વીર્ય' દેવોમાં, એમાં પણ સ્ત્રીમાં (દેવાંગનાઓમાં), તેમાં પણ કામથી છે; તેથી પુરુષોની નિકટમાં દેવસ્ત્રીઓને પણ મૂર્છા થઈ; માટે તે વીર્ય મોટું છે[3]. (કા.૩) જે પ્રાણીઓ બહુ જ મૂઢ છે, તેમની પ્રત્યક્ષમાં આસક્તિ દૂર કરી તેમનામાં પોતાના ધર્મને યોજી આપે ત્યારે જ યશ સિદ્ધ થાય, નહિ તો યશ સિદ્ધ થતો નથી[4]. (કા.૪) તામસ, રાજસ, સાત્ત્વિક અને ગુણાતીતોનું નિરૂપણ કરે છે. વૃંદાવન ગુણાતીત છે, પક્ષીરૂપ મુનિઓ પણ

૧. વિવેચન- વેણુનું સ્વરૂપ શરીરવાળું છે, એમ 'બર્હાપીડમ્' શ્લોકમાં 'નાદનો અનુભવ થતાં જ સ્વરૂપનો અનુભવ થાય છે, જૂદો અનુભવ થતો નથી' વિગેરેથી નિરૂપણ કરેલું છે, અને તેથી બંને રસનું નિરૂપણ અને ચરણનું નિરૂપણ પણ વેણુના સ્વરૂપનું જ વર્ણન છે, એમ રૂપવર્ણન કરીને ઐશ્વર્ય, વીર્ય વિગેરે છ ધર્મના બોધના હેતુરૂપ છ શ્લોકથી વેણુનું વર્ણન કરે છે.

૨. વિવેચન- અનીશ્વરમાં પ્રવેશ કરીને ઈશ્વરત્વસૂચક સામગ્રીનો આવિર્ભાવ નહિ કરતા છતાં, પણ ઈશ્વરને જ્યારે મૂઢ પ્રાણીઓ પૂજે છે ત્યારે જ ઈશ્વરનું નિરૂપાધિક 'ઐશ્વર્ય' સિદ્ધ થાય છે, અને તે યુક્ત પણ છે; કારણ કે ઐશ્વર્યની સામગ્રી ન પણ હોય છતાં જ્ઞાની તે સ્વરૂપજ્ઞાનથી પૂજે; પણ મૂઢ પ્રાણીઓએ કરેલી પૂજા વેણુનાદના પરમ 'ઐશ્વર્ય'નું જ સૂચન કરે છે. આ પ્રકારનું ઐશ્વર્ય ભગવાનમાં જ રહેલું છે, એમ મૂઢ હરિણીઓએ કરેલા પૂજનથી જણાય છે. મૂઢ પણ હરિણી વિગેરે પ્રભુનું પૂજન કરે છે, તેથી પ્રભુનું ઐશ્વર્ય નિરૂપાધિક છે. (કા.૧-૨)

૩. 'કૃષ્ણં નિરીક્ષ્ય' શ્લોકમાં મનુષ્ય તરીકે જણાતા પણ ભગવાનનાં દર્શનથી દેવાંગનાઓને દેવની વીરાંગનાઓને પણ પુરુષની નિકટમાં પણ કામથી મૂર્છા થઈ; તેથી દેવથી, સ્ત્રીથી અને કામથી, એમ ત્રણ હેતુથી વેણુનાદનું વીર્ય મોટું છે, એમ બોધિત થાય છે. આ અપ્સરાઓ દેવતા છે, અને ભગવાન્ તો મનુષ્ય જેવા જણાય છે, તેથી તેવા ભગવાનમાં દેવતાઓનો 'કામ' સંભવતો નથી; દેવાંગનાનો વાંચ્છિત રસ સાધારણ મનુષ્યોમાં હોતો નથી; તેમને ભગવાને પોતાનો અલૌકિક પ્રભાવ પણ જણાવ્યો નથી; તે છતાં વનિતાઓને ઉત્સવ થાય એવા સુંદર વેષથી અને વેણુક્વણિતથી સાધારણ સ્ત્રીની માફક તેમને મોહ થયો; આ ભગવાનનું વીર્ય મોટું છે; પહેલાં કહેલા ઐશ્વર્યથી અને મર્યાદામાર્ગીય વીર્યથી પણ તે મોટું છે. (કા.૩)

૪. 'ગાવશ્ચ' શ્લોકમાં વિમૂઢ ગાયની તૃણ વિગેરેમાં જે પ્રત્યક્ષ આસક્તિ છે, તેને પ્રત્યક્ષ અટકાવીને પોતાના પીયુષરૂપ ધર્મ જ્યારે ભગવાન્ તેમને વિષે યોજે, ત્યારે જ યશ સિદ્ધ થાય છે; નહિ તો યશ સિદ્ધ થતો નથી. આ પ્રકારે પીયૂષને જોડી આપવું, તે ગાયમાં જ સિદ્ધ થયું; વાછરડાંમાં થયું નથી, તેથી યશને જણાવનાર પ્રસ્તાવમાં ગાયનું જ કથન કર્યું. (કા.૪)

ગુણાતીત છે, અને ગોવર્ધન પણ ગુણાતીત છે, એમ અહિં ત્રણે ગુણાતીત છે[૫].

૫. 'અક્ષણ્વતામ્' શ્લોકથી (૭માથી) શરૂ કરીને 'હન્તાયમદ્રિઃ' સુધી બાર શ્લોકમાં સગુણ-નિર્ગુણ ભેદ કહે છે, કે તામસ, રાજસ, સાત્ત્વિક અને ગુણાતીતોનું નિરૂપણ કરે છે. સાતમા, આઠમા અને નવમા શ્લોકમાં તામસ, રાજસ અને સાત્ત્વિકનું નિરૂપણ છે; દસમા શ્લોકમાં ગુણાતીત વૃંદાવનનું નિરૂપણ છે. એ જ પ્રકારે, અગિયારમા, બારમા અને તેરમા શ્લોકમાં હરિણીઓ વિગેરે સગુણ છે, અને ચૌદમા શ્લોકમાં પક્ષીરૂપ મુનિ ગુણાતીત છે. એ જ પ્રકારે પંદરમા, સોળમા અને સત્તરમા શ્લોકમાં સગુણનું નિરૂપણ છે, અને અઢારમા શ્લોકમાં ગુણાતીત ગોવર્ધનનું નિરૂપણ છે. એમ વૃંદાવન, પક્ષીરૂપ મુનિ અને ગોવર્ધન, એ ત્રણે ગુણાતીત છે. એ પ્રકારે વર્ણનીય (જેનું વર્ણન કરવાનું છે તે) ભેદ કહીને વર્ણન કરનાર ગોપીજનનો પણ સગુણનિર્ગુણ ભેદ કહે છે કે આ લોકમાં તેનું વર્ણન કરનારી ગોપિકા પણ ગુણાતીત જ છે. (કા.૫-૬)

## શ્રીહરિરાયજીકૃત 'વૃંદાવન એ ગુણાતીત છે.' એ ઉપર સ્વતંત્ર લેખ

'પક્ષી મુનિ છે, તેથી મનનશીલ છે; અને તેથી સાત્ત્વિક છે' એમ શંકા કરીને એઓ નિર્ગુણ છે, એમ કહેવાને 'વૃંદાવનમ્' વિગેરે કારિકાઓથી તેનો પ્રકાર કહે છે. વૃંદાવન આધિદૈવિક ભગવત્ચ્ચરણાત્મક હોવાથી ગુણાતીત છે, તેમ જ ગોવર્ધન પણ ગુણાતીત છે. પક્ષી પણ વૃન્દાવનમાં રમણ કરનાર હોવાથી 'જે જેમાં શ્રદ્ધા રાખે તે તેવો જ હોય' એ વાક્યથી ગુણાતીત જ છે.

શંકા- ત્યારે તો ગોવર્ધનમાં આસક્તિ ધરાવનાર પુલિંદીજી પણ નિર્ગુણ જ હોવાં જોઈએ?

ઉત્તર- એમ નથી, કારણ કે પુલિંદીજીમાં તો અમુક કારણને લઈને તેના દર્શનથી ઉત્પન્ન થએલા કામદેવની વ્યથાથી રાજસભાવનું ત્યાં સ્પષ્ટ જ કથન છે. મૌન વિગેરેને લઈને પક્ષીઓમાં પણ સાત્ત્વિકપણું સ્પષ્ટ જ કહ્યું છે, એમ પણ ન કહેવું. કારણ કે સત્ત્વ તો જ્ઞાનજનક છે, અને પક્ષીમાં સત્ત્વનું કાર્ય જે જ્ઞાન, તેનો અભાવ કહેવાથી તેમનામાં સાત્ત્વિકપણું નથી, તેથી બીજી બાબતનું અનુસંધાન ન હોવાથી પડવાની ધાસ્તીથી ઝાડોની ભુજારૂપ ડાળીઓ ઉપર તેમનું આરોહણ અને જ્ઞાનને ઉત્પન્ન કરનાર દૃષ્ટિનું મીંચી દેવું, તેમ જ બીજી વાણીને પણ શાંત કરવી, એ સર્વે કહ્યું છે; એમ હોવાથી બીજી જગ્યાએ તેમને સાત્ત્વિક કહ્યાં, છતાં અહિં ગુણાતીત જ જાણવાં, અને તેથી જ તામસ, રાજસ અને અન્ય એમ પહેલાં કહ્યું.

શંકા- 'વનચરઃ' એ શ્લોકમાં વૃંદાવનનું સત્ત્વભૂમિપણું કહ્યું છે; ત્યારે અહિં નિર્ગુણ કયે પ્રકારે ?

ઉત્તર- તમારું કહેવું સત્ય છે, ત્યાં તો 'સાત્ત્વિકભાવ પ્રાપ્ત થયો છે,' એમ કહેવાને ભૂમિનું સાત્ત્વિકત્વ કહ્યું; અને તેથી જ ભગવાનના પણ તેવા ભાવને લઈને તેના સંબંધથી ભૂમિનું પણ સાત્ત્વિકપણું કહ્યું; વૃંદાવનનું સ્વરૂપ તો ગુણાતીત જ છે, લીલાસૃષ્ટિમાં રહેલું સર્વ ગુણાતીત જ છે, તે છતાં જે વિવેક (તારતમ્ય) જણાવવામાં આવે છે, તે ગુણને લઈને જાણવું. જેમ મૂઢમતિ હોવાથી અને મુખ્ય સજાતીયભાવપણાને લીધે હરિણી તામસી છે, અપ્સરા કામભાવવાળી હોવાથી રાજસી છે, ગાય અહિં ભગવાનના જ્ઞાનવાળી હોવાથી સાત્ત્વિક છે, અને પક્ષી તો ગુણાતીત જ છે; નદી રાજસી છે; કારણ કે તેમને વિષે કામની સત્તા કહી છે;

આ લોકમાં એવા ગુણાતીતમાં રમણ કરનારી-તેનું વર્ણન કરનારી-ગોપિકા પણ ગુણાતીત જ છે[6]. 'જ્યારે પુરુષ ખરે શ્રીનો ભોગ કરે છે ત્યારે તેને માટે વીણા વગાડવામાં આવે છે' એ શ્રુતિના ન્યાયથી સર્વે ભગવદીય પક્ષીઓ પણ પરમ 'શ્રી'ને પ્રાપ્ત કરે છે; કારણ કે જ્યારે સેવકો પણ તેવા હોય ત્યારે જ શ્રીની-લક્ષ્મીની-પરમકાષ્ઠા સમજવી[7]. જ્ઞાનનો ઉત્કર્ષ પણ ત્યારે જ કે જ્યારે સ્વભાવ

મેઘ તામસ છે, કારણ કે તેના સજાતીયના ભાવ તેનામાં છે, અને ભગવાનને માટે સર્વનો પરિત્યાગ તેણે કર્યો છે; પુલિંદીજી તો કામિની હોવાથી રાજસી છે; અને ગોવર્ધન તો ગુણાતીત છે, કારણ કે એમ પહેલાં કહ્યું છે. એ પ્રકારે સર્વત્ર લીલામાં રહેલાઓમાં તેવા તેવા ભાવને લઈને તેવા તેવા ભાવવાળા તેમને કહેવામાં આવે છે, એમ જાણવું.

૬. આ લીલાસૃષ્ટિરૂપ લોકમાં તેને વિષે આસક્તિવાળાં એટલે ગુણાતીત વૃંદાવન વિગેરેમાં આસક્તિવાળાં, તેમનું વર્ણન કરનાર ગોપીજન પણ ગુણાતીત છે. આ કેવલ ઉપલક્ષણ છે, તેથી તેવાં તેવાં સગુણ વર્ણન કરનાર પણ તે જ પ્રકારે સગુણ છે. આ ત્રણ ગુણાતીત છે, એમ નિરૂપણ કરવાની વસ્તુનું સ્વરૂપ કહીને નિરૂપણ કરનારનું સ્વરૂપ કહે છે કે આ લોકમાં ગુણાતીતમાં આસક્તિવાળાં ગુણાતીત જ છે. અહિં બાર શ્લોકમાં તામસ, રાજસ, સાત્ત્વિક અને ગુણાતીત(નિર્ગુણ) એમ ક્રમથી ત્રણ પર્યાય છે. 'જે જેમાં શ્રદ્ધા રાખે છે તે તેવો જ થાય છે' એ વાક્યથી નિરૂપ્યનું અને નિરૂપણ કરનાર ગોપીજનનું સમાનધર્મપણું યુક્ત છે, એમ સૂચન કરવાને 'હિ' પદ મૂક્યું છે. પક્ષીનું નિરૂપણ કરનાર ગોપીજનના પ્રસંગથી વૃંદાવનની અને ગોવર્ધનની પણ નિરૂપણ કરનાર ગોપીજનના ગુણાતીતપણામાં હેતુ 'રૂપ્યતે' વિગેરેથી કહે છે. 'હિ' હેતુવાચક છે. અહિં વ્રજમાં રહેલા, આ વૃંદાવન વિગેરે ત્રણે ગુણાતીત કહેવાય છે, કારણ કે ત્યાં ક્ષોભનો અભાવ છે, અને આસક્તિ પુષ્કળ રહે છે. તેથી આ લોકમાં-ભક્તસમાજમાં તેમાં આસક્તિવાળાં પણ ગુણાતીત હોય છે, કારણ કે સમાનશીલમાં જ રતિનો ઉદય થાય છે. (કા.૫-૬)

૭. શ્રુતિમાં કહેલા લક્ષણ પ્રમાણે શ્રીના ભોગ સમયે થતા વીણા વિગેરે શબ્દનું શ્રવણ જેમ પુરુષ-ભગવાન્ કરે છે, તેમ ભગવાનના સેવક પક્ષી વિગેરે પણ વેણુનાદનું શ્રવણ કરે છે. તેથી ભગવાનમાં 'શ્રી'ની પરમકાષ્ઠાનું નિરૂપણ કર્યું. ધર્મીના સંબંધથી ભગવદીઓ પણ જો કે સામાન્ય રીતે 'શ્રી'ની પ્રપ્તિ કરે છે, તથાપિ શ્રુતિમાં કહેલા ન્યાયથી તો તેઓ પરમ શ્રીને પ્રાપ્ત કરે છે.

શંકા- પક્ષી શ્રીની પ્રાપ્તિ કરે, તેથી ભગવાનના ગુણનો બોધ કયે પ્રકારે થાય ?

ઉત્તર- સેવક પણ સેવ્ય જેવા હોય ત્યારે જ શ્રીની પરમકાષ્ઠા સમજવી. સેવકોને 'શ્રી' સિદ્ધ થાય તો સ્વામીમાં તો કૈમુત્યન્યાયે તે સિદ્ધ જ છે. પહેલાં કહેલા ત્રણમાં પણ આ જ કૈમુત્યન્યાય જાણવો. 'જ્યારે સેવકો પરમ ભોગ કરે ત્યારે સ્વામીનું પરમ સૌભાગ્ય સ્ફુટ થાય છે' એમ લોકમાં પ્રસિદ્ધ છે. પક્ષીરૂપ ભગવદીય મુનિઓ ભગવાને કરેલા વેણુનાદનું શ્રવણ કરે છે, ત્યાં પણ ભગવાન્ નીચે ઉભા રહીને વેણુ વગાડે છે, અને પક્ષીઓ તો ઝાડની ડાળીઓ ઉપર ચઢીને નાદામૃતનો અનુભવ કરે છે; તેથી પક્ષીનો શ્રીભોગ સિદ્ધ થાય છે. 'જ્યારે મનુષ્ય શ્રીનો ભોગ કરે છે' તે શ્રુતિમાં 'વીણા' પદ મધુર નાદ, વેણુ વિગેરેનું ઉપલક્ષક છે; તેથી વેણુનાદના શ્રવણથી પક્ષીમાં શ્રીનો ભોગ સિદ્ધ થયો. અહિં ભગવાનમાં રહેલી લક્ષ્મી પક્ષીમાં

નો વિજય થાય[૮]. પોતાના સર્વસ્વના નિવેદનપૂર્વક હરિના ચરણોમાં પ્રીતિ એ જ વૈરાગ્ય, તેનો ઉત્કર્ષ પણ ત્યારે કે જ્યારે હરિનો પણ હરિ થાય[૯]. ભક્તિથી જ તે

સારી રીતે આવી છે, તેથી ભગવાનની લક્ષ્મીની કાર્યભૂત તે લક્ષ્મીએ કારણભૂત ભગવલ્લક્ષ્મીનું સૂચન કર્યું.

૮. સર્વદા વેગવાળી નદીના વેગના ભંગથી સેવકમાં સ્વભાવવિજયરૂપ લક્ષણથી જ્ઞાનનું નિરૂપણ કર્યું. અર્થાત્ સેવક પણ જ્યારે જ્ઞાની છે, ત્યારે ભગવાનનો જ્ઞાનોત્કર્ષ કૈમુતિકન્યાયે સિદ્ધ જ છે. નદીમાં આવેલું જ્ઞાન લક્ષ્મીની માફક કારણભૂત ભગવાનના જ્ઞાનનું સૂચન કરે છે. (કા.૭)

૯. બીજે સર્વત્ર વૈરાગ્ય હોય, ત્યારે જ હરિમાં પ્રીતિ સંભવે છે. જ્યારે સેવક વસ્ત્ર વિગેરે ઉપચાર સેવાથી હરિનાં પણ ઠંડી, ઉષ્ણતા વિગેરે નિવારણ કરીને સર્વદુઃખહર્તા એવા હરિનું દુઃખ હરતા થાય, ત્યારે જ વૈરાગ્યમાં પણ ઉત્કર્ષ સિદ્ધ થાય છે. 'ભગવાનને શ્રમ થતો નથી', એમ કોઈક માને છે; 'ભગવાનને શ્રમ જરુર થાય છે' એમ સિદ્ધાંત છે, અને તેનું પ્રતિપાદન દશમસ્કંધ યુગલગીતમાં કર્યું છે. જેમ ભગવાનને શ્રમ થાય છે તેમ ઠંડી વિગેરે પણ વાય છે, એમ જાણવું. બીજો ખાતો નથી તો પણ સર્વ સ્થળે પ્રકાશે છે'' એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે જો કે મર્યાદામાર્ગમાં 'ભગવાન્ ભોજન વિગેરે કરતા નથી' એમ કહ્યું છે, તો પણ 'પુષ્ટિમાર્ગમાં ભગવાન્ ભોજન વિગેરે કરે જ છે', એ સિદ્ધાંતનું પ્રતિપાદન આઠમા અધ્યાયમાં શ્રીટિપ્પણીજીમાં અને પૂતનામોક્ષવિષયક અધ્યાયના શ્રીટિપ્પણીજીમાં 'ભગવાનમાં સ્નેહ હેતુક સ્વીમીનીએ કરેલી રક્ષા વિગેરે કાર્ય ભ્રમહેતુક છે' એ શંકાના પરિહારપૂર્વક નિરૂપણ કર્યું છે; તેથી 'હરિનો પણ હરિ' એ બહુ સુંદર કથન કર્યું છે. અર્થાત્ 'દૃષ્ટ્વાતપે' એ શ્લોકમાં જલની વર્ષાએ કરીને અને પોતાના શરીરથી છાયા કરીને મેઘે પોતાના સર્વસ્વથી સેવા કરી, તેથી મેઘનું વૈરાગ્ય સિદ્ધ થયું અને સેવકમાં એમ વૈરાગ્ય સિદ્ધિ થઈ, ત્યારે ભગવાનમાં તો કહેવું જ શું ! (કા.૮)

આ છ શ્લોકના તાત્પર્યનિરૂપણરૂપ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય, એ છ ધર્મના નિરૂપણથી વેણુના ભગવત્ત્વનું સમર્થન કર્યું. સર્વત્ર અનાસક્તિ એ સામાન્ય વૈરાગ્ય છે, અને તે જ અનાસક્તિ ત્યાગયુક્ત હોય, ત્યારે વૈરાગ્યમાં ઉત્કર્ષ કહેવાય; તેમાં પણ 'હરિચરણમાં રતિ' એ ભક્તિમાર્ગીય વૈરાગ્ય છે. પોતાનું સર્વસ્વ નિવેદન કરીને હરિચરણમાં પ્રીતિ કરવી, એ ભક્તિમાર્ગીય વૈરાગ્યમાં ઉત્કર્ષ છે. તેમાં પણ 'હરિની શીત વિગેરે નિવારણ કરવારૂપ સેવા' પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય છે, અને તેમાં ભક્તિ વિશિષ્ટ શીત વિગેરે નિવારણ કરવારૂપ હરિસેવા ઉત્કૃષ્ટ (ઉત્તમમાં ઉત્તમ) છે; તેથી અહિં આ પ્રમાણે અન્વય કરવો–'પોતાના સર્વસ્વના નિવેદનવાળી હરિચરણમાં પ્રીતિ' એ ભક્તિમાર્ગીય વૈરાગ્યમાં ઉત્કર્ષ છે; પહેલાં કહેલો સામાન્ય વૈરાગ્ય અને તેનો ઉત્કર્ષ તો ભક્તિમાર્ગીય વૈરાગ્યમાં સિદ્ધ જ છે; તેથી 'અપિ' શબ્દનો અને 'ચ'કારનો પ્રયોગ કર્યો. આ પ્રકારે ભક્તિમાર્ગીય વૈરાગ્યનો ઉત્કર્ષ કહીને હવે પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય કહે છે કે જ્યારે 'હરિનો પણ હરિ થાય અને તે ભક્તિપૂર્વક થાય' એવી સેવા સેવકને ઉચિત છે; અર્થાત્, પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય ઉત્કૃષ્ટ છે. (અહિં ભક્તિમાર્ગીય વૈરાગ્ય અને પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય એ બંને જૂદા છે, એમ સ્પષ્ટ કહ્યું છે; એટલે ભક્તિમાર્ગ કરતાં પુષ્ટિમાર્ગની ઉત્તમતા અને ભિન્નતા બતાવી છે.) અહિં પણ પહેલાં કહેલા વૈરાગ્યના અને તેના ઉત્કર્ષના સમુચ્ચયને માટે બે 'ચ'કાર વાપર્યા. આ પ્રકારે છ શ્લોકનો તાત્પર્યાર્થ કહ્યો; વાચ્યાર્થ તો આભાસમાં કહેવાશે.

પ્રમાણે થઈ શકાય છે. સેવકને ઉચિત (યોગ્ય) એવી જ સેવા છે (કા.૮॥.)[૧૦].

સુબોધિનીજી– પ્રથમ હરિણીના ભાગ્યનું અભિનંદન 'ધન્યાઃ' એ શ્લોકથી કહે છેઃ

**ધન્યાસ્તુ મૂઢમતયોપિ હરિણ્ય એતા યા નન્દનન્દનમુપાત્તવિચિત્રવેષમ્ ॥**
**આકર્ણ્ય વેણુરણિતં સહકૃષ્ણસારાઃ પૂજાં દધુર્વિરચિતાં પ્રણયાવલોકૈઃ[૧૧] ॥૧૧॥**

મૂઢમતિવાળી પણ આ હરિણીઓને ખરેખર ધન્ય છે ! જેમણે નંદનંદન ભગવાન્ કે જેમણે સમીપમાં વિચિત્ર વેષ ધારણ કર્યો છે, તેમના વેણુના રણકારને શ્રવણ કરીને કૃષ્ણસારોસહિત સ્નેહપૂર્વક અવલોકન કરવા વડે કરેલી ભગવાનને વિષે પૂજા ધરી. ૧૧.

સુબોધિનીજી– જ્ઞાન નિશ્ચય ક્રિયાના વિશેષણ તરીકે છે[૧૨]. ક્રિયાનો પણ

---

જ્ઞાનની માફક ભક્તમાં રહેલા વૈરાગ્યથી ભગવદ્વૈરાગ્યનું સૂચન કૈમુત્યન્યાયે સિદ્ધ જ છે. મેઘમાં વૈરાગ્યરૂપ ભગવદ્ધર્મ કાર્યરૂપે છે જ, તે પોતાના કારણરૂપ ભગવન્નિષ્ઠ વૈરાગ્યનું સૂચન કરે છે. જ્યારે ભક્ત સર્વદુઃખહર્તા એવા હરિના પણ દુઃખનો હર્તા થાય ત્યારે તેમાં વૈરાગ્યનો ઉત્કર્ષ છે એમ જાણવું. કારણ કે હરિના દુઃખનું હરણ વૈરાગ્યનું કાર્ય છે.

૧૦. મોક્ષસુધીના ફલમાંથી જ્યારે રાગની (ઈચ્છાની) નિવૃત્તિ થાય અને એક પ્રભુના જ સુખની આકાંક્ષા રહે, ત્યારે જ એવા ભાવનો ઉદય થાય છે. તે ઉદય કયે પ્રકારે થાય ? તો તેનો ઉત્તર 'ભક્તિથી જ' વિગેરેથી કહે છે. ભગવાનનું દુઃખ હરણ કરે એવો ભાવ સ્નેહથી થાય છે, એમ વૈરાગ્યના સ્વરૂપને અને સ્નેહથી વૈરાગ્યની સિદ્ધિનું નિરૂપણ કરીને ઉપદેશ કરે છે કે સેવ્ય ભગવાનની મેઘે કરેલી દુઃખહરણરૂપ સેવા પુષ્ટિમાર્ગીય સેવકે કરવી ઉચિત છે. જેમ પ્રેરણા વિના જ સ્નેહમાત્રથી જ મેઘે ભગવાનની તડકાને નિવારણ કરવારૂપ સેવા કરી, તેમ શાસ્ત્રીય પ્રેરણા વિના જ દેશ અને કાલને અનુસાર ભગવાનને સુખકારક થાય, એવી સેવા પુષ્ટિમાર્ગીઓએ કરવી. આ સેવા સખ્યભક્તિરૂપ છે, કારણકે 'સખ્યુર્વ્યધાત્ સ્વવપુષામ્બુદ આતપત્રમ્' એ ચરણમાં 'સખ્યુઃ' પદ છે. સેવાકૌમુદીગ્રંથના પ્રથમ પ્રકરણમાં આ સર્વનું નિરૂપણ કર્યું છે. 'સર્વ દુઃખ હર્તા હરિમાં દુઃખનું કથન સંભવતું નથી, તેથી આ બધું અસંગત છે.' એ શંકાનો પરિહાર આ રીતે 'ભક્તિથી જ' વિગેરે પદથી કર્યો. 'ચ' અહિં 'તુ'ના અર્થમાં છે. 'તાદશત્વઞ્ચ' પદથી પોતાના સર્વસ્વના નિવેદનનો સંગ્રહ થાય છે, અને તે નિવેદન અહિં 'કુસુમાવલી' પદથી અને ભક્તિ 'સખી' પદથી સિદ્ધ છે, એમ જાણવું. (કા.૮॥.)

૧૧. પાઠ ભેદ; 'સદયાવલોકૈઃ.'

૧૨. વિવેચન– શંકા– હરિણીઓને ભગવત્સ્વરૂપનું જ્ઞાન નથી, તેઓ તો કેવલ ભગવાનનાં દર્શનરૂપ પૂજામાત્ર કરે છે, તેટલાથી જ તેઓ ધન્ય છે, એમ કેમ કહેવાય ?

ઉત્તર– માત્ર જ્ઞાનને લીધે ધન્યત્વ નથી; પરંતુ ભગવાનની કરેલી પૂજારૂપી ક્રિયા ધન્યત્વની સાધક છે, અને તેમાં પણ જ્ઞાનસહિત ભગવાનની પૂજારૂપી ક્રિયા તો ધન્યત્વસાધક હોય તેમાં શી નવાઈ ! જ્ઞાન પ્રાપ્ત કરીને પણ જો જ્ઞાનને અનુરૂપ (અનુસરીને) ક્રિયા કરે, ત્યારે જ તે જ્ઞાન સાર્થક થાય; તેથી જ્ઞાન તો ક્રિયાના વિશેષણ તરીકે છે, અને ક્રિયા વિશેષ્ય છે. અહિં 'તત્કર્મ હરિતોષં યત્' એ ચોથા સ્કંધનું વાક્ય પ્રમાણ છે. તે પૂજારૂપ ક્રિયા હરિણીઓએ કરી, તેથી

ઉત્કર્ષ પૂજામાં છે; તે પૂજા પણ જ્ઞાનમય દ્રવ્ય (પદાર્થ)થી ભગવદ્વિષયિણી જો થાય તો (તેનો ખરેખરો ઉત્કર્ષ છે)[૧૩]. ભગવાનનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન તે પૂજાનું પણ અંગ છે, તે જ્ઞાન જો ન હોય તો સર્વ વ્યર્થ છે[૧૪]. 'જો બીજે સ્થલે પણ તે હોય તો તે જ ઉત્તમ' એ પક્ષનો આશ્રય કરીને 'ધન્યાસ્તુ'માં 'તુ' શબ્દથી તે પૂર્વપક્ષનું ખંડન કરે છે. 'તુ' શબ્દથી હરિણીઓને શ્રુતિપ્રતિપાદિત ભગવત્સ્વરૂપ નું જ્ઞાન નથી, તે દોષની શંકાનો પરિહાર કરતાં કહે છે કે જો કે તેઓ મૂઢમતિ-વાળીઓ છે, તો પણ (તેમને ધન્ય છે)[૧૫], અહિં સ્ત્રીઓનું જ અભિનંદન કર્યું છે.

---

હરિણીઓને ધન્ય છે. તે પૂજામાં પણ જ્ઞાનેન્દ્રિયના આધારથી જ્ઞાનપ્રચુર નેત્રરૂપી દ્રવ્યથી તે પૂજા કરી, તેથી હરિણીઓને ધન્ય છે.

૧૩. અહિં 'જ્ઞાનમય' પદનો અર્થ 'જ્ઞાનપ્રચુર-જ્ઞાનસ્વરૂપ નિવેદ્ય પદાર્થથી' કરવો. અહિં આ તાત્પર્ય છે-નિવેદન કરવાના પદાર્થોના સ્વરૂપને અને ભગવાનને શું પ્રિય છે, તેમાં દેશકાલનું અનુસારપણું જાણીને પદાર્થ સમર્પાય, ત્યારે તે નિવેદન કરેલો પદાર્થ જ્ઞાનમય કહેવાય છે. અહિં હરિણીઓએ પોતાના નેત્રના સૌંદર્યને, અને તે ભગવત્પ્રિયાઓનાં (સ્વામિનીઓનાં) નેત્રનું સ્મરણ કરાવનાર હોવાથી પ્રભુને પણ પ્રિય છે, એમ જાણીને ભગવાનની પૂજા નેત્રથી કરી; તેથી તેને ધન્ય છે, એ વાત યુક્ત છે.

૧૪. દેશકાલને લઈને જેવી વસ્તુની અપેક્ષા ભગવાનને છે, તેવી દેશકાલને અનુસાર સેવા મારે કરવાની છે, એવું જે જ્ઞાન તે ભગવાનનું જ્ઞાન છે; અને આપણા પદાર્થોમાં આ વસ્તુ સુંદર છે, તેથી તે ભગવાનને વિનિયોગ કરવા યોગ્ય છે, એવું જે જ્ઞાન તે પોતાનું જ્ઞાન છે. હરિણીઓએ તેમ જ કર્યું, કારણ કે શૃંગારરસરૂપ ભગવાનને પોતાના નેત્રના સૌંદર્યનું પ્રદર્શન કરાવીને તેમનું પ્રિયપણું સિદ્ધ કર્યું. પુષ્ટિ જીવે પણ યથોચિત પ્રિયપણું એ પ્રમાણે સિદ્ધ કરવું, એવી શિખામણ તે આ ગ્રંથનું સ્વારસ્ય છે. (બીજી રીતે સમજાવે છે કે) ભગવાનની પૂજારૂપ ક્રિયાના ઉત્કર્ષમાં ભગવજ્જ્ઞાન પણ અંગ છે, તેથી પૂજાના અભાવમાં જ્ઞાન વિગેરે બધું નકામું છે; કારણ કે પૂજા અંગી છે, તે જો ન હોય તો જ્ઞાન જે અંગ છે, તે નકામું થઈ જાય.

૧૫. 'ધન્યાસ્તુ' પદમાં 'તુ' શબ્દથી, શ્રીગોપિકા પોતાની વ્યાવૃત્તિને માટે 'જ્ઞાનં હિ' વિગેરેથી હેતુ કહે છે. 'પ્રથમ જાણે, પછી ઈચ્છે, પછી પૂજે' એમ માનસક્રમથી જ્ઞાન ક્રિયાનું વિશેષણ છે, તે યોગ્ય છે; એમ સૂચન કરવાને 'હિ' શબ્દ મૂક્યો છે. 'આકર્ણ્ય' એમાં સાંભળવારૂપ જ્ઞાનનું પૂજાવિષયક્રિયામાં ગૌણત્વ-વિશેષણત્વ કહ્યું. 'પૂજા' પદથી ઉત્કૃષ્ટ ક્રિયા કહી, અને 'પ્રણયાવલોકૈઃ' પદથી જ્ઞાનમય પદાર્થો કહ્યાં. અવલોકનરૂપી વ્યાપારથી વ્યાપારવાનનો પણ આક્ષેપ થયો. 'અવલોકન' વ્યાપાર હોવાથી અહિં તેમાં નેત્ર કરણ-સાધન છે. હરિણીઓએ અવલોકન કર્યું, તેથી હરિણીઓને ભગવજ્જ્ઞાન છે એમ કહ્યું, અને ભગવાનની પ્રતિપૂજાનું ધારણ હરિણીઓએ આત્મામાં કર્યું, એમ ભગવાનના અવલોકનના પક્ષમાં ભગવાનને હરિણીનું જ્ઞાન છે એમ કહ્યું; આ કારણથી વ્યાપાર પણ જ્ઞાનરૂપ જ કહ્યો. આ અમારામાં નથી, તેથી અમો ધન્ય નથી; તે હરિણીઓને જ ધન્ય છે. 'શ્રીગોપિકા સુધાનો ભોગ કરે છે, તેથી તે ઉત્તમ છે' એ પૂર્વપક્ષનો પરિહાર 'તુ' શબ્દ કરે છે. હરિણી સિવાય જે કોઈ બીજા જીવ જ્ઞાનમય પદાર્થથી ભગવત્પૂજા કરે તે જ ઉત્તમ છે; અમે ઉત્તમ નથી, અથવા 'જ્ઞાનરહિત' અર્થમાં પણ

પ્રકરણને લીધે હરિણની સ્ત્રીઓ તે હરિણીઓ, અહિં તેમને જ કહેવાની ઈચ્છા છે. સર્વ વર્ણન અન્યપૂર્વા ગોપીજન કરે છે એમ જાણવું. પોતે (હરિણીની સરખામણીમાં) અફલાર્થ રહી ગઈ છે, એવી ભાવાનાથી દૈન્ય પ્રકટ થતાં વર્ણન કરાતી સર્વ સામગ્રીસહિત ભગવાન્ કૃપા કરીને પ્રકટ થઈ ગયા, એમ જણાવવાને 'એતાઃ' એટલે 'આ' એમ કહ્યું છે. તેમના ભાગ્યનો હેતુ કહે છે કે જે હરિણીઓએ જ નંદનંદનને નિરખીને વેણુના રણકારનું શ્રવણ કરીને ભગવાને કરેલા પ્રેમસહિત અવલોકનથી રચેલી પૂજાને પોતાના વિષે ધારણ કરી, તે મૂઢમતિ પણ હરિણીઓને ધન્ય છે. 'યાઃ' એટલે પહેલાં જે ભગવાને કહેલી છે તે પ્રસિદ્ધ[૧૬]. નંદને પણ આનંદનું દાન કરે તે નંદનંદન, ભક્તના ઉદ્ધાર માટે જ 'અસ્તુ' શ્લોકમાં કહેલા બ્રહ્માના વાક્યથી પ્રભુ પ્રવૃત્ત થયા છે. ઉદ્ધારનું પ્રકરણ હોવાથી તેમનો પણ ઉદ્ધાર કરશે જ; એથી વિચિત્ર વેષનો જેમણે સ્વીકાર કરેલો છે, એવા ભગવાન્ છે; આથી રસના અભિનય માટે પ્રવૃત્ત થએલા ભગવાનનું વર્ણન કર્યું. એ પ્રમાણે સ્વરૂપથી ઉદ્ધારનું કાર્ય કરવાપણું અને સાધનથી ફલસૂચક કાર્ય કરવાપણું કહ્યું. 'વિચિત્ર' પદથી સર્વે રસનો સંગ્રહ કર્યો. સમીપમાં સ્વીકાર કર્યો, તે બ્રહ્માનંદનો તેમાં પ્રવેશ કરાવવા માટે સમીપમાં સ્વીકાર કર્યો. 'આકર્ણ્ય'[૧૭] એટલે શ્રવણ કરીને.

જ્યારે એવી પૂજા હોય ત્યારે તો તે જ ઉત્તમ, એ પક્ષનો આશ્રય કરીને 'જ્ઞાન નિશ્ચય'થી શરૂ કરીને 'વ્યર્થ છે' ત્યાં સુધીના પૂર્વપક્ષનું 'તુ' શબ્દથી ખંડન કરે છે. 'તે દોષ જણાતો નથી' એ આ શંકાને 'મૂઢમતયોપિ' '(મૂઢમતિવાળી પણ)' પદથી દૂર કરે છે. 'શ્રુતિ વિગેરેએ પ્રતિપાદન કરેલું ભગવત્સ્વરૂપ છે, એમ હરિણીને જ્ઞાન નથી; એ દોષ શ્રીગોપીજન જાણતાં નહિ હોય અને તેથી તેમ કહેતાં હશે,' એમ શંકા થાય તો તે દૂર કરવાને કહે છે કે મૂઢમતિવાળી પણ તે હરિણીઓને ધન્ય છે.

૧૬. આ પ્રકરણ સ્ત્રીનું છે, તેથી સ્ત્રીઓનું જ અભિનંદન છે. કૃષ્ણસાર (હરિણ)માં મૂઢમતિપણું તો સરખું જ છે, તેથી મૂઢમતિવાળા હરિણનું વ્યાવર્તન કરવાને હરિણીઓ પદ મૂક્યું. આ હરિણની સ્ત્રી છે, એ કાંઈ નાયિકાવિશેષ નથી. ગાયોના નિરૂપણ સુધી સર્વત્ર વર્ણન કરનાર ગોપીજન અન્યપૂર્વા જ છે, તેથી તેમનું જ પ્રકરણ હોવાથી 'સહ કૃષ્ણસારાઃ' પદથી હરિણો સહિત સ્ત્રીઓ (હરિણીઓ)નું કથન કર્યું; કેવલ હરિણીનું નહિ. પહેલાં 'નૃત્યન્ત્યમી' વિગેરે બારમા અધ્યાયના સાતમા શ્લોકમાં ભગવાને કહેલી મૂઢ હરિણીઓએ પણ ભગવત્પૂજાનું ધારણ પોતામાં કર્યું, એ હરિણીઓને ધન્ય છે. 'નંદનંદનને નિરખીને' એમ પદ મૂલમાં નથી, તેથી તેનું જ તાત્પર્ય (વેણુના રણિતને) 'શ્રવણ કરીને' એ પદથી કહ્યું. સુબોધિનીજીમાં 'નિરખીને (નિરીક્ષ્ય)' પદથી 'આકર્ણ્ય' પદનું જ અર્થતઃ વિવરણ કર્યું. અહિં બીજું પદ (નિરખીને) અધ્યાહાર લેવાનું નથી, કારણકે આગળ તેનો નિષેધ છે.

૧૭. 'જેમણે સમીપમાં વિચિત્ર વેષ ધારણ કરેલો છે' એમ કહેવાથી ભગવાન્ રસના અભિનયને માટે પ્રવૃત થયા એમ કહ્યું, તેથી 'નંદનંદન' પદથી સ્વરૂપથી ઉદ્ધારને અનુકૂલ રસનું કાર્ય કરવાપણું કહ્યું, અને વેષધારણ કરવાનું કહેવાથી સાધનથી ફલસૂચક કાર્ય કરવાપણું કહ્યું.

એ શ્રવણ કરવાની ક્રિયા વેણુના રણકારમાં અને ભગવાનમાં અર્થથી અને શબ્દથી બંનેમાં જોડવી. પશુદષ્ટિ વિશેષનું ગ્રહણ કરી શકતી નથી, તેથી ‘શ્રવણ કરીને’ પદથી શાસ્ત્રદષ્ટિ જ કહી. પાછળથી થતી પ્રત્યક્ષદષ્ટિ પણ બીજી દષ્ટિને અનુસાર જ છે; તેથી જો કે તે દષ્ટિ છે તો પણ તેને ગણી નથી, તે ‘શ્રવણ કરીને’ એ પદથી કહ્યું. વેણુનું રણિત(રણકાર) સર્વ અસાધારણ[૧૮] રસ જેમાં છે એવું છે. જે પ્રકારે રસ બહાર ચાલ્યો ન જાય તે પ્રકારે જે શબ્દવિશેષ-ઉચ્ચાર કરવો તેનું નામ રણિત-રણકાર, એવા રણકારને પણ નજીક જઈને સાંભળ્યો; આથી તેમના દૈહિક ધર્મો નિવૃત્ત થયા છે એમ કહ્યું[૧૯]. કૃષ્ણસારોની સાથે એમ કહેવાથી તેમના ધણીઓ સાથે છે એમ કહ્યું; આથી ‘ધણીઓનો પણ નિરોધ-પ્રતિબંધ નથી’ એમ કહ્યું. ‘હરિણો’(એ બહુવચન) પદથી સાપત્ન્ય ભાવનો પણ પરિહાર કર્યો. કૃષ્ણ છે સાર જેમનો એ કૃષ્ણસાર કહેવાય. ગોપો કાંઈ કૃષ્ણસાર નથી, એટલે કૃષ્ણને સારરૂપ સમજનારા નથી, તેથી પોતાને સાપત્ન્યાભાવનો અભાવ છે એમ સુચવ્યું. જો એમ ન હોત તો, આપણને સાથે લઈને જ ગોચારણ કરત; પણ તેમ કરતા નથી, તેથી એ પતિઓ તો અભિમાનસાર છે; માટે તે કૃષ્ણસારોને ધન્ય છે[૨૦].

---

‘વિચિત્ર’ પદથી સર્વે રસ ગ્રહણ કર્યા એમ કહ્યું. વેષ સમયે નિરાવરણ સ્વરૂપદર્શનથી સ્વરૂપાનંદનો પ્રવેશ હરિણીઓમાં થાય; વેષ પછી દર્શનમાં તો સ્વરૂપ ઉપર આચ્છાદન હોવાથી ધર્મસહિત જ આનંદનો અનુભવ થાય છે; તેથી ‘જેના ઉપર અનુગ્રહ હોય તેની જ સમક્ષ ભગવાનના શૃંગાર વિગેરે કરવા’ એમ માર્ગની મર્યાદા છે. ‘ઉપાત્તવિચિત્રવેષમ્’ એ પદમાં ‘ઉપ’ શબ્દથી સામીપ્ય કહ્યું. પ્રભુએ હરિણીઓ સમીપ શૃંગાર ધર્યો, તેથી ભગવાનના અવયવનાં દર્શન હરિણીઓને થયાં, તેથી તેમનામાં ભાવની ઉત્પત્તિ થઈ, તે ભાવથી રસસંબંધી ભગવત્પ્રાપ્તિ થશે. પહેલાં હરિણીઓમાં બ્રહ્માનંદનો પ્રવેશ થશે, પછી તેમને આધિદૈવિક સ્ત્રી શરીરની પ્રાપ્તિ થશે, તેથી હરિણીઓમાં સ્વરૂપાનંદના પ્રવેશને માટે હરિણીઓની સમીપમાં ભગવાને વેષ ધારણ કર્યો, એમ ફલિત થયું. અર્થાત્ બ્રહ્માનંદ થાય, પછી આધિદૈવિક રૂપ સંપન્ન થાય, પછી ઉપર કહેલી ‘ફલ પ્રાપ્તિ’ થાય, એમ સ્વારસ્ય છે. ‘બ્રહ્માનંદ’ પદ પૂર્વ લીટીનું સ્મરણ કરાવે છે એમ જાણવું.

૧૮. ‘સર્વરસ સાધારણ’ એમ પાઠ હોય તો ‘સર્વરસ છે સાધારણ જ્યાં’ કોઈ એક જ રસ મુખ્ય નથી જ્યાં, એવું રણિત શ્રવણ કરીને, એમ અર્થ કરવો. (અર્થતઃ- અર્થના જ્ઞાનપૂર્વક)

૧૯. જેના સ્વભાવમાં જ ભય છે, એવી હરિણીઓના પણ ભગવાનની પાસે જવાથી દૈહિક ધર્મની નિવૃત્તિ થઈ, અર્થતઃ શ્રવણરૂપ નિરીક્ષણ જવાથી જ સંભવે, તેથી ‘નજીક જઈને’ એમ કહ્યું.

૨૦. આ શ્લોકની શરૂઆતમાં શ્રીગોપીજને ‘જ્ઞાનં હિ’ વિગેરેથી પોતે ધન્ય નથી, તેનો હેતુ કહ્યો હતો અને અહિં પણ બીજો હેતુ કહે છે, તે કારણથી ‘અપિ’ પદ મૂક્યું છે. તેમને ભર્તાએ કરેલો પણ નિરોધ નથી, અને અમને તો ભર્તા પણ નિરોધ (પ્રતિબંધ) કરે છે, તેથી હરિણીઓને જ ધન્ય છે. આપણામાં તો સાપત્ન્યભાવ પણ છે, અને હરિણીઓમાં તો તે

સ્નેહપૂર્વક અવલોકનથી રચેલી ભગવાનને વિષે પૂજા ધરી, નેત્રો જ કમલ છે, જ્ઞાનના સુગંધવાળાં છે, જ્ઞાનની ઉત્પત્તિના સ્થાનરૂપ છે, તે નેત્રો વડે પૂજા સર્વથી ઉત્તમ છે; તે પૂજાનું ધારણ કરવું તેનાથી પણ ઉત્તમ છે. પ્રતિપૂજારૂપી કૃતિ અર્થથી જ કહી. અથવા તો ભગવાને પ્રતિપૂજન કર્યું, તેનું ધારણ હરિણીઓએ પોતાના આત્મામાં સ્થિર કર્યું; અથવા તો 'સદયાવલોકૈઃ' એ પાઠ લેવો. દયાસહિત અવલોકનથી ભગવાનનું અને પ્રાણીઓનું આટલું જ કર્તવ્ય છે[૨૧]. ૧૧.

## શ્રીમદ્‌ગોસ્વામિકૃત સ્વતંત્ર લેખઃ

પીઠિકાનું નિરૂપણ કરીને વેણુનાદના અને તેના કર્તવ્યના નિરૂપણમાં પ્રથમ હરિણીઓમાં વેણુના કાર્યનું નિરૂપણ 'ધન્યાસ્તુ' વિગેરે શ્લોકથી કરે છેઃ

**ધન્યાસ્તુ મૂઢમતયોપિ હરિણ્ય એતા યા નન્દનન્દનમુપાત્તવિચિત્રવેષમ્ ।।**
**આકર્ણ્ય વેણુરણિતં સહકૃષ્ણસારાઃ પૂજાં દધુર્વિરચિતાં પ્રણયાવલોકૈઃ ।।૧૧।।**

અમૂઢમતિવાળી આ હરિણીઓને ધન્ય છે, જેમણે નંદનંદન ભગવાન્ કે જેમણે સમીપમાં વિચિત્ર વેષ ધારણ કર્યો છે, (તેમનું નિરીક્ષણ કરીને અને) વેણુરણિતનું શ્રવણ કરીને કૃષ્ણસારોસહિત સ્નેહપૂર્વક પ્રણયાવલોકન વડે વિરચિત પૂજા ધારણ કરી. ૧૧.

હરિણીઓને ધન્ય છે, એથી હરિણીઓમાં ધન્યત્વનું નિરૂપણ કર્યું; અને તેમાં તેણે કરેલી પૂજા હેતુ છે, એમ પણ નિરૂપણ કર્યું. વચમાં 'તુ' શબ્દ તે પૂર્વપક્ષનું વ્યાવર્તન(ખંડન) સામાન્ય રીતે કરે છે, અને અહિં કોઈ પૂર્વપક્ષનું શ્રવણ

---

પણ નથી, તેથી તેમને ધન્ય છે. 'હરિણીઓનો સાપત્ન્યનો અભાવ કેવી રીતે છે ?' એમ શંકા થાય, તો ઉત્તરમાં કહે છે કે તેમના પતિ તો કૃષ્ણસાર છે; તેથી હરિણીઓ જે કૃષ્ણસારોસહિત છે, તેને ધન્ય છે.

૨૧. પોતે કરેલા અવલોકનથી ગોપીજનના પ્રેમસહિત અવલોકનનું સ્મરણ કરાવવાથી ભગવાનને સંતોષ આપવો, તે અહિં પૂજા છે; અને હરિણીમાં તેવા ભાવને ઉત્પન્ન કરનાર, એવા ભાવથી ભગવાને કરેલું અવલોકન, તે અહિં 'પ્રતિપૂજન' છે. અહિં 'ધા' ધાતુ પોષણના અર્થમાં જ છે, તેથી કૃષ્ણની કૃતિ અર્થથી જ કહી; અથવા તે સંતોષ જેને પૂર્વ કૃતિની અપેક્ષા છે, તે અર્થાપત્તિથી જ કહી. સંતોષનું 'ધારણ' એટલે સ્થિરતા, અને તેથી સંતોષ સ્થિર થવાથી પ્રતિપૂજન થાય છે, તે ભગવત્કૃત પ્રતિપૂજનને હરિણીઓએ પોતાના આત્મામાં સ્થિર કર્યું. સુધાનો ભોગ વિગેરે તો અધિક છે, એનો અંતર્ભાવ કાંઈ કર્તવ્યમાં થતો નથી, તેથી 'એવ'કાર પણ કહ્યો. અથવા પ્રીતિપૂર્વક ભગવાનનું અવલોકન એ જીવનું કર્તવ્ય છે, અને કૃપાપૂર્વક જીવનું અવલોકન એ ભગવાનનું કર્તવ્ય છે, એમ પરસ્પર કર્તવ્ય તો આટલું જ છે. (જીવનું તો કર્તવ્ય ઉપદેશ કરેજ પણ પુષ્ટિમાર્ગીય પ્રભુનું પણ કર્તવ્ય જે ઉપદેશ કરે છે, એજ પુષ્ટિમાર્ગીય આચાર્યનું આચાર્યત્વ; એવું આચાર્યત્વ કેવલ શ્રીમદ્વલ્લભાધીશ્વરમાં જ સિદ્ધ છે.)

જ નથી, તો 'તુ' શબ્દનો શું ઉપયોગ ? એમ શંકા થાય તો ઉત્તરમાં કહે છે કે જો કે પૂર્વપક્ષનું સાક્ષાત્ શ્રવણ નથી, તો પણ 'પાક્ષિક દોષનો પરિહાર કરવો' એ ન્યાયથી જો પૂર્વપક્ષની સંભાવના કોઈ કરે તો તેનું ખંડન 'તુ' શબ્દથી કરે છે.

શંકા– પણ આ પૂજામાં પૂર્વપક્ષનો જ સંભવ નથી, તો પાક્ષિક પણ દોષનું નિવારણ 'તુ' શબ્દથી શા માટે ?

ઉત્તર– નિર્દોષમાં પણ અતિદુષ્ટ મનને દોષ સ્ફુરે છે. જો એમ શંકા થાય કે કયા પ્રકારથી દોષ સ્ફુરે, તો તે પ્રકાર કહે છે કે હરિણીઓએ કરેલી પૂજા શાસ્ત્રમાં કહેલાં અંગરહિત હોવાથી તેમાં પૂજાપણું જ નથી, તેથી તે હરિણીઓને ધન્ય કહેવાય જ નહિ. શાસ્ત્રીય પૂજાનાં અંગ ગણાવતાં કહે છે કે (૧) પૂજકમાં પોતાના સ્વરૂપનું જ્ઞાન (૨) પોતામાં દાસત્વ (૩) પૂજામાં ફલનું અનુસંધાન (૪) પૂજ્યનું સર્વના ઈશ્વરરૂપે સ્વરૂપજ્ઞાન (૫) તેની પૂજામાં પરમ શ્રદ્ધા (૬) પૂજાના સાધનરૂપ પદાર્થો સંપાદન કરવા તે અને (૭) દેશ, કાલ અને મંત્ર વિગેરે પણ પૂજાનાં અંગ છે. આ કોઈ પણ અંગ હરિણીઓએ કરેલી પૂજામાં નહિ હોવાથી તેમણે કરેલી પૂજા તે પૂજા જ નથી, તો તે ધન્ય કેવી રીતે ? આ પૂર્વપક્ષનું ખંડન 'તુ' શબ્દ કરે છે. 'તે ખંડન કેવા પ્રકારથી ?' એમ પ્રશ્ન થાય તો તેનો ઉત્તર કહે છે કે આ રહી યુક્તિ–તમે કહેલાં અંગો મર્યાદામાર્ગીય છે, અને હરિણીઓએ કરેલી પૂજા શુદ્ધપુષ્ટિમાર્ગીય છે, તેથી તેમણે કરેલી પૂજામાં મર્યાદામાર્ગીય અંગનો અભાવ ભૂષણરૂપ છે; નહિ કે દૂષણ, કારણ કે માર્ગભેદ છે; નહિ તો માર્ગભેદ જ ન થાય. જેમ મર્યાદામાર્ગમાં પુષ્ટિમાર્ગીય ધર્મો દૂષણ છે, તેમ પુષ્ટિમાર્ગમાં મર્યાદામાર્ગીય ધર્મો દૂષણ છે. આ પ્રકારની યુક્તિ 'તુ' પદથી જણાવે છે.

શંકા– હરિણીઓ પશુ હોવાથી મૂઢ છે, તેમાં શુદ્ધ પુષ્ટિમાર્ગનું અજ્ઞાન છે, તેથી તેણે કરેલી પૂજા ધન્ય કયે પ્રકારે ?

ઉત્તર– જો કે તારા (મર્યાદામાર્ગીયના) મતે તેઓ મૂઢમતિ છે, તો પણ મૂલ શ્લોકમાં 'અપિ' શબ્દ શુદ્ધ પુષ્ટિમાર્ગમાં તેમનું અમૂઢમતિપણું જણાવે છે. ત્યારે હવે આ અર્થ સિદ્ધ થયો–મર્યાદામાર્ગમાં મૂઢમતિ પણ તેઓ પુષ્ટિમાર્ગમાં તો અમૂઢમતિ છે; જો એમ ન હોય તો 'અપિ (પણ)' શબ્દ વ્યર્થ થઈ જાય.

પ્રશ્ન– પુષ્ટિમાર્ગીય અમૂઢત્વ એમનામાં કેવી રીતે ?

ઉત્તર–મર્યાદામાર્ગીય પોતાના સ્વરૂપના જ્ઞાનથી વિરુદ્ધ જ્ઞાન તેઓમાં હોવાથી, તેઓ પુષ્ટિમાર્ગમાં અમૂઢમતિ છે. પશુપણાની વિસ્મૃતિપૂર્વક જે નાયિકાપણું તે જ અહિં વિરુદ્ધપણું, અને પુષ્ટિમાર્ગમાં જે પ્રસિદ્ધ ધર્મો છે, તે ધર્મોવાળા આ પ્રભુ છે, એવું ભગવદ્વિષયક જ્ઞાન તેમને હોવાથી તેઓ અમૂઢમતિ છે.

પ્રશ્ન– પોતાને અને પ્રભુને વિષે એ પ્રકારનું જ્ઞાન એમને છે, એ કેમ જણાય?

ઉત્તર- જો એમ ન હોય તો હવે જે કહેવામાં આવશે, તે કાર્ય જ ઘટી શકે નહિ.

પ્રશ્ન- કેમ ઘટી શકે નહિ ?

ઉત્તર- જો પોતામાં પશુપણાનું જ જ્ઞાન હોય તો હરિણીઓ અતિ બીકણ હોવાથી પ્રભુની સમીપમાં તેમની સ્થિતિ જ ન થાય. નાદને અધીન હોવાથી કદાચિત્ સ્થિતિ સંભવે ! તો પણ પ્રભુના સૌંદર્યના વિચિત્ર વેષનું અનુસંધાનપૂર્વક દર્શન તો બીકણ હરિણીઓ સર્વથા ન જ કરી શકે. અહિં સુધી તેમની વેણુનાદથી ઉત્પન્ન થએલા ભાવને અધીન બહારની કૃતિનું નિરૂપણ કરીને ત્યાર પછી 'કૃષ્ણસારસહિત વેણુના રણકારને શ્રવણ કરીને' એ પદથી આંતર ભાવનું પણ નિરૂપણ કરે છે. જો કે પહેલાં 'નંદનંદન' પદ કહ્યું છે, તેથી હવે 'આકર્ણ્ય' પદ કહેવાથી નંદનંદનનું નિરીક્ષણ કરીને અને વેણુરણિતનું શ્રવણ કરીને, એમ બે ક્રિયાપદ અપેક્ષિત છે, તે છતાં એક જ ક્રિયાનું જે નિરૂપણ કર્યું, તેનો આશય આ છે-'નંદનંદન' એટલા જ નિરૂપણ માત્રથી દર્શન તો વિના કહ્યે સિદ્ધ થયું; તેથી દર્શનની ક્રિયાનું નિરૂપણ મૂલ શ્લોકમાં જૂદું ન કહ્યું. વેણુનાદના શ્રવણમાં જ ક્રિયાનું નિરૂપણ કર્યું; તેથી દર્શન થએલા પણ સ્વરૂપનું હૃદયમાં જે આગમન થયું, તે તો વેણુનાદના શ્રવણ દ્વારા થયું, તે કારણથી એક જ 'શ્રવણ કરીને' એ ક્રિયાનું નિરૂપણ કર્યું.

શંકા- વેણુનાદના શ્રવણ દ્વારા જ હૃદયમાં સ્વરૂપનું આગમન થયું, એમ શાથી જણાય ?

ઉત્તર- હૃદયમાં જે આગમન થયું, તેનું કાર્ય 'કૃષ્ણસારોસહિત' પદથી નિરૂપણ કરે છે. અહિં આ અર્થ છે-નાદના પ્રવેશની સાથે જ તેઓ 'કૃષ્ણ છે સાર જેમના તેવાં' થઈ ગયાં, હૃદયમાં સ્વરૂપને અનુભવીને 'કૃષ્ણસાર' થઈ ગયાં; હૃદયમાં અનુભવ વિના એવા કૃષ્ણસાર થવાતું નથી, તેથી 'શ્રવણ કરીને' એ એક જ ક્રિયા છે; નંદનંદનનાં દર્શનરૂપ જૂદી ક્રિયા નથી. 'એમને અંદર સ્વરૂપનો અનુભવ થયો, એમ કયે પ્રકારે જણાય ?'-એ શંકાના ઉત્તરમાં 'પ્રણયાવલોકનથી વિરચિત પૂજા ધારણ કરી' એ પદથી અંદર સ્વરૂપના અનુભવને જણાવનાર પ્રકાર કહે છે. જો અંદર સ્વરૂપનો અનુભવ ન હોય તો ભગવાનને વિષે પરમ સ્નેહ ન હોય, અને તે સ્નેહનું કાર્ય-ભાવપૂર્વક કટાક્ષથી ભગવાનનું પૂજન, તે પણ ન હોય.

શંકા- આ હરિણીઓ પુષ્ટિમાર્ગીય ભાવવાળી હોવાથી, નિરૂપણ કરનારાં આ વાક્ય બોલનાર શ્રીગોપીજન પણ પુષ્ટિમાર્ગીય હોવાથી, પુષ્ટિમાર્ગમાં સેવા જ મુખ્ય અને પૂજા તો ગૌણ હોવાથી, પુષ્ટિમાર્ગીય ભાવની કૃતિને સેવા તરીકે ન કહેતાં 'પૂજા' કેમ કહી ?

ઉત્તર- 'પૂજા' પદ મૂકવાનો હેતુ આ છે-જો કે અહિં પણ ભાવાધીન કાર્ય

તરીકે 'સેવા' સંભવે છે, તો પણ પુષ્ટિમાર્ગીય સેવા ન હોવાથી, (કારણ કે પુષ્ટિમાર્ગીય સેવા તો શ્રીસ્વામિનીજીઓએ જ કરેલી હોવાથી, હરિણીઓએ કરેલી સેવાને કાંઈ સાક્ષાત્પ્રભુનો સંબંધ ન હોવાથી, હરિણીઓએ કરેલી સેવા પુષ્ટિપુષ્ટિરૂપ નથી; પણ એ કૃતિ ભાવને અધીન હોઈ પૂજ્યપૂજકમાં જેમ પરસ્પર મનનો સંતોષ હોવાથી કૃતિમાં પૂજાનું સરખાપણું હોવાથી, પુષ્ટિમાર્ગીય વક્તા શ્રીગોપીજને અહિં 'પૂજા' પદ કહ્યું. તો પણ અહિં એટલો તો વિશેષ છે જ, કે ત્યાં 'પૂજામાર્ગ'માં પૂજ્યને સંતોષ થયો, એ જ્ઞાન અશક્ય હોવાથી સંતોષ વિષે સંદેહ જ રહે છે; અહિં તો ભગવાને પણ તેમનું 'પ્રતિપૂજન' કર્યું, તેથી હરિણીઓને નિશ્ચય થયો કે પ્રભુને સંતોષ થયો છે. તે કારણથી પણ પૂજામાર્ગીય પૂજાથી હરિણીઓએ કરેલી પૂજા અધિક તો છે જ, અને પ્રતિપૂજન 'પૂજા ધારણ કરી' એ શબ્દોથી કહ્યું છે. એ પદનું શ્રીસુબોધિનીજીમાં વ્યાખ્યાન શ્રીઆચાર્યજીએ અન્યોન્ય પૂજાપ્રકારથી જ કર્યું છે; તેથી ભગવાને કરેલા પ્રણયાવલોકનરૂપ પૂજાનું પ્રતિપૂજનપણું સ્પષ્ટ છે, તેથી સર્વ સુંદર છે.

સુબોધિનીજી– અપ્સરાની અવસ્થા 'કૃષ્ણં નિરીક્ષ્ય' શ્લોકથી કહે છે:

**કૃષ્ણં નિરીક્ષ્ય વનિતોત્સવચારુવેષં શ્રુત્વા ચ તત્ક્વણિતવેણુવિચિત્રગીતમ્ ।।**
**દેવ્યો વિમાનગતયઃ સ્મરનુન્નસારા ભ્રશ્યત્પ્રસૂનકબરા મુમુહુર્વિનીવ્યઃ ।।૧૨।।**

વનિતાઓને ઉત્સવ કરાવે એવા સુંદર વેષવાળા કૃષ્ણનું સારી રીતે દર્શન કરીને અને કૃષ્ણે વગાડેલા વેણુનું વિચિત્રગીતનું શ્રવણ કરીને, વિમાનમાં જતી દેવીઓ (અપ્સરાઓ) કામથી જેમનો સાર (વિવેક) હણાઈ ગયો છે એવાં, અંબોડામાંથી ફૂલો ખરી પડેલાં છે એવાં, અને જેમના અંદરના વસ્ત્રની ગાંઠ છુટી થઈ ગઈ છે એવાં થઈને મૂર્છિત થઈ ગયાં. ૧૨.

સુબોધિનીજી– 'કૃષ્ણ' પદના અર્થથી સ્ત્રીઓના નિરોધનું સૂચન કર્યું. જ્યારે આનંદના દર્શન થાય ત્યારે આનંદના સાધન તરફ આસક્તિનો અભાવ થાય, તે યોગ્ય જ છે; તેમાં પણ સદાનંદનાં દર્શન થાય, ત્યારે તો આનંદના સાધન તરફ આસક્તિનો અભાવ થાય, તે યોગ્ય જ છે. 'નિરીક્ષ્ય' એટલે સારી રીતે દર્શન કરીને, તેમાં 'નિ' ઉપસર્ગથી 'નિતરામ્' એટલે 'સારી રીતે' એવો અર્થ થાય છે, તેથી 'નિરીક્ષ્ય' એટલે દિવ્યદષ્ટિથી જોઈને, તેમાં પણ સ્વજાતીયના (સ્ત્રીઓના) ઉદ્ધાર માટે પધાર્યા છે, એટલો વિશેષ છે. તે 'વનિતોત્સવ–ચારુવેષમ્' એ પદથી કહે છે[1], કે વનિતાઓને ઉત્સવ કરાવે તે માટે જ જેમનો સુંદર વેષ છે. એ ઉત્સવ

૧. વિવેચન– આલોક અને પરલોકના ફલમાં આસક્તિ ન રહે, તે યોગ્ય જ છે. સદાનંદ કૃષ્ણનું પણ દર્શનમાત્ર નહિ પણ નિરીક્ષણ કહ્યું; એમ સારી રીતે દર્શન થવાથી દિવ્યદષ્ટિથી માનુષભાવ વિના વિશેષનું દર્શન અપ્સરાને થયું; નહિ તો અપ્સરાની હવે પછી કહેવાશે તેવી

ઘણા પ્રકારના છે, તેથી જુદે જુદે ઉત્સવે જુદી જુદી જાતિના મનુષ્યો ઉત્સવના જુદા જુદા રસના અનુભવ માટે ભૂષિત થાય છે. અહિં કેવલ વનિતાઓનો જ ઉત્સવ છે. 'વન' એટલે યૌવનને જે પ્રાપ્ત થયાં છે તે, અથવા વન સારી રીતે પ્રાપ્ત થયું છે તે, તેમાં પ્રવેશ જેમનો થયો છે, તે પાછાં આવતાં નથી. 'યૌ-વનમ્' અહિં પણ 'યુ' એટલે મિશ્રણ, તેને માટે જે વન તે યૌવન, તેમને જ ઉત્સવ થાય, તે હેતુથી ભગવાને સુંદર વેષ ધારણ કરેલો છે. જેમ રસનો અથવા પુરુષાર્થનો અનુભવ થાય તેમ સર્વ આભરણથી ભૂષિત વેષયુક્ત થએલાં સર્વે વનિતાઓ છે[2],

---

સ્થિતિ થાત નહિ. હરિણી કરતાં અપ્સરામાં દિવ્યદષ્ટિરૂપ વિશેષ છે, તે 'વનિતોત્સવ' વિગેરેથી કહે છે.

૨. અપ્સરામાં વિશેષ છે, તેથી એમનામાં તેમના સજાતીયના બોધને માટે સુંદર વેષથી થતા ઉત્સવવાળી સ્ત્રીઓનું વનિતાપણું કહે છે. અર્થાત્ 'વનિતા' પદનો આ આભાસ જાણવો. વનિતાને જ ઉત્સવ કરાવવા માટે સુંદર છે વેષ જેનો, એવા કૃષ્ણનું નિરીક્ષણ અપ્સરાએ કર્યું; કેવલ વનિતાને જ ઉત્સવ થાય, એવો વેષ કૃષ્ણે ધર્યો છે. ઉત્સવ ભૂષણ ધારણ કરવાનો હેતુ છે, તેથી 'ઉત્સવ' પદથી ભૂષણનું કથન કર્યું. અહિં 'વનિતા'નો અર્થ આ રીતે થાય છે-'વન' એટલે 'જંગલ' અને 'યૌવન', તેમાં જંગલને 'ઈતાઃ' એટલે પ્રાપ્ત થએલા (પુરુષો) અને યૌવનને 'ઈતાઃ પ્રાપ્તવત્યઃ' એટલે પ્રાપ્ત થએલી (સ્ત્રિયો). 'વનિતા' શબ્દમાં રહેલા 'વન' શબ્દથી જંગલ અને યૌવન, એવા બે અર્થ લેવા; તેમાં 'જંગલ' પક્ષમાં (અર્થમાં) વન જે અરણ્ય, તેને પ્રાપ્ત જે પુરુષો તે વનિતા, અર્થાત્ (સારાંશ) ભગવાનને માટે બધું છોડી દઈને ફક્ત જંગલમાં પ્રવેશ કરનારા જે (વનિતા) ભગવદીય પુરુષો, તેમના ઉત્સવને માટે ભગવાને આ સુંદર વેશ ધારણ કર્યો છે. કરોડો કામદેવના લાવણ્યથી પણ અત્યંત સુંદર, તેવા પ્રકારનો વેષ ધારણ કરનાર શ્રીકૃષ્ણનું દર્શન કરીને, તે ભગવદીય પુરુષોમાં પણ સ્ત્રીભાવ પ્રાપ્ત થાય અને તેઓ મને (પુરુષોત્તમને) આવી મળે-પ્રાપ્ત થાય, એવા આશયથી શ્રીકૃષ્ણે આ વનિતોત્સવચારુવેષ ધારણ કર્યો છે, એમ ભાવના કરવી; 'યૌવન' પક્ષમાં વન જે યૌવન-તારુણ્ય, તેને પ્રાપ્ત થએલી જે મૃગનયની વનિતા (તરુણી), તેમના ઉત્સવને માટે-ભાવને ઉદ્દીપન કરવાને-વેષ ધારણ કરનાર શ્રીકૃષ્ણનો આ શૃંગાર છે. વનમાં ગએલા અને સ્ત્રીભાવને પ્રાપ્ત થએલા ભગવદીય પુરુષોનું અને યૌવનમાં આવેલી સુંદરીઓનું 'વનિતા' પદથી સૂચન કરવા સારું શ્રીસુબોધિનીજીમાં 'પ્રાપ્તાઃ' અને 'પ્રાપ્તવત્યઃ' એમ બે વાર ઉલ્લેખ-નિર્દેશ કરેલો છે, નહિ તો 'પ્રાપ્તાઃ' એટલું જ કહેવાથી અર્થ સફલ થઈ જતાં 'પ્રાપ્તવત્યઃ' પદનો નિર્દેશ નિરર્થક થઈ જાત; કારણ કે ધાતુનું, ઉપસર્ગનું અને પ્રત્યયના અર્થનું, બંને પક્ષમાં એકપણું છે. જો કે 'પ્રાપ્તાઃ' એટલા જ નિર્દેશથી પણ પુરુષોનું અને સુંદરીઓનું, એમ બંનેનું ગ્રહણ સંભવે જ છે, તો પણ આ પ્રકરણ સ્ત્રીનું જ હોવાથી, સ્વાભાવિક રીતે જ 'વનિતા' પદનો 'સ્ત્રી' એમ અર્થ થઈ જાય, પરંતુ 'સ્ત્રી' અને 'પુરુષ' એમ બંનેના અર્થના જ્ઞાન સારું 'પ્રાપ્તાઃ' અને 'પ્રાપ્તવત્યઃ' એમ બે વાર ઉલ્લેખ કર્યો છે. અર્થાત્ 'પ્રાપ્તાઃ' એ પદથી વનિતા-વનમાં ગએલા પુરુષોનું, અને 'પ્રાપ્તવત્યઃ' એ પદથી વનિતા-યૌવનમાં આવેલી સ્ત્રીઓનું સૂચન કર્યું, અને તેથી પુરુષોમાં સ્ત્રીભાવ ઉત્પન્ન કરવા સારું અને સ્ત્રીઓમાં

પહેલેથી જ રહેલા ભાવને ઉદ્દીપ્ત-જાગૃત કરવા સારું; આમ આ બે પ્રયોજન (હેતુ-કારણ)ને સબબે આ શૃંગાર શ્રીકૃષ્ણે ધારણ કર્યો છે, એમ નિશ્ચિત અર્થ થયો.

અથવા, 'વનં સઞ્જાતમ્' એમ કર્તરિપ્રયોગમાં જ 'ઈતચ્' પ્રત્યયના યોગથી 'વનિતા' પદ સિદ્ધ થાય છે અને કોશમાં 'વનિતા' એટલે જેને રાગ ઉત્પન્ન થયો છે એવી સ્ત્રી અને લક્ષ્મી, એવો અર્થ હોવાથી 'વનિતા' પદ રુઢ પણ છે; પરંતુ રુઢિથી અને યોગથી તો લૌકિકી (લોકસાધારણ) તરુણીમાં તે વનિતાપણું સામાન્ય છે, તેથી રુઢિનો અને યોગનો ત્યાગ કરીને વિશિષ્ટદિવ્ય દૃષ્ટિએ અપ્સરાએ પોતાના અધિકારથી જે જાણ્યું તે, અને શૃંગારમાં ભગવાનનો પણ જે આશય છે તે, એમ બંને દિવ્ય વાણીવાળાં આ શ્રીગોપિકાજીએ જાણ્યું; એમ જણાવવાને બહુ જ પરોક્ષવાદથી ( એક વસ્તુને સ્પષ્ટ સ્વરૂપે ન કહેતાં ચતુર પુરુષો જ જાણે તેમ કહેવું તે પરોક્ષવાદ.) 'વનિતા' પદનો યોગ 'વનં યૌવનમ્' વિગેરેથી કહે છે. અહિં પ્રથમ 'યૌવન' અર્થમાં બે વર્ણની આપત્તિ થાય છે, અને બીજા 'વનં સઞ્જાતમ્' એ પક્ષમાં 'યૌ' એમ એક વર્ણની જ આપત્તિ થાય છે ( આ બધી વ્યાકરણની વાત પારિભાષિક શબ્દો સિવાય લખી શકાય તેમ નથી, કદાચ જેમ તેમ લખીએ તો પણ ઘણો વિસ્તાર થાય, અને સંસ્કૃત વ્યાકરણ નહિ જાણનારને નિરૂપયોગી છે, તેથી તે માટે પ્રયત્ન કર્યો નથી.) તે આપત્તિ 'વર્ણાગમો વર્ણવિપર્યયશ્ચ તથાપરૌ વર્ણવિકારનાશૌ' એ ઉક્તિએ 'પૃષોદરાદિતિ' સૂત્રથી જાણવી. ( આ સૂત્રમાં જણાવેલા શબ્દોને વ્યાકરણનો નિયમ લાગુ પડતો નથી.) સર્વને તજીને વનમાં પ્રવેશ કરેલો ફરી પાછો આવતો નથી. 'ન હિ' વિગેરેથી યોગનું પ્રયોજન કહે છે કે ત્યાં વનમાં પ્રવેશ કરેલ ફરી પાછો આવતો નથી. અર્થાત્ દિવ્ય દૃષ્ટિથી પોતાનું સ્થિર યૌવન-પણું દેવતાપણાથી નિશ્ચિત કરીને, તે ભાવથી પોતાની પણ ઉત્સવયોગ્યતા જાણી, અને ભગવાને તો જેનો એવો ભાવ સ્થિર છે, એવી સ્થિર યૌવના (જુવાની)ને માટે તેવો વેષ ધર્યો છે, કે જેથી અપ્સરાને પુનરાવૃત્તિરૂપ મોહ થયો, એમ આ શ્લોક બોલનાર ગોપિકાએ જાણી લીધું. 'વન' શબ્દથી 'યૌવન' કેમ સમજાય ? એ શંકાના ઉત્તરમાં કહે છે કે 'યૌવન'માં પણ 'યુ' મિશ્રણના અર્થમાં છે, અને તેવા મિશ્રણાર્થક 'યુ' માં 'વન' તે 'યૌવન', એમ 'યૌવન' શબ્દમાં 'યૌ' સાતમી વિભક્તિ છે* (* જેમ ઉકારાંત 'વિષ્ણુ'નું સાતમીના એકવચનનું રૂપ 'વિષ્ણૌ' થાય છે, તેમ ઉકારાંત મિશ્રણના અર્થમાં 'યુ' શબ્દનું સાતમીનું એકવચન 'યૌ' થાય છે.) અને તે નિમિત્તના અર્થમાં છે. અહિં નાયકની સાથે મિશ્રણ માટે 'યૌવન' કહેવાની ઈચ્છા છે, તેથી 'યૌ'નો અર્થ 'નાયકની સાથે મિશ્રણને માટે' એમ કર્યો; અને 'યૌવન'નો અર્થ 'નાયકની સાથે મિશ્રણને માટે વન' એમ કર્યો. યૌવન જ નાયકની સાથે નાયિકાનો સંગમ કરાવે છે, તેથી યૌવનપણું પણ વનપણાથી વાચ્ય છે. યૌવન પણ વનવિશેષ હોવાથી 'વન' શબ્દથી 'યૌવન'નું ગ્રહણ સહેલાઈથી થાય છે. યૌવનનું વનત્વ તો શૃંગારરસને ઉપયોગી સામગ્રીવાળા ધર્મના સરખાપણાથી જાણવું, અને તેની આવી વ્યુત્પત્તિ તો નિરુક્તના પ્રમાણથી જાણવી. અહિં 'યૌવનમ્' વિગેરેથી બીજા યોગનું કથન કર્યું. તેમને એટલે વનિતાને જ ઉત્સવ થાય એમ વેષ ભગવાને ધર્યો, એમ અહિં સુધી બંને યોગથી સિદ્ધ અર્થ કહે છે કે વનિતાને જ ઉત્સવ થાય, એવો વેષ અથવા ઉપાય ભગવાને કર્યો; એમ દિવ્ય દૃષ્ટિથી દૂરથી જાણીને ભગવાનને માટે આગમનમાં ઉપાય કહ્યો. સર્વ આભરણથી ભૂષિત સર્વે જ વનિતા પોતાના વેષના રસને-પુરુષાર્થને અનુભવે છે. ભગવાને નૂતન વેષનો સ્વીકાર કર્યો, તેથી તેમણે પણ નૂતન આભરણ

આથી આ ઉત્સવમાં જે વનિતાઓને અલંકાર વિગેરેથી ઉત્સવ થયો નથી, તેમનું વનિતાપણું જેમ રંડાઓનું વનિતાપણું નકામું હોય છે તેમ નકામું જ છે. તેમાં પણ 'ચારુ' એટલે સુંદર; મનને હરણ કરે તેવું, તે પણ અંદરથી અલંકારના હેતુરૂપ છે; ત્યાં અંદરના અલંકારો પ્રેમ, જ્ઞાન, વિગેરે છે. જેમ બહાર રસનો અનુભવ થાય છે, તેમ હૃદયમાં પણ (પ્રેમ અને જ્ઞાનરૂપી અલંકારોથી) રસનો અનુભવ થાય છે. આથી અપ્સરાઓના ભગવાનને માટે આવવામાં સર્વે ઉપાય કહ્યા[3]. તેથી પણ વિલંબ વિના અનુભવ કરાવનાર ભગવાન્ પાસે લઈ જનાર હેતુ 'શ્રુત્વા (શ્રવણ કરીને)' પદથી કહે છે. પાસે આવીને પહેલાંની માફક જ ક્વણિત (આલાપાએલા) ગીતનું [4]શ્રવણ કર્યું. આથી વેણુ સિવાય બીજા કૂજિત વિગેરે ક્વણિત (આલાપ)ના સંગ્રહને માટે 'તે ભગવાનનું ક્વણિત' એમ કહ્યું, અને વેણુ પણ ક્વણિત, 'એવા વેણુમાં પ્રકટેલા વિચિત્ર ગીતનું શ્રવણ કરીને' એવો અહિં પદનો સંબંધ છે. એક જ ગીતથી મૂર્છિત થઈ ગયાં, તેથી 'ગીત' એકવચનમાં વાપર્યું છે. 'વિચિત્ર'નો અર્થ 'સર્વ રસ માટે' એમ કરવો; શૃંગારમાં જ સર્વ રસ છે, એવો નાટ્યશાસ્ત્રનો સિદ્ધાંત છે; બીજાનું રસત્વ જ તેઓ માનતાં નથી[5]. જેમ મહાપુરુષો સુવર્ણનાં આભરણ, ઉપકરણ અને ભૂષણ કરે છે, તેમ શૃંગારમાં જ

---

ધર્યાં; ભગવાને પીતાંબર ધર્યું, તેથી પોતે નીલાંબર ધર્યું; એમ શૃંગાર વિગેરેમાં પણ મધ્યમાં જે રસ ભગવાન્ પ્રગટ કરે તે રસનો અતિક્રમ ન કરતાં પુરુષાર્થને અનુભવે છે. અહિં આ અભિપ્રાય છે-ભગવાને વનિતાના જ ઉત્સવ માટે જેમ વેષ ધર્યો તેમ વનિતાએ પણ ભગવાનના ઉત્સવને માટે ભગવાનને અભિપ્રેત વસ્ત્ર, ભૂષણ વિગેરે ધર્યાં. ભગવાનનો અભિપ્રાય તો પોતે ધરેલા પીતાંબર વિગેરેની કાંતિને ઉત્પન્ન કરે એવાં નીલ વસ્ત્ર, રાતાં કંચુકી, વિગેરે તેઓ ધરે, એમ છે તેથી તેમણે પણ તેવો જ શૃંગાર ધર્યો એમ જાણવું. એ રીતે પ્રભુએ ઈચ્છિત શૃંગાર વિગેરે રસમાં પણ તેઓ અનુકૂલ જ છે, તેથી આ ઉત્સવમાં શૃંગાર છતાં જેમને અલંકાર વિગેરેથી ઉત્સવ ન થયો તેમનું વનિતાપણું રંડાના (વિધવાના) વનિતાપણા માફક વ્યર્થ જ છે, એમ સિદ્ધ થયું.

૩. તેમાં પણ મનોહર અંતઃકરણ પણ અલંકારનો હેતુ છે; ત્યાં અંદરના અલંકારો પ્રેમ, જ્ઞાન, વિગેરે છે. દિવ્ય દૃષ્ટિથી દર્શન અને પ્રેમ, જ્ઞાન, વિગેરે અલંકારોથી હૃદયમાં ભગવાનનો અનુભવ કરવો, એમ સર્વે ઉપાય કહ્યા.

૪. ઉદ્દીપન કરી રસનો અનુભવ કરાવનાર ક્વણિત (આલાપાએલા) ગીતનું શ્રવણ વિલંબ વિના વિમાનમાંથી કર્યું. 'તેમની દિવ્યદૃષ્ટિ તો સર્વદાની છે, ત્યારે તેમનું આગમન હમણાં જ કેમ થયું ?' એમ શંકા થાય તો તેના ઉત્તરમાં કહે છે કે પાસે આવીને પહેલાંની માફક જ ક્વણિત ગીતનું શ્રવણ કર્યું. અહિં 'ક્વણિત' પદની આવૃત્તિ કરવી, એ અભિપ્રાયથી 'ક્વણિતશ્ચ'માં 'ચ'કાર મૂક્યો. અર્થાત્ ક્વણિતને અને ક્વણિતવેણુના વિચિત્ર ગીતને એમ સમાસ કરવો.

૫. ગીત શૃંગારનું ઉદ્બોધક છે, તો પણ ગીતનું સર્વરસપણું 'શૃંગાર' વિગેરેથી નિરૂપણ કરે છે કે અન્યનું રસત્વ જ તેઓ માનતાં નથી.

સર્વ રસ છે[૬]. જો એમ ન હોય તો રસિકોની તેમાં રુચિ ઉત્પન્ન થાય નહિ, તેથી તે ગીત પણ વિચિત્ર છે. જો કે તે દેવીઓ છે; દેવતારૂપ છે; પૂજ્ય જ છે; તેમાં પણ વિમાનથી જ છે ગતિ જેમની એવાં 'વિમાનગતિ' દેવી ભોગ્ય પણ નથી, તેમ દુઃખ સહન કરવાનો તેમનો સ્વભાવ પણ નથી; તો પણ કામથી તેમનો સાર (વિવેક) હણાઈ ગયો છે. શરીર અને ઈન્દ્રિય કરતાં મન બલિષ્ઠ છે, તેથી કામથી જ તેમનો સર્વ વિવેક નષ્ટ થઈ ગયો છે. ભૂમિ પર નહિ આવવામાં, ચરણથી નહિ આવવામાં, અને એ પોતે જાતે નહિ આવવામાં, આ પ્રમાણે હેતુઓ કહ્યા[૭]. પછી જે થયું તે 'મુમુહુઃ' એ પદથી કહે છે. તેમને અસાવધાનતારૂપ મોહાત્મિકા મૂર્છા થઈ, કેવલ ભીતર હૃદય પ્રદેશમાં જ તેમને મોહ અને મૂર્છા થઈ એટલું જ નહિ પણ ઉપર અને નીચે પણ મૂર્છા થઈ, તે જેમના અંબોડામાંના પુષ્પો ખરી પડ્યાં અને જેમનાં અંદરના વસ્ત્રોની ગાંઠ છુટી ગઈ, એ પદથી કહે છે. કેશ અને વસ્ત્રની ગાંઠ છુટવાથી પરલોક અને આલોકના ફલનો પરિત્યાગ જણાવ્યો. દેવતા હોવાથી તેમનું મરણ થયું નહિ, વિમાનમાં ગતિવાળાં હોવાથી તેઓ નીચે પડી ગયાં નહિ; અને વિવેકનો અભાવ થઈ જવાથી કાંઈ પણ ઉપાય કરીને પણ પોતાની મેળે તેઓ આવી શક્યાં નહિ. ભગવાનના ઉપયોગમાં આવે નહિ, તેવી વસ્તુમાં પણ રસ ઉત્પન્ન થાય નહિ, એવી ભગવાનની ઈચ્છાથી તેમને જે રસાભાસ થયો, તેનું વર્ણન અહિં કર્યું. તેઓ ઘણુંખરું દેવોની સાથે છે, તેઓ પોતાના પતિને શોધવાને માટે જ અહિં આવ્યાં છે[૮]; ભગવાનનાં દર્શન કરીને સર્વે પોતાની પૂર્વાવસ્થા ભૂલી

૬. સુવર્ણનું 'આ' એટલે સર્વ પ્રકારે છે ભરણ જેમાં, એવાં 'આભરણ' કરે છે; મધ્યાવકાશમાં લાખયુક્ત આભરણ કરતા નથી, તેમ સુવર્ણનાં આભરણ, ઉપકરણ અને ભૂષણની માફક શૃંગારના અંગભૂત જ સર્વ રસ છે એમ કહ્યું.

૭. શ્લોકના ત્રીજા ચરણમાં ત્રણ વિશેષણનું તાત્પર્ય 'ભૂમિ' વિગેરેથી કહે છે. તેઓ 'દેવી' હોવાથી મરીને ભૂમિમાં અવતર્યા નહિ, કારણ કે દેવીમાં મરણનો સંભવ નથી. તેઓ વિમાનગતિવાળાં હોવાથી પગે ચાલીને આવ્યાં નહિ; બીજાના ભયથી વિમાનને છોડીને ગુપ્ત રીતે પગે ચાલીને આવ્યાં નહિ, કારણ કે વિમાનમાં જનાર દેવીનો ભૂમિને ચરણથી સ્પર્શ થવો સંભવતો નથી, અને તેઓ 'કામદેવથી સાર વગરનાં થઈ ગયાં' તેથી પાતે પણ આવી ન શક્યાં; તેમ જ તેઓ ચતુરાઈથી વિમાનને ભૂમિમાં લઈને ન આવ્યાં. અહિં આ પ્રકારે વિવરણ છે, તેથી એમ જ અર્થ જાણવો. તેમનો જે 'વિવેક'નો નાશ થયો, તેનું જ કાર્ય દ્વારા વિવરણ 'ભૂમિ' વિગેરેથી કરે છે.

૮. દેવનું મરણ નથી, એમ પ્રથમ અધ્યાયમાં 'ગિરં સમાધૌ' એ શ્લોકમાં 'અમરાઃ' એ સંબોધનથી કહ્યું છે, તેનું જ વ્યાખ્યાન અહિં 'દેવસહિતાનામ્' એ પદથી કર્યું. તેથી યોગીની માફક એક રૂપે તેઓ અવતર્યા છે, અને તેમનું પૂર્વ રૂપ તો ત્યાં જ છે, અને તેથી અહિં 'દેવસહિત' પદથી જે દેવ કહ્યા તે ત્યાં રહેલા દેવ જાણવા. યુગલગીતના બીજા યુગલમાં પણ

ગયાં[૯]. 'ભગવાન જ અમારા પતિ થાઓ' એવું તેમને થયું, ત્યારે અમને તેમ થાય તે યુક્ત જ છે. ૧૨.

સુબોધિનીજી– ગાયોનું અને વાછરડાનું ચરિત્ર 'ગાવઃ' શ્લોકથી કહે છેઃ

**ગાવશ્ચ કૃષ્ણમુખનિર્ગતવેણુગીત–પીયૂષમુત્તભિતકર્ણપુટૈઃ પિબન્ત્યઃ ।।**
**શાવાઃ સ્નુતસ્તનપયઃ કવલાઃ સ્મ તસ્થુઃ ગોવિન્દમાત્મનિ દશાશ્રુકલાઃ સ્પૃશન્ત્યઃ ।।૧૩।।**

ઉંચા કરેલા કર્ણરૂપી પડીઆથી કૃષ્ણના મુખમાંથી નીકળેલા વેણુગીત–રૂપી અમૃતનું પાન કરનાર ગાયો, અને સ્તનમાંથી ઝરતા દૂધનો ઘુંટડો જેમના મુખમાં છે એવાં વાછરડાં, પોતાના નેત્રમાં અશ્રુબિંદુ આવતાં અંતઃકરણમાં જ ગોવિંદને સ્પર્શ કરતાં ઉભાં રહ્યાં. ૧૩.

સુબોધિનીજી– શ્લોકમાં 'ચ' મૂકવાથી એમ સૂચવ્યું કે ગાયોની પણ તેવી દશા થઈ ગઈ. ઉત્તમ (દેવસ્ત્રીઓ) અને અધમ (ગાય)ના મધ્યમ (સાયુજ્યરૂપી) અભિલાષનું અહિં નિરૂપણ કરે છે. સાયુજ્ય અસંભાવિત હોવાથી ગાયને મોહ થાય છે, 'ગાયો વેણુમાત્રમાં આસક્ત હોવાથી તેમને તેમ થતું હશે' એ શંકાનો નિરાસ કરવાને 'કૃષ્ણમુખનિર્ગતવેણુગીત–કૃષ્ણના મુખમાંથી નીકળેલું જે વેણુગીત' એવું પદ વાપર્યું છે[૧].

---

'સહસિદ્ધૈઃ' એમ કહેવામાં આવશે, તે જ પ્રમાણે અહિં પણ 'દેવસહિત' એમ કહ્યું, કેવલ દેવીનું વિમાનમાં આવવું પ્રસિદ્ધ નથી, તેથી અહિં દેવસહિત કહ્યું. ઘણું ખરું સ્ત્રીને સ્વર્ગમાં ત્યજીને જે દેવ અહિં અવતરેલા છે તે કેવલ દેવની સ્ત્રીઓ આ દેવી છે. દેવલોકમાં રહેલી સર્વ સ્ત્રીઓ અપ્સરા છે, એ આશયથી આભાસમાં બહુવચન કહ્યું છે. જો કે દેવીની સાથે દેવ હોય ત્યારે જ દેવીઓ વિમાનગતિવાળી હોય છે, તેથી દેવસહિત એમ કહ્યું; તો પણ મૂલમાં 'દેવતા' પદ નથી, તેથી અરુચિથી બીજો પક્ષ પણ કહે છે કે ઘણુંખરું અહિં અવતરેલા કેવલ દેવની સ્ત્રી આ દેવી છે, આ પક્ષમાં અવતરેલા ગોપનું જ પુરુષત્વ કહ્યું, તેથી કારિકામાં પણ વિરોધ ન રહ્યો.

૯. પોતાના પતિ અહિં અવતરેલા છે, તેમનું અવતારમાં જે સ્વરૂપ છે, તેને શોધવાને માટે આ દેવીનું આવવું અહિં થયું છે, ભગવાનને માટે આવવું તો ભયથી સંભવતું જ નથી, તેથી 'પ્રાયેણ–ઘણુંખરું' કહ્યું છે. નિર્ભયતાથી ભગવાનનાં દર્શનને માટે આવવું તો ઈન્દ્રના અભિષેક પછી કહેવાશે, અને તેથી બીજા ગીતમાં તો દેવીનું આવવું ભગવદ્દર્શનને માટે છે. તેઓ આવ્યાં તો પોતાના પતિને શોધવા, પરંતુ ભગવાનનાં દર્શન કરીને, સર્વે પોતાની પૂર્વાવસ્થા ભૂલી ગયાં.

૧. વિવેચન– ઈચ્છિત વસ્તુની અપ્રાપ્તિથી ગાય પણ મૂર્છિત થઈ ગઈ; અતિ મોહિત થઈ ગઈ. સાત્ત્વિકપણાને લીધે ઉત્તમ દેવસ્ત્રીનો અને તામસપણાને લીધે અધમ ગાયના યથોચિત સેવાફલ ગ્રંથમાં કહેલા 'સાયુજ્ય' નામના મધ્યમ અભિલાષનું અહિં નિરૂપણ કરવામાં આવે છે. સાયુજ્યનું સ્વરૂપ સેવાફલની વિવૃત્તિમાંથી સમજી લેવું. અથવા 'ઉત્તમ' શબ્દથી અહિં હરિણીનું ગ્રહણ કરવું, કારણ કે નેત્રદર્શનથી વ્રજસીમંતિનીના નેત્રનું સ્મરણ કરાવનાર

શંકા– બહુ જણા વગાડનારા હોય અને કોઈના મુખનું દર્શન ન થતું હોય, ત્યારે બીજાથી વિલક્ષણતાનું અનુસંધાન ન હોય તો ભગવાનનાં મુખમાંથી આ વેણુગીત નીકળેલું છે, એમ જ્ઞાન તેમને કયે પ્રકારે થાય ?

તેનો ઉત્તર 'પીયૂષ' વિગેરે પદથી આપે છે; તે (વેણુગીત) તો અમૃત છે, તેથી તેને જણાવનાર બીજું કોઈ ન હોય તો પણ તેની મેળે જ તે માલૂમ પડે છે[૨]. સદાનંદ વાચ્ય છે, મુખ વાણીનું અધિપતિ છે, નિર્ગમન વાણી છે, વેણુ બીજા સર્વને વિસ્મરણ કરાવનાર છે, અને ગીત છ ગુણવાળું છે, એમ સર્વે સામગ્રી કહેવાને આ સર્વ પદ કહ્યાં છે, નહિ તો 'કૃષ્ણગીતપીયૂષ' એટલું જ કહેત[૩]. બીજા ગીતરૂપી પીયૂષની નિવૃત્તિ કરવાને માટે 'ઉંચા કરેલા કર્ણ' એમ કહ્યું. દરેક ક્ષણે

---

હોવાથી, ભગવાનને પ્રિય હોવાથી હરિણીને ધન્ય છે, એમ કહેવાઈ ગયું છે; અને 'અધમ' પદથી 'ગાય'નું ગ્રહણ કરવું, કારણ કે તેઓ શૃંગારરસમાં ઉપયોગી થઈ શકતી નથી. અથવા ગાયના મોહમાં હેતુ કહે છે, કે સાત્ત્વિકનો અને અધમ–તામસના રાજસ દેહાભિલાષનું નિરૂપણ કરવામાં આવે છે. ગાયના મોહમાં હેતુ કહે છે કે પોતાને અભિલષિત સાયુજ્યના અસંભાવિતપણાથી તેમને મોહ થાય છે. 'અધમ' પદથી શૃંગારરસમાં ઉપયોગી નહિ એવી ગાય સમજવી, તેથી તેને (ગાયને) અસંભાવિતપણાથી મોહ થાય છે એમ કહ્યું. હરિણીને માત્ર ભગવદ્દર્શનની ઈચ્છા છે; ગાયને ભીતર દર્શન અને સ્પર્શમાત્રની અભિલાષા છે. અપ્સરાનો રમણનો અભિલાષ પૂર્વપ્રકારે સર્વોત્તમ છે, તેની અપેક્ષાએ હરિણીનો અને ગાયનો અભિલાષ મધ્યમ છે. 'ગાય બીજાએ કરેલા વેણુનાદમાં પણ આસક્ત થઈને કાન ઉંચા કરતી હશે', એ શંકાનો પરિહાર કરવાને કહે છે કે 'કૃષ્ણે કરેલા વેણુનાદથી જ કાન ઉંચા કરે છે.' પશુને એવું ખાસ જ્ઞાન તો હોતું નથી, એ પ્રસિદ્ધ છે; એમ સૂચન કરવાને 'હિ' પદ છે. આથી કૃષ્ણે કરેલા નાદથી જ કર્ણ ઉંચા કરે છે; બીજા નાદથી નહિ, એમ સૂચન કર્યું. અથવા આ મોહ ઉપર કહેલા નાદને લીધે નથી; પરંતુ બીજા કારણથી છે, એમ 'તાઃ' (તેમને) તેમ થતું હશે, એ શંકા કરીને 'કૃષ્ણના મુખથી નીકળેલું એવું વેણુગીત છે,' એમ સમાધાન પણ કરે છે.

૨. તેનું અમૃતરૂપ સ્વરૂપ જ તેને જણાવી આપે છે. આ નાદમાં વિશેષ કહેવાને 'પીયૂષ' પદનો અર્થ કરે છે કે તે સદાનંદ વાચ્ય છે; બીજું ગીત તેના બોલનારનું વાચક હોય જ એમ જો કે નિયમ નથી, તો પણ ભગવાનથી અધિક તો કોઈ પણ ન જ હોય; ભગવાને ગાએલું ગીત સદાનંદવાચક જ છે, તેથી સદાનંદે ગાએલ ગીતનો વાચ્ય અર્થ પણ સદાનંદ જ છે, એ જ આ નાદમાં વિશેષ છે. બીજાએ ગાએલો (આલાપેલો) નાદ તો સા રી ગ મ વિગેરે સ્વરમાત્ર છે, અને અહિં તો નાદ સદાનંદરૂપ છે, તેથી નાદમાં રહેલા રસના અનુભવને માટે અહિં જ નાદમાં કર્ણ ઉંચા થાય છે, બીજાએ કરેલા નાદમાં કાંઈ તેમ થતું નથી.

૩. ''ત્યારે તો આ 'કૃષ્ણગીતરૂપી અમૃત' એમ જ પદ કહેવાનું હતું, તેથી અધિક કહેલું નકામું છે,'' એમ શંકા થાય તો તેના ઉત્તરમાં 'સદાનંદ વાચ્ય છે' એ પદ કહે છે. અહિં આ ભાવ છે– ગયા શ્લોકમાં વસ્તુના સામર્થ્યથી–ભગવાનનાં સ્વરૂપથી દેવસ્ત્રીનો મોહ જ કહ્યો, પરંતુ તેમને 'રસપાન પ્રાપ્ત થયું' એમ કહ્યું નથી, અને ગાય તો ભગવદીય છે, ભગવાનની સાથે છે અને ભગવાનને પ્રિય છે; તે કારણથી 'ગાયે રસપાન કર્યું' એમ કહે છે.

શંકા– જ્યાં દેવસ્ત્રીને પણ મોહ થયો ત્યાં આ ગાયને તે પશુજાતિ હોવાને લીધે તેને તે રસપાન તો અસંભવિત જ હોય ?

ઉત્તર– આ કાંઈ સાધારણ ગાન નથી, પરંતુ તેમને પણ જે પ્રકારે રસનો અનુભવ થાય તે પ્રકારે સર્વ સામગ્રીના પ્રાકટ્ય સહિત ગાન છે, તે જણાવવાને 'કૃષ્ણના મુખમાંથી નીકળેલું વેણુગીત' એમ પદ કહ્યું, અને તેથી જ આગળ હૃદયમાં પ્રાકટ્ય અને સ્પર્શનું પણ કથન કર્યું. આધિદૈવિકના સંબંધમાત્રથી જ્યાં આધ્યાત્મિકને અને આધિભૌતિકને પણ કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે, ત્યાં સાક્ષાત્ આધિદૈવિકને કાર્ય કરવાનું સામર્થ્ય હોય તેમાં કહેવું જ શું ? એમ 'મુખ વાણીનું અધિપતિ છે' વિગેરે કહ્યું, તેનું તાત્પર્ય છે. અહિં 'આદિ' પદથી ત્રણમાં કૈમુતિકપણું સમજવું. અર્થાત્ જ્યાં ત્રણે સાધન આધિદૈવિક કરણ છે–મુખ દેવતા છે, વાણીના નિર્ગમનરૂપ વિષય ઇન્દ્રિય છે, અને બીજાને વિસ્મરણ કરાવનાર દ્વાર છે; એવા શબ્દથી રસનો અનુભવ થાય તેમાં તો કહેવું જ શું ! એમ કૈમુતિકન્યાયથી રસપાન સૂચિત થયું. 'ભગવાનમાં ગોલક દેવતા છે અને ઇન્દ્રિય વિષય છે,' એમ બીજા સ્કંધમાં સિદ્ધ કર્યું છે, તેથી 'મુખ' પદ દેવતાવાચક છે, અને 'નિર્ગમ' પદ ઇન્દ્રિયવાચક છે, આ પ્રમાણે શબ્દમાં રહેલા રસની પ્રાપ્તિમાં સાધનની સંપત્તિ કહી. ભગવાનનું મુખ વાણીના અધિપતિ અગ્નિ છે, કારણ કે અગ્નિ વાણીના દેવતા છે; તેથી મુખ તાપજનક છે, એમ સૂચિત કર્યું. તેથી ભગવાનના મુખમાંથી નીકળેલું વેણુગીતરૂપી અમૃતનું પાન જો કે કરે છે, તો પણ તે પીયૂષ પુષ્કલ રસાલ હોવાથી, તેને વિષે અત્યંત આર્તિ હોવાથી બહુ પાન સંભવે છે, એમ પ્રયોજન સિદ્ધ થયું; વળી 'વાચ્યના અર્થનું અજ્ઞાન હોવાથી રસસ્વરૂપનું જ્ઞાન ન હોવાથી તે કાર્યનો સંભવ નથી' એ શંકાનો નિરાસ 'કૃષ્ણ' પદનો અર્થ સચ્ચિદાનંદ–સદાનંદરૂપ કહીને અહિં કર્યો. 'અર્થ' સ્વરૂપાત્મક છે, તેથી તે પોતે જ પ્રકટ થાય છે; તે કારણથી જ્ઞાનના સાધનની અહિં અપેક્ષા નથી, તેથી પણ પશુપણું અહિં પ્રતિબંધક નથી, તેથી સર્વે ઘટી શકે છે. વળી 'કૃષ્ણના મુખમાંથી નીકળેલું' તેમાં પણ પરંપરા સંબંધવાળું પીયૂષ જ્યાં આવું છે, અને પશુ પણ જ્યાં આવાં છે, ત્યાં સાક્ષાત્ મુખપાન કરનાર શ્રીસ્વામિનીજીએ તો કહેવું જ શું ? એમ ઉત્કંઠા જણાવવાને પણ અહિં નિર્ગમન વિગેરે કહ્યું છે, વળી મુખ અગ્નિ હોવાથી સાક્ષાત્ તેના પાન કરનારમાં કદાચિત્ તે અમૃત ઉત્કટ તાપ પ્રગટ કરે છે, પરંતુ આ 'અમૃત' તો કૃષ્ણના મુખારવિંદમાંથી નીકળેલું છે, તેથી સદા જ આનંદજનક જ છે; તાપજનક નથી, તેથી કૃષ્ણ–મુખથી ભિન્ન હોવાથી અને પરંપરાસંબંધથી તાપધર્મનો તેમાં સંભવ નથી, અને તેથી જ સાક્ષાત્સંબંધ પછી જેવો તાપ થયો તેવો તાપ પહેલાં ન હતો; પરંતુ સહજ સંબંધથી કાંઈક તાપને ઉત્પન્ન કરે છે, એમ જણાવવાને 'કૃષ્ણના મુખારવિંદમાંથી નીકળેલું' એમ પદ કહ્યું. ભગવદ્ગીત સર્વ જ સદાનંદવાચક છે ત્યારે ગયા શ્લોકમાં કહેલી દેવસ્ત્રીને રસનો અનુભવ કેમ ન થયો ? એ શંકાનો પરિહાર 'મુખ' વિગેરેથી કરે છે. ત્યાં સામગ્રી ગુપ્ત જ સ્થાપેલી હતી; અહિં તો તે પ્રકટ છે, એમ 'કૃષ્ણના' 'મુખમાંથી' 'નીકળેલું' એમ ત્રણ શબ્દથી સૂચિત કર્યું. 'દ્વયા હ પ્રાજાપત્યાઃ' શ્રુતિમાં આધિદૈવિકની સાથે ઇન્દ્રિય કાર્ય કરે છે, એમ કહ્યું છે; તેથી તેવો જ શબ્દ જ્ઞાન ઉત્પન્ન કરે છે. તેથી દેવતા અને વાણીની ઇન્દ્રિય શબ્દનિષ્ઠરસની પ્રાપ્તિમાં સામગ્રી છે; બીજાની વિસ્મૃતિ થાય, ત્યારે જ સંપૂર્ણ રસનો અનુભવ થાય, તેથી બીજાની વિસ્મૃતિ એ પણ સામગ્રી છે. શબ્દના બોધમાં શબ્દ સાધન હોવાથી તેના સંબંધી ધર્મો અહિં

નવા કર્ણ છે, તેથી દરેકને બહુ કર્ણ કહેવા તે પણ યોગ્ય જ છે. 'પડીઆ' શબ્દથી તે અમૃતના પાનને માટે જ આ કર્ણ સંપાદન કરેલા છે એમ જણાવ્યું. પાંદડાના પડીઆમાં ફરીથી બીજું કાંઈ કાર્ય થતું નથી. ચષક (ચમચો) વિગેરે તો ઘણા કાર્યમાં ખપ લાગે. પડીઆ બહુ છે, તે દરેક ક્ષણે નૂતન રસનો બોધ કરે છે. વ્યવસ્થા તો પૂર્વે કહેલી જ સમજવી, 'ચૂતપ્રવાલ' શ્લોકમાં કહ્યું છે કે અમુક પ્રકારની પ્રણાલીથી રસ બહાર પ્રકટ થાય તો પણ રસના નિત્યત્વને હાનિ આવતી નથી[૪], 'શાવાઃ' એટલે બાલકો; હરિણ વિગેરેના, અથવા બીજા જીવોના, અથવા ગાયોના જ, અથવા ગોકુલના જે અતિબાલકો હોય તે. સ્તનમાંથી ઝરતા દૂધનો ઘુંટડો જેમના મુખમાં છે એવાં બાલકો-વાછરડાં. એ દૂધ ગળામાંથી અંદર પેટમાં જઈ શકતું નથી, આ બાબતનો સંદેહ થાય તો પ્રમાણ કહે છે કે 'સ્મ' એટલે આ

---

'સામગ્રી' છે. એમ સામગ્રીનો વિશેષ કહીને સ્વરૂપનો પણ વિશેષ કહેવાને 'ગીત' વિગેરે કહે છે. પૂર્વોક્ત ગીત વિચિત્ર સર્વરસવાળું હતું, એમ કહેવાયું છે; પરંતુ આ ગીત તો 'અમૃત છે' એમ કહ્યું, તેથી આ ભગવદ્રૂપ છે; 'છ ગુણ છે આત્મામાં જેના' એવું છ ગુણવાળું આ ગીત ભગવદ્રૂપ છે. અધરસુધાનું છ ગુણપણું આગળ કહેવાશે, તેથી અપેક્ષિત સામગ્રી કહેવાને 'મુખ' વિગેરે ત્રણ શબ્દ કહ્યા.

૪. અથવા 'નિર્ગમન વાગ્'નો અર્થ આ પ્રકારે કરવો-પ્રથમ આસન્યરૂપની નિર્ગમ (નીકળવાની) દશામાં જ વૈખરી વાણીરૂપે નીકળવું, તે જ વાણી છે. જો એમ ન હોત તો 'કૃષ્ણના મુખમાંથી નીકળેલું' એમ ન કહેતાં 'કૃષ્ણગીતપીયૂષ' પદ જ કહેત. એ ત્રણ પદનું તાત્પર્ય સામગ્રી પ્રકટ કરવાનું ન હોત તો બે જ પદ કહેત. ત્યારે 'કર્ણ ઉંચા કરવા' તે શા માટે ? એમ શંકા થાય તો ઉત્તરમાં કહે છે કે બીજા ગીતના પ્રવેશને દૂર કરવાને કર્ણ ઉંચા કરવાનું કહ્યું છે; કારણ કે દરેક ક્ષણે નવા કર્ણ છે. એક રસથી ભરેલા પડીઆમાં બીજા રસનો અવકાશ સંભવતો નથી, તેમ એક એક ક્ષણસંબંધી નાદરસ પણ 'રસ' હોવાથી, તે રસથી પૂર્ણ પડીઆમાં બીજી ક્ષણસંબંધી નાદરસનો પ્રવેશ સંભવતો નથી, તેથી તેના પાનને માટે બીજા પડીઆની અપેક્ષા રહે છે, અને તેથી પ્રતિક્ષણે નવા કર્ણપણું છે. નહિ તો કર્ણ વિના નાદનું ગ્રહણ જ સંભવે નહિ, અને બીજા રસનું પાન જ થઈ શકે નહિ. અહિં આમ સમજવું-ભગવત્સંબંધી અર્થ લૌકિક ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી, પરંતુ અલૌકિક ઇન્દ્રિયથી જ ગ્રાહ્ય છે, અને તેમાં પણ પ્રભુની આપવાની ઇચ્છા જ હેતુ છે, તેથી તે ઇચ્છાથી જ તેને પ્રાપ્ત કરવાના સાધનની સંપત્તિ થઈ રહે છે, તેથી અહિં કાંઈ પણ અયોગ્ય નથી. પ્રત્યેક ક્ષણમાં પણ ગાયો બહુ હોવાથી કર્ણનું પણ બહુવચન યુક્ત જ છે. અહિં 'પુટ' શબ્દથી રસના પાનને માટે જ તેમના કર્ણ ઉત્પન્ન કરેલા છે એમ સમજવું. પાંદડાના પડીઆમાં ફરીથી બીજું કાર્ય થઈ શકે નહિ, અને ચષક (ચમચા) વિગેરે પણ બહુ ગાયોને માટે વનમાં ઉચિત નથી; પડીઆ બહુ છે, તે રસમાં પ્રતિક્ષણ નવીનપણું જણાવે છે. 'પરંતુ એમ રસનું પ્રતિક્ષણ નવીનપણું સ્વીકારતાં રસના જ નિત્યત્વની હાનિ થશે ?' એમ શંકા થાય તો કહે છે કે એ વ્યવસ્થા તો 'ચૂતપ્રવાલ' શ્લોકમાં પહેલાં જ કહી ગયા છીએ. એ શ્લોકમાં કારિકાઓથી તે વ્યવસ્થા સ્પષ્ટ કરી છે, તેથી પ્રણાલીને લીધે પ્રાકટ્યના પ્રકારમાં ભેદ હોય

બાબત જાણીતી છે[૫]. ગાયો અને વાછરડાં તેવી જ સ્થિતિમાં રહ્યાં. બંનેની તેવી સ્થિતિ થવાનું કારણ એ કે આંખમાં અશ્રુનાં બિંદુ આવતાં અંદર આત્મામાં ગોવિંદનો સ્પર્શ તેઓ કરતાં હતાં. તેઓને બહારનું જ્ઞાન નહોતું, તેથી તેઓ ભગવાનનો અંદર અંતઃકરણમાં સ્પર્શ કરતાં હતાં. તેમાં પણ બંધ કરેલાં ચક્ષુથી ભગવાનનો સ્પર્શ કરતાં હતાં; અર્થાત્ તેમને ભગવાનની ભાવનામાત્ર નહોતી, પણ ભગવાન્ પ્રકટ હતા; જો એમ ન હોય તો પોતાની ભગવત્તુલ્યતા કેવી રીતે સ્ફુરે[૬] ? બહાર અદર્શનમાં હેતુ કહે છે કે અશ્રુની છે કલા (બિંદુ) જેમને એવી ગાયો હતી. ગાયના હૃદયમાં પ્રકટ થવામાં દોષ નથી, કારણ કે ભગવાન્ ગાયોના ઈન્દ્ર

---

તો પણ રસમાં નિત્યતાની હાનિ થતી નથી.

૫. કોઈક મોટાં હોય તે વ્રજમાં જ સ્થિતિ કરે છે, તેથી તેવાંના મુખમાં ઘુંટડાનું રહી જવું સંભવતું નથી, તેથી અતિબાલકો એમ કહ્યું. અથવા સંધ્યાકાલે ગાયોના વ્રજમાં આવ્યા પછી જ બાલકને એમ થાય છે; તેથી મોટાં વાછરડાંમાં પણ તે સંભવે છે, તેથી 'અતિ' પદ જરૂરનું નથી. સ્તનમાંથી ગ્રહણ કરેલો દૂધનો ઘુંટડો તે 'સ્તનપયઃકવલ' એમ મધ્યમપદલોપી સમાસ કરવો. પછી 'સ્નુત છે સ્તનપયઃકવલ જેમનો એવા શાવાઃ-બાલકો' એમ બહુવ્રીહિ સમાસ કરવો. અર્થાત્ માતાના સ્તનમાંથી ગ્રહણ કરેલ દૂધનો ઘુંટડો જેમના મુખમાંથી સ્રવે છે (બહાર નીકળે છે) એવાં, કારણ કે તે પયનો અંતઃપ્રવેશ થતો નથી, એવાં તે વાછરડાં છે. ગ્રહણની માફક જ નાદશ્રવણમાં ગળવાની ક્રિયા નિવૃત્ત થઈ જાય છે, તેથી દૂધનો અંદર પ્રવેશ થતો નથી; અને તેથી તેનો સ્રાવ થાય છે. ગ્રહણના અને ગળવાના વચમાં કાલ અલ્પ છે, તેથી આ સંદેહાત્મક છે, અને તે સંદેહના નિવારણને માટે પ્રસિદ્ધિવાચક 'સ્મ' પદ મૂકીને પ્રસિદ્ધિના હેતુરૂપ પ્રત્યક્ષ જ પ્રમાણ છે, એમ સૂચન કર્યું.

૬. મોહ ગાયમાં જ છે, અને દૂધનો સ્રાવ વાછરડાંમાં છે, પરંતુ ક્રિયાની નિવૃત્તિ તો બંનેમાં છે, અને બંનેની ક્રિયાની નિવૃત્તિનો હેતુ 'ગોવિંદ' પદથી કહે છે. નેત્રથી આત્મામાં ગોવિંદનો સ્પર્શ કરવો, એ તેમની ક્રિયાની નિવૃત્તિમાં હેતુ છે; તેઓને બહારનું જ્ઞાન નહોતું, તેથી ભગવાનનો અંદર-અંતઃકરણમાં સ્પર્શ કરતાં હતાં.

શંકા- પણ આ સર્વ તો પ્રાકટ્ય હોય ત્યારે જ ઘટી શકે, પણ તે પ્રાકટ્યમાં જ પ્રમાણ શું?

ઉત્તર- પ્રાકટ્ય વિના સ્પર્શ ઘટી શકતો જ નથી, તેથી પ્રાકટ્ય સિદ્ધ જ છે; તેમાં પણ નેત્રથી-બંધ કરેલાં ચક્ષુથી-ભગવાનનો સ્પર્શ કરે, અહિં વર્તમાન કૃદંત 'સ્પૃશન્ત્યઃ' પદ વાપર્યું છે, તેથી એ કાંઈ ભાવનામાત્ર નથી; પરંતુ ગોવિંદ પ્રકટ જ છે એમ જણાવ્યું; નહિ તો પોતાની ભગવત્તુલ્યતા કેવી રીતે સ્ફુરે ? વાછરડાંની પણ ક્રિયાની નિવૃત્તિ કહી, તેથી 'સ્પૃશન્ત્યઃ' એ નારીજાતિનો પ્રયોગ પણ ક્રિયાની નિવૃત્તિમાં હેતુ છે. વાછરડાંને તો કાંઈક સ્પર્શ પ્રાપ્ત છે; ગાયને તો ઉપરના અર્ધા શ્લોકમાં કહ્યા પ્રમાણે રસપાનથી સર્વથા જ સ્પર્શ છે; નહિ તો હીન જાતીયમાં બ્રહ્મના અપ્રાકટ્યમાં તુલ્યતાની સ્ફુર્તિથી સ્પર્શ કેવી રીતે સંભવે ? અર્થાત્ જ્યારે હીન જાતીયમાં બ્રહ્મનો આવિર્ભાવ થાય ત્યારે તુલ્યતાની સ્ફુર્તિથી સ્પર્શ સંભવે છે. આ આવિર્ભાવ ઔપચારિક-ગૌણ-નામનો નથી, એમ કહેવાને કાર્ય દ્વારા પણ પરિચય કરાવે છે કે જો એમ ન હોય તો ઉપર કહેલા મોહના પ્રયોજનરૂપ પોતાની ભગવત્તુલ્યતા કેવી રીતે સ્ફુરે ?

છે; તે સૂચન કરવાને 'ગોવિંદ' પદ મૂક્યું છે[૭]. ૧૩.

૭. હીનમાં રહેલા ભગવદાવિર્ભાવમાં પણ ભાવના આભાસરૂપ દોષ નથી, એમ સિદ્ધ કરવાને 'ગોવિંદ' પદ મૂક્યું છે; કારણ કે આ ગોવિંદ તો તેમના ઈન્દ્ર છે; પુષ્ટિમાર્ગીય પરમ ઐશ્વર્યને પ્રાપ્ત એવા ઈન્દ્ર છે, તેથી ત્યાં મર્યાદાનું ઉલ્લંઘન એ દૂષણ નથી પણ ભૂષણ છે.

## શ્રીહરિરાયજીકૃત સ્વતંત્ર લેખનું વ્યાખ્યાન :

શંકા– ભગવદ્‌ભાવનો ઉદ્‌બોધ કરવો, એ વેણુનાદનો સહજ ધર્મ છે; તો તેના શ્રવણથી અપ્સરાને કામભાવનો ઉદય થઈને મોહની ઉત્પત્તિ કેમ થઈ ?

ઉત્તર– તે વેણુનાદની કૃપાથી મને આ પ્રકારે જણાય છે–વેણુનાદ સર્વને મૂલથી કામનો ઉદ્‌બોધક જ કરે છે. એનું પ્રમાણ એ છે કે 'મન્મથસ્ય અગ્રદૂતઃ' 'કામનો પ્રથમ દૂત' એવું વાક્ય છે, અને તેથી જ પૂર્વે પણ સ્વામિનીઓને વેણુનાદના શ્રવણથી તે જ ભાવ ઉત્પન્ન થયો હતો, 'વેણુગીતં સ્મરોદયં નાશકન્ સ્મરવેગેન' વિગેરે વાક્ય અહિં પ્રમાણ છે, તેથી સ્વામિનીની માફક જ્યાં વેણુનાદ દ્વારા પ્રવેશ કરવાને, અને જ્યાં નદી, વૃક્ષ, લતા, વિગેરેમાં સ્વામિનીઓની સાથે વિહાર કરવાને, તેમને તેટલી જ લીલાસંબંધી કાર્યમાં ઉપયોગી કરી દેવાને વેણુનાદ કરે છે; અથવા હરિણી વિગેરેમાં જ્યાં દૃષ્ટિની સરખામણીથી સ્વામિનીના ભાવથી દૃષ્ટિ કરનાર પ્રભુ પ્રવેશ કરવાને વેણુનાદ કરે છે, ત્યાં જ પોતપોતાના અધિકારાનુસાર ભગવદ્‌ભાવનો ઉદય થાય છે; તેથી અહિં અપ્સરાઓને અને બીજા ગીતમાં બ્રહ્મા વિગેરેને વેણુનાદના શ્રવણથી કામ દ્વારા મોહ જ થયો; પણ રસનો અનુભવ થયો નહિ.

શંકા– ત્યારે તો અપ્સરાઓને, શ્રવણ કરાવવાનું શું પ્રયોજન ? ભગવાન્ કાંઈ પણ કાર્ય પ્રયોજન વિના કરતા જ નથી.

ઉત્તર– અહિં વેણુનાદનું પ્રયોજન ભગવાનનાં વીર્યનો બોધ કરવો એ જ છે; કારણ કે વેણુનાદમાં રહેલા છ ગુણની સિદ્ધિને માટે તે વીર્યનો બોધ આવશ્યક છે, તેથી જ 'વીર્યં દેવેષુ' વિગેરે કારિકા કહી. એમ હોવાથી ગાયને પણ પ્રથમ તો વેણુનાદના શ્રવણથી કામ દ્વારા દેવસ્ત્રીની માફક મોહ જ થયો, અને તે જ મોહનું વિવરણ 'ગાવશ્ચ'માં 'ચ'કારનો અર્થ કહીને કર્યું. પણ પછી ભગવદીયત્વ, ભગવાન્ સાથે સંગતત્ત્વ, વિગેરે ધર્મોને લીધે ખાસ કૃપા થતાં સ્વામિનીની માફક ગાયમાં પણ વેણુનાદ દ્વારા પ્રવેશ કરવાને અહિં ભગવાને જે સામગ્રી પ્રકટ કરી તે સામગ્રીનો બોધ કરવાને પહેલાંના નાદથી અધિક પ્રકારના 'બર્હાપીડમ્' શ્લોકમાં નિરૂપણ કરેલા સ્વરૂપાત્મક વેણુનાદનું નિરૂપણ 'સદાનંદો વાચ્યઃ' વિગેરેથી કહ્યું. અહિં આ ભાવ છે–કૃષ્ણનું ગીત, એમ દૂરનો સંબંધ અહિં અભિપ્રેત છે એમ જણાય છે; તેથી વાચ્યતાસંબંધથી ગીતમાં 'કૃષ્ણ' હોવાથી, ગીતનો અર્થ 'સદાનંદ' જાણવો, અને તે 'સદાનંદ–કૃષ્ણ' શ્રીસ્વામિનીજીનો ગૂઢભાવ છે; તેથી ગાયને હૃદયમાં અનુભવને માટે તે ભાવનું જ દાન વેણુગીત દ્વારા ભગવાને કર્યું, એમ જાણવું. વળી તાપભાવ પણ હૃદયમાં ભગવદ્‌અનુભવનું કારણ હોવાથી બહારના અનુભવમાં કામભાવની માફક આંતર અનુભવમાં તાપભાવનું દાન કરવું આવશ્યક છે, તે કારણથી ગીતમાં પરંપરાથી મુખના સંબંધનું પણ નિરૂપણ કર્યું; સાક્ષાત્સંબંધમાં બાહ્યસંબંધના અભાવમાં પણ અતિશય સહનની અશક્તિને લીધે શરીરની સ્થિતિ પણ ન રહે, તેથી જ શ્રીસ્વામિનીજીઓને પણ પંચાધ્યાયીમાં સંયોગનો અનુભવ કરાવીને પછી જ કેવલ આંતર અનુભવ કરાવ્યો. 'મુખ' શબ્દના વ્યાખ્યાનમાં

સુબોધિનીજી– સંગના અને જ્ઞાનના અભાવને લીધે પક્ષીઓને વેણુગીતનું શ્રવણ અસંભવિત છે, એમ માનીને તેની સંભાવનાનું નિરૂપણ કરતાં 'પ્રાયઃ' વિગેરે શ્લોક કહે છે[1]:

**પ્રાયો બતામ્બ વિહગા મુનયો વનેસ્મિન્ કૃષ્ણેક્ષણા[2]સ્તદુદિતં કલવેણુગીતમ્ ।।**
**આરુહ્ય યે દ્રુમભુજાન્ રુચિરપ્રવાલાન્**
**શ્રૃણ્વન્તિ મીલિતદશો વિગતાન્યવાચઃ ।।૧૪।।**

હે મા ! બહુ આનંદની વાત છે કે આ વનમાં સુંદર પ્રવાલવાળા ઝાડોની શાખા ઉપર ચઢીને કૃષ્ણને વિષે પોતાનું સુખ માનનારાં, નેત્ર મીંચીને બીજી સર્વ

---

વાણીના અધિપતિની પ્રેરણા વિના વેણુમાં તેનો સંચાર થઈ શકે નહિ, તેથી તાપભાવનો સંબંધ વેણુને વાણી દ્વારા જ છે.

શંકા– અહિં કોઈ પણ સ્થલે વાણીનું નિરૂપણ જ નથી, કે જેના દ્વારા વેણુમાં તાપભાવનો સંબંધ થાય; પણ અહિં તો નાદમાત્રનું જ કથન છે.

ઉત્તર– ગીત મુખમાંથી નીકળે છે, તેથી ગીતના વિશેષરૂપ નિર્ગમન ક્રિયા તે જ વાણીરૂપ છે. લોકની માફક ભગવાનની વાણી કાંઈ તાલુ અને ઓષ્ઠની ક્રિયાથી ઉત્પન્ન થતી નથી, તેથી જ ભગવાનના નિઃશ્વસનક્રિયારૂપ (નિશ્વાસરૂપ) વેદને વાણીરૂપ કહ્યા; અને તેથી જ 'પ્રજાપતિર્હિ વાક્' એ શ્રુતિમાં પ્રજાપતિ વેદાત્મક હોવાથી તેને વાણી રૂપ કહ્યા; વળી આંતર અનુભવમાં બહારના જ્ઞાનનો અભાવ પણ અપેક્ષિત છે, તે કારણથી તેને માટે પણ વેણુનો સંબંધ કહ્યો; કેમકે વેણુ બીજા સર્વને ભુલાવનાર છે, તો પણ જો એમ શંકા થાય કે એ રીતે પણ ગાયમાં યોગ્ય શરીર સિદ્ધ નથી, તેથી આ બધી જ સામગ્રી વ્યર્થ છે, તો તેનો ઉત્તર 'ગીત ભગવદ્વાચક છે, તેથી છ ગુણવાળું છે' એનાથી આપે છે. અસાધારણ છ ગુણ જ ભગવાનને સૂચવે છે, કેમકે 'ભગવાનિતિ શબ્દ્યતે' એમ કહ્યું છે. વેદ પણ ગુણ દ્વારા જ સર્વાત્મક ભગવદ્વાચક છે, કારણકે 'બંદી અથવા ભાટ લોકો ભગવાનનાં પરાક્રમોનું ગુણગાનથી વર્ણન કરે છે' એમ વાક્ય છે; તે કારણથી આ ગીત ભગવદ્વાચક હોવાથી અસાધારણ જ છે, અને તેથી (ગીતથી) બીજા સર્વની વિસ્મૃતિ થવાથી પોતાના આત્મામાં ગાયોને સ્વામિની–પણાની સ્ફૂર્તિ થાય છે, તેથી ભાવાત્મક સ્વરૂપનો આંતર અનુભવ કાંઈ પણ અડચણ વિના થાય, એ યોગ્ય જ છે. આ વેણુગીતનું કાર્ય યશરૂપ છે. આ પ્રમાણે અયોગ્યને યોગ્ય કરવારૂપ અસાધારણ કાર્ય જો વેણુગીત કરે નહિ તો તેનું યશરૂપત્વ જ સિદ્ધ થાય નહિ.

વેણુનાદની સુધાથી પૂર્ણ એવી ગાયો, જેમને હૃદયમાં રહેલા હરિ પ્રિય છે,
અને જેઓ અત્યંત ગૂઢ છે, તેઓ પોતાની રજથી મને સ્નાન કરાવો.

---

૧. વિવેચન– અહિં 'શ્રવણ'નો અર્થ 'નાદનિષ્ઠ રસના અનુભવરૂપ શક્તિતાત્પર્યનિર્ધાર' કરવો. 'શ્રવણ' શક્તિતાત્પર્યનિર્ધાર નાદમાં રહેલા રસનો અનુભવ છે, તેથી જ અનુવાદમાં 'તેઓએ સર્વ તત્ત્વ જાણ્યું' એમ કહેવાશે. જેમ હરિણીને કૃષ્ણસારના સંગથી અથવા ગાયને કૃપા વડે જ જ્ઞાનસામગ્રી પ્રકટ થતાં જ્ઞાન સંપાદન થયું તેમ અહિં નથી. તેથી પક્ષીનું શ્રવણ અસંભવિત માનીને મુનિપણાના નિરૂપણ પૂર્વક શ્રવણ સિદ્ધ કરે છે.

૨. પાઠભેદ; 'કૃષ્ણેક્ષિતમ્'.

વાણીને દૂર કરીને કૃષ્ણે કરેલા સુંદર વેણુગીતનું શ્રવણ જે પક્ષીઓ કરે છે, તે ઘણુંખરું મુનિઓ છે. ૧૪.

સુબોધિનીજી– આ ગોપીઓ નિર્ગુણ છે, તેથી જ શ્રીયશોદાજીની સાથે તેમનો સ્નેહ છે. અથવા તેઓ શ્રીયશોદાજીના ઘરની કન્યાઓ છે. જેમ ગાયોનો, ધનનો અને રત્નોનો સંગ્રહ કરાય છે તેમ ઉત્તમ કન્યાઓનો સંગ્રહ કરવામાં આવતો; કન્યાઓને દ્રવ્યથી ખરીદ કરીને રાજાને દાનમાં આપવાને માટે ઘરમાં પાળવામાં આવતી, તે શ્રીયશોદાજી અને શ્રીનંદરાયજીના ઘરની કુમારિકાઓ 'અંબ (હે મા !)' એમ સંબોધન શ્રીયશોદાજીને કહે છે. આ પક્ષીઓ મુનિઓ છે, એમ નક્કી કહેતાં નથી; કારણ કે જો નક્કી તેમ કહે તો પક્ષીને મુનિ તરીકે જાણનાર આ ગોપિકા કોણ છે? (એનું ખરું સ્વરૂપ શું છે ?) તેનો ગોપિકાસભામાં સંદેહ થાય; માટે આ પક્ષીઓ 'ઘણુંખરું મુનિઓ છે' એમ કહ્યું. 'બત' એ પદ ખેદના અર્થમાં છે. આવી યોનિ એને કેમ પ્રાપ્ત થઈ હશે ? એમ 'બત' પદથી ખેદ બતાવે છે. અથવા 'બત' એ પદ હર્ષ માટે પણ હોઈ શકે, તે એમ સૂચવે છે કે આ પક્ષીઓએ (પોતે લીલાનો અનુભવ કરવાને) આ બહુ સારો ઉપાય રચ્યો કે પક્ષીયોનિ ધારણ કરી લીધી. 'હે મા !' એ સંબોધન દયાને માટે છે. કોઈક ટીકાકાર એમ કહે છે કે તેનામાં ભગવાનનાં આવિર્ભાવને લીધે એ સંબોધન છે[3]. તેથી આ બોલનાર ગોપિકાના વાક્યોથી પક્ષીઓ ઘણુંખરું મુનિ જ છે, એમ સિદ્ધ થાય છે[4]. તે પક્ષીઓ મુનિ છે, મનનશીલ છે, તેથી જાણે છે કે અહિં ભગવાન્ પ્રકટ થશે[5]; તે કારણથી જ વનની અંદર કૃષ્ણની ભાવનાથી જ જેમની ક્ષણ(સમય) જાય છે,

૩. વિવેચન– સર્વાત્મક ભગવાનની માતા તે સર્વની જ માતા, એમ 'અંબ' પદથી સૂચવે છે, એમ કેટલાક ટીકાકારનો મત છે, પણ આ બોલનાર ગોપીજનને વિષે ભગવાનનું પતિપણું આગળ કહેવાશે, તેથી એ વ્યાખ્યાન ઠીક નથી, એમ જણાવવાને 'કોઈક ટીકાકાર' એમ પદ મૂક્યું છે. સિદ્ધાંતમાં તો એ ઘરની કન્યાઓ છે, તેથી કન્યા તરીકે જ 'મા' પદ વાપરે છે. બીજા પક્ષમાં પણ દયાને માટે એવું સંબોધન ઘટે છે, એ તો કહ્યું જ છે.

૪. સાંભળનાર તરફ તેમનું મુનિપણું પોતે ઉપપાદન કરે છે કે આ બોલનાર કુમારિકા છે, તેથી ઋષિ છે; અને એ ઋષિવાક્ય હોવાથી ઘણુંખરું આ પક્ષીઓનું મુનિત્વ સિદ્ધ થાય છે.

૫. મૂલમાં 'યે (જે)' પદના અર્થમાં 'જે પક્ષીઓ છે તે મુનિઓ છે, અને તેથી જ શ્રવણ કરે છે' એમ પહેલાંની સાથે સંબંધ જાણવો; પાછળની સાથેના સંબંધમાં તો મુનિપણામાં હેતુ 'શ્રવણ' થઈ જાય, શ્રવણમાં હેતુ 'મુનિપણું' ન રહે, અને તેથી ઉત્થાનિકામાં વિરોધ પ્રાપ્ત થાય. અહિં નાદમાં સુધારૂપ ભગવાનનો પ્રાદુર્ભાવ થશે, એમ આ મનનશીલ મુનિઓ જાણે છે, તેથી જ મુનિપણાથી અથવા ઋષિપણાથી ભવિષ્ય જાણીને આ વનમાં 'કૃષ્ણની ભાવનાથી જ જેમની ક્ષણ જાય છે, એવાં થઈને શ્રવણ કરે છે,' અથવા 'કૃષ્ણમાં જ છે સુખ જેમને,' એવા આ મુનિઓ છે; અથવા 'કૃષ્ણમાં જ છે દર્શન જેમનું' એવા મુનિઓ ભગવદ્દર્શન કરે છે.

એવાં તેઓ શ્રવણ કરે છે; અથવા કૃષ્ણનું દર્શન કરતાં કરતાં તેમણે ગાએલા અવ્યક્ત વેણુગીતનું વૃક્ષની શાખાઓ ઉપર ચઢીને શ્રવણ કરે છે, જ્યાં સુધી ભગવાનનાં વેણુનાદનું શ્રવણ થયું જ ન હતું ત્યાં સુધી ભગવાનના રૂપનાં જ દર્શન કરતાં જ તેઓ સ્થિતિ કરી રહ્યાં હતાં; પરંતુ ભગવાને વેણુનાદનો આરંભ કર્યો, ત્યારે રૂપનું દર્શન અને વેણુનાદનું શ્રવણ બંને તેઓ કરવા લાગ્યાં[૬]. વળી જ્યારે ત્યાંથી ભગવાન્ દૂર પધાર્યા ત્યારે ત્યાંથી ઉઠીને બીજી જગ્યાએ જવામાં તો વેણુનાદનો રસ ચાલ્યો જશે, એમ સમજી ત્યાં જ આંખ મીંચીને રહ્યાં. 'કદાચિત્ તે રસ બીજા પ્રકારના રસને અથવા લૌકિક રસને ઉત્પન્ન કરશે, અથવા બીજા રસથી તેનો પ્રતિબંધ થશે,' એમ શંકા કરવી નહિ; કારણ કે વેણુનાદ અવ્યક્ત મધુર છે[૭]. તેથી ભગવાન્ પાસેથી નીકળેલું નાદબ્રહ્મરૂપ વેણુગીત છે. વેણુ પણ અવ્યક્ત મધુર છે, અને તેમાંથી મધુર રસ જ ઉત્પન્ન થશે, અથવા ગીત ભગવાને કહેલા પરમ અર્થને પ્રતિપાદન કરવાવાળું છે. આ અર્થમાં 'તદુદિતમ્' એ વિશેષ્ય સમજવું[૮]. વેદની શાખાની માફક ઝાડોની શાખાઓ ઉપર ચઢીને પડવાની અથવા કોઈએ મારવા વિગેરેની શંકાનો અભાવ હોવાથી નિશ્ચિત થઈને પક્ષીઓ શ્રવણ કરે છે. મનનો બીજા કોઈ વિષયમાં સંચાર ન થાય, તેને માટે ભગવાન્ જ્યારે દૂર પધાર્યા ત્યારે આ પક્ષીઓ દર્શનના અભાવમાં મનનનો અભ્યાસ હોવાને લીધે તેઓ આંખો મીંચીને રહ્યાં (કારણ કે ભગવાન્ દૂર પધાર્યા તેથી દર્શનનો સંભવ નથી). બીજા વિષયની વાણીનો ખાસ કરીને તેમણે ત્યાગ કર્યો છે; ભગવાનને ઉપયોગી વાણીનો તેમણે ત્યાગ કર્યો નથી, તે જણાવવાને 'અન્ય (બીજી)' પદ મૂક્યું છે. પક્ષીની આ સ્થિતિ દરરોજની છે, એમ સમજવું; જો એમ ન હોય તો શ્રવણ સમયે બોલે તો શ્રવણને અડચણ થાય, તેથી વાણીનો અભાવ સિદ્ધ જ

૬. ઝાડોની શાખા ઉપર ચઢીને, પહેલાં કૃષ્ણેક્ષણ થયા અને પછી તેવાં જ રહીને શ્રવણ કર્યું, તેથી તેમની આંખ મીંચાઈ ગઈ. કૃષ્ણેક્ષણત્વમાં-કૃષ્ણને નિરખવામાં આંખનું બંધ થવું સંભવતું નથી, તેથી આ પ્રકારે વિભાગથી વ્યાખ્યાન કર્યું.

૭. નાદ અવ્યક્ત છે, તેથી પોતામાં રહેલી સ્વરૂપદર્શનની ઈચ્છા ઉત્પન્ન કરશે નહિ, એમ શંકા ન કરવી. એમ હોત તો ઉડીને બીજી જગ્યાએ ચાલ્યાં જાત. 'પૂર્વે અનુભવ કરેલું કૃષ્ણેક્ષણરૂપ રસાંતર ઉડીને ગમન નાદના માધુર્યથી થશે નહિ' એમ આશંકા પણ ન કરવી, કારણ કે વેણુગીત કલ-અવ્યક્તમધુર છે, તેથી ભગવાનમાંથી ઉદિત થએલું નાદબહ્માત્મક છે; અને વેણુ પણ અવ્યક્તમધુર છે, તેથી મધુર જ રસ ઉત્પન્ન થશે; આથી વિજાતીય રસની નિવૃત્તિ કહી.

૮. એમ અહિં સુધી વેણુનું 'કલત્વ' સિદ્ધ કર્યું, અથવા ગીત જ અવ્યક્ત મધુર છે. કારણ કે ભગવાને કહેલા પરમ અર્થને પ્રતિપાદન કરવાવાળું છે. અહિં 'ભગવાને કહેલા' એ પદથી લૌકિક અર્થની નિવૃત્તિ કહીને ગીતમાં રહેલું માધુર્ય સૂચવ્યું. ગીત તેમાંથી ઉત્પન્ન થયું છે; ઉદય થયું છે. બીજા અર્થમાં 'ઉદિત'નો અર્થ 'કથિત' કર્યો.

છે; તેથી 'બીજી સર્વ વાણીને દૂર કરીને' કહેવું નિરર્થક થઈ જાય. સાર એ કે 'સર્વદા આ રસનો અનુભવ હૃદયમાં થાય છે' એમ જણાવ્યું. આથી આ નાદનું અલૌકિકત્વ અને દુર્લભત્વ સૂચવ્યું. મુનિઓની અયોગ્ય વસ્તુમાં આસક્તિ સંભવિતી નથી, તેમને બાણ વિગેરેના ભયની શંકા નથી, તે 'સુંદર પ્રવાલવાળા' પદથી કહે છે[૯]. પલ્લવો ઉત્તમ છે, આંબા વિગેરે પર રહેલાં કોમળ પાંદડા પણ દૃષ્ટિ મીંચી દેવામાં હેતુ છે; જો ન મીંચે તો પ્રવાલનાં દર્શન થાય. મુખ બંધ કરવામાં પણ હેતુ છે, જો તે બંધ ન રાખે તો પ્રવાલ ભક્ષણ કરવાનું મન થાય, (જો મુખ બંધ ન કરે તો તેઓ બહુ હોવાથી) ઘોંઘાટ-કોલાહલ પણ થાય, શકુન ભાષણ થાય, અથવા એક બીજાને પદાર્થનિરૂપણ તે મુનિ-પક્ષી કરવા મંડે. ૧૪.

સુબોધિનીજી- ભગવાનના વેણુનાદથી નદી વિગેરેમાં જે થયું, તે 'નદ્યસ્તદા' શ્લોકથી કહે છે[૧]:

**નદ્યસ્તદા તદુપધાર્ય મુકુન્દગીતમાવર્તલક્ષિતમનોભવભગ્નવેગાઃ ।।**
**આલિંગનસ્થગિતમૂર્મિભુજૈર્મુરારેર્ગૃહ્ણન્તિ પાદયુગલં કમલોપહારાઃ ।।૧૫।।**

તે સમયે તે મુકુંદ[૨] ભગવાનનાં ગીતનું શ્રવણ કરીને ભમરીઓથી (વમળોથી) જણાતા કામદેવથી ભાંગી ગયો છે વેગ જેમનો, એવી નદીઓ કમલની ભેટ લઈને મુરારિ ભગવાનનાં આલિંગન માટે સ્થિર થએલા ચરણયુગલને મોજારૂપી હસ્તથી ગ્રહણ કરે છે. ૧૫.

સુબોધિનીજી- જ્યારે મુનિઓ ઉપર ભગવાને અનુગ્રહ કર્યો, અને

---

૯. સુંદર પલ્લવોથી જ તેમનું અંગ ઢંકાએલું છે, તેથી તેમનું દર્શન કોઈ પારધી-શિકારી વિગેરેને થઈ શકતું નથી; તે કારણથી તેમને બાણ વિગેરેનો ભય નથી, એમ કોઈક ટીકાકાર કહે છે.

શ્રીગુસાંઈજીનો અર્થ- જો કે આ ઉપર કહેલો હેતુ મુનિપણું સિદ્ધ કરે છે; તો પણ મારા મનમાં આ પ્રકારે સ્ફૂર્તિ થાય છે-આ પક્ષીઓ નાદના રસમાં એટલાં તો આસક્ત છે, કે સ્વરૂપરસનો અંતરાય પણ સહન કરે છે, તેથી અહિં આ પ્રમાણે બીજું તાત્પર્ય પણ સમજવું. 'ભુજ' પદનું તાત્પર્ય તો પહેલાં જ કહ્યું છે. કદાચિત્ વેષ, શય્યા, વિગેરેને સારું ત્યાં ભક્તનું, અથવા સુંદર પાંદડાં વિગેરે લેવાને માટે પ્રભુનું આરોહણ(ઝાડ ઉપર ચઢવું તે) થાય, તો પ્રભુના નિકટપણાના રસનો પણ અનુભવ થાય; એ આશાથી તેઓ ત્યાં ચઢ્યાં છે, એમ 'સુંદર પાંદડાંવાળા' એ વિશેષણનું તાત્પર્ય છે. જો નેત્ર મીંચ્યાં ન હોય તો પાંદડાં લાવવાને માટે ભક્તો નિઃશંક ત્યાં જાય નહિ, તેથી તેઓએ નેત્ર મીંચ્યાં છે; વાણીના નિરોધનો હેતુ તો સ્પષ્ટ જ છે.

૧. વિવેચનઃ અહિં 'આદિ' પદથી સરોવરનું અને ઝરણાનું ગ્રહણ કરવું. જો કે મૂલમાં 'નદી' પદ માત્ર છે, તો પણ વ્રજમાં બીજી નદી પ્રકટ નથી, કેવલ શ્રીયમુનાજી જ બિરાજે છે, તેથી 'નદ્યઃ' એ બહુવચનથી સરોવર વિગેરેનું ગ્રહણ કરવાનું જણાવવાને 'નદ્યાદિષુ' પદ મૂક્યું છે.

૨. આ શ્લોકમાં શ્રીસુબોધિનીજીમાં 'મુકુંદ' પદનો અર્થ જણાતો નથી, તેનો અર્થ 'મોક્ષદાતા' પ્રસિદ્ધ છે, તેથી પુષ્ટિમાર્ગીય મોક્ષદાતા એવા જે 'મુકુંદ' તેમના ગીતને, એમ અર્થ ગ્રહણ કરવો.

જ્યારે તેમણે વેણુ દ્વારા સર્વ સત્ત્વ (ભગવાનનાં સ્વરૂપાત્મક રસતત્ત્વને) જાણ્યું, ત્યારે નદીઓ પણ અમે કૃતાર્થ થઈશું, એ હેતુથી મુનિઓના જ્ઞાનના ઉપદેશનો નિશ્ચય કરીને, તે પ્રસિદ્ધ મોક્ષદાતા ભગવાનનું ગીત સાંભળીને ભમરીથી અથવા મૂર્છાથી જણાતો જે આ મનોભવ તે 'સ્તંભજનક મનોભવથી ભાંગી ગયો છે વેગ જેમનો' એવાં તે નદી વિગેરે થઈ ગયાં; તેમની સ્વાભાવિક ગતિ કુંઠિત થઈ ગઈ. અહિં 'મનોભવ'નો અર્થ 'વિવેક' સમજવો[3]. જે ઘણુંખરું અચેતન (જડ) છે તેને પણ ભગવાનનાં સંબંધની આકાંક્ષા થાય છે (તેથી તે વિવેક સહિત સમજવું) સ્થિતિમાત્રથી તેની આસક્તિ થતી નથી. 'ઔષધ વિગેરેથી પણ તેનો સંભવ છે' તે શંકા દૂર કરવાને કહે છે કે આલિંગન માટે સ્થિર થએલા ભગવાનના ચરણ-યુગલને કમલની ભેટ ધરતાં ઉર્મિરૂપ (મોજારૂપ) પોતાના હસ્તથી ગ્રહણ કરે છે. પોતાનું હૃદયકમલ ભગવાનના ચરણારવિંદમાં સમર્પીને ભગવાનનું ચરણયુગલ પોતે ગ્રહણ કરે છે. નદીઓ પણ દેવતા હોવાથી તેમની સાથે બીજી કોઈ લીલા સંભવતી નથી[4], માટે જ આલિંગન માટે જ સ્થિતિ કરી તેનું પ્રયોજન એ છે કે ભગવાન્ 'મુરારિ' છે, 'મુર' જલના દોષરૂપ 'અવિદ્યા' છે, તેના 'શત્રુ' ભગવાન્ હોવાથી ભગવાનના ચરણના સંબંધથી નદીમાં રહેલી અવિદ્યાનો (ભગવાનને ઉપયોગી નહિ એવા દેહના સંબંધનો) નાશ ( ચરણના સંબંધથી ભગવાન્ અવશ્ય કરશે; તે કારણથી નદી એ પ્રમાણે ચરણયુગલને ગ્રહણ કરે છે ). ૧૫.

સુબોધિનીજી– મેઘને જે થયું, તે 'દૃષ્ટ્વા' એ શ્લોકથી કહે છેઃ

**દૃષ્ટ્વાતપે વ્રજપશૂન્ સહરામગોપૈઃ**
**સઞ્ચારયન્તમનુવેણુમુદીરયન્તમ્ ।।**
**પ્રેમપ્રવૃદ્ધ ઉદિતઃ કુસુમાવલીભિઃ**
**સખ્યુર્વ્યધાત્ સ્વવપુષામ્બુદ આતપત્રમ્ ।।૧૬।।**

તડકામાં વ્રજના પશુઓને રામ અને ગોપોની સાથે સારી રીતે ચરાવતા અને વેણુગીત ગાતા પોતાના સખા ભગવાનનાં દર્શન કરીને પ્રેમથી પ્રવૃદ્ધ થઈને મેઘે પોતાના શરીરથી પુષ્પની વૃષ્ટિ કરીને તેમના પર છત્ર ધર્યું. ૧૬.

સુબોધિનીજી– શરદ્ઋતુના સંબંધી તડકાને વિષે વ્રજનાં પશુઓ જેઓ સર્વદા છાયામાં રહેવાના અભ્યાસવાળાં હતાં, જેમના રક્ષક ગોપ હતા, અને રામ

---

૩. વિવેચન– અહિં કામ વિવેક સહિત છે; દેવસ્ત્રીની માફક સારને દૂર કરનાર નથી, જો તેમ થાય તો ભગવાનની સમીપ નદી પણ જઈ શકે નહિ.

૪. ભગવાને માનુષ ભાવનો સ્વીકાર કર્યો છે, તેથી નદીઓ અમાનુષ હોવાથી તેમનું ભોગ્યપણું સંભવતું નથી. અપ્સરાઓ પણ દેવી હતાં, તેથી તેમનું ભગવાનની પાસે આવવું થયું નહિ, એ પહેલાં કહ્યું જ છે, તે જણાવવાને 'અપિ (પણ)' શબ્દ કહ્યો.

જેની રતિની વૃદ્ધિ કરનાર હતા, રામ અને ગોપની સાથે (અથવા ગોપ દ્વારા એવા વ્રજના પશુઓને) સારી રીતે સર્વ સામગ્રીસહિત દેવતા અને વેદસહિત, ધર્મસહિત[1] (પશુઓને) વેણુ વગાડતા, એટલે સર્વેના આધિદૈવિક સ્વરૂપોને ઉદ્દીપન કરતા પ્રભુના ઉપર મેઘે છત્ર ધર્યું. જ્યારે ભગવાન્-પ્રભુ સર્વ શક્તિ સહિત (જ્ઞાનક્રિયાધર્મસહિત) ક્રીડા કરે છે ત્યારે અવશ્ય છાયાની અપેક્ષા રહે છે; તે કારણથી ભગવાનના ઉપર સ્નેહને લીધે સખ્ય સુધી પહોંચેલા અને તેનાથી જ વૃદ્ધિ પામેલા મેઘે પાતાના શરીરથી પોતાના મિત્ર ભગવાનને છત્ર ધર્યું. 'પ્રવૃદ્ધમુદિત' પાઠ હોય તો 'વૃદ્ધિ પામેલો અને આનંદિત થએલો એવો મેઘ' અથવા પ્રેમ જેવી રીતે પ્રવૃદ્ધ થાય તેવી રીતે વધેલા પ્રેમથી ઉદિત થએલા મેઘે છત્ર ધર્યું, એમ અર્થ કરવો. પહેલાં આ મેઘે સખ્ય સુધી ભક્તિ કરી હતી, અને હવે તેણે આત્મનિવેદન ભક્તિ પણ સૂક્ષ્મ જલની કણિકા (જીણાં જીણાં છાંટા)થી કરી, પ્રેમથી જ એ વધેલો હતો, શ્રવણથી શરુ કરીને સખ્ય સુધી તે ગએલો હતો, અથવા સ્નેહને લીધે પુષ્ટ (સ્થૂલ) થયો હતો, કામરૂપી મેઘ ઈચ્છિતરૂપ ધારણ કરી શકે છે, તેથી ચાલતા પ્રસંગમાં ભગવાનના ઉપર સ્નેહને લીધે પોતાને ઈચ્છિતરૂપ ધારણ કર્યું, કે જેથી સર્વના ઉપર છાયા થાય.

શંકા– એમ કરવાથી તો પોતાને પણ ક્લેશ થાય, તો દુઃખથી એમ કરવાનું શું પ્રયોજન ?

ઉત્તર– તેને આનંદ થયો હતો (ક્લેશ કે દુઃખ થયું ન હતું) જન્મથી જ જે ભક્તિથી વધે છે, તે છેવટે આત્મનિવેદન કરે છે. (શુકદેવ વીરરાઘવ વિગેરે) કેટલાંક ટીકાકારો એમ કહે છે કે લોકોને ઉપકાર કરવો, નીલ શ્રીઅંગ હોવું અને જીવનદાન આપવું, એ ત્રણ ગુણો સમાન હોવાથી મેઘને અને ભગવાનને સખ્ય છે. 'સર્વસ્વનું દાન કર્યું' એ જણાવવાને માટે 'કુસુમાવલીભિઃ (કુસુમાવલી ની સાથે)' એમ કહ્યું. આથી 'છાયા કરી' વિગેરે કહેવાથી એમ સૂચવ્યું કે ભગવાન્ સાક્ષાત્ લક્ષ્મીની સાથે ક્રીડા કરતા હતા[2]. તેથી જ આગળ પુલિંદીઓની સ્તુતિ શ્રીગોપીજનોથી થશે. ગોપોથી ગોચારણ, બલભદ્રથી રક્ષા, વેણુનાદથી પ્રબોધ અને પછી રમણ. આ કારણથી આ મેઘ પણ સખા હોવાથી તેવે સમયે શેષની માફક છાયા કરે, તે ઉચિત જ છે. ૧૬.

સુબોધિનીજી– વનમાં વાસ કરનાર હલકી જાતિના ભીલ, તેમની સ્ત્રી તે

---

૧. વિવેચન– દેવતા વેદ વિગેરેથી સામગ્રીનું જ વિવરણ કર્યું.
૨. કારણ કે છાયા કરવું વિગેરે તે લક્ષ્મીનું અસાધારણ ચિહ્ન હોય એમ જણાય છે. આ અર્થને ટેકો આપનાર બીજી વાત પણ કહે છે કે આગળ તે જ કારણથી પુલિંદીઓની સ્તુતિ શ્રીગોપીજનોથી થશે.

ભીલડી અથવા પુલિંદી, તેમને પણ ભગવાનની સમીપતાથી ભક્તિ થઈ, તે 'પૂર્ણાઃ પુલિંદ્યઃ' શ્લોકથી કહે છે :

**પૂર્ણાઃ પુલિંદ્ય ઉરુગાયપદાબ્જરાગ-શ્રીકુંકુમેન દયિતાસ્તનમણ્ડિતેન ।।**
**તદ્દર્શનસ્મરરુજસ્તૃણરૂષિતેન લિમ્પન્ત્ય આનનકુચેષુ જહુસ્તદાધિમ્ ।।૧૭।।**

ભગવાનનાં દર્શનથી થતી કામની પીડાવાળાં પુલિંદી-ભીલડીએ લક્ષ્મીના સ્તનના મંડનરૂપ તૃણ ઉપર લાગેલું ભગવાનના ચરણકમલના રાગરૂપ કુમ્ કુમથી પોતાના મુખ અને કુચ ઉપર લેપ કરીને કામનું દુઃખ દૂર કર્યું, તે પુલિંદીઓ પૂર્ણ છે. ૧૭.

સુબોધિનીજી- સર્વના કરતાં પુલિંદીજીઓ જ પૂર્ણ છે, કેમકે તેમને સાક્ષાદ્ ભગવચ્ચરણારવિંદરજનો સંબંધ છે[૧]. ઘણા ભક્તો જેનું ગાન કરે છે, એવા ભગવાન્ ઉરુગાય છે; જે સર્વ પ્રમાણથી સિદ્ધ છે, અને સર્વ ગુણથી પૂર્ણ છે[૨], તેમનાં બે ચરણકમલ તેમાં રાગવાળી લક્ષ્મી કે જેણે બહુ વિચાર કરીને ભગવાનનું વરણ કર્યું (ભગવાનને વર્યાં) તે ભગવાનના ચરણારવિંદની ભક્ત જે લક્ષ્મી તેણે તૈયાર કરેલું દિવ્ય કુમ્ કુમ્; અર્થાત્ લક્ષ્મીએ પોતે જ ભગવાનના ચરણારવિંદમાં લગાડેલું કુમ્કુમ્; તે પાછું પોતાની દયિતા (પ્રિયા) જે લક્ષ્મી તેને રસદાન કરતી વખતે અમુક બંધવિશેષમાં તેના સ્તન ઉપર મંડિત થએલું; અથવા તે લક્ષ્મીએ પોતાના હૃદયમાં ધારણ કરેલું; અથવા લક્ષ્મીએ આધિદૈવિક શક્તિઓના સ્તનમાં મંડન કરેલું[૩] અને ત્યાંથી ચરણારવિંદમાં આવેલું; (હવે 'તૃણરુષિતમ્' પદનો બીજો અર્થ કરે છે) અથવા તૃણથી કરીને કુમ્કુમ જ મકરિકા (મઘરના જેવા આકારવાળાં) પત્રની માફક મંડિત થએલું[૪], પછી એ કુમ્કુમ્ સહિત

૧. વિવેચન- 'તૃણને વિષે લાગેલું' એવો અર્થ લઈએ તો કુમ્ કુમ્ રજવાળું થાય છે, તેવા કુમ્ કુમનું તેઓ ગ્રહણ કરે છે; તેથી તેઓ સાક્ષાદ્ રજના સંબંધવાળાં છે. અમે એ કુમ્ કુમનું ગ્રહણ 'અમે તો ઉત્તમ છીએ,' એવી ભાવનાથી કરતાં નથી, તેથી અમને સાક્ષાદ્ રજનો સંબંધ નથી. પહેલાં 'વૃંદાવન દેવકીસુતના ચરણકમલનાં ચિહ્નવાળું છે' એમ પ્રસિદ્ધ કર્યું છે; તેવા વૃંદાવનમાં આ પુલિંદીજીઓ હંમેશા રહે છે, તેથી સાક્ષાદ્ રજના સંબંધથી તેઓ પૂર્ણ થઈ ગયાં. પૂર્ણતાનું સ્વરૂપ શ્લોકના અંતમાં નિરૂપણ કરવામાં આવશે. 'અમને તો આરાધનથી ફલ સિદ્ધ થયું, તેથી સાધનને અનુરૂપ જ ફલ પ્રાપ્ત થયું,' તે તો 'યાતાબલાઃ' એ શ્લોકમાં કહેવાશે. અલૌકિક દેહ વિગેરે ક્રમથી સેવાફલમાં કહેલાં ત્રણ ફલની પ્રાપ્તિ તો 'રજ'થી જ થાય છે, તેથી તે પુલિંદીજી જ પૂર્ણ થયાં.

૨. એમ 'ઉરુગાય' પદના બંને પદનો અર્થ કર્યો.

૩. આધિદૈવિક શક્તિને લક્ષ્મીએ પ્રસાદ તરીકે આપેલા કુમ્ કુમનું મંડન પણ તે શક્તિઓના સ્તનમાં તે લક્ષ્મીએ જ કર્યું, તેથી આ પક્ષમાં 'લક્ષ્મીએ ક્રિયાશક્તિના સ્તનમાં મંડિત કરેલા કુમ્ કુમથી,' એમ મૂલનો અર્થ સિદ્ધ થયો.

તૃણ ભગવાનના હસ્તમાં રહેલું, તે ભૂમિ ઉપર પડ્યું. અથવા ભગવાનના ચરણારવિંદમાંથી તૃણોને લાગેલું, એવા કુમ્કુમનાં દર્શન કરીને, અથવા લક્ષ્મીની સાથે, અથવા શક્તિઓની સાથે, ભગવાનના સંભોગનાં દર્શનથી જેમને કામની પીડા થઈ છે, એવાં પુલિંદીજીઓએ તે પીડાની શાંતિ માટે પોતાના મુખ અને કુચ-સ્તનના ઉપર તે કુમ્કુમનો લેપ કરીને કામની પીડાનો ત્યાગ કર્યો[૫]. તે કુમ્કુમ્ મુખ અને સ્તન ઉપર લગાડીને તે પુલિંદીઓ પણ ઉપસ્થિત થયાં, ત્યારે તે કુમ્કુમ્ દ્વારા લક્ષ્મીના પ્રવેશથી તેમનો પણ ઉપભોગ સિદ્ધ થયો, તેથી તેઓ પૂર્ણ છે[૬]. આ અલૌકિક ભગવત્કથા છે, કારણ કે 'ઉરુગાય' પદ કહેવાથી એમ જણાય છે કે પુલિંદીજીઓએ પણ ભગવાનનું શ્રવણ કર્યું છે. આ બધું વનમાં જવાથી જ સંભવે અને આપણાથી વનમાં જઈ શકાતું નથી માટે આપણે અપૂર્ણ રહ્યાં, તેથી વસ્તુતઃ

---

૪. પ્રથમ પક્ષમાં તો લક્ષ્મીએ અથવા શક્તિએ પોતાના સ્તન પર રહેલા કુમ્કુમનું દાન પુલિંદીજીને કર્યું, અને તે કુમ્કુમનો પુલિંદીજીએ પોતાના સ્તન પર તૃણથી લેપ કર્યો, એમ 'તૃણરૂષિતમ્' પદનો અર્થ થાય છે. બીજા પક્ષમાં ભગવાને-દયિતા લક્ષ્મીના અથવા શક્તિના સ્તન પર મંડન કરેલા કુમ્કુમથી, એમ અર્થ થાય છે.

૫. 'કુમ્કુમનો સ્તન ઉપર લેપ કરતાં પુલિંદીજી' એમ કહેવાનું છે, તો પણ કોઈ પણ અવયવ ઉપર તે કુમ્કુમના લેપથી કામની વ્યથાનો ત્યાગ થવાથી સ્તન ઉપર જે લેપ કરવો, એવું અત્યંત ઈચ્છિત નહિ હોવાથી 'સ્તનના ઉપર' એમ સાતમી વિભક્તિ કહી.

૬. આ કુમ્કુમ્ લક્ષ્મીનો અસાધારણ ધર્મ હોવાથી તેના લેપથી જ લક્ષ્મીનો આવેશ થતાં અયોગોલકન્યાયથી ( લોઢાના ગોળામાં અગ્નિનો પ્રવેશ થાય તેમ પુલિંદીજીમાં લક્ષ્મીનો પ્રવેશ થયો.) પુલિંદીજીનું લક્ષ્મીત્વ સિદ્ધ થયું. તેથી તેમનો ઉપભોગ સિદ્ધ થયો; અને ઉપભોગથી જ તેમનું કામનું દુઃખ મટ્યું. અહિં શ્રીપુલિંદીજી સાથે ભગવાનના રમણમાં કામની વ્યથાનો ત્યાગ કર્યો, તેથી લક્ષ્મીના પ્રવેશથી પુલિંદીજીનો પણ ઉપભોગ પ્રભુએ કર્યો, એમ જણાય છે; નહિ તો લક્ષ્મી સંબંધી કુમ્કુમના મુખ અને સ્તન ઉપર લેપથી કામની વ્યથાનો જ સંભવ થાય, નહિ કે પીડાની નિવૃત્તિ થાય; તેથી પીડાની નિવૃત્તિનું કથન જ મૂલમાં કરત નહિ, પણ '' 'જહુસ્તદાધિમ્' દુઃખ દૂર કર્યું '' પદથી દુઃખના ત્યાગનું કથન તો કર્યું જ છે, તેથી તેમની સાથે રમણ થયું જ છે એમ જાણવું; કારણ કે રમણ જ કામની વ્યથાને નિવૃત્ત કરે છે. રજથી યોગ્યતા સિદ્ધ થતાં કુમ્કુમના ધારણથી લક્ષ્મીનો આવેશ પ્રાપ્ત થતાં ઉપભોગથી તેમની વ્યથા નિવૃત્ત થઈ ગઈ, તેથી તે પુલિંદીજી જ પૂર્ણ છે; અમને તો કામની વ્યથા રહી જ. આ અલૌકિક ભગવત્કથા છે, કારણ કે 'ઉરુગાય' પદ અહિં વાપર્યું છે, તેથી તેમણે પણ ભગવાનનું શ્રવણ કર્યું જણાય છે. આગલા શ્લોકમાં આ કથાના અલૌકિકપણાનું સૂચન છે, તેથી ઉત્થાપનભોગ સમયની આ કથા છે, તે સમયે તેમને તેવું કુમ્કુમ્ પ્રાપ્ત થયું, અને લક્ષ્મીના પધારવાથી પુલિંદીજીનું રમણ પણ થયું. આ રમણકથા લક્ષ્મીને અજ્ઞાત છે. પુલિંદીજીએ ભગવાનનું સ્મરણ કર્યું-અર્થાત્ ત્યાં સુધી 'ઉરુ' જે લક્ષ્મીના સખા છે, તેમણે ગાન કર્યું; પુલિંદીજી સાથે ભગવત્કથા કરી, તેથી તેમને પણ ભગવાનનું શ્રવણ સિદ્ધ થયું.

૭. કામ પીડાજનક છે, એમ શંકા થાય કે તમારામાં આંતર ભગવાનનું પ્રાકટ્ય છે, તો પણ તમે અપૂર્ણ છો, એમ કેમ કહો છો ? તેનું નિવારણ કરતાં કહે છે કે અમારો તો કામ પીડાનો નિવર્તક નથી, પણ ઉલટો ઉદ્‌બોધક છે, અમારો તો કામ મનની પીડારૂપ જ રહ્યો.

શંકા– ગોપિકાનો પણ કામ ભગવદ્‌વિષયક હોવાથી તેઓ પણ ધન્ય છે, તો પછી 'પુલિંદીજી પૂર્ણ છે,' એમ તેઓ પુલિંદીજીની સ્તુતિ કેમ કરે છે ?

ઉત્તર– કામ કાંઈ ધન્યપણામાં હેતુ નથી, કારણ કે સંયોગના અભાવમાં કામ દુઃખરૂપ હોય છે; તેથી અમે ધન્ય નથી, પણ ધન્ય તો પુલિંદીજી જ છે. એ જ આશયને સ્ફુટ કરે છે કે કામ તો વસ્તુતઃ મનની પીડારૂપ રહ્યો. વિયોગાવસ્થામાં ભગવદ્વિષયક કામ પ્રભુપીડાને જ ઉત્પન્ન કરે છે, તેથી અમને તો કેવલ દુઃખનો જ અનુભવ છે, તેથી અમે ધન્ય નથી, ભુખ લાગવી એ કાંઈ સુખનો હેતુ નથી, પરંતુ ભુખ લાગીને અન્નભોગ થાય તે સુખનો હેતુ છે; તેમ ભગવદ્વિષયક કામ હોઈને સુખકર ભગવદ્‌ભોગ જેમને છે, તેવાં પુલિન્દીજી જ ધન્ય છે.

## 'પુર્ણાઃ પૂલિંદ્યઃ' ઉપર સ્વતંત્ર લેખ :

ભગવાનના મનને ઈચ્છિત દિવસે રસની પૂર્તિ શ્રીગોપીજનને નથી, તેથી તેઓ પોતાને અપૂર્ણ માને છે; અને આ શ્લોકથી પુલિંદીજીમાં પૂર્ણતા કહે છે. પુલિંદીજી પૂર્ણ હોવાથી ભગવાનની પીડાનો ત્યાગ કરાયો, અહિં 'જહુઃ' ક્રિયાપદમાં પૂર્ણ પુલિંદીજીએ ભગવાનની પીડાનો ત્યાગ કરાવ્યો. ભગવાન્ ઉરુગાય હોવાથી ઉરુઓ પણ જે ભગવાન્‌નું ગાનમાત્ર જ કરે છે–ઉપભોગ કરી શકતા નથી; એવા ઉરુગાય ભગવાનના બે ચરણકમલમાં અનુરાગથી લક્ષ્મીજીએ સંપાદન કરેલા કુમ્‌કુમથી મુખ અને સ્તન પર લેપ કરતાં પુલિંદીજી જ પૂર્ણ છે. કુમ્‌કુમના લેપથી એવા ભાવની ઉત્પત્તિ કયે પ્રકારે થાય ? એવી શંકાના ઉત્તરમાં કહે છે કે ભગવાનને અત્યંત પ્રિય દયિતાના વિરહ સમયના ઉત્કટ તાપની નિવૃત્તિને અનુભવતાં પ્રિય ભગવાને રસથી પરવશ થઈને પોતાના બે ચરણ ધર્યા છે, તેના સ્પર્શનો સાત્ત્વિકભાવ જે સ્વેદ, તે સ્વેદથી યુક્ત સ્તન પર મંડિત કુમ્‌કુમ્. 'તે સ્તનના કુમ્‌કુમની પ્રાપ્તિ તેમને તો અસંભવિત છે' એમ શંકા થાય તો તેનો ઉત્તર– 'તૃણરૂષિતમ્' પદથી આપે છે. દયિતાના સ્તનસંબંધી બે ચરણમાં સાત્ત્વિકભાવથી તૃણમાં લેપાએલું, અને તેથી તેવા જ સજાતીય કુમ્‌કુમના લેપથી તેવા ભાવની ઉત્પત્તિ માટે પોતાના સ્વરૂપનું પ્રદર્શન ભગવાને કરાવ્યું, તે 'તદ્દર્શન' વિગેરે પદથી શ્લોકમાં કહ્યું છે; 'તે દર્શનથી થઈ છે કામની પીડા જેમને' એવાં શ્રીપુલિંદીજી. 'એમને એવા ભાવની ઉત્પત્તિ થઈ, તેથી તેવા ભાવનું દાન ભગવાને તેમને કર્યું ' એમ જ કહેવું ઠીક હતું, પણ 'ભગવાનની પીડાની નિવૃત્તિ તેમણે કરી' એમ કહેવું ઉચિત નથી, એમ શંકા ન કરવી; કેમકે પોતાના દર્શનથી થએલી રમણની ઈચ્છા, તેને વશ થઈને તાપક્લેશના દર્શનથી ભગવાનને પણ તાપ થાય, એ ઉચિત જ છે; નહિ તો 'યે યથા મામ્' એ પ્રતિજ્ઞાની હાનિ જ થાય. આભાસમાં ''એ બાબતનું પુલિંદીજીનું ભગવાને કરેલું પીડાનિવારકપણું સ્પષ્ટ જ છે, તેથી સમાપ્તિમાં 'નનુ ભગવતિ' વિગેરે પૂર્વપક્ષ યોગ્ય નથી; અને સમાધાનમાં પણ પુલિંદીજીનું પોતાના તાપથી થએલું ભગવાનનો તાપ હરવાપણું કહ્યું, એમ આભાસનો વિરોધ પ્રાપ્ત થાય;'' એમ શંકા થાય તો ઉત્તરમાં કહે છે કે આ બાબતમાં ભગવાનની પીડાનું નિવારકપણું ગમે તેને મળતું નથી, પરંતુ ભગવાનના દર્શનથી જેને રમણની ઈચ્છા થાય છે,

સુબોધિનીજીઃ નિર્ગુણ ગોપીજન 'હન્ત' એ શ્લોકથી કહે છેઃ

**હન્તાયમદ્રિરબલા હરિદાસવર્યો યદ્ રામકૃષ્ણચરણસ્પર્શપ્રમોદઃ ||**

**માનં તનોતિ સહગોગણયોસ્તયોર્યત્ પાનીયસૂ[1]યવસકન્દરકન્દમૂલૈઃ ||૧૮||**

હન્ત (બહુ ખેદની વાત છે કે) હે અબલાઓ! રામ અને કૃષ્ણના ચરણારવિંદના સ્પર્શથી આનંદમાં આવેલો આ ગિરિરાજ ગાયોના ટોળાંઓની સાથે, જલ, સૂયવસ (કુમળુ ઘાસ-દુર્વા વિગેરે), કંદરા અને કંદમૂલથી તેમનો આદર કરે છે, તેથી તે હરિદાસોમાં શ્રેષ્ઠ છે. ૧૮.

સુબોધિનીજી– 'પુલિંદીજી આવાં (ભગવદીય) કયે પ્રકારે થયાં ?' એમ શંકા થાય તો 'ભગવદ્ભક્તના સંગથી એવાં થયાં' એમ કહેવાને ગોવર્ધનનું ભગવદીયપણું કહે છે[2]. 'હન્ત' પદ એ ખેદના અર્થમાં છે. જો આપણે પણ ગોવર્ધન ઉપર રહેતાં હોત તો આપણને પણ કામની પીડા એ પ્રકારે દૂર થાત, પણ આપણાથી તેમ થઈ શકતું નથી, તેથી ખેદ થાય છે. આ પર્વત-ગિરિરાજ હરિદાસોમાં શ્રેષ્ઠ છે, તેનો હેતુ એ છે કે રામ અને કૃષ્ણના ચરણારવિંદના સ્પર્શથી એને પુષ્કળ આનંદ થાય છે. ભગવદીઓમાં શ્રેષ્ઠ તે જ કે જે ભક્તિમાર્ગના સ્પર્શમાં પણ આનંદયુક્ત થાય; વળી એ સાત્ત્વિક છે, અથવા ગુણાતીત જ છે. કેમકે પોતે નિર્ધન હોવા છતાં પણ રામ અને કૃષ્ણનું બંનેનું સન્માન કરે છે, અને તે પણ ગાયો અને દેવરૂપ બાલકો એ સર્વની સાથે સન્માન કરે છે[3]. અહિં તે સર્વનું જલ, કોમળ ઘાસ, કંદરા (ગુફા), અને કંદમૂલ, એ ચારે પદાર્થથી તેમની પરોણાગત કરે છે. જલ અને કોમળ ઘાસ ગાયોને માટે; કંદરા બેસવાનું સ્થાન છે; કંદમૂલ ખાવાના પદાર્થ છે; કારણ કે 'તૃણ, ભૂમિ, જલ અને મીઠાં વચન વિગેરે' એ વાક્યમાં કહ્યા પ્રમાણે 'ગૃહસ્થના ઘરમાં આ ચાર સંપત્તિનો ઉચ્છેદ થતો નથી' એમ કહ્યું છે, તેથી અહિં પણ તે ચાર સંપત્તિ કહી. આથી એમ સૂચવ્યું કે તેમાં

---

અને તેને લીધે તાપક્લેશ થાય છે, અને તે તાપક્લેશથી જે ભગવાનને પણ પીડા ઉત્પન્ન કરે છે, એવા જ ભક્તને થાય છે; તેથી પુલિંદીજીમાં આવા ભગવદીયત્વનો અભાવ હોવાથી 'ભગવાનની પીડા નિવર્તન કરવી કયે પ્રકારે તેમને સંભવે ?' એમ પૂર્વ પક્ષનો આશય છે, અને 'એ પુલિંદીજીઓ ભગવાનના તાપને દૂર કરે છે' એમ સમાધાનનો આશય છે.

૧. વૈદિક પ્રયોગથી દીર્ઘ.

૨. વિવેચન– પર્વતની પ્રેરણાથી કંદ, મૂલ, વિગેરે લાવવામાં કુમ્ કુમની પ્રાપ્તિ તેમને થઈ ગઈ.

૩. દાસ તો માનનો જ વિસ્તાર કરે, ત્યારે જ દાસત્વ સિદ્ધ થાય; પણ તેથી દાસમાં કાંઈ ઉત્તમત્વ સિદ્ધ થાય નહિ, તેથી 'નિર્ધન હોવા છતાં પણ' એમ વ્યાખ્યાન કર્યું. જો કે વ્રજ સમૃદ્ધિમાન્ છે, તો પણ આ ગિરિરાજ તો ગુણાતીત છે તેથી નિર્ધન છે. એવા નિર્ધને તો જલ કંદ, વિગેરેનો પોતાના સ્વાર્થને માટે જ સંગ્રહ કરવો જોઈએ; તો પણ ભગવાનને તે સમર્પી દે છે, તેથી હરિદાસોમાં ઉત્તમ છે.

કોમળ દૂર્વા ગાયોના ખાવાને માટે અને બીજાઓને પાથરવાને માટે ઉપયોગમાં આવે છે, અહિં કંદરા જ ભૂમિ છે. 'કંદરા' શબ્દના પ્રયોગથી જણાય છે કે આ સમયે ઘણુંખરું ત્યાં વર્ષા થાય છે, તેથી રામકૃષ્ણ શ્રીગિરિરાજની કંદરામાં ગાયો અને ગોપાલો સહિત વિરાજમાન થઈ ગયા છે; સુંદર વાણીને સ્થાને અહિં કંદમૂલ છે, કેમકે સર્વનો અભાવ હોય ત્યારે જ વાણીથી ચલાવી લેવાનું છે. ભક્તમાં સંતોષ અધિક છે[૪]. 'અબલા' એ સંબોધનથી એમ સૂચવ્યું કે આપણે સર્વ ત્યાં જવાને સામર્થ્યવાળાં નથી. કંદને ભૂંજવાની અપેક્ષા રહે છે, અને મૂલ તો તેવાં જ ખાઈ શકાય છે. માત્ર એક જ રસ સમર્પણ કર્યો નથી, તે જણાવવાને કંદ અને મૂલ એ બે કહ્યાં, અથવા એક (કંદ) અન્નની જગ્યાએ અને બીજું (મૂલ) વ્યંજન (સંભાર)ની જગ્યાએ, એમ અન્ન અને મશાલાના ભાવથી બંનેનું કથન કર્યું. તેમાં પણ જુદી જુદી જાતના ભેદ ઘણા છે, તે જણાવવાને 'કંદમૂલ' બહુવચન વાપર્યું છે[૫]. આથી અબલાઓનો આક્રોશ (મનનું કલ્પાંત) પણ પ્રદર્શિત કર્યો, જે 'આપણે તો ભગવાન્ જ્યારે નવનીત (માખણ) વિગેરે ખાતા હતા ત્યારે મન કટાણું કરી દુઃખી થતાં હતાં;' માટે આપણે અપૂર્ણ છીએ, તે યોગ્ય જ છે. પહેલાં કહી ગએલાં પુલિંદીજી જ આ છે, તેથી ગોવર્ધનની પ્રેરણાથી જ કંદમૂલ વિગેરે તેઓ લાવે છે, એમ જણાય છે[૬]. ૧૮.

અમે તો ભગવાનનાં સજાતીય ગોપીઓ છીએ, એવાં અમારો ત્યાગ કરીને શ્રીગિરિરાજની ઉપર અને શ્રીપુલિંદીજીની ઉપર શા માટે ભગવાન્ કૃપા કરે છે[૧] ? એવી શંકા થાય તો તેના ઉત્તરમાં 'ગા ગોપકૈઃ' શ્લોક કહે છે :

**ગા ગોપકૈરનુવનં નયતોરુદાર-વેણુસ્વનૈઃ કલપદૈસ્તનુભૃત્સુ સખ્યઃ ॥**
**અસ્પન્દનં ગતિમતાં પુલકસ્તરૂણાં નિર્યોગપાશકૃતલક્ષણયોર્વિચિત્રમ્॥૧૯॥**

૪. નિર્ધનપણાથી જો કે તે સર્વ સમર્પે છે, તો પણ તેથી તો ધર્મિષ્ઠત્વ જ સિદ્ધ થાય-કાંઈ દાસત્વ સિદ્ધ થાય નહિ, એમ શંકા કરીને 'જલ વિગેરે વિશેષણોથી' દાસત્વ સિદ્ધ થાય છે, એમ 'ભક્તમાં સંતોષ અધિક છે' એ પદથી કહ્યું.

૫. કંદમૂલમાં પણ અવાંતર બહુ પ્રકારના ભેદ છે, તેથી સર્વનો સંગ્રહ કરવાને 'કંદ' પદ અને 'મૂલ' પદ એ બંને પદમાં બહુવચન 'કંદાનિ' અને 'મૂલાનિ' એમ બહુવચને સમાસ છોડવવો; પણ લૌકિક રીતે છોડવવામાં તો 'કંદમૂલ' પદના બહુવચનના અંતેથી કહેવાના અર્થની ઈચ્છા સિદ્ધ થાય છે, એમ જણાવ્યું. તેથી 'નાના પ્રકારના કંદમૂલનું સમર્પણ હરિદાસમાં શ્રેષ્ઠ ગિરિરાજ કરે છે,' એમ સિદ્ધ થયું.

૬. ગોવર્ધન કામરૂપ છે, એમ આગળ કહેવાશે. તેથી કોઈક સ્વરૂપે શ્રીગોવર્ધનનું દર્શન આ પુલિંદીજીને થાય છે, અને તે સ્વરૂપે તે તેને પ્રેરે છે.

૧. વિવેચન- અમારામાં રહેલા રસનો ત્યાગ કરીને તેમનામાં રહેલા કંદ વિગેરેનો ભોગ શા માટે કરે છે ?

હે સખિ ! નાના ગોપોની સાથે વનેવનમાં ગાયોને દોરી જતા નિર્યોગ અને પાશના ચિહ્નવાળા બે જણનું ઉદાર વેણુના રવોથી અને અવ્યક્ત પદોથી ગતિવાળાઓમાં સ્તંભન કરવું અને વૃક્ષોમાં રોમાંચ કરવાં, એ દેહધારીઓમાં વિચિત્ર છે. ૧૯.

સુબોધિનીજી– ભગવચ્ચરિત્ર તો વિપરીત છે, (પ્રમેયની મર્યાદાનો નાશ કરનાર છે). ભગવાન્ સાક્ષાત્ કાંઈ પણ કરતા નથી, તે છતાં સાક્ષીમાત્ર રહેવાથી જ ગતિવાળાઓને સ્તંભન થઈ જાય છે (ગતિ અટકી જાય છે), અને તરુઓને રોમાંચ થાય છે[2], તે જ પ્રમાણે આપણે જે યોગ્ય છીએ તે અયોગ્ય થઈ જઈએ છીએ, અને પુલિંદીજીઓ અયોગ્ય છે તે યોગ્ય થઈ જાય છે; એ પ્રમાણે વિપરીત કરવામાં ત્રણ હેતુ કહે છે–'નાના ગોપોની સાથે વનેવનમાં ગાયોને દોરી જાય છે' એ એક હેતુ, 'વેણુના રવ કરવા' એ બીજો હેતુ, અને ''જે વેણુમાં અવ્યક્ત પદો છે, એમ 'કલપદ' વિશેષણ, અથવા 'કલપદ' ચરણ'' એ ત્રીજો હેતુ[3]. ગાયોને દરેક વનમાં દોરી જવામાં આવવાથી સર્વે વનોની શુદ્ધિ સિદ્ધ થાય છે, અને તેથી એમની શુદ્ધિ અને ધર્મ ત્યાં જાય છે. વનના નિર્દોષપણામાં હેતુ કહે છે કે ગાયો અને ગોપોના સંબંધથી તેઓમાં રહેલી 'શુદ્ધિ અને ધર્મ' વનમાં પ્રવેશ કરે છે, ત્યારે વન નિર્દોષ થઈ જાય છે[4]. પછી ઉદાર વેણુરવ અથવા ઉદાર જે વેણુ, તેમાંથી વેણુના ભોગ કરતાં બાકી રહેલું તેઓ ભોગ કરે છે; તે કારણથી તેમને

---

૨. તે પ્રમાણે અહિં તો ગોવર્ધનમાં અને પુલિંદીજીમાં તો ભગવાનનો સાક્ષાત્કાર છે, તો ત્યાં વિપરીતતા હોય તેમાં કહેવું જ શું ! એમ કૈમુત્યન્યાયથી દૃષ્ટાંત સમજવું.

૩. ગાયોનું વનમાં લઈ જવું, તે જ્ઞાનની ઉત્પત્તિ દ્વારા પરંપરાથી રોમાંચમાં હેતુ છે; 'વેણુરવ' સાક્ષાદ્ હેતુ છે, અને વેણુમાં રહેલાં 'કલપદ' અથવા 'ભગવાનનાં પગલાં' એ ગતિમાનના અટકી જવામાં હેતુ છે, એમ વિભાગ સમજવો. કલકલ અવાજ કરતા નૂપુરને લીધે 'પદ' નું કલત્વ આગળ સ્પષ્ટ કહેવાશે.

૪. અહિં 'શુદ્ધિ' પદથી અશુદ્ધિની નિવૃત્તિ કહી, ખરી રીતે તો વસ્તુના તત્ત્વના અજ્ઞાનના હેતુવાળા વૃક્ષનો સ્વભાવ, એ જ અહિં 'અશુદ્ધિ' પદનો અર્થ સમજવો. પહેલાં 'કૃષ્ણમુખનિર્ગત' એ શ્લોકમાં પશુ છતાં પણ પશુપણાનું ઉલ્લંઘન કરીને આ રસનો અનુભવ કરાવે એવી સામગ્રી કહી હતી; તેથી ગાયને તે ફલની સિદ્ધિ છે, અને તે ગાયનો સંબંધ થવાથી વનને પણ તરુપણું વિગેરે સ્વભાવનું ઉલ્લંઘન કરીને રસની પ્રાપ્તિ થાય છે. ગોપમાં જે રસિકત્વ સ્પષ્ટ છે, તે જ 'ધર્મ' પદથી કહ્યું; આ સર્વ આશયથી એમ કહ્યું કે 'એની શુદ્ધિ અને ધર્મ ત્યાં જાય છે.' ગાયમાં 'તસ્થુઃ (ઉભી રહી)' એ પદથી ક્રિયાની નિવૃત્તિ પણ કહી હતી; તેથી અહિં વનમાં પણ ગાયના સંબંધથી તેવી જ રીતે ક્રિયાની નિવૃત્તિ જાણવી. તે ક્રિયાની નિવૃત્તિ 'પર્વતના શિખર' વિગેરેથી વૃંદાવનમાં જ કહી હતી, તેથી 'ગતિવાળાઓનું અટકી જવું' એ પદથી સર્વ વનમાં ક્રિયાની નિવૃત્તિ ગાયના જ સંબંધથી કહી.

રોમાંચ થાય તે ઉચિત જ છે[૫]. વળી જેઓ ગતિમાન્ છે, તેઓ જ્યારે ભગવાન્ દોહનને માટે પાસે આવે છે ત્યારે મનપૂર્વક પોતામાં રહેલું અમૃત આપવા માટે અને તેમાં વિઘ્ન ન થાય તેને માટે સર્વ મૌન ધારણ કરે છે[૬]. અવાજ થવાની શંકાથી ચાલતાં પણ નથી, તેથી ચલનના અભાવની સિદ્ધિને માટે ભગવાનનાં પગલાં પણ 'કલ' એટલે અવ્યક્ત અને મધુર થાય છે, કારણકે પોતે ધીમેથી ગમન કરે છે. આ દોહનનો સમય છે. 'સખ્યઃ-હે સખિ!' એ સંબોધન ત્યાં જે સખી જઈ આવેલાં અને તેમને દર્શન થએલાં હોવાથી તેમની સંમતિને માટે છે. આથી દેહધારીઓમાં, સ્થાવર અને જંગમમાં વિચિત્રપણું આવે છે, તે અવસ્થાને અથવા ગતિમાનની અટકાવવાની અવસ્થાને 'નિર્યોગપાશ' વિગેરે પદથી જણાવે છે. ગાયો અને વાછરડાંનો યોગ જેનાથી સારી રીતે થાય છે, તે નિર્યોગપાશ (દોરડું). હસ્તમાં એ બંને પાશનું જેમણે ગ્રહણ કર્યું છે, અથવા તો તેનાથી ગાયોના બંને પગ જેમણે બાંધ્યા છે, એવા રામ અને કૃષ્ણ; તેને લઈને સર્વે ગોપિકા વિગેરે જંગમને બીક લાગી કે રામકૃષ્ણ અમને પણ એમ જ બાંધશે[૭]. સ્થાવરોને તો ભયથી એની મેળે જ મધુધારા થાય છે[૮]. ૧૯.

૫. વેણુના ભોગ પછી બાકી રહેલાના ભોગથી પુષ્પમધુધારારૂપ રોમાંચ થાય છે, અને વેણુની અને રવની ઉદારતાના કહેવાથી વસ્તુના સ્વભાવથી આ નાદનું કાર્ય પ્રાસંગિક છે; ભગવાને કાંઈ એ જ ઉદ્દેશથી નાદ કર્યો નથી એમ જણાવ્યું. એવા પ્રાસંગિક કાર્યથી વૃક્ષમાં જ્યાં આવી રીતે રોમાંચ થયાં, તો પછી એ નાદવિષય જે શ્રીસ્વામિનીજીઓ છે તેમનામાં તો કહેવું જ શું! 'વેણુના રવો' વિગેરેથી કુલવધૂત્વ; અને તેમને પણ રોમાંચ થાય, એ વિપરીતતાનું જ પોષક છે એમ જણાવ્યું.

૬. વેણુમાં રહેલા 'કલ' પદના શ્રવણ માટે 'ગતિમાનનું અટકી જવું' એ સર્વના અનુભવથી સિદ્ધ જ છે; તેથી તે નહિ કહેતાં ભગવાનના ચરણનો હેતુ સિદ્ધ કરે છે, તે 'વળી'થી શરુ કરી 'મૌન ધારણ કરે છે' વિગેરેથી કહે છે.

૭. ત્યારે રામકૃષ્ણના પ્રયાસના ભયથી યુક્ત તેઓ હાલ્યાચાલ્યા વિના રસ સમર્પણ કરશે. ગાયમાં રહેલા રસને ગ્રહણ કરવા માટે બંધન વિગેરેનો પ્રયાસ જેમ કરે છે તેમ અમારે વિષે પ્રયાસ મા કરો! એવા આશયથી પ્રભુના પ્રયાસની બીકથી ગોપિકાઓ પોતે જ રસ સમર્પણ કરી દે છે.

૮. તરુમાં વિશેષ કહે છે કે સ્થાવરોને તો ભયથી એની મેળે જ મધુધારા થાય છે; જંગમને તો અટકી જવાથી પ્રતિબંધનો અભાવમાત્ર છે; રસનું પ્રાકટ્ય તો ભગવાનના ઉદ્યમથી જ થાય છે; પરંતુ ભગવાન્ જ્યારે વનમાં પધારે છે ત્યારે સ્થાવર તો પ્રભુના પ્રયાસના ભયથી મધુધારા પોતાની મેળે જ સમર્પણ કરે છે.

આ શ્લોકમાં પદોનો સંબંધ આ પ્રકારે સમજવો-ગાયને લઈ જતા રામકૃષ્ણના વેણુરવથી તરુને રોમાંચ થાય છે, અને નિર્યોગપાશના લક્ષણવાળા રામકૃષ્ણના કલ (અવ્યક્ત) પદ (ચરણ-પગલાં)થી ગતિમાન્ અટકી જાય છે. દેહધારીઓમાં આ વિચિત્ર થાય છે, વેણુનિષ્ઠ

'કલપદ' 'વેણુસ્વનૈઃ'ની આવૃત્તિ કરવાથી, અથવા વિશેષણથી જ વિશેષ્ય સમજી લેવું.

## શ્રીગુસાંઈજીકૃત બીજું વ્યાખ્યાન :

અહિં જે ઈચ્છા-કહેવાની અપેક્ષા છે, તેનું નિરૂપણ ગુપ્તપણે કરે છે; ગોપની મારફતે અથવા ગોપોની સાથે વનમાં ગાયોને પ્રવેશ કરાવવાથી પ્રિય ભગવાનને બીજું કાંઈ કર્તવ્ય રહ્યું નથી, એમ સૂચન કર્યું. પછી સ્વચ્છંદ રમણને માટે તેને યોગ્ય ભક્ત આવે, તેને માટે 'વેણુરવ' કર્યો. દૂર રહેલા ભક્તના આગમનને માટે પ્રથમ 'તીવ્રસ્વર' પછી આવવા નીકળેલા ભક્તને પ્રિયની સ્થિતિનું સ્થાન જણાવનાર 'મધ્યમસ્વર' અને ત્યાર પછી પાસે આવેલા ભક્તને માટે 'મંદ્રસ્વર' એ પ્રમાણે 'વેણુરવ' કર્યો. જુદા જુદા ભક્તના નામ ગ્રહણ કરવાથી પણ 'રવ'માં બહુપણું છે; બીજાને જ્ઞાન ન થાય, તેથી તે અવ્યક્ત છે; અને પોતાનું નામ જણાવે છે, તેથી તે મધુર છે; તેથી અવ્યક્ત-મધુર નામરૂપ જેમાં છે, એવા 'કલપદ'વાળા અવાજથી ગતિમાનનું અટકી જવું, તેમ જ વૃક્ષને રોમાંચ થવો, એ વિચિત્ર છે. આ આવવું દિવસે છે, અને સર્વની સમક્ષ દિવસે આવવું અશક્ય છે, તો પણ વેણુના 'રવ'થી સર્વને માલૂમ ન પડે એવી રીતે નિઃસંદેહ આવવું થાય છે; ઉપર કહેલા 'વેણુરવ'થી તે ભક્તનું શરીરધારી છતાં તે 'રવ'થી 'અસ્પંદન અટકી જવું' વિચિત્ર છે. 'ઉદારવેણુસ્વનૈઃ' અને 'કલપદૈઃ' પદની આવૃત્તિથી પણ પદનો સંબંધ સમજવો. પ્રિય ભગવાનના સંગમના અભાવની દશામાં શરીરનું અનુસંધાન ન હોવાથી 'કલપદ'વાળા વેણુરવથી શરીરનું અનુસંધાન થાય છે, તેથી શરીરધારી ભક્તોમાં જે શરીરધારણકરવાપણું છે, તે 'કલપદ'થી જ છે. પોતાની ગોષ્ઠીમાં સર્વ ગોપીઓ એવાં જ છે, તેથી સંમતિને માટે 'સખ્યઃ' (હે સખિ !) એ સંબોધન મૂક્યું છે. જે ઉદાર હોય તે પાત્ર અપાત્ર વિગેરેનો વિવેક કર્યા વિના દાન કરે છે, અને નાનાને પણ મોટું દાન આપે છે; તેથી સ્થાવરનું રોમાંચકપણું યુક્ત છે; તેને લઈને વૃક્ષનું રસને ઉપયોગી પુષ્પ અને મધુધારાપણું યુક્ત છે. 'ગાયોના વનમાં પ્રવેશ કરાવવાથી' એમ કહેવાથી આ ચરિત્ર દિવસસંબંધી છે એમ કહ્યું. પછી પાછા આવ્યા પછી નિર્યોગ વિગેરેથી સંધ્યાસંબંધી ચરિત્ર કહે છે, તે 'લક્ષણ' પદથી ગોદોહનને અનુકૂલ તે સમયના સર્વે વેષનું કથન કર્યું. એવા રામ અને કૃષ્ણના દર્શનથી જ ઉપર કહેલાં બે કાર્ય 'અટકી જવું' અને 'રોમાંચ થવો' એ પૂર્વથી પણ વિચિત્ર છે. તો પણ પારકામાં રહેલા રસનું ગ્રહણ કરવાનો ઉદ્યોગ કરતા રામ અને કૃષ્ણના દર્શનથી તેમનું તે પ્રમાણે થવું તે તેથી પણ વિચિત્ર છે; કારણ કે સ્વાભાવિક જ્ઞાનનું પણ તિરોધાન સંભવિત છે, તેથી જ 'વિચિત્ર'માં 'વિ' ઉપસર્ગ કહ્યો. વેણુએ કરીને બ્રહ્માનંદને તુચ્છ કરવાથી શરીર રહિત મુક્તને પણ તે દાન કરે છે એમ જણાય છે. પરંતુ તે મુક્ત તો તનુરહિત છે, તેથી તેમને વિષે ઉપર કહેલું કાર્ય સંભવતું નથી, એમ 'વેણુ' પદ અને 'તનુભૃત્' પદના સરખા વપરાશથી જણાય છે. ગાયમાં રહેલા ભોગ્યરસનું ગ્રહણ કરવાને ઉદ્યોગ કરતા પ્રભુને જોઈને 'ગાયમાંથી પ્રયત્નપૂર્વક રસનું ગ્રહણ કરે છે, અને અમે તો પ્રયત્ન વિના જ અમારી મેળે અમારામાં રહેલા રસને સમર્પીશું,' એમ વિચારીને તેમ કરે છે. પ્રથમ વૃક્ષમાં રૂપનું જ્ઞાન વિચિત્ર છે, 'નિરીક્ષ્ય રૂપં યદ્ ગોદ્વિજદ્રુમમૃગા' એ વાક્યથી 'તરુ'ને રૂપજ્ઞાન છે એમ માનવું, અને દોહન સમયે તે રૂપજ્ઞાન કલપદવાળા, અમૃતવાળા વેણુગીતના ભાવથી-રૂપના મહિમાથી જ છે-નિર્યોગપાશ વિગેરેથી જ છે; આથી સ્વરૂપસંબંધી સર્વ-નિર્યોગપાશ વિગેરે 'વિપરીત છે;' એટલે પ્રમેયમર્યાદાનું નાશક અને સ્વરૂપાનંદને આપનાર છે, તે આશ્ચર્ય છે; એમ જણાવ્યું. 'નિર્યોગ' વિગેરેનો અર્થ

સુબોધિનીજી- 'એવંવિધા' એ શ્લોકથી શ્રીશુકદેવજી ઉપસંહાર કરે છે :

**એવંવિધા ભગવતો યા વૃન્દાવનચારિણઃ ।।**
**વર્ણયન્ત્યો મિથો ગોપ્યઃ ક્રીડાસ્તન્મયતાં યયુઃ ।।૨૦।।**

વૃંદાવનમાં વિહાર કરતા ભગવાનની, એ પ્રકારની ક્રીડાને પરસ્પર વર્ણન કરતાં ગોપિકાઓ તન્મય થઈ ગયાં. ૨૦.

સુબોધિનીજી- આ તો (લીલાઓમાંનો એક પ્રકાર કહ્યો, એવી રીતે તો કરોડો લીલાઓ છે; તેનો હેતુ 'ભગવતઃ' પદથી કહે છે. 'ભગ'થી કહેવાતા ઐશ્વર્ય વિગેરે છ ગુણ અને ધર્મી ભગવાનના મિશ્રણથી કોટિશઃ વિસ્તાર થાય છે. વળી, મર્યાદામાં તો તે વિસ્તારની હદ પણ હોઈ શકે, પણ જ્યારે ભગવાન્ વૃંદાવનમાં પ્રવેશ કરે છે, અને સ્વેચ્છાચારી થાય છે, તે વખતે ભગવાનમાં મર્યાદા હોતી નથી; તેથી લીલાનો વિસ્તાર પણ અસંખ્ય જ હોય છે. આથી એ પ્રમાણે તેનું પરસ્પર વર્ણન કરતાં ગોપિકાઓ તન્મય થઈ ગયાં-ક્રીડામય થઈ ગયાં. જાગ્રત્માં અને સ્વપ્નમાં આસક્તિભ્રમન્યાયથી ક્રીડાનું જ દર્શન કર્યા કરે છે[1].

---

કહે છે કે ત્યાં રૂપજ્ઞાનમાં પણ રસવાન્માંથી રસ લેવાની ઈચ્છા પ્રભુને થઈ, એમ પ્રભુના મનોધર્મનું જ્ઞાન અતિ વિચિત્ર છે. એમ હોવાથી પ્રભુને રસવાનની અપેક્ષા છે, તે જ્ઞાનથી પાતે પણ રસવાળાં હોવાથી પોતાનો ઉપયોગ પ્રભુને થશે, તે જ્ઞાનથી આનંદિત થઈને પોતામાં રહેલા રસને પ્રકટ કરે છે, એમ જણાય છે; તેથી અંતઃપૂર્ણ રસના વધી જવાથી સ્થાનના અભાવથી દરેક છિદ્રમાંથી બહાર નીકળવાથી રોમાંચ થાય છે, અને તે જ અહિં દરેક અવયવથી 'મધુધારા' અને 'પુષ્પફલ' એમ સમજવું.

## શ્રીગુસાંઈજીકૃત સ્વતંત્ર ત્રીજું વ્યાખ્યાનઃ

ગોપદ્વારા અથવા ગોપોસહિત ગાયોને લઈ જતા નિર્યોગપાશના લક્ષણવાળા રામકૃષ્ણના કલપદવાળા વેણુરવથી ઉપર કહેલાં બે કાર્યો વિચિત્ર છે, એમ દરેક પદની સાથે 'ચિત્ર' પદ જોડવું. દોહનને માટે બહુ ધીરે ધીરે ચાલવાથી નૂપુરનો અવાજ પણ અવ્યક્ત અને મધુર હોય છે, તેથી ચરણને પણ કલવત્ત્વ છે; અથવા આસપાસ ગાયો વિંટળાએલી હોવાથી ચરણકમલનું કોઈક વાર દર્શન થાય છે, તેથી અવાજ અવ્યક્ત હોય છે. ગાયનું ગતિરાહિત્ય પાશથી ગાયના ચરણ બાંધવાને લીધે નથી, પરંતુ કલપદને લીધે જ છે. નિર્યોગલક્ષણ તો ગોદોહનના ચિહ્ન તરીકે જ ધર્યું છે એમ જણાય છે. 'પુલક' પદનો સંબંધ આવૃત્તિથી પહેલાં 'ગતિમતામ્' અને પછી 'તરૂણામ્' એમ બંનેની સાથે છે, એમ જાણવું. આથી 'બર્હાપીડ' શ્લોકનું જ તેર શ્લોકથી વિસ્તારપૂર્વક વિવરણ કરવાથી, અને એવા ભગવાનનો વૃંદાવનપ્રવેશ કહેવાથી, 'સર્વ રસભોક્તા ભગવાન્ વૃંદાવનમાં વિજયથી સ્થિતિ કરે છે' એમ નિરૂપણ કર્યું.

૧. વિવેચન-' વિરહમાં ત્રિભુવન પણ તન્મય થઈ જાય છે' વિગેરેમાં જે આસક્તિભ્રમન્યાય પ્રસિદ્ધ છે, તેથી તેનાં જ દર્શન કર્યા કરે છે. અથવા 'આસક્તિ હોવાથી જે ફરી ફરીને તેનો વિચાર આવવારૂપ ભ્રમ' તે ન્યાયથી જેમ સમુદ્રના તરંગમાં પડેલો ફરીથી આવતો નથી તેમ

અહિં '' 'યયુઃ' (થઈ ગયાં)'' એમ પૂર્ણભૂતકાલ વાપરવાથી એમ સૂચવ્યું કે સંસારમાં તેમનું આગમન થયું જ નથી. ૨૦.

**ઇતિ શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની શ્રીસુબોધિનીના દશમસ્કંધના વિવરણમાં**
**અઢારમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

**આ પ્રકારે સાત અધ્યાયથી**
**પંચપર્વા અવિદ્યાનિવૃત્તિપૂર્વક અંતર્ભગવત્પ્રાપ્તિરૂપ મધ્યમ નિરોધનું નિરૂપણ સમાપ્ત થયું.**

## શ્રીવેણુગીત સમાપ્ત.

---

આસક્તિભ્રમમાં પડેલો પણ ફરીથી આવતો નથી; તેથી 'આસક્તિ'નું રસસમુદ્રપણું અને 'ભ્રમ'નું આવર્તપણું યુક્ત જ છે, અને તેથી જ કોઈક જાણકારે કહ્યું છે કે રસસિંધુના કુંડાળામાં ડૂબેલો શું પાછો આવી શકે છે ? અને તેથી જ શ્રીગોપીજન પણ આસક્તિભ્રમન્યાયથી તન્મય થઈ ગયાં; ગોપિકાઓ સર્વથા મિથ્યાભ્રમમાં પડેલાં નથી. 'સર્વાત્મભાવ' એ બ્રહ્મના સાક્ષાત્કારનું કારણ છે, તે ભાષ્યના ત્રીજા અધ્યાયના 'વિદ્યૈવ તુ નિર્ધારણાત્' એ સૂત્રમાં સિદ્ધ કર્યું છે.